શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી ભગવતી સૂત્ર - ૪

ગુરુપ્રાણ આગમ બત્રીસી

આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી

# સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

उवलेवो होइ भोगेसु  अभोगी नोवलिप्पई
भोगी भमइ संसारे  अभोगी विप्पमुच्चइ ॥
उत्त. अ. २५ गा. ४१

ભોગોથી કર્મોનો લેપ (બંધન) થાયછે અભોગી (સંસારમાં બંધનથી) લેપાતો નથી. ભોગી સંસારમાં ભમેછે અભોગી સંસારથી છુટીજાયછે

सवणे नाणे य विन्नाणे  पच्चक्खाणे य संजमे
अणण्हये तवे चेव  वोदाणे अकिरिया सिद्धि ॥
भगवतीसूत्र श. २ उ. ५ -

સત્સંગનુંફળ. શ્રવણ (સાંભળવું) સાંભળવાથી જ્ઞાનપામે. જ્ઞાનથી વિજ્ઞાનપામે વિજ્ઞાનથી પ્રત્યાખ્યાનથાય (પાપનોત્યાગ) પ્રત્યાખ્યાનથી સંયમથાય. સંયમથી અનાશ્રવથાય. (પાપનો રોધથાય) અનાશ્રવથી તપ નીપજે તપથી કર્મનો નાશ થાય. કર્મનાશથી. અક્રિયપણું મળે. અક્રિયપણાથી સિદ્ધિનીપ્રાપ્તિ થાય



# આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

**શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી**

**સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા**
**તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ**

ગણધર રચિત પાંચમું અંગ

# શ્રી ભગવતીસૂત્ર – ૪

**શતક : ૧૩ થી ૨૩**

*(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)*

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: અનુવાદિકા :**
ડૉ. શ્રી આરતીબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન

PARASDHAM

પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ - ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન - ઈ. સ. ૨૦૦૯
**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ - વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

www.parasdham.org ★ www.jainaagam.org

૧. મુંબઈ -

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭
ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ -

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન - ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા -

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા - ૩૯૦૦૨૩
ફોન - ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ - ફોન : ૦૭૯-૨૫૬૨૩૮૨૮

સમર્પણ

સૌરાષ્ટ્ર કેસરી
બા. બ્ર. પૂ. ગુરુદેવ
શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

# સમર્પણ

જેની વિશાળતાએ ભેદભાવને
વિલીન કર્યા હતાં,
જેના વાત્સલ્યે સહુને સમાવ્યા હતાં,
જેની વિચક્ષણતાએ અનેક
શાસન સેવાના કાર્યો થયા હતાં,
જેની વિલક્ષણતાએ વિશિષ્ટ સંતનો
આદર્શ ખડો કર્યો હતો,
સૌરાષ્ટ્રવાસીઓને અભેદ ભાવે
શ્રદ્ધા, ભક્તિ અને સંત સેવાના
સંસ્કારનું સીંચન કરનાર,
મમ શ્રદ્ધામૂર્તિ, યશોનામી,
યશોધામી, કલ્યાણકામીના,
કર કમળોમાં ભગવતી સૂત્રના
અનુવાદનું નજરાણું શ્રદ્ધા ભક્તિ
સભર હૃદયે સમર્પણ કરું છું.

- પૂ. મુક્ત - લીલમ ગુરુણીના સુશિષ્યા
સાધ્વી આરતી

## તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ*
*ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં*
*ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

# ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

ૐ

ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતે વર્ધ્વ અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં। ઇદં મહા કાર્યં પૂજ્ય-
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
તત્ર કાર્યસ્ય ... સ્યાત્ ઇતિ સર્વ—
... અનુમોદનં ક્રિયતે-
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પ્યતે-

આનંદ મંગલમ્ 27-4-2009
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર(૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્રીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર(ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર(શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર(ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |


સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય
ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ
પ્રણામાંજલિ
શ્રી
ગુરુપ્રાણ
જન્મ શતાબ્દી
જાગૃતતા
આર્જવતા
સજ્જનતા
પ્રસન્નતા
ભવ્યતા
તજજ્ઞતા
માર્દવતા
અપ્રમત્તતા
દક્ષતા
સહિષ્ણુતા
લઘુતા
પ્રતિરૂપતા
ઉત્સાહિતા
નમ્રતા
વિભુતા
કૃતજ્ઞતા
પ્રભુતા
પ્રૌઢતા
કરુણતા
સૌમ્યતા
સામ્યતા
શૂરવીરતા
ધીરતા
સ્થિરતા
દયાળુતા
સમયજ્ઞતા
પ્રમોદતા
ગિરાગુરુત્વતા
વ્યવહાર કુશળતા
ઈન્દ્રિય દમનતા
ગરિષ્ઠતા
વિશાળતા
પ્રેમાળતા
નિર્ભયતા
સ્વરમાધુર્ય
આત્મરમણતા
તલ્લીનતા
સત્યવક્તૃત્વતા
પ્રતિભાસંપન્નતા
પવિત્રતા
દાક્ષિણ્યતા
પ્રશમતા
અર્હતા
ક્રાંતિકારકતા
સમન્વયતા
જ્ઞાનોત્સુકતા
લોકપ્રિયતા
આસ્તિક્યતા
જ્ઞાનવૃદ્ધતા
જ્ઞાનદાતા
ક્ષમાશીલતા
શિક્ષાદાતા
વૈરાગ્યવાર્ધક્ય
કૃતાર્થતા
ઉદાસીનતા
તત્ત્વલોકતા
નૈતિકતા
સુવિનીતતા
ઓજસ્વિતા
તેજસ્વિતા
વર્ચસ્વિતા
પ્રવચન પટુતા
ગુણગ્રાહકતા
જ્ઞાનપ્રસારકતા
શ્રદ્ધાળુતા
ઉદારતા
સ્નેહયુક્તતા
ધર્મકલાધરતા
સંગઠનકારકતા
પથપ્રદર્શિતતા
સમ્યક્પરાક્રમતા
સૌષ્ઠવતા
વરિષ્ઠતા
ગંભીરતા
સેવાશીલતા
અકુતૂહલતા
એકાંતપ્રિયતા
અનેકાંતદર્શિતા
વિચક્ષણતા
આરાધકતા
લાવણ્યતા
પરમાર્થતા
કુશલતા
કર્મનિષ્ઠતા
નિર્લેપતા
દિવ્યતા
રોચકતા
વાત્સલ્યતા
ઉપશમતા
નિર્વેદતા
પ્રવિણતા
સમતા
ઉપશાંતતા
વીરતા
પરિપક્વતા
શ્રુતસંપન્નતા
શ્રેષ્ઠતા
ખમીરતા
અમીરતા
ચારિત્ર પરાયણતા
શતાદિ સદ્ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જયોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પત્રાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)

## માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી
## શ્રી રમણિકભાઈ ભગવાનજી અવલાણી

નદી, વૃક્ષ, વાદળ, ચંદનનું જીવન પરોપકાર માટે જ હોય છે. તેમ સજ્જન પુરુષોનું જીવન પણ પરોપકાર માટે જ હોય છે. સજ્જન મનુષ્યો સત્સંગને પ્રાપ્ત કરી પોતાને પ્રાપ્ત થયેલી સંપત્તિનો પરમાર્થે ઉપયોગ કરી જીવન સફળ કરે છે.

માતા અમૃતબેન અને પિતા ભગવાનજી જાદવજીભાઈ અવલાણીના સંસ્કારો પુત્ર અને પુત્રવધુ શ્રી નવીનચંદ્ર - તારાબેન, શ્રી રમણિકલાલ-ઈલાબેન, શ્રી હરસુખલાલ-તરૂબેન તથા પૌત્ર પરિવારમાં શ્રી દિનેશચંદ્ર-સુજાતાબેન, શ્રી મહેશચંદ્ર-ભાવનાબેન, શ્રી શૈલેશભાઈ-હેમાબેન, શ્રી નિલેશભાઈ-નિધિબેનમાં પૂર્ણ થયા અવતરિત થયા છે.

**પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.** તથા **પૂ. વીરમતિબાઈ મ.**ના કલકત્તાના ચાતુર્માસ દરમ્યાન અવલાણી પરિવાર ધર્મરંગે રંગાઈ ગયો. યુવા પેઢીના કદમ ગુરુ દર્શન, ગુરુ સાંનિધ્ય અને ગુરુ સત્સંગમાં આવવા થનગનવા લાગ્યા.

ત્રિદિવસીય આગમ પ્રોજેક્ટ અને જૈન આગમો પરના પૂ. ગુરુદેવના એક મહિનાથી ચાલતા પ્રવચનના માધ્યમથી આગમનું મહત્ત્વ જાણીને તથા મહાપુણ્યોદયે આગમ હાથમાં, કાનમાં અને હૃદયમાં વસે છે, તે વાત જાણીને આગમ પ્રકાશનમાં સહયોગ આપી સર્વના હૃદયને આગમમય બનાવવા ભાવ જાગૃત થયા...

જે મુખેથી આગમ ભાવ શ્રવણ થઈ રહ્યા છે, તે ગુરુદેવ પ્રતિ પૂજ્યતા અને પ્રિયતાના ભાવોને વ્યક્ત કરતાં શ્રી રમણિકભાઈએ **પૂ. ગુરુદેવના ૩૯મા જન્મદિનના** અવસરે આગમ પ્રકાશનમાં શ્રુતાધાર બની શ્રુત ભક્તિને પ્રગટ કરી છે. આપની શ્રુતભક્તિ આત્મસ્થ શ્રુતશક્તિને પ્રગટ કરે તેવી ભાવના સહ ધન્યવાદ.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય
# સદ્વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| ઉદ્દે. | વિષય | પૃષ્ટ | ઉદ્દે. | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| | પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.નું જીવન દર્શન | 16 | | નરકાવાસોની પરસ્પર વિશાળતા અને અંતર | ૩૯ |
| | પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 18 | | નૈરયિકોને એકેન્દ્રિયોના સ્પર્શનો અનુભવ | ૪૨ |
| | પૂ. શ્રી રતિલાલજી મ.સા.નું જીવન દર્શન | 20 | | સાતે નરકમાં પરસ્પર નાના-મોટાપણું | ૪૩ |
| | પૂર્વ પ્રકાશનના બે બોલ | 22 | | નરકાવાસોમાં સ્થિત એકેન્દ્રિયો મહાકર્મી | ૪૩ |
| | પુનઃ પ્રકાશનના બે બોલ | 24 | | લોકાદિના મધ્યભાગો | ૪૪ |
| | અભિગમ | 26 | | દિશા-વિદિશાનો ઉદ્‌ગમ અને વિસ્તાર | ૪૫ |
| | સંપાદકીય | 33 | | પંચાસ્તિકાયમય લોક | ૪૭ |
| | સંપાદન અનુભવો | 49 | | ધર્માસ્તિકાયાદિની પ્રદેશ સ્પર્શના | ૪૯ |
| | અનુવાદિકાની કલમે | 52 | | દ્વિપ્રદેશી આદિ પુદ્‌ગલ સ્કંધની સ્પર્શના | ૫૬ |
| | ૩૨ અસ્વાધ્યાય | 56 | | અદ્ધા સમયની સ્પર્શના | ૬૧ |
| | **શાસ્ત્ર પ્રારંભ** | | | ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની સ્પર્શના | ૬૨ |
| | | | | ધર્મા. આદિના પ્રદેશોની પરસ્પર અવગાઢતા | ૬૪ |
| | શતક–૧૩ | | | પાંચ એકેન્દ્રિયોની પરસ્પર અવગાઢતા | ૭૦ |
| ૧ | સંક્ષિપ્ત સાર | ૨ | | ધર્માસ્તિકાયાદિ ઉપર પ્રવૃતિઓનો નિષેધ | ૭૧ |
| | ઉદ્દેશકોનાં નામ | ૪ | | લોકનો સમ અને સંક્ષિપ્ત ભાગ | ૭૨ |
| | નરક, નરકાવાસોની સંખ્યા અને વિસ્તાર | ૫ | | લોક સંસ્થાન | ૭૩ |
| | સંખ્યેય વિસ્તૃત નરકાવાસોમાં ઉત્પત્તિ આદિ | ૫ | **૫** | નૈરયિકોનો આહાર | ૭૫ |
| | નારકોની ઉદ્‌વર્તના સંબંધી ૩૯ પ્રશ્નોત્તર | ૮ | **૬** | સંક્ષિપ્ત સાર | ૭૬ |
| | સ્થાન સ્થિત નારકો સંબંધી ૪૯ પ્રશ્નોત્તર | ૯ | | સાન્તર-નિરંતર ઉત્પત્તિ અને ચ્યવન | ૭૮ |
| | અસંખ્યેય વિસ્તૃત નરકાવાસોમાં ઉત્પત્તિ | ૧૩ | | ચમરેન્દ્રનું આવાસ સ્થાન | ૭૮ |
| | બીજીથી સાતમી નરકમાં ઉત્પત્તિ આદિ | ૧૪ | | ઉદાયન ચરિત્ર | ૮૦ |
| | નૈરયિકોમાં દૃષ્ટિ | ૧૬ | **૭** | સંક્ષિપ્ત સાર | ૮૯ |
| | નારકોમાં લેશ્યા પરિણમન | ૧૯ | | ભાષા વિષયક વિવિધ પ્રશ્નોત્તર | ૯૧ |
| ૨ | સંક્ષિપ્ત સાર | ૨૧ | | મન વિષયક વિવિધ પ્રશ્નોત્તર | ૯૩ |
| | દેવોના પ્રકાર | ૨૩ | | કાયા વિષયક વિવિધ પ્રશ્નોત્તર | ૯૪ |
| | ભવનપતિ દેવોના આવાસ, ઉત્પત્તિ આદિ | ૨૩ | | મરણના વિવિધ પ્રકાર | ૯૬ |
| | વ્યંતર દેવોના આવાસ, ઉત્પત્તિ આદિ | ૨૬ | | આવિચી મરણ | ૯૭ |
| | જ્યોતિષી દેવોના આવાસ, ઉત્પત્તિ આદિ | ૨૭ | | અવધિ મરણ | ૯૯ |
| | વૈમાનિક દેવોના આવાસ ઉત્પત્તિ આદિ | ૨૮ | | આત્યંતિક મરણ | ૧૦૦ |
| | દેવોમાં દૃષ્ટિ | ૩૨ | | બાલ મરણ | ૧૦૧ |
| | દેવોમાં લેશ્યા પરિણમન | ૩૩ | | પંડિત મરણ | ૧૦૧ |
| ૩ | નૈરયિકોમાં અનન્તરાહારાદિ | ૩૫ | **૮** | કર્મ પ્રકૃતિ | ૧૦૩ |
| ૪ | સંક્ષિપ્ત સાર | ૩૬ | **૯** | સંક્ષિપ્ત સાર | ૧૦૪ |

| ઉદ્દે. | વિષય | પૃષ્ટ | ઉદ્દે. | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| | અણગારની વૈક્રિય શક્તિ | ૧૦૫ | | આહારાદિમાં મૂર્ચ્છિત-અમૂર્ચ્છિત અણગાર | ૧૬૦ |
| ૧૦ | છાદ્મસ્થિક સમુદ્ઘાત | ૧૧૧ | | લવસપ્તમ દેવ | ૧૬૧ |
| | **શતક–૧૪** | | ૮ | **સંક્ષિપ્ત સાર** | ૧૬૩ |
| | શતક પરિચય | ૧૧૨ | | પૃથ્વી અને દેવલોક વચ્ચે અંતર | ૧૬૪ |
| ૧ | **સંક્ષિપ્ત સાર** | ૧૧૪ | | શાલ આદિ વૃક્ષોની ભાવિ ભવ પ્રરૂપણા | ૧૬૬ |
| | ઉદ્દેશકોનાં નામ | ૧૧૫ | | અમ્બડ પરિવ્રાજક | ૧૬૭ |
| | લેશ્યાનુસાર ગતિ, ઉત્પત્તિ આદિ | ૧૧૫ | | અવ્યાબાધ દેવોની અવ્યાબાધતા | ૧૬૮ |
| | ચોવીસ દંડકોમાં શીઘ્ર ગતિ | ૧૧૭ | | શક્રેન્દ્રની આશ્ચર્યકારી કાર્યક્ષમતા | ૧૬૯ |
| | અનંતરોપપન્નકાદિ અને આયુષ્યબંધ | ૧૧૮ | | જૃંભક દેવોનું સ્વરૂપ, ભેદ, સ્થિતિ, સ્થાન | ૧૭૦ |
| | અનંતર-નિર્ગતાદિ અને આયુષ્યબંધ | ૧૨૦ | ૯ | **સંક્ષિપ્ત સાર** | ૧૭૨ |
| | અનંતર ખેદોપપન્નકાદિ અને આયુષ્યબંધ | ૧૨૧ | | ભાવિતાત્મા અણગારની જ્ઞાન શક્તિ | ૧૭૩ |
| ૨ | **સંક્ષિપ્ત સાર** | ૧૨૩ | | પ્રકાશિત પુદ્ગલ | ૧૭૩ |
| | ઉન્માદના પ્રકાર અને સ્વરૂપ | ૧૨૪ | | ચોવીસ દંડકોમાં પુદ્ગલ પ્રરૂપણા | ૧૭૪ |
| | સ્વાભાવિક અને દેવકૃત વૃષ્ટિ | ૧૨૬ | | મહર્દ્ધિક દેવોની ભાષણ શક્તિ | ૧૭૫ |
| | દેવકૃત તમસ્કાય | ૧૨૭ | | સૂર્યનો અન્વયાર્થ અને તેની પ્રભા | ૧૭૬ |
| ૩ | **સંક્ષિપ્ત સાર** | ૧૨૯ | | શ્રમણ સુખની દેવસુખથી ઉત્તમતા | ૧૭૬ |
| | દેવોનો અણગાર પ્રતિ વિનય વ્યવહાર | ૧૩૦ | ૧૦ | કેવળી અને સિદ્ધમાં સમાનતા અને ભિન્નતા | ૧૭૯ |
| | જીવોમાં સત્કારાદિ વિનય | ૧૩૧ | | **શતક–૧૫** | |
| | દેવોમાં પરસ્પર આદર-સન્માન | ૧૩૨ | | શતક પરિચય | ૧૮૩ |
| | નૈરયિકોમાં પુદ્ગલ પરિણમન | ૧૩૩ | | ગોશાલક ચરિત્ર | ૧૮૬ |
| ૪ | **સંક્ષિપ્ત સાર** | ૧૩૫ | | **શતક–૧૬** | |
| | પુદ્ગલનું પરિણમન | ૧૩૬ | | શતક પરિચય | ૨૫૯ |
| | જીવનું સુખી-દુઃખી આદિ વિવિધ પરિણમન | ૧૩૭ | ૧ | **સંક્ષિપ્ત સાર** | ૨૬૦ |
| | પરમાણુ પુદ્ગલની શાશ્વતતા-અશાશ્વતતા | ૧૩૮ | | ઉદ્દેશકોનાં નામ | ૨૬૧ |
| | પરમાણુ પુદ્ગલની ચરમ-અચરમતા | ૧૩૮ | | આઘાતથી વાયુકાયની ઉત્પત્તિ અને વિનાશ | ૨૬૨ |
| | જીવ-અજીવના પરિણામ | ૧૩૯ | | અગ્નિકાયની સ્થિતિ | ૨૬૩ |
| ૫ | **સંક્ષિપ્ત સાર** | ૧૪૧ | | તપ્ત લોખંડને પકડવામાં લાગતી ક્રિયા | ૨૬૩ |
| | જીવોનું અગ્નિગમન સામર્થ્ય | ૧૪૨ | | અધિકરણ અને અધિકરણી | ૨૬૫ |
| | શબ્દાદિ દશ સ્થાનોની ઈષ્ટાનિષ્ટ અનુભૂતિ | ૧૪૫ | | શરીર, ઈન્દ્રિય, યોગ અને અધિકરણ | ૨૬૭ |
| | દેવોની પુદ્ગલ સહાયી શક્તિ | ૧૪૭ | ૨ | **સંક્ષિપ્ત સાર** | ૨૭૦ |
| ૬ | **સંક્ષિપ્ત સાર** | ૧૪૯ | | જરા અને શોક | ૨૭૧ |
| | જીવોમાં આહાર પરિણામ | ૧૫૦ | | અવગ્રહના પાંચ પ્રકાર | ૨૭૨ |
| | દેવેન્દ્રોની ભોગ પદ્ધતિ | ૧૫૧ | | દેવેન્દ્રની ભાષા | ૨૭૩ |
| ૭ | **સંક્ષિપ્ત સાર** | ૧૫૪ | | શક્રેન્દ્રની ભવસિદ્ધિક આદિ યોગ્યતા | ૨૭૫ |
| | પ્રભુ મહાવીર-ગૌતમનો ભવાન્તરીય સંબંધ | ૧૫૫ | | ચૈતન્ય આત્મા કર્મનો કર્તા | ૨૭૫ |
| | છ પ્રકારના તુલ્ય | ૧૫૬ | ૩ | **સંક્ષિપ્ત સાર** | ૨૭૭ |

| ઉદ્દે. | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| | કર્મ પ્રકૃતિઓમાં બંધ, ઉદય સંબંધી વિકલ્પો | ૨૭૮ |
| | અર્શ છેદનમાં લાગતી ક્રિયા | ૨૭૮ |
| ૪ | **સંક્ષિપ્ત સાર** | ૨૮૧ |
| | નૈરયિકો અને શ્રમણોની નિર્જરાની તુલના | ૨૮૨ |
| ૫ | **સંક્ષિપ્ત સાર** | ૨૮૩ |
| | શક્રેન્દ્રના પ્રશ્નો | ૨૮૭ |
| | શક્રેન્દ્રના શીઘ્ર ગમનનું કારણ | ૨૮૮ |
| | ગંગદત્ત દેવનો પૂર્વભવ : ગંગદત્ત ગાથાપતિ | ૨૯૨ |
| ૬ | **સંક્ષિપ્ત સાર** | ૨૯૬ |
| | સ્વપ્નદર્શનના પ્રકાર | ૨૯૭ |
| | સ્વપ્નદર્શનની અવસ્થા | ૨૯૭ |
| | જીવોમાં સુપ્ત-જાગૃત આદિ નિરૂપણ | ૨૯૮ |
| | સંવૃત્ત-અસંવૃત્તમાં સ્વપ્ન દર્શન | ૨૯૯ |
| | વિશિષ્ટ સ્વપ્નોની સંખ્યા | ૩૦૦ |
| | ઉત્તમ પુરુષોની માતાના સ્વપ્ન | ૩૦૦ |
| | ભગવાન મહાવીરના દશ સ્વપ્ન અને ફળ | ૩૦૨ |
| | મોક્ષ ફળદાયક સ્વપ્નો | ૩૦૪ |
| | ગંધના પુદ્‌ગલો વહે છે. | ૩૦૭ |
| ૭ | ઉપયોગના ભેદ(સંક્ષિપ્ત પાઠ) | ૩૦૯ |
| ૮ | **સંક્ષિપ્ત સાર** | ૩૧૦ |
| | લોકનું પરિમાણ | ૩૧૧ |
| | લોકના ચરમાન્તમાં જીવાજીવનું અસ્તિત્વ | ૩૧૧ |
| | નરકના ચરમાન્તોમાં જીવાજીવનું અસ્તિત્વ | ૩૧૬ |
| | પરમાણુની એક સમયની ગતિ | ૩૧૮ |
| | સ્પર્શ દ્વારા વરસાદ જાણવાથી લાગતી ક્રિયા | ૩૧૯ |
| | અલોકગમનનું દેવનું અસામર્થ્ય | ૩૧૯ |
| ૯ | વૈરોચનેન્દ્રની સુધર્માસભા(સંક્ષિપ્ત પાઠ) | ૩૨૧ |
| ૧૦ | અવધિજ્ઞાન(સંક્ષિપ્ત પાઠ) | ૩૨૩ |
| ૧૧ | દ્વીપકુમારોની વક્તવ્યતા(સંક્ષિપ્ત પાઠ) | ૩૨૪ |
| ૧૨ | ઉદધિકુમાર(સંક્ષિપ્ત પાઠ) | ૩૨૫ |
| ૧૩ | દિશાકુમાર(સંક્ષિપ્ત પાઠ) | ૩૨૫ |
| ૧૪ | સ્તનિતકુમાર(સંક્ષિપ્ત પાઠ) | ૩૨૫ |
| | **શતક–૧૭** | |
| | શતક પરિચય | ૩૨૬ |
| ૧ | સંક્ષિપ્ત સાર | ૩૨૭ |

| ઉદ્દે. | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| | ઉદ્દેશકોનાં નામ | ૩૨૮ |
| | કોણિકના ગજરાજની ગતિ-આગતિ | ૩૨૯ |
| | પુરુષ અને તાલવૃક્ષને લાગતી ક્રિયા | ૩૩૦ |
| | શરીર, ઇન્દ્રિય, યોગ અને તન્નિમિત્તક ક્રિયા | ૩૩૩ |
| | ઔદયિક આદિ છ ભાવો | ૩૩૪ |
| ૨ | સંક્ષિપ્ત સાર | ૩૩૬ |
| | જીવોમાં ધર્મ, અધર્મ, ધર્માધર્મનું નિરૂપણ | ૩૩૭ |
| | બાલ, પંડિત અને બાલ પંડિત | ૩૩૯ |
| | જીવ અને આત્માની અભિન્નતા | ૩૪૦ |
| | રૂપી-અરૂપી વિક્રિયાની વિચારણા | ૩૪૨ |
| ૩ | સંક્ષિપ્ત સાર | ૩૪૪ |
| | શૈલેશી અણગારમાં કંપનાદિ ક્રિયાનો નિષેધ | ૩૪૫ |
| | એજનાના ભેદ-પ્રભેદ | ૩૪૫ |
| | ચલનાના ભેદ-પ્રભેદ | ૩૪૭ |
| | સંવેગાદિ ધર્મનું અંતિમ ફળ | ૩૪૯ |
| ૪ | સંક્ષિપ્ત સાર | ૩૫૧ |
| | ક્રિયાની આત્મસ્પૃષ્ટતા | ૩૫૨ |
| | સમય, ક્ષેત્રની દષ્ટિએ ક્રિયાની સ્પૃષ્ટતા | ૩૫૩ |
| | આત્મકૃત સુખ, દુઃખ અને વેદના | ૩૫૪ |
| ૫ | ઈશાનેન્દ્રની સુધર્મા સભા(સંક્ષિપ્ત પાઠ) | ૩૫૬ |
| ૬,૧૧ | સંક્ષિપ્ત સાર | ૩૫૭ |
| ૬,૭ | પૃથ્વીકાયિકોના મારણાંતિક સમુદ્‌ઘાત | ૩૫૮ |
| ૮,૯ | અપકાયિકોના મારણાંતિક સમુદ્‌ઘાત | ૩૬૧ |
| ૧૦,૧૧ | વાયુકાયિકોના મારણાંતિક સમુદ્‌ઘાત | ૩૬૨ |
| ૧૨ | જીવોના આહારાદિની સમ-વિષમતા | ૩૬૪ |
| ૧૩-૧૭ | નાગકુમારાદિના આહારની સમ-વિષમતા | ૩૬૫ |
| | **શતક–૧૮** | |
| | શતક પરિચય | ૩૬૬ |
| ૧ | સંક્ષિપ્ત સાર | ૩૬૭ |
| | ઉદ્દેશકોનાં નામ | ૩૬૮ |
| | ચૌદ દ્વારથી પ્રથમ-અપ્રથમ | ૩૬૯ |
| | ચૌદ દ્વારથી ચરમ-અચરમ | ૩૭૯ |
| ૨ | વિશાખા નગરીમાં ભગવાનનું સમોસરણ | ૩૮૮ |
| | શક્રેન્દ્રનો પૂર્વભવ : કાર્તિક શ્રેષ્ઠી | ૩૮૮ |
| ૩ | સંક્ષિપ્ત સાર | ૩૯૪ |
| | માકન્દીય પુત્રના પ્રશ્નો | ૩૯૫ |

| ઉદ્દે. | વિષય | પૃષ્ટ | ઉદ્દે. | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| | નિર્જરાના પુદ્‌ગલોની સૂક્ષ્મતા | ૩૯૭ | | મશક વાયુથી સ્પૃષ્ટ હોય છે ? | ૪૫૫ |
| | નિર્જરાના પુદ્‌ગલોનું જ્ઞાન | ૩૯૯ | | વિવિધ ક્ષેત્રોની નીચે પુદ્‌ગલ દ્રવ્યો | ૪૫૬ |
| | દ્રવ્યબંધ અને ભાવબંધના ભેદ-પ્રભેદ | ૪૦૧ | | શાસ્ત્રાર્થ માટે સોમિલનું પ્રભુ પાસે ગમન | ૪૫૬ |
| | જીવનો આહાર | ૪૦૫ | | સોમિલના યાત્રાદિ વિષયક પ્રશ્નો | ૪૫૭ |
| ૪ | સંક્ષિપ્ત સાર | ૪૦૬ | | સરસવની ભક્ષ્યાભક્ષ્યતા | ૪૫૯ |
| | જીવને પરિભોગ્ય-અપરિભોગ્ય દ્રવ્યો | ૪૦૭ | | અડદની ભક્ષ્યાભક્ષ્યતા | ૪૬૦ |
| | કષાયના પ્રકાર | ૪૦૮ | | કુલત્થાની ભક્ષ્યાભક્ષ્યતા | ૪૬૧ |
| | ચાર પ્રકારના યુગ્મ | ૪૦૯ | | આત્મતત્ત્વ સંબંધી તાત્ત્વિક પૃચ્છા | ૪૬૨ |
| | જીવોમાં કૃતયુગ્મ આદિ રાશિ પ્રમાણ | ૪૧૦ | | સોમિલ દ્વારા વ્રત ગ્રહણ અને તેનું ભવિષ્ય | ૪૬૩ |
| ૫ | સંક્ષિપ્ત સાર | ૪૧૩ | | **શતક–૧૯** | |
| | દેવોમાં દર્શનીયતા-અદર્શનીયતાનું કારણ | ૪૧૪ | | શતક પરિચય | ૪૬૫ |
| | જીવોમાં અલ્પકર્મ-મહાકર્મ આદિના કારણ | ૪૧૫ | ૧ | ઉદ્દેશકોનાં નામ | ૪૬૬ |
| | વર્તમાન અને આગામી ભવનું આયુષ્યવેદન | ૪૧૬ | | લેશ્યા(સંક્ષિપ્ત પાઠ) | ૪૬૬ |
| | દેવોનું વિકુર્વણા સામર્થ્ય | ૪૧૭ | ૨ | ગર્ભ અને લેશ્યા(સંક્ષિપ્ત પાઠ) | ૪૬૮ |
| ૬ | **સંક્ષિપ્ત સાર** | ૪૨૦ | ૩ | **સંક્ષિપ્ત સાર** | ૪૬૯ |
| | નિશ્ચય-વ્યવહારથી ગોળ આદિમાં વર્ણાદિ | ૪૨૧ | | પૃથ્વીકાયની બાર દ્વારથી પ્રરૂપણા | ૪૭૧ |
| | પરમાણુ અને સ્કંધાદિમાં વર્ણાદિ | ૪૨૨ | | અપકાયાદિની બાર દ્વારથી પ્રરૂપણા | ૪૭૬ |
| ૭ | **સંક્ષિપ્ત સાર** | ૪૨૬ | | એકે. નું અવગાહનાપેક્ષયા અલ્પબહુત્વ | ૪૭૮ |
| | અન્યતીર્થિકોના આક્ષેપોનું સમાધાન | ૪૨૮ | | સ્થાવર જીવોની સૂક્ષ્મ-સૂક્ષ્મતરતા | ૪૮૨ |
| | ઉપધિના પ્રકાર | ૪૨૯ | | સ્થાવર જીવોની સ્થૂલ-સ્થૂલતરતા | ૪૮૨ |
| | પરિગ્રહના પ્રકાર | ૪૨૯ | | પૃથ્વીકાયના શરીરની વિશાળતા | ૪૮૩ |
| | પ્રણિધાનના પ્રકાર | ૪૩૦ | | પૃથ્વીકાયિક જીવોની કઠોરતા માટે દષ્ટાંત | ૪૮૪ |
| | મદ્રુક શ્રાવકનો અન્યતીર્થિકો સાથે સંવાદ | ૪૩૧ | | સ્થાવર જીવોની પીડા | ૪૮૫ |
| | વૈક્રિયકૃત હજારો શરીરમાં એક આત્મા | ૪૩૫ | ૪ | **સંક્ષિપ્ત સાર** | ૪૮૭ |
| | દેવાસુર સંગ્રામ અને તેના શસ્ત્રો | ૪૩૬ | | નૈરયિકોમાં મહાશ્રવાદિ | ૪૮૮ |
| | મહર્દ્ધિક દેવોનું ગમન સામર્થ્ય | ૪૩૭ | | ભવનપતિ દેવોમાં મહાશ્રવાદિ | ૪૯૧ |
| | દેવોનો કર્મક્ષય કાળ | ૪૩૭ | | પાંચ સ્થાવરાદિમાં મહાશ્રવાદિ | ૪૯૧ |
| ૮ | **સંક્ષિપ્ત સાર** | ૪૪૦ | ૫ | **સંક્ષિપ્ત સાર** | ૪૯૩ |
| | ઉપયોગપૂર્વક ગમન કરનારને લાગતી ક્રિયા | ૪૪૧ | | ચરમ-પરમાપેક્ષયા મહાકર્મત્વ-અલ્પકર્મત્વ | ૪૯૪ |
| | અન્યતીર્થિકો સાથે ગૌતમ સ્વામીનો સંવાદ | ૪૪૨ | | વેદનાના પ્રકાર | ૪૯૫ |
| | છદ્મસ્થનું પરમાણુના જ્ઞાનનું સામર્થ્ય | ૪૪૪ | ૬ | દ્વીપ સમુદ્ર સંબંધી વક્તવ્યતા | ૪૯૭ |
| ૯ | **સંક્ષિપ્ત સાર** | ૪૪૮ | ૭ | દેવાવાસની સંખ્યા અને સ્વરૂપ | ૪૯૮ |
| | જીવોમાં ભવી દ્રવ્યત્વ | ૪૪૯ | ૮ | **સંક્ષિપ્ત સાર** | ૫૦૦ |
| | ભવ્ય દ્રવ્ય નૈરયિકાદિની સ્થિતિ | ૪૫૦ | | નિર્વૃત્તિ આદિના ૧૯ પ્રકાર | ૫૦૧ |
| ૧૦ | **સંક્ષિપ્ત સાર** | ૪૫૨ | ૯ | **સંક્ષિપ્ત સાર** | ૫૧૦ |
| | ભાવિતાત્મા અણગારની વૈક્રિય શક્તિ | ૪૫૩ | | કરણના ભેદ-પ્રભેદ | ૫૧૧ |
| | પરમાણુ, સ્કંધની વાયુકાય સાથે સ્પર્શના | ૪૫૪ | | | |

| ઉદ્દે. | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| | શરીર કરણ | ૫૧૨ |
| | ઇન્દ્રિયાદિ કરણ | ૫૧૨ |
| | પ્રાણાતિપાત કરણ | ૫૧૨ |
| | પુદ્ગલ કરણ | ૫૧૩ |
| ૧૦ | વાણવ્યંતર દેવોનો આહાર(સંક્ષિપ્ત પાઠ) | ૫૧૫ |
| | **શતક–૨૦** | |
| | શતક પરિચય | ૫૧૬ |
| ૧ | **સંક્ષિપ્ત સાર** | ૫૧૭ |
| | ઉદ્દેશકોનાં નામ | ૫૧૮ |
| | વિકલેન્દ્રિય જીવોનું બાર દ્વારથી નિરૂપણ | ૫૧૮ |
| | પંચેન્દ્રિય જીવોનું બાર દ્વારથી નિરૂપણ | ૫૨૦ |
| ૨ | **સંક્ષિપ્ત સાર** | ૫૨૪ |
| | આકાશના ભેદ-પ્રભેદ | ૫૨૫ |
| | અધોલોકમાં ધર્માસ્તિકાયાદિની અવગાહના | ૫૨૫ |
| | પંચાસ્તિકાયના પર્યાયવાચી નામ | ૫૨૬ |
| ૩ | **સંક્ષિપ્ત સાર** | ૫૩૦ |
| | અઢાર પાપ આદિ વિવિધ આત્મ પરિણમન | ૫૩૧ |
| | ગર્ભસ્થ જીવમાં વર્ણાદિ | ૫૩૧ |
| ૪ | ઇન્દ્રિય ઉપચય(સંક્ષિપ્ત પાઠ) | ૫૩૩ |
| ૫ | **સંક્ષિપ્ત સાર** | ૫૩૪ |
| | પરમાણુ, દ્વિપ્રદેશાદિ સ્કંધોમાં વર્ણાદિ | ૫૩૫ |
| | પરમાણુના પ્રકાર | ૫૬૦ |
| ૬ | **સંક્ષિપ્ત સાર** | ૫૬૩ |
| | જીવોની ઉત્પત્તિ અને આહાર | ૫૬૪ |
| ૭ | **સંક્ષિપ્ત સાર** | ૫૭૦ |
| | બંધના પ્રકાર | ૫૭૧ |
| | આઠ કર્મ પ્રકૃતિઓના ઉદયમાં ત્રિવિધ બંધ | ૫૭૨ |
| | વેદત્રય આદિમાં ત્રિવિધબંધ | ૫૭૨ |
| ૮ | **સંક્ષિપ્ત સાર** | ૫૭૪ |
| | કર્મભૂમિ-અકર્મભૂમિના પ્રકાર | ૫૭૫ |
| | કર્મભૂમિ-અકર્મભૂમિમાં કાલ પરિવર્તન | ૫૭૫ |
| | મહાવિદેહક્ષેત્રમાં ધર્મ | ૫૭૬ |
| | ભરતક્ષેત્રમાં ચોવીસ તીર્થંકર | ૫૭૭ |
| | જિનાન્તરોમાં શ્રુત વિચ્છેદ | ૫૭૮ |
| | ભરતક્ષેત્રમાં જિનધર્મ | ૫૮૦ |
| | તીર્થ અને તીર્થંકર | ૫૮૧ |

| ઉદ્દે. | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| | નિર્ગ્રંથધર્મ અનુગમન | ૫૮૧ |
| ૯ | **સંક્ષિપ્ત સાર** | ૫૮૩ |
| | ચારણલબ્ધિના પ્રકાર | ૫૮૪ |
| | વિદ્યાચરણ | ૫૮૪ |
| | જંઘાચરણ | ૫૮૬ |
| ૧૦ | **સંક્ષિપ્ત સાર** | ૫૮૯ |
| | સોપક્રમ અને નિરુપક્રમ આયુષ્ય | ૫૯૧ |
| | કતિ-અકતિ સંચિત રાશિ | ૫૯૪ |
| | ષટ્કસમર્જિત રાશિ | ૫૯૬ |
| | દ્વાદશ સમર્જિત રાશિ | ૬૦૦ |
| | ચોર્યાસી સમર્જિત રાશિ | ૬૦૨ |
| | **શતક–૨૧–૨૨–૨૩** | |
| | શતક પરિચય | ૬૦૬ |
| | **શતક–૨૧** | |
| | પ્રથમ શાલિ વર્ગ : પ્રથમ મૂળ ઉદ્દેશક | ૬૦૮ |
| | પ્રથમ વર્ગ : કંદાદિ નવ ઉદ્દેશક | ૬૧૨ |
| | બીજો વટાણા વર્ગ : દશ ઉદ્દેશક | ૬૧૪ |
| | ત્રીજો અળસી વર્ગ : દશ ઉદ્દેશક | ૬૧૪ |
| | ચોથો વાંસ વર્ગ : દશ ઉદ્દેશક | ૬૧૪ |
| | પાંચમો ઈક્ષુ વર્ગ : દશ ઉદ્દેશક | ૬૧૫ |
| | છટ્ઠો દર્ભ વર્ગ : દશ ઉદ્દેશક | ૬૧૫ |
| | સાતમો અભ્રરુહ વર્ગ : દશ ઉદ્દેશક | ૬૧૬ |
| | આઠમો તુલસી વર્ગ : દશ ઉદ્દેશક | ૬૧૬ |
| | **શતક–૨૨** | |
| | પ્રથમ તાલ વર્ગ દશ ઉદ્દેશક | ૬૨૦ |
| | બીજો એકાસ્થિક વર્ગ : દશ ઉદ્દેશક | ૬૨૧ |
| | ત્રીજો બહુબીજક વર્ગ : દશ ઉદ્દેશક | ૬૨૨ |
| | ચોથો ગુચ્છ વર્ગ : દશ ઉદ્દેશક | ૬૨૨ |
| | પાંચમો ગુલ્મ વર્ગ : દશ ઉદ્દેશક | ૬૨૩ |
| | છટ્ઠો લતા-વેલા વર્ગ : દશ ઉદ્દેશક | ૬૨૩ |
| | **શતક–૨૩** | |
| | પ્રથમ આલુક વર્ગ : દશ ઉદ્દેશક | ૬૨૫ |
| | બીજો લોહિત વર્ગ : દશ ઉદ્દેશક | ૬૨૬ |
| | ત્રીજો અવક વર્ગ : દશ ઉદ્દેશક | ૬૨૭ |
| | ચોથો પાઠા વર્ગ : દશ ઉદ્દેશક | ૬૨૭ |
| | પાંચમો માષપર્ણી વર્ગ : દશ ઉદ્દેશક | ૬૨૭ |
| | **પરિશિષ્ટ :** | |
| | વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા | ૬૨૯ |

# કોષ્ટક અને આકૃતિની સૂચિ

## કોષ્ટક


| વિષય | શતક | ઉદ્દે. | પૃષ્ટ |
|---|---|---|---|
| પ્રથમ નરકના સંખ્યેય વિસ્તૃત નરકાવાસોમાં ઉત્પતિ આદિ | ૧૩ | ૧ | ૧૨ |
| સાત નરકમાં ઉત્પત્તિ, ઉદ્વર્તના, વિદ્યમાનતા | ૧૩ | ૧ | ૧૮ |
| ચારે પ્રકારના દેવોમાં ઉત્પત્તિ, ઉદ્વર્તના, વિદ્યમાનતા | ૧૩ | ૨ | ૩૨ |
| ઉપયોગની ગતાગત | ૧૩ | ૨ | ૩૪ |
| ધર્મા. પ્રદેશોની ધર્મા-અધર્મા.ના પ્રદેશો સાથે સ્પર્શના | ૧૩ | ૪ | ૫૩ |
| આકાશા. પ્રદેશોની ધર્મા. અધર્મા.ના પ્રદેશો સાથે સ્પર્શના | ૧૩ | ૪ | ૫૪ |
| પુદ્ગલસ્કંધોની ધર્મા. આદિના પ્રદેશો સાથે સ્પર્શના | ૧૩ | ૪ | ૬૦ |
| પુદ્ગલ સ્કંધોની અસ્તિકાયના પ્રદેશો સાથે સ્પર્શના | ૧૩ | ૪ | ૬૦ |
| અસ્તિકાય પ્રદેશોની પરસ્પર સ્પર્શના | ૧૩ | ૪ | ૬૨ |
| અસ્તિકાય દ્રવ્યોની અસ્તિકાયના પ્રદેશો સાથે સ્પર્શના | ૧૩ | ૪ | ૬૪ |
| અસ્તિકાયના પ્રદેશોની પરસ્પર અવગાઢતા | ૧૩ | ૪ | ૬૯ |
| અસ્તિકાય દ્રવ્યોની અન્ય પ્રદેશો સાથે અવગાઢતા | ૧૩ | ૪ | ૭૦ |
| વૈમાનિકોના ૧૦ ઈન્દ્રોના પ્રાસાદની ઊંચાઈ આદિ | ૧૪ | ૬ | ૧૫૩ |
| લોકના ચરમાન્તમાં જીવાજીવનું અસ્તિત્વ | ૧૬ | ૮ | ૩૧૫ |
| રત્નપ્રભા પૃથ્વી આદિના ચરમાન્તમાં જીવાજીવનું અસ્તિત્વ | ૧૬ | ૮ | ૩૧૮ |
| ૧૪ દ્વારમાં પ્રથમ – અપ્રથમ | ૧૮ | ૧ | ૩૭૮ |
| ૧૪ દ્વારમાં ચરમ– અચરમ | ૧૮ | ૧ | ૩૮૬ |
| બંધના ભેદ–પ્રભેદ | ૧૮ | ૩ | ૪૦૩ |
| યુગ્મરાશિ આધારિત જીવોનું પરિમાણ | ૧૮ | ૪ | ૪૨૫ |
| પરમાણુ આદિમાં ઉત્કૃષ્ટ વર્ણાદિ | ૧૮ | ૬ | ૪૫૨ |
| ૨૪ દંડકના ભવી દ્રવ્ય જીવોની સ્થિતિ | ૧૮ | ૯ | ૪૭૮ |
| પાંચ સ્થાવર જીવોમાં બાર દ્વાર | ૧૯ | ૩ | ૪૮૧ |
| પાંચ સ્થાવરોની અવગાહનાનું અલ્પબહુત્ત્વ | ૧૯ | ૩ | ૪૯૦ |
| મહાશ્રવાદિના ૧૬ ભંગ | ૧૯ | ૪ | ૪૯૨ |
| જીવોમાં મહાશ્રવાદિ ૧૬ ભંગ | ૧૯ | ૪ | ૪૯૯ |
| દેવોની આવાસ સંખ્યા અને સ્વરૂપ | ૧૯ | ૭ | ૫૦૯ |

| વિષય | શતક | ઉદ્દે. | પૃષ્ટ |
|---|---|---|---|
| ૨૪ દંડકના જીવોમાં નિર્વૃત્તિના ભેદ | ૧૯ | ૮ | ૫૦૯ |
| નિર્વૃત્તિ અને કરણના દ્વાર અને સંખ્યા | ૧૯ | ૯ | ૫૧૪ |
| વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોમાં બાર દ્વાર | ૨૦ | ૧ | ૫૨૨ |
| પરમાણુથી અનંતપ્રદેશી સ્કંધમાં વર્ણાદિ ભંગ સંખ્યા | ૨૦ | ૫ | ૫૬૦ |
| વિદ્યાચારણ – જંઘાચારણ લબ્ધિ | ૨૦ | ૯ | ૫૮૮ |
| કતિ – અકતિ સંચિત આદિ સંખ્યા ની દષ્ટિએ જીવોનું ઉપપાત પરિમાણ | ૨૦ | ૧૦ | ૬૦૪ |
| શાલિ આદિ વનસ્પતિના દશ વિભાગમાં ૩૩ દ્વાર (શતક–૨૧, વર્ગ–૧ થી ૮) | ૨૧ | વર્ગ–૮ | ૬૧૭ |
| તાલ આદિ વનસ્પતિમાં મુખ્ય દ્વાર (શતક–૨૨, વર્ગ ૧ થી ૬) | ૨૨ | વર્ગ–૬ | ૬૨૪ |
| આલુ આદિ વનસ્પતિમાં મુખ્ય દ્વાર (શતક–૨૩, વર્ગ ૧ થી ૫) | ૨૩ | વર્ગ–૫ | ૬૨૮ |
| **આકૃતિ** | | | |
| લોક અને ઊર્ધ્વાદિ લોકના મધ્યભાગ | ૧૩ | ૪ | ૪૪ |
| ધર્માસ્તિકાયના પ્રદેશોની અન્ય અસ્તિકાયના પ્રદેશો સાથે સ્પર્શના | ૧૩ | ૪ | ૫૩ |
| આકાશાસ્તિકાયના પ્રદેશોની અન્ય અસ્તિકાયના પ્રદેશો સાથે સ્પર્શના | ૧૩ | ૪ | ૫૪ |
| લોકનો બહુ સમભાગ : બે ક્ષુલ્લક પ્રતર | ૧૩ | ૪ | ૭૨ |
| લોકના વિગ્રહિક ભાગ | ૧૩ | ૪ | ૭૨ |
| ઘનોદધિ આદિ વલયો (એક પરિમાણ આકૃતિ) | ૨૦ | ૬ | ૫૬૮ |
| ઘનોદધિ આદિ વલયો (ત્રણ પરિમાણ આકૃતિ) | ૨૦ | ૬ | ૫૬૯ |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **નામ** | : શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : માંગરોળ. |
| **પિતાશ્રી** | : ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્‌ગુરુદેવ** | : પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્યપ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદૃષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર.<br>તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું

# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ(સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ', રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.

શ્રી ગુરુપ્રાણ પ્રકાશન

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુકતાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ

શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

## આમુખ

### શ્રી ભગવતીજીનું રહસ્યમય કથન :

ગુરુપ્રાણ ફાઉન્ડેશન દ્વારા શાસ્ત્રો સુંદર રીતે પ્રકાશિત થઈ રહ્યા છે. તેમાં ભગવતી સૂત્ર પાંચ ભાગોમાં પ્રકાશિત થઈ રહ્યું છે. વિશાળ એવા ભગવતી સૂત્ર ઉપર ચિંતન લેખ લખવાનું ઘણું જ કઠિન છે. તો પણ યત્‌કિંચિત જે આભાસ થયો છે, તેને પ્રયાસ કરી થોડા શબ્દોમાં સંકલિત કરવામાં આવ્યો છે. આગમ ટ્રસ્ટ તરફથી દરેક ભાગ માટે લખવા પ્રેરણા મળી છે, જે શક્ય નથી; કારણ કે શાસ્ત્રનું સમુચિત અર્થ સાથે સંપાદન થઈ રહ્યું છે તેથી અલગ-અલગ શતક માટે લખવાનું શું હોય ? પરંતુ સમગ્ર ભગવતીજી માટે મનમાં જે અહોભાવ જાગૃત થાય છે તેને અહીં પ્રગટ કરવા પ્રયત્ન કર્યો છે. ભગવતીજીની છણાવટ કરવા માટે ગણધરદેવોએ જે પદ્ધતિ અપનાવી છે તે ખરેખર વિલક્ષણ છે.

તત્ત્વના બાહ્ય પ્રદેશથી લઈ આંતર પ્રદેશ સુધી પહોંચવા માટે અદ્‌ભુત રીતે પ્રરૂપણા શૈલી ગ્રહણ કરી છે. આ શૈલી આગમપ્રત્યે તો માન ઊપજાવે તેવી છે જ, પરંતુ આગળ વધીને આપણા મન ઉપર એક પ્રકારે કોતરણી કરે છે. જેમ કોઈ મારબલ પથ્થર ઉપર કલાકાર સૂક્ષ્મ ધારવાળી છીણીથી શિલ્પકાર્ય કરે, તે રીતે શાસ્ત્રના શબ્દો અને પ્રશ્નની ઝલક એટલી ધારવાળી છે કે અજ્ઞાનને ખંડ-ખંડ કરી, તેમાં ઘણા જ છિદ્રો નિપજાવી, જ્ઞાનના કિરણોને બહાર લાવે છે. તે જ્ઞાન કિરણોનો પ્રકાશ તેની ફોરમ પાંચે ઈન્દ્રિયોને પ્રભાવિત કરી, વિષયોથી હટાવી, જ્ઞેય તત્ત્વો ઉપર સ્થિર કરે છે.

આ પાંચે ઈન્દ્રિયો કર્મેન્દ્રિય છે, ભોગેન્દ્રિય છે, વિષયેન્દ્રિય છે અને મોહના પ્રભાવે પરાંગમુખી બની રહે છે; પરંતુ મનને જ્યારે પ્રભુની વાણીનો સ્પર્શ થાય છે ત્યારે સાચા અર્થમાં પાંચે ઈન્દ્રિયો જ્ઞાનેન્દ્રિય બની જ્ઞેયતત્ત્વને વાગોળે છે.

ખરેખર ભગવતી સૂત્રમાં આ મોટો ખેલ કરવામાં આવ્યો છે. સાધક પ્રશ્નોની જાળમાં સપડાઈને, જગતથી વિમુખ બનીને, અંતરમુખી થઈ શકે છે. ભગવતી સૂત્રનું

જ્યારે-જ્યારે પઠન કરવાનું ટાણું મળે છે ત્યારે મન તેમાં ઓતપ્રોત થઈ જાય છે. હાથમાંથી શાસ્ત્ર મૂકયા પછી પણ મન ભગવતી સૂત્રના અટપટા પ્રશ્નોમાં ખોવાયેલું રહે છે. ઘણી વખત તો સ્વપ્નમાં પણ ભગવતી સૂત્રના પ્રશ્નો સંબંધી કેટલાક ખુલાસાઓ જ્ઞાની ગુરુઓના મુખથી સાંભળવામાં આવે છે.

ભગવતી સૂત્રનું બીજું નામ "વિવાહ પ્રજ્ઞપ્તિ" છે. તે પણ કેટલું બધું સાર્થક નામ છે. સામાન્ય વ્યવહારમાં "વિવાહ" શબ્દ વર-કન્યાના લગ્ન વિષે વપરાય છે. પરંતુ અહીં તેવા અર્થમાં ન વપરાયો હોય તે સ્વાભાવિક છે. "વિ" એટલે વિશેષ પ્રકારે અને "વાહ" એટલે વહન થઈ રહ્યા છે, ભગવંતની સૂક્ષ્મ વાણીના ભાવો જેમાં વિશેષ પ્રકારે પ્રવાહિત થઈ રહ્યા છે, ભગવાનની અમૃતવાણી જેમાં છે તે "જ્ઞપ્તિ" નહીં, પણ "પ્રજ્ઞપ્તિ" જ હોઈ શકે.

અહીં "જ્ઞપ્તિ" શબ્દનો જો દાર્શનિક ભાવ પ્રગટ કરવાનું સાહસ કરશું તો "જ્ઞાતા, જ્ઞાન, જ્ઞપ્તિ, જ્ઞેય" આ ચારે અંગો ઉપર વિશદ વ્યાખ્યા કરી "પ્રમાતા, પ્રમાણ, પ્રમિતિ અને પ્રમેય" ત્યાં સુધીનો સંબંધ પ્રદર્શિત કરવો પડે. "જ્ઞપ્તિ" "પ્ર" ઉપસર્ગ લાગવાથી "પ્રજ્ઞપ્તિ" બનીને સાચા અર્થમાં "પ્રમિતિ" બની છે.

ટૂંકમાં અમારે કહેવાનો આશય એટલો જ છે કે વિશેષ પ્રકાર, જોરદાર પ્રવાહ જે શાસ્ત્રમાં વહી રહ્યો છે અને જેના કારણે "જ્ઞપ્તિ"ના હજારો દ્વાર ખુલી જાય છે, તે છે– "વિવાહ પ્રજ્ઞપ્તિ". તેને લગ્નના અર્થમાં લેવા ધારો તો "આત્માનું પરમાત્મા સાથે મિલન" અર્થાત્ લગ્ન થઈ જાય છે. જીવ પરમાત્મા સાથે સંલગ્ન થઈ જાય છે તે છે "વિવાહ પ્રજ્ઞપ્તિ."

**નિરાળી શૈલી :–** સામાન્યરૂપે જે પ્રશ્નો પૂછાય છે; તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળને લગતા સ્થૂલ પ્રશ્નો હોય છે અને તેના ઉત્તર પણ સામાન્ય ભાવે આપવામાં આવે છે. જેમ કે કોઈ પૂછે– "જીવના પ્રકાર કેટલા ?" ઉત્તર મળે કે– બે, ચાર, છ ઈત્યાદિ; સિદ્ધ અને સંસારી એ બે; નારકી, તિર્યંચ, દેવ, મનુષ્ય, એ ચાર; પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસ એ છ ભેદ; ઈત્યાદિ. આ છે– પદાર્થોનો સામાન્ય પ્રકાશ, પરંતુ આ પ્રશ્નો જ્યારે વિશિષ્ટ શૈલીનો અથવા નિરાળી શૈલીનો સ્પર્શ કરે ત્યારે ગંભીર બની વિશિષ્ટરૂપે પદાર્થનો ઘટસ્ફોટ કરે છે અને આ ઘટસ્ફોટ કરવા માટે જ્યાં-જ્યાં ગૌતમ સ્વામી પૂછે છે– **से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?...** ભગવાનના ઉત્તર ઉપર આ નિરાળો પ્રશ્ન કરવામાં આવે છે. સાચુ પૂછો તો આ પ્રશ્નમાં ઉત્તરની પરીક્ષા, તુલના, સમીક્ષા અને સંતુલન કરવામાં આવે છે, જેમાં કાર્ય-કારણનો ઊંડો સંબંધ પ્રકાશિત થાય છે.

અત્યારે ચતુર્થભાગ પ્રકાશનની કિનારી ઉપર પહોંચ્યો છે, જેથી તે બાબતનો

ઉલ્લેખ કરશું. આ ચતુર્થ ભાગમાં ૧૩, ૧૪, ૧૫, ૧૬ ઈત્યાદિ ૨૩ સુધીના શતકોને આવરી લેવામાં આવ્યા છે. તે શતકને અમોએ દષ્ટિગત રાખ્યા છે. ''વિવાહ પ્રજ્ઞપ્તિ''ના લગભગ ઘણા શતકમાં ''પરમાણુવાદ''ની સૂક્ષ્મ પ્રભાનો પ્રતિબોધ થાય છે.

હવે આપણે અહીં જૈન તત્ત્વજ્ઞાનના ''પરમાણુવાદ'' પર દષ્ટિપાત કરીએ ૧૪મા શતકમાં ગૌતમ સ્વામી પૂછે છે કે– હે પ્રભુ ! ઉન્માદ કોને કહેવાય ? અને તે કેટલા પ્રકારનો છે ? ઉન્માદની ચર્ચા કરતા શાસ્ત્રકાર ફરમાવે છે કે– આ ઉન્માદ કર્મના ઉદયવાળો હોય છે અને દેવકૃત પણ હોય છે. દેવકૃત ઉન્માદના બે પ્રકાર બતાવી એક ઘણો જ મહત્ત્વપૂર્ણ ખુલાસો ભગવંતે પ્રકાશ્યો છે. આ પ્રકરણમાં કહેવામાં આવ્યું છે કે– કોઈ દેવ અશુભ પુદ્‌ગલો અર્થાત્ સૂક્ષ્મ પરમાણુનો પિંડ કોઈ વ્યક્તિ ઉપર ફેંકે અથવા તે પરમાણુના સૂક્ષ્મ પિંડોથી કોઈને પ્રભાવિત કરે ત્યારે તે વ્યક્તિમાં ઉન્માદ થાય છે અર્થાત્ વિકારી વિલાસ થાય છે. આ જ રીતે શુભ સૂક્ષ્મ પરમાણુનો જથ્થો કોઈ વ્યક્તિને પ્રભાવિત કરે તો તે દેવાધિષ્ઠિત જેવી ચેષ્ટા કરી શકે છે. આથી સ્પષ્ટ થયું કે જે વ્યક્તિઓ આવા પ્રભાવવાળા જોવામાં આવે છે, તેમાં ભૂત, પ્રેત કે દેવતા નિશ્ચિતરૂપે હોય જ છે, તેવું નથી પરંતુ તે બહુધા દેવ દ્વારા પ્રક્ષિપ્ત સૂક્ષ્મ પરમાણુઓના પ્રભાવની ગતિ વિધિ હોય છે.

અત્યારે સાધારણ સમાજમાં કોઈને વળગાડ થાય, ભૂતપ્રેતનો પ્રભાવ થાય અથવા કોઈ દેવ શરીરમાં અધિષ્ઠિત થાય ત્યારે તે વ્યક્તિ પોતાનું સ્વરૂપ ભૂલીને દેવ તરીકે વાત કરે છે અથવા ભૂતથી પ્રભાવિત હોય તેવી ચેષ્ટા કરે છે.

અમે આ એક નાનું દષ્ટાંત આપ્યું છે. આગળના બધા શતકમાં આવા હજારો દષ્ટાંતો ફેલાયેલા છે. તે ભિન્ન-ભિન્ન પ્રકારે હજારો વ્યક્તિગત કે સામાજીક પ્રશ્નોની ગ્રંથીઓને સુલઝાવે છે.

સ્વયં સંપાદક મંડળ આ બધા પ્રશ્નોનું સામાન્ય ભાષાન્તર કરશે, પરંતુ તેના મર્મભાવોને પ્રકાશિત કરવા માટે એક સંપૂર્ણ વિશાળ ભાષ્ય તૈયાર કરવું પડે તેમ છે. અહીં તો અમે ''આમુખ'' રૂપે બે-ચાર વાતોનો ઉલ્લેખ કર્યો છે.

પંદરમા શતકમાં ગોશાળાની જીવન કથાને આધારે સાક્ષાત્ દેવાધિદેવ ભગવાન મહાવીર સ્વામીએ પોતાનો સ્વયં ઉલ્લેખ કરીને, પોતાને જ કથાનું મુખ્ય પાત્ર બનાવી, જે રીતે સંવાદ પ્રકાશિત કર્યો છે, તે એક અણમોલ ઐતિહાસિક સત્ય છે. આ આખુ કથાનક ધર્મની સાથે-સાથે કેટલીક નીતિ કહો કે રાજનીતિ કહો, તે પ્રશ્નોને પણ ઉજાગર કરે છે.

કટોકટીના સમયે કેમ વર્તવું, સંઘની કેમ રક્ષા કરવી, પ્રતિવાદી અથવા વિદ્વેષી

અથવા સંઘનો નાશ ઈચ્છતા કોઈ શક્તિશાળી પ્રતિગામી વ્યક્તિને કેમ ઠંડો પાડવો અને તેની શક્તિ ખારીજ઼ થયા પછી તેના ઉપર વળતું આક્રમણ ક્યારે કરવું, આવા અનેક પ્રશ્નોનું "હુબહુ" ચિત્ર ગોશાલકની કથામાં છે.

ગોશાલક જ્યારે પુરજોશમાં ચડી આવ્યો ત્યારે સોળ દેશોને એક સાથે બાળીને ભસ્મ કરે, તેવી સંહારક શક્તિ તેમની પાસે હતી પરંતુ તે વખતે ભગવાને સમસ્ત સંઘને શાંત રહેવા માટે આજ્ઞા આપી અને તેના વિશે કે તેના મત વિશે કશું પણ ન બોલવા માટે ફરમાન કર્યું.

ગોશાળાએ છેવટે એક વ્યક્તિને લક્ષ રાખી પ્રહાર કર્યો, એક મુનિ ભસ્મ થઈ ગયા અને તેની શક્તિ ચાર આના ઓછી થઈ ગઈ. બીજા મુનિ ઉપર પ્રહાર કર્યો. તે મુનિને ખમત ખામણા કરવાનો અને પ્રત્યાખ્યાન કરવાનો અવકાશ રહ્યો અને ત્યાર પછી તે મુનિ પણ દેવગતિ પામ્યા. ત્યારબાદ ભગવાને સ્વયં પોતાના ઉપર પ્રહાર થવા દેવા માટે અવકાશ આપ્યો. તેઓ અરિહંત હોવાથી આ શક્તિ અરિહંતનું કશું બગાડી શકે તેમ ન હતી. ગોશાળાએ ભગવાન ઉપર પ્રહાર કર્યો અને બાકીની તેની બધી શક્તિ નામ શેષ થઈ ગઈ અને તેનાથી વિપરીત તે જ અવશેષ શક્તિ તેને જ બાળવા માટે તૈયાર થઈ.

આ વખતે ભગવાને ફરમાવ્યું કે હવે ગોશાળો શક્તિહીન, રાખના ઢગલા જેવો થઈ ગયો છે. માટે હે સંતો ! હવે વિધિવત્ અહિંસક ભાવે તેમના મત ઉપર અને મતવાદીઓ ઉપર તમે જ્ઞાનાત્મક આક્રમણ કરો.

ખરેખર તેમ જ થયું. આજીવક મતને માનનારા ઘણા ઉપાસકોએ ગોશાલકને નિરુત્તર થતાં જોયો અને તે ત્યાંથી છૂટીને પ્રભુના શરણે આવ્યા, સમ્યગ્દષ્ટિ બની ગયા.

આખુ કથાનક ઘણું જ રસમય છે. સાથે-સાથે પ્રભુની ઉદારતાના અને ગુણ-ગ્રાહિતાના ડગલે-પગલે દર્શન થાય છે. આખો શ્રમણસંઘ કેવી વિકટ સ્થિતિમાંથી પાર થયો, તેનું જ્વલંત ઉદાહરણ ૧૫મા શતકમાં છે.

આ જ રીતે આગળના શતકમાં અગ્નિકાય વિશે ચર્ચા કરતા વાયુકાયનો કેવો આઘાત-પ્રત્યાઘાત થાય છે તેનો ઉલ્લેખ કર્યો છે. આજે જૈન સાધુઓએ ઈલેક્ટ્રીક સીટી અગ્નિકાય છે કે નહીં ? તે પ્રશ્નને ભંભેરીને સમાજમાં મોટો, ખોટો વિવાદ ઊભો કર્યો છે.

વસ્તુતઃ ઈલેક્ટ્રીક સીટી બાબત નિર્ણય આપવાનો સામાન્ય બુદ્ધિવાળા જીવોને અધિકાર નથી. ઘણો કેવળી ગમ્ય પ્રશ્ન છે. સાચુ પૂછો તો ઈલેક્ટ્રીક સીટી કે એવા બીજા કોઈ તત્ત્વો "અગ્નિ છે કે નહિ ?" એ વાત એટલી મહત્ત્વપૂર્ણ નથી. જૈન આચાર તો

અહિંસાને મહત્ત્વપૂર્ણ માને છે. પદાર્થ સચેત હોય કે અચેત હોય તેથી શું ? અચેત કે સચેત હિંસાનું નિમિત્ત બને તો ત્યાજ્ય છે. છતાં પણ અહીં અગ્નિકાયની ચર્ચામાં વાયુકાયનો ઉલ્લેખ કરીને સ્વયં શાસ્ત્રકારે "વાયુકાય વિના અગ્નિ ઉદ્‌ભવી શકતી નથી." એવો સચોટ નિર્ણય આપ્યો છે અર્થાત્ 'વાયુ વિના અગ્નિનું જીવન સંભવ નથી.' અહીં તો અમે ઉલ્લેખ માત્ર જ કર્યો છે. વર્તમાન વિવાદમાં આ પ્રશ્નને જોડવાથી ખાસ અંતર પડશે નહિ. વિવાદ તો ત્યારે જ શાંત થાય કે અહિંસાને મહત્ત્વ આપી શકાય. અસ્તુ...

આગળ ચાલીને શાસ્ત્રકાર સ્વયં હિંસાના પ્રયોગ વખતે 'હિંસા કરનાર વ્યક્તિ સિવાય બીજા કયા-કયા જીવો પાંચે ક્રિયાના અધિકારી બને છે.' તેનો અત્યંત અદ્‌ભુત અને સૂક્ષ્મ ઉલ્લેખ કરીને જૈન તત્ત્વજ્ઞાનની ત્રિકાળ સ્પર્શી હિંસક ભાવનાઓનો ઘટસ્ફોટ કરી, એક આશ્ચર્યજનક સત્ય પ્રગટ કર્યું છે. આપણે તેના ઉપર થોડું સૂક્ષ્મ વિવેચન કરશું. બાકી મનની અંદર રમણ કરતા અનેક અનેક કથ્ય ભાવોને આ ટૂંકા "આમુખ"માં કહી શકાય નહીં.

સાધારણપણે માણસો એમ માને છે કે– જીવના વર્તમાન કાળે જેવા જેવા પરિણામ હોય, તે પ્રમાણે ક્રિયા કે કર્મબંધ થાય છે. આ માન્યતાને અનુસરી 'પરિણામે બંધ, પરિણામે મુક્તિ' એવું સૂત્ર વિકાસ પામ્યું છે. આ સિદ્ધાંત પ્રમાણે જીવનો વર્તમાન કાળ જ કાર્યકારી બને છે. લગભગ જીવના વર્તમાન પરિણામોને જ આશ્રવના કારણ માનવામાં આવે છે પરંતુ જૈન શાસ્ત્રોના અધ્યયન પછી એ સત્ય સમજાય છે કે– ભૂતકાળના જે કાંઈ નિમિત્તો, નિષ્પત્તિ કે ઉદય નિષ્પન્ન ભાવો, દ્રવ્ય પદાર્થો અથવા દ્રવ્ય શરીરના જે કાંઈ પુદ્‌ગલ પિંડોને જીવે છોડી દીધા છે તે અથવા તે છોડેલા પુદ્‌ગલ પિંડોમાંથી આવિષ્કાર પામેલા બીજા સ્થૂલ દ્રવ્યો; આ બધા જ નિમિત્તો, લાખો-હજારો વર્ષ પછી પણ, જીવ ગમે તે પરિસ્થિતિમાં હોય, તેને માટે કર્મબંધનું કારણ બને છે.

જૈન દર્શનની આ અતિગૂઢ અને સૂક્ષ્મ સૈદ્ધાન્તિક ચર્ચા છે, એટલે જ ભગવંત દેવાધિદેવ શ્રી ભગવતી સૂત્રના આ શતકમાં પ્રશ્ન પૂછીને ઉત્તર આપે છે કે– હે ગૌતમ! પાપ કરનારો પુરુષ જે કાંઈ સાધનો વાપરે છે અથવા તેમાં જે સાધન વપરાય છે, તે સાધનો એકેન્દ્રિય આદિથી લઈને સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના કોઈ પણ જીવના પ્રયાસથી કે તેના દેહાદિથી કે કોઈ પણ યોગથી તે સાધનો નિર્માણ પામ્યા હોય તો તે તે જીવોને પણ પાંચે ક્રિયાઓનો અનુબંધ થાય છે. શાસ્ત્રમાં આ પ્રમાણે ઉલ્લેખ છે કે– **जेसिं पि णं जीवाणं सरीरेहिंतो अयो निव्वत्तिए, संडासए निव्वत्तिए, चम्मेट्ठे निव्वत्तिए, मुट्ठिए निव्वत्तिए, अधिकरणी निव्वत्तिया, अधिकरणी खोडी निव्वत्तिया,**

**उदगदोणी निव्वत्तिया, अधिकरणसाला निव्वत्तिया, ते वि णं जीवा काइयाए** *जाव* **पंचहिं किरियाहिं पुट्ठा । અર્થ :–** વળી જે જીવોના શરીરથી લોઢુ બન્યું છે, સાણસો બન્યો છે, ચર્મેષ્ટક– ઘણ બન્યો છે, નાનો હથોડો બન્યો છે, એરણ બની છે, એરણ ખોડવાનું લાકડુ બન્યું છે, ગરમ લોઢાને ઠારવાની પાણીની દ્રોણી-કુંડી બની છે અને અધિકરણશાલા– લુહારની કોડ બની છે, તે જીવોને પણ કાયિકી ***યાવત્*** પાંચ ક્રિયાઓ લાગે છે.

આ પેરેગ્રાફથી એ સ્પષ્ટ થાય છે કે– જૈન દર્શનનો કર્મબંધનો અનુબંધ એકદેશીય નથી, સાર્વભૌમ છે. ફક્ત વર્તમાનકાલીન નથી, ત્રૈકાલિક છે. ભૂતકાળના પરિણામો, વર્તમાનકાળના પરિણામો અને ભવિષ્યમાં કાંઈ કરી રાખવાના આરંભ સમારંભના ભાવો એ બધા નિરંતર પાપક્રિયાના કારણ બન્યા કરે છે.

સાથે-સાથે મહત્ત્વપૂર્ણ સિદ્ધાન્ત એ નીકળી આવ્યો કે– ફક્ત એક વ્યક્તિ જ પાપનું કારણ બને છે તેવું નથી, પરંતુ તેમાં સહયોગી બનનારા, સાધનો પૂરા પાડનારા અને જે જીવોના કારણે સાધનો નિષ્પન્ન થયા છે તે બધા જીવો આ ક્રિયાઓમાં જોડાયેલા છે. ભલે, તેનો અનુપાત વત્તે-ઓછે અંશે હોય ! પરંતુ પાપ કરનાર સિવાયના બીજા જીવો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેમાં જોડાયેલા હોય તો તેઓ તે જવાબદારીમાંથી મુક્ત રહી શકતા નથી.

આપણે અહીં એક ઉદાહરણ લઈએ કોઈ એક માણસે વીસ વરસની નાની ઉંમરે કોઈની હત્યા કરી અને હત્યા કરવા માટે કોઈ બીજી વ્યક્તિએ તેમને તલવાર ઈત્યાદિ સાધન પુરા પાડયા. એ પાપ કર્યા પછી તે સરકારની નજરમાંથી છટકી ગયો. પરંતુ અજ્ઞાત વ્યક્તિના નામે તેના ઉપર કેસ ચાલુ છે. તે વ્યક્તિ ૬૦ વરસનો થયો, મોટો માનધાતા થયો, ઉદ્યોગપતિ થયો, ચારે તરફ કીર્તિ ફેલાવી, પેલું હત્યાનું પાપ ઢંકાયેલું રહ્યું પરંતુ ચાલીસ વરસ પછી શોધને અંતે આ માણસ પકડાયો, અત્યારે વર્તમાન- કાળે ઘણા સારા પરિણામ ધરાવે છે પરંતુ ભૂતકાળના કર્મને આધારે તે દંડિત થઈ શકે છે, તેને આજીવનની સજા પણ થઈ શકે છે.

અહીં જેમ માણસ પોતે ગુનેગાર છે તેમ તલવાર આદિ હથિયાર આપનાર વ્યક્તિ પણ ગુનાની સજાથી બચી શકતો નથી; આપણે આ ઘણું સ્થૂલ દષ્ટાંત આપ્યું છે. જ્યારે જૈન દર્શન અતિ સૂક્ષ્મ વિચાર કરી, જન્મ જન્માન્તરોમાં જીવે જે શરીરો છોડયા છે કે આરંભ સમારંભના સાધનો ઊભા કર્યા છે; તે બધા સાધનોના આધારે અને ભૂતકાળના કર્મોને આધારે, વર્તમાનકાળમાં પણ તેમને ક્રિયા લાગતી રહે છે.

અહીં એ સ્પષ્ટ થયું કે– વ્યક્તિવાદ કે વર્તમનકાળ પૂરતું જીવનું જે કાંઈ

ગતિગમન છે, તે મર્યાદિત નથી પરંતુ સમષ્ટિવાદ તરીકે અને ત્રૈકાલિક રીતે ક્રિયાતંત્ર ઘણા જીવોને પ્રભાવિત કરે છે. સામાન્યપણે આપણે ત્યાં ''રાવિ'' શબ્દનો પ્રયોગ થાય છે અર્થાત્ અવ્રતીજીવને, વિધિવત્ પચ્ચખાણ ન કરે ત્યાં સુધી ઘણા કાળની અને ઘણા ક્ષેત્રની 'રાવિ' આવ્યા કરે છે.

જે લોકો અત્યારે વ્યક્તિવાદનો ઉપદેશ આપે છે અને 'તું- તારું કરી લે, વર્તમાન-કાળે તારા પરિણામો શુદ્ધ થાય તો ભૂતકાળ સાથે કશી લેવા દેવા નથી.' આમ કહેવું તે એકાંતવાદ અને શાસ્ત્ર સંગત ન્યાયથી વિપરીત ભાવ ભરેલું છે અમુક અપેક્ષાઓને છોડીને અને અમુક ગુણસ્થાનની શ્રેણીઓને પાર કર્યા પહેલા જીવ સંશકત છે અને સંશક્તિના આધારે પોતાના આરંભ સમારંભની બધી ક્રિયાઓનો જવાબદાર છે. પાપનું કારખાનું ખોલીને, માળા લઈ એકાંતમાં જપ કરે અને તેના વર્તમાન પરિણામો ઠીક હોય તો પણ આરંભ સમારંભના કારખાનાની 'રાવિ'થી તે મુક્ત રહી શકતો નથી.

બહુ જ થોડામાં આ ક્રિયાવાદનો ઉલ્લેખ કરી, સંક્ષેપમાં શાસ્ત્રકારનું મંતવ્ય પ્રગટ કર્યું છે. આવા તો હજારો પ્રશ્નોત્તર મહત્ત્વપૂર્ણ ચર્ચા ધરાવે તેવા ''માણેક મોતી'' ભગવતી રૂપી સાગરમાં પથરાયેલા પડ્યા છે. ભગવતી સાગરનો વિશાળ જલરાશિ જોતાં આપણી બુદ્ધિ તો એક બિંદુ માત્ર છે કે કેમ ? તે પણ શંકા થાય છે. છતાં આ બિંદુના આધારે શાસ્ત્રના જે રહસ્યો છે, તેમાંથી યત્કિંચિત્ સમજાવવા પ્રયાસ કર્યો છે. તેમાં કશું પણ અનૌચિત્ય હોય તો તે ક્ષમ્ય તો છે જ. પરંતુ કોઈ પણ પાઠક સમય પર ઈંગિત કરી પણ શકે છે. અસ્તુ....

આ 'આમુખ' સમાપ્ત કરતાં પહેલા જે આરાધક ત્યાગીવૃંદ, શ્રી ભગવતી સૂત્ર જેવા વિરાટ શાસ્ત્રના પ્રકાશનમાં સંયુક્ત બનીને, રાત દિવસ સ્વાધ્યાયરૂપ જ્ઞાનાત્મક તપનું આચરણ કરી, સંપાદનને બેજોડ બનાવવાના મનોરથ સેવી ભગીરથ પુરુષાર્થ કરી રહ્યા છે; તેમને શત્-શત્ અભિનંદન આપતાં પ્રમોદ ભાવના રોમ-રોમ સ્પર્શી જાય છે. અમારા જેવા દૂર બેઠેલા એકાંત ચિંતકને પ્રેરણા આપી, લેખના ઉલ્લેખ માટે અભિભાવ વ્યક્ત કરે છે અને અહીં બિરાજતા સુવ્રતા શ્રી દર્શનાજી સુંદર રીતે લેખોની પ્રેસ કોપી તૈયાર કરી મોકલવા માટે પ્રયાસ કરે છે, તે અમારા માટે ઘણો જ ગૌરવનો વિષય છે. તે સૌ અનુપ્રેક્ષાના અધિકારી બને છે.

બસ ! આખું શાસ્ત્ર દિવ્યરૂપ હોવાથી સાક્ષાત્ ભગવતીરૂપે પ્રગટ થયું છે. નમો– નમઃ – આવા મહાન શાસ્ત્રના પ્રણેતાઓને વારંવાર કોટિ-કોટિ પ્રણામ....

**જયંતમુનિ**
**પેટરબાર**

# સંપાદકીય

અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની
બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

**કાપોત નીલ કૃષ્ણ લેશી વાસના દોષ વિલાસી જીવ નરકાદિ ગતિમાં જાય,**
**તેજો પદ્મ શુકલ લેશી ઉપાસના ગુણવાસી જીવ સુર-નર ગતિમાં જાય,**
**મોક્ષાભિલાષી પરમપ્રાણ પ્યાસી ભગવતીભાખે લેશ્યાતીત બની જાય,**
**આગમ અન્વેષી ગુરુકૃપા દિલવસી તેની સર્વ સમસ્યા સમાપ્ત થઈ જાય.**

પ્રિય જિજ્ઞાસુ પાઠક ગણ !

આજે તમારી સમક્ષ પરિણામ વિશોધક, શુભધારા સંશોધક, અશુભધારા રોધક, કર્મવિદારક, મોહમારક તૃષ્ણા નિવારક, સંશયહારક, સમાધાનકારક, તૃપ્તિકારક, રત્નત્રયધારક **શતક તેરથી ત્રેવીસ સુધી**ના ખંડમા રહેલા પ્રજ્ઞાપરાગના રસથી તરબતર ફોરમ ફેલાવતા વિવિધ આકારની પાંખડીવાળા ૨૭૨ ફૂલડાંઓની ચંગેરી(ફૂલછાબ) સમુ, આત્માના ભગવદ્ સ્વરૂપને પ્રગટ કરે તેવું, શ્રી ભગવતીજી સૂત્રના ચોથા ભાગ રૂપે પ્રગટ થાય છે. તે પુષ્પોની પરાગ જૈનશાસન પામેલા મુમુક્ષુઓ માટે એવં સર્વ જીવો માટે તુષ્ટિ-પુષ્ટિ-કલ્યાણકારક બની રહો, તેવી વીર્યોલ્લાસ સહિત ભાવ સભર મંગલમય શુભ કામના

પ્રિય બંધુઓ !

આપણે સહુ જાણીએ છીએ કે કર્મ ચેતનધારાના બે કુમારો વિભાવ વૃત્તિમાંથી પ્રગટ થયેલા છે.તેઓના નામ છે વિષયાનંદકુમાર અને કષાયાનંદકુમાર. હવે તેઓ સમકિત સહિત, બારવ્રતધારી, અગિયાર પ્રતિમાનું વહન કરતા, એકવીસ ગુણોના ગુણાલયમાં કેલી કરતા ચિદાનંદકુમાર બનવાનો ધરખમ પ્રયત્ન કરી રહ્યા છે.

તેઓ પ્રયોગશાળામાંથી પ્રયોગ શીખીને, જાણીને, આદરણીય પ્રયોગને આચરણમાં મૂકે છે, ત્યાગ કરવા યોગ્ય પ્રયોગોને છોડી દે છે. આ રીતે સાંતતા દેવીના સંતાન સાંતતા દેવીના ચરણોમાં નમી પ્રયોગ- શાળામાં નિશદિન પહોંચી જાય છે. શિષ્ટાચારપૂર્વક નમણા નેત્રોને નમાવી, પંચાંગ પ્રણિપાત કરી, મધુરાવેણ બોલી ભગવતી મૈયાને વિનંતી કરતા કહે છે, બાર શતક ખંડના પ્રયોગ જાણ્યા. હવે જલદી તેરમા ખંડના પ્રયોગ દર્શાવો.

## શતક–૧૩

**[ભગવતીમૈયા]** કુમારો ! આ તેરમા ખંડના પ્રયોગ રૂપી દસ ફૂલ છે. તેમાં **પ્રથમ** પ્રયોગમાં ગુરુ ગૌતમ- સ્વામીએ ભગવાન પાસે લેશ્યાથી લઈને અનાકાર ઉપયોગ સુધીના ૩૯ પ્રશ્નો રાખ્યા હતા. તેના ઉત્તર ભગવાને વિવિધ વિજ્ઞાનયુક્ત વિસ્તારથી વિશ્લેષણ કરીને દર્શાવ્યા છે. કુમારો ! આપણા શરીરમાં વ્યાપેલો આત્મા તો ધ્રુવ, અસંખ્યાત પ્રદેશરૂપ આત્મકાયમાં જ રહેલો છે. તેમાંથી ઊઠતી સ્વતંત્ર પર્યાય, **કર્મથી રંજિત થયેલી વિભાવભાવમાં જોડાઈ નવી કાર્મણ**

**વર્ગણાઓને કર્મરૂપે જોડવા અધ્યવસાયના દ્રાવણરૂપ ગમ ઉત્પન્ન કરે છે. જે જૈનદર્શનની પરિભાષામાં લેશ્યા કહેવાય છે.** જેવા ભાવોની સંજ્ઞા થાય, તેવા પરમાણુ પુદ્‌ગલ બનીને આવે છે. આત્મામાં ઊઠતા ભાવો અરૂપી છે, તે ભાવ લેશ્યા છે. તેના દ્વારા ખેંચાઈને આવતી પુદ્‌ગલ વર્ગણાઓ તેવા કલરની બનીને સંયોજિત થાય છે, તેને દ્રવ્યલેશ્યા કહે છે. તેના દ્વારા કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો આત્મા સાથે બંધ પામતાં આડત્રીસ વસ્તુઓ સર્જાય છે.

સાત નરકના ૮૪ લાખ નરકાવાસોમાં એક સમયમાં એક, બે, ત્રણ થી લઈને સંખ્યાત અસંખ્યાત, સ્વ સ્થાનને યોગ્ય કાપોત, નીલ, કૃષ્ણલેશી નારકી જીવો ઉત્પન્ન થાય છે. આ રીતે નારકીના આકારનું ફૂલ વિવિધ પ્રકારનો પરાગ લઈને પાંખડીઓ ઉત્પન્ન કરે છે. તે પાંખડીનું વર્ણન ઊંડાણ ભર્યું છે. ત્યાંથી ઉદ્‌વર્તન અને સ્થિત સ્થાન, નારકીના અધ્યવસાય રૂપ જગત જાણી લેવા જેવું છે. **બીજો પ્રયોગ** દેવગતિનો છે. દેવો ચાર પ્રકારના હોય છે. તેમાં ભવનપતિદેવોને ઉત્પન્ન થવાના સાત કરોડ બહોંતેર લાખ ભવનો હોય છે. તેમાં ઉત્પન્ન થાય ત્યારે એક સમયમાં એક, બે, ત્રણથી લઈને સંખ્યાત-અસંખ્યાત જીવો દેવરૂપે ઉત્પન્ન થાય છે. તેમાં તેજો લેશ્યા સહિત ચાર લેશ્યા હોય છે. દેવોની કાપોતાદિ લેશ્યા નારકીની જેવી મલિન હોતી નથી. તે પુષ્પની પરાગ ઈષ્ટ, સારી હોય છે. વાણવ્યંતર દેવોને ઉત્પન્ન થવાના નગર હોય છે, તેની સંખ્યા અસંખ્યાત લાખની છે. જ્યોતીષી દેવોને ઉત્પન્ન થવાના વિમાનો અસંખ્યાત લાખ હોય છે. તેમાં ઉત્પન્ન થનાર જીવો માત્ર તેજો લેશ્યાવાળા હોય છે.

વૈમાનિક દેવોના વિમાનોની સંખ્યા ૮૪,૯૭,૦૨૩ છે. તેમાં ઉત્પન્ન થનારા જીવોની શુભ લેશ્યા ત્રણ પ્રકારની હોય છે. જેમાં જે લાભે તે પ્રમાણે કુમારો ! તમારે સ્મૃતિમાં રાખવું. તેઓની વિશેષતા એ હોય છે કે દેવ બનનાર જીવો નપુંસક વેદી હોતા નથી અને બે દેવલોક પર્યંત જ સ્ત્રીવેદી હોય છે, ત્રીજા દેવલોકથી ઉપર માત્ર પુરુષ વેદ જ હોય છે. દેવો જેવી રીતે ઉત્પન્ન થાય છે, તેવી રીતે તેઓનું ઉદ્‌વર્તન-ચ્યવન થાય છે. બે દેવલોક સુધીના દેવો એકેન્દ્રિયમાં જાય છે તેની વિશેષમાં નોંધ લેવી. **ત્રીજા પ્રયોગ**ની વાત અતિ સૂક્ષ્મ છે. નારકાદિ જીવો ઉત્પન્ન થાય ત્યારે કાર્મણ કાયયોગ દ્વારા જલદી સર્વાંગથી ઓજ આહાર ગ્રહણ કરે, શરીર તૈયાર કરે, ઈન્દ્રિયાદિ રૂપે પુદ્‌ગલોનું પરિણમન કરે અને ત્યાર પછી ઈન્દ્રિયો દ્વારા શબ્દાદિ વિષયોનો ઉપભોગ કરે છે.

કુમારો ! આપણે **ચોથા પ્રયોગ** માટે સાતે ય નરક પૃથ્વીના નરકાવાસોની સંખ્યા જાણી લીધી. સાતમી નરકમાં ફકત પાંચ નરકાવાસ છે. તે છઠ્ઠી નરકના નરકાવાસ કરતાં અત્યંત મોટા અતિ વિસ્તાર- વાળા છે. તેમાં અધિક જીવો નથી. છઠ્ઠી નરકમાં નારક જીવોનો પ્રવેશ ચાલુ છે, તેવો પ્રવેશ ત્યાં ચાલુ રહેતો નથી. ત્યાંના જીવો અત્યંત ભારે કર્મી હોય છે. તેની અવગાહના ૫૦૦ ધનુષ્યની હોય છે. તે જીવોના જ્ઞાનાવરણીયાદિ કર્મો વધારે ગાઢ બંધાયેલા હોય છે. તેઓ મહાક્રિયાવાન, મહાશ્રવી હોય છે. તેની અપેક્ષાએ છઠ્ઠી નરકના નારકી, તેના કરતા પાંચમી-ચોથી-ત્રીજી-બીજી-પહેલી નરકના નારકીઓ અલ્પ ક્રિયા, અલ્પ આશ્રવાદિવાળા હોય છે. ત્યાંનો સ્પર્શ કઠોર, ઉષ્ણાદિ હોય છે. ત્યાંની ચોપાસમાં ઉત્પન્ન થયેલા સ્થાવર જીવો પણ

મહાકર્મવાળા, મહાક્રિયાવાળા, મહાઆશ્રવવાળા, મહાવેદનાવાળા હોય છે. તેનો કુલ તેર દ્વારથી વિચાર કરવામાં આવ્યો છે. આ ચોથા પ્રયોગ રૂપ ફૂલનું વર્ણન સમજવા માટે તીવ્ર બુદ્ધિથી અભ્યાસ કરવો જોઈએ.

કુમારો ! **પાંચમો પ્રયોગ** આહાર સંબંધી છે. ચારે ય ગતિના જીવોને અલ્પ કે બહુ પ્રમાણમાં આહાર જોઈએ છે. કોઈ સચિત્ત કરે તો કોઈ અચિત્ત કરે કે મિશ્ર કરે. વિશેષ જાણવા પ્રજ્ઞાપના સૂત્રનું અઠ્યાવીસમું પદ ખોલીને વાંચી લેવું.

કુમારો ! આ **છઠ્ઠા પ્રયોગ**માં નારકીથી લઈને વૈમાનિક સુધીના સર્વ દંડકના જીવો સાંતર અને નિરંતર ઉત્પન્ન થાય છે. એક જીવ જે જગ્યાએ ઉત્પન્ન થઈ જાય છે, ત્યાર પછી બીજો જીવ ત્યાં જ ઉત્પન્ન થાય છે, તેવી રીતે નિરંતર સાંતર જન્મ–મરણ પણ કરે છે. જો કે અધ્યવસાયના અધ્યવસાનની વાતો અનેક છે, તેનું વિશેષ વર્ણન આપણે ગાંગેય અણગારના ભાંગાથી ભણી ગયા છીએ. તદુપરાંત અસુરકુમારના ચમરેન્દ્રની રાજધાનીનું વર્ણન તથા આવાસ ક્રીડા કરવાનું સ્થાન કેવું છે ? તેનું વર્ણન વાંચવા લાયક છે. ઉદાયન રાજાના અધિકારથી કુમારો ! તમારે એ જાણવાનું છે કે સારું કરવા જતાં પાત્ર ભેદની અપેક્ષાએ પુત્રને પિતા સાથે કેવું વેર બંધાય છે ? અને તે જીવન કેમ હારી જાય છે, તે ગંભીરતાથી વિચારવું.

કુમારો ! **સાતમા પ્રયોગ**માં આચાર-વિચાર, ઉચ્ચાર વિષયક વિજ્ઞાનનું વિશ્લેષણ કર્યું છે. આ પુદ્ગલ દ્રવ્યનું રસાયણ ત્રણ પ્રકારે શબ્દરૂપે, વિચારરૂપે, આચરણરૂપે જીવના પ્રયોગથી પ્રગટ થાય છે. તે રસાયણને પ્રભુની વાણીના માધ્યમથી માણજો.

આ પ્રયોગ દ્વારા કુમારોએ મરણના ભેદ–પ્રભેદ જાણ્યા ત્યારે તેઓ પંડિત મરણે મરવાની ભાવના કરવા લાગ્યા. ભગવતી મૈયા આ ભાવિત આત્માને કહે છે કે હે કુમારો ! આયુષ્ય કર્મની સ્થિતિના ક્ષયરૂપ મરણ હોય છે. આ કર્મને સમજાવવા જ **આઠમા પ્રયોગ**માં કર્મ સ્વરૂપની પ્રરૂપણા કરી છે. તે કર્મબંધ,પ્રકૃતિ, પ્રદેશ, અનુભાગ અને સ્થિતિબંધરૂપે બાંધવામાં આવે છે. તેને પ્રજ્ઞાપના સૂત્રના આધારે સમજવાનો પ્રયત્ન તમારે કરવો.

કુમારો ! **નવમો પ્રયોગ** સાધક દશામાં ઝુલતા ભાવિત આત્મા અણગારને પ્રાપ્ત થયેલી લબ્ધિ વિષેનો છે. લબ્ધિની પ્રાપ્તિ અપ્રમત દશામાં થાય છે પરંતુ લબ્ધિના પ્રયોગ સમયે પ્રમત્તદશા હોય છે. કુતૂહલ વૃત્તિવાળા સાધકને મોહનીય કર્મના ઉદયથી કેયાઘડિયાથી લઈને અનેક રૂપો બનાવી, ઊડવાની ભાવનાઓ, ઈચ્છાઓ થાય છે અને ઘણા રૂપો બનાવે છે. તે અણગાર આલોચના કરે તો જ આરાધક થાય છે, નહીં તો વિરાધક થાય છે. કુમારો ! લબ્ધિ પ્રાપ્ત થયા પછી જીરવવી મુશ્કેલ છે અને પ્રયોગમાં મૂકયા પછી પ્રાયશ્ચિત્ત કરવું મુશ્કેલ છે, પ્રાયશ્ચિત્ત કરનાર સાધકનો જ મહિમા જૈન શાસનમાં ગવાયો છે.

કુમારો ! **દસમો પ્રયોગ** સમુદ્ઘાત વિષેનો છે. કેવળી સમુદ્ઘાત સિવાય છ સમુદ્ઘાતનું વર્ણન અહીં છે. તેની વિશેષ સમજૂતી પ્રજ્ઞાપના સૂત્રથી જાણી લેવી. આ રીતે તેરમા શતકના દસ ફૂલનું વર્ણન થયું.

## શતક–૧૪

**[ભગવતીમૈયા]** કુમારો ! આ શતકમાં પ્રયોગરૂપી દસ ફૂલો છે, તે પૈકીના **પ્રથમ પ્રયોગ**માં ભગવાને ત્રણ વાત કરી છે. પ્રથમ વાત ભાવિતાત્મા અણગારના અધ્યવસાય પ્રથમ દેવલોકના ચરમાંતનું ઉલ્લંઘન કરી ગયા હોય અને પરમ(પછીના) દેવલોકને પ્રાપ્ત થયા ન હોય તેવા ભાવમાં અણગાર મૃત્યુ પામે તો જે પ્રકારની લેશ્યા વર્તતી હોય તેવા દેવોના સ્થાનમાં ઉત્પન્ન થાય છે.

બીજી વાત, ઉત્પન્ન થવાની ગતિ અતિ શીઘ્ર હોય છે. પુરુષની કોઈપણ ક્રિયામાં અસંખ્યાત સમય જાય છે જ્યારે જીવને ઉત્પન્ન થવાની ગતિ, એકથી લઈને ચાર સમયની હોય છે. તેવી જ રીતે નિર્ગતકાળ પણ સમજવો.

ત્રીજી વાત નારકીથી લઈને વૈમાનિક પર્યંતના જીવો અનંતર, પરંપર ઉત્પન્ન થાય છે, વિગ્રહગતિ સમાપન્નક અનંતર પરંપર અનિર્ગત હોય છે. આવી સૂક્ષ્મ વાતોનું ગહન તત્ત્વ સમજવા આ ઉદ્દેશકને તમારે આત્મસાત્ કરવો.

કુમારો ! **બીજા પ્રયોગ**માં ઉન્માદનું નિરૂપણ છે. ઉન્માદ બે પ્રકારનો હોય છે. એક યક્ષાવિષ્ટ અને બીજો ગાઢ મિથ્યાત્વમોહ કર્મના ઉદયજન્ય. તેના ભેદાનુભેદ જીવોમાં કેમ થાય છે, કોને કેવા પ્રકારનો ઉન્માદ હોય છે ? તે જાણવા જેવી બીના છે.

બીજું અરિહંત પરમાત્માના મહાપ્રસંગ ઉપર ઈન્દ્રાદિ દેવો આવે છે ત્યારે વિવિધ પ્રકારની વર્ષા વરસાવે છે, તે વર્ષાદિ પાંચ દિવ્યોનું સુંદર નિરૂપણ આ પ્રયોગમાં જાણવા જેવું છે.

કુમારો ! **ત્રીજો પ્રયોગ** કેળવણી વિષેનો છે. કેળવણી પામીને સંસ્કારી બની શકે તેવા દેવ, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવો હોય છે. તેમાં પણ સંસ્કારી અને માયા રહિત જીવો જ વિનયધર્મને અપનાવી શકે છે. તેવા વિનય સંપન્ન કોણ કોણ હોઈ શકે તેની હાર્દ ભરેલી, વિનોદપૂર્ણ ચર્ચા આ પ્રયોગમાં છે.

ભાવિતાત્મા અણગારની વચ્ચે ચાલનાર સુસંસ્કૃત મહર્દ્ધિકદેવ દસ પ્રકારના વિનયમાંથી શક્ય વિનયનો વ્યવહાર કર્યા પછી જ જાય છે અને અસંસ્કૃત મિથ્યાત્વી દેવ વિનય કર્યા વિના અણગારોની વચ્ચેથી ચાલ્યા જાય છે. વિનયના દસ પ્રકારમાંથી કોણ કેટલા પ્રકારનો વિનય કરે છે, તે વાતથી વાકેફ તમો થજો અને વિનયી બનજો.

કુમારો ! **ચોથો પ્રયોગ** પૌદ્ગલિક જગતનો છે. પુદ્ગલ દ્રવ્ય સામાન્યરૂપે અનંત ગુણાત્મક વર્ણ-ગંધ -રસ-સ્પર્શ યુક્ત તો હોય જ છે પરંતુ વિશેષ ભાવ પર્યાયરૂપે ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળની વિવિધ અવસ્થાને પ્રાપ્ત થાય છે. ભૂત, ભાવિકાળની અપેક્ષાએ તેની અનંતતા છે પરંતુ વર્તમાન કાલ એક સમયવર્તી હોય છે. તેથી એક સમયનું રૂક્ષ સ્પર્શવાળું પરમાણુ સ્નિગ્ધ સ્પર્શવાળું બને છે. સ્પર્શ પરિણામથી ચાર સ્પર્શવાળા પુદ્ગલો કાર્મણ વર્ગણા રૂપે પરિણમે છે અને તેના સંયોગે જીવ અને અજીવના દસ-દસ પ્રકારના પરિણામ બને છે. આ પરિણામ બન્ને એક સાથે પરિણમન પામતા હોવાથી તે જ કર્મ ચેતનધારાના અધ્યવસાય કહેવાય છે. આ રીતે જીવ શુદ્ધ છતાં સંસારી બની પરિભ્રમણ કરે છે.

કુમારો ! **પાંચમો પ્રયોગ** ગહન છે. જેમ વિજ્ઞાની લોકોએ વોટર પ્રુફ કાપડથી સિદ્ધ કરી દેખાડયું છે કે એક પણ પાણીનું બિન્દુ માનવને ભીંજવી શકતું નથી.તે તો સ્થૂલ પ્રયોગ છે પરંતુ કુદરતી પ્રયોગ વીતરાગ પરમાત્માએ કેવળજ્ઞાનથી જાણીને દર્શાવ્યો છે કે જીવ ઔદારિક શરીર છોડીને ગયા પછી તૈજસ કાર્મણ શરીર સાથે લઈને જાય છે અગ્નિકાયમાંથી પસાર થાય છે તો પણ તે શરીર બળતું નથી. તેમજ વૈક્રિય શરીરના પુદ્‌ગલ એટલા સૂક્ષ્મ અને શીઘ્રગતિવાળા છે કે તેને પણ અગ્નિ બાળી શકતી નથી. ફક્ત ઔદારિક શરીરવાળા જીવો બાદર અગ્નિકાયના ક્ષેત્રમાંથી પસાર થાય તો તેને બાળીને ભસ્મીભૂત કરી નાંખે છે. ક્ષેત્રગત પુદ્‌ગલોને જીવોએ કર્મ પ્રમાણે ઈષ્ટાનિષ્ટ રૂપે ભોગવવા પડે છે. એવં દેવોની ઉલ્લંઘન શક્તિ અને બહારના પુદ્‌ગલો લઈને રોધક તત્ત્વનું ઉલ્લંઘન કેવી રીતે કરે છે ? આ વાર્તાલાપ એકાગ્રચિત્તથી વાંચીએ છીએ ત્યારે જિનવાણી પ્રત્યે અહો અહો ભાવ જાગી ઊઠે છે.

કુમારો ! **છટ્ઠો પ્રયોગ** જીવોના આહાર વિષેનો છે. અપૂર્ણ આહારને વીચિપુદ્‌ગલાહાર કહે છે. પૂર્ણરૂપે કરે છે તેને અવીચિ દ્રવ્યાહાર કહે છે. જીવો જે ક્ષેત્રમાં શરીર ધારણ કરી ઉત્પન્ન થયા હોય તેને ટકાવી રાખવા પુદ્‌ગલો લેવા પડે છે. શીત અને ઉષ્ણ સ્પર્શવાળી નારકીની યોનિ છે. આયુષ્ય કર્મના કારણે નરકમાં તે જીવને રહેવું પડે છે અને નવા કર્મ બંધ દ્વારા જ્ઞાનાવરણીયાદિ કર્મરૂપે પુદ્‌ગલો એકઠા કરે છે. આ રીતે બધા જીવો માટે જાણવું, તદુપરાંત દેવો દિવ્ય પુદ્‌ગલને પ્રાપ્ત કરે છે. તેનાથી રચાયેલી ઈન્દ્રિયો તેના વડે ભોગવવા યોગ્ય ભોગોને ભોગવવા માટે કેવી દિવ્ય શય્યાની રચના કરે છે. તેનું દિવ્ય વર્ણન આ ઉદ્દેશક સ્વયં તમને બોધ કરાવશે.

ભગવતીમૈયા– કુમારો ! **સાતમો પ્રયોગ** ઋણાનુબંધ વિષેનો છે. ખુદ ભગવાન ગૌતમને ઉદ્દેશીને કહે છે **चिर संसिट्ठोसि मे गोयमा** ! હે ગૌતમ ! મારો તારો સંબંધ ચિરસમયનો પુરાણો છે મારા મોહનાકારણે તને મોક્ષ પ્રાપ્ત થતો નથી. મારી સમાન કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. પ્રભુ ખિન્ન થયેલા ગૌતમને આશ્વાસન આપતું સંબોધન કરે છે અને કહે છે. **गोयमा ! किं परं मरणा कायस्स भेया इओ चुया दो वि तुल्ला एगट्ठा अविसेसमणाणत्ता भविस्सामो**। મરણ બાદ શરીરના ત્યાગપૂર્વક આ પ્રત્યક્ષ મનુષ્ય ભવમાંથી ચ્યુત થયેલા આપણે બન્ને સમાન જીવદ્રવ્ય શુદ્ધ સ્વરૂપી બનીને, અનંત સુખવાળા સિદ્ધ ક્ષેત્રમાં સાથે રહેશું. ત્યાં મારું અને તારું દર્શન, જ્ઞાન સમાન થઈ જશે. આ વાત સાંભળી ગૌતમ ઈન્દ્રભૂતિ કેવા પુલકિત હૃદયવાળા બની ગયા હશે. હે કુમારો ! ગુરુ શિષ્યનો અખંડ પ્રેમમય રસપ્રદ સંવાદ, આપણને પણ રસતરબોળ કરી દે છે.

ગૌતમ સ્વામીએ પોતાનો પ્રભુ સાથે ચિર પરિચિત પુરાણો સંબંધ જાણ્યા પછી કાયાનો ભેદ કરવાના ઉત્કટાભિલાષી બનીને પ્રભુ પાસે, અણસણ આરાધક અણગાર ઉત્પન્ન થાય ત્યારે તેની આહાર લેવાની પદ્ધતિ આસક્તિ પૂર્વકની હોય, ત્યાંથી લઈને શૃંખલા બદ્ધ પ્રશ્નાવલિ પ્રસ્તુત કરી છે.

પ્રભુએ જવાબ આપ્યો કે હે ગૌતમ ! સંથારાના સાધક અણગાર સ્થૂલ શરીરના ત્યાગી

બની, આહાર સંજ્ઞાનો સમૂળગો નાશ કરવા સફળ પુરુષાર્થ ઉપાડી રહ્યા હોવા છતાંએ સૂક્ષ્મ કાર્મણ કાયમાં અનાદિના પડેલા સંજ્ઞાના સંસ્કારનો નાશ ન કરી શકવાના કારણે તેઓને નવો જન્મ ધારણ કરવો પડે છે, ત્યારે શરીરનું સર્જન કરવા આદતને આધીન થઈ તે આસક્તિ-મૂર્છા-ગૃદ્ધિપૂર્વક પ્રથમ સમયે આતુરતાથી આહાર ગ્રહણ કરે છે.

કુમારો! પ્રભુએ મર્માળા, સંદર્ભ ભરેલા આહાર સંબંધી તથા લવસત્તમ દેવના આયુષ્ય પૂર્ણ થવાના કારણ સંબંધી પ્રત્યુતર આપીને સમાધાન કર્યું છે. રાગદ્વેષના મૂળ બીજ બળે નહીં ત્યાં સુધી જન્મ ધારણ કરવાના ભાવો ચાલુ છે, તે વાંચી વિચારી તમે વિચક્ષણ બનજો.

કુમારો ! **આઠમા પ્રયોગ**માં લોકાલોકના અંતરનું પ્રમાણ, પ્રથમ નરક અને બીજી નરક વચ્ચે તથા સિધ્ધશિલા સુધીના સંપૂર્ણ લોકના આંતરાનું ગણિત દર્શાવ્યું છે. શાલિ આદિ વૃક્ષના જીવો મરીને કયાં ઉત્પન્ન થાય છે, તેના વિવિધ સમાચારો, અંબડપરિવ્રાજક, અવ્યાબાધદેવ, ઈન્દ્રની મસ્તક ઉતારવાની અને હતું તેમ કરી દેવાની હસ્તલાઘવતા, જૃંભકદેવનું અન્નને રસપ્રદ કે રસરહિત કરવાનું સામર્થ્ય, તમોને આ પ્રયોગમાં જાણવા મળશે.

કુમારો! **નવમા પ્રયોગ**માં ઘણા સૂક્ષ્મ તત્ત્વો છે જેમ કે ભાવિતાત્મા અણગાર પોતાની અરૂપીકર્મ લેશ્યાને(ભાવ લેશ્યાને) જોઈ શકતા નથી પરંતુ તે જ અણગાર કર્મ-લેશ્યાથી યુક્ત શરીર સહિત આત્માને જાણે છે. લેશ્યાના પુદ્‌ગલદ્રવ્ય રૂપી હોવા છતાં તેના અંશો(સ્પર્ધકો) સૂક્ષ્માતિસૂક્ષ્મ હોવાથી ચક્ષુઅગ્રાહય હોય છે. કર્મ લેશ્યાના પુદ્‌ગલો પ્રકાશિતાદિ ભાવવાળા હોય છે સૂર્યનો અર્થ છે શુભ. સૂર્ય ચંદ્ર, વગેરેમાંથી નીકળતા પુદ્‌ગલો પણ શુભ છે, પુદ્‌ગલોનો સંબંધ સર્વ સંસારી જીવોને હોય છે, તેઓ પુદ્‌ગલ ભોગવતા આત્રવેદના(સુખકારક) કે અનાત્ર વેદના(દુઃખ કારક) વેદના વેદે છે. વૈક્રિય શરીર અનેક હોય છે છતાં ભાષા એક હોય છે, એવં અણગારના સુખની દેવલોક સાથેની તુલના વગેરે વિષયોનું સુંદર વર્ણન આ ઉદ્દેશકમાં છે.

કુમારો ! કેવળી કેવળજ્ઞાન દ્વારા છદ્મસ્થને જાણે છે તેમજ સિદ્ધ ભગવાનને પણ જાણે છે, કારણ કે કેવળ જ્ઞાનનો વિષય સમસ્ત લોકાલોકને જાણવાનો છે. સિદ્ધ સિદ્ધને પણ જાણે છે અને કેવળીને તથા દરેક જીવાજીવને જાણે છે. સિદ્ધને બોલવાનું હોતું નથી. શરીરધારી કેવળી ભગવાનને કોઈ પ્રશ્ન પૂછે ત્યારે તેઓ જવાબ આપે છે અને પ્રશ્ન ન પૂછે તો પણ તેઓ બોલે છે તથા તેમને શરીર છે, તેથી આંખ ખોલ–બંધ કરે છે; હાથ-પગનું સંકોચન-પ્રસારણ, વિહારાદિ ક્રિયા કરે છે. તેનો વિસ્તાર આ **દસમા પ્રયોગ**થી તમારે સમજવો.

## શતક–૧૫

**[ભગવતીમૈયા]** કુમારો ! આ શતકમાં પ્રયોગરૂપ એકજ મોટું ફૂલ છે તેનો પરાગ વિચિત્ર પ્રકારનો છે. તેને બહુ મોટા કથાનુયોગથી ચરિતાર્થ કર્યો છે.

જ્ઞાની પરમાત્માની કરેલી આશાતના, જૂઠ-કપટ કરી પરમાત્મા ન હોવા છતાં પોતાને પરમાત્મા મનાવનારની ધમ્માચક્કડી તેનું હુબહુ વર્ણન પ્રભુ મહાવીરને શિષ્ય તરીકે મળેલા ગોશાલકના જીવન ચરિત્ર દ્વારા કરવામાં આવ્યું છે. તેમાં આશાતનાના સંસ્કાર ક્યાં સુધી ચાલે

છે તેનો ભાવિ ચિતાર પ્રભુએ આલેખ્યો છે. પ્રભુના શિષ્ય બની તેમની પાસેથી શિક્ષા પામી, વિદ્યા મેળવવાની કળા શિખી, પ્રભુની સામે જ શત્રુ બની અજમાવી, તેજોલબ્ધિ પ્રભુને પ્રદક્ષિણા કરી પાછી ફરી પ્રયોગ કરનારમાં જ પ્રવેશી ત્યારે કરુણાનિધાન ભગવાને એવો રહસ્યમય ઉપદેશ આપ્યો કે ગોશાલકને અંત સમયે સમ્યગ્ દર્શન થયું, પ્રાયશ્ચિત્ત કર્યું અને સચ્ચાઈમાં ઢળતાં જ દુર્ગતિમાંથી તેની સદ્ગતિ સરજાઈ ગઈ અને બારમા દેવલોકમાં સ્થાન પામ્યો.

કુમારો ! ભગવાન મહાવીર ઉપર છોડેલી તેજોલેશ્યાના યોગાનુયોગથી, આરોગ્યવાન શરીરમાં અઘાતિ કર્મના ઉદયે, છ મહિના બાદ મરડાની વ્યાધિ ઉત્પન્ન થઈ. તેનું ઔષધ સિંહાઅણગારના માધ્યમે થયું. તદાકાળે ભાગ્યવાન રેવતીએ પ્રભુ માટે કોળાપાક બનાવ્યો હતો અને બિજોરાપાક ઘરમાં તૈયાર હતો.

સાધુચર્યા અહિંસામય હોય છે. સાધુના નિમિતે બનેલો આહાર કલ્પાતીત પુરુષને પણ કલ્પતો નથી. સાધુના નામે થયેલી હિંસામાં સાધુને દોષનું કારણ દેખાય છે. તેથી નિર્દોષ એવા બિજોરાપાકના આહારથી પ્રભુએ આરોગ્ય પ્રાપ્ત કર્યું. પ્રભુ પ્રત્યે ગુણાનુરાગી સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર મુનિવરનું ભક્તિથી આપેલું યોગદાન કેવી આરાધના કરાવે છે, તેનું વર્ણન પણ સુંદર છે. હે કુમારો ! તમે વાચન કરશો ત્યારે તમારા રોમરાય કંપારી અનુભવશે અને આશાતનાથી તમને બચાવી લેશે.

## શતક–૧૬

**[ભગવતીમૈયા]** કુમારો ! આ શતકના પ્રયોગરૂપ ચૌદ ફૂલ છે. તેમાં **પ્રથમ પ્રયોગ**માં અધિકરણ અને અધિકરણી વિષેનું જ્ઞાન છે. જે સાધનો જે જીવોના શરીરથી બન્યા હોય અને તે જીવો અવિરતિપણે મૃત્યુ પામ્યા હોય તો અધિકરણીના રૂપમાં તેને પાંચે ય ક્રિયા લાગવાનો સંભવ છે. જે સાધનો જીવોને હણે તે અધિકરણ અને હણનાર અધિકરણી કહેવાય છે. તેનું અદ્ભુત રહસ્ય આ પ્રયોગમાં તમોને જાણવા મળશે.

જે કર્મ બંધાય છે તેનું વેદન સંસારમાં જન્મ-મરણથી કરવું પડે છે, તેથી આ **બીજા પ્રયોગ**માં જરા અને શોકનું વર્ણન કર્યું છે. જેને ફકત શરીર મળ્યું છે તે જરાનું વેદન કરે છે, જેને મન મળ્યું છે તે શોકનું વેદન કરે છે અને જેને બન્ને મળ્યાં છે તે જરા– શોક બન્નેનું વેદન કરે છે. કુમારો ! અહીં જરાનો અર્થ વૃદ્ધાવસ્થા નથી પરંતુ જરાનો અર્થ દુ:ખ છે. આ ઉદ્દેશકમાં અવગ્રહના પ્રકાર, દેવો સત્ય, સાવદ્ય કે નિરવદ્ય ભાષા બોલે, જીવ કર્મ બાંધે છે કે અજીવ બાંધે છે ? વગેરેનું વર્ણન પણ છે.

કુમારો ! **ત્રીજો પ્રયોગ** બે રીતે વિચારાયો છે– પહેલી વાત છે કે એક કર્મ પ્રકૃતિના બંધ સમયે સાત-આઠ કર્મ બંધાય છે. એક પ્રકૃતિના વેદન સમયે આઠ કર્મનું વેદન હોય છે. મોહનીયકર્મ નાશ થાય ત્યારે સાત કર્મનું વેદન, ચાર ઘાતી કર્મ નાશ પામે ત્યારે ચાર અઘાતિ કર્મનું વેદન હોય છે. કર્મ પ્રકૃતિના બંધ, વેદનની રોમાંચમય વાતો પ્રભુએ દર્શાવી છે. તે પ્રજ્ઞાપના સૂત્રમાંથી જાણવી.

બીજી વાત આ રીતે છે. કોઈ વૈદ્ય લોભ લાલચ વિના દયા ભાવથી પ્રેરાઈને ધ્યાન ધરતાં છઠ્ઠના પારણે છઠ્ઠ કરતાં સૂર્યની આતાપના લેતાં, કાયોત્સર્ગમાં લીન મુનિરાજના નાકમાં મસા જોઈને તેમને શાતા ઉત્પન્ન કરવા, તેને સૂવડાવી દે અને મસાનું ઓપરેશન કરે તો હે કુમારો ! તે વૈદ શાતાવેદનીય સહિતનું શુભ કર્મબાંધે છે અને મુનિરાજને ધ્યાનથી ચ્યુત થવું પડે છે, તેટલી વાર ફક્ત ધર્મમાં અંતરાય પડે છે. બાકી કોઈ બીજી ક્રિયા લાગતી નથી. તેવી રોચક વાત આ ઉદ્દેશકમાં છે. તેનું વાંચન તમે કરો.

કુમારો ! **ચોથા પ્રયોગ**માં નિત્ય રૂક્ષ-પ્રાંત ભોજી સર્વવિરતિ અણગાર એવં એક ઉપવાસથી લઈને ચોલા પર્યંતના ઉપવાસી મહાત્મા તપ દ્વારા જેટલા કર્મોનો ક્ષય કરે છે, તેટલા કર્મો નારકીના જીવો સો વર્ષથી લઈને કોટિ વર્ષમાં કર્મોના ફળનું વેદન કરે તો પણ નાશ કરી શકતા નથી. તેની તુલના વૃદ્ધ યુવાન પુરુષના દષ્ટાંતથી દર્શાવી છે. સર્વ વિરતિનો મહિમા અપરંપાર છે. તેથી કુમારો ! વિરતિના ભાવ કેળવશો.

કુમારો ! **પાંચમા પ્રયોગ**માં શક્રરાજે ભગવાનને આઠ પ્રશ્નો કર્યા અને ભગવાને તેના જડબેસલાક જવાબો આપ્યા. જડ જગતમાં બંધાયેલા આત્માઓને ક્ષણે-ક્ષણે પુદ્‌ગલનો સહારો લેવો પડે છે. તેવું સમાધાન મળતાં પ્રભુને વંદણા કરી શક્રરાજ રવાના થઈ ગયા. આ દશ્ય જોઈ ગૌતમ સ્વામીએ પ્રભુને પ્રશ્ન પૂછયો આજે શક્રરાજ કેમ જલદી રવાના કેમ થયા ? તેના જવાબમાં પ્રભુએ ગંગદત્તનો અધિકાર કહ્યો. હે કુમારો ! આ પ્રયોગ જાણવા જેવો છે. તેના દ્વારા તમે વિનોદ અનુભવશો.

કુમારો ! **છઠ્ઠો પ્રયોગ** સ્વપ્ન વિષેનો છે. સ્વપ્ન પાંચ પ્રકારના છે. ભગવાન મહાવીરના દસ સ્વપ્ન એવં ઘ્રાણેન્દ્રિય ગ્રાહ્ય ગંધના પુદ્‌ગલો ગંધ સ્વરૂપે પકડાય છે, તેની આશ્ચર્યજન્ય ઘટના આ ઉદ્દેશકથી તમારે જાણવી.

કુમારો ! **સાતમા પ્રયોગ**માં સાકાર નિરાકાર ઉપયોગયુક્ત ચેતનાના વ્યાપારનો વિસ્તાર છે. તેને આપણે પ્રજ્ઞાપના સૂત્રના પદથી એવં આ ઉદ્દેશકથી વાંચી વિમર્શ કરશું.

કુમારો ! લોકસ્વરૂપનું નિરૂપણ **આઠમા પ્રયોગ**માં છે. છ દ્રવ્ય પોત-પોતાના સ્વભાવમાં રહીને પણ પરસ્પરના દેશ-પ્રદેશના સંબંધમાં આવે છે, તેની રોચક વાત આ ઉદ્દેશકમાં ભરી પડી છે તથા જીવની ક્રિયા, પૌદગલિકક્રિયા; પરમાણુ વગેરે લોકની બહાર અલોકમાં કેમ જઈ શકતા નથી; ઈત્યાદિ વાતો આ ઉદ્દેશકમાંથી ધારી લેવી.

કુમારો ! વૈરોચન બલીન્દ્રરાજની સુધર્મા સભા બલિચંચા નગરી વગેરેનું વર્ણન **નવમા પ્રયોગ**માં દર્શાવ્યું છે. **દસમો પ્રયોગ** અવધિજ્ઞાન વિષેનો છે. તેની વ્યાખ્યા પ્રજ્ઞાપના સૂત્રથી જાણી લેવી. **અગિયારમો પ્રયોગ** ભવનપતિ દ્વીપકુમારોનો, **બારમો પ્રયોગ** ઉદધિકુમાર **તેરમો** દિશાકુમાર અને **ચૌદમો** સ્તનિતકુમાર વિષેનો છે. આહાર, ઉચ્છવાસ-નિશ્વાસ એક સરખા હોતા નથી. તેઓની લેશ્યા ઋદ્ધિ આદિનું તુલનાત્મક વર્ણન જાણવા જેવું છે અને સ્મૃતિમાં રાખી લેવું આવશ્યક છે.

## શતક–૧૭

**[ભગવતીમૈયા]** કુમારો ! આ શતક ખંડમાં **સત્તર પ્રયોગ** રૂપ ફૂલો છે. તે એકથી એક ચઢિયાતા સૂક્ષ્મ વિચારણીય પ્રયોગ છે. **પહેલા પ્રયોગ**માં કોણિક રાજાના બે હાથી, ઉદાયી અને ભૂતાનંદના ભૂતકાળના ભવ અને ભવિષ્યમાં માનવ થઈને મોક્ષ પ્રાપ્ત કરશે, તદ્‌વિષયક વાર્તાલાપ છે. તાડવૃક્ષાદિ હલાવનારને ત્રણ-ચાર-પાંચ ક્રિયાસ્થાનનાં બંધ કેવી રીતે થાય છે, તેનું સૂક્ષ્મ ગણિત અજાયબી ભરેલું છે.

કુમારો ! **બીજા પ્રયોગ**માં પ્રાણાતિપાતાદિ અઢાર પ્રકારના પાપથી વિરત થયેલા પ્રત્યાખ્યાની જીવને ચારિત્ર ધર્મમાં સ્થિત કહ્યા છે. પ્રત્યાખ્યાન ન કરનારા જીવો અધર્મમાં સ્થિત હોય છે અને સંયતાસંયત જીવધર્માધર્મમાં સ્થિત હોય છે. જીવ ધર્મ-અધર્મ-ધર્માધર્મના સ્વરૂપમાં રમણતા કરે છે, તે ધર્મો જીવના ભાવધર્મ અરૂપી હોવાથી તેમાં સુવા, બેસવા, આળોટવાની ક્રિયા કરી શકાતી નથી. પ્રભુ ફરમાવે છે કે પૌદ્‌ગલિક ક્રિયા પુદ્‌ગલ ઉપર જ થઈ શકે છે. અરૂપી અજીવ અને જીવ તો પોત-પોતાના ધર્મમાં સ્થિત રહે છે. પરમાં આવી કોઈ ક્રિયા કરી શકાતી નથી. આ પ્રયોગથી જાણવા મળે છે કે સંસારી જીવ શરીરધારી હોવા છતાં અને જડ ચેતન એક ક્ષેત્રે રહેવા છતાં બન્નેના ધર્મો જુદા છે.

કુમારો ! વૈક્રિય લબ્ધિથી યુક્ત જીવો તથા દેવ અરૂપી પદાર્થોની વિકુર્વણા કરી શકતા નથી. રૂપી પદાર્થોની વિકુર્વણા પણ પ્રયોગસા પુદ્‌ગલ દ્વારા જ થઈ શકે છે. આ વિષય આ પ્રયોગમાં તમને જાણવા જોવા મળશે.

કુમારો ! **ત્રીજા પ્રયોગ**માં શૈલેશી અવસ્થાને પ્રાપ્ત અણગાર જરા ય કંપિત થતાં નથી તેઓમાં કંપન દેખાય તો તે પરપ્રયોગથી જ સંભવે પણ આત્મપ્રદેશો કંપિત થતાં જ નથી. શુદ્ધાત્મા નિષ્કંપ છે. કંપનની ક્રિયા નારકીથી લઈને વૈમાનિક દેવોમાં થાય છે.

કુમારો ! શુદ્ધ સ્વરૂપ કેવું હોય તેની ઝાંખી આ પ્રયોગમાં જાણવા મળે છે. અશુદ્ધ દશાનું વર્ણન છેક જીવના આત્મપ્રદેશોમાં પર પ્રયોગથી થતાં આંદોલન દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, ભવથી સર્જાતા શરીર, ઈન્દ્રિય અને યોગ ચલનારૂપે ક્રિયાન્વિત બને છે. સંવેગ, નિર્વેદ, ગુરુઓની– સાધર્મીબંધુઓની સેવા, પાપોની આલોચનાદિ, શ્રુત સહાયતા તથા કષાયાદિના પ્રત્યાખ્યાન કરી પોતામાં લીન બને, જ્ઞાન, દર્શન, ચારિત્ર સંપન્નતાને હસ્તગત કરે, પરીષહાદિને સહન કરે ઈત્યાદિ વૃત્તિ કેળવે તો જ મોક્ષનું ફળ પામી શકે છે. આ રીતે એજન-કંપન, ચલના, સંવેગાદિ ભાવોનું વર્ણન આ ઉદ્દેશકથી જાણવું જોઈએ.

કુમારો ! ક્રિયા માત્ર સંસારી જીવોના રાગાદિ ભાવોના સ્પર્શથી થાય છે, ત્યાર પછી જ કર્મ બને છે. તે પાપ રૂપ થઈને ફળ અર્પે છે. તેના ફળ પણ આત્મકૃત હોય છે. પોતે જ પોતાથી બંધાય છે, કર્મનું ફળ પોતે જ ભોગવે છે. સુખ-દુઃખ કોઈ આપી શકતું નથી, અને લઈ પણ શકતું નથી. તેના સંબંધી આ **ચોથો પ્રયોગ** વિચારણીય છે.

કુમારો ! આત્મકૃત કરેલા કર્મના ફળ બે પ્રકારે વેદાય છે. સુખ રૂપે અને દુઃખ રૂપે.

એકાંત સુખ રૂપે ઈન્દ્રિયના સુખનું વેદન કરનાર ઈન્દ્રોની સુધર્માસભા, ઈશાનેન્દ્ર વગેરેના ભોગનો ઠાઠમાઠ તમે આ **પાંચમા પ્રયોગ**થી જાણજો.

પ્રિય કુમારો ! **છઠ્ઠાથી સત્તર** સુધીના નવ પ્રયોગ એકેન્દ્રિય જીવોની મારણાંતિક સમુદ્દઘાત દ્વારા ઉત્પત્તિ તેઓની લેશ્યા અને સમાન આહારાદિ જાણવા તમારે પ્રયત્ન કરવો. એવં ભવનપતિ દેવો વિષે પણ આગળ ચર્ચા કરશું. સત્તરમા શતકના સત્તર ઉદ્દેશકના પ્રયોગ સંક્ષિપ્તમાં કહ્યા હવે વિસ્તારથી જાણવા ઉત્સુકતા પ્રગટ કરી તમે સ્વયં તે વાંચજો.

**શતક–૧૮**

ભગવતી મૈયા આનંદ ભાવે બોલ્યા– કુમારો ! અઢારમા શતકના પ્રયોગરૂપ દસ ફૂલ છે. તેમાં **પ્રથમ પ્રયોગ** વ્યાકરણ વિષેનો છે. જીવ એકવચન અને બહુવચનથી અપ્રથમ છે અને સિદ્ધ પ્રથમ હોય છે, સંસારી જીવો અપ્રથમ હોય છે. આ રીતે ચોવીસ દંડકના જીવો ઉપર આહારક-અનાહારકાદિ દ્વારો દ્વારા પ્રથમ કોણ અને અપ્રથમ કોણ, ચરમ અને અચરમ કોણ તે સ્વયં વાંચીને મારી પાસે તમારે પ્રસ્તુત કરવાના છે. કુમારોએ કહ્યું– મૈયા ! યાદ રાખવાનો અમે પ્રયત્ન કરશું.

કુમારો ! એકદા પ્રભુ બહુપુત્રિક ઉદ્યાનમાં સમોસર્યા, શક્રરાજ દર્શન કરવા આવ્યા, બત્રીસબદ્ધ નાટક દેખાડ્યા. તેમનો આગલો ભવ કાર્તિક શેઠનો હતો. તે દઢ સમકિતી હતા. એક હજાર આઠ સાધર્મિક બંધુની સાથે દીક્ષા ગ્રહણ કરી. તેમનું જીવન મનોરમ્ય સુચારુ હતું. તેનું વર્ણન આ **બીજા પ્રયોગ**માં વાંચવાથી અનેરો લાભ તમને થશે.

કુમારો ! **ત્રીજો પ્રયોગ** જટિલ છે. માકંદી પુત્ર અણગારે પ્રભુને જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું– કાપોતલેશી પૃથ્વી, પાણી, વનસ્પતિ મરીને મનુષ્ય ભવ ધારણ કરી મોક્ષ પામી શકે ? પ્રભુએ હા કહી. તે વાત માકંદી અણગારે અનેક અણગારોને કહી. તેઓને આ વાત મગજમાં ઠસી નહીં. ત્યારે પ્રભુ પાસે આવી સમાધાન કર્યું અને માકંદીપુત્ર અણગારને ખમતખામણા કર્યા, આ ક્ષમા માગવાની અનોખી રીત પ્રભુએ દર્શાવી છે. તદુપરાંત માકંદીપુત્ર અણગારે પ્રભુ પાસે અનેક પ્રશ્નોની હારમાળા ઉપસ્થિત કરી પ્રભુએ સાદી-સરળ ભાષામાં જવાબો આપ્યા છે. હે કુમારો ! તે બહુ-બહુ વિચારણીય છે.

કુમારો ! **ચોથા પ્રયોગ**માં જીવના પરિભોગમાં ૧૮ પાપ, પાંચ સ્થાવર અને બાદર શરીર, આ ૨૪ દ્રવ્યો આવે છે અને ૧૮ પાપસ્થાનની વિરતિ, ધર્માસ્તિકાય આદિ ચાર અરૂપી દ્રવ્ય, પરમાણુ પુદ્દગલ અને શૈલેશી અવસ્થાને પ્રાપ્ત અણગાર તે ૨૪ દ્રવ્યો જીવના પરિભોગમાં આવતા નથી. યુગ્મોની વાત, જીવરાશી કયા યુગ્મમાં આવે તેનું વર્ણન છે. અંધકવહ્નિ જીવો, અલ્પ આયુવાળા અને ઉત્કૃષ્ટ આયુવાળા હોય છે, તે વાત તમારે આ ઉદ્દેશકથી જાણી લેવી.

કુમારો ! **પાંચમા પ્રયોગ**માં પૌદ્દગલિક સ્કંધના બનેલા અવયવોને વિભૂષિત કરવા દેવો આભૂષણો ધારણ કરે છે. દેવોને દિવ્ય અને મનોહર દેખાવું છે અને તે સામગ્રી દેવોને પુણ્યના યોગે મળે છે. આ પ્રયોગમાં અસુરકુમાર ભવનપતિ દેવોથી વાર્તાલાપ ચાલુ થાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન છે કે પ્રભુ ! દેવ જન્મે ત્યારે દિવ્ય લાગે છે કે જન્મ્યા પછી આભૂષણ અલંકાર પહેર્યા પછી વધારે સુંદર લાગે છે ? ભગવાને કહ્યું ગૌતમ ! આભૂષણોને ધારણ કરનાર દેવો મનહર દેખાય છે. તદુપરાંત ભારેકર્મી, હળુકર્મી, મહાવેદનાવાળા, અલ્પ વેદનાવાળા જીવોનું કથન આ પ્રયોગમાં છે. વાટે વહેતો જીવ જે ગતિમાં જવાનો હોય તેના નામકરણથી સંબોધાય છે. ચારે ય જાતિના દેવોમાં જો મિથ્યાદષ્ટિ વિકુર્વણા કરે તો વક્ર રૂપ બને અને સમકિતી જીવ જેવું રૂપ ઈચ્છે તેવું જ બનાવી શકે છે. સમ્યગ્ દષ્ટિ જીવ જ્યાં જાય ત્યાં તેનું મહાત્મ્ય અનેરું મહામૂલુ હોય છે તે વાત હે કુમારો ! તમારે ભૂલવી ન જોઈએ.

કુમારો ! **છઠ્ઠા પ્રયોગ**માં પૌદ્‌ગલિક ધર્મનું વર્ણન છે. નિશ્ચય દષ્ટિથી પ્રત્યેક પદાર્થમાં પાંચે ય રસ, પાંચે ય વર્ણ, બે ગંધ, ચાર સ્પર્શ હોય છે. વ્યવહારમાં આપણને જે મુખ્ય દેખાય તેનો સ્વીકાર કરીએ છીએ, જેમ કે– ભ્રમર કાળો, પોપટ લીલો, મજીઠી લાલ, હળદર પીળી અને શંખ સફેદ વગેરેનું વર્ણન આ પ્રયોગમાં સમજી લેવું.

કુમારો ! **સાતમા પ્રયોગ**માં વિવિધ વિષયોનું વર્ણન છે. અન્યતીર્થિકોની માન્યતા એવી છે કે યક્ષાવિષ્ટ કેવળી બે પ્રકારની ભાષા બોલે છે–સત્ય અને અસત્ય. તેનું ખંડન કરીને પરમાત્માએ સત્ય હકીકત રજૂ કરી છે. કેવળી ક્યારે ય અસત્ય બોલતા નથી. તેના શરીરમાં યક્ષ પ્રવેશ કરતો નથી. કેવળી સત્ય અને વ્યવહાર ભાષાનો જ પ્રયોગ કરે છે. ઉપધિ, પરિગ્રહ, પ્રણિધાન વગેરેનું વર્ણન, મદ્રુક શ્રમણોપાસકની જ્ઞાન સંપન્નતા, અન્યતીર્થિકોની સમસ્યાનું સમાધાન અને પ્રભુના શ્રીમુખે પ્રશંસા પામેલ દઢ શ્રદ્ધાવાનનું બ્યાન આ પ્રયોગમાં છે. તેમજ મહર્દ્ધિક દેવોની સંગ્રામ વિષેની શક્તિ, તથા દેવો કર્માંશો કેટલા વર્ષે ખપાવે છે, તે વિષેની મર્મજ્ઞ ચર્ચા આ ઉદ્દેશકમાં છે.

કુમારો ! **આઠમા પ્રયોગ**માં અકષાયી અણગાર ઉપયોગ સહિત ચાલતાં હોય અને પગ નીચે નાના જીવો કચરાઈ જાય તો પણ ઐર્યાપથિકી ક્રિયા લાગે છે તેવા અન્ય તીર્થિકોના પ્રશ્નોના સચોટ જવાબ આપી અન્ય તીર્થિકોને નિરુત્તર કરનાર ગૌતમસ્વામીનું અભિવાદન ભગવાને કરી ધન્યવાદ આપ્યા તેનું વિવરણ તથા છદ્મસ્થ જીવોનું જાણવા જોવાનું સામર્થ્ય વગેરે વર્ણન વાંચવાની હે કુમારો ! તમોને ખૂબ મઝા પડી જશે.

કુમારો ! **નવમા પ્રયોગ**માં ચારે ય ગતિના જીવોની ભવ્ય દ્રવ્યપણાની વ્યાખ્યા છે. તેઓ ભવ્ય દ્રવ્ય કેમ કહેવાય, તેની સ્થિતિ કેટલી હોય ઈત્યાદિ વર્ણન પ્રજ્ઞાશીલ બની વાંચીને વિચારવા યોગ્ય છે.

કુમારો ! **દસમા પ્રયોગ**માં ભાવિતાત્મા અણગારને પ્રાપ્ત થયેલી લબ્ધિના યોગથી તેઓ તલવારની ધાર ઉપર અસ્ત્રાની ધાર ઉપર ઊભા રહી શકે છે. તેઓનું તે ધાર છેદન-ભેદન કરી શકતી નથી તેવી તાકાત લબ્ધિમાં હોય છે. તેવો ચમત્કાર અણગાર ક્યારે ય કરતાં નથી છતાં ય તે લબ્ધિનું સામર્થ્ય દર્શાવ્યું છે.

વાયુકાય, પરમાણુ પુદ્‌ગલ બે પ્રદેશથી લઈને અનંત પ્રદેશી સ્કંધ આદિ કોણ કોનાથી

વ્યાપ્ત, સ્પૃષ્ટ થાય, તેનું વર્ણન આ પ્રયોગમાં છે. એકદા ભગવાન મહાવીર વાણિજ્ય ગામમાં પધાર્યા. તે ગામમાં વિદ્વાન પંડિત સોમિલ બ્રાહ્મણ રહેતા હતા. તેઓ શંકાનું સમાધાન કરવા અને મુખ્યત્વે પ્રભુને પરાસ્ત કરવા માટે શિષ્યો સહિત પ્રભુ પાસે આવ્યા અને યાત્રા-યાપનીય શું છે વગેરે વાત સમજવા, મર્મકારી પ્રશ્નો પૂછ્યા, સમાધાન પામ્યા, સાચા શ્રમણોપાસક બની ગયા. તે ચરિત્ર વાંચીને વિચારીને, હે કુમારો ! તમારી શ્રમણોપાસકની પર્યાય નિર્મળ બનાવી અને શ્રદ્ધા મજબૂત બનાવી આગળ પ્રગતિ કરો, હવે આગળ અવસરે જોશું.

## શતક–૧૯

**[ભગવતી મૈયા]** કુમારો ! આ શતક ખંડનાં પ્રયોગરૂપ દશ ફૂલ છે. **પ્રથમ** લેશ્યા વિષેનો અને **બીજો** ગર્ભ વિષેનો પ્રયોગ છે. તેને પ્રજ્ઞાપના સૂત્ર દ્વારા સમજવાનો છે. પૃથ્વીનો **પ્રયોગ ત્રીજો** છે. તેના શરીરની રચના, અવગાહનાદિ અનેક દ્વારો દ્વારા વર્ણન કર્યું છે. તેની કાયા કેટલી નાની છે તેના માટે ચક્રવર્તીની દાસીનું દૃષ્ટાંત ઉપસ્થિત કર્યું છે. બળવાન, યુવાન દાસી એક શિલા ઉપર પૃથ્વીના પીંડને એકવીસ વાર વાટે, પીસે ત્યારે તેમાંથી કેટલાક જીવો જીવવા માટે આબાદ રીતે છટકી જાય છે, બચી જાય છે અને જે વટાઈ જાય છે તેનું દુઃખ સમજાવવા જર્જરિત વૃદ્ધ મનુષ્યની ઉપર કોઈ યુવાન જોરથી પ્રહાર કરે ત્યારે તે વૃદ્ધ પુરુષને જે દુઃખ થાય છે; તેનાથી અનેક ગણું દુઃખ પૃથ્વીના જીવોને પીસવાથી થાય છે તેથી કુમારો ! તે જીવોની દયા અવશ્ય પાળવી જોઈએ.

**ચોથાથી નવમા પ્રયોગમાં** નારકીના જીવો મોટા આશ્રવવાળા, મોટી ક્રિયાવાળા હોય છે અને તેઓ મહાવેદના ભોગવે છે, છતાં ય તેઓની અલ્પ નિર્જરા થાય છે. આ વર્ણન સમજવા ગૌતમ સ્વામીએ સોળ પ્રશ્ન ઉપસ્થિત કર્યા છે. તેની વ્યાખ્યા વૈમાનિક દેવો સુધી જાણવી. નારકીની ચરમ વેદનાના પ્રકાર વિવિધ દષ્ટિકોણથી વિચારી રહસ્યનું ઉદ્‌ઘાટન કર્યું છે. દ્વીપ, સમુદ્ર, ભવનપતિ દેવોના ભવન, વાણવ્યંતર દેવોના નગરો, જ્યોતિષી દેવોના અને વૈમાનિક દેવોના વિમાનનું વર્ણન હૃદયગત કરવું.

કુમારો ! જીવની ગ્રહણ કરેલી કાર્મણ વર્ગણાઓ દ્વારા ઇન્દ્રિયની રચના, કર્મની રચના, ભાષા આદિ યોગની રચના, શરીર સંસ્થાનની રચના, સંજ્ઞાદિ વગેરેની રચના વિધિ આ પ્રયોગોમાં દર્શાવી છે. વાણવ્યંતર દેવોના સમાન આહાર વિષેની વ્યાખ્યા, આ ઉદ્દેશકમાં જાણવા યોગ્ય બીના છે. તમે તેનું અવગાહન કરશો.

## શતક–૨૦

**[ભગવતી મૈયા]** કુમારો ! આ વીસમા શતક ખંડના પ્રયોગરૂપ **દસ** ફૂલ છે. તેમાં **પહેલા પ્રયોગ**માં વીતરાગે જ્ઞાન કરાવ્યું છે કે આ વિશ્વમાં કંદમૂળના જીવો સાથે મળીને ઔદારિક શરીર બનાવે છે, બાકીના સર્વ જીવો પોત પોતાનું સ્વતંત્ર ઔદારીક શરીર બનાવે છે અને તે જીવોના આહાર પણ અલગ-અલગ હોય છે. તે જીવો જ્યાં ઉત્પન્ન થાય ત્યાં પહેલાં આહાર પર્યાપ્તિ નામકર્મના ઉદયે આહાર ગ્રહણ કરે પછી એ જ સામગ્રીથી શરીર પર્યાપ્તિનું નિર્માણ પરિણમન થાય છે. આ રીતે જેને જેટલી પર્યાપ્તિ મળે તે પ્રમાણે કાર્યવાહીની વ્યવસ્થા હોય છે.

તેમાં લેશ્યાદિની પ્રાપ્તિ કેટલી હોય છે તે ૩૩ બોલોનો વિસ્તાર વિચારવા જેવો છે.

**બીજા પ્રયોગ**માં આકાશ દ્રવ્યનું વર્ણન છે. આકાશ સર્વ દ્રવ્યનો આધાર છે એમ ઉપચારથી કહેવાય છે. તેમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનું અવગાહન, ધર્મ-અધર્મની વ્યાખ્યા અને પંચાસ્તિકાયના ઘણા અભિવચનો છે, તે જાણવા યોગ્ય છે.

**ત્રીજા પ્રયોગ**માં પ્રાણાતિપાતાદિની વિરતિ વગેરે જીવ સિવાય કોઈ કરી શકતું નથી, જીવ જ કર્મ બાંધે છે. તેમાંજ ઉત્થાન આદિ ધર્મો વસે છે, તેનું પરિણામ વિભાવરૂપમાં વર્ણાદિ ઔદારિકાદિ શરીર, સંજ્ઞા ચક્ષુદર્શનાદિ ઉત્પન્ન થાય છે. આ છે સંસારીજીવોની કર્મ જગતને ઉત્પન્ન કરવાની ખૂબી.

કુમારો ! **ચોથા પ્રયોગ**માં શરીરમાં ઈન્દ્રિયોનો ઉપચય થાય છે. તેનું પ્રજ્ઞાપના સૂત્રમાંથી વિશેષ જ્ઞાન કરવું. **પાંચમા પ્રયોગ**માં પરમાણુથી લઈને અનંત પ્રદેશી સ્કંધમાં રહેલા વર્ણાદિના અનેક પ્રકારના ભાંગાનું વીતરાગે દિગ્દર્શન કરાવ્યું છે.

કુમારો ! જીવ રત્નપ્રભાદિપૃથ્વીકાયમાંથી પૃથ્વીકાય રૂપે મારણાંતિક સમુદ્ઘાત કરીને ઉત્પન્ન થાય છે, તેનું આબેહૂબ વર્ણન આ **છઠ્ઠા પ્રયોગ**માં તમને જાણવા મળશે.

કુમારો ! **સાતમા પ્રયોગ**માં બંધના ત્રણ પ્રકાર દર્શાવ્યા છે, તે આ પ્રમાણે છે (૧) જીવ પ્રયોગ બંધ (૨) અનંતરબંધ (૩) પરંપરબંધ. આ ત્રણે ય બંધમાં નારકીથી લઈને વૈમાનિક દેવો સુધીનું કથન કરી બંધ પાડવાની રીત દર્શાવી છે. જ્ઞાનાવરણાદિ આઠ કર્મ, સ્ત્રીવેદાદિરૂપ શરીરના આકાર પ્રકાર દર્શાવી, આહાર- સંજ્ઞાદિનું તથા કૃષ્ણાદિ લેશ્યાનું, ત્રણ દૃષ્ટિનું, જ્ઞાનાજ્ઞાનાદિનું જ્ઞાન કરાવ્યું છે. તેના વડે જીવો વૈભાવિકભાવોનો વૈભવ ભોગવે છે.

કુમારો ! **આઠમા પ્રયોગ**માં પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ, તે કર્મ ભૂમિના ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા તીર્થંકરોનું વર્ણન, ઉત્સર્પિણી-અવસર્પિણીમાં કાલિક શ્રુતનો વિચ્છેદ ક્યારે થાય તેનું વર્ણન છે. નવમા, દસમા, અગિયારમા, બારમા, તેરમા, ચૌદમા, પંદરમા તીર્થંકરોના કાળમાં વચ્ચે-વચ્ચે કાલિકશ્રુતનો વિચ્છેદ થયો છે. બાકીના તીર્થંકરોના શાસનકાળમાં કાલિક શ્રુતનો વિચ્છેદ થયો નથી. ખાસ સમજવાનું એ છે કે દૃષ્ટિવાદ શ્રુતનો વિચ્છેદ દરેક જિનાંતરામાં થાય છે. તેથી જ તો દરેક તીર્થંકરો તીર્થની સ્થાપના કરે અને ગણધરો સૂત્રની રચના કરે છે. જિનવાણીમાં તત્ત્વો તો એક સરખા જ હોય છે. પૂર્વગતશ્રુત પ્રભુ મહાવીર પછી એક હજાર વર્ષ સુધી રહ્યું, તદુપરાંત આ પ્રયોગમાં પ્રવચન-પ્રવચની, તીર્થંકર-તીર્થ શું કહેવાય તેનું વર્ણન તમને જાણવા મળશે.

**નવમા પ્રયોગ**માં જંઘાચારણ–વિદ્યાચારણ અણગાર, માનવ હોવા છતાં દેવોની જેમ પોતાની ચારણ લબ્ધિથી આકાશમાં ગમન કરી મંદર–મેરુપર્વત, માનુષોત્તર પર્વત અને નંદીશ્વર દ્વીપ સુધી જાય છે. તેઓ વિદ્યાનો પ્રયોગ કર્યા પછી આલોચના ન કરે તો વિરાધક કહેવાય વગેરેનું વર્ણન સૂક્ષ્મ દૃષ્ટિથી કરવામાં આવ્યું છે. તે તમારી પ્રજ્ઞામાં વણી લેવા જેવું છે.

**દશમા પ્રયોગ**માં સોપક્રમ-નિરૂપક્રમ આયુષ્ય કોને કહેવાય તે હકીકત આ ઉદ્દેશકમાંથી

વાંચી–જાણી લેવી.

## શતક–૨૧

**[ભગવતી મૈયા]** કુમારો ! આ શતક ખંડના પ્રયોગરૂપ ૮૦ ફૂલ છે. તેના આઠવર્ગ છે (૧) શાલિ, (૨) કલાય, (૩) અળસી, (૪) વાંસ, (૫) ઈક્ષુ, (૬) દર્ભ, (૭) અભ્ર, (૮) તુલસી.

આઠ વર્ગમાંથી એક એકના દસ-દસ ભેદ– મૂળ, કંદ, સ્કંધ, છાલ, શાખા, પ્રશાખા, કૂંપળ,પત્ર,ફૂલ, ફળ, બીજ, વગેરેના જીવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે, તેની અવગાહના, લેશ્યા, સંજ્ઞાદિવિષેની ચર્ચા કરવામાં આવી છે. આ વનસ્પતિમાં જીવો અનંતવાર જન્મ મરણ કરે છે. તમારે તેનું વાંચન કરી મનન કરવું.

## શતક–૨૨

**[ભગવતી મૈયા]** કુમારો ! આ ખંડના પ્રયોગરૂપ ૬૦ ફૂલ છે. એક બીજવાળા અને બહુ બીજ-વાળા ફળો. તેના અનેક નામો આપવામાં આવ્યાં છે. જાણવા જેવી હકીકત એ છે કે, મૂળ, કંદ, સ્કંધ, છાલ અને શાખા આ પાંચમાં દેવો ક્યારે ય જન્મ લેતા નથી. બાકીના પાંચ ભેદમાં પ્રશાખા-કૂંપળો, પત્ર, ફૂલ, ફળ, બીજમાં દેવો જન્મ ધારણ કરે છે, તે જીવોને ચાર લેશ્યા હોય છે. મનુષ્ય, તિર્યંચ વનસ્પતિમાં જન્મધારણ કરે છે, તેને ત્રણ લેશ્યા હોય છે. તેઓની અવગાહના, આયુષ્ય વિવિધ પ્રકારનું હોય છે. આ રીતે પ્રત્યેક વનસ્પતિના ભેદ-પ્રભેદ જાણી સ્મૃતિમાં ધારણ કરવા.

## શતક–૨૩

**[ભગવતી મૈયા]** કુમારો ! આ શતક ખંડમાં પાંચ વર્ગના પ્રયોગરૂપ ૫૦ ફૂલ છે. તેમાં પ્રાયઃ નિગોદ–કંદમૂળ સાધારણ શરીરનું વર્ણન છે. તેના આશ્રયે પ્રત્યેક શરીરવાળા પણ જીવો પાંદડારૂપે હોય છે. તેથી સૂત્રકાર કહે છે તેમાં જીવો સંખ્યાતા-અસંખ્યાતા અને અનંત હોય છે. આ જીવોના વિભાગમાં કોઈ દેવો ઉત્પન્ન થતા નથી માટે આ વનસ્પતિમાં તિર્યંચ અને મનુષ્ય બે ગતિના, જીવો ઉત્પન્ન થાય છે. તે જીવોને ત્રણ લેશ્યા હોય છે. મોટી કાયામાંથી જીવ આવી આવી નાનકડીકાયામાં પૂરાઈ જાય છે અને નિરંતર દુઃખ ભોગવે છે. કુમારો ! તે જીવોની દયા તમારે ખાસ પાળવી જોઈએ. પૂર્ણ રીતે આ જીવોની દયા તો ફક્ત અણગાર સર્વવિરતિ સંત જ પાળી શકે છે.

**[ભગવતી મૈયા]** કુમારો ! તમે શ્રમણોપાસકની ઉપાસનામાં બરાબર યોગ્ય થઈ ગયા છો. આ પ્રયોગરૂપ પુષ્પોમાં રહેલા રસાયણનું પાન કરવા હવે તમારે જલદી કટ્ટિબદ્ધ બનવું જોઈએ અર્થાત્ સમય પાકી ગયો છે દીક્ષા ધારણ કરો. આ પરાગનું પાન ભિક્ષુરૂપ ભ્રમર જ કરી શકે છે.

**કુમારો :–** હા મૈયા ! અમારી ઉપર આપશ્રીનો અનંતો ઉપકાર છે. તમારા પ્રયોગ સાંભળી અમે કૃતાર્થ બની ગયા છીએ. અમે વિષય–કષાયમાંથી નીકળવાનો પ્રયત્ન કરશું. તેમ કહી પ્રણામ કરીનેસાંતતા દેવી પાસે આવ્યા. તેમનાં ચરણોમાં નમસ્કાર કરી સાચા અણગાર બનવાની

આજ્ઞા માંગી. સાંતતા દેવીએ કહ્યું, તથાસ્તુ ! આજ્ઞા મળતા જ તેઓ અપ્રમત્ત દશામાં ઝૂલતા ત્યાગ વૈરાગ્યપૂર્વક સર્વવિરતિ મહાત્મા અણગાર બની ગયા. અર્હમ્‌ના માર્ગે આગળ વધવા લાગ્યા. શાન્તિ–શાન્તિ–શાન્તિ.

**આભાર : સાધુવાદ : ધન્યવાદ :–**

પ્રસ્તુત આગમ શ્રી ભગવતી સૂત્રના આ ચોથા ભાગના અનુવાદિકા તથા સહસંપાદિકા અમારા સુશિષ્યા **ડો. સાધ્વી આરતીબાઈ મ.** છે. જેમણે અનુવાદ સ્વાધ્યાય કરવાનો જે પુરુષાર્થ ઉપાડ્યો તે ઘણો ઘણો પ્રશંસનીય છે. હું તેમની કદર કરું છું, ધન્યવાદ આપી ભૂરી ભૂરી પ્રશંસા કરું છું અને શુભ કામના કરતાં કહું છું કે તમે આગમનું ઊંડું અવલોકન કરી, અરિહંત બની જવા નિર્બાધ સંયમ યાત્રાનું નિર્વહન કરતા રહો. એ જ મંગલ ભાવના કરું છું.

પ્રસ્તુત આગમના રહસ્યોને ખુલ્લા કરી અણમોલો અભિગમ પ્રેષિત કરનાર મહાઉપકારી ગોંડલ ગચ્છ શિરોમણિ, પરમ દાર્શનિક, અમારા આગમ કાર્યને પ્રોત્સાહિત કરી આશીર્વાદની વર્ષા વરસાવનારા ગુરુદેવ શ્રી જયંતીલાલજી મ.સા. નો અનન્ય ભાવે આભાર માનું છું અને શતકોટી સાદર ભાવે પ્રણિપાત નમસ્કાર કરું છું.

શ્રદ્ધેય, પ્રેરક, માર્ગદર્શક જેમના પસાયે ત્રિલોક મુનિનો યોગ પ્રાપ્ત થયો છે, તેવા વાણીભૂષણ પૂ. ગિરીશ ગુરુદેવનો સહૃદયતાપૂર્વક આભાર માની વંદન કરું છું.

આ આગમને સુશોભિત બનાવનાર, સુંદર હાર્દના ભાવ ભરી અલંકૃત કરનાર, મૂળ પાઠનું સંશોધન કરી વ્યવસ્થિત કરનાર, આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિવર્યને મારી શતકોટી વંદના પાઠવું છું.

આગમ શાસ્ત્રની દરેક કાર્યવાહીમાં સકુશલા ઉત્સાહધરા સાધ્વીરત્ના ઉષાબાઈ મ. એવં આગમ અવગાહન કરાવનાર સહયોગી સાધ્વીરત્ના હસુમતી, વીરમતી સહિત સાધ્વીવૃંદને અનેકશઃ ધન્યવાદ આપું છું.

સતત પ્રયત્નશીલ, અનેક આગમોનું અવગાહન કરીને અનુવાદની કાયાપલટ કરી, આગમને સરલ, સુમધુર, સંમાર્જિત કરનાર, શબ્દાર્થ-ભાવાર્થ અને વિવેચનનું સંતુલન જાળવી રાખનાર, ભગીરથ કાર્યના યશસ્વી સાધ્વી રત્ના મમશિષ્યા-પ્રશિષ્યા સહ સંપાદિકા ડૉ. સાધ્વીશ્રી આરતી એવં સાધ્વીશ્રી સુબોધિકાને અભિનંદન સહિત સાદર ધન્યવાદ આપું છું.

શ્રમણોપાસક મુકુંદભાઈ પારેખ, મણિભાઈ શાહ, જયવંતભાઈ શાહ કુમારી ભાનુબહેન પારેખ એવં ધીરૂભાઈને ધન્યવાદ. પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવ રાખનાર ગુરુપ્રાણ ફાઉન્ડેશનના માનદ્ સભ્ય ભામાશા શ્રીયુત રમણિકભાઈ, આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી, દઢ સંકલ્પી, તપસ્વિની માતા વિજયાબહેન તથા ભક્તિ સભર હૃદયી પિતા માણેકચંદભાઈ શેઠના સુપુત્ર, નરબંકા, રોયલપાર્ક સ્થા. મોટા સંઘના પ્રમુખ ચંદ્રકાન્તભાઈ શેઠ તથા કાર્યાન્વિત સર્વ સભ્યગણો, કાર્યકર્તાઓ, મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા સહયોગી કાર્યકરો, આગમના શ્રુતાધાર અને અન્ય દાનદાતા મહાનુભાવો

વગેરેને અભિનંદન સાથે સાધુવાદ આપું છું.

આગમના અનુવાદ, સંશોધન, સંપાદનમાં ઉપયોગી થયેલા પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશકોને સાધુવાદ.

આગમ અવગાહન કરવામાં ઉપયોગની શૂન્યતાથી કંઈક શબ્દો, અક્ષરો, પાઠમાં અશુદ્ધિ રહી જવા પામી હોય, વીતરાગ વાણી વિરુદ્ધ લખાયું, વંચાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં આપું છું.

પ્રિય પાઠકો ! તમો આગમ વાંચો ત્યારે કંઈક અશુદ્ધિ રહી જવા પામી હોય તો તેની નોંધ કરી અમને મોકલવા પ્રયત્ન કરશો. **नमामि सव्व जिणाणं । खमामि सव्वजीवाणं ।**

**વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય તો માગુ પુનઃ પુનઃ ક્ષમાપના,**
**મંગલમૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું છું વિજ્ઞાપના**

**પરમ પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ.સ.ના**
**સુશિષ્યા – આર્યાલીલમ.**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

દીપકની જ્યોતને અખંડ જલતી રાખવા સમયે-સમયે તેમાં સ્નેહનું સિંચન જરૂરી બને છે. ભગવાન મહાવીર સ્વામીએ શ્રુતજ્ઞાનની જલતી જ્યોત ચતુર્વિધ સંઘને આપી છે. જે જ્યોત હજારો વર્ષ સુધી સાધકોના આત્મપથ, મોક્ષમાર્ગ પર પ્રકાશ પાથરતી રહેશે. પ્રારંભમાં સ્મૃતિના સથવારે ગુરુ-શિષ્ય પરંપરાથી વહન થતી આ શ્રુત જ્યોતને વાચનાઓ દ્વારા, કાલ પ્રભાવે સ્મૃતિની મંદતા અનુભવાતા લિપિબદ્ધ કરાવવા દ્વારા અને તત્પશ્ચાત્ મુદ્રણયુગ શરૂ થતાં આ શ્રુતજ્ઞાનને મુદ્રિત કરાવવા દ્વારા સ્નેહ સિંચન થતું રહ્યું છે. ગુરુપ્રાણ આગમ બત્રીસી પ્રકાશનનું આ કાર્ય પણ શ્રુતજ્ઞાનની અખંડ જ્યોતને સ્નેહ સિંચવાનું જ એક કાર્ય છે.

એક સુભગ પળે આ કાર્ય શરૂ થયું. ગુરુણી મૈયા પૂ. લીલમબાઈ મ. એ સંપાદનની જવાબદારી સ્વીકારી અને સોનામાં સુગંધ ભળે તેમ સંપાદન કાર્યમાં આગમજ્ઞ આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ મ.સા.નો સુયોગ સાંપડયો અને અનેક વિધ અભિગ્રહો સાથે તેઓશ્રી સંપાદન કાર્યમાં લીન બની ગયા. અમારી શક્તિને આગમમાં જોડવા જ સહસંપાદિકા રૂપે તેઓએ અમારી વરણી કરી. સહસંપાદનના આ કાર્ય દ્વારા અમે આગમ સેવા, શ્રુત સેવાનો યત્કિંચિત્ લાભ પામ્યા છીએ, તે અમારું પરમ સૌભાગ્ય છે.

સંસ્કૃત ટીકા(વૃત્તિઓ) આગમના અન્ય અનેક સંસ્કરણોનો આધાર લઈ ચાર્ટ, કોષ્ટકો, આકૃતિઓ દ્વારા આગમના ગુજરાતી અનુવાદને લોકભોગ્ય બનાવવા અમે સહુ પુરુષાર્થશીલ બન્યા. અમારા સહિયારા આ સંપાદન કાર્ય દરમ્યાન કોઈ પ્રશ્ન ઉઠે કે કોઈ શંકા જાગે ત્યારે અમો ચારે ય સાથે મળી તેનું સમાધાન મેળવીએ છીએ. જેમ કે શતક ૧૪/૭/૧૦માં વિધાન છે. કોઈ અણગાર અનશનપૂર્વક આયુષ્યપૂર્ણ કરી દેવાદિ ભવને પ્રાપ્ત કરે ત્યારે પ્રારંભના સમયમાં મૂર્ચ્છિત ગૃદ્ધ અને આસક્તિ પૂર્વક આહાર ગ્રહણ કરે છે અને પછી આસક્તિ આદિ રહિત થઈ આહાર ગ્રહણ કરે છે. અહીં પ્રશ્ન થાય કે અનશન આરાધકે તો આસક્તિને મંદ કરી હોય તો પ્રથમ ક્ષણે આસક્તિપૂર્વક આહાર કેમ ગ્રહણ કરે ? અને પશ્ચાત્ આસક્તિ મંદ થાય, તેમ કેમ બને ? અમે સમાધાન મેળવ્યું આ વિધાન સર્વ જીવો માટે હોવા છતાં અનશન ધારક અણગારને લઈ પ્રશ્ન

પૂછવાનું કારણ એ છે કે અનશન આરાધકે જો મોકનીય કર્મ ક્ષય કર્યું હોય તો તે મોક્ષે જ જાય. મોકનીય કર્મ સંપૂર્ણ ક્ષય ન થવાથી તે દેવાદિ ગતિમાં જાય અને ત્યાં મોકનીયાદિ કર્મના કારણે જ શરીર બનાવવા આહાર ગ્રહણ કરવો પડે છે. મોકનીય કર્મના ઉદયની ઉપસ્થિતિમાં આહારાદિ સર્વ કાર્ય આસકિત ગૃદ્ધિવાળા જ કહેવાય છે. અહીં ઓજ આહારની વાત છે. કવલાહાર કે સ્થૂલ આહારની વાત નથી. ઉત્પત્તિના પ્રથમ સમયે નૂતન શરીર બનાવવા આહાર(શરીર યોગ્ય પુદ્ગલો)શીઘ્ર ગ્રહણ કરે છે અને તત્પશ્ચાત્ પર્યાપ્તિઓ પૂર્ણ થઈ જતાં પુદ્ગલ ગ્રહણ કાર્ય મંદ થઈ જાય છે. આ સૂત્રમાં આસક્તિ વગેરેનો અર્થ શીઘ્ર ગ્રહણ અને આસક્તિ રહિતનો અર્થ મંદ ગ્રહણ કરવાનો છે. ઉપલક્ષણથી આ વિધાન સર્વ જીવો માટે લાગુ પડે છે.

શતક ૧૬/૫ /૧માં વિધાન છે દેવો બોલવું, ચાલવું આદિ સર્વ ક્રિયા બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને જ કરી શકે છે. સ્થાનાંગસૂત્ર સ્થાન–૩/૧/૨(પેજ.૧૪૯)માં બાહ્ય પુદ્ગલો ગ્રહણ કર્યા વિના વિક્રિયા-વિભૂષા કરવાનું વિધાન છે. આ પરસ્પરના વિરોધને દૂર કરવા વિચારણા કરી અને અંતે સમાધાન મેળવ્યું કે સ્થાનાંગ સૂત્રમાં વ્યવહારથી કથન છે અને અહીં ભગવતી સૂત્રમાં નિશ્ચયથી કથન છે. હાથ વગેરે હલાવવા, સૂવા વગેરેમાં સ્થૂલ દષ્ટિ એ કોઈ પુદ્ગલ ગ્રહણ કરવા પડતા નથી પરંતુ સૂક્ષ્મ દષ્ટિએ સમયે-સમયે કાયવર્ગણા–શરીર યોગ્ય પુદ્ગલો ગ્રહણ થતાં રહે છે અને તે પુદ્ગલો ગ્રહણ કર્યા વિના એક પણ ક્રિયા સંભવે નહીં. આમ ભિન્ન-ભિન્ન અપેક્ષાએ વિરોધી લાગતા બંને કથનમાં વિરોધ રહેતો નથી.

શતક ૧૭/૬/૨માં મારણાંતિક સમુદ્ઘાતમાં દેશ સમુદ્ઘાત અને સર્વ સમુદ્ઘાત આ બે ભેદોનું કથન છે. તેમાં દેશ સમદ્ઘાતમાં તો આત્મપ્રદેશો શરીરમાંથી બહાર ઉત્પત્તિસ્થાન સુધી ફેલાય છે, તેથી તેને સમુદ્ઘાત કહેવું, ઉચિત અને સહજ સુગમ્ય છે. પરંતુ સર્વ સમુદ્ઘાતમાં આયુષ્યપૂર્ણ થતાં આત્માનું સર્વાત્મપ્રદેશ સાથે શરીર છોડીને નીકળી જવું, તેને સર્વ સમુદ્ઘાત કહેલ છે, તેમાં સમુદ્ઘાતનું લક્ષણ ઘટિત થતું નથી તો તેને સમુદ્ઘાત કેમ કહેવાય ? આ પ્રશ્નની વિચારણા કરતાં અન્ય આગમો તરફ દષ્ટિપાત કરતાં જણાયું કે પ્રજ્ઞાપના પદ–૩૬માં કષાય સમુદ્ઘાતના અલ્પબહુત્વમાં **सव्वत्थोवा जीव अकषाय समुग्घाएणं समोहया** સૂત્ર પાઠ છે– અકષાય સમુદ્ઘાતના જીવો સર્વથી થોડા છે. અહીં સમુદ્ઘાત રહિત સર્વ અકષાયી જીવો(મનુષ્યો) માટે સમુદ્ઘાત શબ્દનો પ્રયોગ થયો છે. તે જ રીતે ઉવવાઈ સૂત્રમાં કેવળી ભગવાનના મૃત્યુ માટે 'મરણ સમુદ્ઘાત' શબ્દ પ્રયોગ છે. મારણાંતિક સમુદ્ઘાત ૬ ગુણસ્થાન સુધી જ હોય,

કેવળી ભગવાનને મરણ સમુદ્‌ઘાત ન હોય પરંતુ સમુદ્‌ઘાતમાં આત્મપ્રદેશ બહાર નીકળે છે તેમ આયુષ્ય પૂર્ણ થતાં સર્વાત્મ પ્રદેશો શરીર છોડી બહાર નીકળી જાય છે. આત્મપ્રદેશ બહાર નીકળવાની સામ્યતાના કારણે પ્રજ્ઞાપનાપદ–૩૬માં અને ઔપપાતિક સૂત્રમાં સમુદ્‌ઘાત શબ્દનો પ્રયોગ થયો છે. પ્રસ્તુતમાં પણ તે જ રીતે સર્વ આત્મપ્રદેશો સાથે નીકળતા, જીવના મરણ માટે સર્વ સમુદ્‌ઘાત શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

આવા સંપાદન કાર્ય માટે મનની એકાગ્રતા જોઈએ અને તે માટે એકાંત આવશ્યક બને છે. ગુરુણી મૈયા **પૂ. વીરમતીબાઈ મ.** સમાજ સંપર્કના અનુષ્ઠાનો, વ્યવહારો પોતાના શિરે લઈ, અમને તેવા વ્યવહારથી નિવૃત્ત રાખી એક પ્રકારે આગમ પ્રકાશનની સેવાજ કરી રહ્યા છે. તે સાથે સંપાદન કામ કરતાં થાકીએ ત્યારે જેમ કોઈ યંત્ર થાકે, ઘસારો લાગે ત્યારે ઊંજણ પૂરવામાં આવે તેમ અમારા ઉત્સાહમાં ઊંજણ પૂરવાનું કામ તેઓશ્રી કરી રહ્યા છે.

પ્રાંતે અમારા આગમ સંપાદન કાર્યમાં પ્રત્યક્ષ-પરોક્ષ સર્વ ઉપકારીઓ સાથે અમારા જન્મદાતા સંસ્કારદાતા માતા-પિતાના ઉપકારને સ્મરણમાં લાવી તેઓને અમારા કાર્યના યશભાગી બનાવીએ છીએ.

સદા ૠણી માત-તાત **ચંપાબેન-શામળજીભાઈ**
કર્યું તમે સુસંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત-લીલમ** ગુરુણીશ્રી
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ કરું કષાયોનું શમન.

સદા ૠણી માતતાત **લલિતાબેન-પોપટભાઈ**
કર્યું તમે સુસંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું **પૂ. મુક્ત-લીલમ-વીર** ગુરુણીશ્રી
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.

કોઈપણ કઠિન કામને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે સમર્પણભાવ એક માત્ર સાધન છે. જેમ જેમ આ મહત્તમ આગમનું અનુવાદકાર્ય આગળ વધતું ગયું તેમ તેમ જિનેશ્વર પરમાત્મા પ્રતિ આ સત્કાર્યના પ્રેરક શ્રદ્ધાસિંધુ પૂ. ગુરુદેવ પ્રતિ સમર્પણભાવ વધતો ગયો અને કાર્ય સહજતાથી આગળ વધતું ગયું.

શ્રી ભગવતી સૂત્ર ભાગ–૪માં શતક ૧૩ થી ૨૩નો સમાવેશ થાય છે. તેમાં દ્રવ્યાનુયોગની પ્રધાનતા છે તેમ છતાં ગોશાલકનું સાદ્યંત વિસ્તૃત જીવન ચરિત્ર ભગવાન મહાવીરનો સાધનાકાલ અને ત્યાર પછીની ઐતિહાસિક પરિસ્થિતિને પ્રગટ કરે છે.

આ ભાગમાં પ્રાયઃ ચાર ગતિના જીવો વિષયક વિવિધ દષ્ટિકોણથી પ્રશ્નોત્તર છે. દિશા, દિશાનું ઉદ્‌ગમસ્થાન, લોક, લોકસંસ્થાન, લોકના મધ્યભાગ વગેરે વિષયોનો સમાવેશ થયો હોવા છતાં પ્રધાનતા જીવતત્ત્વની છે.

પાઠકો સંસારી જીવની વિવિધ અવસ્થાઓને જાણી કર્મના ખેલને સમજી વૈરાગ્યભાવ પ્રગટ કરી શકે છે.

**પ્રસ્તુત સંસ્કરણ :–**

ભગવતી સૂત્રના અનેક સંસ્કરણ ઉપલબ્ધ હોવા છતાં ગુજરાતી ભાષીઓને લક્ષમાં લઈને ન અતિ વિસ્તૃત, ન અતિ સંક્ષિપ્ત, તેવા વિવેચન સહ પ્રસ્તુત સંસ્કરણ તૈયાર થયું છે. જેમાં મૂળપાઠ, કઠિન શબ્દાર્થ, ભાવાર્થ, વિષયાનુસાર શીર્ષકો, વિષયાનુસાર વિવેચન આપ્યું છે. વિષયબોધની સુગમતા, કઠિન વિષયોની સરળતા અને સ્પષ્ટતા માટે આવશ્યક્તાનુસાર ચાર્ટ તૈયાર કર્યા છે. જે સ્વાધ્યાયીઓ માટે અત્યંત ઉપયોગી છે. કથાનકોના પ્રારંભમાં તે કથાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. જેથી વાચકો કથાના સારભાગને શીઘ્ર પ્રાપ્ત કરી શકે છે. અંતે સંપૂર્ણ ભગવતી સૂત્રના વિશિષ્ટ વિષયોની અનુક્રમણિકા બનાવી તેનું વિષય પ્રમાણે સંકલન કર્યું છે.

આ રીતે અનેક પ્રકારે આ વિશાળકાય સૂત્રરાજના વિષયને મારા ક્ષયોપશમ અનુસાર સરળ અને સ્પષ્ટ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. જે જનજનના તત્ત્વબોધનું કારણ અને આચાર વિશુદ્ધિનું પ્રેરક બની શકશે તે નિર્વિવાદ છે.

શ્રી ભગવતીસૂત્રની વિશાળતાને લક્ષમાં લઈને તેનું પાંચ ભાગમાં વિભાજન કર્યું છે. જેમાં ભાગ–૧માં શતક ૧ થી ૪, ભાગ–૨ માં શતક ૫ થી ૭, ભાગ–૩માં શતક–૮ થી ૧૨, ભાગ–૪માં શતક–૧૩ થી ૨૩, ભાગ–૫માં શતક–૨૪ થી ૪૧નો સમાવેશ કર્યો છે.

શ્રુત પરંપરાને અક્ષુણ્ણ બનાવવાના પૂર્વાચાર્યોના પ્રકૃષ્ટ પ્રયત્નોમાં પ્રસ્તુત સંસ્કરણ નક્કર કડીનું કામ કરી રહ્યું છે.

**પ્રસ્તુત સંસ્કરણમાં આધારભૂત ગ્રંથો :–**

પ્રસ્તુત સંસ્કરણમાં મૂળપાઠમાં સૈલાના દ્વારા પ્રકાશિત શ્રી ભગવતી સૂત્રને આધારભૂત તરીકે સ્વીકાર્યું છે. તેમ જ અનેક સ્થાને યુવાચાર્ય મહાપ્રજ્ઞજી કૃત શ્રી ભગવતી સૂત્ર અંગ સુત્તાણિ ખંડ–૨ તથા 'મહાવીર જૈન વિદ્યાલયના ભગવતી સૂત્ર'ના આધારે પાઠનું સંશોધન કર્યું છે. ભાવાર્થ અને વિવેચનમાં નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિ કૃત સંસ્કૃત ટીકા, શ્રી બેચરદાસજી કૃત ભગવતી સૂત્ર, **સૈલાના–ભગવતી સૂત્ર,** યુવાચાર્ય શ્રી મધુકરમુનિ કૃત ભગવતી સૂત્ર, પૂ. ઘાસીલાલજી મ.સા. કૃત ભગવતી સૂત્ર, આગમ દિવાકર પૂ. જનક મુનિ મ. સા. લેખિત ભગવતી ઉપક્રમ, આગમ મનીષી પૂ. ત્રિલોક મુનિ મ.સા. લેખિત જૈનાગમ નવનીત ભાગ–૭ને આધારભૂત બનાવ્યા છે.

**આભાર દર્શન :–** આ ઉમદાકાર્યના ઉદ્‌ભવનું પ્રબળ નિમિત્ત પ્રાતઃ સ્મરણીય ઉપકારી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા. નું જન્મ શતાબ્દી વર્ષ છે.

જેમની ઉજ્જવળ પરંપરા રૂપ જિન શાસનમાં સ્થાન પામ્યા, આગમનું જ્ઞાન પામ્યા, જીવન જીવવાનું વિજ્ઞાન પામ્યા, તેવા અનંત ઉપકારી ગુરુવર્યોની ઉપકાર સ્મૃતિ નિમિત્તે અનાદિની અરતિને દૂર કરી, અખંડ **રતિ**–આનંદને પ્રાપ્ત કરવા આ વિશાળ આયોજનનું નિર્માણ થયું છે. આ આયોજનને પૂર્ણ કરવા મુખ્યતયા પૂ. મુક્ત–લીલમ ગુરુણી સહ તેમના પરિવારના સાધ્વીજીઓ પોતાનું યોગદાન આપી રહ્યા છે.

આજે ગુરુ પ્રાણ આગમ બત્રીસીનું એકવીસમું પુષ્પ પ્રકાશિત થઈ રહ્યું છે. આ પાવન પ્રસંગે સહુ પ્રથમ આગમ સ્રોત સમ ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી, સૂત્ર સંકલનકર્તા શ્રી સુધર્માસ્વામી, આગમલિપિબદ્ધકર્તા પૂર્વધર શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણને હૃદય પટ પર સ્થાપિત કરી શ્રદ્ધાપૂર્વક નતમસ્તકે વંદન કરું છું. જેણે આગમ સાહિત્યને પ્રવાહિત કર્યું, તેવા આચાર્ય ભગવંતો તથા મમ શ્રદ્ધામૂર્તિ પૂ. જય-માણેક-પ્રાણ-ગુરુવર પ્રતિ શ્રદ્ધાભાવ પ્રગટ કરું છું.

તેમ જ **અનંત ઉપકારી પૂ. તપસ્વી ગુરુદેવ !** શ્રી ભગવતી સૂત્રના પ્રકાશન સમયે આપ સ્મૃતિ પટ પર પધારો છો, આપના પાવન સાંનિધ્યમાં આપે બે બે વાર

શ્રી ભગવતી સૂત્રની વાચના કરાવી અને તે જ આગમ અનુવાદનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું. પારદષ્ટા એવા આપે ભાવિના ભાવને જાણીને જ કદાચ આ પ્રકારનું આયોજન કર્યું હોય તેમ વર્તમાને પ્રતીત થાય છે. આ વિશાળકાય ગ્રંથનું આલેખન તે મારી બુદ્ધિ અને શક્તિની બહારની વાત છે, તેમ છતાં તે કાર્ય સહજ, સરળ, સરસ રીતે નિર્વિઘ્ને પૂર્ણ થયું છે, તે આપની જ કૃપાનું અનન્ય પરિણામ છે.

જેઓએ પોતાના ગહન ચિંતન-મનન પૂર્વક 'શ્રી ભગવતી સૂત્રના ગૂઢાત્મક ભાવોની ઝાંખી' દ્વારા કેટલાય રહસ્યોને ઉદ્‌ઘાટિત કર્યા છે તેવા ગચ્છશિરોમણિ પૂજ્યપાદ શ્રી જયંતમુનિ મ.સા.ની જ્ઞાન ગરિમા અને ગુણગ્રાહી દષ્ટિ તે જ અમારું ગૌરવ છે.

આ પવિત્ર પળે વાણીભૂષણ પૂ. ગિરીશ મુનિ મ.સા.ના પાવન ચરણોમાં ભાવ-વંદન કરું છું.

આ આયોજનના પાયાના પથ્થર સમ, આગમ ભેખધારી પૂ. ત્રિલોકમુનિ મ.સા. જેઓ આગમ સંપાદન કાર્યની પૂર્ણતા માટે તપારાધના સહિત અપ્રમત્તભાવે, અખંડપણે કાર્ય કરી રહ્યા છે; તેમની આગમરુચિ અને કાર્ય કરવાનો ઉત્સાહ અમારા ઉત્સાહને વધારે છે. તેમણે પોતાની તીક્ષ્ણ પ્રજ્ઞાથી આ આગમનું સંશોધન કર્યું છે. યુવાસંત પૂ. નમ્રમુનિ મ.સા. તેમાં આવશ્યક સૂચનો કર્યા છે.

મારા અનંત ઉપકારી ગુરુણીદેવા પૂજ્યવરા પૂ. મુકતાબાઈ મ. એ અપાર વાત્સલ્ય વહાવી મારા કાર્યને વધાવ્યું છે.

જેને જિનવાણી પ્રતિ અતૂટ શ્રદ્ધા અને ગુરુવર્યો પ્રતિ અનન્ય ભક્તિભાવ છે, જેના તનમાં, મનમાં અને રોમેરોમમાં અનંત ઉપકારી પૂજ્ય શ્રી પ્રાણલાલજી મ.સા.ના નામથી પ્રારંભાયેલુ કાર્ય શીઘ્રતયા પૂર્ણ કરવાની એક જ લગન છે, કાર્યની પૂર્ણતા માટે કેટલાય કઠિનતમ નિયમો સહ જેઓ શ્રુત સેવામાં સમર્પિત થઈ ગયા છે, તેટલું જ નહીં તેઓશ્રીનો અમારા પર પડતો કૃપા પૂર્ણ દષ્ટિપાત અમારી ઉર્જાને પણ જાગૃત કરે છે, શક્તિને પુષ્ટ બનાવે છે અને કાર્ય કરવા માટે પ્રેરક બને છે, તેવા મુખ્ય સંપાદિકા મમ જીવન નૈયાના સુકાની, ગુરુણીમૈયા પૂ. લીલમબાઈ મ.એ મારા લેખનનું શુદ્ધિકરણ કર્યું છે.

આ મહાકાર્યના ઉદ્‌ભવિકા અમારા વડીલ ગુરુભગિની પૂ. ઉષાબાઈ મ., તેમજ મમ સંયમી જીવનના સહયોગિની ગુરુભગિની પૂ. વીરમતિબાઈ મ. આદિ સર્વ ઉપકારીઓ પ્રતિ હું કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરું છું. મમ સહચારિણી સાધ્વી સુબોધિકાએ પોતાની આગવી સૂઝ-બૂઝથી સહ સંપાદનની ફરજ અદા કરી છે. અમ ગુરુકુલવાસી પૂ. બિંદુબાઈ મ. આદિ સર્વ સતીજીઓ મારી સફળતાના સહયોગી છે.

શ્રી રોયલ પાર્ક સ્થા. જૈન મોટા સંઘ તથા શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશનના પ્રમુખ અને સક્રિય કાર્યકર્તા શ્રીયુત ચંદ્રકાંતભાઈ શેઠ વગેરે આ વિરાટ કાર્યને વેગવંતુ બનાવવા પુરુષાર્થ કરી શ્રુતસેવાનો અનોખો લાભ લઈ રહ્યા છે.

**આગમજ્ઞાન પ્રદાતા પૂજ્યવરોનો છે અનંત ઉપકાર,**
**ભગવદ્ ભાવો પ્રગટાવવા જિનવાણીનો કરું છું સત્કાર.**
**વિશ્વમાં ગુરુ 'પ્રાણ'નો વર્તી રહ્યો છે સદા જય જયકાર**
**સહભાગી બન્યા મુજ કાર્યમાં સહુનો કરું છું ઋણ સ્વીકાર....**

મારી અલ્પબુદ્ધિ સામર્થ્યે અને મંદ ક્ષયોપશમે શ્રી ભગવતી સૂત્રના ગંભીર ભાવોના રહસ્યોને હું સમજી ન શકી હોઉં અને શ્રુતલેખનમાં ભગવદ્વાણીની કોઈ પણ પ્રકારે આશાતના થઈ હોય તો પંચ પરમેષ્ઠી ભગવંતોની સાક્ષીએ મિચ્છામિ દુક્કડં.....

અંતે......

**ગણિપિટકનું ગૌરવ છે તું મા ભગવતી,**
**સુધર્માનું સંકલન સૂત્ર છે તું મા ભગવતી,**
**ગૌતમનો જિજ્ઞાસા સ્રોત છે તું મા ભગવતી,**
**ભવ્યજનોનો અંતસ્તોષ છે તું મા ભગવતી,**
**અહર્નિશ વંદન હો તુજને મા ભગવતી,**
**મુજ અંતઃસ્રોત પ્રવાહિત કરજે મા ભગવતી,**
**મુજ સંયમ ધનનું રક્ષણ કરજે મા ભગવતી,**
**મુજ ભગવદ્ ભાવોને પ્રગટાવજે તું મા ભગવતી.......**

**પૂ. મુક્ત–લીલમગુરુણીના સુશિષ્યા**

**સાધ્વી આરતી.**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી ભગવતી સૂત્ર

ગણધર રચિત પાંચમું અંગ

## ભાગ - ૪

## શતક : ૧૩ થી ૨૩

મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ

: અનુવાદિકા :
પૂ. ડૉ. આરતીબાઈ મ.

**આ કાલિકસૂત્ર છે. તેના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા તથા ચોથા પ્રહરમાં થઈ શકે છે.**

# શતક–૧૩

## પરિચય

આ શતકમાં દશ ઉદ્દેશકો છે. તેમાં વિવિધ વિષયો આ પ્રમાણે છે–

**પ્રથમ ઉદ્દેશકમાં** સાત નરકપૃથ્વીમાંથી રત્નપ્રભાદિ નરક પૃથ્વીના નરકાવાસોની સંખ્યા, વિસ્તાર આદિ ૩૯ પ્રશ્નોત્તર તેમજ ઉત્પત્તિ, ઉદ્‌વર્તના, સમ્યગ્‌દૃષ્ટિ, મિથ્યાદષ્ટિ, લેશ્યા પરિવર્તન આદિ વિષયોનું વિશદ વિશ્લેષણ છે.

**બીજા ઉદ્દેશકમાં** ચાર પ્રકારના દેવો, તેના આવાસો, લેશ્યા, દર્શન, જ્ઞાન આદિ અનેક પ્રકારે દેવ વિષયક પ્રતિપાદન છે.

**ત્રીજા ઉદ્દેશકમાં** પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક નૈરયિકોની ઉત્પત્તિ સમયે આહાર, શરીરોત્પત્તિ, લોમાહારાદિ દ્વારા પુદ્‌ગલ ગ્રહણ, ઈન્દ્રિયાદિ રૂપે પરિણમન, શબ્દાદિ વિષયોના ઉપયોગ દ્વારા પરિચારણા અને વિવિધ રૂપોની વિકુવર્ણા આદિનું નિરૂપણ છે.

**ચોથા ઉદ્દેશકમાં** સાત નરક પૃથ્વીનો ઉલ્લેખ કરીને તેના નરકાવાસોની સંખ્યા, વિશાળતા, વિસ્તાર, આકાશાંતર, પ્રવેશ, સંકીર્ણતા-વ્યાપકતા, અલ્પકર્મતા-મહાકર્મતા, અલ્પક્રિયા-મહાક્રિયા, અલ્પાશ્રવ-મહાશ્રવ, અલ્પવેદના-મહાવેદના, અલ્પઋદ્ધિ-મહાઋદ્ધિ, અલ્પદ્યુતિ-મહાદ્યુતિ ઈત્યાદિ તેર દ્વારોની અપેક્ષાએ વિષયોનું પ્રતિપાદન છે. અંતે ત્રણે લોકના ક્ષેત્રની અપેક્ષાએ અલ્પબહુત્વનું નિરૂપણ છે.

**પાંચમા ઉદ્દેશકમાં** નૈરયિકોના આહાર સંબંધી પ્રતિપાદન છે.

**છઠ્ઠા ઉદ્દેશકમાં** ચોવીસ દંડકોની સાન્તર-નિરંતર ઉત્પત્તિ-ઉદ્વર્તના સંબંધી નિરૂપણ, ચમરચંચા આવાસનું સ્વરૂપ, ચમરેન્દ્રના આવાસ અને ત્યાર પછી ઉદાયન નરેશ અને અભીચિકુમારના જીવન વૃત્તાંતનું વર્ણન છે.

**સાતમા ઉદ્દેશકમાં** ભાષા, મન, કાયા આદિના પ્રકાર, સ્વરૂપ તથા આત્માથી તેની ભિન્નતા-અભિન્નતાનું વર્ણન છે. અંતે મરણના ભેદ-પ્રભેદ, સ્વરૂપ આદિનું પ્રતિપાદન છે.

**આઠમા ઉદ્દેશકમાં** પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક આઠ મૂલકર્મ પ્રકૃતિઓ, તેનું સ્વરૂપ, બંધ, સ્થિતિ આદિનું વર્ણન છે.

**નવમા ઉદ્દેશકમાં** વિવિધ દષ્ટાંતો દ્વારા ભાવિતાત્મા અણગારનું લબ્ધિસામર્થ્ય અને વૈક્રિય-શક્તિનું પ્રતિપાદન છે.

**દશમા ઉદ્દેશકમાં :–** પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક છદ્મસ્થોના છ સમુદ્‌ઘાતોનું સ્વરૂપ તથા તેના પ્રયોજનનું પ્રતિપાદન છે.

આ રીતે પ્રસ્તુત શતકમાં આત્માની વિવિધ અવસ્થાઓની વિવિધ દષ્ટિકોણથી વિચારણા કરવામાં આવી છે.

❖❖❖❖❖

# શતક–૧૩ : ઉદ્દેશક–૧

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં સાત નરકમાં (૧) ઉત્પન્ન થનારા (૨) મૃત્યુ પામનારા(મરનારા) અને (૩) ત્યાં રહેનારા જીવો વિષયક વિવિધ પ્રશ્નોત્તર છે અને અંતે લેશ્યા પરિણમન સંબંધી સંક્ષેપમાં પ્રશ્નોત્તર છે.

★ જીવ જ્યારે કોઈ પણ સ્થાનમાં ઉત્પન્ન થાય ત્યારે તે સ્થાનને અનુરૂપ યોગ્યતા હોવી જરૂરી છે. સૂત્રકારે તે યોગ્યતા ઉપપાત, પરિમાણ(ઉત્પત્તિ સંખ્યા), લેશ્યા-૧, પક્ષ-૨, સંજ્ઞી-૨, ભવી-૨, જ્ઞાન-૩, અજ્ઞાન-૩, દર્શન-૩, સંજ્ઞા-૪, વેદ-૩, કષાય-૪, ઈન્દ્રિય-૫, નોઈન્દ્રિય-૧, યોગ-૩, ઉપયોગ-૨, ઈત્યાદિ ૩૯ પ્રશ્નોત્તર દ્વારા સ્પષ્ટ કરી છે.

★ પહેલી નરકમાં ૩૦ લાખ, બીજી નરકમાં ૨૫ લાખ, ત્રીજી નરકમાં ૧૫ લાખ, ચોથી નરકમાં ૧૦ લાખ, પાંચમી નરકમાં ત્રણ લાખ, છઠ્ઠી નરકમાં એક લાખમાં પાંચ ઓછા–૯૯,૯૯૫(નવાણું હજાર નવસો પંચાણું) અને સાતમી નરકમાં પાંચ નરકાવાસ છે. તેમાં કેટલાક સંખ્યાત યોજન અને કેટલાક અસંખ્યાત યોજન વિસ્તૃત છે. તેમાં ક્રમશઃ સંખ્યાત અને અસંખ્યાત નૈરયિકો ઉત્પન્ન થાય છે.

★ પહેલી-બીજી નરકમાં કાપોતલેશી, ત્રીજી નરકમાં કાપોત અને નીલલેશી, ચોથી નરકમાં નીલ લેશી, પાંચમી નરકમાં નીલ અને કૃષ્ણ લેશી, છઠ્ઠી નરકમાં કૃષ્ણલેશી, સાતમી નરકમાં મહાકૃષ્ણલેશી જીવો ઉત્પન્ન થાય છે.

★ પ્રથમ નરકમાં ચક્ષુદર્શની, સ્ત્રીવેદ, પુરુષવેદ, પાંચ ઈન્દ્રિય, મનોયોગ અને વચનયોગ સહિત જીવોની ઉત્પત્તિ થતી નથી. ચક્ષુદર્શન આદિ ઉપરોક્ત ભાવો પર્યાપ્તાવસ્થામાં જ હોય છે. ઉત્પન્ન થનાર પ્રત્યેક નારકી પહેલાં અપર્યાપ્ત હોય છે અને પછી પર્યાપ્ત થાય છે. નરકમાં તથાપ્રકારના સ્વભાવના કારણે સ્ત્રીવેદ અને પુરુષવેદ નથી. તેથી નારકો એકાંત નપુંસકવેદી હોય છે.

શેષ કૃષ્ણપાક્ષિક-શુક્લપાક્ષિક આદિ ૨૮ બોલ સહિત જીવની ઉત્પત્તિ થાય છે. તે બોલ અપર્યાપ્ત જીવો માટે સંભવિત છે.

★ અસંજ્ઞી જીવો પ્રથમ નરકમાં જ ઉત્પન્ન થાય છે. તેથી ત્યાર પછીની નરકમાં અસંજ્ઞી જીવોનો નિષેધ કરતાં ૨૭ બોલ સહિત ઉત્પત્તિ દર્શાવી છે.

★ સાતમી નરકમાં એકાંત મિથ્યાત્વી જીવોની જ ઉત્પત્તિ થાય છે, તેથી તેઓને ત્રણ જ્ઞાન હોતા નથી; આ રીતે ઉક્ત ૨૭માં ત્રણ બાદ કરતાં ૨૪ બોલ સહિત જીવની ઉત્પત્તિ થાય છે.

★ પ્રથમ છ નરકમાં સમકિતી અને મિથ્યાત્વી બંને પ્રકારના જીવો ઉત્પન્ન થાય છે. સાતમી નરકમાં એકાંત મિથ્યાત્વી જીવોની ઉત્પત્તિ થાય છે. ઉત્પત્તિ કે મૃત્યુ સમયે કોઈ પણ જીવને મિશ્રદષ્ટિ હોતી નથી.

★ નરકગતિમાંથી નીકળીને અન્યત્ર ઉત્પન્ન થવું તેને **ઉદ્વર્તના** કહે છે. પરભવના પ્રથમ સમયે ઉદ્વર્તના થાય છે. તેના સંબંધમાં પણ ૩૯ પ્રશ્નોત્તર છે. જીવ જ્યાં ઉત્પન્ન થાય છે ત્યાં ૩૯ બોલમાંથી કેટલાક બોલ સાથે લઈને પરભવમાં જાય છે.

★ પ્રથમ ત્રણ નરકમાંથી જીવ ૨૮ બોલ સહિત નીકળે છે. પૂર્વોકત ૩૯ બોલમાંથી (૧) ઉદ્વર્તન પરિમાણ– તેમાં જઘન્ય એક,બે,ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાત નારકોનું ઉદ્વર્તન થાય છે. શેષ ૩૮ બોલમાંથી અસંજ્ઞી વિભંગજ્ઞાન, ચક્ષુદર્શન, પાંચ ઇન્દ્રિય, મનોયોગ અને વચનયોગ, આ દશ બોલને છોડીને શેષ ૨૮ બોલ સહિત જીવ નીકળે છે. નારકો મરીને અસંજ્ઞીમાં ઉત્પન્ન થતા નથી. તેમજ નરકમાંથી કોઈ પણ જીવ વિભંગજ્ઞાન લઈને નીકળતા નથી, તેથી તેનો નિષેધ કર્યો છે. નારકો મરીને સ્ત્રી, પુરુષ કે નપુંસક ત્રણે વેદ પ્રાપ્ત કરી શકે છે તેથી તેનો નિષેધ કર્યો નથી. શેષ કથન ઉત્પત્તિની સમાન છે.

★ ચોથી, પાંચમી અને છઠ્ઠી નરકમાંથી જીવ ૨૬ બોલ સહિત નીકળે છે. પૂર્વોક્ત ૨૮ બોલમાંથી અવધિજ્ઞાન અને અવધિદર્શનને છોડીને જીવો આ ત્રણ નરકમાંથી નીકળે છે. પ્રથમની ત્રણ નરકમાંથી નીકળતા જે જીવ તીર્થંકરની પદવી અથવા કોઈ વિશિષ્ટ પદવી પામવાના હોય તો તે જીવ અવધિજ્ઞાન-દર્શન સહિત નીકળે છે. તેથી ત્યાર પછીની નરકમાંથી અવધિજ્ઞાન દર્શન લઈને નીકળવાનો નિષેધ કર્યો છે.

★ સાતમી નરકમાંથી નીકળતા જીવ એકાંત મિથ્યાત્વી હોય છે. તેમાં મતિ, શ્રુતજ્ઞાન પણ હોતું નથી, માત્ર અજ્ઞાન જ હોય છે. તેથી પૂર્વોક્ત ૨૬ બોલમાંથી બે જ્ઞાન નીકળતાં ૨૪ બોલ શેષ રહે છે. શેષ કથન ઉત્પત્તિની સમાન છે.

★ વાટે વહેતા સમયને બાદ કરતાં, શેષ સમયગત જીવો સ્થાન સ્થિત(વિદ્યમાન) કહેવાય છે. સાતે નરકમાં વિદ્યમાન જીવોની ઋદ્ધિ વિષયક ૪૯ પ્રશ્નોત્તર છે. ૩૯ પ્રશ્નો પૂર્વવત્ છે અને અનંતરોપપન્નક, પરંપરોપપન્નક, અનંતરાવગાઢ, પરંપરાવગાઢ, અનંતરાહારક, પરંપરાહારક, અનંતરપર્યાપ્તક, પરંપરપર્યાપ્તક, ચરમ અને અચરમ, આ દશ બોલને ઉમેરતા ૪૯ પ્રશ્નો થાય છે.

★ પ્રથમ નરકમાં અસંજ્ઞી તથા માન, માયા અને લોભકષાયી, નોઇન્દ્રિયોપયુક્ત, અનંતરોપપન્નક, અનંતરાવગાઢ અનંતરાહારક, અનંતર પર્યાપ્તક જીવો કયારેક હોય અને કયારેક હોતા નથી.

અસંજ્ઞી જીવો પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય ત્યારે અપર્યાપ્તાવસ્થામાં તે અસંજ્ઞી રહે છે, ત્યાર પછી સંજ્ઞી થઈ જાય છે. તેથી ઉત્પત્તિના વિરહકાલમાં અસંજ્ઞીનો અભાવ હોય છે. તે ઉપરાંત અનંતરોપપન્નક આદિ બોલ પણ વિરહકાલમાં હોતા નથી. નારકોમાં ક્રોધ કષાયી જીવો હંમેશાં હોય છે. માન, માયા અને લોભ કષાયી જીવો હંમેશાં હોતા નથી. તેથી તે બોલમાં વિકલ્પ છે. સ્ત્રીવેદી અને પુરુષવેદી જીવો નરકમાં હોતા નથી અને શેષ બોલની સત્તા હંમેશાં હોય છે.

★ બીજીથી સાતમી નરકમાં અસંજ્ઞી જીવો હોતા નથી. શેષ સર્વ કથન પ્રથમ નરકની સમાન છે. સાતમી નરકમાં ઉત્પત્તિ કે મરણ સમયે જીવો એકાંત મિથ્યાત્વી હોવા છતાં તેના જીવનકાલ દરમ્યાન કેટલાક જીવો સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે તેથી સ્થાનસ્થિત જીવોમાં સમ્યગ્દર્શન અને ત્રણ જ્ઞાનનું ગ્રહણ કર્યું છે.

★ ભાવ લેશ્યા તે આત્મ પરિણામ સ્વરૂપ છે, તેમાં પરિવર્તન થયા કરે છે પરંતુ જીવને જે ભવમાં ઉત્પન્ન થવાનું છે તેને યોગ્ય ભાવ લેશ્યા મૃત્યુ સમયે અવશ્ય આવી જાય છે. કૃષ્ણલેશી આદિ કોઈ પણ લેશ્યાના પરિણામવાળો જીવ લેશ્યાના પરિણામાંતરને પામીને કાપોતલેશી થઈને રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થઈ શકે છે. આ રીતે જીવ સ્થાનને યોગ્ય લેશ્યા અંત સમયે પામીને તે સ્થાનમાં ઉત્પન્ન થઈ શકે છે.

આ રીતે આ ઉદ્દેશકમાં નૈરયિક જીવના આત્મપરિણામોની યોગ્યતાને વિશેષ પ્રકારે સ્પષ્ટ કરી છે.

❖❖❖❖❖

# શતક–૧૩ : ઉદ્દેશક–૧

## પૃથ્વી

**ઉદ્દેશકોનાં નામ :–**

**૧** **पुढवी देव-मणंतर, पुढवी आहारमेव उववाए ।**
**भासा कम्म अणगारे, केयाघडिया समुग्घाए ॥**

**ગાથાર્થ–** તેરમા શતકના દશ ઉદ્દેશક છે, તેના નામ આ રીતે છે– (૧) પૃથ્વી (૨) દેવ (૩) અનન્તર (૪) પૃથ્વી (૫) આહાર (૬) ઉપપાત (૭) ભાષા (૮) કર્મ (૯) અણગારમાં કેયાઘટિકા અને (૧૦) સમુદ્‌ઘાત

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં મુખ્ય અથવા આદ્ય વિષયના આધારે આ શતકના ઉદ્દેશકોનાં નામ સૂચિત કર્યા છે.

**૧ पुढवी :–** સાત નરક પૃથ્વીમાં ઉત્પન્ન થતા, મૃત્યુ પામતા અને તે સ્થાનમાં સ્થિત જીવો વિષયક પ્રતિપાદન હોવાથી પ્રથમ ઉદ્દેશકનું નામ 'પૃથ્વી' છે.

**૨ देव :–** ચાર જાતિના દેવોની ઉત્પત્તિ આદિ વિષયક પ્રરૂપણા હોવાથી બીજા ઉદ્દેશકનું નામ 'દેવ' છે.

**३ अणंतर :–** નૈરયિકોના અનંતરાહાર વિષયક અતિદેશાત્મક કથન હોવાથી ત્રીજા ઉદ્દેશકનું નામ 'અનંતર' છે.

**४ पुढवी :–** નરકાવાસોના વિસ્તારની તરતમતા આદિ વિષયોનું પ્રતિપાદન છે, તેમ છતાં પ્રથમ પ્રશ્ન પૃથ્વી વિષયક હોવાથી ચોથા ઉદ્દેશકનું નામ 'પૃથ્વી' છે.

**५ आहार :–** નૈરયિકોના આહાર વિષયક અતિદેશાત્મક કથન હોવાથી પાંચમા ઉદ્દેશકનું નામ 'આહાર' છે.

**६ उववाए :–** પ્રારંભમાં નૈરયિકની સાન્તર-નિરંતર ઉત્પત્તિ વિષયક પ્રશ્નો હોવાથી છટ્ઠા ઉદ્દેશકનું નામ 'ઉપપાત-ઉત્પત્તિ' છે.

**७ भासा :–** પ્રથમ પ્રશ્ન ભાષા વિષયક હોવાથી સાતમા ઉદ્દેશકનું નામ 'ભાષા' છે.

**८ कम्म :–** કર્મ પ્રકૃતિ વિષયક અતિદેશાત્મક વર્ણન હોવાથી આઠમા ઉદ્દેશકનું નામ 'કર્મ' છે.

**९ अणगार :–** અણગારની વૈક્રિયશક્તિ વિષયક પ્રરૂપણા હોવાથી નવમા ઉદ્દેશકનું નામ 'અણગાર' છે.

**१० समुग्घाए :–** છાદ્મસ્થિક સમુદ્‌ઘાતનું નિરૂપણ હોવાથી દશમા ઉદ્દેશકનું નામ 'સમુદ્‌ઘાત' છે.

**નરકપૃથ્વી, નરકાવાસોની સંખ્યા અને વિસ્તાર :–**

**૨** **रायगिहे** *जाव* **एवं वयासी– कइ णं भंते ! पुढवीओ पण्णत्ताओ ? गोयमा ! सत्त पुढवीओ पण्णत्ताओ, तं जहा– रयणप्पभा** *जाव* **अहेसत्तमा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! નરક પૃથ્વીઓ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નરક પૃથ્વીઓ સાત છે, યથા– રત્નપ્રભા ***યાવત્*** અધઃસપ્તમ પૃથ્વી.

**૩** **इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए केवइया णिरयावास-सयसहस्सा पण्णत्ता? गोयमा ! तीसं णिरयावास-सयसहस्सा पण्णत्ता ।**

**ते णं भंते ! किं संखेज्जवित्थडा, असंखेज्जवित्थडा ? गोयमा ! संखेज्जवित्थडा वि असंखेज्जवित्थडा वि ।**

**શબ્દાર્થ :–** **संखेज्ज वित्थडा**=સંખ્યેય વિસ્તૃત **असंखेज्ज वित्थडा**=અસંખ્યેય વિસ્તૃત.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલા લાખ નરકાવાસ છે ? **ઉત્તર–** હે ગૌતમ! ત્રીસ લાખ નરકાવાસ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! શું તે નરકાવાસ સંખ્યાત યોજન વિસ્તૃત છે કે અસંખ્યાત યોજન વિસ્તૃત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સંખ્યાત યોજન વિસ્તૃત પણ છે અને અસંખ્યાત યોજન વિસ્તૃત પણ છે.

**પ્રથમ નરકના નરકાવાસોમાં ઉત્પત્તિ આદિ :–**

**૪** **इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए णिरयावास-सयसहस्सेसु संखेज्ज-वित्थडेसु णरएसु एगसमएणं केवइया णेरइया उववज्जंति ? केवइया काउलेस्सा उववज्जंति? केवइया कण्हपक्खिया उववज्जंति ? केवइया सुक्कपक्खिया उववज्जंति? केवइया सण्णी उववज्जंति ? केवइया असण्णी उववज्जंति ? केवइया भवसिद्धिया उववज्जंति ? केवइया अभवसिद्धिया उवज्जंति ? केवइया आभिणिबोहियणाणी उववज्जंति? केवइया सुयणाणी उववज्जंति ? केवइया ओहिणाणी उववज्जंति ? केवइया मइअण्णाणी उववज्जंति? केवइया सुयअण्णाणी उववज्जंति ? केवइया विब्भंगणाणी उववज्जंति ? केवइया चक्खुदंसणी उववज्जंति ? केवइया अचक्खुदंसणी उववज्जंति ? केवइया ओहिदंसणी उववज्जंति ? केवइया आहारसण्णोवउत्ता उववज्जंति ? केवइया भयसण्णोवउत्ता उववज्जंति? केवइया मेहुणसण्णोवउत्ता उववज्जंति ? केवइया परिग्गहसण्णोवउत्ता उववज्जंति ? केवइया इत्थिवेयगा उववज्जंति ? केवइया पुरिसवेयगा उववज्जंति ? केवइया णपुंसगवेयगा उववज्जंति ? केवइया कोहकसायी उववज्जंति** *जाव* **केवइया लोभकसायी उववज्जंति ? केवइया सोइंदियउवउत्ता उववज्जंति** *जाव* **केवइया**

फासिंदियोवउत्ता उववज्जंति ? केवइया णोइंदियोवउत्ता उववज्जंति ? केवइया मणजोगी उववज्जंति ? केवइया वइजोगी उववज्जंति? केवइया कायजोगी उववज्जंति ? केवइया सागारोवउत्ता उववज्जंति ? केवइया अणागारोवउत्ता उववज्जंति ?

गोयमा ! इमीसे णं रयणप्पभाए पुढवीए तीसाए णिरयावाससयसहस्सेसु संखेज्ज-वित्थडेसु णरएसु जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा उक्कोसेणं संखेज्जा णेरइया उववज्जंति । जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा काउलेस्सा उववज्जंति । जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा कण्हपक्खिया उववज्जंति । एवं सुक्कपक्खिया वि । एवं सण्णी, एवं असण्णी वि । एवं भवसिद्धिया, एवं अभवसिद्धिया वि । आभिणिबोहियणाणी, सुयणाणी, ओहिणाणी, मइअण्णाणी, सुयअण्णाणी, विभंगणाणी एवं चेव । चक्खुदंसणी ण उववज्जंति । जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा अचक्खुदंसणी उववज्जंति। एवं ओहिदंसणी वि। एवं आहारसण्णोवउत्ता वि *जाव* परिग्गहसण्णोवउत्ता वि । इत्थिवेयगा ण उववज्जंति । पुरिसवेयगा वि ण उववज्जंति । जहण्णेणं एक्को वा दो वा, तिण्णि वा, उक्कोसेणं संखेज्जा णपुंसगवेयगा उववज्जंति । एवं कोहकसायी *जाव* लोभकसायी । सोइंदियोवउत्ता ण उववज्जंति एवं *जाव* फासिंदियोवउत्ता ण उववज्जंति । जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा णोइंदियोवउत्ता उववज्जंति। मणजोगी ण उववज्जंति, एवं वइजोगी वि, जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा कायजोगी उववज्जंति । एवं सागारोवउत्ता वि, एवं अणागारोवउत्ता वि ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી સંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસમાં (૧) એક સમયમાં કેટલા નૈરયિક જીવો ઉત્પન્ન થાય છે ? (૨) કેટલા કાપોતલેશી નૈરયિકો ઉત્પન્ન થાય છે ? (૩) કેટલા કૃષ્ણપાક્ષિક જીવો ઉત્પન્ન થાય છે ? (૪) કેટલા શુક્લપાક્ષિક જીવો ઉત્પન્ન થાય છે ? (૫) કેટલા સંજ્ઞી જીવો ઉત્પન્ન થાય છે ? (૬) કેટલા અસંજ્ઞી જીવો ઉત્પન્ન થાય છે ? (૭) કેટલા ભવ્યસિદ્ધિક જીવો ઉત્પન્ન થાય છે ? (૮) કેટલા અભવ્યસિદ્ધિક જીવો ઉત્પન્ન થાય છે ? (૯) કેટલા આભિનિબોધિકજ્ઞાની (મતિજ્ઞાની) ઉત્પન્ન થાય છે ? (૧૦) કેટલા શ્રુતજ્ઞાની ઉત્પન્ન થાય છે ? (૧૧) કેટલા અવધિજ્ઞાની ઉત્પન્ન થાય છે ? (૧૨) કેટલા મતિઅજ્ઞાની ઉત્પન્ન થાય છે ? (૧૩) કેટલા શ્રુત અજ્ઞાની ઉત્પન્ન થાય છે ? (૧૪) કેટલા વિભંગજ્ઞાની ઉત્પન્ન થાય છે ? (૧૫) કેટલા ચક્ષુદર્શની ઉત્પન્ન થાય છે ? (૧૬) કેટલા અચક્ષુદર્શની ઉત્પન્ન થાય છે ? (૧૭) કેટલા અવધિદર્શની ઉત્પન્ન થાય છે ? (૧૮) કેટલા આહાર સંજ્ઞોપયુક્ત ઉત્પન્ન થાય છે ? (૧૯) કેટલા ભયસંજ્ઞોપયુક્ત ઉત્પન્ન થાય છે ? (૨૦) કેટલા મૈથુન સંજ્ઞોપયુક્ત ઉત્પન્ન થાય છે ? (૨૧) કેટલા પરિગ્રહ સંજ્ઞોપયુક્ત ઉત્પન્ન થાય છે (૨૨) કેટલા સ્ત્રીવેદી ઉત્પન્ન થાય છે? (૨૩) કેટલા પુરુષવેદી ઉત્પન્ન થાય છે ? (૨૪) કેટલા નંપુસકવેદી ઉત્પન્ન થાય છે (૨૫) કેટલા ક્રોધકષાયી ઉત્પન્ન થાય છે ? (૨૬) કેટલા માનકષાયી ઉત્પન્ન થાય છે ? (૨૭) કેટલા માયા કષાયી ઉત્પન્ન થાય છે ? (૨૮) કેટલા લોભકષાયી ઉત્પન્ન થાય છે ? (૨૯) કેટલા શ્રોતેન્દ્રિયોપયુક્ત ઉત્પન્ન થાય

છે ? (૩૦થી૩૩) ***યાવત્*** કેટલા સ્પર્શેન્દ્રિયોપયુક્ત ઉત્પન્ન થાય છે ? (૩૪) કેટલા નોઇન્દ્રિયોપયુક્ત ઉત્પન્ન થાય છે ? (૩૫) કેટલા મનયોગી ઉત્પન્ન થાય છે ? (૩૬) કેટલા વચનયોગી ઉત્પન્ન થાય છે ? (૩૭) કેટલા કાયયોગી ઉત્પન્ન થાય છે ? (૩૮) કેટલા સાકારોપયોગી ઉત્પન્ન થાય છે ? (૩૯) કેટલા અનાકારોપયોગી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી સંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસોમાં એક સમયમાં (૧) જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત નૈરયિકો ઉત્પન્ન થાય છે. (૨) જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત કાપોતલેશી જીવો ઉત્પન્ન થાય છે. (૩) જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત કૃષ્ણપાક્ષિક જીવો ઉત્પન્ન થાય છે. આ જ રીતે (૪) શુકલપાક્ષિક (૫) સંજ્ઞી (૬) અસંજ્ઞી (૭) ભવસિદ્ધિક (૮) અભવસિદ્ધિક (૯) આભિનિબોધિકજ્ઞાની (૧૦) શ્રુતજ્ઞાની (૧૧) અવધિજ્ઞાની (૧૨) મતિ અજ્ઞાની (૧૩) શ્રુત અજ્ઞાની (૧૪) વિભંગજ્ઞાની જીવો ઉત્પન્ન થાય છે. (૧૫) ચક્ષુદર્શની ઉત્પન્ન થતા નથી. (૧૬) જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત અચક્ષુદર્શની ઉત્પન્ન થાય છે. આ રીતે જ (૧૭) અવધિદર્શની (૧૮) આહારસંજ્ઞોપયુક્ત (૧૯) ભયસંજ્ઞોપયુક્ત (૨૦) મૈથુનસંજ્ઞોપયુક્ત (૨૧) પરિગ્રહ સંજ્ઞોપયુક્ત જીવો ઉત્પન્ન થાય છે. (૨૨) સ્ત્રીવેદી ઉત્પન્ન થતા નથી. (૨૩) પુરુષવેદી પણ ઉત્પન્ન થતા નથી. (૨૪) જઘન્ય એક, બે અથવા ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત નંપુસકવેદી ઉત્પન્ન થાય છે. (૨૫–૨૮) ક્રોધ કષાયીથી લોભ કષાયી પર્યંતના જીવો ઉત્પન્ન થાય છે. (૨૯–૩૩) શ્રોતેન્દ્રિયથી સ્પર્શેન્દ્રિય પર્યંતની ઇન્દ્રિયના ઉપયોગ યુક્ત જીવો ત્યાં ઉત્પન્ન થતા નથી. (૩૪) જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત નોઇન્દ્રિયના ઉપયોગયુક્ત જીવો ઉત્પન્ન થાય છે. (૩૫–૩૬) મનયોગી અને વચનયોગી ઉત્પન્ન થતા નથી. (૩૭) જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત કાયયોગી ઉત્પન્ન થાય છે. (૩૮–૩૯) આ રીતે જ સાકારોપયોગી અને અનાકારોપયોગી જીવો ઉત્પન્ન થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રથમ નરકમાં ઉત્પન્ન થનારા જીવોના વિષયમાં ૩૯ પ્રશ્નોત્તર છે. તેમાં (૧) ઉપપાત પરિમાણ– સંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસમાં સંખ્યાતા નારકો ઉત્પન્ન થાય છે. શેષ ૩૮ પ્રશ્નગત ભાવો આત્મ પરિણામરૂપ છે. તેમાં કેટલાક ભાવો પર્યાપ્ત અવસ્થામાં જ પ્રગટ થાય છે. તે ભાવો પર્યાપ્ત અવસ્થા સાપેક્ષ છે જ્યારે કેટલાક ભાવો અપર્યાપ્તાવસ્થાથી જ હોય છે, જેમ કે– લેશ્યા, જ્ઞાન, અજ્ઞાન, દર્શન, કષાય, ભવી, અભવી, કૃષ્ણપાક્ષિક, શુકલપાક્ષિક, સંજ્ઞા આદિ. તે ભાવો ઉત્પત્તિના સમયે અને પછી પર્યાપ્તાવસ્થામાં પણ હોય છે પરંતુ શ્રોતેન્દ્રિયાદિનો ઉપયોગ, ચક્ષુદર્શન, મનોયોગ, વચનયોગ આદિ ઇન્દ્રિય સાપેક્ષ ભાવો પર્યાપ્તાવસ્થામાં જ હોય છે, તે ભાવો ઉત્પત્તિ સમયે અપર્યાપ્તાવસ્થામાં હોતા નથી.

**લેશ્યા :–** પ્રસ્તુત સૂત્રમાં કેવળ રત્નપ્રભા પૃથ્વીની જ પૃચ્છા છે અને તેમાં એક કાપોત લેશ્યા જ હોય છે. કૃષ્ણાદિ અન્ય લેશ્યા નથી. તેથી અહીં કાપોતલેશ્યા વિષયક પ્રશ્ન હોવાથી ૩૯ બોલમાં લેશ્યાનો એક જ બોલ છે. ઉત્પત્તિ સ્થાનની જે લેશ્યા હોય છે, તે જ લેશ્યા સહિત જીવ ઉત્પન્ન થાય છે.

**કૃષ્ણપાક્ષિક-શુક્લપાક્ષિક :–** જે જીવોનો સંસાર પરિભ્રમણકાલ અર્દ્ધ પુદ્ગલ પરાવર્તનથી કંઈક ન્યૂન હોય, તે શુક્લપાક્ષિક કહેવાય છે. જે જીવોનો સંસાર પરિભ્રમણકાલ તેનાથી અધિક હોય, તે કૃષ્ણપાક્ષિક કહેવાય છે.

**जेसिमवड्ढो पोग्गल परियट्टो, सेसओ उ संसारो ।**
**ते सुक्कपक्खिया खलु, अहिगे पुण कण्हपक्खिया ॥**

**સંજ્ઞી અને અસંજ્ઞી :–** સર્વ નારકો સંજ્ઞી જ હોય છે, તેમ છતાં પ્રથમ નરકમાં સંજ્ઞી મનુષ્ય, સંજ્ઞી તિર્યંચ અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય ઉત્પન્ન થાય છે. તે અપેક્ષાથી સંજ્ઞી અને અસંજ્ઞી બંને જીવોની ઉત્પત્તિ કહી છે.

**ચક્ષુદર્શની :–** ઉત્પત્તિ સમયે જીવને દ્રવ્ય ઇન્દ્રિયો હોતી નથી અને દ્રવ્ય ઇન્દ્રિય વિના ચક્ષુદર્શન શક્ય નથી, તેથી તેનો નિષેધ કર્યો છે. ઇન્દ્રિય અને મન ન હોવા છતાં સામાન્ય ઉપયોગ રૂપ અચક્ષુદર્શન ઉત્પત્તિના સમયે પણ હોય છે, તેથી અહીં અચક્ષુદર્શનનો નિષેધ કર્યો નથી.

**સ્ત્રીવેદી આદિ :–** નરકમાં ભવસ્વભાવથી જ સ્ત્રીવેદ અને પુરુષવેદ નથી, કેવળ નપુંસક વેદ જ હોય છે. તેથી સ્ત્રીવેદી કે પુરુષવેદીની ઉત્પત્તિનો નિષેધ કર્યો છે.

**શ્રોતેન્દ્રિય આદિ :–** પાંચ ઇન્દ્રિયના વ્યાપાર રૂપ ઉપયોગને ઇન્દ્રિયોપયોગ કહે છે અને સામાન્ય ચેતના રૂપ ઉપયોગને નોઇન્દ્રિયોપયોગ કહે છે. ઉત્પત્તિના સમયે દ્રવ્યેન્દ્રિય ન હોવાથી તેના વ્યાપાર રૂપ ઇન્દ્રિયોપયોગ પણ હોતો નથી પરંતુ ઉત્પત્તિના સમયે સામાન્ય ચેતનારૂપ ઉપયોગ હોવાથી નોઇન્દ્રિયોપયુક્ત જીવ ઉત્પન્ન થાય છે. અહીં નોઇન્દ્રિય શબ્દ આત્મપરિણામનો વાચક છે.

**મનયોગી આદિ :–** ઉત્પત્તિના સમયે જીવ અપર્યાપ્ત હોય છે, તેથી પર્યાપ્તાવસ્થામાં પ્રાપ્ત થનાર મન અને વચન યોગનો અભાવ હોય છે. સંસારી જીવને કાયયોગ તો સદૈવ રહે છે, તેથી તેનો નિષેધ કર્યો નથી.

**સંખ્યાતની ઉત્પત્તિ :–** સંખ્યાત યોજન વિસ્તૃત નરકવાસમાં સંખ્યાત નૈરયિકો જ ઉત્પન્ન થઈ શકે છે. તેથી સર્વ ભાવોમાં સંખ્યાત નૈરયિકો ઉત્પન્ન થાય છે.

આ રીતે ઉત્પત્તિ સમયે પ્રથમ નરકમાં શેષ ૩૮ બોલોમાંથી ચક્ષુદર્શન, સ્ત્રીવેદ, પુરુષવેદ, પાંચ ઇન્દ્રિય, મનોયોગ અને વચનયોગ, આ ૧૦ બોલ છોડીને શેષ ૨૮ બોલ હોય છે.

**નારકોની ઉદ્વર્તના સંબંધી ૩૯ પ્રશ્નોત્તર :–**

**૫ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए णिरयावास-सयसहस्सेसु संखेज्ज-वित्थडेसु णरएसु एगसमएणं केवइया णेरइया उव्वट्टंति ? केवइया काउलेस्सा उव्वट्टंति *जाव* केवइया अणागारोवउत्ता उव्वट्टंति ?**

**गोयमा ! इमीसे णं रयणप्पभाए पुढवीए तीसाए णिरयावास-सयसहस्सेसु संखेज्ज-वित्थडेसु णरएसु एगसमएणं जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा णेरइया उव्वट्टंति । जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा काउलेस्सा उव्वट्टंति । एवं *जाव* सण्णी । असण्णी ण उव्वट्टंति। जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा भवसिद्धिया उव्वट्टंति । एवं *जाव* सुयअण्णाणी । विभंगणाणी ण उव्वट्टंति । चक्खुदंसणी ण उव्वट्टंति । जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा अचक्खुदंसणी उव्वट्टंति । एवं *जाव* लोभकसायी । सोइंदियोवउत्ता ण उव्वट्टंति, एवं *जाव* फासिंदियोवउत्ता ण उव्वट्टंति । जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा णोइंदियोवउत्ता उव्वट्टंति । मणजोगी ण उव्वट्टंति, वइजोगी वि ण**

**उवट्टंति । जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा कायजोगी उव्वट्टंति । एवं सागारोवउत्ता वि, अणागारोवउत्ता वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી જે સંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસ છે, તેમાંથી (૧) એક સમયમાં કેટલા નૈરયિક જીવો નીકળે છે ? (૨) કેટલા કાપોતલેશી નૈરયિકો નીકળે છે ? (૩) કેટલા કૃષ્ણપાક્ષિક ***યાવત્*** (૩૯) અનાકારોપયુક્ત(દર્શનોપયોગી) નૈરયિકો નીકળે છે ? (આ રીતે ઉત્પત્તિ વિષયમાં કથિત ૩૯ પ્રશ્નો અહીં ઉદ્વર્તના(મરણ)ના વિષયમાં કહેવા જોઈએ.)

**ઉત્તર–** હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી જે સંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસ છે, તેમાંથી (૧) એક સમયમાં જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત નૈરયિકો ઉદ્વર્તે છે, (૨) જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત કાપોતલેશી નૈરયિકો ઉદ્વર્તે છે. આ રીતે ***યાવત્*** (૫) સંજ્ઞી જીવ સુધી નૈરયિકની ઉદ્વર્તનાનું કથન કરવું જોઈએ. (૬) અસંજ્ઞી જીવો ઉદ્વર્તતા નથી. (૭) જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત ભવસિદ્ધિક નૈરયિક જીવો ઉદ્વર્તે છે. આ રીતે ***યાવત્*** (૧૩) શ્રુત અજ્ઞાની સુધીની ઉદ્વર્તનાનું કથન કરવું જોઈએ. (૧૪) વિભંગજ્ઞાની અને (૧૫) ચક્ષુદર્શની ઉદ્વર્તતા નથી. (૧૬) જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત અચક્ષુદર્શની ઉદ્વર્તે છે. તે જ રીતે ***યાવત્*** (૨૮) લોભકષાયી નૈરયિક જીવો સુધી ઉદ્વર્તનાનું કથન કરવું જોઈએ. (૨૯) શ્રોતેન્દ્રિયના ઉપયોગ યુક્ત નૈરયિક જીવ ઉદ્વર્તતા નથી ***યાતવ્*** (૩૩) સ્પર્શેન્દ્રિયના ઉપયોગ યુક્ત પણ ઉદ્વર્તતા નથી. (૩૪) જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત નોઇન્દ્રિયોપયુક્ત નૈરયિકો ઉદ્વર્તે છે. (૩૫–૩૬) મનયોગી અને વચનયોગી ઉદ્વર્તતા નથી. (૩૭) જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત કાયયોગી ઉદ્વર્તે છે. (૩૮) તે જ રીતે સાકારોપયોગી અને (૩૯) અનાકારોપયોગી નૈરયિક જીવોની ઉદ્વર્તનાનું કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં રત્નપ્રભા પૃથ્વીના સંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસોમાં સ્થિત નૈરયિકોની ઉદ્વર્તના(મરણ) વિષયક પૂર્વવત્ ૩૯ પ્રશ્નોત્તર છે.

**उवट्टंति :–** ઉદ્વર્તન પામે છે, શરીરમાંથી જીવ નીકળે છે. આ રીતે મરણને જ ઉદ્વર્તના કહે છે.

**સંખ્યાતની ઉદ્વર્તના :–** સંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસોમાં સંખ્યાત નૈરયિકો જ રહી શકે છે. તેથી સંખ્યાત નૈરયિકોનું જ ઉદ્વર્તન થાય છે.

**અસંજ્ઞીની ઉદ્વર્તના :–** ઉદ્વર્તનાનું કથન પરભવના પ્રથમ સમયની અપેક્ષાએ થાય છે. નૈરયિક જીવ મરીને અસંજ્ઞીમાં ઉત્પન્ન થતા નથી. તેથી ઉદ્વર્તનામાં અસંજ્ઞી જીવો નથી.

અસંજ્ઞી, વિભંગજ્ઞાની, ચક્ષુદર્શની, મનયોગી, વચનયોગી અને શ્રોતેન્દ્રિયાદિ પાંચે ઈન્દ્રિયોના ઉપયોગ યુક્ત જીવ ત્યાંથી નીકળતા નથી, મરતા નથી. તેથી પૂર્વોક્ત ૩૮ બોલમાંથી દશ બોલને છોડીને ૨૮ બોલ સહિત પ્રથમ નરકના નારકોનું ઉદ્વર્તન થાય છે.

**સ્થાન સ્થિત નારકો સંબંધી ૪૯ પ્રશ્નોત્તર :–**

**६ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए णिरयावास-सयसहस्सेसु संखेज्ज-वित्थडेसु णरएसु केवइया णेरइया पण्णत्ता ? केवइया काउलेस्सा** *जाव* **केवइया**

**अणागारोवउत्ता पण्णत्ता ? केवइया अणंतरोववण्णगा पण्णत्ता ? केवइया परंपरोववण्णगा पण्णत्ता ? केवइया अणंतरावगाढा पण्णत्ता ? केवइया परंपरावगाढा पण्णत्ता ? केवइया अणंतराहारा पण्णत्ता ? केवइया परंपराहारा पण्णत्ता ? केवइया अणंतरपज्जत्ता पण्णत्ता ? केवइया परंपरपज्जत्ता पण्णत्ता ? केवइया चरिमा पण्णत्ता ? केवइया अचरिमा पण्णत्ता ?**

**गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए तीसाए णिरयावास-सयसहस्सेसु संखेज्ज-वित्थडेसु णरएसु संखेज्जा णेरइया पण्णत्ता, संखेज्जा काउलेस्सा पण्णत्ता, एवं** *जाव* **संखेज्जा सण्णी पण्णत्ता । असण्णी सिय अत्थि, सिय णत्थि, जइ अत्थि जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा उक्कोसेणं संखेज्जा पण्णत्ता । संखेज्जा भवसिद्धिया पण्णत्ता, एवं** *जाव* **संखेज्जा परिग्गह-सण्णोवउत्ता पण्णत्ता, इत्थिवेयगा णत्थि, पुरिसवेयगा णत्थि, संखेज्जा णपुंसगवेयगा पण्णत्ता, एवं कोहकसाई वि । माणकसायी जहा असण्णी, एवं** *जाव* **लोभकसायी । संखेज्जा सण्णी पण्णत्ता । असण्णी सिय अत्थि, सिय णत्थि, जइ अत्थि जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा उक्कोसेणं संखेज्जा । सोइंदियोवउत्ता संखेज्जा पण्णत्ता, एवं** *जाव* **फासिंदियोवउत्ता । णोइंदियोवउत्ता जहा असण्णी । संखेज्जा मणजोगी पण्णत्ता, एवं** *जाव* **अणागारोवउत्ता। अणंतरोववण्णगा सिय अत्थि, सिय णत्थि; जइ अत्थि जहा असण्णी । संखेज्जा परंपरोववण्णगा पण्णत्ता । एवं जहा अणंतरोववण्णगा तहा अणंतरावगाढा, अणंतराहारगा, अणंतरपज्जत्तगा । परंपराव-गाढा** *जाव* **अचरिमा जहा परंपरोववण्णगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી સંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસોમાં (૧) કેટલા નૈરયિક જીવો હોય છે ? (૨) કેટલા કાપોતલેશી નૈરયિકો હોય છે ? ***યાવત્*** (૩૯) કેટલા અનાકારોપયોગી નૈરયિકો હોય છે ? (૧) કેટલા અનંતરોપપન્નક (૨) કેટલા પરંપરોપપન્નક (૩) કેટલા અનંતરાવગાઢ (૪) કેટલા પરંપરાવગાઢ (૫) કેટલા અનંતરાહારક (૬) કેટલા પરંપરાહારક (૭) કેટલા અનંતર પર્યાપ્તક (૮) કેટલા પરંપર પર્યાપ્તક (૯) કેટલા ચરમ અને (૧૦) કેટલા અચરમ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી સંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસોમાં (૧) સંખ્યાત નૈરયિક જીવો હોય છે. (૨) સંખ્યાત કાપોતલેશી જીવો હોય છે. તે જ રીતે ***યાવત્*** (૫) સંખ્યાત સંજ્ઞી જીવો હોય છે. (૬) અસંજ્ઞી જીવો કદાચિત્ હોય છે અને કદાચિત્ નથી. જો હોય તો જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત હોય છે. (૭) ભવસિદ્ધિક જીવો સંખ્યાત હોય છે. તે જ રીતે ***યાવત્*** (૨૧) પરિગ્રહ સંજ્ઞાના ઉપયોગયુક્ત જીવો સંખ્યાત હોય છે. (૨૨–૨૩) સ્ત્રીવેદી કે પુરુષવેદી હોતા નથી. (૨૪) નંપુસકવેદી સંખ્યાતા હોય છે. (૨૫) ક્રોધકષાયી પણ સંખ્યાત જ હોય છે. (૨૬) માનકષાયી નૈરયિકો અસંજ્ઞી નૈરયિકોની સમાન કદાચિત્ હોય છે, કદાચિત્ હોતા નથી. (૨૭–૨૮) આ રીતે માયાકષાયી અને લોભકષાયી નૈરયિકોના વિષયમાં પણ કથન કરવું જોઈએ. (૨૯–૩૩) શ્રોતેન્દ્રિયથી સ્પર્શેન્દ્રિયના ઉપયોગયુક્ત સંખ્યાત નૈરયિકો હોય છે. (૩૪) નોઇન્દ્રિયના ઉપયોગયુક્ત નૈરયિકો અસંજ્ઞી

નૈરયિકની સમાન કદાચિત્ હોય છે, કદાચિત્ હોતા નથી. (૩૫–૩૯) મનયોગીથી અનાકારોપયોગ પર્યંતના નૈરયિકો સંખ્યાત હોય છે. (૪૦) અનંતરોપપન્નક નૈરયિકો કદાચિત્ હોય છે, કદાચિત્ હોતા નથી. જો હોય તો અસંજ્ઞી જીવોની સમાન એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત હોય છે. (૪૧) પરંપરોપપન્નક નૈરયિકો સંખ્યાત હોય છે. જે રીતે અનંતરોપપન્નકનું કથન કર્યું, તે જ રીતે (૪૨) અનંતરાવગાઢ (૪૩) અનંતરાહારાક (૪૪) અનંતર પર્યાપ્તકનું કથન કરવું જોઈએ. જે રીતે પરંપરોપપન્નકનું કથન કર્યું છે, તે જ રીતે (૪૫) પરંપરાવગાઢ(૪૬) પરંપરાહારક (૪૭) પરંપરપર્યાપ્તક (૪૮) ચરમ અને (૪૯) અચરમનું કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સ્થાન સ્થિત નૈરયિકો વિષયક ૪૯ પ્રશ્નોત્તર છે. તેમાં ૩૯ પ્રશ્ન પૂર્વવત્ છે. દશ નવા પ્રશ્નો છે.

**(૧) અનંતરોત્પન્નક :–** જે નારકી ઉત્પત્તિના પ્રથમ સમયમાં જ વર્તતા હોય તેને અનંતરોપપન્નક કહે છે. **(૨) પરંપરોત્પન્નક :–** જે નારકી ઉત્પત્તિના બીજા, ત્રીજા આદિ સમયમાં વર્તતા હોય તેને પરંપરોપપન્નક કહે છે. **(૩) અનંતરાવગાઢ :–** કોઈ વિવક્ષિત ક્ષેત્રમાં પ્રથમ સમયમાં રહેલા (અવગાહન કરીને સ્થિત) જીવોને અનંતરાવગાઢ કહે છે. **(૪) પરંપરાવગાઢ :–** વિવક્ષિત ક્ષેત્રમાં દ્વિતીયાદિ સમયમાં રહેલા જીવોને પરંપરાવગાઢ કહે છે. **(૫) અનંતરાહારક :–** આહાર ગ્રહણ કરવાના પ્રથમ સમયમાં જે વર્તતા હોય તેને અનંતરાહારક કહે છે. **(૬) પરંપરાહારક :–** આહાર ગ્રહણ કરવાના દ્વિતીયાદિ સમયમાં જે વર્તતા હોય તેને પરંપરાહારક કહે છે. **(૭) અનંતર પર્યાપ્તક :–** પર્યાપ્તાવસ્થાના પ્રથમ સમયમાં સ્થિત જીવને અનંતર-પર્યાપ્તક કહે છે. **(૮) પરંપર-પર્યાપ્તક :–** પર્યાપ્તાવસ્થાના દ્વિતીયાદિ સમયમાં સ્થિત જીવને પરંપર-પર્યાપ્તક કહે છે. **(૯) ચરમ-નૈરયિક :–** જેનો અંતિમ નરકભવ હોય તેને ચરમ નૈરયિક કહે છે. **(૧૦) અચરમ-નૈરયિક :–** જેનો નરકભવ અંતિમ ન હોય તેને અચરમ નૈરયિક કહે છે.

**અસંજ્ઞી આદિની ભજના :–** અસંજ્ઞી તિર્યંચ મરીને પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય ત્યારે તે અપર્યાપ્તાવસ્થામાં અલ્પકાળ માટે અસંજ્ઞી હોય છે, ત્યાર પછી તે સંજ્ઞી થઈ જાય છે, તેવા નૈરયિકો અલ્પ હોય છે, તેથી અસંજ્ઞી નૈરયિકો કદાચિત્ હોય છે, કદાચિત્ હોતા નથી. જ્યારે હોય ત્યારે જઘન્ય એક,બે,ત્રણ ઉત્કૃષ્ટ સંખ્યાતા હોય છે.

**णोइंदिओवउत्ता जहा असण्णी :–** જીવ જ્યારે પર્યાપ્તાવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે જ તે પાંચે ઈન્દ્રિય અને મનોયોગ યુક્ત હોય છે. પરંતુ ઉત્પત્તિ અને મૃત્યુ સમયે જીવ પાસે ઈન્દ્રિય કે મનરૂપ સાધન ન હોવાથી ચૈતન્ય પરિણામસ્વરૂપ દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગ હોય છે તેથીતે સમયે તે નોઈન્દ્રિયોપયુક્ત બને છે. તે જીવ જ્યારે પર્યાપ્તાવસ્થાને પ્રાપ્ત થઈ જાય, ત્યારે તે નોઈન્દ્રિયોપયુક્ત રહેતા નથી.

મૂળ પાઠમાં નોઈન્દ્રિયોપયુક્ત માટે અસંજ્ઞીની સમાન જાણવાનું કથન છે. આ કથનથી પણ સ્પષ્ટ થાય છે કે નોઈન્દ્રિયોપયુક્ત નૈરયિક અસંજ્ઞી નૈરયિકની જેમ અપર્યાપ્ત અવસ્થા સુધી જ હોય છે. પછી પર્યાપ્તાવસ્થામાં નૈરયિકો જીવન પર્યાંત ઈન્દ્રિયોપયુક્ત રહે છે. મનુષ્યમાં કેવલજ્ઞાન થયા પછી કેવલી ભગવાન પણ ઈન્દ્રિયોપયોગ રહિત હોવાથી નોઈન્દ્રિયોપયુક્ત કહેવાય છે. પ્રસ્તુત પ્રકરણમાં નારકની અને દેવાતાની જ વિચારણા થઈ છે. મનુષ્ય, તિર્યંચની વિચારણા નથી; તેનું કારણ અજ્ઞાત છે.

નારકીમાં ક્રોધકષાય શાશ્વત છે અને માન, માયા, લોભ આ ત્રણ કષાય અશાશ્વત છે, તેથી તે

ક્યારેક હોય છે, ક્યારેક હોતા નથી. તે જ રીતે નૈરયિકોમાં ઉત્પત્તિના વિરહકાલ સમયે નોઈન્દ્રિયોપયુક્ત, અનંતરોપપન્નક, અનંતરાવગાઢ આદિ જીવો હોતા નથી. તેથી અનંતરોપપન્નક, અનંતરાવગાઢ, અનંતરાહારક અને અનંતરપર્યાપ્તક નૈરયિક કદાચિત્ હોય છે, કદાચિત્ હોતા નથી. જ્યારે હોય ત્યારે જઘન્ય હોય ત્યારે જઘન્ય એક,બે, ત્રણ અથવા ઉત્કૃષ્ટ સંખ્યાતા જીવો હોય છે અને શેષ બોલમાં હંમેશા સંખ્યાતા જીવો હોય છે.

પ્રથમ નરકના સંખ્યાત યોજન પ્રમાણ નરકાવાસોમાં સંખ્યાતા નારકો સ્થાન સ્થિત હોય છે. શેષ ૪૮ બોલમાંથી ૩૭ બોલ હંમેશાં પ્રાપ્ત થાય છે. માન, માયા, લોભ, નોઈન્દ્રિયોપયુક્ત, અસંજ્ઞી, અનંતરોપપન્નક, અનંતરાવગાઢ, અનંતરાહારક, અનંતર પર્યાપ્ત તે નવ બોલ ઉત્પત્તિના વિરહકાલમાં હોતા નથી. તેથી નવ બોલની ભજના છે અને સ્ત્રીવેદ, પુરુષવેદ બે બોલ પ્રાપ્ત થતાં જ નથી. આ રીતે ૩૭ બોલ નિયમા+૯ બોલ ભજના+૨ બોલ અપ્રાપ્ત=૪૮ બોલ.

**પ્રથમ નરકના સંખ્યાત યોજનના નરકાવાસમાં ઉત્પત્તિ આદિ :–**

| ક્રમ | ૩૮ દ્વાર | ઉત્પત્તિ–૨૮ બોલ | ઉદ્વર્તના–૨૮ બોલ | વિદ્યમાનતા |
|---|---|---|---|---|
| ૧ | લેશ્યા–કાપોત | **જઘન્ય** | **જઘન્ય** | |
| ૨ | કૃષ્ણપાક્ષિક | | | |
| ૩ | શુકલપાક્ષિક | | | |
| ૪ | સંજ્ઞી | **૧** | **૧** | **સં** |
| ૫ | ભવસિદ્ધિક | | | |
| ૬ | અભવસિદ્ધિક | | | |
| ૭ | મતિજ્ઞાની | **૨,** | **૨,** | |
| ૮ | શ્રુતજ્ઞાની | | | |
| ૯ | અવધિજ્ઞાની | | | |
| ૧૦ | મતિઅજ્ઞાની | **૩** | **૩** | |
| ૧૧ | શ્રુત અજ્ઞાની | | | **ખ્યા** |
| ૧૨ | અચક્ષુદર્શની | | | |
| ૧૩ | અવધિદર્શની | **ઉત્કૃષ્ટ** | **ઉત્કૃષ્ટ** | |
| ૧૪ | આહાર સંજ્ઞોપયુક્ત | | | |
| ૧૫ | ભય સંજ્ઞોપયુક્ત | **સં** | **સં** | |
| ૧૬ | મૈથુન સંજ્ઞોપયુક્ત | | | |
| ૧૭ | પરિગ્રહ સંજ્ઞોપયુક્ત | | | |
| ૧૮ | નંપુસકવેદી | **ખ્યા** | **ખ્યા** | **તા** |
| ૧૯ | ક્રોધકષાયી | | | |
| ૨૦ | કાયયોગી | | | |
| ૨૧ | સાકારોપયોગી | **તા** | **તા** | |
| ૨૨ | અનાકારોપયોગી | | | |
| ૨૩ | અસંજ્ઞી | જ. ૧,૨,૩ ઉ. સંખ્યાતા | × | ભજના |
| ૨૪ | વિભંગજ્ઞાની | જ. ૧,૨,૩ ઉ. સંખ્યાતા | × | સંખ્યાતા |
| ૨૫ | ચક્ષુદર્શની | × | × | સંખ્યાતા |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬ | સ્ત્રીવેદી | × | જ. ૧,૨,૩ ઉ. સંખ્યાતા | × |
| ૨૭ | પુરુષવેદી | × | જ. ૧,૨,૩ ઉ. સંખ્યાતા | × |
| ૨૮ | માન કષાયી | જ. ૧,૨,૩ ઉ. સંખ્યાતા | જ. ૧,૨,૩ ઉ. સંખ્યાતા | ભજના |
| ૨૯ | માયા કષાયી | જ. ૧,૨,૩ ઉ. સંખ્યાતા | જ. ૧,૨,૩ ઉ. સંખ્યાતા | ભજના |
| ૩૦ | લોભ કષાયી | જ. ૧,૨,૩ ઉ. સંખ્યાતા | જ. ૧,૨,૩ ઉ. સંખ્યાતા | ભજના |
| ૩૧-૩૫ | પાંચ ઈન્દ્રિય | × | × | સંખ્યાતા |
| ૩૬ | નોઈન્દ્રિયોપયુક્ત | જ. ૧,૨,૩ ઉ. સંખ્યાતા | જ. ૧,૨,૩ ઉ. સંખ્યાતા | ભજના |
| ૩૭-૩૮ | મન–વચન યોગ | × | × | સંખ્યાતા |

**નોંધ :–** શેષ દશ બોલ વિદ્યમાનતામાં હોય છે. તેમાં અનંતરોપપન્નક, અનંતરાવગાઢ, અનંતરાહારક, અનંતર પર્યાપ્ત, તે ચાર બોલની ભજના અને પરંપરોપપન્નક, પરંપરાવગાઢ, પરંપરાહારક, પરંપર પર્યાપ્ત, ચરમ અને અચરમ તે છ બોલની નિયમા છે. તે બોલમાં હંમેશાં સંખ્યાતા નારકો હોય છે.

**પ્રથમ નરકના અસંખ્યેય વિસ્તૃત નરકાવાસોમાં ઉત્પત્તિ આદિ :–**

**૭ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए णिरयावास-सयसहस्सेसु असंखेज्ज-वित्थडेसु णरएसु एगसमएणं केवइया णेरइया उववज्जंति *जाव* केवइया अणागारोवउत्ता उववज्जंति ?**

**गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए तीसाए णिरयावास-सयसहस्सेसु असंखेज्ज-वित्थडेसु णरएसु एगसमएणं जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं असंखेज्जा णेरइया उववज्जंति । एवं जहेव संखेज्जवित्थडेसु तिण्णि गमगा तहा असंखेज्ज वित्थडेसु वि तिण्णि गमगा भाणियव्वा, णवरं उक्कोसेणं असंखेज्जा भाणियव्वा, सेसं तं चेव *जाव* असंखेज्जा अचरिमा पण्णत्ता, णवरं संखेज्जवित्थडेसु वि असंखेज्जवित्थडेसु वि ओहिणाणी ओहिदंसणी य संखेज्जा उव्वट्टावेयव्वा सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી અસંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસોમાં એક સમયમાં કેટલા નૈરયિકો ઉત્પન્ન થાય છે ? ***યાવત્*** કેટલા અનાકારોપયોગી નૈરયિકો ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી અસંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસોમાં જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા નૈરયિકો ઉત્પન્ન થાય છે. આ રીતે સંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસોની જેમ ઉત્પત્તિ, ઉદ્વર્તન અને સ્થાન સ્થિત, આ ત્રણ આલાપક કહેવા જોઈએ. તેમાં વિશેષતા એ છે કે સંખ્યાતાના સ્થાને 'અસંખ્યાતા' પાઠ કહેવો જોઈએ. શેષ સર્વ પૂર્વવત્ જાણવું ***યાવત્*** અસંખ્યાત અચરમ નૈરયિકો હોય છે. તેમાં વિશેષતા એ છે કે સંખ્યાત યોજન વિસ્તૃત કે અસંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસોમાંથી અવધિજ્ઞાની અને અવધિદર્શની ઉત્કૃષ્ટ સંખ્યાતા જ ઉદ્વર્તે છે. તે પ્રમાણે કથન કરવું જોઈએ. શેષ કથન પૂર્વવત્ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અસંખ્યાત યોજન વિસ્તૃત પ્રથમ નરકના નરકાવાસોમાં નારકીની ઉત્પત્તિ, ઉદ્વર્તના

અને સ્થાનસ્થિત સંબંધી નિરૂપણ છે.

**ओहिणाणी ओहिदंसणी य संखेज्जा उव्वट्टावेयव्वा :–** અવધિજ્ઞાની અને અવધિદર્શની સંખ્યાતા નીકળે છે. નરકથી નીકળતા(ઉદ્‌વર્તન પામતા) અવધિજ્ઞાની, અવધિદર્શની ગર્ભજ મનુષ્યોમાં જ ઉત્પન્ન થાય છે. ગર્ભજ મનુષ્યો સંખ્યાતા જ હોય છે. તેથી અસંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસોમાંથી પણ અવધિજ્ઞાની અને અવધિદર્શની જીવો ઉત્કૃષ્ટ સંખ્યાતા જ નીકળે(મરણપામે) છે. તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થતાં નારકો બે જ્ઞાન અથવા બે અજ્ઞાન લઈને નીકળે છે.

**બીજીથી સાતમી નરક સુધીમાં ઉત્પત્તિ આદિ :–**

**૮** **सक्करप्पभाए णं भंते! पुढवीए केवइया णिरयावास-सयसहस्सा पण्णत्ता ? गोयमा ! पणवीसं णिरयावास-सयसहस्सा पण्णत्ता ।**

**ते णं भंते ! किं संखेज्जवित्थडा, असंखेज्जवित्थडा ? गोयमा ! जहा रयणप्पभाए तहा सक्करप्पभाए वि । णवरं असण्णी तिसु वि गमएसु ण भण्णइ, सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શર્કરાપ્રભા પૃથ્વીમાં કેટલા નરકાવાસ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બીજી નરકમાં પચ્ચીસ લાખ નરકાવાસ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તે નરકાવાસ શું સંખ્યાત યોજન વિસ્તૃત છે કે અસંખ્યાત યોજન વિસ્તૃત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે રત્નપ્રભા પૃથ્વીના વિષયમાં કથન કર્યું, તે જ રીતે શર્કરાપ્રભાના વિષયમાં પણ કથન કરવું જોઈએ પરંતુ ઉત્પાદ, ઉદ્‌વર્તના અને સત્તા, આ ત્રણે સૂત્રોમાં 'અસંજ્ઞી'નું કથન ન કરવું. શેષ કથન પૂર્વવત્ છે.

**૯** **वालुयप्पभाए णं भंते ! पुढवीए केवइया निरयावास-सयसहस्सा पण्णत्ता ?**

**गोयमा ! पण्णरस णिरयावाससयसहस्सा पण्णत्ता । सेसं जहा सक्करप्पभाए, णाणत्तं लेसासु, लेसाओ जहा पढमसए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાલુકાપ્રભા પૃથ્વીમાં કેટલા નરકાવાસ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વાલુકાપ્રભામાં પંદરલાખ નરકાવાસ છે. શેષ સર્વ કથન શર્કરાપ્રભાની સમાન કહેવું જોઈએ. અહીં લેશ્યાના વિષયમાં વિશેષતા છે. લેશ્યાનું કથન પ્રથમ શતકના દ્વિતીય ઉદ્દેશકની સમાન કહેવું જોઈએ.

**૧૦** **पंकप्पभाए णं भंते ! पुढवीए केवइया णिरयावास-सयसहस्सा पण्णत्ता ?**

**गोयमा ! दस णिरयावाससयसहस्सा पण्णत्ता । एवं जहा सक्करप्पभाए, णवरं ओहिणाणी ओहिदंसणी य ण उव्वट्टंति, सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંકપ્રભા પૃથ્વીમાં કેટલા નરકાવાસ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દશ લાખ નરકાવાસ છે. જે રીતે શર્કરાપ્રભા પૃથ્વીના વિષયમાં કથન કર્યું છે, તે જ રીતે અહીં પણ કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે અહીંથી અવધિજ્ઞાની અને અવધિદર્શની

ઉદ્‌વર્તતા નથી. શેષ કથન પૂર્વવત્ છે.

**११ धूमप्पभाए णं भंते ! पुढवीए केवइया णिरयावास-सयसहस्सा पण्णत्ता ? गोयमा ! तिण्णि णिरयावास-सयसहस्सा । एवं जहा पंकप्पभाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધૂમપ્રભા પૃથ્વીમાં કેટલા નરકાવાસ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ લાખ નરકાવાસ છે. જે રીતે પંકપ્રભાના વિષયમાં કહ્યું, તે જ રીતે અહીં પણ કથન કરવું જોઈએ.

**१२ तमाए णं भंते ! पुढवीए केवइया णिरयावास सयसहस्सा पण्णत्ता ? गोयमा ! एगे पंचूणे णिरयावाससयसहस्से पण्णत्ते । सेसं जहा पंकप्पभाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમપ્રભા પૃથ્વીમાં કેટલા નરકાવાસ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પાંચ ન્યૂન એક લાખ નરકાવાસ છે. શેષ સર્વ કથન પંકપ્રભાની સમાન જાણવું જોઈએ.

**१३ अहेसत्तमाए णं भंते ! पुढवीए कइ अणुत्तरा महइमहालया महाणिरया पण्णत्ता? गोयमा ! पंच अणुत्तरा *जाव* अपइट्ठाणे ।**

**ते णं भंते ! किं संखेज्जवित्थडा, असंखेज्जवित्थडा ? गोयमा ! संखेज्जवित्थडे य असंखेज्जवित्थडा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધઃસપ્તમ પૃથ્વીમાં કેટલા અનુત્તર અને મહત્તમ મહાનરકાવાસ કહ્યા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનુત્તર અને મહત્તમ પાંચ મહાનરકાવાસ છે. યથા– કાલ, મહાકાલ, રૌરવ, મહારૌરવ અને અપ્રતિષ્ઠાન.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તે સંખ્યાત યોજન વિસ્તૃત છે કે અસંખ્યાત યોજન વિસ્તૃત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક અપ્રતિષ્ઠાન નરકાવાસ સંખ્યાત યોજન વિસ્તૃત છે અને શેષ ચાર નરકાવાસ અસંખ્યાત યોજન વિસ્તૃત છે.

**१४ अहेसत्तमाए णं भंते ! पुढवीए पंचसु अणुत्तरेसु महइमहालएसु महाणिरएसु संखेज्जवित्थडे णरए एगसमएणं केवइया णेरइया उववज्जंति ?**

**गोयमा ! जहा पंकप्पभाए, णवरं तिसु णाणेसु ण उववज्जंति, ण उव्वट्टंति, पण्णत्तएसु तहेव अत्थि, एवं असंखेज्जवित्थडेसु वि, णवरं असंखेज्जा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધઃસપ્તમ પૃથ્વીના પાંચ અનુત્તર અને મહત્તમ મહાનરકાવાસોમાંથી સંખ્યાત યોજન વિસ્તૃત અપ્રતિષ્ઠાન નરકાવાસમાં એક સમયમાં કેટલા નૈરયિકો ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે પંકપ્રભાના વિષયમાં કથન કર્યું, તે જ રીતે અહીં પણ કથન કરવું જોઈએ, વિશેષતા એ છે કે અહીં ત્રણ જ્ઞાનવાળા જીવો ઉત્પન્ન થતા નથી અને નીકળતા પણ નથી, પરંતુ સ્થાનસ્થિત આ પાંચ નરકાવાસોના નૈરયિકોમાં રત્નપ્રભા પૃથ્વીની સમાન ત્રણ જ્ઞાની પ્રાપ્ત થાય છે. જે રીતે સંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસોના વિષયમાં કથન કર્યું, તે જ રીતે અસંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસોના વિષયમાં પણ કથન કરવું જોઈએ. ત્યાં અસંખ્યાત નૈરયિકો કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં બીજીથી સાતમી નરક સુધીનું નિરૂપણ છે. તેમાં નરકાવાસોની સંખ્યા, તેનો વિસ્તાર અને તેમાં નૈરયિકોની ઉત્પત્તિ, મરણ અને વિદ્યમાનતા વિષયક પ્રશ્નોત્તર છે.

**બીજી શર્કરાપ્રભા નરકમાં** ૨૫ લાખ નરકાવાસ છે. અસંજ્ઞી તિર્યંચ પ્રથમ નરકમાં જ ઉત્પન્ન થાય છે. તેથી દ્વિતીયાદિ નરકોમાં ઉત્પત્તિ, મરણ અને વિદ્યમાનતામાં અસંજ્ઞી નથી. શેષ સર્વ પ્રશ્નના ઉત્તરો રત્નપ્રભા પૃથ્વીની સમાન જાણવા.

**ત્રીજી વાલુકાપ્રભા નરકમાં** ૧૫ લાખ નરકાવાસ છે. તેમાં કાપોત અને નીલ તે બંને લેશ્યા હોય છે. શેષ કથન શર્કરાપ્રભાની સમાન જાણવું.

**ચોથી પંકપ્રભા નરકમાં** દશ લાખ નરકાવાસ છે. તેમાં નીલલેશ્યા હોય છે. ત્યાંથી અવધિજ્ઞાની અને અવધિદર્શની ઉદ્વર્તતા નથી. કારણ કે નરકમાંથી અવધિજ્ઞાની અને અવધિદર્શનીનું ઉદ્વર્તન પ્રાયઃ તીર્થંકરની અપેક્ષાએ છે અને ચોથી નરકથી નીકળેલા જીવો તીર્થંકર થઈ શકતા નથી ત્યાંથી નીકળનારા અન્ય જીવો પણ ત્યાંથી અવધિજ્ઞાન અને અવધિદર્શન લઈને નીકળતા નથી. શેષ સર્વ કથન પૂર્વવત્ છે.

**પાંચમી ધૂમપ્રભા નરકમાં** ત્રણ લાખ નરકાવાસ છે. **છઠ્ઠી તમઃપ્રભા નરકમાં** પાંચ ન્યૂન એક લાખ અર્થાત્ તેમાં ૯૯,૯૯૫ નરકાવાસ છે. બંનેનું કથન પંકપ્રભાની સમાન જાણવું જોઈએ. ધૂમપ્રભામાં નીલ અને કૃષ્ણ તે બે લેશ્યા હોય છે. તમપ્રભામાં એક કૃષ્ણ લેશ્યા હોય છે.

**સાતમી અધઃસપ્તમ નરકમાં** મિથ્યાત્વી જીવો જ ઉત્પન્ન થાય છે. ત્યાંથી નીકળનાર જીવો પણ મિથ્યાત્વી જ હોય છે. સાતમી નરકમાં ઉત્પન્ન થયા પછી કોઈ જીવ સમકિત પ્રાપ્ત કરી શકે છે તે અપેક્ષાએ ત્યાં ત્રણ જ્ઞાનની વિદ્યમાનતા સંભવિત છે. ઉત્પત્તિ અને ઉદ્વર્તનામાં એકાંત મિથ્યાત્વી હોય છે.

**નૈરયિકોમાં દષ્ટિ :–**

**૧૫ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए णिरयावाससयसहस्सेसु संखेज्ज-वित्थडेसु णरएसु किं सम्मदिट्ठी णेरइया उववज्जंति, मिच्छादिट्ठी णेरइया उववज्जंति, सम्मामिच्छादिट्ठी णेरइया उववज्जंति ?**

**गोयमा ! सम्मदिट्ठी वि णेरइया उववज्जंति, मिच्छादिट्ठी वि णेरइया उववज्जंति, णो सम्मामिच्छादिट्ठी णेरइया उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસમાંથી સંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસોમાં સમ્યગ્દષ્ટિ નૈરયિકો ઉત્પન્ન થાય છે, મિથ્યાદષ્ટિ નૈરયિકો ઉત્પન્ન થાય છે કે મિશ્રદષ્ટિ નૈરયિકો ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સમ્યગ્ દષ્ટિ નૈરયિકો ઉત્પન્ન થાય છે, મિથ્યા દષ્ટિ નૈરયિકો ઉત્પન્ન થાય છે, પરંતુ મિશ્રદષ્ટિ નૈરયિકો ઉત્પન્ન થતા નથી.

**૧૬ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए णिरयावास-सयसहस्सेसु संखेज्ज-वित्थडेसु णरएसु किं सम्मदिट्ठी णेरइया उव्वट्टंति, पुच्छा ? गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંહેના સંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસોમાંથી શું સમ્યગ્ દષ્ટિ નૈરયિકો નીકળે છે ? ઈત્યાદિ પ્રશ્ન.

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું જોઈએ અર્થાત્ સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ નૈરયિકો નીકળે છે પરંતુ મિશ્રદષ્ટિ નૈરયિકો નીકળતા નથી.

**૧૭ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए णिरयावाससयसहस्सेसु संखेज्जवित्थडा णरगा किं सम्मदिट्ठीहिं णेरइएहिं अविरहिया ? मिच्छादिट्ठीहिं णेरइएहिं अविरहिया ? सम्मामिच्छादिट्ठीहिं णेरइएहिं अविरहिया ?**

**गोयमा ! सम्मदिट्ठीहिं वि णेरइएहिं अविरहिया, मिच्छादिट्ठीहिं वि णेरइएहिं अविरहिया, सम्मामिच्छादिट्ठीहिं णेरइएहिं अविरहिया विरहिया वा । एवं असंखेज्ज-वित्थडेसु वि तिण्णि गमगा भाणियव्वा । एवं सक्करप्पभाए वि, एवं *जाव* तमाए वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી સંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસો, શું સમ્યગ્દષ્ટિ નૈરયિકોથી અવિરહિત(સહિત) છે, મિથ્યાદષ્ટિ નૈરયિકોથી અવિરહિત છે અને સમ્યગ્ મિથ્યા દષ્ટિ નૈરયિકોથી અવિરહિત છે ? અર્થાત્ રત્નપ્રભા પૃથ્વીમાં હંમેશા સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અને મિશ્રદષ્ટિવાળા નૈરયિકો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ નૈરયિકોથી અવિરહિત છે, પ્રથમ નરકમાં આ બંને દષ્ટિવાળા જીવો હંમેશાં હોય છે. મિશ્રદષ્ટિ નૈરયિકો કદાચિત્ હોય અને કદાચિત્ હોતા નથી. આ જ રીતે અસંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસોના વિષયમાં પણ ત્રણ સૂત્રોનું કથન કરવું જોઈએ. આ જ રીતે શર્કરાપ્રભાથી તમ:પ્રભા પૃથ્વી પર્યંત કથન કરવું જોઈએ.

**૧૮ अहेसत्तमाए णं भंते ! पुढवीए पंचसु अणुत्तरेसु महइमहालएसु महाणिरएसु संखेज्जवित्थडे णरए किं सम्मदिट्ठी णेरइया उववज्जंति, पुच्छा ?**

**गोयमा ! सम्मदिट्ठी णेरइया ण उववज्जंति, मिच्छादिट्ठी णेरइया उववज्जंति, सम्मामिच्छादिट्ठी णेरइया ण उववज्जंति, एवं उव्वट्टंति वि, अविरहिए जहेव रयणप्पभा। एवं असंखेज्जवित्थडेसु वि तिण्णि गमगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધ:સપ્તમ પૃથ્વીના પાંચ અનુત્તર, મહત્તમ, મહા-નરકાવાસમાંથી સંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસમાં શું સમ્યગ્દષ્ટિ નૈરયિકો ઉત્પન્ન થાય છે, ઈત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! સમ્યગ્દષ્ટિ નૈરયિકો ઉત્પન્ન થતા નથી, મિથ્યા દષ્ટિ નૈરયિકો ઉત્પન્ન થાય છે, મિશ્ર દષ્ટિ નૈરયિકો ઉત્પન્ન થતા નથી. આ જ રીતે ઉદ્વર્તના વિષયક કથન કરવું જોઈએ. વિદ્યમાનતાના વિષયમાં રત્નપ્રભા પૃથ્વીની સમાન મિથ્યાદષ્ટિ આદિ દ્વારા અવિરહિત હોય છે અર્થાત્ મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિ જીવો હંમેશાં હોય છે. અસંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસના વિષયમાં પણ પૂર્વવત્ ત્રણ સૂત્રો કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાતે નરકના નરકાવાસોમાં ત્રણ દષ્ટિની અપેક્ષાએ નૈરયિકોની ઉત્પત્તિ, મરણ

અને વિદ્યમાનતા વિષયક પ્રશ્નોત્તર છે.

મિશ્રદષ્ટિનો કાલ અત્યંત અલ્પ છે. તેથી સર્વત્ર મિશ્રદષ્ટિ નૈરયિકો કદાચિત્ હોય છે કદાચિત્ હોતા નથી. સમ્યગ્દષ્ટિ અને મિથ્યા દષ્ટિ નૈરયિકો સદૈવ હોય છે. મિશ્ર દષ્ટિ નૈરયિકોની ઉત્પત્તિ કે મરણ થતાં નથી. મિશ્ર દષ્ટિ અવસ્થામાં જીવ મરતો નથી, તેવું સિદ્ધાંત વચન છે.

આ સૂત્રોના ૩૯ પ્રશ્નોમાંથી પ્રથમ પ્રશ્ન ઉપપાત પરિમાણનો છે, તેમાં સંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસમાં સંખ્યાત અને અસંખ્યાત યોજન વિસ્તૃત નરકાવાસમાં અસંખ્યાત નારકોનો ઉત્પત્તિ, ઉદ્દ્વર્તના અને સત્તાની સંખ્યાનું કથન છે. શેષ ૩૮ બોલ આ પ્રમાણે છે– લેશ્યા-૧, પક્ષ-૨, સંજ્ઞા-૪, સંજ્ઞી-૨, ભવ્ય-૨, જ્ઞાન-૩, અજ્ઞાન-૩, દર્શન-૩, વેદ-૩, કષાય-૪, ઈન્દ્રિય-૫, નોઈન્દ્રિય-૧, યોગ-૩, ઉપયોગ-૨ = ૩૮

**સાત નરકમાં ઉત્પત્તિ, ઉદ્દ્વર્તના વિદ્યમાનતા :–**

| ક્રમ | નરકાવાસ | ઉત્પત્તિ–૩૮ બોલ | ઉદ્દ્વર્તના–૩૮ બોલ | વિદ્યમાનતા–૩૯ બોલ |
|---|---|---|---|---|
| ૧ | ૩૦ લાખ | **૨૮ બોલ**–ચક્ષુદર્શન, સ્ત્રીવેદ, પુરુષ વેદ, ૫ ઈન્દ્રિય, ૨ યોગ; આ દશ બોલ વર્જીને | **૨૮ બોલ**–અસંજ્ઞી વિભંગજ્ઞાન, ચક્ષુદર્શન, ૫ ઈન્દ્રિય, બે યોગ; આ દશ બોલ વર્જીને | **૩૧–બોલની નિયમા.** **૫ બોલની ભજના–** અસંજ્ઞી, માન, માયા, લોભ, નોઈન્દ્રિયોપયુક્ત; **૨ બોલ નથી**– સ્ત્રીવેદ, પુરુષવેદ. |
| ૨ | ૨૫ લાખ | **૨૭ બોલ**– ૨૮માંથી અસંજ્ઞીને છોડીને | **૨૮ બોલ** ઉપરવત્ | **૩૧ બોલની નિયમા.** **૪ બોલની ભજના–** માન, માયા, લોભ, નોઈન્દ્રિયોપયુક્ત; **૩ બોલ નથી–** અસંજ્ઞી, સ્ત્રીવેદ, પુરુષવેદ. |
| ૩ | ૧૫ લાખ | **૨૭ બોલ** ઉપરવત્ | **૨૮ બોલ** ઉપરવત્ | ઉપરવત્ |
| ૪ | ૧૦ લાખ | **૨૭ બોલ** ઉપરવત્ | **૨૬ બોલ**– ૨૮માંથી અવધિજ્ઞાન અવધિ-દર્શન છોડીને | ઉપરવત્ |
| ૫ | ત્રણ લાખ | **૨૭ બોલ** ઉપરવત્ | **૨૬ બોલ** ઉપરવત્ | ઉપરવત્ |
| ૬ | ૯૯,૯૯૫ | **૨૭ બોલ** ઉપરવત્ | **૨૬ બોલ** ઉપરવત્ | ઉપરવત્ |
| ૭ | પાંચ | **૨૪ બોલ**– ૨૭માંથી ત્રણ જ્ઞાનને છોડીને | **૨૪ બોલ**– ૨૬માંથી બે જ્ઞાન છોડીને | ઉપરવત્ |
| ૧-૬ | નરક– દષ્ટિ | ઉત્પત્તિ– સમ્યગ્દષ્ટિ કે મિથ્યા દષ્ટિ | ઉદ્વર્તન– સમ્યગ્દષ્ટિ કે મિથ્યા દષ્ટિ | વિદ્યમાનતા–બે દષ્ટિ નિયમા. મિશ્ર દષ્ટિ ભજના |
| ૭ | નરક– દષ્ટિ | મિથ્યા દષ્ટિ | મિથ્યા દષ્ટિ | ઉપરવત્ |

**નારકોની લેશ્યામાં પરિણમન :–**

**१९** **से णूणं भंते ! कण्हलेस्से णीललेस्से** *जाव* **सुक्कलेस्सेसु भवित्ता कण्हलेस्सेसु णेरइएसु उववज्जंति ? हंता, गोयमा ! कण्हलेस्सेसु** *जाव* **उववज्जंति ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– कण्हलेस्सेसु** *जाव* **उववज्जंति ?**

**गोयमा ! लेस्सट्ठाणेसु संकिलिस्समाणेसु संकिलिस्समाणेसु कण्हलेसं परिणमइ, कण्हलेसं परिणमित्ता कण्हलेसेसु णेरइएसु उववज्जंति, से तेणट्ठेणं** *जाव* **उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણલેશી, નીલલેશી ***યાવત્*** શુક્લલેશી થઈને તે જીવ કૃષ્ણલેશી નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી જીવ, કૃષ્ણલેશી નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવના લેશ્યાના સ્થાન સંક્લેશને (અવિશુદ્ધિને) પ્રાપ્ત થતાં-થતાં કૃષ્ણ લેશ્યારૂપે પરિણમે છે અને કૃષ્ણલેશ્યા રૂપે પરિણત થઈને તે જીવ કૃષ્ણલેશી નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. તેથી હે ગૌતમ ! આ પ્રકારે કથન કર્યું છે.

**२०** **से णूणं भंते ! कण्हलेस्से** *जाव* **सुक्कलेस्से भवित्ता णीललेस्सेसु णेरइएसु उववज्जंति ? हंता गोयमा !** *जाव* **उववज्जंति ।**

**से केणट्ठेणं भंते !** *जाव* **उववज्जंति ?**

**गोयमा ! लेस्सट्ठाणेसु संकिलिस्समाणेसु वा विसुज्झमाणेसु वा णीललेस्सं परिणमइ, णीललेस्सं परिणमित्ता णीललेस्सेसु णेरइएसु उववज्जंति । से तेणट्ठेणं गोयमा !** *जाव* **उववज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણલેશી ***યાવત્*** શુક્લલેશી થઈને તે જીવ નીલલેશી નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! લેશ્યાસ્થાનોના સંક્લેશને પ્રાપ્ત થતાં-થતાં અથવા વિશુદ્ધિને પ્રાપ્ત થતાં-થતાં, તે જીવ નીલ લેશ્યા રૂપે પરિણત થાય છે. નીલલેશ્યારૂપે પરિણત થઈને તે જીવ નીલલેશી નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. તેથી હે ગૌતમ ! પૂર્વોક્ત પ્રકારે કથન કર્યું છે.

**२१** **से णूणं भंते ! कण्हलेस्से णीललेस्से** *जाव* **सुक्कलेसे भवित्ता काउलेस्सेसु णेरइएसु उववज्जंति ? गोयमा ! जहा णीललेस्साए तहा काउलेस्साए वि भाणियव्वा ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણલેશી, નીલલેશી ***યાવત્*** શુક્લલેશી થઈને તે જીવ કાપોતલેશી

નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે નીલલેશ્યાના વિષયમાં કથન કર્યું, તે જ રીતે કાપોતલેશ્યાના વિષયમાં કથન કરવું જોઈએ ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કોઈ પણ લેશ્યાવાળા જીવનું અન્ય પ્રશસ્ત કે અપ્રશસ્ત લેશ્યા રૂપે પરિણમન થઈને તે લેશ્યાવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થવાનું પ્રતિપાદન કર્યું છે.

ભાવલેશ્યા આત્મપરિણામ સ્વરૂપ છે. જીવોના આત્મપરિણામોમાં પરિવર્તન થયા જ કરે છે. પરિણામનું પરિવર્તન થતાં તેની લેશ્યામાં પણ પરિવર્તન થાય છે. પરિણામ સંક્લિષ્ટ થતાં અશુભ લેશ્યા અને પરિણામની વિશુદ્ધિ થતાં શુભ લેશ્યા આવે છે. જીવના ઉત્પત્તિ સ્થાનને યોગ્ય લેશ્યા અંતિમ સમયે અવશ્ય પ્રાપ્ત થાય છે. આ રીતે પોતાના જીવનકાલ દરમ્યાન કોઈ પણ લેશ્યાના પરિણામવાળો જીવ અંતે પરિણામાંતરને પ્રાપ્ત કરતાં કરતાં કૃષ્ણ, નીલ અને કાપોત કોઈપણ લેશ્યાને પ્રાપ્ત કરી નરકમાં તે તે લેશ્યા સ્થાનમાં ઉત્પન્ન થાય છે અર્થાત્ કાપોતલેશ્યાને પ્રાપ્ત કરીને, રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થાય છે. આ જ રીતે સાતેય નરકમાં તે સ્થાનને યોગ્ય લેશ્યા સમજવી.

**॥ શતક ૧૩/૧ સંપૂર્ણ ॥**

# શતક–૧૩ : ઉદ્દેશક–૨

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં ચારે જાતિના દેવોની ઉત્પત્તિ, ઉદ્‌વર્તના અને વિદ્યમાનતા વિષયક પ્રશ્નોત્તર અને અંતમાં લેશ્યા પરિણમનના વિષયનું નિરૂપણ છે.

મનુષ્ય અને તિર્યંચગતિના જીવો જ દેવ ગતિમાં જઈ શકે છે. તથાપ્રકારના સ્વભાવે નારકી કે દેવ મરીને દેવગતિમાં જતા નથી. દેવગતિમાં જનારા મનુષ્ય અને તિર્યંચોમાં પ્રાપ્ત થતા ભાવો(બોલો)ને ૩૯ પ્રશ્નોત્તરના માધ્યમથી સમજાવ્યા છે.

★ ઉપપાત પરિમાણ, લેશ્યા-૧, પક્ષ-૨, સંજ્ઞા-૪, સંજ્ઞી-૨, ભવ્ય-૨, જ્ઞાન-૩, અજ્ઞાન-૩, દર્શન-૩, વેદ-૩, કષાય-૪, ઈન્દ્રિય-૫, નોઈન્દ્રિય-૧, યોગ-૩, ઉપયોગ-૨. આ ૩૯ બોલ સંબંધી પ્રશ્નો છે.

★ ભવનપતિના ભવનોનો વિસ્તાર જઘન્ય જંબૂદ્વીપ પ્રમાણ, મધ્યમ સંખ્યાત યોજન અને ઉત્કૃષ્ટ અસંખ્યાત યોજન છે. તેના આવાસો સંખ્યાત અને અસંખ્યાત યોજન વિસ્તૃત છે.

★ વ્યંતરોના નગરોનો વિસ્તાર જઘન્ય ભરતક્ષેત્ર પ્રમાણ, મધ્યમ મહાવિદેહ ક્ષેત્ર પ્રમાણ અને ઉત્કૃષ્ટ જંબૂદ્વીપ પ્રમાણ છે. તેના અસંખ્યાત આવાસો છે અને તે સંખ્યાત યોજન વિસ્તૃત છે.

★ જ્યોતિષી દેવોના વિમાનો અસંખ્યાત છે, તે કંઈક ન્યૂન એક યોજન વિસ્તૃત છે.

★ વૈમાનિક દેવોના વિમાનોમાં સર્વાર્થસિદ્ધ વિમાન સંખ્યાત યોજન અને શેષ સર્વ દેવલોક અસંખ્યાત યોજન વિસ્તૃત છે. તેના વિમાનાવાસ સંખ્યાત અને અસંખ્યાત યોજન વિસ્તૃત છે.

★ ઉત્પત્તિ– ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને એકથી આઠ દેવલોકમાં એક સમયમાં જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત કે અસંખ્યાત દેવો ઉત્પન્ન થાય છે, નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન પર્યંત ઉત્કૃષ્ટ સંખ્યાતા દેવો જ ઉત્પન્ન થાય છે કારણ કે ગર્ભજ મનુષ્યો જ ત્યાં ઉત્પન્ન થાય છે અને તે જીવો સંખ્યાતા જ હોય છે. ભવનપતિ, વ્યંતરમાં ચાર લેશ્યા; જ્યોતિષી અને પ્રથમ બે દેવલોકમાં તેજો લેશ્યા; ત્રીજા, ચોથા, પાંચમા દેવલોકમાં પદ્મલેશ્યા અને ત્યાર પછીના દેવલોકમાં શુક્લ લેશ્યાવાળા જીવો ઉત્પન્ન થાય છે. પાંચ અનુત્તર વિમાનને છોડીને શેષ સ્થાનમાં કૃષ્ણપક્ષી અને શુક્લપક્ષી બંને પ્રકારના જીવો ઉત્પન્ન થાય છે અને પાંચ અનુત્તર વિમાનમાં એકાંતે શુક્લપક્ષી જીવો ઉત્પન્ન થાય છે. અસંજ્ઞી જીવો ભવનપતિ અને વ્યંતરમાં જ ઉત્પન્ન થાય છે, ઉત્પત્તિ સમયે તે અસંજ્ઞી હોય છે; શેષ સ્થાનમાં અસંજ્ઞી ઉત્પન્ન થતા નથી. તેથી તે સ્થાનમાં ઉત્પત્તિ સમયે સંજ્ઞી જ હોય છે. અભવી જીવો, ત્રણ અજ્ઞાની, મિથ્યાદષ્ટિ અને અચરમ જીવો અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થતા નથી.

દેવલોકમાં નપુંસકવેદ ન હોવાથી ત્યાં તે જીવોની ઉત્પત્તિ થતી નથી. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને પ્રથમ બે દેવલોકમાં સ્ત્રીવેદી, પુરુષવેદી જીવો અને ત્રીજા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન પર્યંતના દેવલોકોમાં એક પુરુષવેદી જીવો જ હોય છે. ચક્ષુદર્શન, પાંચ ઈન્દ્રિય, મનોયોગ અને વચનયોગ સહિત કોઈ પણ જીવની કોઈ પણ સ્થાનમાં ઉત્પત્તિ થતી નથી. તે પર્યાપ્તાવસ્થા પ્રાયોગ્ય બોલ છે. તેને છોડીને શેષ બોલ સહિત જીવની ઉત્પત્તિ થાય છે.

★ ઉદ્વર્તના– દેવલોકમાંથી ચ્યવીને તે દેવ મનુષ્ય અને તિર્યંચગતિને પ્રાપ્ત કરી શકે છે. તેથી

દેવલોકમાંથી નીકળતા જીવોમાં(ઉદ્વર્તન સમયે) બે ગતિને યોગ્ય ભાવો(બોલ) હોય છે. જેમાં ઉત્પત્તિ અને મરણ સમયે દેવોને સમાન લેશ્યા હોય છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને આઠ દેવલોકના દેવોમાંથી એક સમયે ઉત્કૃષ્ટ સંખ્યાતા કે અસંખ્યાતા જીવો નીકળે છે, નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન સુધીના દેવલોકોમાંથી ઉત્કૃષ્ટ સંખ્યાતા જીવો જ નીકળે છે કારણ કે તે દેવો ગર્ભજ મનુષ્યમાં જ જાય છે અને ગર્ભજ મનુષ્યો સંખ્યાતા જ હોય છે.

★ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, આ ત્રણે જાતિના દેવોમાંથી નીકળેલા જીવો તીર્થંકર થતા નથી. તેથી તે જીવોને ઉદ્વર્તન સમયે અવધિજ્ઞાન કે અવધિદર્શન હોતું નથી. વૈમાનિક જાતિમાંથી નીકળેલા જીવોને અવધિજ્ઞાન-દર્શન હોય છે. કારણ કે વૈમાનિક દેવમાંથી નીકળી તીર્થંકરાદિ અને અન્ય પણ વિશિષ્ટ કોટિના જીવો મનુષ્યરૂપે જન્મ ધારણ કરે છે. તે જીવો અલ્પ સંખ્યક જ હોય છે. તેથી કોઈ પણ સ્થાનમાંથી સંખ્યાતા જીવો જ અવધિજ્ઞાન-દર્શન લઈને નીકળે છે. કોઈ પણ દેવને મૃત્યુ સમયે વિભંગજ્ઞાન હોતું નથી. શેષ બે અજ્ઞાન જ હોય છે.

★ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને પ્રથમ બે દેવલોકના દેવો મરીને, પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં પણ ઉત્પન્ન થાય છે. તેથી તે દેવો ઉદ્વર્તના સમયે સંજ્ઞી અને અસંજ્ઞી બંને પ્રકારના હોય છે. તે સિવાય સર્વ દેવો સંજ્ઞી જ હોય છે. દેવગતિમાંથી મૃત્યુ પામીને જીવો ત્રણે વેદમાં ઉત્પન્ન થઈ શકે છે. શેષ બોલ પૂર્વવત્ સમજવા, તેમાં વિશેષતા નથી.

★ વિદ્યમાનતા– ઉત્પત્તિ અને મરણ સમય સિવાયના સમયોના સ્થાનગત દેવોનું પણ ૩૯ પ્રશ્નોથી નિરૂપણ છે. તે દેવભવમાં દેવપણે રહેલા જીવોમાં સર્વભાવો(બોલો) દેવગતિ અનુસાર હોય છે.

★ પ્રત્યેક જાતિના દેવો સ્વસ્થાનમાં અસંખ્યાતા હોય છે. સ્થાનાનુસાર તેની લેશ્યા હોય છે. પાંચ અનુત્તર વિમાનમાં કૃષ્ણપક્ષી, અભવ્ય, ત્રણ અજ્ઞાની અને મિથ્યાદષ્ટિ જીવો હોતા નથી. તે ઉપરાંત સર્વાર્થસિદ્ધ વિમાનમાં અચરમજીવો પણ હોતા નથી, શેષ સ્થાનમાં હોય છે.

★ દેવગતિના જીવો અસંજ્ઞી હોતા નથી. પરંતુ અસંજ્ઞી જીવો ભવનપતિ અને વ્યંતરમાં ઉત્પન્ન થાય છે. તેથી તેમાં અપર્યાપ્તાવસ્થામાં અસંજ્ઞી હોય છે પરંતુ તે હંમેશાં હોતા નથી, કયારેક જ હોય છે.

★ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને પ્રથમ બે દેવલોકમાં સ્ત્રીવેદ અને પુરુષવેદ હોય છે. તેનાથી ઉપરના દેવલોકમાં એક પુરુષવેદ હોય છે.

★ દેવલોકમાં લોભ કષાયની પ્રધાનતા છે. તેથી લોભ કષાય શાશ્વત અને શેષ કષાય અશાશ્વત હોય છે.

★ નોઈન્દ્રિયોપયુક્ત, અનંતરોપપન્નક, અનંતરાવગાઢ, અનંતરાહારક અને અનંતરપર્યાપ્તક જીવો અશાશ્વત હોય છે. કારણ કે આ બોલ ઉત્પત્તિના સમયે જ હોય છે, તેથી વિરહકાલની અપેક્ષાએ તેનો અભાવ હોય છે.

**લેશ્યાનું પરિણમન–** કોઈ પણ લેશ્યાવાળા જીવો સંક્લિષ્ટ અથવા વિશુદ્ધ પરિણામોને પ્રાપ્ત થતાં, તેની લેશ્યામાં પરિવર્તન થાય છે અને મૃત્યુ સમયે તે જીવ તેના ઉત્પત્તિ સ્થાનને યોગ્ય લેશ્યાના પરિણામને પ્રાપ્ત કરે છે. આ રીતે જીવોની લેશ્યામાં પરિવર્તન થયા જ કરે છે.

આ રીતે ઉત્પન્ન થતાં, મરણપામી નીકળતા અને સ્થાનગત જીવોની ઋદ્ધિરૂપે પામતા ભાવો (બોલો)નું દર્શન કરાવતો ઉદ્દેશક પૂર્ણ થાય છે.

❖❖❖❖❖

# શતક–૧૩ : ઉદ્દેશક–૨

## દેવ

**દેવોના પ્રકાર :–**

**૧ कइविहा णं भंते ! देवा पण्णत्ता ? गोयमा ! चउव्विहा देवा पण्णत्ता, तं जहा– भवणवासी, वाणमंतरा, जोइसिया, वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! દેવના ચાર પ્રકાર છે. યથા– (૧) ભવનપતિ (૨) વાણવ્યંતર (૩) જ્યોતિષી (૪) વૈમાનિક.

**૨ भवणवासी णं भंते ! देवा कइविहा पण्णत्ता ? गोयमा ! दसविहा पण्णत्ता, तं जहा– असुरकुमारा** *जाव* **थणियकुमारा ! एवं सव्व देवाण भेओ जहा बिइयसए देवुद्देसए** *जाव* **सव्वट्ठसिद्धगा देवा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભવનપતિ દેવના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દશ પ્રકાર છે. યથા– અસુરકુમાર ***યાવત્*** સ્તનિતકુમાર. આ રીતે બીજા શતકના સાતમા ઉદ્દેશકમાં કથનાનુસાર દેવોના સર્વભેદોનું કથન સર્વાર્થસિદ્ધ પર્યંત કરવું જોઈએ.

**ભવનપતિ દેવોના આવાસ, ઉત્પત્તિ આદિ :–**

**૩ केवइया णं भंते ! असुरकुमारावास-सयसहस्सा पण्णत्ता ? गोयमा ! चोसट्ठिं असुरकुमारावास-सयसहस्सा पण्णत्ता ।**

**ते णं भंते ! किं संखेज्जवित्थडा, असंखेज्जवित्थडा ? गोयमा ! संखेज्जवित्थडा वि, असंखेज्जवित्थडा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવોના કેટલા લાખ આવાસ છે ? **ઉત્તર–** હે ગૌતમ! અસુરકુમાર દેવોના ૬૪ લાખ આવાસો છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારોના તે આવાસો સંખ્યાત યોજન વિસ્તૃત છે કે અસંખ્યાત યોજન વિસ્તૃત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંખ્યાત યોજન વિસ્તૃત પણ છે અને અસંખ્યાત યોજન વિસ્તૃત પણ છે.

**૪ चोसट्ठीए णं भंते ! असुरकुमारावास-सयसहस्सेसु संखेज्जवित्थडेसु असुरकुमारावासेसु एगसमएणं केवइया असुरकुमारा उववज्जंति** *जाव* **केवइया तेउलेस्सा उववज्जंति, केवइया**

**कण्हपक्खिया उववज्जंति, पुच्छा ?**

**गोयमा ! जहा रयणप्पभाए तहेव सव्वावत्तवया भाणियव्वा । णवरं दोहिं वेएहिं उववज्जंति, णपुंसगवेयगा ण उववज्जंति, सेसं तं चेव । उव्वट्टंतगा वि तहेव, णवरं असण्णी उव्वट्टंति । ओहिणाणी ओहिदंसणी य ण उव्वट्टंति, सेसं तं चेव ।**

**पण्णत्तएसु तहेव णवरं–संखेज्जगा इत्थिवेयगा पण्णत्ता, एवं पुरिसवेयगा वि, णपुंसगवेयगा णत्थि । कोहकसायी सिय अत्थि सिय णत्थि, जइ अत्थि जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा पण्णत्ता । एवं माणकसायी वि मायाकसायी वि। संखेज्जा लोभकसायी पण्णत्ता, सेसं तं चेव । तिसु वि गमएसु संखेज्जेसु चत्तारि लेस्साओ भाणियव्वाओ ।**

**एवं असंखेज्जवित्थडेसु वि, णवरं– तिसु वि गमएसु असंखेज्जा भाणियव्वा** *जाव* **असंखेज्जा अचरिमा पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવના તે ૬૪ લાખ આવાસોમાંથી સંખ્યાત યોજન વિસ્તૃત આવાસોમાં એક સમયમાં કેટલા અસુરકુમાર દેવો ઉત્પન્ન થાય છે ? કેટલા કૃષ્ણલેશી, નીલલેશી, કાપોતલેશી અને તેજોલેશી દેવો ઉત્પન્ન થાય છે ? કેટલા કૃષ્ણપાક્ષિક ઉત્પન્ન થાય છે ? ઇત્યાદિ પ્રશ્ન કરવા જોઈએ ?

**ઉત્તર–** તેના ઉત્તર પણ રત્નપ્રભા નરક પૃથ્વીની સમાન તેની સંપૂર્ણ વક્તવ્યતા જાણવી. પરંતુ તેમાં વિશેષતા એ છે કે અહીં બે વેદ(સ્ત્રીવેદ, પુરુષવેદ) સહિત ઉત્પન્ન થાય છે, નપુંસકવેદી ઉત્પન્ન થતા નથી. શેષ સર્વ પૂર્વવત્ જાણવું.

ઉદ્‌વર્તનાના વિષયમાં પણ તે જ રીતે જાણવું. તેમાં વિશેષતા એ છે કે અસુરકુમારોમાં અસંજ્ઞી પણ ઉદ્‌વર્તે છે. (એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે તે અપેક્ષાએ). અવધિજ્ઞાની અને અવધિદર્શની ઉદ્‌વર્તતા નથી.

સ્થાનગતજીવોના વિષયમાં પૂર્વવત્ જાણવું, વિશેષતા એ છે કે સ્થાનગત અસુરકુમાર દેવોમાં સંખ્યાતા સ્ત્રીવેદી અને સંખ્યાતા પુરુષવેદી હોય છે, નપુંસકવેદી હોતા નથી. ક્રોધ કષાયી કદાચિત્ હોય છે, કદાચિત્ હોતા નથી. જો હોય તો જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા હોય છે. તે જ રીતે માનકષાયી, માયાકષાયીના વિષયમાં પણ જાણવું જોઈએ. લોભકષાયી સદા સંખ્યાતા હોય છે. સંખ્યાત યોજન વિસ્તૃત આવાસોમાં ઉત્પન્ન થતા, નીકળતા અને સ્થાનગત જીવોના ત્રણે આલાપકોમાં ચાર લેશ્યાનું કથન કરવું જોઈએ.

આ જ રીતે અસંખ્યાત યોજન વિસ્તૃત વિમાનાવાસોના વિષયમાં પણ કહેવું જોઈએ. પરંતુ તેમાં વિશેષતા એ છે કે ત્યાં 'અસંખ્યાત' પાઠ કહેવો. આ રીતે અચરમ પર્યંત કથન કરવું જોઈએ.

**५ केवइया णं भंते ! णागकुमारावास-सयसहस्सा पण्णत्ता ?**

**गोयमा ! चुलसीई नागकुमारावास-सयसहस्सा पण्णत्ता । एवं** *जाव* **थणियकुमारा, णवरं जत्थ जत्तिया भवणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નાગકુમાર દેવોના કેટલા લાખ આવાસો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નાગકુમારદેવોના ૮૪ લાખ આવાસો કહ્યા છે, વગેર સ્તનિતકુમાર પર્યંત કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે જ્યાં જેટલા લાખ ભવન હોય, ત્યાં તેટલા લાખ ભવન કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભવનપતિના આવાસોની સંખ્યા, વિસ્તાર અને ઉત્પત્તિ અને ઉદ્વર્તના વિષયક પૂર્વોક્ત ૩૯ પ્રશ્નોત્તર અને વિદ્યમાનતા વિષયક ૪૯ પ્રશ્નોત્તરનું પ્રતિપાદન છે.

**આવાસ :–** અસુરકુમારોના ૬૪ લાખ, નાગકુમારોના ૮૪ લાખ, સુવર્ણકુમારોના ૭૨ લાખ, વાયુકુમારોના ૯૬ લાખ અને દ્વીપકુમાર, દિશાકુમાર, ઉદધિકુમાર, વિદ્યુતકુમાર, સ્તનિતકુમાર અને અગ્નિકુમાર– આ પ્રત્યેકના ૭૬-૭૬ લાખ ભવનો છે. આ રીતે દશ ભવનપતિ દેવોના કુલ ભવનો ૭,૭૨,૦૦,૦૦૦(સાત ક્રોડ બોતેર લાખ) છે.

**આવાસ વિસ્તાર :–** ભવનપતિ દેવોના આવાસ પણ સંખ્યાત અને અસંખ્યાત યોજન વિસ્તૃત છે. તેમાં સર્વથી નાના આવાસો જંબૂદ્વીપ પ્રમાણ વિસ્તૃત છે, મધ્યમ સંખ્યાત યોજન અને ઉત્કૃષ્ટ અસંખ્યાત યોજન વિસ્તૃત છે.

**વિશેષતા :–** ઘણા પ્રશ્નોના ઉત્તરો રત્નપ્રભા પૃથ્વીની સમાન છે, તેના કરતાં ભિન્ન જે કાંઈ વિશેષતાઓ છે, તે સૂત્રમાં દર્શાવી છે. યથા–

**વેદ :–** દેવોમાં સ્ત્રીવેદ અને પુરુષવેદ બે વેદ જ હોય છે, નપુંસકવેદ નથી. તેથી ઉત્પત્તિ અને વિદ્યમાનતાના સૂત્રોમાં બે વેદ જ હોય છે. નારકની જેમ ભવનપતિ દેવો મરીને ત્રણ વેદમાં જન્મ ધારણ કરી શકે છે, તેથી ઉદ્વર્તનામાં ત્રણ વેદ હોય છે.

**णवरं असण्णी उव्वट्टंति :–** નારકી મરીને અસંજ્ઞી તિર્યંચ કે અસંજ્ઞી મનુષ્ય તથા એકેન્દ્રિયાદિમાં ઉત્પન્ન થતાં નથી. તેથી ત્યાં ઉદ્વર્તનાના બોલોમાં અસંજ્ઞીનું ગ્રહણ કર્યું નથી. પરંતુ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને સૌધર્મ, ઈશાન દેવલોકના દેવો પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં ઉત્પન્ન થતાં હોવાથી તેની ઉદ્વર્તનામાં અસંજ્ઞીનું ગ્રહણ કર્યું છે.

**ओहिणाणी ओहिदंसणी य ण उव्वट्टंति :–** અસુરકુમારાદિમાંથી નીકળનારા જીવો અવધિજ્ઞાન કે અવધિદર્શન લઈને નીકળતા નથી.

**कोह-कसायी सिय अत्थि सिय णत्थि :–** દેવતામાં લોભ કષાય વિશેષ છે, તેથી લોભ કષાયી સદૈવ પ્રાપ્ત થાય છે. શેષ ત્રણ કષાય દેવોમાં અશાશ્વત છે, તેથી જ લોભકષાયી દેવી સંખ્યાત યોજન વિસ્તૃત આવાસોમાં સંખ્યાતા અને અસંખ્યાત યોજન વિસ્તૃત આવાસોમાં અસંખ્યાત હોય છે અને શેષ ત્રણ કષાયી જીવો કદાચિત્ હોય છે. કદાચિત્ હોતા નથી.

**લેશ્યા :–** અસુરકુમારાદિ દેવોમાં પ્રથમ ચાર લેશ્યા હોય છે. તેથી તેના જન્મ, મરણ અને સ્વસ્થાન સ્થિત, આ ત્રણે આલાપકોમાં ચાર લેશ્યા હોય છે.

**ઉત્પત્તિ સમયે :–** આ રીતે ભવનપતિ દેવોમાં ઉત્પત્તિ સમયે– ઉત્કૃષ્ટ સંખ્યાત અથવા અસંખ્યાત જીવોની ઉત્પત્તિ હોય છે તે પ્રથમ બોલ છે અને અન્ય ૨૯ બોલ આ પ્રમાણે હોય છે. યથા– ચાર લેશ્યામાંથી કોઈ

પણ એક લેશ્યા, પક્ષ-ર, સંજ્ઞા-૪, સંજ્ઞી-ર, ભવી-ર, જ્ઞાન-૩, અજ્ઞાન-૩, દર્શન-ર, વેદ-ર, કષાય-૪, નોઈન્દ્રિયોપયુક્ત, કાયયોગ અને ઉપયોગ-ર = ર૯ બોલ હોય છે. [ભવનપતિ દેવોમાં ચાર લેશ્યા હોય છે અને ત્રીજી, પાંચમી નરકમાં બે-બે લેશ્યા હોય છે પરંતુ પ્રત્યેક નારકી દેવતાને જીવન પર્યંત એક જ દ્રવ્ય લેશ્યા હોય છે. તે અપેક્ષાની મુખ્યતાએ અહીં નારકી અને દેવોની વક્તવ્યતામાં સર્વત્ર એક જ લેશ્યાની ગણત્રી થાય છે.]

ચક્ષુદર્શન, નંપુસકવેદ, પાંચ ઈન્દ્રિય, મનોયોગ અને વચનયોગ, તે નવ બોલ ઉત્પત્તિ સમયે હોતા નથી.

**ઉદ્વર્તના(નીકળતા) સમયે–** દેવલોકમાંથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત અથવા અસંખ્યાત દેવો નીકળે છે, તે પ્રથમ બોલ છે અને અન્ય ર૭ બોલ હોય છે. તેમાં વિભંગજ્ઞાન, અવધિજ્ઞાન, અવધિદર્શન, ચક્ષુદર્શન, પાંચ ઈન્દ્રિય અને મનોયોગ, વચનયોગ તે ૧૧ બોલ દેવોને(અન્ય ભવના પ્રારંભમાં) ન હોવાથી, ઉદ્વર્તન સમયે તે ૧૧ બોલનો નિષેધ કર્યો છે.

**સ્વસ્થાનમાં–** સંખ્યાત કે અસંખ્યાત દેવો સ્વસ્થાનમાં હોય છે, તે પ્રથમ બોલ છે અને અન્ય ૩ર બોલ છે. કુલ ૩૩ બોલ નિયમા હોય છે. ક્રોધ, માન, માયા, નોઈન્દ્રિયોપયુક્ત અને અસંજ્ઞી, આ પાંચ બોલની ભજના હોય છે અને નંપુસકવેદી જીવો હોતા નથી. તે ઉપરાંત અનંતરોપપન્નક, અનંતરાવગાઢ, અનંતરાહારક, અનંતર પર્યાપ્તની પણ ભજના હોય છે. શેષ છ બોલ પરંપરાવગાઢાદિ નિયમા હોય છે.

**વાણવ્યંતર દેવોનાં આવાસ, ઉત્પત્તિ આદિ :–**

**૬ केवइया णं भंते ! वाणमंतरावास-सयसहस्सा पण्णत्ता ? गोयमा ! असंखेज्जा वाणमंतरावास-सयसहस्सा पण्णत्ता । ते णं भंते ! किं संखेज्जवित्थडा, असंखेज्जवित्थडा ? गोयमा ! संखेज्जवित्थडा, णो असंखेज्जवित्थडा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાણવ્યંતર દેવોના કેટલા લાખ આવાસ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વાણવ્યંતર દેવોના અસંખ્યાત લાખ આવાસ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તે આવાસ સંખ્યાત યોજન વિસ્તૃત છે કે અસંખ્યાત યોજન વિસ્તૃત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સંખ્યાત યોજન વિસ્તૃત છે, અસંખ્યાત યોજન વિસ્તૃત નથી.

**૭ संखेज्जेसु णं भंते ! वाणमंतरावास-सयसहस्सेसु एगसमएणं केवइया वाणमंतरा उववज्जंति ? गोयमा ! जहा असुरकुमाराणं संखेज्जवित्थडेसु तिण्णि गमगा तहेव वाणमंतराण वि तिण्णि गमगा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાણવ્યંતર દેવોના સંખ્યાત યોજન વિસ્તૃત આવાસોમાં એક સમયમાં કેટલા વાણવ્યંતર દેવો ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ અસુરકુમાર દેવોના સંખ્યાત યોજન વિસ્તૃત આવાસોના વિષયમાં ત્રણ આલાપક છે, તેમ વાણવ્યંતર દેવોના વિષયમાં પણ ત્રણ આલાપક કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વાણવ્યંતરદેવો માટે ઉત્પત્તિ અને ઉદ્વર્તના વિષયક પૂર્વોક્ત ૩૯ બોલ અને

વિદ્યમાનતા વિષયક ૪૯ બોલ સંક્ષેપમાં અસુરકુમારની સમાન કહ્યા છે.

વાણવ્યંતર દેવોના આવાસ સંખ્યાત યોજનના જ હોય છે. તેમાં સર્વથી નાના આવાસ(નગર) ભરતક્ષેત્ર પ્રમાણ, મધ્યમ આવાસ મહાવિદેહ ક્ષેત્ર પ્રમાણ અને સર્વથી મોટા આવાસ જંબૂદ્વીપ પ્રમાણ છે. તે સિવાયનું સમસ્ત કથન અસુરકુમારની જેમ સમજવું અર્થાત્ તેમાં ઉત્પત્તિ સમયે ૨૯ બોલ હોય, ઉદ્વર્તના સમયે ૨૭ બોલ હોય અને વિદ્યમાનતામાં ૩૩ બોલની નિયમા તથા પાંચ બોલની ભજના અને એક નંપુસકવેદ નથી.

**જ્યોતિષી દેવોનાં આવાસ, ઉત્પત્તિ આદિ :–**

**૮** **केवइया णं भंते ! जोइसिय-विमाणावास-सयसहस्सा पण्णत्ता ? गोयमा ! असंखेज्जा जोइसिय-विमाणावास-सयसहस्सा पण्णत्ता ।**

**ते णं भंते ! किं संखेज्जवित्थडा असंखेज्जवित्थडा ?**

**गोयमा ! जहा वाणमंतराणं तहा जोइसियाणं वि तिण्णि गमगा भाणियव्वा, णवरं एगा तेउलेस्सा । उववज्जंतेसु पण्णत्तेसु य असण्णी णत्थि, सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યોતિષી દેવોના કેટલા લાખ વિમાનાવાસ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જ્યોતિષી દેવોના અસંખ્યાત લાખ વિમાનાવાસ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તે વિમાનાવાસ સંખ્યાત યોજન વિસ્તૃત છે કે અસંખ્યાત યોજન વિસ્તૃત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ વાણવ્યંતર દેવોના વિષયમાં કથન કર્યું છે, તેમ જ્યોતિષી દેવોના વિષયમાં પણ ત્રણ આલાપક કહેવા જોઈએ. તેમાં વિશેષતા એ છે કે જ્યોતિષીઓમાં એક તેજોલેશ્યા જ હોય છે. ઉત્પત્તિ અને સત્તામાં અસંજ્ઞી નથી(ઉદ્વર્તનમાં અસંજ્ઞી હોય છે.) શેષ વર્ણન વાણવ્યંતરની સમાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત એક જ સૂત્રમાં દ્વારા વાણવ્યંતરની જેમ જ્યોતિષી દેવો સંબંધી ૪૯ બોલોનું નિરૂપણ છે.

જ્યોતિષી દેવોના વિમાન સંખ્યાત યોજનના જ છે. તેમાં ચંદ્ર-સૂર્યના વિમાનની લંબાઈ એક યોજનથી કંઈક ન્યૂન છે તથા ગ્રહ, નક્ષત્રના વિમાનો ક્રમશઃ બે ગાઉ અને એક ગાઉના છે. તારાવિમાન અર્ધો ગાઉ પ્રમાણ છે અને સર્વ જ્યોતિષી વિમાનની પહોળાઈ તેની લંબાઈથી અર્ધી છે. તેમાં એક તેજોલેશ્યા જ હોય છે. અસંજ્ઞી જીવો જ્યોતિષીમાં ઉત્પન્ન થતા નથી, તેથી ઉત્પત્તિ અને સ્વસ્થાનમાં તેનો નિષેધ કર્યો છે. તે દેવો મરીને પૃથ્વી, પાણી, વનસ્પતિમાં પણ ઉત્પન્ન થાય છે, તેથી તેની ઉદ્વર્તનામાં અસંજ્ઞી અને સંજ્ઞી બંને હોય છે, તેમાં ત્રણે વેદ પણ હોય છે.

**ઉત્પત્તિ સમયે–** જ્યોતિષી દેવોમાં પૂર્વોક્ત ૩૮ બોલમાંથી ચક્ષુદર્શન, અસંજ્ઞી, નંપુસકવેદ, પાંચ ઈન્દ્રિય, મનોયોગ, વચનયોગ; તે દશ બોલને છોડીને શેષ ૨૮ બોલ હોય છે. **ઉદ્વર્તન સમયે–** ભવનપતિની સમાન ૨૭ બોલ હોય છે.

**સ્વસ્થાનમાં–** ભવન પતિ દેવોની જેમ ૩૩ બોલની નિયમા હોય છે તથા ક્રોધ, માન, માયા, નોઈન્દ્રિયોપયુક્ત, તે ચાર બોલની ભજના હોય છે તથા અસંજ્ઞી અને નપુંસકવેદ, તે બે બોલ હોતા જ નથી. અનંતરોપપન્નક

આદિ દશ બોલનું કથન ભવનપતિની સમાન જાણવું.

**વૈમાનિક દેવોનાં આવાસ, ઉત્પત્તિ આદિ :–**

**૯ सोहम्मे णं भंते ! कप्पे केवइया विमाणावास-सयसहस्सा पण्णत्ता ? गोयमा ! बत्तीसं विमाणावास-सयसहस्सा पण्णत्ता ।**

**ते णं भंते ! किं संखेज्जवित्थडा, असंखेज्जवित्थडा ? गोयमा ! संखेज्जवित्थडा वि असंखेज्जवित्थडा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મ દેવલોકમાં કેટલા લાખ વિમાનાવાસ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બત્રીસ લાખ વિમાનાવાસ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તે વિમાનાવાસ સંખ્યાત યોજન વિસ્તૃત છે કે અસંખ્યાત યોજન વિસ્તૃત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે વિમાન સંખ્યાત યોજન વિસ્તૃત છે અને અસંખ્યાત યોજન વિસ્તૃત પણ છે.

**૧૦ सोहम्मे णं भंते ! कप्पे बत्तीसाए विमाणवास-सयसहस्सेसु संखेज्जवित्थडेसु विमाणेसु एगसमएणं केवइया सोहम्मा देवा उववज्जंति, केवइया तेउलेस्सा उववज्जंति?**

**गोयमा ! जहा जोइसियाणं तिण्णि गमगा तहेव तिण्णि गमगा भाणियव्वा, तिसु वि संखेज्जा भाणियव्वा, णवरं ओहिणाणी ओहिदंसणी य चयावेयव्वा, सेसं तं चेव । असंखेज्जवित्थडेसु एवं चेव तिण्णि गमगा, णवरं तिसु वि गमएसु असंखेज्जा भाणियव्वा। ओहिणाणी य ओहिदंसणी य संखेज्जा चयंति, सेसं तं चेव । एवं जहा सोहम्मे वत्तव्वया भणिया तहा ईसाणे वि छ गमगा भाणियव्वा । सणंकुमारे एवं चेव, णवरं इत्थी वेयगा उववज्जंतेसु पण्णत्तेसु य ण भण्णंति । असण्णी तिसु वि गमएसु ण भण्णंति । सेसं तं चेव, एवं *जाव* सहस्सारे, णाणत्तं विमाणेसु लेस्सासु य, सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મ દેવલોકના બત્રીસ લાખ વિમાનાવાસોમાંથી સંખ્યાત યોજન વિસ્તૃત વિમાનોમાં એક સમયમાં કેટલા સૌધર્મ દેવો ઉત્પન્ન થાય છે ? કેટલા તેજોલેશી દેવ ઉત્પન્ન થાય છે?

**ઉત્તર–** જે રીતે જ્યોતિષી દેવોના વિષયમાં ત્રણ સૂત્રો કહ્યા, તે જ રીતે અહીં પણ ત્રણ સૂત્રો કહેવા જોઈએ. ત્રણે સૂત્રોમાં 'સંખ્યાતા' દેવો કહેવા અને તેમાં વિશેષતા એ છે કે અવધિજ્ઞાની, અવધિ દર્શની પણ ચ્યવે છે, ઉદ્વર્તન પામે છે. શેષ વર્ણન જ્યોતિષીની સમાન છે.

અસંખ્યાત યોજન વિસ્તૃત વિમાનાવાસોના વિષયમાં પણ ત્રણે આલાપક કહેવા અને તે ત્રણે ય આલાપકમાં અસંખ્યાતા દેવોનું કથન કરવું જોઈએ. તે અસંખ્યાત યોજન વિસ્તૃત વિમાનાવાસોમાંથી સંખ્યાતા અવધિજ્ઞાની અને અવધિદર્શની ચ્યવે છે. શેષ કથન જ્યોતિષીની સમાન છે.

જે રીતે સૌધર્મ દેવલોકના વિષયમાં છ સૂત્રાલાપક કહ્યા, તે જ રીતે ઈશાન દેવલોકના વિષયમાં પણ છ સૂત્રાલાપક(ત્રણ સંખ્યાત યોજન વિસ્તૃત વિમાન સંબંધી અને ત્રણ અસંખ્યાત યોજન વિસ્તૃત વિમાન સંબંધી) કહેવા જોઈએ. સનત્કુમાર દેવોના વિષયમાં પણ તે જ રીતે જાણવું જોઈએ. વિશેષતા એ છે કે સનત્કુમારાદિ દેવો માત્ર પુરુષવેદી જ હોય છે. તેથી તેની ઉત્પત્તિમાં અને સ્વસ્થાનમાં સ્ત્રીવેદીનું કથન

ન કરવું જોઈએ. અહીં ત્રણે સૂત્રાલાપકમાં અસંજ્ઞીનો પાઠ ન કહેવો જોઈએ. શેષ સર્વ કથન ઈશાન દેવોની સમાન છે. આ જ રીતે સહસ્રાર દેવલોક સુધી કહેવું જોઈએ. વિશેષતા એ છે કે તેમાં વિમાનોની સંખ્યા અને લેશ્યામાં ભિન્નતા છે.

**૧૧ आणय-पाणएसु णं भंते ! कप्पेसु केवइया विमाणावाससया पण्णत्ता ? गोयमा ! चत्तारि विमाणावाससया पण्णत्ता ।**

**ते णं भंते ! किं संखेज्जवित्थडा, असंखेज्जवित्थडा ?**

**गोयमा ! संखेज्ज वित्थडा वि, असंखेज्ज वित्थडा वि । एवं संखेज्जवित्थडेसु तिण्णि गमगा जहा सहस्सारे । असंखेज्जवित्थडेसु उववज्जंतेसु य चयंतेसु य एवं चेव संखेज्जा भाणियव्वा, पण्णत्तेसु असंखेज्जा । णवरं णोइंदियोवउत्ता, अणंतरोववण्णगा, अणंतरागाढगा, अणंतराहारगा, अणंतरपज्जत्तगा य एएसिं जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा पण्णत्ता, सेसा असंखेज्जा भाणियव्वा । आरणच्चुएसु एवं चेव जहा आणय-पाणएसु, णाणत्तं विमाणेसु । एवं गेवेज्जगा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આનત-પ્રાણત દેવલોકોમાં કેટલા સો વિમાનાવાસ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચારસો વિમાનાવાસ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તે વિમાનાવાસ સંખ્યાત યોજન વિસ્તૃત છે કે અસંખ્યાત યોજન વિસ્તૃત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સંખ્યાત યોજન વિસ્તૃત પણ છે અને અસંખ્યાત યોજન વિસ્તૃત પણ છે. સંખ્યાત યોજન વિસ્તૃત વિમાનાવાસોના વિષયમાં સહસ્રાર દેવલોકની સમાન ત્રણ આલાપક કહેવા. અસંખ્યાત યોજન વિસ્તૃત વિમાનોમાં ઉત્પત્તિ અને ચ્યવનના વિષયમાં સંખ્યાતા અને સ્વસ્થાનમાં અસંખ્યાત દેવો હોય છે. તેમાં વિશેષતાએ છે કે નોઈન્દ્રિયોપયુક્ત, અનંતરોપપન્નક, અનંતરાવગાઢ, અનંતરાહારક અને અનંતરપર્યાપ્ત, આ પાંચે બોલમાં જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાતા દેવો હોય છે અને શેષ બોલોમાં અસંખ્યાત દેવો હોય છે. જે રીતે આનત અને પ્રાણત દેવલોકના વિષયમાં કથન કર્યું તે જ રીતે આરણ અને અચ્યુત દેવલોકના વિષયમાં પણ કહેવું જોઈએ. માત્ર વિમાનોની સંખ્યામાં અંતર છે. આ જ રીતે ગ્રૈવેયક દેવલોકના વિષયમાં પણ કહેવું જોઈએ.

**૧૨ कइ णं भंते ! अणुत्तरविमाणा पण्णत्ता ? गोयमा ! पंच अणुत्तरविमाणा पण्णत्ता।**

**ते णं भंते ! किं संखेज्जवित्थडा, असंखेज्जवित्थडा ? गोयमा ! संखेज्जवित्थडे य असंखेज्जवित्थडा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનુત્તર વિમાન કેટલા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનુત્તર વિમાન પાંચ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તે સંખ્યાત યોજન વિસ્તૃત છે કે અસંખ્યાત યોજન વિસ્તૃત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમાંથી એક સર્વાર્થસિદ્ધ વિમાન સંખ્યાત યોજન વિસ્તૃત છે અને શેષ ચાર અસંખ્યાત યોજન વિસ્તૃત છે.

**१३** **पंचसु णं भंते ! अणुत्तरविमाणेसु संखेज्जवित्थडे विमाणे एगसमएणं केवइया अणुत्तरोववाइया देवा उववज्जंति, केवइया सुक्कलेस्सा उववज्जंति, एवं पुच्छा तहेव?**

**गोयमा ! पंचसु णं अणुत्तरविमाणेसु संखेज्जवित्थडे अणुत्तरविमाणे एगसमएणं जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा अणुत्तरोववाइया देवा उववज्जंति, एवं जहा गेवेज्जविमाणेसु संखेज्जवित्थडेसु, णवरं किण्हपक्खिया, अभवसिद्धिया, तिसु अण्णाणेसु एए ण उववज्जंति, ण चयंति, ण पण्णत्तएसु भाणियव्वा, अचरिमा वि खोडिज्जंति** *जाव* **संखेज्जा चरिमा पण्णत्ता, सेसं तं चेव । असंखेज्जवित्थडेसु वि एए ण भण्णंति, णवरं अचरिमा अत्थि, सेसं जहा गेवेज्जएसु असंखेज्जवित्थडेसु** *जाव* **असंखेज्जा अचरिमा पण्णत्ता ।**

**શબ્દાર્થ :– चयावेयव्वा** = ચ્યવન સંબંધી પાઠ કહેવો જોઈએ **खोडिज्जंति** = નિષેધ કરાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પાંચ અનુત્તર વિમાનોમાંથી સંખ્યાત યોજન વિસ્તૃત વિમાનમાં એક સમયમાં કેટલા અનુત્તરોપપાતિક દેવો ઉત્પન્ન થાય છે ? કેટલા શુક્લલેશી ઉત્પન્ન થાય છે, ઇત્યાદિ પ્રશ્નો કરવા ?

**ઉત્તર–** હે ગૌતમ ! પાંચ અનુત્તર વિમાનોમાંથી સંખ્યાત યોજન વિસ્તૃત સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાનમાં એક સમયમાં જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત અનુત્તરોપપાતિક દેવો ઉત્પન્ન થાય છે. જે રીતે સંખ્યાત યોજન વિસ્તૃત ગ્રૈવેયક વિમાનોના વિષયમાં કથન કર્યું, તે જ રીતે અહીં સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાન માટે પણ સર્વ કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે અહીં કૃષ્ણપાક્ષિક, અભવી અને ત્રણ અજ્ઞાની જીવો ઉત્પન્ન થતા નથી, ચ્યવતા નથી અને સ્વસ્થાનમાં પણ હોતા નથી. ત્રણે સૂત્રોમાં અચરમનો નિષેધ કરવો જોઈએ ***યાવત્*** સંખ્યાતા ચરમ સ્વસ્થાનમાં હોય છે. શેષ સર્વ વર્ણન ગ્રૈવેયક દેવોની સમાન છે. અસંખ્યાત યોજન વિસ્તૃત વિમાનાવાસમાં પણ કૃષ્ણપાક્ષિક આદિ ન કહેવા, પરંતુ તેમાં અચરમનો નિષેધ ન કરવો જોઈએ. અર્થાત્ અસંખ્યાત વિસ્તૃત ચાર અનુત્તર વિમાનોમાં અચરમ સંબંધિત ત્રણે ય આલાપક કહેવા. શેષ સર્વ વર્ણન અસંખ્યાત યોજન વિસ્તૃત ગ્રૈવેયક વિમાનોની સમાન કરવું જોઈએ ***યાવત્*** અસંખ્યાતા અચરમ સ્વસ્થાનમાં હોય છે. ત્યાં સુધી કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં વૈમાનિક દેવોના વિમાનાવાસ, તેનો વિસ્તાર, તેમાં ઉત્પત્તિ, ચ્યવન અને સ્થાનસ્થિત જીવો વિષયક વિવિધ દષ્ટિકોણથી વિચારણાઓ કરી છે.

વિમાનાવાસની સંખ્યા આ પ્રમાણે જાણવી– પ્રથમ સૌધર્મ દેવલોકમાં ૩૨ લાખ, બીજા ઈશાન દેવલોકમાં ૨૮ લાખ, ત્રીજા સનત્કુમાર દેવલોકમાં ૧૨ લાખ, ચોથા માહેન્દ્ર દેવલોકમાં ૮ લાખ, પાંચમા બ્રહ્મલોક દેવલોકમાં ૪ લાખ, છઠ્ઠા લાંતક દેવલોકમાં ૫૦ હજાર, સાતમા મહાશુક્ર દેવલોકમાં ૪૦ હજાર, આઠમા સહસ્રાર દેવલોકમાં ૬ હજાર, નવમા દસમા આનત-પ્રાણત દેવલોકમાં ૪૦૦ વિમાનાવાસ, અગિયારમા-બારમા આરણ-અચ્યુત દેવલોકમાં ૩૦૦ વિમાનાવાસ, ગ્રૈવેયકની પ્રથમ ત્રિકમાં ૧૧૧ વિમાનાવાસ, દ્વિતીય ત્રિકમાં ૧૦૭ વિમાનાવાસ, તૃતીય ત્રિકમાં ૧૦૦ વિમાનાવાસ, અનુત્તર વિમાનમાં

૫ વિમાનાવાસ છે. કુલ મળીને ૮૪,૯૭,૦૨૩(ચોરાસી લાખ સત્તાણું હજાર ત્રેવીસ) વિમાનાવાસ વૈમાનિક દેવોના છે.

**વિમાનાવાસોનો વિસ્તાર :–** સર્વાર્થસિદ્ધ મહાવિમાન સંખ્યાત યોજન વિસ્તૃત છે. ચાર અનુત્તર વિમાન અસંખ્યાત યોજન પ્રમાણ છે અને અન્ય સર્વ દેવલોકના વિમાનાવાસ સંખ્યાત યોજન અને અસંખ્યાત યોજન વિસ્તૃત છે.

**લેશ્યા :–** પહેલા અને બીજા દેવલોકમાં તેજોલેશ્યા; ત્રીજા, ચોથા અને પાંચમા દેવલોકમાં પદ્મલેશ્યા છઠ્ઠા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન પર્યંત શુક્લલેશ્યા હોય છે.

વૈમાનિક દેવોના વિષયમાં ઉત્પત્તિ, ચ્યવન અને સ્વસ્થાન વિષયક પૂર્વોક્ત પ્રશ્નોમાં અનેક પ્રશ્નોના ઉત્તરો જ્યોતિષી દેવોની સમાન જ છે. જેમાં વિશેષતા છે તેનું કથન સૂત્રમાં કર્યું છે.

**અવધિજ્ઞાની-અવધિદર્શની :–** વૈમાનિકમાંથી અવધિજ્ઞાનીનું ચ્યવન થાય છે પરંતુ તેમાં અસંખ્યાત યોજન વિસ્તૃત વિમાનાવાસમાંથી પણ સંખ્યાતા જીવો જ અવધિજ્ઞાન સહિત ચ્યવે છે. તીર્થંકર અને અન્ય કોઈક જીવો જ અવધિ જ્ઞાન સાથે ચ્યવે છે અને તે જીવોની સંખ્યા અલ્પ હોય છે.

**વેદ :–** પહેલા બે દેવલોકમાં સ્ત્રીવેદ અને પુરુષવેદ તથા ત્યાર પછીના દેવલોકમાં એક પુરુષવેદ જ હોય છે. તેથી તેની ઉત્પત્તિ અને સત્તામાં એક પુરુષવેદનું કથન છે. પરંતુ દેવલોકમાંથી નીકળી ત્રણે વેદમાં ઉત્પન્ન થઈ શકે છે તેથી ઉદ્વર્તનમાં ત્રણે ય વેદ કહ્યા છે.

**સંજ્ઞી :–** પ્રથમ બે દેવલોકના દેવો ચ્યવીને અસંજ્ઞીમાં(પૃથ્વી, પાણી, વનસ્પતિમાં) ઉત્પન્ન થઈ શકે છે. અને ત્યાર પછીના દેવલોકોના દેવોનું ચ્યવન કેવળ સંજ્ઞી જીવોમાં જ થાય છે. તેથી તે દેવોની ઉત્પત્તિ, ચ્યવન અને સ્થાનસ્થિતમાં કેવળ સંજ્ઞી જીવો જ હોય છે.

**ઉત્પત્તિ અને ચ્યવન સંખ્યા :–** પ્રથમ દેવલોકથી આઠમા દેવલોક સુધી તિર્યંચ ઉત્પન્ન થાય છે અને તે દેવો પણ ચ્યવીને તિર્યંચમાં ઉત્પન્ન થાય છે. તેથી અસંખ્યાત યોજન વિસ્તૃત વિમાનાવાસોમાં અસંખ્યાત જીવોની ઉત્પત્તિ અને ચ્યવન હોય છે.

નવમાં દેવલોકથી ઉપરના દેવલોકોમાં ગર્ભજ મનુષ્યો જ ઉત્પન્ન થાય છે અને તે દેવલોકોના દેવો પણ ગર્ભજ મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. ગર્ભજ મનુષ્યો સંખ્યાતા જ હોવાથી તે દેવલોકોના સંખ્યાત અને અસંખ્યાત યોજન વિસ્તૃત વિમાનાવાસોમાં ઉત્પત્તિ અને ચ્યવન સંખ્યાતા દેવોનું જ થઈ શકે છે. પરંતુ સ્વસ્થાનમાં સંખ્યાતા યોજન વિસ્તૃત વિમાનાવાસોમાં સંખ્યાતા અને અસંખ્યાત યોજન વિસ્તૃત વિમાનાવાસોમાં અસંખ્યાતા દેવો હોય છે. કારણ કે તે દેવોની સ્થિતિ અસંખ્યાત કાલની છે અને તેના તે જીવનકાળ દરમ્યાન એક-એક દેવ ઉત્પન્ન થાય તો પણ અસંખ્યાતા દેવો નવા ઉત્પન્ન થઈ જાય છે. તેથી સ્વસ્થાનમાં અસંખ્યાતા દેવો સદા હોય છે.

નોઈન્દ્રિયોપયુક્ત અને અનંતરોપપન્નક આદિ ચાર, તેમ આ પાંચ બોલમાં ઉત્કૃષ્ટ સંખ્યાતા દેવો જ હોય છે, કારણ કે આ ચારેય બોલનો સદ્ભાવ ઉત્પત્તિના એક, બે કે ત્રણ સમયે જ હોય છે ત્યાર પછી તે બોલ ઈન્દ્રિયોપયુક્ત અને પરંપરોત્પન્નક આદિ રૂપે પરિવર્તિત થઈ જાય છે.

**પાંચ અનુત્તર-વિમાન :–** અનુત્તર વિમાનમાં ઉત્પત્તિ, ચ્યવન અને સ્વસ્થાનમાં સમ્યગ્દૃષ્ટિ જ હોય છે. તેથી કૃષ્ણપાક્ષિક, અભવ્ય અને ત્રણ અજ્ઞાનવાળા જીવો હોતા નથી.

**ચરમ-અચરમ :–** સર્વાર્થસિદ્ધ વિમાનમાં પ્રત્યેક દેવ ચરમ જ ઉત્પન્ન થાય છે, કારણ કે તે દેવો એકાવતારી હોય છે. પરંતુ ચાર અનુત્તર વિમાનમાં ચરમ-અચરમ બંને પ્રકારના દેવો ઉત્પન્ન થાય છે.

**ચાર પ્રકારના દેવોમાં ઉત્પત્તિ, ઉદ્વર્તના અને વિદ્યમાનતા :–** તેમાં ૩૯ બોલ છે– ઉપપાત-પરિમાણનું એક બોલ અને શેષ ૩૮ બોલ આ પ્રમાણે છે– ૧ લેશ્યા, ૨ પક્ષ, ૨ સંજ્ઞી, ૨ ભવી, ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, ૪ સંજ્ઞોપયુક્ત, ૩ વેદ, ૪ કષાય, પાંચ ઈન્દ્રિય, નોઈન્દ્રિય, ૩ યોગ અને ૨ ઉપયોગ.

| દેવ પ્રકાર | ઉત્પત્તિ–૩૮ બોલ | ઉદ્વર્તન–૩૮ બોલ | વિદ્યમાનતા–૩૯ બોલ |
|---|---|---|---|
| ભવનપતિ અને વ્યંતર | **૨૯ બોલ–** ચક્ષુદર્શન, નંપુસક-વેદ, પાંચ ઈન્દ્રિય, મનોયોગ, વચનયોગ; તે ૯ બોલ વર્જીને. | **૨૭ બોલ–** વિભંગજ્ઞાન, અવધિજ્ઞાન, અવધિદર્શન, ચક્ષુદર્શન, પાંચ ઈન્દ્રિય, મનોયોગ, વચનયોગ; તે ૧૧ બોલ વર્જીને. | **૩૩ બોલ**ની નિયમા. **૫ બોલ**ની ભજના–અસંજ્ઞી, નોઈન્દ્રિયોપયુક્ત, ક્રોધ, માન, માયાકષાયી. **૧ બોલ** નથી– નંપુસક વેદ. |
| જ્યોતિષી અને ૧,૨, દેવલોક | **૨૮ બોલ–** ૨૯માંથી અસંજ્ઞીને છોડીને. | જ્યોતિષીમાં **૨૭ બોલ** ઉપરવત્. બે દેવલોકમાં **૨૯ બોલ–** અવધિજ્ઞાન, અવિધિદર્શન; બે ઉમેરીને. | **૩૩ બોલ**ની નિયમા. **૪ બોલ**ની ભજના–નોઈન્દ્રિયો-પયુક્ત અને ત્રણ કષાય.**૨ બોલ** નથી–અસંજ્ઞી અને નંપુસકવેદ. |
| સનત્કુમારથી નવગ્રૈવયક | **૨૭ બોલ**–૨૮ બોલમાંથી સ્ત્રીવેદને છોડીને. | **૨૮ બોલ**–૨૯ બોલમાંથી અસંજ્ઞીને છોડીને. | **૩૨ બોલ**ની નિયમા **૪ બોલ**ની ભજના–ઉપરવત્ **૩ બોલ** નથી–સ્ત્રીવેદ, નંપુસક વેદ, અસંજ્ઞી. |
| પાંચ અનુત્તર વિમાન | **૨૨ બોલ**–૨૭ બોલમાંથી કૃષ્ણપક્ષી, અભવ્ય, ત્રણ અજ્ઞાન; તે ૫ બોલ છોડીને. | **૨૪ બોલ**–૨૮ બોલમાંથી કૃષ્ણપક્ષી, અભવી, મતિ–શ્રુત અજ્ઞાની તે ચાર બોલ છોડીને. | **૨૭ બોલ**ની નિયમા. **૪ બોલ**ની ભજના ઉપરવત્ **૮ બોલ** નથી–કૃષ્ણપક્ષી, અભવ્ય, ત્રણ અજ્ઞાન, સ્ત્રીવેદ, નંપુસકવેદ, અસંજ્ઞી. |

★ વિદ્યમાનતા વિષયક શેષ ૧૦ બોલમાંથી અનંતરોપપન્નક અનંતરાવગાઢ, અનંતરાહારક અને અનંતર પર્યાપ્ત તે ચાર બોલની દરેક સ્થાનમાં ભજના અને શેષ પરંપરોપપન્નક, પરંપરાવગાઢ, પરંપરાહારક, પરંપર પર્યાપ્ત, ચરમ અને અચરમ તે છ બોલની નિયમા હોય છે. સર્વાર્થસિદ્ધ વિમાનમાં અચરમ જીવો હોતાનથી. નવમા દેવલોકથી ઉપરના દેવલોકમાં અનંતરોપપન્નક આદિ જીવો સંખ્યાતા જ હોય છે.

★ નવગ્રૈવેયક સુધી ત્રણ દષ્ટિ અને અનુત્તર વિમાનમાં એક સમ્યગ્ દષ્ટિ હોય.

**દેવોમાં દષ્ટિ :–**

**૧૪ चोसट्ठीए णं भंते ! असुरकुमारावास-सयसहस्सेसु संखेज्जवित्थडेसु असुरकुमारा-वासेसु किं सम्मदिट्ठी असुरकुमारा उववज्जंति, मिच्छादिट्ठी असुरकुमारा उववज्जंति ?**

**गोयमा ! जहा रयणप्पभाए तिण्णि आलावगा भणिया तहा भाणियव्वा । एवं**

**असंखेज्ज- वित्थडेसु वि तिण्णि गमगा । एवं *जाव* गेवेज्जविमाणे । अणुत्तरविमाणेसु एवं चेव; णवरं तिसु वि आलावएसु मिच्छादिट्ठी सम्मामिच्छादिट्ठी य ण भण्णंति । सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવોના ચોસઠ લાખ અસુરકુમારાવાસોમાંથી, સંખ્યાત યોજન વિસ્તૃત અસુરકુમારાવાસોમાં સમ્યગ્દષ્ટિ અસુરકુમાર ઉત્પન્ન થાય છે કે મિથ્યાદષ્ટિ ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે રત્નપ્રભા પૃથ્વીના સંબંધમાં ત્રણ સૂત્રો કહ્યા, તે જ રીતે અહીં પણ કથન કરવું જોઈએ અને તે જ રીતે અસંખ્યાત યોજન વિસ્તૃત અસુરકુમારાવાસોના વિષયમાં પણ ત્રણ આલાપક કહેવા જોઈએ. આ જ રીતે ***યાવત્*** ગ્રૈવેયક અને અનુત્તર વિમાનોમાં પણ કહેવું જોઈએ. અનુત્તર વિમાનમાં વિશેષતા એ છે કે ત્રણે આલાપકોમાં મિથ્યાદષ્ટિ અને મિશ્ર દષ્ટિનું કથન ન કરવું જોઈએ. શેષ સર્વ વર્ણન નરકની સમાન છે.

**વિવેચન :–**

પાંચ અનુત્તર વિમાનમાં માત્ર સમ્યગ્દષ્ટિ જીવો જ હોય છે. તેથી શેષ બે દષ્ટિનો નિષેધ કર્યો છે. શેષ સર્વ દેવોમાં ત્રણ દષ્ટિ હોય છે.

**દેવોમાં લેશ્યા પરિણમન :–**

**૧૫ से णूणं भंते ! कण्हलेस्से जीवे णील लेस्से *जाव* सुक्कलेस्से भवित्ता कण्हलेस्सेसु देवेसु उववज्जंति ?**

**हंता गोयमा ! एवं जहेव णेरइएसु पढमे उद्देसए तहेव भाणियव्वं । णीललेसाए वि जहेव णेरइयाणं । जहा णीललेस्साए एवं *जाव* पम्हलेस्सेसु । सुक्कलेस्सेसु एवं चेव, णवरं– लेस्सट्ठाणेसु विसुज्झमाणेसु विसुज्झमाणेसु सुक्कलेस्सं परिणमइ, सुक्कलेस्सं परिणमित्ता सुक्कलेस्सेसु देवेसु उववज्जंति । से तेणट्ठेणं *जाव* उववज्जंति ॥ सेवं भंते! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી જીવો, નીલલેશી ***યાવત્*** શુક્લલેશી(રૂપે પરિવર્તિત) થઈને કૃષ્ણલેશી દેવોમાં ઉત્પન્ન થઈ શકે છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! જે રીતે પ્રથમ ઉદ્દેશકમાં નૈરયિકોના વિષયમાં કથન કર્યું છે, તે જ રીતે અહીં પણ કૃષ્ણલેશી દેવનું કથન કરવું જોઈએ. નીલલેશ્યાનું કથન પણ નારકીની સમાન કરવું. જે રીતે નીલ લેશી દેવનું કથન કર્યું તે જ રીતે કાપોતલેશી ***યાવત્*** પદ્મલેશીના વિષયમાં પણ કહેવું જોઈએ. શુક્લ લેશ્યાના વિષયમાં પણ આ જ રીતે કથન કરવું જોઈએ પરંતુ વિશેષતા એ છે કે લેશ્યા સ્થાન વિશુદ્ધ થતાં થતાં શુક્લલેશ્યામાં પરિણત થાય છે. શુક્લલેશ્યામાં પરિણત થયા પછી જીવ શુક્લલેશ્યામાં યુક્ત દેવમાં ઉત્પન્ન થાય છે. તેથી હે ગૌતમ ! તે પ્રમાણે કથન કર્યું છે ***યાવત્*** ઉત્પન્ન થાય છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

છ એ લેશ્યા યુક્ત જીવો પોતાના ઉત્પત્તિ સ્થાનને યોગ્ય લેશ્યાનું તદ્રૂપ પરિણમન કરીને ત્યાં ઉત્પન્ન થાય છે.

**ઉપયોગની ગતાગત :–** ઉત્પત્તિ, ઉદ્વર્તના-ચ્યવનના ઉક્ત બોલોમાં પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શનનું વર્ણન છે. તેના આધારે અને અન્ય વર્ણનના આધારે ૧૨ ઉપયોગની ગતાગત આ પ્રકારે થાય છે.

**અંક સાથે ઉપયોગની ગતાગત :–**

| જીવ | આગતિ(ઉત્પત્તિ) જ્ઞાન+અજ્ઞાન+દર્શન ૫ ૩ ૪ | ગતિ(ઉદ્વર્તના) જ્ઞાન+અજ્ઞાન+દર્શન ૫ ૩ ૪ | આંક બને (સ્મૃતિ માટે) |
|---|---|---|---|
| ૧ થી ૩ નરક | ૮(૩+૩+૨) | ૭(૩+૨+૨) | ૮૭ |
| ૪ થી ૬ નરક | ૮(૩+૩+૨) | ૫(૨+૨+૧) | ૮૫ |
| ૭ મી નરક | ૫ (૦+૩+૨) | ૩(૦+૨+૧) | ૫૩ |
| ભવન. વ્યંતર, જ્યોતિષી | ૮(૩+૩+૨) | ૫(૨+૨+૧) | ૮૫ |
| વૈમાનિક દેવ ગ્રૈવેયક સુધી | ૮(૩+૩+૨) | ૭(૩+૨+૨) | ૮૭ |
| અનુત્તર વિમાન | ૫(૩+૦+૨) | ૫(૩+૦+૨) | ૫૫ |
| પાંચ સ્થાવર | ૩(૦+૨+૧) | ૩(૦+૨+૧) | ૩૩ |
| ત્રણ વિકલેન્દ્રિય | ૫(૨+૨+૧) | ૩(૦+૨+૧) | ૫૩ |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૫(૨+૨+૧) | ૮(૩+૩+૨) | ૫૮ |
| મનુષ્ય | ૭(૩+૨+૨) | ૮(૩+૩+૨) | ૭૮ |

**।। શતક ૧૩/૨ સંપૂર્ણ ।।**

# શતક–૧૩ : ઉદ્દેશક–૩

## અનંતર

**નૈરયિકોમાં અનન્તરાહારાદિ :–**

**१ णेरइया णं भंते ! अणंतराहारा, तओ णिव्वत्तणया, पुच्छा ?**

**गोयमा ! परियारणापदं णिरवसेसं भाणियव्वं ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**શબ્દાર્થ :– णिव्वत्तणया** = નિર્વર્તના-શરીરની નિષ્પત્તિ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ, ઉત્પત્તિ ક્ષેત્રને પ્રાપ્ત થઈને, અનંતરાહારી અર્થાત્ પ્રથમ સમય આહાર કરનાર હોય છે અને ત્યાર પછી શરીરની નિષ્પત્તિ કરે છે, ઈત્યાદિ પ્રશ્ન કરવા ?

હે ગૌતમ ! અહીં પ્રજ્ઞાપના સૂત્રનું ૩૪મું પરિચારણા પદ સંપૂર્ણ કહેવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**॥ શતક ૧૩/૩ સંપૂર્ણ ॥**

# શતક–૧૩ : ઉદ્દેશક–૪

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકનું નામ પૃથ્વી છે. તેમાં ૧૩ દ્વારના માધ્યમથી સાતે નરકની, નરકાવાસની અને તેની વેદનાની પરસ્પર તરતમતા; લોકનો મધ્યભાગ; દિશા-વિદિશા આદિનું સ્વરૂપ; પાંચ અસ્તિકાયની સહાયતાથી થતી જીવની પ્રવૃત્તિ, પાંચ અસ્તિકાયના પ્રદેશોની અને દ્રવ્યોની પરસ્પર સ્પર્શના, અવગાઢતા, લોકનું સંસ્થાન, લોકનો બહુ સમભાગ વગેરે વિવિધ વિષયોનું પ્રતિપાદન છે.

**નૈરયિક દ્વાર**– સાતે નરકના નરકાવાસમાં ક્રમશઃ નીચે નીચેની નરકના નરકાવાસ અતિ વિશાળ, અલ્પ જીવોવાળા, સંકડાશ રહિત છે. ઉપર ઉપરની નરકના નરકાવાસ અપેક્ષાએ અધિક જીવોથી વ્યાપ્ત હોય છે. કારણ કે ઉપર ઉપરની નરકોમાં નારકોની સંખ્યા અધિક છે. નીચેની નરકના નારકો ક્રમશઃ મહાવેદના, મહાક્રિયા, મહાશ્રવ અને મહાકર્મવાળા, અલ્પઋદ્ધિ અને અલ્પદ્યુતિવાળા હોય છે.

**સ્પર્શદ્વાર**– સાતે નરકના નારકી ત્યાં રહેલા પૃથ્વી આદિ પાંચે સ્થાવર જીવોનો અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ અને મનને પ્રતિકૂળ અનુભવ કરે છે. ત્યાં બાદર અગ્નિના જીવો નથી પરંતુ સ્વભાવથી ઉષ્ણ પુદ્ગલો હોય છે અને પરમાધામી દેવોપણ ઉષ્ણ પુદ્ગલોની વિકુર્વણા કરે છે. તે ઉષ્ણ પુદ્ગલોનો સ્પર્શ અગ્નિતુલ્ય હોય છે.

**પ્રણિધિ દ્વાર**– રત્નપ્રભા આદિ સાતે પૃથ્વી ક્રમશઃ એક બીજાથી લંબાઈ અને પહોળાઈમાં મોટી અને જાડાઈની અપેક્ષાએ ક્રમશઃ નાની છે.

**નિરયાન્ત દ્વાર**– રત્નપ્રભા આદિ સાતે નરક પૃથ્વીના ક્ષેત્રમાં રહેલા સ્થાવર જીવો પણ મહાકર્મ, મહાક્રિયા,મહાશ્રવ અને મહાવેદનાવાળા હોય છે.

**લોક મધ્ય દ્વાર**– લોક, ઊંચાઈ લંબાઈની અપેક્ષાએ ૧૪ રજ્જુ પરિમાણ છે. તેનો મધ્યભાગ, દિશાઓના આઠ રૂચક પ્રદેશથી અસંખ્યાત ક્રોડ યોજન નીચે ગયા પછી રત્નપ્રભા પૃથ્વીમાં છે.

અધોલોકનો મધ્યભાગ ચોથી અને પાંચમી નરકની વચ્ચેના આકાશાન્તરમાં, તિરછાલોકનો મધ્યભાગ રત્નપ્રભા પૃથ્વીના સમતલભૂમિભાગ ઉપરના બે ક્ષુલ્લક પ્રતરના આઠ રુચક પ્રદેશમાં છે. ઊર્ધ્વલોકનો મધ્યભાગ ત્રીજા, ચોથા દેવલોકની ઉપર અને પાંચમાં દેવલોકમાં નીચેના રિષ્ટ નામના ત્રીજા પ્રતરમાં છે.

**દિશા વિદિશા**– તિરછાલોકના મધ્યભાગરૂપ આઠ રુચક પ્રદેશોમાંથી દશ દિશાનો ઉદ્ગમ થાય છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ; આ ચાર દિશાઓ પ્રારંભમાં બે પ્રદેશી છે અને ક્રમશઃ બે-બે પ્રદેશની ઉત્તરોત્તર વૃદ્ધિવાળી છે. પ્રત્યેક દિશાઓનો આકાર ગાડાની ઊંધ સમાન છે. ઈશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય તે ચારે વિદિશા પ્રારંભથી અંત સુધી એક પ્રદેશી છે. તેનો પ્રારંભ પણ રુચકપ્રદેશોથી જ થાય છે અને તે ચારેયનો આકાર મુક્તાવલી જેવો છે. ઊર્ધ્વ અને અધોદિશા પ્રારંભથી અંત સુધી ચાર પ્રદેશી છે. સૂત્રમાં તેને રુચકાકારે કહી છે. દિશા અને વિદિશા લોકની અપેક્ષાએ અસંખ્યાત પ્રદેશી અને અલોકની અપેક્ષાએ અનંત પ્રદેશી છે. દશે દિશાના ગુણનિષ્પન્ન નામ તેના અધિપતિ દેવના નામના આધારે નિશ્ચિત થયા છે.

યથા– (૧) ઐન્દ્રી(પૂર્વ) (૨) આગ્નેયી(પૂર્વદક્ષિણ) (૩) યામ્યા(દક્ષિણ) (૪) નૈઋતી(દક્ષિણ પશ્ચિમ) (૫) વારુણી(પશ્ચિમ) (૬) વાયવ્ય(પશ્ચિમ-ઉત્તર) (૭) સૌમ્ય(ઉત્તર) (૮) ઈશાન(ઉત્તર-પૂર્વ) (૯) વિમલા (ઊર્ધ્વદિશા) (૧૦) તમા(અધોદિશા).

**પ્રવર્તન દ્વાર–** અખંડ આકાશ દ્રવ્યના જેટલા વિભાગમાં પંચાસ્તિકાય દ્રવ્યો વિદ્યમાન છે, તેટલા આકાશખંડને લોક કહે છે. તેથી લોક પંચાસ્તિકાયમય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય, આ પાંચે ય દ્રવ્યો જીવની વિશેષ પ્રવૃત્તિઓમાં સહાયક બને છે. ધર્માસ્તિકાય ગમનાદિ ચલનક્રિયામાં, અધર્માસ્તિકાય સ્થિતિક્રિયામાં, આકાશાસ્તિકાય અવગાહના પ્રદાન કરવામાં, જીવાસ્તિકાય અનંત જ્ઞાનાદિ પર્યાયોને પ્રાપ્ત કરવામાં, પુદ્‌ગલાસ્તિકાય શરીર, ઈન્દ્રિય આદિના નિર્માણમાં સહાયક બને છે.

**સ્પર્શના દ્વાર–** ધર્માસ્તિકાયનો લોકાન્તે રહેલો એક પ્રદેશ ધર્માસ્તિકાયના અન્ય ત્રણ, ચાર કે પાંચ પ્રદેશોને સ્પર્શ કરે છે અને લોકની મધ્યમાં રહેલો એક પ્રદેશ નિયમા છ પ્રદેશોને સ્પર્શે છે. ધર્માસ્તિકાયનો લોકાંતે રહેલો એક પ્રદેશ અધર્માસ્તિકાયનો ચાર, પાંચ કે છ પ્રદેશોને સ્પર્શે છે અને લોકની મધ્યમાં સાત પ્રદેશોને સ્પર્શે છે, આકાશાસ્તિકાયના જઘન્ય-ઉત્કૃષ્ટ સાત પ્રદેશોને જ સ્પર્શે છે; જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને અદ્ધાસમયના અનંત પ્રદેશોને સ્પર્શે છે. આ રીતે છ દ્રવ્યોના પ્રદેશની પરસ્પર સ્પર્શના જાણી લેવી.

દ્વિપ્રદેશી સ્કંધ ધર્માસ્તિકાયાદિ ત્રણ દ્રવ્યના જઘન્ય(લોકાંતની અપેક્ષાએ) છ પ્રદેશોને ઉત્કૃષ્ટ (લોકમધ્યની અપેક્ષાએ) ૧૨ પ્રદેશોને સ્પર્શે છે. આ જ રીતે ત્રિપ્રદેશીસ્કંધ જઘન્ય આઠ, ઉત્કૃષ્ટ સત્તર પ્રદેશોને સ્પર્શે છે. આ જ રીતે સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશી સ્કંધોની સ્પર્શના જાણવી. વિશેષ એ છે કે અનંતપ્રદેશી સ્કંધ લોકાંતે કે લોક મધ્યે અસંખ્યાત પ્રદેશોને જ સ્પર્શે છે કારણ કે લોકાકાશના અસંખ્યાત પ્રદેશો જ છે.

પરમાણુ, દ્વિપ્રદેશી આદિ કોઈ પણ સ્કંધ, જીવાસ્તિકાય કે અદ્ધાસમય કાલના અનંત પ્રદેશોને સ્પર્શે છે.

સમસ્ત ધર્માસ્તિકાય દ્રવ્ય ધર્માસ્તિકાયના પ્રદેશોને સ્પર્શતું નથી કારણ કે અખંડ દ્રવ્યથી તેના પ્રદેશો અભિન્ન જ હોય છે. ધર્માસ્તિકાય દ્રવ્ય અધર્માસ્તિકાયના અને આકાશાસ્તિકાયના અસંખ્યાત પ્રદેશોને અને જીવાસ્તિકાયાદિ અંતિમ ત્રણ દ્રવ્યના અનંત પ્રદેશોને સ્પર્શે છે. આ રીતે અધર્માસ્તિકાયાદિ દ્રવ્ય પોતાના પ્રદેશોને સ્પર્શતા નથી. અન્ય દ્રવ્યના પ્રદેશોની સ્પર્શના ઉપર પ્રમાણે જાણવી.

**અવગાઢ દ્વાર–** ધર્માસ્તિકાયનો એક પ્રદેશ જ્યાં અવગાઢ હોય ત્યાં ધર્માસ્તિકાયનો બીજો પ્રદેશ અવગાઢ હોતો નથી. પરંતુ ત્યાં અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયનો એક પ્રદેશ તથા જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાયના અનંત પ્રદેશ અવગાઢ હોય છે. અદ્ધાસમય અઢીદ્વીપમાં જ હોવાથી કદાચિત્ અવગાઢ હોય છે, કદાચિત્ નથી. જો અઢીદ્વીપની અંદરનો પ્રદેશ હોય, તો અવગાઢ હોય છે અને તે અનંત પ્રદેશ અવગાઢ હોય છે. જો અઢીદ્વીપની બહારનો ધર્માસ્તિકાયનો પ્રદેશ હોય તો અદ્ધા સમયની અવગાઢતા થતી નથી.

આ રીતે સર્વ દ્રવ્યોના પ્રદેશોની પરસ્પર અવગાઢતા જાણવી.

જ્યાં ધર્માસ્તિકાય સંપૂર્ણ દ્રવ્ય અવગાઢ હોય ત્યાં ધર્માસ્તિકાયનો બીજો એક પણ પ્રદેશ અવગાઢ

હોતો નથી. ત્યાં અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના અસંખ્યાત પ્રદેશ અને જીવાસ્તિકાય આદિ અંતિમ ત્રણે દ્રવ્યોના અનંત પ્રદેશ અવગાઢ હોય છે. આ રીતે સર્વ દ્રવ્યોની પરસ્પર અવગાઢતા જાણવી.

**જીવ અવગાઢ દ્વાર**– જ્યાં પૃથ્વીકાયનો એક જીવ અવગાઢ હોય, ત્યાં અન્ય પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના અસંખ્ય જીવો અને વનસ્પતિકાયના અનંત જીવો અવગાઢ હોય છે. આ રીતે પાંચે સ્થાવર જીવોની પરસ્પર અવગાઢતા જાણવી.

**અસ્તિ-પ્રદેશ નિષીદનાદિ દ્વાર**– ધર્માસ્તિકાયાદિ ત્રણે દ્રવ્યો પર કોઈ પુરુષ સ્થિર થવામાં, ઊભા રહેવામાં, બેસવામાં કે સૂવામાં સમર્થ નથી. કારણ કે તે ત્રણે અરૂપી દ્રવ્યો છે. તેના પર અન્ય કોઈ પણ ક્રિયાઓ થઈ શકતી નથી. ત્યાં અનંત જીવો અવગાઢ થઈ શકે છે. શેષ ત્રણ દ્રવ્યોની અહીં પૃચ્છા નથી.

**બહુસમદ્વાર**– ચૌદ રજ્જુ પરિમાણ આ લોક સર્વત્ર સમાન નથી. કયાંક પહોળો, કયાંક સાંકડો છે. આ પ્રકારની હાનિ-વૃદ્ધિ રહિત ભાગને બહુસમભાગ કહે છે. રત્નપ્રભા પૃથ્વીમાં બે ક્ષુલ્લક પ્રતર છે તે લોકનો બહુસમ અને સંક્ષિપ્ત ભાગ છે. તે તિર્યગ્લોક વર્તી છે. તેની લંબાઈ-પહોળાઈ એક રજ્જુ પ્રમાણ છે. તે બંને પ્રતરોમાંથી નીચેના પ્રતરથી લોકની અધોમુખી વૃદ્ધિ થાય છે અને ઉપરના પ્રતરથી લોકની ઊર્ધ્વમુખી વૃદ્ધિ થાય છે. પાંચમાં દેવલોક પાસે તે પ્રદેશોની વૃદ્ધિનો અંત અને હાનિનો પ્રારંભ થાય છે. વક્ર ભાગને વિગ્રહ કંડક કહે છે.

**લોક સંસ્થાન**– આ લોક પુરુષ સંસ્થાને સંસ્થિત છે. નીચે પહોળો, મધ્યમાં સાંકડો, ફરી પહોળો અને ઉપર લોકાંતે સાંકડો છે.

આ રીતે નીચે એક ઊંધુ શકોરું, તેની ઉપર ચત્તુ અને તેની ઉપર ઊંધુ શકોરું રાખતા જે આકાર બને તેવો લોકનો આકાર છે, તેને જ સુપ્રતિષ્ઠિત સરાવલાનો આકાર કહે છે. લોકના ત્રણ વિભાગ છે.– અધોલોક, તિરછોલોક અને ઊર્ધ્વલોક. તેમાં સર્વથી નાનો તિરછોલોક, તેથી ઊર્ધ્વલોક અસંખ્યાતગુણો અને તેથી અધોલોક વિશેષાધિક છે.

❖❖❖❖❖

# શતક–૧૩ : ઉદ્દેશક–૪

## પૃથ્વીઓ

**(૧) નરકાવાસોની પરસ્પર વિશાળતા અને અંતર :–**

**१ कइ णं भंते ! पुढवीओ पण्णत्ताओ ? गोयमा ! सत्त पुढवीओ पण्णत्ताओ, तं जहा– रयणप्पभा *जाव* अहेसत्तमा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નરક પૃથ્વીઓ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નરક પૃથ્વીઓ સાત છે. યથા– રત્નપ્રભા ***યાવત્*** અધઃસપ્તમ પૃથ્વી.

**२ अहेसत्तमाए णं भंते ! पुढवीए पंच अणुत्तरा महइमहालया *जाव* अपइट्ठाणे । ते णं णरगा छट्ठीए तमाए पुढवीए णरएहिंतो किं महत्तरा, महाविच्छिण्णतरा, महागासतरा, महापइरिक्कतरा; णो तहा महापवेसणतरा, णो आइण्णतरा, णो आउलतरा, अणोमाणतरा?**

**हंता गोयमा ! ते णं णरगा छट्ठीए तमाए पुढवीए णरएहिंतो महत्तरा चेव, महाविच्छिण्णतरा चेव, महागासतरा चेव, महापइरिक्कतरा चेव; णो तहा महापवेसणतरा चेव, णो आइण्णतरा चेव, णो आउलतरा चेव, अणोमाणतरा चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધઃસપ્તમ પૃથ્વીમાં અપ્રતિષ્ઠાન પર્યંતના પાંચ અનુત્તર અને મહત્તમ નરકાવાસ છે. તે નરકાવાસ છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીના નરકાવાસોથી શું (૧) અત્યંત મોટા (૨) અતિ વિસ્તૃત (૩) ઘણા આકાશવાળા અને (૪) ઘણી ખાલી જગ્યાવાળા છે ? છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીના નરકાવાસોની અપેક્ષાએ સાતમીનરકના નરકાવાસો શું (૫) મહાપ્રવેશવાળા નથી (૬) અત્યંત આકીર્ણ(ભરેલા) નથી (૭) અત્યંત વ્યાપ્ત નથી અને (૮) પરસ્પરના સંઘટ્ટન રહિત છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે નરકાવાસ છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીના નરકાવાસોથી (૧) અત્યંત મોટા, (૨) અતિ વિસ્તૃત (૩) ઘણા આકાશવાળા અને (૪) ઘણી ખાલી જગ્યાવાળા છે. (૫) મહાપ્રવેશવાળા નથી (૬) અત્યંત આકીર્ણ નથી (૭) અત્યંત વ્યાપ્ત નથી (૮) પરસ્પરના સંઘટ્ટન રહિત છે.

**३ तेसु णं भंते ! णरएसु णेरइया छट्ठीए तमाए पुढवीए णेरइएहिंतो किं महाकम्मतरा, महाकिरियतरा, महासवतरा, महावेयणतरा; णो तहा अप्पकम्मतरा, णो अप्पकिरियतरा, णो अप्पासवतरा, णो अप्पवेयणतरा; अप्पिड्ढियतरा, अप्पजुइयतरा; णो तहा महिड्ढियतरा, णो महज्जुइयतरा ? ।**

**हंता गोयमा ! तेसु णं णरएसु णेरइया छट्ठीए तमाए पुढवीए णेरइएहिंतो महाकम्मतरा**

**चेव, महाकिरियतरा चेव, महासवतरा चेव, महावेयणतरा चेव; णो तहा अप्पकम्मतरा चेव, णो अप्पकिरियतरा चेव, णो अप्पासवतरा चेव, णो अप्पवेयणतरा चेव; अप्पिड्ढियतरा चेव, अप्पजुइयतरा चेव; णो तहा महिड्ढियतरा चेव, णो महज्जुइयतरा चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે નરકાવાસોમાં રહેલા નૈરયિકો છટ્ઠી તમઃપ્રભા પૃથ્વીમાં રહેલા નૈરયિકોની અપેક્ષાએ શું (૧) મહાકર્મવાળા (૨) મહાક્રિયાવાળા (૩) મહાશ્રવવાળા અને (૪) મહા વેદનાવાળા છે ? તમઃપ્રભા સ્થિત નૈરયિકોની અપેક્ષાએ તે શું (૫) અલ્પકર્મ (૬) અલ્પક્રિયા (૭) અલ્પાશ્રવ અને (૮) અલ્પવેદનાવાળા નથી ? શું (૯) તે નૈરયિકો અત્યંત અલ્પઋદ્ધિવાળા (૧૦) અત્યંત અલ્પ દ્યુતિવાળા હોય છે ? શું તે (૧૧) મહાઋદ્ધિ (૧૨) મહાદ્યુતિવાળા નથી ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે નરકાવાસોમાં રહેલા નૈરયિકો છટ્ઠી તમઃપ્રભા પૃથ્વીમાં રહેલા નૈરયિકોની અપેક્ષાએ (૧) મહાકર્મવાળા (૨) મહાક્રિયાવાળા (૩) મહાશ્રવવાળા અને (૪) મહા વેદનાવાળા હોય છે. તે તમઃપ્રભા સ્થિત નૈરયિકોની અપેક્ષાએ (૫) અલ્પકર્મ (૬) અલ્પક્રિયા (૭) અલ્પાશ્રવ અને (૮) અલ્પવેદનાવાળા નથી. તે નૈરયિકો અત્યંત (૯) અલ્પઋદ્ધિવાળા (૧૦) અત્યંત અલ્પ દ્યુતિવાળા હોય છે તે (૧૧) મહાઋદ્ધિ અને (૧૨) મહાદ્યુતિવાળા હોતા નથી.

**૪ छट्ठीए णं भंते ! तमाए पुढवीए एगे पंचूणे णिरयावाससयसहस्से पण्णत्ते, पुच्छा ?**

**हंता गोयमा ! ते णं णरगा अहेसत्तमाए पुढवीए णरएहिंतो णो तहा महत्तरा चेव, णो महाविच्छिण्णतरा चेव णो महागासतरा चेव, णो महापइरिक्कतरा चेव, महप्पवेसणतरा चेव आइण्णतरा चेव, आउलतरा चेव, ओमाणतरा चेव ।**

**तेसु णं णरएसु णेरइया अहेसत्तमाए पुढवीए णेरइएहिंतो अप्पकम्मतरा चेव अप्पकिरियतरा चेव अप्पासवतरा चेव अप्पवेयणतरा चेव णो तहा महाकम्मतरा चेव, णो महाकिरियतरा चेव णो महासवतरा चेव णो महावेयणतरा चेव । महिड्ढियतरा चेव महज्जुइयतरा चेव, णो तहा अप्पिड्ढियतरा चेव णो अप्पज्जुइयतरा चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! છટ્ઠી તમઃપ્રભા પૃથ્વીમાં પાંચ ન્યૂન એક લાખ(૯૯,૯૯૫) નરકાવાસ છે, વગેરે પ્રશ્ન કરવા ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે નરકાવાસ અધઃસપ્તમ પૃથ્વીના નરકાવાસોની અપેક્ષાએ અત્યંત મોટા અને મહાવિસ્તારવાળા, ઘણા આકાશવાળા અને ઘણી ખાલી જગ્યાવાળા નથી. તે મહાપ્રવેશવાળા(ઘણા જીવોના પ્રવેશવાળા) અને અત્યંત આકીર્ણ, અત્યંત વ્યાપ્ત અને પરસ્પર સંઘટ્ટનયુક્ત છે.

તે છટ્ઠી નરકના નરકાવાસોમાં રહેલા નૈરયિકો, અધઃસપ્તમ પૃથ્વીના નૈરયિકોની અપેક્ષાએ અલ્પકર્મ, અલ્પક્રિયા, અલ્પાશ્રવ અને અલ્પવેદનાવાળા છે પરંતુ મહાકર્મ, મહાક્રિયા, મહાશ્રવ અને મહાવેદનાવાળા નથી. તે અધઃસપ્તમ પૃથ્વીમાં રહેલા નૈરયિકોની અપેક્ષાએ મહાઋદ્ધિ અને મહાદ્યુતિ-વાળા છે પરંતુ અલ્પઋદ્ધિ અને અલ્પદ્યુતિવાળા નથી.

**૫ छट्ठीए णं भंते ! तमाए पुढवीए णरगा पंचमाए घूमप्पभाए पुढवीए णरएहिंतो किं**

**महत्तरा, पुच्छा ?**

**हंता गोयमा ! ते णं णरगा महत्तरा चेव महावित्थिण्णतरा चेव, महागासतरा चेव, महापइरिक्कतरा चेव, णो तहा महप्पवेसणतरा चेव णो आइण्णतरा चेव, णो आउलतरा चेव, अणोमाणतरा चेव ।**

**तेसु णं णरएसु णेरइया पंचमाए धूमप्पभाए पुढवीए णेरएहिंतो महाकम्मतरा चेव महाकिरियतरा चेव, महासवतरा चेव, महावेयणतरा चेव णो तहा अप्पकम्मतरा णो अप्पकिरियतरा, णो अप्पासवतरा, णो अप्पवेयणतरा चेव; अप्पिड्ढियतरा चेव अप्पजुइयतरा चेव णो तहा महिड्ढियतरा, णो महाजुइयतरा चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીના નરકાવાસ, પાંચમી ધૂમપ્રભાપૃથ્વીના નરકાવાસોથી શું અત્યંત મોટા છે, ઈત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હા ગૌતમ ! તે નરકાવાસ પાંચમી ધૂમપ્રભાપૃથ્વીના નરકાવાસોથી અત્યંત મોટા, અત્યંત વિસ્તૃત, ઘણા અવકાશવાળા અને ઘણી ખાલી જગ્યાવાળા છે અને તે ધૂમપ્રભાની અપેક્ષાએ મહાપ્રવેશ-વાળા નથી, અત્યંત આકીર્ણ નથી, અત્યંત વ્યાપ્ત નથી, પરંતુ પરસ્પર સંઘટ્ટન રહિત છે.

છઠ્ઠી તમઃપ્રભા સ્થિત નૈરયિકો પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના નૈરયિકોની અપેક્ષાએ મહાકર્મ, મહાક્રિયા, મહાશ્રવ અને મહાવેદનાવાળા હોય છે પરંતુ અલ્પકર્મ, અલ્પક્રિયા અલ્પાશ્રવ અને અલ્પવેદનાવાળા નથી. તે અલ્પઋદ્ધિ અને અલ્પદ્યુતિવાળા હોય છે પરંતુ મહાઋદ્ધિ અને મહાદ્યુતિવાળા નથી.

**૬ पंचमाए णं धूमप्पभाए पुढवीए तिण्णि णिरयावाससयसहस्सा पण्णत्ता, पुच्छा ?**

**गोयमा ! जहा छट्ठीए भणिया एवं सत्त वि पुढवीओ परोप्परं भण्णंति** *जाव* **रयणप्पभं ति** *जाव* **णो तहा महिड्ढियतरा चेव, णो अप्पजुइयतरा चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચમી ધૂમપ્રભા પૃથ્વીમાં ત્રણ લાખ નરકાવાસ છે, ઈત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સર્વ કથન છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીની સમાન ઉપરની અને નીચેની નરક સાથે કરવું જોઈએ. તે જ રીતે સાતે ય નરક પૃથ્વીઓના વિષયમાં પરસ્પર રત્નપ્રભા સુધી કથન કરવું જોઈએ. ***યાવત્*** શર્કરાપ્રભા પૃથ્વીના નૈરયિકો, રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોની અપેક્ષાએ મહાઋદ્ધિ અને મહાદ્યુતિ-વાળા નથી પરંતુ અલ્પઋદ્ધિ અને અલ્પદ્યુતિવાળા છે.'' ત્યાં સુધી કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાત નરક પૃથ્વી અને તેમાં રહેલા નૈરયિકોની અનેક અપેક્ષાએ પરસ્પર તુલનાત્મક વિચારણા કરી છે. આ ઉદ્દેશકના વિષયનો સંગ્રહ કરતી ગાથાઓ આ પ્રમાણે છે–

**नेरइय फास पणिही, निरयंते चेव लोयमज्झे य ।**
**दिसि विदिसाण य पवहा, पवत्तणं अत्थिकाए हिं ॥**

**अत्थि पएस फुसणा, ओगाहणया य जीवमोगाढा ।**
**अत्थि पएस निसीयण, बहुसमे लोगसंठाणे ॥**

**અર્થ :–** (૧) નૈરયિક, (૨) સ્પર્શ, (૩) પ્રણિધિ, (૪) નિરયાન્ત, (૫) લોકમધ્ય, (૬) દિશાવિદિશા, (૭) અસ્તિકાય પ્રવર્તન, (૮) અસ્તિકાય પ્રદેશ સ્પર્શના, (૯) અવગાહના, (૧૦) જીવાવગાઢ, (૧૧) અસ્તિકાય પ્રદેશ નિષીદન, (૧૨) બહુસમ, (૧૩) લોક સંસ્થાન.

સૂત્રકારે દ્વારોનો નામોલ્લેખ કર્યો નથી તેમ છતાં ક્રમશઃ એક-એક દ્વારનું નિરૂપણ કર્યું છે.

પ્રસ્તુત સૂત્રોમાં પ્રથમ નૈરયિક દ્વારનું નિરૂપણ છે. જેમાં સાતે નરક પૃથ્વીના નરકાવાસોની સંખ્યા, વિશાળતા, વિસ્તાર, આકાશ, સ્થાનરિક્તતા, પ્રવેશ, આકીર્ણતા, વ્યાપ્તતા, સંઘટ્ટન રહિતતા, કર્મ, ક્રિયા, આશ્રવ, વેદના, તથા ઋદ્ધિ, દ્યુતિ આદિની તરતમતાનું નિરૂપણ કર્યું છે.

**महइमहालया... :–** સૂત્રોક્ત વિશિષ્ટ શબ્દોના અપેક્ષિત અર્થો આ પ્રમાણે છે– **महइमहालया** = લંબાઈ અપેક્ષાએ વિસ્તૃત **महाविच्छिण्णतरा** = પહોળાઈ અને તેની પરિધિની અપેક્ષાએ વિશાળ અર્થાત્ તેમાં નારકોને રહેવાનું ક્ષેત્ર વિશાળ હોય. **महागासतरा** (મહાવકાશ) = મહાન આકાશ ક્ષેત્રવાળા. **महापरिक्कतरा** = જીવની સંખ્યા અલ્પ હોવાથી ઘણુ સ્થાન ખાલી રહેતું હોય તેવા. **महापवेसणतरा** = અનેક જીવો અન્ય ગતિમાંથી આવીને તેમાં પ્રવેશ(જન્મ ધારણ) કરતા હોય તેવા. **आइण्णतरा** = અધિક જીવો હોવાથી આકીર્ણ હોય છે તેવા. **आउलतरा** = અધિક જીવો હોવાથી આકુળ– ભીડ યુક્ત હોય તેવા **अणोमाणतरा** (અણવમાણ) = શરીરના પરસ્પર થતાં સંઘટ્ટનયુક્ત હોય છે તેવા. **महाकम्मतरा** = મહાનકર્મો યુક્ત જ્ઞાનાવરણીયાદિ કર્મોની અધિકતા હોય તેવા. **महाकिरियतरा** = મહાનક્રિયાયુક્ત. તે જીવો પૂર્વ ભવમાં મહારંભ, મહાપરિગ્રહ આદિ અધિક પ્રવૃત્તિ કરીને આવ્યા હોય તેથી તેને મહાનકર્મ અને મહાનક્રિયાની પરંપરા ચાલુ હોય તેવા. **महासवतरा** = મહાશ્રવયુક્ત, ક્રિયાની અધિકતા હોવાથી નવા કર્મોનો આશ્રવ પણ અધિક થાય તેવા. **महावेयणतरा** = મહાવેદનાયુક્ત.

સારાંશ એ છે કે ક્રમશઃ નીચેની નરકના નરકાવાસ અત્યંત વિસ્તૃત, વિશાળ, મહાકાશ(ક્ષેત્ર) વાળા, ઘણી ખાલી જગ્યાવાળા હોય છે. ક્રમશઃ નીચેની નરકમાં નારકોની સંખ્યા અસંખ્યાતગુણી હીન છે. તેથી ત્યાં ઉપરની નરકની અપેક્ષાએ સતત અનેક જીવો જન્મ ધારણ કરતા નથી. આ રીતે આકીર્ણતા આદિ ક્રમશઃ ઘટતા જાય છે. આ સર્વ બોલ પરસ્પર સાપેક્ષ છે. નીચેની નરકના નારકોના કર્મ, ક્રિયા આશ્રવ અને વેદના ઉપરની નરકના નારકો કરતાં અધિક હોય છે અને શરીરની ઋદ્ધિ તથા દ્યુતિ હીન હોય છે.

### (૨) નૈરયિકોને એકેન્દ્રિય જીવોનો સ્પર્શ(દુઃખ)નો અનુભવ :–

**૭ रयणप्पभापुढविणेरइया णं भंते ! केरिसयं पुढविफासं पच्चणुब्भवमाणा विहरंति?**

**गोयमा ! अणिट्ठं** *जाव* **अमणामं । एवं** *जाव* **अहेसत्तमापुढविणेरइया । एवं आउफासं** *जाव* **वणस्सइफासं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકો, ત્યાંની પૃથ્વીના સ્પર્શનો કેવો અનુભવ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે પૃથ્વીના અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, મનને પ્રતિકૂળ સ્પર્શનો અનુભવ કરે છે. આ રીતે અધઃસપ્તમ પૃથ્વીપર્યંતના નૈરયિકોના વિષયમાં પણ કહેવું જોઈએ. આ રીતે

અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક સંબંધી અનિષ્ટ ***યાવત્*** મનને પ્રતિકૂળ સ્પર્શનો અનુભવ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નારકોને થતાં સ્પર્શ(દુઃખ)નું નિરૂપણ છે. નારકોને ક્ષેત્રજન્ય વેદનાનો અનુભવ સતત કરવો પડે છે. નારકોને તેની આસપાસની સર્વ વસ્તુઓનો સ્પર્શ પ્રતિકૂળ જ થાય છે. તે જ રીતે નારકો પાંચે સ્થાવર સંબંધી પ્રતિકૂલ અનુભવ કરે છે. નરકમાં બાદર અગ્નિ નથી પરંતુ ત્યાં સ્વભાવથી જ અને પરમાધામી દેવો દ્વારા વિકુર્વિત ઉષ્ણ પુદ્ગલો હોય છે. તેનો સ્પર્શ અગ્નિ જેવો હોય છે. તેની અપેક્ષાએ તેજસ્કાયના સ્પર્શનું કથન સમજવું.

**અનિષ્ટ=** સમસ્ત જીવોને અરુચિકર હોવાથી અનિચ્છનીય, **અકાંત=** અણગમો ઉત્પન્ન કરે તેવો. **અપ્રિય=** દ્વેષોત્પાદક, **અમનોજ્ઞ=** સતત દુઃખજનક, **અમનામ=** મનને પ્રતિકૂળ.

**(૩) સાતે નરકમાં પરસ્પર નાના-મોટાપણું :–**

**૮ इमा णं भंते ! रयणप्पभापुढवी दोच्चं सक्करपभं पुढविं पणिहाय सव्वमहंतिया बाहल्लेणं, सव्वखुड्डिया सव्वंतेसु, पुच्छा ? हंता गोयमा ! एवं जहा जीवाभिगमे बिइए णेरइयउद्देसए ।**

**શબ્દાર્થ :– पणिहाय** = તેની અપેક્ષાએ **सव्वंतेसु** = ચારે દિશાઓના વિભાગમાં.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી, શર્કરાપ્રભા પૃથ્વી કરતા જાડાઈની અપેક્ષાએ સર્વથા મોટી અને ચારે દિશાઓમાં લંબાઈ-પહોળાઈમાં સર્વથા નાની છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તેમ છે. આ પ્રમાણે જીવાભિગમ સૂત્રની ત્રીજી પ્રતિપત્તિના બીજા નૈરયિક ઉદ્દેશક અનુસાર સંપૂર્ણ કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સંક્ષિપ્ત સૂત્રમાં સાતે નરકની લંબાઈ, પહોળાઈ અને જાડાઈ આદિની અપેક્ષાકૃત ન્યૂનાધિકતા કહી છે. ગાથામાં આ દ્વારનું નામ **पणिही**–પ્રણિધી છે. રત્નપ્રભા પૃથ્વીની જાડાઈ અન્ય સર્વ નરકોની અપેક્ષાએ અધિક છે. તેની જાડાઈ-સ્થૂલતા ૧,૮૦,૦૦૦ યોજનની છે. ત્યાર પછીની પૃથ્વીઓની જાડાઈ ક્રમશઃ ઓછી-ઓછી છે. બીજી નરકની ૧,૩૨,૦૦૦, ત્રીજી નરકની ૧,૨૮,૦૦૦, ચોથી નરકની ૧,૨૦,૦૦૦ પાંચમી નરકની ૧,૧૮,૦૦૦, છઠ્ઠી નરકની ૧,૧૬,૦૦૦ અને સાતમી નરકની ૧,૦૮,૦૦૦ યોજનની જાડાઈ છે. લંબાઈ-પહોળાઈની અપેક્ષાએ રત્નપ્રભા પૃથ્વી, અન્ય પૃથ્વીઓથી હીન છે. તેની લંબાઈ પહોળાઈ કેવળ એક રજ્જૂ પરિમાણ છે. બીજી નરકની બે રજ્જુ, આ રીતે ત્યાર પછીની પૃથ્વીઓની લંબાઈ પહોળાઈ ક્રમશઃ એક-એક રજ્જુ વધતાં સાતમીનરકની લંબાઈ-પહોળાઈ સાત રજ્જુ છે.

**(૪) નરકાવાસોમાં સ્થિત એકેન્દ્રિય જીવો મહાકર્મી :–**

**૯ इमीसे णं भंते ! रयणप्पभा पुढवीए णिरयपरिसामंतेसु जे पुढविक्काइया** *जाव* **वणस्सइकाइया ते णं जीवा किं महाकम्मतरा चेव, महाकिरियतरा चेव, महासवतरा चेव,**

**महावेयणतरा चेव ?**

**हंता गोयमा ! एवं जहा णेरइयउद्देसए *जाव* अहेसत्तमाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોની આસપાસ જે પૃથ્વીકાયિક ***યાવત્*** વનસ્પતિકાયિક પર્યંતના જીવો છે, તે મહાકર્મ, મહાક્રિયા, મહાશ્રવ અને મહાવેદનાવાળા છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! છે. ઇત્યાદિ જીવાભિગમ સૂત્રની ત્રીજી પ્રતિપત્તિના બીજા નૈરયિક ઉદ્દેશક અનુસાર ***યાવત્*** અધઃસપ્તમ પૃથ્વી સુધી કહેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નરક ક્ષેત્રોમાં રહેલા સ્થાવર જીવોના કર્મ, ક્રિયા આદિનું નિરૂપણ છે.

પૂર્વ ભવપરંપરાથી અધિક કર્મ, ક્રિયાદિવાળા જીવો જ નરક જેવા અનિષ્ટ અને દુઃખજનક ક્ષેત્રમાં ઉત્પન્ન થાય છે. તે જીવો લોકમાં રહેલા અન્ય સ્થાવર જીવો કરતાં અધિક વેદનાનો અનુભવ કરે છે, તેથી તે મહાકર્મ, મહાક્રિયા, મહાશ્રવ અને મહાવેદનાવાળા છે. તેનું વિસ્તૃત વર્ણન જીવાભિગમ સૂત્રમાં છે.

**(૫) લોક મધ્ય આદિ :–**

**१० कहि णं भंते ! लोगस्स आयाममज्झे पण्णत्ते ? गोयमा ! इमीसे णं रयणप्पभाए पुढवीए ओवासंतरस्स असंखेज्जइभागं ओगाहेत्ता एत्थ णं लोगस्स आयाममज्झे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોકની લંબાઈનો મધ્યભાગ ક્યાં છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના આકાશખંડના અસંખ્યાતમા ભાગનું ઉલ્લંઘન કર્યા પછી, લોકની લંબાઈનો મધ્યભાગ છે.

**११ कहि णं भंते ! अहेलोगस्स आयाममज्झे पण्णत्ते ? गोयमा ! चउत्थीए पंकप्पभाए पुढवीए ओवासंतरस्स साइरेगं अद्धं ओगाहित्ता एत्थ णं अहेलोगस्स आयाममज्झे पण्णत्ते।**

ચૌદ રાજલોક તથા ત્રણેય લોકનાં મધ્યસ્થાનો



**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધોલોકની લંબાઈનો મધ્યભાગ ક્યાં છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચોથી પંકપ્રભા પૃથ્વીના કંઈક અધિક અર્ધભાગના આકાશખંડનું ઉલ્લંઘન કર્યા પછી, અધોલોકની લંબાઈનો મધ્યભાગ છે.

**૧૨ कहि णं भंते ! उड्ढलोगस्स आयाममज्झे पण्णत्ते ? गोयमा ! उप्पिं सणंकुमारमाहिंदाणं कप्पाणं हेट्ठिं बंभलोए कप्पे रिट्ठविमाणे पत्थडे एत्थ णं उड्ढलोगस्स आयाममज्झे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઊર્ધ્વલોકની લંબાઈનો મધ્યભાગ ક્યાં છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સનત્કુમાર અને માહેન્દ્ર દેવલોકની ઉપર અને બ્રહ્મ-દેવલોકની નીચે(તે દેવલોકમાં જ નીચે) રિષ્ટ નામના ત્રીજા પ્રસ્તરમાં ઊર્ધ્વલોકની લંબાઈનો મધ્યભાગ છે.

**૧૩ कहि णं भंते ! तिरियलोगस्स आयाममज्झे पण्णत्ते ?**

**गोयमा ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स बहुमज्झदेसभाए इमीसे रयणप्पभाए पुढवीए उवरिमहेट्ठिल्लेसु खुड्डगपयरेसु एत्थ णं तिरियलोगस्स मज्झे अट्ठपएसिए रुयए पण्णत्ते, जओ णं इमाओ दस दिसाओ पवहंति, तं जहा– पुरच्छिमा पुरच्छिम-दाहिणा एवं जहा दसमसए णामधेज्जं ति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિરછાલોકની લંબાઈનો મધ્યભાગ ક્યાં છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ જંબૂદ્વીપના મેરુપર્વતના બહુ સમ મધ્યભાગમાં(બરાબર વચ્ચે) રત્નપ્રભા પૃથ્વીની ઉપર અને નીચેના બે ક્ષુલ્લક(લઘુતમ)પ્રતરોમાં, તિરછાલોકના મધ્યભાગરૂપ આઠ રુચક પ્રદેશ છે. જેમાંથી દશ દિશાઓ નીકળી છે, યથા– પૂર્વદિશા, પૂર્વદક્ષિણ ઇત્યાદિ દશમા શતકના પ્રથમ ઉદ્દેશક અનુસાર કથન કરવું જોઈએ ***યાવત્*** દિશાઓના દશ નામ કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય લોકના અને ઊર્ધ્વાદિ ત્રણે લોકના મધ્યભાગનું નિરૂપણ છે. જે સૂત્રાર્થથી બહુસ્પષ્ટ છે.

દશમા શતક અનુસાર દશ દિશાઓના નામ આ પ્રમાણે છે. (૧) ઐન્દ્રી(પૂર્વ) (૨) આગ્નેયી (૩) યામ્યા (૪) નૈઋતી (૫) વારુણી (૬) વાયવ્યા (૭) સૌમ્યા (૮) ઐશાની(ઉત્તર–પૂર્વ) (૯) વિમલા (ઊર્ધ્વદિશા) (૧૦) તમા(અધોદિશા).

**(૬) દિશા-વિદિશાનો ઉદ્ગમ અને વિસ્તાર :–**

**૧૪ इंदा णं भंते ! दिसा किमाइया, किं पवहा, कइ पएसाइया, कइ पएसुत्तरा, कइ पएसिया किं पज्जवसिया, किं संठिया पण्णत्ता ?**

**गोयमा ! इंदा णं दिसा रुयगाइया रुयगप्पवहा दुपएसाइया दुपएसुत्तरा, लोगं पडुच्च असंखेज्जपएसिया, अलोगं पडुच्च अणंतपएसिया, लोगं पडुच्च साइया सपज्जवसिया, अलोगं पडुच्च साइया अपज्जवसिया, लोगं पडुच्च मुरजसंठिया, अलोगं**

**पडुच्च सगडुद्धिसंठिया पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઐન્દ્રી-પૂર્વ દિશાના (૧) પ્રારંભમાં શું છે ? (૨) તે ક્યાંથી નીકળે છે ? (૩) તેના પ્રારંભમાં કેટલા પ્રદેશ છે ? (૪) ઉત્તરોત્તર કેટલા પ્રદેશોની વૃદ્ધિ થાય છે ? (૫) તે કેટલા પ્રદેશવાળી છે ? (૬) તેનો અંત ક્યાં થાય છે ? અને (૭) તેનું સંસ્થાન કેવું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઐન્દ્રી-પૂર્વ દિશાના (૧) પ્રારંભમાં લોકના રુચક પ્રદેશ છે. (૨) તે દિશા રુચક પ્રદેશોમાંથી નીકળે છે. (૩) તે પ્રારંભમાં બે પ્રદેશી છે. (૪) બે-બે પ્રદેશની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે. (૫) લોક આશ્રી તે અસંખ્યાત પ્રદેશી અને અલોક આશ્રી અનંતપ્રદેશી છે. (૬) લોક આશ્રી તે સાદિ સાન્ત અને અલોક આશ્રી તે સાદિ-અનંત છે. (૭) લોક આશ્રી તેનો આકાર મુરજ(વાદ્ય વિશેષ)ની સમાન છે અને અલોક આશ્રી તે ગાડાની ઊંધના આકારે છે.

**૧૫ अग्गेई णं भंते ! दिसा किमाइया, किं पवहा, कइ पएसाइया, कइ पएस विच्छिण्णा, कइ पएसिया, किं पज्जवसिया, किं संठिया पण्णत्ता ?**

**गोयमा ! अग्गेई णं दिसा रुयगाइया, रुयगप्पवहा, एगपएसाइया, एगपए सविच्छिण्णा, अणुत्तरा, लोगं पडुच्च असंखेज्जपएसिया, अलोगं पडुच्च अणंतपए सिया, लोगं पडुच्च साइया सपज्जवसिया, अलोगं पडुच्च साइया अपज्जवसिया, छिण्णमुत्तावलीसंठिया पण्णत्ता। जमा जहा इंदा; णेरई जहा अग्गेई । एवं जहा इंदा तहा दिसाओ चत्तारि । जहा अग्गेई तहा चत्तारि विदिसाओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આગ્નેયી દિશાની (૧) આદિમાં શું છે ? (૨) તે ક્યાંથી નીકળે છે ? (૩) તેની આદિમાં કેટલા પ્રદેશ છે ? (૪) તે કેટલા પ્રદેશોના વિસ્તારવાળી છે ? (૫) તે કેટલા પ્રદેશી છે ? (૬) તેનો અંત ક્યાં છે ? (૭) તેનો આકાર કેવો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આગ્નેયી દિશાની (૧) આદિમાં રુચક પ્રદેશ છે. (૨) તે રુચક પ્રદેશમાંથી નીકળે છે. (૩) તેની આદિમાં એક પ્રદેશ છે (૪) તે અંત સુધી એક પ્રદેશના વિસ્તારવાળી જ છે. તે એક પ્રદેશી જ છે. તે અનુત્તર(ઉત્તરોત્તર વૃદ્ધિ રહિત) છે. (૫) તે લોકની અપેક્ષાએ અસંખ્યાતપ્રદેશી અને અલોકની અપેક્ષાએ અનંતપ્રદેશી છે. (૬) તે લોક આશ્રી સાદિ-સાન્ત અને અલોક આશ્રી સાદિ-અનંત છે. (૭) તેનો આકાર તૂટેલી(છતાં પરોવાયેલી,) મુક્તાવલી-મોતીઓની માળા(સેર) સમાન છે.

યામ્યા દિશાનું સ્વરૂપ ઐન્દ્રીની સમાન છે અને નૈઋતી દિશાનું સ્વરૂપ આગ્નેયી દિશાની સમાન છે. આ રીતે ચારે દિશાઓનું વર્ણન ઐન્દ્રી દિશાની સમાન અને વિદિશાઓનું વર્ણન આગ્નેયી દિશાની સમાન જાણવું જોઈએ.

**૧૬ विमला णं भंते ! दिसा किमाइया, पुच्छा ?**

**गोयमा ! विमला णं दिसा रुयगाइया रुयगप्पवहा चउप्पएसाइया दुपएसविच्छिण्णा, अणुत्तरा, लोगं पडुच्च सेसं जहा अग्गेईए, णवरं रुयगसंठिया पण्णत्ता, एवं तमा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિમલા(ઊર્ધ્વ) દિશાની આદિમાં શું છે, ઇત્યાદિ આગ્નેયી સમાન પ્રશ્ન કરવો ?

**ઉત્તર–** હે ગૌતમ ! વિમલા દિશાની (૧) આદિમાં રુચક પ્રદેશ છે. (૨) તે રુચક પ્રદેશથી નીકળી છે. (૩) તેની આદિમાં ચાર પ્રદેશ છે. (૪) તે અંત સુધી ચાર પ્રદેશના વિસ્તારવાળી છે. તે અનુત્તર (ઉત્તરોત્તર-વૃદ્ધિ રહિત) છે. (૫) લોક આશ્રી તે અસંખ્યાત પ્રદેશી છે અને અલોક આશ્રી તે અનંતપ્રદેશી છે. (૬) તે લોકની અપેક્ષાએ સાદિ-સાંત અને અલોકની અપેક્ષાએ સાદિ અનંત છે. ઈત્યાદિ વર્ણન આગ્નેયી દિશાની સમાન જાણવું જોઈએ. વિશેષતા એ છે કે (૭) તે(વિમલા દિશા) રુચકાકારે છે. આ જ રીતે તમા દિશાનું વર્ણન પણ જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દશ દિશાઓ સંબંધી નિરૂપણ છે.

**દશ દિશાઓના નામ :–** પ્રત્યેક દિશાના અધિપતિ દેવના આધારે તે દિશાના નામ છે– (૧) પૂર્વ દિશાના અધિપતિ દેવ ઈન્દ્ર છે, તેથી તેને ઐન્દ્રી દિશા કહે છે. (૨) અગ્નિકોણના સ્વામી અગ્નિદેવતા છે, તેથી તેને આગ્નેયી કહે છે. (૩) દક્ષિણ દિશાના અધિપતિ યમ છે, તેથી તેને યામ્યાદિશા કહે છે. (૪) નૈઋત્યકોણના સ્વામી 'નૈઋતિ' દેવ છે, તેથી તેને નૈઋતી કહે છે. (૫) પશ્ચિમ દિશાના અધિપતિ 'વરુણ' દેવ છે, તેથી તેને વારુણી દિશા કહે છે. (૬) વાયવ્ય કોણના સ્વામી 'વાયુ' દેવ છે, તેથી તેને વાયવ્ય કહે છે. (૭) ઉત્તર દિશાના અધિપતિ 'સોમ' દેવ છે, તેથી તેને સૌમ્યા કહે છે. (૮) ઈશાનકોણના અધિપતિ ' ઈશાન' દેવ છે, તેથી તેને ઈશાન કહે છે. (૯) ઊર્ધ્વ દિશામાં અંધકાર નથી, તે નિર્મલ છે તેથી તેને વિમલા કહે છે. (૧૦) અધો દિશામાં ગાઢ અંધકાર હોવાથી તે રાત્રિતુલ્ય છે, તેથી તેને 'તમા' કહે છે.

**દિશાઓનું ઉદ્‌ગમસ્થાન આદિ :–** દશે દિશાઓનું ઉત્પત્તિસ્થાન આઠ રુચક પ્રદેશ છે. ચારે દિશાઓ મૂળમાં દ્વિપ્રદેશી છે. ઉત્તરોત્તર દ્વિપ્રદેશની વૃદ્ધિ થાય છે અને લોકાંત સુધી જાય છે. ચારે દિશાઓનો આકાર લોકમાં મૃદંગાકાર છે. જેનું મુખ એક તરફથી સાંકડુ અને બીજી તરફ પહોળું હોય છે અને અલોકની અપેક્ષાએ ગાડાની ઊંધ સમાન છે. વિદિશાઓ મૂળમાં એક પ્રદેશી છે. અંત સુધી એક પ્રદેશી જ રહે છે. તેનો આકાર મુક્તાવલી સમાન છે. ઊર્ધ્વ અને અધોદિશા પ્રારંભથી અંત સુધી ચતુષ્પ્રદેશી હોય છે. તે રુચકાકારે છે.[દિશા અને વિદિશાની સ્વરૂપ દર્શક આકૃતિ માટે જૂઓ શ્રી ભગવતીસૂત્ર ભાગ-૨, શતક-૫/૧ પેજ–૮]

**(૭) પંચાસ્તિકાયમય લોક :–**

**१७ किमियं भंते ! लोए त्ति पवुच्चइ ? गोयमा ! पंचत्थिकाया, एस णं एवइए लोए त्ति पवुच्चइ, तं जहा– धम्मत्थिकाए अहम्मत्थिकाए *जाव* पोग्गलत्थिकाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ લોકનું સ્વરૂપ કેવું છે ? અથવા લોક શું કહેવાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આ લોક પંચાસ્તિકાય રૂપ છે. યથા– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય.

**१८ धम्मत्थिकाएणं भंते ! जीवाणं किं पवत्तइ ?**

**गोयमा ! धम्मत्थिकाएणं जीवाणं आगमण-गमण-भासुम्मेस-मणजोगा-वइजोगा-कायजोगा, जे यावण्णे तहप्पगारा चला भावा सव्वे ते धम्मत्थिकाए पवत्तंति; गइलक्खणे णं धम्मत्थिकाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધર્માસ્તિકાયથી જીવોની શું પ્રવૃત્તિ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ધર્માસ્તિકાયથી જીવોનું આગમન, ગમન, ભાષા, ઉન્મેષ(આંખો ખોલવી, મનોયોગ, વચનયોગ અને કાયયોગની પ્રવૃત્તિ થાય છે. આ રીતે અન્ય જેટલા ચલભાવ (ગમનશીલભાવ) છે, તે સર્વ ધર્માસ્તિકાય દ્વારા પ્રવૃત્ત થાય છે. ધર્માસ્તિકાયનું લક્ષણ 'ગતિ' રૂપ છે.

**૧૯ अहम्मत्थिकाएणं भंते ! जीवाणं किं पवत्तइ ?**

**गोयमा ! अहम्मत्थिकाएणं जीवाणं ठाण-णिसीयण-तुयट्टण, मणस्स य एगत्तीभाव-करणया, जे यावण्णे तहप्पगारा थिरा भावा सव्वे ते अहम्मत्थिकाए पवत्तंति; ठाणलक्खणे णं अहम्मत्थिकाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધર્માસ્તિકાયથી જીવોની શું પ્રવૃત્તિ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અધર્માસ્તિકાયથી જીવોનું સ્થિત રહેવું, બેસવું, સૂવું, મનનું એકાગ્ર થવું આદિ તથા આ પ્રકારના અન્ય જેટલા સ્થિત ભાવ છે, તે સર્વ અધર્માસ્તિકાયથી પ્રવૃત્ત થાય છે. અધર્માસ્તિકાયનું લક્ષણ 'સ્થિતિ'રૂપ છે.

**૨૦ आगासत्थिकाएणं भंते ! जीवाणं किं पवत्तइ ?**

**गोयमा ! आगासत्थिकाएणं जीवदव्वाण य अजीवदव्वाण य भायणभूए । एगेण वि से पुण्णे, दोहि वि पुण्णे, सयं पि माएज्जा, कोडिसएण वि पुण्णे, कोडिसहस्सं पि माएज्जा । अवगाहणालक्खणे णं आगासत्थिकाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આકાશાસ્તિકાયથી જીવોની શું પ્રવૃત્તિ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આકાશાસ્તિકાય, જીવ અને અજીવ દ્રવ્યોના ભાજનભૂત(આશ્રયભૂત) છે અર્થાત્ આકાશાસ્તિકાય જીવ-અજીવ દ્રવ્યોને અવગાહન(સ્થાન) આપે છે.

એક પરમાણુથી એક આકાશ પ્રદેશ પૂર્ણરૂપે વ્યાપ્ત થઈ જાય છે, બે પરમાણુથી પણ તે આકાશપ્રદેશ પૂર્ણ વ્યાપ્ત થઈ શકે છે અને તેમાં સો પરમાણુ પણ સમાઈ શકે છે. સો કરોડ પરમાણુઓથી તે એક આકાશ પ્રદેશ પૂર્ણ ભરાઈ જાય છે અને તેમાં હજાર કરોડ પરમાણુ પણ સમાઈ શકે છે. અર્થાત્ એક આકાશ પ્રદેશ ઉપર પરમાણુ, દ્વિપ્રદેશી સ્કંધ, સંખ્યાત-અસંખ્યાત પ્રદેશી સ્કંધ રહી શકે છે. એક-એક આકાશ પ્રદેશ અનંતાનંત પરમાણુને સ્થાન આપે છે. આકાશાસ્તિકાયનું લક્ષણ 'અવગાહના' રૂપ છે.

**૨૧ जीवत्थिकाएणं भंते ! जीवाणं किं पवत्तइ ?**

**गोयमा ! जीवत्थिकाएणं जीवे अणंताणं आभिणिबोहियणाणपज्जवाणं, अणंताणं सुयणाणपज्जवाणं एवं जहा बिइयसए अत्थिकायउद्देसए *जाव* उवओगं गच्छइ, उवओगलक्खणे णं जीवे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવાસ્તિકાય દ્વારા જીવોની શું પ્રવૃત્તિ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવાસ્તિકાય દ્વારા જીવો આભિનિબોધિકજ્ઞાનની(મતિજ્ઞાનની) અનંત પર્યાય,

શ્રુતજ્ઞાનની અનંત પર્યાયને પ્રાપ્ત કરે છે, ઇત્યાદિ શતક-૨/૧૦ અસ્તિકાય ઉદ્દેશક અનુસાર જાણવું ***યાવત્*** તે જ્ઞાન અને દર્શનના ઉપયોગને પ્રાપ્ત કરે છે. જીવનું લક્ષણ 'ઉપયોગ' રૂપ છે.

**૨૨ पोग्गलत्थिकाएणं णं भंते ! जीवाणं किं पवत्तइ ?**

**गोयमा ! पोग्गलत्थिकाएणं जीवाणं ओरालिय-वेउव्विय-आहारग-तेया-कम्मा-सोइंदिय-चक्खिंदिय-घाणिंदिय-जिब्भिंदिय-फासिंदिय-मणजोग-वयजोग-कायजोग-आणापाणूणं च गहणं पवत्तइ; गहणलक्खणे णं पोग्गलत्थिकाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પુદ્ગલાસ્તિકાયથી જીવોની શું પ્રવૃત્તિ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પુદ્ગલાસ્તિકાયથી જીવોના ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણશરીર, શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય, મનોયોગ, વચનયોગ, કાયયોગ અને શ્વાસોચ્છ્વાસનું ગ્રહણ થાય છે. પુદ્ગલાસ્તિકાયનું લક્ષણ 'ગ્રહણ' રૂપ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પંચાસ્તિકાયમય લોકનું સ્વરૂપ અને પંચાસ્તિકાયની સહાયતાથી થતી જીવની પ્રવૃતિઓનું પ્રતિપાદન છે, તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

**અસ્તિકાય :–** અસ્તિ– હોવાપણું, કાય એટલે પ્રદેશોનો સમૂહ. જે દ્રવ્ય અસ્તિત્વ ધરાવવાની સાથે પ્રદેશોના સમૂહરૂપ છે, તેને અસ્તિકાય કહે છે. તેના પાંચ પ્રકાર છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય. ભગવતી સૂત્ર ભા-૧ શતક-૨/૧૦માં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ અને ગુણ, એમ પાંચ-પાંચ પ્રકારે પ્રત્યેક દ્રવ્યનું સ્વરૂપ સમજાવ્યું છે. પ્રસ્તુતમાં માત્ર પાંચે ય અસ્તિકાય દ્રવ્યોના મુખ્ય ગુણ રૂપ એક-એક લક્ષણનું કથન છે.

**(૮) ધર્માસ્તિકાય આદિની પ્રદેશ સ્પર્શના :–**

**૨૩ एगे भंते ! धम्मत्थिकायपएसे केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठे ? गोयमा ! जहण्णपए, तिहिं उक्कोसपए छहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ત્રણ પ્રદેશોને અને ઉત્કૃષ્ટ છ પ્રદેશોને સ્પર્શે છે.

**૨૪ से णं भंते ! केवइएहिं अहम्मत्थिकायपएसेहिं पुट्ठे ? गोयमा ! जहण्णपए चउहिं, उक्कोसपए सत्तहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ, અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ચાર અને ઉત્કૃષ્ટ સાત પ્રદેશોને સ્પર્શે છે.

**૨૫ से णं भंते ! केवइएहिं आगासत्थिकायपएसेहिं पुट्ठे ? गोयमा ! सत्तहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે (જઘન્ય ઉત્કૃષ્ટ વિના) સાત પ્રદેશોને સ્પર્શે છે.

**२६** **से णं भंते ! केवइएहिं जीवत्थिकायपएसेहिं पुट्ठे ? गोयमा ! अणंतेहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે જીવાસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પૃષ્ટ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપ્રદેશોથી સ્પૃષ્ટ છે.

**२७** **से णं भंते ! केवइएहिं पोग्गलत्थिकायपएसेहिं पुट्ठे ? गोयमा ! अणंतेहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે પુદ્ગલાસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પૃષ્ટ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે અનંત પ્રદેશોથી સ્પૃષ્ટ છે.

**२८** **से णं भंते ! केवइएहिं अद्धासमएहिं पुट्ठे ? गोयमा ! सिय पुट्ठे सिय णो पुट्ठे; जइ पुट्ठे णियमं अणंतेहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અદ્ધાકાલના કેટલા સમયોથી સ્પૃષ્ટ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ સ્પૃષ્ટ હોય છે, કદાચિત્ સ્પૃષ્ટ નથી; જો સ્પૃષ્ટ હોય તો અવશ્ય અનંત સમયોથી સ્પૃષ્ટ હોય છે.

**२९** **एगे भंते ! अहम्मत्थिकायपएसे केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठे ? गोयमा ! जहण्णपए चउहिं उक्कोसपए सत्तहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધર્માસ્તિકાયનો એક પ્રદેશ, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ચાર અને ઉત્કૃષ્ટ સાત પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે.

**३०** **से णं भंते ! केवइएहिं अहम्मत्थिकायपएसेहिं पुट्ठे ? गोयमा ! जहण्णपए तिहिं, चउहिं वा उक्कोसपए छहिं, सेसं जहा धम्मत्थिकायस्स।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય ત્રણ અને ઉત્કૃષ્ટ છ પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે. શેષ સર્વ વર્ણન ધર્માસ્તિકાયના પ્રદેશોની સમાન છે.

**३१** **एगे भंते ! आगासत्थिकायपएसे केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठे ?**

**गोयमा ! सिय पुट्ठे सिय णो पुट्ठे, जइ पुट्ठे जहण्णपए एक्केण वा दोहिं वा तीहिं वा, चउहिं वा उक्कोसपए सत्तहिं । एवं अहम्मत्थिकायपएसेहिं वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આકાશાસ્તિકાયનો એક પ્રદેશ ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે?

**ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ સ્પૃષ્ટ હોય છે, કદાચિત્ સ્પૃષ્ટ નથી. જો સ્પૃષ્ટ હોય તો જઘન્ય એક, બે, ત્રણ કે ચાર પ્રદેશોથી સ્પૃષ્ટ હોય અને ઉત્કૃષ્ટ પદમાં સાત પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે. આ રીતે અધર્માસ્તિકાયના પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે.

**३२** **से णं भंते ! केवइएहिं आगासत्थिकायपएसेहिं पुट्ठे ? गोयमा ! छहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ! છ પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે.

**३३** **से णं भंते ! केवइएहिं जीवत्थिकायपएसेहिं पुट्ठे ?**

**गोयमा ! सिय पुट्ठे सिय णो पुट्ठे, जइ पुट्ठे णियमं अणंतेहिं । एवं पोग्गलत्थिकाय-पएसेहि वि, अद्धासमएहि वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવાસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ સ્પૃષ્ટ હોય છે, કદાચિત્ સ્પૃષ્ટ નથી. જો હોય તો નિયમા અનંત પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે. આ જ રીતે પુદ્‌ગલાસ્તિકાયના પ્રદેશોની અને અદ્ધા-કાલના સમયોની સ્પર્શના જાણવી જોઈએ.

**૩૪ एगे भंते ! जीवत्थिकायपएसे केवइएहिं धम्मत्थिकाय-पएसेहिं पुट्ठे ?**

**गोयमा ! जहण्णपए चउहिं, उक्कोसपए सत्तहिं । एवं अहम्मत्थिकायपएसेहिं वि।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવાસ્તિકાયનો એક પ્રદેશ, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ચાર અને ઉત્કૃષ્ટ સાત પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે. આ જ રીતે અધર્માસ્તિકાયના પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે.

**૩૫ केवइएहिं भंते ! आगासत्थिकाय-पएसेहिं पुट्ठे ? गोयमा ! सत्तहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પૃષ્ટ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાત પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે.

**૩૬ केवइएहिं भंते ! जीवत्थिकायपएसेहिं पुट्ठे ? गोयमा ! अणंतेहिं । सेसं जहा धम्मत्थिकायस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવાસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પૃષ્ટ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે. શેષ સર્વ વર્ણન ધર્માસ્તિકાયના પ્રદેશની સમાન જાણવું જોઈએ.

**૩૭ एगे भंते ! पोग्गलत्थिकायपएसे केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठे ? गोयमा ! जहेव जीवत्थिकायस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયનો એક પ્રદેશ, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોથી સ્પૃષ્ટ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે જીવાસ્તિકાયના એક પ્રદેશના વિષયમાં કથન કર્યું, તે જ રીતે અહીં પણ જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ધર્માસ્તિકાયાદિ છએ દ્રવ્યોના પ્રદેશો, એક બીજાના કેટલા પ્રદેશોને સ્પર્શે છે, તે સંખ્યાનું નિરૂપણ છે.

**ધર્માસ્તિકાયની ધર્માસ્તિકાય સાથે સ્પર્શના :–** ધર્માસ્તિકાયનો એક પ્રદેશ ધર્માસ્તિકાયના અન્ય જઘન્ય ત્રણ અને ઉત્કૃષ્ટ છ પ્રદેશોને સ્પર્શે છે. ધર્માસ્તિકાય દ્રવ્ય લોકવ્યાપી દ્રવ્ય છે અને એક-એક આકાશ પ્રદેશ ઉપર ધર્માસ્તિકાયનો એક-એક પ્રદેશ સ્થિત છે. ધર્માસ્તિકાયના જે પ્રદેશો **લોકાન્તે ખૂણામાં**

સ્થિત છે તેની ત્રણ દિશામાં અલોક છે અને ત્રણ દિશામાં લોક છે. અલોકમાં ધર્માસ્તિકાય દ્રવ્ય નથી તેથી તે ત્રણ દિશામાં તેની સ્પર્શના થતી નથી. જે ત્રણ દિશામાં લોક છે, તે ત્રણે દિશાના એક-એક, તેમ ધર્માસ્તિકાયના અન્ય ત્રણ પ્રદેશોને સ્પર્શે છે; આ તેની જઘન્ય સ્પર્શના છે. ધર્માસ્તિકાયના જે પ્રદેશો **લોકાન્તે વક્રભાગ ઉપર** સ્થિત છે જ્યાં તેની બે દિશામાં અલોક છે અને ચાર દિશામાં લોક છે, તે ચારે ય દિશાવર્તી એક-એક, તેમ ચાર પ્રદેશોને સ્પર્શે છે. ધર્માસ્તિકાયના જે પ્રદેશો **લોકાન્તે સ્થિત** છે અને જેની એક દિશામાં અલોક તથા પાંચ દિશામાં લોક છે; તે પાંચ ય દિશાના એક-એક, તેમ પાંચ પ્રદેશોને સ્પર્શે છે. આ ૪–૫ પ્રદેશોની સ્પર્શના તેની મધ્યમ સ્પર્શના કહેવાય છે. ધર્માસ્તિકાયના જે પ્રદેશો **લોકની અંદર સ્થિત** છે, તેની છએ છ દિશામાં લોક છે અને તે છએ દિશાના એક-એક તેમ છ પ્રદેશોને સ્પર્શે છે. આ રીતે લોકની અંદર રહેલા ધર્માસ્તિકાયના પ્રત્યેક પ્રદેશો ઉત્કૃષ્ટ ધર્માસ્તિકાયના અન્ય છ પ્રદેશોને સ્પર્શે છે.

**ધર્માસ્તિકાયની અધર્માસ્તિકાય સાથે સ્પર્શના :–** ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અધર્માસ્તિકાયના જઘન્ય ચાર અને ઉત્કૃષ્ટ સાત પ્રદેશોને સ્પર્શે છે. અધર્માસ્તિકાય દ્રવ્ય પણ લોક વ્યાપી દ્રવ્ય છે અને એક-એક આકાશ પ્રદેશ ઉપર અધર્માસ્તિકાયનો એક-એક પ્રદેશ સ્થિત છે. ધર્માસ્તિકાયનો જે પ્રદેશ **લોકાન્તે ખૂણામાં** સ્થિત છે અને જેની ત્રણ દિશામાં લોક છે, તે લોકગત ત્રણ દિશામાં એક-એક તેમ ત્રણ પ્રદેશને અને પોતે જે આકાશ પ્રદેશ પર સ્થિત છે તે આકાશ પ્રદેશ ઉપર રહેલા અધર્માસ્તિકાયના એક પ્રદેશને, તેમ કુલ ૩+૧=૪ પ્રદેશને જઘન્ય રૂપે સ્પર્શે છે. લોકાન્તે **વક્ર ભાગ** પર સ્થિત ધર્માસ્તિકાયનો પ્રદેશ ચાર દિશાના ચાર અને સ્વ આશ્રિત અધર્માસ્તિકાયનો એક, એમ કુલ **પાંચ પ્રદેશોને** સ્પર્શે છે. તે જ રીતે **લોકાન્તે સીધા-સમતલ ભાગ ઉપર સ્થિત** ધર્માસ્તિકાયનો પ્રદેશ પાંચ દિશાના પાંચ અને સ્વ આશ્રિત એક, તેમ કુલ છ પ્રદેશોને સ્પર્શે છે. આ રીતે પાંચ અને છ પ્રદેશોને મધ્યમરૂપે સ્પર્શે છે. લોકની અંદર રહેલા ધર્માસ્તિકાયના છ દિશાના છ પ્રદેશો અને સ્વ આશ્રિત એક, તેમ કુલ અધર્માસ્તિકાયના **સાત પ્રદેશોને** ઉત્કૃષ્ટ રૂપે સ્પર્શે છે.



**ધર્માસ્તિકાયના પ્રદેશોની સ્પર્શના :–**

| સ્વરૂપ | ધર્માસ્તિકાયના પ્રદેશની સ્થિતિ | ધર્માસ્તિકાય સ્પર્શના | અધર્માસ્તિકાય સ્પર્શના |
|---|---|---|---|
| જઘન્ય | લોકાન્તે ખૂણામાં | ૩ પ્રદેશ | ૪ પ્રદેશ |
| મધ્યમ(૧) | લોકાન્તે વક્ર ભાગમાં | ૪ પ્રદેશ | ૫ પ્રદેશ |
| મધ્યમ(૨) | લોકાન્તે સીધા ભાગ પર | ૫ પ્રદેશ | ૬ પ્રદેશ |
| ઉત્કૃષ્ટ | લોકની અંદર | ૬ પ્રદેશ | ૭ પ્રદેશ |

**૩. ધર્માસ્તિકાયની આકાશાસ્તિકાય સાથે સ્પર્શના :–** ધર્માસ્તિકાયનો પ્રત્યેક પ્રદેશ આકાશાસ્તિકાયના ૭ પ્રદેશોને નિયમા સ્પર્શે છે. આકાશ દ્રવ્ય લોક અને અલોક બંનેમાં વ્યાપ્ત છે. લોકાન્તે કે લોકની અંદર રહેલા ધર્માસ્તિકાયના પ્રત્યેક પ્રદેશો, છ દિશાના છ અને સ્વાવગાઢ એક આકાશ પ્રદેશને, તેમ કુલ સાત પ્રદેશને જઘન્ય-ઉત્કૃષ્ટના ભેદ વિના સ્પર્શે છે.

**૪. ધર્માસ્તિકાયની જીવાસ્તિકાય સાથે સ્પર્શના :–** ધર્માસ્તિકાયના પ્રત્યેક પ્રદેશો જીવાસ્તિકાયના અનંતા પ્રદેશોને સ્પર્શે છે. સમસ્ત લોકમાં અનંતાનંત જીવો રહે છે અને એક-એક આકાશ પ્રદેશ ઉપર અનંતા જીવોના અનંતા આત્મપ્રદેશો છે. તેથી ધર્માસ્તિકાયના પ્રદેશો પોતાની છએ દિશાના અને સ્વ અવગાહિત આકાશ પ્રદેશ ઉપર રહેલા જીવના અનંત પ્રદેશોને સ્પર્શે છે.

**૫. ધર્માસ્તિકાયની પુદ્ગલાસ્તિકાય સાથે સ્પર્શના :–** ધર્માસ્તિકાયના પ્રત્યેક પ્રદેશો પુદગલદ્રવ્યના અનંતા પ્રદેશોને સ્પર્શે છે. આ લોકમાં અનંતાનંત પુદ્ગલો વ્યાપ્ત છે અને એક-એક આકાશ પ્રદેશ ઉપર પણ અનંત પુદ્ગલ પ્રદેશો હોય છે. તેથી ધર્માસ્તિકાયના પ્રદેશો પોતાની છએ દિશાના અને સ્વ અવગાહિત આકાશ પ્રદેશ ઉપર રહેલા અનંતા પુદ્ગલ પ્રદેશોને સ્પર્શે છે.

**૬. ધર્માસ્તિકાયની કાળ દ્રવ્ય સાથે સ્પર્શના :–** ધર્માસ્તિકાયના પ્રદેશો કાળદ્રવ્યને કદાચિત્ સ્પર્શે છે, કદાચિત્ સ્પર્શતા નથી અને સ્પર્શે તો અનંત પ્રદેશોને સ્પર્શે છે. સમય, આવલિકાદિ વ્યવહાર કાલ અઢીદ્વીપમાં છે, અઢીદ્વીપની બહાર વ્યવહારકાલ નથી. ધર્માસ્તિકાયના જે પ્રદેશો અઢીદ્વીપમાં છે તે કાળ દ્રવ્યને સ્પર્શે છે, અઢીદ્વીપની બહાર છે તે કાળ દ્રવ્યને સ્પર્શતા નથી. આ કથન વ્યવહાર કાળ એટલે અદ્ધાકાળ–વર્તના લક્ષણ રૂપ કાળની અપેક્ષાએ છે. સ્થિતિરૂપ કાળ સમસ્ત લોકમાં છે. લોકમાં સ્થિત અનંત દ્રવ્યોની સ્થિતિ વ્યતીત થાય છે તથા ધર્માસ્તિકાય અનાદિ અનંત છે. તેથી જ્યાં તેની સ્પર્શના છે ત્યાં તે અનંત સમયરૂપ ભૂતકાળને અને અનંત સમયરૂપ ભવિષ્યકાળને સ્પર્શે છે. તે ભૂતકાળ આદિની અપેક્ષાએ ધર્માસ્તિકાય કાલ દ્રવ્યના અનંત પ્રદેશોને સ્પર્શે છે. સંક્ષેપમાં– સૂર્ય આદિની ગતિથી થતા વર્તના લક્ષણ કાલ અને લોકગત દ્રવ્યોની વ્યતીત થતી સ્થિતિરૂપ કાલ એમ કાલના બે રૂપ સમજવા તથા અહીં સૂર્યાદિથી થતા વર્તનાકાલની અપેક્ષા સ્પર્શનાનું કથન છે તેમ સમજવું. કારણ કે અઢીદ્વીપમાં જ કાલની સ્પર્શના સ્વીકારી છે. સંપૂર્ણ લોકમાં કે લોકાંતમાં અહીં કાલનો સ્વીકાર કર્યો નથી.

**અધર્માસ્તિકાયના પ્રદેશોની સ્પર્શના :–** ધર્માસ્તિકાય પ્રમાણે સમજવું.

**(૧) આકાશાસ્તિકાયની ધર્માસ્તિકાય સાથે સ્પર્શના :–** આકાશાસ્તિકાયનો એક પ્રદેશ ધર્માસ્તિકાયના પ્રદેશને કદાચિત્ સ્પર્શે, કદાચિત્ ન સ્પર્શે. જે સ્પર્શે છે તે જઘન્ય એક અને ઉત્કૃષ્ટ સાત પ્રદેશોને સ્પર્શે છે.

આકાશાસ્તિકાય દ્રવ્ય લોક અને અલોક બંનેમાં વ્યાપ્ત છે. ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યો લોકમાં જ સ્થિત છે તેથી અલોકની અંદરના આકાશ પ્રદેશો ધર્માસ્તિકાયના પ્રદેશોને સ્પર્શતા નથી તે અપેક્ષાએ કદાચિત્ સ્પર્શતા નથી, આ વિકલ્પ થાય છે. લોકાન્ત સમીપે અલોકાન્તમાં રહેલા આકાશ દ્રવ્યો લોકને સ્પર્શે છે અને લોકગત ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોને પણ સ્પર્શે છે. અલોકાકાશના જે પ્રદેશો **અલોકાન્તના સીધાભાગ** ઉપર સ્થિત છે તેની એક દિશામાં લોક છે તેથી તે આકાશ પ્રદેશ એક દિશાગત ધર્માસ્તિકાયના એક પ્રદેશને સ્પર્શે છે. અલોકાકાશના જે પ્રદેશો **અલોકાન્ત ના વક્રભાગ** ઉપર સ્થિત છે, તેની બે દિશામાં લોક છે તેથી તે આકાશ પ્રદેશ બે દિશાગત ધર્માસ્તિકાયના એક-એક, તેમ બે પ્રદેશોને સ્પર્શે છે. અલોકાકાશના જે પ્રદેશો **અલોકાન્તના કોણવર્તી ભાગ(ખૂણા)માં** સ્થિત છે તેની ત્રણ દિશામાં લોક છે, તેથી તે ત્રણ દિશાગત ધર્માસ્તિકાયના એક-એક, તેમ ત્રણ પ્રદેશોને સ્પર્શે છે.

લોકાકાશના જે આકાશ પ્રદેશો **લોકાન્તે કોણવર્તી ભાગ(ખૂણા)માં** સ્થિત છે તેની ત્રણ દિશામાં અલોક છે અને ત્રણ દિશામાં લોક છે. લોકગત ત્રણ દિશાના ધર્માસ્તિકાયના એક-એક તેમ ત્રણ અને તે આકાશ પ્રદેશ ઉપર રહેલો ધર્માસ્તિકાયનો એક પ્રદેશ, તેમ કુલ **ચાર પ્રદેશોને સ્પર્શે** છે. લોકાકાશના જે પ્રદેશો **લોકાન્તે વક્રભાગ ઉપર** સ્થિત છે અને જેની બે દિશામાં અલોક અને ચાર દિશામાં લોક છે. તે આકાશપ્રદેશ ચાર દિશાગત ધર્માસ્તિકાયના એક-એક તેમ ચાર અને સ્વ આશ્રિત એક, તેમ કુલ ધર્માસ્તિકાયના પાંચ પ્રદેશોને સ્પર્શે છે. લોકાકાશના જે પ્રદેશો **લોકાન્તે સીધા ભાગ ઉપર** સ્થિત છે અને જેની એક દિશામાં અલોક અને પાંચ દિશામાં લોક છે; તે પાંચ દિશાગત ધર્માસ્તિકાયના એક-એક તેમ પાંચ અને સ્વ આશ્રિત એક, તેમ કુલ છ પ્રદેશને સ્પર્શે છે. લોકાંત સિવાય લોકની અંદર કોઈપણ સ્થાને રહેલા લોકાકાશના પ્રદેશો, છ દિશાના છ અને સ્વ આશ્રિત એક તેમ ધર્માસ્તિકાયના કુલ સાત પ્રદેશોને સ્પર્શે છે.

**૨. આકાશાસ્તિકાયની અધર્માસ્તિકાય સાથે સ્પર્શના :–** સંપૂર્ણ કથન ધર્માસ્તિકાયની સ્પર્શનાની જેમ જાણવું.

**આકાશાસ્તિકાયના પ્રદેશોની સ્પર્શના :–**

| સ્વરૂપ | આકાશ પ્રદેશોની સ્થિતિ | ધર્મા૦ અધર્મા૦ પ્રદેશોની સ્પર્શના |
|---|---|---|
| કદાચિત્ ન સ્પર્શે | અલોકની અંદરના ભાગમાં | × |
| જઘન્ય | અલોકાન્ત ના સીધા ભાગ પર સ્થિત | ૧ પ્રદેશ |
| મધ્યમ | અલોકાન્તના વક્રભાગ પર સ્થિત | ૨ પ્રદેશો |
| | અલોકાન્તના ખૂણામાં સ્થિત | ૩ પ્રદેશો |
| | લોકાન્તના ખૂણામાં સ્થિત | ૪ પ્રદેશો |
| | લોકાન્તના વક્રભાગ ઉપર સ્થિત | ૫ પ્રદેશો |
| | લોકાન્તના સીધા ભાગ ઉપર સ્થિત | ૬ પ્રદેશો |
| ઉત્કૃષ્ટ | લોકની અંદર | ૭ પ્રદેશો |




**૩. આકાશાસ્તિકાયની આકાશાસ્તિકાય સાથે સ્પર્શના :–** લોક કે અલોકના પ્રત્યેક આકાશપ્રદેશ છ દિશાના અન્ય છ આકાશ પ્રદેશને સ્પર્શે છે.

**(૪–૫) આકાશાસ્તિકાયની જીવ અને પુદ્ગલ સાથે સ્પર્શના :–** આકાશ દ્રવ્યના કેટલાક પ્રદેશો જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયના પ્રદેશોને સ્પર્શે છે. કેટલાક સ્પર્શતા નથી. જે સ્પર્શે છે તે અનંત પ્રદેશોને સ્પર્શે છે.

અલોકમાં જીવ કે પુદ્ગલાદિ દ્રવ્યો નથી. તેથી અલોકગત આકાશ પ્રદેશો જીવ પ્રદેશો કે પુદ્ગલ પ્રદેશોને સ્પર્શતા નથી. લોકના પ્રત્યેક આકાશ પ્રદેશ ઉપર અનંતા જીવ પ્રદેશો અને પુદ્ગલ પ્રદેશો છે તેથી અલોકાન્તે રહેલા, લોકને સ્પર્શતા અલોકાકાશના પ્રદેશો તે જીવ અને પુદ્ગલ દ્રવ્યના અનંત પ્રદેશોને સ્પર્શે છે અને લોકાકાશના સમસ્ત આકાશ પ્રદેશો છએ દિશાના અને સ્વ આશ્રિત અનંત જીવ તથા પુદ્ગલના પ્રદેશોને સ્પર્શે છે.

**(૬) આકાશાસ્તિકાયની કાળ દ્રવ્ય સાથે સ્પર્શના :–** આકાશના કેટલાક પ્રદેશો કાળને સ્પર્શે છે. કેટલાક પ્રદેશો સ્પર્શતા નથી. જે સ્પર્શે છે તે અનંત કાળ પ્રદેશને સ્પર્શે છે અલોકમાં કાળ દ્રવ્ય નથી તેથી ત્યાં રહેલા આકાશ પ્રદેશો કાળ દ્રવ્યને સ્પર્શતા નથી. વ્યવહાર કાળ(અદ્ધાકાળ) અઢીદ્વીપમાં જ છે. અઢીદ્વીપગત આકાશ પ્રદેશો તેને સ્પર્શે છે અને અનંત ભૂતકાળ તથા ભવિષ્યકાળના સમયોને એક-એક આકાશ પ્રદેશોએ સ્પર્શ્યા છે તે અપેક્ષાએ અઢીદ્વીપગત આકાશ પ્રદેશો અનંત કાળદ્રવ્યને સ્પર્શે છે. સ્થિતિ રૂપકાળ સમસ્ત લોકમાં છે, જેની અહીં પૃચ્છા નથી.

**જીવાસ્તિકાયના પ્રદેશોની સ્પર્શના :–** લોકાન્તે ખૂણામાં સ્થિત જીવ પ્રદેશો ધર્માસ્તિકાયના તથા અધર્માસ્તિકાયના ૪ પ્રદેશોને, વક્રભાગ પર સ્થિત જીવ પ્રદશો ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના પાંચ પ્રદેશોને, લોકાન્તે સીધા ભાગ પર સ્થિત જીવ પ્રદેશો ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના ૬ પ્રદેશોને અને

લોકની અંદર રહેલા જીવ પ્રદેશો ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના સાત પ્રદેશોને સ્પર્શે છે. પ્રત્યેક જીવ પ્રદેશો આકાશાસ્તિકાયના ૭ પ્રદેશોને નિયમા સ્પર્શે છે. દરેક જીવ પ્રદેશ જીવાસ્તિકાયના અને પુદ્ગલાસ્તિકાયના અનંતા પ્રદેશોને નિયમા સ્પર્શે છે. જીવ પ્રદેશોને કાળ દ્રવ્યની સ્પર્શના ભજનાથી હોય છે. જો સ્પર્શે તો અનંત કાલ પ્રદેશોને(સમયોને) સ્પર્શે છે. તે ધર્માસ્તિકાયના પ્રદેશની કાલ સાથેની સ્પર્શનાની જેમ થાય છે.

**પુદ્ગલાસ્તિકાયના પ્રદેશોની સ્પર્શના :–** તેનું સંપૂર્ણ કથન જીવાસ્તિકાયની છદ્રવ્ય સાથેની સ્પર્શનાની સમાન છે. પુદ્ગલાસ્તિકાયના જુદા-જુદા સ્કંધોની અને કાલ દ્રવ્યના પ્રદેશની છ દ્રવ્યો સાથે સ્પર્શનાનું નિરૂપણ આગળના સૂત્રોમાં છે.

**દ્વિપ્રદેશી આદિ પુદ્ગલસ્કંધોની સ્પર્શના :–**

**૩૮ दो भंते ! पोग्गलत्थिकायपएसा केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा ? गोयमा ! जहण्णपए छहिं, उक्कोसपए बारसहिं । एवं अहम्मत्थिकाय-पएसेहिं वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશ, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય છ પ્રદેશોને અને ઉત્કૃષ્ટ બાર પ્રદેશોને સ્પર્શે છે. આ જ રીતે અધર્માસ્તિકાયના પ્રદેશોને સ્પર્શે છે.

**૩૯ केवइएहिं भंते ! आगासत्थिकाय पएसेहिं पुट्ठा ? गोयमा ! बारसहिं, सेसं जहा धम्मत्थिकायस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બાર પ્રદેશોને સ્પર્શે છે. શેષ દ્રવ્યો સાથેની સ્પર્શનાનું વર્ણન ધર્માસ્તિકાયની સ્પર્શનાની સમાન જાણવું જોઈએ.

**૪૦ तिण्णि भंते! पोग्गलत्थिकायपएसा केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा ? गोयमा! जहण्णपए अट्ठहिं, उक्कोसपए सत्तरसहिं । एवं अहम्मत्थिकायपएसेहिं वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશ, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય આઠ અને ઉત્કૃષ્ટ સત્તર પ્રદેશોને સ્પર્શે છે. આ જ રીતે અધર્માસ્તિકાયના પ્રદેશોને સ્પર્શે છે.

**૪૧ केवइएहिं भंते ! आगासत्थिकाय-पएसेहिं पुट्ठा ?**

**गोयमा ! सत्तरसहिं । सेसं जहा धम्मत्थिकायस्स । एवं एएणं गमेणं भाणियव्वं** *जाव* **दस, णवरं जहण्णपए दुगुणेणं दुरूवाहिएणं, उक्कोसपए पंचगुणेणं दुरूवाहिएणं । एवं चत्तारि पोग्गलत्थिकायस्स पएसा जहण्णपए दसहिं, उक्कोसपए बावीसाए । पंच पोग्गलत्थि कायस्स पएसा जहण्णपए बारसहिं, उक्कोसपए सत्तावीसाए । छ पोग्गलत्थिकायस्स पएसा जहण्णपए चोद्दसहिं, उक्कोसपए बत्तीसाए । सत्त**

**पोग्गलत्थिकायस्स पएसा जहण्णेणं सोलसहिं, उक्कोसपए सत्ततीसाए । अट्ठ पोग्गलत्थिकायस्स पएसा जहण्णपए अट्ठारसहिं उक्कोसपए बायालीसाए । णव पोग्गलत्थिकायस्स पएसा जहण्णपए वीसाए, उक्कोसपए सीयालीसाए। दस पोग्गलत्थिकायस्स पएसा जहण्णपए बावीसाए, उक्कोसपए बावण्णाएआगासत्थिकायस्स सव्वत्थ उक्कोसगं भाणियव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નિયમા સત્તર પ્રદેશોને સ્પર્શે છે. શેષ ત્રણ દ્રવ્યો સાથેની સ્પર્શનાનું સર્વ વર્ણન ધર્માસ્તિકાયની સમાન જાણવું જોઈએ. આ રીતે આ ત્રણ પ્રદેશીસ્કંધની જેમ ચાર પ્રદેશ ***યાવત્*** દશ પ્રદેશીસ્કંધ સુધી કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સાથે જઘન્ય સ્પર્શનામાં બે ગુણા કરી બે ઉમેરવા અને ઉત્કૃષ્ટ સ્પર્શનામાં પાંચ ગુણા કરી બે ઉમેરવા જોઈએ. એમ કરવાથી પુદ્‌ગલાસ્તિકાયના ચાર પ્રદેશ, ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયના જઘન્ય દશ અને ઉત્કૃષ્ટ બાવીસ પ્રદેશોને સ્પર્શે છે; પુદ્‌ગલાસ્તિકાયના પાંચ પ્રદેશ, ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયના જઘન્ય બાર અને ઉત્કૃષ્ટ સત્યાવીસ પ્રદેશોને સ્પર્શે છે. પુદ્‌ગલાસ્તિકાયના છ પ્રદેશ ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયના જઘન્ય ચૌદ અને ઉત્કૃષ્ટ બત્રીસ પ્રદેશોને સ્પર્શે છે. પુદ્‌ગલાસ્તિકાયના સાત પ્રદેશ ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયના જઘન્ય સોળ અને ઉત્કૃષ્ટ સાડત્રીસ પ્રદેશોને સ્પર્શે છે. પુદ્‌ગલાસ્તિકાયના આઠ પ્રદેશ ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયના જઘન્ય અઢાર અને ઉત્કૃષ્ટ બેતાળીસ પ્રદેશોને સ્પર્શે છે. પુદ્‌ગલાસ્તિકાયના નવ પ્રદેશ ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયના જઘન્ય વીસ અને ઉત્કૃષ્ટ સુડતાલીસ પ્રદેશોને સ્પર્શે છે. પુદ્‌ગલાસ્તિકાયના દશ પ્રદેશ ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયના જઘન્ય બાવીસ અને ઉત્કૃષ્ટ બાવન પ્રદેશોને સ્પર્શે છે. આકાશાસ્તિકાયને માટે દશ પ્રદેશી પુદ્‌ગલ સુધી સર્વ સ્થાને એક માત્ર ઉત્કૃષ્ટ પદનું કથન કરવું જોઈએ. અર્થાત્ ચાર પ્રદેશી પુદ્‌ગલથી દશપ્રદેશી સુધી ક્રમશઃ ૨૨,૨૭,૩૨,૩૭,૪૨,૪૭ અને ૫૨, આકાશ પ્રદેશોની સ્પર્શના કહેવી જોઈએ. [શેષ ત્રણ દ્રવ્યો સાથેની સ્પર્શનાનું સર્વ વર્ણન ધર્માસ્તિકાય સાથેના તે દ્રવ્યોની સ્પર્શનાની સમાન સમજવું.]

**૪૨ संखेज्जा भंते ! पोग्गलत्थिकायपएसा केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा ?**

**गोयमा ! जहण्णपए तेणेव संखेज्जएणं दुगुणेणं दुरूवाहिएणं, उक्कोसपए तेणेव संखेज्जएणं पंचगुणेणं दुरूवाहिएणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયના સંખ્યાત પ્રદેશો, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સંખ્યાત પ્રદેશોને બમણા કરી, બે પ્રદેશ ઉમેરવાથી અને ઉત્કૃષ્ટ સંખ્યાત પ્રદેશોને પાંચ ગુણા કરી, બે પ્રદેશ ઉમેરવાથી જે સંખ્યા આવે, તેટલા પ્રદેશોને સ્પર્શે છે.

**૪૩ केवइएहिं भंते ! अधम्मत्थिकाय-पएसेहिं पुट्ठा ? गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે સંખ્યાત પ્રદેશી સ્કંધ અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ?
**ઉત્તર–** હે ગૌતમ ! ધર્માસ્તિકાયની સમાન જાણવું જોઈએ.

**૪૪ केवइएहिं भंते ! आगासत्थिकाय-पएसेहिं, पुट्ठा ? गोयमा ! तेणेव संखेज्जएणं पंचगुणेणं दुरूवाहिएणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે સંખ્યાત પ્રદેશી સ્કંધ આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સંખ્યાત પ્રદેશોને પાંચ ગુણા કરી, બે ઉમેરવાથી જે સંખ્યા થાય તેટલા પ્રદેશોને સ્પર્શે છે.

**૪૫ केवइएहिं जीवत्थिकाय-पएसेहिं पुट्ठा ? गोयमा ! अणंतेहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે સંખ્યાત પ્રદેશી સ્કંધ જીવાસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પ્રદેશોને સ્પર્શે છે.

**૪૬ केवइएहिं भंते ! पोग्गलत्थिकाय-पएसेहिं, पुट्ठा ? गोयमा ! अणंतेहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે સંખ્યાત પ્રદેશી સ્કંધ પુદ્‌ગલાસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પ્રદેશોને સ્પર્શે છે.

**૪૭ केवइएहिं भंते ! अद्धासमएहिं, पुट्ठा ? गोयमा ! सिय पुट्ठे, सिय णो पुट्ठे; जइ पुट्ठे णियमं अणंतेहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે સંખ્યાત પ્રદેશી સ્કંધ કેટલા અદ્ધા સમયોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ સ્પર્શે છે, કદાચિત્ સ્પર્શતા નથી. જો સ્પર્શે તો નિશ્ચિતરૂપે અનંત સમયોને સ્પર્શે છે.

**૪૮ असंखेज्जा भंते ! पोग्गलत्थिकायपएसा केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठा ?**

**गोयमा ! जहण्णपए तेणेव असंखेज्जएणं दुगुणेणं दुरूवाहिएणं, उक्कोसपए तेणेव असंखेज्जएणं पंचगुणेणं दुरूवाहिएणं, सेसं जहा संखेज्जाणं** *जाव* **णियमं अणंतेहिं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયના અસંખ્યાત પ્રદેશ, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય તે જ અસંખ્યાત પ્રદેશને બમણા કરી, તેમાં બે ઉમેરતાં જે સંખ્યા આવે, તેટલા પ્રદેશોને સ્પર્શે છે અને ઉત્કૃષ્ટ તે જ અસંખ્યાત પ્રદેશોને પાંચ ગુણા કરીને, તેમાં બે ઉમેરતાં જે સંખ્યા આવે, તેટલા પ્રદેશને સ્પર્શે છે. શેષ સર્વ વર્ણન સંખ્યાત પ્રદેશોની સમાન જાણવું જોઈએ ***યાવત્*** નિયમા અનંત સમયોને સ્પર્શે છે, ત્યાં સુધી કથન કરવું જોઈએ.

**૪૯ अणंता भंते ! पोग्गलत्थिकायपएसा केवइएहिं धम्मत्थिकाय पएसेहिं पुट्ठा ? गोयमा ! जहा असंखेज्जा तहा अणंता वि णिरवसेसं भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયના અનંત પ્રદેશ, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે અસંખ્યાત પ્રદેશોના વિષયમાં કથન કર્યું, તે જ રીતે અનંત પ્રદેશોના વિષયમાં પણ સંપૂર્ણ વર્ણન જાણવું જોઈએ. તેમાં અનંતપ્રદેશી પુદ્‌ગલ પણ અસંખ્યાત આકાશ પ્રદેશોને જ સ્પર્શે છે.

**વિવેચન :–**

**દ્વિપ્રદેશી સ્કંધની સ્પર્શના :–** દ્વિપ્રદેશી સ્કંધ ધર્માસ્તિકાયના જઘન્ય **છ** અને ઉત્કૃષ્ટ **બાર** પ્રદેશોને સ્પર્શે છે. **જઘન્ય–૬** = દ્વિપ્રદેશી સ્કંધ જઘન્ય એક આકાશ પ્રદેશ ઉપર અને ઉત્કૃષ્ટ બે આકાશ પ્રદેશ ઉપર રહી શકે છે. દ્વિપ્રદેશી સ્કંધ એક આકાશ પ્રદેશને અવગાહીને લોકાન્તે ખૂણામાં સ્થિત હોય ત્યારે તેની ત્રણ દિશામાં જ લોક હોય છે. તેમાંથી બે દિશામાં ધર્માસ્તિકાયના બે-બે પ્રદેશને સ્પર્શે છે, એક દિશામાં ૧ પ્રદેશને અને સ્વસ્થાનીય ધર્માસ્તિકાયના એક પ્રદેશને, તેમ ૪+૧+૧= **છ પ્રદેશો**ને જઘન્યરૂપે સ્પર્શે છે. જે દ્વિપ્રદેશી સ્કંધ એક આકાશ પ્રદેશને અવગાહીને રહેલ છે તેની બંને દિશામાં એક-એક જ આકાશપ્રદેશ અને તેના ઉપર રહેલા ધર્માસ્તિકાયાદિના એક પ્રદેશને જ દ્વિપ્રદેશી સ્કંધના તે બંને પ્રદેશો સ્પર્શે છે. જેમ એક જ કલાકમાં બે વ્યક્તિ એક સાથે એક-એક કલાકનું કામ કરે તો બે કલાકનું કામ થયું કહેવાય. કલાક એક હોવા છતાં બે કલાકનું કામ કહેવાય તેમ એક જ આકાશપ્રદેશ ઉપર સ્થિત ધર્માસ્તિકાયના એક જ પ્રદેશને દ્વિપ્રદેશી સ્કંધના બંને પ્રદેશ સ્પર્શતા હોવાથી ધર્માસ્તિકાયના બે પ્રદેશની સ્પર્શના કહેવામાં આવી છે. આ રીતે અપેક્ષા વિશેષથી અહીં બે દિશાના ૨×૨=૪ પ્રદેશની સ્પર્શના સ્વીકારીને દ્વિપ્રદેશીસ્કંધની જઘન્ય સ્પર્શના ૬ પ્રદેશની કહી છે. સામાન્ય અપેક્ષાએ(સામાન્ય સિદ્ધાંતથી) જઘન્ય ૪ પ્રદેશની જ સ્પર્શના થાય છે– ત્રણ દિશાના ત્રણ+૧ સ્વઅવગાહિત પ્રદેશ. **ઉત્કૃષ્ટ–૧૨** = બે આકાશ પ્રદેશને અવગાહીને રહેલા દ્વિપ્રદેશી સ્કંધ ચાર દિશામાં બે-બે(૪×૨=૮) પ્રદેશને સ્પર્શ કરે છે; અન્ય બે દિશાના એક-એક(૧+૧=૨) પ્રદેશને સ્પર્શ કરે છે અને સ્વ સ્થાનીય બે પ્રદેશને સ્પર્શ કરે છે; તે સર્વ મળીને ૮+૨+૨=૧૨ ધર્માસ્તિકાયના પ્રદેશોને ઉત્કૃષ્ટરૂપે દ્વિપ્રદેશી સ્કંધ સ્પર્શ કરે છે.

**દ્વિપ્રદેશી આદિ સ્કંધોની સ્પર્શના સંખ્યાની ગણના વિધિ :–** જેટલા પ્રદેશી સ્કંધ હોય તેને બે થી ગુણી તેમાં બે ઉમેરવાથી જઘન્ય પદની સ્પર્શના પ્રાપ્ત થાય છે અને તે પ્રદેશોને પાંચથી ગુણી તેમાં બે ઉમેરવાથી ઉત્કૃષ્ટ પદની સ્પર્શના પ્રાપ્ત થાય છે. જેમ કે ચાર પ્રદેશી સ્કંધની જઘન્ય સ્પર્શના ૪×૨+૨ = ૧૦ પ્રદેશની થાય છે અને ઉત્કૃષ્ટ સ્પર્શના ૪×૫+૨ = ૨૨ પ્રદેશોની થાય છે. આ રીતે પ્રત્યેક સ્કંધની સ્પર્શના જાણી શકાય છે.

આ જ પદ્ધતિથી અધર્માસ્તિકાયના પ્રદેશોની સ્પર્શના પણ જાણવી જોઈએ. આકાશાસ્તિકાયના બાર પ્રદેશોની સ્પર્શના થાય છે. લોકાન્તમાં પણ આકાશપ્રદેશ વિદ્યમાન હોવાથી તેમાં જઘન્ય પદની સંભાવના નથી.

**ત્રિપ્રદેશી સ્કંધની સ્પર્શના :–** ધર્માસ્તિકાયના જઘન્ય આઠ પ્રદેશોની સ્પર્શના લોકાંતે ખૂણામાં રહેલા ત્રિપ્રદેશીની અપેક્ષાએ થાય છે. તેમાં તેની સ્વયંના જઘન્ય અવગાહિત એક પ્રદેશની સ્પર્શના છે; નીચેના એક પ્રદેશની અને દક્ષિણ, પશ્ચિમી કિનારાના ત્રણ-ત્રણ પ્રદેશની સ્પર્શના છે. આ રીતે ત્રિપ્રદેશીસ્કંધ ધર્માસ્તિકાયના ૧+૧+૩+૩ = ૮ પ્રદેશોને સ્પર્શે છે.

ત્રિપ્રદેશી સ્કંધ ઉત્કૃષ્ટ સત્તર પ્રદેશોને સ્પર્શે છે. તે સ્પર્શના લોકની મધ્યમાં રહેલા ત્રિપ્રદેશી સ્કંધની અપેક્ષાએ થાય છે. જેમાં તે સ્કંધના સ્વયંના ઉત્કૃષ્ટ અવગાહિત ત્રણ પ્રદેશોની, ચારે ય દિશાના ત્રણ-ત્રણ પ્રદેશોની તથા બે દિશાના એક-એક પ્રદેશોની આ રીતે ૩+૩+૩+૩+૩+૧+૧=૧૭(સત્તર) પ્રદેશોની સ્પર્શના થાય છે.

**ચતુષ્પ્રદેશી સ્કંધની સ્પર્શના :–** તે સ્કંધ ઉપરોક્ત વિધિથી જઘન્ય-દશ અને ઉત્કૃષ્ટ બાવીસ પ્રદેશોને

સ્પર્શે છે. પંચપ્રદેશી સ્કંધ જઘન્ય ૧૨ પ્રદેશને ઉત્કૃષ્ટ ૨૭ પ્રદેશોને સ્પર્શે છે;

આકાશાસ્તિકાયની સ્પર્શના સર્વત્ર ઉત્કૃષ્ટ પદે જ થાય છે, જઘન્ય પદે થતી નથી કારણ કે આકાશ સર્વત્ર વિદ્યમાન છે.

**સંખ્યાત પ્રદેશી સ્કંધની સ્પર્શના :–** દશથી અધિક સંખ્યાની ગણનાને અહીં સૂત્રમાં સંખ્યાતામાં ગ્રહણ કરી છે. તેમાં ઉદાહરણરૂપે વીસ પ્રદેશી સ્કંધની સ્પર્શના આ રીતે જાણવી. યથા– વીસ પ્રદેશી સ્કંધ લોકાન્તના ખૂણાના એક પ્રદેશ પર સ્થિત છે. ત્યાં તેના જઘન્ય અવગાહિત એક પ્રદેશની સ્પર્શના હોય, એક દિશામાં એક પ્રદેશની સ્પર્શના હોય, અન્ય બે દિશામાં વીસ-વીસ પ્રદેશની સ્પર્શના હોય છે. આ રીતે કુલ ૧+૧+૨૦+૨૦=૪૨ પ્રદેશની જઘન્ય સ્પર્શના હોય છે. આ અવસ્થામાં કુલ ત્રણ દિશામાં અલોકના કારણે ધર્માસ્તિકાયની સ્પર્શના હોતી નથી. શેષ ત્રણ દિશા અને સ્વયંની અવગાહિત પ્રદેશની સ્પર્શના હોય છે. ઉત્કષ્ટ સ્પર્શના ૧૦૨ પ્રદેશોની લોક મધ્યગત વીસ પ્રદેશી સ્કંધની થાય છે. તે અવસ્થામાં ચારેય દિશા અને સ્વયં અવગાહિત એમ પાંચે ય દિશામાં વીસ-વીસ પ્રદેશની સ્પર્શના હોય છે. તેથી ૪+૧×૨૦=૧૦૦ પ્રદેશ અને ઉપર નીચેનો એક-એક પ્રદેશ સ્પર્શના હોય છે. તેથી કુલ ૧૦૦+૨=૧૦૨ પ્રદેશોની ઉત્કૃષ્ટ સ્પર્શના થાય છે.

**પુદ્‌ગલ સ્કંધોની ધર્માસ્તિકાયાદિના પ્રદેશો સાથે સ્પર્શના :–**

| પુદ્‌ગલ પ્રદેશ સંખ્યા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૨૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધર્મા. આદિના પ્રદેશોની જઘન્ય સ્પર્શના | ૪ | ૬ | ૮ | ૧૦ | ૧૨ | ૧૪ | ૧૬ | ૧૮ | ૨૦ | ૨૨ | ૪૨ |
| ઉત્કૃષ્ટ સ્પર્શના | ૭ | ૧૨ | ૧૭ | ૨૨ | ૨૭ | ૩૨ | ૩૭ | ૪૨ | ૪૭ | ૫૨ | ૧૦૨ |

**અસંખ્યાત પ્રદેશી અને અનંત પ્રદેશી સ્કંધની સ્પર્શના :–** અસંખ્યાત અને અનંત પ્રદેશી સ્કંધો એક પ્રદેશાવગાઢ રૂપે લોકાન્તે ખૂણામાં હોય ત્યારે ધર્માસ્તિકાયના પ્રદેશોની જઘન્ય સ્પર્શના હોય છે અને અસંખ્યાત પ્રદેશાવગાઢ રૂપે લોકની અંદર હોય ત્યારે ઉત્કૃષ્ટ પદે ધર્માસ્તિકાયના પ્રદેશની સ્પર્શના હોય છે. અસંખ્યાત પ્રદેશી સ્કંધ જઘન્ય અને ઉત્કૃષ્ટ પદે અસંખ્યાત પ્રદેશોને સ્પર્શે છે તે બંને અસંખ્યાતમાં તફાવત છે. જઘન્ય પદે નાનો અસંખ્યાત હોય છે અને ઉત્કૃષ્ટ પદે મોટો અસંખ્યાત હોય છે.

લોકાકાશના અસંખ્યાત પ્રદેશ હોવાથી અનંત પ્રદેશી સ્કંધ અસંખ્યાત પ્રદેશાવગાઢ જ થઈ શકે છે અને જઘન્ય એક પ્રદેશાવગાઢ થઈ શકે છે. લોકના જે ભાગમાં સ્થિત હોય તે પ્રમાણે તેની જઘન્ય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત પ્રદેશની જ સ્પર્શના થાય છે.

**પુદ્‌ગલ સ્કંધોની અસ્તિકાય પ્રદેશો સાથે સ્પર્શના :–**

| પુદ્‌ગલ વિભાગ | ધર્મા.-અધર્મા. પ્રદેશ સ્પર્શના | | આકાશા. પ્રદેશ સ્પર્શના ઉત્કૃષ્ટ | જીવ. પુદ્‌ગલ પ્રદેશ સ્પર્શના | કાલ સ્પર્શના |
|---|---|---|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ | | | |
| પરમાણુ | ૪ | ૭ | ૭ | અનંત | ×/અનંત |
| દ્વિપ્રદેશી | ૬ | ૧૨ | ૧૨ | અનંત | ×/અનંત |
| ત્રિપ્રદેશી | ૮ | ૧૭ | ૧૭ | અનંત | ×/અનંત |
| ચતુષ્પ્રદેશી | ૧૦ | ૨૨ | ૨૨ | અનંત | ×/અનંત |

| | | | | | |
|---|---|---|---|---|---|
| પાંચ પ્રદેશી | ૧૨ | ૨૭ | ૨૭ | અનંત | ×/અનંત |
| છ પ્રદેશી | ૧૪ | ૩૨ | ૩૨ | અનંત | ×/અનંત |
| સાત પ્રદેશી | ૬ | ૩૭ | ૩૭ | અનંત | ×/અનંત |
| આઠ પ્રદેશી | ૧૮ | ૪૨ | ૪૨ | અનંત | ×/અનંત |
| નવ પ્રદેશી | ૨૦ | ૪૭ | ૪૭ | અનંત | ×/અનંત |
| દશ પ્રદેશી | ૨૨ | ૫૨ | ૫૨ | અનંત | ×/અનંત |
| સંખ્યાત પ્રદેશી | સં.×૨+૨ | સં.×૫+૨ | સં.×૫+૨ | અનંત | ×/અનંત |
| અસંખ્યાત પ્રદેશી | અસં.×૨+૨ | અસં.×૫+૨ | અસં.×૫+૨ | અનંત | ×/અનંત |
| અનંત પ્રદેશી | અસં.×૨+૨ | અસં.×૫+૨ | અસં.×૫+૨ | અનંત | ×/અનંત |

**સૂચના :–** કોષ્ટકમાં પ્રયુક્ત × = કદાચિત્ ન સ્પર્શે. સં = સંખ્યાતા, અસં. = અસંખ્યાતા.

**અદ્ધાસમયની સ્પર્શના :–**

**૫૦ एगे भंते ! अद्धासमए केवइएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठे ? गोयमा ! सत्तहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અદ્ધા-કાલનો એક સમય ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાત પ્રદેશોને સ્પર્શે છે.

**૫૧ केवइएहिं भंते ! अहम्मत्थिकायपएसेहिं पुट्ठे ? गोयमा ! एवं चेव, एवं आगासत्थिकाएहिं वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઉપરોકત પ્રમાણે જાણવું જોઈએ. આ જ રીતે આકાશાસ્તિકાયના પ્રદેશોની સ્પર્શના જાણવી જોઈએ.

**૫૨ केवइएहिं भंते ! जीवत्थिकायपएसेहिं पुट्ठे ? गोयमा ! अणंतेहिं । एवं** *जाव* **अद्धासमएहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે જીવાસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પ્રદેશોને સ્પર્શે છે. આ જ રીતે ***યાવત્*** અનંત અદ્ધા સમયને સ્પર્શે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અદ્ધકાળ દ્રવ્યના પ્રદેશની ધર્માસ્તિકાય આદિના પ્રદેશ સાથે સ્પર્શના દર્શાવી છે અદ્ધાકાલ અઢીદ્વીપમાં જ હોય છે તેથી તે લોકાંતમાં નથી. તે કારણે લોકાંતમાં થનાર ધર્માસ્તિકાયાદિની જઘન્ય, મધ્યમ ત્રણ, ચાર આદિ પ્રદેશની સ્પર્શના થતી નથી પરંતુ લોક મધ્યમાં થનાર ઉત્કૃષ્ટ સાત પ્રદેશની સ્પર્શના થાય છે. તેમાં તે છ દિશાના છ અને સ્વ આશ્રિત આકાશપ્રદેશ પર રહેલ ધર્માસ્તિકાયનો એક પ્રદેશ, તેમ ૭ પ્રદેશને સ્પર્શે છે. અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના પણ સાત-સાત પ્રદેશને સ્પર્શે છે. આકાશના પ્રત્યેક પ્રદેશ ઉપર જીવોના અનંત પ્રદેશો હોય છે. પુદ્ગલ અને કાળ દ્રવ્યના અનંત પ્રદેશો હોય છે. તેથી તે અદ્ધા સમયનો પ્રદેશ અનંત જીવ પ્રદેશોને, અનંત પુદ્ગલ પ્રદેશોને અને અનંત અદ્ધા સમયના પ્રદેશને સ્પર્શે છે.

**અસ્તિકાયના પ્રદેશની પરસ્પર સ્પર્શના :–**

| અસ્તિકાય | ધર્મા. પ્રદેશ સ્પર્શના | | અધર્મા.પ્રદેશ સ્પર્શના | | આકાશ.પ્રદેશ સ્પર્શના ઉત્કૃષ્ટ | જીવ. પુદ્ગલ પ્રદેશ સ્પર્શના ઉત્કૃષ્ટ | કાલ પ્રદેશ સ્પર્શના |
|---|---|---|---|---|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ | | | |
| ધર્મા.નો એક પ્રદેશ | ૩ | ૬ | ૪ | ૭ | ૭ | અનંત | ×/અનંત |
| અધર્મા.નો એક પ્રદેશ | ૪ | ૭ | ૩ | ૬ | ૭ | અનંત | ×/અનંત |
| આકાશા.નો એક પ્રદેશ | ×/૧ | ૭ | ×/૧ | ૭ | ૬ | ×/અનંત | ×/અનંત |
| જીવા.નો એક પ્રદેશ | ૪ | ૭ | ૪ | ૭ | ૭ | અનંત | ×/અનંત |
| કાલનો એક પ્રદેશ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | અનંત | અનંત |

**ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની સ્પર્શના :–**

**૫૩ धम्मत्थिकाएणं भंते ! केवइएहिं धम्मत्थिकाय-पएसेहिं पुट्ठे ? गोयमा ! णत्थि एक्केण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધર્માસ્તિકાય દ્રવ્ય, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક પણ પ્રદેશને સ્પર્શતું નથી.

**૫૪ केवइएहिं भंते अधम्मत्थिकाय-पएसेहिं पुट्ठे ? गोयमा ! असंखेज्जेहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્યાત પ્રદેશોને સ્પર્શે છે.

**૫૫ केवइएहिं भंते ! आगासत्थिकाय-पएसेहिं पट्ठे ? गोयमा ! असंखेज्जेहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્ય પ્રદેશોને સ્પર્શે છે.

**૫૬ केवइएहिं भंते ! जीवत्थिकायपएसेहिं पट्ठे ? गोयमा ! अणंतेहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે જીવાસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પ્રદેશોને સ્પર્શે છે.

**૫૭ केवइएहिं भंते ! पोग्गलत्थिकाय-पएसेहिं पुट्ठे ? गोयमा ! अणंतेहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે પુદ્ગલાસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પ્રદેશોને સ્પર્શે છે.

**૫૮ केवइएहिं भंते ! अद्धासमएहिं पुट्ठे ? गोयमा ! सिय पुट्ठे, सिय णो पुट्ठे; जइ पुट्ठे णियमा अणंतेहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે કેટલા અદ્ધા-સમયોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ સ્પર્શે છે અને કદાચિત્ સ્પર્શતા નથી. જો સ્પર્શતા હોય તો અવશ્ય અનંત સમયોને સ્પર્શે છે.

**૫૧** **अहम्मत्थिकाएणं भंते ! केवइएहिं धम्मत्थिकाय-पएसेहिं पुट्ठे ? गोयमा ! असंखेज्जेहिं।**

**केवइएहिं भंते ! अहम्मत्थि कायपएसेहिं पुट्ठे ? गोयमा ! णत्थि एक्केण वि । सेसं जहा धम्मत्थिकायस्स । एवं एएणं गमएणं सव्वे वि सट्ठाणए णत्थि एक्केण वि पुट्ठा । परट्ठाणए आइल्लएहिं तिहिं असंखेज्जेहिं भाणियव्वं, पच्छिल्लएसु अणंता भाणियव्वा ।** *जाव—*

**अद्धासमये णं भंते ! केवइएहिं अद्धासमएहिं पुट्ठे ? गोयमा ! णत्थि एक्केण वि।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધર્માસ્તિકાય દ્રવ્ય, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્ય પ્રદેશોને સ્પર્શે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તે અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશોને સ્પર્શે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક પણ પ્રદેશને સ્પર્શતું નથી. શેષ સર્વ કથન ધર્માસ્તિકાયની સમાન જાણવું જોઈએ. આ જ રીતે સર્વ દ્રવ્ય સ્વ સ્થાનમાં એક પણ પ્રદેશને સ્પર્શતા નથી અને પરસ્થાનમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આ ત્રણેના અસંખ્ય પ્રદેશોને સ્પર્શે છે અને અંતિમ ત્રણ– જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને અદ્ધા-સમયના અનંત પ્રદેશોને સ્પર્શે છે. ***યાવત્*** —

**પ્રશ્ન–** હે ભગવન્ ! અદ્ધા સમય, કેટલા અદ્ધા સમયોને સ્પર્શે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એકે ય અદ્ધાસમયને સ્પર્શતો નથી.

**વિવેચન :–**

પૂર્વ સૂત્રોમાં છ દ્રવ્યોના પ્રદેશોની પરસ્પર સ્પર્શનાનું નિરૂપણ છે અને પ્રસ્તુત સૂત્રોમાં ધર્માસ્તિકાયાદિ સંપૂર્ણ દ્રવ્યની અન્ય દ્રવ્યોના પ્રદેશો સાથે સ્પર્શના વિષયક નિરૂપણ છે.

કોઈપણ દ્રવ્યના એક પ્રદેશની પૃચ્છા હોય ત્યારે તે દ્રવ્યના અન્ય સમસ્ત પ્રદેશો અવશેષ રહે છે. તેથી સ્વદ્રવ્યના પ્રદેશો સાથે તેની સ્પર્શના થાય છે. આ કારણે સૂત્રમાં એક દ્રવ્યના પ્રદેશની **છએ** દ્રવ્યના પ્રદેશો સાથે સ્પર્શનાનું કથન છે પરંતુ સંપૂર્ણ એક દ્રવ્યની પૃચ્છામાં તે દ્રવ્યનો કોઈ પણ ભાગ અવશેષ રહેતો નથી, તેથી સ્વદ્રવ્યના પ્રદેશો સાથે તેની સ્પર્શના થતી નથી. શેષ પાંચ દ્રવ્યોના પ્રદેશો સાથે સ્પર્શના થાય છે. આ કારણે પ્રસ્તુત સૂત્રોમાં છએ દ્રવ્યોની પોતાથી ભિન્ન પાંચ-પાંચ દ્રવ્યોના પ્રદેશો સાથે સ્પર્શના કહી છે અને સ્વદ્રવ્યના પ્રદેશ સાથે સ્પર્શનાનો નિષેધ કર્યો છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને લોકાકાશના અસંખ્ય પ્રદેશો છે અને જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને કાલ દ્રવ્યના અનંત પ્રદેશો છે. તેથી છએ દ્રવ્યો સાથે ધર્માસ્તિકાય આદિ ત્રણ દ્રવ્યોના અસંખ્ય પ્રદેશોની સ્પર્શના થાય છે અને જીવ આદિ ત્રણ દ્રવ્યોના અનંત પ્રદેશોની સ્પર્શના થાય છે. વિશેષ માટે આગળનો કોષ્ટક જુઓ.

આકાશાસ્તિકાય લોકાલોકમાં વ્યાપ્ત છે. અલોકમાં અન્ય એક પણ દ્રવ્ય નથી માટે અલોકગત આકાશાસ્તિકાય પાંચ દ્રવ્યોના કોઈ પણ પ્રદેશને સ્પર્શે નહીં અને લોકગત આકાશાસ્તિકાય પાંચે દ્રવ્યના પ્રદેશોને સ્પર્શે છે તેથી તેની સાથે પાંચે દ્રવ્યની સ્પર્શના ભજનાથી થાય છે.

કાલદ્રવ્ય અઢીદ્વીપમાં જ છે તેથી પાંચે દ્રવ્ય સાથે તેની સ્પર્શના ભજનાથી હોય છે.

અહીં છ દ્રવ્યોની છ દ્રવ્યો સાથે પૃચ્છાના ૩૬ સૂત્ર થાય છે. તેને સંક્ષિપ્ત કરતાં પ્રસ્તુતમાં સાત સૂત્ર (ધર્માસ્તિકાયના ૬ અને એક સર્વનું સંક્ષિપ્ત સૂત્ર, એમ સાત સૂત્ર) કહ્યા છે.

**અસ્તિકાય દ્રવ્યની અસ્તિકાયના પ્રદેશો સાથે સ્પર્શના :–**

| દ્રવ્ય | ધર્મા.પ્રદેશ | અધર્મા.પ્રદેશ | આકાશા.પ્રદેશ | જીવા. પ્ર. | પુદ્‌ગલ. પ્ર. | કાલ પ્ર. |
|---|---|---|---|---|---|---|
| ધર્માસ્તિકાય | –– | અસંખ્ય | અસંખ્ય | અનંત | અનંત | ×/અનંત |
| અધર્માસ્તિકાય | અસંખ્ય | –– | અસંખ્ય | અનંત | અનંત | ×/અનંત |
| આકાશાસ્તિકાય | ×/અસંખ્ય | ×/અસંખ્ય | –– | ×/અનંત | ×/અનંત | ×/અનંત |
| જીવાસ્તિકાય | અસંખ્ય | અસંખ્ય | અસંખ્ય | –– | અનંત | ×/અનંત |
| પુદ્‌ગલાસ્તિકાય | અસંખ્ય | અસંખ્ય | અસંખ્ય | અનંત | –– | ×/અનંત |
| કાલ દ્રવ્ય | અસંખ્ય | અસંખ્ય | અસંખ્ય | અનંત | અનંત | –– |

**સૂચન :–** (––) = સ્પર્શના નથી. × = કદાચિત્ ન સ્પર્શે.

**(૯) ધર્માસ્તિકાય આદિના પ્રદેશોની પરસ્પર અવગાઢતા :–**

**६० जत्थ णं भंते ! एगे धम्मत्थिकायपएसे ओगाढे, तत्थ केवइया धम्मत्थिकाय-पएसा ओगाढा ? गोयमा ! णत्थि एक्को वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ(રહેલો હોય) હોય ત્યાં ધર્માસ્તિકાયના અન્ય કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક પણ પ્રદેશ અવગાઢ નથી.

**६१ केवइया भंते ! अहम्मत्थिकाय-पएसा ओगाढा ? गोयमा ! एक्को ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ત્યાં અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક પ્રદેશ અવગાઢ હોય છે.

**६२ केवइया भंते ! आगासत्थिकाय-पएसा ओगाढा ? गोयमा ! एक्को ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ! એક પ્રદેશ અવગાઢ હોય છે.

**६३ केवइया भंते ! जीवत्थिकाय-पएसा ओगाढा ? गोयमा ! अणंता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પ્રદેશ અવગાઢ હોય છે.

**६४ केवइया भंते ! पोग्गलत्थिकाय-पएसा ओगाढा ? गोयमा ! अणंता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ! અનંત પ્રદેશ અવગાઢ હોય છે.

**६५ केवइया भंते ! अद्धासमया ओगाढा ? गोयमा ! सिय ओगाढा सिय णो ओगाढा, जइ ओगाढा अणंता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેટલા અદ્ધા સમય અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અદ્ધા સમય કદાચિત્ અવગાઢ હોય છે, કદાચિત્ અવગાઢ હોતા નથી. જો અવગાઢ હોય, તો અનંત અદ્ધા સમય અવગાઢ હોય છે.

**૬૬ जत्थ णं भंते ! एगे अहम्मत्थिकायपएसे ओगाढे तत्थ केवइया धम्मत्थिकाय पएसा ओगाढा ? गोयमा ! एक्को ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યાં અધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં એક પ્રદેશ અવગાઢ હોય છે.

**૬૭ केवइया भंते ! अहम्मत्थिकाय-पएसा ओगाढा ? गोयमा ! णत्थि एक्को वि । सेसं जहा धम्मत्थिकायस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ! એક પણ પ્રદેશ અવગાઢ નથી. શેષ કથન ધર્માસ્તિકાયની સમાન જાણવું જોઈએ.

**૬૮ जत्थ णं भंते ! एगे आगासत्थिकायपएसे ओगाढे तत्थ केवइया धम्मत्थिकाय-पएसा ओगाढा ? गोयमा ! सिय ओगाढा सिय णो ओगाढा; जइ ओगाढा एक्को । एवं अहम्मत्थिकाय पएसा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યાં આકાશાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં ધર્માસ્તિકાયના પ્રદેશ કદાચિત્ અવગાઢ હોય છે, કદાચિત્ અવગાઢ નથી, જો અવગાઢ હોય, તો એક પ્રદેશ અવગાઢ હોય છે, આ રીતે અધર્માસ્તિકાયના વિષયમાં પણ જાણવું જોઈએ.

**૬૯ केवइया भंते आगासत्थिकाय पएसा ओगाढा ? गोयमा ! णत्थि एक्को वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યાં આકાશાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય, ત્યાં આકાશાસ્તિ-કાયના બીજા કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક પણ પ્રદેશ અવગાઢ નથી.

**૭૦ केवइया भंते जीवत्थिकाय-पएसा ओगाढा ? गोयमा ! सिय ओगाढा सिय णो ओगाढा, जइ ओगाढा अणंता । एवं *जाव* अद्धासमया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આકાશાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય, ત્યાં જીવાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ અવગાઢ હોય છે, કદાચિત્ હોતા નથી. જો અવગાઢ હોય, તો અનંત પ્રદેશ અવગાઢ હોય છે. આ રીતે આકાશાસ્તિકાય સાથે અદ્ધા-સમય પર્યંતની અવગાઢતાનું કથન કરવું જોઈએ.

**૭૧ जत्थ णं भंते ! एगे जीवत्थिकायपएसे ओगाढे तत्थ केवइया धम्मत्थि कायपएसा**

**ओगाढा ? गोयमा ! एक्को, एवं अहम्मत्थिकायपएसा वि । एवं आगासत्थिकाय-पएसा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યાં જીવાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક પ્રદેશ અવગાઢ હોય છે. આ રીતે અધર્માસ્તિકાયના પ્રદેશો અને આકાશાસ્તિકાયના પ્રદેશોના વિષયમાં જાણવું જોઈએ.

**૭૨ केवइया भंते ! जीवत्थिकायपएसा ओगाढा ? गोयमा ! अणंता । सेसं जहा धम्मत्थिकायस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ત્યાં જીવાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ! અનંત પ્રદેશ અવગાઢ હોય છે. શેષ સર્વ કથન ધર્માસ્તિકાયની સમાન જાણવું જોઈએ.

**૭૩ जत्थ णं भंते ! एगे पोग्गलत्थिकायपएसे ओगाढे तत्थ केवइया धम्मत्थिकाय-पएसा ओगाढा ? गोयमा ! एवं जहा जीवत्थिकायपएसे तहेव णिरवसेसं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યાં પુદ્ગલાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે જીવાસ્તિકાયના પ્રદેશોના વિષયમાં કથન કર્યું, તે જ રીતે અહીં પણ સર્વ કથન કરવું જોઈએ.

**૭૪ जत्थ णं भंते ! दो पोग्गलत्थिकायपएसा ओगाढा तत्थ केवइया धम्मत्थिकाय-पएसा ओगाढा ? गोयमा ! सिय एक्को सिय दोण्णि, एवं अहम्मत्थिकायस्स वि, एवं आगासत्थिकायस वि, सेसं जहा धम्मत्थिकायस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન ! જ્યાં પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશ અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ એક, કદાચિત્ બે પ્રદેશ અવગાઢ હોય છે. આ જ રીતે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના વિષયમાં જાણવું જોઈએ તથા શેષ વર્ણન ધર્માસ્તિકાયની સમાન જાણવું જોઈએ.

**૭૫ जत्थ णं भंते ! तिण्णि पोग्गलत्थिकायपएसा तत्थ केवइया धम्मत्थिकाय-पएसा ओगाढा ?**

**गोयमा ! सिय एक्को, सिय दोण्णि, सिय तिण्णि । एवं अहम्मत्थिकायस्स वि । एवं आगासत्थिकायस्स वि । सेसं जहेव दोण्हं । एवं एक्केक्को वड्ढियव्वो पएसो आइल्लएहिं तिहिं अत्थिकाएहिं । सेसेहिं जहेव दोण्हं** *जाव* **दसण्हं सिय एक्को, सिय दोण्णि, सिय तिण्णि** *जाव* **सिय दस । संखेज्जाणं सिय एक्को, सिय दोण्णि** *जाव* **सिय दस, सिय संखेज्जा । असंखेज्जाणं सिय एक्को** *जाव* **सिय संखेज्जा, सिय असंखेज्जा। जहा असंखेज्जा एवं अणंता वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યાં પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશ અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયના

કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! કદાચિત્ એક, બે, ત્રણ પ્રદેશ અવગાઢ હોય છે. આ રીતે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના વિષયમાં પણ કથન કરવું જોઈએ. શેષ જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમયના વિષયમાં બે પુદ્ગલ પ્રદેશોના કથનની જેમ કહેવું જોઈએ. ચારથી દસ પ્રદેશી સુધી પ્રથમના ત્રણ અસ્તિકાયના વિષયમાં એક એક પ્રદેશ વધારવો જોઈએ. શેષ ત્રણ અસ્તિકાય દ્રવ્ય(જીવ, પુદ્ગલ અને કાલ)ના વિષયમાં બે પુદ્ગલ પ્રદેશોના વર્ણનઅનુસાર કથન કરવું જોઈએ ***યાવત્*** દશ પ્રદેશી સુધી કરવું જોઈએ. અર્થાત્ જ્યાં પુદ્ગલાસ્તિકાયના દશ પ્રદેશ અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાય આદિ ત્રણ દ્રવ્યના કદાચિત્ એક, બે, ત્રણ ***યાવત્*** દશ પ્રદેશ અવગાઢ હોય છે. જ્યાં પુદ્ગલાસ્તિકાયના સંખ્યાત પ્રદેશ અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાય આદિ ત્રણ દ્રવ્યના કદાચિત્ એક, બે, ત્રણ ***યાવત્*** દશ પ્રદેશ, ઉત્કૃષ્ટ સંખ્યાત પ્રદેશ અવગાઢ હોય છે. જ્યાં પુદ્ગલાસ્તિકાયના અસંખ્ય પ્રદેશ અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાય આદિ ત્રણ દ્રવ્યના કદાચિત્ એક બે,ત્રણ પ્રદેશ ***યાવત્*** સંખ્યાત પ્રદેશ અને ઉત્કૃષ્ટ અસંખ્યાત પ્રદેશ અવગાઢ હોય છે.

જે રીતે પુદ્ગલાસ્તિકાયના અસંખ્ય પ્રદેશોના વિષયમાં કથન કર્યું, તે જ રીતે અનંત પ્રદેશોના વિષયમાં પણ કહેવું જોઈએ. અર્થાત્ જ્યાં પુદ્ગલાસ્તિકાયના અનંત પ્રદેશ અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાય આદિ ત્રણ દ્રવ્યના કદાચિત્ એક,બે,ત્રણ પ્રદેશ ***યાવત્*** સંખ્યાત પ્રદેશ અને ઉત્કૃષ્ટ અસંખ્યાત પ્રદેશ અવગાઢ હોય છે.

**૭૬ जत्थ णं भंते ! एगे अद्धासमए ओगाढे तत्थ केवइया धम्मत्थिकायपएसा ओगाढा ? गोयमा ! एक्को । केवइया अहम्मत्थि कायपएसा ? एक्को । केवइया भंते आगासत्थि कायपएसा ? एक्को । केवइया जीवत्थि कायपएसा ? अणंता । एवं *जाव* अद्धासमया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જ્યાં એક અદ્ધા-સમય અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! એક પ્રદેશ અવગાઢ હોય છે. **પ્રશ્ન**– અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર**– એક પ્રદેશ અવગાઢ હોય છે. **પ્રશ્ન**– આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર**– એક પ્રદેશ અવગાઢ હોય છે. **પ્રશ્ન**– જીવાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર**– અનંત પ્રદેશ અવગાઢ હોય છે, આ રીતે ***યાવત્*** અદ્ધા સમય સુધી કથન કરવું જોઈએ.

**૭૭ जत्थ णं भंते ! धम्मत्थिकाए ओगाढे तत्थ केवइया धम्मत्थिकाय-पएसा ओगाढा? गोयमा ! णत्थि एक्को वि । केवइया अहम्मत्थिकाय-पएसा ओगाढा ? असंखेज्जा। केवइया आगासत्थिकायपएसा ओगाढा ? असंखेजा । केवइया जीवत्थिकायपएसा ओगाढा ? अणंता । एवं *जाव* अद्धासमया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જ્યાં ધર્માસ્તિકાય દ્રવ્ય અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! ત્યાં ધર્માસ્તિકાયનો એક પણ પ્રદેશ અવગાઢ હોતો નથી. **પ્રશ્ન**– ત્યાં અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર**– અસંખ્ય પ્રદેશ અવગાઢ હોય છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! ત્યાં આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર**– હે ગૌતમ ! અસંખ્ય

પ્રદેશ અવગાઢ હોય છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! ત્યાં જીવાસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત હોય છે. આ રીતે અદ્ધા-સમય સુધી કથન કરવું જોઈએ.

**૭૮ जत्थ णं भंते ! अहम्मत्थिकाए ओगाढे तत्थ केवइया धम्मत्थिकाय-पएसा ओगाढा ? गोयमा ! असंखेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યાં અધર્માસ્તિકાય દ્રવ્ય અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્ય પ્રદેશ અવગાઢ હોય છે.

**૭૯ केवइया भंते ! अहम्मत्थिकायपएसा ओगाढा ?**

**गोयमा ! णत्थि एक्को वि । सेसं जहा धम्मत्थिकायस्स । एवं सव्वे, सट्ठाणे णत्थि एक्को वि भाणियव्वं, परट्ठाणे आइल्लगा तिण्णि असंखेज्जा भाणियव्वा, पच्छिल्लगा तिण्णि अणंता भाणियव्वा** *जाव* **जत्थ अद्धासमए ओगाढे तत्थ केवइया अद्धासमया ओगाढा ? णत्थि एक्को वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ત્યાં અધર્માસ્તિકાયના કેટલા પ્રદેશ અવગાઢ હોય છે ?

**ઉત્તર–** એક પણ નહીં. શેષ સર્વકથન ધર્માસ્તિકાયની સમાન જાણવું જોઈએ. આ રીતે ધર્માસ્તિ-કાયાદિ દ્રવ્યોના 'સ્વ-સ્થાન'માં એક પણ પ્રદેશની અવગાઢતા નથી અને પરસ્થાનમાં પ્રથમના ત્રણ દ્રવ્યોના (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયના) અસંખ્ય પ્રદેશ કહેવા જોઈએ અને શેષ ત્રણ દ્રવ્યો(જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધા-સમય)ના અનંત પ્રદેશ કહેવા જોઈએ ***યાવત્* પ્રશ્ન–** જ્યાં અદ્ધા-સમય અવગાઢ છે ત્યાં કેટલા અદ્ધા-સમય અવગાઢ હોય છે ? **ઉત્તર–** એક પણ સમય અવગાઢ હોતા નથી; ત્યાં સુધી કથન કરવું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં નવમા અવગાહના દ્વારથી છ દ્રવ્યોના પ્રદેશોની પરસ્પર અવગાઢતાનું અને છએ દ્રવ્યોની સ્વસ્થાન અને પરસ્થાનના પ્રદેશો સાથેની અવગાઢતાનું કથન છે.

**સ્પર્શના અવગાઢતા :–** પૂર્વ સૂત્રોમાં આઠમા દ્વાર રૂપે ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોની પરસ્પર સ્પર્શના કહી છે અને પ્રસ્તુત નવમા દ્વારમાં તે દ્રવ્ય પ્રદેશોની અવગાઢતા કહી છે. (૧) સ્પર્શના છએ દિશામાં અને સ્વસ્થાનમાં હોય શકે છે પરંતુ અવગાઢતા માત્ર સ્વસ્થામાં જ હોય છે. તેથી તે બનેનું કથન જુદા-જુદા દ્વારથી કર્યું છે.

**ધર્માસ્તિકાય આદિના પ્રદેશની અવગાઢતા :–** ધર્માસ્તિકાયના એક પ્રદેશ પર ધર્માસ્તિકાયનો અન્ય પ્રદેશ અવગાઢ થઈ શકતો નથી. અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયનો એક-એક પ્રદેશ અવગાઢ હોય છે. જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાયના અનંત પ્રદેશ અવગાઢ હોય છે. અદ્ધાસમય મનુષ્ય ક્ષેત્રમાં જ હોય છે. તેથી ધર્માસ્તિકાયના પ્રદેશ પર અદ્ધા-સમય કદાચિત્ અવગાઢ હોય, કદાચિત્ ન હોય, જ્યાં હોય ત્યાં અનંત પ્રદેશ અવગાઢ હોય. અધર્માસ્તિકાયનું કથન ધર્માસ્તિકાયની સમાન જાણવું જોઈએ.

આકાશાસ્તિકાયના એક પ્રદેશ પર ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોના પ્રદેશ કદાચિત્ અવગાઢ હોય,

કદાચિત્(અલોકની અપેક્ષાએ) ન હોય. લોકાકાશના એક પ્રદેશ પર ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય, આ બે દ્રવ્યોના એક-એક પ્રદેશ અવગાઢ હોય છે અને એક આકાશ પ્રદેશ ઉપર આકાશાસ્તિકાયનો અન્ય પ્રદેશ અવગાઢ થઈ શકતો નથી. અંતિમ ત્રણ દ્રવ્યોના અનંત પ્રદેશો અવગાઢ હોય છે. કાલ દ્રવ્ય માત્ર અઢીદ્વીપમાં જ હોય છે.

**પુદ્‍ગલાસ્તિકાયના પ્રદેશોની અવગાઢતા :–** પુદ્‍ગલાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય ત્યાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયનો એક પ્રદેશ અને પુદ્‍ગલાસ્તિકાય, જીવાસ્તિકાયના અનંત પ્રદેશ, અદ્ધા-સમય અઢીદ્વીપની અપેક્ષાએ અવગાઢ હોય તો તેના અનંત પ્રદેશ અવગાઢ હોય છે.

જ્યારે પુદ્‍ગલાસ્તિકાયનો દ્વિપ્રદેશી સ્કંધ આકાશાસ્તિકાયના એક પ્રદેશ પર અવગાઢ હોય ત્યારે ત્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય છે અને જ્યારે તે આકાશાસ્તિકાયના બે પ્રદેશ પર અવગાઢ હોય ત્યારે ત્યાં ધર્માસ્તિકાયના બે પ્રદેશ અવગાઢ હોય છે. અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના પણ એક અથવા બે પ્રદેશો અવગાઢ હોય છે. શેષ ત્રણ દ્રવ્યની અવગાઢતા અનંત પ્રદેશની હોય છે.

જ્યારે પુદ્‍ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશ, આકાશાસ્તિકાયના એક પ્રદેશ પર અવગાહિત હોય ત્યારે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય છે. જ્યારે તે આકાશાસ્તિકાયના બે પ્રદેશ અવગાઢ હોય ત્યારે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયના બે પ્રદેશ અવગાઢ હોય છે અને જ્યારે તે ત્રણ પ્રદેશ પર અવગાહિત હોય, ત્યારે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયના ત્રણ પ્રદેશ અવગાઢ હોય. શેષ ત્રણ દ્રવ્યની અવગાઢતા અનંતપ્રદેશની હોય છે.

પુદ્‍ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશોની જેમ પ્રદેશની વૃદ્ધિ કરીને પુદ્‍ગલાસ્તિકાયના ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દશ, સંખ્યાત અને અસંખ્યાત પ્રદેશની અવગાહનાનું કથન કરવું જોઈએ. તેમાં ક્રમશઃ એક-એક પ્રદેશની વૃદ્ધિ કરવી જોઈએ.

જ્યાં પુદ્‍ગલાસ્તિકાયના અનંત પ્રદેશ અવગાઢ હોય છે, ત્યાં ધર્માસ્તિકાયના કદાચિત્ એક, બે, ***યાવત્*** અસંખ્ય પ્રદેશ અવગાઢ હોય છે; અનંત નહીં. કારણ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને લોકાકાશના અસંખ્યાત પ્રદેશ જ છે.

**અસ્તિકાયના પ્રદેશોની પરસ્પર અવગાઢતા :–**

| અસ્તિકાય પ્રદેશ | ધર્મા. પ્રદેશ | અધર્મા. પ્રદેશ | આકાશા. પ્રદેશ | જીવા-પુદ્‍ગલાસ્તિ. પ્રદેશ | કાલ |
|---|---|---|---|---|---|
| ધર્માસ્તિકાયનો એક પ્રદેશ | – | ૧ | ૧ | અનંત | ×/અનંત |
| અધર્માસ્તિકાયનો એક પ્રદેશ | ૧ | – | ૧ | અનંત | ×/અનંત |
| આકાશાસ્તિકાયનો એક પ્રદેશ | ×/૧ | ×/૧ | – | ×/અનંત | ×/અનંત |
| જીવાસ્તિકાયનો એક પ્રદેશ | ૧ | ૧ | ૧ | અનંત | ×/અનંત |
| પુદ્‍ગલાસ્તિકાયનો એક પ્રદેશ | ૧ | ૧ | ૧ | અનંત | ×/અનંત |
| કાલ દ્રવ્યનો એક પ્રદેશ | ૧ | ૧ | ૧ | અનંત | અનંત |

**ધર્માસ્તિકાય દ્રવ્ય પર અન્ય દ્રવ્યોના પ્રદેશોની અવગાઢતા :–** જ્યાં સમસ્ત ધર્માસ્તિકાય દ્રવ્ય અવગાઢ હોય, ત્યાં તેનો અન્ય એક પણ પ્રદેશ અવગાઢ નથી, કારણ કે દ્રવ્યથી તેના પ્રદેશ ભિન્ન નથી.

અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના અસંખ્ય પ્રદેશ અને શેષ ત્રણ દ્રવ્યોના અનંત પ્રદેશ અવગાઢ હોય છે. આ રીતે અન્ય દ્રવ્યની અવગાઢતા થાય છે.

**અસ્તિકાય દ્રવ્યની પ્રદેશો સાથે અવગાઢતાઃ–**

| અસ્તિકાય દ્રવ્ય | ધર્મા. પ્રદેશ | અધર્મા. પ્રદેશ | આકાશા. પ્રદેશ | જીવા. પ્રદેશ | પુદ્ગલ. પ્રદેશ | કાલ પ્રદેશ |
|---|---|---|---|---|---|---|
| ધર્માસ્તિકાય | × | અસંખ્ય | અસંખ્ય | અનંત | અનંત | ×/અનંત |
| અધર્માસ્તિકાય | અસંખ્ય | × | અસંખ્ય | અનંત | અનંત | ×/અનંત |
| આકાશાસ્તિકાય | અસંખ્ય | અસંખ્ય | × | અનંત | અનંત | ×/અનંત |
| જીવાસ્તિકાય | અસંખ્ય | અસંખ્ય | અસંખ્ય | × | અનંત | ×/અનંત |
| પુદ્ગલાસ્તિકાય | અસંખ્ય | અસંખ્ય | અસંખ્ય | અનંત | × | ×/અનંત |
| કાલ | અસંખ્ય | અસંખ્ય | અસંખ્ય | અનંત | અનંત | × |

**(૧૦) પાંચ એકેન્દ્રિયોની પરસ્પર અવગાઢતા :-**

**૮૦ जत्थ णं भंते ! एगे पुढविक्काइए ओगाढे तत्थ णं केवइया पुढविक्काइया ओगाढा ? गोयमा ! असंखेज्जा । केवइया आउक्काइया ओगाढा ? असंखेज्जा । केवइया तेउकाइया ओगाढा ? असंखेज्जा । केवइया वाउकाइया ओगाढा ? असंखेज्जा। केवइया वणस्सइकाइया ओगाढा ? अणंता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યાં એક પૃથ્વીકાયિક જીવ અવગાઢ હોય છે, ત્યાં બીજા કેટલા પૃથ્વીકાયિક જીવો અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્ય પૃથ્વીકાયિક જીવો અવગાઢ હોય છે. **પ્રશ્ન–** ત્યાં કેટલા અપ્કાયિક જીવો અવગાઢ હોય છે ? **ઉત્તર–** અસંખ્ય અપ્કાયિક જીવો અવગાઢ હોય છે. **પ્રશ્ન–** ત્યાં કેટલા તેજસ્કાયિક જીવો અવગાઢ હોય છે ? **ઉત્તર–** અસંખ્ય તેજસ્કાયિક જીવો અવગાઢ હોય છે. **પ્રશ્ન–** ત્યાં કેટલા વાયુકાયિક જીવો અવગાઢ હોય છે ? **ઉત્તર–** અસંખ્ય વાયુકાયિક જીવો હોય છે. **પ્રશ્ન–** ત્યાં કેટલા વનસ્પતિકાયિક જીવો અવગાઢ હોય છે ? **ઉત્તર–** અનંત વનસ્પતિકાયિક જીવો અવગાઢ હોય છે.

**૮૧ जत्थ णं भंते ! एगे आउक्काइए ओगाढे तत्थ णं केवइया पुढविकाइया ओगाढा ? गोयमा ! असंखेज्जा ।**

**केवइया आउकाइया ओगाढा ? असंखेज्जा । एवं जहेव पुढविक्काइयाणं वत्तव्वया तहेव सव्वेसिं णिरवसेसं भाणियव्वं *जाव* जत्थ णं भंते ! वणस्सइकाइए ओगाढे तत्थणं केवइया वणस्सइकाइया ओगाढा ? अणंता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યાં એક અપ્કાયિક જીવ અવગાઢ હોય છે, ત્યાં કેટલા પૃથ્વીકાયિક જીવો અવગાઢ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્ય પૃથ્વીકાયિક જીવો અવગાઢ હોય છે.

**પ્રશ્ન–** ત્યાં અન્ય કેટલા અપ્કાયિક જીવો અવગાઢ હોય છે ? **ઉત્તર–** અસંખ્ય હોય છે. જે રીતે

પૃથ્વીકાયિક જીવોની વક્તવ્યતા કહી, તે જ રીતે સર્વની સર્વ જીવો સાથે વક્તવ્યતા કહેવી જોઈએ ***યાવત્*** જ્યાં એક વનસ્પતિકાયિક જીવ અવગાઢ હોય છે ત્યાં કેટલા અન્ય વનસ્પતિકાયિક જીવ અવગાઢ હોય છે? અનંત.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં એકેન્દ્રિય જીવોની પરસ્પર અવગાઢતાનું કથન કર્યું છે. લોકના દરેક આકાશ પ્રદેશ ઉપર પૃથ્વી આદિ ચારે સૂક્ષ્મ એકેન્દ્રિયના અસંખ્ય-અસંખ્ય જીવો નિયમા હોય છે અને વનસ્પતિના અનંત જીવો હોય છે.

**(૧૧) ધર્માસ્તિકાય આદિ ઉપર પ્રવૃત્તિઓનો નિષેધ :–**

**૮૨ एयंसि णं भंते ! धम्मत्थिकायंसि अधम्मत्थिकायंसि आगासत्थिकायंसि चक्किया केई आसइत्तए वा चिट्ठित्तए वा णिसीयत्तए वा तुयट्टित्तए वा ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे, अणंता पुण तत्थ जीवा ओगाढा ।**

**શબ્દાર્થ :– चक्किया** = સમર્થ થઈ શકે છે **आसइत्तए** = આશ્રય લેવામાં **सइत्तए** = સૂવામાં **चिट्ठित्तए** = ઊભા રહેવામાં **णिसीइत्तए** = બેસવામાં **तुयट्टित्तए** = પડખું ફરવામાં.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય પર કોઈ પુરુષ સ્થિર થવામાં, ઊભા રહેવામાં, બેસવામાં અને સૂવામાં સમર્થ છે ?

**ઉત્તર–** ના, ગૌતમ ! તેમ શક્ય નથી. પરંતુ તે સ્થાને અનંત જીવો અવગાઢ હોય છે.

**૮૩ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ *जाव* ओगाढा ?**

**गोयमा ! से जहाणामए– कूडागारसाला सिया, दुहओ लित्ता, गुत्ता, गुत्तदुवारा, जहा रायप्पसेणइज्जे *जाव* दुवारवयणाइं पिहेइ, दुवारवयणाइं पिहेत्ता तीसे कूडागारसालाए बहुमज्जदेसभाए जहण्णेणं एक्को वा दो वा तिण्णि उक्कोसेणं पईवसहस्सं पलीवेज्जा, से णूणं गोयमा ! ताओ पईवलेस्साओ अण्णमण्णसंबद्धाओ अण्णमण्णपुट्ठाओ अण्णमण्ण संबद्ध पुट्ठाओ अण्णमण्णघडत्ताए चिट्ठंति ? हंता चिट्ठंति । चक्किया णं गोयमा ! केई तासु पईवलेस्सासु आसइत्तए वा *जाव* तुयट्टित्तए वा ? भगवं ! णो इणट्ठे समट्ठे । अणंता पुण तत्थ जीवा ओगाढा, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ *जाव* ओगाढा ।**

**શબ્દાર્થ :– पलीवेज्जा** = દીપ સળગાવે **अण्णमण्णघडत्ताए** = એક રૂપ થઈને **पईव-लेस्सासु** = દીપકોની પ્રભાઓ પર.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ***યાવત્*** તે સ્થાન અવગાઢ હોય ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે કોઈ કૂટાકાર-શાળા હોય, તે અંદર અને બહાર લીંપેલી હોય, ચારે તરફ ઢાંકેલી હોય, તેના દ્વાર પણ બંધ હોય, ઇત્યાદિ વર્ણન રાજપ્રશ્નીયસૂત્ર અનુસાર જાણવું જોઈએ. તે

કૂટાગાર શાળાના દ્વારના કપાટોને બંધ કરીને તેના મધ્યભાગમાં જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ એક હજાર દીપકો પ્રગટાવવામાં આવે તો હે ગૌતમ ! શું તે દીપકોનો પ્રકાશ પરસ્પર મળીને, પરસ્પર સ્પર્શ કરીને એક બીજા સાથે એકમેક થઈ જાય છે ? હા, ભગવન્ ! એક રૂપ થઈ જાય છે. હે ગૌતમ ! તે દીપકના પ્રકાશ પર શું કોઈ પુરુષ સ્થિર થઈ શકે છે, ઊભા રહી શકે છે, બેસી શકે છે કે સૂઈ શકે છે ? ના, ભગવન્ ! તેમ શક્ય નથી. ત્યાં અનંત જીવો અવગાઢ હોય છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે ***યાવત્*** તે સ્થાને અનંત જીવો અવગાઢ છે.

**વિવેચન :–**

સંપૂર્ણ લોકવ્યાપી એવા ત્રણ દ્રવ્યો પર પુરુષ દ્વારા બેસવા આદિ પ્રવૃત્તિની અહીં વિચારણા છે. કાલ દ્રવ્ય લોકના એક દેશમાં છે અને જીવ તથા પુદ્ગલમાં પણ પ્રત્યેક જીવ અને પ્રત્યેક પુદ્ગલ સ્વતંત્રરૂપે લોકના એક દેશમાં હોય છે. આ કારણે પ્રસ્તુતમાં ત્રણ અસ્તિકાય ઉપર પુરુષ દ્વારા બેસવા આદિ ક્રિયાઓની પૃચ્છા કરી છે. છતાંય શેષ ત્રણ દ્રવ્યો માટે આ પ્રમાણે સમજી શકાય કે– કાલ દ્રવ્ય પર કોઈ પુરુષ દ્વારા બેસવા આદિની ક્રિયા શક્ય નથી. સશરીરી જીવો ઉપર અને પુદ્ગલ દ્રવ્ય ઉપર પુરુષ દ્વારા બેસવા-સૂવા આદિની ક્રિયા થઈ શકે છે.

**अणंता पुण ओगाढा :–** દીપક આદિનો પ્રકાશ પુદ્ગલ દ્રવ્યની પર્યાય છે તેના પર કોઈ પુરુષ બેસવા આદિની ક્રિયા કરી શકે નહીં છતાંય ત્યાં સૂક્ષ્મ વનસ્પતિની અપેક્ષાએ અનંત જીવો વ્યાપ્ત હોય છે. કારણ કે લોકના પ્રત્યેક આકાશ પ્રદેશ પર અનંત જીવો અવગાઢ થઈને રહેલા હોય છે.

**(૧૨) લોકનો સમ અને સંક્ષિપ્ત ભાગ :–**

**૮૪ कहि णं भंते ! लोए बहुसमे ? कहि णं भंते ! लोए सव्वविग्गहिए पण्णत्ते?**

**गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए उवरिमहेट्ठिल्लेसु खुड्डगपयरेसु एत्थ णं लोए बहुसमे, एत्थ णं लोए सव्वविग्गहिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોકનો બહુસમ ભાગ(અત્યંત સમ-પ્રદેશોની હાનિ-વૃદ્ધિ રહિત ભાગ) ક્યાં છે ? અને લોકનો સર્વ સંક્ષિપ્ત ભાગ ક્યાં છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ઉપર અને નીચેના બે સર્વ લઘુપ્રતર છે ત્યાં લોકનો બહુસમ ભાગ છે અર્થાત્ તે બંને પ્રતર સમાન વિસ્તારવાળા છે અને ત્યાં જ લોકનો સંક્ષિપ્ત ભાગ અર્થાત્ સર્વ જઘન્ય વિસ્તારવાળો ભાગ પણ તે જ છે.

**૮૫ कहि णं भंते ! विग्गहविग्गहिए लोए पण्णत्ते ? गोयमा ! विग्गहकंडए, एत्थ णं**

નિષ્કૂટ આકાર સહ વૃત્તાકારે રહેલા આકાશ પ્રતરો સહ વૃત્તાકાર લોકદર્શન



**विग्गहविग्गहिए लोए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોકનો વિગ્રહ-વિગ્રહિક(લોકરૂપ શરીરનો વક્રતાયુક્ત ભાગ) કયાં છે? **ઉત્તર–** હે ગૌતમ ! જ્યાં વિગ્રહ કંડક(વક્રતાયુક્ત ભાગ) છે, ત્યાં લોકનો વિગ્રહ-વિગ્રહિક ભાગ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત બે સૂત્રમાં લોકનો સંક્ષિપ્ત ભાગ અને વિગ્રહ-વિગ્રહિક ભાગનું પ્રતિપાદન કર્યું છે.

**બહુસમભાગ :–** ચૌદ રજ્જૂ પરિમાણ આ લોક વિસ્તારમાં સર્વત્ર સમ નથી પરંતુ ક્યાંક પહોળો, ક્યાંક સાંકડો છે. પ્રદેશોની હાનિ વૃદ્ધિના કારણે તે વિષમ ભાગરૂપે છે. પરંતુ બે ક્ષુલ્લક પ્રતર એક સમાન છે. તે પ્રતર પ્રદેશોની હાનિ-વૃદ્ધિથી રહિત **બહુ સમભાગ** છે. તે બન્ને ક્ષુલ્લક પ્રતર રત્નપ્રભા પૃથ્વીના ઉપરી ભાગમાં છે. તે સમ અને સર્વથી ના છે. ઉપરના ક્ષુલ્લક પ્રતરથી ઉપરની તરફ અને નીચેના ક્ષુલ્લક પ્રતરથી નીચેની તરફ લોકની વૃદ્ધિ થાય છે. તે બંને પ્રતરોની લંબાઈ-પહોળાઈ સમાન એક રજ્જૂ પરિમાણ છે. આ બંને પ્રતર તિરછાલોકના મધ્યવર્તી છે. તેનાથી ઉપર અને નીચે ૯૦૦-૯૦૦ યોજન પ્રમાણ તિરછોલોક છે.

**વિગ્રહ-વિગ્રહિક ભાગ :–** સંપૂર્ણ લોક પુરુષ સંસ્થાન છે. તેમાં કમ્મર પર હાથ રાખીને ચકાકારે ફરતા પુરુષના બંને હાથની કોણીના સ્થાને તે વક્ર છે. લોકનો આ વક્ર ભાગ પાંચમા દેવલોક પાસે છે. આ વક્ર ભાગ વિગ્રહકંડક કહેવાય છે. તે લોકનો વિગ્રહ-વિગ્રહિક ભાગ છે અર્થાત્ ઉપર-નીચે બંને તરફથી પ્રદેશોની વૃદ્ધિની પૂર્ણતા થતો પ્રદેશ છે. બંને બાજુથી પ્રદેશોની વૃદ્ધિ અથવા હાનિ થવાથી વક્રતા થાય છે, તેથી તેને પણ વિગ્રહકંડક કહેવાય છે.

**(૧૩) લોક સંસ્થાન :–**

**૮૬ किं संठिए णं भंते ! लोए पण्णत्ते ? गोयमा ! सुपइट्ठियसंठिए लोए पण्णत्ते, हेट्ठा विच्छिण्णे, एवं जहा सत्तमसए पढमुद्देसे** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ લોકનું સંસ્થાન કેવા પ્રકારનું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ લોકનું સંસ્થાન સુપ્રતિષ્ઠિત સરાવલાના આકારે છે. આ લોક નીચેથી વિસ્તૃત ઈત્યાદિ વર્ણન સાતમા શતકના પ્રથમ ઉદ્દેશક અનુસાર છે ***યાવત્*** 'સંસારનો અંત કરે છે' ત્યાં સુધી કહેવું જોઈએ.

**૮૭ एयस्स णं भंते ! अहेलोयस्स, तिरियलोयस्स, उड्ढलोयस्स य कयरे कयरेहिंतो अप्पा वा** *जाव* **विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवे तिरियलोए, उड्ढलोए असंखेज्जगुणे, अहेलोए विसेसाहिए । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધોલોક, તિર્યગ્લોક અને ઊર્ધ્વલોકમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી નાનો તિર્યગ્લોક છે, તેનાથી ઊર્ધ્વલોક અસંખ્યાતગુણો છે, તેનાથી

અધોલોક વિશેષાધિક છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

**લોક સંસ્થાન :–** લોક સુપ્રતિષ્ઠિત સરાવલાના આકારે છે. નીચે એક ઊંધું શકોરું, તેની ઉપર એક સીધું શકોરું અને તેની ઉપર એક ઊંધું શકોરું રાખતાં જે આકાર થાય તેવો આકાર આ લોકનો છે. નીચેથી પહોળો, મધ્યમાં સાંકડો, પુનઃ પાંચમા દેવલોક પર્યંત ક્રમશઃ પહોળો અને લોકાંતે સાંકડો થઈ જાય છે. ત્યાં લોકની પહોળાઈ એક રજ્જુ રહે છે. તેનું વિસ્તૃત વિવેચન શતક-૭/૧ માં કર્યું છે.

**અલ્પબહુત્વ :–** તિરછોલોક સર્વથી નાનો છે કારણ કે તે ૧૮૦૦ યોજન ઊંચો છે. તેનાથી ઊર્ધ્વલોક અસંખ્યાતગુણો છે કારણ કે તે કંઈક ન્યૂન સાત રજ્જૂ પ્રમાણ છે. તેનાથી અધોલોક વિશેષાધિક છે કારણકે તે સાધિક સાત રજ્જૂ પ્રમાણ છે.

## ॥ શતક ૧૩/૪ સંપૂર્ણ ॥

# શતક–૧૩ : ઉદ્દેશક–૫

## આહાર

**નૈરયિકાદિનો આહાર :–**

**१ णेरइया णं भंते ! किं सचित्ताहारा, अचित्ताहारा, मीसाहारा ?**

**गोयमा ! णो सचित्ताहारा, अचित्ताहारा, णो मीसाहारा । एवं असुरकुमारा, पढमो णेरइय उद्देसओ णिरवसेसो भाणियव्वो ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક સચિત્તાહારી છે, અચિત્તાહારી છે કે મિશ્રાહારી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સચિત્તાહારી નથી, મિશ્રાહારી નથી, તે અચિત્તાહારી છે. તે જ રીતે અસુરકુમારોને માટે પણ કહેવું જોઈએ. અહીં પ્રજ્ઞાપના સૂત્રના ૨૮મા 'આહારપદ'નો પ્રથમ ઉદ્દેશક સંપૂર્ણ કહેવો જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**॥ શતક ૧૩/૫ સંપૂર્ણ ॥**

# શતક–૧૩ : ઉદ્દેશક–૬

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં ૨૪ દંડકના જીવોની સાન્તર નિરન્તર ઉત્પત્તિનું, ચમરેન્દ્રના ચમરચંચા નામના આવાસનું તથા ઉદાયન રાજાના જીવન વૃત્તાંતનું કથન છે.

★ પાંચ સ્થાવરને છોડીને શેષ દંડકમાં જીવો સાન્તર અને નિરંતર બંને પ્રકારે જન્મ-મરણ કરે છે. પાંચ સ્થાવરમાં જીવો નિરંતર જન્મ મરણ કરે છે.

★ જંબૂદ્વીપના મેરુપર્વતથી દક્ષિણમાં તિરછા અસંખ્ય દ્વીપ સમુદ્રો પછી, અરુણોદય નામનો સમુદ્ર છે તેમાં ૪૨૦૦૦ યોજન અંદર ચમરેન્દ્રનો તિગિચ્છક કૂટ નામનો ઉપપાત પર્વત છે. તેની દક્ષિણ દિશામાં ૬૫૫,૩૫,૫૦,૦૦૦ યોજન દૂર(તિરછા) ચમરેન્દ્રની ચમરચંચા રાજધાનીનો માર્ગ આવે છે અને ત્યાંથી દક્ષિણ પશ્ચિમમાં ૬,૫૫,૩૫,૫૦૦૦૦ યોજન દૂર ચમરેન્દ્રનો ચમરચંચા નામનો આવાસ છે. તે ૮૪,૦૦૦ યોજન લાંબો, પહોળો અને ગોળ છે. ત્યાં અસુરકુમાર દેવો આનંદપૂર્વક ક્રીડાને માટે આવે છે. ત્યાં તેનો કાયમી નિવાસ નથી.

★ ઉદાયન રાજા સિંધુ સૌવીર આદિ સોળ દેશના અધિપતિ હતા. તે વીતીભય નગરમાં રહેતા હતા. તેનું રાજ્ય અત્યંત વિશાળ હતું. તેના રાજ્યમાં ૩૬૩ નગર અને ખાણો હતી. તે મહાસેન આદિ દશ મુકટબંધી રાજાઓ તથા અન્ય અનેક રાજાઓ શ્રેષ્ઠીઓ આદિ પર આધિપત્ય કરતા હતા. આ રીતે ભૌતિકક્ષેત્રે સમૃદ્ધ હતા, તે જ રીતે પ્રભુ મહાવીરના અનન્ય ભક્ત, જીવાજીવાદિ તત્ત્વોના જ્ઞાતા શ્રમણોપાસક પણ હતા.

તેને પ્રભાવતી નામની રાણી અને અભીચિકુમાર નામનો રાજકુમાર હતો. કેશી નામનો તેનો એક ભાણેજ પણ તેમની સાથે જ રહેતો હતો.

એકદા પૌષધવ્રતની આરાધના કરતા, રાત્રિના સમયે ધર્મજાગરણ કરતાં તેમને પ્રભુના દર્શનની તીવ્ર તમન્ના પ્રગટી. સર્વજ્ઞ પ્રભુ ઉદાયનના મનોગત ભાવ જાણીને, વીતીભય નગરમાં પધાર્યા. પ્રભુનો ધર્મોપદેશ સાંભળીને, રાજાને વૈરાગ્યભાવ જાગૃત થયો. પુત્રને રાજ્યનો કારભાર સોંપીને સંયમ સ્વીકાર કરવાની ભાવના તેમણે પ્રભુ સમક્ષ પ્રગટ કરી.

નગરીમાં જતાં એકાએક તેના વિચારમાં પરિવર્તન આવ્યું. તેને થયું કે મારો પુત્ર રાજ્યનું પાલન કરતાં જો તેમાં જ મૂર્ચ્છિત બની જશે તો તેના પરિણામે તેની દુર્ગતિ થશે. પિતા તરીકે મારી ફરજ છે કે મારા સંતાન કોઈ પણ નિમિત્તે દુર્ગતિને પ્રાપ્ત ન કરે. તેથી રાજકુમાર અભીચિને બદલે ભાણેજ કેશીકુમારને રાજ્ય સોંપીને દીક્ષિત થવું, તે મારા માટે અને મારા વ્હાલસોયા પુત્રને માટે શ્રેયસ્કર છે. આ પ્રકારની પુત્રની હિતચિંતા અનુસાર કેશીકુમારનો રાજ્યાભિષેક કર્યો અને સ્વયં પ્રભુ પાસે પ્રવ્રજિત થઈ ગયા. તપ સંયમની આરાધના કરી, સર્વ કર્મનો ક્ષય કરી, સિદ્ધગતિને પામી ગયા.

અભીચિકુમાર અત્યંત વિનીત અને નમ્ર હતો. પિતાના તે વ્યવહારનો તેણે સ્વીકાર કર્યો. પરંતુ સમય જતાં તેના મનમાં વિચાર આવવા લાગ્યા કે મારા પિતાએ મારી સાથે અન્યાય કર્યો છે. મને છોડીને પોતાના ભાણેજને રાજ્ય સોંપી દીધું. પિતાના આ પ્રકારના વર્તનનો તેના અંતરમાં અત્યંત રંજ રહેવા

લાગ્યો પણ હવે તેનો કોઈ ઉપાય ન હતો. તે સ્વયં માનસિક દુઃખથી ઉદાસ રહેવા લાગ્યો અને પિતા પ્રતિ વૈરભાવ જાગૃત થયો. એકદા પોતાના પરિવાર સહિત નગરી છોડીને ચંપાનગરીમાં રાજા કૂણિકના આશ્રયમાં જઈને ત્યાં રહેવા લાગ્યો.

ત્યાં તેને પ્રભુનો સમાગમ થયો. સત્સંગના પ્રભાવે તેણે શ્રાવકના વ્રતનો સ્વીકાર કર્યો. અનેક વર્ષો સુધી શ્રમણોપાસક પર્યાયનું પાલન કરી, અંતે પંદર દિવસનો સંથારો કર્યો, અન્ય સર્વ પાપોની આલોચનાદિ કરી. પરંતુ પિતાના અન્યાયપૂર્ણ વ્યવહારનો રંજ અને પિતા પ્રતિ રહેલા વૈરભાવની આલોચનાદિ કર્યા વિના કાલધર્મને પામી વિરાધકપણે અસુરકુમારમાં 'આતાપ' જાતિના દેવરૂપે ઉત્પન્ન થયો.

ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરીને, સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

આ રીતે અંતર-હૃદયમાં રહેલું નાનકડું ભાવ શલ્ય ઉચ્ચતમ સાધનાની સફળતામાં બાધક બને છે; આ તથ્ય અભીચિકુમારના જીવન પ્રસંગથી સ્પષ્ટ થાય છે.

❖❖❖❖❖

# શતક–૧૩ : ઉદ્દેશક–૬

## ઉપપાત

**સાન્તર-નિરંતર ઉત્પતિ અને ચ્યવન :–**

**१** **रायगिहे** *जाव* **एवं वयासी– संतरं भंते ! णेरइया उववज्जंति, णिरंतरं णेरइया उववज्जंति ?**

**गोयमा ! संतरं पि णेरइया उववज्जंति, णिरंतरं पि णेरइया उववज्जंति । एवं असुरकुमारा वि । एवं जहा गंगेए तहेव दो दंडगा** *जाव* **संतरं पि वेमाणिया चयंति, णिरंतरं पि वेमाणिया चयंति ।**

**શબ્દાર્થ :–** **संतरं** = સાન્તર, અંતર સહિત, વિરહ સહિત **निरंतरं** = સમયાદિના અંતર રહિત, વિરહ રહિત.

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ ***યાવત્*** આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! નૈરયિક સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક સાન્તર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે. અસુરકુમારોના વિષયમાં પણ આ જ પ્રકારે કથન કરવું જોઈએ. શતક-૯/૩૨ ગાંગેય ઉદ્દેશકમાં ઉત્પત્તિ અને ઉદ્‌વર્તનાના(મરણના) સંબંધમાં બે આલાપક કહ્યા છે, તે જ રીતે અહીં પણ ૨૪ દંડક સંબંધી બે સૂત્રાલાપક કહેવા ***યાવત્*** વૈમાનિક દેવો સાન્તર પણ ચ્યવે છે અને નિરંતર પણ ચ્યવે છે. ત્યાં સુધી કહેવું જોઈએ.

**ચમરેન્દ્રનું આવાસ સ્થાન :–**

**२** **कहि णं भंते ! चमरस्स असुरिंदस्स असुरकुमाररण्णो चमरचंचा णामं आवासे पण्णत्ते?**

**गोयमा ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं तिरियमसंखेज्जे दीवसमुद्दे, एवं जहा बिइयसए सभाउद्देसए वत्तव्वया सच्चेव अपरिसेसा णेयव्वा । तीसे णं चमरचंचाए रायहाणीए दाहिण पच्चत्थिमेणं छक्कोडिसए पणपण्णं च कोडीओ पणतीसं च सयसहस्साइं पण्णासं च सहस्साइं अरुणोदगसमुद्दं तिरियं वीइवइत्ता एत्थ णं चमरस्स असुरिंदस्स असुरकुमाररण्णो चमरचंचे णामं आवासे पण्णत्ते– चउरासीइं जोयणसहस्साइं आयाम-विक्खंभेणं, दो जोयणसयसहस्सा पण्णट्ठिं च सहस्साइं छच्च बत्तीसे जोयणसए किंचि**

**विसेसाहिए परिक्खेवेणं । से णं एगेणं पागारेणं सव्वओ समंता संपरिक्खित्ते । से णं पागारे दिवड्ढं जोयणसयं उड्ढं उच्चत्तेणं, एवं चमरचंचाए रायहाणीए वत्तव्वया भाणियव्वा सभाविहूणा** *जाव* **चत्तारि पासायपंतीओ ।**

**શબ્દાર્થ:– छक्कोडिसए पणपण्णं च कोडीओ** = ૬૫૫ કરોડ **पणतीसं च सयसहस्साइं** = ૩૫ લાખ **पण्णासं च सहस्साइं** = ૫૦,૦૦૦ યોજન **चउरासीइं जोयणसहस्साइं आयम विक्खंभेण** = ૮૪,૦૦૦ યોજન લંબાઈ પહોળાઈ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારોના ઈન્દ્ર, અસુરકુમારોના રાજા ચમરનો 'ચમરચંચા' નામનો આવાસ કયાં છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ જંબૂદ્વીપના મેરુ પર્વતથી દક્ષિણમાં તિરછા અસંખ્ય દ્વીપ સમુદ્રોનું ઉલ્લંઘન કર્યા પછી શતક-૨/૮માં 'સભા' ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે સંપૂર્ણ વક્તવ્યતા જાણવી. વિશેષતા એ છે કે અહીં ઉત્પાત પર્વતનું નામ તિગિચ્છ કૂટ છે, રાજધાનીનું નામ ચમરચંચા છે. આવાસ પર્વતનું નામ ચમરચંચ છે ***યાવત્*** ચમરચંચા રાજધાનીની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન, ૩ ગાઉ, ૨૨૮ ધનુષ્ય અને સાધિક સાડા તેર અંગુલ પ્રમાણ છે. તે ચમરચંચા રાજધાનીથી દક્ષિણ-પશ્ચિમ દિશા(નૈઋત્ય કોણ)માં ૬,૫૫,૩૫,૫૦૦૦૦ યોજન અરુણોદક સમુદ્રમાં તિરછા જઈએ ત્યાર પછી અસુરકુમારોના ઈન્દ્ર અસુરકુમારોના રાજા ચમરનો ચમરચંચ નામનો આવાસ છે. તેની લંબાઈ-પહોળાઈ ૮૪,૦૦૦ યોજન છે. તેની પરિધિ ૨,૬૫,૬૩૨ યોજનથી કંઈક અધિક છે. તે આવાસ એક કોટથી ચારે તરફ ઘેરાયેલો છે. તે કોટની ઊંચાઈ ૧૫૦ યોજન છે. આ રીતે ચમરચંચા રાજધાનીની સમાન સંપૂર્ણ વક્તવ્યતા જાણવી ***યાવત્*** "ચાર પ્રાસાદ પંક્તિઓ છે." ત્યાં સુધી કથન કરવું જોઈએ. અહીં ચમરચંચ આવાસ પર્વતપર સુધર્મા સભા આદિ પાંચ સભા નથી. તેથી અહીં સભા રહિત અન્ય સર્વ વર્ણન જાણવું જોઈએ.

**३ चमरे णं भंते ! असुरिंदे असुरकुमारराया चमरचंचे आवासे वसहिं उवेइ ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**से केणं खाइ अट्ठेणं भंते ! एवं वुच्चइ– चमरचंचे आवासे, चमरचंचे आवासे?**

**गोयमा ! से जहाणामए इहं मणुस्सलोगंसि उवगारियलेणाइ वा उज्जाणियलेणाइ वा णिज्जाणियलेणाइ वा धारावारियलेणाइ वा, तत्थ णं बहवे मणुस्सा य मणुस्सीओ य आसयंति, सयंति, एवं जहा रायप्पसेणइज्जे** *जाव* **कल्लाणफलवित्तिविसेसं पच्चणुब्भवमाणा विहरंति, अण्णत्थ पुण वसहिं उवेंति । एवामेव गोयमा ! चमरस्स असुरिंदिस्स असुरकुमाररण्णो चमरचंचे आवासे केवलं किड्डा-रइपत्तियं, अण्णत्थ पुण वसहिं उवेंति, से तेणट्ठेणं** *जाव* **आवासे । सेवं भंते ! सेवं भंते ! त्ति** *जाव* **विहरइ ।**

**तए णं समणे भगवं महावीरे अण्णया कयाइ रायगिहाओ णयराओ गुणसीलाओ** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અસુરેન્દ્ર, અસુરરાજ ચમર 'ચમરચંચ' નામના આવાસમાં રહે છે?

**ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તેને ચમરચંચ આવાસ કહેવાય છે ? ચમરેન્દ્ર, ચમરચંચ નામના આવાસમાં કેમ રહેતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે મનુષ્યલોકમાં ભવનોની બહારનો ઓટલો-પરસાળ વગેરે વિશ્રામ સ્થળ, બગીચામાં વિશ્રાંતિ માટે બનાવેલા સ્થળ, નગર નિર્યાણ ગૃહ– નગરની બહારના વિશ્રામ સ્થળ ફૂવારાવાળા સ્થળ હોય છે. તે સ્થાનોમાં અનેક મનુષ્યો અથવા સ્ત્રીઓ ક્રીડા માટે, વિશ્રામ માટે, ભ્રમણ માટે જાય છે. તેઓ ત્યાં જઈને બેસે છે, ઊઠે છે, શયન કરે છે, ઇત્યાદિ વર્ણન રાજપ્રશ્નીય સૂત્રાનુસાર જાણવું. તેઓ ત્યાં પૂર્વોપાર્જિત શુભકર્મોના ફળ સ્વરૂપે સુખનો અનુભવ કરે છે. પરંતુ ત્યાં તે લોકો સ્થાયી નિવાસ કરતા નથી. તેના નિવાસ-સ્થાન અન્ય સ્થાને હોય છે. તે જ રીતે હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરનો ચમરચંચ નામનો આવાસ, કેવળ આનંદ-પ્રમોદ માટે છે. તેના નિવાસસ્થાન અન્યત્ર હોય છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે ચમરેન્દ્ર ચમરચંચ આવાસમાં નિવાસ કરતા નથી. તેથી તેને ચમરેન્દ્રનો આવાસ કહે છે.

હે ભગવન્ ! આ(ભાવ) આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ(ભાવ) આ જ પ્રકારે છે, એમ કહી, ગૌતમ સ્વામી વિચરવા લાગ્યા. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી રાજગૃહ નગર અને ગુણશીલ ઉદ્યાનમાંથી નીકળી બહારના સ્થાનમાં વિચરવા લાગ્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અસુરકુમારોના ઇન્દ્ર ચમરના આવાસનું વર્ણન છે. જેમાં શતક-૨ ઉદ્દેશક-૮નો સંકેત કરીને પાઠ સંક્ષિપ્ત કર્યો છે.

આ સૂત્રોમાં **આવાસ**નું કથન હોવા છતાં **णवरं** સૂચક પાઠમાં આવાસ પર્વત શબ્દ પ્રયોગ પણ છે.

આ સૂત્રનું વર્ણન જોતાં જણાય છે કે– ચમરેદ્રની રાજધાનીમાં જવાનો માર્ગ તિગિચ્છકૂટ નામના ઉપપાત પર્વતથી ૬,૫૫,૩૫,૫૦,૦૦૦ યોજન દૂર છે અને આ આવાસ(આવાસ-પર્વત) પણ રાજધાનીથી (એટલે રાજધાનીમાં જવાના તે માર્ગથી) ૬,૫૫,૩૫,૫૦,૦૦૦ યોજન દૂર અરુણોદક સમુદ્રમાં છે. આ રીતે ઉપપાત પર્વત સમુદ્રી કિનારાથી ૪૨૦૦૦ યોજન દૂર છે અને ત્યાંથી રાજધાનીનો માર્ગ અને તે માર્ગથી આવાસ(આવાસ પર્વત) તેટલો જ દૂર અરુણોદક સમુદ્રમાં છે.

**णवरं इमं णाणत्तं :–** અહીં વિશેષતા માત્ર નામોની બતાવી છે. તેમાં ઉત્પાત પર્વતનું નામ, રાજધાનીનું નામ અને ચમરચંચ આવાસનું નામ કહ્યું છે. ત્યારપછી રાજધાનીની પરિધિ સૂચક પાઠનો અંતિમ શબ્દ છે.

**ઉદાયન નરેશ :–**

**૪ तेणं कालेणं तेणं समएणं चंपा णामं णयरी होत्था, वण्णओ । पुण्णभद्दे चेइए, वण्णओ । तएणं समणे भगवं महावीरे अण्णया कयाइ पुव्वाणुपुव्विं चरमाणे** *जाव* **विहरमाणे जेणेव चंपाणयरी जेणेव पुण्णभद्दे चेइए तेणेव उवागच्छइ, उवागच्छित्ता** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** તે કાલે, તે સમયે ચંપા નામની નગરી હતી. ત્યાં પૂર્ણભદ્ર નામનું ઉદ્યાન હતું. એકદા

શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પૂર્વાનુપૂર્વી વિચરતાં, ગ્રામાનુગ્રામ વિહાર કરતાં, ચંપાનગરીના પૂર્ણભદ્ર ઉદ્યાનમાં પધાર્યા, ત્યાં યથાયોગ્ય સ્થાન ગ્રહણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

**૫** **तेणं कालेणं तेणं समएणं सिंधूसोवीरेसु जणवएसु वीतीभए णामं णयरे होत्था, वण्णओ । तस्स णं वीतीभयस्स णयरस्स बहिया उत्तरपुरत्थिमे दिसिभाए एत्थ णं मियवणे णामं उज्जाणे होत्था । सव्वोउय-पुप्फ-फल-समिद्धे, वण्णओ । तत्थ णं वीतीभए णयरे उदायणे णामं राया होत्था, वण्णओ । तस्स णं उदायणस्स रण्णो पभावई णामं देवी होत्था, वण्णओ । तस्स णं उदायणस्स रण्णो पउमावई णामं देवी होत्था, सुकुमाल-पाणिपाया, वण्णओ । तस्स णं उदायणस्स रण्णो पुत्ते पभावईए देवीए अत्तए अभीइणामं कुमारे होत्था, सुकुमाल पाणिपाए एवं जहा सिवभद्दे** *जाव* **पच्चुवेक्खमाणे विहरइ । तस्स णं उदायणस्स रण्णो णियए भाइणिज्जे केसी णामं कुमारे होत्था । सुकुमाल पाणिपाए** *जाव* **सुरूवे । से णं उदायणे राया सिंधूसोवीर-पामोक्खाणं सोलसण्हं जणवयाणं, वीतीभयप्पामोक्खाणं तिण्हं तेसट्ठीणं णयरागरसयाणं, महसेणप्पामोक्खाणं दसण्हं राईणं बद्धमउडाणं विदिण्णछत्तचामर-वालवीयणाणं, अण्णेसिं च बहूणं राईसर-तलवर** *जाव* **सत्थवाह-पभिईणं आहेवच्चं, पोरेवच्चं** *जाव* **कारेमाणे, पालेमाणे; समणोवासए अभिगयजीवाजीवे** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે સિંધુસૌવીર દેશમાં વીતિભય નામનું નગર હતું. તે વીતિભય નગરની બહાર ઉત્તર-પૂર્વ દિશા(ઈશાન કોણ)માં મૃગવન નામનું ઉદ્યાન હતું. તે સર્વ ઋતુઓના પુષ્પાદિકથી સમૃદ્ધ હતું. તે વીતિભય નગરમાં ઉદાયન નામના રાજા હતા. તે મહાહિમવાન મલય અને મંદરપર્વત સમાન બળવાન અને ઈન્દ્ર સમાન શ્રેષ્ઠ હતા. ઉદાયન રાજાને પદ્માવતી નામની રાણી હતી. તે સુકુમાર હાથ-પગવાળી હતી. તેમજ તેને પ્રભાવતી નામની રાણી પણ હતી. તે પણ સુકુમાર હાથ પગ આદિ વિશેષણ યુક્ત હતી. તે ઉદાયન રાજાનો પુત્ર અને પ્રભાવતી રાણીનો આત્મજ 'અભીચિ' નામનો કુમાર હતો. તે સુકુમાર હતો. તેનું વર્ણન શિવભદ્રની સમાન જાણવું જોઈએ, ***યાવત્*** તે રાજ્યની દેખરેખ કરતો વિચરણ કરતો હતો. ઉદાયન રાજાનો સગો ભાણેજ 'કેશી' નામનો કુમાર હતો. તે પણ સુકુમાર અંગોપાંગવાળો અને સુરૂપ હતો. તે ઉદાયન રાજા, સિંધુ સૌવીર આદિ સોળ દેશ, વીતિભય પ્રમુખ ૩૬૩ નગર અને તેટલી જ આકર-ખાણના સ્વામી હતા. છત્ર, ચામર આદિથી યુક્ત મહાસેન પ્રમુખ દશ મુગટબદ્ધ રાજાઓ અને અન્ય અનેક રાજા, યુવરાજ, તલવર(કોટવાલ), સાર્થવાહ આદિ તેને આધીન હતા. તેના પર આધિપત્ય કરતા અને રાજ્યનું પાલન કરતા તે વિચરતા હતા. તે જીવાજીવાદિ તત્ત્વોના જ્ઞાતા શ્રમણોપાસક હતા. નગરી, ઉદ્યાન, રાજા, રાણી, રાજકુમાર આદિનું વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર જાણવું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ઉદાયન રાજાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. ઉદાયન રાજા પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે ભૌતિકક્ષેત્રે સમૃદ્ધ હતા. તે જ રીતે આધ્યાત્મિક ક્ષેત્રે પણ સમૃદ્ધ બનવા માટે પ્રયત્નશીલ હતા. પ્રભુ

મહાવીરના પરમ ભક્ત, આદર્શ શ્રમણોપાસક હતા. તેને અનેક રાણીઓ હતી. પ્રસ્તુત સૂત્રમાં પ્રમુખ રાણીરૂપે પદ્માવતીનું નામ છે અને પ્રાસંગિકરૂપે પ્રભાવતીનું નામ છે. કારણ કે અભીચિ કુમારની માતા પ્રભાવતી હતી.

**सिंधूसोवीरेषु :–** સિંધુનદીની પાસે સિંધ દેશ છે અને તેની પાસે સૌવીર દેશ આવેલો છે. ઉદાયન રાજા આ બે દેશ પ્રમુખ સોળ દેશના રાજા હતા.

**वीतीभए णयरे :–** અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ આદિ ઉપદ્રવને **'ईति'** કહે છે. સ્વચક્રભય(પોતાના રાજા આદિ અધિકારીનો ભય) અને પરચક્રભય(બીજા રાજા આદિનો ભય)ને **'भीति'** કહે છે. જ્યાં **'ईति'** અને **'भीति'** રૂપ ભય નથી, તેને વીતિભય કહેવાય છે. ઉદાયન રાજાની નગરીનું નામ વીતિભય હતું.

**वालवीयणाणं :–** ચમરી ગાયના વાળથી નિર્મિત ચામર. તાડપત્ર આદિથી નિર્મિત વીંજણાને પંખો, મોરના પીંછાથી નિર્મિત વીંજણાને મોરપીંછ અને વાળથી નિર્મિત વીંજણાને ચામર કહેવાય છે.

**ઉદાયન રાજાનો સંકલ્પ :–**

**६ तए णं से उदायणे राया अण्णया कयाइ जेणेव पोसहसाला तेणेव उवागच्छइ । एवं जहा संखे** *जाव* **पोसहं पडिजागरमाणे विहरइ । तए णं तस्स उदायणस्स रण्णो पुव्वरत्तावरत्त-कालसमयंसि धम्मजागरियं जागरमाणस्स अयमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– धण्णा णं ते गामागर-णयर-खेड-कब्बड-मडंब-दोणमुह-पट्टणा-सम-संबाह-सण्णिवेसा, जत्थ णं समणे भगवं महावीरे विहरइ, धण्णा णं ते राईसर-तलवर** *जाव* **सत्थवाह-पभिईओ, जे णं समणं भगवं महावीरं वंदंति णमंसंति** *जाव* **पज्जुवासंति । जइ णं समणे भगवं महावीरे पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं** *जाव* **विहरमाणे इहमागच्छेज्जा, इह समोसरेज्जा, इहेव वीतीभयस्स णयरस्स बहिया मियवणे उज्जाणे अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणा विहरेज्जा, तो णं अहं समणं भगवं महावीरं वंदेज्जा, णमंसेज्जा** *जाव* **पज्जुवासेज्जा ।**

**ભાવાર્થ :–** એક દિવસ ઉદાયન રાજા પોતાની પૌષધશાળામાં આવ્યા. શતક-૧૨/૧માં કથિત શંખ શ્રાવકની જેમ પૌષધ કરીને ***યાવત્*** વિચરવા લાગ્યા.

ત્યાર પછી રાત્રિના પાછલા પ્રહરમાં ધર્મજાગરણ કરતા ઉદાયન રાજાને આ પ્રકારનો અધ્યવસાય ***યાવત્*** સંકલ્પ ઉત્પન્ન થયો કે– તે ગામ, આકર(ખાણ પ્રદેશ), નગર, નિગમ, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, મડંબ, આશ્રમ, સંબાધ અને સન્નિવેશ ધન્ય છે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિચરે છે. તે રાજા, શેઠ, તલવર ***યાવત્*** સાર્થવાહ આદિ ધન્ય છે, જે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરીને તેમની પર્યુપાસના કરે છે. જો શ્રમણ ભગવાન મહાવીર અનુક્રમે વિચરતાં, ગ્રામાનુગ્રામ વિહાર કરતાં અહીં પધારે, અહીં સમોસરે, આ વીતિભય નગરની બહાર મૃગવન નામના ઉદ્યાનમાં યથાયોગ્ય અવગ્રહ-સ્થાન ગ્રહણ કરીને, સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરે, તો હું શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર આદિ કરીને તેમની પર્યુપાસના કરું.

**૭ तएणं समणे भगवं महावीरे उदायणस्स रण्णो अयमेयारूवं अज्झत्थियं** *जाव* **समुप्पण्णं वियाणित्ता चंपाओ णयरीओ पुण्णभद्दाओ चेइयाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे सुहंसुहेणं विहरमाणे जेणेव सिंधूसोवीरे जणवए जेणेव वीतीभये णयरे, जेणेव मियवणे उज्जाणे तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता** *जाव* **संजमेणं तवसा अप्पाणं भावेमाणा विहरइ ।**

**ભાવાર્થ :–** ઉદાયન રાજાને ઉત્પન્ન થયેલા આ પ્રકારના સંકલ્પને જાણીને શ્રમણ ભગવાન મહાવીર ચંપાનગરીના પૂર્ણભદ્ર ઉદ્યાનમાંથી નીકળ્યા અને અનુક્રમથી વિચરતાં, ગ્રામાનુગ્રામ વિહાર કરતાં સિંધુ સૌવીર દેશમાં, વીતિભય નગરના, મૃગવન ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં પધારીને ***યાવત્*** સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

**૮ तएणं वीतीभये णयरे** *जाव* **परिसा पज्जुवासइ । तएणं से उदायणे राया इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठतुट्ठे कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– खिप्पामेव भो देवाणुप्पिया ! वीतीभयं णयरं सब्भिंतरबाहिरियं जहा कूणिओ उववाइए** *जाव* **पज्जुवासइ। पउमावईपामोक्खाओ देवीओ तहेव** *जाव* **पज्जुवासंति । धम्मकहा ।**

**ભાવાર્થ :–** ત્યારે વીતિભય નગરમાં ***યાવત્*** જનસમૂહ પ્રભુના દર્શનાર્થે ગયો. પરિષદ પ્રભુની પર્યુપાસના કરવા લાગી.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના આગમનની વાત સાંભળીને ઉદાયન રાજા હર્ષિત અને સંતુષ્ટ થયા અને પોતાના સેવક પુરુષોને બોલાવીને કહ્યું– હે દેવાનુપ્રિયો ! તમે શીઘ્ર વીતિભય નગરને અંદર અને બહારથી સ્વચ્છ કરાવો ઈત્યાદિ વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર કૂણિક રાજાના કથન સમાન જાણવું જોઈએ. ઉદાયન રાજા પ્રભુના દર્શન માટે ગયા. વંદન નમસ્કાર કરીને, પર્યુપાસના કરવા લાગ્યા અને પદ્માવતી પ્રમુખ રાણીઓ પણ પર્યુપાસના કરવા લાગી. ભગવાને ધર્મકથા કહી.

**૯ तएणं से उदायणे राया समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठे उट्ठाए उट्ठेइ, उट्ठाए उट्ठित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो** *जाव* **णमंसित्ता एवं वयासी– एवमेयं भंते ! तहमेयं भंते !** *जाव* **से जहेयं तुब्भे वयह त्ति कट्टु जं णवरं देवाणुप्पिया ! अभिइकुमारं रज्जे ठावेमि, तएणं अहं देवाणुप्पियाणं अंतिए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वयामि । अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસેથી ધર્મોપદેશ સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને ઉદાયન રાજા હર્ષિત અને સંતુષ્ટ થયા. તે ઊભા થયા, ઊભા થઈને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને ત્રણવાર પ્રદક્ષિણા કરી, વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! જે પ્રમાણે આપે કહ્યું છે, તે તે જ પ્રમાણે છે, યથાર્થ છે, આપનું કથન સત્ય છે, તથ્ય છે, જે રીતે આપે કહ્યું છે, તે જ રીતે છે. હે દેવાનુપ્રિય ! હું અભીચિકુમારનો રાજ્યાભિષેક કરીને આપ દેવાનુપ્રિયની પાસે મુંડિત થઈને, આગાર ધર્મને છોડીને, અણગાર ધર્મ(પ્રવ્રજ્યા) અંગીકાર કરવાની ઈચ્છા રાખું છું. ભગવાને કહ્યું– હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો, ધર્મકાર્યમાં વિલંબ ન કરો.

**१० तएणं से उदायणे राया समणेणं भगवया महावीरेणं एवं वुत्ते समाणे हट्ठ-तुट्ठे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता तमेव आभिसेक्कं हत्थिं दुरूहइ, दुरूहित्ता समणस्स भगवओ महावीरस्स अंतियाओ मियवणाओ उज्जाणाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव वीतीभये णयरे तेणेव पहारेत्थ गमणाए ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના વચન સાંભળીને ઉદાયન રાજા હર્ષિત અને સંતુષ્ટ થયા. રાજાએ ભગવાનને વંદન નમસ્કાર કર્યા અને અભિષિક્ત પટ્ટહસ્તી પર આરુઢ થયા. આરુઢ થઈને શ્રમણ ભગવાન મહાવીર પાસેથી મૃગવન ઉદ્યાનમાંથી નીકળીને વીતિભય નગર તરફ પ્રયાણ કર્યું.

**ભાણેજનો રાજ્યાભિષેક :–**

**११ तएणं तस्स उदायणस्स रण्णो अयमेयारूवे अज्झत्थिए *जाव* समुप्पज्जित्था– एवं खलु अभीइकुमारे ममं एगे पुत्ते इट्ठे कंते *जाव* किमंग पुण पासणयाए । तं जइ णं अहं अभीइकुमारं रज्जे ठावेत्ता समणस्स भगवओ महावीरस्स अंतियं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वयामि तो णं अभीइकुमारे रज्जे य रट्ठे य *जाव* जणवए य माणुस्सएसु य कामभोगेसु मुच्छिए, गिद्धे, गढिए, अज्झोववण्णे, अणाईयं, अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं अणुपरियट्टिस्सइ । तं णो खलु मे सेयं अभीइकुमारं रज्जे ठावेत्ता समणस्स भगवओ महावीरस्स अंतिए मुंडे भवित्ता *जाव* पव्वइत्तए, सेयं खलु मे णियगं भाइणेज्जं केसिं कुमारं रज्जे ठावेत्ता समणस्स भगवओ *जाव* पव्वइत्तए**

**ભાવાર્થ :–** ઉદાયન રાજાને આ પ્રકારનો અધ્યવસાય ***યાવત્*** મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે મારે અભીચિકુમાર એક જ પુત્ર છે, તે મને અત્યંત ઈષ્ટ, કાંત અને પ્રિય છે. તેનું નામ શ્રવણ પણ દુર્લભ છે તો તેના દર્શન દુર્લભ હોય તેમાં તો કહેવું જ શું ? જો હું અભીચિકુમારને રાજ્ય પર સ્થાપિત કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પાસે મુંડિત થઈને ***યાવત્*** પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ, તો અભીચિકુમાર રાજ્ય, રાષ્ટ્ર, જનપદ આદિમાં અને મનુષ્ય સંબંધી કામભોગોમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, આસક્ત અને તલ્લીન થઈને અનાદિ-અનંત, દીર્ઘમાર્ગવાળા, ચાર ગતિ રૂપ સંસાર અટવીમાં પરિભ્રમણ કરશે. તેથી અભીચિકુમારને રાજ્યારુઢ કરીને, શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરવી, તે શ્રેયસ્કર નથી, પરંતુ મારા ભાણેજ કેશી કુમારનો રાજ્યાભિષેક કરીને પ્રવ્રજિત થવું તે મારા માટે શ્રેયસ્કર છે. આ પ્રમાણે વિચાર કર્યો.

**१२ एवं संपेहेइ, एवं संपेहेत्ता जेणेव वीतीभये णयरे तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता वीतीभयं णयरं मज्झंमज्झेणं जेणेव सए गेहे जेणेव बाहिरिया उवट्ठाणसाला, तेणेव उवागच्छइ, उवागच्छित्ता आभिसेक्कं हत्थिं ठवेइ, ठवेत्ता आभिसेक्काओ हत्थीओ पच्चोरुहइ, पच्चोरुहित्ता जेणेव सीहासणे तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता सीहासणवरंसि पुरत्थाभिमुहे णिसीयइ, णिसीइत्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– खिप्पामेव भो देवाणुप्पिया ! वीतीभयं णयरं सब्भिंतरबाहिरियं *जाव* पच्चप्पिणंति।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે વિચાર કરીને ઉદાયન રાજા વીતિભય નગરની મધ્યમાંથી પસાર થઈને પોતાના ભવનની બાહ્ય ઉપસ્થાન-શાળા હતી ત્યાં આવ્યા, આવીને આભિષિક્ત પટ્ટહસ્તીને ઊભો રાખી તેના ઉપરથી નીચે ઉતરીને, સિંહાસન સમીપે આવીને ભવ્ય સિંહાસન પર પૂર્વાભિમુખ બેઠા. ત્યાર પછી સેવક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું, હે દેવાનુપ્રિયો ! વીતિભય નગરને અંદર અને બહારથી સ્વચ્છ કરાવો ઇત્યાદિ સેવક પુરુષોએ નગરની સફાઈ કરીને કાર્ય સમાપ્તિનું નિવેદન કર્યું.

**१३ तएणं से उदायणे राया दोच्चं पि कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– खिप्पामेव भो देवाणुप्पिया ! केसिस्स कुमारस्स महत्थं महग्घं महरिहं विउलं एवं रायाभिसेओ जहा सिवभद्दस्स कुमारस्स तहेव भाणियव्वो** *जाव* **परमाउं पालयाहि, इट्ठजणसंपरिवुडे सिंधूसोवीरपामोक्खाणं सोलसण्हं जणवयाणं वीतीभयपामोक्खाणं तिण्णि तेसट्ठीणं णयरागरसयाणं महसेणपामोक्खाणं दसण्हं राईणं अण्णेसिं च बहूणं राईसर** *जाव* **कारेमाणे, पालेमाणे विहराहि त्ति कट्टु जयजयसद्दं पउंजंति ।**

**तएणं से केसी कुमारे राया जाए, महया हिमवंत** *जाव* **रज्जं पसासेमाणे विहरइ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ઉદાયન રાજાએ બીજીવાર સેવક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો! શીઘ્ર કેશીકુમારના મહાપ્રયોજનભૂત, બહુમૂલ્યવાન અને મહાર્હ મહારાજ્યાભિષેકની તૈયારી કરો. શતક-૧૧, ઉદ્દેશક-૯ના શિવભદ્રકુમારના રાજ્યાભિષેકની સમાન રાજ્યાભિષેક કર્યો. રાજાને મંગલ શબ્દોથી વધાવ્યા. 'દીર્ઘાયુષી થાઓ' ત્યાં સુધી કથન કરવું જોઈએ, તથા ઈષ્ટજનોથી પરિવૃત્ત થઈને સિન્ધુ સૌવીર પ્રમુખ સોળ દેશ, વીતિભય પ્રમુખ ૩૬૩ નગર અને આકર તથા મુગટબંધ મહાસેન પ્રમુખ દશ રાજા તથા અન્ય અનેક રાજા, યુવરાજા આદિનું સ્વામીપણું કરતાં અને રાજ્યનું પાલન કરતાં વિચરો. આ પ્રમાણે કહીને સર્વ લોકોએ જયનાદ કર્યો. કેશીકુમાર રાજા બન્યા. તે મહાહિમવાન પર્વત જેવા હતા ઇત્યાદિ રાજાનું વર્ણન ઔપપાતિક સૂત્ર પ્રમાણે જાણવું ***યાવત્*** રાજ્યનું પાલન કરતાં વિચરવા લાગ્યા.

**ઉદાયન રાજાનું મહાભિનિષ્ક્રમણ :–**

**१४ तएणं से उदायणे राया केसिं रायाणं आपुच्छइ । तएणं से केसी राया कोडुंबिय-पुरिसे सद्दावेइ, एवं जहा जमालिस्स तहेव सब्भिंतरबाहिरियं तहेव** *जाव* **णिक्खमणाभिसेयं उवट्ठवेइ ।**

**तएणं से केसी राया अणेग-गणणायग** *जाव* **संपरिवुडे उदायणं रायं सीहासणवरंसि पुरत्थाभिमुहे णीसीयावेइ, णिसीयावेत्ता अट्ठसएणं सोव्वण्णियाणं कलसाणं एवं जहा जमालिस्स** *जाव* **एवं वयासी– भण सामी ! किं देमो, किं पयच्छामो, किण्णा वा ते अट्ठो ?**

**ભાવાર્થ :–** ત્યાર પછી ઉદાયન રાજાએ કેશી રાજા પાસે દીક્ષાની આજ્ઞા માંગી, કેશી રાજાએ સેવક પુરુષોને બોલાવ્યા અને શતક-૯/૩૩માં કથિત જમાલી કુમારની સમાન નગરના આભ્યંતર અને બાહ્ય ભાગને સ્વચ્છ કરાવ્યો ***યાવત્*** દીક્ષા મહોત્સવની તૈયારી કરી, નિષ્ક્રમણાભિષેક(દીક્ષાભિષેક) કર્યો. અનેક

ગણનાયક આદિ પરિવારથી યુક્ત કેશી રાજાએ, ઉદાયન રાજાને ઉત્તમ સિંહાસન પર પૂર્વાભિમુખ બેસાડયા, બેસાડીને એકસો આઠ સુવર્ણ કળશોથી અભિષેક કર્યો. ઇત્યાદિ જમાલીની સમાન વર્ણન કરવું જોઈએ, **યાવત્** કેશી રાજાએ કહ્યું– 'હે સ્વામિન્ ! કહો અમે આપને શું દઈએ, શું અર્પણ કરીએ, આપનું શું પ્રયોજન છે ?'

**१५ तएणं से उदायणे राया केसिं रायं एवं वयासी– इच्छामि णं देवाणुप्पिया । कुत्तियावणाओ रयहरणं च पडिग्गहं च आणियं, कासवगं च सद्दावियं । एवं जहा जमालिस्स, णवरं पउमावई अग्गकेसे पडिच्छइ पियविप्पओगदूसहा ।**

**तएणं से केसी राया दोच्चं पि उत्तरावक्कमणं सीहासणं रयावेइ, रयावेत्ता, उदायणं रायं सेयापीयएहिं कलसेहिं ण्हावेइ ण्हावेत्ता सेसं जहा जमालिस्स** *जाव* **सण्णिसण्णे, तहेव अम्मधाई, णवरं पउमावई हंसलक्खणं पडसाडगं गहाय सेसं तं चेव** *जाव* **सीयाओ पच्चोरुहइ, पच्चोरुहित्ता, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता उत्तरपुरत्थिमं दिसिभागं अवक्कमइ अवक्कमित्ता सयमेव आभरणमल्लालंकारं ओमुयइ । तं चेव पउमावई पडिच्छइ** *जाव* **घडियव्वं सामी !** *जाव* **णो पमाएयव्वं, त्ति कट्टु केसी राया पउमावई य समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता, णमंसित्ता** *जाव* **पडिगया। तएणं से उदायणे राया सयमेव पंचमुट्ठियं लोयं करेइ, सेसं जहा उसभदत्तस्स** *जाव* **सव्वदुक्खप्पहीणे ।**

**ભાવાર્થ :–** ઉદાયન રાજાએ કેશીરાજાને કહ્યું કે– "હે દેવાનુપ્રિય ! કુત્રિકાપણામાંથી રજોહરણ અને પાત્રા મંગાવો, નાપિતને બોલાવો." ઇત્યાદિ જમાલીના વર્ણન અનુસાર ઉદાયન રાજાની દીક્ષાની પૂર્વ તૈયારીનું વર્ણન કરવું, વિશેષતા એ છે કે જેને પ્રિય વિયોગ દુઃસહ્ય છે, તેવી પદ્માવતી રાણીએ ઉદાયન રાજાના અગ્રકેશોને ગ્રહણ કર્યા.

ત્યાર પછી કેશી રાજાએ બીજી વાર પણ ઉત્તર દિશામાં સિંહાસન રાખીને સોના અને ચાંદીના કળશોથી ઉદાયન રાજાનો અભિષેક કર્યો. શેષ સર્વ વર્ણન જમાલીની સમાન જાણવું જોઈએ. વિશેષતા એ છે કે અહીં પદ્માવતી રાણી હંસના ચિહ્નવાળા રેશમી વસ્ત્રને ગ્રહણ કરીને ઉદાયન રાજાની જમણી બાજુ બેઠી. તેમજ ધાયમાતાઓ પણ યથાસ્થાન બેઠી ઇત્યાદિ શેષ સર્વ વર્ણન જાણવું **યાવત્** ઉદાયન રાજા શિબિકાથી નીચે ઉતર્યા, નીચે ઉતરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની સમીપે આવ્યા, ત્યાં આવીને ત્રણવાર વંદન નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને, ઉત્તર-પૂર્વ દિશા તરફ જઈને, સ્વયમેવ આભરણ, માળા અને અલંકાર ઉતાર્યા, પદ્માવતી રાણીએ આભરણ આદિ ગ્રહણ કર્યા ઇત્યાદિ દીક્ષાવિધિનું વર્ણન પૂર્વવત્ જાણવું. પદ્માવતી રાણીએ આ પ્રમાણે કહ્યું– હે સ્વામિન્ ! સંયમમાં પ્રયત્ન કરજો, તેમાં ક્ષણમાત્રનો પ્રમાદ કરશો નહીં. આ પ્રમાણે કહીને કેશી રાજા અને પદ્માવતી રાણીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન-નમસ્કાર કર્યા, નમસ્કાર કરીને પોતાના સ્થાને ગયા. ત્યાર પછી ઉદાયન રાજાએ સ્વયમેવ પંચમુષ્ટિ લોચ કર્યો, શેષ વૃતાન્ત શતક-૯/૩૩ માં કથિત ઋષભદત્તની સમાન જાણવું. સંયમ તપની સાધના કરીને ઉદાયન શ્રમણ સમસ્ત દુઃખોથી રહિત થયા.

**અભીચિકુમારનો વૈરાનુબંધ :–**

**૧૬** **तएणं तस्स अभीइस्स कुमारस्स अण्णया कयाइ पुव्वरत्तावरत्तकालसमयंसि कुडुंबजागरियं जागरमाणस्स अयमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– एवं खलु अहं उदायणस्स पुत्ते पभावईए देवीए अत्तए, तएणं से उदायणे राया ममं अवहाय णियगं भाइणिज्जं केसिकुमारं रज्जे ठावेत्ता समणस्स भगवओ** *जाव* **पव्वइए । इमेणं एयारूवेणं महया अप्पत्तिएणं मणोमाणसिएणं दुक्खेणं अभिभूए समाणे अंतेउर-परियाल-संपरिवुडे सभंडमत्तोवगरणमायाए वीतीभयाओ णयराओ णिग्गच्छइ, णिग्गच्छित्ता पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे जेणेव चंपाणयरी, जेणेव कूणिए राया, तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता कूणियं रायं उवसंपज्जित्ता णं विहरइ । तत्थ वि णं से विउलभोगसमिइ-समण्णागए यावि होत्था । तएणं से अभीइकुमारे समणोवासए यावि होत्था, अभिगय जीवाजीवे** *जाव* **विहरइ, उदायणम्मि रायरिसिम्मि समणुबद्धवेरे यावि होत्था ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી એકદા રાત્રિના પાછલા પ્રહરમાં કુટુંબ જાગરણ કરતા અભીચિકુમારને આ પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો– હું ઉદાયન રાજાનો પુત્ર અને પ્રભાવતી દેવીનો આત્મજ છું, તેમ છતાં મારા પિતા ઉદાયન રાજાએ મને છોડીને ભાણેજ કેશીકુમારને રાજ્ય પર સ્થાપિત કરીને, શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની સમીપે પ્રવ્રજ્યા ગ્રહણ કરી છે. આ પ્રકારના મહા અપ્રીતિરૂપ મનોમાનસિક દુઃખોથી પીડિત બનેલા, અભીચિકુમાર પોતાના અંતઃપુરના પરિવાર સહિત, પોતાની ઘરવખરી આદિ લઈને વીતિભય નગરમાંથી નીકળી ગયા અને અનુક્રમે ચાલતાં, ગ્રામાનુગ્રામ પસાર કરતાં ચંપા નગરીમાં આવીને કોણિક રાજાના આશ્રયમાં રહેવા લાગ્યા. ત્યાં પણ તેની પાસે વિપુલ ભોગ સામગ્રી હતી. તે સમયે અભીચિકુમાર જીવાજીવાદિ તત્ત્વોના જ્ઞાતા શ્રમણોપાસક હતા. તેમ છતાં તેઓ ઉદાયન રાજર્ષિ પ્રતિ વૈરાનુબંધથી યુક્ત હતા.

**વૈરાનુબંધનું પરિણામ : અભીચિકુમારની ગતિ :–**

**૧૭** **तेणं कालेणं तेणं समएणं इमीसे रयणप्पभाए पुढवीए णिरयपरिसामंतेसु चोसट्ठिं असुरकुमारावाससयसहस्सा पण्णत्ता । तएणं से अभीइकुमारे बहूइं वासाइं समणोवासग-परियागं पाउणइ, पाउणित्ता अद्धमासियाए संलेहणाए तीसं भत्ताइं अणसणाए छेदेइ, छेदेत्ता तस्स ठाणस्स अणालोइय-अपडिक्कंते कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए णिरयपरिसामंतेसु चोसट्ठीए असुरकुमारावास-सयसहस्सेसु अण्णयरंसि आयावा असुर-कुमारावासंसि आयावाअसुरकुमार-देवत्ताए उववण्णो । तत्थ णं अत्थेगइयाणं आयावगाणं असुरकुमाराणं देवाणं एगं पलिओवमं ठिई पण्णत्ता । तत्थ णं अभिइस्स वि देवस्स एगं पलिओवमं ठिई पण्णत्ता ।**

**से णं भंते ! अभीइदेवे ताओ देवलोगाओ आउक्खएणं भवक्खएणं ठिइक्खएणं अणंतरं उव्वट्टित्ता कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ? गोयमा ! महाविदेहे वासे**

**सिज्झिहिइ** *जाव* **सव्वदुक्खाणं अंतं काहिइ । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોની નિકટ અસુરકુમારોના ૬૪ લાખ આવાસ છે. અભીચિકુમાર અનેક વર્ષો પર્યંત શ્રમણોપાસક પર્યાયનું પાલન કરીને અને અર્ધમાસિક સંલેખનાથી ત્રીસ ભક્ત અનશનનું છેદન કરીને, તે પાપસ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના, મૃત્યુના સમયે મૃત્યુ પામીને રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોની નિકટ, અસુરકુમાર દેવોના ૬૪ લાખ આવાસોમાંથી કોઈ આવાસમાં આતાપ જાતિમાં અસુરકુમાર દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં કેટલાક આતાપ જાતિના અસુરકુમાર દેવોની સ્થિતિ એક પલ્યોપમની કહી છે. અભીચિ દેવની સ્થિતિ પણ એક પલ્યોપમની છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! અભીચિ દેવ આયુ ક્ષય, સ્થિતિ ક્ષય અને ભવ ક્ષય કરીને ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે અને તપ સંયમની આરાધના કરીને, સિદ્ધ થશે સર્વ દુઃખોનો અંત કરશે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે.॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અભીચિકુમારની ગતિ સૂચિત કરી છે. અભીચિકુમાર શ્રાવક હોવા છતાં પણ તેને ઉદાયન રાજા પ્રતિ વૈરભાવ હતો. તેમણે અનેક વર્ષો પર્યંત શ્રાવકવ્રતનું પાલન કર્યું. પરંતુ તે પિતાની હિતચિંતાને સમજી શક્યા નહીં. પિતાનું વર્તન તેના અંતરમાં શલ્યની જેમ ખૂંચી રહ્યું હતું. જીવનના અંતે સંલેખનાની આરાધના કરી પરંતુ ભૂતકાળમાં ખૂંચેલું શલ્ય કાઢ્યું નહીં. તપ વગેરેની સાધના કરવી સરળ છે, પરંતુ સરળ પરિણામે કષાયોનો, શલ્યનો ત્યાગ કરવો ખરેખર કઠિન છે. તેથી જ અભીચિકુમાર અંત સમયે તેની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના જ કાલધર્મને પ્રાપ્ત થયા. તેથી તે અસુરકુમાર દેવપણે ઉત્પન્ન થયા. અન્યથા શ્રાવકની ગતિ વૈમાનિક દેવની જ હોય છે.

**आयावा असुरकुमार :–** આતાપ, અસુરકુમાર દેવોમાં આતાપ નામની એક વિશિષ્ટ પ્રકારની જાતિ છે, તેમ સમજવું.

**णिरय परिसामंतेसु :–** નરકાવાસોની વચ્ચે, નરકની વચ્ચે, નરકથી ઘેરાયેલા. અસુરકુમાર આદિ દશે ય ભવનપતિ દેવોના ભવન પ્રથમ નરકપૃથ્વીમાં ત્રીજા આંતરામાં એટલે સમભૂમિથી ૪૦,૦૦૦(ચાલીસ હજાર) યોજન નીચે છે. તે કારણે અહીં અસુરકુમાર દેવોના ૬૪ લાખ ભવનોને નરકની વચ્ચે કહ્યા છે. ખરેખર ભવનપતિદેવોના સમસ્ત ભવન નરકભૂમિમાં જ છે, નરકાવાસોની વચ્ચે એટલે તે ભવન ઉપર-નીચે બંને તરફ નરકાવાસોથી ઘેરાયેલા છે.

**॥ શતક ૧૩/૬ સંપૂર્ણ ॥**

# શતક–૧૩ : ઉદ્દેશક–૭

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં ભાષા, મન અને કાયાના સ્વરૂપ વિષયક વિવિધ પ્રશ્નોત્તર, પાંચ પ્રકારના મરણ અને તેના ભેદ પ્રભેદનું નિરૂપણ છે.

**ભાષા :–** જીવ ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને, તેને ભાષારૂપે પરિણમાવીને છોડે છે. તેના ગ્રહણ કર્યા પહેલા અને છોડયા પછી તેનું ભાષા રૂપે અસ્તિત્વ રહેતું નથી. તેથી ભાષા આત્મરૂપ નથી. કારણ કે આત્મા ત્રિકાલસ્થાયી છે. ભાષા શ્રોતેન્દ્રિય દ્વારા ગ્રાહય હોવાથી પૌદ્ગલિક છે અને પૌદ્ગલિક હોવાથી તે રૂપી, અચિત્ત, અને અજીવરૂપ છે. તે અજીવરૂપ હોવા છતાં જીવના પ્રયત્નથી જ બોલાય છે, તેથી ભાષા જીવને જ હોય છે અજીવને હોતી નથી. જ્યારે બોલાય ત્યારે જ તેને ભાષા કહેવાય છે. ભાષાનો એક સમય વ્યતીત થયા પછી તે અભાષા કહેવાય છે. જ્યારે વક્તા ભાષાનો પ્રયોગ કરે છે, ત્યારે જ તેનું ભેદન થાય છે. કારણ કે તેનું અસ્તિત્વ વર્તમાનકાલભાવી જ છે. ભાષાના ચાર પ્રકાર છે. યથા– સત્યભાષા, અસત્યભાષા, મિશ્રભાષા અને વ્યવહારભાષા.

**મન :–** જીવ મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને, તેને મનરૂપે પરિણમાવીને મનન કરે, તેને મન કહે છે. મનન સમયે જ તે મન કહેવાય છે. પૂર્વ કે પશ્ચાત્ અવસ્થામાં તેનું મન રૂપે અસ્તિત્વ રહેતું નથી અર્થાત્ મન પણ અશાશ્વત છે. માટે તે આત્મરૂપ નથી, અનાત્મરૂપ છે. તેથી ભાષાની જેમ મન પણ રૂપી, અજીવ અને પુદ્ગલ સ્વરૂપ છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવને જ મન હોય છે. અન્ય જીવને કે અજીવને મન હોતું નથી. મનના પણ ભાષાની જેમ ચાર ભેદ છે– સત્યમન, અસત્યમન, મિશ્રમન અને વ્યવહારમન.

**કાયા :–** કાયા કથંચિત્ આત્મસ્વરૂપ છે, કથંચિત્ અનાત્મ સ્વરૂપ છે. કાયા આત્મા સાથે અનાદિકાલથી છે. કાયાના સ્પર્શનો, છેદન, ભેદનનો કાયા દ્વારા કરેલા કર્મોનો અનુભવ કાયાના માધ્યમથી આત્માને જ થાય છે. તે અપેક્ષાએ કથંચિત્ તે આત્મરૂપ છે. પરંતુ તેના અંગોપાંગના છેદનથી આત્માનો નાશ થતો નથી તેની અપેક્ષાએ તે આત્માથી ભિન્ન અનાત્મસ્વરૂપ છે.

જીવના કર્મો(કાર્મણ શરીર) અને આત્મા ક્ષીર-નીરની જેમ એકમેક જેવા છે. તેથી કાર્મણ શરીરની અપેક્ષાએ આત્મરૂપ અને ઔદારિકાદિ સ્થૂલ શરીરની અપેક્ષાએ અનાત્મરૂપ છે, ઔદારિકાદિ શરીરની અપેક્ષાએ કાયા રૂપી મનાય છે અને સૂક્ષ્મ શરીર(કાર્મણ શરીર)ની અપેક્ષાએ તે(રૂપી હોવા છતાં) અરૂપી મનાય છે.

જીવિત અવસ્થામાં કાયા સચિત્ત અને મૃતાવસ્થામાં તે અચિત્ત છે. શ્વાસોચ્છવાસાદિ પ્રાણયુક્ત હોવાથી ઔદારિક શરીરરૂપ કાયા જીવરૂપ છે અને શ્વાસોચ્છવાસાદિ રહિતની અપેક્ષાએ કાર્મણ શરીરરૂપ કાયા અજીવરૂપ છે.

કાયા જીવ અને અજીવ બંનેને હોય છે. તેનો સંબંધ પહેલાં અને પછી પણ હોય છે. જેમ દેડકાના મૃત કલેવરમાં ભવિષ્યમાં જીવ ઉત્પન્ન થાય ત્યાર પછી તે જીવનું શરીર બની જાય છે. તેમ છતાં જીવની ઉત્પત્તિ પહેલાં પણ તેને કાયા કહેવાય છે. જ્યારે તેમાં જીવ હોય ત્યારે જીવિત શરીરને પણ કાયા અને

તેમાંથી જીવ ચાલ્યો જાય, તે મૃત કલેવરને પણ કાયા કહેવાય છે. આ રીતે કાયા ત્રણે કાલમાં હોય છે. તેથી તેના પુદ્ગલોનું ભેદન પણ ત્રણે કાલમાં થાય છે. કાયાના સાત પ્રકાર છે, ઔદારિક, ઔદારિક મિશ્ર, વૈક્રિય, વૈક્રિયમિશ્ર, આહારક, આહારક મિશ્ર અને કાર્મણકાય.

**મરણ :–** આયુષ્ય પૂર્ણ થાય ત્યારે આત્મા અને શરીરનું જુદા થવું, શરીરમાંથી પ્રાણ નીકળવા, બાંધેલા આયુષ્ય દલિકોનો ક્ષય થવો, તેને મરણ કહે છે. તેના પાંચ પ્રકાર છે.

**(૧) આવીચિમરણ :–** ક્ષણે-ક્ષણે થતા આયુષ્યકર્મના ક્ષયને આવીચિમરણ કહે છે.

**(૨) અવધિમરણ :–** જીવ જે આયુષ્યકર્મના દલિકો ગ્રહણ કરી, તેને ભોગવીને છોડી દે છે. ત્યાર પછી મર્યાદિત સમય સુધી તે છોડેલા દલિકોને ગ્રહણ ન કરે. આ રીતે જેટલી કાલ મર્યાદા સુધી તે દલિકો પુનઃ ગ્રહણ ન થાય તે કાલમર્યાદાને તે પુદ્ગલોની અપેક્ષાએ અવધિમરણ કહે છે.

**(૩) આત્યંતિક મરણ :–** એક વાર બાંધીને છોડેલા જે આયુષ્યના દલિકો પુનઃ કદાપિ જીવ દ્વારા ગ્રહણ ન થાય અને તે જીવ મોક્ષગતિમાં ચાલ્યો જાય તે આયુષ્ય દલિકોની અપેક્ષાએ જીવનું આત્યંતિક મરણ કહેવાય છે.

ઉપરોકત ત્રણે મરણના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ અને ભાવની અપેક્ષાએ પાંચ-પાંચ ભેદ અને તે પ્રત્યેકના ચાર ગતિની અપેક્ષાએ ચાર ભેદ થાય છે. આ રીતે ત્રણેય મરણના ૨૦-૨૦ ભેદ થાય છે.

**(૪) બાલમરણ :–** જે મરણ કષાયવશ કે અજ્ઞાનવશ થઈ સ્વેચ્છાથી સ્વીકારવામાં આવે, તે મરણને બાલમરણ કહે છે. તેના બાર પ્રકાર છે. અજ્ઞાન દશામાં પરવશપણે સ્વતઃ મરણ થાય તે પણ અજ્ઞાન મરણ કહેવાય છે.

**(૫) પંડિતમરણ :–** જ્ઞાની જીવો નિર્જરાર્થે તપ સાથે સ્વેચ્છાથી શરીરનો ત્યાગ કરે, સંલેખના-સંથારો ગ્રહણ કરે અને મરણ પામે તે મરણને પંડિત મરણ કહે છે. તેના બે ભેદ છે– ભક્તપરિજ્ઞા અને પાદપોપગમન.

**ભક્તપરિજ્ઞા :–** ત્રણ કે ચાર પ્રકારના આહારનો જીવન પર્યંત ત્યાગ કરવો અને આત્મભાવોમાં સ્થિત થવું તે ભક્ત પ્રત્યાખ્યાન (પંડિત મરણ) કહેવાય છે. વળી તેમાં અંગોપાંગના હલનચલન, શરીર શુશ્રૂષા આદિનો આગાર હોય છે.

**પાદપોપગમન :–** ચારે પ્રકારના આહારનો જીવનપર્યંત ત્યાગ કરીને, કપાયેલી વૃક્ષની ડાળીની જેમ સંપૂર્ણ રીતે નિશ્ચેષ્ટ રહેવું. તેમાં શરીરના કોઈ પણ પ્રકારના હલનચલન કે સેવા-શુશ્રૂષાનો આગાર નથી. માત્ર શરીરની સ્વાભાવિક શ્વાસોશ્વાસ આદિ પ્રક્રિયા અથવા મલોત્સર્ગ આદિ પ્રવૃત્તિનો આગાર હોય છે.

બંને પ્રકારના પંડિત મરણના નીહારિમ અને અનીહારિમ, આ બે ભેદ હોય છે. નીહારિમમાં મૃતદેહની ઉત્તરક્રિયા દાહસંસ્કાર વગેરે થાય છે અને અનીહારિમમાં મૃતદેહની કોઈપણ ક્રિયા કરવામાં આવતી નથી. માટે અનીહારિમ પંડિતમરણ પર્વત, વન આદિ પ્રદેશમાં અંગીકાર કરવામાં આવે છે.

આ રીતે આ ઉદ્દેશકમાં જીવોના મન, વાણી, કાયાનું અને તે ત્રણેથી રહિત થવાની અવસ્થારૂપ મરણનું સાપેક્ષ વર્ણન છે.

❖❖❖❖❖

# શતક–૧૩ : ઉદ્દેશક–૭

## ભાષા

**ભાષા વિષયક વિવિધ પ્રશ્નોત્તર :–**

**१ रायगिहे** *जाव* **एवं वयासी– आया भंते ! भासा, अण्णा भासा ? गोयमा ! णो आया भासा, अण्णा भासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! ભાષા, આત્મરૂપ (જીવ સ્વરૂપ) છે કે અનાત્મરૂપ(આત્માથી ભિન્ન) છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ભાષા આત્મરૂપ નથી, અનાત્મરૂપ(આત્માથી ભિન્ન, પુદ્ગલ સ્વરૂપ) છે.

**२ रूविं भंते ! भासा, अरूविं भासा ? गोयमा ! रूविं भासा, णो अरूविं भासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાષા રૂપી છે કે અરૂપી ? **ઉત્તર–** હે ગૌતમ ! ભાષા રૂપી છે, અરૂપી નથી.

**३ सचित्ता भंते ! भासा, अचित्ता भासा ? गोयमा ! णो सचित्ता भासा, अचित्ता भासा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાષા સચિત્ત છે કે અચિત્ત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભાષા સચિત્ત નથી, અચિત્ત છે.

**४ जीवा भंते ! भासा, अजीवा भासा ? गोयमा ! णो जीवा भासा, अजीवा भासा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાષા જીવ છે કે અજીવ ? **ઉત્તર–** હે ગૌતમ ! ભાષા જીવ નથી, અજીવ છે.

**५ जीवाणं भंते ! भासा, अजीवाणं भासा ? गोयमा ! जीवाणं भासा, णो अजीवाणं भासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાષા જીવોને હોય છે કે અજીવોને ? **ઉત્તર–** હે ગૌતમ ! ભાષા જીવોને હોય છે, અજીવોને હોતી નથી.

**६ पुव्विं भंते ! भासा, भासिज्जमाणी भासा, भासासमयवीइक्कंता भासा ? गोयमा ! णो पुव्विं भासा, भासिज्जमाणी भासा, णो भासासमयवीइक्कंता भासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બોલતા પહેલાં ભાષા કહેવાય, બોલતા સમયે ભાષા કહેવાય કે

બોલ્યા પછી ભાષા કહેવાય ?

**ઉત્તર–** હે ગૌતમ ! બોલતા પહેલાં ભાષા નથી, બોલતા સમયે ભાષા કહેવાય છે, બોલ્યા પછી ભાષા કહેવાતી નથી.

**૭ पुव्विं भंते ! भासा भिज्जइ, भासिज्जमाणी भासा भिज्जइ, भासासमयवीइक्कंता भासा भिज्जइ ?**

**गोयमा ! णो पुव्विं भासा भिज्जइ, भासिज्जमाणी भासा भिज्जइ, णो भासासमयवीइक्कंता भासा भिज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બોલતા પહેલાં ભાષાનું ભેદન થાય, બોલતા સમયે ભાષાનું ભેદન થાય કે બોલ્યા પછી ભાષાનું ભેદન થાય ?

**ઉત્તર–** હે ગૌતમ ! બોલતા પહેલાં ભાષાનું ભેદન થતું નથી, બોલતા સમયે ભાષાનું ભેદન થાય છે, બોલ્યા પછી પણ ભાષાનું ભેદન થતું નથી.

**૮ कइविहा णं भंते ! भासा पण्णता ? गोयमा ! चउव्विहा भासा पण्णत्ता, तंजहा– सच्चा, मोसा, सच्चामोसा, असच्चामोसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાષાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભાષાના ચાર પ્રકાર છે. યથા– સત્યભાષા, મૃષા-ભાષા, સત્યમૃષા-મિશ્રભાષા અને અસત્યામૃષા-વ્યવહાર ભાષા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વિવિધ દષ્ટિકોણથી ભાષા વિષયક નિરૂપણ છે.

**(૧) ભાષા અનાત્મ રૂપ છે :–** ભાષા આત્મરૂપ અર્થાત્ જીવ સ્વભાવ નથી, કારણ કે તે પુદ્ગલમય છે. માટે આત્માથી તે ભિન્ન છે. જે રીતે જીવ દ્વારા ફેંકાયેલું ઢેફું જીવથી ભિન્ન છે, અચેતન છે; તે જ રીતે જીવ દ્વારા ગ્રહણ કરીને મૂકાયેલા ભાષા વર્ગણાના પુદ્ગલો પણ જીવથી ભિન્ન છે, અનાત્મરૂપ છે. ભાષામાં જીવનો વ્યાપાર છે, તોપણ તેને જીવ સ્વરૂપ કહી શકાય નહીં, કારણ કે જીવનો વ્યાપાર ફેંકાયેલા ઢેફામાં હોવા છતાં તે ઢેફું જીવ સ્વરૂપ નથી.

**(૨) ભાષા રૂપી છે :–** ભાષા ચક્ષુરિન્દ્રિયથી અગ્રાહ્ય છે. તોપણ તેને અરૂપી કહી શકાય નહીં કારણ કે પરમાણુ આદિ, સૂક્ષ્મ પુદ્ગલો, દેવોનું રૂપ, વાયુ વગેરે પદાર્થો ચક્ષુગ્રાહ્ય ન હોવા છતાં તે રૂપી છે. તેમજ ભાષા પણ રૂપી છે. ભાષાના પુદ્ગલો ગ્રહણ કરાય છે અને મૂકાય છે. તેથી તે પુદ્ગલ સ્વરૂપ છે. તેના પુદ્ગલો વર્ણાદિ ૧૬ બોલ યુક્ત હોય છે. તે ચઉસ્પર્શી અને ચક્ષુથી અગ્રાહ્ય હોય છે.

**(૩) ભાષા અચિત્ત છે :–** ભાષા અનાત્મરૂપ છે, તે જીવ દ્વારા છોડેલા પુદ્ગલ સ્વરૂપ છે. જીવ દ્વારા નિસૃષ્ટ કફ, આદિ પુદ્ગલોની સમાન ભાષા પણ પુદ્ગલ સમૂહ રૂપ છે તેથી તે અચિત્ત છે.

**(૪) ભાષા અજીવ છે :–** ભાષા જીવ રૂપ(પ્રાણ-ધારણ કરવાના સ્વભાવવાળી) નથી કારણ કે તેમાં ઉચ્છ્વાસ આદિ પ્રાણોનો અભાવ છે, તેથી તે અજીવરૂપ જ છે.

**(૫) ભાષા જીવને હોય છે :–** ભાષા જીવ સ્વરૂપ નથી તેમ છતાં ભાષા જીવોને જ હોય છે, કારણ કે

વર્ણોનો સમૂહ ભાષા કહેવાય છે અને વર્ણ(અક્ષર), જીવના કંઠ, તાલુ, આદિના વ્યાપારથી ઉત્પન્ન થાય છે. કંઠ, તાલુ આદિનો વ્યાપાર જીવમાં જ પ્રાપ્ત થાય છે. આ રીતે ભાષા જીવના પ્રયત્નકૃત હોવાથી જીવને જ હોય છે.

જો કે ઢોલ મૃદંગ આદિ વાજિંત્રોમાંથી પણ ધ્વનિ ઉત્પન્ન થાય છે. તે શબ્દ કહેવાય છે પરંતુ ભાષા કહેવાતી નથી. કારણ કે જીવ દ્વારા ભાષા પર્યાપ્તિના સહયોગે નિષ્પન્ન શબ્દોને જ ભાષા કહેવાય છે. મૃદંગ આદિના ધ્વનિ પુદ્ગલના સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે, કારણ કે શબ્દ, પુદ્ગલનો ગુણ છે.

**(૬) બોલતા સમયે જ ભાષા છે :–** જે રીતે પિંડ અવસ્થામાં રહેલી માટી કે ઘટ ફૂટ્યા પછી તેના ઠીકરાંને ઘટ કહેવાતો નથી, તે જ રીતે બોલતા પહેલા કે પછી તે ભાષા કહેવાતી નથી. જે રીતે ઘટ અવસ્થા વિદ્યમાન હોય ત્યારે જ ઘટ કહેવાય છે, તે જ રીતે બોલાતા સમયે– મુખમાંથી નીકળતી અવસ્થામાં જ ભાષા કહેવાય છે.

**(૭) બોલાતી ભાષાનું જ ભેદન થાય છે :–** ભાષા વર્ણણાને ભાષારૂપે પરિણમાવી વક્તા જ્યારે બોલે, ભાષાને છોડે ત્યારે તે ભાષા પુદ્ગલોનું વિખરાય જવું, તેના ખંડ થવા, તે પુદ્ગલ સમૂહના છૂટા પડવાને **ભેદન** કહેવામાં આવે છે.

બોલતા પૂર્વે તો ભાષા પુદ્ગલ છોડાયા જ નથી. તેથી તેનું ભેદન સંભવિત નથી. બોલાયા પછી અર્થાત્ ભાષાના સમય પછી તે પુદ્ગલો ભાષા પરિણામે રહેતા નથી, માટે બોલાતા સમયે જ ભાષાનું ભેદન થાય છે.

ભાષા સમય પછી તે પુદ્ગલ શબ્દ કહેવાય છે. અંતર્મુહૂર્ત પછી તે પુદ્ગલ અશબ્દ પરિણત કહેવાય છે. વકતાના સામાન્ય પ્રયત્નથી છોડેલા ભાષા પુદ્ગલ ભેદાતાં-ભેદાતાં ઉત્કૃષ્ટ સંખ્યાત યોજન જતાં વિનષ્ટ થઈ જાય છે અને મહાપ્રયત્નથી અર્થાત્ આત્માના વિશેષ સામર્થ્ય દ્વારા છોડાતા ભાષા પુદ્ગલ ભેદાતાં-ભેદાતાં અને અન્ય પુદ્ગલોને વાસિત કરતાં અસંખ્ય યોજન સુધી જાય છે.

**મન વિષયક વિવિધ પ્રશ્નોત્તર :–**

**૯ आया भंते ! मणे, अण्णे मणे । गोयमा ! णो आया मणे, अण्णे मणे । जहा भासा तहा मणे वि *जाव* णो अजीवाणं मणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મન આત્મા છે કે આત્માથી ભિન્ન છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મન આત્મા નથી. મન આત્માથી અન્ય(ભિન્ન) છે. ઈત્યાદિ જે રીતે ભાષાના વિષયમાં કથન કર્યું, તે જ રીતે મનના વિષયમાં પણ કથન કરવું ***યાવત્*** અજીવોને મન હોતું નથી.

**૧૦ पुव्विं भंते ! मणे, मणिज्जमाणे मणे ? गोयमा ! जहेव भासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનન પૂર્વે મન હોય કે, મનન સમયે મન હોય અથવા મનન સમય વ્યતીત થયા પછી મન હોય ? **ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે ભાષાના સંબંધમાં કથન કર્યું, તે જ રીતે મનના વિષયમાં પણ કથન કરવું જોઈએ.

**૧૧ पुव्विं भंते ! मणे भिज्जइ; मणिज्जमाणे मणे भिज्जइ, मणसमयवीइक्कंते मणे भिज्जइ ? गोयमा ! जहेव भासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું મનન પૂર્વે મનનું ભેદન થાય, મનન સમયે મનનું ભેદન થાય કે મનન-સમય વ્યતીત થયા પછી મનનું ભેદન થાય ?

**ઉત્તર–** ગૌતમ ! જે રીતે ભાષાના ભેદન વિષયક કથન કર્યું, તે જ રીતે મનના ભેદન વિષયક કથન કરવું જોઈએ.

**૧૨ कइविहे णं भंते ! मणे पण्णत्ते ? गोयमा ! चउव्विहे मणे पण्णत्ते, तं जहा– सच्चे** *जाव* **असच्चामोसे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! મનના ચાર પ્રકાર છે. યથા– (૧) સત્યમન (૨) મૃષામન (૩) મિશ્રમન (૪) વ્યવહાર મન.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં મન વિષયક વિવિધ નિરૂપણ છે. તેનું વિવેચન ભાષાની સમાન સમજવું જોઈએ.

**મનઃ–** મનન-ચિંતન કરવામાં ઉપકારી મનોવર્ગણાના પુદ્‌ગલ ગ્રહણ કરી જીવ દ્વારા જે ચિંતન-મનન થાય છે તે મન કહેવાય છે.

**મનની ઉત્પત્તિ :–** મનઃપર્યાપ્તિ નામ કર્મના ઉદયથી તેની ઉત્પત્તિ થાય છે

**મનનું ભેદન :–** મનોદ્રવ્ય સમુદાયનું વિખરાય જવું તેને મનનું ભેદન કહે છે. વર્તમાન યુગની ભાષામાં કહી શકાય કે મન જ્યારે ચિંતન, મનન, સ્મરણ, નિર્ણય, નિદિધ્યાસન, સંકલ્પ, વિકલ્પ આદિ ભિન્ન ભિન્ન રૂપે પરિણમે છે, ત્યારે જ તેનું ભેદન થાય છે.

મન પણ ભાષાની જેમ અનાત્મરૂપ, રૂપી, અચિત્ત અને અજીવરૂપ છે. મનન સમયે તેને મન કહેવાય છે. મનન પહેલાં કે પછી તેનું અસ્તિત્વ હોતું નથી. તેથી મનન સમયે જ તેનું ભેદન થાય છે. મન જીવોને જ હોય છે. અજીવોને હોતું નથી.

**કાયા વિષયક વિવિધ પ્રશ્નોત્તર :–**

**૧૩ आया भंते ! काये, अण्णे काये ? गोयमा ! आया वि काये, अण्णे वि काये ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાયા(શરીર) આત્મા છે કે આત્માથી ભિન્ન છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કાયા આત્મા પણ છે અને આત્માથી ભિન્ન પણ છે.

**૧૪ रूविं भंते ! काये, अरूविं काये ?**

**गोयमा ! रूविं वि काये, अरूविं वि काये । एवं एक्केक्के पुच्छा ? गोयमा ! सचित्ते वि काये, अचित्ते वि काये । जीवे वि काये, अजीवे वि काये, जीवाण वि काये, अजीवाण वि काये ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાયા રૂપી છે કે અરૂપી ? **ઉત્તર–** હે ગૌતમ ! કાયા રૂપી પણ છે અને અરૂપી પણ છે. આ રીતે પૂર્વવત્ એક એક પ્રશ્ન કરવા જોઈએ [ઉત્તર] હે ગૌતમ ! કાયા સચિત્ત પણ છે અચિત્ત પણ છે. કાય જીવરૂપ પણ છે અને અજીવરૂપ પણ છે. કાય જીવોને પણ હોય છે અને અજીવોને

પણ હોય છે.

**૧૫ पुव्विं भंते ! काये, पुच्छा ? गोयमा ! पुव्विं पि काये, कायिज्जमाणे वि काये, कायसमय-वीइक्कंते वि काये ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું પહેલાં કાયા હોય છે ઇત્યાદિ પ્રશ્ન. ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવનો સંબંધ થતાં પહેલાં પણ કાયા હોય છે. કાયિક પુદ્ગલોના ગ્રહણ સમયે પણ કાયા હોય છે અને કાયિક પુદ્ગલોના ગ્રહણનો સમય વ્યતીત થઈ ગયા પછી પણ કાયા હોય છે.

**૧૬ पुव्विं भंते ! काये भिज्जइ ? पुच्छा । गोयमा ! पुव्विं पि काये भिज्जइ *जाव* काये भिज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવો દ્વારા ગ્રહણ કર્યા પહેલાં કાયાનું ભેદન થાય છે, ઇત્યાદિ પ્રશ્ન ? **ઉત્તર–** હે ગૌતમ ! પહેલાં પણ કાયનું ભેદન થાય છે. પુદ્ગલોના ગ્રહણ સમયે પણ કાયાનું ભેદન થાય છે. પુદ્ગલોના ગ્રહણ કરવાનો સમય વ્યતીત થઈ ગયા પછી પણ કાયાનું ભેદન થાય છે.

**૧૭ कइविहे णं भंते ! काये पण्णत्ते ?**

**गोयमा ! सत्तविहे काये पण्णत्ते, तं जहा– ओराले, ओरालियमीसए, वेउव्विए, वेउव्वियमीसए आहारए, आहारगमीसए, कम्मए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાયાના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સાત પ્રકાર છે, યથા (૧) ઔદારિક (૨) ઔદારિક મિશ્ર (૩) વૈક્રિય (૪) વૈક્રિય મિશ્ર (૫) આહારક (૬) આહારક-મિશ્ર અને (૭) કાર્મણ કાય.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કાયા વિષયક વિવિધ દષ્ટિકોણથી નિરૂપણ છે.

ભાષા અને મન કરતાં કાયાનું સ્વરૂપ ભિન્ન છે. ભાષા અને મન વર્તમાનકાલભાવી છે. કારણકે બોલતા સમયે કે મનન સમયે જ તેનું અસ્તિત્વ હોય છે. જ્યારે કાયાની સ્થિતિ ત્રિકાલ સ્થાયી છે. કાયા પુદ્ગલમય છે. સ્વભાવની અપેક્ષાએ ચૈતન્ય સ્વરૂપ આત્માથી સર્વથા ભિન્ન છે. તેમ છતાં પ્રસ્તુત સૂત્રોમાં સાપેક્ષ સમાધાન છે.

**(૧) કાયા આત્મા પણ છે અને અનાત્મ પણ છે :–** કાયા કથંચિત્ આત્મસ્વરૂપ છે, કારણ કે કાયાનો સ્પર્શ કરવાથી આત્માને અનુભવ થાય છે, કાયાથી બાંધેલા કર્મોનો અનુભવ આત્માને થાય છે. તેમજ જીવકૃત કર્મોનું વેદન પણ કાયાના માધ્યમથી થાય છે. તેથી તે કથંચિત્ આત્મસ્વરૂપ છે. કથંચિત્ અનાત્મસ્વરૂપ છે, કારણ કે કાયાનો વિનાશ થવાથી આત્માનો વિનાશ થતો નથી, કાયાના એકાદ અંગનું છેદન થવાથી આત્માનું છેદન થતું નથી, તેથી તે કથંચિત્ અનાત્મસ્વરૂપ છે.

કાર્મણ કાયા અને સંસારી આત્મા, પરસ્પર ક્ષીર-નીરની જેમ એકમેક રૂપે રહે છે તેથી કાર્મણ કાયની અપેક્ષાએ કાયા આત્મરૂપ છે અને ઔદારિક આદિ શરીરની અપેક્ષાએ કાયા આત્માથી ભિન્ન છે.

**(૨) કાયા રૂપી પણ છે અરૂપી પણ છે :–** ઔદારિક આદિ શરીરોની અપેક્ષાએ કાયા રૂપી છે અને કાર્મણકાય રૂપી હોવા છતાં પણ અતિ સૂક્ષ્મ હોવાથી કાયાને સ્થૂલ દષ્ટિએ અરૂપી પણ માની શકાય છે. (વાસ્તવિક રીતે અરૂપી નથી)

**(૩) કાયા સચિત્ત પણ છે અચિત્ત પણ છે :–** જીવિત અવસ્થામાં ચૈતન્ય યુક્ત હોવાથી કાયા સચિત્ત છે અને મૃતાવસ્થામાં ચૈતન્યનો અભાવ હોવાથી તે કાયા અચિત્ત પણ છે.

**(૪) કાયા જીવ પણ છે અને અજીવ પણ છે :–** વિવક્ષિત ઉચ્છ્વાસાદિ પ્રાણ ધારણ કરવાથી ઔદારિક શરીરની અપેક્ષાએ કાયા જીવ રૂપ છે અને ઉચ્છ્વાસાદિ રહિત મૃતદેહની અપેક્ષાએ કાયા અજીવ રૂપ છે.

**(૫) કાયા જીવને પણ છે અને અજીવને પણ છે :–** જીવ શરીર ધારણ કરે છે. તેથી જીવને કાય-શરીર હોય છે અને માટી આદિથી બનેલા શરીરનો આકાર અજીવ કાય કહેવાય છે.

**(૬) કાયા પહેલાં, પછી અને વર્તમાનમાં હોય છે :–** જીવનો સંબંધ થયા પહેલાં પણ કાયા હોય છે. જેમ કે દેડકા આદિનું કલેવર પડયું હોય જીવ ઉત્પન્ન થતાં તે જીવની તે કાયા બની જાય છે. વર્તમાનમાં જીવ તે શરીર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે. તેથી ગ્રહણ સમયે પણ કાયા છે. જીવ દ્વારા શરીરને યોગ્ય પુદ્ગલ ગ્રહણનો સમય વ્યતીત થઈ ગયા પછી પણ કાયા હોય છે. જેમ કે મૃત કલેવર.

**(૭) કાયાનું ભેદન પહેલાં પછી અને વર્તમાનમાં હોય છે :–** જીવ દ્વારા કાયાને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરાતાં પહેલાં પણ પ્રતિક્ષણ પુદ્ગલોનો ચય-ઉપચય થવાની પહેલાં પણ કાયાનું ભેદન થાય છે. જેમ કે જે ઘટમાં મધ ભરવાનો વિચાર હોય તેને મધ ભર્યા પહેલાં પણ મધુ-ઘટ કહેવાય છે. તે જ રીતે કાયા રૂપે પરિણત થયા પહેલાં પણ તેને દ્રવ્ય-કાયા કહી શકાય છે. જીવ દ્વારા ગ્રહણ કરાતા સમયે પણ કાયાનું ભેદન થાય તે સ્પષ્ટ છે. જીવ રહિત કાયાનું પણ અસ્તિત્વ રહે છે અને તેમાંથી પુદ્ગલો વિખરાતા જાય છે માટે કાયાનો સમય વ્યતીત થઈ ગયા પછી પણ તેનું ભેદન થાય છે.

**મરણના વિવિધ પ્રકાર :–**

**१८** **कइविहे णं भंते ! मरणे पण्णत्ते ?**

**गोयमा ! पंचविहे मरणे पण्णत्ते, तं जहा– आवीचियमरणे ओहिमरणे आइयंतियमरणे बालमरणे पंडियमरणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મરણના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મરણના પાંચ પ્રકાર છે. યથા– (૧) આવીચિમરણ (૨) અવધિમરણ (૩) આત્યંતિક મરણ (૪) બાલમરણ (૫) પંડિત મરણ.

**વિવેચન :–**

**મરણ :–** આયુષ્ય પૂર્ણ થતાં આત્મા અને સ્થૂલ શરીરનું જુદા થઈ જવું, શરીરમાંથી આયુષ્ય બલપ્રાણનો નાશ થવો, તથા બાંધેલા આયુષ્ય કર્મના દલિકોનો ક્ષય થવો, તેને મરણ કહે છે તેના પાંચ પ્રકાર છે. યથા–

**(૧) આવીચિમરણ :– (१) आ–समन्ताद्वीचय–प्रतिसमयमनुभूयमानायुषोऽपरापरायुर्दलिकोदयात्पूर्वायुर्दलिकविच्युतिलक्षणाऽवस्था यस्मिन तदावीचिकं ।** જેમ પ્રતિ સમયે તરંગો ઉત્પન્ન થાય અને નષ્ટ થાય

તેમ પ્રત્યેક સમયે આયુષ્યકર્મના દલિકો ઉદય પામે છે અને નિર્જરી જાય છે. પ્રતિ સમયે આયુષ્ય દલિકો ભોગવાય છે, સમયે-સમયે આયુષ્ય ઘટતું જાય છે; તેને આવીચિ મરણ કહે છે. (૨) **अविद्यमाना वीचि–विच्छेदो यत्र तदावीचिकं अवीचिकमेवावीचिकं तच्च तन्मरणं च इत्यावीचिरमणं।** જે મરણમાં વીચિ-વિચ્છેદ વિદ્યમાન ન રહે અર્થાત્ વિચ્છેદ ન થાય, આયુષ્યકર્મની પરંપરા ચાલુ રહે તેને આવીચિમરણ કહે છે.

**(૨) અવધિમરણ :–** (૧) એક ભવની અવધિ– આયુષ્ય મર્યાદા પૂર્ણ થતાં જે મરણ થાય તે અવધિમરણ છે. આયુષ્યકર્મના દલિકોને ભોગવ્યા પછી તે દ્રવ્યોના પુનર્ગ્રહણની અવધિ(તે પુદ્ગલો પુનઃ ગ્રહણ ન થાય ત્યાં) સુધી તે જીવનું અવધિમરણ કહેવાય છે. આ મરણ પછી પુદ્ગલ પરિણામોની વિચિત્રતાના કારણે એક વાર છોડેલા કર્મદલિકોનું પુનઃ ગ્રહણ શક્ય બને છે.

**(૩) આત્યંતિક મરણ :–** નરકાદિ આયુષ્યકર્મ રૂપ કર્મદલિકોને એક વાર ભોગવીને મૃત્યુ સમયે છોડી દીધા પછી તેને જીવ પુનઃ ક્યારે ય ગ્રહણ ન કરે તો તે મરણને આત્યંતિક મરણ કહે છે.

**(૪)બાલ મરણ :–** વ્રતરહિત જીવોના મરણને બાલ મરણ કહે છે.

**(૫) પંડિત મરણ :–** વ્રત પ્રત્યાખ્યાન સહિત કે સંલેખના સંથારા સહિત જીવોના મરણને પંડિત મરણ કહે છે.

**આવિચિ મરણ :–**

**૧૯** **आवीचियमरणे णं भंते ! कइविहे पण्णत्ते ?**

**गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा– दव्वावीचिय मरणे, खेत्तावीचियमरणे कालावीचियमरणे भवावीचियमरणे भावावीचियमरणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આવીચિમરણના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આવીચિમરણના પાંચ પ્રકાર છે. યથા– (૧) દ્રવ્યાવીચિમરણ (૨) ક્ષેત્રાવીચિમરણ (૩) કાલાવીચિમરણ (૪) ભવાવીચિમરણ (૫) ભાવાવીચિમરણ.

**૨૦** **दव्वावीचियमरणे णं भंते ! कइविहे पण्णत्ते ?**

**गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा– णेरइयदव्वावीचियमरणे, तिरिक्खजोणिय-दव्वावीचियमरणे, मणुस्सदव्वावीचियमरणे, देवदव्वावीचियमरणे।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– णेरइयदव्वावीचियमरणे, णेरइयदव्वावीचियमरणे ?**

**गोयमा ! जण्णं णेरइया णेरइए दव्वे वट्टमाणा जाइं दव्वाइं णेरइयाउयत्ताए गहियाइं, बद्धाइं, पुट्ठाइं, कडाइं, पट्ठवियाइं, णिविट्ठाइं, अभिणिविट्ठाइं, अभिसमण्णागयाइं भवंति ताइं दव्वाइं आवीचियमणुसमयं णिरंतरं मरंति त्ति कट्टु से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– णेरइयदव्वावीचियमरणे एवं *जाव* देव-दव्वावीचियमरणे ।**

**શબ્દાર્થ :– णेरइए दव्वे वट्टमाणे** = નારક જીવ રૂપે વર્તતા **णेरइयाउयत्ताए** = નૈરયિક આયુષ્ય રૂપે

**गहियाइं** = ગૃહીત,સામાન્યરૂપે ગ્રહણ કર્યા **बद्धाइं** = બંધન રૂપે બાંધ્યા **पुट्ठाइं** = પ્રદેશરૂપે(પ્રક્ષિપ્ત કરીને) પુષ્ટ કર્યા **पट्ठवियाइं** = સ્થિતિરૂપે સ્થાપિત કર્યા **णिविट्ठाइं** = જીવ પ્રદેશમાં પ્રવેશ કર્યો **अभिणिविट्ठाइं** = જીવ પ્રદેશોમાં અત્યંત ગાઢ રૂપે પ્રવિષ્ટ કર્યા **अभिसमण्णागयाइं** = ઉદયાભિમુખ બનેલા **मरंति** = છોડે છે, અથવા ભોગવીને મરે છે **अणुसमयं** = પ્રતિસમય.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્રવ્યાવીચિમરણના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દ્રવ્યાવીચિમરણના ચાર પ્રકાર છે. યથા– (૧) નૈરયિક દ્રવ્યાવીચિમરણ (૨) તિર્યંચ યોનિક દ્રવ્યાવીચિમરણ (૩) મનુષ્ય દ્રવ્યાવીચિમરણ (૪) દેવ દ્રવ્યાવીચિમરણ.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નૈરયિક દ્રવ્યાવીચિમરણને નૈરયિક દ્રવ્યાવીચિમરણ કહે છે?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક દ્રવ્ય(જીવ) પણે વર્તતા નૈરયિક જીવે, જે દ્રવ્યોને નૈરયિક આયુષ્યરૂપે ગ્રહણ કર્યા છે(સ્પર્શ્યા છે), બંધનરૂપે બાંધ્યા છે, પુષ્ટ કર્યા છે, વિશિષ્ટ રસ યુક્ત કર્યા છે, સ્થિતિ રૂપે સ્થાપિત કર્યા છે, જીવ પ્રદેશોમાં પ્રવિષ્ટ કર્યા છે, અભિનિવિષ્ટ-અત્યંત ગાઢરૂપે પ્રવિષ્ટ કર્યા છે અને ઉદયાભિમુખ કર્યા છે, તે દ્રવ્યોને તે નૈરયિક પ્રતિસમયે નિરંતર આવીચિમરણથી છોડે છે. તેથી હે ગૌતમ! તે નૈરયિક દ્રવ્યાવીચિમરણને નૈરયિક દ્રવ્યાવીચિમરણ કહે છે. તે રીતે તિર્યંચ દ્રવ્યાવીચિમરણ, મનુષ્ય દ્રવ્યાવીચિમરણ અને દેવ દ્રવ્યાવીચિમરણ જાણવું જોઈએ.

**૨૧ खेत्तावीचियमरणे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा– णेरइयखेत्तावीचियमरणे *जाव* देवखेत्तावीचियमरणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્ષેત્રાવીચિમરણના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચાર પ્રકાર છે, યથા– નૈરયિક ક્ષેત્રાવીચિમરણ, તિર્યંચયોનિક ક્ષેત્રાવીચિમરણ, મનુષ્ય ક્ષેત્રાવીચિમરણ અને દેવ ક્ષેત્રાવીચિમરણ.

**૨૨ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– णेरइयखेत्तावीचियमरणे णेरइयखेत्तावीचिय मरणे?**

**गोयमा ! जण्णं णेरइया णेरइयखेत्ते वट्टमाणा जाइं दव्वाइं णेरइयाउयत्ताए गहियाइं, एवं जहेव दव्वावीचियमरणे तहेव खेत्तावीचियमरणे वि । एवं *जाव* भावावीचियमरणे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નૈરયિક ક્ષેત્રાવીચિમરણને નૈરયિક ક્ષેત્રાવીચિમરણ કહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક ક્ષેત્રમાં રહેલા નૈરયિક જીવે જે દ્રવ્યોને સ્વયં નૈરયિક આયુષ્યપણે ગ્રહણ કર્યા છે, ***યાવત્*** તે દ્રવ્યોને પ્રતિસમય નિરંતર છોડે છે, ઈત્યાદિ દ્રવ્યાવીચિમરણની સમાન અહીં ક્ષેત્રાવીચિમરણનું પણ સંપૂર્ણ કથન કરવું જોઈએ. તે જ રીતે કાલાવીચિમરણ, ભવાવીચિમરણ અને ભાવાવીચિમરણ સુધી કહેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં આવીચિમરણના ભેદ પ્રભેદોનું નિરૂપણ છે. આવીચિમરણના દ્રવ્ય,ક્ષેત્ર, કાલ, ભવ અને ભાવની અપેક્ષાએ પાંચ ભેદ છે અને તે પ્રત્યેકના નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવની અપેક્ષાએ

પુનઃ ચાર-ચાર ભેદ થવાથી કુલ ૫×૪ = ૨૦ ભેદ થાય છે.

**નૈરયિક દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવ આવીચિમરણ :–** નૈરયિક જીવનું નરકાયુ ક્ષણે-ક્ષણે ક્ષીણ થાય છે, તે નૈરયિક દ્રવ્યાવીચિમરણ છે. નરકક્ષેત્રમાં રહેલા નૈરયિક જીવનો ક્ષણે-ક્ષણે જે ક્ષેત્રસંયોગ વ્યતીત થાય છે. તે નૈરયિક ક્ષેત્રાવીચિમરણ છે. નૈરયિક કાલમાં રહેલા નૈરયિક જીવની ક્ષણે-ક્ષણે આયુષ્ય સ્થિતિ ક્ષય થાય છે, તે નૈરયિક કાલાવીચિમરણ છે. નારક ભવમાં રહેલા નૈરયિક જીવના ક્ષણે-ક્ષણે ભવનિબંધક કર્મ ક્ષય થાય છે, તે નૈરયિક ભવાવીચિમરણ છે. નૈરયિક ભાવમાં વર્તતા નૈરયિક જીવના ક્ષણે ક્ષણે દુઃખ, અશાંતિ વગેરે ભાવો વ્યતીત થાય છે, તે નૈરયિક ભાવાવીચિમરણ છે. આ રીતે ચારે ગતિની અપેક્ષાએ મરણના વીસ ભેદ થાય છે.

**અવધિમરણ :–**

**૨૩ ओहिमरणे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा– दव्वोहि-मरणे, खेत्तोहि-मरणे** *जाव* **भावोहि-मरणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અવધિમરણના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પાંચ પ્રકાર છે. યથા– દ્રવ્યાવધિમરણ, ક્ષેત્રાવધિમરણ, કાલાવધિમરણ અને ભવાવધિમરણ અને ભાવાવધિમરણ.

**૨૪ दव्वोहि-मरणे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा– णेरइय-दव्वोहि-मरणे** *जाव* **देव-दव्वोहि-मरणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્રવ્યાવધિમરણના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચાર પ્રકાર છે. યથા– નૈરયિક દ્રવ્યાવધિમરણ, તિર્યંચયોનિક દ્રવ્યાવધિમરણ, મનુષ્ય દ્રવ્યાવધિમરણ અને દેવ દ્રવ્યાવધિમરણ.

**૨૫ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– णेरइय-दव्वोहि-मरणे णेरइय-दव्वोहि मरणे ?**

**गोयमा ! जण्णं णेरइया णेरइयदव्वे वट्टमाणा जाइं दव्वाइं संपयं मरंति, ते णं णेरइया ताइं दव्वाइं अणागए काले पुणो वि मरिस्संति, से तेणट्ठेणं गोयमा !** *जाव* **णेरइय दव्वोहिमरणे । एवं तिरिक्खजोणिय-मणुस्स-देवदव्वोहिमरणे वि । एवं एएणं गमेणं खेत्तोहिमरणे वि, कालोहिमरणे वि, भवोहिमरणे वि, भावोहिमरणे वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નૈરયિક દ્રવ્યાવધિમરણને "નૈરયિક દ્રવ્યાવધિમરણ" કહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકપણે રહેલા નૈરયિક જીવ, જે દ્રવ્યોને વર્તમાન સમયે છોડે છે અને પુનઃ તે જ જીવ, ભવિષ્યકાલમાં નૈરયિક થઈને તે જ દ્રવ્યોને ગ્રહણ કરીને પુનઃ છોડશે. તેથી હે ગૌતમ ! નૈરયિક દ્રવ્યાવધિમરણને "નૈરયિક દ્રવ્યાવધિમરણ" કહે છે. તે જ રીતે તિર્યંચયોનિક દ્રવ્યાવધિમરણ, મનુષ્ય દ્રવ્યાવધિમરણ અને દેવદ્રવ્યાવધિમરણ જાણવું જોઈએ. તે જ રીતે ક્ષેત્રાવધિમરણ, કાલાવધિમરણ, ભવાવધિમરણ અને ભાવાવધિમરણ પણ સમજવું જોઈએ.

**વિવેચન :–**

અવધિમરણમાં પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ અને ભાવની અપેક્ષાએ પાંચ ભેદ અને પ્રત્યેકના ચાર

ગતિની અપેક્ષાએ ચાર ભેદ થાય છે. નૈરયિક જીવ આયુષ્યદલિકોને મર્યાદિત કાલ માટે જ છોડે છે. પુનઃ ભવભ્રમણ કરતાં તેને ગ્રહણ કરવાના છે. અવધિ એટલે મર્યાદિત કાલ માટે તે આયુષ્ય દલિકો છૂટે છે તેથી તેને નૈરયિક દ્રવ્યાવધિમરણ કહે છે. આ રીતે પ્રત્યેક ભેદ સમજવા.

**આત્યંતિક મરણ :-**

**૨૬ आइयंतियमरणे णं भंते ! पुच्छा । गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा– दव्वाइयंतियमरणे, खेत्ताइयंतियमरणे, *जाव* भावाइयंतियमरणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આત્યંતિક મરણના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પાંચ પ્રકાર છે. યથા– દ્રવ્યાત્યંતિકમરણ, ક્ષેત્રાત્યંતિક મરણ, કાલાત્યંતિક મરણ, ભવાત્યંતિક મરણ અને ભાવાત્યંતિક મરણ.

**૨૭ दव्वाइयंतियमरणे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा– णेरइयदव्वाइयंतियमरणे *जाव* देवदव्वाइयंतियमरणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્રવ્યાત્યંતિક મરણના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચાર પ્રકાર છે. યથા– નૈરયિક દ્રવ્યાત્યંતિક મરણ ***યાવત્*** દેવ દ્રવ્યાત્યંતિક મરણ.

**૨૮ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– णेरइयदव्वाइयंतियमरणे णेरइय-दव्वाइयंतिय मरणे?**

**गोयमा ! जण्णं णेरइया णेरइयदव्वे वट्टमाणा जाइं दव्वाइं संपयं मरंति, तेणं णेरइया ताइं दव्वाइं अणागए काले णो पुणो वि मरिस्संति, से तेणट्ठेणं *जाव* णेरइयदव्वाइयंतिय मरणे। एवं तिरिक्ख-जोणिय-मणुस्स-देवाइयंतियमरणे, एवं खेत्ताइयंतियमरणे वि, एवं *जाव* भावाइयंतियमरणे वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નૈરયિક દ્રવ્યાત્યંતિક મરણને ''નૈરયિક દ્રવ્યાત્યંતિક મરણ'' કહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકપણે રહેલા નૈરયિક જીવ, જે દ્રવ્યોને વર્તમાન સમયે છોડે છે, તે નૈરયિક જીવ, તે દ્રવ્યોને ભવિષ્ય કાલમાં ફરી કયારેય ગ્રહણ કરશે નહીં અને છોડશે નહીં. તેથી હે ગૌતમ ! નૈરયિક દ્રવ્યાત્યંતિક મરણને ''નૈરયિક દ્રવ્યાત્યંતિક મરણ'' કહે છે. તે રીતે તિર્યંચ યોનિક દ્રવ્યાત્યંતિક મરણ, મનુષ્ય દ્રવ્યાત્યંતિક મરણ અને દેવ દ્રવ્યાત્યંતિક મરણ પણ જાણવું જોઈએ તથા આ રીતે ક્ષેત્રાત્યંતિક મરણ, કાલાત્યંતિક મરણ, ભવાત્યંતિક મરણ અને ભાવાત્યંતિક મરણ પણ જાણવું જોઈએ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં મરણના ત્રીજા ભેદરૂપ આત્યંતિક મરણનું સ્વરૂપ દર્શાવ્યું છે. નૈરયિકાદિ આયુષ્યના દલિકો છોડયા પછી તે જીવ કયારે ય તેને ગ્રહણ કરવાનો ન હોય તો તે નૈરયિક આત્યંતિક મરણ કહેવાય છે. મરણના બીજા ભેદ અવધિ મરણ અને આ ત્રીજા મરણમાં પ્રતિપક્ષભાવ છે. અવધિમરણમાં કેટલાક કાલ

પછી છોડેલા આયુષ્ય કર્મ દલિકોને ફરીથી ગ્રહણ કરવાના હોય છે અને આત્યંતિક મરણમાં એકવાર છોડેલા આયુકર્મના દલિકોને ફરી કયારે ય ગ્રહણ કરવાના જ નથી. શેષ ૨૦ ભેદ બંને મરણના સમાન રીતે થાય છે.

**બાલમરણ :–**

**૨૯ बालमरणे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दुवालसविहे पण्णत्ते, तं जहा– वलयमरणं, वसट्टमरणं एवं जहा खंदए *जाव* गिद्धपुट्ठमरणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાલમરણના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બાર પ્રકાર છે. યથા– (૧) વલયમરણ (૨) વશાર્ત મરણ ઈત્યાદિ શતક-૨/૧ ના સ્કંદકાધિકાર અનુસાર જાણવા ***યાવત્*** (૧૨) ગૃદ્ધપૃષ્ઠમરણ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં બાર બાલમરણના નામ માટે શતક ૨/૧નો નિર્દેશ છે તે આ પ્રમાણે છે– (૧) વલયમરણ (૨) વશાર્તમરણ (૩) અન્તઃશલ્યમરણ (૪) તદ્‌ભવમરણ (૫) ગિરિપતન મરણ (૬) તરુપતનમરણ (૭) જલ પ્રવેશ (૮) અગ્નિપ્રવેશ (૯) વિષભક્ષણ (૧૦) શસ્ત્રાઘાત (૧૧) વૈહાનસમરણ (૧૨) ગૃદ્ધ પૃષ્ઠ મરણ. તેના વિવેચન માટે જુઓ– *ભગવતી સૂત્ર ભાગ-૧ શતક ૨/૧, પૃ. ૨૫૭.*

**પંડિત મરણ :–**

**૩૦ पंडियमरणे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– पाओवगमणे य भत्तपच्चक्खाणे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંડિત મરણના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બે પ્રકાર છે. યથા– (૧) પાદપોગમન મરણ (૨) ભક્ત પ્રત્યાખ્યાન મરણ.

**૩૧ पाओवगमणे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– णीहारिमे य अणीहारिमे य *जाव* णियमं अपडिकम्मे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પાદપોપગમન મરણના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બે પ્રકાર છે. યથા– (૧) નિર્હારિમ અને (૨) અનિર્હારિમ ***યાવત્*** અવશ્ય અપ્રતિકર્મ સુધી કથન કરવું જોઈએ.

**૩૨ भत्तपच्चक्खाणे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! तं चेव जहा पाओवगमणे, णवरं णियमं सपडिकम्मे ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભક્તપ્રત્યાખ્યાન મરણના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પાદપોપગમનની જેમ તેના પણ નિર્હારિમ અને અનિર્હારિમ બે ભેદ થાય છે. તેમાં વિશેષતા એ છે કે બંને પ્રકારના ભક્ત પ્રત્યાખ્યાન મરણ અવશ્ય સપ્રતિકર્મ-શરીર સંસ્કાર સહિત જ હોય છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

**પંડિત મરણ :–** જ્યાં સુધી શરીર આત્મગુણોની વૃદ્ધિમાં સહાયક હોય, ત્યાં સુધી સાધક તે શરીરને વહન કરે છે અને જ્યારે તે કાર્યક્ષમ ન રહે, ત્યારે સાધક સ્વેચ્છાથી શરીરનો ત્યાગ કરે, તેને પંડિતમરણ કહે છે. આ પંડિતમરણ કે સમાધિમરણમાં કોઈ પણ પ્રકારનો આવેશ હોતો નથી પરંતુ પૂર્ણ શાંતિ અને સ્વસ્થતા હોય છે.

**પાદપોપગમન :–** ચારે પ્રકારના આહારનો જીવન પર્યંત ત્યાગ કરીને, પાદપ એટલે વૃક્ષની પડી ગયેલી શાખાની જેમ સંપૂર્ણ રૂપે નિશ્ચેષ્ટ અર્થાત્ સર્વ પ્રકારની યૌગિક ચેષ્ટાઓથી રહિત બનીને, મૃત્યુ પર્યંત આત્મભાવમાં લીન બની જવું, તેને પાદપોપગમન કહે છે. તેમાં શરીર સંસ્કાર, સેવા-શુશ્રૂષા આદિ કોઈ પણ પ્રતિકર્મ નથી. તેથી તેને અપ્રતિકર્મ કહે છે.

**ભક્ત પ્રત્યાખ્યાન :–** જીવન પર્યંત ત્રણ અથવા ચારે આહારનો ત્યાગ કરીને, આત્મભાવમાં રહેવું તે ભક્ત પ્રત્યાખ્યાન છે. તેમાં શારીરિક હલન-ચલન, આવશ્યકતાનુસાર સેવા-શુશ્રૂષા આદિની છૂટ હોય છે. તેથી તેને સપ્રતિકર્મ કહે છે. પંડિતમરણમાં ઈંગિત મરણનો પણ ઉલ્લેખ છે. પરંતુ તેનો સમાવેશ ભક્ત પ્રત્યાખ્યાનમાં થઈ જાય છે.

**णीहारिम :–** જેમાં શરીરનું નિહરણ એટલે શરીરની અગ્નિસંસ્કાર આદિ ઉત્તરક્રિયા કરવામાં આવે તેને નિહારિમ કહે છે અર્થાત્ સાધક જે સ્થાનમાં (ઉપાશ્રયમાં) મરણ પામે તે સ્થાનથી અન્યત્ર લઈ જઈને, તેના મૃત શરીરની અંતિમવિધિ કરાય છે, તેને નિહારિમ કહે છે.

**अणीहारिम :–** જેના શરીરનું નિહરણ કરવામાં ન આવે અર્થાત્ સાધક જે સ્થાનમાં(જંગલ આદિમાં) મૃત્યુ પામે ત્યાં જ તેના મૃતદેહને છોડી દેવાય; જેના મૃતદેહની કોઈ અંતિમ વિધિ કરવામાં આવતી નથી તેને અનિહારિમ કહે છે. પાદપોપગમન અને ભક્ત-પ્રત્યાખ્યાન બંને પ્રકારના મરણના નિહારિમ અને અનિહારિમ ભેદ થાય છે.

**॥ શતક ૧૩/૭ સંપૂર્ણ ॥**

# શતક–૧૩ : ઉદ્દેશક–૮

## કર્મ

**કર્મ પ્રકૃતિ :–**

**૧ कइ णं भंते ! कम्मपगडीओ पण्णत्ताओ ?**

**गोयमा ! अट्ठ कम्मपगडीओ पण्णत्ताओ । एवं बंधट्ठिइउद्देसो भाणियव्वो णिरवसेसो जहा पण्णवणाए ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કર્મ પ્રકૃતિઓ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કર્મ પ્રકૃતિઓ આઠ છે. અહીં પ્રજ્ઞાપના સૂત્રના ૨૩મા પદના દ્વિતીય બંધ–સ્થિતિ ઉદ્દેશકનું સંપૂર્ણ કથન કરવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**॥ શતક ૧૩/૮ સંપૂર્ણ ॥**

# શતક–૧૩ : ઉદ્દેશક–૯

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં સાધુની વિવિધ પ્રકારની વૈક્રિયશક્તિનું પ્રતિપાદન છે.

★ તપ-સંયમની આરાધના કરતાં સાધુને અનેક પ્રકારની લબ્ધિઓ પ્રગટ થાય છે. વિવિધ પ્રકારના રૂપો બનાવવાની જે લબ્ધિ ઉત્પન્ન થાય તેને વૈક્રિય લબ્ધિ કહે છે. વૈક્રિય લબ્ધિથી સાધુ પોતાની ઈચ્છાનુસાર અનેકરૂપ બનાવીને તેના દ્વારા પોતાનું કાર્ય કરી શકે છે. સૂત્રકારે ભિન્ન ભિન્ન સૂત્રો દ્વારા તેની વિવિધતાનું દર્શન કરાવ્યું છે.

★ તે અણગાર પશુ-પક્ષીના રૂપ બનાવીને આકાશમાં ગમન કરી શકે છે. સોના, ચાંદી આદિ ધાતુઓની પેટીની વિક્રિયા કરીને, તે હાથમાં લઈને ગમન કરી શકે છે. ઘટ, પટ, કટ આદિ કોઈ પણ રૂપ બનાવી શકે છે. આ તેનું સામર્થ્ય માત્ર છે. અમાયી અણગાર લબ્ધિ પ્રયોગ કરતા નથી.

★ કોઈ સાધુ પરિસ્થિતિવશ પણ લબ્ધિ પ્રયોગ કરે તો તે માયી અણગાર કહેવાય છે. લબ્ધિ પ્રયોગ કરવો તે પ્રમત્ત(પ્રમાદ) ભાવ છે. અહીં માયી શબ્દપ્રયોગ, પ્રમાદ કે દોષ અર્થમાં છે. તેનું સેવન કરનાર માયી કહેવાય છે. લબ્ધિ પ્રયોગ કર્યા પછી જો તે દોષની આલોચનાદિ કરી લે તો તે અમાયી કહેવાય છે અને તે આરાધક થાય છે. લબ્ધિપ્રયોગની આલોચનાદિ દ્વારા શુદ્ધિ ન કરે તો તે સાધક વિરાધક થાય છે.

આ રીતે આ ઉદ્દેશકમાં અણગારની લબ્ધિની ક્ષમતા દર્શાવીને તેઓને આરાધના માટે લબ્ધિપ્રયોગથી દૂર રહેવાની પ્રેરણા આપી છે.

❖❖❖❖❖

# શતક–૧૩ : ઉદ્દેશક–૯

## અણગાર(કેયાઘટિકા)

**અણગારની વૈક્રિય-શક્તિ :–**

**૧** **रायगिहे** *जाव* **एवं वयासी– से जहाणामए केइ पुरिसे केयाघडियं गहाय गच्छेज्जा; एवामेव अणगारे वि भावियप्पा केयाघडियाकिच्चहत्थगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पएज्जा ? हंता गोयमा ! उप्पएज्जा ।**

**શબ્દાર્થ :– केयाघडियं** = રસ્સીથી બાંધેલો ઘડો **किच्चहत्थगएणं** = વિકુર્વિત કરી, હાથમાં લઈને.

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! જે રીતે કોઈ પુરુષ રસ્સીથી બાંધેલો ઘડો લઈને જાય છે, તે જ રીતે ભાવિતાત્મા અણગાર પણ વૈક્રિય લબ્ધિથી રસ્સીથી બાંધેલો ઘડો હાથમાં લઈને સ્વયં ઊંચે આકાશમાં ઊડી શકે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! ઊડી શકે છે.

**૨** **अणगारे णं भंते ! भावियप्पा केवइयाइं पभू केयाघडियाकिच्चहत्थगयाइं रूवाइं विउव्वित्तए ?**

**गोयमा ! से जहाणामए जुवइं जुवाणे हत्थेणं हत्थे, एवं जहा तइयसए पंचमुद्देसए** *जाव* **णो चेव णं संपत्तीए विउव्विंसु वा विउव्वंति वा विउव्विस्संति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, રસ્સીથી બાંધેલા ઘડાને હાથમાં લઈને કેટલા રૂપોની વિકુર્વણા કરી શકે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! શતક-૩/૫ અનુસાર યુવતિ-યુવાનના હસ્તગ્રહણના દૃષ્ટાંતાનુસાર સર્વ કથન કરવું જોઈએ. ***યાવત્*** જંબૂદ્વીપ ભરાય તેટલા રૂપો બનાવવાની તેની શક્તિ માત્ર છે, સંપ્રાપ્તિ (ક્રિયાત્મકરૂપે) ક્યારે ય આટલા રૂપની વિકુર્વણા કરી નથી, કરતા નથી અને કરશે પણ નહીં.

**૩** **से जहाणामए केइ पुरिसे हिरण्णपेलं गहाय गच्छेज्जा, एवामेव अणगारे वि भावियप्पा हिरण्णपेलहत्थकिच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पएज्जा ?**

**हंता गोयमा ! उप्पएज्जा । एवं जहा केयाघडियं आलावगो तहा हिरण्णपेलंपि णिरवसेसं** *जाव* **णो चेव णं संपत्तीए विउव्विंसु वा विउव्वंति वा विउव्विसंति वा ।**

**एवं सुवण्णपेलं, रयणपेलं, वइरपेलं, वत्थपेलं, आभरणपेलं, वियलकडं, सुंबकडं, चम्मकडं, कंबलकडं, एवं अयभारं, तंबभारं, तउयभारं, सीसगभारं, हिरण्णभारं सुवण्णभारं,**

**वइरभारं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે કોઈ પુરુષ, ચાંદીની પેટી લઈને ગમન કરે છે, તે જ રીતે કોઈ ભાવિતાત્મા અણગાર પણ ચાંદીની પેટી લઈને(આ પ્રકારના રૂપની વિકુર્વણા કરીને) સ્વયં આકાશમાં ઊંચે ઊડી શકે છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! ઊડી શકે છે. આ સર્વ કથન પૂર્વવત્ જાણવું જોઈએ. આ જ રીતે સુવર્ણની પેટી, રત્નોની પેટી, વજ્રની પેટી, વસ્ત્રોની પેટી અને આભૂષણોની પેટી લઈને આકાશમાં ગમન કરી શકે છે. આ જ રીતે વાંસની ચટાઈ, શુમ્બકટ– વીરણ ઘાસની ચટાઈ, ચર્મકટ– ચામડાની ચટાઈ, કે કંબલકટ– ઊનની કંબલ તથા લોખંડનો ભાર, તાંબાનો ભાર, કલઈનો ભાર, શીશાનો ભાર, ચાંદીનો ભાર, સોનાનો ભાર અને વજ્રનો ભાર લઈને(આ સર્વ રૂપોની વિકુર્વણા કરીને) ઊંચે આકાશમાં ઊડી શકે છે. તે સર્વ વર્ણન રસ્સી બાંધેલા ઘડાના સૂત્રાલાપકની જેમ જાણવું ***યાવત્*** જંબૂદ્વીપ ભરાય જાય તેટલા રૂપો બનાવવાની શક્તિ છે, પણ કયારે ય તેટલા રૂપો કર્યા નથી, કરતા નથી અને કરશે પણ નહીં.

**૪ से जहाणामए वग्गुली सिया, दो वि पाए उल्लंबिया उल्लंबिया उड्ढंपाया अहोसिरा चिट्ठेज्जा; एवामेव अणगारे वि भावियप्पा वग्गुलीकिच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं चिट्ठेज्जा ?**

**हंता गोयमा ! चिट्ठेज्जा । एवं *जाव* णो चेव णं संपत्तीए । एवं जण्णोवइय-वत्तव्वया णिरवसेसा भाणियव्वा जहा तइयसए पंचमुद्देसए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જેમ કોઈ વાગુલપક્ષિણી-ચામાચીડીયા પોતાના બંને પગથી વૃક્ષાદિને પકડી ઊંચે પગ અને નીચે માથુ રહે તેમ ઉંધા માથે લટકે છે, તેમ ભાવિતાત્મા અણગાર સ્વયં વાગુલપક્ષિણીના રૂપની વિકુર્વણા કરીને ઊંચે આકાશમાં ઉંધા માથે રહી શકે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! રહી શકે છે. આ રીતે સર્વકથન કરવું **યાવત્** ક્રિયાન્વિત કરતા નથી. આ જ રીતે યજ્ઞોપવીતની(જનોઈવાળા વ્યક્તિની) સંપૂર્ણ વક્તવ્યતા શતક-૩/૫ સમાન કહેવી જોઈએ. અર્થાત્ જે રીતે કોઈ બ્રાહ્મણ ગળામાં જનોઈ પહેરીને ગમન કરે છે, તે જ રીતે ભાવિતાત્મા અણગાર પણ તેવા રૂપની વિકુર્વણા કરીને ગમન કરી શકે છે.

**૫ से जहाणामए जलोया सिया, उदगंसि कायं उव्विहिया उव्विहिया गच्छेज्जा; एवामेव अणगारे वि भावियप्पा जलोयाकिच्चगएणं अप्पाणेणं *जाव* गच्छेज्जा ?**

**हंता गोयमा ! गच्छेज्जा ! एवं *जाव* णो चेव णं संपत्तीए *जाव* विउव्विस्संति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે કોઈ જળો(પાણીમાં રહેનારો બેઈન્દ્રિય જીવ) પાણીમાં પોતાના શરીરને સંકોચી સંકોચીને પાણીમાં ગમન કરે છે, તે જ રીતે ભાવિતાત્મા અણગાર પણ તેવા જ રૂપની વિકુર્વણા કરીને જળોની જેમ ગમન ક્રિયા કરી શકે છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! તે જ રીતે ગમન કરી શકે છે. આ રીતે સંપૂર્ણ આલાપક જાણવો ***યાવત્***

ક્રિયાન્વિત કરશે નહીં.

**૬ से जहाणामए बीयंबीयगसउणे सिया, दो वि पाए समतुरंगेमाणे समतुरंगेमाणे गच्छेज्जा, एवामेव अणगारे वि भावियप्पा बीयंबीयगसउण किच्चगएणं अप्पाणेणं** *जाव* **गच्छेज्जा ?**

**हंता गोयमा ! गच्छेज्जा ! सेसं तं चेव** *जाव* **णो चेवणं संपत्तीए** *जाव* **विउव्विस्संति?**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે કોઈ એક બીજંબીજક પક્ષી, પોતાના બંને પગને ઘોડાની જેમ એક સાથે ઉપાડીને ગમન કરે છે, તે જ રીતે ભાવિતાત્મા અણગાર પણ તેવા રૂપની વિકુર્વણા કરીને આકાશમાં ઊડી શકે છે

**ઉત્તર–** હા, ગૌતમ ! ઊડી શકે છે, શેષ સર્વ કથન પૂર્વવત્ જાણવું જોઈએ, ***યાવત્*** ક્રિયાન્વિત કરશે નહીં.

**૭ से जहाणामए पक्खिबिरालए सिया, रुक्खाओ रुक्खं डेवेमाणे-डेवेमाणे गच्छेज्जा। एवामेव अणगारे वि भावियप्पा, पुच्छा ?**

**हंता गोयमा ! गच्छेज्जा । सेसं तं चेव णिरवसेसं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે કોઈ બિડાલક પક્ષી (ચર્મપક્ષી વિશેષ) એક વૃક્ષથી બીજા વૃક્ષ પર બીજાથી ત્રીજા વૃક્ષ પર ગમન કરે છે, તે જ રીતે ભાવિતાત્મા અણગાર પણ તેવા રૂપની વિકુર્વણા કરીને આકાશમાં ઊડી શકે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! ગમન કરી શકે છે. શેષ સર્વ કથન પૂર્વવત્ જાણવું જોઈએ.

**૮ से जहाणामए जीवंजीवगसउणे सिया, दो वि पाए समतुरंगेमाणे-समतुरंगेमाणे गच्छेज्जा, एवामेव अणगारे वि भावियप्पा, पुच्छा ? सेसं तं चेव णिरवसेसं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જેમ કોઈ એક જીવંજીવક નામક પક્ષી (ચકોર પક્ષી) પોતાના બંને પગને ઘોડાની જેમ એક સાથે ઉપાડીને ગમન કરે છે, તે જ રીતે ભાવિતાત્મા અણગાર પણ તેવા રૂપોની વિકુર્વણા કરીને આકાશમાં ઊડી શકે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! ઊડી શકે છે. શેષ સર્વ કથન પૂર્વવત્ જાણવું જોઈએ.

**૯ से जहाणामए हंसे सिया, तीराओ तीरं अभिरममाणे-अभिरममाणे गच्छेज्जा, एवामेव अणगारे वि भावियप्पा हंसकिच्चगएणं अप्पाणेणं, पुच्छा ?**

**हंता गोयमा ! गच्छेज्जा । सेसं तं चेव णिरवसेसं**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જેમ કોઈ હંસ ક્રીડા કરતાં એક કિનારેથી બીજા કિનારે જાય તેમ ભાવિતાત્મા અણગાર પણ હંસની સમાન રૂપની વિકુર્વણા કરીને એક કિનારેથી બીજા કિનારે જઈ શકે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે રીતે ઊડી શકે છે. શેષ સર્વ કથન પૂર્વવત્ જાણવું જોઈએ.

**૧૦ से जहाणामए समुद्दवायसए सिया, वीईओ वीइं डेवेमाणे-डेवेमाणे गच्छेज्जा,**

**एवामेव अणगारे वि भावियप्पा, पुच्छा ?**

**हंता गोयमा ! गच्छेज्जा । सेसं तं चेव णिरवसेसं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જેમ કોઈ સમુદ્રવાયસ(સમુદ્રનો કાગડો) એક તરંગ પરથી બીજા તરંગ પર ઉછળતો ઉછળતો ગમન કરે છે, તે જ રીતે શું ભાવિતાત્મા અણગાર પણ વિકુર્વણા કરીને ગમન કરી શકે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે રીતે ગમન કરી શકે છે. શેષ વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ.

**११ से जहाणामए केइ पुरिसे चक्कं गहाय गच्छेज्जा, एवामेव अणगारे वि भावियप्पा चक्ककिच्चहत्थगएणं अप्पाणेणं, पुच्छा ?**

**हंता गोयमा ! गच्छेज्जा । सेसं जहा केयाघडियाए । एवं छत्तं, चमरं, रयणं वइरं, वेरुलियं *जाव* रिट्ठं, उप्पलहत्थगं, पउमहत्थगं, कुमुयहत्थगं *जाव* सहस्सपत्तगं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે કોઈ પુરુષ હાથમાં ચક્ર લઈને જાય છે, તે રીતે ભાવિતાત્મા અણગાર પણ ચક્રને હાથમાં લઈને વિકુર્વણા કરી આકાશમાં ઊડી શકે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! ઊડી શકે છે. શેષ કથન રજ્જુબદ્ધ ઘટિકાની સમાન જાણવું જોઈએ. આ રીતે છત્ર, ચામર, રત્ન, વજ્ર, વૈડુર્ય ***યાવત્*** રિષ્ટ રત્ન તથા ઉત્પલ, પદ્મ અને કુમુદ, સહસ્રપત્ર સમૂહ(પંખો) હાથમાં લઈને ગમન કરે છે, વગેરે જાણવું.

**१२ से जहाणामए केइ पुरिसे भिसं अवद्दालिय-अवद्दालिय गच्छेज्जा, एवामेव अणगारे वि भावियप्पा भिसकिच्चगएणं अप्पाणेणं, पुच्छा ?**

**हंता गोयमा ! गच्छेज्जा । सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે કોઈ પુરુષ કમલની દાંડીને તોડતા ગમન કરે છે, તે જ રીતે શું ભાવિતાત્મા અણગાર પણ કરી શકે છે ? સ્વયં તથા પ્રકારના રૂપોની વિકુર્વણા કરીને આકાશમાં ઊડી શકે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે જ રીતે ગમન કરી શકે છે. શેષ સર્વ વર્ણન પૂર્વવત્ જાણવું.

**१३ से जहाणामए मुणालिया सिया, उदगंसि कायं उम्मज्जिय-उम्मज्जिय चिठेज्जा, एवामेव अणगारे वि भावियप्पा मुणालिय किच्चगएणं अप्पाणेणं, पुच्छा ?**

**हंता गोयमा ! चिट्ठेज्जा । सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જેમ કોઈ મૃણાલિકા(કમળનાલિકા) પોતાના શરીરને પાણીમાં ડૂબાડતી અને મુખને બહાર રાખતી રહે છે, તે જ રીતે શું ભાવિતાત્મા અણગાર પણ તેવા જ રૂપની વિકુર્વણા કરીને તે પ્રમાણે કરી શકે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે રીતે રહી શકે છે. શેષ સર્વ કથન પૂર્વવત્ જાણવું જોઈએ.

**१४** **से जहाणामए वणसंडे सिया, किण्हे किण्होभासे *जाव* महामेह-णिउरुंबभूए, पासाईए दरिसणिज्जे, अभिरूवे, पडिरूवे; एवामेव अणगारे वि भावियप्पा वणसंडकिच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पएज्जा ?**

**हंता गोयमा ! उप्पएज्जा । सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જેમ કોઈ વનખંડ હોય, જે કાળો, કાળા પ્રકાશવાળો ***યાવત્*** મેઘના સમૂહની જેમ પ્રસન્નતાજનક, દર્શનીય, મનોજ્ઞ અને મનોહર હોય છે. તે જ રીતે શું ભાવિતાત્મા અણગાર પણ સ્વયં તે વનખંડની સમાન વિકુર્વણા કરીને આકાશમાં ઊડી શકે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે રીતે રૂપ વિકુર્વિત કરીને આકાશમાં ઊડી શકે છે. શેષ સર્વ વર્ણન પૂર્વવત્ જાણવું.

**१५** **से जहाणामए पुक्खरणी सिया चउक्कोणा, समतीरा, अणुपुव्वसुजाय वप्पगंभीर-सीयलजला *जाव* सद्दुण्णइयमहुरसरणाइया पासाईया, दरिसणिज्जा अभिरूवा, पडिरूवा, एवामेव अणगारे वि भावियप्पा पोक्खरणीकिच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पएज्जा ? हंता गोयमा ! उप्पएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે કોઈ પુષ્કરિણી હોય, જે ચતુષ્કોણ, સમતીર અનુક્રમથી સુશોભિત ***યાવત્*** પક્ષીઓના મધુર શબ્દોથી યુક્ત, પ્રસન્નતા દેનારી, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હોય, તે જ રીતે શું ભાવિતાત્મા અણગાર પણ તે પુષ્કરિણીની સમાન રૂપની વિકુર્વણા કરીને આકાશમાં ઊડી શકે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! ઊડી શકે છે.

**१६** **अणगारे णं भंते ! भावियप्पा केवइयाइं पभू पोक्खरणीकिच्चगयाइं रूवाइं विउव्वित्तए ? गोयमा ! सेसं तं चेव सव्वं जहा केयाघडियाए *जाव* णो चेव णं संपत्तीए *जाव* विउव्विस्संति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાવિતાત્મા અણગાર પૂર્વોક્ત પુષ્કરિણીની સમાન કેટલા રૂપોની વિકુર્વણા કરવામાં સમર્થ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શેષ સર્વ વર્ણન રસ્સી બાંધેલા ઘડાના વર્ણનની જેમ જાણવું જોઈએ ***યાવત્*** ક્રિયાત્મકરૂપે(જંબૂદ્વીપ ભરાય તેટલા)રૂપોની વિકુર્વણા કોઈએ કરી નથી, કરતા નથી અને કરશે પણ નહીં.

**१७** **से भंते ! किं मायी विउव्वइ, अमायी विउव्वइ ?**

**गोयमा ! मायी विउव्वइ, णो अमायी विउव्वइ । मायी णं तस्स ठाणस्स अणालोइय-अपडिक्कंते कालं करेइ, णत्थि तस्स आराहणा । अमायी णं तस्स ठाणस्स आलोइय-पडिक्कंते कालं करेइ, अत्थि तस्स आराहणा ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૂર્વોક્ત રૂપોની વિકુર્વણા માયી અણગાર કરે છે કે અમાયી(માયા-પ્રમાદ રહિત) અણગાર કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! માયી અણગાર વિકુર્વણા કરે છે, અમાયી અણગાર વિકુર્વણા કરતા નથી. માયી અણગાર તે વિકુર્વણા રૂપ પ્રમાદ સ્થાનની આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના જ કાલધર્મને પ્રાપ્ત થાય, તો તે આરાધક થતા નથી અને અમાયી અણગાર તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કરીને કાલધર્મને પ્રાપ્ત કરે છે, તે આરાધક થાય છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ઉદ્દેશકમાં ભાવિતાત્મા અણગારની વિવિધ રૂપોની વિકુર્વણા કરવારૂપ વૈક્રિય શક્તિનું નિરૂપણ છે. શતક-૩/૫ માં પણ આ જ રીતે અણગારની વૈક્રિય શક્તિનું કથન છે. બંને ઉદ્દેશકોમાં વિષયની ભિન્નતા છે છતાં કંઈક સમાનતા પણ છે.

**हंसकिच्चगएणं अप्पाणेणं, चक्कहत्थकिच्चगएणं :–** પ્રસ્તુત સૂત્રોમાં વિકુર્વણા માટે જે-જે દષ્ટાંતો આપ્યા છે. તેમાં હંસ વગેરેના દષ્ટાંતોમાં અણગાર સ્વયં તદ્રૂપ(તેવી જ હંસાદિ રૂપ)ની વિકુર્વણા કરે છે અને હાથમાં ચક્ર, ચાંદીની પેટી આદિ દષ્ટાંતોમાં અણગાર વિકુર્વણા કરીને તે વસ્તુને હાથમાં રાખે છે. પરંતુ સ્વયં તદ્રૂપ બને નહીં.

**णो चेव णं संपत्तीए :–** આ સંક્ષિપ્ત પાઠ છે. વિસ્તૃત પાઠ શતક-૩/૪ અને ૩/૫ માં છે. અણગાર એક કે અનેક વિવિધરૂપો વિકુર્વિત કરી શકે છે. તેનું ઉત્કૃષ્ટ સામર્થ્ય આખો જંબૂદ્વીપ ભરાય તેટલા એક પ્રકારના રૂપો બનાવવાનું છે પણ તેમ કોઈ કરતા નથી. તેમ કરવાનું કોઈ પ્રયોજન પણ નથી. પ્રયોજનવશ કે કુતૂહલથી એક કે અનેક રૂપો બનાવતા હોય છે.

અમાયી-માયીની વિકુર્વણા-અવિકુર્વણા અને આરાધના-વિરાધના આદિ વિષયોના સ્પષ્ટીકરણ માટે જુઓ– શતક ૩/૪ અને ૩/૫.

## ॥ શતક ૧૩/૯ સંપૂર્ણ ॥

# શતક–૧૩ : ઉદ્દેશક–૧૦

## સમુદ્‌ઘાત

**છાદ્મસ્થિક સમુદ્‌ઘાત :–**

**१ कइ णं भंते ! छाउमत्थिय समुग्घाया पण्णत्ता ?**

**गोयमा ! छ छाउमत्थिया समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए एवं छाउमत्थिय समुग्घाया णेयव्वा, जहा पण्णवणाए *जाव* आहारगसमुग्घाए । ॥ सेवं भंते! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! છાદ્મસ્થિક સમુદ્‌ઘાતના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! છાદ્મસ્થિક સમુદ્‌ઘાતના છ પ્રકાર છે યથા– વેદના સમુદ્‌ઘાત ઈત્યાદિ પ્રજ્ઞાપના સૂત્રના છત્રીસમા 'સમુદ્‌ઘાત' પદ અનુસાર ***યાવત્*** આહારક સમુદ્‌ઘાત સુધી કહેવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ઉદ્દેશકમાં પ્રજ્ઞાપના સૂત્રના છત્રીસમા 'સમુદ્‌ઘાત પદ'ના અતિદેશપૂર્વક છ છાદ્મસ્થિક સમુદ્‌ઘાતનું નિરૂપણ કર્યું છે.

**સમુદ્‌ઘાત :–** (૧) વિશેષ પરિસ્થિતિમાં પોતાના આત્મપ્રદેશોનું બહાર પ્રક્ષેપણ કરવું તે ક્રિયાને સમુદ્‌ઘાત કહે છે અથવા (૨) સમ = એકી સાથે, ઉદ્ = ઉત્કૃષ્ટપણે, ઘાત = કર્મોનો ઘાત. જે ક્રિયામાં એકી સાથે ઉત્કૃષ્ટપણે કર્મોનો ઘાત–નિર્જરા થાય તે ક્રિયાને સમુદ્‌ઘાત કહે છે.

**સમુદ્‌ઘાતનું પ્રયોજન :–** જેમ કોઈ પક્ષીની પાંખો પર અત્યંત ધૂળ છવાઈ ગઈ હોય ત્યારે તે પક્ષી પોતાની પાંખ ફેલાવી (ફફડાવી)ને તેના પર છવાયેલી ધૂળને ખંખેરી નાંખે છે તેમ આત્મા પણ બદ્ધ કર્મના અણુઓને ખંખેરવા માટે સમુદ્‌ઘાત નામની ક્રિયા કરે છે. આત્મા અસંખ્ય પ્રદેશી હોવા છતાં પણ નામકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલું તેનું શરીર પરિમિત હોય છે. આત્મપ્રદેશોમાં સંકોચ-વિસ્તારનો ગુણ હોવાથી આત્મપ્રદેશો પોતાને મળેલા શરીર અનુસાર વ્યાપ્ત થઈ શકે છે. તેમ છતાં કેટલીકવાર, કેટલાક કારણોથી આત્મા પોતાના પ્રદેશોને શરીરની બહાર ફેલાવે છે અને પાછા સંકોચી લે છે. આ ક્રિયાને જ જૈન પરિભાષામાં સમુદ્‌ઘાત કહે છે. સમુદ્‌ઘાત સાત છે, તેના સ્વરૂપ માટે જુઓ– પ્રજ્ઞા.પદ-૩૬, ભગવતી શ.-૨/૨ પૃષ્ટ ૨૮૧.

**॥ શતક ૧૩/૧૦ સંપૂર્ણ ॥**

**॥ શતક ૧૩ સંપૂર્ણ ॥**

# શતક–૧૪

## પરિચય

આ શતકમાં દશ ઉદ્દેશક છે તેનું વિષય-વસ્તુ આ પ્રમાણે છે.

✡ **પ્રથમ ઉદ્દેશકમાં–** ભાવિતાત્મા અણગારની ચરમ અને પરમ દેવાવાસની મધ્યની ગતિનું વર્ણન છે. ત્યાર પછી ચોવીસ દંડકોમાં અનન્તરોપપન્નકાદિ, અનન્તર નિર્ગતાદિ, અનંતર-ખેદોપપન્નકાદિ, અનન્તર ખેદનિર્ગતાદિની તથા તે સર્વના આયુષ્યબંધની પ્રરૂપણા છે.

✡ **બીજા ઉદ્દેશકમાં–** વિવિધ પ્રકારના ઉન્માદ તથા તેના કારણો તેમજ ચોવીસ દંડકોમાં વિવિધ પ્રકારના ઉન્માદની મીમાંસા છે. તત્પશ્ચાત્ સ્વાભાવિક વૃષ્ટિ, દેવકૃત વૃષ્ટિ તથા દેવકૃત તમસ્કાય ઈત્યાદિ વિષયોનું નિરૂપણ છે.

✡ **ત્રીજા ઉદ્દેશકમાં–** ભાવિતાત્મા અણગારના શરીરની મધ્યમાં થઈને જવાનું, મહાકાય દેવના સામર્થ્ય-અસામર્થ્યનું નિરૂપણ છે. તેમજ ચોવીસ દંડકોમાં પરસ્પરનો સત્કારાદિ રૂપ વિનય, અલ્પર્દ્ધિક, મહર્દ્ધિક અને સમર્દ્ધિક દેવ-દેવીઓની મધ્યમાં થઈને પરસ્પર ગમનાગમનનું વર્ણન છે. અંતે સર્વ નૈરયિકોના અનિષ્ટ પુદ્ગલ પરિણામ અને અજીવ પરિણામ, આ બે ભેદનું કથન કરીને પ્રજ્ઞાપના સૂત્રના સમગ્ર પરિણામ પદનો અતિદેશ કર્યો છે.

✡ **ચોથા ઉદ્દેશકમા–** પુદ્ગલ પરિણામ, જીવના સુખ દુઃખની પરિવર્તનશીલતા, પરમાણુની શાશ્વતતાનું વર્ણન છે અને જીવ-અજીવ પરિણામનું અતિદેશાત્મક કથન છે.

✡ **પાંચમા ઉદ્દેશકમાં–** ચોવીસ દંડકવર્તી જીવોનું અગ્નિમાં ગમન સામર્થ્ય, શબ્દાદિ દશ સ્થાનોમાં ઈષ્ટાનિષ્ટ સ્થાનોનો અનુભવ અને મહર્દ્ધિક દેવના પર્વતાદિ ઉલ્લંઘન-પ્રલ્લંઘનના સામર્થ્ય- અસામર્થ્ય વગેરે વિષયોની પ્રરૂપણા છે.

✡ **છઠ્ઠા ઉદ્દેશકમાં–** ચોવીસ દંડકોના જીવોનો આહાર, તેનું પરિણમન, યોનિ અને સ્થિતિ, વૈમાનિક ઈન્દ્રોની દિવ્ય ભોગોપભોગ પ્રક્રિયા વગેરે વિષયોનું વર્ણન છે.

✡ **સાતમા ઉદ્દેશકમાં–** ભગવાન દ્વારા ગૌતમ સ્વામીને આ ભવ પૂર્ણ થતાં, પોતાની સમાન સિદ્ધ થવાનું આશ્વાસન અપાયું છે. ત્યાર પછી અનુત્તરૌપપાતિક દેવોની જાણવા-દેખવાની શક્તિ તથા છ પ્રકારની તુલ્યતાનું પૃથક્-પૃથક્ વિશ્લેષણ કર્યું છે. તેમજ અનશનની આરાધના કરનાર અણગારની આહાર વિષયક આસકિત અનાસકિતની ચર્ચા છે અને અંતે લવસપ્તમ અને અનુત્તરૌપપાતિક દેવસ્વરૂપનું કથન છે.

✡ **આઠમા ઉદ્દેશકમાં–** રત્નપ્રભા પૃથ્વીથી ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી અને અલોક પર્યંતના પ્રત્યેક સ્થાનનું પરસ્પર સ્વાભાવિક અંતર, શાલવૃક્ષ આદિના ભાવિ ભવો, અંબડ પરિવ્રાજકના સાતસો શિષ્યોની આરાધકતા અને અંબડને બે ભવ પછી મોક્ષ પ્રાપ્તિ, અવ્યાબાધ દેવોની અવ્યાબાધતા, શક્રેન્દ્રની વૈક્રિય શક્તિ તથા જૃંભક દેવોનું સ્વરૂપ, ભેદ, ગતિ અને સ્થિતિ વગેરે વિષયોનું નિરુપણ છે.

✡ **નવમા ઉદ્દેશકમાં–** ભાવિતાત્મા અણગારનું જ્ઞાન, પ્રકાશિત પુદ્ગલસ્કંધ, ચોવીસ દંડકોમાં પ્રાપ્ત થતા આત્ત-અનાત્ત, ઈષ્ટ-અનિષ્ટ આદિ પુદ્ગલો, સૂર્યના અન્વયાર્થ તથા તેની પ્રભા આદિના

શુભત્વની વિચારણા અને સંયમીના સુખની દેવસુખ સાથે તુલના ઈત્યાદિ વિષયોની પ્રરૂપણા કરી છે.

✡ **દશમા ઉદ્દેશકમાં–** કેવળી અને સિદ્ધની જ્ઞાન શક્તિનું નિરૂપણ છે.

આ રીતે પ્રસ્તુત શતકમાં ચારે ગતિના જીવોનું તેમજ અણગાર, કેવળી અને સિદ્ધોની આત્મિક અને શારીરિક બંને પ્રકારની શક્તિઓનું રોચક વર્ણન છે.

❖❖❖❖❖

# શતક-૧૪ : ઉદ્દેશક-૧

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં મુખ્યતયા જીવના આયુષ્યબંધની યોગ્યતાનું પ્રતિપાદન છે.

★ આયુષ્ય બંધના પરિણામ અનુસાર એક દેવસ્થાનના આયુષ્ય બંધ યોગ્ય અધ્યવસાયોનું ઉલ્લંઘન થઈ જાય અને તેનાથી ઉપરના દેવસ્થાન યોગ્ય પરિણામો હજુ પ્રાપ્ત થયા ન હોય, તે જીવ તે પરિણામમાં જ અટકી જાય અને ત્યાં તેનો આયુષ્યબંધ થઈને કાલધર્મ થાય, તો તે જીવ કયા સ્થાનનું આયુષ્ય બાંધીને, ક્યાં જાય ?

તે જીવના આત્મ પરિણામો જે સ્થાનની અત્યંત નિકટ હોય, તે સ્થાનનું આયુષ્ય બાંધીને, મૃત્યુ પામી, તે સ્થાનમાં ઉત્પન્ન થાય છે. કારણ કે જીવના આયુષ્ય બંધ સમયની, મૃત્યુ સમયની અને જન્મ સમયની એક જ લેશ્યા હોય છે અર્થાત્ તે ત્રણેમાં તેના આત્મ પરિણામોમાં સમાનતા હોય છે.

જે રીતે કોઈ વ્યક્તિ ગંતવ્ય સ્થાન પર જવા માટે નીકળ્યો, અર્ધો પંથ ચાલ્યા પછી કોઈ વિકટ પરિસ્થિતિ આવે તો તે વ્યક્તિ પોતે જ્યાં હોય તેની નિકટનું સુરક્ષિત સ્થાન હોય ત્યાં પહોંચી જાય છે. આ રીતે જીવ પણ પોતાના આત્મપરિણામો અનુસાર તે સ્થાનનું અથવા તેના નિકટના સ્થાનનું આયુષ્ય બાંધી, તે સ્થાનમાં જન્મ ધારણ કરે છે.

★ જીવ એક ભવમાંથી મૃત્યુ પામી, બીજા ભવમાં જન્મ ધારણ કરવા માટે જે એક, બે કે ત્રણ સમયની વિગ્રહગતિ કરે, તેને **શીઘ્રગતિ** કહેવાય છે. કારણ કે એક, બે કે ત્રણ સમયમાં તે જીવ સાત રજ્જુ ક્ષેત્રને પસાર કરીને ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત કરી શકે છે. એકેન્દ્રિય જીવો અધોલોકાંતથી ઊર્ધ્વલોકાંત પર્યંતના ચૌદ રજ્જુ પરિમાણ ક્ષેત્રને પણ પસાર કરે છે. છદ્મસ્થ જીવોની અન્ય કોઈ પણ ક્રિયામાં અસંખ્યાત સમય થાય છે. તેથી તેને શીઘ્રગતિ કહેવાતી નથી.

★ ઉત્પત્તિ સ્થાનની પ્રાપ્તિના પ્રથમ સમયવર્તી જીવ **અનંતરોપપન્નક,** દ્વિતીયાદિ સમયવર્તી જીવ **પરંપરોપપન્નક** અને વિગ્રહગતિમાં વર્તતા જીવ **અનંતર-પરંપરાનુપપન્નક** કહેવાય છે.

★ નરકાદિ ગતિમાંથી મૃત્યુ પામીને ત્યાંથી નીકળીને બીજા ભવની પ્રાપ્તિના પ્રથમ સમયવર્તી જીવ **અનંતર નિર્ગત,** દ્વિતીયાદિ સમયવર્તી જીવ **પરંપર નિર્ગત** અને વિગ્રહગતિમાં વર્તતા જીવો **અનંતર-પરંપર અનિર્ગત** કહેવાય છે.

★ પ્રથમ સમયમાં જેની ઉત્પત્તિ ખેદયુક્ત હોય તે **અનંતરખેદોપપન્નક,** જેની ખેદયુક્ત ઉત્પત્તિને બે, ત્રણાદિ સમય વ્યતીત થઈ ગયા હોય તે **પરંપર ખેદોપપન્નક** અને વિગ્રહગતિમાં વર્તતા જીવો **અનંતર-પરંપર ખેદોપપન્નક** કહેવાય છે. આ જ રીતે અનંતર ખેદ નિર્ગતાદિ પણ સમજી લેવું.

★ અનંતરોપપન્નક, અનંતરનિર્ગત કે વિગ્રહગતિમાં વર્તતો જીવ કોઈ પણ ગતિનું આયુષ્ય બાંધી શકતો નથી. કારણ કે તે સમયે આયુષ્ય બંધને યોગ્ય અધ્યવસાય હોતા નથી. પરંપરોપપન્નક, પરંપર નિર્ગત કે પરંપર ખેદોપપન્નક જીવ પોતાની યોગ્યતા અનુસાર આયુષ્યબંધ કરી શકે છે.

❖❖❖❖❖

# શતક–૧૪ : ઉદ્દેશક–૧

## ચરમ

**ઉદ્દેશકોનાં નામ :–**

**१** **चरम उम्माय सरीरे, पोग्गल अगणी तहा किमाहारे ।**
**संसिट्ठ मंतरे खलु, अणगारे केवली चेव ॥**

ચૌદમાં શતકના દશ ઉદ્દેશકોના નામ આ પ્રમાણે છે, યથા– (૧)ચરમ (૨) ઉન્માદ (૩) શરીર (૪) પુદ્ગલ (૫) અગ્નિ (૬) કિમાહાર (૭) સંશ્લિષ્ટ (૮) અંતર (૯) અણગાર (૧૦) કેવળી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં(ગાથામાં) ઉદ્દેશકોનાં નામ તેના આદ્ય અથવા મુખ્ય વિષયના આધારે દર્શાવેલ છે. યથા–

**(१) चरम :–** પ્રથમ પ્રશ્ન ચરમ દેવાવાસ સંબંધી હોવાથી પ્રથમ ઉદ્દેશકનું નામ 'ચરમ' છે.

**(२) उम्माय :–** ઉન્માદનું સ્વરૂપ વગેરે મુખ્ય વિષય હોવાથી બીજા ઉદ્દેશકનું નામ 'ઉન્માદ' છે.

**(३) सरीरे :–** આદ્યમાં મહાન શરીરી દેવની વૈક્રિયશક્તિનું પ્રતિપાદન હોવાથી ત્રીજા ઉદ્દેશકનું નામ 'શરીર' છે.

**(४) पोग्गल :–** આદ્ય વિષય પુદ્ગલ પરિણામ હોવાથી ચોથા ઉદ્દેશકનું નામ 'પુદ્ગલ' છે.

**(५) अगणी :–** પ્રારંભમાં જીવોની, અગ્નિની મધ્યમાં થઈને જવાની શક્તિ વિષયક વર્ણન હોવાથી પાંચમા ઉદ્દેશકનું નામ 'અગ્નિ' છે.

**(६) किमाहारे :–** પ્રારંભમાં જીવોના આહારાદિનું પ્રતિપાદન હોવા છટ્ઠા ઉદ્દેશકનું નામ 'આહાર' છે.

**(७) संसिट्ठ :–** પ્રારંભમાં ભગવાન મહાવીર અને ગૌતમના વાર્તાલાપમાં **'चिर संसिट्ठोसि'** શબ્દ પ્રયોગ છે. આ શબ્દ પ્રયોગના **સંશ્લિષ્ટ** શબ્દના આધારે સાતમા ઉદ્દેશકનું નામ 'સંશ્લિષ્ટ' છે.

**(८) अंतरे :–** આઠે પૃથ્વીઓના અંતરનું પ્રતિપાદન હોવાથી આઠમા ઉદ્દેશકનું નામ 'અંતર' છે.

**(९) अणगारे :–** પ્રારંભમાં અણગાર વિષયક વર્ણન હોવાથી નવમા ઉદ્દેશકનું નામ 'અણગાર' છે.

**(१०) केवली :–** કેવળીનું જ્ઞાન સામર્થ્ય પ્રતિપાદિત હોવાથી દશમા ઉદ્દેશકનું નામ 'કેવળી' છે.

**લેશ્યાનુસાર ગતિ, ઉત્પત્તિ :–**

**२** **रायगिहे** *जाव* **एवं वयासी– अणगारे णं भंते ! भावियप्पा चरमं देवावासं वीइक्कंते,**

**परमं देवावासमसंपत्ते, एत्थ णं अंतरा कालं करेज्जा, तस्स णं भंते ! कहिं गई, कहिं उववाए पण्णत्ते ?**

**गोयमा ! जे से तत्थ परियस्सओ तल्लेसा देवावासा तहिं तस्स गई, तहिं तस्स उववाए पण्णत्ते । से य तत्थ गए विराहेज्जा, कम्मलेस्सामेव पडिपडइ, से य तत्थ गए णो विराहेज्जा, तामेव लेस्सं उवसंपज्जित्ता णं विहरइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! કોઈ ભાવિતાત્મા અણગાર જેણે ચરમ(પૂર્વવર્તી) સૌધર્માદિ દેવલોકમાં ઉત્પન્ન થવા યોગ્ય લેશ્યા પરિણામનું ઉલ્લંઘન કર્યું છે અને હજુ પરમ(પરભાગવર્તી) સનત્કુમારાદિ દેવલોકમાં ઉત્પન્ન થવા યોગ્ય લેશ્યા પરિણામને પ્રાપ્ત થયા નથી. તેની મધ્યમાં જ તે મૃત્યુ પામે તો તેની કઈ ગતિ થાય છે ? તેનો ક્યાં ઉપપાત થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચરમ દેવાવાસ અને પરમ દેવાવાસની નિકટ તે લેશ્યાયુક્ત જે દેવાવાસ છે, ત્યાં તેની ગતિ થાય છે, ત્યાં તેનો ઉપપાત થાય છે. ત્યાં જઈને તે અણગાર જો પૂર્વ લેશ્યાને છોડે છે, તો કર્મ લેશ્યા (ભાવ લેશ્યા)થી પતિત થાય છે અને જો ત્યાં જઈને તે લેશ્યાને ન છોડે, તો તે જ લેશ્યાનો આશ્રય કરીને રહે છે અર્થાત્ જે દ્રવ્ય લેશ્યામાં ઉત્પન્ન થાય તે લેશ્યા જીવન પર્યંત સ્થિર થઈ જાય છે પરંતુ ભાવ લેશ્યા પરિવર્તિત થઈ શકે છે.

**३ अणगारे णं भंते ! भावियप्पा चरमं असुरकुमारावासं वीइक्कंते, परमं असुरकुमारा-वासमसंपत्ते, एत्थ णं अंतरा कालं करेज्जा, तस्स णं भंते ! कहिं गई, कहिं उववाए पण्णत्ते ?**

**गोयमा ! एवं चेव । एवं** *जाव* **थणियकुमारावासं, जोइसियावासं, एवं वेमाणियावासं,** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કોઈ ભાવિતાત્મા અણગાર જેણે ચરમ–પૂર્વભાગવર્તી અસુરકુમારાવાસમાં ઉત્પન્ન થવા યોગ્ય લેશ્યા પરિણામનું ઉલ્લંઘન કર્યું છે અને પરમ–પરભાગવર્તી અસુરકુમારાવાસમાં ઉત્પન્ન થવા યોગ્ય લેશ્યા પરિણામને પ્રાપ્ત થયા નથી, જો તેની મધ્યમાં જ તે મૃત્યુ પામે તો તે ક્યાં જાય છે ? ક્યાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું જોઈએ. તે જ રીતે ***યાવત્*** સ્તનિતકુમારાવાસ, જ્યોતિષ્કાવાસ અને વૈમાનિકાવાસ પર્યંત કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં આત્મ પરિણામો(લેશ્યા) અનુસાર જીવની ગતિ અને ઉત્પત્તિના સિદ્ધાંતને સ્પષ્ટ કર્યો છે.

જેની લેશ્યા-આત્મ પરિણામો ઉત્તરોત્તર વિશુદ્ધ થઈ રહ્યા છે, તેવા ભાવિતાત્મા અણગાર પ્રથમ સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થવા યોગ્ય પરિણામોથી વિશુદ્ધ પરિણામોને પામી ગયા છે અને ત્રીજા સનત્કુમારાદિ દેવલોકમાં ઉત્પન્ન થવા યોગ્ય પરિણામોને હજુ પ્રાપ્ત થયા નથી, તેવા સમયે તે મૃત્યુ પામે તો

તે જીવ સૌધર્મ અને સનત્કુમારાદિ દેવલોકની મધ્યના દેવલોકમાં અર્થાત્ ઈશાન દેવલોકમાં ઉત્પન્ન થાય છે. **जल्लेसे मरइ जीवे, तल्लेसे चेव उववज्जइ ।** જીવ જે લેશ્યામાં મૃત્યુ પામે છે તે જ લેશ્યાયુક્ત સ્થાનમાં તેની ઉત્પત્તિ થાય છે. યથા– પહેલા, બીજા દેવલોકમાં તેજોલેશ્યા હોય છે. તેથી તે સ્થાનને તેજોલેશ્યા યુક્ત સ્થાન કહે છે. તેજોલેશી જીવ મરીને તેજોલેશ્યાયુક્ત સ્થાનમાં જ ઉત્પન્ન થાય છે. આ રીતે જે સ્થાનમાં જે લેશ્યા હોય તે સ્થાનને તે લેશ્યાયુક્ત સ્થાન કહે છે. મૃત્યુ સમયના આત્મ પરિણામો-ભાવલેશ્યા અનુસાર જ તેનો જન્મ થાય છે. પ્રત્યેક સ્થાનની ઉત્પત્તિમાં આ નિયમની સમાનતા છે.

**अणगारेणं भावियप्पा :–** ભાવિતાત્મા અણગારની ગતિ માત્ર વૈમાનિક દેવલોકની જ હોય છે. તો પણ પ્રસ્તુતમાં ભાવિતાત્મા અણગારની ભવનપતિ આદિમાં ઉત્પત્તિનું કથન છે. તે કથન આરાધક-વિરાધકની અપેક્ષાએ સમજવું જોઈએ અર્થાત્ અંત સમયે સંયમના વિરાધક થાય તો તે અણગાર ભવનપતિ આદિમાં ઉત્પન્ન થાય અને આરાધક થાય તો વૈમાનિકમાં ઉત્પન્ન થાય છે. અપેક્ષાએ તે બંને અવસ્થાગત અણગાર ભાવિતાત્મા અણગાર કહેવાય છે. અપેક્ષાએ બાલ તપસ્વી પણ ભાવિતાત્મા કહેવાય છે.

**कम्म लेसामेव पडिपडइ :–** ઉત્પન્ન થયા પછી તેને દ્રવ્યલેશ્યા-શરીરના વર્ણાદિ જીવન પર્યંત અવસ્થિત રહે છે અને પરિણામોના પરિવર્તન અનુસાર **કર્મલેશ્યા** અર્થાત્ ભાવલેશ્યામાં પરિવર્તન થાય છે.

**ચોવીસ દંડકોમાં શીઘ્ર ગતિ :–**

**૪ णेरइयाणं भंते ! कहं सीहा गई, कहं सीहे गइविसए पण्णत्ते ?**

**गोयमा ! से जहाणामए– केइ पुरिसे तरुणे बलवं जुगवं *जाव* णिउणसिप्पोवगए आउंटियं बाहं पसारेज्जा, पसारियं वा बाहं आउंटेज्जा, विक्खिण्णं वा मुट्ठिं साहरेज्जा, साहरियं वा मुट्ठिं विक्खिरेज्जा, उण्णिमिसियं वा अच्छिं णिम्मिसेज्जा णिम्मिसियं वा अच्छिं उम्मिसेज्जा, भवे एयारूवे ? णो इणट्ठे समट्ठे । णेरइया णं एगसमएण वा दुसमए ण वा तिसमएण वा विग्गहेणं उववज्जंति । णेरइयाणं गोयमा ! तहा सीहा गई, तहा सीहे गइविसए पण्णत्ते । एवं *जाव* वेमाणियाणं, णवरं एगिंदियाणं चउसमइए विग्गहे भाणियव्वे। सेसं तं चेव ।**

**શબ્દાર્થ :– आउंटेज्जा** = સંકુચિત કરે **उण्णिमिसियं** = ખુલેલી **णिउणसिप्पोवगए** = શિલ્પશાસ્ત્રમાં નિપુણ **विक्खिण्णं** = ફેલાવેલી, ખોલેલી **णिम्मिसेज्जा** = બંધ કરે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવોની શીઘ્ર ગતિ કેવા પ્રકારની છે અને તેની શીઘ્ર ગતિનો વિષય કેટલો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કોઈ તરુણ, બલવાન, યુગવાન– ચોથા આરામાં ઉત્પન્ન થયેલો ***યાવત્*** નિપુણ–શિલ્પશાસ્ત્રનો જ્ઞાતા પુરુષ હોય, તે પોતાના સંકુચિત હાથને શીઘ્રતાથી ફેલાવે અને ફેલાવેલા હાથને સંકુચિત કરે; ખુલ્લી મુટ્ઠીને બંધ કરે અને બંધ મુટ્ઠીને ખોલે; ખુલ્લી આંખને બંધ કરે અને બંધ આંખને ખોલે; તેવી શીઘ્રગતિ અને શીઘ્રગતિનો વિષય હે ગૌતમ ! નૈરયિક જીવોનો હોય છે ? તેમ નથી. નૈરયિક જીવ તેથી પણ તીવ્ર એવી એક, બે અથવા ત્રણ સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે. હે ગૌતમ! તેવી શીઘ્ર ગતિ અને શીઘ્રગતિનો તેનો વિષય છે. આ રીતે ***યાવત્*** વૈમાનિકો સુધી જાણવું જોઈએ. વિશેષતા

એ છે કે એકેન્દ્રિયોમાં ઉત્કૃષ્ટ ચાર સમયની વિગ્રહગતિ કહેવી જોઈએ. શેષ પૂર્વવત્ જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચોવીસ દંડકોના જીવોની શીઘ્રગતિ અને શીઘ્ર ગતિના વિષયનું પ્રતિપાદન કર્યું છે.

**શીઘ્રગતિ :–** એક ભવથી બીજા ભવમાં જવા માટે થતી ગતિને અહીં શીઘ્ર ગતિ કહી છે. એક ગતિમાંથી બીજી ગતિમાં જતો જીવ એક, બે, ત્રણ કે ચાર સમયમાં સાત રજ્જુ અને એકેન્દ્રિયાદિ જીવોની અપેક્ષાએ ૧૪ રજ્જુ જેટલા ક્ષેત્રને પસાર કરે છે. અત્યંત સશક્ત વ્યક્તિને પણ હાથ ફેલાવવા કે સંકોચવા આદિ કોઈ પણ ક્રિયામાં અસંખ્યાત સમય વ્યતીત થાય છે. જ્યારે વાટે વહેતો જીવ એક, બે સમયમાં સ્વસ્થાને પહોંચી જાય છે. માટે વાટે વહેતા જીવની ગતિને શીઘ્ર ગતિ કહી છે.

નૈરયિકાદિ કોઈપણ જીવ એક, બે આદિ સમયમાં ઉત્પત્તિ સ્થાને પહોંચી જાય છે. તેમાં ઉત્પત્તિ સ્થાન જો સર્વથા સીધું હોય તો એક સમયની ૠજુગતિ થાય છે અને ઉત્પત્તિ સ્થાન જો વક્ર સ્થાને હોય તો તે જીવ વક્રગતિથી જાય છે. તેમાં તેને બે અથવા ત્રણ સમય થાય છે. આ ત્રણેયને શીઘ્રગતિ કહી છે.

**અનંતરોપપન્નક આદિ અને આયુષ્યબંધ :–**

**૫ णेरइया णं भंते ! किं अणंतरोववण्णगा, परंपरोववण्णगा, अणंतरपरंपर-अणुववण्णगा ? गोयमा ! णेरइया अणंतरोववण्णगा वि परंपरोववण्णगा वि अणंतरपरंपर-अणुववण्णगा वि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ** *जाव* **अणंतरपरंपरअणुववण्णगा वि ?**

**गोयमा ! जे णं णेरइया पढमसमयोववण्णगा ते णं णेरइया अणंतरोववण्णगा, जे णं णेरइया अपढमसमयोववण्णगा ते णं णेरइया परंपरोववण्णगा, जे णं णेरइया विग्गहगइसमावण्णगा ते णं णेरइया अणंतरपरंपरअणुववण्णगा, से तेणट्ठेणं** *जाव* **अणंतर-परंपर-अणुववण्णगा वि । एवं णिरंतरं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકો અનંતરોપપન્નક હોય, પરંપરોપપન્નક હોય કે અનંતર-પરંપરાનુપપન્નક હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો અનંતરોપપન્નક પણ હોય છે, પરંપરોપપન્નક પણ હોય છે અને અનંતર-પરંપરાનુપપન્નક પણ હોય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નૈરયિકો અનંતરોપપન્નક, પરંપરોપપન્નક અને અનંતર પરંપરાનુપપન્નક પણ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે નૈરયિકો ઉત્પત્તિના પ્રથમ સમયમાં જ વર્તી રહ્યા છે, તે અનંતરોપપન્નક છે, જે નૈરયિકો ઉત્પત્તિના દ્વિતીય, તૃતીયાદિ સમયમાં વર્તી રહ્યા છે તે પરંપરોપપન્નક છે અને જે નૈરયિકો નરકમાં ઉત્પન્ન થવા માટે વિગ્રહગતિમાં છે તે અનંતર-પરંપરાનુપપન્નક કહેવાય છે. હે ગૌતમ ! તેથી નૈરયિકો અનંતરોપપન્નક હોય છે, પરંપરોપપન્નક પણ હોય છે અને અનંતરપરંપરાનુપપન્નક પણ હોય છે. આ રીતે ક્રમશઃ વૈમાનિક સુધી કથન કરવું જોઈએ.

**૬ अणंतरोववण्णगा णं भंते ! णेरइया किं णेरइयाउयं पकरेंति** *जाव* **देवाउयं पकरेंति?**

**गोयमा ! णो णेरइयाउयं पकरेंति** *जाव* **णो देवाउयं पकरेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનંતરોપપન્નક નૈરયિકો શું નૈરયિકનું આયુષ્ય બાંધે ***યાવત્*** શું દેવનું આયુષ્ય બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે નૈરયિકો તિર્યંચ, મનુષ્ય કે દેવ કોઈનું પણ આયુષ્ય બાંધતા નથી.

**૭ परंपरोववण्णगा णं भंते ! णेरइया किं णेरइयाउयं पकरेंति** *जाव* **देवाउयं पकरेंति?**

**गोयमा ! णो णेरइयाउयं पकरेंति, तिरिक्खजोणियाउयं पकरेंति, मणुस्साउयं पि पकरेंति, णो देवाउयं पकरेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરંપરોપપન્નક નૈરયિકો શું નૈરયિકનું આયુષ્ય બાંધે ***યાવત્*** શું દેવનું આયુષ્ય બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે નૈરયિકનું આયુષ્ય બાંધતા નથી. તિર્યંચ અથવા મનુષ્યનું આયુષ્ય બાંધે છે, દેવતાનું આયુષ્ય બાંધતા નથી.

**૮ अणंतरपरंपरअणुववण्णगा णं भंते ! णेरइया किं णेरइयाउयं पकरेंति, पुच्छा ?**

**गोयमा ! णो णेरइयाउयं पकरेंति** *जाव* **णो देवाउयं पकरेंति । एवं** *जाव* **वेमाणिया; णवरं पंचिंदियतिरिक्खजोणिया, मणुस्सा य परंपरोववण्णगा चत्तारि वि आउयाइं पकरेंति। सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ગૌતમ ! અનંતરપરંપરાનુપપન્નક નૈરયિકો શું નૈરયિકનું આયુષ્ય બાંધે છે, ઇત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે નૈરયિકનું આયુષ્ય બાંધતા નથી ***યાવત્*** દેવનું આયુષ્ય પણ બાંધતા નથી. આ રીતે વૈમાનિકો સુધી કથન કરવું જોઈએ. તેમાં વિશેષતા એ છે કે પરંપરોપપન્નક તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય નારકાદિ ચાર ગતિમાંથી કોઈ પણ ગતિનું આયુષ્ય બાંધે છે. શેષ કથન પૂર્વવત્ છે.

**વિવેચન :–**

**અનંતરોપપન્નક :–** જેની ઉત્પત્તિમાં સમયાદિનું અંતર-વ્યવધાન ન હોય અર્થાત્ જે ઉત્પત્તિના પ્રથમ સમયમાં વર્તી રહ્યા હોય તે અનંતરોપપન્નક કહેવાય છે.

**પરંપરોપપન્નક :–** જેની ઉત્પત્તિને બે, ત્રણ આદિ સમય થઈ ગયા હોય તે પરંપરોપપન્નક કહેવાય છે. અર્થાત્ ઉત્પત્તિના પ્રથમ સમય પછી બીજા સમયથી જીવન પર્યંત તે જીવ પરંપરોપપન્નક કહેવાય છે.

**અનંતર-પરંપરાનુપપન્નક :–** જેની ઉત્પત્તિનો પ્રથમ સમય કે દ્વિતીયાદિ સમય ન હોય તેવા વિગ્રહગતિ સમાપન્નક જીવ અનંતરપરંપરાનુપપન્નક કહેવાય છે અર્થાત્ જે જીવ નરકમાં ઉત્પન્ન થયા ન હોય તેમ છતાં નરકમાં ઉત્પન્ન થવા માટે વિગ્રહગતિમાં(વાટે વહેતી અવસ્થામાં) વર્તતા હોય તેને અનંતર-પરંપરાનુપપન્નક કહે છે.

**અનંતરોપપન્નકાદિમાં આયુષ્ય બંધ :–** અનંતરોપપન્નક કે અનંતરપરંપરાનુપપન્નક જીવ કોઈ પણ આયુષ્યનો બંધ કરતા નથી. કારણ કે તે અવસ્થામાં આયુષ્ય બંધ યોગ્ય કોઈ અધ્યવસાય હોતા નથી. તે જીવ પોતાના વર્તમાન આયુષ્યના ઓછામાં ઓછા બે તૃતીયાંશ ભાગ વ્યતીત થયા પછી યથાયોગ્ય સમયે આગામી ભવનું આયુષ્ય બાંધે છે તેથી વિગ્રહગતિમાં કે ઉત્પત્તિના પ્રથમ સમયે આયુષ્ય બંધ થતો નથી. પરંપરોપપન્નક નૈરયિક અને દેવ પોતાના આયુષ્યના છ મહિના શેષ રહે ત્યારે તિર્યંચ અથવા મનુષ્યનું આયુષ્ય બાંધે છે. પરંપરોપપન્નક મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય ચારે ગતિનું આયુષ્ય બાંધી શકે છે. તે જીવો પોતાના આયુષ્યના બે ભાગ વ્યતીત થયા પછી, કોઈ જીવો છ માસ શેષ રહે ત્યારે અને કોઈ જીવ અંતર્મુહૂર્ત શેષ રહે ત્યારે પણ પરભવનું આયુષ્ય બાંધે છે.

**અનંતર-નિર્ગતાદિ અને આયુષ્યબંધ :-**

**૯ णेरइया णं भंते ! किं अणंतरणिग्गया, परंपरणिग्गया, अणंतरपरंपर-अणिग्गया ?**

**गोयमा ! णेरइया णं अणंतरणिग्गया वि** *जाव* **अणंतरपरंपरअणिग्गया वि ।**

**से केणट्ठेणं भंते !** *जाव* **अणिग्गया वि ?**

**गोयमा ! जे णं णेरइया पढमसमयणिग्गया ते णं णेरइया अणंतरणिग्गया । जे णं णेरइया अपढमसमयणिग्गया ते णं णेरइया परंपरणिग्गया । जे णं णेरइया विग्गहगइसमावण्णगा ते णं णेरइया अणंतरपरंपरअणिग्गया, से तेणट्ठेणं गोयमा !** *जाव* **अणंतर-परंपर-अणिग्गया वि । एवं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો શું અનંતર નિર્ગત હોય, પરંપર નિર્ગત હોય કે અનંતર પરંપર અનિર્ગત હોય ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો અનંતર નિર્ગત પણ હોય છે, પરંપર નિર્ગત પણ હોય છે અને અનંતર-પરંપર અનિર્ગત પણ હોય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે નૈરયિકોને નરકગતિથી નીકળીને બીજા ભવને પ્રાપ્ત થયાનો પ્રથમ સમય જ છે, તે અનંતરનિર્ગત કહેવાય છે. જે નૈરયિકોને નરકગતિથી નીકળીને ભવાન્તરને પ્રાપ્ત થયાનો અપ્રથમ(દ્વિતીયાદિ) સમય છે તે પરંપરનિર્ગત છે અને જે નૈરયિકો નરકમાંથી નીકળીને વિગ્રહગતિ સમાપન્નક છે તે અનંતર-પરંપર અનિર્ગત છે. તેથી હે ગૌતમ ! આ પ્રમાણે કહ્યું છે કે નૈરયિકો, અનંતર નિર્ગત, પરંપર નિર્ગત અને અનંતર-પરંપર અનિર્ગત પણ હોય છે. આ રીતે વૈમાનિકો સુધી કથન કરવું જોઈએ.

**૧૦ अणंतरणिग्गया णं भंते ! णेरइया किं णेरइयाउयं पकरेंति** *जाव* **देवाउयं पकरेंति ? गोयमा ! णो णेरइयाउयं पकरेंति** *जाव* **णो देवाउयं पकरेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનંતર નિર્ગત નૈરયિકો શું નરકાયુષ્ય બાંધે ***યાવત્*** શું દેવાયુષ્ય બાંધે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે નરકાયુષ્ય બાંધતા નથી ***યાવત્*** દેવાયુષ્ય બાંધતા નથી.

**૧૧ परंपरणिग्गया णं भंते ! णेरइया किं णेरइयाउयं पकरेंति, पुच्छा ? गोयमा ! णेरइयाउयं पि पकरेंति** *जाव* **देवाउयं पि पकरेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરંપર નિર્ગત નૈરયિકો શું નરકાયુ બાંધે છે ? ઇત્યાદિ પૂર્વવત્ પ્રશ્ન કરવા. **ઉત્તર–** હે ગૌતમ ! તે નરકાયુ પણ બાંધે છે, ***યાવત્*** દેવાયુષ્ય પણ બાંધે છે.

**૧૨ अणंतरपरंपरअणिग्गया णं भंते ! णेरइया, पुच्छा ? गोयमा ! णो णेरइयाउयं पकरेंति** *जाव* **णो देवाउयं पकरेंति एवं णिरवसेसं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનંતર-પરંપર અનિર્ગત નૈરયિકો શું નરકાયુ બાંધે છે ? ઇત્યાદિ પ્રશ્ન **ઉત્તર–** હે ગૌતમ ! તે નરકાયુ બાંધતા નથી ***યાવત્*** દેવાયુ બાંધતા નથી, આ રીતે શેષ સર્વ કથન વૈમાનિકો સુધી કરવું જોઈએ.

**વિવેચન :-**

**અનંતર નિર્ગત :–** જે જીવોને એક ભવમાંથી નીકળીને બીજા ભવને પ્રાપ્ત થયાને પ્રથમ સમય જ હોય તેવા જીવો અનંતર નિર્ગત કહેવાય છે.

**પરંપર નિર્ગત :–** જે જીવોને એક ભવમાંથી નીકળીને ભવાન્તરને પ્રાપ્ત થયાને બે, ત્રણ આદિ સમય વ્યતીત થઈ ગયા હોય તેવા જીવો પરંપર નિર્ગત કહેવાય છે.

**અનંતર-પરંપર અનિર્ગત :–** એક ભવમાંથી નીકળીને ભવાન્તરમાં ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત નહીં થયેલા વિગ્રહગતિમાં સ્થિત છે, તેવા જીવો અનંતર-પરંપર અનિર્ગત કહેવાય છે.

**આયુષ્ય બંધ :–** અનંતર નિર્ગત અને અનંતર-પરંપર અનિર્ગત જીવો કોઈ પણ પ્રકારના આયુષ્યનો બંધ કરતા નથી. કારણ કે તે સમયે આયુષ્યના બંધ યોગ્ય અધ્યવસાય હોતા નથી.

પરંપર નિર્ગત(દ્વિતીય સમયથી લઈને સંપૂર્ણ ભવપર્યંતના) જીવો સર્વ ગતિના આયુષ્યનો બંધ કરે છે. કારણ કે પરંપર નિર્ગત નૈરયિક કે દેવ(એટલે નારક-દેવથી નીકળેલા જીવ) મનુષ્ય અથવા તિર્યંચ પંચેન્દ્રિય હોય છે(તે દેવ-નારક રહેતા નથી માટે) તે ચારે ગતિનું આયુષ્ય બાંધી શકે છે. આ જ રીતે પરંપર નિર્ગત તિર્યંચ અને મનુષ્ય, ચારે ય ગતિના જીવ હોય છે. તે પણ સર્વાયુષ્ય બંધક હોય છે. તેથી પરંપર નિર્ગત સર્વ જીવો, સર્વ ગતિનું આયુષ્ય બાંધે છે.

**અનંતર-ખેદોપપન્નક આદિ અને આયુષ્યબંધ :-**

**૧૩ णेरइया णं भंते ! किं अणंतरखेदोववण्णगा, परंपरखेदोववण्णगा, अणंतरपरंपर-खेदाणुववण्णगा ?**

**गोयमा ! णेरइया अणंतरखेदोववण्णागा वि परंपरखेदोववण्णगा वि, अणंतरपरंपर-खेदाणुववण्णगा वि । एवं एएणं अभिलावेणं तं चेव चत्तारि दंडगा भाणियव्वा ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો શું અનંતર-ખેદોપપન્નક છે, પરંપર ખેદોપપન્નક છે કે અનંતર

પરંપર ખેદાનુપપન્નક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો અનંતર ખેદોપપન્નક પણ છે, પરંપર-ખેદોપપન્નક પણ છે અને અનંતર પરંપરખેદાનુપપન્નક પણ છે. આ અભિલાપ દ્વારા પૂર્વોક્ત રૂપે ચાર દંડક કહેવા જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

**અનંતર ખેદોપપન્નક :–** ઉત્પત્તિના પ્રથમ સમયમાં જ જે ખેદયુક્ત-દુઃખી હોય તેવા જીવો અનંતર ખેદોપપન્નક કહેવાય છે.

**પરંપર ખેદોપપન્નક :–** જેની ખેદ યુક્ત ઉત્પત્તિના બે, ત્રણ આદિ સમય વ્યતીત થઈ ગયા હોય તેવા જીવો પરંપર ખેદોપપન્નક કહેવાય છે.

**અનંતર-પરંપર ખેદાનુપપન્નક :–** અનંતર અથવા પરંપર ખેદયુક્ત ઉત્પત્તિ નથી તેવા વિગ્રહગતિવર્તી જીવો અનંતર-પરંપર ખેદાનુપપન્નક કહેવાય છે.

**ત્રણેમાં પૂર્વોક્ત ચાર દંડક :–** આ રીતે છે– (૧) ખેદોપપન્નક (૨) ખેદોપપન્નક સંબંધી આયુષ્યબંધ (૩) ખેદ નિર્ગત અને (૪) ખેદ નિર્ગત સંબંધી આયુષ્ય બંધ. આ ચારે દંડક પૂર્વોક્ત વક્તવ્યતા અનુસાર કહેવા જોઈએ. અનંતર ખેદોપપન્નક અને અનંતર પરંપર ખેદાનુપપન્નક નૈરયિકો આયુષ્યબંધ કરતા નથી. પરંપર ખેદોપપન્નક નૈરયિક, મનુષ્ય કે તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધી શકે છે.

તે જ રીતે અનંતર ખેદ નિર્ગત કે અનંતર-પરંપર ખેદ અનિર્ગત નૈરયિકો આયુષ્યનો બંધ કરી શકતા નથી. પરંપર ખેદ નિર્ગત નૈરયિક(નરક ગતિમાંથી નીકળેલા જીવો) ચારે ગતિનું આયુષ્ય બાંધી શકે છે. આ રીતે ૨૪ દંડકના જીવોમાં કથન કરવું જોઈએ.

॥ શતક ૧૪/૧ સંપૂર્ણ ॥

# શતક–૧૪ : ઉદ્દેશક–૨

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં ઉન્માદનું સ્વરૂપ, દેવકૃત વૃષ્ટિ, દેવકૃત અંધકાર વગેરે વિષયોનું નિરૂપણ છે.

**ઉન્માદ :–** ચિત્તની વિક્ષિપ્તતા. નિમિત્તના ભેદથી તેના બે ભેદ છે– યક્ષાવેશ જન્ય અને મોહનીય કર્મોદય જન્ય.

**યક્ષાવેશ જન્ય ઉન્માદ :–** (૧) મનુષ્યના શરીરમાં યક્ષ પ્રવેશ કરે અને તે મનુષ્યનું ચિત્ત વિક્ષિપ્ત બની જાય; (૨) ભવનપતિ દેવો નારકોના શરીરમાં અશુભ પુદ્ગલનો પ્રક્ષેપ કરે, (૩) મહર્દ્ધિક દેવ, અલ્પર્દ્ધિક દેવના શરીરમાં અશુભ પુદ્ગલનો પ્રક્ષેપ કરે અને તે તે જીવોના ચિત્ત વિક્ષિપ્ત થાય તો તે યક્ષાવેશજન્ય ઉન્માદ કહેવાય છે. તે ઉત્કૃષ્ટ એક ભવ પર્યંત જ રહે છે. તેથી તે ઉન્માદ અપેક્ષાએ સુખપૂર્વક ભોગવી શકાય અને તેનાથી સુખપૂર્વક છૂટી શકાય છે.

**મોહનીય કર્મોદયજન્ય :–** દર્શન મોહનીય કે ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી જીવ વિવેકદશા ભૂલી જાય છે. તેની શ્રદ્ધા ભ્રષ્ટ થાય, કે ચારિત્ર દૂષિત થાય તેવી પ્રવૃત્તિ કરે તો તેને મોહનીય કર્મોદયજન્ય ઉન્માદ કહે છે. તે ભવ-ભવાંતર સુધી જીવની સાથે જ રહે છે. અનંત સંસારનું કારણ બને છે, તેથી તે ઉન્માદ અપેક્ષાએ દુઃખપૂર્વક ભોગવી શકાય અને દુઃખપૂર્વક છૂટી શકાય છે. ૨૪ દંડકના જીવોને બંને પ્રકારના ઉન્માદ હોય છે.

**દેવવૃષ્ટિ :–** જ્યારે કોઈ દેવને વરસાદ વરસાવવાની ઈચ્છા થાય ત્યારે તે આભ્યંતર પરિષદના દેવને બોલાવે છે. તે દેવો મધ્યમ પરિષદના દેવોને, તે દેવો બાહ્ય પરિષદના દેવોને અને તે દેવો બાહ્ય-બાહ્ય પરિષદના દેવોને બોલાવે છે. તે દેવો આભિયોગિક દેવોને બોલાવે છે અને આભિયોગિક દેવો વર્ષા કરનારા દેવોને બોલાવે છે અને તે દેવો તીર્થંકરોના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન, નિર્વાણ આદિ કલ્યાણક સમયે વૃષ્ટિ કરે છે.

**દેવ તમસ્કાય :–** દેવો પોતાની ઈચ્છાનુસાર ચાર કારણે અંધકાર કરે છે. રતિક્રીડા માટે, પોતાના સંરક્ષણ માટે, છુપાઈ જવા માટે અથવા વસ્તુ છુપાવવા માટે, વિરોધી દેવો આદિને ભ્રમિત કે વિસ્મિત કરવા માટે તમસ્કાય-અંધકાર ઉત્પન્ન કરે છે.

તે દેવો પણ દેવવૃષ્ટિની જેમ ક્રમશઃ આભ્યંતર, મધ્યમ, બાહ્ય, બાહ્ય-બાહ્ય પરિષદના દેવોને, આભિયોગિક દેવોને અને તમસ્કાય કરનાર દેવોને બોલાવીને અંધકાર કરાવે છે.

આ રીતે આ ઉદ્દેશકમાં દેવ-શક્તિનું નિદર્શન છે.

❖❖❖❖❖

# શતક–૧૪ : ઉદ્દેશક–૨

## ઉન્માદ

**ઉન્માદના પ્રકાર અને સ્વરૂપ :–**

**१ कइविहे णं भंते ! उम्माए पण्णत्ते ?**

**गोयमा ! दुविहे उम्माए पण्णत्ते, तं जहा– जक्खाएसे य मोहणिज्जस्स य कम्मस्स उदएणं । तत्थ णं जे से जक्खाएसे से णं सुहवेयणतराए चेव सुहविमोयणतराए चेव । तत्थ णं जे से मोहणिज्जस्स कम्मस्स उदएणं से णं दुहवेयणतराए चेव, दुह विमोयणतराए चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉન્માદના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઉન્માદના બે પ્રકાર છે, યથા– યક્ષાવેશજન્ય અને મોહનીય કર્મના ઉદયજન્ય. તેમાં યક્ષાવેશજન્ય ઉન્માદનું સુખપૂર્વક વેદન થાય છે અને તેનાથી સુખપૂર્વક છૂટી શકાય છે અને મોહનીય કર્મના ઉદયજન્ય ઉન્માદનું દુઃખપૂર્વક વેદન થાય છે અને તેનાથી દુઃખપૂર્વક છૂટી શકાય છે.

**२ णेरइयाणं भंते ! कइविहे उम्माए पण्णत्ते ?**

**गोयमा ! दुविहे उम्माए पण्णत्ते, तं जहा– जक्खाएसे य, मोहणिज्जस्स य कम्मस्स उदएणं ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– णेरइयाणं दुविहे उम्माए पण्णत्ते, तं जहा– जक्खाएसे य मोहणिज्जस्स य कम्मस्स उदएणं ?**

**गोयमा ! देवे वा से असुभे पोग्गले पक्खिवेज्जा, से णं तेसिं असुभाणं पोग्गलाणं पक्खिवणयाए जक्खाएसं उम्मायं पाउणेज्जा, मोहणिज्जस्स वा कम्मस्स उदएणं मोहणिज्जं उम्मायं पाउणेज्जा । से तेणट्ठेणं गोयमा !** *जाव* **उदएणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોમાં કેટલા પ્રકારનો ઉન્માદ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમાં બે પ્રકારનો ઉન્માદ હોય છે, યથા– યક્ષાવેશજન્ય ઉન્માદ અને મોહનીય કર્મના ઉદયજન્ય ઉન્માદ.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નૈરયિકોમાં યક્ષાવેશજન્ય અને મોહનીય કર્મના ઉદય જન્ય તે બંને પ્રકારના ઉન્માદ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જો કોઈ દેવ, નૈરયિક, પર અશુભ પુદ્ગલોનો પ્રક્ષેપ કરે, તો તે અશુભ પુદ્ગલોના પ્રક્ષેપથી નૈરયિકો યક્ષાવેશરૂપ ઉન્માદને પ્રાપ્ત થાય છે અને મોહનીય કર્મના ઉદયથી મોહનીય કર્મજન્ય ઉન્માદને પ્રાપ્ત થાય છે, તેથી હે ગૌતમ ! નૈરયિકોમાં બે પ્રકારનો ઉન્માદ હોય છે.

**३** **असुरकुमाराणं भंते ! कइविहे उम्माए पण्णत्ते ?**

**गोयमा ! जहेव णेरइयाणं; णवरं देवे वा से महिड्ढीयतराए असुभे पोग्गले पक्खिवेज्जा, से णं तेसिं असुभाणं पोग्गलाणं पक्खिवणयाए जक्खाएसं उम्मायं पाउणेज्जा, मोहणिज्जस्स वा, सेसं तं चेव, से तेणट्ठेणं *जाव* उदएणं । एवं *जाव* थणियकुमाराणं । पुढविकाइयाणं *जाव* मणुस्साणं एएसिं जहा णेरइयाणं; वाणमंतर-जोइस-वेमाणियाणं जहा असुरकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારોમાં કેટલા પ્રકારનો ઉન્માદ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોની સમાન તેમાં પણ બે પ્રકારના ઉન્માદ હોય છે. તેમાં વિશેષતા એ છે કે મહર્દ્ધિક દેવ, તે અસુરકુમારો પર અશુભ પુદ્ગલોનો પ્રક્ષેપ કરે છે અને તે અશુભ પુદ્ગલોના પ્રક્ષેપથી યક્ષાવેશરૂપ ઉન્માદને પ્રાપ્ત થાય છે તથા મોહનીય કર્મના ઉદયથી મોહનીયકર્મજન્ય ઉન્માદને પ્રાપ્ત થાય છે. શેષ સર્વ કથન પૂર્વવત્ સમજવું જોઈએ.

આ રીતે સ્તનિતકુમારો સુધી ઉન્માદના વિષયમાં સમજવું જોઈએ. પૃથ્વીકાયિકથી મનુષ્યો સુધીના દંડકોમાં નૈરયિકોની સમાન સમજવું જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં અસુરકુમારોની સમાન સમજવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઉન્માદનું સ્વરૂપ, તેના ભેદ અને ચોવીસ દંડકોમાં તેના અસ્તિત્વને સૂચિત કર્યું છે.

**ઉન્માદ :–** ઉન્મત્તતાને ઉન્માદ કહે છે. જેનાથી શુદ્ધ ચેતનાનો, વિવેકજ્ઞાનનો નાશ થઈ જાય, તેને ઉન્માદ કહે છે.

**યક્ષાવેશજન્ય ઉન્માદ :–** ભૂત, પિશાચ, યક્ષ આદિ શરીરમાં પ્રવેશ કરે અને વ્યક્તિ પોતાનો વિવેક ગુમાવે છે, નિરર્થક બકવાટ આદિ કરે છે. તેને યક્ષાવેશ રૂપ ઉન્માદ કહે છે.

**મોહનીયજન્ય ઉન્માદ :–** મોહનીય કર્મના ઉદયથી આત્માનો પારમાર્થિક બોધ નષ્ટ થઈ જાય છે. તેને મોહનીયજન્ય ઉન્માદ કહે છે. તેના બે ભેદ છે. મિથ્યાત્વ મોહનીયજન્ય અને ચારિત્રમોહનીયજન્ય ઉન્માદ.

**મિથ્યાત્વ મોહનીયજન્ય ઉન્માદ :–** તેના પ્રભાવથી જીવ તત્ત્વને અતત્ત્વ અને અતત્ત્વને તત્ત્વ સમજે છે. સત્ય વસ્તુને સમજી શકતો નથી.

**ચારિત્ર મોહનીયજન્ય ઉન્માદ :–** તેના પ્રભાવથી જીવ વિષય-કષાયાદિના સ્વરૂપને જાણવા છતાં પણ જ્ઞાન સભર પ્રવૃત્તિ કરી શકતો નથી. તે અજ્ઞાનીની સમાન પ્રવૃત્તિ કરે છે અથવા ચારિત્ર મોહનીયની વેદ નામક પ્રકૃતિના ઉદયથી જીવ હિતાહિતનું ભાન ભૂલીને સ્ત્રી આદિમાં આસક્ત બને છે. મોહના નશામાં ભાન ભૂલી જાય છે.

**સ્વાભાવિક અને દેવકૃત વૃષ્ટિ :–**

**૪ अत्थि णं भंते ! पज्जण्णे कालवासी वुट्ठिकायं पकरेइ ? गोयमा ! हंता अत्थि ।**

**શબ્દાર્થ :– पज्जण्णे** = પર્જન્ય, મેઘ, વાદળાઓ **कालवासी** = સમયપ્રાપ્ત, વરસવા માટેની પરિપકવ સ્થિતિવાળા **वुट्ठिकायं** = વૃષ્ટિકાય, જલવૃષ્ટિ સમૂહ, વરસાદ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વર્ષાઋતુમાં શું વાદળાઓ વરસાદ વરસાવે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! વાદળાઓ વરસાદ વરસાવે છે.

**૫ जाहे णं भंते ! सक्के देविंदे देवराया वुट्ठिकायं काउकामे भवइ से कहमियाणिं पकरेइ ?**

**गोयमा ! ताहे चेव णं से सक्के देविंदे देवराया अब्भिंतरपरिसए देवे सद्दावेइ, तएणं ते अब्भिंतरपरिसगा देवा सद्दाविया समाणा मज्झिमपरिसए देवे सद्दावेंति, तएणं ते मज्झिम परिसगा देवा सद्दाविया समाणा बाहिरपरिसए देवे सद्दावेंति, तएणं ते बाहिरपरिसगा देवा सद्दाविया समाणा बाहिरबाहिरगे देवे सद्दावेंति, तएणं ते बाहिरबाहिरगा देवा सद्दाविया समाणा आभिओगिए देवे सद्दावेंति, तएणं ते आभिओगिया देवा सद्दाविया समाणा वुट्ठिकाइए देवे सद्दावेंति, तएणं ते वुट्ठिकाइया देवा सद्दाविया समाणा वुट्ठिकायं पकरेंति। एवं खलु गोयमा ! सक्के देविंदे देवराया वुट्ठिकायं पकरेंति ।**

**શબ્દાર્થ:– काउकामे** = કરવાના ઈચ્છુક **कहमियाणिं** = કયા પ્રકારે **किं पत्तियं** = કયા નિમિત્ત-પ્રયોજનથી, **णाणुप्पायमहिमासु** = કેવળજ્ઞાનની ઉત્પત્તિ-મહોત્સવ પર.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે દેવેન્દ્ર દેવરાજ શક્ર, વૃષ્ટિ કરવાની ઈચ્છા કરે છે, ત્યારે તે કઈ રીતે વૃષ્ટિ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્યારે દેવેન્દ્ર દેવરાજ શક્ર, વૃષ્ટિ કરવાની ઈચ્છા કરે છે ત્યારે તે આભ્યંતર પરિષદના દેવોને બોલાવે છે, આભ્યંતર પરિષદના દેવો મધ્યમ પરિષદના દેવોને બોલાવે છે, મધ્યમ પરિષદના દેવો બાહ્ય પરિષદના દેવોને બોલાવે છે. બાહ્ય પરિષદના દેવો બાહ્ય-બાહ્ય(બાહ્ય પરિષદની બહારના) દેવોને બોલાવે છે. તે બાહ્ય-બાહ્ય પરિષદના દેવો, આભિયોગિક દેવોને બોલાવે છે, તે આભિયોગિક દેવો, વૃષ્ટિકાયિક દેવોને બોલાવે છે, તત્પશ્ચાત્ તે વૃષ્ટિકાયિક દેવો, વૃષ્ટિ કરે છે. આ રીતે હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર વૃષ્ટિ કરે છે.

**૬ अत्थि णं भंते ! असुरकुमारा वि देवा वुट्ठिकायं पकरेंति ? गोयमा ! हंता अत्थि।**

**किं पत्तियं णं भंते ! असुरकुमारा देवा वुट्ठिकायं पकरेंति ?**

**गोयमा ! जे इमे अरहंता भगवंता एएसि णं जम्मण महिमासु वा णिक्खमणमहिमासु वा णाणुप्पायमहिमासु वा परिणिव्वाणमहिमासु वा एवं खलु गोयमा ! असुरकुमारा वि देवा वुट्ठिकायं पकरेंति, एवं णागकुमारा वि, एवं *जाव* थणियकुमारा । वाणमंतर-जोइसिय-**

**वेमाणिया एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવો પણ વૃષ્ટિ કરે છે ? **ઉત્તર–** હા, ગૌતમ કરે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવો કયા પ્રયોજનથી વૃષ્ટિ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અરિહંત ભગવંતોના જન્મ-મહોત્સવ, દીક્ષા મહોત્સવ, કેવળજ્ઞાન મહોત્સવ અને નિર્વાણ મહોત્સવના સમયે, અસુરકુમાર દેવો વૃષ્ટિ કરે છે, આ જ રીતે નાગકુમારથી સ્તનિતકુમારો સુધી કહેવું જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોના વિષયમાં પણ આ જ રીતે કહેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સ્વાભાવિક વૃષ્ટિ, દેવકૃત વૃષ્ટિ અને તેના કારણોને સ્પષ્ટ કર્યા છે. સ્વાભાવિક રીતે થતી વૃષ્ટિ વર્ષાઋતુમાં વાદળાઓ દ્વારા થાય છે અને દેવકૃત વૃષ્ટિ દેવની ઇચ્છાનુસાર ગમે ત્યારે થાય છે.

**દેવકૃત વૃષ્ટિનું કારણ :–** ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો મોસમ વિના પણ તીર્થંકર ભગવંતોના સૂત્રોક્ત ચારે ય મહિમાના સમયે વૃષ્ટિ કરી શકે છે.

**દેવકૃત વૃષ્ટિની પ્રક્રિયા :–** સૂત્રમાં શકેન્દ્રની વૃષ્ટિ કરવાની વિધિ દર્શાવી છે. ઇન્દ્રને વૃષ્ટિ કરવાની ઇચ્છા થાય ત્યારે શકેન્દ્ર ક્રમશઃ આભ્યંતર, મધ્યમ, બાહ્ય અને બાહ્ય-બાહ્ય પરિષદ અને આભિયોગિક દેવોને બોલાવે. તે દેવો વૃષ્ટિકાયિક દેવો દ્વારા વૃષ્ટિ કરાવે છે.

**દેવકૃત તમસ્કાય :–**

**૭ जाहे णं भंते ! ईसाणे देविंदे देवराया तमुक्कायं काउकामे भवइ, से कहमियाणिं पकरेइ ?**

**गोयमा ! ताहे चेव णं से ईसाणे देविंदे देवराया अब्भिंतरपरिसाए देवे सद्दावेइ, तएणं ते अब्भिंतरपरिसगा देवा सद्दाविया समाणा एवं जहेव सक्कस *जाव* तएणं ते आभिओगिया देवा सद्दाविया समाणा तमुक्काइए देवे सद्दावेंति, तएणं ते तमुक्काइया देवा सद्दाविया समाणा तमुक्कायं पकरेंति । एवं खलु गोयमा ! ईसाणे देविंदे देवराया तमुक्कायं पकरेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે દેવેન્દ્ર દેવરાજ ઈશાન તમસ્કાય કરવાની ઇચ્છા કરે છે, ત્યારે તે કેવી રીતે કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્યારે દેવેન્દ્ર દેવરાજ ઈશાન તમસ્કાય કરવાની ઇચ્છા કરે છે ત્યારે તે આભ્યંતર પરિષદના દેવોને બોલાવે છે, આભ્યંતર પરિષદના દેવો મધ્યમ પરિષદના દેવોને બોલાવે છે, ઇત્યાદિ સર્વ વર્ણન, પૂર્વ સૂત્રાનુસાર જાણવું. ***યાવત્*** ત્યારે બોલાવેલા તે આભિયોગિક દેવો તમસ્કાયિક દેવોને બોલાવે છે અને ત્યાર પછી તે તમસ્કાયિક દેવો તમસ્કાય કરે છે. આ રીતે હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાન તમસ્કાય કરે છે.

**૮ अत्थि णं भंते ! असुरकुमारा वि देवा तमुक्कायं पकरेंति ? हंता अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અસુરકુમાર દેવો પણ તમસ્કાય કરે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! કરે છે.

**૯ किं पत्तियं णं भंते ! असुरकुमारा देवा तमुक्कायं पकरेंति ?**

**गोयमा ! किड्डा रइपत्तियं वा पडिणीयविमोहणट्ठयाए वा गुत्तिसारक्खणहेउं वा अप्पणो वा सरीरपच्छायणट्ठयाए, एवं खलु गोयमा ! असुरकुमारा वि देवा तमुक्कायं पकरेंति, एवं** *जाव* **वेमाणिया ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**શબ્દાર્થ :– किड्डारइपत्तियं** = ક્રીડા અને રતિના નિમિત્તે, મનોરંજન માટે, આનંદાનુભૂતિ પ્રગટ કરવા **पडिणीय विमोहणट्ठयाए** = શત્રુને મોહિત કરવા માટે **गुत्तिसारक्खणहेउं** = ગુપ્ત નિધિની સુરક્ષાને માટે **सरीरपच्छायणट्ठयाए**= શરીરને છુપાવવા માટે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કયા નિમિત્તથી-પ્રયોજનથી અસુરકુમાર દેવો તમસ્કાય કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ક્રીડા અને રતિના નિમિત્તે, શત્રુને વિસ્મિત કરવા, છુપાવવા યોગ્ય ધનની રક્ષા કરવા અને પોતાના શરીરને પ્રચ્છાદિત કરવાના નિમિત્તે અસુરકુમાર દેવો પણ તમસ્કાય કરે છે. આ રીતે વૈમાનિકો સુધી કહેવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દેવકૃત તમસ્કાયની પ્રક્રિયા અને તેના કારણો દર્શાવ્યા છે.

**તમસ્કાય :–** અંધકારના સમૂહને તમસ્કાય કહે છે. કોઈ પણ દેવો પોતાના આભિયોગિક દેવો દ્વારા તમસ્કાયિક દેવોને બોલાવીને તમસ્કાય કરાવી શકે છે.

**॥ શતક ૧૪/૨ સંપૂર્ણ ॥**

# શતક–૧૪ : ઉદ્દેશક–૩

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં ૨૪ દંડકના જીવોનો વિવિધ પ્રકારનો વિનય અને નૈરયિકોના પુદ્ગલ પરિણમનનું અતિદેશાત્મક નિરૂપણ છે.

★ મિથ્યાદષ્ટિ દેવોને ભાવિતાત્મા અણગાર પ્રતિ કોઈ ભક્તિ ભાવ હોતો નથી. તેથી તે દેવો શ્રમણોને વંદનાદિ કર્યા વિના જ તેમનું ઉલ્લંઘન કરીને આગળ જાય છે. પરંતુ સમ્યગ્દૃષ્ટિ દેવોને અણગાર પ્રતિ ભક્તિભાવ હોય છે. તેથી તે ગમે ત્યારે તેમનું ઉલ્લંઘન કરીને આગળ જતાં નથી. તેમને વંદનાદિ કરીને પર્યુપાસના કરે છે.

★ નારકો, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય જીવોમાં કોઈ પણ પ્રકારનો વિનય વ્યવહાર હોતો નથી. કારણ કે નારકીના જીવો વેદનાથી અત્યંત ત્રસ્ત હોય છે અને સ્થાવરાદિ જીવોમાં તથા પ્રકારનો વિવેક શક્ય નથી. તિર્યંચ પંચેન્દ્રિયમાં સત્કાર, સન્માન, અભ્યુત્થાન આદિ હોય છે પરંતુ તેઓ આસનપ્રદાન કે આસન લઈને સાથે જવું વગેરે વ્યવહાર કરી શકતા નથી કારણ કે તેની પાસે સાધનોનો અભાવ હોય છે. દેવ અને મનુષ્યોમાં સર્વ પ્રકારનો વિનય હોય છે.

★ મહર્દ્ધિક દેવ-દેવી, અલ્પર્દ્ધિક દેવ-દેવીની મધ્યમાંથી ગમે ત્યારે ગમે તે રીતે જઈ શકે છે. સમર્દ્ધિક દેવ-દેવી, સમર્દ્ધિક દેવ-દેવીની મધ્યમાંથી કયારેક જઈ શકે છે. જો તે દેવ-દેવી સાવધાન હોય તો જઈ શકતા નથી. તે દેવ સાવધાન ન હોય ત્યારે શસ્ત્ર પ્રયોગ કરીને જઈ શકે છે. અલ્પર્દ્ધિક દેવ-દેવી, મહર્દ્ધિક દેવ-દેવીની મધ્યમાંથી જઈ શકતા નથી. આ રીતે દેવ-દેવીઓને પણ ઉચિત વ્યવહાર હોય છે.

★ નૈરયિકો ત્યાંના પુદ્ગલોનો અનિષ્ટ, અકાંત, અમનોજ્ઞ અને પ્રતિકૂળ અનુભવ કરે છે. તે જીવો દશ પ્રકારની વેદનાનો અનુભવ કરે છે. તેનું વિસ્તૃત વિવેચન જીવાભિગમ સૂત્રમાં છે.

❖❖❖❖❖

# શતક–૧૪ : ઉદ્દેશક–૩

## શરીર

**દેવોનો ભાવિતાત્મા અણગાર પ્રતિ વિનય વ્યવહાર :–**

**१ देवे णं भंते ! महाकाए महासरीरे अणगारस्स भावियप्पणो मज्झंमज्झेणं वीइवएज्जा ? गोयमा ! अत्थेगइए वीइवएज्जा, अत्थेगइए णो वीइवएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું મહાકાય, પ્રશસ્ત શરીરી દેવ, ભાવિતાત્મા અણગારની મધ્યમાં થઈને જાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કોઈ જાય છે અને કોઈ જતા નથી.

**२ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– अत्थेगइए वीइवएज्जा, अत्थेगइए णो वीइवएज्जा?**

**गोयमा ! दुविहा देवा पण्णत्ता तं जहा– मायिमिच्छादिट्ठीउववण्णगा य अमायिसम्मदिट्ठीउववण्णगा य, तत्थ णं जे से मायिमिच्छादिट्ठीउववण्णए देवे से णं अणगारं भावियप्पाणं पासइ, पासित्ता णो वंदइ, णो णमंसइ, णो सक्कारेइ, णो सम्माणेइ, णो कल्लाणं मंगलं देवयं चेइयं *जाव* पज्जुवासइ, से णं अणगारस्स भावियप्पणो मज्झंमज्झेणं वीइवएज्जा । तत्थ णं जे से अमायिसम्मद्दिट्ठिउववण्णए देवे से णं अणगारं भावियप्पाणं पासइ पासित्ता वंदइ, णमंसइ *जाव* पज्जुवासइ । से णं अणगारस्स भावियप्पणो मज्झंमज्झेणं णो वीइवएज्जा, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ *जाव* अत्थेगइए णो वीइवएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કેટલાક જાય છે અને કેટલાક જતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! દેવના બે પ્રકાર છે, યથા– માયી મિથ્યાદષ્ટિ-ઉપપન્નક અને અમાયી સમ્યગ્દષ્ટિ ઉપપન્નક. માયી મિથ્યાદષ્ટિ ઉપપન્નક દેવ, ભાવિતાત્મા અણગારને જુએ છે, જોઈને વંદન-નમસ્કાર પણ કરતા નથી અને તેને કલ્યાણકારી, મંગલકારી, દેવતુલ્ય, જ્ઞાનવાન સમજતા નથી અને તેમની પર્યુપાસના કરતા નથી. તે દેવ, ભાવિતાત્મા અણગારની મધ્યમાં થઈને જાય છે અને અમાયી સમ્યગ્દષ્ટિ-ઉપપન્નક દેવ, ભાવિતાત્મા અણગારને જુએ છે, જોઈને વંદન-નમસ્કાર કરે છે ***યાવત્*** તેમની પર્યુપાસના કરે છે. તે ભાવિતાત્મા અણગારની મધ્યમાં થઈને જતા નથી. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે કોઈ દેવ જાય છે અને કોઈ દેવ જતા નથી.

**३ असुरकुमारे णं भंते ! महाकाये महासरीरे अणगारस्स भावियप्पणो मज्झंमज्झेणं वीइवएज्जा ? गोयमा ! एवं चेव, देवदंडओ भाणियव्वो *जाव* वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહાકાય અને પ્રશસ્તશરીરી અસુરકુમાર દેવ, ભાવિતાત્મા અણગારની

મધ્યમાં થઈને જાય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું જોઈએ. આ રીતે દેવ-દંડક ***યાવત્*** વૈમાનિકો સુધી કહેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ભાવિતાત્મા અણગાર સાથે દેવોના વ્યવહારની વિભિન્નતા અને તેનું કારણ સ્પષ્ટ કર્યું છે.

**માયીમિથ્યા દષ્ટિ ઉત્પન્ન :–** જે દેવ પૂર્વભવમાં મિથ્યાદષ્ટિ હતા, મિથ્યાત્વ ભાવમાં જ દેવરૂપે ઉત્પન્ન થયા અને વર્તમાનમાં પણ તે મિથ્યાદષ્ટિ છે; તેવા મિથ્યા દષ્ટિ દેવો મોક્ષ સાધક અણગારો પ્રતિ વિનયભાવ રાખતા નથી પરંતુ ઉપેક્ષા ભાવે તેઓની વચ્ચેથી નીકળી શકે છે.

**અમાયી સમ્યગ્દષ્ટિ ઉત્પન્ન :–** જે દેવ પૂર્વ ભવમાં સમ્યક્ત્વી હતા, સમ્યક્ત્વ ભાવમાં જ દેવરૂપે ઉત્પન્ન થયા અને વર્તમાનમાં પણ સમ્યગ્દષ્ટિ દેવ છે, તેને ભાવિતાત્મા અણગાર પ્રતિ ભક્તિ અને બહુમાન હોય છે; તેથી તે દેવ અણગારને વંદન નમસ્કાર કરે છે, તેને કલ્યાણરૂપ આદિ ગુણો યુક્ત માની તેની ઉપાસના કરે છે પરંતુ અનાદર ભાવે તેની મધ્યમાં થઈને ગમન કરતા નથી, અર્થાત્ તેનું ઉલ્લંઘન કરતા નથી. ચારે જાતિના દેવોનો આ પ્રકારનો જ વ્યવહાર હોય છે.

નૈરયિકો તથા પૃથ્વીકાયિકાદિ જીવોની પાસે તથાપ્રકારના સાધન તથા સામર્થ્યનો સંભવ નથી, તેથી પ્રસ્તુત પ્રસંગમાં દેવ દંડકનું જ કથન કર્યું છે.

**महाकाये महासरीरे :–** યદ્યપિ કાય અને શરીર બંનેનો એક જ અર્થ છે તેમ છતાં આ બંને શબ્દ સાથે પ્રયુક્ત હોવાથી **મહા** શબ્દનો અર્થ પરિવર્તિત થઈ જાય છે તેથી કાયાની સાથે **મહા** શબ્દ લાગવાથી તેનો અર્થ વિશાળ કાય થાય છે અને શરીર સાથે **મહા** શબ્દ લાગવાથી તેનો, પ્રશસ્ત શરીર અર્થ થાય છે.

**જીવોમાં સત્કારાદિ વિનય :–**

**૪ अत्थि णं भंते ! णेरइयाणं सक्कारे इ वा, सम्माणे इ वा, किइकम्मे इ वा, अब्भुट्ठाणे इ वा, अंजलिपग्गहे इ वा; आसणाभिग्गहे इ वा, आसणाणुप्पदाणे इ वा, एंतस्स पच्चुग्गच्छणया, ठियस्स पज्जुवासणया, गच्छंतस्स पडिसंसाहणया ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકોમાં સત્કાર– ઊભા થવું, સન્માન– વસ્ત્રાદિ પ્રદાન કરવા, કૃતિકમ– વંદના કરવી, અભ્યુત્થાન-આસનનો ત્યાગ કરીને ઊભા થવું, અંજલિ પ્રગ્રહ– બંને હાથ જોડવા, આસનાભિગ્રહ– આસન આપવું, આસનાનુપ્રદાન– આસનને એક સ્થાનેથી બીજે સ્થાને લઈ જવું, સામે જવું,પર્યુપાસના– બેઠેલા આદરણીય પુરુષોની સેવા કરવી અને અનુગમન– જ્યારે તે જાય ત્યારે થોડે દૂર સુધી તેની પાછળ જવું, ઈત્યાદિ વિનય હોય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! તેમ હોતું નથી અર્થાત્ નૈરયિકોમાં સત્કાર આદિ વિનય વ્યવહાર નથી.

**૫ अत्थि णं भंते ! असुरकुमाराणं सक्कारे इ वा, सम्माणे इ वा** *जाव* **गच्छंतस्स पडिसंसाहणया ? हंता अत्थि । एवं** *जाव* **थणियकुमाराणं । पुढविकाइयाणं** *जाव*

**चउरिंदियाणं एएसिं जहा णेरइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવોમાં સત્કાર, સન્માન, અનુગમન આદિ વિનય હોય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! હોય છે, આ જ રીતે સ્તનિતકુમારો સુધી કહેવું જોઈએ. જે રીતે નૈરયિકોને માટે કથન કર્યું, તે જ રીતે પૃથ્વીકાયિકથી લઈને ચૌરેન્દ્રિય જીવો સુધી કથન કરવું જોઈએ.

**६ अत्थि णं भंते ! पंचिंदियतिरिक्खजोणियाणं सक्कारे इ वा** *जाव* **गच्छंतस्स पडिसंसाहणया ? हंता अत्थि, णो चेव णं आसणाभिग्गहे इ वा, आसणाणुप्पदाणे इ वा । मणुस्साणं** *जाव* **वेमाणियाणं जहा असुरकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચ જીવોમાં સત્કાર, સન્માન, અનુગમન આદિ વિનય હોય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! હોય છે, પરંતુ આસનાભિગ્રહ– આસન આપવું અને આસનાનુપ્રદાન– આસનને લઈને એક સ્થાનેથી અન્ય સ્થાને જવા રૂપ વિનય નથી.

જે રીતે અસુરકુમારોના વિષયમાં કહ્યું, તે જ રીતે મનુષ્યોથી વૈમાનિકો સુધીના દંડકોમાં કહેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચોવીસ દંડકવર્તી જીવોમાં સત્કાર-સન્માનાદિ વિનય વ્યવહારનું નિરૂપણ કર્યું છે.

નૈરયિકો, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય જીવોમાં પરસ્પર સત્કાર, સન્માનાદિ વિનય-વ્યવહાર નથી. કારણ કે તે જીવોની પાસે તથાપ્રકારના સાધનો નથી તેમ જ નૈરયિકો સદૈવ દુઃખગ્રસ્ત છે, પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય જીવોમાં તથાપ્રકારનો વિવેક નથી. તિર્યંચ પંચેન્દ્રિય જીવોમાં આસનાભિગ્રહ તથા આસનાનુપ્રદાન રૂપ વિનય વ્યવહારને છોડીને શેષ સર્વ વિનય વ્યવહાર હોય છે. પંચેન્દ્રિય તિર્યંચોને વ્યક્ત ભાષા, તથાપ્રકારના સાધનોનો અભાવ હોવાથી તે બંને પ્રકારના વિનયનો સંભવ નથી. ચારે જાતિના દેવો અને મનુષ્યોમાં સર્વ પ્રકારનો વિનય વ્યવહાર હોય છે.

**દેવોમાં પરસ્પર આદર સન્માન :–**

**७ अप्पिड्ढीए णं भंते ! देवे महिड्ढीयस्स देवस्स मज्झंमज्झेणं वीइवएज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અલ્પ ઋદ્ધિવાળા દેવ, મહાઋદ્ધિવાળા દેવની મધ્યમાં થઈને જઈ શકે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શકય નથી.

**८ समिड्ढीए णं भंते ! देवे समिड्ढीयस्स देवस्स मज्झं मज्झेणं वीइवएज्जा ? गोयमा ! णो इणट्ठे समट्ठे, पमत्तं पुण वीइवएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સમર્દ્ધિક-સમાન ઋદ્ધિવાળા દેવ, સમર્દ્ધિક દેવની મધ્યમાં થઈને જઈ શકે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શકય નથી. જો તે સમર્દ્ધિક દેવ પ્રમત્ત-અસાવધાન હોય તો તેની મધ્યમાંથી જઈ શકે છે.

**९ से णं भंते ! किं सत्थेणं अक्कमित्ता पभू, अणक्कमित्ता पभू ? गोयमा ! अक्कमित्ता पभू, णो अणक्कमित्ता पभू ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમાં થઈને જનાર દેવ શસ્ત્રનો પ્રહાર કરીને જઈ શકે છે કે પ્રહાર કર્યા વિના જઈ શકે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શસ્ત્રનો પ્રહાર કરીને જઈ શકે છે, પ્રહાર કર્યા વિના જઈ શકતા નથી.

**१० से णं भंते ! किं पुव्विं सत्थेणं अक्कमित्ता पच्छा वीइवएज्जा, पुव्विं वीइवएज्जा पच्छा सत्थेणं अक्कमेज्जा ?**

**गोयमा ! पुव्विं सत्थेणं अक्कमित्ता पच्छा वीइवएज्जा, णो पुव्विं वीइवइत्ता पच्छा सत्थेणं अक्कमिज्जा । एवं एएणं अभिलावेणं जहा दसमसए आइड्ढीउद्देसए तहेव णिरवसेसं चत्तारि दंडगा भाणियव्वा *जाव* महिड्ढीया वेमाणिणी अप्पिड्ढीयाए वेमाणिणीए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે દેવ પહેલાં શસ્ત્રનો પ્રહાર કરે છે અને પછી જાય છે કે પહેલાં જાય છે અને પછી શસ્ત્રનો પ્રહાર કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પહેલાં શસ્ત્રનો પ્રહાર કરે છે અને પછી જાય છે પરંતુ પહેલાં જાય છે અને પછી શસ્ત્રનો પ્રહાર કરે છે તે પ્રમાણે હોતું નથી.

આ રીતે આ અભિલાપ(સૂત્રોચ્ચારણ) દ્વારા શતક ૧૦/૩ **'आइड्ढी'** ઉદ્દેશક અનુસાર સંપૂર્ણ રૂપે ચારે દંડક ***યાવત્*** મહર્દ્ધિક વૈમાનિક દેવી, અલ્પર્દ્ધિક દેવીની મધ્યમાં થઈને જઈ શકે છે. ત્યાં સુધી કહેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચાર દંડકમાં પ્રત્યેકના ત્રણ-ત્રણ આલાપક(સૂત્ર સમૂહ) દ્વારા દેવોના પરસ્પરના આદર-સત્કારનું નિરૂપણ કર્યું છે. ચાર દંડક આ પ્રમાણે છે (૧) દેવ અને દેવ (૨) દેવ અને દેવી (૩) દેવી અને દેવ (૪) દેવી અને દેવી. ચારે દંડકમાં ત્રણ આલાપક આ પ્રમાણે છે–

(૧) અલ્પર્દ્ધિક દેવ કે દેવી, મહર્દ્ધિક દેવ કે દેવીની મધ્યમાં થઈને જઈ શકતા નથી.

(૨) સમર્દ્ધિક દેવ કે દેવી, સમર્દ્ધિક દેવ કે દેવીની મધ્યમાં થઈને જઈ શકે છે પરંતુ તે દેવ સાવધાન ન હોય ત્યારે પહેલા શસ્ત્ર પ્રહાર કરીને જઈ શકે છે.

(૩) મહર્દ્ધિક દેવ કે દેવી, અલ્પર્દ્ધિક દેવ કે દેવીની મધ્યમાં ગમે ત્યારે ગમે તે રીતે જઈ શકે છે.

**નૈરયિકોમાં પુદ્ગલ પરિણમન :–**

**११ रयणप्पभापुढविणेरइया णं भंते ! केरिसयं पोग्गल परिणामं पच्चणुब्भवमाणा विहरंति ? गोयमा ! अणिट्ठं *जाव* अमणाणं । एवं *जाव* अहेसत्तमापुढविणेरइया । एवं वेयणापरिणामं । एवं जहा जीवाभिगमे बिइए णेरइयउद्देसए *जाव*—**

**अहेसत्तमापुढविणेरइया णं भंते ! केरिसयं परिग्गहसण्णापरिणामं पच्चणुब्भवमाणा**

**विहरंति ? गोयमा ! अणिट्ठं** *जाव* **अमणामं ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકો કેવા પ્રકારના પુદ્ગલ પરિણામનો અનુભવ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે અનિષ્ટ ***યાવત્*** અમનામ(મનને પ્રતિકૂળ) પુદ્ગલ પરિણામનો અનુભવ કરે છે. આ રીતે અધઃસપ્તમ પૃથ્વીના નૈરયિકો સુધી કહેવું જોઈએ. આ રીતે વેદના પરિણામનો પણ અનુભવ કરે છે ઇત્યાદિ જીવાભિગમ સૂત્રની તૃતીય પ્રતિપત્તિના બીજા ઉદ્દેશક અનુસાર કહેવું જોઈએ, ***યાવત્***—

**પ્રશ્ન–** હે ભગવન્ ! અધઃસપ્તમ પૃથ્વીના નૈરયિકો, કેવા પ્રકારની પરિગ્રહ સંજ્ઞાનો અનુભવ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે અનિષ્ટ ***યાવત્*** મનને પ્રતિકૂળ પરિગ્રહ સંજ્ઞાના પરિણામનો અનુભવ કરે છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

નૈરયિક જીવને પાપકર્મનો ઉદય હોવાથી તેને પ્રતિકૂળ સંયોગ પ્રાપ્ત થાય છે. તે જીવો અનિષ્ટ, અકાન્ત, મનને પ્રતિકૂળ પુદ્ગલ પરિણામનો અનુભવ કરે છે. આ રીતે શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષા, ખંજવાળ, પરતન્ત્રતા, ભય, શોક, જરા અને વ્યાધિ, આ દશ પ્રકારની વેદનાનો અનુભવ કરે છે. આ વિષયનું વિસ્તૃત વિવેચન જીવાભિગમ સૂત્રમાં છે. ત્યાં પુદ્ગલ પરિણામ, વેદના આદિ વીસ દ્વારથી વર્ણન છે.

તે વીસ દ્વાર આ પ્રમાણે છે– (૧) પુદ્ગલ પરિણામ (૨) વેદના (૩) લેશ્યા (૪) નામ-ગોત્ર (૫) અરતિ (૬) ભય (૭) શોક (૮) ક્ષુધા (૯) પિપાસા (૧૦) વ્યાધિ (૧૧) ઉચ્છ્વાસ (૧૨) અનુતાપ (૧૩) ક્રોધ (૧૪) માન (૧૫) માયા (૧૬) લોભ (૧૭) આહાર સંજ્ઞા (૧૮) ભય સંજ્ઞા (૧૯) મૈથુન સંજ્ઞા (૨૦) પરિગ્રહ સંજ્ઞા.

પ્રસ્તુત સૂત્રમાં પ્રથમ બે દ્વાર અને અંતિમ દ્વારના કથન દ્વારા સંક્ષિપ્ત વર્ણન છે. નૈરયિકો પરિગ્રહસંજ્ઞા પર્યંતના પ્રત્યેક ભાવોનો અનિષ્ટરૂપે અનુભવ કરે છે.

**॥ શતક ૧૪/૩ સંપૂર્ણ ॥**

# શતક–૧૪ : ઉદ્દેશક–૪

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં જીવ અને પુદ્ગલોના પરિણામોની પરિવર્તન-શીલતા, પરમાણુની શાશ્વતતા અશાશ્વતતા, ચરમતા-અચરમતા અને જીવ-અજીવોના પરિણામોનું અતિદેશાત્મક કથન છે.

★ પુદ્ગલ દ્રવ્યમાં સ્વભાવથી તથા પ્રયોગથી પરિવર્તન થયા જ કરે છે. એક વર્ણમાંથી અનેક વર્ણ, અનેક વર્ણમાંથી એક વર્ણ, આ રીતે ગંધ, રસાદિ પર્યાયોનું પરિવર્તન ત્રણે કાલમાં થયા કરે છે.

★ કર્માધીન જીવોમાં પણ કર્મોદયના પરિવર્તનથી સુખ-દુઃખમાં પરિવર્તન થયા જ કરે છે જ્યારે તે કર્મોથી મુક્ત થાય ત્યારે સ્વાભાવિક સુખ રૂપ એક ભાવને પ્રાપ્ત કરે છે.

★ પરમાણુ પુદ્ગલ, દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત અને પર્યાયની અપેક્ષાએ અશાશ્વત છે.

★ જે પરમાણુ વિવક્ષિત પરિણામનો ત્યાગ કરીને પુનઃ તે પરિણામને કદાપિ પ્રાપ્ત ન કરે તો તે ભાવની અપેક્ષાએ તે પરમાણુ **ચરમ** કહેવાય અને જો તે ભાવને કાલાન્તરમાં પ્રાપ્ત કરવાનો હોય, તો તે ભાવની અપેક્ષાએ તે **અચરમ** કહેવાય છે.

★ દ્રવ્યથી– પ્રત્યેક પરમાણુ દ્રવ્યથી ચરમ નથી અચરમ છે કારણ કે પરમાણુ સ્કંધ રૂપે પરિણત થાય પરંતુ કાલાંતરમાં તે અવશ્ય પરમાણુ રૂપે પરિણત થશે. તેથી તેને ચરમ કહી શકાતું નથી.

★ ક્ષેત્રથી– તે કથંચિત્ ચરમ કથંચિત્ અચરમ છે. કેવળી સમુદ્ઘાત સમયે જે ક્ષેત્રોમાં જે પરમાણુનો સંબંધ જે કેવળી સાથે થયો છે તે પરમાણુનો સંબંધ તે ક્ષેત્રમાં તે કેવળી સાથે ફરી ક્યારે ય થવાનો નથી. તેથી તે પરમાણુ ચરમ કહેવાય અને સામાન્ય ક્ષેત્રની અપેક્ષાએ તે અચરમ કહેવાય છે.

★ કાલથી– કથંચિત્ ચરમ કથંચિત્ અચરમ છે. કેવળી સમુદ્ઘાત સમયે જે કાલમાં, જે પરમાણુનો સંબંધ જે કેવળી સાથે થયો છે તે પરમાણુનો સંબંધ તે કાલમાં ફરી થવાનો નથી. તેથી તે પરમાણુ ચરમ છે અને સામાન્ય કાલની અપેક્ષાએ તે અચરમ છે.

★ ભાવથી– કથંચિત્ ચરમ કથંચિત્ અચરમ છે. કેવળી સમુદ્ઘાત સમયે જે પરમાણુ જે વર્ણાદિ ભાવ વિશેષ રૂપે પરિણત થયા હતા, તે કેવળીમાં તે પરમાણુ તે રૂપે ક્યારે ય પરિણત થવાના નથી કારણ કે કેવળી ભગવાનનો મોક્ષ થઈ જાય છે અને સાધારણ ભાવની અપેક્ષાએ તે અચરમ છે.

★ જીવ અને અજીવ દ્રવ્યમાં પરિણમન થયા જ કરે છે. તેનું વિસ્તૃત વિવેચન શ્રી પ્રજ્ઞાપના સૂત્રાનુસાર જાણવું.

❖❖❖❖❖

# શતક–૧૪ : ઉદ્દેશક–૪

## પુદ્ગલ

**પુદ્ગલનું પરિણમન :–**

**१ एस णं भंते ! पोग्गले तीयमणंतं सासयं समयं लुक्खी, समयं अलुक्खी, समयं लुक्खी वा अलुक्खी वा; पुव्विं च णं करणेणं अणेगवण्णं अणेगरूवं परिणामं परिणमइ, अह से परिणामे णिज्जिण्णे भवइ, तओ पच्छा एगवण्णे एगरूवे सिया ?**

**हंता गोयमा ! एस णं पोग्गले तीयं मणंतं सासयं समयं तं चेव *जाव* एगरूवे सिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું આ પુદ્ગલો(પરમાણુ અથવા સ્કંધ) અનંત, શાશ્વત અતીત કાલમાં એક સમય રૂક્ષ સ્પર્શવાળા હોય, એક સમય અરૂક્ષ અર્થાત્ સ્નિગ્ધ સ્પર્શવાળા હોય અને એક સમય રૂક્ષ અને સ્નિગ્ધ બંને સ્પર્શવાળા હોય છે ? શું તે પહેલા પ્રયોગકરણ અથવા વિસ્રસાકરણ દ્વારા અનેક વર્ણ અને અનેક રૂપવાળા પરિણામથી પરિણત થયા હોય અને ત્યારપછી તે અનેક વર્ણાદિ પરિણામ ક્ષીણ થઈ જતાં તે પુદ્ગલ એક વર્ણ અને એક રૂપવાળા થઈ જાય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે પુદ્ગલ અનંત, શાશ્વત અતીતકાલમાં અનેક વર્ણાદિ પરિણામ ક્ષીણ થઈ જતા એક સમય રૂક્ષ સ્પર્શવાળા થઈ જાય ઈત્યાદિ પ્રશ્નના કથનાનુસાર એક રૂપવાળા થઈ જાય છે, ત્યાં સુધી કહેવું જોઈએ.

**२ एस णं भंते ! पोग्गले पडुप्पण्णं सासयं समयं लुक्खी, पुच्छा ? गोयमा ! एवं चेव; एवं अणागयमणंतं पि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે પુદ્ગલો(પરમાણુ અથવા સ્કંધ) શાશ્વત વર્તમાન કાલમાં એક સમય રૂક્ષ સ્પર્શવાળા એક સમય સ્નિગ્ધ સ્પર્શવાળા હોય છે, ઈત્યાદિ પૂર્વવત્ પ્રશ્ન કરવો ? **ઉત્તર–** હે ગૌતમ! પૂર્વકથનાનુસાર જાણવું જોઈએ, આ રીતે અનંત અનાગત કાલના વિષયમાં પણ જાણવું જોઈએ.

**३ एस णं भंते ! खंधे तीयमणंतं सासयं समयं लुक्खी पुच्छा ? गोयमा ! एवं चेव, खंधे वि जहा पोग्गले ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ સ્કંધ, અનંત, શાશ્વત, અનાગત કાલમાં એક સમય રૂક્ષ, એક સમય સ્નિગ્ધ હોય છે ? ઈત્યાદિ પૂર્વવત્ પ્રશ્ન કરવો. **ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે પુદ્ગલ પરિણામના વિષયમાં કહ્યું, તે જ રીતે સ્કંધના વિષયમાં પણ કહેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પુદ્ગલોના ત્રૈકાલિક પરિવર્તનને પ્રદર્શિત કર્યું છે. સૂત્રકારે પુદ્ગલ શબ્દથી સ્કંધ

અને પરમાણુ બંને અવસ્થાનું ગ્રહણ કર્યું છે.

પુદ્‌ગલ દ્રવ્યની પર્યાયોમાં તેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શમાં સમયે સમયે પરિવર્તન થઈ શકે છે. એક પરમાણુમાં એક સમયે શીત તો બીજા સમયે ઉષ્ણ સ્પર્શ, એક સમયે સ્નિગ્ધ તો બીજા સમયે રૂક્ષ સ્પર્શ થઈ શકે છે.

તે જ રીતે દ્વિપ્રદેશી આદિ સ્કંધમાં પણ પરિવર્તન થયા કરે છે. કોઈ પણ સ્કંધમાં એક સાથે અનેક વર્ણાદિ પરિણામ પણ હોય શકે છે. યથા– સ્કંધના એક દેશમાં કૃષ્ણ વર્ણ હોય અને બીજા દેશમાં નીલ વર્ણ હોય, આ રીતે સ્કંધમાં બે વર્ણ કે તેથી અધિક વર્ણાદિ સંભવિત છે. ક્યારેક તે અનેક વર્ણાદિ પરિણામ ક્ષીણ થાય, ત્યારે એક વર્ણાદિ પર્યાયમાં પરિણત થાય છે. આ રીતે પુદ્‌ગલમાં વિવિધ પ્રકારનું પરિણમન સતત થયા જ કરે છે.

પ્રસ્તુત સૂત્રમાં વર્તમાન કાલ સાથે **અનંત** શબ્દ પ્રયુક્ત નથી કારણ કે વર્તમાન કાલ એક સમયનો જ છે તેથી તેમાં અનંતનો સંભવ નથી.

**જીવના સુખી-દુઃખી આદિ વિવિધ પરિણામ :–**

**૪ एस णं भंते ! जीवे तीयमणंतं सासयं समयं दुक्खी, समयं अदुक्खी, समयं दुक्खी वा अदुक्खी वा; पुव्विं च णं करणेणं अणेगभावं अणेगभूयं परिणामं परिणमइ, अह से वेयणिज्जे णिज्जिण्णे भवइ, तओ पच्छा एगभावे एगभूएसिया ?**

**हंता गोयमा ! एस णं जीवे तीयमणंतं सासयं समयं** *जाव* **एगभूए सिया, एवं पडुप्पण्णं सासयं समयं, एवं अणागयमणंतं सासयं समयं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું આ જીવ અનંત શાશ્વત અતીતકાલમાં, એક સમયમાં દુઃખી, એક સમયમાં અદુઃખી(સુખી) તથા એક સમયમાં દુઃખી અને સુખી(ઉભયરૂપે) હતો ? તથા પહેલા કરણ (પ્રયોગકરણ અને વિસ્રસાકરણ) દ્વારા અનેક ભાવવાળો, અનેક રૂપ પરિણામથી પરિણત થયો હતો ? અને ત્યાર પછી વેદનીયકર્મ(અને ઉપલક્ષણથી જ્ઞાનાવરણીયાદિ કર્મો)ની નિર્જરા થતાં જીવ એક ભાવ અને એક રૂપવાળો થાય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! આ જીવ અનંત અતીત કાલમાં એક સમય દુઃખી, એક સમય સુખી એક સમય સુખી દુઃખી હતો. તે પહેલાં અનેક પરિણામથી પરિણત હતો અને પછી વેદનીયાદિ કર્મની નિર્જરા થતાં તે જીવ એક ભાવથી અને એક રૂપથી પરિણત થાય છે. આ જ રીતે શાશ્વત વર્તમાનકાલના વિષયમાં અને અનંત અનાગત કાલના વિષયમાં પણ સમજવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં જીવના ત્રિકાલવર્તી પરિણામોને પ્રદર્શિત કર્યા છે. કર્માધીન જીવોમાં કાલ, સ્વભાવ, પૂર્વકૃત કર્મ આદિ વિવિધ કારણે અને શુભાશુભ કર્મબંધની હેતુભૂત ક્રિયાના કારણે અનેક પરિણામ થાય છે, તે ક્ષણમાં સુખી અને ક્ષણમાં દુઃખી થાય છે. ક્યારેક સુખ અને દુઃખ બંનેના નિમિત્તો એક સાથે ઉપસ્થિત થાય ત્યારે તે સુખી દુઃખી અવસ્થાને પણ અનુભવે છે. જ્યાં સુધી જીવ કર્માધીન છે ત્યાં સુધી ત્રણે કાલમાં ઉપરોક્ત રીતે પરિવર્તન થયા જ કરે છે. પરંતુ જ્યારે અનેક પરિણામના કારણભૂત કર્મોનો ક્ષય થાય છે

ત્યારે તે જીવ સાંસારિક સુખથી મુક્ત બનીને સ્વાભાવિક સુખરૂપ એકત્વભાવને પ્રાપ્ત કરે છે. પછી તેમાં અનેકરૂપતા રહેતી નથી.

**પરમાણુ પુદ્ગલની શાશ્વતતા-અશાશ્વતતા :–**

**૫ परमाणुपोग्गले णं भंते ! किं सासए, असासए ? गोयमा ! सिय सासए, सिय असासए ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– सिय सासए, सिय असासए ?**

**गोयमा ! दव्वट्ठयाए सासए, वण्णपज्जवेहिं** *जाव* **फासपज्जवेहिं असासए । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– सिय सासए, सिय असासए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરમાણુ પુદ્ગલ શાશ્વત છે કે અશાશ્વત ? **ઉત્તર–** હે ગૌતમ ! તે કથંચિત્ શાશ્વત છે, કથંચિત્ અશાશ્વત છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે પરમાણુ પુદ્ગલ કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત છે અને વર્ણ પર્યાય ***યાવત્*** સ્પર્શાદિ પર્યાયોની અપેક્ષાએ અશાશ્વત છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે પરમાણુ પુદ્ગલ કથંચિત્ શાશ્વત છે, કથંચિત્ અશાશ્વત છે.

**વિવેચન :–**

પરમાણુ પુદ્ગલ દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત છે કારણ કે તે સ્કંધ રૂપે સંયુક્ત થવા છતાં તેનું મૂળભૂત સ્વરૂપ નષ્ટ થતું નથી, જ્યારે તે સ્કંધ સાથે જોડાઈ જાય છે ત્યારે તે 'પ્રદેશ' શબ્દથી ઓળખાય છે, પરંતુ તેમાં રહેલી વર્ણાદિ પર્યાયોની અપેક્ષાએ અશાશ્વત છે. કારણ કે દ્રવ્યની પ્રત્યેક પર્યાયો વિનશ્વર છે.

**પરમાણુ પુદ્ગલની ચરમ-અચરમતા :–**

**૬ परमाणुपोग्गले णं भंते ! किं चरिमे, अचरिमे ?**

**गोयमा ! दव्वादेसेणं णो चरिमे, अचरिमे; खेत्तादेसेणं सिय चरिमे, सिय अचरिमे; कालादेसेणं सिय चरिमे, सिय अचरिमे; भावादेसेणं सिय चरिमे सिय अचरिमे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરમાણુ પુદ્ગલ ચરમ છે કે અચરમ ?

**ઉત્તર–** હે ગૌતમ ! પરમાણુ પુદ્ગલ દ્રવ્યની અપેક્ષાએ ચરમ નથી, અચરમ જ છે. ક્ષેત્રની અપેક્ષાએ કદાચિત્ ચરમ કદાચિત્ અચરમ છે. કાલની અપેક્ષાએ કથંચિત્ ચરમ, કથંચિત્ અચરમ છે. અને ભાવાદેશથી પણ કથંચિત્ ચરમ, કથંચિત્ અચરમ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અનેકાંત દૃષ્ટિથી પરમાણુ પુદ્ગલની ચરમતા અને અચરમતાને સમજાવી છે.

**ચરમ-અચરમ પરમાણુ :–** જે પરમાણુ વિવક્ષિત પરિણામને છોડીને પુનઃ તે પરિણામને કદાપિ પ્રાપ્ત ન

કરે, તે પરમાણુ પરિણામની અપેક્ષાએ ચરમ કહેવાય છે અને જે પરમાણુ, તે પરિણામને પુનઃ પ્રાપ્ત કરે છે તે અપેક્ષાએ તે અચરમ કહેવાય છે.

**દ્રવ્યાદેશથી** પરમાણુ ચરમ નથી, અચરમ છે, કારણ કે પરમાણુની સ્થિતિ અસંખ્યાતકાલની હોય છે, ત્યારપછી અવશ્ય તે કોઈપણ સ્કંધ સાથે જોડાય છે અને સ્કંધરૂપે પરિણત થાય છે. કાલાન્તરે તે પુનઃ તે સ્કંધથી છૂટો પડીને પરમાણુપણાને પ્રાપ્ત કરે છે. આ રીતે તેની અવસ્થામાં પરિવર્તન થયા જ કરે છે. દ્રવ્યની અપેક્ષાએ પરમાણુ શાશ્વત છે. તેથી તે ચરમ નથી અચરમ છે.

**ક્ષેત્રાદેશથી** કથંચિત્ ચરમ, કથંચિત્ અચરમ છે. યથા– જે ક્ષેત્રમાં કોઈ કેવળીએ કેવળી સમુદ્‌ઘાત કર્યો હતો, તે સમયે પરમાણુ ત્યાં સ્થિત હતા. તે સમુદ્‌ઘાત પ્રાપ્ત ઉક્ત કેવળીના સંબંધ વિશેષથી તે પરમાણુ પુનઃ કદાપિ તે ક્ષેત્રનો આશ્રય કરવાના નથી. કારણ કે સમુદ્‌ઘાત પ્રાપ્ત કેવળી નિર્વાણને પ્રાપ્ત થઈ જાય છે. તે ક્ષેત્રની અપેક્ષાએ તે પરમાણુ ચરમ છે અને વિશેષણ રહિત ક્ષેત્રની અપેક્ષાએ પરમાણુ પુનઃ તે ક્ષેત્રમાં અવગાઢ થાય છે. તેથી તે અચરમ કહેવાય છે.

**કાલાદેશથી** પરમાણુ પુદ્‌ગલ કથંચિત્ ચરમ, કથંચિત્ અચરમ છે. યથા– તે કેવલીએ પ્રાતઃકાલ આદિ સમયે કેવળી સમુદ્‌ઘાત કર્યો હતો, તે કાલમાં જે પરમાણુ હતા, તે પરમાણુ તે જ કેવળી સમુદ્‌ઘાતના વિશિષ્ટ કાલને પ્રાપ્ત થતા નથી, કારણ કે કેવળીનો મોક્ષ થઈ જાય છે. તેથી તે વિશિષ્ટ કાલની અપેક્ષાએ પરમાણુ ચરમ છે અને વિશેષણ રહિત કાલની અપેક્ષાએ પરમાણુ અચરમ છે.

**ભાવાદેશથી** પરમાણુ પુદ્‌ગલ કથંચિત્ ચરમ અને કથંચિત્ અચરમ છે. યથા– તે કેવળીએ કેવળી સમુદ્‌ઘાતના સમયે જે પરમાણુ વર્ણાદિ ભાવવિશેષને પ્રાપ્ત થયા હતા, તે પરમાણુ વિવક્ષિત કેવળી સમુદ્‌ઘાત વિશિષ્ટ વર્ણાદિ પરિણામની અપેક્ષાએ ચરમ છે અને વિશેષણ રહિત ભાવની અપેક્ષાએ તે અચરમ છે.

**જીવ અજીવના પરિણામ :–**

**૭ कइविहे णं भंते ! परिणामे पण्णत्ते ?**

**गोयमा ! दुविहे परिणामे पण्णत्ते, तं जहा– जीवपरिणामे य अजीवपरिणामे य । एवं परिणामपयं णिरवसेसं भाणियव्वं ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરિણામના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પરિણામના બે પ્રકાર છે. યથા– જીવ પરિણામ અને અજીવ પરિણામ. આ રીતે પ્રજ્ઞાપના સૂત્રનું તેરમું 'પરિણામ પદ' સંપૂર્ણ કહેવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રજ્ઞાપના સૂત્રના તેરમા પદમાં વર્ણિત જીવ પરિણામ અને અજીવ પરિણામનું અતિદેશપૂર્વક સંક્ષિપ્ત કથન છે.

દ્રવ્યની અવસ્થાન્તર પ્રાપ્તિને 'પરિણામ' કહે છે. આ પરિણામ પરિણામન્તરને પ્રાપ્ત થવા છતાં

દ્રવ્યનો સર્વથા વિનાશ થતો નથી. તેનું મૂળભૂત સ્વરૂપ તે જ રૂપે રહીને તેની અવસ્થાઓમાં સતત પરિવર્તન થયા જ કરે છે. તે જ દ્રવ્યના પરિણામ છે.

જીવ પરિણામના દશ પ્રકાર છે– (૧) ગતિ (૨) ઈન્દ્રિય (૩) કષાય (૪) લેશ્યા (૫) યોગ (૬) ઉપયોગ (૭) જ્ઞાન (૮) દર્શન (૯) ચારિત્ર (૧૦) વેદ.

અજીવ પરિણામના પણ દશ પ્રકાર છે. યથા– (૧) બંધન (૨) ગતિ (૩) સંસ્થાન (૪) ભેદ (૫) વર્ણ (૬) ગંધ (૭) રસ (૮) સ્પર્શ (૯) અગુરુલઘુ અને (૧૦) શબ્દ પરિણામ. તેનું વિસ્તૃત વિવેચન શ્રી પ્રજ્ઞાપના સૂત્ર પદ-૧૩ પરિણામ પદમાં છે.

## ।। શતક ૧૪/૪ સંપૂર્ણ ।।

# શતક–૧૪ : ઉદ્દેશક–પ

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં જીવોનું અગ્નિગમન, તેમાં તેનું જ્વલન તેમ જ શબ્દાદિ દશ સ્થાનની અનુભૂતિ વિષયક પ્રતિપાદન છે.

★ વિગ્રહગતિ સમાપન્નક કોઈ પણ ગતિના જીવો ગમે તે સ્થાનમાંથી પસાર થઈ શકે છે કારણ કે તેની વાટે વહેતી અવસ્થામાં તેને તૈજસ-કાર્મણ શરીર સૂક્ષ્મ શરીર જ હોય છે. તેથી તે અગ્નિમાંથી પસાર થઈ શકે છે. અગ્નિ સૂક્ષ્મ શરીરને બાળી શકતી નથી.

★ અવિગ્રહગતિ સમાપન્નક(વાટે વહેતા સિવાયના) જીવોમાં જે વૈક્રિયાદિ લબ્ધિ સંપન્ન હોય તો તે અગ્નિમાંથી જઈ શકે છે; અન્યથા જઈ શકતા નથી.

નરકમાં બાદર અગ્નિ ન હોવાથી નારકો અગ્નિમાં જઈ શકતા નથી. પાંચ સ્થાવરમાં ગતિનો અભાવ હોવાથી જતા નથી. ત્રણ વિકલેન્દ્રિયો જો અગ્નિની મધ્યમાં જાય તો તે બળી જાય છે. તિર્યંચ અને મનુષ્યોમાં જે લબ્ધિધારી છે તે લબ્ધિ પ્રયોગથી જાય તો તેને અગ્નિ બાળી શકતી નથી; અન્યથા અગ્નિ તેને બાળી શકે છે. ચારે જાતિના દેવો વૈક્રિય શક્તિથી જઈ શકે છે. તેને અગ્નિ કાંઈ જ કરી શકતી નથી.

★ જીવને પોતાના કર્મો અનુસાર શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ, ગતિ, સ્થિતિ, લાવણ્ય, યશકીર્તિ, ઉત્થાનાદિ દશ સ્થાનનો અનુભવ થાય છે. નારકોને અશુભ, દેવોને શુભ, ઔદારિક શરીરીને શુભાશુભ અનુભવ થાય છે.

★ નારકો, દેવો, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો દશ સ્થાનનો, એકેન્દ્રિય છ સ્થાનનો, બેઈન્દ્રિય સાત, તેઈન્દ્રિય આઠ, ચૌરેન્દ્રિય નવ સ્થાનનો અનુભવ કરે છે. જે જીવોને જેટલી ઈન્દ્રિયો હોય તે પ્રમાણે તેને શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શનો અનુભવ થાય છે. જેમ કે એકેન્દ્રિય જીવોને એક જ ઈન્દ્રિય હોવાથી તે રસેન્દ્રિયાદિ ચાર ઈન્દ્રિયથી થતાં રસ, ગંધ, રૂપ અને શબ્દ આ ચાર સ્થાનનો અનુભવ કરી શકતા નથી તેથી છ સ્થાનનો અનુભવ કરે છે. આ રીતે પ્રત્યેક જીવોમાં સમજવું જોઈએ.

★ દેવો વૈક્રિય શક્તિથી બહારના પુદ્‌ગલોને ગ્રહણ કરીને તિરછા પર્વત કે ભીંતનું ઉલ્લંઘન કરી શકે છે. બહારના પુદ્‌ગલોને ગ્રહણ કર્યા વિના ઉલ્લંઘન કરી શકતા નથી.

આ રીતે આ ઉદ્દેશકમાં જીવશક્તિનું વિવિધ રૂપે પ્રતિપાદન છે.

❖❖❖❖❖

# શતક–૧૪ : ઉદ્દેશક–૫

## અગ્નિ

**જીવોનું અગ્નિમાં ગમન સામર્થ્ય :–**

**૧** णेरइए णं भंते ! अगणिकायस्स मज्झंमज्झेणं वीइवएज्जा ? गोयमा ! अत्थेगइए वीइवएज्जा, अत्थेगइए णो वीइवएज्जा ।

से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– अत्थेगइए वीइवएज्जा, अत्थेगइए णो वीइवएज्जा ?

गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा– विग्गहगइसमावण्णगा य अविग्गहगइसमावण्णगा य, तत्थ णं जे से विग्गहगइसमावण्णए णेरइए से णं अगणिकायस्स मज्झंमज्झेणं वीइवएज्जा ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નારક જીવ અગ્નિકાયની મધ્યમાં થઈને જઈ શકે છે અર્થાત્ પસાર થઈ શકે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કોઈ નૈરયિક જઈ શકે છે અને કોઈ જઈ શકતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કોઈ નૈરયિક જઈ શકે છે અને કોઈ નૈરયિક જઈ શકતા નથી.

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકના બે પ્રકાર કહ્યા છે. યથા– વિગ્રહગતિ સમાપન્નક અને અવિગ્રહગતિ સમાપન્નક. તેમાંથી જે વિગ્રહગતિ સમાપન્નક નૈરયિક છે, તે અગ્નિમાંથી પસાર થઈ શકે છે.

**૨** से णं तत्थ झियाएज्जा ?

णो इणट्ठे समट्ठे, णो खलु तत्थ सत्थं कमइ । तत्थ णं जे से अविग्गहगइसमावण्णए णेरइए से णं अगणिकायस्स मज्झंमज्झेणं णो वीइवएज्जा, से तेणट्ठेणं *जाव* णो वीइवएज्जा ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું તેને(અગ્નિની મધ્યમાં થઈને જનારને) અગ્નિ બાળે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શકય નથી. કારણ કે અગ્નિરૂપ શસ્ત્ર તેના પર અસર કરતું નથી. જે અવિગ્રહગતિ સમાપન્નક(સ્થાન સ્થિત) છે, તે અગ્નિકાયની મધ્યમાં થઈને જઈ શકતા નથી. કારણ કે નરકમાં બાદર અગ્નિ નથી. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કથન કર્યું છે કે કોઈ નૈરયિક જઈ શકે છે અને કોઈ જઈ શકતા નથી.

**૩** असुरकुमारे णं भंते ! अगणिकायस्स मज्झंमज्झेणं वीइवएज्जा । गोयमा ! अत्थेगइए

**वीइवएज्जा, अत्थेगइए णो वीइवएज्जा ।**

**से केणट्ठेणं भंते ! *जाव* अत्थेगइए णो वीइवएज्जा ?**

**गोयमा ! असुरकुमारा दुविहा पण्णत्ता, तं जहा– विग्गहगइसमावण्णगा य अविग्गहगइसमावण्णगा य । तत्थ णं जे से विग्गहगइसमावण्णए असुरकुमारे से णं वीइवएज्जा । एवं जहेव णेरइए *जाव* णो खलु तत्थ सत्थं कमइ । तत्थ णं जे से अविग्गहगइसमावण्णए असुरकुमारे से णं अत्थेगइए अगणिकायस्स मज्झंमज्झेणं वीइवएज्जा, अत्थेगइए णो वीइवएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવો અગ્નિની મધ્યમાં થઈને જઈ શકે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કોઈ જઈ શકે છે અને કોઈ જઈ શકતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કેટલાક અસુરકુમાર દેવો અગ્નિની મધ્યમાં થઈને ગમન કરી શકે છે અને કેટલાક જઈ શકતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમાર દેવોના બે પ્રકાર છે. યથા– વિગ્રહગતિ સમાપન્નક અને અવિગ્રહગતિ સમાપન્નક. જે વિગ્રહગતિ સમાપન્નક છે, તે અગ્નિમાંથી જાય છે. શેષ સર્વ કથન નૈરયિકોની સમાન છે ***યાવત્*** અગ્નિરૂપ શસ્ત્ર તેના પર અસર કરતું નથી. જે અવિગ્રહ ગતિ સમાપન્નક છે, તેમાંથી કોઈ અગ્નિની મધ્યમાં થઈને જઈ શકે છે અને કોઈ જઈ શકતા નથી.

**૪ जे णं वीइवएज्जा से णं तत्थ झियाएज्जा ?**

**गोयमा ! णो इणट्ठे, समट्ठे, णो खलु तत्थ सत्थं कमइ । से तेणट्ठेणं । एवं *जाव* थणियकुमारे। एगिंदिया जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે અગ્નિની મધ્યમાં જાય છે તેને અગ્નિ બાળે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શકય નથી, કારણ કે અગ્નિરૂપ શસ્ત્ર તેના પર અસર કરતું નથી. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે કેટલાક અસુરકુમાર દેવો જઈ શકે છે, અને કેટલાક જઈ શકતા નથી, આ રીતે સ્તનિતકુમાર સુધી કહેવું જોઈએ.

એકેન્દ્રિયોનું કથન નૈરયિકોની સમાન કરવું જોઈએ.

**૫ बेइंदिया णं भंते ! अगणिकायस्स मज्झंमज्झेणं वीइवएज्जा ?**

**गोयमा ! जहा असुरकुमारे तहा बेइंदिए वि, णवरं– जे णं वीइवएज्जा से णं तत्थ झियाएज्जा । सेसं तं चेव । एवं *जाव* चउरिंदिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવો અગ્નિકાયની મધ્યમાં થઈને જઈ શકે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે અસુરકુમારોના વિષયમાં કથન કર્યું, તે જ રીતે બેઇન્દ્રિયોના વિષયમાં કથન કરવું જોઈએ. પરંતુ વિશેષતા એ છે કે જે બેઇન્દ્રિય જીવો અગ્નિની મધ્યમાં થઈને જાય તો અગ્નિ તેને

બાળી નાંખે છે, શેષ સર્વ કથન પૂર્વવત્ જાણવું. આ પ્રમાણે ચૌરેન્દ્રિય જીવો સુધી કહેવું જોઈએ.

**६ पंचिंदियतिरिक्खजोणिए णं भंते ! अगणिकायस्स मज्झंमज्झेणं वीइवएज्जा ?**

**गोयमा ! अत्थेगइए वीइवएज्जा, अत्थेगइए णो वीइवएज्जा ।**

**से केणट्ठेणं भंते !** *जाव* **वीइवएज्जा ?**

**गोयमा ! पंचिंदियतिरिक्खजोणिया दुविहा पण्णत्ता, तं जहा– विग्गहगइ समावण्णगा य अविग्गहगइसमावण्णगा य । विग्गहगइसमावण्णए जहेव णेरइए** *जाव* **णो खलु तत्थ सत्थं कमइ । अविग्गहगइसमावण्णगा पंचिंदियतिरिक्ख-जोणिया दुविहा पण्णत्ता, तं जहा इड्ढिप्पत्ता य अणिड्ढिप्पत्ता य । तत्थ णं जे से इड्ढिप्पत्ते पंचिंदियतिरिक्खजोणिया से णं अत्थेगइए अगणिकायस्स मज्झंमज्झेणं वीइवएज्जा, अत्थेगइए णो वीइवएज्जा ।**

**जे णं वीइवएज्जा से णं तत्थ झियाएज्जा ? णो इणट्ठे समट्ठे, णो खलु तत्थ सत्थं कमइ । तत्थ णं जे से अणिड्ढिप्पत्ते पंचिंदियतिरिक्खजोणिए से णं अत्थेगइए अगणिकायस्स मज्झंमज्झेणं वीइवएज्जा अत्थेगइए णो वीइवएज्जा ।**

**जे णं वीइवएज्जा से णं तत्थ झियाएज्जा ? हंता झियाएज्जा । से तेणट्ठेणं** *जाव* **अत्थेगइए णो वीइवएज्जा । एवं मणुस्से वि । वाणमंतर-जोइसिय-वेमाणिए जहा असुरकुमारे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તિર્યંચ પંચેન્દ્રિય જીવો અગ્નિની મધ્યમાં થઈને જઈ શકે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક જઈ શકે છે અને કેટલાક જઈ શકતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચ જીવોના બે પ્રકાર છે. યથા– વિગ્રહગતિ સમાપન્નક અને અવિગ્રહગતિ સમાપન્નક. જે વિગ્રહગતિ સમાપન્નક પંચેન્દ્રિય તિર્યંચ યોનિક છે, તેનું કથન નૈરયિકની સમાન જાણવું જોઈએ ***યાવત્*** અગ્નિરૂપ શસ્ત્ર તેના પર અસર કરતું નથી. જે અવિગ્રહગતિ સમાપન્નક પંચેન્દ્રિય તિર્યંચ યોનિક છે, તેના બે પ્રકાર છે, યથા– ઋદ્ધિ પ્રાપ્ત(વૈક્રિય આદિ લબ્ધિ યુક્ત) અને ઋદ્ધિ અપ્રાપ્ત(વૈક્રિય આદિ લબ્ધિ રહિત). જે પંચેન્દ્રિય તિર્યંચ યોનિક ઋદ્ધિ પ્રાપ્ત છે, તેમાંથી કેટલાક અગ્નિની મધ્યમાં થઈને જાય છે અને કેટલાક જતા નથી.

**પ્રશ્ન–** જે જાય છે તેને શું અગ્નિ બાળે છે ? **ઉત્તર–** તેમ શક્ય નથી. શસ્ત્ર તેના પર અસર કરતા નથી. જે ઋદ્ધિ અપ્રાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ છે તેમાંથી કેટલાક અગ્નિમાં થઈને જાય છે અને કેટલાક જતા નથી.

**પ્રશ્ન–** જે જાય છે તેને શું અગ્નિ બાળે છે ? **ઉત્તર–** હા, બાળે છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે– કેટલાક અગ્નિમાં થઈને જાય છે અને કેટલાક જતા નથી, આ રીતે મનુષ્યના વિષયમાં પણ કહેવું જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકોનું કથન અસુરકુમારોની સમાન કહેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચોવીસ દંડકવર્તી જીવોની અગ્નિપ્રવેશની શક્તિ-અશક્તિનું અને જો પ્રવેશ કરે તો

તેના જ્વલન આદિનું નિરૂપણ છે.

**विग्गहगइ समावण्णगा :–** એક ગતિમાંથી બીજી ગતિમાં જતાં જીવને વિગ્રહગતિ સમાપન્નક કહે છે. ચોવીસ દંડકોના વિગ્રહગતિ સમાપન્નક જીવો અગ્નિની મધ્યમાં થઈને ગમન કરી શકે છે, તે જીવો કોઈ પણ સ્થાનમાંથી પસાર થઈ શકે છે. અગ્નિ, પાણી, આદિ દ્રવ્યો અથવા કોઈ પણ પદાર્થ તેને પ્રતિઘાત પહોંચાડી શકતું નથી. કારણ કે તે સમયે તે જીવોને તૈજસ-કાર્મણરૂપ સૂક્ષ્મ શરીર હોય છે. તે બંને શરીર અપ્રતિઘાતી છે. તે સૂક્ષ્મ શરીર પર અગ્નિ આદિ કોઈ પણ શસ્ત્ર અસર કરી શકતા નથી.

**નૈરયિકોની અગ્નિ પ્રવેશ શક્તિ :–** અવિગ્રહગતિ સમાપન્નક– ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત થયેલા નૈરયિકો અગ્નિકાયની મધ્યમાં થઈને ગમન કરી શકતા નથી, કારણ કે નરકમાં બાદર અગ્નિનો અભાવ છે. મનુષ્યક્ષેત્રમાં જ બાદર અગ્નિકાય હોય છે. ઉત્તરાધ્યયન આદિ શાસ્ત્રોમાં **हुयासणे जलंतम्मि पक्कपुव्वो अणंतसो** અર્થાત્ 'નારક જીવને અનેક વાર પ્રજવલિત અગ્નિમાં પકાવ્યો' ઇત્યાદિ વર્ણન છે, ત્યાં પરમાધામી દેવો અગ્નિ સદશ ઉષ્ણ પુદ્ગલની વિકુર્વણા કરે છે. તે પ્રમાણે સમજવું જોઈએ.

**ચારે જાતિના દેવોની અગ્નિ પ્રવેશ શક્તિ :–** અવિગ્રહગતિ સમાપન્નક– ઉત્પત્તિ ક્ષેત્રને પ્રાપ્ત થયેલા અસુરકુમારાદિ દેવો મનુષ્ય લોકમાં આવે છે, તે અગ્નિની મધ્યમાં થઈને ગમન કરી શકે છે, પરંતુ તે બળતા નથી. કારણ કે વૈક્રિય શરીર અતિ સૂક્ષ્મ છે અને તેની ગતિ શીઘ્રતમ હોય છે, જે દેવો મનુષ્યલોકમાં આવતા નથી, તે અગ્નિની મધ્યમાં થઈને જતા નથી.

**પાંચ સ્થાવર જીવોની અગ્નિપ્રવેશ શક્તિ :–** અવિગ્રહ ગતિ સમાપન્નક(ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત થયેલા) સ્થાવર જીવો અગ્નિની મધ્યમાં થઈને ગતિ કરી શકતા નથી. કારણ કે સ્થાવર જીવોમાં ગતિ સ્વભાવ નથી. અગ્નિ અને વાયુ જે ગતિત્રસ છે, તે અગ્નિની મધ્યમાં થઈને જઈ શકે છે, યદ્યપિ વાયુ આદિથી પ્રેરિત પૃથ્વી આદિ જીવોનો પણ અગ્નિપ્રવેશ સંભવિત છે પરંતુ અહીં સ્વતંત્રતાપૂર્વક ગમનની વિવક્ષા કરી છે. એકેન્દ્રિય જીવો સ્થાવર હોવાથી સ્વતંત્રતાપૂર્વક અગ્નિપ્રવેશ કરી શકતા નથી.

**ત્રણ વિકલેન્દ્રિય જીવો :–** તે જીવો અગ્નિમાં પ્રવેશ કરી શકે છે પરંતુ તેઓને લબ્ધિ કે વૈક્રિય શરીર ન હોવાથી તે જીવો અગ્નિમાં બળી જાય છે.

**પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યની અગ્નિપ્રવેશ શક્તિ :–** અવિગ્રહગતિ સમાપન્નક પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યમાં જે વૈક્રિય લબ્ધિ સંપન્ન હોય અને મનુષ્યક્ષેત્રમાં હોય તે અગ્નિની મધ્યમાં થઈને જઈ શકે છે કારણ કે ત્યાં અગ્નિનો સદ્ભાવ છે અને જે મનુષ્યક્ષેત્રની બહાર છે, તે જઈ શકતા નથી કારણ કે ત્યાં અગ્નિનો અભાવ છે. જે ૠદ્ધિ-અપ્રાપ્ત છે, તેમાંથી કોઈ કોઈ(જાદુગર આદિ) અગ્નિમાં થઈને જઈ શકે છે, અને કોઈ જતા નથી. પરંતુ ૠદ્ધિ પ્રાપ્ત જે જીવો અગ્નિમાં પ્રવેશ કરે છે તે બળતા નથી. ૠદ્ધિ-અપ્રાપ્ત જીવો અગ્નિમાં પ્રવેશ કરે તો તે બળી શકે છે.

**શબ્દાદિ દશ સ્થાનોની ઈષ્ટાનિષ્ટ અનુભૂતિ :–**

**૭** **णेरइया दस ठाणाहिं पच्चणुब्भवमाणा विहरंति, तं जहा– अणिट्ठा सद्दा, अणिट्ठा रूवा, अणिट्ठा गंधा, अणिट्ठा रसा, अणिट्ठा फासा, अणिट्ठा गई, अणिट्ठा ठिई, अणिट्ठे लावण्णे, अणिट्ठे जसो-कित्ती, अणिट्ठे उट्ठाण-कम्म-बल-वीरिय-पुरिसक्कारपरक्कमे ।**

**ભાવાર્થ :–** નૈરયિક જીવો, દશ સ્થાનોનો અનુભવ કરે છે, યથા– (૧) અનિષ્ટ શબ્દ, (૨) અનિષ્ટ રૂપ

(૩) અનિષ્ટ ગંધ (૪) અનિષ્ટ રસ (૫) અનિષ્ટ સ્પર્શ (૬) અનિષ્ટ ગતિ (૭) અનિષ્ટ સ્થિતિ (૮) અનિષ્ટ લાવણ્ય (૯) અનિષ્ટ યશકીર્તિ (૧૦) અનિષ્ટ ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ.

**८ असुरकुमारा दस ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तं जहा– इट्ठा सद्दा, इट्ठा रूवा *जाव* इट्ठे उट्ठाण-कम्म-बल-वीरियपुरिसक्कारपरक्कमे । एवं *जाव* थणियकुमारा ।**

**ભાવાર્થ :–** અસુરકુમાર આદિ દેવો, દશ સ્થાનોનો અનુભવ કરે છે. (૧) ઈષ્ટ શબ્દ (૨) ઈષ્ટ રૂપ (૩) ઈષ્ટ ગંધ (૪) ઈષ્ટ રસ (૫) ઈષ્ટ સ્પર્શ ***યાવત્*** (૧૦) ઈષ્ટ ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ. આ રીતે સ્તનિતકુમારો સુધી કહેવું જોઈએ.

**९ पुढविकाइया छ ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तं जहा– इट्ठाणिट्ठा फासा, इट्ठाणिट्ठा गई, एवं *जाव* पुरिसक्कार-परकम्मे । एवं *जाव* वणस्सइकाइया ।**

**ભાવાર્થ :–** પૃથ્વીકાયિક જીવો છ સ્થાનોનો અનુભવ કરે છે. (૧) ઈષ્ટાનિષ્ટ સ્પર્શ (૨) ઈષ્ટાનિષ્ટ ગતિથી (૬) ઈષ્ટાનિષ્ટ ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ પર્યંતના છ સ્થાન જાણવા. આ રીતે વનસ્પતિકાયિક જીવો સુધી કહેવું જોઈએ.

**१० बेइंदिया सत्त ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तं जहा– इट्ठाणिट्ठा रसा, सेसं जहा एगिंदियाणं ।**

**ભાવાર્થ :–** બેઈન્દ્રિય જીવો સાત સ્થાનોનો અનુભવ કરે છે, યથા– ઈષ્ટાનિષ્ટ રસ, ઇત્યાદિ શેષ એકેન્દ્રિયોની સમાન કહેવું જોઈએ.

**११ तेइंदिया अट्ठ ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तं जहा– इट्ठाणिट्ठा गंधा, सेसं जहा बेइंदियाणं ।**

**ભાવાર્થ :–** તેઈન્દ્રિય જીવો આઠ સ્થાનોનો અનુભવ કરે છે યથા– ઈષ્ટાનિષ્ટ ગંધ, ઇત્યાદિ શેષ બેઈન્દ્રિયોની સમાન કહેવું જોઈએ.

**१२ चउरिंदिया णव ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तं जहा– इट्ठाणिट्ठा रूवा, सेसं जहा तेइंदियाणं ।**

**ભાવાર્થ :–** ચૌરેન્દ્રિય જીવો નવ સ્થાનોનો અનુભવ કરે છે, યથા– ઈષ્ટાનિષ્ટરૂપ ઇત્યાદિ. શેષ વર્ણન તેઈન્દ્રિયની સમાન કહેવું જોઈએ.

**१३ पंचिंदियतिरिक्खजोणिया दस ठाणाइं पच्चणुब्भवमाणा विहरंति, तं जहा– इट्ठाणिट्ठा सद्दा *जाव* पुरिसक्कार परक्कमे, एवं मणुस्सा वि, वाणमंतर-जोइसिय-वेमाणिया जहा असुरकुमारा ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવો દશ સ્થાનોનો અનુભવ કરે છે. યથા– ઈષ્ટાનિષ્ટ શબ્દથી ઈષ્ટાનિષ્ટ ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ પર્યંતના દશ સ્થાન. આ રીતે મનુષ્યોના વિષયમાં પણ કહેવું જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકોનું કથન અસુરકુમારોની સમાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચોવીસ દંડકના જીવોમાં ઈષ્ટ, અનિષ્ટ અને ઈષ્ટાનિષ્ટ શબ્દાદિ દશ સ્થાનોમાં કોને કેટલા સ્થાનોનો અનુભવ થાય છે તેનું નિરૂપણ કર્યું છે.

લોકના એક ક્ષેત્રમાં રહેલા પુદ્ગલો સમાન સ્વભાવવાળા હોય, તોપણ પ્રત્યેક જીવોને પોતાના કર્માનુસાર તેનો સંયોગ અને અનુભવ થાય છે.

**નૈરયિકોને–** પાપકર્મના ઉદયે પાંચે ઈન્દ્રિયોના વિષયોનો પ્રતિક્ષણ અનિષ્ટપણે અનુભવ થાય છે. તેને અપ્રશસ્ત વિહાયગતિ અથવા નરકગતિરૂપ અનિષ્ટ ગતિ હોય છે. નરકમાં રહેવારૂપ અથવા નરકાયુ રૂપ અનિષ્ટ સ્થિતિ છે. શરીરનું બેડોળપણું તેનું અનિષ્ટ લાવણ્ય છે. અપયશ અને અપકીર્તિરૂપે નારકોને અનિષ્ટ યશકીર્તિનો અનુભવ થાય છે. વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલા ઉત્થાનાદિ પણ નારકોને અનિષ્ટ જ હોય છે.

**ચારે જાતિના દેવોને–** પુણ્યકર્મના ઉદયે શબ્દ આદિ દશે સ્થાનોનો ઈષ્ટપણે અનુભવ થાય છે.

**પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને–** શુભાશુભ બંને પ્રકારના કર્મોના ઉદયે શબ્દ આદિ દશે સ્થાનોનો ઈષ્ટાનિષ્ટ પણે અનુભવ થાય છે.

**એકેન્દ્રિય જીવોને–** એક જ ઈન્દ્રિય હોવાથી શબ્દ, રૂપ, ગંધ અને રસ તે ચાર સ્થાનનો અનુભવ થતો નથી. છ સ્થાનોનો જ અનુભવ થાય છે. તે શુભ અને અશુભ બંને સ્થાનમાં ઉત્પન્ન થઈ શકે છે, તેમજ તેને શાતા અને અશાતારૂપ બંને પ્રકારના કર્મોનો ઉદય હોય છે. તેથી તેમાં ઈષ્ટાનિષ્ટ બંને પ્રકારના સ્પર્શાદિનો અનુભવ થાય છે. યદ્યપિ એકેન્દ્રિય જીવો સ્થાવર હોવાથી તેમાં ગતિ સંભવિત નથી. તથાપિ તેમાં પરપ્રેરિત ગતિ થાય છે. તે શુભાશુભ હોવાથી ઈષ્ટાનિષ્ટ રૂપ છે. મણિ આદિમાં ઈષ્ટ લાવણ્ય અને પત્થરાદિમાં અનિષ્ટ લાવણ્ય હોય છે તેથી એકેન્દ્રિયોમાં સમુચ્ચય રૂપે ઈષ્ટાનિષ્ટ લાવણ્ય કહ્યું છે. સ્થાવર હોવાથી એકેન્દ્રિયોમાં પ્રગટ રૂપે ઉત્થાનાદિ પ્રતીત થતા નથી પરંતુ સૂક્ષ્મ રૂપે ઉત્થાનાદિ હોય છે. તેમજ પૂર્વભવમાં અનુભવેલા ઉત્થાનાદિના સંસ્કારના કારણે પણ તેમાં ઉત્થાનાદિ હોય છે અને તે ઈષ્ટાનિષ્ટ હોય છે. બેઈન્દ્રિયમાં સાત, તેઈન્દ્રિયમાં આઠ અને ચૌરેન્દ્રિયમાં નવ સ્થાનોનો ઈષ્ટાનિષ્ટ રૂપે અનુભવ થાય છે. ક્રમશઃ એક એક ઈન્દ્રિય વધતા રસ, ગંધ અને રૂપ એક એક સ્થાન વધે છે.

**દેવોની પુદ્ગલ સહાયી શક્તિ :–**

**૧૪ देवे णं भंते ! महिड्ढीए *जाव* महासोक्खे बाहिरए पोग्गले अपरियाइत्ता पभू, तिरियपव्वयं वा तिरियभित्तिं वा उल्लंघेत्तए वा पल्लंघेत्तए वा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહર્દ્ધિક ***યાવત્*** મહાસુખી દેવ બહારના પુદ્ગલને ગ્રહણ કર્યા વિના તિરછા પર્વતને અથવા તિરછી ભીંતને ઉલ્લંઘન(એક વાર) અને પ્રલંઘન(વારંવાર ઉલ્લંઘન) કરવામાં સમર્થ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શકય નથી.

**૧૫ देवे णं भंते ! महिड्ढीए *जाव* महासोक्खे बाहिरए पोग्गले परियाइत्ता पभू, तिरियपव्वयं वा तिरियभित्तिं वा उल्लंघेत्तए वा पल्लंघेत्तए वा ?**

**गोयमा ! हंता पभू ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહર્દ્ધિક ***યાવત્*** મહાસુખી દેવ બહારના પુદ્‌ગલોને ગ્રહણ કરીને તિરછા પર્વતને અથવા તિરછી ભીંતને ઉલ્લંઘન-પ્રલંઘન કરવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! સમર્થ છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે.॥

**વિવેચન :–**

ભવધારણીય શરીરથી વ્યતિરિક્ત પુદ્‌ગલને 'બહારના પુદ્‌ગલ' કહેવાય છે. તે પુદ્‌ગલોને ગ્રહણ કર્યા વિના કોઈ પણ દેવ માર્ગમાં આવતા પર્વત કે પર્વતખંડનું, ભીંત આદિનું ઉલ્લંઘન કરી શકતા નથી. બહારના પુદ્‌ગલોને ગ્રહણ કરીને અર્થાત્ ઉત્તર વૈક્રિય શરીર બનાવીને જ ઉલ્લંઘન કરી શકે છે.

**॥ શતક ૧૪/૫ સંપૂર્ણ ॥**

# શતક–૧૪ : ઉદ્દેશક–૬

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં જીવોને ગ્રાહ્ય આહાર દ્રવ્યોનું અને વૈમાનિકેન્દ્રની ભોગ પદ્ધતિનું નિરૂપણ છે.

★ ૨૪ દંડકના જીવો કયારેક અવીચિ દ્રવ્યો– વિવક્ષિત સંપૂર્ણ દ્રવ્યોનો આહાર ગ્રહણ કરે છે અને કયારેક વીચિ દ્રવ્યો– વિવક્ષિત દ્રવ્યોમાં એકાદ પ્રદેશ ન્યૂન દ્રવ્યોનો આહાર કરે છે.

★ દેવોની ભોગપદ્ધતિ પણ દિવ્ય હોય છે. શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રને જ્યારે વિષયભોગની ઇચ્છા થાય ત્યારે તે એક ચક્રાકાર સ્થાન, તેમાં શ્રેષ્ઠ પ્રાસાદ, મણિપીઠિકા અને તેના પર શય્યાની વિકુર્વણા કરે છે અને ત્યાં પોતાની અગ્રમહિષીઓ સાથે કાય પરિચારણા કરે છે.

સનત્કુમાર અને તેની ઉપરના ઈન્દ્રો શય્યાની વિકુર્વણા કરતા નથી. તેઓ સિંહાસનની વિકુર્વણા કરે છે. કારણ કે તેઓ કાય પરિચારણા કરતા નથી. તે દેવો સ્પર્શ, રૂપ, શબ્દ આદિ દ્વારા જ કામનાની પૂર્તિ કરે છે.

આ રીતે દેવો પોતાના પુણ્યનો ભોગવટો કરે છે.

❖❖❖❖❖

# શતક–૧૪ : ઉદ્દેશક–૬

## કિમાહાર

**જીવોમાં આહાર પરિણામ :–**

**१ रायगिहे** *जाव* **एवं वयासी– णेरइया णं भंते ! किमाहारा, किं परिणामा, किं जोणिया, किं ठिईया पण्णत्ता ?**

**गोयमा ! णेरइया णं पोग्गलाहारा, पोग्गलपरिणामा, पोग्गलजोणिया, पोग्गलठिईया, कम्मोवगा, कम्मणियाणा, कम्मठिईया, कम्मुणामेवविप्परियासमेंति । एवं** *जाव* **वेमाणिया।**

**શબ્દાર્થ :– पोग्गलजोणिया** = પુદ્‌ગલ અર્થાત્ શીતાદિ સ્પર્શ યુક્ત પુદ્‌ગલ જેની યોનિ છે તે પુદ્‌ગલ યોનિક **पोग्गलट्ठिईया** = આયુષ્ય કર્મ પુદ્‌ગલરૂપ જેની સ્થિતિ છે તે પુદ્‌ગલસ્થિતિક છે **कम्मोवगा** = જેને જ્ઞાનાવરણીયાદિ પુદ્‌ગલ રૂપ કર્મ બંધ દ્વારા પ્રાપ્ત થાય છે **कम्मणियाणा** = જેને નારકત્વનું અથવા કર્મબંધનું નિમિત્ત–નિદાન કર્મ છે, તે કર્મનિદાન છે **कम्मट्ठिईया** = કર્મ સ્થિતિક, કર્મ પુદ્‌ગલોથી જેની સ્થિતિ છે **कम्मुणामेव विप्परियासमेंति** = કર્મોના કારણે વિપર્યાસ–પર્યાયો(પર્યાપ્ત-અપર્યાપ્ત આદિ અવસ્થાઓ)ને પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! નૈરયિકો કયા દ્રવ્યોનો આહાર કરે છે ? તેને કેવા પ્રકારે પરિણમાવે છે ? તેની યોનિ(ઉત્પત્તિ સ્થાન) કઈ છે ? અને તેની સ્થિતિનું કારણ શું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો પુદ્‌ગલોનો આહાર ગ્રહણ કરે છે અને તેને પુદ્‌ગલરૂપે પરિણમાવે છે. તેની યોનિ પુદ્‌ગલમય શીત-ઉષ્ણ સ્પર્શવાળી છે. આયુષ્ય કર્મના પુદ્‌ગલો તેની સ્થિતિનું કારણ છે. બંધ દ્વારા તે કર્મરૂપ પુદ્‌ગલોને પ્રાપ્ત કરે છે. તેના નૈરયિકપણાનું અથવા કર્મબંધનું કારણ કર્મ જ છે. કર્મપુદ્‌ગલો જ તેની સ્થિતિનું કારણ છે. કર્મોના કારણે જ તે વિપર્યાસ-અન્યપર્યાયને પ્રાપ્ત કરે છે.

આ રીતે ૨૪ દંડકના જીવો પુદ્‌ગલાહારી, પુદ્‌ગલ પરિણામી, પુદ્‌ગલ યોનિવાળા, આયુ કર્મ યુક્ત સ્થિતિવાળા, કર્મોને ગ્રહણ કરનારા, કર્મનિદાનવાળા, કર્મસ્થિતિવાળા, કર્મ દ્વારા જ અન્ય-અન્ય પર્યાયને પ્રાપ્ત કરે છે.

**२ णेरइया णं भंते ! किं वीइदव्वाइं आहारेंति, अवीइदव्वाइं पि आहारेंति ? गोयमा ! णेरइया वीइदव्वाइं पि आहारेंति, अवीइदव्वाइं पि आहारेंति ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– णेरइया** *जाव* **आहारेंति ?**

**गोयमा ! जे णं णेरइया एगपएसूणाइं पि दव्वाइं आहारेंति, ते णं णेरइया वीइदव्वाइं**

**आहारेंति, जे णं णेरइया पडिपुण्णाइं दव्वाइं आहारेंति ते णं णेरइया अवीइदव्वाइं आहारेंति, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– णेरइया** *जाव* **आहारेंति । एवं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો, વીચિ દ્રવ્યોનો આહાર કરે છે કે અવીચિદ્રવ્યોનો આહાર કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો, વીચિ દ્રવ્યોનો પણ આહાર કરે છે અને અવીચિદ્રવ્યોનો પણ આહાર કરે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે નૈરયિકો, ગ્રહણ કરેલા આહારમાંથી એક પ્રદેશ પણ ન્યૂન દ્રવ્યોનો આહાર કરે છે, તે વીચિ દ્રવ્યોનો આહાર કરે છે અને જે પરિપૂર્ણ દ્રવ્યોનો આહાર કરે છે, તે અવીચિ દ્રવ્યોનો આહાર કરે છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે નૈરયિકો, વીચિ દ્રવ્યોનો પણ આહાર કરે છે અને અવિચિ દ્રવ્યોનો પણ આહાર કરે છે. આ રીતે વૈમાનિકો સુધી કહેવું જોઈએ.

**વિવેચન :–**

**वीइदव्वाइं-अवीइदव्वाइं :–** પ્રસ્તુત સૂત્રોમાં જીવો દ્વારા આહાર રૂપે ગ્રાહ્ય પુદ્ગલો માટે વીચિદ્રવ્ય અને અવીચિ દ્રવ્ય એવા બે શબ્દનો પ્રયોગ છે. (૧) ગ્રહણ કરેલા સમસ્ત પુદ્ગલોનું પરિણમન થાય તે અવીચિ દ્રવ્ય આહાર કહેવાય છે. (૨) ગ્રહણ કરેલા સમસ્ત પુદ્ગલોનું પરિણમન ન થાય, કેટલાક પુદ્ગલો નાશ પામી જાય, તે આહારને વીચિદ્રવ્ય આહાર કહે છે. ઓજાહાર અને રોમાહાર સમયે ગ્રહણ કરેલા સમસ્ત પુદ્ગલોનું પરિણમન થાય છે માટે તે અવીચિદ્રવ્ય આહાર છે. જ્યારે પ્રક્ષેપાહાર, કવલાહાર વગેરે આહાર ગ્રહણ થાય, તેનો કેટલોક ભાગ પરિણમન પામે છે અને કેટલોક ભાગ શીર્ણ વિશીર્ણ થાય છે; માટે તે વીચિદ્રવ્ય આહાર કહેવાય છે.

**દેવેન્દ્રોની ભોગ પદ્ધતિ :–**

**३ जाहे णं भंते ! सक्के देविंदे देवराया दिव्वाइं भोगभोगाइं भुंजिउकामे भवइ से कहमियाणिं पकरेइ ?**

**गोयमा ! ताहे चेव णं से सक्के देविंदे देवराया एगं महं णेमिपडिरूवगं विउव्वइ; एगं जोयणसयसहस्सं आयामविक्खंभेणं, तिण्णि जोयणसयसहस्साइं** *जाव* **अद्धंगुलं च किंचिविसेसाहियं परिक्खेवेणं । तस्स णं णेमिपडिरूवगस्स उवरिं बहुसमरमणिज्जे भूमिभागे पण्णत्ते** *जाव* **मणीणं फासो । तस्स णं णेमिपडिरूवगस्स बहुमज्झदेसभागे तत्थ णं महं एगं पासायवडेंसगं विउव्वइ पंच जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, अड्ढाइज्जाइं जोयणसयाइं विक्खंभेणं, अब्भुग्गय-मूसिय, वण्णओ** *जाव* **पडिरूवं । तस्स णं पासायवडिंसगस्स उल्लोए पउमलयाभत्तिचित्ते** *जाव* **पडिरूवे । तस्स णं पासायवडेंसगस्स अंतो बहुसमरमणिज्जे भूमिभागे** *जाव* **मणीणं फासो । मणिपेढिया अट्ठजोयणिया जहा वेमाणियाणं। तीसे णं मणिपेढियाए उवरिं महं एगे देवसयणिज्जे विउव्वइ, सयणिज्जवण्णओ** *जाव* **पडिरूवे । तत्थ णं से सक्के देविंदे देवराया अट्ठहिं अग्गमहिसीहिं**

**सपरिवाराहिं, दोहि य अणिएहिं णट्टाणिएण य गंधव्वाणिएण य सद्धिं महयाहयणट्ट** *जाव* **दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે, ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રને, ભોગવવા યોગ્ય મનોજ્ઞ સ્પર્શાદિ ભોગો ભોગવવાની ઇચ્છા થાય ત્યારે તે કેવી રીતે ભોગ ભોગવે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્ર, એક મહાન ચક્રની સમાન ગોળાકાર સ્થાનની વિકુર્વણા કરે છે. તેની લંબાઈ પહોળાઈ એક લાખ યોજન, પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ્ય અને કંઈક અધિક સાડાતેર અંગુલની હોય છે. તે ચક્રાકાર સ્થાનની બરાબર ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ હોય છે ***યાવત્*** તે મણિઓના સ્પર્શયુક્ત હોય છે. વિસ્તૃત વર્ણન રાજપ્રશ્નીય સૂત્રાનુસાર જાણવું. તે ચક્રાકાર સ્થાનની બરોબર મધ્યભાગમાં એક મહાન પ્રાસાદાવતંસક એટલે સર્વ ભવનોમાં શ્રેષ્ઠ ભવનની વિકુર્વણા કરે છે. તેની ઊંચાઈ ૫૦૦ યોજનની અને તેનો વિષ્કંભ(વિસ્તાર) ૨૫૦ યોજન હોય છે. તે પ્રાસાદ અત્યંત ઊંચો ***યાવત્*** મનોહર હોય છે. તે પ્રાસાદાવતંસકની ભીંત ચમકતી પદ્મ લતાઓના ચિત્રથી ચિત્રિત ***યાવત્*** મનોહર હોય છે. તે પ્રાસાદાવતંસકની અંદરનો ભાગ સમ અને રમણીય હોય છે ***યાવત્*** ત્યાં મણિઓનો સ્પર્શ હોય છે. ત્યાં આઠ યોજન ઊંચી એક મણિપીઠિકા હોય છે, જે વૈમાનિકોની મણિપીઠિકાની સમાન હોય છે. તેની ઉપર એક મહાન દેવશય્યાની વિકુર્વણા કરે છે. તે દેવશય્યાનું વર્ણન પણ રાજપ્રશ્નીય સૂત્રાનુસાર જાણવું ***યાવત્*** તે મનોહર હોય છે. ત્યાં દેવેન્દ્ર દેવરાજ શક્ર પોત-પોતાના પરિવાર સહિત આઠ અગ્રમહિષીઓની સાથે, ગન્ધર્વાનીક અને નાટ્યાનીક આ બે પ્રકારના અનીકોની સાથે, વાજિંત્રો વગાડવાથી થતાં મહાન ઘોષ સાથે, નાટ્યગીત વગેરે દ્વારા ભોગવવા યોગ્ય દિવ્ય ભોગોને ભોગવે છે.

**૪ जाहे ईसाणे देविंदे देवराया दिव्वाइं भोगभोगाइं भुंजिउकामे भवइ से कहमियाणिं पकरेइ?**

**गोयमा ! जहा सक्के तहा ईसाणे वि णिरवसेसं । एवं सणंकुमारे वि, णवरं पासायवडेंसओ छ जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, तिण्णि जोयणसयाइं विक्खंभेणं । मणि-पेढिया तहेव अट्ठजोयणिया । तीसे णं मणिपेढियाए उवरिं एत्थ णं महेगं सीहासणं विउव्वइ सपरिवारं भाणियव्वं । तत्थ णं सणंकुमारे देविंदे देवराया बावत्तरीए सामाणिय-साहस्सीहिं** *जाव* **चउहिं बावत्तरीहिं आयरक्खदेवसाहस्सीहि य बहूहिं सणंकुमारकप्पवासीहिं वेमाणिएहिं देवेहि य देवीहि य सद्धिं संपरिवुडे महयाहय** *जाव* **विहरइ । एवं जहा सणंकुमारे तहा** *जाव* **पाणओ-अच्चुओ, णवरं जो जस्स परिवारो सो तस्स भाणियव्वो । पासाय-उच्चत्तं जं सएसु-सएसु कप्पेसु विमाणाणं उच्चत्तं, अद्धद्धं वित्थारो** *जाव* **अच्चुयस्स णवजोयणसयाइं उड्ढं उच्चत्तेणं अद्धपंचमाइं जोयणसयाइं विक्खंभेणं । तत्थ णं गोयमा ! अच्चुए देविंदे देवराया दसहिं सामाणियसाहस्सीहिं** *जाव* **विहरइ, सेसं तं चेव ॥ सेवं भंते ! सेवं भंते !॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનને, દિવ્ય ભોગ ભોગવવાની ઇચ્છા થાય, ત્યારે તે કેવી રીતે ભોગ ભોગવે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે શક્રેન્દ્રના વિષયમાં કહ્યું, તે જ રીતે ઈશાનેન્દ્રને માટે પણ કહેવું જોઈએ.

તે જ રીતે સનત્કુમારના વિષયમાં પણ કહેવું જોઈએ પરંતુ વિશેષતા એ છે કે પ્રાસાદાવતંસકની ઊંચાઈ ૬૦૦ યોજન અને વિસ્તાર ૩૦૦ યોજન હોય છે. તે જ રીતે મણિપીઠિકા આઠ યોજનની છે, તેની ઉપર પોતાના પરિવારને યોગ્ય આસન સહિત એક મહાન સિંહાસનની વિકુર્વણા કરે છે. ત્યાં દેવેન્દ્ર દેવરાજ સનત્કુમાર ૭૨,૦૦૦ સામાનિક દેવોની સાથે ***યાવત્*** ૨,૮૮,૦૦૦ આત્મરક્ષક દેવોની સાથે અને સનત્કુમાર કલ્પવાસી અનેક દેવ-દેવીઓની સાથે પ્રવૃત્ત થઈને મહાન ગીત અને વાજિંત્રના શબ્દોની સાથે ***યાવત્*** ભોગ ભોગવે છે. સનત્કુમારની સમાન પ્રાણત તથા અચ્યુત દેવલોક સુધી કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે જેનો જેટલો પરિવાર હોય, તેટલો કહેવો જોઈએ. પોત-પોતાના વિમાનોની ઊંચાઈની સમાન પ્રાસાદોની ઊંચાઈ અને તેનાથી અર્ધો તેનો વિસ્તાર કહેવો જોઈએ. ***યાવત્*** અચ્યુત દેવલોકનો પ્રાસાદાવતંસક ૯૦૦ યોજન ઊંચો અને ૪૫૦ યોજન વિસ્તૃત છે. હે ગૌતમ ! તેમાં દેવેન્દ્ર દેવરાજ અચ્યુત, ૧૦,૦૦૦ સામાનિક દેવોની સાથે ***યાવત્*** ભોગ ભોગવે છે. શેષ સર્વ વર્ણન ઉપરવત્ સમજવું. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ચાર સૂત્રોમાં શક્રેન્દ્રથી અચ્યુતેન્દ્ર પર્યંતના ઈન્દ્રોની ભોગપદ્ધતિનું વર્ણન છે. શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્ર મણિપીઠિકા પર દેવશય્યાની વિકુર્વણા કરે છે. સૌધર્મ અને ઈશાન દેવલોકના ઈન્દ્રો કાય પ્રવીચારી હોય છે, સનત્કુમારેન્દ્ર માત્ર સિંહાસનની જ વિકુર્વણા કરે છે. દેવશય્યાની વિકુર્વણા કરતા નથી, કારણ કે ત્રીજા-ચોથા દેવલોકના ઈન્દ્ર સ્પર્શમાત્રથી જ વિષયોપભોગ કરે છે. તેથી તેને શય્યાની આવશ્યકતા નથી. ત્યાર પછી પાંચમા, છઠ્ઠા દેવલોકના ઈન્દ્રો રૂપથી; સાતમા, આઠમા દેવલોકના ઈન્દ્રો શબ્દથી અને નવથી બાર દેવલોકના ઈન્દ્રો મનથી વિષયોપભોગ કરે છે.

**વૈમાનિકના ૧૦ ઈન્દ્રોના પ્રાસાદની ઊંચાઈ આદિ :–**

| ઈન્દ્ર | સામાનિક દેવો | પ્રાસાદની ઊંચાઈ | પ્રાસાદનો વિસ્તાર |
|---|---|---|---|
| શક્રેન્દ્ર | ૮૪,૦૦૦ | ૫૦૦ યોજન | ૨૫૦ યોજન |
| ઈશાનેન્દ્ર | ૮૦,૦૦૦ | ૫૦૦ યોજન | ૨૫૦ યોજન |
| સનત્કુમારેન્દ્ર | ૭૨,૦૦૦ | ૬૦૦ યોજન | ૩૦૦ યોજન |
| માહેન્દ્ર | ૭૦,૦૦૦ | ૬૦૦ યોજન | ૩૦૦ યોજન |
| બ્રહ્મલોકેન્દ્ર | ૬૦,૦૦૦ | ૭૦૦ યોજન | ૩૫૦ યોજન |
| લાન્તકેન્દ્ર | ૫૦,૦૦૦ | ૭૦૦ યોજન | ૩૫૦ યોજન |
| મહાશુક્રેન્દ્ર | ૪૦,૦૦૦ | ૮૦૦ યોજન | ૪૦૦ યોજન |
| સહસ્રારેન્દ્ર | ૩૦,૦૦૦ | ૮૦૦ યોજન | ૪૦૦ યોજન |
| આનત-પ્રાણતકલ્પના પ્રાણતેન્દ્ર | ૨૦,૦૦૦ | ૯૦૦ યોજન | ૪૫૦ યોજન |
| આરણ-અચ્યુતકલ્પના અચ્યુતેન્દ્ર | ૧૦,૦૦૦ | ૯૦૦ યોજન | ૪૫૦ યોજન |

વૈમાનિકેન્દ્રમાં શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રને આઠ અગ્રમહિષી છે. સામાનિક દેવોથી ચાર ગુણા આત્મરક્ષક દેવો હોય છે. શેષ ઋદ્ધિનું વર્ણન શ્રી ભગવતી સૂત્ર ભાગ–૧, શતક– ૩/૧, પૃષ્ટ– ૩૬૯ અનુસાર જાણવું.

**॥ શતક ૧૪/૬ સંપૂર્ણ ॥**

# શતક–૧૪ : ઉદ્દેશક–૭

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં ભગવાન મહાવીર અને ગૌતમનો ભવાન્તરીય સંબંધ, અનુત્તર વિમાનવાસી દેવનું અવધિજ્ઞાન, છ પ્રકારના તુલ્ય, લવસપ્તમ અને અનુત્તર વિમાનવાસી દેવોની યોગ્યતા વગેરે વિષયોનું પ્રતિપાદન છે.

★ શ્રી ગૌતમને વર્ષોની દીક્ષા પર્યાય પછી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું ન હતું. તેથી તેઓ કયારેક ખિન્ન થઈ જતા. તેમને આશ્વાસન આપવા ભગવાને તેમના ભવાન્તરીય સંબંધની વાસ્તવિક્તા પ્રગટ કરી. હે ગૌતમ! તારે અને મારે અનેક ભવનો સંબંધ છે. તે અનેક ભવમાં તેં મારી સ્તુતિ, ભક્તિ, અનુસરણ કર્યું છે અને આ ભવ પૂર્ણ થયા પછી આપણે બંને સમાન અવસ્થા-સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરવાના છીએ.

★ જીવના ભવ– ભવાંતરના સંબંધોને કેવળજ્ઞાની કેવળજ્ઞાનથી જાણે છે. અનુત્તર વિમાનવાસી દેવો અવધિજ્ઞાન દ્વારા જાણે છે.

★ તુલ્યતા– (સમાનતા)ના છ પ્રકાર છે– દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવ અને સંસ્થાન. **દ્રવ્ય તુલ્યતા–** પરમાણુની પરમાણુ સાથે, દ્વિપ્રદેશી સ્કંધની દ્વિપ્રદેશી સ્કંધ સાથે, તે રીતે અનંત પ્રદેશી સ્કંધની અનંત પ્રદેશી સ્કંધ સાથે દ્રવ્યની અપેક્ષાએ તુલ્યતા છે, આ રીતે શુદ્ધાત્માની શુદ્ધાત્મા સાથે દ્રવ્યતુલ્યતા છે. **ક્ષેત્રતુલ્યતા–** એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલની એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલો સાથે; ***યાવત્*** અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‌ગલની અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‌ગલ સાથે ક્ષેત્રથી તુલ્યતા છે.

તે રીતે સ્થિતિની અપેક્ષાએ, ભવની અપેક્ષાએ, ભાવની અપેક્ષાએ અને સંસ્થાનની અપેક્ષાએ તુલ્યતા સમજવી.

★ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને, સંથારા સહિત કાલધર્મ પ્રાપ્ત કરનાર મુનિ દેવગતિને પ્રાપ્ત કરે. ત્યાં જઈને તે પ્રથમ અત્યંત આસક્તિપૂર્વક(શીઘ્ર) આહાર લે છે. પછી ક્રમશઃ તે આસક્તિ ઘટે (મંદ ગ્રહણ થાય) છે. કર્માધીન જીવોના પરિણામોની પરિવર્તનશીલતા રહ્યા જ કરે છે.

★ અનુત્તર વિમાનવાસી દેવોને લવસપ્તમ દેવો કહેવાય છે. તે જીવોનું પૂર્વના મનુષ્ય ભવમાં સાત લવનું આયુષ્ય અધિક હોત તો તે સર્વ કર્મોનો ક્ષય કરી શકત. તેથી તે દેવો લવસપ્તમ દેવ કહેવાય છે.

★ કોઈ તરુણ, બલવાન, પુરુષને તીક્ષ્ણ શસ્ત્રથી ધાન્યના એક પૂળાને કાપતા જેટલો સમય વ્યતીત થાય તેને એક લવ કહે છે. ૭૭ લવનું એક મુહૂર્ત થાય છે. એક લવ એક મિનિટથી અલ્પ અને એક સેકંડથી અધિક કાલ પ્રમાણ છે.

★ અનુત્તર વિમાનવાસી દેવો અનુત્તર શય્યામાં ઉત્પન્ન થઈને, અનુત્તર શબ્દ, રૂપ, રસ, ગંધાદિનો અનુભવ કરે છે. સંસારના સમસ્ત જીવોના પૌદ્‌ગલિક સુખોમાં અનુત્તર વિમાનવાસી દેવોનું સુખ અનુત્તર હોય છે તેથી તે અનુત્તર વિમાનવાસી દેવ કહેવાય છે.

★ અનુત્તર વિમાનવાસી દેવોને પૂર્વભવમાં એક છટ્ઠમાં ક્ષય પામે તેટલા કર્મો શેષ રહ્યા હોય છે. આ રીતે તે દેવો અલ્પકર્મા હોય છે.

❖❖❖❖❖

# શતક–૧૪ : ઉદ્દેશક–૭

## સંશ્લિષ્ટ

**પ્રભુ મહાવીર અને ગૌતમનો ભવાન્તરીય સંબંધ :–**

**१ रायगिहे** *जाव* **परिसा पडिगया । गोयमा ! त्ति समणे भगवं महावीरे भगवं गोयमं आमंतित्ता एवं वयासी– चिर संसिट्ठोसि मे गोयमा ! चिरसंथुओसि मे गोयमा ! चिरपरिचिओसि मे गोयमा ! चिरजुसिओसि मे गोयमा ! चिराणुगओसि मे गोयमा ! चिराणुवत्तीसि मे गोयमा ! अणंतरं देवलोए अणंतरं माणुस्सए भवे, किं परं, मरणा कायस्स भेया, इओ चुया दो वि तुल्ला एगट्ठा अविसेसमणाणत्ता भविस्सामो ।**

**શબ્દાર્થ :– आमंतेत्ता** = આમંત્રિત કરીને-બોલાવીને **इओ चुए** = અહીંથી અર્થાત્ મનુષ્ય ભવથી ચ્યુત થવા પર **अविसेसमणाणत्ता** = વિશેષતા રહિત– જ્ઞાન દર્શનાદિમાં એક સમાન અર્થાત્ ભિન્નતા રહિત.

**ભાવાર્થ :–** રાજગૃહ નગરમાં ભગવાન પધાર્યા. પરિષદ ધર્મોપદેશ સાંભળવા આવી અને ધર્મોપદેશ શ્રવણ કરીને પાછી ફરી. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ભગવાન ગૌતમને બોલાવીને કહ્યું– હે ગૌતમ! તું મારી સાથે ચિર સંશ્લિષ્ટ છે અર્થાત્ તું મારી સાથે ચિરકાલના સ્નેહથી સંબદ્ધ છે. હે ગૌતમ ! તું મારી સાથે ચિરસંસ્તુત છે અર્થાત્ તેં મારી દીર્ઘકાલથી સ્તુતિ-પ્રશંસા કરી છે. હે ગૌતમ ! તું મારી સાથે ચિર પરિચિત છે. તારો મારી સાથે લાંબા સમયથી પરિચય રહ્યો છે. હે ગૌતમ ! તું મારી સાથે ચિર સેવિત અથવા ચિર પ્રીતિવાન છે. તેં દીર્ઘકાલથી મારી સેવા કરી છે અથવા મારી સાથે પ્રીતિ રાખી છે. હે ગૌતમ! તું મારી સાથે ચિરાનુગત છે,(તેં મારું દીર્ઘકાલથી અનુસરણ કર્યું છે.) હે ગૌતમ ! તું મારી સાથે ચિરાનુવૃત્તિવાન છે,(તું મારી સાથે ચિરકાલથી અનુકૂળ વર્તન કરી રહ્યો છે.) હે ગૌતમ ! આ ભવથી(પૂર્વના) અનંતર દેવ-ભવમાં અને તેના અનંતર મનુષ્ય ભવમાં તારો મારી સાથે સંબંધ હતો. અધિક શું કહું ? આ ભવમાં મૃત્યુ પશ્ચાત્ આ શરીર છૂટી ગયા પછી આપણે બંને તુલ્ય(એક સમાન) અને એકાર્થ(એક પ્રયોજનવાળા અથવા એક સિદ્ધક્ષેત્રમાં રહેનાર) વિશેષતા રહિત અને કોઈ પણ પ્રકારના ભેદભાવ રહિત થઈ જશું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાક્ષાત્ તીર્થંકર પ્રભુ મહાવીરે ગૌતમ સ્વામીને આશ્વાસન આપ્યું છે. પોતાના દીક્ષિત શિષ્યોને કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ જવા છતાં પોતાને ચિરકાલ સુધી કેવળજ્ઞાન પ્રાપ્ત ન થવાથી ગૌતમસ્વામી ખિન્ન થઈ ગયા હતા. ત્યારે પ્રભુએ તેને કહ્યું, હે ગૌતમ ! તું ચિરકાલથી મારો પરિચિત છો. તારો મારા પ્રતિ ભક્તિરાગ હોવાથી તને કેવળજ્ઞાન થતું નથી, તેથી તું ખિન્ન ન થા. આ શરીર છૂટયા પછી આપણે બંને સમાન સ્થિતિમાં અર્થાત્ સિદ્ધ અવસ્થામાં સ્થિત થઈ જશું. મૂળ પાઠમાં **'एगट्ठा'** = એકાર્થ શબ્દ પ્રયોગ છે તેના બે અર્થ થાય છે. એકાર્થ– એક અર્થાત્ સમાન, અનંતસુખરૂપ અર્થ–પ્રયોજનવાળા,

અથવા એકસ્થ–સિદ્ધક્ષેત્રની અપેક્ષાએ એક ક્ષેત્રાશ્રિત.

**અનુત્તરોપપાતિક દેવોનું જ્ઞાન સામર્થ્ય :–**

**२ जहा णं भंते ! वयं एयमट्ठं जाणामो पासामो तहा णं अणुत्तरोववाइया वि देवा एयमट्ठं जाणंति पासंति ?**

**हंता गोयमा ! जहा णं वयं एयमट्ठं जाणामो, पासामो तहा अणुत्तरोववाइया वि देवा एयमट्ठं जाणंति पासंति ।**

**से केणट्ठेणं** *जाव* **पासंति ?**

**गोयमा ! अणुत्तरोववाइयाणं अणंताओ मणोदव्ववग्गणाओ लद्धाओ पत्ताओ अभिसमण्णागयाओ भवंति, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ** *जाव* **पासंति ।**

**શબ્દાર્થ :– लद्धाओ** = લબ્ધ, તદ્વિષયક અવધિજ્ઞાન લબ્ધિ હોય છે **पत्ताओ** = તે દ્રવ્યોનું જ્ઞાન પ્રાપ્ત હોય છે **अभिसमण्णागयाओ** = તે લબ્ધિ અને જ્ઞાન હસ્તગત હોય છે, સ્વાધીન હોય છે, ઉપલબ્ધ હોય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે આપણે બંને(આપ કેવળ જ્ઞાનથી અને હું આપના કથનથી) આ પૂર્વોક્ત અર્થને જાણીએ-દેખીએ છીએ, તે જ રીતે શું અનુત્તરોપપાતિક દેવો પણ આ વાતને જાણે-દેખે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! જેમ આપણે બંને આ વાતને જાણીએ-દેખીએ છીએ, તેમ અનુત્તરોપપાતિક દેવો પણ આ વાતને જાણે-દેખે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનુત્તરોપપાતિક દેવોને મનોદ્રવ્યની અનંત વર્ગણાઓ જાણવાની અવધિજ્ઞાન લબ્ધિ હોય છે, તે મનોદ્રવ્યોનું જ્ઞાન પ્રાપ્ત હોય છે, તે લબ્ધિ અને જ્ઞાન તેઓને ઉપલબ્ધ હોય છે, તેથી હે ગૌતમ ! આ પ્રમાણે કહ્યું છે કે ***યાવત્*** અનુત્તરોપપાતિક દેવો પણ જાણે-દેખે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અનુત્તર વિમાનવાસી દેવોના અવધિજ્ઞાન સામર્થ્યનું નિરુપણ છે.

દરેક દેવોને અવધિજ્ઞાનનો વિષય દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ ભિન્ન-ભિન્ન હોય છે. અનુત્તરવિમાનવાસી દેવોનો અવધિજ્ઞાન વિષય વિશાલ હોય છે. તે દેવો લોકમાં રહેલી અનંત પ્રદેશી સર્વ ય પુદ્ગલ વર્ગણાઓને જાણે છે. તેથી મનોવર્ગણા અને ભાષાવર્ગણાના પુદ્ગલોને પણ જાણે છે. આ કારણે જ પ્રભુ મહાવીર અને ગૌતમસ્વામી વચ્ચે થયેલો વાર્તાલાપ અને તેના દ્વારા ગૌતમસ્વામીની ભવિષ્યની મોક્ષની યોગ્યતાને તે દેવો જાણી શકે છે.

**છ પ્રકારના તુલ્ય :–**

**३ कइविहे णं भंते ! तुल्लए पण्णत्ते ?**

**गोयमा ! छव्विहे तुल्लए पण्णत्ते, तं जहा– दव्वतुल्लए खेत्ततुल्लए कालतुल्लए**

**भवतुल्लए भावतुल्लए संठाणतुल्लए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તુલ્યના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તુલ્યના છ પ્રકાર છે. યથા– (૧) દ્રવ્યતુલ્ય (૨) ક્ષેત્રતુલ્ય (૩) કાલતુલ્ય (૪) ભવતુલ્ય (૫) ભાવતુલ્ય અને (૬) સંસ્થાનતુલ્ય.

**૪ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– दव्वतुल्लए, दव्वतुल्लए ?**

**गोयमा ! परमाणुपोग्गले परमाणुपोग्गलस्स दव्वओ तुल्ले, परमाणुपोग्गले परमाणुपोग्गलवइरित्तस्स दव्वओ णो तुल्ले, दुपएसिए खंधे दुपएसियस्स खंधस्स दव्वओ तुल्ले, दुपएसिए खंधे दुपएसिय वइरित्तस्स दव्वओ णो तुल्ले । एवं *जाव* दसपएसिए । तुल्लसंखेज्जपएसिए खंधे तुल्लसंखेज्जपएसियस्स खंधस्स दव्वओ तुल्ले, तुल्लसंखेज्ज-पएसिए खंधे तुल्लसंखेज्जपएसियवइरित्तस्स खंधस्स दव्वओ णो तुल्ले, एवं तुल्लअसंखेज्ज-पएसिए वि एवं तुल्लअणंतपएसिए वि, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– दव्वतुल्लए दव्वतुल्लए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે દ્રવ્યતુલ્યને 'દ્રવ્યતુલ્ય' કહેવાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક પરમાણુ પુદ્ગલ, અન્ય પરમાણુ પુદ્ગલોની સાથે દ્રવ્યથી તુલ્ય છે, પરંતુ પરમાણુ પુદ્ગલ, પરમાણુ પુદ્ગલથી ભિન્ન અન્ય પદાર્થોની સાથે દ્રવ્યથી તુલ્ય નથી. આ જ રીતે એક દ્વિપ્રદેશી સ્કંધ, અન્ય દ્વિપ્રદેશી સ્કંધની સાથે દ્રવ્યથી તુલ્ય છે પરંતુ દ્વિપ્રદેશીસ્કંધ, દ્વિપ્રદેશીસ્કંધથી વ્યતિરિક્ત સ્કંધ સાથે દ્રવ્યથી તુલ્ય નથી. આ જ રીતે ***યાવત્*** દશ પ્રદેશી સ્કંધ સુધી કહેવું જોઈએ. એક તુલ્ય સંખ્યાત પ્રદેશી સ્કંધ, અન્ય તુલ્ય સંખ્યાત પ્રદેશિક સ્કંધની સાથે તુલ્ય છે પરંતુ તુલ્ય સંખ્યાત પ્રદેશી સ્કંધ, તુલ્ય સંખ્યાત પ્રદેશી સ્કંધથી ભિન્ન અન્ય સંખ્યાત પ્રદેશી સ્કંધની સાથે દ્રવ્યથી તુલ્ય નથી. આ રીતે તુલ્ય અસંખ્યાત પ્રદેશી સ્કંધ અને તુલ્ય અનંત પ્રદેશી સ્કંધના વિષયમાં જાણવું જોઈએ. તેથી હે ગૌતમ ! દ્રવ્યતુલ્યને 'દ્રવ્યતુલ્ય' કહે છે.

**૫ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– खेत्ततुल्लए, खेत्ततुल्लए ?**

**गोयमा ! एगपएसोगाढे पोग्गले एगपएसोगाढस्स पोग्गलस्स खेत्तओ तुल्ले, एगपएसोगाढे पोग्गले एगपएसोगाढवइरित्तस्स पोग्गलस्स खेत्तओ णो तुल्ले । एवं *जाव* दसपएसोगाढे । एवं तुल्लसंखेज्जपएसोगाढे, एवं तुल्लअसंखेज्जपएसोगाढे वि । से तेणट्ठेणं गोयमा ! *जाव* खेत्ततुल्लए, खेत्ततुल्लए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ક્ષેત્ર તુલ્યને 'ક્ષેત્ર-તુલ્ય' કહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક પ્રદેશાવગાઢ પુદ્ગલ(આકાશના એક પ્રદેશ પર રહેલા પુદ્ગલ) અન્ય એક પ્રદેશાવગાઢ પુદ્ગલોની સાથે ક્ષેત્રથી તુલ્ય છે. પરંતુ એક પ્રદેશાવગાઢ પુદ્ગલ એક પ્રદેશાવગાઢથી ભિન્ન પુદ્ગલોની સાથે ક્ષેત્રથી તુલ્ય નથી. આ રીતે ***યાવત્*** દશ પ્રદેશાવગાઢ પુદ્ગલોનું કથન કરવું જોઈએ. તથા એક તુલ્ય સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલ, અન્ય તુલ્ય સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલોની સાથે તુલ્ય છે;

તેનાથી ભિન્ન સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલો સાથે તુલ્ય નથી. આ રીતે તુલ્ય અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલના વિષયમાં પણ કહેવું જોઈએ. તેથી હે ગૌતમ ! ક્ષેત્રતુલ્યને 'ક્ષેત્રતુલ્ય' કહે છે.

**૬ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– कालतुल्लए, कालतुल्लए ?**

**गोयमा ! एगसमयठिईए पोग्गले एगसमयठिईयस्स य पोग्गलस्स कालओ तुल्ले, एगसमयठिईए पोग्गले एगसमयठिईयवइरित्तस्स पोग्गलस्स कालओ णो तुल्ले, एवं** *जाव* **दससमयठिईए । तुल्लसंखेज्जसमयठिईए एवं चेव । एवं तुल्लअसंखेज्जसमयठिईए वि । से तेणट्ठेणं** *जाव* **कालतुल्लए कालतुल्लए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કાલ તુલ્યને, 'કાલતુલ્ય' કહેવાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક સમયની સ્થિતિવાળા પુદ્ગલ, અન્ય એક સમયની સ્થિતિવાળા પુદ્ગલોની સાથે કાલથી તુલ્ય છે પરંતુ એક સમયની સ્થિતિવાળા પુદ્ગલ, એક સમયની સ્થિતિવાળા પુદ્ગલથી ભિન્ન પુદ્ગલોની સાથે કાલથી તુલ્ય નથી, આ રીતે ***યાવત્*** તુલ્ય દશ સમયની સ્થિતિવાળા પુદ્ગલોનું કથન કરવું જોઈએ. તુલ્ય સંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્ગલ અને તે જ રીતે તુલ્ય અસંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્ગલના વિષયમાં પણ કથન કરવું જોઈએ, તેથી હે ગૌતમ ! કાલતુલ્યને 'કાલતુલ્ય' કહેવાય છે.

**૭ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–भवतुल्लए, भवतुल्लए ?**

**गोयमा ! णेरइए णेरइयस्स भवट्ठयाए तुल्ले, णेरइयवइरित्तस्स भवट्ठयाए णो तुल्ले, तिरिक्खजोणिए एवं चेव, एवं मणुस्से, एवं देवे वि । से तेणट्ठेणं** *जाव* **भवतुल्लए भवतुल्लए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ભવ તુલ્યને 'ભવતુલ્ય' કહેવાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક જીવ, અન્ય નૈરયિક જીવની સાથે ભવતુલ્ય છે, પરંતુ નૈરયિક જીવથી ભિન્ન તિર્યંચાદિ અન્ય જીવોની સાથે નૈરયિક જીવ ભવતુલ્ય નથી. આ રીતે તિર્યંચ યોનિક, મનુષ્ય અને દેવના વિષયમાં પણ કહેવું જોઈએ. તેથી હે ગૌતમ ! ભવતુલ્યને 'ભવતુલ્ય' કહેવાય છે.

**૮ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– भावतुल्लए, भावतुल्लए ?**

**गोयमा ! एगगुणकालए पोग्गले एगगुणकालस्स पोग्गलस्स भावओ तुल्ले, एगगुणकालए पोग्गले एगगुणकालगवइरित्तस्स पोग्गलस्स भावओ णो तुल्ले । एवं** *जाव* **दसगुणकालए । एवं तुल्लसंखेज्जगुणकालए पोग्गले, एवं तुल्लअसंखेज्जगुणकालए वि, एवं तुल्लअणंतगुणकालए वि । जहा कालए एवं णीलए, लोहियए, हालिद्दे, सुक्किल्लए । एवं सुब्भिगंधे एवं दुब्भिगंधे। एवं तित्ते** *जाव* **महुरे । एवं कक्खडे** *जाव* **लुक्खे ।**

**उदइए भावे उदइयस्स भावस्स भावओ तुल्ले, उदइए भावे उदइयभाववइरित्तस्स भावस्स भावओ णो तुल्ले । एवं उवसमिए, खइए, खओवसमिए, पारिणामिए, सण्णिवाइए भावे सण्णिवाइयस्स भावस्स । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– भावतुल्लए, भावतुल्लए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ભાવતુલ્યને 'ભાવતુલ્ય' કહેવાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક ગુણ કાળાવર્ણવાળા પુદ્‌ગલ, અન્ય એક ગુણકાળા વર્ણવાળા પુદ્‌ગલોની સાથે ભાવથી તુલ્ય છે. પરંતુ એક ગુણ કાળા વર્ણવાળા પુદ્‌ગલ, એક ગુણ કાળા વર્ણ સિવાય, અન્ય પુદ્‌ગલોની સાથે ભાવથી તુલ્ય નથી. આ રીતે ***યાવત્*** દશ ગુણ કાળા પુદ્‌ગલ, તુલ્ય સંખ્યાત ગુણ કાળા પુદ્‌ગલ, તુલ્ય અસંખ્યાત ગુણ કાળા પુદ્‌ગલ અને તુલ્ય અનંત ગુણ કાળા પુદ્‌ગલનું પણ કથન કરવું જોઈએ. જે રીતે કાળા વર્ણનું કથન કર્યું, તે જ રીતે નીલા, લાલ, પીળા અને શ્વેત વર્ણના વિષયમાં પણ કહેવું જોઈએ. આ જ રીતે સુરભિગંધ અને દુરભિગંધ; તિકત રસથી મધુરરસ પર્યંતના પાંચ રસ અને કર્કશ સ્પર્શથી રૂક્ષ સ્પર્શ પર્યંતના આઠ સ્પર્શ સુધી કથન કરવું જોઈએ.

ઔદયિક ભાવ, ઔદયિક ભાવની સાથે તુલ્ય છે, પરંતુ ઔદાયિક ભાવ સિવાયના અન્ય (ક્ષાયિકાદિ) ભાવની સાથે તુલ્ય નથી, આ રીતે ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક તથા પારિણામિક ભાવના વિષયમાં કહેવું જોઈએ. સન્નિપાતિક ભાવ, સન્નિપાતિક ભાવની સાથે તુલ્ય છે. તેથી હે ગૌતમ ! ભાવતુલ્ય, 'ભાવતુલ્ય' કહેવાય છે.

**૯ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– संठाणतुल्लए, संठाणतुल्लए ?**

**गोयमा ! परिमंडले संठाणे परिमंडलस्स संठाणस्स संठाणओ तुल्ले, परिमण्डल–संठाणे परिमंडलसंठाणवइरित्तस्स संठाणओ णो तुल्ले । एवं वट्टे, तंसे, चउरंसे, आयए ।**

**समचउरंससंठाणे समचउरंसस्स संठाणस्स संठाणओ तुल्ले, समचउरंसे संठाणे समचउरंस-संठाण-वइरित्तस्स संठाणस्स संठाणओ णो तुल्ले । एवं *जाव* हुंडे । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ *जाव* संठाणतुल्लए, संठाणतुल्लए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે સંસ્થાનતુલ્યને, 'સંસ્થાન તુલ્ય' કહેવાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પરિમંડલ સંસ્થાન, અન્ય પરિમંડલ સંસ્થાનની સાથે સંસ્થાનતુલ્ય છે પરંતુ પરિમંડલ સંસ્થાન, પરિમંડલ સંસ્થાનથી ભિન્ન સંસ્થાનોની સાથે સંસ્થાન તુલ્ય નથી. આ રીતે વૃત્ત સંસ્થાન, ત્ર્યસ સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયત સંસ્થાનના વિષયમાં પણ કહેવું જોઈએ.

એક સમચતુરસ્ર સંસ્થાન, અન્ય સમચતુરસ્ર સંસ્થાનની સાથે સંસ્થાન તુલ્ય છે પરંતુ સમચતુરસ્ર સંસ્થાન, સમચતુરસ્ર સંસ્થાનથી ભિન્ન અન્ય સંસ્થાનોની સાથે તુલ્ય નથી. જે રીતે પરિમંડલ સંસ્થાનનું કથન કર્યું છે તે જ રીતે ન્યગ્રોધ પરિમંડલથી હુંડક સંસ્થાન સુધી કહેવું જોઈએ. તેથી હે ગૌતમ! સંસ્થાન તુલ્યને 'સંસ્થાનતુલ્ય' કહેવાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં છ પ્રકારે તુલ્યના સ્વરૂપને સ્પષ્ટ કર્યું છે.

**तुल्लए :–** તુલ્યતા. એક કોટિના પદાર્થોમાં પરસ્પરમાં જે સમાનતા હોય તેને તુલ્ય કહે છે. તેના છ પ્રકાર છે–

**(૧) દ્રવ્ય તુલ્ય–** આત્મા-આત્મદ્રવ્યની, પુદ્‌ગલ-પુદ્‌ગલની જે પરસ્પર તુલ્યતા હોય તેને દ્રવ્યતુલ્ય કહે છે.

**(૨) ક્ષેત્ર તુલ્ય**– એક પ્રદેશાવગાઢત્વ આદિ ક્ષેત્રની અપેક્ષાએ તુલ્યતા હોય, તેને ક્ષેત્ર તુલ્ય કહે છે. **(૩) કાલ તુલ્ય**– સમય, આવલિકા આદિ કાલની અપેક્ષાએ તુલ્યતા હોય, તેને કાલતુલ્ય કહે છે. **(૪) ભવતુલ્ય**– નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ આદિ ભવની અપેક્ષાએ તુલ્યતા હોય, તેને ભવતુલ્ય કહે છે. **(૫) ભાવતુલ્ય**– પુદ્‌ગલના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શાદિની પરસ્પર તુલ્યતાને ભાવતુલ્ય કહે છે. તેમ જ જીવના ગુણ ઔદાયિક આદિ ભાવની અપેક્ષાએ થતી પરસ્પરની તુલ્યતાને પણ ભાવ તુલ્યતા કહે છે.

**तुल्ल संखेज्जगुणकालए :**– ઈત્યાદિ શબ્દોમાં જે **તુલ્ય** શબ્દનું ગ્રહણ થયું છે, તેનો આશય એ છે કે સંખ્યાતના સંખ્યાત ભેદ હોવાથી તેમાં સમાન સંખ્યારૂપ સંખ્યાત પદનું ગ્રહણ થાય છે. યથા– સંખ્યાતરૂપ ૨૫૦ ગુણ કાળા સ્કંધની સાથે ૨૫૦ ગુણ કાળા સ્કંધની તુલ્યતા થાય છે પરંતુ સંખ્યાતરૂપ ૨૫૦ ગુણ કાળા સ્કંધની ૩૫૦ ગુણ કાળા સ્કંધની સાથે તુલ્યતા થતી નથી. તે જ રીતે અસંખ્યાત અને અનંતના વિષયમાં પણ સમજી લેવું જોઈએ.

**સંસ્થાન તુલ્ય :**– આકૃતિ વિશેષને સંસ્થાન કહે છે. તેના બે ભેદ છે–અજીવ સંસ્થાન અને જીવ સંસ્થાન. સંસ્થાનની પરસ્પર તુલ્યતાને સંસ્થાન તુલ્ય કહે છે.

**આહારાદિમાં મૂર્ચ્છિત-અમૂર્ચ્છિત અણગાર :–**

**૧૦ भत्तपच्चक्खायए णं भंते ! अणगारे अहे णं वीससाए कालं करेइ, से णं तत्थ मुच्छिए** *जाव* **अज्झोववण्णे आहारमाहारेइ, तओ पच्छा अमुच्छिए अगिद्धे** *जाव* **अणज्झोववण्णे आहारमाहारेइ ? हंता गोयमा ! भत्तपच्चक्खायए णं अणगारे तं चेव ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– भत्तपच्चक्खायए णं तं चेव ?**

**गोयमा ! भत्तपच्चक्खायए णं अणगारे अहे णं वीससाए कालं करेइ, तस्स णं मुच्छिए** *जाव* **अज्झोववण्णे आहारे भवइ, तओ पच्छा अमुच्छिए** *जाव* **आहारे भवइ, से तेणट्ठेणं गोयमा !** *जाव* **आहारमाहारेइ ।**

**શબ્દાર્થ :– अहे णं वीससाए** = જો તે સંથારામાં **काल करेइ** = મૃત્યુ પામે.

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! ભક્ત પ્રત્યાખ્યાન(આજીવન અનશન) કરનાર અણગાર, જો સંથારામાં સ્વાભાવિક રૂપે કાલધર્મને પ્રાપ્ત કરે તો શું તે ઉત્પતિ સ્થાને પહોંચીને ત્યાં સર્વ પ્રથમ મૂર્ચ્છિત, ગૃદ્ધ, અત્યંત આસક્ત આદિ ભાવયુક્ત થઈને આહાર કરે અને ત્યાર પછી તે અમૂર્ચ્છિત, અગૃદ્ધ, અનાસક્ત આદિ ભાવે આહાર કરે છે ? **ઉત્તર**– હા, ગૌતમ ! ભક્ત પ્રત્યાખ્યાન કરનાર અણગાર, કાળધર્મને પ્રાપ્ત કરીને તે પ્રમાણે આહાર કરે છે.

**પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! ભક્ત પ્રત્યાખ્યાન કરનાર અણગાર જે સંથારામાં કાલ ધર્મને પ્રાપ્ત કરે, તેને ઉત્પત્તિ સ્થાનમાં પહેલાં મૂર્ચ્છા ***યાવત્*** આસક્તિ યુક્ત જ આહાર હોય છે અને પછી મૂર્ચ્છા રહિત, ***યાવત્*** આસક્તિ રહિત આહાર હોય છે. તેથી હે ગૌતમ ! ભક્ત પ્રત્યાખ્યાન કરનાર અણગાર તે પ્રમાણે આહાર કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ભક્ત પ્રત્યાખ્યાન(અનશન) કરનાર સાધકના આગામી ભવના આહારની આસક્તિ-અનાસક્તિનું કથન છે. અહીં પ્રસંગને અનુરૂપ આસક્તિ આદિ શબ્દોના અર્થ– શીઘ્રગ્રહણ અને મંદગ્રહણ કરવામાં આવે છે.

જેમ કોઈ સાધક ઉપવાસ, બે ઉપવાસ, ત્રણ ઉપવાસ કરે અને પારણાના સમયે પ્રથમ જે આહાર કરે તે આહારનું શીઘ્ર પાચન થઈ જાય છે, શરીરને તે તત્ત્વોની અતિ આવશ્યકતા હોવાથી આહારના તે પુદ્ગલોનું શીઘ્ર પરિણમન થઈ જાય છે. તેમજ સંથારામાં આયુષ્ય પૂર્ણ કરી દેવલોકમાં ઉત્પન્ન થનાર તે જીવ પૂર્વની અનાહારકતાના કારણે પ્રારંભમાં આસક્તિ અને ગૃદ્ધિપૂર્વક આહાર ગ્રહણ કરે છે, ત્યાર પછી તે આસક્તિ રહિત થઈને આહાર કરે છે અર્થાત્ પહેલાં બહુ ઝડપથી આહારના પુદ્ગલોને ગ્રહણ કરે છે અને પરિણમાવે છે. ત્યાર પછી ધીરે-ધીરે આહાર ગ્રહણની પ્રક્રિયા મંદ થઈ જાય છે. આ રીતે આ સૂત્રમાં આસક્તિ, મૂર્ચ્છા, ગૃદ્ધિ વગેરે શબ્દો તીવ્ર-શીઘ્ર ગ્રહણ અર્થમાં અને આસક્તિ રહિત વગેરે શબ્દો મંદ ગ્રહણ અર્થમાં પ્રયુક્ત કરવામાં આવ્યા છે.

**લવ સપ્તમ દેવ :–**

**૧૧ अत्थि णं भंते ! लवसत्तमा देवा, लवसत्तमा देवा ? हंता अत्थि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– लवसत्तमा देवा, लवसत्तमा देवा ?**

**गोयमा ! से जहाणामए केइ पुरिसे तरुणे** *जाव* **णिउणसिप्पोवगए सालीण वा वीहीण वा गोधूमाण वा जवाण वा जवजवाण वा पक्काणं, परियाताणं हरियाणं हरियकंडाणं तिक्खेणं णवपज्जणएणं असिअएणं पडिसाहरिया पडिसाहरिया पडिसंखिविया पडिसंखिविया** *जाव* **इणामेव इणामेव त्ति कट्टु सत्त लवए लुएज्जा, जइ णं गोयमा ! तेसिं देवाणं एवइयं कालं आउए पहुप्पए तो णं ते देवा तेणं चेव भवग्गहणेणं सिज्झंता** *जाव* **अंतं करेंता, से तेणट्ठेणं** *जाव* **लवसत्तमा देवा, लवसत्तमा देवा ।**

**શબ્દાર્થ :– पहुप्पए** = અધિક પ્રાપ્ત થાય,

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! 'લવસપ્તમ' દેવ શું લવસપ્તમ દેવ કહેવાય છે ? **ઉત્તર–** હા ગૌતમ ! કહેવાય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે લવસપ્તમ દેવને 'લવસપ્તમ' દેવ કહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે કોઈ યુવક પુરુષ જે શિલ્પકલાના જ્ઞાતા હોય, નિપુણ હોય, તે લણવા યોગ્ય, પીળા પડી ગયેલા અને પીળી ડાંડીવાળા શાલી, વ્રીહી, ઘઉં, જવ અને જુવારને હાથેથી ભેગા કરીને, મુઠ્ઠીમાં પકડીને, તાજી જ સજાવેલી તીક્ષ્ણ ધારવાળા દાંતરડાથી શીઘ્ર લણો-લણો આ પ્રમાણે બોલતા સાત મુઠ્ઠી જેટલા ધાન્યને જેટલા સમયમાં કાપે છે, તેટલા સમયને સાત લવ કહે છે. હે ગૌતમ ! જો તે દેવોનું આટલું–સાત લવોને લણવા જેટલા સમયનું પૂર્વભવનું આયુષ્ય અધિક હોત તો તે તે જ ભવમાં સિદ્ધ થઈ જાત **યાવત્** સર્વ દુઃખોનો અંત કરી દેત. હે ગૌતમ ! તેથી તે દેવો 'લવસપ્તમ' કહેવાય છે.

**१२** **अत्थि णं भंते ! अणुत्तरोववाइया देवा, अणुत्तरोववाइया देवा ? हंता अत्थि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– अणुत्तरोववाइया देवा ?**

**गोयमा ! अणुत्तरोववाइयाणं देवाणं अणुत्तरा सद्दा** *जाव* **अणुत्तरा फासा, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ–** *जाव* **अणुत्तरोववाइया देवा, अणुत्तरोववाइयदेवा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! 'અનુત્તરોપપાતિક' દેવો છે ? **ઉત્તર–** હા ગૌતમ ! છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તે 'અનુત્તરોપપાતિક' દેવ કહેવાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનુત્તરોપપાતિક દેવોને લોકમાં સર્વોત્તમ શબ્દ ***યાવત્*** સર્વોત્તમ સ્પર્શ પ્રાપ્ત છે. તેથી હે ગૌતમ ! તે અનુત્તરોપપાતિક દેવ કહેવાય છે.

**१३** **अणुत्तरोववाइया णं भंते ! देवा णं केवइएणं कम्मावसेसेणं अणुत्तरोववाइय देवत्ताए उववण्णा ?**

**गोयमा ! जावइयं छट्ठभत्तिए समणे णिग्गंथे कम्मं णिज्जरेइ, एवइएणं कम्मावसेसेणं अणुत्तरोववाइया देवा देवत्ताए उववण्णा ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેટલા કર્મો શેષ રહે ત્યારે તે જીવ, અનુત્તરોપપાતિક દેવપણે ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! શ્રમણ નિર્ગ્રંથ, એક છઠ(બે ઉપવાસ) દ્વારા જેટલા કર્મોની નિર્જરા કરે, તેટલા કર્મો શેષ રહી જાય તો તે અનુત્તરોપપાતિક દેવપણે ઉત્પન્ન થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચે અનુતરવાસી દેવોની કર્મસ્થિતિનું નિરૂપણ છે.

**લવ-સત્તમ :–** સર્વાર્થ સિદ્ધ વિમાનના દેવો 'લવસત્તમ' દેવો કહેવાય છે. તેઓનું ૩૩ સાગરોપમનું આયુષ્ય હોય છે અને એક મનુષ્ય ભવ કરી મોક્ષે જાય છે. તેઓ પૂર્વના મનુષ્ય ભવમાં ઘણા કર્મોનો તો ક્ષય કરે છે. પરંતુ સાત લવ જેટલું આયુષ્ય અલ્પ રહેવાથી અને ૩૩ સાગરોપમમાં ભોગવી શકાય તેટલા શુભ કર્માંશોનો ક્ષય ન થવાથી તેમજ તેટલો સંસારકાલ બાકી હોવાથી તે જીવો સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય છે.

અનુત્તરોપપાતિક શબ્દ સામાન્ય રૂપે પાંચે અનુત્તર વિમાનવાસી દેવોનો સૂચક છે. પરંતુ પ્રથમ સૂત્રમાં લવસત્તમ– સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવોનું કથન થઈ ગયું હોવાથી આ તૃતીય સૂત્રગત અનુત્તરોપપાતિક શબ્દથી ચાર અનુત્તરવિમાનવાસી દેવોનું કથન છે તેમ સમજવું. તે દેવોનું ૩૧ થી ૩૩ સાગરોપમનું આયુષ્ય છે અને ઉત્કૃષ્ટ ૧૩ ભવ કરી મોક્ષે જાય છે. તેઓ બે દિવસનું આયુષ્ય ઓછું રહેવાથી, એક છટ્ઠ દ્વારા ક્ષયકરી શકાય અને ૩૧ થી ૩૩ સાગરોપમમાં ભોગવી શકાય તેટલા શુભ કર્માંશોનો ક્ષય ન થવાથી અને તેટલો સંસારકાળ બાકી હોવાથી ચાર અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે અને ૩૩ સાગરથી વધારે સંસાર કાલ બાકી હોય તો તે મનુષ્ય અને વૈમાનિક દેવના ૧૩ ભવ કરી શકે છે.

**॥ શતક ૧૪/૭ સંપૂર્ણ ॥**

# શતક–૧૪ : ઉદ્દેશક–૮

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં નરક પૃથ્વી અને દેવલોક આદિનું પરસ્પર અંતર, શાલવૃક્ષ આદિના ભવો, અવ્યાબાધ દેવ, શક્રેન્દ્રની વૈક્રિયશક્તિ અને જૃંભક દેવોની કાર્યક્ષમતા વગેરે વિષયોનું પ્રતિપાદન છે.

★ સાતે નરક પૃથ્વીનું પરસ્પર અંતર અસંખ્ય હજાર યોજનનું છે. રત્નપ્રભા પૃથ્વીથી જ્યોતિષી દેવનું અંતર ૭૯૦ યોજન છે. સૌધર્મ આદિ દેવલોકનું પરસ્પર અંતર અસંખ્ય હજાર યોજનનું છે. અનુત્તર વિમાનથી સિદ્ધશિલાનું અંતર બાર યોજન, સિદ્ધશિલાથી અલોકનું અંતર ઉત્સેધાંગુલથી એક યોજન છે.

★ રાજગૃહી નગરીમાં ભગવાન મહાવીર અને ગૌતમસ્વામીએ પોતાની સામે રહેલા શાલવૃક્ષ, શાલવૃક્ષની શાખા, ઉંબરવૃક્ષની શાખાના મુખ્ય જીવના ભવિષ્યની ભવપરંપરા વિષે પ્રશ્ન પૂછ્યા છે.

શાલવૃક્ષનો જીવ મરીને, પુનઃ શાલવૃક્ષ રૂપે જ જન્મ ધારણ કરશે. તે જ રીતે શાલવૃક્ષની શાખાનો મુખ્ય જીવ પણ મરીને અન્ય શાલવૃક્ષ રૂપે ઉત્પન્ન થશે અને ઉંબરવૃક્ષની શાખાનો મુખ્ય જીવ પાટલી વૃક્ષ રૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી, મનુષ્ય જન્મ ધારણ કરીને મોક્ષે જશે.

★ અંબડ પરિવ્રાજકના સાતસો શિષ્યો અદત્ત ગ્રહણ ન કરવાની પ્રતિજ્ઞાને અખંડ ટકાવીને, સંથારાપૂર્વક કાલધર્મ પામી આરાધક થયા. અંબડ પરિવ્રાજક પણ વૈક્રિયલબ્ધિના ધારક હતા. વૈક્રિયલબ્ધિથી તે પ્રતિદિન સો ઘરમાં ભોજન કરવા જતા. તે પણ આરાધક થઈને પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મહાઋદ્ધિવાન દઢપ્રતિજ્ઞકુમાર રૂપે જન્મ ધારણ કરીને મોક્ષે જશે.

★ જે દેવ વૈક્રિય શક્તિથી કોઈ પુરુષની આંખની પાંપણ પર બત્રીસ નાટક બતાવીને જાય, તેમ છતાં તે પુરુષને અંશ માત્ર પણ પીડા પહોંચાડતા નથી, તે દેવને **અવ્યાબાધ** દેવ કહે છે. નવ લોકાંતિક દેવોમાં સાતમા લોકાંતિક અવ્યાબાધ દેવ છે.

★ શક્રેન્દ્ર પોતાની વૈક્રિય શક્તિથી કોઈ પુરુષના મસ્તકને છેદી, ભેદીને કમંડળમાં નાંખી, ફરી તે મસ્તકના અવયવોને એકત્રિત કરીને મસ્તક બનાવે છે. આ સર્વ પ્રક્રિયા એટલી સૂક્ષ્મતાથી અને શીઘ્રતાથી કરે છે કે તે પુરુષને અંશ માત્ર પીડા થતી નથી. દેવોની વૈક્રિય શક્તિ અચિંત્ય હોય છે.

★ સ્વેચ્છાનુચારી, નિરંતર કામક્રીડામાં લીન વ્યંતર જાતિના દેવને **જૃંભક દેવ** કહે છે. તે તિરછાલોકમાં દીર્ઘ વૈતાઢ્ય પર્વતો પર, કાંચન પર્વતો પર, ચિત્ર-વિચિત્ર પર્વતો પર અને યમક નામના પર્વતો પર રહે છે. તેમની સ્થિતિ એક પલ્યોપમની છે.

આ રીતે આ ઉદ્દેશકમાં વિવિધ પ્રકારની દૈવિક શક્તિનું પ્રતિપાદન થયું છે.

❖❖❖❖❖

# શતક–૧૪ : ઉદ્દેશક–૮

## અંતર

**પૃથ્વી અને દેવલોક વચ્ચે અંતર :–**

**१ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए सक्करप्पभाए य पुढवीए केवइयं अबाहाए अंतरे पण्णत्ते ? गोयमा ! असंखेज्जाइं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते ।**

**શબ્દાર્થ :– अबाहाए** = બાધા રહિત, વ્યવધાન વિના, સ્વાભાવિક અંતર.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી અને શર્કરાપ્રભા પૃથ્વી વચ્ચે કેટલું અંતર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્ય હજાર યોજનનું સ્વાભાવિક અંતર છે.

**२ सक्करप्पभाए णं भंते ! पुढवीए वालुयप्पभाए य पुढवीए केवइयं अबाहाए अंतरे पण्णत्ते ? गोयमा ! एवं चेव । एवं *जाव* तमाए अहेसत्तमाए य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શર્કરાપ્રભા અને વાલુકાપ્રભા પૃથ્વી વચ્ચે કેટલું અંતર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઉપર પ્રમાણે અસંખ્ય હજાર યોજનનું અંતર છે. આ જ રીતે ***યાવત્*** તમઃપ્રભા અને અધઃસપ્તમ પૃથ્વી વચ્ચે તેટલું જ અંતર છે.

**३ अहेसत्तमाए णं भंते ! पुढवीए अलोगस्स य केवइयं अबाहाए अंतरे पण्णत्ते ? गोयमा ! असंखेज्जाइं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધઃસપ્તમ પૃથ્વી અને અલોક વચ્ચે સ્વાભાવિક કેટલું અંતર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્ય હજાર યોજનનું સ્વાભાવિક અંતર છે.

**४ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए जोइसस्स य केवइयं अबाहाए अंतरे पण्णत्ते? गोयमा ! सत्तणउए जोयणसए अबाहाए अंतरे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી અને જ્યોતિષી દેવવિમાન વચ્ચે સ્વાભાવિક અંતર કેટલું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ૭૯૦ યોજનનું સ્વાભાવિક અંતર છે.

**५ जोइसस्स णं भंते ! सोहम्मीसाणाण य कप्पाणं केवइयं, पुच्छा । गोयमा ! असंखेज्जाइं जोयण सहस्साइं अबाहाए अंतरे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યોતિષી દેવવિમાન અને સૌધર્મ-ઈશાન દેવલોક વચ્ચે સ્વાભાવિક અંતર કેટલું કહ્યું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્યાત હજાર યોજનનું સ્વાભાવિક અંતર છે.

**६ सोहम्मीसाणाणं भंते ! सणंकुमारमाहिंदाण य केवइयं अबाहाए अंतरे पण्णत्ते ?**

**गोयमा ! असंखेज्जाइं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મ-ઈશાન દેવલોક અને સનતકુમાર-માહેન્દ્ર દેવલોક વચ્ચે સ્વાભાવિક અંતર કેટલું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્ય હજાર યોજનનું સ્વાભાવિક અંતર છે.

**૭ सणंकुमारमाहिंदाणं भंते ! बंभलोगस्स कप्पस्स य केवइयं अबाहाए अंतरे पण्णत्ते ? गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સનત્કુમાર-માહેન્દ્ર દેવલોક અને બ્રહ્મલોક કલ્પ વચ્ચે સ્વાભાવિક અંતર કેટલું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે જ રીતે અસંખ્ય હજાર યોજન પ્રમાણ જાણવું જોઈએ.

**૮ बंभलोगस्स णं भंते ! लंतगस्स य कप्पस्स केवइयं अबाहाए अंतरे पण्णत्ते ? गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બ્રહ્મલોક અને લાન્તક કલ્પ વચ્ચે સ્વાભાવિક અંતર કેટલું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે જ રીતે અસંખ્ય હજાર યોજન પ્રમાણ જાણવું જોઈએ.

**૯ लंतयस्स णं भंते ! महासुक्कस्स य कप्पस्स केवइयं अबाहाए अंतरे पण्णत्ते ?**

**गोयमा ! एवं चेव । एवं महासुक्कस्स कप्पस्स सहस्सारस्स य । एवं सहस्सारस्स आणय-पाणयकप्पाणं । एवं आणय-पाणयाण य कप्पाणं आरणच्चुयाणं कप्पाणं । एवं आरणच्चुयाणं गेविज्जविमाणाण य । एवं गेविज्जविमाणाणं अणुत्तरविमाणाण य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લાન્તક અને મહાશુક્ર કલ્પ વચ્ચે સ્વાભાવિક અંતર કેટલું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઉપર પ્રમાણે જાણવું. તે જ રીતે મહાશુક્રથી સહસ્રાર કલ્પનું, સહસ્રાર કલ્પથી આણત-પ્રાણત કલ્પોનું, આણત-પ્રાણત કલ્પથી આરણ-અચ્યુત કલ્પોનું, આરણ-અચ્યુત કલ્પથી ગ્રૈવેયક વિમાનોનું અને ગ્રૈવેયક વિમાનોથી અનુત્તર વિમાનોનું સ્વાભાવિક અંતર પણ ઉપર પ્રમાણે જાણવું જોઈએ.

**૧૦ अणुत्तरविमाणाणं भंते ! ईसिंपब्भाराए य पुढवीए केवइए अबाहाए अंतरे पण्णत्ते ? गोयमा ! दुवालसजोयणे अबाहाए अंतरे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનુત્તર વિમાનો અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી વચ્ચે સ્વાભાવિક અંતર કેટલું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બાર યોજનનું સ્વાભાવિક અંતર છે.

**૧૧ ईसिंपब्भाराए णं भंते ! पुढवीए अलोगस्स य केवइए अबाहाए अंतरे पण्णत्ते? गोयमा ! देसूणं जोयणं अबाहाए अंतरे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી અને અલોક વચ્ચે સ્વાભાવિક અંતર કેટલું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! દેશોન(કંઈક ન્યૂન) એક યોજનનું સ્વાભાવિક અંતર છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં નરક પૃથ્વી, દેવલોક, સિદ્ધશિલા અને અલોક વચ્ચે અંતર સમજાવ્યું છે.

**अबाहाए :–** બાધા રહિત સ્વાભાવિક અંતર. કોઈપણ પર્વત, ટેકરી આદિના વ્યવધાન સહિતનું અંતર બાધક અંતર(વ્યાઘાત યુક્ત અંતર) કહેવાય છે. તેવા પ્રકારની બાધા વિના સ્વાભાવિક રીતે બે પદાર્થો વચ્ચે જે દૂરી હોય તે બાધા રહિત, વ્યવધાન રહિતનું સ્વાભાવિક અંતર કહેવાય છે.

**ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી અને અલોક વચ્ચેનું અંતર :–** સૂત્રોમાં શાશ્વત સ્થળોના માપનું કથન પ્રમાણાંગુલથી (ભરત ચક્રવર્તીના અંગુલ પ્રમાણથી) થયેલું છે. પરંતુ અહીં સિદ્ધશિલાથી અલોકનું જે દેશોન યોજનનું અંતર કહ્યું છે, તે ઉત્સેધ અંગુલથી સમજવું જોઈએ. કારણ કે તે એક યોજનના અંતિમ ગાઉના છટ્ઠા ભાગમાં સિદ્ધોની અવગાહના કહી છે. જે ૩૩૩ ધનુષ અને ૩૨ અંગુલ પ્રમાણ છે. જીવોની અવગાહના ઉત્સેધાંગુલથી મપાય છે, તેમ આગમ-વચન છે. માટે તે યોજન પણ ઉત્સેધાંગુલથી જ છે, તેમ સ્પષ્ટ થાય છે.

**શાલ આદિ વૃક્ષોની ભાવિ ભવપ્રરૂપણા :–**

**१२ एस णं भंते ! सालरुक्खे उण्हाभिहए तण्हाभिहए दवग्गिजालाभिहए कालमासे कालं किच्चा कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! इहेव रायगिहे णयरे सालरुक्खत्ताए पच्चायाहिइ, से णं तत्थ अच्चिय-वंदिय-पूइय-सक्कारिय-सम्माणिए दिव्वे सच्चे सच्चोवाए सण्णिहियपाडिहेरे, लाउल्लोइय-महिए यावि भविस्सइ ।**

**से णं भंते ! तओहिंतो अणंतरं उव्वट्टित्ता कहिं गमिहिइ, कहिं उववज्जिहिइ ? गोयमा ! महाविदेहे वासे सिज्झिहिइ *जाव* अंतं काहिइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂર્યની ગરમીથી પીડિત, તૃષાથી વ્યાકુળ, દાવાનળની જ્વાળાથી જ્વલિત, આ(દશ્યમાન) શાલ વૃક્ષનો જીવ કાલના સમયે કાલધર્મને પામીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ રાજગૃહ નગરમાં ફરી શાલવૃક્ષ પણે ઉત્પન્ન થશે. ત્યાં તે અર્ચિત, વંદિત, પૂજિત, સત્કારિત, સન્માનિત અને દિવ્ય(દૈવી ગુણોથી યુક્ત) થશે. તથા તે સત્યરૂપ, સત્યાવપાત છે એટલે તેની સેવા સફળ થશે, સન્નિહિત પ્રાતિહાર્ય–પૂર્વભવ સંબંધી દેવો તેની સમીપમાં રહેશે. તેનો ચબૂતરો ગોબર,માટી આદિથી લીંપાશે અને જળથી સિંચિત થશે અને તે વૃક્ષ પૂજનીય થશે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તે શાલવૃક્ષનો જીવ ત્યાંથી મરીને ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને સિદ્ધ થશે, ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે.

**१३ एस णं भंते ! साललट्ठिया उण्हाभिहया तण्हाभिहया दवग्गिजालाभिहया कालमासे कालं किच्चा कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! इहेव जंबुद्दीवे दीवे भारहे वासे विंझगिरिपायमूले महेसरिए णयरीए सामलिरुक्खत्ताए पच्चायाहिइ, सा णं तत्थ अच्चिय-वंदिय-पूइय *जाव* लाउल्लोइयमहिए यावि भविस्सइ ।**

**से णं भंते ! तओहिंतो अणंतरं उव्वट्टित्ता कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ? गोयमा !**

**जहा सालरुक्खस्स** *जाव* **अंतं काहिइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂર્યની ગરમીથી પીડિત, તૃષાથી વ્યાકુળ તથા દાવાનળની જ્વાળાથી જ્વલિત આ(દશ્યમાન) શાલ વૃક્ષની શાખા(શાખાનો મુખ્ય જીવ) કાલના સમયે કાલધર્મને પામીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં, વિન્ધ્યાચળ પર્વતની તળેટીમાં, માહેશ્વરી નગરીમાં શાલ્મલી વૃક્ષ રૂપે ઉત્પન્ન થશે. ત્યાં તે અર્ચિત, વંદિત અને પૂજિત થશે ***યાવત્*** તેનો ચબૂતરો લીપેલો, જળાદિનું સિંચન થયેલો થશે. આ રીતે તે પૂજનીય થશે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તે શાલ્મલી વૃક્ષની શાખાનો જીવ કાલધર્મને પ્રાપ્ત કરીને ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વોક્ત શાલવૃક્ષની સમાન કહેવું જોઈએ ***યાવત્*** તે સર્વ દુઃખોનો અંત કરશે.

**૧૪ एस णं भंते ! उंबरलट्ठिया उण्हाभिहया** *जाव* **कालमासे कालं किच्चा कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! इहेव जंबुद्दीवे दीवे भारहे वासे पाडलिपुत्ते णयरे पाडलिरुक्खत्ताए पच्चायाहिइ । से णं तत्थ अच्चिय-वंदिय** *जाव* **भविस्सइ ।**

**से णं भंते ! अणंतरं उव्वट्टित्ता कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ? गोयमा ! तं चेव** *जाव* **अंतं काहिइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂર્યની ગરમીથી પીડિત, તૃષાથી વ્યાકુળ અને દાવાનલની જ્વાળાથી જ્વલિત આ(દશ્યમાન) ઉંબર વૃક્ષની શાખાનો મુખ્ય જીવ કાલધર્મ પ્રાપ્ત કરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં પાટલીપુત્ર નગરમાં પાટલી વૃક્ષપણે ઉત્પન્ન થશે. ત્યાં તે અર્ચિત, વંદિત ***યાવત્*** પૂજનીય થશે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! ત્યાંથી કાલધર્મ પ્રાપ્ત કરીને, તે ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે જ રીતે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે.

**વિવેચન :–**

શ્રી ગૌતમ સ્વામીએ વનસ્પતિમાં જીવત્વ દર્શાવતાં પ્રત્યક્ષ દશ્યમાન શાલવૃક્ષ, શાલવૃક્ષની શાખા અને ઉદુમ્બર વૃક્ષની શાખાના મુખ્ય જીવના ભવિષ્ય સંબંધી ત્રણ પ્રશ્નો પ્રભુ મહાવીરને પૂછ્યા– પ્રભુએ તેનું યથાર્થ સમાધાન કર્યું છે. શાલ આદિ વૃક્ષોમાં અનેક જીવો હોય છે. તેમ છતાં અહીં મુખ્ય જીવની અપેક્ષાએ આ ત્રણ પ્રશ્નો છે. વનસ્પતિમાંથી નીકળેલા જીવો સિદ્ધ થઈ શકે છે. આ સૂત્રોક્ત શાલ આદિના જીવો મરીને પુનઃ વનસ્પતિકાયમાં જન્મ ધારણ કરશે અને ત્યાર પછી મનુષ્ય જન્મ ધારણ કરી સિદ્ધ થશે.

**અમ્બડ પરિવ્રાજક :–**

**૧૫ तेणं कालेणं तेणं समएणं अम्मडस्स परिव्वायगस्स सत्त अंतेवासीसया गिम्हकाल-**

**समयंसि, एवं जहा उववाइए** *जाव* **आराहगा ।**

**बहुजणे णं भंते ! अण्णमण्णस्स एवमाइक्खइ– एवं खलु अम्मडे परिव्वायए कंपिल्लपुरे णयरे घरसए, एवं जहा उववाइए अम्मडस्स वत्तव्वया** *जाव* **दड्डप्पइण्णो अंतं काहिइ ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે અમ્બડ પરિવ્રાજકના સાત સો અંતેવાસી શિષ્યો ગ્રીષ્મકાલમાં વિહાર કરતા હતા, ઇત્યાદિ ઔપપાતિક સૂત્રાનુસાર વર્ણન કરવું ***યાવત્*** તે આરાધક થયા.

હે ભગવન્ ! અનેક મનુષ્ય પરસ્પર આ પ્રમાણે કહે છે કે અમ્બડ પરિવ્રાજક કમ્પિલપુરમાં સો ઘરોમાં ભોજન કરતા હતા, ઇત્યાદિ ઔપપાતિક સૂત્રની અમ્બડ સંબંધી વક્તવ્યતા કહેવી. તે બ્રહ્મલોક નામના પાંચમાં દેવલોકમાં ઉત્પન્ન થયા. તે મહર્દ્ધિક દેવ ત્યાંથી ચ્યવીને દઢ પ્રતિજ્ઞકુમાર થઈને સર્વ દુઃખોનો અંત કરશે.

**વિવેચન :–**

ઔપપાતિક સૂત્રાનુસાર અમ્બડ સંન્યાસીના ૭૦૦ શિષ્યોનું વૃતાન્ત આ પ્રમાણે છે– એક વાર અમ્બડ પરિવ્રાજકના સાતસો શિષ્યો ગંગાનદીના બંને કિનારે આવેલા કામ્પિલ્યપુર નગરથી પુરિમતાલ નગરની તરફ જઈ રહ્યા હતા. જ્યારે તેઓએ અટવીમાં પ્રવેશ કર્યો, ત્યારે સાથે લીધેલું પાણી સમાપ્ત થઈ ગયું. તેથી તેઓ તૃષાથી વ્યાકુળ બની ગયા. પાસેની ગંગા નદીમાં નિર્મળ જળ વહી રહ્યું હતું. પરંતુ તેઓને અદત્ત ન ગ્રહણ કરવાની પ્રતિજ્ઞા હતી. જલના દાતા કોઈ ન મળ્યા. અત્યંત કટોકટીની પરિસ્થિતિ ઊભી થઈ. તેઓના પ્રાણ સંકટમાં આવી ગયા. અંતે તે સાતસો શિષ્યોએ અરિહંત ભગવંતોને નમસ્કાર કરીને યાવજ્જીવનનો સંથારો ગ્રહણ કર્યો. કાલધર્મને પ્રાપ્ત કરીને તે સર્વ બ્રહ્મલોક કલ્પમાં ઉત્પન્ન થયા. આ રીતે તે સર્વ આરાધક થયા.

અમ્બડ પરિવ્રાજક લોકોને વિસ્મિત કરવા માટે વૈક્રિય લબ્ધિના પ્રભાવથી એક સાથે સો ઘરોમાં ભોજન કરતા હતા. ગૌતમ સ્વામીએ પ્રભુને પ્રશ્ન પૂછ્યો, કે અમ્બડ સંન્યાસી આપની પાસે સંયમ અંગીકાર કરશે ? ભગવાને કહ્યું, તે સંભવિત નથી. પરંતુ તે જીવાજીવના જ્ઞાતા(સમ્યક્ત્વી) થઈને અંતે યાવજ્જીવનનો સંથારો ગ્રહણ કરીને બ્રહ્મલોક કલ્પમાં ઉત્પન્ન થશે, ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં દઢપ્રતિજ્ઞ નામક કુમાર રૂપે જન્મ ધારણ કરશે. ત્યાં તે મહાૠદ્ધિવાન થશે, ચારિત્ર પાલન કરીને અંતે અનશનપૂર્વક કાલધર્મને પ્રાપ્ત કરીને સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે સર્વ દુઃખોનો અંત કરશે.

**અવ્યાબાધ દેવોની અવ્યાબાધતા :–**

**१६ अत्थि णं भंते ! अव्वाबाहा देवा, अव्वाबाहा देवा ? हंता अत्थि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– अव्वाबाहा देवा, अव्वाबाहा देवा ?**

**गोयमा ! पभू णं एगमेगे अव्वाबाहे देवे एगमेगस्स पुरिसस्स एगमेगंसि अच्छिपत्तंसि दिव्वं देविड्ढिं, दिव्वं देवज्जुइं, दिव्वं देवाणुभागं, दिव्वं बत्तीसइविहं णट्टविहिं उवदंसेत्तए णो चेव णं तस्स पुरिसस्स किंचि वि आबाहं वा वाबाहं वा उप्पाएइ, छविच्छेयं वा करेइ,**

**ए सुहुमं च णं उवदंसेज्जा, से तेणट्ठेणं** *जाव* **अव्वाबाहा देवा, अव्वाबाहा देवा ।**

**શબ્દાર્થ :– अच्छिपत्तंसि** = નેત્રની પલકપર **उवदंसेत्तए पभू** = બતાવવામાં સમર્થ છે **एसुहुमं** = આ પ્રકારનું સૂક્ષ્મ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અવ્યાબાધ દેવો(કોઈને પીડા ન પહોંચાડનાર) છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેઓ 'અવ્યાબાધ દેવ' શા માટે કહેવાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રત્યેક અવ્યાબાધ દેવ, એક-એક પુરુષની આંખની એક પલક પર દિવ્ય દેવર્દ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ અને બત્રીસ પ્રકારની દિવ્ય નાટક વિધિ બતાવવામાં સમર્થ છે. તેનાથી તે પુરુષને અલ્પ અથવા વિશેષ પીડા થવા દેતા નથી, તેના અવયવનું છેદન કરતા નથી, આ રીતે સૂક્ષ્મતાપૂર્વક નાટ્ય વિધિ બતાવી શકે છે, તેથી હે ગૌતમ ! તે 'અવ્યાબાધ દેવ' કહેવાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અવ્યાબાધ સંજ્ઞક દેવનું સ્વરૂપ દર્શાવ્યું છે. આગમમાં આવેલા દેવોના નામના આધારે આ દેવ નવ લોકાંતિક દેવોમાં સાતમા પ્રકારના લોકાંતિક દેવ છે. નવ લોકાંતિક દેવોનાં નામ આ પ્રમાણે છે– (૧) સારસ્વત (૨) આદિત્ય (૩) વહ્નિ (૪) વરુણ (૫) ગર્દતોય (૬) તુષિત (૭) અવ્યાબાધ (૮) આગ્નેય (મરુત) અને (૯) રિષ્ટ. સામાન્ય તથા અન્ય અનેક વૈમાનિક દેવોમાં પણ સૂત્રોકત વૈક્રિય શક્તિ હોઈ શકે છે. તેમ છતાં અહીં અવ્યાબાધ સંજ્ઞાવાચક દેવોની વિશેષતા પ્રગટ કરી છે.

**શક્રેન્દ્રની આશ્ચર્યકારી કાર્યક્ષમતા :–**

**१७ पभू णं भंते ! सक्के देविंदे देवराया पुरिसस्स सीसं सपाणिणा असिणा छिंदित्ता कमंडलुम्मि पक्खिवित्तए ? हंता पभू ।**

**से कहमियाणिं पकरेइ ?**

**गोयमा ! छिंदिया छिंदिया च णं पक्खिवेज्जा, भिंदिया भिंदिया च णं पक्खिवेजा, कोट्टिया कोट्टिया च णं पक्खिवेज्जा, चुण्णिया चुण्णिया च णं पक्खिवेज्जा, तओ पच्छा खिप्पामेव पडिसंघाएज्जा, णो चेव णं तस्स पुरिसस्स किंचि आबाहं वा वाबाहं वा उप्पाएज्जा, छविच्छेदं पुण करेइ, ए सुहुमं च णं पक्खिवेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર, પોતાના હાથમાં ગ્રહણ કરેલી તલવારથી કોઈ પુરુષનું મસ્તક કાપીને કમંડલમાં નાંખવામાં સમર્થ છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! તે સમર્થ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! શક્રેન્દ્ર તે મસ્તકને કમંડલમાં કઈ રીતે નાંખે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! શક્ર, તે પુરુષના મસ્તકનું છેદન(ખંડ-ખંડ) કરીને, ભેદન(કપડાની જેમ ચીરીને) કરીને, કૂટીને(ઉખલમાં તલની જેમ કૂટીને) ચૂર્ણ કરીને શિલા પર બીજા પથ્થર વડે પીસીને કમંડલમાં નાંખે છે, ત્યાર પછી તે અત્યંત શીઘ્રતાથી મસ્તકના અવયવોને એકત્રિત કરે છે અને પુનઃ

મસ્તક બનાવી દે છે, આ પ્રક્રિયામાં પુરુષના મસ્તકનું છેદન કરવા છતાં પણ તે પુરુષને કિંચિત્ પીડા અથવા વિશેષ પીડા થવા દેતા નથી. આ રીતે સૂક્ષ્મતાપૂર્વક ક્રિયા કરીને તે મસ્તકને કમંડલમાં નાંખે છે.

**જૃંભક દેવોનું સ્વરૂપ, ભેદ, સ્થિતિ, સ્થાન :–**

**१८ अत्थि णं भंते ! जंभगा देवा, जंभगा देवा ? हंता गोयमा ! अत्थि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जंभगा देवा, जंभगा देवा ?**

**गोयमा ! जंभगा णं देवा णिच्चं पमुइय-पक्कीलिया कंदप्परइमोहणसीला, जे णं ते देवे कुद्धे पासेज्जा, से णं पुरिसे महंतं अयसं पाउणिज्जा, जे णं ते देवे तुट्ठे पासेज्जा, सेणं महंतं जसं पाउणेज्जा, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– जंभगा देवा, जंभगा देवा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જૃંભક દેવો જૃંભક દેવ કહેવાય છે ? **ઉત્તર–** હા, ગૌતમ તે કહેવાય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેઓ જૃંભક દેવ શા માટે કહેવાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જૃંભક દેવ, સદા પ્રમોદી, અત્યંત ક્રીડાશીલ, કંદર્પમાં રત અને મૈથુન સેવનના સ્વભાવવાળા હોય છે. જે પુરુષ ને તે દેવો કુપિત થઈને જુએ છે, તે પુરુષ મહાન અપયશ(દુઃખ)ને પ્રાપ્ત કરે છે, તથા જે પુરુષ ને તે દેવોને પ્રસન્ન થઈને જુએ છે, તે મહાન યશ(સુખ)ને પ્રાપ્ત કરે છે. તેથી હે ગૌતમ ! તે જૃંભક દેવ કહેવાય છે.

**१९ कइविहा णं भंते ! जंभगा देवा पण्णत्ता ?**

**गोयमा ! दसविहा पण्णत्ता, तं जहा– अण्णजंभगा पाणजंभगा वत्थजंभगा लेणजंभगा सयणजंभगा पुप्फजंभगा फलजंभगा पुप्फफलजंभगा विज्जाजंभगा अवियत्तजंभगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જૃંભક દેવોના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દશ પ્રકાર છે. યથા– (૧) અન્ન જૃંભક (૨) પાન જૃંભક (૩) વસ્ત્ર જૃંભક (૪) લયન જૃંભક (૫) શયન જૃંભક (૬) પુષ્પ જૃંભક (૭) ફળ જૃંભક (૮) પુષ્પ ફલ જૃંભક (૯) વિદ્યા જૃંભક અને (૧૦) અવ્યક્ત જૃંભક.

**२० जंभगा णं भंते ! देवा कहिं वसहिं उवेंति ? गोयमा ! सव्वेसु चेव दीहवेयड्ढेसु, चित्त-विचित्त जमग-पव्वएसु, कंचणपव्वएसु य, एत्थ णं जंभगा देवा वसहिं उवेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જૃંભક દેવો ક્યાં રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વ જૃંભક દેવો દીર્ઘ વૈતાઢ્ય પર્વતો ઉપર, ચિત્ર-વિચિત્ર, યમક પર્વતો ઉપર તથા કાંચનક પર્વતો ઉપર રહે છે.

**२१ जंभगाणं भंते ! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! एगं पलिओवमं ठिई पण्णत्ता ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જૃંભક દેવોની સ્થિતિ કેટલા કાલની છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જૃંભક દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો

તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

**જૃંભક દેવ :–** જે પોતાની ઈચ્છાનુસાર પ્રવૃત્તિ કરે છે, સતત ક્રીડા આદિમાં રત હોય છે, તેવા તિરછાલોકવાસી વ્યંતરદેવને જૃંભકદેવ કહે છે. તે વૈક્રિય લબ્ધિથી શાપ અને અનુગ્રહ કરવામાં સમર્થ છે. જે મનુષ્યો પર તે પ્રસન્ન થાય છે, તેને ધન-સંપત્તિ આદિથી સુખી કરે છે અને જેના પર કુપિત થાય છે તેને અનેક પ્રકારે હાનિ પહોંચાડે છે.

**જૃંભક દેવના દશ ભેદ :–** (૧) અન્ન જૃંભક– ભોજનના પરિમાણને વધારવામાં ઘટાડવામાં સમર્થ તેમજ ભોજનને સરસ-નીરસ કરી દેવાની શક્તિસંપન્ન દેવને અન્નજૃંભક કહે છે. (૨) પાન જૃંભક– પાણીની માત્રાને વધારવામાં-ઘટાડવામાં સમર્થ દેવ. (૩) વસ્ત્ર જૃંભક– વસ્ત્રની માત્રાને વધારવામાં-ઘટાડવામાં સમર્થ દેવ (૪) લયન જૃંભક– ઘર, મકાન આદિની રક્ષા કરનાર દેવ (૫) શયન જૃંભક– શય્યા આદિની રક્ષા કરનાર દેવ (૬) પુષ્પ જૃંભક– ફૂલોની રક્ષા કરનાર દેવ (૭) ફલ જૃંભક– ફળોની રક્ષા કરનાર દેવ (૮) પુષ્પ-ફલ જૃંભક– પુષ્પ અને ફળોની રક્ષા કરનાર દેવ. ક્યાંક તેના સ્થાને મંત્ર જૃંભક પાઠ પણ મળે છે. (૯) વિદ્યા જૃંભક– વિદ્યાની રક્ષા કરનાર દેવ (૧૦) અવ્યક્ત જૃંભક– સામાન્ય રૂપે સર્વ પદાર્થોની રક્ષા કરનાર દેવ. કયાંક તેના સ્થાને અધિપતિ જૃંભક પાઠ પણ મળે છે.

**જૃંભક દેવોના આવાસ :–** પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ, આ પંદર ક્ષેત્રોમાં ૧૭૦ દીર્ઘ વૈતાઢ્ય પર્વત છે. મહાવિદેહ ક્ષેત્રની પ્રત્યેક વિજયમાં એક-એક પર્વત હોય છે, તેથી પાંચ મહાવિદેહક્ષેત્રની ૧૬૦ વિજયમાં ૧૬૦ દીર્ઘ વૈતાઢ્ય પર્વત અને પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રમાં એક એક દીર્ઘ વૈતાઢ્ય પર્વત હોય આ રીતે ૧૭૦ દીર્ઘ વૈતાઢ્ય પર્વત થાય છે.

દેવકુરુક્ષેત્રમાં સીતોદા નદીના બંને કિનારે ચિત્રકૂટ અને વિચિત્રકૂટ પર્વત છે. ઉત્તરકુરુક્ષેત્રમાં સીતા નદીના કિનારે બે યમક પર્વત છે. તેમજ સીતા નદી સંબંધી પાંચ નીલવાન આદિ પાંચ દ્રહ છે. પ્રત્યેક દ્રહના પૂર્વ અને પશ્ચિમ બંને કિનારે દશ-દશ કાંચનક પર્વત છે. આ રીતે ઉત્તરકુરુમાં ૧૦૦ કાંચનક પર્વત છે. તે જ રીતે દેવકુરુમાં પણ સીતોદા નદી સંબંધી નિષધ આદિ પાંચ દ્રહોના બંને તટ પર દશ-દશ કાંચનક પર્વત છે. આ રીતે ત્યાં પણ ૧૦૦ કાંચનક પર્વત છે. બંને મળીને ૨૦૦ કાંચનક પર્વત છે. જૃંભક દેવો દીર્ઘ વૈતાઢ્ય પર્વતો, ચિત્ર-વિચિત્ર પર્વત, બે યમક પર્વત અને કાંચનક પર્વતો પર રહે છે. તે દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે.

**॥ શતક ૧૪/૮ સંપૂર્ણ ॥**

# શતક–૧૪ : ઉદ્દેશક–૯

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં વિવિધ વિષયોનું સંકલન છે.

★ ભાવિતાત્મા અણગાર કર્મલેશ્યા એટલે ભાવ લેશ્યાને જાણી શકતા નથી કારણ કે તે અરૂપી છે. તેથી તે છદ્મસ્થના વિષયભૂત નથી પરંતુ તે અણગાર લેશ્યા સહિતના સશરીરી જીવોને જાણી શકે છે. કારણ કે શરીર સ્થૂલ છે અને શરીર અને આત્મા કથંચિત્ અભિન્ન છે.

★ સૂર્ય અને ચન્દ્રમાંથી જે પ્રકાશ નીકળે છે તે પ્રકાશ વિમાનના પૃથ્વીકાયિક જીવોના આતપ અને ઉદ્યોતનામ કર્મજન્ય લેશ્યાના પુદ્ગલો છે. તેમાંથી નીકળેલા પ્રકાશ પુદ્ગલોમાં કોઈ લેશ્યા(પ્રભા) નથી પરંતુ તે જીવના શરીરમાંથી નીકળ્યા છે, તેથી કાર્યમાં કારણનો ઉપચાર કરીને તેને પણ સકર્મલેશ્ય કહે છે.

★ નારકોને અનાત્ત=દુઃખજનક, અનિષ્ટ, અકાંત, અપ્રિય, અને અમનોજ્ઞ પુદ્ગલોનો સંયોગ થાય છે. તેમજ દેવોને આત્ત=સુખજનક પુદ્ગલોનો અને મનુષ્ય અને તિર્યંચગતિના જીવોને આત્ત અને અનાત્ત= ઈષ્ટ-અનિષ્ટ આદિ બંને પ્રકારના પુદ્ગલોનો સંયોગ થાય છે.

★ કોઈ મહર્દ્ધિક દેવ, વૈક્રિયશક્તિથી હજારો રૂપ બનાવી એક સાથે હજાર ભાષા બોલી શકે છે પરંતુ તે એક જીવના એક જ ઉપયોગથી બોલાયેલી હોવાથી એક જ ભાષા ગણાય છે. કોઈ પણ એક જીવ એક સમયમાં એક જ ભાષાનો પ્રયોગ કરી શકે છે.

★ સૂર્ય વિમાનના પૃથ્વીકાયિક જીવોને આતપ નામકર્મરૂપ પુણ્ય પ્રકૃતિનો ઉદય હોય છે, તે ઉપરાંત સૂર્ય લોકમાં પણ ઉત્તમ છે, જ્યોતિષીદેવોના ઈન્દ્ર છે. તે સર્વ પ્રકારે શુભ હોવાથી તેનું સાર્થક નામ સૂર્ય છે.

★ શ્રમણોનું સુખ આત્મિક સુખ છે અને દેવોનું સુખ ભૌતિક છે. તેમ છતાં લોકમાં દેવોના સુખને ઉત્તમ માન્યું છે. તે દેવોના સુખથી પણ શ્રમણોના સુખની શ્રેષ્ઠતા બતાવવા સૂત્રકારે દેવોના સુખ સાથે તેની તુલના કરી છે.

એક માસના સંયમ પર્યાયમાં તે સાધુ વ્યંતર દેવોના સુખનું ઉલ્લંઘન કરી જાય છે. તે રીતે ક્રમશઃ આગળ વધતા એક વર્ષની સંયમ પર્યાયવાળા સાધુ અનુત્તરવિમાનવાસી દેવો કરતાં પણ અધિક સુખનો અનુભવ કરે છે. ત્યાર પછી શ્રમણો વિશેષ સુખાનુભૂતિ કરતા ક્રમશઃ સર્વ કર્મોનો ક્ષય કરીને સિદ્ધગતિના સુખને પ્રાપ્ત કરે છે.

❖❖❖❖❖

# શતક–૧૪ : ઉદ્દેશક–૯

## અણગાર

**ભાવિતાત્મા અણગારની જ્ઞાન શક્તિ :–**

**१ अणगारे णं भंते ! भावियप्पा अप्पणो कम्मलेस्सं ण जाणइ ण पासइ, तं पुण जीवं सरूविं सकम्मलेस्सं जाणइ, पासइ ?**

**हंता गोयमा ! अणगारे णं भावियप्पा अप्पणो** *जाव* **पासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે પોતાની કર્મલેશ્યા અર્થાત્ ભાવલેશ્યાને જાણતા નથી કે જોતા નથી; તેવા ભાવિતાત્મા અણગાર, સરૂપી(સશરીરી) અને કર્મલેશ્યા સહિત પોતાના જીવને જાણે છે કે દેખે છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! જે પોતાની કર્મલેશ્યાને જાણતા કે દેખતા નથી, તેવા ભાવિતાત્મા અણગાર પોતાના સરૂપી કર્મલેશ્યા યુક્ત જીવને જાણે છે અને દેખે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ભાવિતાત્મા અણગારની જ્ઞાનશક્તિનું નિદર્શન છે.

**कम्मलेस्सं– कर्मणो योग्य लेश्या कृष्णनील-कापोतादिका ।** કર્મબંધ યોગ્ય આત્મ પરિણામને કર્મ લેશ્યા કહે છે. કૃષ્ણ,નીલ,કાપોતાદિ તેના છ પ્રકાર છે. લેશ્યાના બે ભેદ પણ થાય છે. દ્રવ્યલેશ્યા અને ભાવ લેશ્યા. ભાવલેશ્યા આત્મપરિણામ રૂપ હોવાથી અરૂપી છે. તેથી છદ્મસ્થ મનુષ્યો તેને જાણી શકતા નથી. દ્રવ્યલેશ્યા પૌદ્‌ગલિક હોવાથી રૂપી છે પરંતુ લેશ્યા દ્રવ્યો અત્યંત સૂક્ષ્મ હોવાથી વિશિષ્ટ અવધિજ્ઞાનાદિથી રહિત અણગાર તેને જાણી શકતા નથી. પરંતુ લેશ્યા યુક્ત જીવનું સ્થૂલ શરીર રૂપી હોવાથી ભાવિતાત્મા અણગાર તેને જાણી શકે છે. શરીરનો આત્મા સાથે કથંચિત્ અભેદ હોવાથી સૂત્રકારે **जीवं जाणइ...** તે પ્રકારે કથન કર્યું છે.

**પ્રકાશિત પુદ્‌ગલ :–**

**२ अत्थि णं भंते ! सरूवी सकम्मलेस्सा पोग्गला ओभासेंति पभासेंति उज्जोएंति तवेंति ? गोयमा ! हंता अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સરૂપી(વર્ણાદિ યુક્ત) સકર્મલેશ્ય–કર્મને યોગ્ય કૃષ્ણાદિ લેશ્યાના પુદ્‌ગલસ્કંધ પ્રકાશિત થાય છે ? પ્રભાસિત થાય છે ? ઉદ્યોતિત થાય છે ? પ્રતાપિત થાય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! તે રીતે થાય છે.

**३ कयरे णं भंते ! सरूवी सकम्मलेस्सा पोग्गला ओभासेंति पभासेंति उज्जोएंति**

तवेंति ?

गोयमा ! जाओ इमाओ चंदिम-सूरियाणं देवाणं विमाणेहिंतो लेस्साओ बहिया अभिणिस्सडाओ ताओ ओभासेंति पभासेंति उज्जोएंति तवेंति । एवं एएणं गोयमा ! ते सरूवी सकम्मलेस्सा पोग्गला ओभासेंति पभासेंति उज्जोएंति तवेंति ।

**શબ્દાર્થ:– बहियाअभिणिस्सडाओ** = બહાર નીકળેલી.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કયા સરૂપી અને કર્મલેશ્ય પુદ્ગલ સ્કંધ પ્રકાશિત ઉદ્યોતિત, પ્રદ્યોતિત અને પ્રભાસિત થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચંદ્ર અને સૂર્યના વિમાનોમાંથી બહાર નીકળેલા પ્રકાશિત પુદ્ગલ પ્રકાશિત ઉદ્યોતિત, પ્રદ્યોતિત અને પ્રભાસિત થાય છે. હે ગૌતમ ! આ રીતે આ સર્વ સરૂપી કર્મલેશ્ય પુદ્ગલ-સ્કંધ પ્રકાશિત ***યાવત્*** પ્રભાસિત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રકાશિત પુદ્ગલોનું પ્રતિપાદન છે. પ્રકાશ,અંધકાર,ઉદ્યોત,આતાપ આદિ પુદ્ગલની પર્યાયો છે. તેમ છતાં બધા પુદ્ગલો પ્રકાશિત થતાં નથી. ચંદ્ર-સૂર્યાદિની તેજોલેશ્યાથી-તેજથી તેના વિમાનમાંથી નીકળતા પુદ્ગલો પ્રકાશિત થાય છે. જો કે ચંદ્ર-સૂર્યના વિમાનના પુદ્ગલો પૃથ્વીકાયિક હોવાથી સચેતન છે, તેથી તેમાં કર્મલેશ્યા હોય છે, પરંતુ તેમાંથી નીકળેલા પ્રકાશના પુદ્ગલો કર્મલેશ્યાવાળા નથી, તેમ છતાં તેમાંથી નીકળ્યા હોવાથી તે પ્રકાશપુદ્ગલ રૂપ કાર્યમાં કારણનો ઉપચાર કરીને તેને સકર્મલેશ્ય કહ્યા છે.

**ચોવીસ દંડકોમાં પુદ્ગલ પ્રરૂપણા :–**

**૪** णेरइयाणं भंते ! किं अत्ता पोग्गला, अणत्ता पोग्गला ? गोयमा ! णो अत्ता पोग्गला, अणत्ता पोग्गला ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને આત્ત-સુખકારક, આત્માનુકૂલ પુદ્ગલ હોય છે કે અનાત્ત-દુ:ખકારક પુદ્ગલ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેને આત્ત પુદ્ગલ હોતા નથી, અનાત્ત પુદ્ગલ હોય છે.

**૫** असुरकुमाराणं भंते ! किं अत्ता पोग्गला, अणत्ता पोग्गला ? गोयमा ! अत्ता पोग्गला, णो अणत्ता पोग्गला । एवं *जाव* थणियकुमाराणं ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારોને આત્ત પુદ્ગલ હોય છે કે અનાત્ત પુદ્ગલ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેને આત્ત પુદ્ગલ હોય છે, અનાત્ત પુદ્ગલ હોતા નથી, આ રીતે સ્તનિતકુમારો સુધી કહેવું જોઈએ.

**૬** पुढविकाइयाणं पुच्छा ? गोयमा ! अत्ता वि पोग्गला, अणत्ता वि पोग्गला । एवं *जाव* मणुस्साणं । वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा असुरकुमाराणं ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોને આત્ત પુદ્ગલ હોય છે કે અનાત્ત પુદ્ગલ હોય છે? **ઉત્તર–** હે ગૌતમ ! તેને આત્ત પુદ્ગલ પણ હોય છે, અનાત્ત પુદ્ગલ પણ હોય છે. આ રીતે મનુષ્ય સુધીના

દંડકોમાં કહેવું જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકોના વિષયમાં અસુરકુમારોની સમાન કહેવું જોઈએ.

**૭ णेरइयाणं भंते ! किं इट्ठा पोग्गला, अणिट्ठा पोग्गला ?**

**गोयमा ! णो इट्ठा पोग्गला, अणिट्ठा पोग्गला । जहा अत्ता भणिया तहा इट्ठा वि कंता वि पिया वि मणुण्णा वि भाणियव्वा । एए पंच दंडगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને ઈષ્ટ પુદ્‌ગલ હોય છે કે અનિષ્ટ પુદ્‌ગલ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઈષ્ટ પુદ્‌ગલ હોતા નથી, અનિષ્ટ પુદ્‌ગલ હોય છે. જે રીતે આત્ત પુદ્‌ગલોના વિષયમાં કથન કર્યું, તે જ રીતે ઈષ્ટ, કાંત, પ્રિય તથા મનોજ્ઞ પુદ્‌ગલના વિષયમાં પણ કહેવું જોઈએ. આ રીતે પાંચ દંડક કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકવર્તી જીવોમાં શુભ અને અશુભ પુદ્‌ગલોના વિષયમાં પ્રશ્નોત્તર છે.

**आत्त-अणात्त :–** આત્ત શબ્દના બે પ્રકારે અર્થ થાય છે– (૧) **आत्त** = જે ચારે તરફથી ત્રાણ-રક્ષણ કરે છે, સુખ ઉત્પન્ન કરે છે, જે દુઃખત્રાતા એટલે દુઃખથી રક્ષણ કરનાર અને સુખોત્પાદક હોય તેને આત્ર કહે છે. (૨) **આપ્ત–** એકાંત હિતકારક અર્થાત્ રમણીય પુદ્‌ગલ. **अणात्त** = દુઃખકારક, અહિતકારી. જીવોને પોતાના પુણ્ય-પાપના ઉદય પ્રમાણે આ બંને પ્રકારના શુભાશુભ પુદ્‌ગલો પ્રાપ્ત થાય છે.

નૈરયિકોને અનાત્ત, અનિષ્ટ, અકાંત, અપ્રિય અને અમનોજ્ઞ પુદ્‌ગલ પ્રાપ્ત થાય છે. એકેન્દ્રિયથી મનુષ્ય સુધીના દંડકોમાં જીવને આત્ત-અનાત્ત, ઈષ્ટ-અનિષ્ટ, કાંત-અકાંત, પ્રિય-અપ્રિય અને મનોજ્ઞ-અમનોજ્ઞ બંને પ્રકારના પુદ્‌ગલોની પ્રાપ્તિ હોય છે. ચારે જાતિના દેવોને એકાંતે આત્ત, ઈષ્ટ, કાંત, પ્રિય અને મનોજ્ઞ પુદ્‌ગલોની પ્રાપ્તિ હોય છે.

**મહર્દ્ધિક દેવોની ભાષણ શક્તિ :–**

**૮ देवे णं भंते ! महड्ढिए *जाव* महासोक्खे रूवसहस्सं विउव्वित्ता पभू भासासहस्सं भासित्तए ? गोयमा ! हंता पभू ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહર્દ્ધિક ***યાવત્*** મહાસુખી દેવો શું હજાર રૂપોની વિકુર્વણા કરીને, હજાર ભાષા બોલવામાં સમર્થ છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! તે સમર્થ છે.

**૯ सा णं भंते ! किं एगा भासा, भासासहस्सं ? गोयमा ! एगा णं सा भासा, णो खलु तं भासासहस्सं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે એક ભાષા છે કે હજાર ભાષા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે એક ભાષા છે, હજાર ભાષા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત બે સૂત્રોમાં મહર્દ્ધિક વૈક્રિયલબ્ધિ સંપન્ન દેવોની ભાષણશક્તિને પ્રદર્શિત કરી છે. મહર્દ્ધિક

દેવ હજાર રૂપોની વિકુર્વણા કરીને હજાર ભાષા બોલી શકે છે, પરંતુ તે એક જ ભાષા કહેવાય છે. કારણ કે કોઈ પણ જીવ એક સમયે સત્ય વગેરે કોઈ પણ એક ભાષાનો પ્રયોગ કરી શકે છે, તે એક જ જીવના એક ઉપયોગથી બોલાયેલી હોવાથી એક જ ભાષા કહેવાય છે, હજાર ભાષા કહેવાતી નથી.

**સૂર્યનો અન્વયાર્થ અને તેની પ્રભા :–**

**१० तेणं कालेणं तेणं समएणं भगवं गोयमे अचिरुग्गयं बालसूरियं जासुमणा कुसुमपुंजप्पगासं लोहियगं पासइ, पासित्ता जायसड्ढे *जाव* समुप्पण्णकोउहल्ले जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ *जाव* एवं वयासी–**

**किमियं भंते ! सूरिए, किमियं भंते ! सूरियस्स अट्ठे ? गोयमा ! सुभे सूरिए, सुभे सूरियस्स अट्ठे ।**

**શબ્દાર્થ :– अचिरुग्गयं** = તત્કાલ ઉદિત **बालसूरियं** = ઉગતા સૂર્યને, બાલ સૂર્યને **जासुमणा कुसुम** = જાસુમન વૃક્ષના ફૂલ, જપા કુસુમ.

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે ભગવાન ગૌતમ સ્વામીએ તત્કાલ ઉદિત થયેલા જાસુમન નામના વૃક્ષોના ફૂલોના પુંજની સમાન લાલ ઉગતા સૂર્યને જોયો. સૂર્યને જોઈને ગૌતમ સ્વામીને શ્રદ્ધા, જિજ્ઞાસા ***યાવત્*** કુતૂહલ ઉત્પન્ન થયું, તેથી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી જ્યાં બિરાજમાન હતા, ત્યાં તેમની નિકટ આવ્યા ***યાવત્*** આ પ્રમાણે પૂછ્યું–

**પ્રશ્ન–** હે ભગવન્ ! સૂર્ય શું છે અને સૂર્યનો અર્થ શું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સૂર્ય શુભ પદાર્થ છે અને સૂર્યનો અર્થ પણ શુભ છે.

**११ किमियं भंते ! सूरिए; किमियं भंते ! सूरियस्स पभा ? गोयमा ! एवं चेव, एवं छाया, एवं लेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂર્ય શું છે ? અને તેની પ્રભા શું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વોક્ત પ્રકારે જાણવું જોઈએ. તે જ રીતે છાયા(પ્રતિબિમ્બ) અને લેશ્યા(પ્રકાશના સમૂહ)ના વિષયમાં પણ જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત બે સૂત્રમાં સૂર્ય શબ્દનો અન્વયાર્થ અને તેની પ્રભાના વિષયમાં સ્પષ્ટીકરણ કર્યું છે.

સૂર્ય શબ્દનો અર્થ છે શુભ વસ્તુ. કારણ કે સૂર્ય વિમાનવર્તી પૃથ્વીકાયિક જીવોને આતપ નામ કર્મ રૂપ પુણ્ય પ્રકૃતિનો ઉદય છે. લોકમાં પણ સૂર્યને પ્રશસ્ત-ઉત્તમ માન્યો છે. તે વિમાનમાં રહેનાર જ્યોતિષી દેવોનો ઈન્દ્ર છે તેથી સૂર્યને શુભ કહેવાય છે. સૂર્યની પ્રભા, કાંતિ અને તેજોલેશ્યા પણ શુભ અને પ્રશસ્ત છે.

**દેવસુખથી શ્રમણ સુખની ઉત્તમતા :–**

**१२ जे इमे भंते ! अज्जत्ताए समणा णिग्गंथा विहरंति एए णं कस्स तेयलेस्सं वीइवयंति? गोयमा ! मासपरियाए समणे णिग्गंथे वाणमंतराणं देवाणं तेयलेस्सं वीइवयइ ।**

**दुमासपरियाए समणे णिग्गंथे असुरिंद-वज्जियाणं भवणवासीणं देवाणं तेयलेस्सं वीइवयइ । तिमासपरियाए समणे णिग्गंथे असुरकुमाराणं देवाणं तेयलेस्सं वीइवयइ । चउम्मास परियाए समणे णिग्गंथे गहगण-णक्खत्त-तारारूवाणं जोइसियाणं देवाणं तेयलेस्सं वीइवयइ । पंचमासपरियाए समणे णिग्गंथे चंदिम-सूरियाणं जोइसिंदाणं जोइसरायाणं तेयलेस्सं वीइवयइ । छमासपरियाए समणे णिग्गंथे सोहम्मीसाणाणं देवाणं तेयलेस्सं वीइवयइ । सत्तमासपरियाए समणे णिग्गंथे सणंकुमारमाहिंदाणं देवाणं तेयलेस्सं वीइवयइ । अट्ठमासपरियाए समणे णिग्गंथे बंभलोगलंतगाणं देवाणं तेयलेस्सं वीइवयइ । णवमासपरियाए समणे णिग्गंथे महासुक्क-सहस्साराणं देवाणं तेयलेस्सं वीइवयइ । दसमासपरियाए समणे णिग्गंथे आणय-पाणय-आरणच्चुयाणं देवाणं तेयलेस्सं वीइवयइ । एक्कारसमासपरियाए समणे णिग्गंथे गेवेज्जगाणं देवाणं तेयलेस्सं वीइवयइ । बारसमास परियाए समणे णिग्गंथे अणुत्तरोववाइयाणं देवाणं तेयलेस्सं वीइवयइ। तेणं परं सुक्के सुक्काभिजाए भवित्ता तओ पच्छा सिज्झइ** *जाव* **अंतं करेइ ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**શબ્દાર્થ :– तेयलेस्सं** = પુણ્ય પ્રભાવ, દૈવી સુખ **सुक्के सुक्काभिजाए** = શુદ્ધ, શુદ્ધતમ પરિણામવાળા થઈને, પવિત્ર અને પરમપવિત્ર થઈને, કર્મમલથી રહિત, નિર્મલ અને નિર્મલતમ થઈને **वीइवयइ** = ઉલ્લંઘન કરે છે, પાર પામે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે શ્રમણ નિર્ગ્રંથ આર્યપણે(પાપકર્મથી રહિત થઈને) વિચરે છે, તે કોની તેજોલેશ્યા(સુખ)નું ઉલ્લંઘન કરે છે અર્થાત્ તેનું સુખ કોનાથી અધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથ વાણવ્યંતર દેવોની તેજો લેશ્યા (સુખ)નું ઉલ્લંઘન કરે છે અર્થાત્ તે વાણવ્યંતર દેવથી અધિક સુખી છે. બે માસની દીક્ષાપર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથ અસુરેન્દ્ર(ચમરેન્દ્ર અને બલીન્દ્ર) સિવાય અન્ય ભવનવાસી દેવોના સુખનું ઉલ્લંઘન કરે છે. ત્રણ માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રંથ અસુરકુમાર દેવોના સુખનું ઉલ્લંઘન કરે છે. ચાર માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથ ગ્રહગણ, નક્ષત્ર, અને તારારૂપ જ્યોતિષી દેવોના સુખોનું ઉલ્લંઘન કરે છે. પાંચ માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથ જ્યોતિષીઓના રાજા જ્યોતિષીઓના ઇન્દ્ર ચંદ્ર અને સૂર્યના સુખોનું ઉલ્લંઘન કરે છે. છ માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથ સૌધર્મ અને ઈશાનવાસી દેવોના સુખોનું ઉલ્લંઘન કરે છે. સાતમાસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથ સનત્કુમાર અને માહેન્દ્ર દેવોના સુખોનું ઉલ્લંઘન કરે છે. આઠ માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથ બ્રહ્મલોક અને લાન્તક વિમાનવાસી દેવોના સુખોનું ઉલ્લંઘન કરે છે. નવ માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથ મહાશુક્ર અને સહસ્રાર દેવોના સુખોનું ઉલ્લંઘન કરે છે. દશ માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથ આનત, પ્રાણત, આરણ અને અચ્યુત દેવોના સુખોનું ઉલ્લંઘન કરે છે. અગિયાર માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથ ગ્રૈવેયક દેવોના સુખોનું ઉલ્લંઘન કરે છે અને બાર માસની દીક્ષા પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથ અનુત્તરૌપપાતિક દેવોના સુખોનું ઉલ્લંઘન કરે છે અર્થાત્ તેનાથી વધુ સુખી છે. ત્યાર પછી શુદ્ધ, શુદ્ધતર પરિણામવાળા થઈને સિદ્ધ થાય છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં દેવોના સુખની સાથે તુલના કરતાં શ્રમણ નિર્ગ્રંથોના સુખની મહત્તા પ્રદર્શિત કરી છે. ખરેખર શ્રમણોનું આત્મિક સુખ અનુપમેય છે. તેમ છતાં સૂત્રકારે લોકમાં ઉત્તમ મનાતા દેવસુખ સાથે તેની તુલના કરીને સંયમનું મહાત્મ્ય પ્રગટ કર્યું છે.

**वीइवयइ :–** ઉલ્લંઘન કરે છે. અણગાર સંયમ પર્યાયનું પાલન કરતાં દેવોના સુખોને પારપામીને આગળ વધી જાય છે. તાત્પર્ય એ છે કે વાણવ્યંતર આદિ દેવોના પૌદ્ગલિક સુખોની અપેક્ષાએ એકમાસ, બેમાસ આદિ દીક્ષા પર્યાયવાળા શ્રમણોનો આનંદ આત્મિકસુખજનક હોવાથી વધી જાય છે; દેવો કરતા તે ચઢીયાતો હોય છે.

પ્રસ્તુત તુલના સાપેક્ષ છે. તે એકાંતિક નથી. કારણ કે જ્યારે પરિણામોની તીવ્રતમ વિશુદ્ધિ હોય ત્યારે શ્રમણ નિર્ગ્રંથ એક અંતર્મુહૂર્તમાં મુક્ત થઈ જાય છે. જેમ કે ગજસુકુમાર અણગાર, મરુદેવી માતા આદિ.

**तेयलेस्सं :–** યદ્યપિ તેજલેશ્યાનો અર્થ તેજની પ્રભા થાય છે પરંતુ અહીં તે અર્થ વિવક્ષિત નથી. પ્રસંગાનુરૂપ અહીં 'તેજ' શબ્દનો અર્થ સુખ કે પુણ્ય થાય છે.

**॥ શતક ૧૪/૯ સંપૂર્ણ ॥**

# શતક–૧૪ : ઉદ્દેશક–૧૦

## કેવળી

**કેવળી અને સિદ્ધમાં સમાનતા અને ભિન્નતા :–**

**१ केवली णं भंते ! छउमत्थं जाणइ पासइ ? हंता गोयमा ! जाणइ पासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવળજ્ઞાની, છદ્મસ્થને જાણે-દેખે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! જાણે-દેખે છે.

**२ जहा णं भंते ! केवली छउमत्थं जाणइ पासइ, तहा णं सिद्धे वि छउमत्थं जाणइ पासइ ? हंता गोयमा ! जाणइ पासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે કેવળજ્ઞાની છદ્મસ્થને જાણે-દેખે છે, તે જ રીતે સિદ્ધ પણ છદ્મસ્થને જાણે-દેખે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! જાણે-દેખે છે.

**३ केवली णं भंते ! आहोहियं जाणइ पासइ ? गोयमा ! एवं चेव । एवं परमाहोहियं, एवं केवलिं ।**

**केवली भंते सिद्धं जाणइ पासइ ? हंता गोयमा ! जाणइ पासइ । जहा णं भंते ! केवली सिद्धं जाणइ पासइ, तहा णं सिद्धे वि सिद्धं जाणइ पासइ ? हंता गोयमा ! जाणइ पासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવલજ્ઞાની આધોવધિક (પ્રતિનિયત ક્ષેત્ર વિષયક અવધિજ્ઞાની)ને જાણે-દેખે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! જાણે-દેખે છે. તે જ રીતે કેવલજ્ઞાની, પરમાવધિજ્ઞાનીને અને કેવલજ્ઞાનીને પણ જાણે-દેખે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! કેવલજ્ઞાની સિદ્ધને જાણે-દેખે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! જાણે-દેખે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે કેવલજ્ઞાની, સિદ્ધને જાણે-દેખે છે, તે રીતે સિદ્ધ પણ સિદ્ધને જાણે-દેખે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! જાણે-દેખે છે.

**४ केवली णं भंते ! भासेज्जा वा वागरेज्जा वा ? हंता गोयमा ! भासेज्ज वा वागरेज्ज वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવલજ્ઞાની બોલે છે અને પ્રશ્નોના ઉત્તર આપે છે ? **ઉત્તર–** હા, ગૌતમ! કેવલજ્ઞાની બોલે છે અને પ્રશ્નના ઉત્તર આપે છે.

**५ जहा णं भंते ! केवली भासेज्ज वा वागरेज्ज वा तहा णं सिद्धे वि भासेज्ज वा**

**वागरेज्ज वा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जहा णं केवली भासेज्ज वा वागरेज्ज वा णो तहा णं सिद्धे भासेज्ज वा वागरेज्ज वा ?**

**गोयमा ! केवली णं सउट्ठाणे सकम्मे सबले सवीरिए सपुरिसक्कारपरक्कमे। सिद्धे णं अणुट्ठाणे *जाव* अपुरिसक्कार परक्कमे । से तेणट्ठेणं गोयमा ! *जाव* वागरेज्ज वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે કેવલજ્ઞાની બોલે છે અને પ્રશ્નોના ઉત્તર આપે છે, તે રીતે શું સિદ્ધ પણ બોલે છે અને પ્રશ્નોના ઉત્તર આપે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જેમ કેવળી બોલે છે તેમ સિદ્ધ બોલતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! કેવલજ્ઞાની ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષકાર-પરાક્રમ સહિત છે. પરંતુ સિદ્ધ ઉત્થાન રહિત ***યાવત્*** પુરુષકાર પરાક્રમથી રહિત છે. તેથી હે ગૌતમ ! સિદ્ધ, કેવલજ્ઞાનીની જેમ બોલતા નથી અને પ્રશ્નોના ઉત્તર આપતા નથી.

**६ केवली णं भंते ! उम्मिसेज्ज वा णिम्मिसेज्ज वा ?**

**हंता गोयमा ! उम्मिसेज्ज वा णिम्मिसेज्ज वा । एवं जहा भासेज्ज वागरेज्ज सह तिण्णि पुच्छा, तह चेव उम्मिसेज्ज निम्मिसेज्ज सह तिण्णि पुच्छा । एवं आउंट्टेज्ज वा पसारेज्ज वा, एवं ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવલજ્ઞાની પોતાની આંખો ખોલે છે અને બંધ કરે છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! તે આંખો ખોલે છે અને બંધ કરે છે. આ રીતે જેમ ''બોલે છે, ઉત્તર આપે છે'' વગેરે ત્રણ પ્રશ્નો છે, તેમજ ''આંખ ખોલે છે અને બંધ કરે છે''તેના સંબંધી ત્રણ પ્રશ્નો કરવા. તે જ રીતે શરીરને સંકુચિત અને પ્રસારિત કરે છે, ઊભા રહે છે, સૂવે છે, બેસે છે ઇત્યાદિ ક્રિયાઓ વિષયક કેવલી સંબંધી ત્રણ-ત્રણ પ્રશ્નો કરવા.

**७ केवली णं भंते ! इमं रयणप्पभं पुढविं रयणप्पभापुढवीत्ति जाणइ पासइ ? हंता गोयमा ! जाणइ पासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવલજ્ઞાની, રત્નપ્રભા પૃથ્વીને 'આ રત્નપ્રભા પૃથ્વી છે' આ રીતે જાણે-દેખે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! જાણે-દેખે છે.

**८ जहा णं भंते ! केवली इमं रयणप्पभं पुढविं रयणप्पभापुढवीत्ति जाणइ पासइ, तहा णं सिद्धे वि इमं रयणप्पभं पुढविं रयणप्पभापुढवीत्ति जाणइ पासइ? हंता गोयमा ! जाणइ पासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે કેવલજ્ઞાની, રત્નપ્રભા પૃથ્વીને 'આ રત્નપ્રભા પૃથ્વી છે,' તે રીતે જાણે-દેખે છે; તે જ રીતે શું સિદ્ધ ભગવાન પણ રત્નપ્રભા પૃથ્વીને 'આ રત્નપ્રભા પૃથ્વી છે,' તે રીતે જાણે-દેખે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! જાણે-દેખે છે.

**९ केवली णं भंते ! सक्करप्पभं पुढविं सक्करप्पभापुढवीत्ति जाणइ पासइ ? हंता गोयमा ! एवं चेव । एवं *जाव* अहेसत्तमं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવલજ્ઞાની, શર્કરાપ્રભા પૃથ્વીને– આ 'શર્કરાપ્રભા પૃથ્વી છે,' આ રીતે જાણે-દેખે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! ઉપર પ્રમાણે જાણવું. આ જ રીતે અધઃસપ્તમ પૃથ્વી સુધી જાણવું જોઈએ.

**१० केवली णं भंते ! सोहम्मं कप्पं सोहमे कप्पेत्ति जाणइ पासइ ? हंता गोयमा ! जाणइ पासइ । सेसं तं चेव । एवं ईसाणं *जाव* अच्चुयं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવલજ્ઞાની, સૌધર્મકલ્પને, 'આ સૌધર્મ કલ્પ છે', તેમ જાણે-દેખે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! જાણે-દેખે છે, આ રીતે ઈશાન ***યાવત્*** અચ્યુત કલ્પ સુધી કહેવું જોઈએ.

**११ केवली णं भंते ! गेवेज्जविमाणे गेवेज्जविमाणे त्ति जाणइ पासइ ? हंता गोयमा ! एवं चेव । एवं अणुत्तरविमाणे वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવલજ્ઞાની, ગ્રૈવેયક વિમાનોને 'આ ગ્રૈવેયક વિમાન છે,' આ રીતે જાણે-દેખે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! ઉપર પ્રમાણે જાણે-દેખે છે. આ જ રીતે અનુત્તર વિમાનને પણ જાણે-દેખે છે.

**१२ केवली णं भंते ! ईसिंपब्भारं पुढविं ईसिंपब्भारपुढवीत्ति जाणइ पासइ ? हंता गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવલજ્ઞાની, ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીને 'આ ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી છે' આ રીતે જાણે-દેખે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! પૂર્વોક્ત પ્રકારે જાણે-દેખે છે.

**१३ केवली णं भंते ! परमाणुपोग्गलं परमाणुपोग्गले त्ति जाणइ पासइ ? हंता गोयमा ! एवं चेव । एवं दुपएसियं खंधं । एवं *जाव*—**

**जहा णं भंते ! केवली अणंतपएसियं खंधं अणंतपएसिए खंधे त्ति जाणइ पासइ तहा णं सिद्धे वि अणंतपएसियं *जाव* पासइ ? हंता जाणइ पासइ ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવલજ્ઞાની, પરમાણુ પુદ્ગલને 'આ પરમાણુ પુદ્ગલ છે,' આ રીતે જાણે-દેખે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! જાણે-દેખે છે. આ રીતે દ્વિપ્રદેશી સ્કંધનું કથન કરવું ***યાવત્*** —

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે કેવલજ્ઞાની, અનંત પ્રદેશી સ્કંધને 'આ અનંત પ્રદેશી સ્કંધ છે,' આ રીતે જાણે છે દેખે છે, તે રીતે શું સિદ્ધ પણ અનંત પ્રદેશિક સ્કંધને જાણે દેખે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! જાણે-દેખે છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ઉદ્દેશકમાં કેવળી અને સિદ્ધના જ્ઞાનની સમાનતા તેમજ યોગજન્ય ક્રિયાઓમાં ભિન્નતા

પ્રગટ કરી છે.

કેવળીને ચાર ઘાતિ કર્મનો અને સિદ્ધને આઠ કર્મનો ક્ષય થયો હોય છે. તોપણ તેઓનું કેવળજ્ઞાન, કેવળ દર્શન સમાન હોય છે. તેમજ કેવળીને અઘાતિ કર્મોનો ઉદય હોવાથી તે સયોગી છે. સયોગી અવસ્થામાં તેઓ આંખ ખોલવી વગેરે યોગજન્ય ક્રિયાઓ કરે છે. જ્યારે સિદ્ધ ભગવાન અયોગી હોવાથી યોગ જન્ય એક પણ ક્રિયા કરતા નથી. આ પ્રકારની તે બંનેમાં ભિન્નતા છે. પ્રસ્તુત પ્રકરણમાં કેવળી શબ્દનો આશય ભવસ્થ કેવળી છે.

**।। શતક ૧૪/૧૦ સંપૂર્ણ ।।**

**।। શતક ૧૪ સંપૂર્ણ ।।**

# શતક–૧૫

## પરિચય

**ગોશાલકનો ગૃહસ્થ જીવન પરિચય :–**

પ્રસ્તુત શતકમાં ગોશાલકનું વિસ્તૃત જીવન ચરિત્ર છે. ગોશાલક મંખ જાતીય પિતા મંખલિ અને માતા ભદ્રાનો પુત્ર હતો. તેના માતા પિતા મંખવૃત્તિથી ચિત્રફલક હાથમાં લઈને, ચિત્ર બતાવીને, ભિક્ષાચરીથી આજીવિકા ચલાવતા હતા. ગોબહુલ બ્રાહ્મણની ગોશાળામાં જન્મ થયો હોવાથી તેનું નામ ગોશાલક રાખ્યું હતું. ક્રમશઃ યૌવનવયને પ્રાપ્ત ગોશાલક પણ પિતૃપરંપરાથી ચાલી આવતી મંખવૃત્તિ જ કરતો હતો.

**ગોશાલકને પ્રભુનો સમાગમ :–** પ્રભુ મહાવીર પોતાના છદ્મસ્થકાલમાં રાજગૃહ નગરમાં ચાતુર્માસ કલ્પ વ્યતીત કરી રહ્યા હતા. તે સમયે ગોશાલકને અન્યત્ર સ્થાનની પ્રાપ્તિ ન થવાથી પ્રભુ મહાવીરની સાથે જ વણકરશાળામાં રહ્યો. ત્યાં ગોશાલકને પ્રભુનો પ્રથમ સમાગમ થયો. પ્રભુના પ્રથમ માસખમણના પારણા નિમિત્તે થયેલા પાંચદિવ્યને જોઈને ગોશાલક પ્રભુ પ્રત્યે આકર્ષાયો અને પ્રભુના શિષ્ય થવાની આકાંક્ષા તેણે પ્રગટ કરી પરંતુ પ્રભુએ તે વાતનો સ્વીકાર કર્યો નહીં. તત્પશ્ચાત્ ચાતુર્માસિક વિહાર પછી અન્ય ગ્રામમાં ક્રમશઃ પ્રભુના ચોથા માસખમણના પારણાના પંચદિવ્યની પ્રશંસા ચારે તરફ થઈ રહી હતી. ગોશાલકે ફરતાં-ફરતાં તે ચર્ચા સાંભળી તેથી તેણે અનુમાન કર્યું કે આવો દિવ્ય પ્રભાવ મારા ધર્મગુરુનો જ હોઈ શકે છે તેથી પ્રભુ અહીં જ હશે. તેમ વિચારતો તે પ્રભુને શોધતો-શોધતો પ્રભુની સમીપે આવ્યો અને પુનઃ શિષ્ય થવાની આકાંક્ષા પ્રગટ કરી. તેની તથાપ્રકારની ભવિતવ્યતાના કારણે પ્રભુ મૌન રહ્યા અને ગોશાલક શિષ્ય રૂપે સમર્પિત થઈ ગયો.

**ગોશાલક દ્વારા વૈશ્યાયન બાલતપસ્વીની હાંસી :–** એકદા ગોશાલકે 'જૂ'ના શય્યાતર કહીને વૈશ્યાયન બાલતપસ્વીની હાંસી કરી, તેને ઉશ્કેર્યા તેથી વૈશ્યાયન તપસ્વીએ ક્રુદ્ધ થઈને ગોશાલક પર તેજોલેશ્યાનો પ્રહાર કર્યો. તે સમયે પ્રભુએ અનુકંપાથી શીતલેશ્યાના પ્રક્ષેપથી ગોશાલકનું રક્ષણ કર્યું. તે પ્રસંગે ગોશાલકે પ્રભુ પાસે તેજોલેશ્યાની પ્રાપ્તિની વિધિ જાણી.

**તેજોલેશ્યાની પ્રાપ્તિની વિધિ :–** છટ્ઠના પારણે છટ્ઠની તપસ્યા, પારણામાં અડદના બાકળા અને અંજલીભર પાણી લેવું, તેમજ સૂર્યની આતાપના લેવી. આ રીતે છ મહિના પર્યંતની તપસાધનાથી તેજોલબ્ધિ પ્રગટ થાય છે.

**ગોશાલકની કુચેષ્ટા :–** તત્પશ્ચાત્ પ્રભુ સાથે જ ગ્રામાનુગ્રામ વિહાર કરતા, ગોશાલકે એક તલનો છોડ જોયો, જોઈને તેણે પ્રશ્ન પૂછ્યો કે આ છોડ નિષ્પન્ન થશે કે નહીં ? પ્રભુએ તેનો ઉત્તર આપ્યો કે આ તલના ફૂલના સાત જીવો મરીને આ જ તલની ફળીમાં સાત તલરૂપે ઉત્પન્ન થશે. પ્રભુના આ કથન પર અવિશ્વાસ કરીને, પ્રભુને મિથ્યા સિદ્ધ કરવા માટે ગોશાલકે તલના છોડને ઉખેડીને ફેંકી દીધો. આ કુચેષ્ટા તેના જીવનના પતનનું ખાસ નિમિત્ત હતું.

**पउट्ट परिहार :–** પ્રભુની સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ગોશાલક ફરીથી પહેલાં ઉખેડી નાંખેલા તલના છોડના સ્થાને આવ્યો. તરત જ ગોશાલકે પૂર્વવૃતાંતનું સ્મરણ કરાવીને પ્રભુને કહ્યું, આપનું કથન મિથ્યા સિદ્ધ થાય છે, અહીં તલનો છોડ જ નથી. ભગવાને ગોશાલકને સત્ય હકીકત કહી સંભળાવી કે "તે કુચેષ્ટા

કરી મને મિથ્યા સિદ્ધ કરવા માટે તે છોડને ઉખેડીને ફેંકી દીધો હતો. તે છોડ સંયોગવશ ત્યાં નિષ્પન્ન થયો છે. તે તલપુષ્પના જીવો મરીને પુનઃ તે જ તલની ફળીમાં સાત તલ રૂપે ઉત્પન્ન થયા છે– વનસ્પતિકાયિક જીવો મરીને પુનઃ વનસ્પતિમાં ઉત્પન્ન થઈ શકે છે.'' ગોશાલકે તરત જ પ્રભુના કથનની કસોટી કરવા માટે તે તલની ફળીને તોડીને જોયું તો તેમાં સાત જ તલ હતા. તે શરમાઈ ગયો અને પ્રભુથી પૃથક્ વિહાર કરી ગયો. પરંતુ ત્યારથી તેના માનસમાં **पउट्ट परिहार**(એક જીવ મરીને પુનઃ તે જ શરીરમાં ઉત્પન્ન થાય છે)નો સિદ્ધાંત ઠસી ગયો.

**ગોશાલકને તેજોલબ્ધિની પ્રાપ્તિ અને પ્રભાવ :–** તત્પશ્ચાત્ પ્રભુથી અલગ રહીને ગોશાલકે છ મહિના તપ કરીને તેજોલબ્ધિને સિદ્ધ કરી. ત્યાર બાદ એકદા અષ્ટાંગ નિમિત્તના જાણકાર છ દિશાચરો (દિશાભિગ્રહચારી પાર્શ્વ પરંપરાના શ્રમણો)નો ગોશાલકને મેળાપ થયો. તે શ્રમણો પાસેથી તેમણે અષ્ટાંગ નિમિત્ત જ્ઞાન મેળવ્યું અને તે જ્ઞાનના આધારે લોકોને લાભ-અલાભ, સુખ-દુઃખ, જન્મ-મરણ, સંબંધી પ્રશ્નોના ઉત્તર આપવા લાગ્યો અને સ્વયં જિન ન હોવા છતાં જિન હોવાનો પ્રલાપ કરતો વિચરવા લાગ્યો.

**ગોશાલક દ્વારા ધમકી :–** તત્પશ્ચાત્ પ્રભુએ મહાન પરિષદ સમક્ષ ગૌતમ સ્વામીના પ્રશ્નના ઉત્તર રૂપે પ્રગટ કર્યું કે ગોશાલક જિન નથી, જિનપ્રલાપી છે. લોકોના મુખેથી આ કથન સાંભળીને ગોશાલક ક્રુદ્ધ થયો. તેણે પ્રભુના શિષ્ય મુનિ આનંદ દ્વારા પ્રભુને અનર્થકારી ધમકી આપી કે જો તેઓ મારા વિષયક કાંઈ પણ અવર્ણવાદ બોલશે તો હું મારા તપ-તેજથી તેને ભસ્મીભૂત કરીશ.

પ્રભુએ અન્ય સર્વ સંતોને ગોશાલક સાથે કાંઈ પણ વાતચીત ન કરવાનો આદેશ આપ્યો. ગોશાલકનો ક્રોધાવેશ વધતો ગયો. તે પ્રભુની સમીપે પહોંચી ગયા અને આવેશ સહિત અનર્ગલ ભર્ત્સના કરવા લાગ્યો. પોતાના કલ્પિત સાત **पउट्ट परिहार**ને પ્રગટ કર્યા.

પ્રભુએ તેના ક્રોધને શાંત કરવા હિત સૂચન કર્યું; સત્ય વસ્તુ સમજાવી પરંતુ અહંકારના નશામાં ચકચૂર બનેલો ગોશાલક પ્રભુની વાત સમજી કે સ્વીકારી શકે તેમ ન હતો. પ્રભુના બોલવાથી ગોશાલકનો ક્રોધાવેશ વધતો જતો હતો. તે પ્રભુનો તિરસ્કાર અને અપમાન કરવા લાગ્યો.

**ગોશાલક દ્વારા તેજોલેશ્યાનો પ્રહાર :–** પ્રભુનું અપમાન તેમના શિષ્યોથી સહન ન થયું, તેથી પ્રભુની આજ્ઞા ન હોવા છતાં સર્વાનુભૂતિ અણગારે ગોશાલકને સમજાવવાનો પ્રયત્ન કર્યો અને તેના પ્રત્યુત્તર રૂપે ગોશાલકે સર્વાનુભૂતિ અણગાર પર તેજોલેશ્યા ફેંકી. તેથી તે સંત ભસ્મીભૂત થઈ ગયા, ત્યાર પછી સુનક્ષત્ર અણગારે પણ પૂર્વવત્ પ્રયત્ન કર્યો. ગોશાલકે તેમને પણ તેજોલેશ્યાના પ્રહારથી પરિતાપિત કર્યા. તે પણ અલ્પ સમયમાં તે ઘટના સ્થળે જ દિવંગત થયા.

તેમ છતાં ગોશાલકનો ક્રોધાવેશ શાંત થયો ન હતો. પ્રભુએ તેને સત્ય દર્શન કરાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેણે પ્રભુ પર પણ તેજોલેશ્યાનો પ્રહાર કર્યો. ગોશાલકની તેજોલબ્ધિ પ્રબળ હતી પરંતુ તીર્થંકરના પરમ પુણ્યોદયે તેમને ભસ્મીભૂત કરવા સમર્થ ન હતી. તેથી પ્રભુને ભસ્મીભૂત કરી શકી નહીં. તેજોલબ્ધિ પ્રભુને પ્રદક્ષિણા કરીને પાછી ફરી અને પુનઃ ગોશાલકના શરીરમાં જ પ્રવેશ પામી. ગોશાલકના શરીરમાં અત્યંત દાહ-પીડા થવા લાગી.

**પરસ્પર ભવિષ્યવાણી :–** ગોશાલકનો પ્રહાર નિષ્ફળ જવાથી તે વધુ ક્રુદ્ધ બન્યો અને અનર્થકારી ભાષા બોલવા લાગ્યો– ''હે આયુષ્યમન્ ! આજે ભલે તમે જીવિત રહ્યા પરંતુ છ માસમાં જ દાહજ્વરથી પીડિત થઈને, છદ્મસ્થ અવસ્થામાં જ મૃત્યુને પામશો.''

તેના પ્રત્યુત્તર રૂપે પ્રભુએ સ્પષ્ટ કહ્યું– ''ગોશાલક ! હું તો તીર્થંકરપણે ૧૬ વર્ષ રહીશ પરંતુ તું દાહજ્વરથી પીડિત થઈને સાત દિનમાં જ મૃત્યુને પામીશ.'' પરસ્પરની આ ભવિષ્યવાણીની ચર્ચા શ્રાવસ્તી નગરીમાં ચારેબાજુ થવા લાગી.

**ગોશાલકની દુર્દશા :–** મિથ્યાત્વના ગાઢતમ અંધકારના ઉદયે ગોશાલકે તીર્થંકરને તેમજ તેમના સંતોને પીડિત કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ જ્યારે તે નિષ્ફળ ગયો ત્યારે તે ખિન્ન થયો, નિસ્તેજ થયો અને દુઃખી થવા છતાં સત્ય સમજી કે સ્વીકારી શકયો નહીં. તે અનેક પ્રકારની ચેષ્ટાઓ, મિથ્યા કલ્પનાઓ, પ્રરૂપણાઓ દ્વારા પોતાના પાપને ઢાંકવાનો પ્રયત્ન કરતો હતો. ગોશાલકની કુચેષ્ટાથી તેના કેટલા ય શ્રમણો તેને છોડીને પ્રભુ સમીપે આવી ગયા અને કેટલાક તેની સાથે રહ્યા.

**ગોશાલકની અંતિમ સ્થિતિ :–** પ્રભુની આગાહી અનુસાર પોતાના અંતિમ સમયને જાણીને મિથ્યાભિનિવેષમાં મૂઢ તેવા ગોશાલકે પોતાના સંઘના મુનિઓને પોતાનો નિર્વાણ મહોત્સવ પ્રતિષ્ઠાપૂર્વક કરવાની સૂચના આપી.

ત્યાર પછી સાતમી રાત્રે શુભ યોગે ગોશાલકની ચિંતન ધારા પરિવર્તિત થઈ. તેના મિથ્યાત્વનો ઉદયકાળ સમાપ્ત થયો; તેણે પોતાના દુષ્કૃત્યોની નિંદા કરી; તેને સત્ય સમજાઈ ગયું, એટલું જ નહીં તેને સત્યનો સાક્ષાત્કાર થયો અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ. તેણે આત્માની સાક્ષીએ તેમજ અન્ય સ્થવિર મુનિઓની સમક્ષ પોતાના પાપને પ્રગટ કર્યા. ''હું જિન નથી, જિનપ્રલાપી છું. શ્રમણ ભગવાન મહાવીર જ જિન છે. હું તેમનો પ્રત્યનીક બની મહાપાપી બન્યો છું. પ્રભુના કથન અનુસાર જ મારું મૃત્યુ થશે. મારી અંતિમ ક્રિયા અસત્કાર પૂર્વક કરજો.'' આ રીતે અંત સમયે આલોચના અને પાપના પશ્ચાત્તાપપૂર્વક કાલધર્મને પ્રાપ્ત કરી બારમા દેવલોકમાં ઉત્પન્ન થયો. તેમના અનુયાયીઓએ ગોશાલકના આદેશાનુસાર દંભપૂર્વક અંતિમ વિધિ કરી અને આજીવિક મતની પ્રતિષ્ઠા જળવાઈ રહે તે માટે પ્રગટમાં સત્કારપૂર્વક તેની અંતિમ વિધિ કરી.

**ગોશાલકનું દીર્ઘકાલીન સંસાર પરિભ્રમણ :–** ગાઢ મિથ્યાત્વના ઉદયે તીર્થંકરાદિની આશાતનાના ફળ સ્વરૂપે ગોશાલક પ્રત્યેક નરકના બે-બે ભવ, તિર્યંચગતિના અસંખ્ય ભવ, મનુષ્ય અને તુચ્છ જાતિના અનેક ભવોમાં પરિભ્રમણ કરશે. દશ ભવમાં ચારિત્ર ગ્રહણ કરવા છતાં પણ તેની આરાધના કરી શકશે નહીં. તત્પશ્ચાત્ અશુભ કર્મ ક્ષીણ થતાં તે મનુષ્યનો ભવ પામી, ચારિત્રની આરાધના કરશે. ત્યાર પછી વૈમાનિક દેવલોકના ભવ અને સાત મનુષ્યભવમાં ચારિત્રની આરાધના કરીને આઠમા ભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરી અંતે સર્વ કર્મોનો ક્ષય કરીને મુક્તિને પ્રાપ્ત કરશે.

આ રીતે પ્રસ્તુત શતકમાં ગોશાલકનું જન્મથી મુક્તિ પર્યંતનું વર્ણન છે. તેમજ ગોશાલક સાથે સંબંધિત કેટલાક પ્રભુના જીવન પ્રસંગોનું નિરૂપણ છે.

**ભગવાનને દાહજ્વરની પીડા :–** ગોશાલકે પ્રભુ પર તેજોલેશ્યા છોડી તે ઘટનાને છ માસ વ્યતીત થયા. પ્રભુનું શરીર રોગથી પીડિત થયું, દાહજ્વર અને તેના કારણે પ્રભુને લોહી ખંડવા(મરડો) થયો. લોકોમાં ચર્ચા થવા લાગી કે ગોશાલકના તપ તેજથી જ પ્રભુ છદ્મસ્થ અવસ્થામાં જ મૃત્યુ પામશે. પ્રભુના શિષ્ય સિંહ નામના અણગાર આ શબ્દો સાંભળીને દુઃખી થયા. પ્રભુએ તેને સત્ય હકીકત કહીને આશ્વાસન આપ્યું અને ઔષધરૂપે રેવતી ગાથાપત્નીને ત્યાંથી તે જ અણગાર પાસે બિજોરાપાક મંગાવ્યો. તેના સેવનથી પ્રભુ પુનઃ આરોગ્યસંપન્ન થઈ ગયા.

❖❖❖❖❖

# શતક–૧૫

## ગોશાલક ચરિત્ર

**અધ્યયન પ્રારંભ : આજીવિક મત :–**

**१** *[णमो सुयदेवयाए भगवईए]* **तेणं कालेणं तेणं समएणं सावत्थी णामं णयरी होत्था, वण्णओ । तीसे णं सावत्थीए णयरीए बहिया उत्तरपुरत्थिमे दिसिभाए तत्थ णं कोट्ठए णामं चेइए होत्था, वण्णओ । तत्थ णं सावत्थीए णयरीए हालाहला णामं कुंभकारी आजीविओ-वासिया परिवसइ– अड्ढा** *जाव* **अपरिभूया; आजीवियसमयंसि लद्धट्ठा गहियट्ठा पुच्छियट्ठा विणिच्छियट्ठा अट्ठिमिंजपेम्माणुरागरत्ता, अयमाउसो ! आजीवियसमये अट्ठे, अयं परमट्ठे, सेसे अणट्ठे त्ति आजीवियसमएणं अप्पाणं भावेमाणी विहरइ ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે શ્રાવસ્તી નામની નગરી હતી. તે શ્રાવસ્તી નગરીની બહાર ઉત્તર-પૂર્વ દિશાભાગમાં(ઈશાન કોણમાં) કોષ્ટક નામનું ઉદ્યાન હતું. નગરી અને ઉદ્યાનનું વર્ણન ઔપપાતિક સૂત્ર પ્રમાણે જાણવું. તે શ્રાવસ્તી નગરીમાં આજીવિક(ગોશાલક)મતની ઉપાસિકા હાલાહલા નામની કુંભારણ રહેતી હતી. તે ઋદ્ધિ સંપન્ન ***યાવત્*** અપરાભૂત હતી. તેણે આજીવિકના સિદ્ધાંતનો અર્થ(રહસ્ય) પ્રાપ્ત કર્યો હતો, અર્થ ગ્રહણ કર્યો હતો, અર્થ પૂછ્યો હતો, અર્થનો નિશ્ચય કર્યો હતો, તેણીના અસ્થિ અને મજ્જા, આજીવિક મતના પ્રેમાનુરાગથી રંગાયેલા હતા. હે આયુષ્યમન્ ! આજીવિક મતના સિદ્ધાંત જ અર્થભૂત એટલે સત્યાર્થ છે અને તે જ જીવનમાં પરમાર્થરૂપ છે, શેષ કોઈ પણ વસ્તુ આત્માર્થ સાધનમાં પ્રયોજનભૂત નથી; આ પ્રકારની શ્રદ્ધા સાથે તે આજીવિક સિદ્ધાંતથી પોતાના આત્માને ભાવિત કરતી રહેતી હતી.

**२** **तेणं कालेणं तेणं समएणं गोसाले मंखलिपुत्ते चउव्वीसवासपरियाए हालाहलाए कुंभकारीए कुंभकारावणंसि आजीवियसंघसंपरिवुडे आजीवियसमएणं अप्पाणं भावेमाणे विहरइ । तएणं तस्स गोसालस्स मंखलिपुत्तस्स अण्णया कयाइ इमे छ दिसाचरा अंतियं पाउब्भवित्था, तं जहा– साणे, कलंदे, कण्णियारे, अच्छिद्दे, अग्गिवेसायणे, अज्जुणे गोमायुपुत्ते । तए णं ते छ दिसाचरा अट्ठविहं (णिमित्तं) पुव्वगयं मग्गदसमं सएहिं-सएहिं मइदंसणेहिं णिज्जुहंति, णिज्जुहित्ता गोसालं मंखलिपुत्तं उवट्ठाइंसु ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે ચોવીસ વર્ષની દીક્ષા પર્યાયવાળો મંખલિપુત્ર ગોશાલક, હાલાહલા નામની કુંભારણના માટીના વાસણોની દુકાનમાં આજીવિક સંઘથી પરિવૃત્ત થઈને, આજીવિક સિદ્ધાંતથી પોતાના આત્માને ભાવિત કરતો વિચરતો હતો. તે પહેલાં કોઈ સમયે તે મંખલિપુત્ર ગોશાલકની પાસે છ દિશાચર આવ્યા. તે છના નામ આ પ્રમાણે છે– (૧) શાન (૨) કલન્દ (૩) કર્ણિકાર (૪) અચ્છિદ્ર (૫) અગ્નિવેશ્યાયન (૬) ગોમાયુપુત્ર અર્જુન. આ છ દિશાચરોએ પૂર્વશ્રુતમાં કહેલા આઠ પ્રકારના નિમિત્ત, નવમા ગીતમાર્ગ

અને દશમા નૃત્યમાર્ગને પોત-પોતાના મતિદર્શનથી પૂર્વશ્રુતમાંથી ઉદ્ધૃત કરીને મંખલિપુત્ર ગોશાલકને શિખવ્યા હતા.

**३ तएणं से गोसाले मंखलिपुत्ते तेणं अट्ठंगस्स महाणिमित्तस्स केणइ उल्लोयमेत्तेणं सव्वेसिं पाणाणं, सव्वेसिं भूयाणं, सव्वेसिं जीवाणं, सव्वेसिं सत्ताणं इमाइं छ अणइक्कमणिज्जाइं वागरणाइं वागरेइ, तं जहा– लाभं, अलाभं, सुहं, दुक्खं, जीवियं, मरणं तहा । तएणं से गोसाले मंखलिपुत्ते तेणं अट्ठंगस्स महाणिमित्तस्स केणइ उल्लोयमेत्तेणं सावत्थीए णयरीए अजिणे जिणप्पलावी, अणरहा अरहप्पलावी, अकेवली केवलिप्पलावी, असव्वण्णू सव्वण्णुप्पलावी, अजिणे जिणसद्दं पगासेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે મંખલિપુત્ર ગોશાલક કોઈપણ વ્યક્તિને જોતાં જ તે અષ્ટાંગ નિમિત્તના આધારે સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્વોને માટે આ છ વસ્તુઓ(તત્ત્વો)નું ચોક્કસ રીતે નિરૂપણ કરવા લાગ્યો. તે છ વિષય આ પ્રમાણે છે– (૧) લાભ (૨) અલાભ (૩) સુખ (૪) દુઃખ (૫) જીવન (૬) મરણ. ત્યાર પછી મંખલિપુત્ર ગોશાલક અષ્ટાંગ મહાનિમિત્ત દ્વારા કોઈને જોવા માત્રથી, સાચું નિમિત્ત બતાવતાં જિન ન હોવા છતાં 'હું જિન છું' આ રીતે પ્રલાપ કરતો, અરિહંત ન હોવા છતાં 'હું અરિહંત છું', આ રીતે મિથ્યા પ્રલાપ કરતો, કેવળી ન હોવા છતાં 'હું કેવળી છું' આ રીતે મિથ્યા ભાષણ કરતો, સર્વજ્ઞ ન હોવા છતાં 'હું સર્વજ્ઞ છું', તેવો પ્રલાપ કરતો, જિન ન હોવા છતાં પણ જિનપણાની પોતાની કીર્તિ ફેલાવતો અર્થાત્ પોતાના માટે 'જિન' વિશેષણનો પ્રયોગ કરતો શ્રાવસ્તી નગરીમાં વિચરતો હતો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાંથી પ્રથમ સૂત્રમાં આજીવિક મતની ઉપાસિકા હાલાહલા કુંભારણનો પરિચય આપ્યો છે, પછીના સૂત્રોમાં મંખલિપુત્ર ગોશાલકની આજીવિક મતના પ્રચાર માટેની પ્રવૃત્તિનું દર્શન કરાવ્યું છે.

**णमो सुय देवयाए भगवईए:–** ટીકાકાર અભયદેવ સૂરિ કૃત ભગવતી સૂત્રની ટીકામાં આ સૂત્રની વ્યાખ્યા જોવા મળતી નથી. સંભવ છે કે તે સમયે આ સૂત્ર પાઠ ન હોય અને ટીકાકારના સમય પછી લેખનના મંગલાચરણ માટે આ પાઠ લખવામાં આવ્યો હોય. આ સંભાવનાને લક્ષ્યમાં રાખી પ્રસ્તુત સંસ્કરણમાં આ પાઠને કૌંસમાં રાખ્યો છે.

**छ दिसाचरा :–** દિશાના અભિગ્રહ સાથે વિચરણ કરનારા શ્રમણને દિશાચર કહે છે. તેવા તીર્થંકર પાર્શ્વનાથની પરંપરાના પૂર્વધારી છ શ્રમણોએ ગોશાલકને પોતાના પૂર્વ જ્ઞાનના આધારે નિમિત્ત જ્ઞાન આપ્યું હતું અને ગોશાલકે કુશળતાપૂર્વક તે જ્ઞાનના આધારે ભવિષ્ય કથન કરી, લોકો પર પોતાનું પ્રભુત્વ સ્થાપિત કર્યું હતું.

**अट्ठविहं पुव्वगयं मग्गदसमं :–** (૧) દિવ્ય (૨) ઔત્પાત (૩) અંતરિક્ષ (૪) ભૌમ (૫) અંગ (૬) સ્વર (૭) લક્ષણ (૮) વ્યંજન. પૂર્વગત શ્રુતાધારિત આ આઠ પ્રકારના નિમિત્તશાસ્ત્રો છે. તેને અષ્ટાંગનિમિત્ત કહે છે. અહીં મૂળ પાઠમાં **णिमित्तं** પદ અધ્યાહાર છે. **मग्ग दसमं** પદના બે અર્થ થઈ શકે છે. યથા– (૧) અષ્ટાંગ નિમિત્ત, નવમું પૂર્વગત શ્રુત અને દશમું નૃત્ય-ગીત માર્ગ છે. (૨) પૂર્વગત અષ્ટાંગ નિમિત્ત અને દશમું માર્ગ. તેમાં ગીતમાર્ગ અને નૃત્યમાર્ગ બંનેનો સમાવેશ થતો હોવાથી નવમું ગીતમાર્ગ અને દશમું નૃત્યમાર્ગ. આ રીતે દશ ભેદ થાય છે.

**णिज्जूहित्ताः**–પૂર્વશ્રુતમાંથી નિર્યૂહણ કરીને અર્થાત્ ઉદ્ધૃત કરીને (કાઢીને) તે છ દિશાચરોએ ગોશાલકને નિમિત્ત જ્ઞાન શિખવ્યું હતું.

**केणइ उल्लोयमेत्तेण :– केनचित् अवलोकन मात्रेण ।** ગોશાલક જે કોઈ વ્યક્તિને જોતો, તેની મુખાકૃતિ તલ, મસાદિ જોઈને, અષ્ટાંગ નિમિત્ત શાસ્ત્રના આધારે પૂછયા વિના જ તે વ્યક્તિના ભાવિનું કથન કરતો હતો.

**अणइक्कमणिज्जाइं वागराणाइं:**–અનતિક્રમણીય–જેમાં પરિવર્તન ન થાય તેવું ચોક્કસ સાચું વિધાન. અષ્ટાંગ નિમિત્તના આધારે ગોશાલક હાનિ લાભ આદિ વિષયોમાં સચોટ ભવિષ્ય કથન કરતો હતો.

**चउव्वीसवासपरिवाए :–** પ્રસ્તુત ઘટના સમયે ગોશાલકની સાધના પર્યાય ૨૪ વર્ષની થઈ હતી અને પ્રભુ મહાવીરની સંયમ પર્યાય ૨૬ વર્ષની તથા કેવળીપર્યાય ચૌદ વર્ષની થઈ હતી. ગોશાલક સંપૂર્ણ ઉપધિનો ત્યાગ કરી પ્રભુના બીજા ચાતુર્માસ પછી વિહાર સમયે તેમનીપાસે આવી શિષ્ય થયો હતો. માટે પ્રભુની સાધના પર્યાયથી તેની સાધના પર્યાય બે વર્ષ(બે ચાતુર્માસ) જેટલી ન્યૂન હતી. પ્રસ્તુત ઘટના પછી પ્રભુ કેવળી પર્યાયમાં સોળ વર્ષ વિચરણ કરી મોક્ષે પધાર્યા હતા.

### ગોશાલક વિષયક ગૌતમ સ્વામીની જિજ્ઞાસા :–

**૪ तएणं सावत्थीए णयरीए सिंघाडग** *जाव* **पहेसु बहुजणो अण्णमण्णस्स एवमाइक्खइ** *जाव* **एवं परूवेइ– एवं खलु देवाणुप्पिया ! गोसाले मंखलिपुत्ते जिणे जिणप्पलावी** *जाव* **पगासेमाणे विहरइ, से कहमेयं मण्णे एवं ?**

**तेणं कालेणं तेणं समएणं सामी समोसढे** *जाव* **परिसा पडिगया ।**

**तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई णामं अणगारे गोयमगोत्तेणं** *जाव* **छट्ठंछट्ठेणं एवं जहा बितियसए णियंठुद्देसए** *जाव* **अडमाणे बहुजणसद्दं णिसामेइ, बहुजणो अण्णमण्णस्स एवमाइक्खइ** *जाव* **परूवेइ– एवं खलु देवाणुप्पिया ! गोसाले मंखलिपुत्ते जिणे जिणप्पलावी** *जाव* **पगासेमाणे विहरइ, से कहमेयं मण्णे एवं ? तएणं भगवं गोयमे बहुजणस्स अंतियं एयमट्ठं सोच्चा णिसम्म जायसड्ढे** *जाव* **भत्तपाणं पडिदंसेइ,** *जाव* **पज्जुवासमाणे एवं वयासी– एवं खलु अहं भंते ! छट्ठंछट्ठेणं तं चेव** *जाव* **जिणसद्दं पगासेमाणे विहरइ; से कहमेयं भंते ! एवं ? तं इच्छामि णं भंते ! गोसालस्स मंखलिपुत्तस्स उट्ठाणपरियाणियं परिकहियं ।**

**શબ્દાર્થ :– उट्ठाण परियाणियं** = ઉત્થાન સંબંધી વૃત્તાંત, વિકાસ અવસ્થા પ્રાપ્ત કરવાનું સંપૂર્ણ વૃત્તાંત, ઘટનાક્રમ.

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રાવસ્તી નગરીમાં શૃંગાટક, ત્રિક ***યાવત્*** રાજમાર્ગોમાં અનેક મનુષ્યો આ પ્રમાણે કહેવા લાગ્યા, પ્રરૂપણા કરવા લાગ્યા, હે દેવાનુપ્રિયો ! આ મંખલિપુત્ર ગોશાલક 'જિન' થઈને પોતાને 'જિન' કહેતો ***યાવત્*** 'જિન' શબ્દનો પ્રકાશ કરતો વિચરે છે, તો આ રીતે કેમ માની શકાય ?

તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા ***યાવત્*** પરિષદ ધર્મોપદેશ સાંભળીને પાછી ગઈ. તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જયેષ્ઠ અંતેવાસી, ગૌતમ ગોત્રીય ઈન્દ્રભૂતિ અણગાર છટ્ઠના પારણે છટ્ઠની તપસ્યા કરતા હતા, ઈત્યાદિ શતક ર/પ 'નિર્ગ્રંથ' ઉદ્દેશક અનુસાર ગોચરીને માટે ફરતા હતા, ત્યારે ગૌતમસ્વામીએ અનેક મનુષ્યોના શબ્દો સાંભળ્યા ત્યારે અનેક લોકો પરસ્પર આ પ્રમાણે કહેતા હતા કે– હે દેવાનુપ્રિયો ! મંખલિપુત્ર ગોશાલક 'જિન' થઈને પોતાને 'જિન' કહેતો ***યાવત્*** સ્વયંને જિન હોવાનો પ્રચાર કરે છે. તેની તે વાત કેવી રીતે માની શકાય ? લોકો પાસેથી આ પ્રમાણે સાંભળીને અને અવધારણ કરીને, પ્રશ્ન પૂછવાની જેને શ્રદ્ધા ઉત્પન્ન થઈ છે તેવા ગૌતમસ્વામી પ્રભુ પાસે આવ્યા; આવીને પ્રભુને આહાર પાણી બતાવ્યા. વંદન નમસ્કારપૂર્વક પ્રભુની પર્યુપાસના કરતા તેમણે આ પ્રમાણે પૂછ્યું,– હે ભગવન્ ! હું છટ્ઠના પારણે ગૌચરી માટે ફરતો હતો. ત્યાં લોકોના મુખેથી આ વાત સાંભળી ઈત્યાદિ સર્વ કથન જાણવું. ***યાવત્*** ગોશાલક પોતાને તીર્થંકરરૂપે વિખ્યાત કરે છે તો તેનું આ કથન કઈ રીતે સત્ય હોઈ શકે છે ? હે ભગવન્! હું આપના શ્રીમુખેથી મંખલિપુત્ર ગોશાલકના ઉત્થાન સંબંધી વૃત્તાંત સાંભળવા ઈચ્છું છું.

**ગોશાલકનો જીવન પરિચય :–**

**૫ गोयमा ! त्ति समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी– जण्णं गोयमा ! से बहुजणे अण्णमण्णस्स एवमाइक्खइ *जाव* परूवेइ– एवं खलु गोसाले मंखलिपुत्ते जिणे जिणप्पलावी *जाव* पगासेमाणे विहरइ' तं णं मिच्छा । अहं पुण गोयमा ! एवमाइक्खामि *जाव* परूवेमि– एवं खलु एयस्स गोसालस्स मंखलिपुत्तस्स मंखलिणामं मंखे पिया होत्था। तस्स णं मंखलिस्स मंखस्स भद्दाणामं भारिया होत्था, सकुमाल पाणिपाया *जाव* पडिरूवा। तएणं सा भद्दा भारिया अण्णया कयाइ गुव्विणी यावि होत्था ।**

**ભાવાર્થ :–** હે ગૌતમ ! આ પ્રમાણે સંબોધિત કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમ સ્વામીને કહ્યું– હે ગૌતમ ! અનેક મનુષ્યો પરસ્પર આ પ્રમાણે કહે છે કે ''મંખલિપુત્ર ગોશાલક 'જિન' થઈને અને પોતાને 'જિન' કહેતો ***યાવત્*** તીર્થંકરરૂપે વિખ્યાત કરતો વિચરે છે.'' આ વાત મિથ્યા છે, હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું, પ્રરૂપણા કરું છું કે મંખલિપુત્ર ગોશાલકના પિતા મંખ જાતિના હતા અને તેનું નામ મંખલિ હતું. તે મંખલિ નામના મંખને ભદ્રા નામની ભાર્યા હતી. તે સુકુમાર હાથ પગવાળી ***યાવત્*** મનોહર હતી. કોઈ એક સમયે તે ભદ્રા ભાર્યા ગર્ભવતી બની.

**૬ तेणं कालेणं तेणं समएणं सरवणे णामं सण्णिवेसे होत्था । रिद्ध-त्थिमिय-समिद्धा *जाव* सण्णिभप्पगासे, पासाईए *जाव* पडिरूवे । तत्थ णं सरवणे सण्णिवेसे गोबहुले णामं माहणे परिवसइ, अड्ढे *जाव* अपरिभूए, रिउव्वेद *जाव* सुपरिणिट्ठिए यावि होत्था । तस्स णं गोबहुलस्स, माहणस्स गोसाला यावि होत्था । तएणं से मंखली मंखे अण्णया कयाइ भद्दाए भारियाए गुव्विणीए सद्धिं चित्तफलगहत्थगए मंखत्तणेणं अप्पाणं भावेमाणे पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे जेणेव सरवणे सण्णिवेसे जेणेव गोबहुलस्स माहणस्स गोसाला तेणेव उवागच्छइ, उवागच्छित्ता गोबहुलस्स माहणस्स गोसालाए एगदेसंसि भंडणिक्खेवं करेइ, करेत्ता सरवणे सण्णिवेसे उच्च-णीय-मज्झिमाइं कुलाइं**

**घरसमुदाणस्स भिक्खायरियाए अडमाणे वसहीए सव्वओ समंता मग्गण-गवेसणं करेइ । वसहीए सव्वओ समंता मग्गण-गवेसणं करेमाणे अण्णत्थ वसहिं अलभमाणे तस्सेव गोबहुलस्स माहणस्स गोसालाए एगदेसंसि वासावासं उवागए । तएणं सा भद्दाभारिया णवण्हं मासाणं बहुपडिपुण्णाणं अद्धट्ठमाणं राइंदियाणं वीइक्कंताणं सुकुमाल** *जाव* **पडिरूवगं दारगं पयाया ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે 'શરવણ' નામનું સન્નિવેશ હતું. તે ઋદ્ધિ સંપન્ન, ઉપદ્રવ રહિત ***યાવત્*** દેવલોક સમાન પ્રકાશવાન અને ચિત્તને પ્રસન્ન કરનાર ***યાવત્*** મનોહર હતું. તે શરવણ સન્નિવેશમાં ગોબહુલ નામના એક બ્રાહ્મણ રહેતા હતા. તે ઋદ્ધિ સંપન્ન ***યાવત્*** અપરાભૂત હતા. તે ઋગ્વેદ આદિ બ્રાહ્મણ-શાસ્ત્રોના વિષયમાં નિપુણ હતા. તે ગોબહુલ બ્રાહ્મણને એક ગોશાળા હતી. એક દિવસ તે મંખલિ નામક ભિક્ષાચર, પોતાની ગર્ભવતી ભદ્રા ભાર્યાની સાથે લોકોને ચિત્રપટ બતાવી પોતાની આજીવિકા મેળવવા ફરતાં-ફરતાં શરવણ નામના સન્નિવેશમાં ગોબહુલ બ્રાહ્મણની ગોશાળામાં આવ્યો અને ગોબહુલ બ્રાહ્મણની ગોશાળાના એક ભાગમાં પોતાનો સરસામાન રાખીને ઉતારો કર્યો. સરસામાન ત્યાં રાખીને તે શરવણ ગામમાં ઉચ્ચ, નિમ્ન અને મધ્યમ કુળોના ઘર-સમુદાયમાં ભિક્ષાચર્યાને માટે ફરવા લાગ્યો. તેમજ પોતાના નિવાસ માટે કોઈ પણ સ્થાનની શોધ કરવા લાગ્યો. ચારે તરફ ગવેષણા કરવા છતાં રહેવા યોગ્ય કોઈ સ્થાન મળ્યું નહીં, તેથી તેણે ગોબહુલ બ્રાહ્મણની ગોશાળાના એક ભાગમાં જ વર્ષાઋતુ વ્યતીત કરવા માટે નિવાસ પ્રાપ્ત કર્યો. ત્યાર પછી તે ભદ્રાએ પરિપૂર્ણ નવ માસ અને સાડા સાત રાત-દિન વ્યતીત થયા પછી એક સુકુમાર હાથ-પગવાળા ***યાવત્*** સુંદર પુત્રને જન્મ આપ્યો.

**७ तएणं तस्स दारगस्स अम्मापियरो** *जाव* **एक्कारसमे दिवसे वीइक्कंते बारसाहे दिवसे अयमेयारूवं गोणं गुणणिप्फण्णं णामधेज्जं करेंति– जम्हा णं अम्हं इमे दारए गोबहुलस्स माहणस्स गोसालाए जाए तं होउ णं अम्हं इमस्स दारगस्स णामधेज्जं गोसाले गोसाले त्ति । तएणं तस्स दारगस्स अम्मापियरो णामधेज्जं करेंति 'गोसाले' त्ति । तएणं से गोसाले दारए उम्मुक्कबालभावे विण्णायपरिणयमेत्ते जोव्वणगमणुप्पत्ते सयमेव पाडिएक्कं चित्तफलगं करेइ, करेत्ता चित्तफलगहत्थगए मंखत्तणेणं अप्पाणं भावेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે બાળકના માતા પિતાએ અગિયાર દિવસ વ્યતીત થયા પછી બારમે દિવસે, તેનું આ પ્રમાણે ગુણનિષ્પન્ન નામકરણ કર્યું. ''અમારો આ બાળક ગોબહુલ બ્રાહ્મણની ગોશાળામાં જન્મ્યો હોવાથી અમે તે બાળકનું નામ 'ગોશાલક' રાખીએ છીએ.'' આ રીતે તે બાળકના માતા પિતાએ બાળકનું ગુણ નિષ્પન્ન નામ 'ગોશાલક' આપ્યું. તે ગોશાલક બાલ્યાવસ્થાથી મુક્ત થઈને,પરમવિજ્ઞ અને પરિપક્વ બુદ્ધિવાળો થઈને યૌવનાવસ્થાને પ્રાપ્ત થયો. ત્યારે તે સ્વયં સ્વતંત્ર રૂપે હાથમાં ચિત્રપટ લઈને મંખવૃત્તિથી આજીવિકા ચલાવતો વિચરવા લાગ્યો.

**વિવેચન :–**

પ્રસ્તુત ત્રણ સૂત્રોમાં ગોશાલકનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે.

**મંખવૃત્તિ**–ચિત્રપટ હાથમાં રાખીને ગ્રામાનુગ્રામ ફરવું અને ભિક્ષાચરી કરવી. આ પ્રકારે જે આજીવિકા ચલાવે તેને મંખવૃત્તિ કહે છે. એક પ્રકારના ભિક્ષાચર-ભિક્ષુક અને એક પ્રકારનો ધર્મ, મંખ નામથી ઓળખાય છે જુઓ– ભગવદ્ ગોમંડલ કોશ ભાગ-૭, પૃષ્ટ-૭૦૯૧.

**ગોશાલકને ભગવાનનો સમાગમ :–**

**८ तेणं कालेणं तेणं समएणं अहं गोयमा! तीसं वासाइं अगारवासमज्झे वसित्ता अम्मापिईहिं देवत्तगएहिं एवं जहा भावणाए *जाव* एगं देवदूसमादाय मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए। तएणं अहं गोयमा ! पढमं वासावासं अद्धमासं अद्धमासेणं खममाणे अट्ठियगामं णिस्साए पढमं अंतरावासं वासावासं उवागए। दोच्चं वासं मासंमासेणं खममाणे पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे जेणेव रायगिहे णयरे, जेणेव णालंदा बाहिरिया, जेणेव तंतुवायसाला तेणेव उवागच्छामि, उवागच्छित्ता अहा पडिरूवं उग्गहं उगिण्हामि, उगिण्हित्ता तंतुवायसालाए एगदेसंसि वासावासं उवागए। तएणं अहं गोयमा ! पढमं मासखमणं उवसंपज्जित्ता णं विहरामि।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે હે ગૌતમ ! મેં ત્રીસ વર્ષ સુધી ગૃહવાસમાં રહીને, માતા-પિતાના સ્વર્ગવાસ થયા પછી આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના પંદરમાં 'ભાવના' અધ્યયન અનુસાર ***યાવત્*** એક દેવદૂષ્ય વસ્ત્રને ગ્રહણ કરીને, મુંડિત થઈને, ગૃહવાસનો ત્યાગ કરીને અણગાર પ્રવ્રજ્યા ગ્રહણ કરી. હે ગૌતમ ! તે સમયે પહેલા વર્ષે, હું પંદર-પંદર દિવસની તપસ્યા કરતાં-કરતાં, અસ્થિક ગ્રામમાં આશ્રય ગ્રહણ કરીને પ્રથમ વર્ષાવાસ રહેવા માટે આવ્યો. બીજા વર્ષે માસ-માસખમણની તપસ્યા કરતા અનુક્રમથી વિહાર કરતાં, રાજગૃહ નગરમાં નાલંદાપાડાની બહારના ભાગની વણકરશાળામાં આવ્યો. ત્યાં આવીને યથાયોગ્ય અવગ્રહ સ્થાન ગ્રહણ કરીને વણકરશાળાના એક ભાગમાં વર્ષાવાસ રહ્યો. હે ગૌતમ ! ત્યાર પછી હું પ્રથમ માસખમણ સ્વીકાર કરીને વિચરવા લાગ્યો.

**९ तएणं से गोसाले मंखलिपुत्ते चित्तफलगहत्थगए मंखत्तणेणं अप्पाणं भावेमाणे पुव्वाणुपुव्विं चरमाणे *जाव* दूइज्जमाणे जेणेव रायगिहे णयरे, जेणेव णालंदा बाहिरिया, जेणेव तंतुवायसाला तेणेव उवागच्छइ, उवागच्छित्ता तंतुवायसालाए एगदेसंसि भंडणिक्खेवं करेइ, करित्ता रायगिहे णयरे उच्चणीय *जाव* अण्णत्थ कत्थइ वसहिं अलभमाणे तीसे य तंतुवायसालाए एगदेसंसि वासावासं उवागए, जत्थेव णं अहं गोयमा। तएणं अहं गोयमा ! पढममासक्खमण-पारणगंसि तंतुवायसालाओ पडिणिक्खमामि, पडिणिक्खमित्ता णालंदाबाहिरियं मज्झंमज्झेणं जेणेव रायगिहे णयरे तेणेव उवागच्छामि, रायगिहे णयरे *जाव* अडमाणे विजयस्स गाहावइस्स गिहं अणुपविट्ठे।**

**ભાવાર્થ :–** તે સમયે મંખલિપુત્ર ગોશાલક ચિત્રપટ હાથમાં લઈને, મંખવૃત્તિથી આજીવિકા કરતો, અનુક્રમે એક ગામથી બીજે ગામ ફરતાં-ફરતાં રાજગૃહ નગરના નાલંદા નામના ઉપનગરની વણકર- શાળામાં આવ્યો, ત્યાં આવીને વણકરશાળાના એક ભાગમાં પોતાના ભંડોપકરણ રાખ્યા; ભંડોપકરણ રાખીને રાજગૃહ

નગરના ઉચ્ચ નિમ્ન અને મધ્યમ કુળમાં ભિક્ષા માટે ભ્રમણ કરતા તેણે રહેવા માટે સ્થાનની શોધ કરી. અન્યત્ર સ્થાન પ્રાપ્ત ન થતાં હે ગૌતમ ! તે જ વણકરશાળાના એક ભાગમાં, જ્યાં હું રહ્યો હતો, ત્યાં જ તે વર્ષાવાસ માટે રહ્યો. પ્રથમ માસખમણના પારણાના દિવસે હું વણકરશાળામાંથી નીકળ્યો; નીકળીને નાલંદા ઉપનગરની મધ્યમાંથી પસાર થઈને જ્યાં રાજગૃહનગર હતું ત્યાં આવ્યો; રાજગૃહનગરમાં ***યાવત્*** ફરતાં-ફરતાં વિજય ગાથાપતિના ઘરમાં પ્રવેશ કર્યો.

**વિજય ગાથાપતિને ત્યાં પ્રભુનું પ્રથમ પારણું :–**

**૧૦ तएणं से विजए गाहावई ममं एज्जमाणं पासइ, पासित्ता हट्ठतुट्ठे खिप्पामेव आसणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठित्ता पायपीढाओ पच्चोरूहइ, पच्चोरूहित्ता पाउयाओ ओमुयइ, ओमुइत्ता एगसाडियं उत्तरासंगं करेइ, करित्ता अंजलिमउलियहत्थे ममं सत्तट्ठपयाइं अणुगच्छइ, अणुगच्छित्ता ममं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता ममं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता ममं विउलेणं असण-पाण-खाइम-साइमेणं पडिलाभेस्सामि त्ति कट्टु तुट्ठे, पडिलाभेमाणे वि तुट्ठे, पडिलाभिए वि तुट्ठे । तएणं तस्स विजयस्स गाहावइस्स तेणं दव्वसुद्धेणं, दायगसुद्धेणं, पडिगाहगसुद्धेणं तिविहेणं तिकरणसुद्धेणं दाणेणं मए पडिलाभिए समाणे देवाउए णिबद्धे, संसारे परित्तीकए, गिहंसि य से इमाइं पंच दिव्वाइं पाउब्भूयाइं, तं जहा– वसुधारा वुट्ठा, दसद्धवण्णे कुसुमे णिवाइए, चेलुक्खेवे कए, आहयाओ देवदुंदुभीओ, अंतरा वि य णं आगासे– 'अहो दाणे, अहो दाणे' त्ति घुट्ठे ।**

**ભાવાર્થ :–** ત્યારપછી તે વિજય ગાથાપતિએ મને માસખમણના પારણે તેમના ઘરમાં પ્રવેશ કરતા જોયો, જોઈને તે પ્રસન્ન અને સંતુષ્ટ થયા. તે શીઘ્રતાથી સિંહાસન પરથી નીચે ઉતર્યા, શીઘ્રતાથી આસન પરથી નીચે ઉતરીને પાદપીઠથી નીચે ઉતર્યા, પાદુકાનો ત્યાગ કર્યો, પાદુકાનો ત્યાગ કરીને એક પટવાળા વસ્ત્રનું ઉતરાસંગ કર્યું, કરીને બંને હાથ જોડીને સાત-આઠ પગલાં મારી સામે આવ્યા અને મને ત્રણ વાર પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા.

વંદન નમસ્કાર કરીને 'આજે હું ભગવાનને વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમથી પ્રતિલાભિત કરીશ–આહારદાન આપીશ,' આ પ્રમાણે વિચાર કરીને સંતુષ્ટ-આનંદિત થયા; આહારદાન કરતાં સમયે પણ સંતુષ્ટ-આનંદિત થયા હતા અને આહારદાન કર્યા પછી પણ સંતુષ્ટ-આનંદિત રહ્યા. આ પ્રકારની દ્રવ્યશુદ્ધિ, દાયકશુદ્ધિ અને પાત્રશુદ્ધિ તથા મન, વચન, કાયારૂપ ત્રિવિધિ યોગશુદ્ધિ અને કૃત,કારિત અને અનુમોદિત રૂપ ત્રિકરણ શુદ્ધિ યુક્ત દાન દ્વારા મને પ્રતિલાભિત કરવાથી વિજય ગાથાપતિએ દેવનું આયુષ્ય બાંધ્યું; સંસારને પરિમિત કર્યો. દાનના પ્રભાવથી તેના ઘેર પાંચ દિવ્ય પ્રગટ થયા. યથા– (૧) વસુધારા(સોનૈયા)ની વૃષ્ટિ થઈ (૨) દેવોએ પાંચ વર્ણના પુષ્પો વરસાવ્યા (૩) દેવોએ ચેલુત્ક્ષેપ કર્યો અર્થાત્ ધજા ફરકાવી (૪) દેવોએ દેવદુન્દુભિ વગાડી અને (૫) આકાશમાં **'અહોદાનં, અહોદાનં'**ની ધ્વનિ થવા લાગી.

**૧૧ तएणं रायगिहे णयरे सिंघाडग *जाव* महापह-पहेसु बहुजणो अण्णमण्णस्स एव-माइक्खइ *जाव* एवं परूवेइ– धण्णे णं देवाणुप्पिया ! विजए गाहावई, कयत्थे णं देवाणुप्पिया !**

**विजए गाहावई, कयपुण्णे णं देवाणुप्पिया ! विजए गाहावई, कयलक्खणे णं देवाणुप्पिया ! विजए गाहावई, कया णं लोया देवाणुप्पिया ! विजयस्स गाहावइस्स, सुलद्धे णं देवाणुप्पिया ! माणुस्सए जम्मजीयफले विजयस्स गाहावइस्स, जस्स णं गिहंसि तहारूवे साहु साहुरूवे पडिलाभिए समाणे इमाइं पंचदिव्वाइं पाउब्भूयाइं, तं जहा– वसुधारा वुट्ठा** *जाव* **अहो दाणे अहो दाणे त्ति घुट्ठे । तं धण्णे, कयत्थे, कयपुण्णे, कयलक्खणे, कया णं लोया, सुलद्धे माणुस्सए जम्मजीवियफले विजयस्स गाहावइस्स, विजयस्स गाहावइस्स ।**

**ભાવાર્થ :–** ત્યારપછી રાજગૃહ નગરમાં શ્રૃંગાટક, ત્રિક આદિ માર્ગોમાં તેમ જ રાજમાર્ગોમાં અનેક મનુષ્યો પરસ્પર આ પ્રમાણે કહેવા લાગ્યા ***યાવત્*** પ્રરૂપણા કરવા લાગ્યા કે– હે દેવાનુપ્રિયો ! વિજય ગાથાપતિ ધન્ય છે, હે દેવાનુપ્રિયો ! વિજય ગાથાપતિ કૃતાર્થ છે, હે દેવાનુપ્રિયો ! વિજય ગાથાપતિ કૃતપુણ્ય(પુણ્યશાળી) છે, હે દેવાનુપ્રિયો ! વિજય ગાથાપતિ કૃતલક્ષણ (ઉત્તમ લક્ષણવાળા) છે, હે દેવાનુપ્રિયો ! વિજય ગાથાપતિના ઉભય લોક સાર્થક છે અને વિજય ગાથાપતિના મનુષ્ય સંબંધી જન્મ અને જીવનનું ફળ પ્રશંસનીય છે કે તેના ઘરમાં તથારૂપના શ્રમણને પ્રતિલાભિત કરવાથી આ પાંચ દિવ્ય પ્રગટ થયા છે, તે આ પ્રમાણે છે– વસુધારાની વૃષ્ટિ ***યાવત્*** 'અહોદાનં, અહોદાનં'ની ઉદ્‌ઘોષણા થઈ છે, તેથી વિજય ગાથાપતિ ધન્ય છે, કૃતાર્થ છે, કૃતપુણ્ય છે, કૃતલક્ષણ છે, તેના બંને લોક સાર્થક છે અને તે વિજય ગાથાપતિના મનુષ્ય સંબંધી જન્મ અને જીવનનું ફળ પ્રશંસનીય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં શ્રમણનિર્ગ્રંથોની આહાર-દાનની વિધિ અને તેના દિવ્ય પ્રભાવને પ્રદર્શિત કર્યો છે.

**આહાર દાન-વિધિ :–** જ્યારે શ્રમણ નિર્ગ્રંથનું આગમન થાય ત્યારે પાદૂકાનો ત્યાગ કરી, શ્રાવકના અભિગમપૂર્વક સાત-આઠ ડગલા સામે જવું, બહુમાનપૂર્વક વંદન-નમસ્કાર કરી ઘરમાં પ્રવેશ કરાવવો. ત્યાર પછી પ્રસન્ન ચિત્તે નિર્દોષ આહાર-પાણી આદિનું ત્રિકરણ-યોગની શુદ્ધિપૂર્વક દાન આપવું. તેમાં દાતાની, દાન યોગ્ય દ્રવ્યની અને ગ્રહણ કરનાર પાત્રની તે ત્રણેની શુદ્ધિથી દાનની દિવ્યતા વધે છે.

**દાનનો દિવ્ય પ્રભાવ :–** પ્રસન્ન ચિત્તે દાન આપનાર દાતા અનંત સંસાર પરિભ્રમણને સીમિત કરે છે, કેટલાક જીવો તે નિમિત્તે સમ્યગ્‌દર્શનને પ્રાપ્ત કરે છે. તે સમયે જો સમ્યગ્ દર્શન સાથે આયુષ્યનો બંધ થાય તો દેવગતિના આયુષ્યનો બંધ થાય છે અને પૂર્વે જો આયુષ્યનો બંધ થઈ ગયો હોય અથવા આયુષ્યબંધ સમયે સમ્યગ્‌દર્શન ન હોય તો મનુષ્યાયુનો પણ(સુખવિપાક સૂત્રાનુસાર) બંધ થાય છે. તેનો મનુષ્ય જન્મ સફળ થાય છે તેમજ દેવો તે દાનની દિવ્યતા પાંચ પ્રકારે પ્રગટ કરે છે– (૧) તેના ઘેર વસુધારાની(શરીર પ્રમાણ ઢગલા થાય તેટલા સોનૈયાની) વૃષ્ટિ કરે છે. (૨) વૈક્રિય શક્તિ દ્વારા બનાવેલા અચિત્ત ફૂલો વરસાવે છે (૩) વસ્ત્રમય ધર્મધજા ફરકાવે છે. (૪) આકાશમાં રહીને દેવો દુન્દુભિ વગાડે છે. (૫) કેટલાક દેવો 'અહોદાન'શબ્દનું વાર-વાર ઉચ્ચારણ કરીને તે દાનને બિરદાવે છે. માટે પ્રસન્ન ચિત્તે અપાયેલું નિર્દોષ દાન ભૌતિક અને આધ્યાત્મિક બંને લાભ પ્રાપ્ત કરાવે છે.

**चेलुक्खेवे कए :–** ચેલુત્ક્ષેપ કર્યો. ટીકામાં આ શબ્દનો સ્પષ્ટાર્થ નથી. પરંપરાથી તેના બે અર્થ પ્રચલિત છે– (૧) દેવોએ ધજા ફરકાવી (૨) દેવોએ વસ્ત્રોની વૃષ્ટિ કરી.

પ્રભુ મહાવીરના માસખમણનું પારણું વિજય ગાથાપતિને ત્યાં થયું. તેણે પૂર્વોક્ત લાભને પ્રાપ્ત

કરી મનુષ્ય જન્મને સફળ બનાવ્યો. પ્રભુની દીક્ષા પછીનું આ બીજું ચાતુર્માસ હતું. પ્રભુએ પહેલા વર્ષે નિરંતર ૧૫-૧૫ દિવસની તપસ્યા કરી હતી અને બીજે વર્ષે નિરંતર ૧૨ માસખમણ કર્યા હતા. આ વાત આ અધ્યયનમાં પ્રભુએ સ્વમુખેથી ફરમાવી છે.

**દાનથી પ્રભાવિત ગોશાલક :–**

**१२ तएणं से गोसाले मंखलिपुत्ते बहुजणस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म समुप्पण्णसंसए समुप्पण्णकोउहल्ले जेणेव विजयस्स गाहावइस्स गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता पासइ– विजयस्स गाहावइस्स गिहंसि वसुहारं वुट्ठं, दसद्धवण्णं कुसुमं णिवडियं, ममं च णं विजयस्स गाहावइस्स गिहाओ पडिणिक्खममाणं पासइ, पासित्ता हट्ठ-तुट्ठे जेणेव मम अंतिए तेणेव उवागच्छइ, उवागच्छित्ता ममं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता ममं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता ममं एवं वयासी– तुब्भे णं भंते ! ममं धम्मायरिया, अहं णं तुब्भं धम्मंतेवासी । तएणं अहं गोयमा ! गोसालस्स मंखलिपुत्तस्स एयमट्ठं णो आढामि, णो परिजाणामि, तुसिणीए संचिट्ठामि । तएणं अहं गोयमा ! रायगिहाओ णयराओ पडिणिक्खमामि, पडिणिक्खमित्ता णालंदं बाहिरियं मज्झंमज्झेणं जेणेव तंतुवायसाला, तेणेव उवागच्छामि, उवागच्छित्ता दोच्चं मासखमणं उवसंपज्जित्ता णं विहरामि ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી મંખલિપુત્ર ગોશાલકે પણ અનેક મનુષ્યો પાસેથી આ ઘટના સાંભળી અને અવધારણ કરી. તેના મનમાં સંશય અને કુતૂહલ ઉત્પન્ન થયું. તે વિજય ગાથાપતિને ત્યાં આવ્યો. તેણે વિજય ગાથાપતિના ઘરમાં વરસેલી સોનૈયાની વૃષ્ટિ, પાંચ વર્ણના પુષ્પોની વૃષ્ટિ અને વિજય ગાથાપતિના ઘરમાંથી બહાર નીકળતા મને જોયો; જોઈને તે પ્રસન્ન અને સંતુષ્ટ થયો. તે મારી પાસે આવ્યો, આવીને ત્રણ વાર પ્રદક્ષિણા- પૂર્વક વંદન નમસ્કાર કરીને મને આ પ્રમાણે કહ્યું– 'આપ મારા ધર્માચાર્ય છો. હું આપનો શિષ્ય છું.' હે ગૌતમ ! મેં મંખલિપુત્ર ગોશાલકની આ વાતનો આદર કર્યો નહીં, સ્વીકાર પણ કર્યો નહીં અને મૌન રહ્યો. હે ગૌતમ ! ત્યાર પછી હું રાજગૃહ નગરમાંથી નીકળીને નાલંદા પાડામાં થઈને વણકરશાળામાં આવ્યો, ત્યાં આવીને બીજા માસખમણનો સ્વીકાર કરીને ત્યાં રહ્યો.

**१३ तएणं अहं गोयमा ! दोच्चं मासक्खमणपारणगंसि तंतुवायसालाओ पडिणिक्खमामि, पडिणिक्खमित्ता णालंदं बाहिरियं मज्झंमज्झेणं जेणेव रायगिहे णयरे *जाव* अडमाणे आणंदस्स गाहावइस्स गिहं अणुप्पविट्ठे । तएणं से आणंदे गाहावई ममं एज्जमाणं पासइ, एवं जहेव विजयस्स, णवरं ममं विउलाए खज्जगविहीए पडिलाभेस्सामि त्ति तुट्ठे, सेसं तं चेव *जाव* तच्चं मासक्खमणं उवसंपज्जित्ता णं विहरामि ।**

**ભાવાર્થ :–** હે ગૌતમ ! ત્યાર પછી બીજા માસખમણના પારણાના સમયે હું વણકરશાળામાંથી નીકળ્યો, બહાર નીકળીને, નાલંદાના મધ્યભાગમાંથી પસાર થઈને રાજગૃહી નગરીમાં ભિક્ષા માટે ફરતાં-ફરતાં મેં આનંદ ગાથાપતિના ઘરમાં પ્રવેશ કર્યો. આનંદ ગાથાપતિએ મને આવતા જોયો, ઈત્યાદિ સંપૂર્ણ વૃત્તાંત

વિજય ગાથાપતિની સમાન છે, વિશેષતા એ છે કે, 'હું વિપુલ ખંડ-ખાદ્ય–ખાજારૂપ મિષ્ટ ખાદ્ય પદાર્થ વહોરાવીશ દાન આપીશ. આ પ્રકારનો વિચાર કરીને આનંદ ગાથાપતિ સંતુષ્ટ થયા, ઇત્યાદિ વર્ણન પૂર્વવત્ જાણવું. ત્યાર પછી મેં ત્રીજા માસખમણનો સ્વીકાર કર્યો.

**૧૪ तएणं अहं गोयमा ! तच्चं मासक्खमणपारणगंसि तंतुवायसालाओ पडिणिक्खमामि, पडिणिक्खमित्ता तहेव** *जाव* **अडमाणे सुणंदस्स गाहावइस्स गिहं अणुपविट्ठे । तएणं से सुणंदे गाहावई एवं जहेव विजय गाहावई, णवरं ममं सव्वकामगुणिएणं भोयणेणं पडिलाभेइ, सेसं तं चेव** *जाव* **चउत्थं मासक्खमणं उवसंपज्जित्ता णं विहरामि ।**

**ભાવાર્થ :–** હે ગૌતમ ! ત્યાર પછી ત્રીજા માસખમણના પારણાના માટે હું વણકરશાળામાંથી બહાર નીકળ્યો, નીકળીને પૂર્વવત્ ***યાવત્*** મેં સુનંદ ગાથાપતિના ઘરમાં પ્રવેશ કર્યો. સુનંદ ગાથાપતિએ મને આવતો જોયો, તેણે વિજય ગાથાપતિની જેમ વંદન નમસ્કાર કર્યા ***યાવત્*** વિશેષતા એ છે કે મને સર્વરસ સંપન્ન ભોજનથી અર્થાત્ અનેક પ્રકારની ખાદ્ય સામગ્રી દ્વારા પ્રતિલાભિત કર્યો. શેષ વર્ણન પૂર્વવત્ જાણવું. ત્યાર પછી મેં ચોથા માસખમણનો સ્વીકાર કર્યો.

**૧૫ तीसे णं णालंदाए बाहिरियाए अदूरसामंते एत्थ णं कोल्लाए णामं सण्णिवेसे होत्था, सण्णिवेस वण्णओ । तत्थ णं कोल्लाए सण्णिवेसे बहुले णामं माहणे परिवसइ । अड्ढे** *जाव* **अपरिभूए, रिउव्वेय** *जाव* **सुपरिणिट्ठिए यावि होत्था । तएणं से बहुले माहणे कत्तियचाउम्मासियपाडिवगंसि विउलेणं महुघयसंजुत्तेणं परमण्णेणं माहणे आयामेत्था । तएणं अहं गोयमा! चउत्थमासक्खमणपारणगंसि तंतुवायसालाओ पडिणिक्खमामि, पडिणिक्खमित्ता णालंदं बाहिरियं मज्झंमज्झेणं णिग्गच्छामि, णिग्गच्छित्ता जेणेव कोल्लाए सण्णिवेसे तेणेव उवागच्छामि, उवागच्छित्ता कोल्लाए सण्णिवेसे उच्चणीय** *जाव* **अडमाणस्स बहुलस्स माहणस्स गिहं अणुप्पविट्ठे । तएणं से बहुले माहणे ममं एज्जमाणं तहेव** *जाव* **ममं विउलेणं महुघयसंजुत्तेणं परमण्णेणं पडिलाभिस्सामि त्ति तुट्ठे । सेसं जहा विजयस्स,** *जाव* **बहुले माहणे, बहुले माहणे ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી નાલંદાપાડાથી કંઈક દૂર કોલ્લાક નામનો સન્નિવેશ હતો. તે કોલ્લાક સન્નિવેશમાં બહુલ નામના બ્રાહ્મણ રહેતા હતા. તે ઋદ્ધિ સંપન્ન ***યાવત્*** અપરાભૂત હતા. તે ઋગ્વેદાદિમાં નિપુણ હતા. તે બહુલ બ્રાહ્મણે કાર્તિક ચાતુર્માસની પ્રતિપદાના દિવસે બ્રાહ્મણોને પુષ્કળ ઘી-સાકર સંયુક્ત ખીરનું ભોજન કરાવ્યું હતું. હે ગૌતમ ! ત્યાર પછી ચોથા માસક્ષમણના પારણાને માટે હું વણકરશાળામાંથી બહાર નીકળ્યો, નીકળીને નાલંદા પાડામાં થઈને કોલ્લાક સન્નિવેશમાં ઊંચ, નિમ્ન અને મધ્યમ કુળોમાં ભિક્ષાચરીને માટે જતાં મેં બહુલ બ્રાહ્મણના ઘરમાં પ્રવેશ કર્યો. બહુલ બ્રાહ્મણે મને આવતા જોયો ***યાવત્*** હું ઘી-સાકર સંયુક્ત ખીરથી પ્રતિલાભિત કરીશ, તે પ્રમાણે વિચાર કરીને બહુલ બ્રાહ્મણ સંતુષ્ટ થયા. શેષ વર્ણન વિજય ગાથાપતિની સમાન પૂર્વવત્ જાણવું. ***યાવત્*** બહુલ બ્રાહ્મણ ધન્ય છે, બહુલ બ્રાહ્મણ ધન્ય છે, તેમ લોકો કહેવા લાગ્યા.

**ગોશાલક દ્વારા પ્રભુની શોધ :–**

**૧૬ तएणं से गोसाले मंखलिपुत्ते ममं तंतुवायसालाए अपासमाणे रायगिहे णयरे**

सब्भिंतरबाहिरियाए ममं सव्वओ समंता मग्गण गवेसणं करेइ, ममं कत्थवि सुइं वा खुइं वा पवित्तिं वा अलभमाणे जेणेव तंतुवायसाला तेणेव उवागच्छइ, उवागच्छित्ता साडियाओ य पाडियाओ य कुंडियाओ य वाहणाओ य चित्तफलगं च माहणे आयामेइ, आयामेत्ता सउत्तरोट्ठं मुंडं कारेइ, सउत्तरोट्ठं मुंडं कारित्ता तंतुवायसालाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता णालंदं बाहिरियं मज्झंमज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव कोल्लागसण्णिवेसे तेणेव उवागच्छइ । तएणं तस्स कोल्लागस्स सण्णिवेसस्स बहिया बहुजणो अण्णमण्णस्स एवमाइक्खइ *जाव* परूवेइ– धण्णे णं देवाणुप्पिया ! बहुले माहणे, तं चेव *जाव* जीवियफले बहुलस्स माहणस्स बहुलस्स माहणस्स ।

**શબ્દાર્થ :–** **मग्गण-गवेसणं** = શોધ કરતાં **खुइं** = છીંક વગેરે કોઈ પ્રકારનો અવાજ **सउत्तरोट्ठं मुंडं कारित्ता** = દાઢી અને મૂંછ સહિત મસ્તક મુંડાવીને.

**ભાવાર્થ :–** ત્યાર પછી મંખલિપુત્ર ગોશાલકે મને વણકરશાળામાં ન જોયો, તેથી તેણે રાજગૃહ નગરની બહાર અને અંદર ચારે તરફ મારી શોધ કરી. પરંતુ કયાંય મારી શ્રુતિ–શબ્દ, ક્ષુતિ–છીંક વગેરેનો અવાજ અને લોકોનું આવાગમન કે વાર્તાલાપ આદિ ન મળતાં ફરી તે વણકરશાળામાં ગયો, ત્યાં જઈને તેણે પોતાનાં નીચે તથા ઉપર પહેરવાનાં વસ્ત્ર, કુંડી–જળપાત્ર, પગરખા અને ચિત્રપટ આદિ બ્રાહ્મણોને આપી દીધાં; આપીને, દાઢી અને મૂંછ સહિત મસ્તકનું મુંડન કરાવીને પછી વણકરશાળા અને નાલંદાપાડામાંથી બહાર નીકળીને કોલ્લાક સન્નિવેશમાં આવ્યો, કોલ્લાક સન્નિવેશના બહારના ભાગમાં અનેક મનુષ્યો પરસ્પર આ રીતે વાતો કરતા હતા– 'હે દેવાનુપ્રિયો ! બહુલ બ્રાહ્મણ ધન્ય છે' ઈત્યાદિ પૂર્વવત્ ***યાવત્*** બહુલ બ્રાહ્મણના જન્મ અને જીવનનું ફળ પ્રશંસનીય છે.

**પ્રભુ દ્વારા મૌન ભાવે ગૌશાલકનો સ્વીકાર :–**

**१७** तएणं तस्स गोसालस्स मंखलिपुत्तस्स बहुजणस्स अंतियं एयमट्ठं सोच्चा णिसम्म अयमेयारूवे अज्झत्थिए *जाव* समुप्पज्जित्था– जारिसिया णं ममं धम्मायरियस्स धम्मोवएसगस्स समणस्स भगवओ महावीरस्स इड्ढी जुई जसे बले वीरिए पुरिसक्कारपरक्कमे लद्धे पत्ते अभिसमण्णागए, णो खलु अत्थि तारिसिया णं अण्णस्स कस्सइ तहारूवस्स समणस्स वा माहणस्स वा इड्ढी जुई *जाव* परक्कमे लद्धे पत्ते अभिसमण्णागए; तं णिस्संदिद्धे च णं एत्थ ममं धम्मायरिए धम्मोवएसए समणे भगवं महावीरे भविस्सइ त्ति कट्टु कोल्लागसण्णिवेसे सब्भिंतरबाहिरिए ममं सव्वओ समंता मग्गणगवेसणं करेइ, ममं सव्वओ *जाव* करेमाणे कोल्लागसण्णिवेसस्स बहिया पणीयभूमीए मए सद्धिं अभिसमण्णागए । तएणं से गोसाले मंखलिपुत्ते हट्ठतुट्ठे ममं तिक्खुत्तो आयाहिणं पयाहिणं *जाव* णमंसित्ता एवं वयासी– तुब्भे णं भंते ! मम धम्मायरिया, अहं णं तुब्भं अंतेवासी । तएणं अहं गोयमा ! गोसालस्स मंखलिपुत्तस्स एयमट्ठं पडिसुणेमि । तएणं अहं गोयमा ! गोसालेणं मंखलिपुत्तेणं सद्धिं पणीयभूमीए छव्वासाइं लाभं अलाभं सुखं दुक्खं सक्कारमसक्कारं

**पच्चणुब्भवमाणे अणिच्चजागरियं विहरित्था ।**

**ભાવાર્થ :–** તે સમયે અનેક મનુષ્યો પાસેથી આ વાત સાંભળીને, અવધારણ કરીને, મંખલિપુત્ર ગોશાલકને વિચાર ઉત્પન્ન થયો કે– ''મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને જેવી ઋદ્ધિ, દ્યુતિ, યશ, બલ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ ઉપલબ્ધ થયા છે, પ્રાપ્ત થયા છે, સ્વાધીન થયા છે, તેવી ઋદ્ધિ, દ્યુતિ ***યાવત્*** પુરુષાકાર પરાક્રમ અન્ય કોઈ પણ તથારૂપના શ્રમણ-માહણને લબ્ધ, પ્રાપ્ત અને સ્વાધીન થયા નથી. તેથી નિઃશંકપણે મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીર સ્વામી અહીં જ હશે.'' આ પ્રમાણે વિચાર કરીને તે કોલ્લાક સન્નિવેશની બહાર અને અંદર, ચારે બાજુ મારી શોધ કરવા લાગ્યો. ચારે બાજુ મારી શોધ કરતાં, તે કોલ્લાક સન્નિવેશની બહારના ભાગમાં પ્રણીતભૂમિમાં (ક્ષેત્ર વિશેષનું નામ છે) મારી પાસે આવ્યો. મંખલિપુત્ર ગોશાલકે પ્રસન્ન અને સંતુષ્ટ થઈને ત્રણ પ્રદક્ષિણા પૂર્વક મને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! આપ મારા ધર્માચાર્ય છો અને હું આપનો શિષ્ય છું. હે ગૌતમ ! તે સમયે મંખલિપુત્ર ગોશાલકની આ વાતનો મેં સ્વીકાર કર્યો. હે ગૌતમ! ત્યાર પછી મેં મંખલિપુત્ર ગોશાલકની સાથે પ્રણીતભૂમિમાં છ વર્ષ સુધી લાભ-અલાભ, સુખ-દુઃખ, સત્કાર-અસત્કારનો અનુભવ કરતાં અને અનિત્યતાનું ચિંતન કરતાં વિચરણ કર્યું.

**વિવેચન :–**

**पणीयभूमिए :–** આચારાંગ સૂત્રમાં વજ્જભૂમિ, શુભ્રભૂમિ આદિ ક્ષેત્રના નામ છે, તે જ રીતે આ પણ ક્ષેત્રનું નામ સમજવું. કારણ કે તે ભૂમિમાં ગોશાલક સાથે પ્રભુએ છ વર્ષ વિચરણ કર્યું હતું, તેમ આ સૂત્ર પાઠથી સ્પષ્ટ થાય છે.

### તલના છોડ નિમિત્તે ગોશાલકની કુચેષ્ટા :–

**૧૮ तएणं अहं गोयमा ! अण्णया कयाइ पढमसरदकालसमयंसि अप्पवुट्ठिकायंसि गोसालेणं मंखलिपुत्तेणं सदि्ंध सिद्धत्थ गामाओ णयराओ कुम्मगामं णयरं संपट्ठीए विहाराए। तस्स णं सिद्धत्थगामस्स णयरस्स कुम्मगामस्स णयरस्स य अंतरा एत्थ णं महं एगे तिलथंभए पत्तिए पुप्फिए हरियगरेरिज्जमाणे सिरीए अईव-अईव उवसोभेमाणे-उवसोभेमाणे चिट्ठइ । तएणं से गोसाले मंखलिपुत्ते तं तिलथंभगं पासइ, पासित्ता ममं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता, एवं वयासी– एस णं भंते ! तिलथंभए किं णिप्फज्जिस्सइ णो णिप्फज्जिस्सइ ? एए य सत्त तिलपुप्फजीवा उद्दाइत्ता उद्दाइत्ता कहिं गच्छिहिंति, कहिं उववज्जिहिंति ? तएणं अहं गोयमा ! गोसालं मंखलिपुत्तं एवं वयासी– गोसाला ! एस णं तिलथंभए णिप्फज्जिस्सइ णो ण णिप्फज्जिस्सइ; एए य सत्त तिलपुप्फजीवा उद्दाइत्ता उद्दाइत्ता एयस्स चेव तिलथंभगस्स एगाए तिलसंगलियाए सत्त तिला पच्चायाइस्संति ।**

**શબ્દાર્થ:– अप्पवुट्ठिकायंसि** = અલ્પ વૃષ્ટિ થઈ હતી ત્યારે **संपट्ठीए** = જવાને માટે **तिलसंगलियाए** = તલની ફળીમાં.

**ભાવાર્થ :–** ત્યાર પછી હે ગૌતમ ! એક વાર શરદ ઋતુના પ્રારંભમાં અલ્પ વૃષ્ટિ થઈ હતી. તે સમયે હું

ગોશાલકની સાથે સિદ્ધાર્થગ્રામ નામના નગરમાંથી નીકળીને કૂર્મગ્રામ નામના નગરની તરફ જઈ રહ્યો હતો. સિદ્ધાર્થગ્રામ અને કૂર્મગ્રામની વચ્ચે માર્ગમાં તલનો એક મોટો છોડ હતો. તે છોડ પત્ર-પુષ્પ યુક્ત લીલોછમ હોવાથી અત્યંત શોભાયમાન હતો. ગોશાલકે તે તલના છોડને જોયો, જોઈને મને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! આ તલનો છોડ નિષ્પન્ન થશે કે નહીં ? આ સાત તલના ફૂલના જીવો મરીને કયાં જશે, કયાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! ત્યારે મંખલિપુત્ર ગોશાલકને મેં આ પ્રમાણે કહ્યું– હે ગોશાલક! આ તલનો છોડ નિષ્પન્ન થશે. તે નિષ્પન્ન થવાથી વંચિત રહેશે નહીં. આ સાત તલના ફૂલના જીવો મરીને આ જ તલ છોડની એક તલફળીમાં તલના રૂપે ઉત્પન્ન થશે.

**૧૯ तएणं से गोसाले मंखलिपुत्ते ममं एवं आइक्खमाणस्स एयमट्ठं णो सद्दहइ, णो पत्तियइ, णो रोएइ; एयमट्ठं असद्दहमाणे अपत्तियमाणे, अरोएमाणे मम पणिहाए 'अयण्णं मिच्छावाइ भवउ' त्ति कट्टु ममं अंतियाओ सणियं सणियं पच्चोसक्कइ, पच्चोसक्कित्ता जेणेव से तिलथंभए तेणेव उवागच्छइ, उवागच्छित्ता तं तिलथंभगं सलेट्टुयायं चेव उप्पाडेइ, उप्पाडित्ता एगंते एडेइ । तक्खणमेत्तं च णं गोयमा ! दिव्वे अब्भवद्दलए पाउब्भूए । तएणं से दिव्वे अब्भवद्दलए खिप्पामेव पतणतणाएइ, खिप्पामेव पविज्जुयाइ, खिप्पामेव णच्चोदगं णाइमट्टियं पविरलपप्फुसियं रयरेणुविणासणं दिव्वं सलिलोदगं वासं वासइ, जेणं से तिलथंभए आसत्थे पच्चायाए, तत्थेव बद्धमूले, तत्थेव पइट्ठिए । ते य सत्त तिलपुप्फजीवा उद्दाइत्ता उद्दाइत्ता तस्सेव तिलथंभगस्स एगाए तिलसंगलियाए सत्त तिला पच्चायाया ।**

**શબ્દાર્થઃ– तक्खणमेत्तं** = તત્કાલ, તે જ સમયે **पतणतणाइएइ** = જોરથી ગર્જના કરવા લાગ્યા **पविज्जुयाइ** = વિજળી ચમકવા લાગી **पविरलपप्फुसियं** = થોડા અથવા હળવા સ્પર્શવાળી **आसत्थे** = સ્થિર થયા **तिलमंथए** = તલનો છોડ **रयरेणुविणासणं** = રજ અને ધૂળ(વાયુ દ્વારા આકાશમાં ઊડીને છવાયેલી ધૂળના કણને રજ કહેવાય છે અને–ભૂમિસ્થિત ધૂળના કણને ધૂળ કહેવાય છે.) તે બંનેને શાંત કરનાર.

**ભાવાર્થ :–** ત્યારે મારી વાત પર ગોશાલકને શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ થઈ નહીં. આ રીતે શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ ન હોવાથી મને મિથ્યાવાદી(મારા વચનને ખોટા) ઠરાવવાનું વિચારીને, તે ગોશાલક મારાથી પાછળ રહી ગયો, તે મારી પાસેથી ધીરે ધીરે સરકીને, તલના છોડ પાસે જઈને ગોશાલકે તે તલના છોડને માટી સહિત મૂળમાંથી ઉખેડીને એક તરફ ફેંકી દીધો અને પાછો મારી સાથે થઈ ગયો. હે ગૌતમ! છોડ ઉખેડ્યા પછી તત્કાલ આકાશમાં દિવ્ય વાદળ છવાઈ ગયા અને તરત જ તે દિવ્ય વાદળ જોરથી ગર્જના કરવા લાગ્યા, વીજળી ચમકવા લાગી અને વધુ પાણી અને કીચડ ન થાય, તે રીતે ધીમી ધારે રજ અને ધૂળને શાંત કરનારી દિવ્ય વૃષ્ટિ થઈ, તેથી તે તલનો છોડ ત્યાં જ સ્થિર થઈ ગયો, વિશેષ સ્થિર થઈ ગયો અને બદ્ધ-મૂળ થઈને ત્યાં જ પ્રતિષ્ઠિત થઈ ગયો. તે સાત તલ-પુષ્પના જીવો મરીને તે જ તલના છોડની એક ફળીમાં સાત તલ રૂપે ઉત્પન્ન થયા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ગોશાલકની બુદ્ધિ ભ્રષ્ટતા અને શ્રદ્ધા પરિવર્તનનું વર્ણન છે.

જે શ્રદ્ધા ભાવે તેણે ભગવાનનું શિષ્યત્વ સ્વીકાર કર્યું હતું તે ભાવો ક્ષીણ થતાં થતાં છઠા વર્ષે અશ્રદ્ધામાં પલટાઈ ગયા. તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ અને આગ્રહપૂર્વક ધર્માચાર્યરૂપે સ્વીકારેલા પ્રભુને જ અસત્ય સાબિત કરવાની કુચેષ્ટા કરવા લાગ્યો. આ કુચેષ્ટા દ્વારા જ ગોશાલકના જીવનમાં પતનનો પ્રારંભ થયો.

છદ્મસ્થકાલમાં તીર્થંકર પ્રભુ પ્રાયઃ મૌન ભાવે વિચરે છે, તેમ છતાં આવશ્યકતાનુસાર યાચની, પૃચ્છની આદિ ભાષા બોલે છે. તેથી જ પ્રભુએ પ્રસંગોપાત ગોશાલકને પ્રત્યુત્તર આપ્યા હતા.

**ગોશાલક દ્વારા વૈશ્યાયન બાલ તપસ્વીની આશાતના :–**

**૨૦ तएणं अहं गोयमा ! गोसालेणं मंखलिपुत्तेणं सद्धिं जेणेव कुम्मग्गामे णयरे तेणेव उवागच्छामि । तएणं तस्स कुम्मग्गामस्स णयरस्स बहिया वेसियायणे णामं बालतवस्सी छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं उड्ढं बाहाओ पगिज्झिय पगिज्झिय सूराभिमुहे आयावणभूमिए आयावेमाणे विहरइ, आइच्च-तेय-तवियाओ य से छप्पईओ सव्वओ समंता अभिणिस्सवंति पाण-भूय-जीव-सत्त दयट्ठयाए च णं पडियाओ पडियाओ तत्थेव भुज्जो भुज्जो पच्चोरुहेइ ।**

**શબ્દાર્થ :– आइच्चतेय-तवियाओ** = સૂર્યના તાપથી પરિતાપિત થયેલી **छप्पईओ** = ષટ્પદી, જૂં **पडियाओ** = પડેલી.

**ભાવાર્થ :–** હે ગૌતમ ! ત્યાર પછી હું ગોશાલકની સાથે કૂર્મગ્રામ નગરમાં આવ્યો. તે સમયે કૂર્મગ્રામની બહાર વૈશ્યાયન નામના બાલ તપસ્વી નિરંતર છટ્ઠ-છટ્ઠના તપ સહિત બંને હાથ ઊંચા રાખીને, સૂર્યની સન્મુખ ઊભા રહીને, આતાપના ભૂમિમાં આતાપના લઈ રહ્યા હતા. સૂર્યની ગરમીથી તપેલી જૂ તેના માથામાંથી નીચે પડીને તેના શરીર પર ફરતી હતી અને તે તપસ્વી, સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વની દયા ભાવથી પ્રેરાઈને નીચે પડતી જૂઓને ઉપાડી-ઉપાડીને વારંવાર પોતાના માથામાં પાછી મૂકી રહ્યા હતા.

**૨૧ तएणं से गोसाले मंखलिपुत्ते वेसियायणं बालतवस्सिं पासइ, पासित्ता ममं अंतियाओ सणियं-सणियं पच्चोसक्कइ, पच्चोसक्कित्ता जेणेव वेसियायणे बालतवस्सी तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता वेसियायणं बालतवस्सिं एवं वयासी– किं भवं मुणी मुणिए, उदाहु जूयासेज्जायरए ? तएणं से वेसियायणे बालतवस्सी गोसालस्स मंखलिपुत्तस्स एयमट्ठं णो आढाइ, णो परियाणइ, तुसिणीए संचिट्ठइ । तएणं से गोसाले मंखलिपुत्ते वेसियायणं बालतवस्सिं दोच्चं पि तच्चं पि एवं वयासी–किं भवं मुणी मुणिए, उदाहु जूया सेज्जायरए ? तएणं से वेसियायणे बालतवस्सी गोसालेणं मंखलिपुत्तेणं दोच्चं पि तच्चं पि एवं वुत्ते समाणे आसुरुत्ते *जाव* मिसिमिसेमाणे आयावणभूमीओ पच्चोरुहइ, पच्चोरुहित्ता तेयासमुग्घाएणं समोहणइ, समोहणित्ता सत्तट्ठपयाइं पच्चोसक्कइ, सत्तट्ठपयाइं, पच्चोसक्कित्ता गोसालस्स मंखलिपुत्तस्स वहाए सरीरगंसि तेयं णिसिरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી વૈશ્યાયન બાલ તપસ્વીને જોઈને તે મંખલિપુત્ર ગોશાલક મારી પાસેથી ધીર-ધીરે સરકીને વૈશ્યાયન બાલ તપસ્વી પાસે ગયો અને વૈશ્યાયન બાલતપસ્વીને કહ્યું કે– શું આપ તત્ત્વજ્ઞ મુનિ છો કે 'જૂ'ના શય્યાતર છો ? વૈશ્યાયન બાલતપસ્વીએ ગોશાલકના આ કથનનો આદર ન કર્યો અને સ્વીકાર પણ ન કર્યો, તે મૌન રહ્યા. ગોશાલકે વૈશ્યાયન બાલતપસ્વીને બીજીવાર, ત્રીજીવાર આ પ્રમાણે કહ્યું– શું તમે જ્ઞાની મુનિ છો કે 'જૂ'ના શય્યાતર છો ? ગોશાલકે એકની એક તે વાત બે-ત્રણ વાર કહી ત્યારે વૈશ્યાયન બાલતપસ્વી કોપિત થયા ***યાવત્*** ક્રોધથી ધમધમાયમાન થઈને આતાપના ભૂમિ પરથી નીચે ઉતર્યા, પછી તૈજસ સમુદ્ઘાત કરીને સાત-આઠ ડગલા પાછળ ખસીને ગોશાલકના વધ માટે તેના શરીર ઉપર તેજોલેશ્યા મૂકી.

**૨૨ तएणं अहं गोयमा ! गोसालस्स मंखलिपुत्तस्स अणुकंपणट्ठयाए वेसियायणस्स बालतवस्सिस्स तेयपडिसाहरणट्ठयाए एत्थ णं अंतरा सीयलियं तेयलेस्सं णिसिरामि, जाए सा ममं सीयलियाए तेयलेस्साए वेसियायणस्स बालतवस्सिस्स सा उसिणा तेयलेस्सा पडिहया । तएणं से वेसियायणे बालतवस्सी ममं सीयलियाए तेयलेस्साए तं उसिणं तेयलेस्सं पडिहयं जाणित्ता गोसालस्स मंखलिपुत्तस्स सरीरगस्स किंचि आबाहं वा वाबाहं वा छविच्छेयं वा अकीरमाणं पासित्ता तं उसिणं तेयलेस्सं पडिसाहरइ, तं उसिणं तेयलेस्सं पडिसाहरित्ता ममं एवं वयासी– से गयमेयं भगवं ! से गयमेयं भगवं ! ।**

**શબ્દાર્થ :– तेय-पडिसाहरणट्ठयाए** = તેજોલેશ્યાને પ્રતિસંહરણ કરવા માટે, તેજોલેશ્યાના પ્રભાવને રોકવા માટે. **सीयलियं तेयलेस्सं** = શીતળ તેજોલેશ્યા **पडिहया** = પ્રતિહત થઈ, નિષ્ક્રિય થઈ **गयमेयं** = મેં જાણી લીધું.

**ભાવાર્થ :–** હે ગૌતમ ! ત્યારે મેં મંખલિપુત્ર ગોશાલક ઉપર અનુકંપા કરીને વૈશ્યાયન બાલ તપસ્વીની તેજોલેશ્યાના પ્રભાવને રોકવા માટે શીતલ તેજોલેશ્યા બહાર કાઢી. મારી તે શીતલ તેજોલેશ્યાથી વૈશ્યાયન બાલ તપસ્વીની ઉષ્ણલેશ્યાનો પ્રભાવ રોકાઈ ગયો, તે નિષ્ક્રિય બની ગઈ. મારી શીતલ તેજોલેશ્યાથી પોતાની ઉષ્ણ તેજોલેશ્યાનો પ્રતિઘાત થયો અને તે ઉષ્ણ તેજોલેશ્યા ગોશાલકના શરીરને અલ્પ પીડા, વિશેષ પીડા કે અવયવ છેદ વગેરે કાંઈ પણ કરી ન શકી, તેમ જોઈને વૈશ્યાયન બાલ તપસ્વીએ પોતાની ઉષ્ણ તેજોલેશ્યાને પાછી ખેંચી લીધી અને મને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! હું જાણી ગયો છું, હે ભગવન્! હું જાણી ગયો છું કે આ સર્વ આપની કૃપાથી થયું છે અર્થાત્ આપના પ્રભાવથી ગોશાલક બચી ગયો.

**૨૩ तएणं गोसाले मंखलिपुत्ते ममं एवं वयासी– किं णं भंते ! एस जूयासेज्जायरए तुब्भे एवं वयासी– से गयमेयं भगवं ! से गयमेयं भगवं ? तएणं अहं गोयमा ! गोसालं मंखलिपुत्तं एवं वयासी– तुमं णं गोसाला ! वेसियायणं बालतवस्सिं पाससि, पासित्ता ममं अंतियाओ सणियं सणियं पच्चोसक्कसि, जेणेव वेसियायणं बालतवस्सी तेणेव उवागच्छसि, तेणेव उवागच्छित्ता वेसियायणं बालतवस्सिं एवं वयासी– किं भवं मुणी मुणिए, उदाहु जुयासेज्जायरए ? तएणं से वेसियायणे बालतवस्सी तव एयमट्ठं णो आढाइ, णो परिजाणइ, तुसिणीए संचिट्ठइ । तएणं तुमं गोसाला ! वेसियायणं बालतवस्सिं दोच्चं पि तच्चं पि**

**एवं वयासी– किं भवं मुणी मुणिए *जाव* सेज्जायरए ? तएणं से वेसियायणे बालवतस्सी तुमं दोच्चं पि तच्चं पि एवं वुत्ते समाणे आसुरुत्ते *जाव* पच्चोसक्कइ, पच्चोसक्कित्ता तव वहाए सरीरगंसि तेयलेस्सं णिस्सरइ । तएणं अहं गोसाला ! तव अणुकंपणट्ठयाए वेसियायणस्स बालतवस्सिस्स उसिणतेयलेस्सा पडिसाहरणट्ठयाए एत्थ णं अंतरा सीयलियं तेयलेस्सं णिस्सिरामि *जाव* पडिहयं जाणित्ता तव य सरीरगस्स किंचि आबाहं वा वाबाहं वा छविच्छेयं वा अकीरमाणं पासित्ता तं उसिणं तेयलेस्सं पडिसारित्ता ममं एवं वयासी– से गयमेयं भगवं, से गयमेयं भगवं ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી મંખલિપુત્ર ગોશાલકે મને પૂછ્યું કે, ''હે ભગવન્ ! આ જૂઓના શય્યાતર બાલતપસ્વીએ આપને **હે ભગવન્ ! મેં જાણ્યું, હે ભગવન્ ! મેં જાણ્યું** આ રીતે શા માટે કહ્યું ?'' હે ગૌતમ ! ત્યારે મેં મંખલિપુત્ર ગોશાલકને આ પ્રમાણે કહ્યું કે– ''હે ગોશાલક ! વૈશ્યાયન બાલતપસ્વીને જોઈને તું મારી પાસેથી સરકીને વૈશ્યાયન બાલતપસ્વી પાસે ગયો, ત્યાં જઈને વૈશ્યાયન બાલ તપસ્વીને તેં આ પ્રમાણે કહ્યું– શું તમે જ્ઞાની મુનિ છો કે 'જૂ'ના ઘર છો ? વૈશ્યાયને તારા આ કથનનો આદર-સ્વીકાર ન કર્યો અને મૌન રહ્યા. ત્યારે તેં તેમને બીજીવાર, ત્રીજીવાર પણ આ પ્રમાણે કહ્યું, ત્યારે વૈશ્યાયન બાલતપસ્વી કુપિત થયા ***યાવત્*** તને મારવા તેણે તારા શરીર ઉપર તેજોલેશ્યા મૂકી. તે સમયે મેં તારા પર અનુકંપા કરીને વૈશ્યાયન બાલ તપસ્વીની તેજોલેશ્યાના પ્રભાવને રોકવા માટે શીત તેજોલેશ્યા છોડી. તેથી તેની ઉષ્ણ તેજોલેશ્યાનો પ્રતિઘાત થયો અને તારા શરીરને અલ્પ પીડા કે વિશેષ પીડા, અવયવ છેદ આદિ કાંઈ ન થયું. તે જોઈને તેણે પોતાની ઉષ્ણ તેજોલેશ્યાને પાછી ખેંચી લીધી. પછી તેણે મને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! હું જાણી ગયો, હે ભગવન્ ! હું જાણી ગયો છું કે ગોશાલક આપની કૃપાથી બચી ગયો છે.

**૨૪ तएणं से गोसाले मंखलिपुत्ते ममं अंतियाओ एयमट्ठं सोच्चा णिसम्म भीए *जाव* संजायभए ममं वंदइ णमंसइ, ममं वंदित्ता णमंसित्ता एवं वयासी–कहं णं भंते ! संखित्तविउल- तेयलेस्से भवइ ? तएणं अहं गोयमा ! गोसालं मंखलिपुत्तं एवं वयासी– जे णं गोसाला ! एगाए सणहाए कुम्मासपिंडियाए एगेण य वियडासएणं छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं उड्ढं बाहाओ पगिज्झिय पगिज्झिय *जाव* विहरइ, से णं अंतो छण्हं मासाणं संखित्तविउलतेयलेस्से भवइ । तएणं से गोसाले मंखलिपुत्ते ममं एयमट्ठं सम्मं विणएणं पडिसुणेइ ।**

**શબ્દાર્થ :– सणहाए** = બંધ મુટ્ઠી જેટલા **वियडासए** = ખુલ્લી મુટ્ઠી, અંજલીભર, ચુલ્લુભર જળ.

**ભાવાર્થ :–** હે ગૌતમ ! ત્યાર પછી મારી ઉપરોક્ત વાત સાંભળીને ગોશાલક ભયભીત થયો ***યાવત્*** ભયભીત થઈને મને વંદન નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યા કેવી રીતે પ્રાપ્ત થાય છે ? હે ગૌતમ ! ત્યારે મેં મંખલિપુત્ર ગોશાલકને કહ્યું– હે ગોશાલક! બંધ મુટ્ઠી જેટલા અડદના બાકળા અને અંજલીભર પાણીનો ઉપયોગ કરીને નિરંતર છઠ-છઠની તપસ્યા અને તે તપ સાથે બંને હાથ ઊંચા રાખીને ***યાવત્*** આતાપના લેનારા પુરુષને છ માસના અંતે સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યા પ્રાપ્ત થાય છે. ગોશાલકે મારા કથનનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રથી જ્ઞાત થાય છે કે તેજો લેશ્યા-લબ્ધિ બે પ્રકારની હોય છે– ઉષ્ણ અને શીતલ. ઉષ્ણ તેજો લેશ્યાની પ્રાપ્તિની વિધિ પ્રભુએ ગોશાલકને બતાવી પણ શીત લેશ્યાની પ્રાપ્તિની વિધિનું કથન આ સૂત્રમાં કે આગમ ગ્રંથોમાં કયાંય પ્રાપ્ત થતું નથી. તે ક્ષમા, શાંતિ, સંયમ, આદિ ગુણોના પ્રભાવે સ્વતઃ ઉપલબ્ધ થતી હોય તેવી સંભાવના છે.

**संखित्तविउलतेयलेस्सं :–** અપ્રયોગકાલમાં જે સંક્ષિપ્ત હોય અને પ્રયોગકાલમાં વિસ્તૃત થઈ જાય, તે સંક્ષિપ્ત-વિપુલ તેજોલેશ્યા કહેવાય છે.

**પ્રભુ પાસેથી ગોશાલકનો પૃથક્ વિહાર :–**

**૨૫ तएणं अहं गोयमा ! अण्णया कयाइ गोसालेणं मंखलिपुत्तेणं सद्धिं कुम्मगामाओ णयराओ सिद्धत्थग्गामं णयरं संपट्ठिए विहाराए, जाहे य मो तं देसं हव्वमागया जत्थ णं से तिलथंभए । तएणं से गोसाले मंखलिपुत्ते ममं एवं वयासी– तुब्भे णं भंते ! तया ममं एवं आइक्खह** *जाव* **परूवेह– गोसाला ! एस णं तिलथंभए णिप्फज्जिस्सइ, णो ण णिप्फज्जिस्सइ, तं चेव** *जाव* **पच्चायाइस्संति, तं णं मिच्छा, इमं च णं पच्चक्खमेव दीसइ– एस णं से तिलथंभए णो णिप्फण्णे अणिप्फण्णमेव । ते य सत्त तिलपुप्फजीवा उद्दाइत्ता उद्दाइत्ता णो एयस्स चेव तिलथंभगस्स एगाए तिलसंगलियाए सत्त तिला पच्चायाया ।**

**ભાવાર્થ :–** હે ગૌતમ ! ત્યાર પછી મંખલિપુત્ર ગોશાલકની સાથે મેં કૂર્મગ્રામ નગરથી સિદ્ધાર્થ ગ્રામ નગર તરફ વિહાર કર્યો. જ્યારે અમે તે તલના છોડની નજીક આવ્યા, ત્યારે ગોશાલકે મને કહ્યું– હે ભગવન્ ! આપે મને તે સમયે કહ્યું હતું ***યાવત્*** પ્રરૂપણા કરી હતી કે હે ગોશાલક ! આ તલનો છોડ નિષ્પન્ન થશે, અનિષ્પન્ન રહેશે નહીં અને તલ-પુષ્પના જીવો મરીને આ તલના છોડની એક ફળીમાં સાત તલ રૂપે ઉત્પન્ન થશે, પરંતુ આપની આ વાત મિથ્યા સિદ્ધ થઈ, (મેં તે છોડને ઉખેડી નાંખ્યો હતો. તેથી) પ્રત્યક્ષ સિદ્ધ છે કે આ તલનો છોડ ઉગ્યો જ નથી, તે અનિષ્પન્ન જ રહ્યો છે અને તે તલપુષ્પના સાત જીવો મરીને આ તલના છોડની એક તલફળીમાં સાત તલ રૂપે ઉત્પન્ન થયા નથી.

**૨૬ तएणं अहं गोयमा ! गोसालं मंखलिपुत्तं एवं वयासी– तुमं णं गोसाला ! तया ममं एवं आइक्खमाणस्स** *जाव* **परूवेमाणस्स एयमट्ठं णो सद्दहसि, णो पत्तियसि, णो रोयसि, एयमट्ठं असद्दहमाणे अपत्तियमाणे अरोएमाणे ममं पणिहाए ''अयं णं मिच्छावाई भवउ'' त्ति कट्टु ममं अंतियाओ सणियं सणियं पच्चोसक्कइ, पच्चोसक्कित्ता जेणेव से तिलथंभए तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता** *जाव* **एगंतमंते एडेइ । तक्खणमेत्तं गोसाला ! दिव्वे अब्भवद्दलए पाउब्भूए । तएणं से दिव्वे अब्भवद्दलए खिप्पामेव तं चेव** *जाव* **तस्स चेव तिलथंभगस्स एगाए तिलसंगलियाए सत्त तिला पच्चायाया; तं एस णं गोसाला ! से तिलथंभए णिप्फण्णे, णो अणिप्फण्णमेव । ते य सत्त तिलपुप्फजीवा उद्दाइत्ता उद्दाइत्ता एयस्स चेव तिलथंभयस्स एगाए तिलसंगलियाए सत्त तिला पच्चायाया। एवं खलु गोसाला!**

**वणस्सइकाइया पउट्टपरिहारं परिहरंति ।**

**ભાવાર્થ :–** હે ગૌતમ ! ત્યારે મેં ગોશાલકને કહ્યું– હે ગોશાલક ! જ્યારે મેં તને આ પ્રમાણે કહ્યું હતું, ***યાવત્*** પ્રરૂપણા કરી હતી ત્યારે તને મારા કથનની શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ થઈ ન હતી. મારા કથનમાં શ્રદ્ધા, પ્રતિતિ અને રુચિ ન થતાં, મારી વાણી મિથ્યા સિદ્ધ કરવાનું વિચારીને, તું મારી પાસેથી ધીરે-ધીરે પાછળ સરકી ગયો અને તલના છોડ પાસે જઈને તે તલના છોડને માટી સહિત ઉખેડીને એક બાજુ ફેંકી દીધો હતો. હે ગોશાલક ! તે સમયે તત્ક્ષણ આકાશમાં દિવ્ય વાદળ ઉમટયા, ગર્જના થવા લાગી, ઈત્યાદિ પૂર્વોક્ત સર્વ કથન કરવું ***યાવત્*** ફેંકી દીધેલો તે તલનો છોડ પાણી મળવાથી ફરી ઊગી ગયો. સાત તલ-પુષ્પના જીવો મરીને તે તલના છોડની એક તલફળીમાં સાત તલ રૂપે ઉત્પન્ન થયા છે. હે ગોશાલક ! તેથી આ તલનો છોડ નિષ્પન્ન થયો છે તે અનિષ્પન્ન રહ્યો નથી. તે સાત તલ-પુષ્પના જીવો મરીને આ જ તલના છોડની એક તલ ફળીમાં સાત તલ રૂપે ઉત્પન્ન થયા છે.

હે ગોશાલક ! આ રીતે વનસ્પતિકાયિક જીવ, મરીને તે જ શરીરમાં પુનઃ ઉત્પન્ન થઈ શકે છે.

**૨૭ तएणं से गोसाले मंखलिपुत्ते ममं एवमाइक्खमाणस्स** *जाव* **परूवेमाणस्स एयमट्ठं णो सद्दहइ** *जाव* **अरोएमाणे जेणेव से तिलथंभए तेणेव उवागच्छइ, उवागच्छित्ता ताओ तिलथंभयाओ तं तिलसंगलियं खुड्डइ, खुड्डित्ता करयलंसि सत्त तिले पप्फोडेइ । तएणं तस्स गोसालस्स मंखलिपुत्तस्स ते सत्त तिले गणमाणस्स अयमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– 'एवं खलु सव्वजीवा वि पउट्टपरिहारं परिहरंति' । एस णं गोयमा ! गोसालस्स मंखलिपुत्तस्स पउट्टे; एस णं गोयमा ! गोसालस्स मंखलिपुत्तस्स ममं अंतियाओ आयाए अवक्कमणे पण्णत्ते ।**

**શબ્દાર્થ :– खुड्डइ** = તોડે છે **पप्फोडेइ** = મસળે છે **आयाए** = આત્મતઃ=સ્વતઃ, પોતાનાથી, સ્વેચ્છાથી, સ્વયં **अवक्कमणे** = અપક્રમણ-પૃથક્ વિચરણ, પૃથક્કરણ.

**ભાવાર્થ :–** ત્યાર પછી મેં આ પ્રમાણે કહ્યું ***યાવત્*** પ્રરૂપણા કરી, ત્યારે તે મંખલિપુત્ર ગોશાલકને મારા ઉપરોકત કથનની શ્રદ્ધા, પ્રતીતિ કે રુચિ થઈ નહીં; મારા કથનની શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ નહીં કરતો તે તલના છોડ પાસે ગયો, ત્યાં જઈને તલના છોડની તલફળી તોડીને, હાથમાં મસળીને સાત તલ બહાર કાઢ્યા. ત્યાર પછી મંખલિપુત્ર ગોશાલકને સાત તલની ગણતરી કરતા આ પ્રમાણે વિચાર ઉત્પન્ન થયો– આ રીતે સર્વ જીવ **पउट्ट परिहार** શરીર અને સ્થાન પરિવર્તન કરે છે, હે ગૌતમ ! મંખલિપુત્ર ગોશાલકમાં પણ આ રીતે પરિવર્તન થયું. હે ગૌતમ ! ત્યાર પછી તે મંખલિપુત્ર ગોશાલક મારા પાસેથી પોતાની મેળે છૂટો પડી ગયો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ગોશાલકની દુષ્પ્રવૃત્તિઓનું અને તેના પૃથક્વિહારનું નિરૂપણ છે.

**पउट्टपरिहारं परिहरन्ति :– (१) पउट्ट=परिवृत्य-परिवृत्य, मृत्वा-मृत्वा । परिहारं=परिहरणीयं, परिधरणीयं शरीरं परिहरंति=धारयंतीत्यर्थ।** તે જીવ મરી મરીને છોડેલા તે જ શરીરને પુનઃ પુનઃ ધારણ કરે છે અર્થાત્ પુનઃ પુનઃ ત્યાં જ ઉત્પન્ન થાય છે. જે શરીરને છોડયું છે તે જ શરીરમાં ફરી ઉત્પન્ન થવું તેને **पउट्ट परिहार**

કહે છે. **(૨) पउट्ट** એટલે પરિવર્તન, **परिहार** એટલે વ્યવહાર; આ રીતે જીવનું એક જ કાયમાં (શરીરમાં) પરિવર્તન ચક્ર ચાલ્યા કરે છે. આ વ્યવહાર વનસ્પતિમાં વધુ થાય છે.

**ગોશાલકનું સ્વતઃ પૃથક્કરણ–** ગોશાલકે તલપુષ્પના જીવોને તે જ તલફળીમાં ઉત્પન્ન થયેલા જોયા. ભગવાનના ઉત્તરને મિથ્યા સિદ્ધ કરવાનો તેનો પ્રયત્ન નિષ્ફળ થઈ ગયો. ત્યારે તે શરમાઈને થઈને સ્વયં પ્રભુથી પૃથક્ વિચરણ કરવા લાગ્યો. પ્રભુની દીક્ષાના બીજા વર્ષે માગસર માસમાં ગોશાલકે સ્વયં પ્રભુનું શિષ્યત્વ સ્વીકાર્યું, છ વર્ષ પ્રભુ સાથે રહ્યો અને પ્રભુના દીક્ષાના આઠમા વર્ષે શિયાળામાં તે સ્વતઃ પ્રભુથી જુદો થઈ ગયો.

**તેજોલબ્ધિની સાધના :–**

**૨૮ तएणं से गोसाले मंखलिपुत्ते एगाए सणहाए कुम्मासपिंडियाए एगेण य वियडासएणं छटुंछट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं उड्ढं बाहाओ पगिज्झिय-पगिज्झिय** *जाव* **विहरइ । तएणं से गोसाले मंखलिपुत्ते अंतो छण्हं मासाणं संखित्त-विउलतेयलेस्से जाए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી મંખલિપુત્ર ગોશાલક, નખ સહિતની એક મુટ્ઠી અડદના બાકુળાથી અને એક અંજલિભર પાણીથી પારણા કરતો, નિરંતર છટ્ઠ-છટ્ઠના તપ સહિત બંને હાથ ઊંચા રાખીને સૂર્યની સન્મુખ ઊભા રહીને આતાપના ભૂમિમાં આતાપના લેવા લાગ્યો. આ પ્રમાણે કરતાં છ માસના અંતે ગોશાલકને સંક્ષિપ્ત-વિપુલ તેજોલેશ્યા ઉત્પન્ન થઈ.

**ગૌતમ સ્વામીના પ્રશ્નનો ઉપસંહાર : નિગમન :–**

**૨૯ तएणं तस्स गोसालस्स मंखलिपुत्तस्स अण्णया कयाइ इमे छ दिसाचरा अंतियं पाउब्भवित्था, तं जहा– साणे तं चेव सव्वं** *जाव* **अजिणे जिणसद्दं पगासेमाणे विहरइ । तं णो खलु गोयमा ! गोसाले मंखलिपुत्ते जिणे, जिणप्पलावी** *जाव* **जिणसद्दं पगासेमाणे विहरइ, गोसाले णं मंखलिपुत्ते अजिणे, जिणप्पलावी** *जाव* **पगासेमाणे विहरइ । तएणं सा महइमहालया महच्च परिसा** *जाव* **वंदित्ता णमंसित्ता** *जाव* **पडिगया ।**

**तएणं सावत्थीए णयरीए सिंघाडग** *जाव* **बहुजणो अण्णमण्णस्स एवं आइक्खइ** *जाव* **परूवेइ– जं णं देवाणुप्पिया ! गोसाले मंखलिपुत्ते जिणे जिणप्पलावी** *जाव* **विहरइ तं मिच्छा । समणे भगवं महावीरे एवं आइक्खइ** *जाव* **परूवेइ– एवं खलु तस्स गोसालस्स मंखलिपुत्तस्स मंखली णामं मंखे पिया होत्था । तएणं तस्स मंखलिस्स एवं चेव तं सव्वं भाणियव्वं** *जाव* **अजिणे जिणसद्दं पगासेमाणे विहरइ । तं णो खलु गोसाले मंखलिपुत्ते जिणे, जिणप्पलावी** *जाव* **विहरइ, गोसाले मंखलिपुत्ते अजिणे जिणप्पलावी** *जाव* **विहरइ। समणे भगवं महावीरे जिणे जिणप्पलावी** *जाव* **जिणसद्दं पगासेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી એકદા શાન, કલંદ ઇત્યાદિ છ દિશાચરો ગોશાલકને મળ્યા. પ્રારંભમાં કથિત તે સર્વ વર્ણન કરવું ***યાવત્*** તે જિન ન હોવા છતાં પણ પોતાને તીર્થંકરરૂપે વિખ્યાત કરતો વિચરે છે.

આ રીતે હે ગૌતમ ! મંખલિપુત્ર ગોશાલક વાસ્તવમાં 'જિન' થઈને પોતાને જિન કહેનાર નથી, તે જિન ન હોવા છતાં પોતાને જિન કહે છે ***યાવત્*** પોતાને તીર્થંકરરૂપે પ્રસિદ્ધ કરતો વિચરણ કરે છે. ત્યાર પછી તે અત્યંત મોટી પરિષદ પ્રભુને વંદન-નમસ્કાર કરીને પાછી ગઈ.

ત્યાર પછી શ્રાવસ્તી નગરીના શ્રૃંગાટક, ત્રિક માર્ગ આદિ માર્ગોમાં તેમજ રાજમાર્ગોમાં અનેક મનુષ્યો આ પ્રમાણે કહેવા લાગ્યા ***યાવત્*** પ્રરૂપણા કરવા લાગ્યા– હે દેવાનુપ્રિયો ! મંખલિપુત્ર ગોશાલક પોતાને 'જિન' માની રહ્યો છે. પોતાને 'જિન' કહેતો વિચરે છે. આ વાત મિથ્યા છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કહે છે ***યાવત્*** પ્રરૂપણા કરે છે કે– મંખલિપુત્ર ગોશાલકના મંખલી નામના મંખ (ભિક્ષાચર વિશેષ) પિતા હતા. ઈત્યાદિ પૂર્વોક્ત સંપૂર્ણ વર્ણન કરવું ***યાવત્*** ગોશાલક 'જિન' ન હોવા છતાં પણ પોતાને તીર્થંકર રૂપે પ્રસિદ્ધ કરતો વિચરે છે. વાસ્તવમાં ગોશાલક તીર્થંકર નથી પરંતુ તે તીર્થંકર હોવાનો દાવો કરે છે; ખરેખર શ્રમણ ભગવાન મહાવીર સ્વામી 'જિન' છે ***યાવત્*** તીર્થંકર પણે પ્રસિદ્ધ થઈ વિચરે છે.

**૩૦ तएणं से गोसाले मंखलिपुत्ते बहुजणस्स अंतियं एयमट्ठं सोच्चा णिसम्म आसुरुत्ते** *जाव* **मिसिमिसेमाणे आयावणभूमीओ पच्चोरुहइ, पच्चोरुहित्ता सावत्थिं णयरिं मज्झंमज्झेणं जेणेव हालाहलाए कुंभकारीए कुंभकारावणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता हालाहलाए कुंभकारीए कुंभकारावणंसि आजीवियसंघसंपरिवुडे महया अमरिसं वहमाणे एवं चावि विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યારપછી અનેક મનુષ્યો પાસેથી આ વાત સાંભળીને ગોશાલક અત્યંત કુપિત થયો ***યાવત્*** ક્રોધથી ધમધમતો દાંત કચકચાવતો, આતાપના ભૂમિથી નીચે ઉતરીને શ્રાવસ્તી નગરીની મધ્યમાં થઈને, હાલાહલા કુંભારણની વાસણની દુકાન હતી ત્યાં આવ્યો, ત્યાં આવીને હાલાહલા કુંભારણની દુકાનમાં આજીવિક સંઘથી ઘેરાયેલા તેણે અત્યંત ક્રોધને ધારણ કરી, ક્રોધ ભાવમાં ત્યાં બેસી ગયો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રભુએ ગોશાલકના જીવન વૃત્તાંતનો ઉપસંહાર કર્યો છે. મિથ્યાભિનિવેષથી ઘેરાયેલી વ્યક્તિ પોતાના આગ્રહની પુષ્ટિ માટે કેવી રીતે પ્રવૃતિ કરે, તે પ્રસ્તુત વૃત્તાંતમાં જાણી શકાય છે.

ગોશાલકે પ્રભુથી પૃથક્ વિહાર કરીને તેજોલબ્ધિની સાધના કરી. તે ઉપરાંત તેને અષ્ટાંગ નિમિત્તના જ્ઞાતા છ દિશાચરોનો સહયોગ મળ્યો. આ રીતે આંશિક પુણ્યોદયે અને લબ્ધિ પ્રભાવે તેણે પોતાનું સંઘબળ વધાર્યું. તે પોતાની તીર્થંકર તરીકેની પ્રખ્યાતિ કરીને લોકોમાં માન-સન્માન મેળવી રહ્યો હતો. પરંતુ જ્યારે સર્વજ્ઞ વીતરાગ પ્રભુએ જનસમાજ સમક્ષ વાસ્તવિકતા પ્રગટ કરી ત્યારે પોતાના અહંકાર પર ઘાત થતાં તે ક્રોધિત થયો.

**आयावण भूमीओ पच्चोरुहइ :–** આતાપના ભૂમિથી નીચે ઉતર્યો. આ સૂત્રાંશથી જ્ઞાત થાય છે કે ગોશાલકના જીવનના સાત જ દિવસ બાકી હતા અને તે સ્વયં વિશાળ સંઘનો નાયક હતો. તેમ છતાં તેની તપ સાધના ચાલુ હતી પણ ગાઢ મિથ્યાત્વના ઉદયે તપ સાધના પણ તેને સન્માર્ગમાં લાવી શકી નહીં.

સત્યને સમજવું, સત્યને સત્યરૂપે સ્વીકારવું અને સત્યને પામવું તે ઉત્તરોત્તર કઠિનતમ છે. વ્યક્તિ સત્યને સમજીને સત્યરૂપે સ્વીકારે નહીં ત્યાં સુધી તે ત્રણકાલમાં સત્યને પામી શકતી નથી. ગોશાલકને ગાઢ મિથ્યાત્વનો ઉદય હતો. તેથી તે સત્યને સમજી કે સ્વીકારી શક્યો નહી. ભગવાને જ્યારે જનસમૂહ

સમક્ષ સત્ય પ્રગટ કર્યું ત્યારે પણ ગોશાલક પોતાની ભૂલનો સ્વીકાર કરવાને બદલે અત્યંત કોપિત થયો.

**આનંદ શ્રમણ સાથે સદષ્ટાંત ધમકી ભરેલો સંદેશો :–**

**૩૧** **तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी आणंदे णामं थेरे पगइभद्दए** *जाव* **विणीए छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ । तएणं से आणंदे थेरे छट्ठक्खमणपारणगंसि पढमाए पोरिसीए एवं जहा गोयमसामी तहेव आपुच्छइ, तहेव** *जाव* **अडमाणे हालाहलाए कुंभकारीए कुंभकारावणस्स अदूरसामंतेणं वीइवयइ । तएणं से गोसाले मंखलिपुत्ते आणंदं थेरं हालाहलाए कुंभकारीए कुंभकारावणस्स अदूरसामंतेणं वीइवयमाणं पासइ, पासित्ता एवं वयासी– एहि ताव आणंदा ! इओ एगं महं उवमियं णिसामेहि । तएणं से आणंदे थेरे गोसालेणं मंखलिपुत्तेणं एवं वुत्ते जेणेव हालाहलाए कुंभकारीए कुंभकारावणे, जेणेव गोसाले मंखलिपुत्ते तेणेव उवागच्छइ।**

**ભાવાર્થ :–** તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના શિષ્ય, આનંદ નામના સ્થવિર શ્રમણ હતા. તે પ્રકૃતિથી ભદ્ર ***યાવત્*** વિનીત હતા. તે નિરંતર છઠ છઠની તપસ્યા કરતાં અને સંયમ-તપથી આત્માને ભાવિત કરતાં વિચરતા હતા. એકવાર તે આનંદ સ્થવિર છઠના પારણાના દિવસે પ્રથમ પોરસીમાં સ્વાધ્યાય કરીને ***યાવત્*** ગૌતમ સ્વામીની જેમ ભગવાનની આજ્ઞા લઈને ઊંચ, નિમ્ન અને મધ્યમ કુળોમાં ગોચરીને માટે ફરતાં, હાલાહલા કુંભારણની દુકાન પાસેથી પસાર થયા. ગોશાલકે આનંદ સ્થવિરને હાલાહલા કુંભારણની દુકાન પાસેથી પસાર થતાં જોઈને આ પ્રમાણે કહ્યું– હે આનંદ ! અહીં આવ, મારું એક દષ્ટાંત સાંભળ. ગોશાલકે આ પ્રમાણે કહ્યું ત્યારે તે આનંદ સ્થવિર શ્રમણ હાલાહલા કુંભારણની દુકાનમાં મંખલિ પુત્ર ગોશાલકની પાસે આવ્યા.

**૩૨** **तएणं से गोसाले मंखलिपुत्ते आणंदं थेरं एवं वयासी– एवं खलु आणंदा ! इओ चिराईयाए अद्धाए केइ उच्चावया वणिया अत्थत्थी, अत्थलुद्धा, अत्थगवेसी, अत्थकंखिया, अत्थपिवासा अत्थगवेसणयाए णाणाविहविउलपणियभंडमायाए सगडीसागडेणं सुबहुं भत्तपाणं पत्थयणं गहाय एगं महं अगामियं, अणोहियं छिण्णावायं दीहमद्धं अडविं अणुप्पविट्ठा। तएणं तेसिं वणियाणं तीसे अगामियाए, अणोहियाए, छिण्णावायाए, दीहमद्धाए अडवीए किंचि देसं अणुप्पत्ताणं समाणाणं से पुव्वगहिए उदए अणुपुव्वेणं परिभुंजेमाणे-परिभुंजेमाणे खीणे ।**

**तएणं ते वणिया खीणोदगा समाणा तण्हाए परिब्भवमाणा अण्णमण्णे सद्दावेंति, सद्दावित्ता एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! अम्हं इमीसे अगामियाए** *जाव* **अडवीए किंचि देसं अणुप्पत्ताणं समाणाणं से पुव्वगहिए उदए अणुपुव्वेणं परिभुंजेमाणे-परिभुंजेमाणे खीणे, तं सेयं खलु देवाणुप्पिया ! अम्हं इमीसे अगामियाए** *जाव* **अडवीए उदगस्स सव्वओ समंता मग्गणगवेसणं करेत्तए त्ति कट्टु अण्णमण्णस्स अंतिए एयमट्ठं पडिसुणेंति, पडिसुणेत्ता तीसे णं अगामियाए** *जाव* **अडवीए उदगस्स सव्वओ समंता मग्गणगवेसणं**

करेंति, उदगस्स सव्वओ समंता मग्गणगवेसणं करेमाणा एगं महं वणसंडं आसाएंति– किण्हं किण्होभासं *जाव* णिउरंबभूयं पासाईयं *जाव* पडिरूवं । तस्स णं वणसंडस्स बहुमज्झदेसभाए एत्थ णं महेगं वम्मीयं आसाएंति । तस्स णं वम्मीयस्स चत्तारि वप्पुओ अब्भुग्गयाओ अभिणिसढाओ तिरियं सुसंपग्गहियाओ, अहे पण्णगद्धरूवाओ, पण्णगद्धसंठाणसंठियाओ, पासाईयाओ *जाव* पडिरूवाओ ।

तएणं ते वणिया हट्ठतुट्ठा अण्णमण्णं सद्दावेंति, सद्दावेत्ता एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! अम्हे इमीसे अगामियाए *जाव* सव्वओ समंता मग्गणगवेसणं करेमाणेहिं इमे वणसंडे आसाइए, किण्हे, किण्होभासे । इमस्स णं वणसंडस्स बहुमज्झदेसभाए इमे वम्मीए आसाइए । इमस्स णं वम्मीयस्स चत्तारि वप्पुओ अब्भुग्गयाओ *जाव* पडिरूवाओ । तं सेयं खलु देवाणुप्पिया ! अम्हं इमस्स वम्मीयस्स पढमं वप्पिं भिंदित्तए, अवियाइं ओरालं उदगरयणं अस्साएस्साओ ।

तएणं ते वणिया अण्णमण्णस अंतियं एयमट्ठं पडिसुणेंति, पडिसुणेत्ता तस्स वम्मीयस्स पढमं वप्पिं भिंदंति । तेणं तत्थ अच्छं पत्थं जच्चं तणुयं फालियवण्णाभं ओरालं उदगरयणं आसाएंति । तएणं ते वणिया हट्ठतुट्ठा पाणियं पिबंति, पाणियं पिबित्ता वाहणाइं पज्जेंति, वाहणाइं पज्जेत्ता भायणाइं भरेंति ।

**શબ્દાર્થ :– चिराईयाए अद्धाए** = અત્યંત પ્રાચીન સમયમાં **अत्थत्थी** = ધનાર્થી **सगडी सागडेणं** = ગાડા-ગાડીઓમાં **अगामियं** = જેમાં કોઈ ગામ ન હોય તેવું વન **अणोहियं** = અગાધ **वम्मीयं** = વલ્મીક, રાફડો **वप्पुओ** = રાફડાનું શિખર **अच्छं** = સ્વચ્છ **पत्थं** = પથ્યકારી **जच्चं** = અકૃત્રિમ **तणुयं** = હલકા **फालियवण्णाभं** = સ્ફટિક સમાન વર્ણવાળા, અત્યંત સ્વચ્છ.

**ભાવાર્થ :–** ત્યાર પછી ગોશાલકે આનંદ સ્થવિરને આ પ્રમાણે કહ્યું– હે આનંદ ! આજથી અનેક વર્ષો પહેલા ધનના અર્થી, ધનના લોભી, ધનના ગવેષી, ધનાકાંક્ષી અને ધનની તૃષ્ણાવાળા કેટલાક નાના-મોટા વણિકો, ધનોપાર્જનને માટે અનેક પ્રકારની સુંદર વસ્તુઓ, ગાડા-ગાડીઓમાં ભરીને અને પર્યાપ્ત અન્ન પાણી રૂપ પાથેય લઈને, એક મહાઅટવીમાં ગયા. તે અટવી ગ્રામરહિત, પાણીના પ્રવાહ રહિત, સાર્થ આદિના આગમનથી રહિત અને દીર્ઘ માર્ગવાળી હતી. તેમણે તે ગ્રામ રહિત, પાણીના પ્રવાહરહિત, સાર્થ આદિના આગમનથી રહિત અને દીર્ઘ માર્ગવાળી અટવીનો કેટલોક ભાગ પસાર કર્યો. ત્યારે તેમની સાથે લીધેલું પાણી પીતાં-પીતાં ખૂટી ગયું. પાણી રહિત અને તૃષાપીડિત તે વ્યાપારીઓએ પરસ્પર એક બીજાને બોલાવીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો ! આપણે આ ગામ રહિત **યાવત્** અટવીનો કેટલોક ભાગ જ પસાર કર્યો છે અને લીધેલું પાણી ક્રમશઃ પીતાં-પીતાં સમાપ્ત થઈ ગયું છે. હે દેવાનુપ્રિયો ! ''આપણે ગામ રહિતની આ અટવીમાં ચારે તરફ પાણીની શોધ કરીએ.'' આ પ્રમાણે પરસ્પર વિચાર વિનિમય કરીને ગામ રહિત તે અટવીમાં ચારે તરફ પાણીની શોધ કરવા લાગ્યા. ચારે તરફ પાણીની શોધ કરતા તેઓએ એક મોટો વનખંડ જોયો. તે વનખંડ શ્યામ, શ્યામ કાંતિવાળો **યાવત્** મહામેઘના સમૂહ જેવો, પ્રસન્નતા ઉત્પન્ન કરનાર **યાવત્** મનોહર હતો. તે વનખંડના મધ્યભાગમાં તેઓએ એક મોટો રાફડો જોયો. તે રાફડામાં

સિંહની કેશરાલની સમાન ઊંચા ઊઠેલા ચાર શિખર હતા. તે શિખરો નીચેના ભાગમાં તીરછા વિસ્તૃત અને સર્પના પાછળના અર્ધભાગ જેવા નીચે જાડા(વિસ્તીર્ણ) અને ઉપર પાતળા હતા ***યાવત્*** તે મનોહર હતા. તે રાફડાને જોઈને વણિકો પ્રસન્ન અને સંતુષ્ટ થયા અને પરસ્પર એકબીજાને બોલાવીને આ પ્રમાણે કહ્યું– "હે દેવાનુપ્રિયો ! આપણે આ ગામ રહિત અટવીમાં ચારે તરફ પાણીની શોધ કરતાં આ વનખંડને જોયો છે, જે શ્યામ શ્યામ કાંતિવાળો છે. આ વનખંડના મધ્યભાગમાં આ રાફડાને જોયો. આ રાફડાના ચાર સુંદર શિખરને જોયા છે, જે સુંદર અને મનોહર છે. હે દેવાનુપ્રિયો ! તેથી આ રાફડાનું પ્રથમ શિખર તોડવું શ્રેયસ્કર છે. જેથી આપણને પુષ્કળ ઉત્તમ પાણી મળશે." તે વણિકોએ એક બીજા પાસેથી આ વાત સાંભળીને રાફડાનું પ્રથમ શિખર તોડ્યું અને તેઓને સ્વચ્છ, હિતકારક, ઉત્તમ,અકૃત્રિમ, હળવું અને સ્ફટિકના વર્ણ જેવું પુષ્કળ પાણી પ્રાપ્ત થયું. તે સહુ પ્રસન્ન અને સંતુષ્ટ થયા. તેઓએ સ્વયં પાણી પીધું, પોતાના બળદ આદિ વાહનોમાં જોડેલા પશુઓને તે પાણી પીવડાવ્યું અને પાણીના વાસણ ભર્યા.

**३३** **भायणाइं भरेत्ता दोच्चं पि अण्णमण्णं एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! अम्हेहिं इमस्स वम्मीयस्स पढमाए वप्पाए भिण्णाए ओराले उदगरयणे अस्साइए, तं सेयं खलु देवाणुप्पिया ! अम्हं इमस्स वम्मीयस्स दोच्चं पि वप्पं भिंदित्तए; अवियाइं एत्थ ओरालं सुवण्णरयणं अस्साएस्सामो ।**

**तएणं ते वणिया अण्णमण्णस्स अंतियं एयमट्ठं पडिसुर्णेति, अण्णमण्णस्स अंतियं एयमट्ठं पडिसुणेत्ता तस्स वम्मीयस्स दोच्चं पि वप्पं भिंदंति । ते णं तत्थ अच्छं जच्चं तवणिज्जं महत्थं महग्घं महरिहं ओरालं सुवण्णरयणं अस्साएंति । तएणं ते वणिया हट्ठतुट्ठा भायणाइं भरेंति, पवहणाइं भरेंति । भरित्ता तच्चं पि अण्णमण्णं एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! अम्हे इमस्स वम्मीयस्स पढमाए वप्पाए भिण्णाए ओराले उदगरयणे आसाइए, दोच्चाए वप्पाए भिण्णाए ओराले सुवण्णरयणे आसाइए, तं सेयं खलु देवाणुप्पिया ! अम्हं इमस्स वम्मीयस्स तच्चं पि वप्पं भिंदित्तए । अवियाइं एत्थं ओरालं मणिरयणं अस्साएस्सामो ।**

**तएणं ते वणिया अण्णमण्णस्स अंतियं एयमट्ठं पडिसुर्णेति, पडिसुणेत्ता तस्स वम्मीयस्स तच्चं पि वप्पं भिंदंति । ते णं तत्थ विमल णिम्मलं णित्तलं णिक्कलं महत्थं महग्घं महरिहं ओरालं मणिरयणं आसाएंति । तएणं ते वणिया हट्ठतुट्ठा भायणाइं भरेंति, भरित्ता पवहण्णाइं भरेंति ।**

**भरित्ता चउत्थं पि अण्णमण्णं एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! अम्हे इम्मस्स वम्मीयस्स पढमाए वप्पाए भिण्णाए ओराले उदगरयणे आसाइए, दोच्चाए वप्पाए भिण्णाए ओराले सुवण्णरयणे आसाइए, तच्चाए वप्पाए भिण्णाए ओराले मणिरयणे आसाइए । तं सेयं खलु देवाणुप्पिया ! अम्हं इमस्स वम्मीयस्स चउत्थं पि वप्पं भिंदित्तए, अवियाइं उत्तमं महग्घं महरिहं ओरालं वइररयणं अस्साएस्सामो ।**

**ભાવાર્થ :–** વાસણ ભરીને તેઓએ બીજી વાર પરસ્પર આ પ્રમાણે વિચાર કર્યો કે– ''હે દેવાનુપ્રિયો ! પ્રથમ શિખરને તોડવાથી આપણને પુષ્કળ ઉત્તમ પાણી પ્રાપ્ત થયું છે, હે દેવાનુપ્રિયો ! હવે બીજું શિખર તોડવું આપણા માટે શ્રેયસ્કર છે, જેથી આપણને પર્યાપ્ત માત્રામાં ઉત્તમ સુવર્ણ પ્રાપ્ત થશે.'' તે વણિકોએ પરસ્પરના આ કથનને સાંભળીને રાફડાનું બીજું શિખર તોડ્યું. તેમાંથી તેઓને સ્વચ્છ, ઉત્તમ, તાપને સહન કરવા યોગ્ય, મહાર્થવાળું, મહામૂલ્યવાન પર્યાપ્ત માત્રામાં સુવર્ણ પ્રાપ્ત થયું. સુવર્ણ પ્રાપ્ત થવાથી તેઓ પ્રસન્ન અને સંતુષ્ટ થયા. તે વ્યાપારીઓએ પોતાના પાત્રો ભરી લીધા અને વાહનોને પણ ભરી લીધા. ત્યાર પછી ત્રીજી વાર તેઓએ પરસ્પર આ પ્રમાણે વિચાર કર્યો, ''હે દેવાનુપ્રિયો ! આ રાફડાના પ્રથમ શિખરને તોડવાથી આપણને પુષ્કળ પાણી મળ્યું, બીજા શીખરને તોડવાથી પુષ્કળ ઉત્તમ સુવર્ણ મળ્યું. હે દેવાનુપ્રિયો! હવે આ ત્રીજું શિખર તોડવું આપણા માટે શ્રેયસ્કર છે. જેથી આપણને પુષ્કળ મણિરત્નો પ્રાપ્ત થશે.'' તે વણિકોએ પરસ્પર આ કથન સાંભળીને ત્રીજું શીખર તોડ્યું. જેમાંથી તેઓને વિમલ, નિર્મળ, ગોળ, દોષ રહિત, મહાન અર્થવાળા, મહામૂલ્યવાન પુષ્કળ મણિરત્નો પ્રાપ્ત થયાં. મણિરત્નોને પ્રાપ્ત કરીને તે વ્યાપારીઓ અત્યંત હૃષ્ટ અને તુષ્ટ થયા. તેઓએ મણિરત્નોથી પોતાના પાત્રો અને વાહનો ભરી લીધા.

તે વણિકોએ ચોથી વાર પણ પરસ્પર વિચાર વિમર્શ કર્યો, હે દેવાનુપ્રિયો ! આ રાફડાના પ્રથમ શિખરને તોડવાથી પુષ્કળ પાણી મળ્યું, બીજા શિખરને તોડવાથી પ્રચુર સુવર્ણ પ્રાપ્ત થયું. ત્રીજા શિખરને તોડવાથી પુષ્કળ મણિરત્નો પ્રાપ્ત થયા. હે દેવાનુપ્રિયો ! હવે રાફડાના ચોથા શિખરને તોડવું શ્રેયસ્કર છે, તેથી આપણને ઉત્તમ, મહામૂલ્યવાન, મહાપ્રયોજનવાળા અને મહાપુરુષોને યોગ્ય પુષ્કળ વજ્રરત્ન પ્રાપ્ત થશે.

**३४ तएणं तेसिं वणियाणं एगे वणिए हियकामए, सुहकामए, पत्थकामए आणुकंपिए णिस्सेसिए, हिय-सुह-णिस्सेसकामए ते वणिए एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! अम्हे इमस्स वम्मीयस्स पढमाए वप्पाए भिण्णाए ओराले उदगरयणे *जाव* तच्चाए वप्पाए भिण्णाए ओराले मणिरयणे आसाइए । तं होउ अलाहि पज्जत्तं णे एसा चउत्थी वप्पा मा भिज्जउ; चउत्थी णं वप्पा सउवसग्गा यावि होत्था ।**

**ભાવાર્થ :–** તે વ્યાપારીઓમાંથી સર્વના હિતના કામી, સુખના કામી, પથ્યના કામી, અનુકંપાના કામી અને નિઃશ્રેયસ-કલ્યાણના કામી, હિત, સુખ, નિઃશ્રેયસના કામી એક વણિકે પોતાના સર્વ સાથીઓને કહ્યું– હે દેવાનુપ્રિયો ! પ્રથમ શિખર તોડવાથી આપણને સ્વચ્છ જળ મળ્યું, બીજું શિખર તોડવાથી આપણને સુવર્ણ રત્નની પ્રાપ્તિ થઈ, ત્રીજું શિખર તોડવાથી મણિરત્નો પ્રાપ્ત થયા. હવે બસ કરીએ, આપણા માટે આટલું જ પર્યાપ્ત છે; ચોથું શિખર તોડવું તે આપણા માટે શ્રેયસ્કર નથી. ચોથું શિખર તોડવું તે કદાચિત્ આપણા માટે ઉપદ્રવકારી બની શકે છે.

**३५ तएणं ते वणिया तस्स वणियस्स हियकामगस्स सुहकामगस्स *जाव* हिय-सुह-णिस्सेस-कामगस्स एवमाइक्खमाणस्स *जाव* परूवेमाणस्स एयमट्ठं णो सद्दहंति *जाव* णो रोयंति, एयमट्ठं असद्दहमाणा *जाव* अरोएमाणा तस्स वम्मीयस्स चउत्थं पि वप्पिं भिंदंति। ते णं तत्थ उग्गविसं चंडविसं घोरविसं महाविसं अइकायमहाकायं मसिमूसाकालगं**

**णयण-विसरोसपुण्णं अंजणपुंजणिगरप्पगासं रत्तच्छं जमलजुयलचंचल-चलंतजीहं धरणितलवेणिभूयं उक्कडफुड-कुडिल-जडुल-कक्खड-विकड-फडाडोव-करणदच्छं लोहागरधम्ममाण धमधमेंत-घोसं अणागलिय-चंडतिव्वरोसं समुइयं तुरियं चवलं धमंतं दिट्ठिविसं सप्पं संघट्टेंति । तएणं से दिट्ठिविसे सप्पे तेहिं वणिएहिं संघट्टिए समाणे आसुरुत्ते** *जाव* **मिसिमिसेमाणे सणियं सणियं उट्ठेइ, उट्ठित्ता सरसरसरस्स वम्मीयस्स सिहरतलं दुरुहेइ, सिहरतलं दुरुहेत्ता आइच्चं णिज्झाइ, आइच्चं णिज्झाइत्ता ते वणिए अणिमिसाए दिट्ठीए सव्वओ समंता समभिलोएइ । तएणं ते वणिया तेणं दिट्ठीविसेणं सप्पेणं अणिमिसाए दिट्ठीए सव्वओ समंता समभिलोइया समाणा खिप्पामेव सभंडमत्तोवगरणमायाए एगाहच्चं कूडाहच्चं भासरासी कया यावि होत्था । तत्थ णं जे से वणिए तेसिं वणियाणं हियकामए** *जाव* **हिय-सुह-णिस्सेसकामए से णं आणुकंपियाए देवयाए सभंडमत्तोवगरणमायाए णियगं णयरं साहिए ।**

**શબ્દાર્થ :– उग्गविसं** = ઉગ્ર વિષધારી દૂર ન કરી શકાય તેવા વિષધારી **चंडविसं** = જે મનુષ્યને ડંખ મારે તો તેના શરીરમાં શીઘ્રતાથી વિષ વ્યાપી જાય તેવો **घोरविसं** = પરંપરાએ ક્રમશઃ હજાર પુરુષોને પણ પોતાના વિષથી મારી નાખંવામાં સમર્થ **महाविसं** = જંબૂદ્વીપ પ્રમાણ શરીરમાં પણ વિષને વ્યાપ્ત કરવાની શક્તિવાળો **अतिकायं** = તેનું શરીર શેષનાગ આદિના શરીર કરતા મોટું હતું **महाकायं** = અતિકાય સર્પથી પણ મહાકાયાવાળો **मसिमूसाकालगं** = મષી એટલે કાજળ અને મૂષા એટલે સુવર્ણાદિને ગાળવાનું શ્યામ રંગનું પાત્ર. મષી અને મૂષાની સમાન કૃષ્ણવર્ણનો **णयणविसरोसपुण्णं** = જેની દષ્ટિમાં વિષ છે તેવો અને રોષ પૂર્ણ **अंजणपुंजणिगरप्पगासं** = તેના શરીરની કાંતિ અંજનપુંજના સમૂહ જેવી હતી **रत्तच्छं** = લાલ આંખોવાળો **जमलजुयलचंचलचलंतजीहं** = જેની બંને જીભ એક સાથે ખૂબ જ ઝડપથી ચાલતી હોય તેવો **धरणितलवेणिभूयं** = તે સર્પ પૃથ્વીરૂપ યુવતિના મસ્તકના વેણી સમાન લાગતો હતો. તેની કૃષ્ણતા, દીર્ઘતા, મુલાયમતા આદિ સાધર્મ્યના કારણે તેને વેણીની ઉપમા આપી છે.

સર્પની ફેણના વિસ્તારમાટે નિમ્નોક્ત શબ્દ પ્રયોગ છે. **उक्कड** = ઉત્કટ. નષ્ટ ન થાય તેવો તેની ફેણનો વિસ્તાર હતો. તે ફેણ કોઈ બળવાન વ્યક્તિ દ્વારા પણ અવિનાશ્ય હોવાના કારણે ઉત્કટ હતો **फुड** = સ્ફુટ. પ્રયત્નોપલબ્ધ હોવાથી સ્ફુટ એટલે વ્યક્ત હતી **कुटिल** = કુટિલ. વક્ર સ્વરૂપવાળો હોવાથી સ્વાભાવિક કુટિલ–વક્ર હતી **जडुल** = જટિલ. સિંહની જેમ તેની ફણા વાળથી યુક્ત જટિલ હતી **कक्कड** = કઠોર **विकड** = વિસ્તીર્ણ **फडाडोवकरणदच्छं** = ઉપરોક્ત વિશેષણ યુક્ત ફેણનો આટોપ-વિસ્તાર કરવામાં તે દક્ષ હતો **एगाहच्चं** = એક જ પ્રહારથી મારવું **कूडाहच्चं** = પાષાણમય મહાયંત્રની જેમ આઘાત કરવો.

**ભાવાર્થ :–** ત્યાર પછી તે હિતકામી સુખકામી, કલ્યાણકામી ***યાવત્*** હિત-સુખ-નિઃશ્રેયસકામી વણિકે આ પ્રમાણે કહ્યું ***યાવત્*** પ્રરૂપણા કરી ત્યારે તે વણિકોએ તેના વચન પર શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરી નહીં; શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ નહીં કરતા તેઓએ રાફડાના ચોથા શિખરને તોડી નાંખ્યું. શિખર તૂટતાં જ તેમાંથી ઉગ્ર, પ્રચંડ, ઘોર અને મહા વિષને ધારણ કરનાર અતિકાય-મહાકાય, મષિ અને મૂષા સમાન કાળા વર્ણ- વાળો, દષ્ટિના વિષથી રોષપૂર્ણ, કાજલના પુંજ સમાન કાંતિવાળો, લાલ આંખોવાળો, ચપળ અને ચલિત (લબલબતી) બે જિહ્વાવાળો, પૃથ્વીતલની વેણી સમાન, ઉત્કટ, સ્પષ્ટ, કુટિલ, જટિલ, કર્કશ,

વિસ્તીર્ણ, ફેણ ચડાવીને વિસ્તૃત કરવામાં દક્ષ, લુહારની ભટ્ટીમાં ધમણ વડે વાયુ ભરતા થતાં ધમ ધમ અવાજની જેમ ધમધમાયમાન શબ્દોવાળો, અનિવારિત ઉગ્ર અને તીવ્ર રોષવાળો, ત્વરિત, ચપલ, ધમધમાયમાન શબ્દ કરનારો ઇત્યાદિ વિશેષણોથી યુક્ત એક દષ્ટિ-વિષ સર્પનો તેમને સ્પર્શ થયો. સ્પર્શ થતાં જ તે દષ્ટિ-વિષ સર્પ અત્યંત કુપિત થયો ***યાવત્*** શીઘ્રતાપૂર્વક ઊઠ્યો અને ફૂંફાડા મારતો સડસડાટ કરતો રાફડાના શિખર પર ચઢી ગયો; ચઢીને તેણે સૂર્ય તરફ જોયું. સૂર્ય તરફથી દષ્ટિ દૂર કરીને તે મહા સર્પે વ્યાપારી વર્ગની તરફ અનિમેષ દષ્ટિથી ચારે તરફ જોયું. તે દષ્ટિ વિષ સર્પની અનિમેષ દષ્ટિ માત્રથી તત્ક્ષણ પાત્ર અને ઉપકરણો સહિત તે વણિકો, એક જ પ્રહારથી કૂટાઘાત– પાષાણમય મહાયંત્રના આઘાતની સમાન બળીને ભસ્મીભૂત થઈ ગયા. તે વણિકમાંથી જે વણિક તેમનો હિતકામી ***યાવત્*** નિઃશ્રેયસકામી હતો, તેના પર અનુકંપા કરીને તે નાગરૂપ દેવે તેને તેના સામાન સહિત તેના નગરમાં મૂકી દીધો.

**૩૬ एवामेव आणंदा ! तव वि धम्मायरिएणं धम्मोवएसएणं समणेणं णायपुत्तेणं ओराले परियाए आसाइए, ओराला कित्तिवण्ण-सद्द-सिलोगा सदेवमणुयासुरे लोए पुव्वंति, गुवंति थुवंति– इति खलु समणे भगवं महावीरे, इति खलु समणे भगवं महावीरे । तं जइ मे से अज्ज किंचि वि वदइ तो णं तवेणं तेएणं एगाहच्चं कूडाहच्चं भासरासिं करेमि, जहा वा वालेणं ते वणिया । तुमं च णं आणंदा ! सारक्खामि, संगोवामि, जहा वा से वणिए तेसिं वणियाणं हियकामए** *जाव* **णिस्सेसकामए आणुकंपियाए देवयाए सभंड** *जाव* **साहिए, तं गच्छ णं तुमं आणंदा ! तव धम्मायरियस्स धम्मोवएसगस्स समणस्स णायपुत्तस्स एयमट्ठं परिकहेहि ।**

**ભાવાર્થ :–** આ રીતે હે આનંદ ! તારા ધર્માચાર્ય, ધર્મોપદેશક જ્ઞાતપુત્ર શ્રમણ મહાવીરે પણ ઉપર્યુક્ત વણિકો જેવી જ ઉદાર-શ્રેષ્ઠ અવસ્થાને પ્રાપ્ત કરી છે. શ્રમણ ભગવાન મહાવીરની સર્વ દિગ્વ્યાપી પ્રસિદ્ધિરૂપ કીર્તિ, એક દિગ્વ્યાપી પ્રસિદ્ધિરૂપ વર્ણ, અર્ધ દિગ્વ્યાપી પ્રસિદ્ધિરૂપ શબ્દ અને તે જ સ્થાનમાં વ્યાપેલી પ્રસિદ્ધિરૂપ શ્લાઘા; દેવ, મનુષ્ય અને અસુર સહિત આ લોકમાં ગુંજી રહી છે, ફેલાઈ રહી છે, વ્યાપી રહી છે. ચારે દિશામાં તેમની સ્તુતિ થઈ રહી છે, તેઓ અભિનંદિત થઈ રહ્યા છે. 'શ્રમણ ભગવાન મહાવીર', 'શ્રમણ ભગવાન મહાવીર' આ રૂપે તેઓ સર્વત્ર પ્રસિદ્ધ થઈ ગયા છે. જો તે આજે મને કાંઈ પણ કહેશે, તો જે રીતે સર્પે એક જ દષ્ટિના પ્રહારથી વણિકોને કૂટાઘાતની સમાન બાળીને ભસ્મીભૂત કર્યા, તે જ રીતે હું પણ તેમને મારા તપ-તેજથી બાળીને ભસ્મીભૂત કરી નાંખીશ. હે આનંદ ! જે રીતે વણિકોના તે હિતકામી ***યાવત્*** નિઃશ્રેયસકામી વણિક પર નાગદેવે અનુકંપા કરી અને તેને ભંડોપકરણ સહિત પોતાના નગરમાં પહોંચાડી દીધો, તે જ રીતે હું તારું સંરક્ષણ અને સંગોપન કરીશ. હે આનંદ ! તેથી તું જા અને તારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્રને આ વાત કહી દે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભગવાન મહાવીરને ધમકી આપવા માટે તેના શિષ્ય આનંદ નામના શ્રમણને ગોશાલક દ્વારા કહેવાયેલા એક દષ્ટાંતનું નિરૂપણ છે.

જે રીતે વણિકોએ અતિ લોભ છોડયો નહીં તો તેનો સર્વનાશ થયો. તે જ રીતે પ્રભુ પણ હવે યશો-કીર્તિનો વધારે લોભ રાખશે અને ગોશાલકના વિષયમાં કંઈપણ બોલશે તો તેમાં કોઈ લાભ નથી. આ

દષ્ટાંતમાં ગોશાલકનો મિથ્યાહંકાર પ્રતીત થાય છે. પ્રભુની સર્વજ્ઞતા, અનંત શક્તિ કે પરમ પુણ્યનો વિચાર કર્યા વિના ગોશાલકે પોતાની યોગ્યતાનુસાર વ્યર્થ બકવાટ કર્યો છે.

**एगाहच्चं कूडाहच्चं :–** આ બંને શબ્દનો પ્રયોગ આગમમાં અનેક સ્થાને જોવા મળે છે. બંને શબ્દો એક જ ભાવાત્મક હોવા છતાં તેના શબ્દાર્થમાં ભિન્નતા છે. **एगाहच्चं** = એકાહત્ય. એક જ વારમાં, પ્રહારમાં મારૂનારું મારક પ્રયોગ. **कूडाहच्चं** = કૂટાહત્ય. જે વારના પ્રભાવને કોઈ રોકી શકે નહીં એવા અચૂક મારક શસ્ત્ર પ્રયોગને કૂટાહત્ય કહેવાય છે. સંક્ષેપમાં તત્કાળ મારક પ્રયોગ માટે આ બંને શબ્દોનો એકી સાથે પ્રયોગ થાય છે.

**આનંદ દ્વારા પ્રભુને સંદેશનું નિવેદન :–**

**૩૭ तएणं से आणंदे थेरे गोसालेणं मंखलिपुत्तेणं एवं वुत्ते समाणे भीए *जाव* संजायभए गोसालस्स मंखलिपुत्तस्स अंतियाओ हालाहलाए कुंभकारीए कुंभकारावणाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता सिग्घं तुरियं सावत्थिं णयरिं मज्झंमज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव कोट्ठए चेइए, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– एवं खलु अहं भंते ! छट्ठक्खमणपारणगंसि तुब्भेहिं अब्भणुण्णाए समाणे सावत्थीए णयरीए *जाव* अडमाणे हालाहलाए कुंभकारीए *जाव* वीइवयामि, तएणं गोसाले मंखलिपुत्ते ममं *जाव* पासित्ता एवं वयासी– एहि ताव आणंदा ! इओ एगं महं उवमियं णिसामेहि । तएणं अहं गोसालेणं मंखलिपुत्तेणं एवं वुत्ते समाणे जेणेव हालाहलाए कुंभकारीए कुंभकारावणे, जेणेव गोसाले मंखलिपुत्ते, तेणेव उवागच्छामि । तएणं से गोसाले मंखलिपुत्ते ममं एवं वयासी– एवं खलु आणंदा ! इओ चिराईयाए अद्धाए केइ उच्चावया वणिया, एवं तं चेव सव्वं णिरवसेसं भाणियव्वं *जाव* णियगणयरं साहिए । तं गच्छ णं तुमं आणंदा ! तव धम्मायरियस्स धम्मोवएसगस्स समणस्स णायपुत्तस्स एयमट्ठं परिकहेहि ।**

**ભાવાર્થ :–** મંખલિપુત્ર ગોશાલકની વાત સાંભળીને આનંદ સ્થવિર ભયભીત થયા, ભયભીત થયેલા તે ગોશાલક પાસેથી, હાલાહલા કુંભારણની દુકાનમાંથી નીકળીને શીઘ્ર, ત્વરિત ગતિથી શ્રાવસ્તી નગરીના મધ્યભાગમાંથી પસાર થઈને કોષ્ટક ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર પાસે આવીને ત્રણવાર આદક્ષિણા પ્રદક્ષિણાપૂર્વક વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! આજે છઠના પારણાને માટે આપની આજ્ઞા લઈને શ્રાવસ્તી નગરીમાં ઊંચ, નિમ્ન અને મધ્યમ કુળોમાં ગોચરીને માટે જતો હતો, જ્યારે હું હાલાહલા કુંભારણની દુકાનની ન અતિ દૂર, ન અતિ નજીકથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે મંખલિપુત્ર ગોશાલકે મને જોયો અને મને બોલાવીને આ પ્રમાણે કહ્યું– "હે આનંદ અહીં આવ અને મારું એક દષ્ટાંત સાંભળ." ગોશાલકે આ પ્રમાણે કહ્યું, ત્યારે હું હાલાહલા કુંભારણની દુકાનમાં મંખલિપુત્ર ગોશાલક પાસે ગયો ત્યારે મંખલિપુત્ર ગોશાલકે મને આ પ્રમાણે કહ્યું– હે આનંદ ! આજથી ઘણા વર્ષો પહેલાં કેટલાક વણિકો હતા ***યાવત્*** તે વૃદ્ધ વણિકને તે દયાળુ દેવે તેના નગરમાં પહોંચાડી દીધો; ત્યાં સુધીનું સમસ્ત કથન

પ્રભુને કહ્યું. અંતે ગોશાલકે કહ્યું કે હે આનંદ ! તું જા અને તારા ધર્માચાર્ય ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્રને આ સંદેશો પહોંચાડ.

**ગોશાલક અને શ્રમણોની તેજો લબ્ધિ :–**

**૩૮ तं पभू णं भंते ! गोसाले मंखलिपुत्ते तवेणं तेएणं एगाहच्चं कूडाहच्चं भासरासिं करेत्तए, विसए णं भंते ! गोसालस्स मंखलिपुत्तस्स** *जाव* **करेत्तए, समत्थे णं भंते ! गोसाले** *जाव* **करेत्तए ?**

**पभू णं आणंदा ! गोसाले** *जाव* **करेत्तए । विसए णं आणंदा ! गोसालस्स** *जाव* **करेत्तए । समत्थे णं आणंदा ! गोसाले** *जाव* **करेत्तए । णो चेव णं अरहंते भगवंते, पारियावणियं पुण करेज्जा । जावइए णं आणंदा ! गोसालस्स मंखलिपुत्तस्स तवतेए, एत्तो अणंतगुणविसिट्ठतराए चेव तवतेए अणगाराणं भगवंताणं, खंतिखमा पुण अणगारा भगवंतो । जावइए णं आणंदा ! अणगाराणं भगवंताणं तवतेए एत्तो अणंतगुणविसिट्ठतराए चेव तवतेए थेराणं भगवंताणं; खंतिखमा पुण थेरा भगवंतो ! जावइए णं आणंदा ! थेराणं भगवंताणं तवतेए एत्तो अणंतगुणविसिट्ठयराए चेव तवतेए अरहंताणं भगवंताणं; खंतिखमा पुण अरहंता भगवंतो । तं पभू णं आणंदा ! गोसाले मंखलिपुत्ते तवेणं तेएणं** *जाव* **करेत्तए विसए णं आणंदा** *जाव* **करेत्तए, समत्थे णं आणंदा !** *जाव* **करेत्तए, णो चेव णं अरहंते भगवंते, पारियावणियं पुण करेज्जा ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! શું મંખલિપુત્ર ગોશાલક પોતાના તપ-તેજથી એક જ પ્રહારમાં આપને કૂટાઘાતની સમાન બાળીને ભસ્મ કરી શકે છે? હે ભગવન્ ! શું મંખલિપુત્ર ગોશાલકનો આ ***યાવત્*** વિષય છે ?હે ભગવન્! શું મંખલિપુત્ર ગોશાલક તે પ્રમાણે કરવામાં સમર્થ છે.

હે આનંદ ! મંખલિપુત્ર ગોશાલક પોતાના તપ તેજથી ***યાવત્*** અન્યને ભસ્મ કરી શકે છે. હે આનંદ! મંખલિપુત્ર ગોશાલકનો આ રીતે કરવાનો વિષય છે. હે આનંદ ! ગોશાલક તે પ્રમાણે કરવામાં સમર્થ છે. પરંતુ તે અરિહંત ભગવાનને બાળીને ભસ્મીભૂત કરવામાં સમર્થ નથી. તેમ છતાં તેને પરિતાપ ઉત્પન્ન કરી શકે છે. હે આનંદ ! ગોશાલકનું જેટલું તપ-તેજ છે, તેનાથી અણગાર ભગવંતોનું તપ-તેજ અનંતગણુ વિશિષ્ટ છે પરંતુ અણગાર ભગવંતો ક્ષમાશીલ હોય છે. હે આનંદ ! અણગાર ભગવંતોનું જેટલું તપ-તેજ છે, તેનાથી સ્થવિર ભગવંતોનું તપ-તેજ અનંતગણુ વિશિષ્ટ છે, પરંતુ સ્થવિર ભગવંતો ક્ષમાશીલ હોય છે. હે આનંદ! સ્થવિર ભગવંતોનું જેટલુ તપ-તેજ છે, તેનાથી અરિહંત ભગવંતોનું તપ-તેજ અનંતગણુ વિશિષ્ટ હોય છે પરંતુ અરિહંત ભગવંત ક્ષમાશીલ હોય છે. હે આનંદ ! મંખલિપુત્ર ગોશાલક પોતાના તપ-તેજ દ્વારા એક જ આઘાતથી અન્યને ભસ્મીભૂત કરવામાં સમર્થ છે, તે તેનો વિષય(શક્તિ) છે અને તે તે પ્રમાણે કરવામાં સમર્થ પણ છે, પરંતુ અરિહંત ભગવંતોને ભસ્મીભૂત કરવામાં સમર્થ નથી, કેવળ પરિતાપ ઉત્પન્ન કરી શકે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આનંદ શ્રમણે ગોશાલકના સામર્થ્યને સ્પષ્ટ રીતે સમજવા માટે તે પ્રશ્નની ત્રણ

પ્રકારે પૃચ્છા કરી છે– (૧) તે જેમ બોલે તેમ કરી શકે છે ? (૨) તેમ કરવાનો તેનો વિષય છે, અર્થાત્ તેની પાસે તથાપ્રકારની શક્તિ છે ? (૩) તેમ કરી શકવાનું તેનું સામર્થ્ય છે ?

પ્રભુએ ત્રણે પ્રકારના પ્રશ્નોનો હકારાત્મક ઉત્તર આપ્યો છે અને તેની સાથે એ પણ સ્પષ્ટતા કરી છે કે તેનાથી પણ અણગારોનું, સ્થવિરોનું અને તીર્થંકર ભગવંતોનું સામર્થ્ય ક્રમશઃ અનંત-અનંત ગણુ હોય છે. પરંતુ શ્રમણ નિર્ગ્રંથો વગેરે ક્ષમાના ભંડાર હોય છે; તેથી તેઓ અન્યને પીડાજનક લબ્ધિનો પ્રયોગ કયારે ય કરતા નથી.

**परियावणियं पुण करेज्जा :–** તીર્થંકર ભગવંતોના શરીરમાં શાંત રસના પરમાણુ પુદ્‌ગલો અને તેમના આત્માનો પ્રકૃષ્ટ પુણ્યપ્રભાવ (અતિશય) હોય છે, તેમજ તેઓ નિરૂપક્રમી આયુષ્યવાળા હોય છે. તેથી તેમને કોઈ બાળીને ભસ્મીભૂત કરી શકતા નથી. ખરેખર તો તીર્થંકરની ચારે બાજુ આવા ઉપદ્રવો થતાં જ નથી. અનંત કાળમાં કયારેક તેવું બને તો તે લોકમાં આશ્ચર્ય ભૂત ઘટના ગણાય છે.

તીર્થંકરોનું ઔદારિક શરીર હોવાથી તે વિકટ તેજોલબ્ધિથી તેમના શરીરને કિંચિત પરિતાપના થાય છે. તે પણ કાલાંતરે શાંત થઈ જાય છે.

**अणगाराणं, थेराणं :–** અણગાર એટલે સામાન્ય સાધુ. સ્થવિર એટલે (૧) ૬૦ વરસના વયસ્થવિર (૨) ૨૦ વર્ષની દીક્ષા પર્યાયવાળા પર્યાય સ્થવિર (૩) સ્થાનાંગ સૂત્ર અને સમવાયાંગસૂત્રના જ્ઞાતા શ્રુત સ્થવિર. પ્રસ્તુત સૂત્રમાં અણગારની શક્તિથી સ્થવિરઓની શક્તિ વધારે દર્શાવી છે.

### શ્રમણોને ગોશાલકથી સાવધાન રહેવાની સૂચના :–

**૩૧ तं गच्छ णं तुमं आणंदा ! गोयमाईणं समणाणं णिग्गंथाणं एयमट्ठं परिकहेहि– मा णं अज्जो ! तुब्भं केइ गोसालं मंखलिपुत्तं धम्मियाए पडिचोयणाए पडिचोएउ, धम्मियाए पडिसारणाए पडिसारेउ, धम्मिएणं पडोयारेणं पडोयारेउ, गोसाले णं मंखलिपुत्ते समणेहिं णिग्गंथेहिं मिच्छं विपडिवण्णे । तएणं से आणंदे थेरे समणेणं भगवया महावीरेणं एवं वुत्ते समाणे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता जेणेव गोयमाइ समणा णिग्गंथा तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता गोयमाइ समणे णिग्गंथे आमंतेइ, आमंतित्ता एवं वयासी– एवं खलु अहं अज्जो ! छट्ठक्खमणपारणगंसि समणेणं भगवया महावीरेणं अब्भणुण्णाए समाणे सावत्थीए णयरीए तं चेव सव्वं *जाव* गोयमाईणं समणाणं णिग्गंथाणं एयमट्ठं परिकहेहि, तं मा णं अज्जो ! तुब्भं केइ गोसालं मंखलिपुत्तं धम्मियाए पडिचोयणाए पडिचोएउ *जाव* मिच्छं विपडिवण्णे ।**

**શબ્દાર્થ :– पडिचोयणाए** = પ્રેરણા **पडिसारणाए** = ભૂલાયેલી વાતનું સ્મરણ કરાવવું **पडोयारेणं** = પ્રત્યુપચાર અથવા પ્રત્યુપકાર દ્વારા **विपडिवण्णे** = વિરોધી થઈ ગયો છે.

**ભાવાર્થ :–** હે આનંદ ! તું જા અને ગૌતમ આદિ શ્રમણ નિર્ગ્રંથોને આ વાત કહે કે, હે આર્યો ! તમે ગોશાલકની સાથે તેના મતને પ્રતિકૂળ ધર્મ સંબંધી કોઈ પણ ચર્ચા કરશો નહીં, પ્રતિસારણા– તેના મતને પ્રતિકૂળ અર્થનું સ્મરણ કરાવશો નહીં, પ્રત્યુપચાર-તિરસ્કાર રૂપ વચન બોલશો નહીં, કારણ કે ગોશાલક

શ્રમણ નિર્ગ્રંથો પ્રતિ વિશેષરૂપે વિરોધી બની ગયો છે. શ્રમણ ભગવાન મહાવીરે આ પ્રમાણે કહ્યું ત્યારે આનંદ સ્થવિરે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા; વંદન નમસ્કાર કરીને ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રંથો પાસે આવીને, ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રંથોને આનંદ સ્થવિરે સંબોધિત કરીને આ પ્રમાણે કહ્યું– હે આર્યો ! આજે હું છટ્ઠના પારણાના દિવસે શ્રમણભગવાન મહાવીરની આજ્ઞા પ્રાપ્ત કરીને શ્રાવસ્તી નગરીમાં ગૌચરી માટે ગયો હતો, ઈત્યાદિ અહીં પૂર્વોક્ત સર્વ કથન સમજવું ***યાવત્*** પ્રભુએ કહ્યું છે કે તમે ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રંથોને આ વાત કરો અને કહો કે જ્ઞાતપુત્ર ભગવાનનો સંદેશ છે કે હે આર્યો ! તમે કોઈ પણ સાધુ ગોશાલકની સાથે તેના ધર્મને પ્રતિકૂળ ધર્મચર્ચા કરશો નહીં ***યાવત્*** તે શ્રમણ-નિર્ગ્રંથો પ્રતિ વિશેષરૂપે વિરોધી બની ગયો છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં 'માધ્યસ્થભાવં વિપરિતવૃત્તૌ' વિપરીત વૃત્તિવાન જીવો પ્રતિ માધ્યસ્થભાવ ધારણ કરવો, તે સિદ્ધાંતાનુસાર પ્રભુએ અન્ય સ્થવિર મુનિઓ આદિ સમસ્ત સાધુઓને ગોશાલક સાથે વાર્તાલાપ કરવાનો તેમજ તેને ઉશ્કેરવાનો નિષેધ કર્યો છે.

**ગોશાલકનો પ્રભુ સમક્ષ દાંભિક પ્રલાપ :–**

**૪૦** **जावं च णं आणंदे थेरे गोयमाईणं समणाणं णिग्गंथाणं एयमट्ठं परिकहेइ तावं च णं से गोसाले मंखलिपुत्ते हालाहलाए कुंभकारीए कुंभकारावणाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता आजीवियसंघसंपरिवुडे महया अमरिसं वहमाणे सिग्घं तुरियं *जाव* सावत्थिं णयरिं मज्झमज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव कोट्ठए चेइए, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणस्स भगवओ महावीरस्स अदूरसामंते ठिच्चा समणं भगवं महावीरं एवं वयासी– सुट्ठु णं आउसो कासवा ममं एवं वयासी, साहूणं आउसो कासवा ! ममं एवं वयासी– गोसाले मंखलिपुत्ते ममं धम्मंतेवासी, गोसाले मंखलिपुत्ते ममं धम्मंतेवासी ।**

**जे णं से मंखलिपुत्ते तव धम्मंतेवासी से णं सुक्के सुक्काभिजाइए भवित्ता कालमासे कालं किच्चा अण्णयरेसु देवलोएसु देवत्ताए उववण्णे, अहं णं उदाइणामं कुंडियायणीए, अज्जुणस्स गोयमपुत्तस्स सरीरगं विप्पजहामि, अज्जुणस्स गोयमपुत्तस्स सरीरगं विप्पजहित्ता गोसालस्स मंखलिपुत्तस्स सरीरगं अणुप्पविसामि; अणुप्पविसित्ता इमं सत्तमं पउट्टपरिहारं परिहरामि । जे वि आइं आउसो कासवा ! अम्हं समयंसि केइ सिज्झिंसु वा सिज्झंति वा सिज्झिस्संति वा सव्वे ते चउरासीइं महाकप्पसयसहस्साइं, सत्त दिव्वे, सत्त संजूहे, सत्त सण्णिगब्भे, सत्त पउट्टपरिहारे, पंच कम्माणि सयसहस्साइं सट्ठिं च सहस्साइं छच्चसए तिण्णि य कम्मंसे अणुपुव्वेणं खवइत्ता तओ पच्छा सिज्झंति, बुज्झंति, मुच्चंति, परिणिव्वायंति, सव्वदुक्खाणमंतं करेंसु वा करेंति वा करिस्संति वा ।**

**ભાવાર્થ :–** આનંદ સ્થવિર ગૌતમ આદિ શ્રમણ નિર્ગ્રંથોને ભગવાનનો સંદેશ કહી રહ્યા હતા ત્યાં જ

આજીવિક સંઘ સહિત ગોશાલક હાલાહલા કુંભારણની દુકાનેથી નીકળીને, અત્યંત રોષને ધારણ કરતો, શીઘ્ર અને ત્વરિત ગતિથી શ્રાવસ્તી નગરીની વચ્ચેથી પસાર થઈને કોષ્ઠક ઉદ્યાનમાં, શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે આવી પહોંચ્યો. આવીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીથી ન અતિ દૂર, ન અતિ નજીક ઊભા રહીને શ્રમણ ભગવાન મહાવીરને આ પ્રમાણે કહેવા લાગ્યો– હે આયુષ્યમાન્ ! કાશ્યપ ! આપ મારા વિષયમાં ઠીક કહો છો; હે આયુષ્યમાન્ કાશ્યપ ! આપ મારા વિષયમાં સારું કહો છો કે મંખલિપુત્ર ગોશાલક મારા ધર્માન્તેવાસી(શિષ્ય) છે, ગોશાલક મારો ધર્માન્તેવાસી(શિષ્ય) છે, પરંતુ આપને જ્ઞાત હોવું જોઈએ કે–

જે મંખલિપુત્ર ગોશાલક તમારો ધર્માન્તેવાસી(શિષ્ય) હતો, તે તો પવિત્ર અને પવિત્ર પરિણામ-વાળો થઈને કાળના સમયે કાળધર્મ પામીને કોઈ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો છે. હું તો કુંડિકાયન ગોત્રીય ઉદાયી છું. મેં ગૌતમ-પુત્ર અર્જુનના શરીરનો ત્યાગ કરીને, મંખલિપુત્ર ગોશાલકના શરીરમાં પ્રવેશ કરીને, આ સાતમો **पउट्ट परिहार**(શરીરાન્તર પ્રવેશ) કર્યો છે. હે આયુષ્યમન્ કાશ્યપ ! અમારા સિદ્ધાંતાનુસાર જે જીવો મોક્ષમાં ગયા છે, જાય છે અને જશે, તે સર્વ ચોર્યાશી લાખ મહાકલ્પ(કાલ વિશેષ) સાત દેવ ભવ, સાત સંયૂથનિકાય, સાત સંજ્ઞી ગર્ભ(મનુષ્ય ગર્ભાવાસ) સાત **पउट्ट परिहार**(શરીરાન્તર પ્રવેશ) અને ૫,૬૦,૬૦૩ (પાંચ લાખ સાઠ હજાર છસો ત્રણ)કર્મોના ભેદોનો અનુક્રમે ક્ષય કર્યા પછી સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, નિર્વાણને પ્રાપ્ત કરે છે અને સમસ્ત દુઃખોનો અંત કરે છે. ભૂતકાળમાં જીવોએ આ પ્રમાણે કર્યું હતું, વર્તમાનમાં કરે છે અને ભવિષ્યમાં કરશે.

**૪૧ से जहा वा गंगा महाणयी जओ पवूढा, जहिं वा पज्जुवत्थिया, एस णं अद्धा पंचजोयणसयाइं आयामेणं, अद्धजोयणं विक्खंभेणं, पंच धणुसयाइं उव्वेहेणं, एएणं गंगापमाणेणं सत्त गंगाओ सा एगा महागंगा, सत्त महागंगाओ सा एगा सादीणगंगा, सत्त सादीणगंगाओ सा एगा मच्चुगंगा, सत्त मच्चुगंगाओ सा एगा लोहियगंगा, सत्त लोहियगंगाओ, सा एगा आवतीगंगा, सत्त आवतीगंगाओ सा एगा परमावती, एवामेव सपुव्वावरेणं एगं गंगासयसहस्सं सत्तरि सहस्सा छच्च गुणपण्णं गंगासया भवंतीति मक्खाया।**

**ભાવાર્થ :–** જે રીતે ગંગાનદી અર્ધો યોજન પહોળી, ઉદ્‌ગમથી સમાપ્તિ સુધીમાં ૫૦૦ યોજન લાંબી અને પાંચસો ધનુષ્ય ઊંડી છે. આ પ્રમાણવાળી સાત ગંગા મળીને એક મહાગંગા બને છે. સાત મહાગંગા મળીને એક સાદીનગંગા બને છે. સાત સાદીનગંગા મળીને એક મૃત્યુગંગા બને છે. સાત મૃત્યુગંગા મળીને એક લોહિતગંગા બને છે. સાત લોહિતગંગા મળીને એક અવન્તી ગંગા બને છે. સાત અવન્તી ગંગા મળીને એક પરમાવતી ગંગા બને છે. આ રીતે પૂર્વાપર મળીને ૧,૭૦,૬૪૯ ગંગા નદીઓ થાય છે.

**૪૨ तासिं दुविहे उद्धारे पण्णत्ते, तं जहा– सुहुमबोंदि-कलेवरे चेव बायरबोंदि-कलेवरे चेव । तत्थ णं जे से सुहुमबोंदिकलेवरे से ठप्पे । तत्थ णं जे से बायरबोंदि-कलेवरे तओ णं वाससए गए वाससए गए एगमेगं गंगावालुयं अवहाय जावइएणं कालेणं से कोट्ठे खीणे, णीरए, णिल्लेवे, णिट्ठिए भवइ सेत्तं सरे सरप्पमाणे । एएणं सरप्पमाणेणं तिण्णि सर-सय-साहस्सीओ से एगे महाकप्पे, चउरासीइं महाकप्पसय-सहस्साइं से एगे महामाणसे ।**

**अणंताओ संजूहाओ जीवे चयं चइत्ता उवरिल्ले माणसे संजूहे देवे उववज्जइ। से णं तत्थ दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरइ, विहरित्ता ताओ देवलोगाओ आउक्खएणं, भवक्खएणं, ठिइक्खएणं अणंतरं चयं चइत्ता पढमे सण्णिगब्भे जीवे पच्चायाइ ॥१॥**

**से णं तओहिंतो अणंतरं उव्वट्टित्ता मज्झिल्ले माणसे संजूहे देवे उववज्जइ । से णं तत्थ दिव्वाइं भोगभोगाइं** *जाव* **विहरित्ता ताओ देवलोयाओ आउक्खएणं** *जाव* **चइत्ता, दोच्चे सण्णिगब्भे जीवे पच्चायाइ ॥२॥**

**से णं तओहिंतो अणंतरं उव्वट्टित्ता हेट्ठिल्ले माणसे संजूहे देवे उववज्जइ । से णं तत्थ दिव्वाइं** *जाव* **चइत्ता तच्चे सण्णिगब्भे जीवे पच्चायाइ ॥३॥**

**से णं तओहिंतो** *जाव* **उव्वट्टित्ता उवरिल्ले माणुसुत्तरे संजूहे देवे उववज्जइ । से णं तत्थ दिव्वाइं** *जाव* **चइत्ता चउत्थे सण्णिगब्भे जीवे पच्चायाइ ॥४॥**

**से णं तओहिंतो अणंतरं उव्वट्टित्ता मज्झिल्ले माणुसुत्तरे संजूहे देवे उववज्जइ । से णं तत्थ दिव्वाइं** *जाव* **चइत्ता पंचमे सण्णिगब्भे जीवे पच्चायाइ॥५॥**

**से णं तओहिंतो अणंतरं उव्वट्टित्ता हिट्ठिल्ले माणुसुत्तरे संजूहे देवे उववज्जइ । से णं तत्थ दिव्वाइं** *जाव* **चइत्ता छट्ठे सण्णिगब्भे जीवे पच्चायाइ ॥६॥**

**ભાવાર્થ :–** તે ગંગા નદીઓના વાલુકા કણનો બે પ્રકારનો ઉદ્ધાર કહ્યો છે. યથા– સૂક્ષ્મ બોન્દિ કલેવર રૂપ અને બાદર બોન્દિ કલેવર રૂપ. તેમાંથી સૂક્ષ્મ બોન્દિ કલેવર રૂપ ઉદ્ધાર સ્થાપ્ય છે. (તે અહીં વર્ણનીય નથી. તેથી તેના વિચારની આવશ્યક્તા નથી.) તેમાંથી જે બાદર બોન્દિ કલેવર રૂપ ઉદ્ધાર છે, તેમાં સો સો વર્ષે એક એક વાલુકા કણ કાઢીએ અને જેટલા કાલમાં રેતીના સમુદાયરૂપ તે ગંગાનો કિનારો ખાલી થાય, નીરજ(રજ રહિત) થાય, નિર્લેપ થાય અને સમાપ્ત થાય, ત્યારે એક 'શર પ્રમાણ' કાલ થાય છે; ત્રણ લાખ શર પ્રમાણ કાલનો એક 'મહાકલ્પ' થાય છે; ચોર્યાસી મહાકલ્પનો એક 'મહામાનસ' થાય છે. અનંત સંયૂથ-જીવ, અનંત જીવના સમુદાયરૂપ નિકાયથી ચ્યવીને સંયૂથ– દેવભવમાં ઉપરિતન માનસ શર પ્રમાણ આયુષ્ય દ્વારા ઉત્પન્ન થાય છે અને ત્યાં દિવ્ય ભોગ ભોગવે છે. તે દેવલોકનું આયુષ્ય, દેવભવ અને દેવસ્થિતિનો ક્ષય થવાથી **પ્રથમ સંજ્ઞી ગર્ભજ પંચેન્દ્રિય મનુષ્યપણે** ઉત્પન્ન થાય છે. ત્યાર પછી ત્યાંથી મરીને તરત જ મધ્યમ માનસ સર પ્રમાણ આયુષ્ય દ્વારા સંયૂથ દેવનિકાયમાં ઉત્પન્ન થાય છે. ત્યાં દિવ્ય ભોગ ભોગવે છે. ત્યાંથી દેવલોકનું આયુષ્ય, ભવ અને સ્થિતિનો ક્ષય થવાથી **બીજી વાર સંજ્ઞી ગર્ભ(ગર્ભજ મનુષ્ય)માં** જન્મે છે. ત્યાર પછી ત્યાંથી મરીને તરત જ અધઃસ્તન માનસ શર પ્રમાણ આયુષ્ય દ્વારા સંયૂથ(દેવનિકાય)માં ઉત્પન્ન થાય છે. ત્યાં દિવ્ય ભોગ ભોગવીને ત્યાંથી ચ્યવીને **ત્રીજા સંજ્ઞી-ગર્ભમાં** જન્મે છે. ત્યાંથી નીકળીને ઉપરિતન માનુષોત્તર(મહામાનસ) આયુષ્ય દ્વારા સંયૂથ દેવનિકાયમાં ઉત્પન્ન થાય છે. ત્યાં દિવ્ય ભોગ ભોગવીને **ચોથા સંજ્ઞી ગર્ભમાં** જન્મે છે. ત્યાંથી નીકળીને મધ્યમ માનુષોત્તર આયુષ્ય દ્વારા સંયૂથ દેવનિકાયમાં ઉત્પન્ન થાય છે. ત્યાં દિવ્ય ભોગ ભોગવીને ત્યાંથી ચ્યવીને **પાંચમા સંજ્ઞી-ગર્ભમાં** ઉત્પન્ન થાય છે. ત્યાંથી મરીને તરત જ અધસ્તન માનુષોત્તર આયુષ્ય દ્વારા સંયૂથમાં ઉત્પન્ન થાય છે. ત્યાં દિવ્ય ભોગ ભોગવીને ત્યાંથી ચ્યવીને **છટ્ઠા ગર્ભમાં** ઉત્પન્ન થાય છે.

**४३** **से णं तओहिंतो अणंतरं उव्वट्टित्ता बंभलोगे णामं से कप्पे पण्णत्ते, पाईणपडीणायए उदीणदाहिणविच्छिण्णे, जहा ठाणपए *जाव* पंच वडेंसगा पण्णत्ता, तं जहा– असोगवडेंसए *जाव* पडिरूवा । से णं तत्थ देवे उववज्जइ । से णं तत्थ दस सागरोवमाइं दिव्वाइं भोग *जाव* चइत्ता सत्तमे सण्णिगब्भे जीवे पच्चायाइ ॥७॥**

**से णं तत्थ णवण्हं मासाणं बहुपडिपुण्णाणं अद्धट्ठमाणं *जाव* वीइक्कंताणं सुकुमाल-भद्दलए मिउकुंडलकुंचियकेसए मट्ठगंडतलकण्णपीढए देवकुमारसप्पभए दारए पयाइ। से णं अहं कासवा ! तएणं अहं आउसो कासवा ! कोमारियपव्वज्जाए कोमारएणं बंभचेरवासेणं इमे सत्त पउट्टपरिहारे परिहरामि, तं जहा– एणेज्जस्स, मल्लरामस्स, मंडियस्स, रोहस्स, भारद्दाइस्स, अज्जुणगस्स गोयमपुत्तस्स गोसालस्स मंखलिपुत्तस्स ।**

**ભાવાર્થ :–** ત્યાંથી મરીને તરત જ બ્રહ્મલોક નામક કલ્પ(દેવલોક)માં ઉત્પન્ન થાય છે. તે દેવલોક પૂર્વ-પશ્ચિમ લાંબું અને ઉત્તર દક્ષિણ પહોળું છે વગેરે પ્રજ્ઞાપના સૂત્રના બીજા સ્થાન-પદમાં બ્રહ્મલોકનું વર્ણન છે તેવું જ વર્ણન કરતાં ગોશાલકે કહ્યું કે તેમાં પાંચ અવતંસક વિમાન છે. યથા અશોકાવતંસક, સપ્તપર્ણાવતંસક, ચંપકાવતંસક, ચૂતાવતંસક અને મધ્યમાં બ્રહ્મ લોકાવતંસક છે. તે પ્રતિરૂપ(સુંદર) છે. તે જીવ તે(બ્રહ્મ) દેવલોકમાં ઉત્પન્ન થાય છે, ત્યાં દશ સાગરોપમ સુધી દિવ્ય ભોગ ભોગવીને ત્યાંથી ચ્યવીને સાતમાં સંજ્ઞી ગર્ભમાં ઉત્પન્ન થાય છે. ત્યાં નવ માસ અને સાડા સાત રાત્રિ દિવસ વ્યતીત થયા પછી સુકુમાર, ભદ્ર, મૃદુ અને દર્ભના કુંડલની સમાન વાંકડીયા કેશવાળા, કાનના આભૂષણોથી જેનો કપોલ ભાગ શોભિત થઈ રહ્યો છે તેવા દેવકુમારની સમાન કાન્તિવાળા એક બાળકનો જન્મ થાય છે. હે કાશ્યપ ! તે હું છું. હે આયુષ્યમાન્ કાશ્યપ ! કુમારાવસ્થામાં પ્રવ્રજ્યા ગ્રહણ કરવાથી અને કુમારાવસ્થામાં બ્રહ્મચર્યનું પાલન કરવાથી વ્યુત્પન્ન મતિવાળા મેં તત્ત્વ બુદ્ધિને પ્રાપ્ત કરી છે. અને ત્યાર પછી મેં આ સાત **पउट्ट परिहार** પરિહાર(શરીરાન્તર પ્રવેશ)માં સંચાર કર્યો છે. યથા– (૧) ઐણયક (૨) મલ્લરામ (૩) મંડિક (૪) રોહ (૫) ભારદ્વાજ (૬) ગૌતમ પુત્ર અર્જુન અને (૭) મંખલિપુત્ર ગોશાલકના શરીરમાં પ્રવેશ કર્યો.

**સાત પઉટ્ટ પરિહાર :–**

**४४** **तत्थ णं जे से पढमे पउट्टपरिहारे से णं रायगिहस्स णयरस्स बहिया मंडिकुच्छिंसि चेइयंसि उदाइस्स कुंडियायणस्स सरीरं विप्पजहामि, विप्पजहित्ता एणेज्जगस्स सरीरगं अणुप्पविसामि, अणुप्पविसित्ता बावीसं वासाइं पढमं पउट्टपरिहारं परिहरामि ।**

**तत्थ णं जे से दोच्चे पउट्टपरिहारे– से णं उद्दंडपुरस्स णयरस्स बहिया चंदोयरणंसि चेइयसि एणेज्जगस्स सरीरगं विप्पजहामि, विप्पजहित्ता मल्लरामस्स सरीरगं अणुप्पविसामि, अणुप्पविसित्ता एकवीसं वासाइं दोच्चं पउट्टपरिहारं परिहरामि ।**

**तत्थ णं जे से तच्चे पउट्टपरिहारे से णं चंपाए णयरीए बहिया अंगमंदिरंसि चेइयंसि मल्लरामस्स सरीरगं विप्पजहामि, विप्पजहित्ता मंडियस्स सरीरगं अणुप्पविसामि, अणुप्पवि सित्ता वीसं वासाइं तच्चं पउट्टपरिहारं परिहरामि ।**

तत्थ णं जे से चउत्थे पउट्टपरिहारे से णं वाणारसीए णयरीए बहिया काममहावणंसि चेइयंसि मंडियस्स सरीरगं विप्पजहामि, विप्पजहित्ता रोहस्स सरीरगं अणुप्पविसामि, अणुप्पविसित्ता एगूणवीसं वासाइं चउत्थं पउट्टपरिहारं परिहरामि ।

तत्थ णं जे से पंचमे पउट्टपरिहारे से णं आलभियाए णयरीए बहिया पत्तकालगयंसि चेइयंसि रोहस्स सरीरगं विप्पजहामि, विप्पजहित्ता भारद्दाइस्स सरीरगं अणुप्पविसामि, अणुप्पविसित्ता अट्ठारस वासाइं पंचमं पउट्टपरिहारं परिहरामि ।

तत्थ णं जे से छट्ठे पउट्टपरिहारे से णं वेसालीए णयरीए बहिया कोंडियायणंसि चेइयंसि भारद्दाइयस्स सरीरं विप्पजहामि, विप्पजहित्ता अज्जुणगस्स गोयमपुत्तस्स सरीरगं अणुप्पविसामि, अणुप्पविसित्ता सत्तरस्स वासाइं छट्ठं पउट्टपरिहारं परिहरामि ।

**भावार्थ :–** તેમાંથી જે પ્રથમ **पउट्ट परिहार**(શરીરાન્તર પ્રવેશ)માં રાજગૃહ નગરની બહાર મંડિકુક્ષિ નામના ઉદ્યાનમાં, કુંડિયાયન ગોત્રીય ઉદાયનના શરીરનો ત્યાગ કરીને ઐણેયકના શરીરમાં પ્રવેશ કરીને ત્યાં બાવીસ વર્ષ સુધી પ્રથમ **પઉટ્ટ પરિહાર**નો ઉપભોગ કર્યો.

બીજા **पउट्ट परिहार** માં ઉદંડપુર નગરની બહાર ચંદ્રાવતરણ ઉદ્યાનમાં ઐણેયકના શરીરનો ત્યાગ કરીને મલ્લરામના શરીરમાં પ્રવેશ કરીને એકવીશ વર્ષ સુધી બીજા **પઉટ્ટ-પરિહાર**નો ઉપભોગ કર્યો.

ત્રીજા **पउट्ट परिहार** માં ચંપા નગરીની બહાર અગમંદિર નામના ઉદ્યાનમાં, મલ્લરામના શરીરનો ત્યાગ કરીને, મંડિકના શરીરમાં પ્રવેશ કરીને, વીશ વર્ષ સુધી ત્રીજા **પઉટ્ટ પરિહાર**નો ઉપભોગ કર્યો.

ચોથા **पउट्ट परिहार** માં વારાણસી નગરીની બહાર કામ-મહાવન નામના ઉદ્યાનમાં મંડિકના શરીરનો ત્યાગ કરીને રોહકના શરીરમાં પ્રવેશ કરીને ઓગણીસ વર્ષ સુધી ચોથા **પઉટ્ટ પરિહાર**નો ઉપભોગ કર્યો.

પાંચમાં **पउट्ट परिहार** માં આલભિકા નગરીની બહાર પ્રાપ્તકાલ નામના ઉદ્યાનમાં રોહકના શરીરનો ત્યાગ કરીને ભારદ્વાજના શરીરમાં પ્રવેશ કર્યો; પ્રવેશ કરીને, અઢાર વર્ષ સુધી પાંચમાં **પઉટ્ટ પરિહાર**નો ઉપભોગ કર્યો.

છટ્ઠા **पउट्ट परिहार** માં વૈશાલી નગરીની બહાર કુંડિયાયન નામના ઉદ્યાનમાં ભારદ્વાજના શરીરનો ત્યાગ કરીને ગૌતમ પુત્ર અર્જુનના શરીરમાં પ્રવેશ કરીને સત્તર વર્ષ સુધી છટ્ઠા **પઉટ્ટ પરિહાર**નો ઉપભોગ કર્યો.

**૪૫** तत्थ णं जे से सत्तमे पउट्टपरिहारे से णं इहेव सावत्थीए णयरीए हालाहलाए कुंभकारीए कुंभकारावणंसि अज्जुणगस्स गोयमपुत्तस्स सरीरगं विप्पजहामि, विप्पजहित्ता गोसालस्स मंखलिपुत्तस्स सरीरगं अलं थिरं धुवं धारणिज्जं सीयसहं उण्हसहं खुहासहं विविह-दंसमसग-परिसहोवसग्गासहं थिरसंघयणं त्ति कट्टु तं अणुप्पविसामि, अणुप्पविसित्ता सोलस वासाइं इमं सत्तमं पउट्टपरिहारं परिहरामि । एवामेव आउसो कासवा ! एगेणं तेत्तीसेणं वाससएणं सत्त पउट्टपरिहारा परिहरिया भवंतीति मक्खाया । तं सुट्ठु णं

**आउसो कासवा ! ममं एवं वयासी, साहु णं आउसो कासवा ! ममं एवं वयासी– गोसाले मंखलिपुत्ते ममं धम्मंतेवासी, गोसाले मंखलिपुत्ते ममं धम्मंतेवासी ।**

**ભાવાર્થ :–** સાતમા **पउट्ट परिहार** માં આ જ શ્રાવસ્તી નગરીમાં હાલાહલા કુંભારણની દુકાનમાં ગૌતમ પુત્ર અર્જુનના શરીરનો ત્યાગ કરીને, મંખલિપુત્ર ગોશાલકના શરીરને સમર્થ, સ્થિર, ધ્રુવ, ધારણ કરવા યોગ્ય, શીતને સહન કરનાર, ઉષ્ણને સહન કરનાર, ક્ષુધાને સહન કરનાર, મચ્છર અને મચ્છર કરતાં જરાક મોટા એવા ડાંસ આદિના વિવિધ પરીષહ-ઉપસર્ગોને સહન કરનાર, તથા સ્થિર સંહનનવાળું જાણીને, મેં તેમાં પ્રવેશ કર્યો અને સોળ વર્ષથી આ સાતમા **पउट्ट परिहार** નો ઉપભોગ કરું છું. હે આયુષ્યમન્ ! આ રીતે ૧૩૦ વર્ષમાં આ સાત **पउट्ट परिहार** થયા તેમ કહેવાય છે. આ રીતે તેથી હે આયુષ્યમન્ કાશ્યપ ! આપ મને ઠીક કહો છો. હે આયુષ્યમન્ ! કાશ્યપ ! આપ મને ઘણું સારું કહો છો કે "મંખલિપુત્ર ગોશાલક મારો ધર્માન્તેવાસી છે. મંખલિપુત્ર ગોશાલક મારો ધર્માન્તેવાસી છે."

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ગોશાલકે પોતાના સ્વરૂપને છુપાવવા માટે અને ભગવાનને મિથ્યા સિદ્ધ કરવા માટે પ્રભુની સમક્ષ **पउट्ट परिहार**(શરીરાન્તર પ્રવેશ) સંબંધી કલ્પિત નિરૂપણ કર્યું છે.

**ગોશાલકના વિસ્તૃત ભાષણનો આશય :–** મંખલિપુત્ર ગોશાલક અત્યંત કુપિત થતો પ્રભુની પાસે આવ્યો અને વ્યંગપૂર્વક કહેવા લાગ્યો કે 'વાહ' તમે મને તમારો ધર્માન્તેવાસી કહો છો પરંતુ આપને જ્ઞાત હોવું જોઈએ કે મંખલિપુત્ર ગોશાલક તો કયારનો શુભ ભાવમાં કાલધર્મ પામીને દેવલોકમાં ઉત્પન્ન થયો છે. હું આપનો અંતેવાસી નથી. હું કૌડિન્યાયન ગોત્રીય ઉદાયી છું અને વર્તમાનમાં ગૌતમ પુત્ર અર્જુનના શરીરનો ત્યાગ કરીને, મે મંખલિપુત્ર ગોશાલકના શરીરમાં પ્રવેશ કર્યો છે. આ મારો સાતમો શરીરાન્તર પ્રવેશ છે.

ગોશાલકે પોતાના સ્વરૂપને છુપાવવા અને કલ્પિત, ભ્રમિત સિદ્ધાંતની પ્રરૂપણા કરવા મહાકલ્પ, સયૂથ, શર પ્રમાણ, માનસ-શર-પ્રમાણ, ઉદ્ધાર આદિનું વર્ણન કર્યું છે અને ત્યાર પછી પોતાના સાત **पउट्ट परिहार**નું નામપૂર્વક વિસ્તૃત વર્ણન કર્યું છે.

સર્વજ્ઞ, સર્વદર્શી, ઘટ-ઘટના ભાવોને જાણનાર તીર્થંકર પ્રભુની સમક્ષ ખોટી વાતો રજૂ કરતાં ગોશાલકને જરા પણ સંકોચ થયો નહીં. તે તેના તીવ્ર મિથ્યાભિનિવેશને પ્રગટ કરે છે.

**ગોશાલકને ભગવાનની હિતશિક્ષા :–**

**૪૬ तए णं समणे भगवं महावीरे गोसालं मंखलिपुत्तं एवं वयासी– गोसाला ! से जहाणामए तेणए सिया, गामेल्लएहिं परब्भवमाणे परब्भवमाणे कत्थ य गड्डं वा दरिं वा णिण्णं वा पव्वयं वा विसमं वा अणस्साएमाणे एगेणं महं उण्णालोमेण वा सणलोमेण वा कप्पासपम्हेण वा तणसूएण वा अत्ताणं आवरित्ता णं चिट्ठेज्जा; से णं अणावरिए आवरियमिति अप्पाणं मण्णइ, अप्पच्छण्णे य पच्छण्णमिति अप्पाणं मण्णइ अणिलुक्के णिलुक्कमिति अप्पाणं मण्णइ, अपलाए पलायमिति अप्पाणं मण्णइ, एवामेव तुमं पि गोसाला ! अणण्णे संते अण्णमिति अप्पाणं उपलभसि, तं मा एवं गोसाला ! णारिहसि गोसाला ! सच्चेव**

**ते सा छाया णो अण्णा ।**

**શબ્દાર્થ :– तेणए** = ચોર, સ્તેન **गामेल्लएहिं** = ગ્રામવાસીઓથી **गड्डं** = ગર્ત, ખાડો **दरिं** = ગુફા **णिण्णं** = નિમ્નસ્થાન(સુકાયેલું સરોવર આદિ) **तणसूएण** = તૃણસૂક તૃણથી– તણખલાના અગ્રભાગથી **अत्ताणं आवरेत्ता** = પોતાને છુપાવીને **अप्पच्छण्णे** = અપ્રચ્છન્ન **अणिलुक्के** = દષ્ટિગોચર ન થવું, **कप्पासपम्हेण** = કપાસમાંથી બનેલા સુતરાઉ વસ્ત્રથી **छाया** = શરીર.

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ મંખલિપુત્ર ગોશાલકને કહ્યું– હે ગોશાલક ! જે રીતે કોઈ ચોર, ગ્રામવાસીઓ દ્વારા પકડાઈ જતાં ખાડો, ગુફા, દુર્ગ(મુશ્કેલીથી પાર કરી શકાય તેવું સ્થાન) નિમ્ન સ્થાન, પર્વત અથવા વિષમ સ્થાનનો આશ્રય ન મળતાં એક મોટા ઊનના કામળાથી, શણના વસ્ત્રથી, કપાસમાંથી બનેલા સુતરાઉ વસ્ત્રથી અને તૃણના અગ્રભાગથી પોતાના શરીરને ઢાંકીને બેસી જાય અને તે ઢંકાયેલો ન હોવા છતાં પણ પોતાને ઢંકાયેલો માને, અપ્રચ્છન્ન હોવા છતાં પણ પોતાને પ્રચ્છન્ન-છુપાયેલો માને, દષ્ટિગોચર થતો હોવા છતાં દષ્ટિ ગોચર નથી તેમ માને, પલાયન નહીં હોવા છતાં પલાયન માને તે જ રીતે હે ગોશાલક ! તું અન્ય ન હોવા છતાં પોતાને અન્ય રૂપે પ્રગટ કરી રહ્યો છે. તેથી હે ગોશાલક ! તું આ પ્રમાણે ન કર, તું આ પ્રમાણે કરવા માટે યોગ્ય નથી, તું તે જ છે અને આ તે જ તારું શરીર છે, તું અન્ય નથી.''

**વિવેચનઃ–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રભુએ ચોરના ઉદાહરણપૂર્વક ગોશાલકને બોધ આપતાં દર્શાવ્યુ છે કે– તું પોતે ગોશાલક જ છે, તું તારી જાતને અન્ય રૂપે પ્રગટ કરે છે, તે મિથ્યા છે. આ રીતે તદ્દન સાચી વાત પ્રભુએ સ્પષ્ટ કરી દીધી. તેનાથી ગોશાલકની વિસ્તારપૂર્વક કહેલી ઉપરોકત કલ્પનાઓનો ધ્વંસ થઈ ગયો. તેનો અસત્ય પ્રલાપ નિષ્પ્રભ થઈ ગયો. તેથી તે ''કિં કર્તવ્ય-વિમૂઢ'' થઈ પ્રભુનો તિરસ્કાર કરવા સામે ધસી આવ્યો.

**ગોશાલક દ્વારા ભગવાનનો તિરસ્કાર :–**

**૪૭ तएणं से गोसाले मंखलिपुत्ते समणेणं भगवया महावीरेणं एवं वुत्ते समाणे आसुरत्ते** *जाव* **समणं भगवं महावीरं उच्चावयाहिं आउसणाहिं आउसइ, आउसित्ता उच्चावयाहिं उद्धंसणाहिं उद्धंसेइ, उद्धंसेत्ता उच्चावयाहिं णिब्भंछणाहिं णिब्भंछेइ, णिब्भंछेत्ता उच्चावयाहिं णिच्छोडणाहिं णिच्छोडेइ, णिच्छोडेत्ता एवं वयासी– णट्ठे सि कयाइ, विणट्ठे सि कयाइ, भट्ठे सि कयाइ, णट्ठ-विणट्ठ-भट्ठे सि कयाइ, अज्ज ण भवसि, णाहि ते ममाहिंतो सुहमत्थि।**

**શબ્દાર્થ :– आउसणाहिं** = આક્રોશ વચનોથી **उद्धंसणाहिं** = અપમાનજનક વચનોથી **णिब्भंछणाहिं** = નિર્ભર્ત્સના–કઠોર વચનોથી **णिच्छोडणाहिं** = દુર્વચનોથી **णट्ठे सि कयाइ** = તું તો કયારનો નષ્ટ-ભ્રષ્ટ થયો છે.

**ભાવાર્થ :–** જ્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આ પ્રમાણે કહ્યું, ત્યારે ગોશાલક અત્યંત કુપિત થયો અને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનો અનેક પ્રકારે અનુચિત અને આક્રોશ પૂર્ણ વચનોથી તિરસ્કાર

કરવા લાગ્યો, પરાભવકારી વચનોથી પરાભવ કરવા લાગ્યો, અનેક પ્રકારે નિર્ભર્ત્સના કરવા લાગ્યો; કર્કશ વચનોથી અપમાનિત કરવા લાગ્યો; આ રીતે તિરસ્કારાદિ કરતાં ગોશાલકે કહ્યું– હું માનું છું કે આજે તું કદાચિત નષ્ટ થઈશ, કદાચિત્ આજે તું વિનષ્ટ થઈશ, કદાચિત્ આજે તું ભ્રષ્ટ થઈશ, કદાચિત્ આજે તું નષ્ટ-વિનષ્ટ અને ભ્રષ્ટ થઈશ, આજે તું જીવિત રહી શકીશ નહીં, મારાથી તારું શુભ થવાનું નથી.

**સર્વાનુભુતિ અણગારનું તેજોલેશ્યા દ્વારા મરણ :–**

**૪૮ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी पाईणजाणवए सव्वाणुभूई णामं अणगारे पगइभद्दए** *जाव* **विणीए, धम्मायरियाणुरागेणं एयमट्ठं असहमाणे उट्ठाए उट्ठेइ, उट्ठित्ता जेणेव गोसाले मंखलिपुत्ते तेणेव उवागच्छइ, उवागच्छित्ता गोसालं मंखलिपुत्तं एवं वयासी– जे वि ताव गोसाला ! तहारूवस्स समणस्स वा माहणस्स वा अंतियं एगमवि आरियं धम्मियं सुवयणं णिसामेइ, से वि ताव वंदइ णमंसइ** *जाव* **कल्लाणं मंगलं देवयं पज्जुवासइ, किमंग पुण तुमं गोसाला! भगवया चेव पव्वाविए, भगवया चेव मुंडाविए, भगवया चेव सेहाविए, भगवया चेव सिक्खाविए, भगवया चेव बहुस्सुईकए, भगवओ चेव मिच्छं विप्पडिवण्णे तं मा एवं गोसाला ! णारिहसि गोसाला! सच्चेव ते सा छाया णो अण्णा । तएणं से गोसाले मंखलिपुत्ते सव्वाणुभूइणामेणं अणगारेणं एवं वुत्ते समाणे आसुरुत्ते** *जाव* **सव्वाणुभूइं अणगारं तवेणं तेएणं एगाहच्चं कूडाहच्चं भासरासिं करेइ । तएणं से गोसाले मंखलिपुत्ते सव्वाणुभूइं अणगारं तवेणं तेएणं एगाहच्चं कूडाहच्चं भासरासिं करित्ता दोच्चं पि समणं भगवं महावीरं उच्चावयाहिं आउसणाहिं आउसइ** *जाव* **सुहं णत्थि ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી પૂર્વદેશમાં ઉત્પન્ન થયેલા સર્વાનુભૂતિ નામના અણગાર હતા, જે પ્રકૃતિથી ભદ્ર અને વિનીત હતા. તે પોતાના ધર્માચાર્ય પ્રત્યેના અનુરાગથી ગોશાલકના તે વચનોને મૌન ભાવે સહન કરી શકયા નહીં. તે પોતાના સ્થાનેથી ઊઠીને મંખલિપુત્ર ગોશાલક પાસે જઈને મંખલિપુત્ર ગોશાલકને આ પ્રમાણે કહેવા લાગ્યા– હે ગોશાલક ! જે મનુષ્ય, તથારૂપના શ્રમણ-માહણ પાસે એક પણ આર્ય, ધાર્મિક, સુવચન સાંભળે છે, તેના માટે તે પુરુષ વંદનીય અને નમસ્કરણીય બની જાય છે ***યાવત્*** તેમને કલ્યાણકારી, મંગલકારી, દેવરૂપ, જ્ઞાન સ્વરૂપ માનીને તેમની પર્યુપાસના કરે છે. હે ગોશાલક ! તો તારા માટે તો કહેવું જ શું ? ભગવાને તને દીક્ષા આપી, તને શિષ્યરૂપે સ્વીકાર્યો, તને મુંડિત કર્યો, ભગવાને તને વ્રત અને સમાચારી શિખવી, ભગવાને તને શિક્ષિત કર્યો અને ભગવાને તને બહુશ્રુત બનાવ્યો. આટલું કરવા છતાં પણ તું ભગવાનની સાથે અનાર્યપણું કરી રહ્યો છે ? હે ગોશાલક ! તું આ પ્રમાણે ન કર. હે ગોશાલક ! આ પ્રમાણે કરવું તારા માટે યોગ્ય નથી. તારું આ તે જ શરીર છે અન્ય નથી. સર્વાનુભૂતિ અણગારની વાત સાંભળીને ગોશાલક અત્યંત કુપિત થયો અને પોતાના તપ-તેજ દ્વારા એક જ પ્રહારમાં કૂટાઘાતની જેમ સર્વાનુભૂતિ અણગારને બાળીને ભસ્મીભૂત કરી નાંખ્યા. સર્વાનુભૂતિ અણગારને પોતાના તપ-તેજ દ્વારા એક જ પ્રહારમાં કૂટાઘાતની જેમ બાળીને ભસ્મીભૂત કરીને પુનઃ (બીજીવાર) શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને અનેક પ્રકારના આક્રોશ વચનો કહેવા લાગ્યો ***યાવત્*** આજે મારાથી તારું શુભ થવાનું નથી.

**સુનક્ષત્ર મુનિનું સમાધિમરણ :–**

**૪૯** **तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी कोसलजाणवए सुणक्खत्ते णामं अणगारे पगइभद्दए** *जाव* **विणीए, धम्मायरियाणुरागेणं जहा सव्वाणुभूई तहेव** *जाव* **सच्चेव ते सा छाया णो अण्णा । तएणं से गोसाले मंखलिपुत्ते सुणक्खत्तेणं अणगारेणं एवं वुत्ते समाणे आसुरुत्ते** *जाव* **सुणक्खत्तं अणगारं तवेणं तेएणं परितावेइ । तएणं से सुणक्खत्ते अणगारे गोसालेणं मंखलिपुत्तेण तवेणं तेएणं परिताविए समाणे जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता सयमेव पंच महव्वयाइं आरुभेइ, आरुभेत्ता समणा य समणीओ य खामेइ, खामित्ता आलोइयपडिक्कंते समाहिपत्ते आणुपुव्वीए कालगए ।**

**ભાવાર્થ :–** તે કાલે તે સમયે, શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી, કોશલ દેશ(અયોધ્યા)માં ઉત્પન્ન થયેલા સુનક્ષત્ર નામના અણગાર હતા, જે પ્રકૃતિથી ભદ્ર અને વિનીત હતા. તેણે પણ ધર્માચાર્યના અનુરાગવશ સર્વાનુભૂતિ અણગારની જેમ જ ગોશાલકને યથાર્થ વાત કહી ***યાવત્*** હે ગોશાલક ! તારું આ તે જ આ શરીર છે, તું અન્ય નથી; સુનક્ષત્ર અણગારે આ પ્રમાણે કહ્યું ત્યારે ગોશાલક અત્યંત કોપિત થયો અને પોતાના તપ-તેજથી સુનક્ષત્ર અણગારને પરિતાપિત કર્યા. મંખલિપુત્ર ગોશાલકના તપ-તેજથી પરિતાપિત થયેલા સુનક્ષત્ર અણગાર, શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે આવ્યા અને શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણાપૂર્વક વંદન નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને પોતાનો અંતિમ સમય જાણી સ્વયં પંચ મહાવ્રતોનું પુનઃઉચ્ચારણ કર્યું અને સર્વ સાધુ-સાધ્વીઓની ક્ષમાયાચના કરી, પછી આલોચના અને પ્રતિક્રમણ કરીને સમાધિપૂર્વક અનુક્રમે કાલધર્મને પ્રાપ્ત થયા.

**વિવેચન :–**

સર્વાનુભૂતિ અણગારની જેમ સુનક્ષત્ર અણગાર ગોશાલકને સમજાવવા ગયા ત્યારે ગોશાલકે તેના પર પણ તેજોલેશ્યા છોડી, પરંતુ સર્વાનુભૂતિ અણગારની જેમ તે તરત જ ભસ્મીભૂત ન થયા પરંતુ તેજોલેશ્યાથી ખૂબ દાઝી ગયા. તેથી શાસ્ત્રકારે તેના માટે **परिताविए**–પરિતાપિત શબ્દ પ્રયોગ કર્યો છે. ત્યાર પછી તેઓ ભગવાન પાસે જઈ અંતિમ આરાધના કરી અને થોડીકવારમાંજ સમાધિપૂર્વક કાલધર્મને પ્રાપ્ત થયા.

**ભગવાન પર તેજોલેશ્યાનો પ્રહાર :–**

**૫૦** **तएणं से गोसाले मंखलिपुत्ते सुणक्खत्तं अणगार तवेणं तेएणं परितावित्ता तच्चं पि समणं भगवं महावीरं उच्चावयाहिं आउसणाहिं आउसइ, सव्वं तं चेव** *जाव* **सुहं णत्थि । तएणं समणे भगवं महावीरे गोसालं मंखलिपुत्तं एवं वयासी– जे वि ताव गोसाला ! तहारूवस्स समणस्स वा माहणस्स वा तं चेव** *जाव* **पज्जुवासइ, किमंग पुण गोसाला ! तुमं मए चेव पव्वाविए** *जाव* **मए चेव बहुस्सुईकए, ममं चेव मिच्छं विप्पडिवण्णे ? तं मा एवं गोसाला !** *जाव* **णो अण्णा । तएणं से गोसाले मंखलिपुत्ते समणेणं भगवया**

**महावीरेणं एवं वुत्ते समाणे आसुरत्ते *जाव* तेयासमुग्घाएणं समोहण्णइ, समोहणित्ता सत्तट्ठ पयाइं पच्चोसक्कइ, पच्चोसक्कित्ता समणस्स भगवओ महावीरस्स वहाए सरीरगंसि तेयं णिसिरइ।**

**से जहाणामए वाउक्कलिया इ वा वायमंडलिया इ वा; सेलंसि वा कुड्डंसि वा थंभंसि वा थूभंसि वा आवरिज्जमाणी वा णिवारिज्जमाणी वा सा णं तत्थ णो कमइ, णो पक्कमइ, एवामेव गोसालस्स वि मंखलिपुत्तस्स तवे तेए समणस्स भगवओ महावीरस्स वहाए सरीरगंसि णिसिट्ठे समाणे से णं तत्थ णो कमइ, णो पक्कमइ, अंचियंचिय करेइ, करित्ता आयाहिणपयाहिणं करेइ, करित्ता उड्ढं वेहासं उप्पइए; से णं तओ पडिहए पडिणियत्ते समाणे तमेव गोसालस्स मंखलिपुत्तस्स सरीरगं अणुडहमाणे-अणुडहमाणे अंतो-अंतो अणुप्पविट्ठे ।**

**ભાવાર્થ :–** પોતાના તપ-તેજથી સુનક્ષત્ર અણગારને પરિતપ્ત કરીને, ગોશાલક પુનઃ(ત્રીજી વાર) અનેક પ્રકારના અનુચિત વચનો દ્વારા શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પર આક્રોશ કરવા લાગ્યો, ***યાવત્*** ''આજે મારાથી તારું શુભ થવાનું નથી.'' ત્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ મંખલિપુત્ર ગોશાલકને આ પ્રમાણે કહ્યું– હે ગોશાલક ! જે કોઈ વ્યક્તિ તથારૂપના શ્રમણ અથવા માહણની પાસે એક પણ ધાર્મિક વચનનું શ્રવણ કરે છે, તે વ્યક્તિ તેને વંદના નમસ્કાર કરી પર્યુપાસના કરે છે. હે ગોશાલક ! તારા વિષયમાં તો કહેવું જ શું ? મેં તને પ્રવ્રજિત કર્યો ***યાવત્*** મેં તને બહુશ્રુત બનાવ્યો, હવે તું મારી સાથે વિરુદ્ધ આચરણ કરી રહ્યો છે ! હે ગોશાલક ! આ પ્રમાણે ન કર. આ પ્રમાણે કરવું તને યોગ્ય નથી. હે ગોશાલક તું તે જ છો, અન્ય નથી.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આ પ્રમાણે કહ્યું ત્યારે ગોશાલક અત્યંત કુપિત થયો. તેણે સાત-આઠ કદમ પાછળ હટીને તૈજસ્ સમુદ્‌ઘાત કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને મારવા માટે તેમના શરીર ઉપર તેજોલેશ્યા ફેંકી.

જે રીતે વાતોત્કલિકા(અટકી-અટકીને વહેતો વાયુ) અને મંડલાકાર વાયુ પર્વત, ભીંત, સ્તંભ અથવા સ્તૂપ દ્વારા સ્ખલિત અને નિવૃત્ત થઈ જાય છે, પરંતુ તેને પાડી નાંખવામાં સમર્થ કે વિશેષ સમર્થ થતો નથી, તે જ રીતે મંખલિપુત્ર ગોશાલકની બહાર કાઢેલી તપોજન્ય તેજોલેશ્યા શ્રમણ ભગવાન મહાવીરના શરીર પર ફેંકવા છતાં તેમના શરીર પર આક્રમક કે વિશેષ આક્રમક ન થઈ પરંતુ તે ગોળ ચક્કર ફરવા લાગી અને પ્રભુની પ્રદક્ષિણા કરી આકાશમાં ઊંચે ગઈ. ત્યાર પછી નિષ્ક્રિય થયેલી અને પાછી ફરેલી તે તેજોલેશ્યા મંખલિપુત્ર ગોશાલકના શરીરને દઝાડતી દઝાડતી, અંતે તેના શરીરમાં પ્રવિષ્ટ થઈ ગઈ.

**બંનેનું પરસ્પર ભાવિ કથન :–**

**૫૧ तएणं से गोसाले मंखलिपुत्ते सएणं तेएणं अण्णाइट्ठे समाणे समणं भगवं महावीरं एवं वयासी– तुमं णं आउसो कासवा ! ममं तवेणं तेएणं अण्णाइट्ठे समाणे अंतो छण्हं मासाणं पित्तज्जरपरिगयसरीरे दाहवक्कंतीए छउमत्थे चेव कालं करेस्ससि । तएणं समणे भगवं महावीरे गोसालं मंखलिपुत्तं एवं वयासी– णो खलु अहं गोसाला ! तव तवेणं तेएणं अण्णाइट्ठे समाणे अंतो छण्हं मासाणं *जाव* कालं करिस्सामि, अहं णं अण्णाइं**

**सोलस वासाइं जिणे सुहत्थी विहरिस्सामि, तुमं णं गोसाला ! अप्पणा चेव सएणं तेएणं अण्णाइट्ठे समाणे अंतो सत्तरत्तस्स पित्तज्जरपरिगयसरीरे** *जाव* **छउमत्थे चेव कालं करिस्ससि।**

**શબ્દાર્થ :– अणाइट्ठे** = અનાદિષ્ટ, અભિવ્યાપ્ત, પરાભૂત **दाहवक्कंतीए**= દાહની પીડાથી **पित्तज्जर परिगयसरीरे** = જેના શરીરમાં પિત્ત જ્વર વ્યાપ્ત થઈ ગયો છે તે **सुहत्थी** = શ્રેષ્ઠ હાથી, ગંધહસ્તી સમાન.

**ભાવાર્થ :–** આ રીતે મંખલિપુત્ર ગોશાલક પોતાની જ તેજોલેશ્યાથી પરાભવને પ્રાપ્ત થયો, ત્યારે તેણે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને કહ્યું– હે આયુષ્યમન્ કાશ્યપ ! મારી તપોજન્ય તેજોલેશ્યાથી પરાભૂત થયેલા તમે પિત્ત જ્વર યુક્ત શરીરવાળા થઈને છ માસને અંતે દાહની પીડાથી છદ્મસ્થ અવસ્થામાં જ મરી જશો. ત્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ગોશાલકને આ પ્રમાણે કહ્યું– હે ગોશાલક ! તારી તપોજન્ય તેજોલેશ્યાથી પરાભવને પ્રાપ્ત થઈને હું છ માસના અંતે ***યાવત્*** કાલધર્મને પ્રાપ્ત થઈશ નહીં. પરંતુ હજુ હું તો બીજા સોળ વર્ષ સુધી જિન અવસ્થામાં ગંધહસ્તીની સમાન વિચરીશ. હે ગોશાલક ! તું સ્વયં તારી જ તેજોલેશ્યાથી પરાભવને પ્રાપ્ત કરીને સાત રાત્રિના અંતે પિત્ત-જ્વરથી પીડિત થઈને ***યાવત્*** છદ્મસ્થ અવસ્થામાં જ કાલધર્મને પ્રાપ્ત કરીશ.

**વિવેચન :–**

પ્રભુ પર ગોશાલકની તેજોલેશ્યાની કોઈ અસર ન થઈ ત્યારે ગોશાલક ખિન્ન થઈ ગયો, તે સ્વતઃ સમજી ગયો કે પ્રભુની અનંત શક્તિ સામે મારી લબ્ધિ અત્યંત ન્યૂનતમ છે. તેમ છતાં તેના અંતરમાં રહેલી વેર-વિરોધની દુર્ભાવના પ્રજ્વલિત હતી. તેથી તેણે શબ્દોના પ્રહાર ચાલુ રાખ્યા અને છ માસમાં ભગવાનના મૃત્યુની મિથ્યા આગાહી કરી દીધી. તેના પ્રત્યુત્તરરૂપે પ્રભુએ વીતરાગભાવે સાતમા દિવસે ગોશાલકના મરણની વાસ્તવિકતા પ્રગટ કરી.

આ ઘટના સમયે પ્રભુની કેવલી પર્યાય ૧૪ વર્ષની થઈ હતી અને ૧૬ વર્ષ કેવલ પર્યાયના અવશેષ રહ્યા હતા. તેથી આ ઘટના દિવસથી પ્રભુનું સોળ વર્ષનું આયુષ્ય બાકી હતું.

**જન ચર્ચા :–**

**૫૨ तएणं सावत्थीए णयरीए सिंघाडग** *जाव* **पहेसु बहुजणो अण्णमण्णस्स एवमाइक्खइ** *जाव* **एवं परूवेइ एवं खलु देवाणुप्पिया ! सावत्थीए णयरीए बहिया कोट्ठए चेइए दुवे जिणा संलवंति, एगे वयइ– तुमं पुव्विं कालं करिस्ससि, एगे वयइ तुमं पुव्वि कालं करिस्ससि, तत्थ णं के पुण सम्मावाई के पुण मिच्छावाई ? तत्थ णं जे से अहप्पहाणे जणे से वयइ– समणे भगवं महावीरे सम्मावाई, गोसाले मंखलिपुत्ते मिच्छावाई ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રાવસ્તી નગરીમાં શ્રૃંગાટક આદિ માર્ગમાં તેમજ રાજમાર્ગમાં અનેક મનુષ્યો આ પ્રમાણે કહેવા લાગ્યા ***યાવત્*** પ્રરૂપણા કરવા લાગ્યા– “હે દેવાનુપ્રિયો ! શ્રાવસ્તી નગરીની બહાર કોષ્ટક ઉદ્યાનમાં બે જિન પરસ્પર વાતચીત કરે છે, તેમાંથી એક કહે છે કે ‘તું પહેલા કાલધર્મ પામીશ’ અને બીજો કહે છે કે, ‘તું પહેલા મરી જઈશ.’ કોણ જાણે કે આ બંનેમાં કોણ સત્યવાદી છે અને કોણ મિથ્યાવાદી છે ?” તે લોકોમાં સત્ય સમજનારા લોકો શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને સત્યવાદી અને મંખલિપુત્ર ગોશાલકને મિથ્યાવાદીરૂપે કહેવા લાગ્યા.

**શ્રમણોને ગોશાલક સાથે ધર્મચર્ચા કરવાનો આદેશ :–**

**૫૩ अज्जो ! त्ति समणे भगवं महावीरे समणे णिग्गंथे आमंतित्ता एवं वयासी– अज्जो से जहाणामए तणरासी इ वा कट्ठरासी इ वा पत्तरासी इ वा तयारासी इ वा तुसरासी इ वा भुसरासी इ वा गोमयरासी इ वा अवकररासी इ वा अगणिज्झामिए अगणिज्झूसिए अगणिपरिणामिए हयतेए गयतेए णट्ठतेए भट्ठतेए लुत्ततेए विणट्ठतेए । एवामेव गोसाले मंखलिपुत्ते मम वहाए सरीरगंसि तेयं णिसिरेत्ता हयतेए गयतेए** *जाव* **विणट्ठतेए जाए । तं छंदेणं अज्जो ! तुब्भे गोसालं मंखलिपुत्तं धम्मियाए पडिचोयणाए पडिचोएह, पडिचोएत्ता धम्मियाए पडिसारणाए पडिसारेह, पडिसारित्ता धम्मिएणं पडोयारेणं पडोयारेह, पडोयारेत्ता अट्ठेहि य हेऊहि य पसिणेहि य वागरणेहि य कारणेहि य णिप्पट्ठ-पसिण-वागरणं करेह ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ શ્રમણ નિર્ગ્રંથોને સંબોધિત કરીને કહ્યું– હે આર્યો ! જે રીતે ઘાસનો ઢગલો, લાકડાનો ઢગલો, પાંદડાનો ઢગલો, છાલનો ઢગલો, ફોતરાનો ઢગલો, ભૂસાનો ઢગલો, છાણાંનો ઢગલો અથવા કચરાનો ઢગલો અગ્નિનો સ્પર્શ પામે છે, અગ્નિથી સેવિત થાય છે, અગ્નિથી પરિણામાંતરને પામે છે અર્થાત્ તે ઢગલા અગ્નિથી બળી જાય છે; ત્યારે તે અગ્નિનું તેજ હણાય જાય છે, તે અગ્નિ તેજ રહિત થાય છે, તેનું તેજ નષ્ટ, ભ્રષ્ટ(અવ્યક્ત) લુપ્ત અને સંપૂર્ણપણે વિનષ્ટ થઈ જાય છે. તે જ રીતે મંખલિપુત્ર ગોશાલકે મારા વધને માટે પોતાના શરીરમાંથી તેજોલેશ્યા બહાર કાઢી હતી. હવે તેનું તેજ(નષ્ટ) થઈ ગયું છે ***યાવત્*** તેનું તેજ નષ્ટ, વિનષ્ટ થઈ ગયું છે. હે આર્યો ! તેથી હવે તમે તમારી ઈચ્છાનુસાર ગોશાલકની સાથે ધર્મચર્ચા કરો. ધર્મચર્ચા-વાદવિવાદ કર્યા પછી પ્રતિસ્મારણા– તેને વિસ્મૃત અર્થની સ્મૃતિ કરાવો, તેના સિદ્ધાંતોનું ખંડન કરો અને અર્થ, હેતુ, પ્રશ્ન, વ્યાકરણ અને કારણો દ્વારા પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર ન આપી શકે, તે રીતે તેને નિરુત્તર કરો.

**વિવેચન :–**

ભગવાને પહેલાં ગોશાલક સાથે ધાર્મિક ચર્ચા અને પ્રશ્નોત્તર આદિ કરવાનો નિષેધ કર્યો હતો કારણ કે તે સમયે ગોશાલકને પોતાની તેજોલબ્ધિનો અહંકાર હતો. અહંકારમાં અંધ બનેલી વ્યક્તિ સાથે કરેલી કોઈપણ વાતચીત કે હિત શિક્ષા, કે પ્રેરણા વ્યર્થ જાય છે. જ્યારે હવે તેજોલેશ્યાનો પ્રભાવ નષ્ટ થઈ ગયો ત્યારે પ્રભુએ ગોશાલકની સાથે ધર્મચર્ચા આદિ કરવાની છૂટ આપી. જેથી ગોશાલકના મતાનુયાયી અનેક સાધુઓ, ઉપાસકો તેના મતનો ત્યાગ કરીને સત્યને સમજી શકે અને સત્યનો સ્વીકાર કરી શકે. અહીં પ્રભુનું જ્ઞાન સામર્થ્ય તેમ જ વ્યવહાર શુદ્ધિ પ્રગટ થાય છે.

**ધર્મ-ચર્ચામાં ગોશાલકનો પરાજય :–**

**૫૪ तएणं ते समणा णिग्गंथा समणेणं भगवया महावीरेणं एवं वुत्ता समाणा समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता जेणेव गोसाले मंखलिपुत्ते तेणेव उवागच्छंति, तेणेव उवागच्छित्ता गोसालं मंखलिपुत्तं धम्मियाए पडिचोयणाए पडिचोएंति, पडिचोएत्ता धम्मियाए पडिसारणाए पडिसारेंति, पडिसारेत्ता धम्मिएणं पडोयारेणं पडोयारेंति, पडोयारित्ता**

**अट्ठेहि य हेऊहि य कारणेहि य णिप्पट्ठ-पसिण-वागरणं करेंति ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આ પ્રમાણે કહ્યું ત્યારે શ્રમણ નિર્ગ્રંથો શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરીને મંખલિપુત્ર ગોશાલક પાસે ગયા અને ત્યાં જઈને ગોશાલકની સાથે ધર્મ સંબંધી પ્રતિશોધના– તેના મતથી પ્રતિકૂળ વચન, વાદ વિવાદ કર્યો, પ્રતિસારણા– તેના મતથી પ્રતિકૂળ અર્થનું સ્મરણ કરાવ્યું તથા તેના મતનું ખંડન કર્યું અને અર્થ, હેતુ તથા કારણ આદિ દ્વારા તેને નિરુત્તર કર્યો.

**ગોશાલકના શ્રમણોનું પ્રભુના શરણે આગમન :–**

**૫૫ तएणं से गोसाले मंखलिपुत्ते समणेहिं णिग्गंथेहिं धम्मियाए पडिचोयणाए पडिचोइज्जमाणे** *जाव* **णिप्पट्ठपसिणवागरणे कीरमाणे आसुरुत्ते** *जाव* **मिसिमिसेमाणे णो संचाएइ समणाणं णिग्गंथाणं सरीरगस्स किंचि आबाहं वा वाबाहं वा उप्पाएत्तए, छविच्छेयं वा करेत्तए । तएणं ते आजीविया थेरा गोसालं मंखलिपुत्तं समणेहिं णिग्गंथेहिं धम्मियाए पडिचोयणाए पडिचोएज्जमाणं, धम्मियाए पडिसारणाए पडिसारिज्जमाणं, धम्मिएणं पडोयारेण य पडोयारेज्जमाणं, अट्ठेहि य हेऊहि य णिप्पट्ठ-पसिण-वागरणं करेमाणं, आसुरुत्तं** *जाव* **मिसिमिसेमाणं समणाणं णिग्गंथाणं सरीरगस्स किंचि आबाहं वा वाबाहं वा छविच्छेयं वा अकरेमाणं पासंति, पासित्ता गोसालस्स मंखलिपुत्तस्स अंतियाओ आयाए अवक्कमंति, अवक्कमित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छंति, तेणेव उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेंति करेत्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता समणं भगवं महावीरं उवसंपज्जित्ता णं विहरंति, अत्थेगइया आजीविया थेरा गोसालं चेव मंखलिपुत्तं उवसंपज्जित्ता णं विहरंति ।**

**ભાવાર્થ :–** શ્રમણ નિર્ગ્રંથોએ ધર્મચર્ચા દ્વારા તેને વાદ વિવાદમાં પરાજિત કર્યો અને અર્થ, હેતુ, વ્યાકરણ તથા પ્રશ્નોથી નિરુત્તર કર્યો ત્યારે ગોશાલક અત્યંત કુપિત થયો, ***યાવત્*** ક્રોધથી અત્યંત પ્રજ્વલિત થયો, પરંતુ શ્રમણ નિર્ગ્રંથોના શરીરને અલ્પ પીડા, વિશેષ પીડા તથા અવયવ છેદ કરવામાં સમર્થ ન થયો. જ્યારે આજીવિક સ્થવિરોએ(ગોશાલકના શિષ્યોએ) આ જોયું કે શ્રમણ નિર્ગ્રંથો દ્વારા ધર્મ સંબંધી પ્રેરણા પ્રતિસારણા અને મતના ખંડનથી તથા અર્થ, હેતુ, વ્યાકરણ અને પ્રશ્નોત્તરથી ગોશાલકને નિરુત્તર કરાયો છે, જેથી ગોશાલક અત્યંત કુપિત ***યાવત્*** ક્રોધથી ધમધમી રહ્યો છે, પરંતુ શ્રમણ નિર્ગ્રંથોના શરીરને અલ્પ પીડા, વિશેષ પીડા અને અવયવ છેદ કરી શક્યો નથી, ત્યારે આ પ્રમાણે જોઈને કેટલાક આજીવિક શ્રમણો મંખલિપુત્ર ગોશાલક પાસેથી સ્વયં નીકળી ગયા; નીકળીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે આવીને શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણાપૂર્વક વંદન-નમસ્કાર કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું શિષ્યત્વ સ્વીકારીને રહેવા લાગ્યા અને કેટલાક આજીવિક સ્થવિરો, મંખલિપુત્ર ગોશાલકની સાથે જ રહ્યા.

**ગોશાલકની દુર્દશા :–**

**૫૬ तएणं से गोसाले मंखलिपुत्ते जस्सट्ठाए हव्वमागए तमट्ठं असाहेमाणे, रुंदाइं**

**पलोएमाणे, दीहुण्हाइं णीससमाणे, दाढियाए लोमाइं लुंचमाणे अवडुयं कंडूयमाणे, पुयलिं पप्फोडेमाणे, हत्थे विणिद्धुणमाणे, दोहि वि पाएहिं भूमिं कोट्टेमाणे, 'हा हा अहो ! हओ अहमस्सि त्ति कट्टु समणस्स भगवओ महावीरस्स अंतियाओ कोट्ठयाओ चेइयाओ पडिणिक्खमइ; पडिणिक्खमित्ता जेणेव सावत्थी णयरी, जेणेव हालाहलाए कुंभकारीए कुंभकारावणे तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता हालाहलाए कुंभकारीए कुंभकारावणंसि अंबकूणगहत्थगए, मज्जपाणगं पियमाणे, अभिक्खणं गायमाणे, अभिक्खणं णच्चमाणे, अभिक्खणं हालाहलाए कुंभकारीए अंजलिकम्मं करेमाणे, सीयलए णं मट्टियापाणएणं आयंचणिउदएणं गायाइं परिसिंचमाणे विहरइ ।**

**શબ્દાર્થ :–** **रुंदाइ पलोएमाणे** = દિશાઓમાં લાંબી દષ્ટિ ફેંકતો **अवडुयं** = ડોકનો પાછળનો ભાગ **पुयलिं** = પુત પ્રદેશ, કમરની નીચેનો પ્રદેશ **कंडूयमाणे** = ખંજવાળતો **हत्थे विणिद्धुमाणे** = હાથને હલાવતો **हओ अहमस्सि** = હું મરાયો **अंबकुणहत्थगए** = આમ્રફળ હાથમાં લઈને **मज्जपाणगं** = મદ્યપાનક **असाहेमाणे** = સાધ્યા વિના **दिहुण्हाइं** = દીર્ઘ ઉષ્ણ **आयंचणिउदएणं** = વાસણમાં પડેલું, મૃત્તિકામિશ્રિત શીતળ જળ.

**ભાવાર્થ :–** મંખલિપુત્ર ગોશાલક જે કાર્યની સિદ્ધિને માટે આવ્યો હતો, તે સિદ્ધ કરી શક્યો નહીં, ત્યારે તે હતાશ, નિરાશ થઈને ચારે બાજુ જોતો, નિસાસા નાંખતો, દાઢીના વાળને ખેંચતો, ડોકને ખંજવાળતો, પુતપ્રદેશને પ્રસ્ફોટિત કરતો, બંને હાથ હલાવતો(મસળતો), જમીન પર પગ પછાડતો, ''હા, હા ! અરે ! હું મરાયો'' આ પ્રમાણે વિચાર કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસેથી કોષ્ટક ઉદ્યાનમાંથી નીકળીને શ્રાવસ્તી નગરીમાં હાલાહલા કુંભારણની દુકાને પાછો આવ્યો, ત્યાર પછી તેજોલેશ્યાજન્ય દાહની ઉપશાંતિ માટે હાથમાં આમ્રફલ– આંબાની ગોઠલી ચૂસતો, મદ્યપાન કરતો, વારંવાર ગાતો, વારંવાર નાચતો, વારંવાર હાલાહલા કુંભારણને હાથ જોડીને પ્રાર્થના કરતો અને માટીના વાસણમાં રહેલા માટી મિશ્રિત શીતળ પાણીથી પોતાના શરીરને સિંચન કરવા લાગ્યો.

### ગોશાલકે છોડેલી તેજો લેશ્યાની ક્ષમતા :–

**૫૭ अज्जो त्ति समणे भगवं महावीरे समणे णिग्गंथे आमंतित्ता एवं वयासी– जावइए णं अज्जो ! गोसालेणं मंखलिपुत्तेणं ममं वहाए सरीरगंसि तेये णिसट्ठे, से णं अलाहि पज्जत्ते सोलसण्हं जणवयाणं, तं जहा– अंगाणं बंगाणं मगहाणं मलयाणं मालवगाणं अच्छाणं वच्छाणं कोच्छाणं पाढाणं लाढाणं वज्जाणं मोलीणं कासीणं कोसलाणं अबाहाणं संभुत्तराणं घायाए, वहाए, उच्छायणयाए, भासीकरणयाए ।**

**ભાવાર્થ :–** હે આર્યો ! આ પ્રકારે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ શ્રમણ નિર્ગ્રંથોને કહ્યું– હે આર્યો ! મંખલિપુત્ર ગોશાલકે મારો વધ કરવા માટે પોતાના શરીરમાંથી જે તેજોલેશ્યા કાઢી હતી, તે નિમ્નલિખિત સોળ દેશોનો ઘાત કરવામાં, વિનાશ કરવામાં, સંપૂર્ણ વિનાશ કરવામાં અને ભસ્મીભૂત કરવામાં સમર્થ હતી. યથા– (૧) અંગ (૨) બંગ (૩) મગધ (૪) મલય (૫) માલવ (૬) અચ્છ (૭) વત્સ (૮) કૌત્સ (૯) પાટ (૧૦) લાટ (૧૧) વજ (૧૨) મૌલી (૧૩) કાશી (૧૪) કૌશલ (૧૫) અબાધ અને

(૧૬) સંભુક્તર.

**પાપ પ્રચ્છાદન માટે ગોશાલકની કલ્પિત પ્રરૂપણા :–**

**૫૮ जं पि य अज्जो ! गोसाले मंखलिपुत्ते हालाहलाए कुंभकारीए कुंभकारावणंसि अंबकूणगहत्थगए, मज्जपाणं पियमाणे, अभिक्खणं** *जाव* **अंजलिकम्मं करेमाणे विहरइ, तस्स वि य णं वज्जस्स पच्छादणट्ठयाए इमाइं अट्ठ चरिमाइं पण्णवेइ, तं जहा– चरिमे पाणे, चरिमे गेये, चरिमे णट्टे, चरिमे अंजलिकम्मे, चरिमे पोक्खलसंवट्टए महामेहे, चरिमे सेयणए गंधहत्थी, चरिमे महासिलाकंटए संगामे, अहं च णं इमीसे ओसप्पिणीए चउवीसाए तित्थयराणं चरिमे तित्थयरे सिज्झिस्सं** *जाव* **अंतं करेस्सं ति ।**

**जं पि य अज्जो ! गोसाले मंखलिपुत्ते सीयलएणं मट्टियापाणएणं आयंचणिउदएणं गायाइं परिसिंचमाणे विहरइ । तस्स वि य णं वज्जस्स पच्छादणट्ठयाए इमाइं चत्तारि पाणगाइं चत्तारि अपाणगाइं पण्णवेइ ।**

**શબ્દાર્થ :– वज्जस्स पछादणट्ठयाए** = દોષોને ઢાંકવાને માટે.

**ભાવાર્થ :–** હે આર્યો ! મંખલિપુત્ર ગોશાલક, હાલાહલા કુંભારણની દુકાનમાં, હાથમાં આમ્રફળ ચૂસતો, મદ્યપાન કરતો ***યાવત્*** વારંવાર હાથ જોડીને પ્રાર્થના કરતો રહ્યો અને પોતાના દોષોને ઢાંકવા માટે આ આઠ 'ચરમ' વસ્તુઓની પ્રરૂપણા કરવા લાગ્યો. યથા– (૧) ચરમ પાન(પીણાં) (૨) ચરમ ગાન (૩) ચરમ નાટ્ય (૪) ચરમ અંજલિકર્મ (૫) ચરમ પુષ્કલ–સંવર્તક મહામેઘ (૬) ચરમ સેચનક ગંધહસ્તી (૭) ચરમ મહાશિલા કંટક સંગ્રામ અને (૮) હું (મંખલિપુત્ર ગોશાલક) આ અવસર્પિણી કાલમાં ચોવીસ તીર્થંકરોમાંથી ચરમ તીર્થંકરપણે સિદ્ધ થઈશ ***યાવત્*** સમસ્ત દુઃખોનો અંત કરીશ.

હે આર્યો ! મંખલિપુત્ર ગોશાલક માટીના પાત્રમાં રહેલા માટી મિશ્રિત શીતળ પાણીથી પોતાના શરીરનું સિંચન કરવા લાગ્યો અને તે પાપને છુપાવવા માટે ચાર પ્રકારના પાનક સાધુને ઉપયોગમાં લેવા યોગ્ય અને ચાર પ્રકારના અપાનક પીવા યોગ્ય નથી પરંતુ દાહોપશમન માટે યોગ્ય છે તેવી પ્રરૂપણા કરવા લાગ્યો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પોતાના પાપને છુપાવવા માટે ગોશાલકે કરેલી કપોલકલ્પિત પ્રરૂપણાઓ નિદર્શિત છે.

**अट्ठचरिमाइं**– ચરમ એટલે અંતિમ. ગોશાલકે આઠ પ્રકારના ચરમની પ્રરૂપણા કરી. તેણે મૂકેલી તેજોલેશ્યા જ્યારે તેના જ શરીરમાં પ્રવેશી ગઈ ત્યારે તે અસહ્ય પીડાથી ઉન્મત્ત બની, શાતા માટે મદ્યપાનાદિ કરવા લાગ્યો. પોતાની આ(૧ થી ૪) મદ્યપાન, ગાન, નાટ્ય, અંજલીકર્મ જેવી પાપ ક્રિયાને તત્ત્વમાં ખપાવતા તેણે આઠ ચરમની વાત વહેતી મૂકી. દાહોપશમન માટે જલસિંચન કે મદ્યપાન કરું છું તેમ ન કહેતા તેણે પ્રરૂપણા કરી કે જિનેશ્વર જ્યારે મોક્ષે પધારવાના હોય ત્યારે આ ચાર ક્રિયા ચરમરૂપે અવશ્ય કરે છે અને પોતે જિન હોવાથી નિર્વાણ પામવાનો છે તે પ્રગટ કરવા પૂર્વોક્ત ચારે ક્રિયા હવે પછી (નિર્વાણ

પામ્યા પછી) ક્યારે ય કરવાનો નથી માટે તે ચારે ય ચરમ છે, તેમ કહી પ્રચાર કરવા લાગ્યો.

(૫) પુષ્કલ સંવર્તક નામનો મહામેઘ પ્રલયકાળના અંતે થાય છે. (૬) સેચનક ગંધહસ્તિ દ્વારા યુદ્ધમાં અંતિમ વિજય નિશ્ચિત છે. (૭) મહાશિલા કંટક સંગ્રામ પણ યુદ્ધના અંતે જ થાય છે. ત્યાર પછી સંગ્રામ થતો નથી. આ રીતે તે સર્વ ચરમ પદ વાચ્ય છે. પુષ્કલ સંવર્તક આદિ ત્રણ ચરમનું કથન અહીં અપ્રાસંગિક છે. તેમ છતાં ચરમની સમાનતા બતાવવા માટે, પોતાના દોષ છુપાવવા માટે, પોતાને અતિશય જ્ઞાની પ્રગટ કરવા માટે તથા જન-ચિત્ત રંજન માટે તેને ચરમરૂપે કહ્યા છે. જેથી પૂર્વોક્ત ચાર ક્રિયાને લોકો સરળતાથી સ્વીકારે. (૮) આઠમા ચરમમાં સ્વયં પોતાને ચરમ તીર્થંકર કહ્યા છે. તે ચરમ ઉપરાંત પોતાની ગાત્રસિંચન રૂપ પાપ પ્રવૃત્તિને છુપાવવા માટે ચાર પ્રકારના પાનક અને અપાનકની પ્રરૂપણા કરી છે.

**પાનક-અપાનક :–**

**૫૯ से किं तं पाणए ? पाणए चउव्विहे पण्णत्ते, तं जहा– गोपुट्ठए, हत्थमद्दियए, आयवतत्तए सिलापब्भट्ठए । से तं पाणए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાનક શું છે ?

**ઉત્તર–** સાધુને યોગ્ય જલરૂપ પાનકના ચાર પ્રકાર છે. યથા– (૧) ગાય આદિ પશુઓથી સ્પર્શિત, પશુઓના ચાલવાથી ડહોળાયેલું પાણી (૨) હસ્ત મર્દિત– હાથ ધોયેલું ડહોળું પાણી (૩) આતપતપ્ત– સૂર્યના તાપથી ગરમ થયેલું પાણી (૪) શિલાપભ્રષ્ટ– શિલા ઉપરથી કે છત ઉપરથી પડેલું પાણી. આ ચાર પ્રકારના પાનક(પાણી) સાધુને ઉપયોગમાં લેવા યોગ્ય પાણી છે.

**૬૦ से किं तं अपाणए ? अपाणए चउव्विहे पण्णत्ते, तं जहा– थालपाणए तयापाणए सिंबलिपाणए, सुद्धपाणए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અપાનક શું છે ? **ઉત્તર–** અપાનકના ચાર પ્રકાર છે. યથા– (૧) સ્થાલ પાનક (૨) ત્વક્ પાનક (૩) સિંબલી પાનક (૪) શુદ્ધ પાનક.

**૬૧ से किं तं थालपाणए ? थालपाणए– जं णं दाथालगं वा दावारगं वा दाकुंभगं वा दाकलसं वा सीयलगं उल्लगं हत्थेहिं परामुसइ, ण य पाणियं पियइ । से तं थालपाणए।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સ્થાલ પાનકનું સ્વરૂપ કેવું છે ? **ઉત્તર–** પાણીથી ભીંજાયેલો થાળ, પાણીથી ભીંજાયેલું બારક(માટીનું નાનું વાસણ), પાણીથી ભીંજાયેલો મોટો ઘડો, પાણીથી ભીંજાયેલો કળશ હોય, તેને ભીના હાથથી સ્પર્શ કરે પણ પીવે નહીં, તેને સ્થાલ-પાનક કહે છે.

**૬૨ से किं तं तयापाणए ? तयापाणए जं णं अंबं वा अंबाडगं वा जहा पओगपए** *जाव* **बोरं वा तिंदुरुयं वा तरुणगं वा, आमगं वा आसगंसि आवीलेइ वा पविलेइ वा, ण य पाणियं पियइ, से तं तयापाणए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ત્વક્ પાનક(વૃક્ષાદિની છાલનું પાણી)નું સ્વરૂપ કેવું છે ?

**ઉત્તર–** આમ્ર, અમ્બાડગ ઇત્યાદિ પ્રજ્ઞાપના સૂત્રના ૧૬માં પ્રયોગ-પદ કથિત ફળો ***યાવત્*** બોર,

તિન્દુરુક વગેરે ફળો અલ્પ વિકસિત અને કાચા હોય, તેને મુખમાં રાખીને થોડું ચૂસે અથવા વિશેષ રૂપે ચૂસે પરંતુ તેનું પાણી પીવે નહીં. તેને ત્વક્પાનક પાણી કહેવાય છે.

**६३ से किं तं सिंबलिपाणए ? सिंबलिपाणए– जं णं कलसंगलियं वा, मुग्गसंगलियं वा माससंगलियं वा सिंबलिसंगलियं वा तरुणियं आमियं आसगंसि आवीलेइ वा पविलेइ वा, ण य पाणियं पियइ, से तं सिंबलिपाणए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સિંબલી પાનકનું સ્વરૂપ કેવું છે ?

**ઉત્તર–** કલાય સિમ્બલી-વટાણાની શિંગ, મગની શિંગ, અડદની શિંગ, સિમ્બલી (વૃક્ષ વિશેષ)ની શિંગ આદિ અપક્વ અને કાચી હોય તેને મુખમાં થોડી ચાવે અથવા વિશેષ ચાવે પરંતુ તેનું પાણી પીવે નહીં. તેને સિમ્બલી પાનક કહેવાય છે.

**६४ से किं तं सुद्धपाणए ? सुद्धपाणए जे णं छ मासे सुद्धखाइमं खाइ, दो मासे पुढविसंथारोवगए, दो मासे कट्ठसंथारोवगए, दो मासे दब्भसंथारोवगए, तस्स णं बहुपडिपुण्णाणं छण्हं मासाणं अंतिमराईए इमे दो देवा महिड्डिया *जाव* महासोक्खा अंतियं पाउब्भवंति, तं जहा– पुण्णभद्दे य माणिभद्दे य । तएणं ते देवा सीयलएहिं उल्लएहिं हत्थेहिं गायाइं परामुसंति, जे णं ते देवे साइज्जइ, से णं आसीविसत्ताए कम्मं पकरेइ; जे णं ते देवे णो साइज्जइ, तस्स णं सयंसि सरीरगंसि अगणिकाए संभवइ, से णं सएणं तेएणं सरीरगं झामेइ, झामित्ता तओ पच्छा सिज्झइ *जाव* अंतं करेइ । से तं सुद्धपाणए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** શુદ્ધ પાનકનું સ્વરૂપ કેવું છે ?

**ઉત્તર–** જે છ મહિના સુધી શુદ્ધ આહાર કરે છે, છ મહિનામાં બે મહિના સુધી પૃથ્વી રૂપ સંસ્તારક પર શયન કરે છે, બે મહિના લાકડાના સંસ્તારક પર શયન કરે છે, બે મહિના સુધી દર્ભના સંસ્તારક પર શયન કરે છે. આ રીતે છ મહિનાની અંતિમ રાત્રે તેની પાસે બે મહર્દ્ધિક ***યાવત્*** મહાસુખી દેવો પ્રગટ થાય છે. યથા– પૂર્ણભદ્ર અને માણિભદ્ર. આ દેવ શીતળ અને ભીના હાથે તેના શરીરના અવયવોનો સ્પર્શ કરે છે. તે દેવોની જો તે સાધુ અનુમોદના કરે છે, તો તે આશીવિષ કર્મ કરે છે અને જે તે દેવોની અનુમોદના કરતા નથી, તેના સ્વયંના શરીરમાં અગ્નિકાય ઉત્પન્ન થાય છે. તે અગ્નિકાય પોતાના તેજથી તેના શરીરને બાળે છે. ત્યાર પછી તે સિદ્ધ થાય છે ***યાવત્*** સમસ્ત દુઃખોનો અંત કરે છે. તે શુદ્ધ પાનક કહેવાય છે.

**વિવેચન :–**

પોતાના દોષને ઢાંકવા માટે ગોશાલકે પાનક-અપાનકની પ્રરૂપણા કરી છે. પોતાને જે તેજોલેશ્યા જન્ય દાહજવર થયો તેને તે યોગ્ય પાનકરૂપે ઘટાવી રહ્યો હતો.

**આજીવિકોપાસક અયંપુલ :–**

**६५ तत्थ णं सावत्थीए णयरीए अयंपुले णामं आजीविओवासए परिवसइ– अड्ढे *जाव* अपरिभूए, जहा हालाहला *जाव* आजीवियसमएणं अप्पाणं भावेमाणे विहरइ । तएणं तस्स अयंपुलस्स आजीविओवासगस्स अण्णया कयाइ पुव्वरत्तावरत्तकालसमयंसि**

**कुडुंबजागरियं जागरमाणस्स अयमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– किं संठिया हल्ला पण्णत्ता ? तएणं तस्स अयंपुलस्स आजीविओवासगस्स दोच्चं पि अयमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– एवं खलु ममं धम्मायरिए, धम्मोवएसए गोसाले मंखलिपुत्ते उप्पण्णणाणंदसणधरे** *जाव* **सव्वण्णू सव्वदरिसी इहेव सावत्थीए णयरीए हालाहलाए कुंभकारीए कुंभकारावणंसि आजीवियसंघसंपरिवुडे आजीवियसमएणं अप्पाणं भावेमाणे विहरइ, तं सेयं खलु मे कल्लं** *जाव* **जलंते गोसालं मंखलिपुत्तं वंदित्ता** *जाव* **पज्जुवासेत्ता इमं एयारूवं वागरणं वागरित्तए त्ति कट्टु एवं संपेहेइ, एवं संपेहित्ता कल्लं** *जाव* **जलंते ण्हाए** *जाव* **अप्पमहग्घाभरणालंकियसरीरे, साओ गिहाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता पायविहारचारेणं सावत्थिं णयरिं मज्झंमज्झेणं जेणेव हालाहलाए कुंभकारीए कुंभकारावणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता गोसालं मंखलिपुत्तं हालाहलाए कुंभकारीए कुंभकारावणंसि अंबकूणगहत्थगयं** *जाव* **अंजलिकम्मं करेमाणं सीयलएणं मट्टियापाणएणं आयंचणि-उदएणं गायाइं परिसिंचमाणं पासइ, पासित्ता लज्जिए, विलिए, विड्डे सणियं सणियं पच्चोसक्कइ ।**

**ભાવાર્થ :–** તે શ્રાવસ્તી નગરીમાં અયંપુલ નામનો આજીવિકોપાસક રહેતો હતો. તે ૠદ્ધિસંપન્ન ***યાવત્*** અપરાભૂત હતો. તે હાલાહલા કુંભારણની જેમ આજીવિક સિદ્ધાંતથી પોતાના આત્માને ભાવિત કરતો વિચરતો હતો. અયંપુલ આજીવિકોપાસકને એકવાર રાત્રિના પાછલા પ્રહરમાં કુટુંબ જાગરણ કરતા આ પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો કે 'હલ્લા' નામના કીટ વિશેષનો આકાર કેવો હશે ? પછી અયંપુલ આજીવિકોપાસકને બીજો પણ આ પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો કે મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક મંખલિપુત્ર ગોશાલક ઉત્પન્ન જ્ઞાન-દર્શનના ધારક, સર્વજ્ઞ, સર્વદર્શી છે. તેઓ આ જ શ્રાવસ્તી નગરીમાં હાલાહલા કુંભારણની દુકાનમાં આજીવિક સિદ્ધાંતથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે. તેથી કાલે પ્રાતઃકાલે સૂર્યોદય થતાં મંખલિપુત્ર ગોશાલકને વંદન-નમસ્કારપૂર્વક પર્યુપાસના કરીને, આ પ્રશ્ન પૂછવો તે મારા માટે શ્રેયસ્કર છે. આ પ્રમાણે વિચાર કર્યો, વિચાર કરીને બીજે દિવસે પ્રાતઃકાલે સ્નાન કર્યું, પછી અલ્પ ભારે અને મહામૂલ્યવાન આભૂષણોથી પોતાના શરીરને અલંકૃત કરીને પોતાના ઘેરથી બહાર નીકળીને પગ-પાળા ચાલીને, શ્રાવસ્તી નગરીની મધ્યમાંથી પસાર થઈને હાલાહલા કુંભારણની દુકાને આવ્યા, આવીને તેણે હાથમાં આમ્રફલ ગ્રહણ કરેલા ***યાવત્*** કુંભારણને વારંવાર હાથ જોડીને પ્રાર્થના કરતા અને માટી મિશ્રિત શીતળ જળથી પોતાના અવયવોને સિંચન કરતા ગોશાલકને જોયા અને જોતાં જ તે લજ્જિત, ઉદાસ અને અધિક લજ્જિત થયો અને તે ધીરે ધીરે પાછો ફરી ગયો.

**६६ तएणं ते आजीविया थेरा अयंपुलं आजीवियोवासगं लज्जियं** *जाव* **पच्चोसक्कमाणं पासइ, पासित्ता एवं वयासी– एहि ताव अयंपुला ! एत्तओ । तएणं से अयंपुले आजीवियोवासए आजीवियथेरेहिं एवं वुत्ते समाणे जेणेव आजीविया थेरा तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता आजीविए थेरे वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता णच्चासण्णे** *जाव* **पज्जुवासइ ।**

अयंपुला ! ति आजीविया थेरा अयंपुलं आजीवियोवासगं एवं वयासी– से णूणं ते अयंपुला ! पुव्वरत्तावरत्तकाल-समयंसि *जाव* किंसंठिया हल्ला पण्णत्ता? तएणं तव अयंपुला ! दोच्चं पि अयमेया रूवे अज्झत्थिए तं चेव सव्वं भाणियव्वं *जाव* सावत्थिं णयरीं मज्झंमज्झेणं जेणेव हालाहलाए कुंभकारीए कुंभकारावणे, जेणेव इहं तेणेव हव्वमागए। से णूणं ते अयंपुला ! अट्ठे समट्ठे ? हंता अत्थि ।

जं पि य अयंपुला ! तव धम्मायरिए धम्मोवएसए गोसाले मंखलिपुत्ते हालाहलाए कुंभकारीए कुंभकारावणंसि अंबकूणगहत्थगए *जाव* अंजलिं करेमाणे विहरइ, तत्थ वि णं भगवं इमाइं अट्ठ चरिमाइं पण्णवेइ, तं जहा– चरिमे पाणे *जाव* अंतं करिस्सइ । जे वि य अयंपुला ! तव धम्मायरिए धम्मोवएसए गोसाले मंखलिपुत्ते सीयलएणं मट्टिया पाणएणं *जाव* विहरइ, तत्थ वि णं भगवं इमाइं चत्तारि पाणगाइं, चत्तारि अपाणगाइं पण्णवेइ । से किं तं पाणए ? पाणए चउव्विहे पण्णत्ते *जाव* तओ पच्छा सिज्झइ *जाव* अंतं करेइ । तं गच्छ णं तुमं अयंपुला ! एस चेव तव धम्मायरिए धम्मोवएसए गोसाले मंखलिपुत्ते इमं एयारूवं वागरणं वागरित्तए त्ति ।

**ભાવાર્થ :–** ત્યારે આજીવિક સ્થવિરોએ, આજીવિકોપાસક અયંપુલને લજ્જિત થઈને **યાવત્** પાછા જતાં જોઈને આ પ્રમાણે કહ્યું– "હે અયંપુલ ! અહીં આવ. આજીવિક સ્થવિરોથી સંબોધિત થઈને અયંપુલ તેમની પાસે ગયો. આજીવિક સ્થવિરોને વંદન-નમસ્કાર કરીને તેની સમીપે બેસીને પર્યુપાસના કરવા લાગ્યો. ત્યારે આજીવિક સ્થવિરોએ તેને કહ્યું, હે અયંપુલ! આજે પાછલી રાત્રિના સમયે તને આ વિચાર ઉત્પન્ન થયો છે કે "હલ્લા"નો આકાર કેવો હોય છે. ત્યાર પછી હે અયંપુલ ! તને બીજો આ પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો કે મંખલિપુત્ર ગોશાલક મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક છે ઇત્યાદિ પૂર્વોક્ત સમસ્ત કથન કરવું **યાવત્** તું શ્રાવસ્તી નગરીના મધ્યભાગમાંથી ચાલતો ચાલતો હાલાહલા કુંભારણની દુકાનમાં, ગોશાલક પાસે થઈને આ સ્થાનમાં આવ્યો છે. હે અયંપુલ ! શું આ વાત સત્ય છે ? અયંપુલે કહ્યું– હા સત્ય છે. હે અયંપુલ ! તારા ધર્માચાર્ય, ધર્મોપદેશક મંખલિપુત્ર ગોશાલક હાલાહલા કુંભારણની દુકાનમાં આમ્રફળ હાથમાં લઈને **યાવત્** મદ્યપાન કરતા ગીતો ગાતા, વારંવાર હાથ જોડીને પ્રાર્થના કરતા વિચરે છે, પરંતુ આ વિષયમાં તેઓએ આઠ ચરમની પ્રરૂપણા કરી છે. યથા– ગોશાલકનું ચરમ પાનક **યાવત્** ગોશાલક ચરમ તીર્થંકર થઈને સિદ્ધ થશે; સર્વ દુઃખોનો અંત કરશે. હે અયંપુલ ! તમારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, મંખલિપુત્ર ગોશાલક માટી મિશ્રિત શીતળ પાણીથી પોતાના શરીરનું સિંચન કરતાં વિચરે છે. આ વિષયમાં પણ તે ભગવાન(ગોશાલક) ચાર પાનક અને ચાર અપાનકની પ્રરૂપણા કરે છે, ઇત્યાદિ પાનક-અપાનકના સ્વરૂપનું અહીં સંપૂર્ણ કથન કરવું **યાવત્** ત્યાર પછી તે સિદ્ધ થાય છે અને સમસ્ત દુઃખોનો અંત કરે છે. તેથી હે અયંપુલ ! તું જા અને તારા ધર્માચાર્ય ધર્મોપદેશક મંખલિપુત્ર ગોશાલકને તારો પ્રશ્ન પૂછ.

**૬૭** तएणं से अयंपुले आजीवियोवासए आजीविएहिं थेरेहिं एवं वुत्ते समाणे हट्ठ-तुट्ठे उट्ठाए उट्ठेइ, उट्ठाए उट्ठेत्ता जेणेव गोसाले मंखलिपुत्ते तेणेव पहारेत्थ गमणाए । तएणं ते आजीविया थेरा गोसालस्स मंखलिपुत्तस्स अंबकूणगएडावणट्ठयाए एगंतमंते संगारं कुव्वंति।

**तएणं से गोसाले मंखलिपुत्ते आजीवियाणं थेराणं संगारं पडिच्छइ, संगारं पडिच्छित्ता अंबकूणगं एगंतमंते एडेइ । तएणं से अयंपुले आजिवियोवासए जेणेव गोसाले मंखलिपुत्ते तेणेव उवागच्छइ, उवागच्छित्ता गोसालं मंखलिपुत्तं तिक्खुत्तो आयाहिणं पयाहिणं** *जाव* **पज्जुवासइ ।**

**શબ્દાર્થ :– संगारं** = સંકેત **एगंतमंते** = ગુપ્ત રીતે.

**ભાવાર્થ :–** આજીવિક સ્થવિરોએ આ પ્રમાણે કહ્યું ત્યારે અયંપુલ આજીવિકોપાસક હૃષ્ટતુષ્ટ થયો, પોતાની ઉત્થાન શક્તિથી ઉઠીને મંખલિપુત્ર ગોશાલક પાસે ગયો. ત્યારે આજીવિક સ્થવિરોએ ગુપ્ત રીતે સાવધાનીથી ગોશાલકને તે આમ્રફળને એકાંતમાં નાંખવાનો સંકેત કર્યો. તેનો સંકેત જાણીને ગોશાલકે આમ્રફળને એક તરફ નાંખી દીધું. ત્યાર પછી અયંપુલ આજીવિકોપાસકે ગોશાલક પાસે જઈને મંખલિપુત્ર ગોશાલકને ત્રણ વાર પ્રદક્ષિણાપૂર્વક ***યાવત્*** પર્યુપાસના કરવા લાગ્યો.

**૬૮ अयंपुला ! त्ति गोसाले मंखलिपुत्ते अयंपुलं आजीवियोवासगं एवं वयासी– से णूणं अयंपुला ! पुव्वरत्तावरत्तकालसमयंसि** *जाव* **जेणेव ममं अंतियं तेणेव हव्वमागए । से णूणं अयंपुला ! अट्ठे समट्ठे ? हंता अत्थि । तं णो खलु एस अंबकूणए, अंबचोयए णं एसे । किंसंठिया हल्ला पण्णत्ता ? वंसीमूलसंठिया हल्ला पण्णत्ता । वीणं वाएहि रे वीरगा । वीणं वाएहि रे वीरगा । तएणं से अयंपुले ! आजीवियोवासए गोसालेणं मंखलिपुत्तेणं इमं एयारूवं वागरणं वागरिए समाणे हट्ठतुट्ठे** *जाव* **हियए गोसालं मंखलिपुत्तं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता पसिणाइं पुच्छइ, पुच्छित्ता अट्ठाइं परियादियइ, परियादियत्ता उट्ठाए उट्ठेइ, उट्ठेत्ता गोसालं मंखलिपुत्तं वंदइ णमंसइ वंदित्ता णमंसित्ता** *जाव* **पडिगए ।**

**ભાવાર્થ :–** મંખલિપુત્ર ગોશાલકે આજીવિકોપાસક અયંપુલને આ પ્રમાણે કહ્યું, હે અયંપુલ ! રાત્રિના પાછલા પ્રહરમાં ***યાવત્*** તને સંકલ્પ ઉત્પન્ન થયો છે, જેથી તું મારી પાસે આવ્યો છે, શું આ વાત સત્ય છે? ''હા, ભગવાન્ ! સત્ય છે.'' હે અયંપુલ ! મારા હાથમાં આંબાની ગોઠલી ન હતી, આમ્રફળની છાલ હતી. હે અયંપુલ ! શું તને ''હલ્લા''નો આકાર જાણવાની ઈચ્છા થઈ હતી ? તેનો ઉત્તર એ છે કે– ''હલ્લા''નો આકાર વાંસડાના મૂળ જેવો હોય છે. ત્યાર પછી ઉન્માદવશ ગોશાલક કહે છે– 'હે વીરા ! વીણા વગાડો, હે વીરા ! વીણા વગાડો.'' ત્યાર પછી મંખલિપુત્ર ગોશાલક પાસેથી પોતાના પ્રશ્નનો આ પ્રકારનો ઉત્તર સાંભળીને હૃષ્ટતુષ્ટ ***યાવત્*** આનંદિત ચિત્તવાળા અયંપુલે મંખલિપુત્ર ગોશાલકને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને અન્ય પ્રશ્ન પૂછ્યા, પ્રશ્ન પૂછીને અર્થ ગ્રહણ કર્યા, અર્થ ગ્રહણ કરીને પોતાની ઉત્થાન શક્તિથી ઊઠીને ગોશાલકને વંદન-નમસ્કાર કરીને ***યાવત્*** પોતાને સ્થાને પાછો ગયો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રો આજીવિકોપાસક અયંપુલની શ્રદ્ધા-ભક્તિ અને જ્ઞાનમય વિવેકનો પરિચય કરાવે છે. તેમજ આ સૂત્રો ઉપરથી આજીવક મત તથા તેના સ્થાપક ગોશાલકના જીવનના કેટલાક તથ્યો ઉજાગર થાય છે. યથા–

(૧) અયંપુલ શ્રદ્ધાળુ હોવા છતાં ગોશાલક અને ભગવાન મહાવીર વચ્ચે ઘટિત થયેલી અને તે

સમયે નગરમાં બહુચર્ચિત ઘટનાથી અજાણ હતો. (૨) ગોશાલક અને તેના શ્રમણો વીતરાગ માર્ગની જેમ જ સચિત્તના ત્યાગી હતા અને તેથી જ અયંપુલ ગોશાલકને સચિત્ત કેરી ચૂસતા જોઈને લજ્જિત થઈને પાછો ફરી ગયો. તેની શ્રદ્ધા અશ્રદ્ધામાં પરિવર્તિત થવા લાગી. (૩) ગોશાલકના સ્થવિરો વિચક્ષણ સમયજ્ઞ અને સ્વસંઘ નિષ્ઠાવાળા હતા અને અન્યના મનની વાત જાણવામાં સમર્થ હતા. તેથી જ અયંપુલને પોતાની પાસે બોલાવી અને સમજાવીને ગોશાલક પ્રત્યેની શ્રદ્ધા દઢ કરાવી. (મનની વાત જાણવામાં વિશિષ્ટ મતિ,શ્રુત કે અવધિ જ્ઞાન અથવા અજ્ઞાન ક્યારેક સાધનભૂત થાય છે.) (૪) ગોશાલક વાસ્તવમાં સચિત્ત કેરી જ ચૂસતો હતો. સ્થવિરોના ગુપ્તસંકેતથી તે ફેંકી દીધી અને અસત્ય બોલ્યો કે તે કેરીની છાલ ચૂસતો હતો. તે ત્વક્પાનક નિર્વાણ કાલમાં ગ્રાહ્ય છે. (૫) હલ્લાનો આકાર કહ્યા પછી તરત જ ગોશાલક ઉન્મત્ત બની ગયો અને 'વીણા વગાડો–વીણા વગાડો' તેવો પ્રલાપ કરવા લાગ્યો. આ સમયે અયંપુલને અશ્રદ્ધા ઉત્પન્ન ન થઈ કારણ કે સ્થવિરોએ તેને આઠ ચરમની વાત બરાબર સમજાવી દીધી હતી.

ગોશાલક તેના ઉપાસકો અને અયંપુલના વ્યવહારથી સ્પષ્ટ થાય છે કે મિથ્યાત્વી જીવોની શ્રદ્ધા, પ્રરૂપણા અને પ્રવૃત્તિ મિથ્યા જ હોય છે.

### ગોશાલકની પ્રતિષ્ઠાની અંતિમ ઈચ્છા :–

**૬૧** **तएणं से गोसाले मंखलिपुत्ते अप्पणो मरणं आभोएइ, आभोइत्ता आजीविए थेरे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– तुब्भे णं देवाणुप्पिया ! ममं कालगयं जाणित्ता सुरभिणा गंधोदएणं ण्हाणेह, सुरभिणा गंधोदएणं ण्हावित्ता पम्हलसुकुमालाए गंधकासाईए गायाइं लूहेह, गायाइं लूहित्ता सरसेणं गोसीसचंदणेणं गायाइं अणुलिंपह, अणुलिंपित्ता महरिहं हंसलक्खणं पडसाडगं णियंसेह, णियंसित्ता सव्वालंकारविभूसियं करेह, करित्ता पुरिस-सहस्सवाहिणिं सीयं दुरूहेइ, दुरूहित्ता सावत्थीए णयरीए सिंघाडग** *जाव* **पहेसु महया महया सद्देणं उग्घोसेमाणा उग्घोसेमाणा एवं वयह– एवं खलु देवाणुप्पिया ! गोसाले मंखलिपुत्ते जिणे, जिणप्पलावी** *जाव* **जिणसद्दं पगासेमाणे विहरित्ता इमीसे ओसप्पिणीए चउवीसाए तित्थयराणं चरिमे तित्थयरे सिद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे, इड्ढिसक्कारसमुदए णं मम सरीरगस्स णीहरणं करेह । तएणं ते आजीविया थेरा गोसालस्स मंखलिपुत्तस्स एयमट्ठं विणएणं पडिसुणेंति ।**

**શબ્દાર્થ :–** **णियंसेह** = પહેરાવજો **णीहरणं** = કાઢજો **आभोएइ** = જાણીને **गायाइं लूहेह** = ગાત્રોને લૂંછજો.

**ભાવાર્થ :–** મંખલિપુત્ર ગોશાલકે પોતાનો મરણ-કાલ નિકટ જાણીને આજીવિક સ્થવિરોને પોતાની પાસે બોલાવ્યા અને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો ! જ્યારે હું કાલધર્મ પામ્યો છું તેવી તમોને ખબર પડે ત્યારે સુગંધિત ગંધોદકથી મને સ્નાન કરાવજો, મુલાયમ સુગંધી ઉપવસ્ત્ર-ટુવાલથી મારા શરીરને લૂંછજો, ગાત્રોને લૂંછીને સરસ ગોશીર્ષ ચંદનનો શરીર પર લેપ કરજો, હંસના ચિહ્નયુક્ત મહામૂલ્યવાન પટશાટક- વસ્ત્ર પહેરાવજો, સર્વ અલંકારોથી વિભૂષિત કરજો, ત્યાર પછી હજાર પુરુષો દ્વારા વહન કરવા યોગ્ય શિબિકામાં બેસાડજો. શિબિકામાં બેસાડીને શ્રાવસ્તી નગરીના શ્રૃંગાટક આદિ માર્ગોમાં તેમજ રાજમાર્ગોમાં ઉચ્ચ સ્વરથી

ઉદ્‌ઘોષણા કરતાં આ પ્રમાણે કહેજો– ''મંખલિપુત્ર ગોશાલક જિન, જિન પ્રલાપી ***યાવત્*** તીર્થંકરરૂપે પ્રસિદ્ધ થઈને વિચરણ કરીને આ અવસર્પિણી કાલના ચોવીસ તીર્થંકરોમાંથી અંતિમ તીર્થંકર થઈને સિદ્ધ બુદ્ધ, મુક્ત થયા છે, સમસ્ત દુ:ખોથી રહિત થયા છે.'' આ રીતે ઋદ્ધિ અને સત્કારાદિપૂર્વક મારા મૃત શરીરને બહાર કાઢજો. આજીવિકોપાસક સ્થવિરોએ મંખલિપુત્ર ગોશાલકની આ વાતને વિનયપૂર્વક સ્વીકારી.

**સમ્યક્ત્વની પ્રાપ્તિ અને અંતિમ આદેશ :–**

**૭૦ तएणं तस्स गोसालस्स मंखलिपुत्तस्स सत्तरत्तंसि परिणममाणंसि पडिलद्ध सम्मत्तस्स अयमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– णो खलु अहं जिणे, जिणप्पलावी** *जाव* **जिणसद्दं पगासेमाणे विहरिए, अहं णं गोसाले चेव मंखलिपुत्ते समणघायए, समणमारए समणपडिणीए, आयरिय-उवज्झायाणं अयसकारए, अवण्णकारए अकित्तिकारए, बहूहिं असब्भावुब्भावणाहिं मिच्छत्ताभिणिवेसेहिं य अप्पाणं वा परं वा तदुभयं वा वुग्गाहेमाणे, वुप्पाएमाणे विहरित्ता सएणं तेएणं अण्णाइट्ठे समाणे अंतो सत्तरत्तस्स पित्तज्जरपरिगयसरीरे दाहवक्कंतीए छउमत्थे चेव कालं करेस्सं । समणे भगवं महावीरे जिणे जिणप्पलावी** *जाव* **जिणसद्दं पगासेमाणे विहरइ !**

**શબ્દાર્થ :– समणघायए** = શ્રમણ ઘાતક **दाहवक्कंतीए** = દાહની ઉત્પત્તિથી **वुग्गाहेमाणे** = ભ્રાન્ત કરતો **वुप्पाएमाणो** = મિથ્યાત્વમાં ફસાવતો,

**ભાવાર્થ :–** ત્યાર પછી સાતમી રાત્રિ વ્યતીત થઈ રહી હતી, ત્યારે ગોશાલકને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ અને તેને આ પ્રકારનો અધ્યવસાય ઉત્પન્ન થયો કે હું વાસ્તવમાં જિન નથી, તેમ છતાં જિન પ્રલાપી છું ***યાવત્*** પોતાને તીર્થંકરરૂપે પ્રસિદ્ધ કરતો વિચરી રહ્યો છું. હું શ્રમણોનો ઘાતક, શ્રમણોનો મારક, શ્રમણોનો વિરોધી, આચાર્ય, ઉપાધ્યાયનો અપયશ કરનાર, અવર્ણવાદ અને અપકીર્તિ કરનાર મંખલિપુત્ર ગોશાલક છું. મેં અનેક અસદ્‌ભાવના(અસત્ય વાતો) દ્વારા વિવિધ અસદ્‌ભાવોને પ્રગટ કરીને, મિથ્યાભિનિવેશથી પોતાને, અન્યને અને સ્વ-પર ઉભયને ભ્રાન્ત કરીને, મિથ્યાત્વમાં ફસાવીને જીવનને વ્યર્થ બનાવ્યું છે અને સ્વયંની જ તેજોલેશ્યાથી પરાભૂત થઈને, પિત્તજ્વરથી વ્યાપ્ત થઈને, દાહથી બળતાં છદ્મસ્થ અવસ્થામાં જ સાત રાત્રિને અંતે કાલધર્મને પ્રાપ્ત કરીશ. વાસ્તવમાં શ્રમણ ભગવાન મહાવીર જ જિન છે અને જિન પ્રલાપી ***યાવત્*** તીર્થંકરરૂપે પ્રસિદ્ધ થઈને વિચરે છે.

**૭૧ एवं संपेहेइ, एवं संपेहित्ता, आजीविए थेरे सद्दावेइ, सद्दावित्ता उच्चावय-सवह-साविए पकरेइ, पकरित्ता एवं वयासी– णो खलु अहं जिणे जिणप्पलावी** *जाव* **पगासेमाणे विहरिए अहं णं गोसाले चेव मंखलिपुत्ते, समणघायए** *जाव* **छउमत्थे चेव कालं करेस्सं, समणे भगवं महावीरे जिणे, जिणप्पलावी** *जाव* **जिणसद्दं पगासेमाणे विहरइ । तं तुब्भे णं देवाणुप्पिया ! ममं कालगयं जाणित्ता वामे पाए सुंबेणं बंधह, बंधित्ता तिक्खुत्तो मुहे उट्ठुभेह, उट्ठुभेत्ता सावत्थीए णयरीए सिंघाडग** *जाव* **पहेसु आकड्ढविकड्ढिं करेमाणा महया महया सद्देणं उग्घोसेमाणा उग्घोसेमाणा एवं वयह– णो खलु देवाणुप्पिया ! गोसाले**

**मंखलिपुत्ते जिणे, जिणप्पलावी** *जाव* **एस णं गोसाले चेव मंखलीपुत्ते, समणघायए** *जाव* **छउमत्थे चेव कालगए। समणे भगवं महावीरे जिणे, जिणप्पलावी** *जाव* **विहरइ; महया अणिड्ढी- असक्कारसमुदएणं ममं सरीरगस्स णीहरणं करेज्जाह; एवं वदित्ता कालगए।**

**શબ્દાર્થ :– सुंबेण** = મુંજની રસ્સીથી **उट्ठुभेह उट्ठुभेत्ता** = થૂંકવું **आकड्ढविकड्ढिं** = ઘસડતાં.

**ભાવાર્થ :–** આ રીતે વિચાર કરીને ગોશાલકે આજીવિક સ્થવિરોને પોતાની પાસે બોલાવ્યા અને અનેક પ્રકારના શપથ આપીને આ પ્રમાણે કહ્યું– હું વાસ્તવમાં જિન નથી, તેમ છતાં જિન પ્રલાપી ***યાવત્*** પોતાને તીર્થંકરરૂપે વિખ્યાત કરતો વિચરું છું. હું તે જ મંખલિપુત્ર ગોશાલક છું, હું શ્રમણોનો ઘાતક છું, શ્રમણોનો પ્રત્યનીક છું, હું છદ્મસ્થ અવસ્થામાં જ કાલધર્મને પ્રાપ્ત કરીશ. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી જ વાસ્તવમાં જિન, જિન પ્રલાપી અને તીર્થંકરરૂપે વિચરે છે. હે દેવાનુપ્રિયો ! તેથી જ્યારે હું કાલધર્મને પ્રાપ્ત કરું ત્યારે મારા ડાબા પગને મુંજની રસ્સીથી બાંધજો અને ત્રણ વાર મારા મુખ પર થૂંકજો. પછી શ્રાવસ્તી નગરીમાં શ્રૃંગાટક આદિ માર્ગોમાં તેમજ રાજમાર્ગોમાં મને ઘસડતાં મોટા અવાજે ઉદ્‌ઘોષણા કરતાં કહેજો કે– ''હે દેવાનુપ્રિયો ! મંખલિપુત્ર ગોશાલક જિન નથી, પરંતુ જિન પ્રલાપી અને પોતાને તીર્થંકરરૂપે વિખ્યાત કરતો વિચર્યો છે. તે શ્રમણોનો ઘાતક મંખલિપુત્ર ગોશાલક છદ્મસ્થ અવસ્થામાં જ કાલધર્મને પ્રાપ્ત થયો છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી વાસ્તવમાં તીર્થંકર છે ***યાવત્*** તીર્થંકરરૂપે વિચરે છે. આ રીતે ઋદ્ધિ વિના અને અસત્કારપૂર્વક મારા મૃત શરીરને બહાર કાઢજો.'' આ પ્રમાણે કહીને ગોશાલક કાલધર્મને પ્રાપ્ત થયો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં મિથ્યાત્વી અને સમ્યક્ત્વીના વિચારોનો તફાવત પ્રગટ થાય છે. ગોશાલકને જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય હતો ત્યાં સુધીમાં તેણે કેટકેટલા દુર્વ્યવહારો કર્યા. પોતાના અનંત ઉપકારી તીર્થંકર ભગવાન સાથે પણ મન, વચન અને કાયાથી વિપરીત આચરણ કર્યું. પરંતુ જ્યારે મિથ્યાત્વનો ઉદય સમાપ્ત થયો અને સમ્યગ્‌દર્શનનો પ્રકાશ પ્રાપ્ત થયો ત્યારે સત્ય સમજાઈ ગયું. સમ્યગ્‌દર્શનના પ્રભાવે તેણે અંતઃકરણપૂર્વક પોતાના અનુયાયીઓ સમક્ષ જ પ્રતિષ્ઠાની પરવાહ કર્યા વિના પાપનું પ્રાયશ્ચિત્ત કરીને, જીવનની અંતિમ ક્ષણોમાં મતિ અનુસાર ગતિને પ્રાપ્ત કરતાં બારમા દેવલોકમાં દેવ થયો.

**ગોશાલકના આદેશનું દાંભિક રીતે પાલન :–**

**૭૨ तएणं आजीविया थेरा गोसालं मंखलिपुत्तं कालगयं जाणित्ता हालाहलाए कुंभकारीए कुंभकारावणस्स दुवाराइं पिहेंति, पिहित्ता हालाहलाए कुंभकारीए कुंभकारावणस्स बहुमज्झदेसभाए सावत्थिं णयरिं आलिहंति, आलिहित्ता गोसालस्स मंखलिपुत्तस्स सरीरगं वामे पाए सुंबेणं बंधइ, बंधित्ता तिक्खुत्तो मुहे उट्ठुहंति, उट्ठुहित्ता सावत्थीए णयरीए सिंग्घाडग** *जाव* **पहेसु आकड्ढविकड्ढिं करेमाणा, णीयं णीयं सद्देणं उग्घोसेमाणा उग्घोसेमाणा एवं वयासी– णो खलु देवाणुप्पिया ! गोसाले मंखलिपुत्ते जिणे जिणप्पलावी** *जाव* **विहरिए, एस णं गोसाले चेव मंखलिपुत्ते समणघायए** *जाव* **छउमत्थे चेव कालगए। समणे भगवं महावीरे जिणे, जिणप्पलावी** *जाव* **विहरइ, सवहपडिमोक्खणगं करेंति, करित्ता दोच्चं पि पूयासक्कारथिरीकरणट्ठयाए गोसालस्स मंखलिपुत्तस्स वामाओ पायाओ**

**सुंबं मुयंति, सुंबं मुइत्ता हालाहलाए कुंभकारीए कुंभकारावणस्स दुवारवयणाइं अवगुणंति, अवगुणित्ता गोसालस्स मंखलिपुत्तस्स सरीरगं सुरभिणा गंधोदएणं ण्हाणेंति, तं चेव** *जाव* **महया इड्ढि-सक्कार-समुदएणं गोसालस्स मंखलिपुत्तस्स सरीरगस्स णीहरणं करेंति ।**

**શબ્દાર્થ :– पिहेंति** = બંધ કર્યા **आलिहंति** = ચિત્રિત કરી **सुंबेण** = મુંજની રસ્સી **णीयं णीयं सद्देणं** = મંદ-મંદ સ્વરથી **सवहपडिमोक्खणगं** = આપેલા શપથથી મુક્તિ **अवगुणंति** = ખોલ્યા **पूयासक्कार थिरीकरणट्ठयाए** = પૂર્વ પ્રાપ્ત પૂજા-સત્કારની સ્થિરતા માટે.

**ભાવાર્થ :–** ત્યાર પછી આજીવિક સ્થવિરોએ ગોશાલકને કાલધર્મ પ્રાપ્ત થયેલા જાણીને હાલાહલા કુંભારણની દુકાનના દ્વાર બંધ કર્યા. દુકાનની મધ્યમાં શ્રાવસ્તી નગરનું ચિત્ર બનાવ્યું. પછી ગોશાલકના ડાબા પગને મુંજની રસ્સીથી બાંધ્યો. ત્રણ વાર તેના મુખ પર થૂંક્યા અને તે ચિત્રિત કરેલી શ્રાવસ્તી નગરીના શ્રૃંગાટક આદિ માર્ગોમાં તેમજ રાજમાર્ગોમાં તેને ઘસડતાં, મંદ-મંદ સ્વરથી ઉદ્‌ઘોષણા કરતાં આ પ્રમાણે કહેવા લાગ્યા, 'હે દેવાનુપ્રિયો ! મંખલિપુત્ર ગોશાલક જિન નથી, પરંતુ જિન-પ્રલાપી થઈને ***યાવત્*** વિચર્યો છે. આ શ્રમણ ઘાતક મંખલિપુત્ર ગોશાલક છદ્મસ્થ અવસ્થામાં જ કાલધર્મને પ્રાપ્ત થયો છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી જ વાસ્તવમાં જિન છે, જિન-પ્રલાપી થઈને ***યાવત્*** વિચરે છે.' આ પ્રકારે કહીને તે સ્થવિરો, ગોશાલકે આપેલા શપથોથી મુક્ત થયા. ત્યાર પછી ફરીથી ગોશાલકના પૂજા-સત્કાર સ્થિર રાખવા માટે તેના ડાબા પગની રસ્સી ખોલી અને હાલાહલા કુંભારણની દુકાનના દ્વાર ખોલ્યા પછી ગોશાલકના શરીરને સુગંધિત ગંધોદકથી સ્નાન કરાવ્યું ઈત્યાદિ ગોશાલક દ્વારા પૂર્વે મિથ્યાત્વદશામાં કહ્યા પ્રમાણે મહાૠદ્ધિ સત્કાર સહિત મંખલિપુત્ર ગોશાલકના મૃત શરીરનું નિષ્ક્રમણ-નીહરણ કર્યું.

**ભગવાનનું મેંઢિક ગામમાં પદાર્પણ :–**

**૭૩ तएणं समणे भगवं महावीरे अण्णया कयाइ सावत्थीओ णयरीओ कोट्ठयाओ चेइयाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता बहिया जणवयविहारं विहरइ । तेणं कालेणं तेणं समए णं मेंढियगामे णामं णयरे होत्था, वण्णओ । तस्स णं मेंढियगामस्स णयरस्स बहिया उत्तरपुरच्छिमे दिसिभाए एत्थ णं सालकोट्ठए णामं चेइए होत्था, वण्णओ** *जाव* **पुढविसिलापट्टओ । तस्स णं सालकोट्ठगस्स णं चेइयस्स अदूरसामंते एत्थ णं महेगे मालुयाकच्छए यावि होत्था– किण्हे किण्होभासे** *जाव* **णिउरंबभूए, पत्तिए, पुप्फिए, फलिए हरियग-रेरिज्जमाणे, सिरीए अईव-अईव उवसोभेमाणे चिट्ठइ । तत्थ णं मेंढियगामे णयरे रेवई णामं गाहावइणी परिवसइ, अड्ढा** *जाव* **अपरिभूया । तएणं समणे भगवं महावीरे अण्णया कयाइ पुव्वाणुपुव्विं चरमाणे** *जाव* **जेणेव मेंढियगामे णयरे जेणेव सालकोट्ठए चेइए** *जाव* **परिसा पडिगया ।**

**શબ્દાર્થ :– मालुयाकच्छए** = વૃક્ષ અને લતાઓથી યુક્ત ગહનવન, એક બીજવાળા માલુકા વૃક્ષોનું વન.

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી શ્રાવસ્તી નગરીના કોષ્ઠક ઉદ્યાનમાંથી નીકળીને અન્ય દેશોમાં વિચરવા લાગ્યા. તે કાલે, તે સમયે મેંઢિક ગ્રામ નામનું નગર હતું. તે મેંઢિક ગ્રામ

નગરની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં શાલકોષ્ઠક નામનું ઉદ્યાન હતું. ત્યાં એક પૃથ્વીશિલાપટ્ટ હતો. નગર, ઉદ્યાન, પૃથ્વીશિલાપટ્ટનું વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર જાણવું. તે શાલ-કોષ્ઠક ઉદ્યાનની નિકટ એક ગહન વન હતું. તે અત્યંત સઘન હોવાથી શ્યામ અને શ્યામ કાંતિયુક્ત પ્રતીત થતું હતું. તેથી જ તે મહામેઘના સમૂહની સમાન લાગતું હતું. તે પત્ર, પુષ્પ, ફલથી યુક્ત અને લીલુંછમ હોવાથી દેદીપ્યમાન અને અત્યંત સુશોભિત હતું. તે મેંઢિકગ્રામ નગરમાં રેવતી નામની ગાથાપત્ની રહેતી હતી. તે ઋદ્ધિસંપન્ન ***યાવત્*** અપરાભૂત હતી. એકદા શ્રમણ ભગવાન મહાવીરસ્વામી અનુક્રમે વિહાર કરતાં મેંઢિક ગ્રામ નગરની બહાર શાલકોષ્ઠક ઉદ્યાનમાં પધાર્યા ***યાવત્*** પરિષદ વંદના કરીને પાછી ફરી ગઈ.

**ભગવાન રોગગ્રસ્ત થવાથી લોકાપવાદ :–**

**૭૪ तए णं समणस्स भगवओ महावीरस्स सरीरगंसि विपुले रोगायंके पाउब्भूए उज्जले** *जाव* **दुरहियासे, पित्तज्जरपरिगयसरीरे, दाहवक्कंतीए यावि विहरइ, अवियाइं लोहियवच्चाइं पि पकरेइ । चाउवण्णं वागरेइ– एवं खलु समणे भगवं महावीरे गोसालस्स मंखलिपुत्तस्स तवेणं तेएणं अण्णाइट्ठे समाणे अंतो छण्हं मासाणं पित्तज्जर-परिगयसरीरे दाहवक्कंतीए छउमत्थे चेव कालं करिस्सइ ।**

**શબ્દાર્થ :– अवियाइं लोहियवच्चाइं** = લોહી ખંડવા, લોહીના ઝાડા.

**ભાવાર્થ :–** તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના શરીરમાં મહાપીડાકારી અત્યંત દાહજનક, પ્રગાઢ, કર્કશ, કટુક, કષ્ટપૂર્વક સહન કરવા યોગ્ય તથા જેણે પિત્તજ્વર દ્વારા શરીરને વ્યાપ્ત કર્યો છે તેવો રોગ ઉત્પન્ન થયો. તે રોગના કારણે તેમના શરીરમાં અત્યંત દાહ-બળતરા થવા લાગી અને લોહીખંડવા– લોહીના ઝાડા થવા લાગ્યા. ભગવાનની આ પીડા જોઈને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર આ ચારે વર્ણના મનુષ્યોમાં ચર્ચાઓ થવા લાગી અને તેઓ કહેવા લાગ્યા કે "શ્રમણ ભગવાન મહાવીર સ્વામી, ગોશાલકના તપ-તેજથી પરાભૂત, પિત્ત અને જ્વરથી પીડિત થઈને છ માસના અંતે છદ્મસ્થ અવસ્થામાં જ મૃત્યુને પ્રાપ્ત કરશે."

**વિવેચન :–**

**रोगायंके पाउब्भूए :–** રોગાંતક ઉત્પન્ન થયો. ગોશાલકે શ્રાવસ્તી નગરીમાં પ્રભુ પર તેજોલેશ્યા મૂકી. તે તેજોલેશ્યાની અસર તે સમયે ન થઈ. ત્યાંથી તો પ્રભુએ શાતાપૂર્વક વિહાર કર્યો અને ગ્રામાનુગ્રામ વિચરતા છ મહીના પછી મેંઢિકગ્રામમાં પધાર્યા. ત્યાં તેમને તેજોલેશ્યાના પ્રભાવે લોહી-ખંડવા વ્યાધિ થયો. જેમ કમળો વગેરે રોગ ચાર-છ મહીને પ્રગટ થાય છે, સર્પ વગેરેના વિષની અસર પણ ચાર-છ મહીને થતી જોવા મળે છે તેમ ભગવાનને તત્કાલ અસર ન થતાં છ મહીના પછી અસર થઈ, તેથી સૂત્રકારે આ સૂત્રમાં **रोगायंके पाउब्भूए** શબ્દ પ્રયોગ કર્યો છે.

તાત્પર્ય એ છે કે તેજો લેશ્યાનો પ્રભાવ વચ્ચેના સમયમાં ઉપશાંત થઈને રહ્યો હતો. ત્યારે જ પ્રભુએ ગ્રામાનુગ્રામ વિચરણ કર્યું હતું.

**લોકાપવાદ સાંભળીને સિંહ અણગારનો શોક :–**

**૭૫ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी सीहे णामं**

**अणगारे पगइभद्दए *जाव* विणीए मालुयाकच्छगस्स अदूरसामंते छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं उड्ढंबाहाओ *जाव* विहरइ । तएणं तस्स सीहस्स अणगारस्स झाणंतरियाए वट्टमाणस्स अयमेयारूवे *जाव* समुप्पज्जित्था– एवं खलु ममं धम्मायरियस्स धम्मोवएस-गस्स समणस्स भगवओ महावीरस्स सरीरगंसि विउले रोगायंके पाउब्भूए, उज्जले *जाव* छउमत्थे चेव कालं करिस्सइ । वदिस्संति य णं अण्णतित्थिया–'छउमत्थे चेव कालगए'। इमेणं एयारूवेणं महया मणोमाणसिएणं दुक्खेणं अभिभूए समाणे आयावणभूमिए पच्चोरुहइ पच्चोरुहित्ता जेणेव मालुयाकच्छए तेणेव उवागच्छइ, उवागच्छित्ता मालुयाकच्छगं अंतो-अंतो अणुपविसइ, अणुपविसित्ता महया-महया सद्देणं कुहुकुहुस्स परुण्णे ।**

**શબ્દાર્થ :– कुहुकुहुस्स परुण्णे** = અવાજ કરીને રુદન કર્યું.

**ભાવાર્થ :–** તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી સિંહ નામના અણગાર હતા. તે પ્રકૃતિથી ભદ્ર અને વિનીત હતા. તે માલુકા કચ્છની નિકટ નિરંતર છટ્ઠના પારણે છટ્ઠના તપ સહિત બંને હાથ ઊંચા કરીને ***યાવત્*** આતાપના લેતા વિચરતા હતા. જ્યારે સિંહ અણગાર એક ધ્યાન સમાપ્ત કરીને બીજા ધ્યાનનો પ્રારંભ કરવાના હતા, તે સમયે તેને આ પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો. મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના શરીરમાં અત્યંત દાહક અને મહાપીડાકારી રોગ ઉત્પન્ન થયો છે ***યાવત્*** તે છદ્મસ્થ અવસ્થામાં કાલધર્મને પ્રાપ્ત કરશે. ત્યારે અન્યતીર્થિકો કહેશે કે 'તે છદ્મસ્થ અવસ્થામાં કાલધર્મને પ્રાપ્ત થયા.' આ રીતે મહા માનસિક દુઃખથી પીડિત બનેલા સિંહ અણગાર, આતાપના ભૂમિમાંથી નીચે ઉતર્યા અને માલુકા કચ્છ ગહનવનની અંદર-અંદર જઈને ત્યાં મોટા અવાજે-હિબકા ભરી-ભરીને અત્યંત રુદન કરવા લાગ્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સિંહા અણગારની પ્રભુ પ્રત્યેની ભક્તિ અને નિષ્ઠા પ્રગટ થાય છે.

સિંહા અણગારને પ્રભુની સર્વજ્ઞતા પર અતૂટ શ્રદ્ધ હતી. તેમ છતાં તેજોલેશ્યાના પ્રભાવથી પ્રભુને મારણાંતિક રોગ ઉત્પન્ન થયો, તેના અનુસંધાનમાં લોકાપવાદ સાંભળીને, તેઓ અતિ લોકાપવાદની કલ્પનાથી આર્તધ્યાન કરવા લાગ્યા, તે પ્રમાણે સમજવું જોઈએ.

**સિંહ અણગારને પ્રભુનો સંદેશ :–**

**૭૬ 'अज्जो' त्ति समणे भगवं महावीरे समणे णिग्गंथे आमंतेइ, आमंतित्ता एवं वयासी– एवं खलु अज्जो ! ममं अंतेवासी सीहे णामं अणगारे पगइभद्दए तं चेव सव्वं भाणियव्वं *जाव* परुण्णे । तं गच्छह णं अज्जो ! तुब्भे सीहं अणगारं सद्दह । तएणं ते समणा णिग्गंथा समणेणं भगवया महावीरेणं एवं वुत्ता समाणा समणं भगवं महावीरं वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता समणस्स भगवओ महावीरस्स अंतियाओ सालकोट्ठयाओ चेइयाओ पडिणिक्खमंति, पडिणिक्खमित्ता जेणेव सीहे अणगारे तेणेव उवागच्छंति, उवागच्छित्ता सीहं अणगारं एवं वयासी– सीहा ! धम्मायरिया सद्दावेंति । तएणं से सीहे**

**अणगारे समणेहिं णिग्गंथेहिं सद्धिं मालुयाकच्छगाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव सालकोट्ठए चेइए, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं** *जाव* **पज्जुवासइ ।**

**ભાવાર્થ :–** તે જ સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ શ્રમણ નિર્ગ્રંથોને બોલાવીને કહ્યું, હે આર્યો! મારા અંતેવાસી પ્રકૃતિથી ભદ્ર ઈત્યાદિ ગુણ સંપન્ન સિંહ અણગાર છે ***યાવત્*** તેઓ અત્યંત રુદન કરી રહ્યા છે, ''હે આર્યો ! તમે ત્યાં જાઓ અને સિંહ અણગારને બોલાવી લાવો.'' શ્રમણ ભગવાન મહાવીરે આ પ્રમાણે કહ્યું ત્યારે શ્રમણ નિર્ગ્રંથો શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરીને શાલકોષ્ટક ઉદ્યાનમાંથી નીકળીને સિંહ અણગાર પાસે આવ્યા અને ત્યાં આવીને સિંહ અણગારને આ પ્રમાણે કહ્યું, ''હે સિંહ અણગાર ! આપણા ધર્માચાર્ય તમોને બોલાવે છે.'' ત્યારે સિંહ અણગાર તે શ્રમણ નિર્ગ્રંથોની સાથે માલુકા કચ્છથી નીકળીને શાલકોષ્ટક ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પાસે આવ્યા અને ત્રણ વાર પ્રદક્ષિણાપૂર્વક વંદન નમસ્કાર કરીને પર્યુપાસના કરવા લાગ્યા.

**સિંહ અણગારને પ્રભુની સાંત્વના :–**

**૭૭ सीहा ! त्ति समणे भगवं महावीरे सीहं अणगारं एवं वयासी– से णूणं ते सीहा ! झाणंतरियाए वट्टमाणस्स अयमेयारूवे** *जाव* **परुण्णे; से णूणं ते सीहा ! अट्ठे समट्ठे ? हंता अत्थि । तं णो खलु सीहा । गोसालस्स मंखलिपुत्तस्स तवेणं तेएणं अण्णाइट्ठे समाणे अंतो छण्हं मासाणं जाव कालं करिस्सं, अहं णं अण्णाइं अद्धसोलसवासाइं जिणे सुहत्थी विहरिस्सामि, तं गच्छह णं तुमं सीहा ! मेंढियगामं णयरं, रेवईए गाहावइणीए गिहे, तत्थ णं रेवईए गाहावइणीए ममं अट्ठाए दुवे कोहंडफला [ कवोस्न] उवक्खडिया, तेहिं णो अट्ठो, अत्थि से अण्णे पारियासिए फासुए बीयऊरए [ मज्जास्न] तमाहराहि, एएणं अट्ठो ।**

**શબ્દાર્થ :– पारियासिए** = પરિવાસિત, એક-બે દિવસ પહેલાનો બનાવેલો, વાસી.

**ભાવાર્થ :–** હે સિંહ અણગાર ! આ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સિંહ અણગારને આ પ્રમાણે કહ્યું– હે સિંહ અણગાર ! ધ્યાનમાં વર્તતા તને આ પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો ***યાવત્*** તું અત્યંત રુદન કરવા લાગ્યો; હે સિંહ ! શું આ વાત સત્ય છે ? [ઉત્તર] હા, ભગવન! સત્ય છે. હે સિંહ ! ગોશાલકના તપ તેજ દ્વારા પરાભૂત થઈને હું છ માસના અંતે કાલધર્મને પામવાનો નથી, હું સાડા પંદર વર્ષ સુધી હજુ જિનપણે ગંધહસ્તીની સમાન વિચરીશ. હે સિંહ ! તું મેંઢિકગ્રામ નગરમાં રેવતી ગાથાપત્નીના ઘેર જા, તે રેવતી ગાથાપત્નીએ મારા માટે બે કોળાના ફળોને સંસ્કારિત કરીને તૈયાર કર્યા છે, તેનું મારે પ્રયોજન નથી. પરંતુ તેના ઘેર પહેલાં જ તૈયાર કરેલો અન્ય પ્રાસુક બિજોરાપાક છે તેને લઈ આવ. તે મારા માટે ઉપયુક્ત છે.

**૭૮ तएणं से सीहे अणगारे समणेणं भगवया महावीरेणं एवं वुत्ते समाणे हट्ठतुट्ठे** *जाव* **हियए समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता अतुरियमचवलमसंभंतं मुहपोत्तियं पडिलेहइ, पडिलेहित्ता जहा गोयमसामी** *जाव* **जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता**

**समणस्स भगवओ महावीरस्स अंतियाओ सालकोट्ठयाओ चेइयाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता अतुरियं** *जाव* **जेणेव मेंढियगामे णयरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता मेंढियगामं णयरं मज्झंमज्झेणं जेणेव रेवईए गाहावइणीए गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता रेवईए गाहावइणीए गिहं अणुप्पविट्ठे । तएणं सा रेवई गाहावइणी सीहं अणगारं एज्जमाणं पासइ, पासित्ता हट्ठतुट्ठा खिप्पामेव आसणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठित्ता सीहं अणगारं सत्तट्ठपयाइं अणुगच्छइ अणुगच्छित्ता तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– संदिसंतु णं देवाणुप्पिया ! किमागमणप्पओयणं?**

**तएणं से सीहे अणगारे रेवइं गाहावइणिं एवं वयासी– एवं खलु तुमे देवाणुप्पिए !** *जाव* **एयमाहराहि, तेणं अट्ठो ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના આદેશને પ્રાપ્ત કરીને સિંહ અણગાર પ્રસન્ન અને સંતુષ્ટ ***યાવત્*** પ્રફુલ્લિત થયા. તેણે ભગવાનને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને ત્વરા રહિત, ચપલતા અને ભ્રાંતિથી રહિત થઈને, મુખ વસ્ત્રિકાનું પ્રતિલેખન કર્યું ***યાવત્*** ગૌતમ સ્વામીની જેમ શ્રમણ ભગવાન મહાવીર પાસે જઈને શ્રમણ ભગવાનને વંદન-નમસ્કાર કરીને શાલકોષ્ઠક ઉદ્યાનમાંથી નીકળ્યા. નીકળીને, ત્વરા અને શીઘ્રતા રહિત ***યાવત્*** મેંઢિકગ્રામ નગર પહોંચ્યા અને મેંઢિકગ્રામ નગરના મધ્ય ભાગમાં થઈને રેવતી ગાથાપત્નીને ઘેર પહોંચ્યા, ઘરમાં પ્રવેશ કર્યો. સિંહ અણગારને આવતા જોઈને રેવતી ગાથાપત્ની પ્રસન્ન અને સંતુષ્ટ થઈ. તે શીઘ્રતાથી પોતાના આસન પરથી ઊઠી અને સાત-આઠ પગલા, સિંહ અણગારની સામે ગઈ, ત્રણ વાર પ્રદક્ષિણાપૂર્વક વંદન નમસ્કાર કર્યા. વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે બોલી– હે દેવાનુપ્રિય ! આપ કહો, આપના પદાર્પણનું શું પ્રયોજન છે ? ત્યારે સિંહ અણગારે કહ્યું– હે રેવતી ! ***યાવત્*** તમે પહેલાંથી બનાવેલો જે પ્રાસુક બિજોરાપાક છે, તે લઈ આવો, તેનું મારે પ્રયોજન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રભુએ સિંહ અણગારને રેવતી ગાથાપત્નીને ત્યાંથી ઔષધિરૂપે નિર્દોષ બિજોરાપાક લાવવાનો આદેશ કર્યો છે અને પ્રભુ માટે તૈયાર કરેલા ઔદ્દેશિક દોષથી દૂષિત કોળાપાકને લાવવાનો નિષેધ કર્યો છે. તેથી સ્પષ્ટ થાય છે કે કલ્પાતીત ચારિત્રવાન સર્વજ્ઞ તીર્થંકર પ્રભુ પણ સંયમના વિધિ નિયમોને પાલન કરવાનું લક્ષ્ય હંમેશાં રાખે છે.

અર્ધમાગધી ભાષામાં કોળા માટે **कोहंड फलं** અને બીજોરા માટે **'बीयऊरए'** શબ્દ પ્રયોગ પ્રચલિત છે.ભગવતી સૂત્રની એક પ્રતમાં(સુત્તાગમેમાં) આ શબ્દ પ્રયોગ જોવા મળે છે. પ્રસ્તુત સંસ્કરણના મૂળ પાઠમાં તેને સ્થાન આપીને અન્ય પ્રતોમાં ઉપલબ્ધ શબ્દ કૌંસમાં રાખ્યા છે.

**રેવતીનું આશ્ચર્ય અને ઔષધદાન :–**

**૭૯ तएणं सा रेवई गाहावइणी सीहं अणगारं एवं वयासी– केस णं सीहा ! से णाणी वा तवस्सी वा, जेणं तव एस अट्ठे मम ताव रहस्सकडे हव्वमक्खाए, जओ णं तुमं जाणासि ? एवं जहा खंदए** *जाव* **जओ णं अहं जाणामि ।**

**तएणं सा रेवई गाहावइणी सीहस्स अणगारस्स अंतियं एयमट्ठं सोच्चा णिसम्म हट्ठतुट्ठा जेणेव भत्तघरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता पत्तगं मोएइ, पत्तगं मोएत्ता जेणेव सीहे अणगारे तेणेव उवागच्छइ, उवागच्छित्ता सीहस्स अणगारस्स पडिग्गहगंसि तं सव्वं सम्मं णिस्सिरइ । तएणं तीए रेवईए गाहावइणीए तेणं दव्वसुद्धेणं** *जाव* **दाणेणं सीहे अणगारे पडिलाभिए समाणे देवाउए णिबद्धे, जहा विजयस्स** *जाव* **सुलद्धे माणुस्सए जम्म जीवियफले रेवईए गाहावइणीए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી રેવતી ગાથાપત્નીએ સિંહ અણગારની વાત સાંભળીને આ પ્રમાણે કહ્યું– હે સિંહ મુનિરાજ ! એવા કોણ જ્ઞાની અને તપસ્વી છે કે જેણે મારી આ ગુપ્ત વાત જાણી અને તમને કહી અને તેથી તમે તે જાણો છો ? તેના ઉત્તરમાં શતક ૨/૧માં સ્કંધકના અધિકારના વર્ણન અનુસાર જાણવું અર્થાત્ ભગવાનના કહેવાથી હું જાણું છું, એ પ્રમાણે સિંહ અણગારે કહ્યું. સિંહ અણગારની વાત સાંભળીને રેવતી ગાથાપત્ની અત્યંત હર્ષિત અને સંતુષ્ટ થઈ અને રસોડામાં જઈને પાત્ર ખોલીને, સિંહ અણગાર પાસે આવીને સિંહ અણગારના પાત્રમાં સંપૂર્ણ પાક વહોરાવી દીધો. આ રીતે દ્રવ્યશુદ્ધિ, દાયકશુદ્ધિ અને પાત્રશુદ્ધિપૂર્વકના દાનથી સિંહ અણગારને પ્રતિલાભિત કરવાથી રેવતી ગાથાપત્નીએ દેવનું આયુષ્ય બાંધ્યું. શેષ કથન આ શતકમાં કથિત વિજય ગાથાપતિની સમાન છે(તેને ઘેર પણ પાંચ દિવ્યો પ્રગટ થયા) ***યાવત્*** રેવતીએ જન્મ અને જીવનના ફળને પ્રાપ્ત કર્યું છે; એ પ્રમાણે ઉદ્‌ઘોષણા થઈ.

**પ્રભુનું રોગોપશમન :–**

**૮૦ तएणं से सीहे अणगारे रेवईए गाहावइणीए गिहाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता मेंढियगामं णयरं मज्झंमज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जहा गोयमसामी** *जाव* **भत्तपाणं पडिदंसेइ, पडिदंसित्ता समणस्स भगवओ महावीरस्स पाणिंसि तं सव्वं सम्मं णिस्सिरइ । तएणं समणे भगवं महावीरे अमुच्छिए** *जाव* **अणज्झोववण्णे बिलमिव पण्णगभूएणं अप्पाणेणं तमाहारं सरीरकोट्ठगंसि पक्खिवइ । तएणं समणस्स भगवओ महावीरस्स तमाहारं आहारियस्स समाणस्स से विपुले रोगायंके खिप्पामेव उवसमं पत्ते, हट्ठे जाए, आरोग्गे, बलियसरीरे । तुट्ठा समणा, तुट्ठाओ समणीओ, तुट्ठा सावया, तुट्ठाओ सावियाओ, तुट्ठा देवा, तुट्ठाओ देवीओ, सदेवमणुयासुरे लोए तुट्ठे– 'हट्ठे जाए समणे भगवं महावीरे, हट्ठे जाए समणे भगवं महावीरे' ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી સિંહ અણગાર રેવતી ગાથાપત્નીના ઘરેથી, નીકળીને, મેંઢિક ગ્રામ નગરની મધ્યમાંથી પસાર થઈને, ભગવાનની પાસે આવી, ગૌતમ સ્વામીની જેમ ભગવાનને આહાર-પાણી બતાવ્યા. પછી તે સર્વ આહાર પાણી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના હાથમાં આપ્યા. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ મૂર્ચ્છા રહિત ***યાવત્*** તૃષ્ણા રહિત ભાવે તે આહારને જેમ સર્પ આજુ-બાજુ સ્પર્શ કર્યા વિના સીધો થઈને દરમાં પ્રવેશે તેમ સ્વાદ માટે આહારને મમળાવ્યા વિના શરીરરૂપ કોઠામાં નાંખી દીધો. તે આહાર કર્યા પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનો તે મહાપીડાકારી રોગ શીઘ્ર શાંત થઈ ગયો. તેઓ હૃષ્ટ, રોગરહિત, આરોગ્યવાન અને બલવાન શરીરવાળા થઈ ગયા. તેથી સર્વ શ્રમણ-શ્રમણીઓ,

શ્રાવક-શ્રાવિકાઓ, દેવ-દેવીઓ સંતુષ્ટ અને ખુશ થયા કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સ્વસ્થ થઈ ગયા છે; શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સ્વસ્થ થઈ ગયા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સર્વજ્ઞ, સર્વદર્શી પ્રભુની આહાર વિધિ સંબંધી કેટલાક તથ્યો ઉજાગર થાય છે– (૧) કેવલજ્ઞાની પ્રભુએ ઔષધ લાવવા માટે શિષ્યને મોકલ્યો (૨) શિષ્ય પ્રભુ માટે પાત્રમાં ઔષધ લઈ આવ્યો. (૩) શિષ્યે પ્રભુને પાત્રમાં ન આપતાં તેઓશ્રીના હાથમાં તે ઔષધ દ્રવ્ય આપ્યું (૪) પ્રભુ એ તે ઔષધનું પ્રશાંત ભાવે સેવન કર્યું (૫) તે ઔષધ દ્વારા વ્યાધિ શાંત થઈ ગયો. આ રીતે કેવળી ભગવાનના પણ ઔદારિક શરીરનું પોષણ આહારના ઔદારિક પુદ્‌ગલોથી જ થાય છે, તે વાત પણ અહીં સ્પષ્ટ થઈ જાય છે.

**સર્વાનુભૂતિની ગતિ :–**

**૮૧ भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– एवं खलु देवाणुप्पियाणं अंतेवासी पाईणजाणवए सव्वाणुभूईणामं अणगारे पगइभद्दए** *जाव* **विणीए, से णं भंते ! तया गोसालेणं मंखलिपुत्तेणं तवेणं तेएणं भासरासीकए समाणे कहिं गए, कहिं उववण्णे ?**

**एवं खलु गोयमा ! ममं अंतेवासी पाईणजाणवए सव्वाणुभूइणामं अणगारे पगइभद्दए** *जाव* **विणीए, से णं तया गोसालेणं मंखलिपुत्तेणं भासरासीकए समाणे उड्ढं चंदिम-सूरिय** *जाव* **महासुक्के कप्पे वीइवइत्ता सहस्सारे कप्पे देवत्ताए उववण्णे । तत्थ णं अत्थेगइयाणं देवाणं अट्ठारस सागरोवमाइं ठिई पण्णत्ता, तत्थ णं सव्वाणुभूइस्स वि देवस्स अट्ठारस सागरोवमाइं ठिई पण्णत्ता । से णं सव्वाणुभूई देवे ताओ देवलोगाओ आउक्खएणं, भवक्खएणं ठिइक्खएणं** *जाव* **महाविदेहे वासे सिज्झिहिइ** *जाव* **अंतं करेहिइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ભગવાન ગૌતમ સ્વામીએ 'ભગવન્' આ પ્રમાણે સંબોધન કરીને, શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! આપ દેવાનુપ્રિયના અંતેવાસી, પૂર્વદેશમાં ઉત્પન્ન સર્વાનુભૂતિ અણગાર, જે પ્રકૃતિથી ભદ્ર ***યાવત્*** વિનીત હતા અને જેને મંખલિપુત્ર ગોશાલકે પોતાના તપ-તેજથી બાળીને ભસ્મીભૂત કરી નાંખ્યા, તે મરીને ક્યાં ગયા, ક્યાં ઉત્પન્ન થયા છે?

**ઉત્તર–** હે ગૌતમ ! મારા અંતેવાસી, પૂર્વ દેશોત્પન્ન સર્વાનુભૂતિ અણગાર, જે પ્રકૃતિથી ભદ્ર ***યાવત્*** વિનીત હતા, તે ગોશાલકના તપ-તેજથી ભસ્મીભૂત થઈને ઊંચે ચંદ્ર અને સૂર્ય ***યાવત્*** બ્રહ્મલોક, લાંતક અને મહાશુક્ર કલ્પનું ઉલ્લંઘન કરીને, સહસ્રારકલ્પમાં દેવરૂપે ઉત્પન્ન થયા છે. ત્યાં કેટલાક દેવોની સ્થિતિ અઢાર સાગરોપમની કહી છે. સર્વાનુભૂતિ દેવની સ્થિતિ પણ અઢાર સાગરોપમની છે. તે સર્વાનુભૂતિ દેવ, ત્યાંનું આયુષ્ય, ભવ અને સ્થિતિનો ક્ષય કરીને, ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાંથી સિદ્ધ થશે ***યાવત્*** સમસ્ત દુઃખોનો અંત કરશે.

**સુનક્ષત્ર અણગારની ગતિ :–**

**૮૨ एवं खलु देवाणुप्पियाणं अंतेवासी कोसलजाणवए सुणक्खत्ते णामं अणगारे**

पगइभद्दए *जाव* विणीए, से णं भंते ! तया णं गोसालेणं मंखलिपुत्तेणं तवेणं तेएणं परिताविए समाणे कालमासे कालं किच्चा कहिं गए, कहिं उववण्णे ?

एवं खलु गोयमा ! ममं अंतेवासी सुणक्खत्ते णामं अणगारे पगइभद्दए *जाव* विणीए , से णं तया गोसालेणं मंखलिपुत्तेणं तवेणं तेएणं परिताविए समाणे जेणेव ममं अंतिए तेणेव उवागच्छइ, तेणेव उवागच्छित्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता सयमेव पंच महव्वयाइं आरुहइ, आरुहित्ता समणा य समणीओ य खामेइ, खामित्ता आलोइय-पडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा उड्ढं चंदिम-सूरिय *जाव* आणय पाणयारणकप्पे वीइवइत्ता अच्चुए कप्पे देवत्ताए उववण्णे । तत्थ णं अत्थेगइयाणं देवाणं बावीसं सागरोवमाइं ठिई पण्णत्ता। तत्थ णं सुणक्खत्तस्स वि देवस्स बावीसं सागरोवमाइं, सेसं जहा सव्वाणुभूइस्स *जाव* अंतं काहिइ ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આપ દેવાનુપ્રિયના અંતેવાસી, કોશલ દેશોત્પન્ન, પ્રકૃતિથી ભદ્ર અને વિનીત સુનક્ષત્ર નામના અણગાર, જે ગોશાલકના તપ-તેજથી પરિતાપિત થયા, તે કાલધર્મ પ્રાપ્ત કરીને ક્યાં ગયા ? ક્યાં ઉત્પન્ન થયા ?

**ઉત્તર–** હે ગૌતમ ! મારા અંતેવાસી સુનક્ષત્ર અણગાર, જે પ્રકૃતિથી ભદ્ર અને વિનીત હતા તેણે ગોશાલકના તપ-તેજથી પરિતાપિત થઈને, મારી પાસે આવીને, મને વંદન નમસ્કાર કરીને સ્વયંમેવ પાંચ મહાવ્રતોનું ઉચ્ચારણ કર્યું અને શ્રમણ-શ્રમણીઓ સાથે ક્ષમાયાચના કરી, પછી આલોચના-પ્રતિક્રમણ કરીને, સમાધિ ભાવે કાલના સમયે કાલધર્મ પ્રાપ્ત કરીને, ચંદ્ર અને સૂર્યથી ઊંચે ***યાવત્*** આણત, પ્રાણત અને આરણ કલ્પનું ઉલ્લંઘન કરીને, અચ્યુત કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયા છે. ત્યાં કેટલાક દેવોની સ્થિતિ બાવીસ સાગરોપમની કહી છે. તેમાં સુનક્ષત્ર દેવની સ્થિતિ પણ બાવીસ સાગરોપમની છે. શેષ સર્વ વર્ણન સર્વાનુભૂતિ અણગારની જેમ છે ***યાવત્*** તે સર્વ દુઃખોનો અંત કરશે.

**ગોશાલકની ગતિ :–**

**૮૩** एवं खलु देवाणुप्पियाणं अंतेवासी कुसिस्से गोसाले णामं मंखलिपुत्ते से णं भंते ! गोसाले मंखलिपुत्ते कालमासे कालं किच्चा कहिं गए, कहिं उववण्णे ?

एवं खलु गोयमा ! ममं अंतेवासी कुसिस्से गोसाले णामं मंखलिपुत्ते समणघायए *जाव* छउमत्थे चेव कालमासे कालं किच्चा उड्ढं चंदिम-सूरिय *जाव* अच्चुए कप्पे देवत्ताए उववण्णे । तत्थ णं अत्थेगइयाणं देवाणं बावीसं सागरोवमाइं ठिई पण्णत्ता । तत्थ णं गोसालस्स वि देवस्स बावीसं सागरोवमाइं ठिई पण्णत्ता ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આપ દેવાનુપ્રિયનો અંતેવાસી કુશિષ્ય મંખલિપુત્ર ગોશાલક હતો. તે મંખલિપુત્ર ગોશાલક કાલના સમયે કાલધર્મ પ્રાપ્ત કરીને ક્યાં ગયો, ક્યાં ઉત્પન્ન થયો ?

**ઉત્તર–** હે ગૌતમ ! મારો અંતેવાસી કુશિષ્ય મંખલિપુત્ર ગોશાલક, જે શ્રમણોનો ઘાતક, શ્રમણોનો મારક, શ્રમણોનો પ્રત્યનીક આદિ વિશેષણવાળો હતો; તે છદ્મસ્થાવસ્થામાં જ કાલના સમયે કાલધર્મ પ્રાપ્ત

કરીને ચંદ્ર અને સૂર્યથી ઊંચે ***યાવત્*** આરણ પર્યંતના કલ્પનું ઉલ્લંઘન કરીને અચ્યુત કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયો છે. ત્યાં કેટલાક દેવોની સ્થિતિ બાવીસ સાગરોપમની છે. તેમાં ગોશાલક દેવની સ્થિતિ પણ બાવીસ સાગરોપમની છે.

**ગોશાલકનું ભવિષ્ય :–**

**૮૪ से णं भंते ! गोसाले देवे ताओ देवलोगाओ आउक्खएणं** *जाव* **कहिं उववज्जिहिइ?**

**गोयमा ! इहेव जंबुद्दीवे दीवे भारहे वासे विंझगिरिपायमूले पुंडेसु जणवएसु सयदुवारे णयरे संमुइस्स रण्णो भद्दाए भारियाए कुच्छिंसि पुत्तत्ताए पच्चायाहिइ । से णं तत्थ णवण्हं मासाणं बहुपडिपुण्णाणं** *जाव* **वीइक्कंताणं** *जाव* **सुरूवे दारए पयाहिइ ।**

**શબ્દાર્થ :– विंझगिरिपायमूले** = વિન્ધ્ય પર્વતની તળેટીમાં **दारए** = બાળક.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગોશાલકનો જીવ દેવલોકનું આયુષ્ય, ભવ અને સ્થિતિનો ક્ષય કરીને, દેવલોકમાંથી ચ્યવીને ક્યાં જશે ક્યાં ઉત્પન્ન થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં, વિન્ધ્ય પર્વતની તળેટીમાં, પુંડ્રદેશના શતદ્વાર નામના નગરમાં, સન્મૂર્તિ નામના રાજાની ભદ્રા પત્નીની કુક્ષિમાં પુત્ર રૂપે ઉત્પન્ન થશે. તે ભદ્રારાણી નવ માસ અને સાડા સાત રાત્રિ દિવસ વ્યતીત થયા પછી ***યાવત્*** એક સુંદર બાળકને જન્મ આપશે.

**બાળકનું નામકરણ : મહાપદ્મ :–**

**૮૫ जं रयणिं च णं से दारए जाइहिइ, तं रयणिं च णं सयदुवारे णयरे सब्भिंतरबाहिरिए भारग्गसो य कुंभग्गसो य पउमवासे य रयणवासे य वासे वासिहिति । तएणं तस्स दारगस्स अम्मापियरो एक्कारसमे दिवसे वीइक्कंते** *जाव* **संपत्ते बारसाहदिवसे अयमेयारूवं गोण्णं गुणणिप्फण्णं णामधेज्जं काहिंति– जम्हा णं अम्हं इमंसि दारगंसि जायंसि समाणंसि सयदुवारे णयरे सब्भिंतरबाहिरिए** *जाव* **रयणवासे वुट्ठे, तं होउ णं अम्हं इमस्स दारगस्स णामधेज्जं महापउमे, महापउमे। तएणं तस्स दारगस्स अम्मापियरो णामधेज्जं करेहिंति 'महापउमे' त्ति ।**

**શબ્દાર્થ :– पउमवासे** = પદ્મવર્ષા–કમળોની વર્ષા **भारगसो** = ભાર પ્રમાણ. એક પુરુષ જેટલું વજન ઉપાડી શકે તેટલા વજનને અથવા ૧૨૦ પલ પ્રમાણ વજનને 'ભાર' કહે છે **कुंभगसो** = કુંભ પ્રમાણ. તેના ત્રણ ભેદ છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. ૬૦ આઢક પ્રમાણ જઘન્ય કુંભ, ૮૦ આઢક પ્રમાણને મધ્યમ કુંભ અને ૧૦૦ આઢક પ્રમાણને ઉત્કૃષ્ટ કુંભ કહે છે.

**ભાવાર્થ :–** જે રાત્રિએ તે બાળકનો જન્મ થશે, તે રાત્રિમાં શતદ્વાર નગરની અંદર અને બહાર અનેક ભાર પ્રમાણ, અનેક કુંભ પ્રમાણ પદ્મોકમળોની અને રત્નોની વૃષ્ટિ થશે. તે બાળકના માતા-પિતા અગિયાર દિવસ વ્યતીત થયા પછી બારમા દિવસે તેનું ગુણયુક્ત, ગુણ નિષ્પન્ન નામકરણ કરશે. યથા– અમારા આ બાળકનો જન્મ થયો, ત્યારે શતદ્વાર નગરની બહાર અને અંદર પદ્મો અને રત્નોની વૃષ્ટિ થઈ હતી, તેથી

આ બાળકનું નામ 'મહાપદ્મ' રાખીએ, તે પ્રમાણે વિચાર કરીને માતા-પિતા તે બાળકનું નામ 'મહાપદ્મ' રાખશે.

**બીજું નામ દેવસેન :–**

**૮૬ तएणं तं महापउमं दारगं अम्मापियरो साइरेगट्ठवासजायगं जाणित्ता सोभणंसि तिहि-करण-दिवस-णक्खत्त-मुहुत्तंसि महया-महया रायाभिसेएणं अभिसिंचेहिंति । से णं तत्थ राया भविस्सइ, महयाहिमवंत वण्णओ** *जाव* **विहरिस्सइ । तएणं तस्स महापउमस्स रण्णो अण्णया कयाइ दो देवा महिड्ढिया** *जाव* **महासोक्खा सेणाकम्मं काहिंति । तं जहा– पुण्णभद्दे य माणिभद्दे य । तएणं सयदुवारे णयरे बहवे राईसर-तलवर** *जाव* **सत्थवाहप्पभिईओ अण्णमण्णं सद्दावेहिंति, अण्णमण्णं सद्दावेत्ता एवं वदेहिंति– जम्हा णं देवाणुप्पिया ! अम्हं महापउमस्स रण्णो दो देवा महड्ढिया** *जाव* **सेणाकम्मं करेंति, तं जहा– पुण्णभद्दे य माणिभद्दे य, तं होउ णं देवाणुप्पिया ! अम्हं महापउमस्स रण्णो दोच्चं पि णामधेज्जे 'देवसेणे, देवसेणे'। तएणं तस्स महापउमस्स रण्णो दोच्चे वि णामधेज्जे भविस्सइ 'देवसेणे, देवसेणे' त्ति ।**

**ભાવાર્થ :–** જ્યારે તે મહાપદ્મ બાળક કંઈક અધિક આઠ વર્ષનો થશે, ત્યારે તેના માતા-પિતા શુભ તિથિ, કરણ, દિવસ, નક્ષત્ર અને મુહૂર્તમાં તેનો અત્યંત મોટો રાજ્યાભિષેક કરશે, ત્યારે મહાપદ્મ રાજા મહાહિમવાન આદિ પર્વતની સમાન બલવાન થશે. ઈત્યાદિ રાજાનું વર્ણન પૂર્વવત્ જાણવું. ત્યાર પછી કયારેક મહર્દ્ધિક ***યાવત્*** મહાસુખી બે દેવો તે મહાપદ્મ રાજાનું સેનાકર્મ–સેનાને દોરવાનું કાર્ય કરશે. તે દેવોના નામ આ પ્રકારે છે– પૂર્ણ ભદ્ર અને માણિભદ્ર. શતદ્વાર નગરમાં અનેક માંડલિક રાજા, યુવરાજ, તલવર ***યાવત્*** સાર્થવાહ પ્રમુખ પરસ્પર આ પ્રમાણે કહેશે કે, હે દેવાનુપ્રિયો ! પૂર્ણભદ્ર અને માણિભદ્ર નામના બે મહર્દ્ધિક દેવો આપણા મહાપદ્મ રાજાનું સેનાકર્મ કરે છે. હે દેવાનુપ્રિયો ! તેથી આપણા મહાપદ્મ રાજાનું બીજું નામ દેવસેન થાઓ. આ રીતે મહાપદ્મ રાજાનું દેવસેન એવું બીજું નામ પ્રસિદ્ધ થશે.

**ત્રીજું નામ વિમલવાહન :–**

**૮૭ तएणं तस्स देवसेणस्स रण्णो अण्णया कयाइ सेए संखतलविमलसण्णिगासे चउद्दंते हत्थिरयणे समुप्पज्जिस्सइ । तएणं से देवसेणे राया तं सेयं संखतल-विमल-सण्णिगासं चउद्दंतं हत्थिरयणं दूरूढे समाणे सयदुवारं णयरं मज्झंमज्झेणं अभिक्खणं-अभिक्खणं अभिजाहिइ, णिज्जाहिइ य । तएणं सयदुवारे णयरे बहवे राईसर** *जाव* **पभिईओ अण्णमण्णं सद्दावेहिंति, अण्णमण्णं सद्दावेत्ता वदेहिंति– जम्हा णं देवाणुप्पिया ! अम्हं देवसेणस्स रण्णो सेए संखतल-विमल-सण्णिगासे चउद्दंते हत्थिरयणे समुप्पण्णे, तं होउ णं देवाणुप्पिया ! अम्हं देवसेणस्स रण्णो तच्चे वि णामधेज्जे 'विमलवाहणे, विमलवाहणे' । तएणं तस्स देवसेणस्स रण्णो तच्चे वि णामधेज्जे 'विमलवाहणे' त्ति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી એકદા દેવસેન રાજાને ત્યાં શંખના મધ્યભાગ જેવી નિર્મળ કાંતિવાળો શ્વેત એવા ચાર દંતશૂળવાળો એક હસ્તીરત્ન ઉત્પન્ન થશે. દેવસેન રાજા, શંખતલની સમાન નિર્મલ અને શ્વેત એવા

ચાર દંતશૂળવાળા તે હસ્તીરત્ન પર ચઢીને શતદ્વાર નગરની મધ્યમાં થઈને વારંવાર આવાગમન કરશે. ત્યારે શતદ્વાર નગરના અનેક માંડલિક રાજા ***યાવત્*** સાર્થવાહ આદિ પરસ્પર એકબીજાને બોલાવીને, આ પ્રમાણે કહેશે– હે દેવાનુપ્રિયો ! આપણા રાજા દેવસેનને ત્યાં શંખતલની સમાન નિર્મલ અને શ્વેત એવા ચાર દંતશૂળવાળો હસ્તિરત્ન ઉત્પન્ન થયો છે, તેથી હે દેવાનુપ્રિયો ! આપણા રાજાનું ત્રીજું નામ 'વિમલવાહન' થાઓ. ત્યારે દેવસેન રાજાનું વિમલવાહન એવું ત્રીજું નામ પ્રસિદ્ધ થશે.

**વિમલવાહનનું અનાર્યપણું :–**

**૮૮ तएणं से विमलवाहणे राया अण्णया कयाइ समणेहिं णिग्गंथेहिं मिच्छं विप्पडिवज्जिहिइ, अप्पेगइए आउसेहिइ, अप्पेगइए अवहसिहिइ, अप्पेगइए णिच्छोडेहिइ अप्पेगइए णिब्भत्थेहिइ, अप्पेगइए बंधेहिइ, अप्पेगइए णिरुंभेहिइ, अप्पेगइयाणं छविच्छेयं करेहिइ, अप्पेगइए पमारेहिइ, अप्पेगइए उद्दवेहिइ, अप्पेगइयाणं वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं आच्छिंदिहिइ, विच्छिंदिहिइ, भिंदिहिइ, अवहरिहिइ, अप्पेगइयाणं भत्तपाणं वोच्छिंदिहिइ, अप्पेगइए णिण्णयरे करेहिइ, अप्पेगइए णिव्विसए करेहिइ ।**

**શબ્દાર્થ:– विप्पडिवज्जिहिइ** = વિપરીત આચરણ કરશે **आउसेहिइ** = આક્રોશ વચન કહેશે **अवहसिहिइ** = હાંસી કરશે **णिच्छोडेहिइ** = પૃથક્ કરશે **णिब्भत्थेहिइ** = દુર્વચન બોલશે **णिरुंभेहिइ** = રોકશે **उद्दवेहिइ** = ઉપદ્રવ કરશે **अवहरिहिइ** = અપહરણ કરશે **णिण्णयरे** = નગરમાંથી બહાર કાઢશે.

**ભાવાર્થ :–** કોઈ સમયે વિમલવાહન રાજા, શ્રમણ નિર્ગ્રંથોની સાથે વિપરીત,(અનુચિત્ત) આચરણ કરશે. કેટલાક શ્રમણ નિર્ગ્રંથો પર આક્રોશ કરશે, કેટલાક નિર્ગ્રંથોની હાંસી ઉડાવશે, કેટલાકને એક-બીજાથી જુદા પાડી દેશે, કેટલાકની ભર્ત્સના (દુર્વચન) કરશે, કેટલાકને બાંધશે, કેટલાકને રોકશે, કેટલાકના અવયવનું છેદન કરશે, કેટલાકને મારશે, કેટલાકને ઉપદ્રવ કરશે; કેટલાકના વસ્ત્ર, પાત્ર, કંબલ અને પાદપ્રોંછનાદિ ઉપકરણોને તોડી નાંખશે અપહરણ કરશે; કેટલાકના આહાર-પાણીમાં અંતરાય પાડશે અને કેટલાક શ્રમણોને નગર અને દેશમાંથી બહાર કાઢી મૂકશે.

**૮૯ तएणं सयदुवारे णयरे बहवे राईसर** *जाव* **वदिहिंति– एवं खलु देवाणुप्पिया ! विमलवाहणे राया समणेहिं णिग्गंथेहिं मिच्छं विप्पडिवण्णे अप्पेगइए आउस्सइ** *जाव* **णिव्विसए करेइ, तं णो खलु देवाणुप्पिया ! एयं अम्हं सेयं, णो खलु एयं विमलवाहणस्स रण्णो सेयं, णो खलु एयं रज्जस्स वा रट्ठस्स वा बलस्स वा वाहणस्स वा पुरस्स वा अंतेउरस्स वा जणवयस्स वा सेयं, जण्णं विमलवाहणे राया समणेहिं णिग्गंथेहिं मिच्छं विप्पडिवण्णे । तं सेयं खलु देवाणुप्पिया ! अम्हं विमलवाहणं रायं एयमट्ठं विण्णवित्तए, त्ति कट्टु अण्णमण्णस्स अंतियं एयमट्ठं पडिसुणेंति, पडिसुणित्ता जेणेव विमलवाहणे राया तेणेव उवागच्छंति, उवागच्छित्ता करयलपरिग्गहियं विमलवाहणं रायं जएणं विजएणं वद्धावेंति, वद्धावेत्ता एवं वदिहिंति– एवं खलु देवाणुप्पिया ! (तुब्भे) समणेहिं णिग्गंथेहिं मिच्छं विप्पडिवण्णा अप्पेगइए आउस्संति** *जाव* **अप्पेगइए णिव्विसए करेंति; तं णो खलु एयं देवाणुप्पियाणं सेयं, णो खलु एयं अम्हं सेयं, णो खलु एयं रज्जस्स वा** *जाव* **जणवयस्स वा सेयं, जं णं देवाणुप्पिया ! समणेहिं णिग्गंथेहिं मिच्छं विप्पडिवण्णा,**

**तं विरमंतु णं देवाणुप्पिया ! एयस्स अट्ठस्स अकरणयाए ।**

**ભાવાર્થ :–** તે સમયે શતદ્વાર નગરમાં અનેક માંડલિક રાજા, યુવરાજ, સાર્થવાહ આદિ પરસ્પર આ પ્રમાણે વિચાર વિનિમય કરશે કે હે દેવાનુપ્રિયો ! વિમલવાહન રાજા શ્રમણ નિર્ગ્રંથો સાથે વિપરીત વર્તન કરી રહ્યા છે ***યાવત્*** કેટલાક શ્રમણોને દેશ નિકાલ કરી રહ્યા છે. હે દેવાનુપ્રિયો ! તે આપણા માટે પણ શ્રેયસ્કર નથી અને વિમલવાહન રાજા માટે પણ શ્રેયસ્કર નથી તેમજ આ રાજ્ય, રાષ્ટ્ર, સેના, વાહન, પુર, અંતઃપુર અને દેશને માટે શ્રેયસ્કર નથી. વિમલવાહન રાજા શ્રમણ નિર્ગ્રંથો સાથે વિપરીત આચરણ કરે છે. હે દેવાનુપ્રિયો ! તેથી વિમલવાહન રાજાને આ વિષય સંબંધી નિવેદન કરવું, તે આપણા માટે શ્રેયસ્કર છે. આ રીતે વિચારીને તથા પરસ્પર નિશ્ચય કરીને તેઓ વિમલવાહન રાજાની પાસે જશે. ત્યાં જઈને બંને હાથ જોડીને વિમલવાહન રાજાને જય-વિજય શબ્દોથી વધાવશે. ત્યાર પછી તેઓ આ પ્રમાણે કહેશે– "હે દેવાનુપ્રિય ! આપ શ્રમણ-નિર્ગ્રંથોની સાથે અનાર્ય આચરણ કરો છો, તેના પર આક્રોશ કરો છો ***યાવત્*** દેશ નિકાલ કરો છો; હે દેવાનુપ્રિય ! આ કાર્ય આપને માટે, અમારા માટે અને આ રાજ્ય ***યાવત્*** દેશને માટે શ્રેયસ્કર નથી. હે દેવાનુપ્રિય ! આપ શ્રમણ નિર્ગ્રંથોની સાથે જે મિથ્યાભાવ ધારણ કરી રહ્યા છો તે ઉચિત નથી. તેથી હે દેવાનુપ્રિય ! આપ આ દુરાચરણને બંધ કરો."

**૯૦ तएणं से विमलवाहणे राया तेहिं बहूहिं राईसर** *जाव* **सत्थवाहप्पभिईहिं एयमट्ठं विण्णत्ते समाणे 'णो धम्मो' त्ति 'णो तवो' त्ति मिच्छाविणएणं एयमट्ठं पडिसुणेहिइ ।**

**तस्स णं सयदुवारस्स णयरस्स बहिया उत्तरपुरच्छिमे दिसिभाए एत्थ णं सुभूमिभागे णामं उज्जाणे भविस्सइ । सव्वोउय, वण्णओ । तेणं कालेणं तेणं समएणं विमलस्स अरहओ पउप्पए सुमंगले णामं अणगारे जाइसंपण्णे एवं जहा धम्मघोसस्स वण्णओ** *जाव* **संखित्त-विउल-तेयलेस्से, तिण्णाणोवगए, सुभूमिभागस्स उज्जाणस्स अदूरसामंते छट्ठं छट्ठेणं अणिक्खित्तेणं** *जाव* **आयावेमाणे विहरिस्सइ ।**

**શબ્દાર્થ :– पउप्पए** = પ્રપૌત્ર.

**ભાવાર્થ :–** જ્યારે તે અનેક માંડલિક રાજા, યુવરાજ, સાર્થવાહ પર્યંતના લોકો વિમલવાહન રાજાને મુનિજનો સાથે વિપરીત આચરણ ન કરવાનું નિવેદન કરશે, ત્યારે તે વિમલવાહન રાજા 'ધર્મ નથી, તપ નથી' એવી બુદ્ધિ હોવા છતાં પણ મિથ્યા વિનય પ્રગટ કરીને તેમનું નિવેદન સ્વીકારી લેશે.

શતદ્વાર નગરની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં સુભૂમિભાગ નામનું ઉદ્યાન થશે. તે સર્વ ઋતુઓના ફળ-ફૂલોથી યુક્ત થશે, તે ઉદ્યાનનું વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર જાણવું. તે કાલે તે સમયે વિમલ નામના તીર્થંકરના પ્રપૌત્ર 'સુમંગલ' નામના અણગાર થશે. તે જાતિ સંપન્ન ઈત્યાદિ ગુણોથી યુક્ત થશે. તેઓ શતક ૧૧/૧૧ માં વર્ણિત ધર્મઘોષ અણગારની જેમ ગુણ સંપન્ન થશે. સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યાવાળા, ત્રણ જ્ઞાન સહિત તે સુમંગલ અણગાર, સુભૂમિ-ભાગ ઉદ્યાનથી ન અતિ દૂર, ન અતિ નજીક નિરંતર છઠ-છઠના તપ સહિત આતાપના ભૂમિમાં બંને હાથ ઊંચા રાખીને, સૂર્યની સન્મુખ આતાપના લેતા વિચરશે.

**વિવેચન :–**

**विमलस्स अरहओ... :–** અહીં જે 'વિમલ' નામના તીર્થંકરનું કથન છે, તેની સંગતિ આ પ્રમાણે

સમજવી– (૧) બાવીસ સાગરોપમની સ્થિતિ પૂર્ણ થયા પછી જે તીર્થંકર ઉત્સર્પિણી કાલમાં થશે, તેનું નામ 'વિમલ' પણ થશે; એ પ્રમાણે સંભવિત છે. વિમલ વાહનની જેમ મહાપુરુષોના અનેક નામ હોઈ શકે છે. (૨) અરિહંત શબ્દથી અહીં સામાન્ય કેવળી પણ સમજી શકાય છે.

આ સૂત્રની વ્યાખ્યામાં આગામી અવસર્પિણીના એકવીસમાં તીર્થંકર 'વિમલ' હોવાનું સૂચન છે. પરંતુ તેમાં કરોડો સાગરોપનનો કાલ થાય છે, તે ૨૨ સાગરોપમથી મેળ ખાતો નથી.

**સુમંગલ મુનિ દ્વારા વિમલ વાહનનો વિનાશ :–**

**૯૧** **तएणं से विमलवाहणे राया अण्णया कयाइ रहचरियं काउं णिज्जाहिइ । तएणं से विमलवाहणे राया सुभूमिभागस्स उज्जाणस्स अदूरसामंते रहचरियं करेमाणे सुमंगलं अणगारं छट्ठं छट्ठेणं** *जाव* **आयावेमाणं पासिहिइ, पासित्ता आसुरुत्ते जाव मिसिमिसेमाणे सुमंगलं अणगारं रहसिरेणं णोल्लावेहिइ । तएणं से सुमंगले अणगारे विमलवाहणेणं रण्णा रहसिरेणं णोल्लाविए समाणे सणियं सणियं उट्ठेहिति, उट्ठित्ता दोच्चं पि उड्ढं बाहाओ पगिज्झिय-पगिज्झिय** *जाव* **आयावेमाणे विहरिस्सइ । तएणं से विमलवाहणे राया सुमंगलं अणगारं दोच्चं पि रहसिरेणं णोल्लावेहिइ ।**

**શબ્દાર્થ :– रहचरियं** = રથચર્યા **आयावेमाणं** = આતાપના લેતા **रहसिरेणं** = રથના અગ્ર ભાગથી **णोल्लावेहिइ** = પાડી દેશે.

**ભાવાર્થ :–** ત્યાર પછી એકદા વિમલ વાહન રાજા, રથચર્યા કરવા માટે નીકળશે, ત્યારે તે વિમલવાહન રાજા સુભૂમિભાગ ઉદ્યાનથી થોડે દૂર રથચર્યા કરતાં નિરંતર છઠ-છઠના તપ સહિત ***યાવત્*** આતાપના લેતા સુમંગલ અણગારને જોશે. તેને જોતાં જ તે કોપાવિષ્ટ થઈને ***યાવત્*** ક્રોધથી અત્યંત પ્રજ્વલિત થઈને રથનો અગ્રભાગ અથડાવીને સુમંગલ અણગારને નીચે પાડી દેશે. ત્યાર પછી વિમલવાહન રાજા દ્વારા રથના અગ્રભાગની ઠોકરથી નીચે પડી ગયેલા તે સુમંગલ અણગાર ધીરે-ધીરે ઊઠશે અને પુનઃ (બીજીવાર) ઊર્ધ્વબાહુ કરીને ***યાવત્*** આતાપના લેશે, ત્યારે વિમલવાહન રાજા, સુમંગલ અણગારને બીજી વાર પણ રથનો અગ્રભાગ અથડાવીને નીચે પાડશે.

**૯૨** **तएणं से सुमंगले अणगारे विमलवाहणेणं रण्णा दोच्चं पि रहसिरेणं णोल्लाविए समाणे सणियं-सणिय उट्ठेहिइ, उट्ठित्ता ओहिं पउंजेहिइ, ओहिं पउंजित्ता विमलवाहणस्स रण्णो तीतद्धं ओहिणा आभोएहिइ, आभोइत्ता विमलवाहणं रायं एवं वदिहिइ– णो खलु तुमं विमलवाहणे राया, णो खलु तुमं देवसेणे राया, णो खलु तुमं महापउमे राया, तुमं णं इओ तच्चे भवग्गहणे गोसाले णामं मंखलिपुत्ते होत्था, समणघायए** *जाव* **छउमत्थे चेव कालगए, तं जइ ते तया सव्वाणुभूइणा अणगारेणं, पभुणा वि होऊणं सम्मं सहियं खमियं तितिक्खियं अहियासियं; जइ ते तया सुणक्खत्तेणं अणगारेणं** *जाव* **अहियासियं, जइ ते तया समणेणं भगवया महावीरेणं पभुणा वि** *जाव* **अहियासियं, तं णो खलु ते अहं तहा सम्मं सहिस्सं** *जाव* **अहियासिस्सं; अहं ते सहयं सरहं ससारहियं तवेणं तेएणं एगाहच्चं**

**कूडाहच्चं भासरासिं करेज्जामि ।**

**ભાવાર્થ :–** ત્યારપછી વિમલવાહન રાજા વડે બીજી વાર પણ રથના અગ્રભાગની ઠોકરથી નીચે પડી ગયેલા સુમંગલ અણગાર ધીરે ધીરે ઊઠશે અને અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકશે, અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને વિમલવાહનના અતીતકાલને જોશે અને વિમલવાહન રાજાને આ પ્રમાણે કહેશે– તું વાસ્તવમાં વિમલવાહન રાજા નથી, તું દેવસેન રાજા નથી અને તું મહાપદ્મ રાજા પણ નથી. તું આ ભવથી પૂર્વના ત્રીજા ભવમાં શ્રમણોનો ઘાતક મંખલિપુત્ર ગોશાલક હતો અને તું છદ્મસ્થ અવસ્થામાં જ મરી ગયો હતો. તે સમયે સર્વાનુભૂતિ અણગારે સમર્થ હોવા છતાં પણ તારા અપરાધોને સમ્યક્પ્રકારે સહન કર્યા હતા, ક્ષમા કરી હતી, તિતિક્ષા કરી હતી અને શાંતિથી સહન કર્યું હતું. તે જ રીતે સુનક્ષત્ર અણગારે પણ ***યાવત્*** શાંતિથી સહન કર્યું હતું. તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પણ સમર્થ હોવા છતાં તેણે સહન કર્યું હતું, પરંતુ આ રીતે હું સહન કરીશ નહીં. હું તને મારા તપ-તેજથી ઘોડા-રથ અને સારથિ સહિત એક જ પ્રહારમાં કૂટાઘાતથી– અચૂક લબ્ધિ પ્રયોગથી ભસ્મીભૂત કરી દઈશ.

**૯૩ तएणं से विमलवाहणे राया सुमंगलेणं अणगारेणं एवं वुत्ते समाणे आसुरुत्ते** *जाव* **मिसिमिसेमाणे सुमंगलं अणगारं तच्चं पि रहसिरेणं णोल्लावेहिइ । तएणं से सुमंगले अणगारे विमलवाहणेणं रण्णा तच्चं पि रहसिरेणं णोल्लाविए समाणे आसुरुत्ते** *जाव* **मिसिमिसेमाणे आयावणभूमिओ पच्चोरुहइ, पच्चोरुहित्ता तेयासमुग्घाएणं समोहण्णिहिइ, तेयासमुग्घाएणं समोहणित्ता सत्तट्ठ पयाइं पच्चोसक्किहिइ, सत्तट्ठ पयाइं पच्चोसक्कित्ता विमलवाहणं रायं सहयं सरहं ससारहियं तवेणं तेएणं** *जाव* **भासरासिं करेहिइ ।**

**ભાવાર્થ :–** જ્યારે સુમંગલ અણગાર, વિમલ વાહન રાજાને આ પ્રમાણે કહેશે ત્યારે તે અત્યંત કુપિત થશે ***યાવત્*** ક્રોધથી અત્યંત પ્રજ્વલિત થઈને ત્રીજી વાર રથનો અગ્રભાગ અથડાવીને સુમંગલ અણગારને નીચે પાડી દેશે. જ્યારે વિમલવાહન રાજા, રથનો અગ્રભાગ અથડાવીને સુમંગલ અણગારને ત્રીજી વાર પાડી નાંખશે, ત્યારે સુમંગલ અણગાર, અત્યંત કુપિત ***યાવત્*** ક્રોધાવેશથી ધમધમતા, આતાપના ભૂમિથી નીચે ઉતરશે. નીચે ઉતરીને તૈજસ સમુદ્ઘાત કરશે; તૈજસ સમુદ્ઘાત કરીને, સાત-આઠ પગલા પાછળ હટીને, પોતાની તપજન્ય તેજોલેશ્યાના એક જ આઘાત પ્રહારથી વિમલવાહન રાજાને ઘોડા, રથ અને સારથિ સહિત બાળીને ભસ્મીભૂત કરી નાંખશે.

**સુમંગલ અણગારનું ભવિષ્ય :–**

**૯૪ सुमंगले णं भंते ! अणगारे विमलवाहणं रायं सहयं** *जाव* **भासरासिं करित्ता कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! सुमंगले णं अणगारे विमलवाहणं रायं सहयं** *जाव* **भासरासिं करित्ता बहूहिं छट्ठट्ठमदसम-दुवालसेहिं मासद्धमासखमणेहिं विचित्तेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणे बहूइं वासाइं सामण्णपरियागं पाउणेहिइ, पाउणित्ता मासियाए संलेहणाए सट्ठिं भत्ताइं अणसणाए छेदेत्ता आलोइयपडिक्कंते समाहिपत्ते उड्ढं चंदिम** *जाव* **गेवेज्जविमाणावाससयं वीइवइत्ता सव्वट्ठसिद्धे महाविमाणे देवत्ताए उववज्जिहिइ । तत्थ णं देवाणं अजहण्ण-**

**मणुक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता । तत्थ णं सुमंगलस्स वि देवस्स अजहण्ण- मणुक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता । से णं भंते ! सुमंगले देवे ताओ देवलोगाओ *जाव* महाविदेहे वासे सिज्झिहिइ *जाव* अंतं काहिइ ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! વિમલવાહન રાજાને ઘોડા, રથ અને સારથિ સહિત ભસ્મીભૂત કરીને સુમંગલ અણગાર, સ્વયં કાલધર્મ પ્રાપ્ત કરીને ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે ?

હે ગૌતમ ! વિમલવાહન રાજાને ઘોડા, રથ અને સારથિ સહિત ભસ્મીભૂત કર્યા પછી સુમંગલ અણગાર છઠ, અટ્ઠમ, ચોલા, પંચોલા ***યાવત્*** વિવિધ પ્રકારના તપથી પોતાના આત્માને ભાવિત કરતા અનેક વર્ષો સુધી શ્રમણ-પર્યાયનું પાલન કરશે, અંતે એક માસની સંલેખનાથી સાઠ ભક્ત અનશનનું છેદન કરીને, આલોચના– પ્રતિક્રમણ કરીને, સમાધિપૂર્વક કાલધર્મ પામીને, તે ઊંચે ચંદ્ર-સૂર્યથી ઉપર ***યાવત્*** ત્રીજી ત્રિકના એક સો ગ્રૈવેયક વિમાનાવાસોનું ઉલ્લંઘન કરીને સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાં દેવોની જઘન્ય ઉત્કૃષ્ટ રહિત એક જ પ્રકારની ૩૩ સાગરોપમની સ્થિતિ કહી છે. ત્યાં સુમંગલદેવ પણ પરિપૂર્ણ ૩૩ સાગરોપમની સ્થિતિ પામશે. ત્યાંનું આયુષ્ય, ભવ અને સ્થિતિનો ક્ષય કરીને, ત્યાંથી ચ્યવીને, સુમંગલ દેવ મહાવિદેહ ક્ષેત્રમાંથી સિદ્ધ થશે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે.

**ગોશાલકનું દીર્ઘકાલીન ભવભ્રમણ :–**

**૯૫ विमलवाहणे णं भंते ! राया सुमंगलेणं अणगारेणं सहए *जाव* भासरासीकए समाणे कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! विमलवाहणे णं राया सुमंगलेणं अणगारेणं सहये *जाव* भासरासीकए समाणे अहेसत्तमाए पुढवीए उक्कोसकालट्ठिइयंसि णरयंसि णेरइयत्ताए उववज्जिहिइ। से णं तओ अणंतरं उववट्टित्ता मच्छेसु उववज्जिहिइ । तत्थ वि णं सत्थवज्झे दाहवक्कंतीए कालमासे कालं किच्चा दोच्चं पि अहेसत्तमाए पुढवीए उक्कोसकालट्ठिइयंसि णरगंसि णेरइयत्ताए उववज्जिहिइ। से णं तओ अणंतरं उव्वट्टित्ता दोच्चं पि मच्छेसु उववज्जिहिइ। तत्थ वि णं सत्थवज्झे दाह-वक्कंतीए कालमासे कालं किच्चा छट्ठीए तमाए पुढवीए उक्कोस कालाट्ठिइयंसि णरगंसि णेरइयत्ताए उववज्जिहिइ । से णं तओहिंतो अणंतर उव्वट्टित्ता इत्थियासु उववज्जिहिइ । तत्थ वियणं सत्थवज्झे दाहवक्कंतीए कालमासे कालं किच्चा दोच्चं पि छट्ठीए तमाए पुढवीए उक्कोसकाल-ठिइयंसि *जाव* उव्वट्टित्ता दोच्चं पि इत्थीयासु उववज्जिहिइ । तत्थ वि णं सत्थवज्झे *जाव* पंचमाए धूमपभाए पुढवीए उक्कोसकाल-ठिइयंसि *जाव* उव्वट्टित्ता उरएसु उववज्जिहिइ । तत्थ वि णं सत्थवज्झे जाव दोच्चं पि पंचमाए *जाव* उव्वट्टिता दोच्चं पि उरएसु उववज्जिहिइ । तत्थ वि णं सत्थवज्जे *जाव* चउत्थीए पंकप्पभाए पुढवीए उक्कोसकालट्ठिइयंसि *जाव* उव्वट्टित्ता सीहेसु उववज्जिहिइ । तत्थ वि णं सत्थवज्झे तहेव *जाव* किच्चा दोच्चं पि चउत्थीए पंकप्पभाए *जाव* उववट्टित्ता दोच्चं पि सीहेसु उववज्जिहिइ *जाव* किच्चा तच्चाए वालुयप्पभाए पुढवीए उक्कोसकाल-ठिइयंसि *जाव* उव्वट्टित्ता पक्खीसु उववज्जिहिइ । तत्थ वि णं सत्थवज्झे *जाव***

**दोच्चं पि तच्चाए वालुयप्पभाए** *जाव* **उव्वट्टिता दोच्चं पि पक्खीसु उववज्जिहिइ । तत्थ वि णं सत्थवज्झे** *जाव* **किच्चा दोच्चाए सक्करप्पभाए** *जाव* **उव्वट्टित्ता सरीसवेसु उववज्जिहिइ । तत्थ वि णं सत्थ वज्झे** *जाव* **दोच्चं पि दोच्चाए सक्करप्पभाए** *जाव* **उव्वट्टित्ता दोच्चं पि सरीसवेसु उववज्जिहिइ । तत्थ वि य णं सत्थवज्झे** *जाव* **इमीसे रयणप्पभाए पुढवीए उक्कोसकालट्ठिइयंसि णरगंसि णेरइयत्ताए उववज्जिहिइ** *जाव* **उव्वट्टित्ता सण्णिसु उववज्जिहिइ । तत्थ वि णं सत्थवज्झे** *जाव* **असण्णीसु उववज्जिहिइ । तत्थ वि णं सत्थवज्झे** *जाव* **दोच्चं पि इमीसे रयणप्पभाए पुढवीए पलिओवमस्स असंखेज्जइ भागट्ठिइयंसि णरगंसि णेरइयत्ताए उववज्जिहिइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સુમંગલ અણગાર દ્વારા ઘોડા, રથ અને સારથિ સહિત ભસ્મીભૂત કરાયેલા વિમલવાહન રાજા ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સુમંગલ અણગાર દ્વારા ઘોડા, રથ અને સારથિ સહિત ભસ્મીભૂત કરાયેલા વિમલવાહન રાજા, **અધઃસપ્તમ** પૃથ્વીમાં, ઉત્કૃષ્ટ કાલની સ્થિતિવાળા નરકોમાં નૈરયિક રૂપે ઉત્પન્ન થશે. ત્યાંના આયુ, સ્થિતિ આદિનો ક્ષય કરીને, ત્યાંથી નીકળીને **મત્સ્યોમાં** ઉત્પન્ન થશે. ત્યાં શસ્ત્ર દ્વારા વધ અને દાહજ્વરની પીડાથી કાલધર્મ પ્રાપ્ત કરીને ફરી **અધઃસપ્તમ** પૃથ્વીમાં, ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નરકાવાસોમાં, નૈરયિક રૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને બીજી વાર **મત્સ્યોમાં** જન્મ ધારણ કરશે. ત્યાં શસ્ત્ર વધ અને દાહજ્વર દ્વારા મૃત્યુ પામીને **છઠ્ઠી તમઃપ્રભા** પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નરકાવાસોમાં નૈરયિક થશે. ત્યાંથી નીકળીને **સ્ત્રી** રૂપે ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્રાઘાત અને દાહજ્વર દ્વારા મરીને બીજીવાર **તમઃપ્રભા** નરકમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નરકાવાસોમાં નૈરયિકરૂપે (નારકપણે) ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને બીજીવાર **સ્ત્રી** રૂપે ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્રાઘાતથી મરીને **પાંચમી ધૂમપ્રભા** નરકમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નૈરયિક થશે. ત્યાંથી નીકળીને **ઉરઃપરિસર્પોમાં** ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્ર દ્વારા મરીને બીજી વાર **પાંચમી** નરકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને બીજી વાર **ઉરઃપરિસર્પોમાં** ઉત્પન્ન થશે. ત્યાંથી કાલધર્મ પ્રાપ્ત કરીને **ચોથી પંકપ્રભા** નરકમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નૈરયિક થશે. ત્યાંથી નીકળીને સિંહપણે ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્ર દ્વારા આઘાત પામીને બીજી વાર **ચોથી નરકમાં** ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને બીજી વાર સિંહપણે ઉત્પન્ન થશે. ત્યાંથી કાલધર્મ પ્રાપ્ત કરીને **ત્રીજી વાલુકાપ્રભા** નરકમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નૈરયિક રૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને **પક્ષીઓમાં** ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્ર દ્વારા મરીને કાલધર્મને પ્રાપ્ત કરીને બીજીવાર **વાલુકાપ્રભા** નામની ત્રીજી નરકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને બીજી વાર **પક્ષીઓમાં** ઉત્પન્ન થશે. ત્યાંથી કાલધર્મ પામી **બીજી શર્કરાપ્રભા** નરકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને **સરીસર્પોમાં** ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્ર દ્વારા મરીને બીજી વાર **શર્કરાપ્રભામાં** ઉત્પન્ન થશે. ત્યાંથી કાલધર્મ પ્રાપ્ત કરીને બીજીવાર **સરીસર્પોમાં** ઉત્પન્ન થશે. ત્યાંથી કાલધર્મ પામીને **રત્નપ્રભા** પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સ્થિતિ- વાળા નરકાવાસોમાં ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને **સંજ્ઞી જીવોમાં** ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્ર દ્વારા ઘાત પામીને, કાલધર્મને પ્રાપ્ત કરીને **અસંજ્ઞી જીવોમાં** ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્ર દ્વારા ઘાત પામીને બીજી વાર **રત્નપ્રભા** પૃથ્વીમાં પલ્યોપમના અસંખ્યાતમાં ભાગની સ્થિતિવાળા નરકાવાસોમાં નૈરયિક રૂપે ઉત્પન્ન થશે.

**૯૬ से णं तओ अणंतरं उव्वट्टित्ता जाइं इमाइं खहयरविहाणाइं भवंति, तं जहा– चम्मपक्खीणं, लोमपक्खीणं, समुग्गपक्खीणं, विययपक्खीणं तेसु अणेगसय-सहस्सखुत्तो**

**उद्दाइत्ता-उद्दाइत्ता तत्थेव तत्थेव भुज्जो-भुज्जो पच्चायाहिइ । सव्वत्थ वि णं सत्थवज्झे दाहवक्कंतीए कालमासे कालं किच्चा जाइं इमाइं भुयपरिसप्पविहाणाइं भवंति, तं जहा– गोहाणं, णउलाणं जहा पण्णवणाए** *जाव* **जाहगाणं, चउप्पाइयाणं, तेसु अणेगसयसहस्सखुत्तो सेसं जहा खहयराणं** *जाव* **कालमासे कालं किच्चा जाइं इमाइं उरपरिसप्पविहाणाइं भवंति, तं जहा– अहीणं, अयगराणं, आसालियाणं, महोरगाणं, तेसु अणेगसयसहस्सखुत्तो** *जाव* **जाइं इमाइं चउप्पयविहाणाइं भवंति, तं जहा– एगखुराणं दुखुराणं गंडीपयाणं सणहपयाणं तेसु अणेगसयसहस्स खुत्तो** *जाव* **जाइं इमाइं जलयरविहाणाइं भवंति, तं जहा– मच्छाणं, कच्छभाणं** *जाव* **सुंसुमाराणं तेसु अणेगसयसहस्स खुत्तो** *जाव* **जाइं इमाइं चउरिंदियविहाणाइं भवंति, तं जहा– अंधियाणं, पोत्तियाणं जहा पण्णवणाए** *जाव* **गोमयकीडाणं तेसु अणेगसय- सहस्सखुत्तो** *जाव* **जाइं इमाइं तेइंदियविहाणाइं भवंति, तं जहा– उवचियाणं** *जाव* **हत्थिसोंडाणं, तेसु अणेग-सयसहस्स-खुत्तो** *जाव* **जाइं इमाइं बेइंदियविहाणाइं भवंति, तं जहा– पुलाकिमियाणं** *जाव* **समुद्दलिक्खाणं तेसु अणेगसय-सहस्सखुत्तो** *जाव*—

**ભાવાર્થ :–** ત્યાંથી નીકળીને ચર્મપક્ષી, લોમપક્ષી, સમુદ્ક પક્ષી અને વિતત પક્ષી ઇત્યાદિ **ખેચર જીવોના** જે ભેદ છે, તેમાં અનેક લાખ વાર મરીને ત્યાં જ વારંવાર ઉત્પન્ન થશે. સર્વત્ર શસ્ત્રથી ઘાત પામવાથી અને દાહ ઉત્પન્ન થવાથી કાલના સમયે કાલધર્મ પ્રાપ્ત કરશે. ત્યાર પછી **ભુજપરિસર્પના** જે ભેદ છે, યથા– ગોહ, કાકીડા, નોળીયો ઇત્યાદિ પ્રજ્ઞાપના સૂત્રના પ્રથમ પદમાં કથિત જાહક પર્યંતના ભુજ પરિસર્પ જીવોમાં અનેક લાખ વાર મરીને ત્યાં જ વારંવાર ઉત્પન્ન થશે. શેષ સર્વ વર્ણન ખેચરવત્ જાણવું જોઈએ. ત્યાંથી કાલધર્મ પ્રાપ્ત કરીને સર્પ, અજગર, અસાલિકા અને મહોરગ **ઉરપરિસર્પોના** ભેદોમાં ઉત્પન્ન થશે, તેમાં અનેક લાખ વાર મરીને **ચતુષ્પદ** જીવોમાં ઉત્પન્ન થશે. યથા– એક ખુરવાળા ઘોડાદિમાં, બે ખુરવાળા ગાય આદિમાં, ગંડીપદ–ગોળાકાર પગવાળા હાથી આદિમાં, અને સનખપદ–નહોરવાળા પગયુક્ત સિંહ, વાઘ આદિમાં અનેક લાખ વાર ઉત્પન્ન થશે. ત્યાંથી કાલધર્મ પ્રાપ્ત કરીને **જલચર** જીવોના ભેદોમાં ઉત્પન્ન થશે. યથા– મત્સ્ય, કાચબા ***યાવત્*** સુંસુમાર, તેમાં અનેક લાખ વાર ઉત્પન્ન થશે. પછી **ચૌરેન્દ્રિય** જીવોમાં ઉત્પન્ન થશે. યથા– અન્ધિક, પૌત્રિક ઇત્યાદિ પ્રજ્ઞાપના સૂત્રના પ્રથમ પદ અનુસાર ***યાવત્*** છાણના કીડામાં અનેક લાખ વાર ઉત્પન્ન થશે, ત્યાંથી કાલધર્મ પ્રાપ્ત કરીને **તેઇન્દ્રિય** જીવોમાં ઉત્પન્ન થશે. તેના ભેદ, યથા– ઉપચિત, કંથવા, કીડી ***યાવત્*** હસ્તીશૌંડ. ત્યાંથી કાલધર્મને પ્રાપ્ત કરીને **બેઇન્દ્રિય** જીવોમાં ઉત્પન્ન થશે. તેના ભેદ યથા– પુલાકૃમિ ***યાવત્*** સમુદ્રલિક્ષા, તેમાં અનેકવાર ઉત્પન્ન થશે.

**૧૭ जाइं इमाइं वणस्सइविहाणाइं भवंति, तं जहा– रुक्खाणं गुच्छाणं** *जाव* **कुहणाणं, तेसु अणेगसय-सहस्स-खुत्तो** *जाव* **पच्चायाइस्सइ । उस्सण्णं च णं कडुयरुक्खेसु कडुयवल्लीसु सव्वत्थ वि णं सत्थवज्झे** *जाव* **जाइं इमाइं वाउक्काइयविहाणाइं भवंति, तं जहा– पाईणवायाणं** *जाव* **सुद्धवायाणं, तेसु अणेगसयसहस्स-खुत्तो** *जाव* **जाइं इमाइं तेउक्काइय- विहाणाइं भवंति, तं जहा– इंगालाणं** *जाव* **सूरकंतमणिणिस्सियाणं, तेसु अणेगसयसहस्स-खुत्तो** *जाव* **जाइं इमाइं आउक्काइयविहाणाइं भवंति, तं जहा– उस्साणं** *जाव* **खातोदगाणं, तेसु अणेगसय-सहस्स-खुत्तो**

*जाव* **पच्चायाइस्सइ । उस्सण्णं च णं खारोदएसु, खातोदएसु; सव्वत्थ वि णं सत्थवज्झे** *जाव* **कालं किच्चा जाइं इमाइं पुढविकाइयविहाणाइं भवंति, तं जहा– पुढवीणं, सक्कराणं** *जाव* **सूरकंताणं, तेसु अणेगसयसहस्स-खुत्तो** *जाव* **पच्चायाहिइ, उस्सण्णं च णं खरबायर पुढविक्काइएसु, सव्वत्थ वि णं सत्थवज्झे** *जाव* **कालं किच्चा ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી વૃક્ષ, ગુચ્છ ***યાવત્*** કુહુના ઈત્યાદિ **વનસ્પતિના** ભેદમાં અનેક લાખ વાર ઉત્પન્ન થશે. સર્વ સ્થાને શસ્ત્ર દ્વારા ઘાત પામશે. ત્યાર પછી પૂર્વવાયુ ***યાવત્*** શુદ્ધ વાયુ ઈત્યાદિ **વાયુકાયિક** જીવોના ભેદમાં અનેક લાખ વાર ઉત્પન્ન થશે. પછી અંગાર ***યાવત્*** સૂર્યકાન્તમણિથી નિઃશ્રિત અગ્નિ ઈત્યાદિ **તેઉકાયના** ભેદમાં અનેક લાખ વાર ઉત્પન્ન થશે. પછી ઝાકળ, હિમ, ધુમ્મસ ***યાવત્*** ખાઈનું પાણી ઈત્યાદિ **અપ્કાયના** ભેદમાં અનેક લાખ વાર ઉત્પાત થશે. તેમાં પણ વિશેષ કરીને ખારા પાણી અને ખાઈના પાણીમાં ઉત્પન્ન થશે. સર્વ સ્થાને શસ્ત્ર દ્વારા ઘાત પામશે. પછી માટી રેતી ***યાવત્*** સૂર્યકાન્તમણિ, **પૃથ્વીકાયિકના** ભેદમાં અનેક લાખ વાર ઉત્પન્ન થશે અને તેમાં વિશેષતયા ખરબાદર પૃથ્વીકાયમાં ઉત્પન્ન થશે. સર્વસ્થાને શસ્ત્ર દ્વારા ઘાત થઈ કાલધર્મ પ્રાપ્ત કરશે.

**૯૮ रायगिहे णयरे बाहिं खरियत्ताए उववज्जिहिइ । तत्थ वि णं सत्थवज्झे** *जाव* **किच्चा दुच्चं पि रायगिहे णयरे अंतो खरियत्ताए उववज्जिहिइ । तत्थ वि णं सत्थवज्झे** *जाव* **किच्चा इहेव जंबुद्दीवे दीवे भारहे वासे विंझगिरिपायमूले बेभेले सण्णिवेसे माहणकुलंसि दारियत्ताए पच्चायाहिइ । तएणं तं दारियं अम्मापियरो उम्मुक्कबालभावं जोव्वणगमणुप्पत्तं पडिरूवएणं सुक्केणं, पडिरूवएणं विणएणं, पडिरूवयस्स भत्तारस्स भारियत्ताए दलइस्संति। सा णं तस्स भारिया भविस्सइ-इट्ठा कंता** *जाव* **अणुमया भंडकरंडगसमाणा तेल्लकेला इव सुसंगोविया, चेलपेडा इव सुसंपरिग्गहिया, रयणकरंडओ विव सुसारक्खिया, सुसंगोविया, मा णं सीयं, मा णं उण्हं** *जाव* **परिस्सहोवसग्गा फुसंतु । तएणं सा दारिया अण्णया कयाइ गुव्विणी ससुरकुलाओ कुलघरं णिज्जमाणी अंतरा दवग्गिजालाभिहया कालमासे कालं किच्चा दाहिणिल्लेसु अग्गिकुमारेसु देवेसु देवत्ताए उववज्जिहिइ ।**

**શબ્દાર્થ :– तेल्लकेला** = તેલનું ભાજન **चेलपेडा** = વસ્ત્રની પેટી **खरियत्ताए** = વેશ્યાપણે,

**ભાવાર્થ :–** ત્યાર પછી રાજગૃહ નગરની બહાર **વેશ્યાપણે** ઉત્પન્ન થશે. ત્યાં શસ્ત્ર દ્વારા ઘાત પામીને, કાલધર્મ પ્રાપ્ત કરીને બીજી વાર રાજગૃહ નગરની અંદર **વેશ્યાપણે** ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્ર દ્વારા ઘાત પામીને ***યાવત્*** કાલધર્મ પામીને આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વિન્ધ્યપર્વતની પાસે વિભેલ નામના સન્નિવેશમાં **બ્રાહ્મણકુલમાં પુત્રી રૂપે** ઉત્પન્ન થશે. તે પુત્રી જ્યારે બાલ્યાવસ્થાનો ત્યાગ કરીને યૌવનાવસ્થાને પ્રાપ્ત કરશે, ત્યારે તેના માતા-પિતા તેને યોગ્ય કરિયાવર આપીને ઉચિત વિનય દ્વારા પતિને પત્ની રૂપે અર્પણ કરશે. તે તેની સ્ત્રી થશે. તે ઈષ્ટ, કાંત ***યાવત્*** અનુમત, આભૂષણોના કરંડિયા તુલ્ય, તેને શીત, ઉષ્ણ ***યાવત્*** પરીષહ-ઉપસર્ગ સ્પર્શ ન કરે, તે રીતે અત્યંત સંગોપિત, સુરક્ષિતપણે રાખશે; તેને અત્યંત સંગોપિત સુરક્ષિતપણે રાખશે. ત્યાર પછી તે બ્રાહ્મણ પુત્રી ગર્ભવતી થશે અને પોતાના સાસરેથી પિયર જતાં રસ્તામાં દાવાગ્નિની જ્વાલાથી બળીને મરી જશે અને દક્ષિણ દિશાના **અગ્નિકુમાર દેવોમાં** દેવ રૂપે ઉત્પન્ન થશે.

**९९ से णं तओहिंतो अणंतरं उव्वट्टित्ता माणुस्सं विग्गहं लभिहिइ, माणुस्सं विग्गहं लभित्ता केवलं बोहिं बुज्झिहिइ, बुज्झित्ता मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइहिइ। तत्थ वि य णं विराहियसामण्णे कालमासे कालं किच्चा दाहिणिल्लेसु असुरकुमारेसु देवेसु देवत्ताए उववज्जिहिइ । से णं तओहिंतो** *जाव* **उव्वट्टित्ता माणुसं विग्गहं तं चेव** *जाव* **तत्थ वि णं विराहियसामण्णे कालमासे** *जाव* **किच्चा दाहिणिल्लेसु णागकुमारेसु देवेसु देवत्ताए उववज्जिहिइ । से णं तओहिंतो अणंतरं एवं एएणं अभिलावेणं दाहिणिल्लेसु सुवण्णकुमारेसु एवं विज्जुकुमारेसु एवं अग्गिकुमार वज्जं** *जाव* **दाहिणिल्लेसु थणियकुमारेसु। से णं तओहिंतो अणंतरं उव्वट्टित्ता माणुस्सं विग्गहं लभिहिइ** *जाव* **विराहियसामण्णे जोइसिएसु देवेसु उववज्जिहिइ ।**

**ભાવાર્થ :–** ત્યાંથી નીકળીને **મનુષ્યના** શરીરને ધારણ કરીને કેવળ બોધિ-સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે. ત્યાર પછી મુંડિત થઈને આગારવાસનો ત્યાગ કરીને અણગારવાસનો સ્વીકાર કરશે. ત્યાં શ્રામણ્ય-ચારિત્રની વિરાધના કરીને, કાલના સમયે કાલધર્મ પામીને, દક્ષિણ દિશાના **અસુરકુમાર દેવોમાં** દેવરૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને મનુષ્ય શરીરને ધારણ કરશે અને સંયમ લઈને ***યાવત્*** વિરાધના કરીને દક્ષિણનિકાયના **નાગકુમાર** દેવોમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને મનુષ્ય થશે. ત્યાં સંયમની વિરાધના કરીને દક્ષિણ નિકાયના **સુવર્ણકુમાર** દેવોમાં ઉત્પન્ન થશે. આ રીતે **વિદ્યુત્કુમાર** દેવોમાં ***યાવત્*** અગ્નિકુમાર દેવોને છોડીને **દક્ષિણનિકાયના સ્તનિતકુમારો** સુધીના દેવોમાં ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને **મનુષ્ય** થશે ત્યાં પણ ચારિત્રની વિરાધના કરીને **જ્યોતિષી દેવોમાં** ઉત્પન્ન થશે.

**આરાધના અને કેવળજ્ઞાન :–**

**१०० से णं तओहिंतो अणंतरं चयं चइत्ता माणुस्सं विग्गहं लभिहिइ लभित्ता केवलं बोहिं बुज्झिहिइ** *जाव* **अविराहियसामण्णे कालमासे कालं किच्चा सोहम्मे कप्पे देवत्ताए उववज्जिहिइ । से णं तओहिंतो अणंतरं चयं चइत्ता माणुस्सं विग्गहं लभिहिइ, केवलं बोहिं बुज्झिहिति, तत्थ वि णं अविराहियसामण्णे कालमासे कालं किच्चा सणंकुमारे कप्पे देवत्ताए उववज्जिहिइ । एवं जहा सणंकुमारे तहा बंभलोए, महासुक्के, आणए, आरणे । से णं तओ** *जाव* **अविराहियसामण्णे कालमासे कालं किच्चा सव्वट्ठसिद्धे महाविमाणे देवत्ताए उववज्जिहिइ । से णं तओहिंतो अणंतरं चयं चइत्ता महाविदेहे वासे जाइं इमाइं कुलाइं भवंति– अड्ढाइं** *जाव* **अपरिभूयाइं तहप्पगारेसु कुलेसु पुत्तत्ताए पच्चायाहिइ । एवं जहा उववाइए दढप्पइण्ण-वत्तव्वया सच्चेव वत्तव्वया णिरवसेसा भाणियव्वा** *जाव* **केवलवरणाणदंसणे समुप्पज्जिहिइ ।**

**ભાવાર્થ :–** ત્યાંથી ચ્યવીને **મનુષ્ય** થશે. ત્યાં સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે અને ચારિત્રની વિરાધના કર્યા વિના અર્થાત્ આરાધક થઈને કાલના સમયે કાલધર્મને પ્રાપ્ત કરીને **સૌધર્મ** દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને **મનુષ્ય** જન્મને ધારણ કરશે. ત્યાં સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે અને ચારિત્રની વિરાધના

કર્યા વિના, કાલના સમયે કાલધર્મને પ્રાપ્ત કરીને **સનત્કુમાર** દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને મનુષ્ય થશે. જે રીતે સનત્કુમાર દેવલોકના વિષયમાં કહ્યું, તે જ રીતે **બ્રહ્મલોક, મહાશુક્ર, આનત** અને **આરણ** દેવલોકના વિષયમાં કહેવું જોઈએ. ત્યાંથી ચ્યવીને **મનુષ્ય** થશે ત્યાં ચારિત્રની વિરાધના કર્યા વિના કાલધર્મને પ્રાપ્ત કરીને **સર્વાર્થસિદ્ધ** મહાવિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઋદ્ધિ સંપન્ન ***યાવત્*** અપરાભૂત કુલમાં પુત્ર રૂપે ઉત્પન્ન થશે. જે રીતે ઔપપાતિક સૂત્રમાં દઢપ્રતિજ્ઞની વક્તવ્યતા કહી, તે જ રીતે ***યાવત્*** તેને ઉત્તમ કેવળજ્ઞાન-કેવળદર્શન ઉત્પન્ન થશે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સૂત્રકારે ગોશાલકના દીર્ઘકાલીન ભવભ્રમણને પ્રગટ કર્યું છે.

**સંયમના ભવ :–** ગોશાલકનો જીવ ચારે ગતિમાં દીર્ઘકાલ પર્યંત ભવભ્રમણ કરશે, ભવ ભ્રમણના અંતે ૧૮(અઢાર) ભવોમાં સંયમ સ્વીકાર કરશે. જેમાં દશભવમાં વિરાધક થશે અને આઠ ભવમાં આરાધક થશે.

**વિરાધક ભવ–૧૦ :–** ગોશાલક દશ ભવમાં ચારિત્રનો સ્વીકાર કરશે પણ આખા ભવમાં તેને ચારિત્રની સ્પર્શના થશે નહીં તેથી તે વિરાધકપણે કાલધર્મને પ્રાપ્ત કરી તેના પરિણામે ક્રમશઃ અગ્નિકુમારને છોડીને નવ જાતિના ભવનપતિ દેવોમાં અને દશમી વાર જ્યોતિષી દેવોમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યારપછી ક્રમશઃ મનુષ્ય જન્મ પામી ચારિત્રની આરાધના કરશે.

**આરાધક ભવ–૮ :–** ગોશાલક ક્રમશઃ આઠ ભવમાં ચારિત્રનો સ્વીકાર કરશે અને તેની પૂર્ણ રીતે આરાધના કરીને તેના પરિણામે ક્રમશઃ ૧, ૩, ૫, ૭, ૯, ૧૧મા દેવલોકમાં અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થશે. આ રીતે સાત ભવમાં વૈમાનિક જાતિના દેવપણે ઉત્પન્ન થશે અને આઠમા ભવમાં અંતિમ મનુષ્ય જન્મમાં ચારિત્રની આરાધના કરી સર્વ કર્મનો ક્ષય કરશે.

**विराहिय सामण्णे :–** સંયમની વિરાધના કરીને. જીવ સંયમની સ્પર્શના કરે અને પછી તેની વિરાધના કરે તો તેને સંયમ વિરાધક કહેવાય. પરંતુ પ્રસ્તુત વર્ણનમાં દશ ભવોમાં ગોશાલકનો જીવ બાહ્ય વેશ માત્રથી સંયમ સ્વીકાર કરશે. તેમ છતાં દ્રવ્ય સંયમની અપેક્ષાએ પણ તેને **विराहिय सामण्णे** કહ્યું છે. પછીના આઠ ભવોમાં તે દ્રવ્યથી અને ભાવથી એમ બંને રીતે સંયમ પ્રાપ્ત કરશે અને આરાધના કરશે. **શતક-૨૫, ઉદ્દેશક-૬, ૭** અનુસાર જીવ સંપૂર્ણ સંસાર કાલમાં સામાયિક આદિ કોઈ પણ ચારિત્ર અને બકુશાદિ કોઈપણ નિર્ગ્રંથ અવસ્થા ઉત્કૃષ્ટ આઠ ભવમાં જ પ્રાપ્ત કરી શકે છે. તેથી એ સ્પષ્ટ થાય છે કે ગોશાલકનો જીવ દશ ભવમાં કોઈપણ ચારિત્ર કે નિર્ગ્રંથ દશાને પ્રાપ્ત કરશે નહીં, માત્ર બાહ્ય વેશથી સંયમ ગ્રહણ કરશે. શતક-૧૨, ઉદ્દેશક-૭ અનુસાર તો પ્રાયઃ દરેક જીવે અનંતી વાર વેશમાત્રથી સંયમ ગ્રહણ કર્યા છે. ગુરુ શિષ્યના સંબંધ પણ અનંતી વાર કર્યા છે. તેથી તેમાં કોઈ વિરોધ નથી.

**દઢપ્રતિજ્ઞનું મોક્ષ ગમન :–**

**१०१** **तए णं से दढप्पइण्णे केवली अप्पणो तीयद्धं आभोएहिइ, आभोइत्ता समणे णिग्गंथे सद्दावेहिइ, सद्दावेत्ता एवं वदिहिइ– एवं खलु अहं अज्जो ! इओ चिराईयाए अद्धाए गोसाले णामं मंखलिपुत्ते होत्था, समणघायए *जाव* छउमत्थे चेव कालगए, तम्मूलगं च णं अहं अज्जो ! अणाईयं अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं अणुपरियट्टिए, तं मा णं अज्जो ! तुब्भं केइ**

**भवउ आयरियपडिणीयए, उवज्झायपडिणीए अयसकारए अवण्णकारए अकित्तिकारए मा णं से वि एवं चेव अणाईयं, अणवदग्गं *जाव* संसारकंतारं अणुपरियट्टिहिइ जहा णं अहं । तएणं ते समणा णिग्गंथा दढप्पइण्णस्स केवलिस्स अंतियं एयमट्ठं सोच्चा णिसम्म भीया तत्था तसिया संसारभउव्विग्गा दढप्पइण्णं केवलिं वंदिहिंति, णमंसिहिंति वंदित्ता णमंसित्ता तस्स ठाणस्स आलोइएहिंति णिंदिहिंति *जाव* पडिवज्जिहिंति।**

**तएणं से दढप्पइण्णे केवली बहूइं वासाइं केवलपरियागं पाउणिहिइ, पाउणित्ता अप्पणो आउसेसं जाणेत्ता भत्तं पच्चक्खाहिइ, एवं जहा उववाइए *जाव* सव्वदुक्खाणमंतं काहिइ ।॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે દઢપ્રતિજ્ઞ કેવળી પોતાના અતીતકાલને જોશે, જોઈને શ્રમણ-નિર્ગ્રંથોને બોલાવીને આ પ્રમાણે કહેશે– હે આર્યો ! આજથી દીર્ઘ કાલ-અસંખ્યાત કાલ પહેલાં હું મંખલિપુત્ર ગોશાલક હતો. મેં શ્રમણોની ઘાત કરી હતી; તેમનો પ્રબળ શત્રુ બન્યો હતો. તે ભવમાં હું છદ્મસ્થાવસ્થામાં કાલધર્મને પ્રાપ્ત થયો હતો. હે આર્યો ! તેના પરિણામે મેં અનાદિ, અનંત અને દીર્ઘમાર્ગવાળા; ચાર ગતિરૂપ સંસાર અટવીમાં પરિભ્રમણ કર્યું. હે આર્યો ! તેથી તમે કોઈ પણ આચાર્યાદિના પ્રત્યનીક–દ્વેષી થશો નહીં, ઉપાધ્યાય પ્રત્યનીક થશો નહીં. આચાર્ય અને ઉપાધ્યાયનો અપયશ કરનાર, અવર્ણવાદ કરનાર અને અપકીર્તિ કરનાર થશો નહીં અને મારી જેમ અનાદિ અનંત ***યાવત્*** સંસાર અટવીમાં ભ્રમણ કરશો નહીં.

દઢપ્રતિજ્ઞ કેવળીની વાત સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને તે શ્રમણ નિર્ગ્રંથો ભયભીત થશે, ત્રસ્ત થશે અને સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈને દઢ-પ્રતિજ્ઞ કેવળીને વંદન-નમસ્કાર કરીને પાપસ્થાનની આલોચના અને નિંદા કરશે, ***યાવત્*** પ્રાયશ્ચિત રૂપ તપસ્યાનો સ્વીકાર કરશે.

દઢપ્રતિજ્ઞ કેવળી અનેક વર્ષો પર્યંત કેવલ પર્યાયનું પાલન કરશે અને શેષ અલ્પ આયુષ્યને જાણીને ભક્ત પ્રત્યાખ્યાન કરશે. આ રીતે ઔપપાતિક સૂત્રાનુસાર ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે. ॥ હે ભગવન્! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પૂર્વના સૂત્રમાં ઔપપાતિક સૂત્રોક્ત દઢપ્રતિજ્ઞના અતિદેશપૂર્વક ગોશાલકનું વર્ણન છે. તેમાં **णवरं** કહીને નામની ભિન્નતા કહી નથી અને પ્રસ્તુત સૂત્રોમાં ગોશાલકનું જ દઢપ્રતિજ્ઞ નામ દર્શાવેલ છે. તેથી સ્પષ્ટ થાય છે કે એક નામની અનેક વ્યક્તિ હોય છે તેથી ગોશાલકના જીવનું અને અંબડના જીવનું અંતિમ ભવમાં દઢપ્રતિજ્ઞ નામ હોઈ શકે છે. સારાંશ એ છે કે ગોશાલક દીર્ઘ સંસાર ભ્રમણ કરી અંતે સાત ભવમાં ચારિત્રની આરાધના કરશે, આઠમા મનુષ્ય ભવમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે અને સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષગતિને પ્રાપ્ત કરશે.

**॥ શતક ૧૫ સંપૂર્ણ ॥**

# શતક–૧૬

## પરિચય

★ આ શતકમાં ૧૪ ઉદ્દેશક છે. તેમાં વિવિધ વિષયોનું વર્ણન છે.

★ **પ્રથમ ઉદ્દેશકમાં** પાપકર્મના કારણભૂત અધિકરણ અને પાપકર્મકરનાર અધિકરણીનું વિસ્તૃત વિવેચન છે. જ્યાં સુધી જીવમાં અવિરતિનો ભાવ અને મમત્વનો ભાવ છે ત્યાં સુધી તેના શરીર, ઇન્દ્રિય, યોગ તેમજ બાહ્ય સાધનો અને તેની કોઈ પણ પ્રવૃત્તિ તેના માટે અધિકરણરૂપ બને છે.

★ **બીજા ઉદ્દેશકમાં** ૨૪ દંડકના જીવોમાં જરા અને શોકનું અસ્તિત્વ, પાંચ પ્રકારના અવગ્રહ, સાવદ્ય-નિરવદ્યભાષા અને કર્મ ચૈતન્યકૃત છે વગેરે વિષયનું પ્રતિપાદન છે.

★ **ત્રીજા ઉદ્દેશકમાં** પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક (૧) બાંધતો બાંધે (૨) બાંધતો વેદે (૩) વેદતો બાંધે(૪) વેદતો વેદે આદિ ચાર વિકલ્પો દ્વારા કર્મબંધ અને ઉદયના પરસ્પરના સંબંધને સૂચિત કર્યો છે અને અંતે કાયોત્સર્ગમાં સ્થિત અણગારના મસા છેદનમાં લાગતી ક્રિયાનું નિરૂપણ છે.

★ **ચોથા ઉદ્દેશકમાં** સંયમી સાધક અને નૈરયિકોની કર્મક્ષયની શક્તિની તરતમતાનું દૃષ્ટાંત સહિત પ્રતિપાદન છે.

★ **પાંચમા ઉદ્દેશકમાં** દેવોની શક્તિ, મહાશુક્ર દેવલોકના બે દેવોના પુદ્ગલ પરિણમન વિષયક વાર્તાલાપ અને તેના અનુસંધાનમાં ગંગદત્તદેવના પૂર્વભવનું નિરૂપણ છે.

★ **છઠ્ઠા ઉદ્દેશકમાં** સ્વપ્નોના પ્રકાર, પ્રભુ મહાવીરને છદ્મસ્થાવસ્થાની અંતિમ રાત્રે આવેલા દશ સ્વપ્નો, તેનું ફળ તેમજ અન્ય મોક્ષ ફળદાયક વિશિષ્ટ સ્વપ્નોનું કથન છે.

★ **સાતમા ઉદ્દેશકમાં** પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક ઉપયોગ અને પશ્યત્તાની પ્રરૂપણા છે.

★ **આઠમા ઉદ્દેશકમાં** લોકના છ દિશાના ચરમાન્તમાં અને રત્નપ્રભા આદિ સાત પૃથ્વી, ૧૨ દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન, ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી આદિ ક્ષેત્રોના ચરમાન્તમાં જીવ અને અજીવનું અસ્તિત્વ; પરમાણુ પુદ્ગલનું ગમન સામર્થ્ય; વરસાદની જાણકારી મેળવવામાં લાગતી ક્રિયા; મહર્દ્ધિક દેવનું પણ અલોકમાં જવાનું અસામર્થ્ય વગેરે વિવિધ વિષયોનું કથન છે.

★ **નવમા ઉદ્દેશકમાં** વૈરોચનરાજ બલીન્દ્રની રાજધાની વિષયક નિર્દેશ છે.

★ **દશમા ઉદ્દેશકમાં** પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક અવધિજ્ઞાન અને તેના બે ભેદનું નિરૂપણ છે.

★ **૧૧ થી ૧૪ ઉદ્દેશકમાં** ક્રમશઃ દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર અને સ્તનિતકુમાર, તે ચારે ભવનપતિદેવોના આહાર, ઉચ્છ્વાસ-નિશ્વાસ, લેશ્યા, ઋદ્ધિ આદિ વિષયક પ્રરૂપણા છે.

❖❖❖❖❖

# શતક–૧૬ : ઉદ્દેશક–૧

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં મુખ્યતયા અધિકરણ અને અધિકરણીના સ્વરૂપનું પ્રતિપાદન છે.

★ પાપક્રિયામાં કારણભૂત સાધનને **અધિકરણ** કહે છે. તેના બે ભેદ છે. આભ્યંતર અને બાહ્ય. શરીર, ઈન્દ્રિય, યોગાદિ આભ્યંતર અધિકરણ છે અને શસ્ત્ર, ધન, પુત્ર, પરિવાર આદિ બાહ્ય અધિકરણ છે.

★ અધિકરણ જેની પાસે હોય તેને **અધિકરણી** કહેવાય છે. શાસ્ત્રકારે પ્રારંભમાં બાહ્ય અધિકરણરૂપ એરણનું કથન કર્યું છે.

★ એરણ પર ઘણના ઘા મારવાથી અચિત્ત વાયુ ઉત્પન્ન થાય છે. તે અચિત્ત વાયુ સચિત્ત વાયુ માટે અધિકરણ બને છે. તે સચિત્ત વાયુની હિંસા કરે છે અને પછી તે અચિત્ત વાયુ પણ સચિત્ત બની જાય છે.

★ અગ્નિકાયની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ અહોરાત્રિની હોય છે. અગ્નિની ઉત્પત્તિ કે સ્થિતિ વાયુ દ્વારા જ થાય છે. વાયુ વિના તે પ્રજ્વલિત થતી નથી. અગ્નિના જીવો પોતાની સ્થિતિ પૂર્ણ થતાં મરી જાય છે અને ત્યાં બીજા અગ્નિના અને વાયુના જીવો ઉત્પન્ન થાય છે. આ રીતે પરંપરા ચાલે છે અને દીર્ઘકાલ પર્યંત અગ્નિ પ્રજ્વલિત રહે છે.

★ લુહારને તેમજ ભટ્ટીમાં વપરાતા પ્રત્યેક સાધનો જે જીવોના શરીરમાંથી બન્યા છે તે જીવોને પાંચ ક્રિયા લાગે છે. લુહાર અને તેના પ્રત્યેક ઉપકરણોને અગ્નિકાયના જીવોના આરંભ(જીવહિંસા) સાથે સીધો સંબંધ છે. તે જીવોને પ્રાણાતિપાતિકી ક્રિયા સાથે પૂર્વની ચાર ક્રિયા અવશ્ય લાગે જ છે.

★ ૨૪ દંડકના જીવો પાસે શરીરાદિ આભ્યંતર અધિકરણ હંમેશાં હોય છે અને શસ્ત્રાદિ બાહ્યાધિકરણ કયારેક હોય છે, કયારેક હોતા નથી પરંતુ અવિરતિની અપેક્ષાએ તેઓ અધિકરણી છે.

★ તે જીવો અધિકરણ સહિત હોવાથી સાધિકરણી છે, નિરધિકરણી નથી. તે સ્વયં પાપપ્રવૃત્તિ કરે છે, અન્ય પાસે પણ કરાવે છે અને ઘણી પાપપ્રવૃત્તિ સ્વ અને પર ઉભયરૂપે કરે છે. તેથી અવિરતિ ભાવની અપેક્ષાએ તે આત્માધિકરણી, પરાધિકરણી અને તદુભયાધિકરણી છે.

★ તે જીવો પોતાના મન, વચન, કાયાના પ્રયોગથી પાપ પ્રવૃત્તિ કરે છે તેથી તે **આત્મપ્રયોગ નિર્વર્તિત અધિકરણી** છે. પોતાના વચનાદિના પ્રયોગથી અન્ય પાસે પાપ પ્રવૃત્તિ કરાવે છે તેથી તે **પરપ્રયોગ નિર્વર્તિત** અધિકરણી છે અને ઘણી વાર તે **ઉભયપ્રયોગ નિર્વર્તિત** અધિકરણી હોય છે.

★ ૨૪ દંડકના જીવોમાં સમુચ્ચય રીતે પાંચ શરીર, પાંચ ઈન્દ્રિય અને ત્રણ યોગ રૂપ અધિકરણ હોય છે. તેમાં જે ગતિના જીવોને જેટલા શરીર, ઈન્દ્રિય અને યોગ હોય તે જીવોને તેટલા અધિકરણ હોય છે.

ઔદારિક આદિ ચાર શરીર બનાવતો જીવ અવિરતિની અપેક્ષાએ અને આહારક શરીરને બનાવતો જીવ પ્રમાદની અપેક્ષાએ અધિકરણી છે. આ રીતે સંસારી જીવોમાં તેનો અવિરતિભાવ અને પ્રમાદભાવ તેના અધિકરણ(પાપકર્મ)નું કારણ બને છે.

❖❖❖❖❖

# શતક–૧૬ : ઉદ્દેશક–૧

## અધિકરણી

**ઉદ્દેશકોનાં નામ :–**

**૧ अहिगरणि जरा कम्मे, जावइयं गंगदत्त सुमिणे य ।
उवओगे लोग बलि, ओहि दीव उदही दिसा थणिया ॥**

**ભાવાર્થ :–** આ શતકમાં ચૌદ ઉદ્દેશક છે. તેના નામ આ પ્રમાણે છે. યથા– (૧) અધિકરણી (૨) જરા (૩) કર્મ (૪) યાવતીય (૫) ગંગદત્ત (૬) સ્વપ્ન (૭) ઉપયોગ (૮) લોક (૯) બલિ (૧૦) અવધિ (૧૧) દ્વીપ (૧૨) ઉદધિ (૧૩) દિશા (૧૪) સ્તનિત.

**વિવેચન :–**

પ્રસ્તુત શતકના ૧૪ ઉદ્દેશકોનાં નામ તેના આદ્ય અથવા મુખ્ય વિષયના આધારે છે.

(૧) **अहिगरणि :–** અધિકરણી અર્થાત્ એરણના વિષયમાં નિરૂપણ હોવાથી પ્રથમ ઉદ્દેશકનું નામ 'અધિકરણી' છે.

(૨) **जरा :–** જરા આદિના અર્થ વિષયક કથન હોવાથી બીજા ઉદ્દેશકનું નામ 'જરા' છે.

(૩) **कर्म :–** કર્મ પ્રકૃતિઓના બંધ આદિ વિષયની ચર્ચા મુખ્ય હોવાથી ત્રીજા ઉદ્દેશકનું નામ 'કર્મ' છે.

(૪) **जावइयं :–** પ્રથમ પ્રશ્નનો પ્રારંભ **जावइयं** પદથી થતો હોવાથી ચોથા ઉદ્દેશકનું નામ 'યાવતીય' છે.

(૫) **गंगदत्त :–** ગંગદત્ત દેવના પ્રશ્નો અને તેના પૂર્વભવ વિષયક વર્ણન હોવાથી પાંચમા ઉદ્દેશકનું નામ 'ગંગદત્ત' છે.

(૬) **सुमिण :–** સ્વપ્નદર્શન વિષયક નિરૂપણ હોવાથી છઠ્ઠા ઉદ્દેશકનું નામ 'સ્વપ્ન' છે.

(૭) **उवओग :–** ઉપયોગ અને તેના ભેદોનું પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક નિરૂપણ હોવાથી સાતમા ઉદ્દેશકનું નામ 'ઉપયોગ' છે.

(૮) **लोग :–** લોકનું પરિમાણ આદિ આદ્ય અને મુખ્ય વિષય હોવાથી આઠમા ઉદ્દેશકનું નામ 'લોક' છે.

(૯) **बलि :–** વૈરોચનેન્દ્ર બલિની સુધર્મા સભાના સ્થાનનું સંક્ષિપ્ત વર્ણન હોવાથી નવમા ઉદ્દેશકનું નામ 'બલિ' છે.

(૧૦) **ओहि :–** પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક અવધિજ્ઞાન વિષયક વર્ણન હોવાથી દશમા ઉદ્દેશકનું નામ 'અવધિ' છે.

(૧૧ થી ૧૪) **दीव उदही दिसा थणिया :–** ક્રમશઃ દ્વીપ કુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર અને સ્તનિતકુમાર નામના ભવનપતિ દેવોના આહાર, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ, લેશ્યા, આયુષ્ય વિષયક પ્રતિપાદન હોવાથી તેના

નામ ક્રમશઃ 'દ્વીપ, ઉદધિ, દિશા અને સ્તનિત' છે.

**આઘાતથી વાયુકાયની ઉત્પત્તિ અને વિનાશ :–**

**૨ तेणं कालेणं तेणं समएणं रायगिहे** *जाव* **पज्जुवासमाणे एवं वयासी– अत्थि णं भंते! अहिगरणिंसि वाउयाए वक्कमइ ?**

**हंता अत्थि ।**

**શબ્દાર્થ :– अहिगरणिंसि** = અધિકરણી, એરણ પર હથોડા મારતાં **वक्कमइ** = ઉત્પન્ન થાય છે

**ભાવાર્થ :– પ્રશ્ન–** તે કાલે, તે સમયે રાજગૃહ નગરમાં ***યાવત્*** પર્યુપાસના કરતાં ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! શું અધિકરણી(એરણ) પર હથોડા મારતાં વાયુકાય ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! તેમ થાય છે.

**૩ से भंते ! किं पुट्ठे उद्दाइ, अपुट्ठे उद्दाइ ? गोयमा ! पुट्ठे उद्दाइ, णो अपुट्ठे उद्दाइ ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! શું વાયુકાય અન્ય પદાર્થ સાથે સ્પર્શ થવાથી મરે છે કે સ્પર્શ થયા વિના મરે છે ?

હે ગૌતમ ! તે જીવોને શસ્ત્રાદિનો સ્પર્શ થવાથી મરે છે પરંતુ સ્પર્શ થયા વિના મરતા નથી.

**૪ से भंते ! किं ससरीरी णिक्खमइ, असरीरी णिक्खमइ ? एवं जहा खंदए** *जाव* **से तेणट्ठेणं णो असरीरी णिक्खमइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે વાયુકાય મરે છે ત્યારે તે શું શરીર સહિત ભવાન્તરમાં જાય છે કે શરીર રહિત ભવાન્તરમાં જાય છે. ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ વિષયમાં શતક-૨/૧ ના સ્કંદકના વર્ણન પ્રમાણે જાણવું ***યાવત્*** શરીર રહિત થઈને જતાં નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત ત્રણ સૂત્રોમાં વાયુકાયની ઉત્પત્તિ, નાશ અને ભવાન્તરમાં જાય ત્યારે કઈ રીતે જાય છે ? તે ત્રણ વિષય પ્રતિપાદિત કર્યા છે.

**अहिगरणि :–**અધિકરણી. **अधिक्रियते संस्थाप्यते लोहादिकं कुट्टनार्थं यस्यां सा अधिकरणी ।** જેના પર રાખીને લોખંડ ટીપાય છે તેને અધિકરણી કે એરણ કહે છે. અધિકરણી આધેય છે. લોંખડ એરણના આધારે રહેતું હોવાથી અહીં એરણને અધિકરણી કહેલ છે. આ પછીના સૂત્રોમાં હિંસાત્મક સાધનો જેની પાસે હોય તેને અધિકરણી કહ્યા છે.

**આઘાતથી વાયુની ઉત્પત્તિ :–** એરણ પર હથોડા મારે ત્યારે હથોડાના અભિઘાતથી વાયુકાય ઉત્પન્ન થાય છે, ત્યારે તે અચિત્ત હોય છે, પરંતુ તેનાથી સચિત્ત વાયુની હિંસા થાય છે અને પાછળથી તે અચિત્ત વાયુ પણ સચિત્ત થઈ જાય છે.

**આઘાતથી વાયુનો નાશ :–** પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવર જીવો સાથે જ્યારે વિજાતીય જીવોનો તથા વિજાતીય

સ્પર્શવાળા પદાર્થોનો સ્પર્શ થાય છે, ત્યારે તે જીવો મરી જાય છે. અન્ય પદાર્થોનો સ્પર્શ થયા વિના તે જીવો મરતા નથી. આ કથન સોપક્રમ આયુષ્યની અપેક્ષાએ છે.

**ससरीरी णिक्खमइ :–** કોઈ પણ જીવ ભવાન્તરમાં જાય ત્યારે ઔદારિક આદિ સ્થૂલ શરીરને છોડીને જાય તે અપેક્ષાએ અશરીરી જાય છે પરંતુ તૈજસ અને કાર્મણ શરીરની અપેક્ષાએ શરીર સહિત જાય છે.

**અગ્નિકાયની સ્થિતિ :-**

**૫ इंगालकारियाए णं भंते ! अगणिकाए केवइयं कालं संचिट्ठइ ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि राइंदियाइं । अण्णे वि तत्थ वाउयाए वक्कमइ, ण विणा वाउयाएणं अगणिकाए उज्जलइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અંગારકારિકામાં એટલે સગડીમાં અગ્નિ કેટલો સમય સચિત્ત રહે છે?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ રાત-દિવસ સુધી સચિત્ત રહે છે. ત્યાં અન્ય વાયુકાયિક જીવો પણ ઉત્પન્ન થાય છે, કારણ કે વાયુકાય વિના અગ્નિકાય પ્રજ્વલિત થતી નથી.

**વિવેચન :-**

**इंगालकारियाए :– अङ्गारान् करोति इति अङ्गारकारिका ।** અગ્નિ જેમાં સળગાવવામાં આવે છે તેવી સગડી.

**અગ્નિકાયની સ્થિતિ :–** અગ્નિ સગડીમાં હોય કે ચૂલામાં હોય, તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્રિની છે. ત્યાર પછી તે જીવો મરી જાય છે અને તેમાં બીજા અગ્નિકાયના જીવો ઉત્પન્ન થાય છે. આ રીતે પરંપરાથી અગ્નિ દીર્ઘકાલ પર્યંત પ્રજ્વલિત રહેતો જણાય છે.

**અગ્નિ અને વાયુનો સંબંધ :– यत्राग्निस्तत्रवायुः** આ નિયમાનુસાર અગ્નિ હોય ત્યાં વાયુ અવશ્ય હોય છે. વાયુથી જ અગ્નિ પ્રજ્વલિત થાય છે.

**તપ્ત લોખંડને પકડવામાં લાગતી ક્રિયા :-**

**૬ पुरिसे णं भंते ! अयं अयकोट्ठंसि अयोमएणं संडासएणं उव्विहमाणे वा पव्विहमाणे वा कइकिरिए ?**

**गोयमा ! जावं च णं से पुरिसे अयं अयकोट्ठंसि अयोमएणं संडासएणं उव्विहिति वा पव्विहिति वा, तावं च णं से पुरिसे काइयाए *जाव* पाणाइवायकिरियाए पंचहिं किरियाहिं पुट्ठे, जेसिं पि णं जीवाणं सरीरेहिंतो अए णिव्वत्तिए, अयकोट्ठे णिव्वत्तिए, संडासए णिव्वत्तिए, इंगाला णिव्वत्तिया, इंगालकड्ढणी णिव्वत्तिया, भत्था णिव्वत्तिया, ते वि णं जीवा काइयाए *जाव* पंचहिं किरियाहिं पुट्ठा ।**

**શબ્દાર્થ :– अयं** = લોખંડને **अयकोट्ठंसि** = લોખંડ તપાવવાની ભઠ્ઠીમાં **उव्विहमाणे-पव्विहमाणे** = ઊંચું-નીચું કરતાં **णिव्वत्तिए** = નિષ્પન્ન બનેલી **इंगालकड्ढणी** = અંગારા કાઢવાનો લોખંડનો ચીમટો (ચીપિયો)

**भत्था** = ધમણ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોખંડ તપાવવાની ભઠ્ઠીમાં તપેલા લોખંડને, લોખંડની સાણસીથી પકડીને ઊંચું-નીચું કરનાર પુરુષને કેટલી ક્રિયા લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્યાં સુધી તે પુરુષ લોખંડ તપાવવાની ભઠ્ઠીમાં લોખંડની સાણસીથી લોખંડને ઊંચું-નીચું કરે છે, ત્યાં સુધી તેને કાયિકી આદિ પ્રાણાતિપાતિકી પર્યંતની પાંચ ક્રિયા લાગે છે. જે જીવોના શરીરથી લોખંડ, લોખંડની ભઠ્ઠી, સાણસી, અંગારા, અંગારા કાઢવાનો લોખંડનો ચીમટો(ચીપિયો) અને ધમણ બની છે, તે સર્વ જીવોને પણ કાયિકી આદિ પાંચ ક્રિયા લાગે છે.

**૭ पुरिसे णं भंते ! अयं अयकोट्ठाओ अयोमएणं संडासएणं गहाय अहिकरणिंसि उक्खिव्वमाणे वा णिक्खिव्वमाणे वा कइकिरिए ?**

**गोयमा ! जावं च णं से पुरिसे अयं अयकोट्ठाओ** *जाव* **णिक्खिवइ वा तावं च णं से पुरिसे काइयाए जाव पाणाइवायकिरियाए पंचहिं किरियाहिं पुट्ठे । जेसिं पि णं जीवाणं सरीरेहिंतो अयो णिव्वत्तिए, अयकोट्ठे णिव्वत्तिए, संडासए णिव्वत्तिए, चम्मेट्ठे णिव्वत्तिए मुट्ठिए णिव्वत्तिए, अहिगरणी णिव्वत्तिया, अहिगरणि-खोडी णिव्वत्तिया, उदगदोणी णिव्वत्तिया, अहिगरणसाला णिव्वत्तिया, ते वि णं जीवा काइयाए** *जाव* **पंचहिं किरियाहिं पुट्ठा ।**

**શબ્દાર્થ :– चम्मेट्ठे** = ઘણ **मुट्ठिए** = હથોડા **अहिगरणि-खोडी** = એરણનું લાકડું **उदगदोणी** = પાણીની કુંડી **अहिगरणसाला** = લુહારશાળા.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોખંડની ભઠ્ઠીમાંથી લોખંડની સાણસીથી પકડીને લોખંડને એરણ પર રાખતા અને કાઢતા પુરુષને કેટલી ક્રિયા લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્યાં સુધી લોખંડની ભઠ્ઠીમાંથી લોખંડને લઈને એરણ પર રાખે છે અને તેને ઊંચું નીચું કરે છે ત્યાં સુધી તે પુરુષને કાયિકી આદિ પ્રાણાતિપાતિકી પર્યંતની પાંચ ક્રિયા લાગે છે, જે જીવોના શરીરથી લોખંડ, ભઠ્ઠી, સાણસી, ઘણ, હથોડો, એરણ, એરણ રાખવાનું લાકડું, ગરમ લોખંડને ઠંડુ કરવાની કુંડી તથા લુહારનું કારખાનું બન્યું હોય, તે જીવોને પણ કાયિકી આદિ પાંચ ક્રિયા લાગે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં લુહારને અને તેના સાધનોના પૂર્વવર્તી જીવોને લાગતી ક્રિયાનું સ્પષ્ટીકરણ છે.

ભઠ્ઠીમાં લોખંડની સાણસીથી પકડીને લોખંડને ઊંચું-નીંચું કરનારને, ભઠ્ઠીમાંથી લોંખડ કાઢીને એરણ પર રાખનાર કે ઉપાડનાર વ્યક્તિને તથા લોખંડ કે ઉપકરણો સંબંધી જીવોને કાયિકી આદિ પાંચે ક્રિયા લાગે છે. કારણ કે છદ્મસ્થ જીવોની કાયા જ અધિકરણ છે. તેમજ તે વીતરાગી ન હોવાથી તેને કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી તે ત્રણ ક્રિયા અવશ્ય લાગે છે. જો તેની પ્રવૃત્તિથી અન્ય જીવોને પરિતાપ થાય, તો પરિતાપનિકી ક્રિયા અને અન્ય જીવોનો ઘાત થાય તો પ્રાણાતિપાતિકી ક્રિયા લાગે છે. ભઠ્ઠીમાં લોખંડને ઊંચું-નીચું કરનાર વ્યક્તિ અગ્નિકાયાદિ જીવોનો આરંભ કરતો હોવાથી તેને પાંચે ક્રિયા લાગે છે અને જે સાધનો તથા સ્થળ તે પ્રવૃત્તિમાં સંલગ્ન છે, તેનાથી સંબંધિત જીવોને પણ પાંચ ક્રિયા લાગે છે. કારણ કે તે

સાધનોનો જીવહિંસાની પ્રવૃત્તિમાં સીધો સંબંધ છે. આ જ રીતે પ્રત્યેક પ્રવૃત્તિમાં સમજવું.

**काइयाए** *जाव* **पंचहिं किरियाहिं :–** (૧) સૂક્ષ્મ રીતે શરીરના સંચાલનથી થતી ક્રિયાને **કાયિકી ક્રિયા** કહે છે (૨) ઉપકરણ કે શરીરની કંઈક વિશેષ પ્રવૃત્તિથી લાગતી ક્રિયાને **અધિકરણિકી ક્રિયા** કહે છે (૩) સૂક્ષ્મ કષાયોના ઉદય માત્રથી લાગતી ક્રિયાને **પ્રાદોષિકી ક્રિયા** કહે છે (૪) સ્થૂલ પ્રવૃત્તિથી જીવોને અલ્પાધિક આઘાત-પરિતાપ થાય તેનાથી લાગતી ક્રિયાને **પારિતાપનિકી ક્રિયા** કહે છે. (૫) સૂક્ષ્મ કે સ્થૂલ પ્રવૃત્તિથી કોઈ જીવનો પ્રાણવધ-મરણ થઈ જાય ત્યારે લાગતી ક્રિયાને **પ્રાણાતિપાતિકી ક્રિયા** કહે છે.

છદ્મસ્થ જીવોને કષાયના સદ્‌ભાવથી લોકગત કર્મ આદિના પુદ્‌ગલો લેતાં-છોડતાં ત્રણ ક્રિયાતો કાયમ લાગે છે. ચોથી અને પાંચમી ક્રિયા પ્રસંગ પ્રાપ્ત થવાથી લાગે છે. વીતરાગીને આ પાંચમાંથી એકેય ક્રિયા લાગતી નથી.

**અધિકરણ અને અધિકરણી :–**

**૮ जीवे णं भंते ! किं अहिगरणी, अहिगरणं ? गोयमा ! जीवे अहिगरणी वि अहिगरणं पि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जीवे अहिगरणी वि अहिगरणं पि ? गोयमा ! अविरतिं पडुच्च । तेणट्ठेणं** *जाव* **अहिगरणं पि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ અધિકરણી છે કે અધિકરણ ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જીવ અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અવિરતિની અપેક્ષાએ જીવ અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે.

**૯ णेरइए णं भंते ! किं अहिगरणी अहिगरणं ?**

**गोयमा ! अहिगरणी वि अहिगरणं पि । एवं जहेव जीवे तहेव णेरइए वि । एवं णिरंतरं** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિક જીવ અધિકરણી છે કે અધિકરણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક જીવ અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે. જે રીતે જીવના વિષયમાં કહ્યું, તે જ રીતે નૈરયિકના વિષયમાં પણ જાણવું જોઈએ, આ જ રીતે નિરંતર વૈમાનિક સુધી જાણવું જોઈએ.

**૧૦ जीवे णं भंते ! किं साहिगरणी, णिरहिगरणी ? गोयमा ! साहिगरणी, णो णिरहिगरणी।**

**से केणट्ठेणं भंते ! पुच्छा ? गोयमा ! अविरतिं पडुच्च से तेणट्ठेणं** *जाव* **णो णिरहिगरणी । एवं** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ સાધિકરણી છે કે નિરધિકરણી ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ

સાધિકરણી છે. નિરધિકરણી નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અવિરતિની અપેક્ષાએ જીવ સાધિકરણી છે, નિરધિકરણી નથી, આ રીતે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.

**૧૧ जीवे णं भंते ! किं आयाहिगरणी, पराहिगरणी, तदुभयाहिगरणी ? गोयमा ! आयाहिगरणी वि, पराहिगरणी वि, तदुभयाहिगरणी वि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ** *जाव* **तदुभयाहिगरणी वि ? गोयमा ! अविरतिं पडुच्च, से तेणट्ठेणं** *जाव* **तदुभयाहिगरणी वि । एवं** *जाव* **वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ આત્માધિકરણી છે, પરાધિકરણી છે અને તદુભયાધિકરણી છે?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ આત્માધિકરણી પણ છે, પરાધિકરણી પણ છે અને તદુભયાધિકરણી પણ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ***યાવત્*** જીવ તદુભયાધિકરણી પણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અવિરતિની અપેક્ષાએ ***યાવત્*** તદુભયાધિકરણી છે. આ રીતે વૈમાનિક દેવો સુધી જાણવું જોઈએ.

**૧૨ जीवा णं भंते ! अधिकरणे किं आयप्पयोगणिव्वत्तिए परप्पयोगणिव्वत्तिए, तदुभयप्पयोगणिव्वत्तिए ?**

**गोयमा ! आयप्पयोगणिव्वत्तिए वि, परप्पयोगणिव्वत्तिए वि तदुभयप्पयोगणिव्वत्तिए वि।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? गोयमा ! अविरतिं पडुच्च । से तेणट्ठेणं** *जाव* **तदुभयप्पयोगणिव्वत्तिए वि । एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવોનું અધિકરણ આત્મપ્રયોગથી થાય છે, પરપ્રયોગથી થાય છે કે તદુભય પ્રયોગથી થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવોનું અધિકરણ આત્મ-પ્રયોગથી પણ થાય છે, પરપ્રયોગથી પણ થાય છે અને તદુભયથી પણ થાય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અવિરતિની અપેક્ષાએ ***યાવત્*** તદુભયથી પણ થાય છે. આ રીતે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.

**વિવેચન :–**

**અધિકરણ :–** હિંસાદિ પાપકર્મના કારણભૂત અને દુર્ગતિના નિમિત્તભૂત સાધનને 'અધિકરણ' કહે છે. અધિકરણના બે ભેદ છે. આંતરિક અને બાહ્ય. શરીર, ઈન્દ્રિય, અવિરતિ આદિ ભાવ આંતરિક અધિકરણ છે, હળ, કોદાળી આદિ શસ્ત્ર અને ધન-ધાન્ય આદિ પરિગ્રહ રૂપ વસ્તુઓ બાહ્ય અધિકરણ છે.

**અધિકરણી :–** આ બંને પ્રકારના અધિકરણ જેની પાસે હોય તેને અધિકરણી કહેવાય છે. આ રીતે અધિકરણી આધાર છે અને અધિકરણ તેનો આધેય છે. બંનેમાં આધાર-આધેય ભાવ છે.

૨૪ દંડકના જીવો અધિકરણ પણ છે અને અધિકરણી પણ છે. પ્રભુએ આ પ્રશ્નોના ઉત્તર સ્યાદ્વાદ દષ્ટિકોણથી આપ્યા છે.

પ્રત્યેક સંસારી જીવને શરીર, ઇન્દ્રિય આદિ આભ્યંતર અધિકરણ તો હોય જ છે. શસ્ત્રાદિ બાહ્ય અધિકરણ કયારેક હોય છે અને કયારેક હોતા નથી. આ બંને પ્રકારના અધિકરણ અવિરતિ જીવને પાપકર્મબંધનું નિમિત્ત બને છે. તેથી ૨૪ દંડકના અવિરત જીવો અધિકરણી છે પરંતુ જે જીવો વિરત છે તેની પાસે શરીરાદિ આભ્યંતર અધિકરણ હોવા છતાં, તે જીવોને તેના પર મમત્વભાવ નથી. તેથી તેના શરીરાદિ પાપકર્મબંધનું નિમિત્ત બનતા નથી. તેથી વિરત જીવો અધિકરણી નથી.

શરીરાદિ આભ્યંતર અધિકરણ જીવથી કથંચિત્ અભિન્ન છે. તેથી પ્રત્યેક જીવ કોઈક અપેક્ષાએ અધિકરણ પણ છે.

**સાધિકરણી અને નિરધિકરણી :–** અવિરત જીવો શરીરાદિની મૂર્ચ્છા સહિત હોવાથી તે સાધિકરણી છે. અને વિરત જીવો શરીરાદિ અધિકરણની મૂર્ચ્છા રહિત હોવાથી નિરધિકરણી કહેવાય છે.

**આત્માધિકરણી આદિ :–** જે જીવો શરીરાદિ અધિકરણ દ્વારા પાપારંભની પ્રવૃત્તિ કરે છે તે આત્માધિકરણી છે; અન્ય પાસે પાપારંભની પ્રવૃત્તિ કરાવે તે પરાધિકરણી છે; સ્વયં કરે અને અન્ય પાસે પણ પાપ કરાવે તે તદુભયાધિકરણી કહેવાય છે. ૨૪ દંડકના જીવો અવિરતિની અપેક્ષાએ ત્રણે પ્રકારના અધિકરણી હોય છે.

**આત્મપ્રયોગ નિર્વર્તિત અધિકરણાદિ :–** અહીં સૂત્રકારે અધિકરણના કારણોનો નિર્દેશ કર્યો છે. પોતાના મન, વચન, કાયાના વ્યાપારથી જે અધિકરણ નિર્વર્તિત થાય એટલે પાપ પ્રવૃત્તિ થાય તેને આત્મપ્રયોગ નિર્વર્તિત અધિકરણ કહે છે. જેમ કે સ્વયં હિંસાની પ્રવૃત્તિ કરવી. તે જ રીતે બીજાને પાપ પ્રવૃત્તિમાં જોડનાર વચનાદિના પ્રયોગ પરપ્રયોગ નિર્વર્તિત અધિકરણ છે તેમજ સ્વયં હિંસા કરવી અને બીજાને આદેશ આપી હિંસા કરાવવી તે ઉભયના વ્યાપારને તદુભય પ્રયોગ નિર્વર્તિત અધિકરણ કહે છે.

૨૪ દંડકના જીવો અવિરતિભાવની અપેક્ષાએ ત્રણે પ્રકારના અધિકરણ યુક્ત બને છે. એકેન્દ્રિયાદિ જીવોમાં મન, વચનાદિ યોગ નથી. તેમ છતાં તેનો અવિરતિ ભાવ જ અધિકરણરૂપ છે.

**શરીર-ઇન્દ્રિય-યોગ અને અધિકરણ :–**

**૧૩ कइ णं भंते ! सरीरगा पण्णत्ता ? गोयमा ! पंच सरीरगा पण्णत्ता, तं जहा– ओरालिए *जाव* कम्मए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શરીરના પાંચ પ્રકાર છે. યથા– ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ શરીર.

**૧૪ कइ णं भंते ! इंदिया पण्णत्ता ? गोयमा ! पंच इंदिया पण्णत्ता, तं जहा– सोइंदिए *जाव* फासिंदिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઇન્દ્રિયોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પાંચ પ્રકાર છે. યથા– શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય.

**૧૫ कइविहे णं भंते ! जोए पण्णत्ते ? गोयमा ! तिविहे जोए पण्णत्ते, तं जहा– मणजोए वइजोए कायजोए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! યોગના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! યોગના ત્રણ પ્રકાર છે યથા– મનયોગ, વચનયોગ અને કાયયોગ.

**૧૬ जीवे णं भंते ! ओरालियसरीरं णिव्वत्तेमाणे किं अधिकरणी, अधिकरणं ? गोयमा ! अधिकरणी वि अधिकरणं पि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– अधिकरणी वि अधिकरणं पि ? गोयमा ! अविरतिं पडुच्च, से तेणट्ठेणं** *जाव* **अधिकरणं पि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઔદારિક શરીરને બનાવતો જીવ, શું અધિકરણી છે કે અધિકરણ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તે અધિકરણી અને અધિકરણ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અવિરતિની અપેક્ષાએ તેમ હોય છે. તેથી હે ગૌતમ ! આ પ્રમાણે કહ્યું છે કે તે અધિકરણ પણ છે અને અધિકરણી પણ છે.

**૧૭ पुढविकाइए णं भंते ! ओरालियसरीरं णिव्वत्तेमाणे किं अधिकरणी, अधिकरणं?**

**गोयमा ! एवं चेव । एवं** *जाव* **मणुस्से । एवं जहा ओरलिए तहा वेउव्वियसरीरं पि, णवरं जस्स अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઔદારિક શરીરને બનાવતો પૃથ્વીકાયિક જીવ શું અધિકરણી છે કે અધિકરણ ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાય પણ તે જ રીતે અધિકરણી અને અધિકરણ બંને છે. આ રીતે મનુષ્ય સુધી જાણવું જોઈએ અને આ રીતે વૈક્રિય શરીરના વિષયમાં પણ જાણવું જોઈએ. જે જીવોને જે શરીર હોય તેને તે શરીર કહેવા જોઈએ.

**૧૮ जीवे णं भंते ! आहारगसरीरं णिव्वत्तेमाणे किं अधिकरणी पुच्छा ? गोयमा ! अधिकरणी वि अधिकरणं पि ।**

**से केणट्ठेणं भंते !** *जाव* **अधिकरणं पि ?**

**गोयमा ! पमायं पडुच्च । से तेणट्ठेणं** *जाव* **अधिकरणं पि । एवं मणुस्से वि । तेयासरीरं जहा ओरालियं, णवरं सव्वजीवाणं भाणियव्वं । एवं कम्मगसरीरं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આહારક શરીરને બનાવતો જીવ શું અધિકરણી છે કે અધિકરણ ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે અધિકરણ પણ છે અને અધિકરણી પણ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તે અધિકરણી અને અધિકરણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રમાદની અપેક્ષાએ તે અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે. આ રીતે મનુષ્યના વિષયમાં જાણવું જોઈએ. તૈજસ શરીરનું કથન ઔદારિક શરીરની સમાન જાણવું જોઈએ. પરંતુ તૈજસ શરીર સર્વ જીવોને હોય છે. કાર્મણ શરીરના વિષયમાં પણ આ જ રીતે જાણવું જોઈએ.

**૧૯ जीवे णं भंते ! सोइंदियं णिव्वत्तेमाणे किं अधिकरणी, अधिकरणं ?**

**गोयमा ! जहेव ओरालियसरीरं तहेव सोइंदियं पि भाणियव्वं, णवरं जस्स अत्थि सोइंदियं । एवं चक्खिदिय-घाणिंदिय-जिब्भिंदिय-फासिंदियाण वि, णवरं जाणियव्वं जस्स जं अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રોતેન્દ્રિયની રચના કરતો જીવ, શું અધિકરણી છે કે અધિકરણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઔદારિક શરીરની સમાન જાણવું જોઈએ. પરંતુ જે જીવોને શ્રોતેન્દ્રિય હોય, તેની અપેક્ષાએ આ કથન છે. આ જ રીતે ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયના વિષયમાં પણ જાણવું જોઈએ. જે જીવોને જેટલી ઈન્દ્રિય હોય, તેના વિષયમાં તે રીતે જાણવું જોઈએ.

**૨૦ जीवे णं भंते ! मणजोगं णिव्वत्तेमाणे किं अधिकरणी, अधिकरणं ?**

**गोयमा ! जहेव सोइंदियं तहेव णिरवसेसं । वइजोगो एवं चेव, णवरं एगिंदियवज्जाणं। एवं कायजोगो वि, णवरं सव्वजीवाणं** *जाव* **वेमाणिए । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનોયોગની રચના કરતો જીવ, અધિકરણી છે કે અધિકરણ ?

**ઉત્તર–** હે ગૌતમ ! શ્રોતેન્દ્રિયની સમાન જાણવું. વચનયોગના વિષયમાં પણ તે જ રીતે જાણવું. પરંતુ વચનયોગમાં એકેન્દ્રિયોનું કથન કરવું ન જોઈએ, કાયયોગના વિષયમાં પણ આ જ રીતે જાણવું જોઈએ. કાયયોગ સર્વ જીવોને હોય છે. તેથી વૈમાનિકો સુધી જાણવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ શરીર, પાંચ ઈન્દ્રિય અને ત્રણ યોગ તે તેર બોલમાં અધિકરણ અને અધિકરણી વિષયક પ્રશ્નોત્તર છે.

**પાંચ શરીરની અપેક્ષાએ :–** પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય, આ દશ દંડકમાં ઔદારિક શરીર છે. નૈરયિક અને દેવને ભવ પ્રત્યયિક વૈક્રિય શરીર હોય છે અને વાયુકાય, તિર્યંચ પંચેન્દ્રિય અને સંજ્ઞી મનુષ્યમાં જેને વૈક્રિય લબ્ધિ પ્રાપ્ત થઈ હોય તેને લબ્ધિ પ્રત્યયિક વૈક્રિય શરીર હોય છે. આહારક શરીર ઋદ્ધિ પ્રાપ્ત સંયત મનુષ્યોને જ હોય છે. તૈજસ અને કાર્મણ શરીર સર્વ સંસારી જીવોને હોય છે.

તેમાં ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ શરીર બનાવતા જીવો અવિરતિની અપેક્ષાએ અધિકરણી અને અધિકરણ છે અને આહારક શરીર બનાવતા જીવો(મનુષ્યો) પ્રમાદની અપેક્ષાએ અધિકરણી અને અધિકરણ છે. કારણ કે અવિરતિ ભાવ આહારક શરીરમાં હોતો નથી. તેમાં માત્ર છટ્ઠું ગુણસ્થાન હોય છે.

પાંચ સ્થાવરને એક ઈન્દ્રિય અને કાયયોગ, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને ક્રમશઃ બે, ત્રણ, ચાર અને પાંચ ઈન્દ્રિય અને વચન તથા કાયયોગ, સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને પાંચ ઈન્દ્રિય અને ત્રણ યોગ હોય છે. તે જીવો પણ અવિરતિની અપેક્ષાએ અધિકરણ અને અધિકરણી છે.

**॥ શતક ૧૬/૧ સંપૂર્ણ ॥**

# શતક–૧૬ : ઉદ્દેશક–૨

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં જીવોમાં જરા અને શોકનું અસ્તિત્વ, પાંચ પ્રકારના અવગ્રહ, સાવદ્ય-નિરવદ્યભાષા અને કર્મ ચૈતન્યકૃત છે, વગેરે વિષયોનું પ્રતિપાદન છે.

★ જરા એટલે વૃદ્ધાવસ્થા આદિ શારીરિક પીડા; શોક એટલે ખિન્નતા, દૈન્યતા આદિ માનસિક દુઃખ. આ રીતે અહીં જરાથી શારીરિક અને શોકથી માનસિક દુઃખ, તે અર્થને સ્વીકાર્યો છે. ૨૪ દંડકમાં મન સહિતના જીવોને જરા અને શોક બંને હોય છે જ્યારે પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય વગેરે મનરહિતના જીવોને કેવળ જરા જ હોય છે.

★ અદત્તાદાન મહાવ્રતની સુરક્ષા માટે જૈન મુનિઓ જ્યાં વિચરણ કરે અને જે કલ્પનીય પદાર્થોનો ઉપયોગ કરે તે સ્થાન અને પદાર્થની આજ્ઞા તેઓને તેના માલિક પાસેથી લેવાની હોય છે, તેને અવગ્રહ કહે છે.

★ અવગ્રહના પાંચ પ્રકાર છે– (૧) દેવેન્દ્ર અવગ્રહ (૨) રાજા અવગ્રહ (૩) ગાથાપતિ અવગ્રહ (૪) શય્યાતર અવગ્રહ (૫) સાધર્મિક અવગ્રહ. શ્રમણોને આ પાંચે ય અવગ્રહનું યથાસ્થાને પાલન કરવું આવશ્યક હોય છે.

આ પાંચ પ્રકારના અવગ્રહનું કથન સાંભળીને શક્રેન્દ્રે ભગવાનના સર્વ શ્રમણોને પોતાના આધિપત્યમાં રહેલા દક્ષિણાર્ધ લોક-ભરતક્ષેત્રમાં વિચરણ કરવાની અને કલ્પનીય પદાર્થો ગ્રહણ કરવાની આજ્ઞા આપી છે.

★ શક્રેન્દ્ર સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર તે ચારે પ્રકારની ભાષા બોલે છે. તે સાવદ્ય અને નિરવદ્ય બંને ભાષા બોલે છે. ઉઘાડે મુખે બોલનાર વ્યક્તિ વાયુકાયિક જીવોની વિરાધના કરતા હોવાથી તે સાવદ્ય ભાષા છે. મુખને હાથથી કે વસ્ત્રાદિથી ઢાંકીને બોલનારની ભાષા નિરવદ્યભાષા છે. આ સિદ્ધાંત દેવ મનુષ્ય કે ઈન્દ્ર સર્વને માટે સમાન છે. શક્રેન્દ્ર સમ્યગ્દષ્ટિ, ભવી અને ચરમ છે.

★ પ્રત્યેક જીવોના કર્મો ચૈતન્યકૃત છે, કારણ કે કર્મજન્ય સુખ-દુઃખનો અનુભવ જીવને થાય છે.

❖❖❖❖❖

# શતક–૧૬ : ઉદ્દેશક–૨

## જરા

**જરા અને શોક :–**

**१ रायगिहे *जाव* एवं वयासी– जीवाणं भंते ! किं जरा, सोगे ? गोयमा ! जीवाणं जरा वि सोगे वि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ *जाव* सोगे वि ?**

**गोयमा ! जे णं जीवा सारीरं वेयणं वेदेंति, तेसि णं जीवाणं जरा, जे णं जीवा माणसं वेयणं वेदेंति, तेसि णं जीवाणं सोगे । से तेणट्ठेणं *जाव* सोगे वि । एवं णेरइयाण वि । एवं *जाव* थणियकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ***યાવત્*** ગૌતમસ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! શું જીવોને જરા અને શોક હોય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! જીવોને જરા પણ હોય છે અને શોક પણ હોય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે જીવો, શારીરિક વેદના વેદે છે, તે જીવોને જરા અવસ્થા હોય છે અને જે જીવો માનસિક વેદના વેદે છે, તે જીવોને શોક હોય છે, તેથી એ પ્રમાણે કહ્યું છે કે જીવોને જરા પણ હોય છે અને શોક પણ હોય છે. આ રીતે નૈરયિકોથી સ્તનિતકુમારો સુધી કહેવું જોઈએ.

**२ पुढविकाइयाणं भंते ! किं जरा, सोगे ? गोयमा ! पुढविकाइयाणं जरा, णो सोगे।**

**से केणट्ठेणं भंते ! *जाव* णो सोगे ?**

**गोयमा ! पुढविकाइयाणं सारीरं वेयणं वेदेंति, णो माणसं वेयणं वेदेंति । से तेणट्ठेणं *जाव* णो सोगे । एवं *जाव* चउरिंदियाणं । सेसाणं जहा जीवाणं *जाव* वेमाणियाणं। ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું પૃથ્વીકાયિક જીવોને જરા અને શોક હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવોને જરા હોય છે. શોક હોતો નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તેને શોક નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો શારીરિક વેદના વેદે છે, માનસિક વેદના વેદતા નથી. તેથી તેને જરા હોય છે, શોક નથી. આ રીતે ચૌરેન્દ્રિય જીવો સુધી જાણવું જોઈએ. શેષ જીવોનું કથન સામાન્ય જીવોની સમાન જાણવું જોઈએ. આ રીતે વૈમાનિકો સુધી જાણવું જોઈએ. હે ભગવન્ ! આપ કહો છો તેમજ

છે, આપ કહો છો તેમજ છે.

**વિવેચન :–**

**જરા અને શોક :–** જરાનો શાબ્દિકઅર્થ વૃદ્ધાવસ્થા છે, તેમ છતાં ઉપલક્ષણથી સમસ્ત શારીરિક વેદનાનું ગ્રહણ જરા શબ્દથી થાય છે. શોક = ચિંતા, ખિન્નતા, દીનતા, ખેદ આદિ સમસ્ત માનસિક દુઃખનું ગ્રહણ શોક શબ્દથી થાય છે. ચોવીસ દંડકવર્તી જીવોમાં જેને કેવળ કાયયોગ અથવા કાયયોગ અને વચનયોગ છે તેવા પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય જીવોને તેમજ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્છિમ મનુષ્યોને શારીરિક દુઃખોની અપેક્ષાએ કેવળ જરા હોય છે અને જેને મનોયોગ છે તેવા નારકી, દેવો, સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને સંજ્ઞી મનુષ્યોને શારીરિક અને માનસિક બંને પ્રકારનાં દુઃખો હોવાથી તે જીવોને જરા અને શોક બંને હોય છે. તેમાં દેવોને વૃદ્ધાવસ્થારૂપ જરા નથી પરંતુ શારીરિક દુઃખની અપેક્ષાએ તેઓ માટે જરાનું કથન છે.

**અવગ્રહના પાંચ પ્રકાર :–**

**૩ तेणं कालेणं तेणं समएणं सक्के देविंदे देवराया वज्जपाणी पुरंदरे** *जाव* **भुंजमाणे विहरइ । इमं च णं केवलकप्पं जंबुद्दीवं दीवं विउलेणं ओहिणा आभोएमाणे आभोएमाणे पासइ समणं भगवं महावीरं जंबुद्दीवे दीवे । एवं जहा ईसाणे तइयसए तहेव सक्के वि। णवरं आभिओगे ण सद्दावेइ, हरी पायत्ताणियाहिवई सुघोसा घंटा, पालओ विमाणकारी, पालगं विमाणं, उत्तरिल्ले णिज्जाणमग्गे, दाहिणपुरत्थिमिल्ले रइकरपव्वए । सेसं तं चेव** *जाव* **णामगं सावेत्ता पज्जुवासइ । धम्मकहा** *जाव* **परिसा पडिगया । तएणं से सक्के देविंदे देवराया समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी—**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે દેવેન્દ્ર દેવરાજ વજ્રપાણિ, પુરન્દર ***યાવત્*** ભોગ ભોગવતા વિચરતા હતા. તેઓ આ સંપૂર્ણ જંબૂદ્વીપને પોતાના વિશાળ અવધિજ્ઞાનથી જોઈ રહ્યા હતા. તેઓએ જંબૂદ્વીપમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને પણ જોયા, ભગવાનના દર્શન કરવાની ભાવના જાગૃત થતાં, તેઓ દર્શન કરવા આવ્યા. આવવાની વિધિ શતક-૩/૧ માં કથિત ઈશાનેન્દ્રની વક્તવ્યતાની સમાન જાણવી. તેમાં વિશેષતા એ છે કે ઈશાનેન્દ્રે આભિયોગિક દેવોને બોલાવ્યા હતા, જ્યારે શક્રેન્દ્રે આભિયોગિક દેવોને ન બોલાવતા પોતાના સેનાપતિ હરિણગમેષી દેવોને બોલાવ્યા અને તેણે સુઘોષા ઘંટ વગાડયો, પાલકદેવે પાલક નામનું વિમાન બનાવ્યું, તેઓ ઉત્તર દિશાના માર્ગથી નીચે ઉતર્યા. તેમનો રતિકર પર્વત વાયવ્યકોણમાં છે. શેષ સર્વ વર્ણન ઈશાનેન્દ્રની સમાન જાણવું ***યાવત્*** શક્રેન્દ્રએ પ્રભુ પાસે આવીને કહ્યું– હે પ્રભો ! હું શક્ર આપને નમસ્કાર કરી પર્યુપાસના કરું છું. એમ પોતાનો પરિચય આપીને પર્યુપાસના કરવા લાગ્યા. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ધર્મકથા કહી. ધર્મોપદેશ સાંભળીને પરિષદ પાછી ફરી. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસેથી ધર્મકથા સાંભળીને દેવેન્દ્ર દેવરાજ શક્ર હર્ષિત અને સંતુષ્ટ થયા. તેણે ભગવાનને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું–

**૪ कइविहे णं भंते ! उग्गहे पण्णत्ते ?**

**सक्का ! पंचविहे उग्गहे पण्णत्ते, तं जहा– देविंदोग्गहे, रायोग्गहे, गाहावइउग्गहे, सागारियउग्गहे, साहम्मियउग्गहे । जे इमे भंते ! अज्जत्ताए समणा णिग्गंथा विहरंति,**

**एएसि णं अहं उग्गहं अणुजाणामीति कट्टु समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता तमेव दिव्वं जाणविमाणं दुरूहइ, दुरूहित्ता जामेव दिसं पाउब्भूए तामेव दिसं पडिगए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અવગ્રહના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે શક્ર ! અવગ્રહના પાંચ પ્રકાર છે. યથા– દેવેન્દ્રાવગ્રહ, રાજાવગ્રહ, ગાથાપતિ(શ્રેષ્ઠી) અવગ્રહ, સાગારિક-અવગ્રહ અને સાધર્મિક-અવગ્રહ. ત્યાર પછી શક્રેન્દ્રે, આ પ્રમાણે નિવેદન કર્યું કે, હે ભગવન્ ! જે આ શ્રમણ નિર્ગ્રંથો વિચરે છે, તેમને હું અવગ્રહ– સંપૂર્ણ ભરતક્ષેત્ર અને તેમાં રહેલા પદાર્થોની અનુજ્ઞા આપું છું. આ પ્રમાણે કહીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને તે જ દિવ્ય યાન-વિમાનમાં આરુઢ થઈને જે દિશામાંથી આવ્યા હતા, તે દિશામાં પાછા ગયા અર્થાત્ સ્વસ્થાને ગયા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શક્રેન્દ્રનું પ્રભુના દર્શન માટે આગમન, વંદન, ધર્મશ્રવણ, અવગ્રહ વિષયક પ્રશ્ન અને અવગ્રહ અનુજ્ઞા-પ્રદાન વગેરે વિષયોનું નિરૂપણ છે.

**અવગ્રહ :–** જે સ્થાનના કે જે વસ્તુના જે સ્વામી હોય, તેમની આજ્ઞાપૂર્વક તે વસ્તુ અને તે સ્થાનને ગ્રહણ કરવું તેને અવગ્રહ કહે છે. તેના પાંચ પ્રકાર છે– **(૧) દેવેન્દ્રાવગ્રહ–** શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રનું ક્રમશઃ દક્ષિણ લોકાર્દ્ધ અને ઉત્તર લોકાર્દ્ધ પર સ્વામિત્વ છે. તે ક્ષેત્રોમાં રહેલી સ્વામી વગરની વસ્તુ માટે તેની આજ્ઞા લેવી તે દેવેન્દ્રાવગ્રહ છે. **(૨) રાજાવગ્રહ–** ભરતાદિ ક્ષેત્રોના છ ખંડ પર ચક્રવર્તીનું સ્વામિત્વ હોય કે કોઈ ક્ષેત્ર પર રાજાઓનું સ્વામિત્વ હોય ત્યાં તેની આજ્ઞા લેવી તે રાજાવગ્રહ છે. **(૩) ગાથાપતિ અવગ્રહ–** ગૃહસ્વામીની આજ્ઞાથી કોઈ પણ વસ્તુ ગ્રહણ કરવી તે ગાથાપતિ અવગ્રહ છે. **(૪) સાગારિક અવગ્રહ–** મકાનદાતા શય્યાતરને અહીં સાગારિક કહ્યા છે. તેના સ્વામિત્વની વસ્તુ તેમની આજ્ઞાથી ગ્રહણ કરવી તે સાગારિક અવગ્રહ છે. **(૫) સાધર્મિક અવગ્રહ–** સમાન ધર્મ એટલે સમાન આચારવાળા સાધુઓને સાધર્મિક કહેવાય છે. તેવા સહચારી શ્રમણોની કોઈ પણ વસ્તુ તેમની આજ્ઞાપૂર્વક ગ્રહણ કરવી તે સાધર્મિક અવગ્રહ છે.

પાંચ પ્રકારના અવગ્રહનું સ્વરૂપ સાંભળીને, ધર્મ પ્રત્યે શ્રદ્ધા ધરાવનાર, દક્ષિણાર્દ્ધ લોકના અધિપતિ શક્રેન્દ્રે પોતાના આધિપત્યમાં રહેલા ક્ષેત્રમાં સાધુ-સાધ્વીને વિચરવાની અને તે ક્ષેત્રમાં રહેલી રેતી, પત્થર આદિ વસ્તુઓ લેવાની સંપૂર્ણ શાસન કાલ માટે આજ્ઞા આપી છે.

**દેવેન્દ્રની ભાષા :–**

**૫ भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– जं णं भंते ! सक्के देविंदे देवराया तुब्भे णं एवं वदइ, सच्चे णं एसमट्ठे? हंता गोयमा ! सच्चे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એ પ્રમાણે સંબોધન કરીને ભગવાન ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું, હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રે આપને પૂર્વોક્ત રૂપે અવગ્રહ સંબંધી જે કહ્યું, તે અર્થ સત્ય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! તે અર્થ સત્ય છે.

**૬ सक्के णं भंते ! देविंदे देवराया किं सम्मावाई, मिच्छावाई ? गोयमा ! सम्मावाई, णो मिच्छावाई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર શું સત્યવાદી છે કે મિથ્યાવાદી ? **ઉત્તર–** હે ગૌતમ! તે સત્યવાદી છે, મિથ્યાવાદી નથી.

**૭ सक्के णं भंते ! देविंदे देवराया किं सच्चं भासं भासइ, मोसं भासं भासइ, सच्चामोसं भासं भासइ, असच्चामोसं भासं भासइ ?**

**गोयमा ! सच्चं पि भासं** *जाव* **असच्चामोसं पि भासं भासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર શું સત્ય ભાષા બોલે છે, મૃષા ભાષા બોલે છે, સત્ય મૃષા ભાષા બોલે છે કે અસત્યામૃષા ભાષા બોલે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સત્ય ભાષા પણ બોલે છે, ***યાવત્*** અસત્યામૃષા ભાષા પણ બોલે છે અર્થાત્ ચારે પ્રકારની ભાષા બોલે છે.

**૮ सक्के णं भंते ! देविंदे देवराया किं सावज्जं भासं भासइ, अणवज्जं भासं भासइ? गोयमा ! सावज्जं पि भासं भासइ, अणवज्जं पि भासं भासइ ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– सावज्जं पि** *जाव* **अणवज्जं पि भासं भासइ ?**

**गोयमा ! जाहे णं सक्के देविंदे देवराया सुहुमकायं अणिजूहित्ता णं भासं भासइ ताहे णं सक्के देविंदे देवराया सावज्जं भासं भासइ, जाहे णं सक्के देविंदे देवराया सुहुमकायं णिजूहित्ता णं भासं भासइ ताहे णं सक्के देविंदे देवराया अणवज्जं भासं भासइ । से तेणट्ठेणं** *जाव* **भासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર શું સાવદ્ય-પાપકારી ભાષા બોલે છે કે નિરવદ્ય-પાપ રહિત ભાષા બોલે છે. **ઉત્તર–** હે ગૌતમ ! તે સાવદ્ય ભાષા પણ બોલે છે અને નિરવદ્ય ભાષા પણ બોલે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે શક્રેન્દ્ર સાવદ્યભાષા પણ બોલે છે અને નિરવદ્ય ભાષા પણ બોલે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્યારે દેવેન્દ્ર દેવરાજ શક્ર, સૂક્ષ્મકાય-મુખને(વસ્ત્ર આદિથી) ઢાંક્યા વિના બોલે છે, ત્યારે તે સાવદ્ય ભાષા બોલે છે અને જ્યારે મુખને હાથ અથવા વસ્ત્રથી ઢાંકીને બોલે છે, ત્યારે તે નિરવદ્ય ભાષા બોલે છે, તેથી એ પ્રમાણે કહ્યું છે કે દેવેન્દ્ર દેવરાજ શક્ર સાવદ્ય ભાષા પણ બોલે છે અને નિરવદ્ય ભાષા પણ બોલે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં શક્રેન્દ્રની ભાષાના માધ્યમથી સાવદ્ય અને નિરવદ્ય ભાષાનું સ્વરૂપ સમજાવ્યું છે.

શક્રેન્દ્ર સમ્યગ્દૃષ્ટિ હોવાથી તેણે પ્રભુ સાથે અવગ્રહ સંબંધી જે વાર્તાલાપ કર્યો તે સત્યભાષા હતી, તે સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં કયારેક અનુપયોગપણે કે પ્રમાદને વશ થઈને અસત્યનું પણ આચરણ કરે છે.

પ્રસંગોપાત શક્રેન્દ્ર સત્ય, અસત્ય, મિશ્ર, વ્યવહાર, આ ચારે પ્રકારની ભાષા બોલે છે તેમજ સાવદ્ય અને નિરવદ્ય બંને પ્રકારની ભાષા બોલે છે

**સાવદ્ય-નિરવદ્યભાષા :– हस्ताद्यावृत्तमुखस्य हि भाषमाणस्य जीवसंरक्षणतोऽनवद्या भाषा भवति, अन्यास्तु सावद्या ।** હાથ વસ્ત્રાદિથી મુખને ઢાંકીને બોલનારનો જીવરક્ષાનો પ્રયત્ન હોવાથી તેની ભાષા નિરવદ્ય છે અને તે સિવાયની ભાષા સાવદ્ય છે. અર્થાત્ જે ભાષા પ્રયોગમાં પ્રાણાતિપાતાદિ પાપપ્રવૃત્તિ થતી હોય તે સાવદ્ય અને પાપપ્રવૃત્તિ રહિતની ભાષા નિરવદ્ય કહેવાય છે.

શક્રેન્દ્ર જ્યારે પોતાના મુખને ઉત્તરાસંગ-દુપટ્ટા દ્વારા ઢાંકીને બોલે છે ત્યારે બોલવામાં વાયુ આદિ જીવોની યતનાનો ભાવ હોવાથી તેની ભાષા નિરવદ્ય કહેવાય છે અને મુખને ઢાંક્યા વિના બોલે ત્યારે તેને જીવરક્ષાનો ભાવ ન હોવાથી તેની ભાષા સાવદ્ય ભાષા કહેવાય છે.

**सुहुमकायं :–** સૂક્ષ્મકાય. તેના બે અર્થ થાય છે– (૧) **कायस्य सूक्ष्मोभागः सूक्ष्मकायः शरीरलघुभागः मुखमित्यर्थः ।** શરીરનો નાનો ભાગ–મુખ. તેને **अणिज्जूहित्ता अनाच्छाद्या**– હાથ, વસ્ત્ર વગેરેથી ઢાંક્યા વિના. (૨) **सुहुमकायं ति वस्त्रम् ।** સૂક્ષ્મકાય એટલે વસ્ત્ર. **णिज्जुहित्ता** = તેને મુખ સામે રાખીને, અથવા તેનાથી મુખને ઢાંકીને.

**શક્રેન્દ્રની ભવસિદ્ધિક આદિ યોગ્યતા :–**

**૯ सक्के णं भंते ! देविंदे देवराया किं भवसिद्धीए, अभवसिद्धीए, सम्मदिट्ठीए, पुच्छा ? गोयमा ! एवं जहा मोउद्देसए सणंकुमारो *जाव* णो अचरिमे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર ભવસિદ્ધિક છે કે અભવસિદ્ધિક છે ? સમ્યગ્દષ્ટિ છે કે મિથ્યાદષ્ટિ છે ? ઇત્યાદિ પ્રશ્ન.

**ઉત્તર–** હે ગૌતમ ! શતક-૩/૧ માં સનત્કુમારના વર્ણન પ્રમાણે અહીં પણ જાણવું જોઈએ. શક્રેન્દ્ર ભવ્યસિદ્ધિક છે, સમ્યગ્દષ્ટિ છે, ચરમ છે, તે અચરમ નથી.

**ચૈતન્ય-આત્મા કર્મનો કર્તા :–**

**૧૦ जीवाणं भंते ! किं चेयकडा कम्मा कज्जंति, अचेयकडा कम्मा कज्जंति ? गोयमा ! जीवाणं चेयकडा कम्मा कज्जंति, णो अचेयकडा कम्मा कज्जंति ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ *जाव* कज्जंति ?**

**गोयमा ! जीवाणं आहारोवचिया पोग्गला, बोंदिचिया पोग्गला, कलेवरचिया पोग्गला तहा तहा णं ते पोग्गला परिणमंति, णत्थि अचेयकडा कम्मा समणाउसो ! दुट्ठाणेसु, दुसेज्जासु दुण्णिसीहियासु तहा तहा णं ते पोग्गला परिणमंति, णत्थि अचेयकडा कम्मा समणाउसो ! आयंके से वहाए होइ, संकप्पे से वहाए होइ, मरणंते से वहाए होइ तहा तहा णं ते पोग्गला परिणमंति णत्थि अचेयकडा कम्मा समणाउसो ! से तेणट्ठेणं गोयमा ! *जाव* कम्मा कज्जंति । एवं णेरइयाण वि । एवं *जाव* वेमाणियाणं ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**શબ્દાર્થ :– बोंदि** = શરીર, અવ્યક્ત અવયવ રૂપ તૈજસ-કાર્મણ રૂપ સૂક્ષ્મ શરીર **कलेवर** = શરીર. વ્યક્ત અવયવ રૂપ ઔદારિકાદિ સ્થૂલ શરીર.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવોના કર્મ ચૈતન્યકૃત છે કે અચૈતન્યકૃત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવોના કર્મ ચૈતન્યકૃત હોય છે, અચૈતન્યકૃત હોતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જીવોના કર્મ ચૈતન્યકૃત હોય છે અચૈતન્યકૃત નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવો જે પુદ્‌ગલોને આહાર રૂપે, તૈજસ-કાર્મણ રૂપ સૂક્ષ્મ શરીર રૂપે અને ઔદારિકાદિ સ્થૂલ શરીરરૂપે ઉપચિત-સંચિત કરે છે, તે પુદ્‌ગલો તે તે રૂપે પરિણત થાય છે. હે આયુષ્યમન્ શ્રમણો ! તેથી કર્મ અચૈતન્યકૃત નથી. તે કર્મપુદ્‌ગલ દુઃસ્થાનરૂપે, દુઃશય્યા રૂપે અને દુર્નિષદ્યા રૂપે, તથા-તથા રૂપે પરિણત થાય છે. હે આયુષ્યમન્ શ્રમણો ! તેથી કર્મ અચૈતન્યકૃત નથી, તે કર્મપુદ્‌ગલો રોગરૂપે પરિણત થઈને જીવના વધને માટે થાય છે. તે સંકલ્પ રૂપે પરિણત થઈને જીવના વધને માટે થાય છે. તે પુદ્‌ગલો મરણાન્તરૂપે પરિણત થઈને જીવના વધને માટે થાય છે. હે આયુષ્યમન્ શ્રમણો ! તેથી કર્મ અચૈતન્યકૃત નથી(પરંતુ ચૈતન્યકૃત છે). આ રીતે નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધી કથન કરવું જોઈએ. ॥હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સામાન્ય જીવો અને ચોવીસ દંડકવર્તી જીવોના કર્મ ચૈતન્યકૃત છે, તે વિષયને યુક્તિ અને તર્કથી સ્પષ્ટ કર્યો છે.

વર્તમાને જીવ જે શરીર, સંયોગ સુખ-દુઃખાદિનો અનુભવ કરે છે તે કર્મજન્ય છે અને તે કર્મો જીવે જ કરેલા છે. અજીવમાં, જડ પદાર્થમાં કર્મ કરવાની કે કર્મભોગવવાની કોઈ શક્તિ નથી. સુખ-દુઃખના વેદનની શક્તિ ચૈતન્યતત્ત્વમાં જ છે. તે જ રીતે કર્મો કરવાની શક્તિ પણ જીવમાં જ છે. અજીવમાં તથા પ્રકારની શક્તિ નથી.

જીવ આહાર, શરીરાદિરૂપે ગ્રહણ કરેલા પુદ્‌ગલોને તે તે રૂપે પરિણત કરે છે, તે જ રીતે કર્મરૂપે ગ્રહણ કરેલા પુદ્‌ગલો કર્મરૂપે પરિણત થાય છે. તે પુદ્‌ગલો જીવે ગ્રહણ કરેલા હોવાથી જીવકૃત છે.

જીવના શુભાશુભ કર્મો અનુસાર તેને શુભાશુભ સ્થાનનો, પરિસ્થિતિનો સંયોગ થાય છે. અશુભ કર્મોના ઉદયે દુઃખકારક સ્થાન, શય્યા, નિષદ્યાનો સંયોગ થાય; રોગ, વધ, બંધન, મૃત્યુ આદિ પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે અને શુભ કર્મોના ઉદયે શુભ સંયોગો પ્રાપ્ત થાય છે. શુભાશુભ સંયોગમાં શુભાશુભ કર્મો ઉદયમાં આવીને શુભાશુભ રૂપે પરિણત થાય છે.

આ રીતે જીવના કર્માનુસાર જ તેના સુખ-દુઃખનું વેદન થાય છે. વેદન કરનાર જીવ છે. તેથી તજ્જન્ય કર્મો પણ જીવકૃત જ હોય છે, અજીવકૃત-અચૈતન્યકૃત નથી. અહીં જૈન દર્શનનો સ્વકર્મકર્તૃત્વનો સિદ્ધાંત સ્પષ્ટ થાય છે.

**॥ શતક ૧૬/૨ સંપૂર્ણ ॥**

# શતક–૧૬ : ઉદ્દેશક–૩

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક કર્મબંધ અને ઉદયના પરસ્પરના સંબંધને ચાર વિકલ્પોથી સમજાવ્યો છે અને અંતે અર્શ-મસા છેદનમાં લાગતી ક્રિયાનું નિરૂપણ છે.

★ કર્મબંધ અને ઉદય પ્રત્યેક સંસારીજીવોને હોય છે. પરંતુ જીવોની યોગ્યતા અનુસાર તેમાં વિવિધ વિકલ્પો સંભવે છે. સૂત્રકારે વિષયના સ્પષ્ટીકરણ માટે તેના ચાર વિકલ્પો કર્યા છે– (૧) વેદતા વેદે (૨) વેદતા બાંધે (૩) બાંધતા વેદે (૪) બાંધતા બાંધે.

★ એક કર્મના વેદન સમયે જીવ આઠ કર્મમાંથી કેટલા કર્મોનું વેદન કરી શકે છે ? તેનું કથન **વેદતા વેદે** કહેવાય છે– (૧–૩) જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય કર્મના વેદન સમયે જીવ કયારેક આઠ કર્મોનું વેદન કરે છે અને કયારેક સાત કર્મનું વેદન કરે છે. (૪) મોહનીય કર્મના વેદન સમયે જીવ અવશ્ય આઠ કર્મનું વેદન કરે છે. (૫–૮) ચાર અઘાતિ કર્મના વેદન સમયે જીવ કયારેક આઠ કર્મનું, કયારેક સાત કર્મનું અને કયારેક ચાર કર્મનું વેદન કરે છે.

★ એક કર્મના વેદન સમયે જીવ આઠ કર્મમાંથી કેટલા કર્મોનો બંધ કરી શકે છે ? તેનું કથન **વેદતા બાંધે** કહેવાય છે– (૧–૩) જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મના વેદન સમયે જીવ આઠ, સાત, છ અથવા એક કર્મનો બંધ કરે છે. (૪) મોહનીય કર્મના વેદન સમયે જીવ આઠ, સાત, અથવા છ કર્મનો બંધ કરે છે (૫–૮) ચાર અઘાતિ કર્મના વેદન સમયે જીવ ક્યારેક આઠ, સાત, છ, એક કર્મનો બંધ કરે છે અને ક્યારેક અબંધ પણ હોય છે.

★ એક કર્મના બંધ સમયે જીવ આઠ કર્મમાંથી કેટલા કર્મનું વેદન કરી શકે છે ? તેનું કથન **બાંધતાવેદે** કહેવાય છે– (૧–૭) વેદનીયકર્મને છોડીને શેષ સાત કર્મના બંધ સમયે જીવ અવશ્ય આઠ કર્મનું વેદન કરે છે અને (૮) વેદનીય કર્મના બંધ સમયે જીવ આઠ, સાત, અથવા ચાર કર્મનું વેદન કરે છે.

★ એક કર્મના બંધ સમયે જીવ અન્ય કેટલા કર્મોનો બંધ કરી શકે છે ? તેનું કથન **બાંધતા બાંધે** કહેવાય છે– (૧–૬) ચાર ઘાતીકર્મ અને નામગોત્ર કર્મના બંધ સમયે જીવ આઠ અથવા સાત કર્મનો બંધ કરે છે. (૭) આયુષ્યના બંધ સમયે જીવ અવશ્ય આઠ કર્મનો બંધ કરે છે. (૮) વેદનીય કર્મના બંધ સમયે જીવ આઠ, સાત, છ અથવા એક કર્મનો બંધ કરે છે.

★ કાયોત્સર્ગ સ્થિત અણગારના મસાને જોઈ કોઈ વૈદ્ય શુભભાવથી તેને સૂવડાવીને તેના મસાનું છેદન કરી નાંખે, તો તેમાં વૈદ્યનો શુભ ભાવ હોવાથી તેને પ્રારંભની ત્રણ ક્રિયા લાગે છે પરંતુ પારિતાપનિકી વગેરે કોઈ ક્રિયા લાગતી નથી અને શરીરના મમત્વને છોડીને કાયોત્સર્ગમાં સ્થિત અણગારના સૂચન વિના જ વૈદ્યે મસાનું છેદન કર્યું હોવાથી અણગારને પણ કોઈ ક્રિયા લાગતી નથી. કેવળ તે અણગારને ધર્મ ધ્યાનમાં અંતરાય થાય છે.

આ રીતે કોઈ પણ પ્રકારનાં કષાયભાવ વિના ક્રિયા કરનારને અશુભકર્મનો બંધ થતો નથી પરંતુ શુભકર્મનો બંધ થાય છે.

❖❖❖❖❖

# શતક–૧૬ : ઉદ્દેશક–૩

## કર્મબંધ

**કર્મ પ્રકૃતિઓમાં બંધ, ઉદયસંબંધી ચાર વિકલ્પ :–**

**१ रायगिहे** *जाव* **एवं वयासी– कइ णं भंते ! कम्मपयडीओ पण्णत्ताओ ?**

**गोयमा ! अट्ठ कम्मपयडीओ पण्णत्ताओ, तं जहा– णाणावरणिज्जं** *जाव* **अंतराइयं। एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ ***યાવત્*** આ પ્રમાણે પૂછ્યું કે– હે ભગવન્ ! કર્મ પ્રકૃતિઓ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કર્મ પ્રકૃતિઓ આઠ છે. યથા– જ્ઞાનાવરણીય ***યાવત્*** અંતરાય. આ રીતે વૈમાનિકો સુધી ૨૪ દંડકના જીવોને આઠકર્મ હોય છે.

**२ जीवे णं भंते ! णाणावरणिज्जं कम्मं वेदेमाणे कइ कम्मपयडीओ वेदेइ ?**

**गोयमा ! अट्ठ कम्मप्पयडीओ । एवं जहा पण्णवणाए वेयावेय-उद्देसओ सो चेव णिरवसेसो भाणियव्वो । वेदाबंधो वि तहेव, बंधावेदो वि तहेव, बंधाबंधो वि तहेव भाणियव्वो** *जाव* **वेमाणियाणं ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મને વેદતા જીવ કેટલી કર્મ-પ્રકૃતિઓ વેદે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આઠ કર્મ પ્રકૃતિઓ વેદે છે. અહીં પ્રજ્ઞાપના સૂત્રનું ૨૪મું વેદતો વેદે નામનું પદ સંપૂર્ણ કહેવું જોઈએ. તે જ રીતે વેદતો બાંધેનું પચીસમું પદ; બાંધતો વેદેનું છવ્વીસમું પદ અને બાંધતો બાંધેનું સત્તાવીસમું પદ સંપૂર્ણ કહેવું જોઈએ. સમુચ્ચય જીવ વિષયક પ્રશ્નોની જેમ ચોવીસ દંડકો સંબંધી ***યાવત્*** વૈમાનિકો સુધી પૃચ્છા કરવી જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત બે સૂત્રોમાં આઠ કર્મ પ્રકૃતિઓના નામનું કથન કરીને પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશ(ભલામણ) પૂર્વક આઠ કર્મોના બંધ ઉદયમાં અન્ય કર્મના બંધ ઉદયની વિચારણા કરી છે. તેના વિસ્તૃત વિવેચન માટે જુઓ– પ્રજ્ઞાપના સૂત્ર– પદ-૨૪, ૨૫, ૨૬, ૨૭. તેનું સંક્ષિપ્ત વિવરણ અહીં સારાંશમાં આપ્યું છે.

**અર્શ છેદનમાં લાગતી ક્રિયા :–**

**३ तएणं समणे भगवं महावीरे अण्णया कयाइ रायगिहाओ णयराओ गुणसीलाओ**

**चेइयाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता बहिया जणवयविहारं विहरइ । तेणं कालेणं तेणं समएणं उल्लुयतीरे णामं णयरे होत्था, वण्णओ । तस्स णं उल्लुयतीरस्स णयरस्स बहिया उत्तरपुरच्छिमे दिसिभाए एत्थ णं एगजंबूए णामं चेइए होत्था, वण्णओ । तएणं समणे भगवं महावीरे अण्णया कयाइ पुव्वाणुपुव्विं चरमाणे** *जाव* **एगजंबूए चेइए समोसढे** *जाव* **परिसा पडिगया । भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**ભાવાર્થ :–** ત્યાર પછી કોઈ એક દિવસે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ રાજગૃહ નગરના ગુણશીલક ઉદ્યાનમાંથી વિહાર કર્યો અને અન્ય ક્ષેત્રોમાં વિચરવા લાગ્યા. તે કાલે, તે સમયે ઉલ્લુક તીર નામનું નગર હતું. તે ઉલ્લુક-તીર નગરની બહાર ઈશાનકોણમાં 'એક જમ્બૂક' નામનું ઉદ્યાન હતું. તેનું વર્ણન ઔપપાતિક સૂત્ર અનુસાર જાણવું. તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી અનુક્રમથી વિચરતાં-વિચરતાં એકદા જમ્બૂ નામના ઉદ્યાનમાં પધાર્યા. પરિષદ દર્શન કરવા આવી અને ધર્મોપદેશ સાંભળીને પાછી ફરી. હે ભગવન્ ! એ પ્રમાણે સંબોધન કરીને ભગવાન ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું–

**૪ अणगारस्स णं भंते ! भावियप्पणो छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं** *जाव* **आयावेमाणस्स तस्स णं पुरच्छिमेणं अवड्ढं दिवसं णो कप्पइ हत्थं वा पायं वा बाहुं वा ऊरुं वा आउंटावेत्तए वा पसारेत्तए वा, पच्चच्छिमेणं से अवड्ढं दिवसं कप्पइ हत्थं वा पायं वा बाहुं वा ऊरुं वा आउंटावेत्तए वा पसारेत्तए वा । तस्स णं अंसियाओ लंबंति, तं चेव वेज्जे अदक्खु, ईसिं पाडेइ, पाडेत्ता अंसियाओ छिंदेज्जा, से णूणं भंते ! जे छिंदइ तस्स किरिया कज्जइ, जस्स छिज्जइ णो तस्स किरिया कज्जइ णण्णत्थेगेणं धम्मंतराइएणं ?**

**हंता गोयमा ! जे छिंदइ** *जाव* **धम्मंतराइएणं ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**શબ્દાર્થ :– अवड्ढं** = અપાર્દ્ધ-દિવસ, અર્ધો દિવસ **अंसियाओ** = અર્શ, મસા **अदक्खु** = જોયા **ईसिं पाडेइ** = તે ઋષિને અર્શ કાપવા માટે ભૂમિ પર સૂવડાવે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નિરંતર છટ્ઠ-છટ્ઠના તપપૂર્વક આતાપના લેતા ભાવિતાત્મા અણગારને દિવસના પૂર્વાર્ધભાગમાં પોતાના હાથ, પગ ભુજા અને જંઘાને હલાવવા-ચલાવવા નહીં અને દિવસના પાછલા ભાગમાં હાથ-પગ, ભુજા અને ઉરુને હલાવવા-ચલાવવા તેવા અભિગ્રહ સહિત કાયોત્સર્ગમાં સ્થિત ભાવિતાત્મા અણગારની નાસિકામાં મસા લટકતા હોય, તે મસાને જોઈને કોઈ વૈદ્ય તેને કાપવા માટે તે ઋષિને ભૂમિ પર સૂવડાવે, તેના મસાને કાપે, તો હે ભગવન્ ! શું મસા કાપનાર તે વૈદ્યને ક્રિયા લાગે અને જેના મસા કપાઈ રહ્યા છે, તે ઋષિને ક્રિયા લાગતી નથી, શું તેને માત્ર ધર્મધ્યાનમાં વિક્ષેપ થાય છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! તે પ્રમાણે થાય છે અર્થાત્ પોતાની મેળે જે મસા કાપે છે, તેને ક્રિયા લાગે છે અને ઋષિને કોઈ ક્રિયા લાગતી નથી. તેને માત્ર ધર્મધ્યાનમાં વિક્ષેપ થાય છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

સૂત્રોક્ત પ્રવૃતિમાં વૈદ્ય દ્વારા યોગજન્ય ક્રિયા થઈ હોવાથી તેમજ વૈદ્ય છદ્મસ્થ હોવાથી તેને ત્રણ કે ચાર ક્રિયા લાગે છે અને તે ક્રિયાઓ અત્યલ્પ હોય છે. તે પ્રવૃત્તિમાં તેના ભાવો શુભ હોવાથી તે સંબંધી નિર્જરા અને પુણ્યનું મહત્ત્વ વધી જાય છે. કાયિકી, અધિકરણિકી અને પ્રદોષિકી એ ત્રણ ક્રિયાઓ છે અને તેમાં પારિતાપનિકી ક્રિયા સહિત ચાર ક્રિયાઓ થાય છે.

મુનિને કોઈ ક્રિયા લાગતીનથી કારણ કે મુનિ કાયોત્સર્ગમાં સ્થિત છે. તેને સ્વેચ્છાથી કાયાનું હલન-ચલન કે અન્ય કોઈ પણ યોગજન્ય ક્રિયા ન કરવાનો સંકલ્પ કર્યો છે. વૈદ્ય દ્વારા કરાતી પ્રવૃતિનું અનુમોદન નથી, તે પોતાના અભિગ્રહ-તપમાં જ તલ્લીન છે. તેથી છેદન આદિ ક્રિયાના કારણે ધર્મધ્યાનમાં કંઈક વિક્ષેપ તો થાય છે પરંતુ તેથી મુનિનો કાયોત્સર્ગ ભંગ થતો નથી.

**।। શતક ૧૬/૩ સંપૂર્ણ ।।**

# શતક–૧૬ : ઉદ્દેશક–૪

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં શ્રમણ નિર્ગ્રંથોની અને નૈરયિકોની કર્મક્ષય કરવાની શક્તિની તારતમ્યતા દર્શાવી છે.

★ નૈરયિકો દીર્ઘકાલ પર્યંત તીવ્ર વેદનાનું વેદન કરતા જે કર્મોનો ક્ષય કરે છે, તેનાથી શ્રમણો અલ્પ-કાળમાં અલ્પવેદનાનું વેદન કરવા છતાં અનંત ગુણ અધિક કર્મોનો ક્ષય કરે છે. તે મહાનિર્જરા કરે છે.

★ નિર્જરાનો આધાર વેદના પર નથી પરંતુ વર્તમાનના પુરુષાર્થ પર છે.

★ જે રીતે કોઈ વૃદ્ધ પુરુષ સૂકા લાકડા પર બુટ્ટી કુહાડીથી જોર જોરથી પ્રહાર કરીને લાકડા કાપવાનો પ્રયત્ન કરે પરંતુ તે વૃદ્ધની શક્તિ ક્ષીણ થયેલી હોવાથી અને શસ્ત્ર બૂઠુ હોવાથી તેને તે પ્રયત્નમાં સફળતા મળતી નથી.

જેમ કોઈ એરણ પર જોર-જોરથી ઘણના ઘા કરે છતાં તે એરણના પુદ્ગલો ગાઢ અને શ્લિષ્ટ હોવાથી તેના સ્થૂલ પુદ્ગલોનો પણ નાશ કરી શકતો નથી. તેમ નૈરયિકોના કર્મો ગાઢ, ચીકણા અને નિકાચિત હોવાથી અને તેની પાસે કર્મક્ષય કરવા માટેનું સંયમ-તપરૂપ અમોઘ શસ્ત્ર ન હોવાથી મહાવેદના ભોગવવા છતાં તેના કર્મોનો વિશેષ ક્ષય થતો નથી.

★ જે રીતે કોઈ યુવાન અને બળવાન પુરુષ તીક્ષ્ણ કુહાડીથી વૃક્ષની ડાળીને છેદવા પ્રયત્ન કરે ત્યારે તેની શક્તિ અને શસ્ત્ર બંને તીવ્રતમ હોવાથી એક જ ઝાટકે તેને છેદી નાંખે છે.

જેમ સૂકાઘાસના પૂળાને અગ્નિમાં નાંખતા જ ભસ્મીભૂત થઈ જાય છે તેમ અન્નગ્લાયક– નીરસ, અમનોજ્ઞ, તુચ્છ આહાર કરનાર સંયમી સાધક પાસે સંયમ અને તપરૂપ તીવ્રતમ શસ્ત્ર છે અને તેના કર્મો પણ અલ્પ સ્થિતિવાળા અને મંદ વિપાકવાળા હોય છે, તેથી તે તુરંત નાશ પામે છે.

★ અન્નગ્લાયક તપસ્વીની જેમ ઉપવાસ છઠ, અટ્ઠમ આદિ તપસ્યા કરનાર સાધુની કર્મક્ષયની શક્તિ ઉત્તરોત્તર અનેક ગુણી વધતી જાય છે.

★ આ રીતે આ ઉદ્દેશકમાં સંયમ અને તપની મહત્તા પ્રદર્શિત કરી છે.

❖❖❖❖❖

# શતક–૧૬ : ઉદ્દેશક–૪

## યાવતીય

**નૈરયિકો અને શ્રમણોની નિર્જરાની તુલના :–**

**१ रायगिहे** *जाव* **एवं वयासी– जावइयं णं भंते ! अण्णगिलाए समणे णिग्गंथे कम्मं णिज्जरेइ एवइयं कम्मं णरएसु णेरइया वासेण वा वासेहिं वा वाससएण वा खवयंति ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**શબ્દાર્થ :– अण्णगिलाए समणे** = હંમેશાં ગ્લાન(અમનોજ્ઞ) આહાર કરનાર શ્રમણ. સત્ત્વ રહિત, ભોજન કર્યા પછી અવશેષ રહેલો ક્ષીણસત્વવાળો, રસ રહિત કે બહુ દિવસીય આહાર કરનાર શ્રમણ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! અમનોજ્ઞ, ઉજ્ઝિતધર્મા(ફેંકવા યોગ્ય) આહાર કરનારા શ્રમણ-નિર્ગ્રંથ, જેટલા કર્મોનો ક્ષય કરે છે, તેટલા કર્મો નૈરયિક જીવ, નરકમાં એક વર્ષમાં કે અનેક વર્ષોમાં અથવા સો વર્ષોમાં ક્ષય કરી શકે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**२ जावइयं णं भंते ! चउत्थभत्तिए समणे णिग्गंथे कम्मं णिज्जरेइ एवइयं कम्मं णरएसु णेरइया वाससएण वा वाससएहिं वा वाससहस्सेण वा खवयंति ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચતુર્થ ભક્ત– એક ઉપવાસ કરનાર શ્રમણ-નિર્ગ્રંથ જેટલા કર્મોનો ક્ષય કરે છે, તેટલા કર્મો નૈરયિક જીવ, નરકમાં સો વર્ષોમાં કે અનેક સો વર્ષોમાં અથવા હજાર વર્ષોમાં ક્ષય કરી શકે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**३ जावइयं णं भंते ! छट्ठभत्तिए समणे णिग्गंथे कम्मं णिज्जरेइ एवइयं कम्मं णरएसु णेरइया वाससहस्सेण वा वाससहस्सेहिं वा वाससयसहस्सेण वा खवयंति ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! છઠ ભક્ત-બે ઉપવાસ કરનાર શ્રમણ-નિર્ગ્રંથ જેટલા કર્મોનો ક્ષય કરે છે, તેટલા કર્મો નૈરયિક જીવ, નરકમાં એક હજાર વર્ષોમાં કે અનેક હજાર વર્ષોમાં કે એક લાખ વર્ષમાં ક્ષય કરી શકે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**४ जावइयं णं भंते ! अट्ठमभत्तिए समणे णिग्गंथे कम्मं णिज्जरेइ एवइयं कम्मं णरएसु णेरइया वाससयसहस्सेण वा वाससयसहस्सेहिं वा वासकोडीए वा खवयंति ? णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અષ્ટમ ભક્ત(ત્રણ ઉપવાસ) કરનાર શ્રમણ નિર્ગ્રંથ જેટલા કર્મોનો ક્ષય કરે છે, તેટલા કર્મો નૈરયિક જીવ, નરકમાં એક લાખ વર્ષોમાં, અનેક લાખ વર્ષોમાં કે ક્રોડ વર્ષમાં ક્ષય કરી શકે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૫ जावइयं णं भंते ! दसमभत्तिए समणे णिग्गंथे कम्मं णिज्जरेइ एवइयं कम्मं णरएसु णेरइया वासकोडीए वा वासकोडीहिं वा वासकोडाकोडीए वा खवयंति ? णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દશમ-ભક્ત(ચાર ઉપવાસ) કરનાર શ્રમણ નિર્ગ્રંથ જેટલા કર્મોનો ક્ષય કરે છે, તેટલા કર્મો નૈરયિક જીવ નરકમાં એક ક્રોડ વર્ષમાં, અનેક ક્રોડ વર્ષોમાં કે કોટાકોટિ વર્ષોમાં ક્ષય કરી શકે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૬ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जावइयं अण्णगिलायए समणे णिग्गंथे कम्मं णिज्जरेइ एवइयं कम्मं णरएसु णेरइया वासेण वा वासेहिं वा वाससएण वा णो खवयंति, जावइयं चउत्थभत्तिए, एवं तं चेव पुव्वभणियं उच्चारेयव्वं *जाव* वासकोडाकोडीए वा णो खवयंति ?**

**गोयमा ! से जहाणामए केइ पुरिसे जुण्णे जराजज्जरियदेहे सिढिल-तयावलि-तरंग-संपिणद्ध-गत्ते पविरल-परिसडिय-दंतसेढी उण्हाभिहए तण्हाभिहए आउरे झुंझिए पिवासिए दुब्बले किलंते एगं महं कासंब-गंडियं सुक्कं जडिलं गंठिल्लं चिक्कणं वाइद्धं अपत्तियं मुंडेण परसुणा अवक्कमेज्जा, तएणं से पुरिसे महंताइं महंताइं सद्दाइं करेइ, णो महंताइं महंताइं दलाइं अवद्दालेइ, एवामेव गोयमा ! णेरइयाणं पावाइं कम्माइं गाढीकयाइं चिक्कणीकयाइं; एवं जहा छट्ठसए *जाव* णो महापज्जवसाणा भवंति । से जहाणामए केइ पुरिसे अहिगरणिं आउडेमाणे महया *जाव* णो महापज्जवसाणा भवंति ।**

**શબ્દાર્થ :– जावइयं** = જેટલા **जुण्णे** = જીર્ણ, વૃદ્ધ **जराजज्जरियदेहे** = જરાથી જર્જરિત દેહવાળા **सिढिल-तयावलि-तरंग-संपिणद्ध-गत्ते** = શિથિલ હોવાના કારણે જેના શરીરમાં કરચલીઓ પડી ગઈ હોય, તેવા શરીરવાળા **पविरल-परिसडिय-दंतसेढी** = જેના ઘણા દાંત પડી જવાથી અલ્પ દાંત જ શેષ રહ્યા હોય **उण्हाभिहए** = ઉષ્ણતાથી પીડિત **तण्हाभिहए** = તૃષાથી પીડિત **झुंझिए** = બુભુક્ષિત, ક્ષુધાતુર **किलंते** = ક્લાન્ત **कोसंब-गंडियं** = કોશંબ વૃક્ષની લાકડી **जडिलं** = જટિલ- વળેલી **गंठिल्लं** = ગાંઠવાળી **वाइद्धं** = વક્ર **अपत्तियं** = જેને આધાર ન હોય તેવી **अवकमेज्जा** = પ્રહાર કરે **दलाइं अवद्दालेइ** = ટુકડા કરે છે **महापज्जवसाणा** = મહાપર્યવસાન મોક્ષ રૂપ ફળવાળા.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે અમનોજ્ઞ આહાર કરનાર શ્રમણ-નિર્ગ્રંથ જેટલા કર્મનો ક્ષય કરે છે, તેટલા કર્મો નૈરયિક જીવ, નરકમાં એક વર્ષમાં કે અનેક વર્ષોમાં કે સો વર્ષોમાં પણ ક્ષય કરી શકતા નથી અને ઉપવાસ કરનાર ***યાવત્*** ચાર ઉપવાસ કરનાર શ્રમણ નિર્ગ્રંથ જેટલા કર્મોનો ક્ષય કરે તેટલા કર્મો નૈરયિક ***યાવત્*** કોટાકોટિ વર્ષોમાં પણ ક્ષય કરી શકતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેનું શરીર વૃદ્ધાવસ્થાના કારણે જર્જરિત છે, ચામડી ઢીલી થઈ જવાથી સંકોચાઈને

કરચલીઓથી વ્યાપ્ત છે, જેના દાંત અલ્પ જ શેષ રહ્યા છે અથવા સર્વ દાંતો પડી ગયા છે, જે ગરમીથી વ્યાકુળ થઈ રહ્યા છે, જે તૃષાથી પીડિત છે; જે રોગી, ભૂખ્યા, તરસ્યા, દુર્બલ અને માનસિક ક્લેશથી યુક્ત છે તેવા વૃદ્ધ પુરુષ એક મોટા કોશમ્બ નામના વૃક્ષના સૂકા, વાંકા-ચૂકા, ગાંઠોથી યુક્ત, સ્નિગ્ધ, વક્ર, નિરાધાર લાકડા પર એક બુટ્ટી ધારવાળા કુહાડાથી, જોર-જોરથી શબ્દ(હુંકાર ધ્વનિ) કરતાં પ્રહાર કરે, તો પણ તે પુરુષ તે લાકડાના મોટા-મોટા ટુકડા પણ કરી શકતો નથી. હે ગૌતમ ! તે જ રીતે તે નૈરયિક જીવોએ પોતાના પાપકર્મોને ગાઢ કર્યા છે, અત્યંત ગાઢ કર્યા છે, ઈત્યાદિ વર્ણન શતક-૬/૧ અનુસાર જાણવું. નૈરયિક જીવ, અત્યંત વેદના વેદતા હોવા છતાં પણ મહાનિર્જરા અને મહાપર્યવસાન(મોક્ષરૂપ ફળ)વાળા થતા નથી.

જે રીતે કોઈ પુરુષ એરણ પર ઘણ દ્વારા ઘા મારતાં, જોર-જોરથી શબ્દ કરતાં, એરણના સ્થૂલ પુદ્‌ગલોને તોડવામાં, નાશ કરવામાં સમર્થ થતાં નથી, તે રીતે નૈરયિક જીવ પણ ગાઢ અને ચીકણા કર્મ-વાળા હોય છે ***યાવત્*** તે મહાનિર્જરા કે મહાપર્યવસાનવાળા થઈ શકતા નથી.

**૭ से जहाणामए केइ पुरिसे तरुणे बलवं** *जाव* **मेहावी णिउणसिप्पोवगए एगं महं सामलि-गंडियं उल्लं अजडिलं अगंठिल्लं अचिक्कणं अवाइद्धं सपत्तियं तिक्खेण परसुणा अक्कमेज्जा, तएणं से पुरिसे णो महंताइं-महंताइं सद्दाइं करेइ, महंताइं महंताइं दलाइं अवद्दालेइ । एवामेव गोयमा ! समणाणं णिग्गंथाणं अहाबादराइं कम्माइं सिढिली कयाइं णिट्ठियाइं कयाइं** *जाव* **खिप्पामेव परिविद्धत्थाइं भवंति; जावइयं-तावइयं पि णं ते वेयणं वेदेमाणा महाणिज्जरा महापज्जवसाणा भवंति । से जहा वा केइ पुरिसे सुक्कतणहत्थगं जायतेयंसि पक्खिवेज्जा एवं जहा छट्ठसए तहा अयोकवल्ले वि** *जाव* **महापज्जवसाणा भवंति । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– जावइयं अण्णगिलायए समणे णिग्गंथे कम्मं णिज्जरेइ, तं चेव** *जाव* **वासकोडाकोडीए वा णो खवयंति ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** જે રીતે કોઈ તરુણ, બલવાન ***યાવત્*** મેધાવી અને નિપુણ શિલ્પકાર શાલ્મલી વૃક્ષની લીલી, અજટિલ, અગંઠિલ(ગાંઠ રહિત), ચીકાશ રહિત, સીધી અને આધારવાળી ગંડિકા(લાકડા) પર તીક્ષ્ણ કુહાડાથી પ્રહાર કરે, તો તે જોર-જોરથી શબ્દ કર્યા વિના જ(સરલતાથી) તેના મોટા મોટા ટુકડા કરી નાંખે છે, તે જ રીતે હે ગૌતમ ! જે શ્રમણ નિર્ગ્રંથોના સ્થૂલ કર્મો, મંદ વિપાકવાળા અને અલ્પસ્થિતિક(દીર્ઘ સત્તા રહિત) છે ***યાવત્*** તે કર્મો શીઘ્ર નષ્ટ થઈ જાય છે અને તે શ્રમણ-નિર્ગ્રંથ અલ્પાધિક જે કંઈ વેદના વેદે તો પણ મહાનિર્જરા અને મહાપર્યવસાનવાળા થાય છે.

[બીજું દૃષ્ટાંત] જે રીતે કોઈ પુરુષ, સૂકાયેલા ઘાસના પૂળાને અગ્નિમાં નાંખે, તો તે શીઘ્ર બળી જાય છે, વગેરે શતક-૬/૧ અનુસાર ઉષ્ણ લોઢીનું દૃષ્ટાંત પણ સમજવું ***યાવત્*** તે શ્રમણ નિર્ગ્રંથ મહાનિર્જરા અને મહાપર્યવસાનવાળા હોય છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે– અન્નગ્લાયક શ્રમણ નિર્ગ્રંથ જેટલા કર્મોનો ક્ષય કરે છે, તેમજ એક, બે, ત્રણ અને ચાર ઉપવાસવાળા શ્રમણ નિર્ગ્રંથ જેટલા કર્મો ક્ષય કરે છે તેટલા કર્મોને નૈરયિક જીવ એક વર્ષ, અનેક વર્ષ, સો વર્ષ ***યાવત્*** કોટાકોટિ વર્ષોમાં પણ ક્ષય કરી શકતા નથી. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દીર્ઘકાલ પર્યંત દુઃખ ભોગવનાર નૈરયિકોની કર્મ નિર્જરાને શ્રમણોની તપસ્યા

સંબંધી નિર્જરા સાથે તુલના કરી છે.

જેટલા કર્મોનો ક્ષય, શ્રમણ-નિર્ગ્રંથ અલ્પ કષ્ટથી અલ્પકાલમાં જ કરી શકે છે, તેટલા કર્મોનો ક્ષય અત્યંત કષ્ટને ભોગવનાર નારકી દીર્ઘકાલમાં પણ કરી શકતા નથી. તે વિષયને સ્પષ્ટ કરવા માટે સૂત્રકારે બે દષ્ટાંત આપ્યા છે. જે ભાવાર્થથી સ્પષ્ટ છે અને ભગવતી સૂત્ર શતક-૬/૧માં પણ તેનું સ્પષ્ટીકરણ કર્યું છે.

**નારક અને શ્રમણની નિર્જરા શક્તિની તુલના :–** સૂત્રકારે શ્રમણની ઉત્તરોત્તર શ્રેષ્ઠતા સૂચિત કરવા પાંચ વિશેષણ સહિત પાંચ સૂત્રોનો પ્રયોગ કર્યો છે–

(૧) અમનોજ્ઞ, તુચ્છ, નિઃસાર આહાર કરનાર અર્થાત્ આયંબિલથી થતી નિર્જરા, નારકો સો વર્ષ વેદના ભોગવવા છતાં પણ કરી શકતા નથી.

(૨) એક ઉપવાસથી થતી નિર્જરા, નારકો હજાર વર્ષે પણ કરી શકતા નથી.

(૩) બે ઉપવાસથી થતી નિર્જરા, નારકો લાખ વર્ષે પણ કરી શકતા નથી.

(૪) ત્રણ ઉપવાસથી થતી નિર્જરા, નારકો કરોડ વર્ષે પણ કરી શકતા નથી.

(૫) ચાર ઉપવાસથી થતી નિર્જરા, નારકો ક્રોડાક્રોડ વર્ષે પણ કરી શકતા નથી.

નારકોના અશુભકર્મો તીવ્ર રસ યુક્ત અને ગાઢ હોવાથી તેનો શીઘ્ર નાશ થતો નથી.

આ સૂત્રથી સંલગ્ન તપસ્યાના ફળમાં ઉત્તરોત્તર થતી વૃદ્ધિનું પ્રમાણ સહજ રીતે સ્પષ્ટ થઈ જાય છે.

| **શ્રમણના તપ** | | **નારકીના કર્મ નિર્જરા વર્ષ** |
|---|---|---|
| (૧) આયંબિલ (અન્નગ્લાનતપ)ના ઉત્કૃષ્ટ ફળ માટે | = | ૧૦૦ વર્ષ, |
| (૨) ઉપવાસના ઉત્કૃષ્ટ ફળ માટે | = | ૧૦૦૦ વર્ષ, |
| (૩) બે ઉપવાસના ઉત્કૃષ્ટ ફળ માટે | = | ૧ લાખ વર્ષ, |
| (૪) ત્રણ ઉપવાસના ઉત્કૃષ્ટ ફળ માટે | = | ૧ કરોડ વર્ષ, |
| (૫) ચાર ઉપવાસના ઉત્કૃષ્ટ ફળ માટે | = | ૧ ક્રોડા ક્રોડ વર્ષ. |

આ રીતે આયંબિલથી ઉપવાસ, છઠ, અઠ્ઠમ અને ચાર ઉપવાસમાં થતાં લાભમાં ક્રમશઃ દશગુણી, સો ગુણી, હજારગુણી અને ક્રોડગુણી વૃદ્ધિથાય છે. તેમાં ન્યૂનતમ વૃદ્ધિ દશ ગુણી છે. તે ચૌવિહારા ઉપવાસની અપેક્ષાઓ હોય તો તિવિહારા ઉપવાસથી ન્યૂનતમ પાંચ ગુણી વૃદ્ધિ થાય તે યોગ્ય બને છે. તેથી વર્તમાનની ધારણા પરંપરા અનુસાર તિવિહારા બે ઉપવાસ(છઠ)માં પાંચ ઉપવાસ, અઠ્ઠમમાં ૫×૫ = ૨૫ ઉપવાસ, ચાર ઉપવાસમાં ૨૫×૫ =૧૨૫ ઉપવાસનો લાભ થાય છે, તેવી માન્યતા પ્રચલિત છે અને પ્રાયશ્ચિત્તની પૂર્તી માટે પણ આ રીતે જ ઉપવાસની ગણતરી કરાય છે.

**॥ શતક ૧૬/૪ સંપૂર્ણ ॥**

# શતક–૧૬ : ઉદ્દેશક–૫

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં મુખ્યતયા શક્રેન્દ્રના દેવશક્તિ વિષયક પ્રશ્નો, બે દેવનો વાર્તાલાપ, તેના સમાધાન માટે ગંગદત્ત દેવનું પ્રભુ પાસે આગમન વગેરે વિષયોનું અને તે ગંગદત્ત દેવના પૂર્વ-પશ્ચાત્ ભવનું પ્રતિપાદન છે.

★ મહર્દ્ધિક કે અલ્પર્દ્ધિક કોઈ પણ દેવો બાહ્ય પુદ્‌ગલને ગ્રહણ કર્યા વિના મનુષ્યલોકમાં આવી શકતા નથી અર્થાત્ પુદ્‌ગલ ગ્રહણ કરીને જ આવી શકે છે. તે જ રીતે પાછા દેવલોકમાં જવું, ભાષા બોલવી, આંખો ખોલવી અને બંધ કરવી, અંગોપાંગનો સંકોચ-વિસ્તાર કરવો, ઊભા રહેવું, બેસવું, સૂવું, વિક્રિયા કરવી, પરિચારણા કરવી વગેરે સર્વ ક્રિયા દેવો બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરીને જ કરી શકે છે.

★ સાતમા દેવલોકના મિથ્યાત્વી અને સમકિતી દેવ વચ્ચે વાર્તાલાપ થયો કે પરિણમન પામતા પુદ્‌ગલ પરિણત કહેવાય કે અપરિણત ? સમ્યગ્દૃષ્ટિ ગંગદત્ત નામના દેવે પ્રભુના 'ચલમાણે ચલિએ'ના સિદ્ધાંત અનુસાર ઉત્તર આપ્યો કે પરિણમન પામતા પુદ્‌ગલ પરિણત કહેવાય છે.

ત્યાર પછી ગંગદત્ત દેવે પ્રભુ પાસે આવીને પોતાના કથનની પુષ્ટિ કરી લીધી અને પ્રભુના દર્શન કરી ધર્મોપદેશ સાંભળી અન્ય અનેક પ્રશ્નોનું સમાધાન કર્યું. તેના સમાધાન રૂપે પ્રભુએ કહ્યું કે ગંગદત્ત દેવ ભવી, સમ્યગ્દષ્ટિ, સુલભ બોધિ, પરિતસંસારી અને ચરમ છે.

★ ગંગદત્ત દેવ પૂર્વભવમાં ગંગદત્ત નામના ગાથાપતિ શેઠ હતા. કાલાંતરે તેમણે પ્રભુ મુનિસુવ્રત સ્વામીના સાંનિધ્યમાં સંયમ સ્વીકારી ૧૧ અંગનું અધ્યયન અને એક માસનો સંથારો કર્યો, આરાધકપણે કાલધર્મ પામી સાતમા મહાશુક્ર દેવલોકમાં ૧૭ સાગરોપમની સ્થિતિએ દેવરૂપે ઉત્પન્ન થયા. દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી, મહાવિદેહ ક્ષેત્રમાંથી મનુષ્યજન્મ ધારણ કરી સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

❖❖❖❖❖

# શતક–૧૬ : ઉદ્દેશક–૫

## ગંગદત્ત

**શક્રેન્દ્રના પ્રશ્નો :–**

**१** **तेणं कालेणं तेणं समएणं उल्लुयतीरे णामं णयरे होत्था, वण्णओ । एगजंबुए चेइए, वण्णओ । तेणं कालेणं तेणं समएणं सामी समोसढे** *जाव* **परिसा पज्जुवासइ । तेणं कालेणं तेणं समएणं सक्के देविंदे देवराया वज्जपाणी एवं जहेव बिइयउद्देसए तहेव दिव्वेणं जाणविमाणेणं आगओ** *जाव* **जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता** *जाव* **णमंसित्ता एवं वयासी–**

**देवे णं भंते! महिड्ढिए** *जाव* **महासोक्खे बाहिरए पोग्गले अपरियाइत्ता पभू आगमित्तए ? सक्का ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે ઉલ્લુકતીર નામનું નગર હતું. ત્યાં એક જમ્બુક નામનું ઉદ્યાન હતું. નગરી અને ઉદ્યાનનું વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર જાણવું. તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા. પરિષદ પર્યુપાસના કરવા લાગી. તે કાલે, તે સમયે દેવેન્દ્ર દેવરાજ, વજ્રપાણિ શક્રેન્દ્રે શતક-૧૬/૨ અનુસાર દિવ્યયાન-વિમાનથી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે આવીને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું–

**પ્રશ્ન–** હે ભગવન્ ! કોઈ મહર્દ્ધિક ***યાવત્*** મહાસુખી દેવ, બહારના પુદ્ગલ ગ્રહણ કર્યા વિના અહીં આવી શકે છે ?

**ઉત્તર–** હે શક્ર ! તેમ શક્ય નથી અર્થાત્ બાહ્ય પુદ્ગલ ગ્રહણ કર્યા વિના આવી ન શકે.

**२** **देवे णं भंते ! महिड्ढिए** *जाव* **महासोक्खे बाहिरए पोग्गले परियाइत्ता पभू आगमित्तए ? सक्का ! हंता पभू ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહર્દ્ધિક ***યાવત્*** મહાસુખી દેવ, બહારના પુદ્ગલ ગ્રહણ કરીને, અહીં આવી શકે છે ?

**ઉત્તર–** હા, શક્ર ! તેમ આવી શકે છે.

**३** **देवे णं भंते ! महिड्ढिए, एवं एएणं अभिलावेणं गमित्तए वा, भासित्तए वा वागरित्तए वा, उम्मिसावेत्तए वा णिमिसावेत्तए वा, आउंटावेत्तए वा पसारेत्तए वा, ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेइत्तए वा, विउव्वित्तए वा, परियारावेत्तए वा ? सक्का ! हंता पभू ।**

**इमाइं अट्ठ उक्खित्तपसिणवागरणाइं पुच्छइ, पुच्छित्ता संभंतियवंदणएणं वंदइ, वंदित्ता तमेव दिव्वं जाणविमाणं दुरूहइ, दुरूहित्ता जामेव दिसं पाउब्भूए तामेव दिसं पडिगए ।**

**શબ્દાર્થ :– आगमित्तए** = આવી શકે છે **गमित्तए** = પાછા જઈ શકે છે **वागरित्तए** = ઉત્તર આપવામાં **उम्मिसावेत्तए-णिमिस्सावेत्तए** = આંખ ખોલવા અને બંધ કરવામાં **संभंतिय** = ઉત્સુકતાપૂર્વક અથવા શીઘ્ર **चेइत्तए** = ઉપભોગ કરવામાં **उक्खित्तपसिणवागरणाइं** = સંક્ષિપ્ત પ્રશ્નો કરીને, ચંચલતા ઉતાવળથી પ્રશ્નોત્તર કરીને.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહર્દ્ધિક ***યાવત્*** મહાસુખી દેવ, આ રીતે બહારના પુદ્ગલ ગ્રહણ કરીને (૧) આવવામાં (૨) ગમન કરવામાં (૩) બોલવામાં, ઉત્તર આપવામાં, (૪) આંખ ખોલવામાં, બંધ કરવામાં (૫) શરીરના અવયવોનો સંકોચ અને વિસ્તાર કરવામાં (૬) સ્થાન, શય્યા, નિષદ્યા અને સ્વાધ્યાય ભૂમિમાં બેસવામાં કે સૂવામાં તથા (૭) વિક્રિયા કરવામાં અથવા (૮) પરિચારણા કરવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હા, શક્ર ! તે ગમનથી પરિચારણા પર્યંતની પ્રત્યેક ક્રિયા કરવામાં સમર્થ છે. દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્ર પૂર્વોક્ત સંક્ષિપ્ત આઠ પ્રશ્ન પૂછીને ઉત્સુકતાપૂર્વક(શીઘ્રતાથી) ભગવાનને વંદન નમસ્કાર કરીને, તે જ દિવ્યયાન-વિમાન પર આરુઢ થઈને જે દિશામાંથી આવ્યા હતા, તે દિશામાં ચાલ્યા ગયા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શક્રેન્દ્રે શક્તિ સંપન્ન દેવની પુદ્ગલની સહાયતા સહિત અને પુદ્ગલની સહાયતા રહિત થતી પ્રક્રિયાઓ વિષયક પ્રશ્નો પૂછ્યા છે અને પ્રભુએ તેનું સમાધાન કર્યું છે. તેનાથી સ્પષ્ટ છે કે દિવ્ય શક્તિના ધારક દેવ પણ બહારના પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના કોઈ પણ ક્રિયા કરી શકતા નથી.

આ પ્રશ્નોત્તરથી સ્પષ્ટ થાય છે કે કોઈ પણ જીવ બહારના પુદ્ગલો ગ્રહણ કરીને જ ત્રણે યોગજન્ય સ્થૂલ કે સૂક્ષ્મ પ્રવૃત્તિ કરે છે. જે રીતે જીવ મન અને વચનયોગની પ્રવૃત્તિ માટે મનોવર્ગણા અને ભાષાવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે, તે જ રીતે કાયયોગની સૂત્રોક્ત ગમનાગમન, સંકોચ, વિસ્તાર વગેરે પ્રવૃત્તિઓ માટે પણ ઔદારિક કે વૈક્રિયવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરવા આવશ્યક બની જાય છે,

આ કથન સૂક્ષ્મતમ અપેક્ષાથી છે. સ્થૂલ દષ્ટિએ શ્રી સ્થાનાંગ સૂત્ર, સ્થાન– ૩/૧/૨ માં ત્રણ-ત્રણ પ્રકારની વિક્રિયા(વિભૂષા)માં એક પ્રકારની વિક્રિયામાં આભ્યંતર કે બાહ્ય પુદ્ગલને ગ્રહણ કર્યા વિના જ વિક્રિયા થાય છે, તે પ્રમાણે કથન છે. આ કારણે હાથ પગના સંકોચ-વિસ્તાર આદિ પ્રસ્તુત સૂત્રોક્ત અનેક ક્રિયાઓમાં સ્થૂલ દષ્ટિએ બાહ્ય પુદ્ગલોનું ગ્રહણ થતું હોય તેમ જણાતું નથી, તેમ છતાં સૂક્ષ્મદષ્ટિએ યોગજન્ય દરેક પ્રવૃત્તિમાં પુદ્ગલો ગ્રહણ કરવા આવશ્યક થાય છે.

**શક્રેન્દ્રના શીઘ્ર ગમનનું કારણ :–**

**૪ भंते त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– अण्णया णं भंते ! सक्के देविंदे देवराया देवाणुप्पियं वंदइ णमंसइ सक्कारेइ** *जाव* **पज्जुवासइ, किण्णं भंते ! अज्ज सक्के देविंदे देवराया देवाणुप्पियं अट्ठ उक्खित्तपसिणवागरणाइं पुच्छइ, पुच्छित्ता संभंतियवंदणएणं वंदइ णमंसइ** *जाव* **पडिगए ?**

**गोयमा ! त्ति समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी– एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं महासुक्के कप्पे महासामाणे विमाणे दो देवा महड्ढिया** *जाव* **महासोक्खा एगविमाणंसि देवत्ताए उववण्णा, तंजहा– मायिमिच्छदिट्ठिउववण्णए य अमायिसम्मदिट्ठि-उववण्णए य । तएणं से मायिमिच्छदिट्ठिउववण्णए देवे तं अमायिसम्मदिट्ठि-उववण्णगं देवं एवं वयासी– 'परिणममाणा पोग्गला णो परिणया, अपरिणया; परिणमंतीति पोग्गला णो परिणया, अपरिणया' । तएणं से अमायिसम्मदिट्ठि उववण्णए देवे तं मायिमिच्छदिट्ठि-उववण्णगं देवं एवं वयासी– परिणममाणा पोग्गला परिणया णो अपरिणया, परिणमंतीति पोग्गला परिणया, णो अपरिणया । तं मायिमिच्छदिट्ठिउववण्णगं एवं पडिहणइ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ પ્રમાણે સંબોધન કરીને ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! જ્યારે પણ દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્ર આપની પાસે આવે છે ત્યારે આપ દેવાનુપ્રિયને વંદન-નમસ્કાર ***યાવત્*** પર્યુપાસના કરે છે પરંતુ હે ભગવન્ ! આજે દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્રે આપ દેવાનુપ્રિયને સંક્ષેપમાં આઠ પ્રશ્ન પૂછ્યા, પૂછીને ઉત્સુકતાપૂર્વક વંદન-નમસ્કાર કરીને શીઘ્રતાથી ચાલ્યા ગયા, તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીરે ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું– હે ગૌતમ ! તે કાલે, તે સમયે, મહાશુક્ર દેવલોકના 'મહાસામાન્ય' નામના વિમાનમાં મહર્દ્ધિક ***યાવત્*** મહાસુખી બે દેવ, એક જ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. યથા– (૧) માયી મિથ્યા દષ્ટિ. (૨) અમાયી સમ્યગ્દષ્ટિ. તેમાંથી માયી મિથ્યાદષ્ટિ દેવે અમાયી સમ્યગ્દષ્ટિ દેવને આ પ્રમાણે કહ્યું– પરિણમન પામતા પુદ્ગલ 'પરિણત' કહેવાતા નથી, અપરિણત કહેવાય છે. કારણ કે તે પરિણત થઈ રહ્યા છે, ત્યારે અમાયી સમ્યગ્ દષ્ટિ દેવે તે માયી મિથ્યાદષ્ટિ દેવને આ પ્રમાણે કહ્યું– પરિણમન પામતા પુદ્ગલ પરિણત કહેવાય છે, તે અપરિણત નથી; કારણ કે તે પરિણત થઈ રહ્યા છે. આ પ્રમાણે કહીને માયી મિથ્યાદષ્ટિ દેવને તેણે પ્રતિહત(પરાજિત) કર્યા.

**૫** **एवं पडिहणित्ता ओहिं पउंजइ, ओहिं पउंजित्ता ममं ओहिणा आभोएइ, आभोएत्ता अयमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– एवं खलु समणे भगवं महावीरे जंबुद्दीवे दीवे जेणेव भारहे वासे, जेणेव उल्लुयतीरे णयरे, जेणेव एगजंबुए चेइए अहापडिरूवं** *जाव* **विहरइ । तं सेयं खलु मे समणं भगवं महावीरं वंदित्ता** *जाव* **पज्जुवासित्ता इमं एयारूवं वागरणं पुच्छित्तए त्ति कट्टु एवं संपेहेइ एवं संपेहित्ता चउहिं सामाणियसाहस्सीहिं, एवं परिवारो जहा सूरियाभस्स** *जाव* **णिग्घोसणाइयरवेणं जेणेव जंबुद्दीवे दीवे जेणेव भारहे वासे, जेणेव उल्लुयतीरे णयरे, जेणेव एगजंबुए चेइए, जेणेव मम अंतियं तेणेव पहारेत्थ गमणाए । तएणं से सक्के देविंदे देवराया तस्स देवस्स तं दिव्वं देविड्ढिं दिव्वं देवजुइ दिव्वं देवाणुभागं दिव्वं तेयलेस्सं असहमाणे ममं अट्ठ उक्खित्तपसिणवागरणाइं पुच्छइ, पुच्छित्ता संभंतिय** *जाव* **पडिगए ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે પરાજિત કરીને અમાયી સમ્યગ્દષ્ટિ દેવે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો, ઉપયોગ

મૂકીને અવધિજ્ઞાનથી મને જોયો. મને જોઈને તેને વિચાર ઉત્પન્ન થયો કે "આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં ઉલ્લુકતીર નામના નગરમાં એકજંબૂક નામના ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી યથા યોગ્ય અવગ્રહ-સ્થાન ગ્રહણ કરીને વિચરે છે. તેથી મારે ત્યાં જઈને ભગવાનને વંદન-નમસ્કાર સહિત પર્યુપાસના કરીને ઉપર્યુક્ત પ્રશ્ન પૂછવા શ્રેયસ્કર છે." આ પ્રમાણે વિચાર કરીને ચાર હજાર સામાનિક દેવોના પરિવાર સહિત ***યાવત્*** સૂર્યાભ દેવની સમાન, વાજિંત્રોના ઘોષપૂર્વક આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ઉલ્લુકતીર નામના નગરમાં, એકજંબૂક નામના ઉદ્યાનમાં મારી પાસે આવવા માટે તેણે પ્રસ્થાન કર્યું. તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્ર તે દેવની દિવ્ય-દેવર્દ્ધિ, દિવ્ય-દેવદ્યુતિ, દિવ્ય પ્રભાવ અને દિવ્ય તેજોલેશ્યાને સહન કરી શક્યા નહીં. તેથી દેવેન્દ્ર દેવરાજ શક્ર(તેને જોઈને) મને સંક્ષેપમાં આઠ પ્રશ્ન પૂછીને જ શીઘ્રતાથી વંદન-નમસ્કાર કરીને ચાલ્યા ગયા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાતમા દેવલોકના બે દેવોનો વાર્તાલાપ અને ગૌતમ સ્વામીની જિજ્ઞાસાથી શક્રેન્દ્રના શીઘ્ર ગમનનું કારણ પ્રભુએ સ્પષ્ટ કર્યું છે.

સમકિતી દેવે પ્રભુના 'કડમાણે કડે'ના સિદ્ધાંત અનુસાર પરિણમન પામતા પુદ્ગલને પરિણત કહેવાય તે વિષયને પુષ્ટ કર્યો અને મિથ્યાત્વી દેવને પરાજિત કર્યો.

**दिव्वं तेयलेस्सं असहमाणे :–** દિવ્ય તેજ(પ્રભા)ને સહન ન કરવાનું કારણ વ્યાખ્યા ગ્રંથમાં આ પ્રમાણે આપ્યુ છે. યથા–

હસ્તિનાપુર નગરમાં ગંગદત્ત નામના ગાથાપતિ(શેઠ) રહેતા હતા. તે જ નગરમાં એક કાર્તિક નામના ગાથાપતિ(શેઠ) પણ હતા. બંને પૂર્વ ભવના પુણ્યબલે સાધન સંપન્ન હતા. તેમ છતાં તે બંને વચ્ચે ગૃહસ્થ જીવનમાં ઈર્ષ્યાભાવ રહેતો હતો.

ભગવાન મુનિસુવ્રતસ્વામીના સમાગમે ગંગદત્ત ગાથાપતિનો વૈરાગ્યભાવ જાગૃત થયો, તેમણે જયેષ્ઠ પુત્રને કુટુંબનો કારભાર સોંપીને સંયમ સ્વીકાર કર્યો. તેમણે સંયમ અને તપની સાધના કરી, ૧૧ અંગનું અધ્યયન અને અંતે એક માસની સંલેખના કરીને સમાધિભાવે, આરાધકપણે કાલધર્મ પામી સાતમા દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયા. કાર્તિક શેઠ પણ શ્રાવક વ્રતોની આરાધના કરી, સંયમ સ્વીકારી, સંલેખનાકરી, કાલધર્મ પામી, પ્રથમ દેવલોકના ઈન્દ્ર- શક્રેન્દ્રરૂપે ઉત્પન્ન થયા. આ રીતે ગંગદત્ત અને કાર્તિક શેઠ બંને ય આરાધકપણે જ કાલધર્મ પામી વૈમાનિક જાતિના દેવપણે ઉત્પન્ન થયા છે. તેમ છતાં પૂર્વભવની ઈર્ષ્યાના કારણે ગંગદત્ત દેવની અધિક ઋદ્ધિ જોઈને શક્રેન્દ્રને કંઈક ક્ષોભનો અનુભવ થયો. તે ક્ષોભથી ગંગદત્તદેવની ઋદ્ધિના-તેજને સહન કરી શકયા નહીં. તેથી અવધિજ્ઞાનથી તે ગંગદત્તદેવને આવતાં જોઈને ઉત્સુકતા, ઉતાવળપૂર્વક પ્રશ્નવાર્તાનું સમાપન કરી, તે દેવના આવ્યા પહેલાં જ ત્યાંથી પ્રસ્થાન કરી ગયા. ગગંદત્ત દેવના પૂર્વભવનું વિસ્તૃત વર્ણન આ જ ઉદ્દેશકમાં સૂત્ર ૯ થી ૧૪ સુધીમાં છે.

**ગંગદત્ત દેવના પ્રશ્ન :–**

**६ जावं च णं समणे भगवं महावीरे भगवओ गोयमस्स एयमट्ठं परिकहेइ तावं च णं से देवे तं देसं हव्वमागए । तएणं से देवे समणं भगवं महावीरं तिक्खुत्तो वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**एवं खलु भंते ! महासुक्के कप्पे महासामाणे विमाणे एगे मायिमिच्छादिट्ठि उववण्णए देवे ममं एवं वयासी– परिणममाणा पोग्गला णो परिणया, अपरिणया; परिणमंतीति पोग्गला णो परिणया अपरिणया । तएणं अहं तं मायिमिच्छादिट्ठिउववण्णगं देवं एवं वयासी– परिणममाणा पोग्गला परिणया, णो अपरिणया; परिणमंतीति पोग्गला परिणया, णो अपरिणया; से कहमेयं भंते ! एवं ?**

**गंगदत्ता ! ति समणे भगवं महावीरे गंगदत्तं देवं एवं वयासी– अहं पि णं गंगदत्ता! एवमाइक्खामि** *जाव* **परूवेमि– परिणममाणा पोग्गला** *जाव* **परिणया, णो अपरिणया; सच्चमेसे अट्ठे । तएणं से गंगदत्ते देवे समणस्स भगवओ महावीरस्स अंतियं एयमट्ठं सोच्चा णिसम्म हट्ठतुट्ठ समणं भगवं महावीरं वंदइ, णमंसइ, वंदित्ता णमंसित्ता णच्चासण्णे** *जाव* **पज्जुवासइ ।**

**ભાવાર્થ :–** જે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી, ગૌતમ સ્વામીને ઉપર્યુક્ત વાત કહી રહ્યા હતા, તે જ સમયે તે દેવ શીઘ્ર ત્યાં આવી પહોંચ્યા અને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને ત્રણ વાર પ્રદક્ષિણાપૂર્વક વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું–

**પ્રશ્ન–** હે ભગવન્ ! મહાશુક્ર કલ્પમાં મહાસામાન્ય વિમાનમાં ઉત્પન્ન થયેલા એક માયી મિથ્યાદષ્ટિ દેવે મને આ પ્રમાણે કહ્યું– પરિણમન પામતા પુદ્ગલ પરિણત કહેવાતા નથી પરંતુ અપરિણત કહેવાય છે કારણ કે તે પુદ્ગલ પરિણત થઈ રહ્યા છે. તેથી તે 'પરિણત' કહેવાતા નથી, તેના ઉત્તરમાં મેં તે માયી મિથ્યાદષ્ટિ દેવને આ પ્રમાણે કહ્યું– ''પરિણમન પામતા પુદ્ગલ પરિણત કહેવાય છે, અપરિણત નહીં; કારણ કે તે પુદ્ગલ પરિણત થઈ રહ્યા છે, તેથી તેને અપરિણત નહીં પરંતુ પરિણત કહેવાય છે'' હે ભગવન્! શું મારું કથન સત્ય છે ?

**ઉત્તર–** હે ગંગદત્ત ! આ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીરે ગંગદત્ત દેવને આ પ્રમાણે કહ્યું– હે ગંગદત્ત ! હું પણ આ જ પ્રકારે કહું છું ***યાવત્*** પ્રરૂપણા કરું છું કે પરિણમતા પુદ્ગલ પરિણત છે, અપરિણત નથી, આ અર્થ સત્ય છે. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનો ઉત્તર સાંભળીને અને અવધારણ કરીને ગંગદત્ત દેવ હૃષ્ટ-તુષ્ટ થયા. શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરીને ન અતિ દૂર, ન અતિ નજીક બેસીને ભગવાનની પર્યુપાસના કરવા લાગ્યા.

**૭ तएणं समणे भगवं महावीरे गंगदत्तस्स देवस्स तीसे य महइमहालियाए परिसाए धम्मं परिकहेइ** *जाव* **आराहए भवइ । तएणं से गंगदत्ते देवे समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठे उट्ठाए उट्ठेइ, उट्ठाए उट्ठित्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**अहं णं भंते ! गंगदत्ते देवे किं भवसिद्धिए, अभवसिद्धिए ?**

**गंगदत्ता ! तुमण्णं भवसिद्धिए णो अभवसिद्धिए । एवं जहा सूरियाभो** *जाव* **बत्तीसइविहं णट्टविहिं उवदंसेइ, उवदंसेत्ता** *जाव* **तामेव दिसं पडिगए ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ગંગદત્ત દેવ અને મહાન પરિષદને ધર્મકથા કહી, ***યાવત્*** જેને સાંભળીને જીવ આરાધક થાય છે. ગંગદત્ત દેવ, ભગવાન પાસેથી ધર્મ સાંભળીને, અવધારણ કરીને હૃષ્ટ-તુષ્ટ થયા અને ત્યાંથી ઊભા થઈને ભગવાનને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્! હું ગંગદત્ત દેવ ભવસિદ્ધિક છું કે અભવસિદ્ધિક ?

હે ગંગદત્ત ! તું ભવસિદ્ધિક છો, અભવસિદ્ધિક નથી. આ રીતે તું સમ્યગ્દષ્ટિ, પરિત્તસંસારી સુલભબોધિ, આરાધક અને ચરમ છો. ત્યાર પછી રાજપ્રશ્નીય સૂત્રના સૂર્યાભ દેવની જેમ ***યાવત્*** તે ગંગદત્ત દેવ બત્રીસ પ્રકારના નાટક બતાવીને જે દિશામાંથી આવ્યા હતા, તે દિશામાં ચાલ્યા ગયા.

**૮ भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं *जाव* एवं वयासी– गंगदत्तस्स णं भंते! देवस्स सा दिव्वा देविड्ढी दिव्वा देवज्जुई दिव्वे देवाणुभावे कहिं गए, कहिं अणुप्पविट्ठे?**

**गोयमा ! सरीरं गया, सरीरं अणुप्पविट्ठा । कूडागारसालादिट्ठंतो *जाव* सरीरं अणुप्पविट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એમ સંબોધન કરીને ભગવાન ગૌતમે ભગવાન મહાવીર સ્વામીને આ પ્રમાણે કહ્યું– તે ગંગદત્ત દેવની તે દિવ્ય દેવર્દ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવ પ્રભાવ ક્યાં ગયા ? ક્યાં પ્રવિષ્ટ થયા ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે દિવ્ય દેવર્દ્ધિ વગેરે ગંગદત્ત દેવના શરીરમાં ગઈ અને શરીરમાં જ અનુપ્રવિષ્ટ થઈ. અહીં કૂટાગારશાળાનું દષ્ટાંત સમજવું જોઈએ ***યાવત્*** શરીરમાં સમાષ્ટિ થયા.

**ગંગદત્ત દેવનો પૂર્વભવ : ગંગદત્ત ગાથાપતિ :–**

**૯ अहो णं भंते ! गंगदत्ते देवे महिड्ढिए *जाव* महासोक्खे । गंगदत्ते णं भंते ! देवेणं सा दिव्वा देविड्ढी, दिव्वा देवज्जुइ, दिव्वे देवाणुभावे किण्णा लद्धे *जाव* किण्णा अभिसमण्णागए ? पुव्वभवे के आसी किं णामए वा, किं वा गोत्तेणं ?**

**गोयमा ! त्ति समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी– एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहे वासे हत्थिणापुरे णामं णयरे होत्था, वण्णओ । सहसंबवणे उज्जाणे, वण्णओ । तत्थ णं हत्थिणापुरे णयरे गंगदत्ते णामं गाहावई परिवसइ, अड्ढे *जाव* अपरिभूए ।**

**तेणं कालेणं तेणं समएणं मुणिसुव्वए अरहा आइगरे *जाव* सव्वण्णू सव्वदरिसी आगासगएणं चक्केणं *जाव* पकड्ढिज्जमाणेणं पकड्ढिज्जमाणेणं सीसगणसंपरिवुडे पुव्वाणुपुव्विं चरमाणे *जाव* जेणेव सहसंबवणे उज्जाणे *जाव* विहरइ । परिसा णिग्गया *जाव* पज्जुवासइ। तएणं से गंगदत्ते गाहावइ इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठतुट्ठे ण्हाए *जाव* विभूसिय सरीरे साओ गिहाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता पायविहारचारेणं हत्थिणापुरं णयरं मज्झं मज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव सहसंबवणे उज्जाणे जेणेव मुणिसुव्वए अरहा**

**तेणेव उवागच्छइ, उवागच्छित्ता मुणिसुव्वयं अरहं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ** *जाव* **तिविहाए पज्जुवासणाए पज्जुवासइ ।**

**શબ્દાર્થ :– पकड्ढिज्जमाणेणं** = લહેરાવતા.

**ભાવાર્થ :– પ્રશ્ન–** ત્યાર પછી ગૌતમ સ્વામીએ આશ્ચર્યપૂર્વક કહ્યું– અહો ! ભગવન્ ! આ ગંગદત્ત દેવ મહર્દ્ધિક ***યાવત્*** મહાસુખી છે. હે ભગવન્ ! ગંગદત્ત દેવને તે દિવ્ય દેવર્દ્ધિ ***યાવત્*** કઈ રીતે પ્રાપ્ત થઈ, કઈ રીતે સ્વાધીન થઈ, કઈ રીતે સન્મુખ આવી છે ?

**ઉત્તર–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું– હે ગૌતમ ! તે કાલે, તે સમયે આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં હસ્તિનાપુર નામનું નગર હતું. ત્યાં સહસ્રામ્રવન નામનું ઉદ્યાન હતું. તે હસ્તિનાપુર નગરમાં ગંગદત્ત નામના ગાથાપતિ રહેતા હતા. તે સાધન સંપન્ન હતા. ***યાવત્*** અપરિભૂત (સ્વ સામર્થ્ય નિર્ભર) હતા. તે કાલે, તે સમયે ધર્મની આદિ કરનારા ***યાવત્*** સર્વજ્ઞ, સર્વદર્શી આકાશગત ચક્ર સહિત ***યાવત્*** દેવો દ્વારા ધર્મધ્વજ લહેરાવાતા, શિષ્ય સમુદાયથી પરિવૃત્ત થયેલા શ્રી મુનિસુવ્રત સ્વામી પૂર્વાનુપૂર્વી વિચરતાં અને ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ***યાવત્*** સહસ્રામ્રવન ઉદ્યાનમાં પધાર્યા; યથાયોગ્ય અવગ્રહ ગ્રહણ કરીને વિચરવા લાગ્યા. પરિષદ વંદન કરવા માટે આવી, ધર્મોપદેશ સાંભળીને પર્યુપાસના કરવા લાગી. ગંગદત્ત ગાથાપતિએ ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીના પદાર્પણની વાત સાંભળી. તે અતિ હર્ષિત અને સંતુષ્ટ થયા; સ્નાનાદિ કરીને શરીરને, અલંકૃત કરીને, પોતાના ઘેરથી પગપાળા નીકળ્યા અને હસ્તિનાપુર નગરની મધ્યમાં થઈને, સહસ્રામ્રવન ઉદ્યાનમાં શ્રી મુનિસુવ્રત સ્વામી પાસે આવીને ત્રણ વાર પ્રદક્ષિણાપૂર્વક વંદન નમસ્કાર કરીને, ત્રણ પ્રકારે પર્યુપાસના કરવા લાગ્યા.

**શ્રી મુનિસુવ્રત પ્રભુનો સમાગમ :–**

**૧૦ तएणं मुणिसुव्वए अरहा गंगदत्तस्स गाहावइस्स तीसे य महइ महालियाए परिसाए धम्मो कहिओ** *जाव* **परिसा पडिगया । तएणं से गंगदत्ते गाहावइ मुणिसुव्वयस्स अरहओ अंतियं धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठे उट्ठाए उट्ठेइ, उट्ठाए उट्ठित्ता मुणिसुव्वयं अरहं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– सद्दहामि णं भंते ! णिग्गंथं पावयणं** *जाव* **से जहेयं तुब्भे वयह, जं णवरं देवाणुप्पिया ! जेट्ठपुत्तं कुडुंबे ठावेमि, तएणं अहं देवाणुप्पियाणं अंतियं मुंडे भवित्ता** *जाव* **पव्वयामि । अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं ।**

**ભાવાર્થ :–** શ્રી મુનિસુવ્રત સ્વામીએ તે ગંગદત્ત ગાથાપતિને તથા તે મહાન પરિષદને ધર્મકથા કહી. પરિષદ પાછી ગઈ. ગંગદત્ત ગાથાપતિ શ્રી મુનિસુવ્રત સ્વામી પાસેથી ધર્મ સાંભળીને; અવધારણ કરીને હૃષ્ટ-તુષ્ટ થયા. તેણે ઊભા થઈને ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! હું નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા કરું છું ***યાવત્*** આપના ઉપદેશ પર વિશ્વાસ કરું છું. "હે ભગવન્! હું મારા જયેષ્ઠ પુત્રને કુટુંબનો ભાર સોંપીને આપ દેવાનુપ્રિયની સમીપે મુંડિત થઈને ***યાવત્*** પ્રવ્રજિત થવા ઈચ્છું છું." શ્રી મુનિસુવ્રત સ્વામીએ કહ્યું– હે દેવાનુપ્રિય ! જેમ આપને સુખ ઉપજે તેમ કરો. ધર્મકાર્યમાં વિલંબ ન કરો.

**૧૧ तएणं से गंगदत्ते गाहावई मुणिसुव्वएणं अरहया एवं वुत्ते समाणे हट्ठतुट्ठे मुणिसुव्वयं**

**अरहं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता मुणिसुव्वयस्स अरहओ अंतियाओ सहसंबवणाओ उज्जाणाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव हत्थिणापुरे णयरे जेणेव सए गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता विउलं असणं पाणं खाइमं खाइमं उवक्खडावेइ, उवक्खडावेत्ता मित्त-णाइ-णियग सयण-संबंधि-परियणं आमंतेइ, आमंतेत्ता तओ पच्छा ण्हाए जहा पूरणे** *जाव* **जेट्ठपुत्तं कुडुंबे ठावेइ ।**

**ભાવાર્થ :–** શ્રી મુનિસુવ્રત સ્વામીનું કથન સાંભળીને ગંગદત્ત ગાથાપતિ હૃષ્ટ-તુષ્ટ થયા અને ભગવાનને વંદન-નમસ્કાર કરીને, શ્રી મુનિસુવ્રત સ્વામી પાસેથી સહસ્રામ્રવન ઉદ્યાનમાંથી નીકળીને હસ્તિનાપુર નગરમાં પોતાને ઘેર આવ્યા; ઘેર આવીને વિપુલ અશન-પાન ખાદિમ અને સ્વાદિમ તૈયાર કરીને પોતાના મિત્ર, જ્ઞાતિ, સ્વજન આદિને નિમંત્રિત કર્યા, પછી સ્નાન કર્યુ, વગેરે દીક્ષાની પૂર્વ તૈયારીનું સંપૂર્ણ કથન શતક-૩/૨ માં વર્ણિત પૂરણ શેઠની સમાન જાણવું. ***યાવત્*** પોતાના મોટા પુત્રને કુટુંબમાં સ્થાપિત કર્યો.

**સંયમ તપની આરાધના :–**

**૧૨ तं मित्त-णाइ** *जाव* **जेट्ठपुत्तं च आपुच्छइ, आपुच्छित्ता पुरिससहस्सवाहिणिं सीयं दुरूहइ, दुरूहित्ता मित्त-णाइ-णियग** *जाव* **परिजणेणं जेट्ठपुत्तेणं य समणुगम्ममाणमग्गे सव्विड्ढीए** *जाव* **णाइयरवेणं हत्थिणापुरं मज्झमज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव सहसंबवणे उज्जाणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता छत्ताइए तित्थगराइसए पासइ । एवं जहा उदायणो** *जाव* **सयमेव आभरणे ओमुयइ ओमुयइत्ता सयमेव पंचमुट्ठियं लोयं करेइ, करेत्ता जेणेव मुणिसुव्वए अरहा एवं जहेव उदायणे तहेव पव्वइए; तहेव एक्कारस अंगाइं अहिज्जइ** *जाव* **मासियाए संलेहणाए अत्ताणं झूसेइ झूसेत्ता सट्ठिं भत्ताइं अणसणाए छेदेइ, छेदेत्ता आलोइय पडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा महासुक्के कप्पे महासामाणे विमाणे उववायसभाए देवसयणिज्जंसि** *जाव* **गंगदत्तदेवत्ताए उववण्णे । तएणं से गंगदत्ते देवे अहुणोववण्णमेत्तए समाणे पंचविहाए पज्जत्तीए पज्जत्तभावं गच्छइ तं जहा– आहारपज्जत्तीए** *जाव* **भासामणपज्जत्तीए । एवं खलु गोयमा ! गंगदत्तेणं देवेणं सा दिव्वा देविड्ढी** *जाव* **अभिसमण्णागया ।**

**ભાવાર્થ :–** પોતાના મિત્ર, જ્ઞાતિ, સ્વજન આદિ તથા જયેષ્ઠ પુત્રને પૂછીને, હજારો પુરુષો દ્વારા વહન કરવા યોગ્ય શિબિકામાં બેસીને, પોતાના મિત્ર, જ્ઞાતિ, સ્વજન આદિ પરિવાર દ્વારા તથા જયેષ્ઠ પુત્ર દ્વારા અનુસરણ કરાતા સર્વ ઋદ્ધિ સહિત વાજિંત્રના ઘોષપૂર્વક હસ્તિનાપુરની મધ્યમાં થઈને સહસ્રામ્રવન ઉદ્યાનની સમીપે આવતાં તીર્થંકર ભગવાનના છત્રાદિ અતિશય જોઈને નીચે ઉતર્યા; વગેરે શેષ સર્વ કથન શતક-૧૩/૬ માં કથિત ઉદાયન રાજાની સમાન જાણવું. ***યાવત્*** તેણે સ્વયમેવ આભૂષણ ઉતાર્યા, સ્વયમેવ પંચમુષ્ટિ લોચ કર્યો. ત્યાર પછી તેમણે શ્રી મુનિસુવ્રત સ્વામીની પાસે જઈને ઉદાયન રાજાની જેમ દીક્ષા ગ્રહણ કરી. તેમજ અગિયાર અંગનું અધ્યયન કર્યું ***યાવત્*** એક માસની સંલેખનાથી પોતાના કષાય અને કર્મોને કૃશ કર્યા; સાઠ ભક્ત અનશનનું છેદન કર્યું અને આલોચના-પ્રતિક્રમણ કરીને, સમાધિપૂર્વક કાલધર્મને પ્રાપ્ત કરીને, સાતમા મહાશુક્ર કલ્પમાં મહાસામાન્ય નામના વિમાનની ઉપપાત સભામાં, દેવ-શય્યામાં ***યાવત્***

ગંગદત્ત દેવપણે ઉત્પન્ન થયા. ત્યાર પછી તત્કાલ ઉત્પન્ન થયેલા તે ગંગદત્ત દેવ પાંચ પ્રકારની પર્યાપ્તિઓથી પર્યાપ્ત બન્યા. યથા– આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઈન્દ્રિય પર્યાપ્તિ, શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ અને ભાષા-મન પર્યાપ્તિ. હે ગૌતમ ! તે ગંગદત્ત દેવને તે દિવ્ય દેવર્દ્ધિ આ પમાણે પ્રાપ્ત થઈ છે.

**ગંગદત્ત દેવની સ્થિતિ અને ભાવિ :–**

**૧૩ गंगदत्तस्स णं भंते ! देवस्स केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! सत्तरस सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે ગંગદત્ત દેવની સ્થિતિ કેટલા કાલની છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ ૧૭ સાગરોપમની છે.

**૧૪ गंगदत्ते णं भंते ! देवे ताओ देवलोगाओ आउक्खएणं** *जाव* **कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! महाविदेहे वासे सिज्झिहिइ** *जाव* **अंतं काहिइ ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે ગંગદત્ત દેવ, ત્યાંનુ આયુષ્ય, ભવ અને સ્થિતિનો ક્ષય કરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને સિદ્ધ થશે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**॥ શતક ૧૬/૫ સંપૂર્ણ ॥**

# શતક-૧૬ : ઉદ્દેશક-૬

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં સ્વપ્ન સંબંધી વિસ્તૃત વિવેચન છે.

★ સુપ્ત-જાગૃત અવસ્થામાં એટલે અર્દ્ધનિદ્રાવસ્થામાં કોઈ પણ દશ્યો ચલચિત્રની જેમ દેખાય તેને **સ્વપ્ન** કહે છે. પૂર્ણ નિદ્રાવસ્થામાં કે પૂર્ણ જાગૃતાવસ્થામાં સ્વપ્ન આવતા નથી.

★ સ્વપ્ન પાંચ પ્રકારના હોય છે– (૧) યથાતથ્ય સ્વપ્ન (૨) પ્રતાન સ્વપ્ન (૩) ચિંતા સ્વપ્ન (૪) તદ્ વિપરીત સ્વપ્ન (૫) અવ્યક્ત સ્વપ્ન.

★ નિદ્રા અવસ્થા તે દ્રવ્યનિદ્રા અને અવિરતિની અવસ્થા તે ભાવનિદ્રા. બંને પ્રકારની નિદ્રાવાળા જીવો **સુપ્ત** કહેવાય છે.

★ નિદ્રાધીન ન બનવું તે **દ્રવ્ય જાગૃતિ.** વિરતિના ભાવમાં રહેવું તે **ભાવ જાગૃતિ** છે. બંને પ્રકારની જાગૃતિવાળા જીવો **જાગૃત** કહેવાય છે. પ્રસ્તુત ઉદ્દેશકમાં ભાવથી સુપ્ત-જાગૃતની વિચારણા ચોવીસ દંડકના આધારે કરી છે.

નારકી, દેવો, પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય જીવો અવિરત હોવાથી ભાવથી સુપ્ત છે. તિર્યંચ પંચેન્દ્રિયો અવિરત અને દેશ વિરત હોવાથી સુપ્ત અને સુપ્ત-જાગૃત છે. મનુષ્યો અવિરત, વિરત અને વિરતાવિરત એમ ત્રણે ય પ્રકારના હોવાથી સુપ્ત, જાગૃત અને સુપ્ત-જાગૃત છે.

★ જેણે કર્માશ્રવને પ્રાયઃ રોકી દીધો છે તેવા સંવૃત્ત(વિશિષ્ટ કોટિના સાધુ) સાધુ યથાતથ્ય સ્વપ્ન દેખે છે. અસંવૃત્ત અને સંવૃત્તાસંવૃત્ત વ્યક્તિને સત્ય અથવા અસત્ય બંને પ્રકારના સ્વપ્નો દેખાય છે.

★ સ્વપ્ન શાસ્ત્રાનુસાર સ્વપ્નના કુલ ૭૨ પ્રકાર છે. તેમાં ૪૨ સામાન્ય સ્વપ્ન છે અને ૩૦ મહાસ્વપ્ન છે. તીર્થંકર અને ચક્રવર્તીની માતા ૩૦ મહાસ્વપ્નોમાંથી તીર્થંકર કે ચક્રવર્તીના ગર્ભમાં આગમનના શુભ સંકેતરૂપે ચૌદ મહાસ્વપ્નો જુએ છે તેમજ વાસુદેવની માતા સાત, બલદેવની માતા ચાર અને માંડલિક રાજાની માતા કે મહા પુણ્યવાન આત્માની માતા એક મહાસ્વપ્ન જુએ છે.

★ પ્રભુ મહાવીરને છદ્મસ્થાવસ્થાની અંતિમ રાત્રિએ દશ યથાતથ્ય સ્વપ્નો આવ્યા હતા. તે દશ સ્વપ્નના ફળ સ્વરૂપે પ્રભુને બીજે જ દિવસે કેવળજ્ઞાન પ્રગટ થયું હતું.

★ કેટલાક સ્વપ્નોનું ફળ તે જ ભવે મોક્ષ પ્રાપ્તિરૂપ છે અને કેટલાક સ્વપ્નોનું ફળ એકાવતારી થવાનું છે.

★ સુગંધી પદાર્થ પાસેથી અનુકૂળ હવા પસાર થાય તો તેમાંથી ગંધના પુદ્ગલો વહે છે અને ફેલાય છે, પરંતુ સુગંધી પદાર્થ ગતિ કરતો નથી. તે તો પોતાના સ્થાને જ રહે છે.

❖❖❖❖❖

# શતક–૧૬ : ઉદ્દેશક–૬

## સ્વપ્નદર્શન

**સ્વપ્નદર્શનના પ્રકાર :–**

**१ कइविहे णं भंते ! सुविणदंसणे पण्णत्ते ? गोयमा ! पंचविहे सुविणदंसणे पण्णत्ते, तं जहा– अहातच्चे, पयाणे, चिंतासुविणे, तव्विवरीए, अवत्तदंसणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્વપ્નદર્શનના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સ્વપ્નદર્શનના પાંચ પ્રકાર છે. યથા– (૧) યથાતથ્ય સ્વપ્નદર્શન (૨) પ્રતાન સ્વપ્નદર્શન (૩) ચિન્તા સ્વપ્ન દર્શન (૪) તદ્વિપરીત સ્વપ્ન દર્શન (૫) અવ્યક્ત સ્વપ્ન દર્શન.

**વિવેચન :–**

**સ્વપ્ન :–** સુપ્ત-જાગૃત અવસ્થામાં ચલચિત્રની જેમ જે દશ્યો દેખાય છે, તેને સ્વપ્ન કહે છે.

**(૧) अहातच्चे :–** યથાતથ્ય સ્વપ્નદર્શન– સત્ય સ્વપ્ન જોવું તે યથાતથ્ય સ્વપ્નદર્શન કહેવાય. તેના બે પ્રકાર છે– (૧) સ્વપ્નમાં જોયેલા વિષય અનુસાર જાગૃત અવસ્થામાં ઘટિત થવું. જેમ કે સ્વપ્નમાં કોઈએ હાથમાં ફળ આપ્યું. તે પ્રકારના સ્વપ્નદર્શન પછી જાગૃતાવસ્થામાં પણ કોઈ હાથમાં ફળ આપે તે પ્રકારના સ્વપ્નદર્શનને **દષ્ટ અર્થ અવિસંવાદી યથાતથ્ય સ્વપ્ન** કહે છે. (૨) સ્વપ્ન અનુસાર ફળની પ્રાપ્તિ થાય જેમ કે સ્વપ્નમાં પોતાને હાથી આદિ પર બેઠેલા જોયા અને જાગૃત થયા પછી તે સ્વપ્નના ફળાનુસાર કાલાન્તરમાં તેને ધન સંપત્તિ આદિની પ્રાપ્તિ થાય તો તે **ફલ-અવિસંવાદી યથાતથ્ય સ્વપ્ન** કહેવાય છે.

**(૨) पयाणे :–** પ્રતાનનો અર્થ છે વિસ્તાર. વિસ્તારવાળું સ્વપ્નદર્શન પ્રતાન-સ્વપ્નદર્શન કહેવાય છે. આ પ્રકારનું સ્વપ્ન લાંબુ-લાંબુ થતું જાય છે. તે સત્ય પણ હોય છે અને અસત્ય પણ હોય છે.

**(૩) चिंतासुविणे :–** ચિન્તા સ્વપ્નદર્શન. જાગૃત અવસ્થામાં જે વસ્તુનું ચિંતન કર્યું હોય તે જ વિષયને સ્વપ્નમાં જોવું તેને ચિંતા સ્વપ્નદર્શન કહે છે.

**(૪) तव्विवरीए :–** તદ્વિપરીત સ્વપ્નદર્શન. સ્વપ્નમાં જે વસ્તુ જોઈ હોય, તેનાથી વિપરીત વસ્તુની પ્રાપ્તિ થવી તેને તદ્વિપરીત સ્વપ્નદર્શન કહે છે. જેમ કે સ્વપ્નમાં પોતાના શરીરને રુગ્ણ થતાં જોયું હોય પરંતુ જાગૃતાવસ્થામાં શરીરની પૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત થાય.

**(૫) अवत्तदंसणे :–** અવ્યક્ત સ્વપ્નદર્શન (૧) સ્વપ્નમાં જોયેલી વસ્તુનું અસ્પષ્ટ જ્ઞાન થવું તેને અવ્યક્ત સ્વપ્નદર્શન કહે છે. (૨) સ્વપ્ન અવસ્થામાં જોયેલા પદાર્થને જાગૃત થતાં ભૂલી જવું તે અવ્યક્ત સ્વપ્ન દર્શન છે.

**સ્વપ્નદર્શનની અવસ્થા :–**

**२ सुत्ते णं भंते ! सुविणं पासइ, जागरे सुविणं पासइ, सुत्तजागरे सुविणं पासइ ?**

**गोयमा ! णो सुत्ते सुविणं पासइ, णो जागरे सुविणं पासइ, सुत्तजागरे सुविणं पासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું સુપ્ત પ્રાણી સ્વપ્ન જુએ, જાગૃત પ્રાણી સ્વપ્ન જુએ કે સુપ્ત-જાગૃત પ્રાણી સ્વપ્ન જુએ ?

**ઉત્તર–** હે ગૌતમ ! સુપ્ત(પરિપૂર્ણ નિદ્રાધીન) પ્રાણી સ્વપ્ન જોતા નથી. જાગૃત પ્રાણી પણ સ્વપ્ન જોતા નથી પરંતુ સુપ્ત-જાગૃત(અર્ધ નિદ્રાવસ્થામાં) પ્રાણી સ્વપ્ન જુએ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સ્વપ્નદર્શનની અવસ્થા સંબંધી પ્રશ્ન દ્રવ્ય-નિદ્રાની અપેક્ષાએ સમજવા. દ્રવ્યનિદ્રાવસ્થામાં કે દ્રવ્યજાગૃતાવસ્થામાં સ્વપ્નદર્શન થતું નથી. પરંતુ દ્રવ્યસુપ્ત-જાગૃતાવસ્થામાં એટલે કે અર્ધ જાગૃત અવસ્થામાં જ સ્વપ્નદર્શન થાય છે. તાત્પર્ય એ છે કે ગાઢ નિદ્રામાં સ્વપ્ન આવતા નથી અને સ્વપ્ન આવે તે નિદ્રા ગાઢ નિદ્રા હોતી નથી પરંતુ અર્ધ નિદ્રાવસ્થા હોય છે.

**જીવોમાં સુપ્ત-જાગૃત આદિ નિરૂપણ :–**

**३ जीवा णं भंते ! किं सुत्ता, जागरा, सुत्तजागरा ? गोयमा ! जीवा सुत्ता वि, जागरा वि, सुत्तजागरा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવો સુપ્ત છે, જાગૃત છે કે સુપ્ત-જાગૃત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવો સુપ્ત પણ છે, જાગૃત પણ છે અને સુપ્ત જાગૃત પણ છે.

**४ णेरइया णं भंते ! किं सुत्ता, जागरा, सुत्तजागरा ? गोयमा ! णेरइया सुत्ता, णो जागरा, णो सुत्तजागरा । एवं *जाव* चउरिंदिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકો સુપ્ત છે, જાગૃત છે કે સુપ્ત જાગૃત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો સુપ્ત છે, જાગૃત નથી, સુપ્ત-જાગૃત પણ નથી. આ રીતે ***યાવત્*** ચૌરેન્દ્રિય જીવો સુધી કથન કરવું જોઈએ.

**५ पंचिंदिय तिरिक्खजोणिया णं भंते ! किं सुत्ता, जागरा, सुत्तजागरा ?**

**गोयमा ! सुत्ता, णो जागरा, सुत्तजागरा वि । मणुस्सा जहा जीवा । वाणमंतर-जोइसिय-वेमाणिया जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવો સુપ્ત છે, જાગૃત છે કે સુપ્ત જાગૃત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સુપ્ત છે, જાગૃત નથી અને સુપ્ત-જાગૃત છે. મનુષ્યના સંબંધમાં સામાન્ય જીવોની સમાન જાણવું જોઈએ. વાણવ્યંતર જ્યોતિષી અને વૈમાનિકોનું કથન નૈરયિકોની સમાન જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભાવથી સુપ્ત, જાગૃત અને સુપ્ત-જાગૃતની દૃષ્ટિએ નિરૂપણ છે.

સુપ્ત અને જાગૃતના બે-બે પ્રકાર છે– દ્રવ્યથી અને ભાવથી. નિદ્રાધીન થવું તે દ્રવ્યથી સુપ્તાવસ્થા છે અને વિરતિ-રહિત અવસ્થા તે ભાવથી સુપ્ત છે. જે જીવો અવિરત છે તે જીવો ભાવથી **સુપ્ત** છે. જે જીવો દેશવિરત છે તે ભાવથી **સુપ્ત-જાગૃત** છે અને જે જીવો સર્વવિરત છે તે ભાવથી **જાગૃત** છે.

**જીવોમાં–** (૧) સમુચ્ચય જીવમાં અને મનુષ્યોમાં ત્રણે ય અવસ્થા હોય છે, (૨) સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં સુપ્ત અને સુપ્ત-જાગૃત તે બે અવસ્થા હોય છે, (૩) શેષ ૨૨ દંડકના જીવોમાં અવિરત હોવાથી માત્ર એક ભાવ સુપ્ત અવસ્થા જ હોય છે.

**સંવૃત અસંવૃતમાં સ્વપ્નદર્શન :–**

**૬ संवुडे णं भंते ! सुविणं पासइ, असंवुडे सुविणं पासइ, संवुडासंवुडे सुविणं पासइ ? गोयमा ! संवुडे वि सुविणं पासइ, असंवुडे वि सुविणं पासइ, संवुडासंवुडे वि सुविणं पासइ । संवुडे सुविणं पासइ अहातच्चं पासइ । असंवुडे सुविणं पासइ तहा वा तं होज्जा, अण्णहा वा तं होज्जा । संवुडासंवुडे सुविणं पासइ एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંવૃત્ત જીવ સ્વપ્ન દેખે છે, અસંવૃત્ત જીવ સ્વપ્ન દેખે છે કે સંવૃત્તાસંવૃત્ત જીવ સ્વપ્ન દેખે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સંવૃત્ત જીવ પણ સ્વપ્ન દેખે છે, અસંવૃત્ત પણ સ્વપ્ન દેખે છે અને સંવૃત્તાસંવૃત્ત પણ સ્વપ્ન દેખે છે. સંવૃત્ત જીવ જો સ્વપ્ન દેખે તો તે યથાતથ્ય હોય છે. અસંવૃત્ત જીવ જો સ્વપ્ન દેખે તો તે સત્ય પણ હોય છે અને અસત્ય પણ હોય છે. સંવૃત્તા-સંવૃત્ત જીવ જો સ્વપ્ન દેખે તો તે અસંવૃત્તની સમાન સત્ય અને અસત્ય બંને પ્રકારના સ્વપ્ન દેખે છે.

**વિવેચન :–**

**સંવૃત્ત :–** જેણે સંપૂર્ણ પાપસ્થાનરૂપ આશ્રવદ્વારોનો નિરોધ કર્યો છે, તે સર્વવિરત શ્રમણોને સંવૃત્ત કહે છે.

**અસંવૃત્ત :–** જેણે પાપસ્થાનનો નિરોધ કર્યો નથી તેવા અવિરત જીવોને અસંવૃત્ત કહે છે.

**સંવૃત્તાસંવૃત્ત :–** જેણે આંશિકરૂપે પાપસ્થાનનો નિરોધ કર્યો છે તેવા દેશવિરત જીવોને સંવૃત્તાસંવૃત્ત કહે છે.

સંવૃત્ત અને જાગૃતમાં કેવળ શાબ્દિક અંતર છે, અર્થની અપેક્ષાએ સમાન છે. બોધની અપેક્ષાએ સર્વવિરતિયુક્ત મુનિ જાગૃત છે અને તે જ મુનિ સર્વ વિરતિની અપેક્ષાએ સંવૃત્ત કહેવાય છે. આ રીતે અસંવૃત્ત અને અવિરત તથા સંવૃત્તાસંવૃત્તમાં અને વિરતાવિરતમાં પણ અર્થની દષ્ટિએ કોઈ અંતર નથી. બંને પ્રકારના સૂત્રોમાં વિષયની દષ્ટિએ અંતર છે– (૧) સુપ્ત જાગૃતની પૃચ્છામાં માત્ર સુપ્ત-જાગૃત(અર્ધ નિદ્રાવસ્થાવાળા) જ સ્વપ્ન દેખે છે. (૨) જ્યારે સંવૃત-અસંવૃતની પૃચ્છામાં ત્રણે ય પ્રકારના જીવો સ્વપ્ન દેખે છે.

જ્યાં સુધી જીવને દર્શનાવરણીય કર્મનો ઉદય હોય છે ત્યાં સુધી જ સ્વપ્ન દર્શન થઈ શકે છે. દર્શનાવરણીય કર્મ રહિત કેવળી ભગવંતોને નિદ્રા કે સ્વપ્ન દર્શન હોતું નથી.

**૭ जीवा णं भंते ! किं संवुडा, असंवुडा, संवुडासंवुडा ? गोयमा ! जीवा संवुडा वि, असंवुडा वि, संवुडासंवुडा वि । एवं जहेव सुत्ताणं दंडओ तहेव भाणियव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવો સંવૃત્ત છે, અસંવૃત્ત છે કે સંવૃત્તાસંવૃત્ત છે ? **ઉત્તર–** હે ગૌતમ !

જીવો સંવૃત્ત પણ છે, અસંવૃત્ત પણ છે અને સંવૃત્તાસંવૃત્ત પણ છે. જે રીતે સુપ્ત જીવોનો દંડક(સૂત્રાલાપક) કહ્યો, તે જ રીતે સંવૃત્ત આદિના દંડકનું(સૂત્રસમૂહનું) કથન કરવું જોઈએ.

**વિશિષ્ટ સ્વપ્નોની સંખ્યા :–**

**૮ कइ णं भंते ! सुविणा पण्णत्ता ? गोयमा ! बायालीसं सुविणा पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્વપ્નના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સ્વપ્નના બેંતાલીશ પ્રકાર છે.

**૯ कइ णं भंते ! महासुविणा पण्णत्ता ? गोयमा ! तीसं महासुविणा पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહાસ્વપ્નના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! મહાસ્વપ્નના ત્રીસ પ્રકાર છે.

**૧૦ कइ णं भंते ! सव्वसुविणा पण्णत्ता ? गोयमा ! बावत्तरिं सव्वसुविणा पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ-સ્વપ્નના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વ સ્વપ્નના ૭૨ પ્રકાર છે.

**વિવેચન :–**

સ્વપ્નના અનેક હજારો, લાખો પ્રકાર થાય છે. તેમ છતાં પ્રસ્તુત સૂત્રોમાં વિશિષ્ટ ફળસૂચક સ્વપ્નોના ૪૨ પ્રકાર, મહત્તમ ફલ સૂચક સ્વપ્નોના ૩૦ પ્રકાર અને બંને મળીને ૭૨ પ્રકારના સ્વપ્નો કહ્યા છે. આ ૭૨ની સંખ્યા પણ સાપેક્ષ છે કારણ કે પ્રસ્તુત ઉદ્દેશકમાં જ ભગવાન મહાવીરના દશ સ્વપ્નો અને અન્ય અનેક મોક્ષ પ્રદાયક સ્વપ્નોનું કથન છે, તે આ ૭૨ સ્વપ્નોથી ભિન્ન છે.

**ઉત્તમ પુરુષોની માતાના સ્વપ્ન :–**

**૧૧ तित्थयरमायरो णं भंते ! तित्थयरंसि गब्भं वक्कममाणंसि कइ महासुविणे पासित्ता णं पडिबुज्झंति ?**

**गोयमा ! तित्थयरमायरो णं तित्थयरंसि गब्भं वक्कममाणंसि एएसिं तीसाए महासुविणाणं इमे चोद्दस महासुविणे पासित्ता णं पडिबुज्झंति, तं जहा– गय उसभ सीह *जाव* सिहिं च ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તીર્થંકરનો જીવ જ્યારે ગર્ભમાં આવે છે, ત્યારે તીર્થંકરની માતાઓ કેટલા મહાસ્વપ્નો જોઈને જાગૃત થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્યારે તીર્થંકરનો જીવ ગર્ભમાં આવે છે, ત્યારે તીર્થંકરની માતાઓ ઉપરોક્ત ત્રીસ મહાસ્વપ્નોમાંથી ચૌદ મહાસ્વપ્નો જોઈને જાગૃત થાય છે. યથા– ગજ, વૃષભ, સિંહ ***યાવત્*** અગ્નિ.

**૧૨ चक्कवट्टिमायरो णं भंते ! चक्कवट्टिंसि गब्भं वक्कममाणंसि कइ महासुविणे पासित्ता णं पडिबुज्झंति ?**

**गोयमा ! चक्कवट्टिमायरो चक्कवट्टिंसि गब्भं वक्कममाणंसि एएसिं तीसाए**

**महासुविणाणं, एवं जहा तित्थयरमायरो *जाव* सिहिं च ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચક્રવર્તીનો જીવ જ્યારે ગર્ભમાં આવે છે, ત્યારે ચક્રવર્તીની માતાઓ કેટલા મહાસ્વપ્નો જોઈને જાગૃત થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ચક્રવર્તીનો જીવ ગર્ભમાં આવે છે, ત્યારે ચક્રવર્તીની માતાઓ પૂર્વોક્ત ત્રીસ મહાસ્વપ્નોમાંથી તીર્થંકરની માતાની જેમ ચૌદ મહાસ્વપ્નો જોઈને જાગૃત થાય છે. યથા– ગજ ***યાવત્*** અગ્નિ.

**१३ वासुदेवमायरो णं पुच्छा ? गोयमा ! वासुदेवमायरो वासुदेवस्स गब्भं वक्कममाणंसि एएसिं चोद्दसण्हं महासुविणाणं अण्णयरे सत्त महासुविणे पासित्ता णं पडिबुज्झंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાસુદેવની માતાને કેટલા સ્વપ્ન આવે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વાસુદેવનો જીવ જ્યારે ગર્ભમાં આવે છે, ત્યારે તેની માતાઓ આ ચૌદ મહાસ્વપ્નોમાંથી કોઈ પણ સાત મહાસ્વપ્નો જોઈને જાગૃત થાય છે.

**१४ बलदेवमायरो णं पुच्छा ? गोयमा ! बलदेवमायरो *जाव* एएसिं चोद्दसण्हं महासुविणाणं अण्णयरे चत्तारि महासुविणे पासित्ता णं पडिबुज्झंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બલદેવની માતાને કેટલા સ્વપ્ન આવે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બલદેવની માતાઓ, ***યાવત્*** આ ચૌદ મહાસ્વપ્નોમાંથી કોઈ પણ ચાર મહાસ્વપ્નો જોઈને જાગૃત થાય છે.

**१५ मंडलियमायरो णं भंते ! पुच्छा ? गोयमा ! मंडलियमायरो *जाव* एएसिं चोद्दसण्हं महासुविणाणं अण्णयरं एगं महासुविणं *जाव* पडिबुज्झंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! માંડલિક રાજાની માતાને કેટલા સ્વપ્ન આવે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! માંડલિક રાજાની માતાઓ ***યાવત્*** આ ચૌદ મહાસ્વપ્નોમાંથી કોઈ પણ એક મહાસ્વપ્નને જોઈને જાગૃત થાય છે.

**વિવેચન :–**

**મહાસ્વપ્ન–** જે સ્વપ્ન મહાન ફળ, વિશેષ ફળ કે વિલક્ષણ ફળ આપે છે, તેને મહાસ્વપ્ન કહે છે.

તીર્થંકર, ચક્રવર્તી આદિ ઉત્તમ પુરુષો જ્યારે ગર્ભમાં આવે છે, ત્યારે તેના આગમનના શુભ સંકેતરૂપ તેની માતાઓ ઉત્તમ સ્વપ્નદર્શન કરે છે. તેમાં તીર્થંકરની માતા અને ચક્રવર્તીની માતા ૧૪ સ્વપ્નો જોઈને જાગૃત થાય છે. પ્રસ્તુતમાં ૧૪ સ્વપ્નનું સંક્ષિપ્ત પાઠ છે. શતક ૧૧/૧૧માં મહાબલના વર્ણનમાં ૧૪ સ્વપ્નનું સ્પષ્ટ ઉલ્લેખ છે તે આ પ્રમાણે છે– (૧) ગજ (૨) વૃષભ (૩) સિંહ (૪) અભિષેક કરેલી લક્ષ્મી (૫) પુષ્પમાળા (૬) ચંદ્ર (૭) સૂર્ય (૮) ધ્વજા (૯) કુંભ (૧૦) પદ્મસરોવર (૧૧) ક્ષીર સમુદ્ર (૧૨) દેવવિમાન (૧૩) રત્નરાશિ (૧૪) અગ્નિશિખા.

જ્યારે તીર્થંકર કે ચક્રવર્તીનો જીવ નરકમાંથી નીકળીને આવે છે ત્યારે તેની માતા બારમા સ્વપ્નમાં 'ભવન' જુએ છે અને જ્યારે તે જીવ દેવલોકમાંથી આવે છે ત્યારે 'વિમાન' જુએ છે. વાસુદેવની માતા સાત, બલદેવની માતા ચાર અને માંડલિક રાજાની માતા એક ઉત્તમ સ્વપ્નદર્શન કરે છે. તીર્થંકરની માતા અત્યંત સ્પષ્ટ અને ચક્રવર્તીની માતા કંઈક અસ્પષ્ટ(ઝાંખા) સ્વપ્ન જુએ છે.

**ભગવાન મહાવીરના દશ સ્વપ્ન :–**

**૧૬** **समणे भगवं महावीरे छउमत्थकालियाए अंतिमराइयंसि इमे दस महासुविणे पासित्ता णं पडिबुद्धे, तं जहा– एगं च णं महं घोररूवदित्तधरं तालपिसायं सुविणे पराजियं पासित्ता णं पडिबुद्धे । एगं च णं महं सुक्किलपक्खगं पुंसकोइलं सुविणे पासित्ता णं पडिबुद्धे । एगं च णं महं चित्तविचित्तपक्खगं पुंसकोइलगं सुविणे पासित्ता णं पडिबुद्धे। एगं च णं महं दामदुगं सव्वरयणामयं सुविणे पासित्ता णं पडिबुद्धे । एगं च णं महं सेयं गोवग्गं सुविणे पासित्ता णं पडिबुद्धे। एगं च णं महं पउमसरं सव्वओ समंता कुसुमियं सुविणे पासित्ता णं पडिबुद्धे । एगं च णं महं सागरं उम्मी-वीयी-सहस्स-कलियं भुयाहिं तिण्णं सुविणे पासित्ता णं पडिबुद्धे । एगं च णं महं दिणयरं तेयसा जलंतं सुविणे पासित्ता णं पडिबुद्धे । एगं च णं महं हरि-वेरुलिय-वण्णाभेणं णियगेणं अंतेणं माणुसुत्तरं पव्वयं सव्वओ समंता आवेढियं परिवेढियं सुविणे पासित्ता णं पडिबुद्धे । एगं च णं महं मंदरे पव्वए मंदरचूलियाए उवरिं सीहासण-वरगयं अप्पाणं सुविणे पासित्ता णं पडिबुद्धे ।**

**શબ્દાર્થ :–** **तालपिसायं** = તાલ વૃક્ષની સમાન લાંબો પિશાચ **सुक्किलपक्खगं** = સફેદ પાંખવાળા **दाम-दुगं** = માળા-યુગલ **सेयं** = શ્વેત **उम्मीवीयीसहस्स-कलियं** = હજારો મોજાઓ અને લહેરોથી વ્યાપ્ત **आवेढियं** = આવેષ્ઠિત **परिवेढियं** = પરિવેષ્ઠિત **अंतेण** = આંતરડાથી **हरिवेरुलियवण्णाभेणं** = હરિત-નીલ વૈડુર્ય મણિના વર્ણની સમાન **चाउवण्णाइण्णे समणसंघे** = ચાર વર્ણો(ક્ષત્રિયાદિ)થી યુક્ત શ્રમણસંઘ, ચતુર્વિધ સંઘ **उग्घाइए** = નષ્ટ કર્યા **ओराला** = ઉદાર, મહાન, વિશાળ.

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પોતાની છદ્મસ્થાવસ્થાની અંતિમ રાત્રિમાં આ દશ મહાસ્વપ્નોને જોઈને જાગૃત થયા. યથા– (૧) એક મહાન ભયંકર અને તેજસ્વી રૂપવાળા, તાડવૃક્ષની સમાન ઊંચા પિશાચને પરાજિત કર્યો. આ પ્રકારનું સ્વપ્ન જોઈને જાગૃત થયા. (ર) સ્વપ્નમાં એક મહાન શ્વેત પાંખવાળા પુંસ્કોકિલ(નર જાતિના કોયલ) ને જોઈને જાગૃત થયા. (૩) સ્વપ્નમાં એક મહાન ચિત્ર-વિચિત્ર પાંખવાળા પુંસ્કોકિલને જોઈને જાગૃત થયા. (૪) સ્વપ્નમાં એક મહાન સર્વરત્નમય માળાયુગલને જોઈને જાગૃત થયા. (૫) સ્વપ્નમાં શ્વેતવર્ણના એક મહાન ગોવર્ગને-ગાયોના સમૂહને જોઈને જાગૃત થયા. (૬) સ્વપ્નમાં ચારે તરફથી પુષ્પિત એક પદ્મસરોવર જોઈને જાગૃત થયા. (૭) સ્વપ્નમાં હજારો મોજાઓ અને લહેરોથી વ્યાપ્ત એક મહાસાગરને પોતાની ભુજાઓથી તરતા જોઈને જાગૃત થયા. (૮) સ્વપ્નમાં જાજ્વલ્યમાન તેજસ્વી મહાન સૂર્યને જોઈને જાગૃત થયા. (૯) સ્વપ્નમાં મહાન માનુષોત્તર પર્વતને નીલ વૈડુર્યમણિની સમાન પોતાના આંતરડાથી ચારે તરફ વીંટળાયેલો જોઈને જાગૃત થયા. (૧૦) સ્વપ્નમાં મહાન મેરુપર્વતની ચૂલિકા પર શ્રેષ્ઠ સિંહાસન પર સ્વયંને બેઠેલા જોઈને જાગૃત થયા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ભગવાન મહાવીરે છદ્મસ્થાવસ્થાની અંતિમ રાત્રિએ જોયેલા દશ સ્વપ્નોનું કથન છે. જે ભાવાર્થથી સ્પષ્ટ છે.

**छउमत्थकालियाए अंतिमराइयंसि :–** તેના બે પ્રકારે અર્થ થાય છે. યથા– (૧) છદ્મસ્થાવસ્થાની અંતિમ રાત્રિએ અર્થાત્ જે રાત્રિએ આ સ્વપ્નો જોયા હતા, ત્યાર પછીના દિવસે જ ભગવાન છદ્મસ્થાવસ્થાથી નિવૃત્ત થઈને કેવળજ્ઞાની થયા હતા. (૨) છદ્મસ્થાવસ્થાની રાત્રિના અંતિમ ભાગ(પાછલા પ્રહર)માં. બંને અર્થોનો ભાવ એક જ છે. શુભ સ્વપ્નોનું દર્શન રાત્રિના અંતિમ પ્રહરમાં જ થાય છે. મહાવીર પ્રભુને છદ્મસ્થ કાલની અંતિમ રાત્રિના અંતિમ પ્રહરમાં આ શુભ સ્વપ્નો આવ્યા હતા તેમ સમજવું જોઈએ.

**દશ સ્વપ્નના ફળ :–**

**१७ जण्णं समणं भगवं महावीरे एगं महं घोररूवदित्तधरं तालपिसायं सुविणे पराजियं** *जाव* **पडिबुद्धे, तण्णं समणेणं भगवया महावीरेणं मोहणिज्जे कम्मे मूलाओ उग्घाइए । जण्णं समणे भगवं महावीरे एगं महं सुकिल्ल** *जाव* **पडिबुद्धे, तण्णं समणे भगवं महावीरे सुक्कज्झाणोवगए विहरइ । जण्णं समणे भगवं महावीरे एगं महं चित्तविचित्त** *जाव* **पडिबुद्धे, तण्णं समणे भगवं महावीरे विचित्तं ससमय-परसमइयं दुवालसंगं गणिपिडगं आघवेइ, पण्णवेइ, परूवेइ, दंसेइ, णिदंसेइ, उवदंसेइ; तं जहा– आयारं, सूयगडं** *जाव* **दिट्ठिवायं । जण्णं समणे भगवं महावीरे एगं महं दामदुगं सव्वरयणामयं सुविणे पासित्ता णं पडिबुद्धे, तण्णं समणे भगवं महावीरे दुविहे धम्मे पण्णवेइ, तं जहा– अगारधम्मं वा अणगारधम्मं वा । जण्णं समणे भगवं महावीरे एगं महं सेयं गोवग्गं** *जाव* **पडिबुद्धे, तण्णं समणस्स भगवओ महावीरस्स चाउव्वण्णाइण्णे समणसंघे; तं जहा– समणा, समणीओ, सावया, सावियाओ ।**

**जण्णं समणे भगवं महावीरे एगं महं पउमसरं** *जाव* **पडिबुद्धे तण्णं समणे भगवं महावीरे चउव्विहे देवे पण्णवेइ; तं जहा– भवणवासी, वाणमंतरे, जोइसिए वेमाणिए । जण्णं समणे भगवं महावीरे एगं महं सागरं** *जाव* **पडिबुद्धे, तण्णं समणेणं भगवया महावीरेणं अणादीए अणवदग्गे** *जाव* **संसारकंतारे तिण्णे । जण्णं समणे भगवं महावीरे एगं महं दिणयरं** *जाव* **पडिबुद्धे, तण्णं समणस्स भगवओ महावीरस्स अणंते अणुत्तरे** *जाव* **केवलवरणाणदंसणे समुप्पण्णे । जण्णं समणे** *जाव* **वीरे एगं महं हरिवेरुलिय** *जाव* **पडिबुद्धे, तण्णं समणस्स भगवओ महावीरस्स ओराला कित्ति-वण्ण-सद्द-सिलोया सदेवमणुयासुरे लोए परिभमंति– 'इति खलु समणे भगवं महावीरे, 'इति खलु समणे भगवं महावीरे । जण्णं समणे भगवं महावीरे मंदरे पव्वए मंदरचूलियाए** *जाव* **पडिबुद्धे, तण्णं समणे भगवं महावीरे सदेवमणुयासुराए परिसाए मज्झगए केवलीपण्णत्तं धम्मं आघवेइ** *जाव* **उवदंसेइ ।**

**ભાવાર્થ :–** (૧) પ્રથમ સ્વપ્નમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ એક મહાન, ભયંકર અને તેજસ્વીરૂપવાળા, તાડવૃક્ષની સમાન ઊંચા પિશાચને પરાજિત કર્યો; તેનું ફળ એ છે કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ મોહનીય કર્મને સમૂલ નષ્ટ કર્યું.

(૨) બીજા સ્વપ્નમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી એક મહાન, શ્વેત પાંખવાળા પુંસ્કોકિલને જોઈને જાગૃત થયા; તેનું ફળ એ છે કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી શુક્લધ્યાન પ્રાપ્ત કરીને વિચર્યા.

(૩) ત્રીજા સ્વપ્નમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી એક મહાન ચિત્ર-વિચિત્ર પાંખવાળા પુંસ્કોકિલને જોઈને જાગૃત થયા; તેનું ફળ એ છે કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ વિચિત્ર એટલે સ્વસમય અને પરસમયના વિવિધ વિચાર યુક્ત દ્વાદશાંગ ગણિપિટકનું(બાર અંગસૂત્રોનું) કથન કર્યું, વિશેષ કથન કર્યું, પ્રરૂપિત કર્યું, બતાવ્યું, નિદર્શન કર્યું, ઉપદર્શન કર્યું. યથા– આચારાંગ, સૂયગડાંગ ***યાવત્*** દૃષ્ટિવાદ.

(૪) ચોથા સ્વપ્નમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી એક મહાન સર્વરત્નમય માળા યુગલને જોઈને જાગૃત થયા; તેનું ફળ એ છે કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ બે પ્રકારનો ધર્મ કહ્યો. યથા– આગાર ધર્મ અને અણગાર ધર્મ.

(૫) પાંચમા સ્વપ્નમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી શ્વેતવર્ણના, એક મહાન ગોવર્ગને જોઈને જાગૃત થયા; તેનું ફળ એ છે કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનો ચાર પ્રકારનો સંઘ થયો, યથા– સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા.

(૬) છઠ્ઠા સ્વપ્નમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ એક પુષ્પિત થયેલું વિશાળ પદ્મસરોવર જોયું; તેનું ફળ એ છે કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ભવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક આ ચાર પ્રકારના દેવોનું કથન કર્યું.

(૭) સાતમા સ્વપ્નમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ હજારો મોજાઓ અને લહેરોથી વ્યાપ્ત એક મહાસાગરને પોતાની ભૂજાઓથી તરતા જોયો; તેનું ફળ એ છે કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી અનાદિ અનંત ચાર ગતિરૂપ સંસાર કાન્તાર(અટવી)ને પાર કરી ગયા.

(૮) આઠમા સ્વપ્નમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી, તેજથી જાજ્વલ્યમાન એક મહાન સૂર્યને જોઈને જાગૃત થયા; તેનું ફળ એ છે કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને અનંત, અનુત્તર, નિરાવરણ, નિર્વ્યાઘાત, સમગ્ર અને પ્રતિપૂર્ણ કેવળજ્ઞાન-કેવળદર્શન ઉત્પન્ન થયું.

(૯) નવમા સ્વપ્નમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ એક મહાન માનુષોત્તર પર્વતને નીલ વૈડુર્ય મણિની સમાન પોતાના આંતરડાથી ચારે તરફ વીંટળાયેલો જોયો; તેનું ફળ એ છે કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની વિશાળ કીર્તિ, સ્તુતિ, સન્માન અને યશ દેવલોક, મનુષ્યલોક અને અસુરલોકમાં વ્યાપ્ત થયો.

(૧૦) દશમા સ્વપ્નમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ મેરુ પર્વતની ચૂલિકા પર સ્થિત સિંહાસન પર પોતાને બેઠેલા જોયા તેનું ફળ એ છે કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ કેવળજ્ઞાની થઈને દેવ, મનુષ્ય અને અસુરોથી યુક્ત પરિષદમાં કેવળીપ્રરૂપિત ધર્મનું કથન કર્યું. ***યાવત્*** તત્ત્વોને સ્પષ્ટ રીતે સમજાવ્યા.

**મોક્ષ ફળદાયક સ્વપ્ન :–**

**१८ इत्थी वा पुरिसे वा सुविणंते एगं महं हयपंतिं वा गयपंतिं वा *जाव* वसभपंतिं वा पासमाणे पासइ, दुरुहमाणे दुरुहइ, दुरूढमिति अप्पाणं मण्णइ, तक्खणामेव बुज्जइ, तेणेव भवग्गहणेणं सिज्झइ *जाव* अंतं करेइ ।**

**ભાવાર્થ :–** કોઈ સ્ત્રી અથવા પુરુષ , સ્વપ્નના અંતે એક મહાન અશ્વ પંક્તિ, ગજ પંક્તિ ***યાવત્*** વૃષભ

પંક્તિ જુએ અને તેના પર ચઢે, તથા પોતાને તેના પર ચઢેલો અનુભવે. આ પ્રકારના સ્વપ્નને જોઈ તરત જ જાગૃત થાય, તો તે વ્યક્તિ તે જ ભવમાં સિદ્ધ થાય છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે.

**૧૯ इत्थी वा पुरिसे वा सुविणंते एगं महं दामिणिं पाईणपडिणायए दुहओ समुद्दे पुट्ठं पासमाणे पासइ, संवेल्लेमाणे संवेल्लेइ, संवेल्लियमिति अप्पाणं मण्णइ, तक्खणामेव बुज्झइ, तेणेव भवग्गहणेणं** *जाव* **अंतं करेइ ।**

**શબ્દાર્થ :– दामिणिं** = રસ્સી **संवेल्लेइ** = હાથથી સમેટે, ભેગી કરે.

**ભાવાર્થ :–** કોઈ સ્ત્રી અથવા પુરુષ, સ્વપ્નના અંતે સમુદ્રના પૂર્વથી પશ્ચિમ કિનારા સુધી વિસ્તૃત એક મોટી દોરીને જુએ અને તેને પોતાના હાથે સમેટે, પછી અનુભવ કરે કે ''મેં દોરીને સમેટી લીધી છે,'' આ પ્રકારનું સ્વપ્ન જોઈને શીઘ્ર જાગૃત થાય તો, તે વ્યક્તિ તે જ ભવમાં સિદ્ધ થાય છે ***યાવત્*** સમસ્ત દુઃખોનો અંત કરે છે.

**૨૦ इत्थी वा पुरिसे वा एगं महं रज्जुं पाईणपडिणायतं दुहओ लोगंते पुट्ठे पासमाणे पासइ, छिंदमाणे छिंदइ, छिण्णमिति अप्पाणं मण्णइ, तक्खणामेव** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :–** કોઈ સ્ત્રી અથવા પુરુષ સ્વપ્નના અંતે બંને તરફ લોકાન્તે સ્પર્શેલું તથા પૂર્વ-પશ્ચિમ લાંબુ એક મોટું દોરડું જુએ અને તેને કાપી નાંખે તથા પોતે કાપી નાંખ્યું છે તેવું અનુભવે. આ પ્રકારનું સ્વપ્ન જોઈને શીઘ્ર જાગૃત થાય, તો તે વ્યક્તિ તે જ ભવમાં સિદ્ધ થાય છે ***યાવત્*** સમસ્ત દુઃખોનો અંત કરે છે.

**૨૧ इत्थी वा पुरिसे वा सुविणंते एगं महं किण्हसुत्तगं वा** *जाव* **सुक्किलसुत्तगं वा पासमाणे पासइ, उग्गोवेमाणे उग्गोवेइ, उग्गोवियमिति अप्पाणं मण्णइ, तक्खणामेव** *जाव* **अंतं करेइ ।**

**શબ્દાર્થ :– उग्गोवेइ** = ગૂંચ ઉકેલવી.

**ભાવાર્થ :–** કોઈ સ્ત્રી અથવા પુરુષ, સ્વપ્નના અંતે એક મહાન કાળા સૂતરના ***યાવત્*** શ્વેત સૂતરના ગૂંચવાયેલા દડાની ગૂંચને ઉકેલે અને 'મેં તેની ગૂંચ કાઢી,' તે પ્રમાણે અનુભવે. આ પ્રકારનું સ્વપ્ન જોઈને જાગૃત થાય, તો તે વ્યક્તિ તે જ ભવમાં સિદ્ધ થાય છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે.

**૨૨ इत्थी वा पुरिसे वा सुविणंते एगं महं अयरासिं वा तंबरासिं वा तउयरासिं वा सीसगरासिं वा पासमाणे पासइ, दुरूहमाणे दुरूहइ, दुरूढमिति अप्पाणं मण्णइ, तक्खणामेव बुज्झइ, दोच्चे भवग्गहणे सिज्झइ** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :–** કોઈ સ્ત્રી અથવા પુરુષ સ્વપ્નના અંતે એક મહાન લોખંડનો ઢગલો, તાંબાનો ઢગલો, કથીરનો ઢગલો અને શીશાનો ઢગલો જુએ અને તેના પર ચઢે તથા પોતાને તેના પર ચઢેલો અનુભવે. આ પ્રકારના સ્વપ્નને જોઈને શીઘ્ર જાગૃત થાય, તો તે બીજા ભવમાં સિદ્ધ થાય છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે.

**૨૩ इत्थी वा पुरिसे वा सुविणंते एगं महं हिरण्णरासिं वा सुवण्णरासिं वा रयणरासिं वा वइररासिं वा पासमाणे पासइ, दुरूहमाणे दुरूहइ, दुरूढमिति अप्पाणं मण्णइ,**

**तक्खणामेव बुज्झइ, तेणेव भवग्गहणेणं सिज्झइ** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :–** કોઈ સ્ત્રી અથવા પુરુષ સ્વપ્નના અંતે એક મહાન હિરણ્યરાશિ, સુવર્ણરાશિ, રત્નરાશિ અને વજ્ર રાશિ જુએ અને તેના પર ચઢે તથા પોતાને તેના પર ચઢેલો માને. આ પ્રકારનું સ્વપ્ન જોઈને શીઘ્ર જાગૃત થાય, તો તે(વ્યક્તિ) તે જ ભવમાં સિદ્ધ થાય છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે.

**૨૪ इत्थी वा पुरिसे वा सुविणंते एगं महं तणरासिं वा जहा तेयणिसग्गे** *जाव* **अवकररासिं वा पासमाणे पासइ, विक्खिरमाणे विक्खिरइ, विक्खिणमिति अप्पाणं मण्णइ, तक्खणामेव बुज्झइ, तेणेव भवग्गहणेणं** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :–** કોઈ સ્ત્રી અથવા પુરુષ, સ્વપ્નના અંતે એક મહાન તૃણરાશિ ***યાવત્*** કચરાની રાશિ જુએ અને તે વિખેરી નાંખે તથા મેં વિખેરી નાંખી છે, તેમ માને; આ પ્રકારનું સ્વપ્ન જોઈને શીઘ્ર જાગૃત થાય, તો તે વ્યક્તિ તે જ ભવમાં સિદ્ધ થાય છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે. [અહીં અનેક પ્રકારની રાશિ(ઢગલા)ના નામ માટે ***શતક-૧૫ તેજોનિસર્ગ(ગોશાલકના) વર્ણનનું*** સૂચન છે.]

**૨૫ इत्थी वा पुरिसे वा सुविणंते एगं महं सरथंभं वा वीरणथंभं वा वंसीमूलथंभं वा वल्लीमूलथंभं वा पासमाणे पासइ, उम्मूलेमाणे उम्मूलेइ, उम्मूलियमिति अप्पाणं मण्णइ, तक्खणामेव बुज्झइ, तेणेव भवग्गहणेणं** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :–** કોઈ સ્ત્રી અથવા પુરુષ સ્વપ્નના અંતે એક મહાન સર-સ્તંભ, વીરણ-સ્તંભ, વાંસનામૂલનો સ્તંભ અને વલ્લિમૂલ– વેલના મૂળના સ્તંભને જુએ અને તેને જડમૂળથી ઉખેડીને ફેંકી દે તથા 'મેં તેને ઉખેડીને ફેંકી દીધો છે,' તેમ અનુભવે. આ પ્રકારના સ્વપ્નને જોઈને શીઘ્ર જાગૃત થાય, તો તે વ્યક્તિ તે જ ભવમાં સિદ્ધ થાય છે ***યાવત્*** સમસ્ત દુઃખનો અંત કરે છે.

**૨૬ इत्थी वा पुरिसे वा सुविणंते एगं महं खीरकुंभं वा दधिकुंभं वा घयकुंभं वा महुकुंभं वा पासमाणे पासइ, उप्पाडेमाणे उप्पाडेइ, उप्पाडियमिति अप्पाणं मण्णइ, तक्खणामेव बुज्झइ, तेणेव भवग्गहणेणं** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :–** કોઈ સ્ત્રી અથવા પુરુષ સ્વપ્નના અંતે એક મહાન ક્ષીર-કુંભ, દહીંનો કુંભ, ઘીનો કુંભ અને મધનો કુંભ જુએ અને તેને ઉપાડે તથા 'મેં તેને ઉપાડયો,' તેમ અનુભવે. આ પ્રકારનું સ્વપ્ન જોઈને શીઘ્ર જાગૃત થાય, તો તે વ્યક્તિ તે જ ભવમાં મોક્ષે જાય છે ***યાવત્*** સમસ્ત દુઃખોનો અંત કરે છે.

**૨૭ इत्थी वा पुरिसे वा सुविणंते एगं महं सुरावियडकुंभं वा सोवीरवियडकुंभं वा तेल्लकुंभं वा वसाकुंभं वा पासमाणे पासइ, भिंदमाणे भिंदइ, भिण्णमिति अप्पाणं मण्णइ, तक्खणामेव बुज्झइ, दोच्चेणं भवग्गहणेणं** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :–** કોઈ સ્ત્રી અથવા પુરુષ સ્વપ્નના અંતે એક મદિરાનો મોટો કુંભ, સૌવીર(કાંજી)નો કુંભ, તેલકુંભ, ચરબીનો કુંભ જુએ અને તેને ફોડી નાંખે, તથા 'મેં તેને ફોડી નાંખ્યો,' તેમ અનુભવે. આ પ્રકારનું સ્વપ્ન જોઈને જાગૃત થાય, તો તે બીજા ભવમાં મોક્ષે જાય છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે.

**૨૮ इत्थी वा पुरिसे वा सुविणंते एगं महं पउमसर-कुसुमियं पासमाणे पासइ, ओगाहमाणे**

**ओगाहइ, ओगाढमिति अप्पाणं मण्णइ; तक्खणामेव बुज्झइ, तेणेव भवग्गहणेणं** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :–** કોઈ સ્ત્રી અથવા પુરુષ, સ્વપ્નના અંતે મહાન પુષ્પિત થયેલું પદ્મસરોવર જુએ અને તેમાં પ્રવેશ કરે તથા 'મેં તેમાં પ્રવેશ કર્યો છે,' તેમ અનુભવે. આ પ્રકારનું સ્વપ્ન જોઈને જે શીઘ્ર જાગૃત થાય, તો તે વ્યક્તિ તે જ ભવમાં સિદ્ધ થાય છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે.

**૨૯ इत्थी वा पुरिसे वा सुविणंते एगं महं सागरं उम्मीवीयी-सहस्स-कलियं पासमाणे पासइ, तरमाणे तरइ, तिण्णमिति अप्पाणं मण्णइ, तक्खणामेव बुज्झइ, तेणेव भवग्गहणेणं** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :–** કોઈ સ્ત્રી અથવા પુરુષ સ્વપ્નના અંતે મોજાઓ અને લહેરોથી વ્યાપ્ત મહાસાગરને જુએ અને તેને તરી જાય તથા 'હું તેને તરી ગયો છું,' તેમ અનુભવે. આ પ્રકારનું સ્વપ્ન જોઈને જે શીઘ્ર જાગૃત થાય, તો તે વ્યક્તિ તે જ ભવમાં સિદ્ધ થાય છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે.

**૩૦ इत्थी वा पुरिसे वा सुविणंते एगं महं भवणं सव्वरयणामयं पासमाणे पासइ, अणुप्पविसमाणे अणुप्पविसइ, अणुप्पविट्ठमिति अप्पाणं मण्णइ, तक्खणामेव बुज्झइ, तेणेव भवग्गहणेणं** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :–** કોઈ સ્ત્રી અથવા પુરુષ, સ્વપ્નના અંતે સર્વ રત્નમય ભવન જુએ અને તેમાં પ્રવેશ કરે તથા 'મેં તેમાં પ્રવેશ કર્યો છે,' તેમ અનુભવે. આ પ્રકારનું સ્વપ્ન જોઈને જે શીઘ્ર જાગૃત થાય, તો તે વ્યક્તિ તે જ ભવમાં સિદ્ધ થાય છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે.

**૩૧ इत्थी वा पुरिसे वा सुविणंते एगं महं विमाणं सव्वरयणामयं पासमाणे पासइ, दुरूहमाणे दुरूहइ, दुरूढमिति अप्पाणं मण्णइ, तक्खणामेव बुज्झइ, तेणेव भवग्गहणेणं** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :–** કોઈ સ્ત્રી અથવા પુરુષ સ્વપ્નના અંતે એક મહાન સર્વરત્નમય વિમાન જુએ અને તે તેના પર ચઢે તથા 'હું તેના પર ચઢી ગયો છું,' એ પ્રકારે અનુભવે. આ પ્રકારનું સ્વપ્ન જોઈને જે શીઘ્ર જાગૃત થાય, તો તે વ્યક્તિ તે જ ભવમાં સિદ્ધ થાય છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે.

**વિવેચન :–**

પૂર્વોક્ત ૧૪ સૂત્રોમાં મોક્ષ ફલદાયક ચૌદ સ્વપ્નોનો સંકેત કર્યો છે. તેમાં (૧) લોહરાશિ આદિને તથા (૨) મદિરાકુંભ આદિને જોનાર વ્યક્તિ બીજા ભવમાં અર્થાત્ વચ્ચે એક દેવનો ભવ કરી તે પછીના મનુષ્ય ભવમાં મોક્ષે જાય છે. શેષ **બાર** સૂત્રોમાં કથિત પદાર્થોને જોનાર પુરુષ તે જ ભવમાં મોક્ષે જાય છે. શેષ કથન ભાવાર્થથી સ્પષ્ટ છે.

**ગંધના પુદ્ગલની ગતિમાનતા :–**

**૩૨ अह भंते ! कोट्ठपुडाण वा** *जाव* **केयइपुडाण वा अणुवायंसि उब्भिज्जमाणाण वा**

*जाव* ठाणाओ वा ठाणं संकामिज्जमाणाणं किं कोट्ठे वाइ *जाव* केयई वाइ ?

गोयमा ! णो कोट्ठे वाइ *जाव* णो केयई वाइ, घाणसहगया पोग्गला वाइ । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥

**શબ્દાર્થ :– उब्भिज्जमाणाण** = ખોલતાં **कोट्ठपुडाण** = સુંગધિદ્રવ્યની પડિ, સુંગધિ દ્રવ્યનો ડબ્બો.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કોઈ પુરુષ સુંગધી દ્રવ્યની પડીને ***યાવત્*** કેવડાની પડીને ખોલી રહ્યો હોય અથવા ***યાવત્*** એક સ્થાનેથી બીજે સ્થાને લઈને જઈ રહ્યો હોય અને અનુકૂલ હવા વહેતી હોય, તો શું કોષ્ઠ દ્રવ્ય(ગંધ દ્રવ્ય) વહે છે, ફેલાય છે કે ***યાવત્*** કેતકીની પડી વાયુમાં વહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કોષ્ઠપુટ ***યાવત્*** કેતકી પુટ વાયુમાં વહેતા નથી પરંતુ ઘ્રાણેન્દ્રિયને પ્રાપ્ત થનારા ગંધના પુદ્‌ગલ વહે છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**॥ શતક ૧૬/૬ સંપૂર્ણ ॥**

# શતક–૧૬ : ઉદ્દેશક–૭

## ઉપયોગ

**ઉપયોગના ભેદ :–**

**૧ कइविहे णं भंते ! उवओगे पण्णत्ते ?**

**गोयमा ! दुविहे उवओगे पण्णत्ते । एवं जहा उवओगपदं पण्णवणाए तहेव णिरवसेसं भाणियव्वं । एवं पासणयापदं च णिरवसेसं णेयव्वं ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપયોગના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઉપયોગના બે પ્રકાર છે, વગેરે સંપૂર્ણ વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના ૨૯મા ઉપયોગ પદ પ્રમાણે જાણવું. તે જ રીતે અહીં પ્રજ્ઞાપના સૂત્રના ૩૦મા પશ્યતા પદ પ્રમાણે પશ્યતાનું સંપૂર્ણ વર્ણન પણ જાણવું. હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સંક્ષિપ્ત સૂત્રમાં પ્રજ્ઞાપના સૂત્રના ૨૯-૩૦ બે પદના અતિદેશપૂર્વક ૧૨ ઉપયોગ અને નવ પ્રકારના પશ્યતાના વર્ણનનું સૂચન છે.

**ઉપયોગ :–** ચેતના શક્તિના વ્યાપારને ઉપયોગ કહે છે, તેના બે ભેદ છે. સાકારોપયોગ અને અનાકારોપયોગ. સાકારોપયોગના આઠ ભેદ છે. યથા– પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન. અનાકારોપયોગના ચાર ભેદ છે. યથા– ચક્ષુદર્શન આદિ.

**पासणया :– પશ્યતા. पश्यतो भावः पश्यता, प्रकृष्टं प्रेक्षणं पश्यता !** ઉત્કૃષ્ટ બોધના પરિણામને 'પશ્યતા' કહે છે. તેના બે ભેદ છે– સાકાર પશ્યતા અને અનાકાર પશ્યતા. સાકાર પશ્યતાના છ ભેદ છે. મતિજ્ઞાન અને મતિ અજ્ઞાનને છોડીને ચાર જ્ઞાન અને બે અજ્ઞાન, તેમ છ ભેદ થાય છે. અનાકાર પશ્યતાના ત્રણ ભેદ છે. અચક્ષુદર્શનને છોડીને ત્રણ દર્શન.

**ઉપયોગ અને પશ્યતામાં અંતર :–** જો કે ઉપયોગ અને પશ્યતા સાકાર અને અનાકારના ભેદથી તુલ્ય છે, તેમ છતાં વર્તમાનકાલિક કે ત્રૈકાલિક સ્પષ્ટ કે અસ્પષ્ટ બોધ તે ઉપયોગ છે અને ત્રૈકાલિક સ્પષ્ટ બોધને પશ્યતા કહે છે.

બાર ઉપયોગમાંથી પશ્યતામાં ત્રણ ઉપયોગ હોતા નથી. (૧–૨) મતિજ્ઞાન અને મતિ અજ્ઞાન– આ બંને ઉપયોગ વર્તમાન કાલિક છે. જ્યારે પશ્યતા ત્રણે ય કાલને વિષય કરનાર છે. માટે મતિજ્ઞાન અને મતિઅજ્ઞાન સાકારોપયોગ પશ્યતાના ભેદોમાં નથી. (૩) ચક્ષુદર્શનથી શીઘ્ર અને સ્પષ્ટ બોધ થાય છે. તેની અપેક્ષાએ અચક્ષુદર્શનથી થતો ઉપયોગ અસ્પષ્ટ હોય છે. આ કારણે અચક્ષુદર્શન અનાકારોપયોગ પણ પશ્યતામાં નથી.

**॥ શતક ૧૬/૭ સંપૂર્ણ ॥**

# શતક–૧૬ : ઉદ્દેશક–૮

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં છ દિશાના ચરમાન્તમાં અને સાત નરક પૃથ્વી, ૧૨ દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન, ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી, ઊર્ધ્વલોકાંત અને અધોલોકાંત આદિ ક્ષેત્રોના ચરમાંતમાં જીવાજીવના અસ્તિત્વનું કથન, પરમાણુનું ગમન સામર્થ્ય, દેવોનું અલોકમાં જવાનું અસામર્થ્ય વગેરે વિષયોનું પ્રતિપાદન છે.

★ લોકના કોઈ પણ ચરમાન્તમાં જીવદ્રવ્ય નથી. કારણ કે અસંખ્યાત પ્રદેશમાં અવગાહના કરવાનો જીવનો સ્વભાવ છે. તેથી જીવ દ્રવ્ય ચરમાન્તના એક પ્રદેશમાં રહી શકતો નથી પરંતુ ચરમાન્ત પ્રદેશમાં જીવ દેશ અને જીવ પ્રદેશ હોય શકે છે. એકેન્દ્રિય જીવો આખા લોકમાં વ્યાપ્ત છે. તેથી લોકના કોઈ પણ ચરમાન્તમાં એકેન્દ્રિયોના દેશ અને પ્રદેશ અવશ્ય હોય છે. બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય પર્યંતના જીવો મારણાંતિક સમુદ્ઘાત કરીને એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય તે અપેક્ષાએ ચરમાન્ત પ્રદેશમાં બેઇન્દ્રિયાદિ જીવોના દેશ અને પ્રદેશ હોય શકે છે અને કેવળી સમુદ્ઘાત સમયે કેવળી ભગવાન પોતાના આત્મપ્રદેશોને સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત કરે છે, તે અપેક્ષાએ ચરમાન્ત પ્રદેશમાં અનિન્દ્રિય જીવના દેશ અને પ્રદેશ પણ હોય શકે છે. તેમજ ઊર્ધ્વલોકાંતમાં સિદ્ધોના આત્મપ્રદેશ પણ અવશ્ય હોય છે. તેથી ત્યાં અનિન્દ્રિયના દેશ અને પ્રદેશ અવશ્ય હોય છે. આ રીતે જે જે સ્થાનમાં જે જે જીવોની સંભાવના હોય ત્યાં તે તે જીવોના દેશ અથવા પ્રદેશ હોય છે. તેના યથાયોગ્ય અસંયોગી, દ્વિકસંયોગી કે ત્રિકસંયોગી વિવિધ વિકલ્પો સંભવે છે. તે સૂત્રના વિવેચન અનુસાર જાણવા.

★ ચરમાન્તમાં અજીવ દ્રવ્ય– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય દ્રવ્ય લોક વ્યાપી છે અને આકાશાસ્તિકાય દ્રવ્ય લોકાલોક વ્યાપી છે. તેથી કોઈ પણ ચરમાન્તમાં ધર્માસ્તિકાયાદિ સંપૂર્ણ દ્રવ્ય હોતા નથી. તેના દેશ અને પ્રદેશ ચરમાંતમાં હોય છે. તેમજ અદ્ધાસમય કાલ અઢીદ્વીપમાં જ હોવાથી તે પણ ચરમાન્ત ભાગમાં હોતો નથી. આ રીતે અરૂપી અજીવના છ ભેદ લોકાંતમાં હોય છે અને રૂપી અજીવ પુદ્ગલાસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ તે ચારે ય ભેદ હોય છે. આ રીતે લોકાંતમાં કુલ અજીવ દ્રવ્યના ૧૦ ભેદ પ્રાપ્ત થાય છે.

રત્નપ્રભા પૃથ્વીના ઊર્ધ્વ ચરમાન્તમાં કાલ દ્રવ્ય હોય છે કારણ કે તે ક્ષેત્ર અઢીદ્વીપમાં જ આવે છે.

★ એક સમયમાં પરમાણુ લોકના એક ચરમાન્તથી બીજા ચરમાન્ત સુધી ગતિ કરી શકે છે. તેવો તેનો ગમન સ્વભાવ અને સામર્થ્ય છે.

★ વરસાદની જાણકારી મેળવવા હાથ, પગ આદિને પ્રસારિત કરનારને પાંચ ક્રિયા લાગે છે. કારણ કે તે ક્રિયામાં અપ્કાયના જીવોની વિરાધનાની સંભાવના રહે છે. જો જીવોની વિરાધના થાય તો પાંચ ક્રિયા લાગે તેમ છે અને કયારેક વરસાદ પૂર્ણ બંધ થઈ ગયો હોય તો અપ્કાયનો સ્પર્શ ન થતાં પાંચ ક્રિયા લાગતી નથી.

★ કોઈ મહર્દ્ધિક દેવ લોકાંતમાં બેસીને અલોકમાં પોતાના હાથાદિને પ્રસારિત કરી શકતા નથી. કારણ કે અલોકમાં ધર્માસ્તિકાય નથી. તેથી ત્યાં જીવ કે પુદ્ગલની ગતિ થતી નથી.

❖❖❖❖❖

# શતક–૧૬ : ઉદ્દેશક–૮

## લોક

**લોકનું પરિમાણ :–**

**१** **के महालए णं भंते ! लोए पण्णत्ते ?**

**गोयमा ! महइमहालए । एवं जहा बारसमसए तहेव *जाव* असंखेज्जाओ जोयण-कोडाकोडीओ परिक्खेवेणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોક કેટલો મોટો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! લોક અત્યંત મોટો છે. તેની વક્તવ્યતા શતક-૧૨/૭ અનુસાર જાણવી ***યાવત્*** તે લોકનો પરિક્ષેપ(પરિધિ-ઘેરાવો) અસંખ્યેય કોટાકોટિ યોજન છે.

**લોકના ચરમાન્તમાં જીવાજીવનું અસ્તિત્વ :–**

**२** **लोयस्स णं भंते ! पुरत्थिमिल्ले चरिमंते किं जीवा, जीवदेसा, जीवपएसा; अजीवा, अजीवदेसा, अजीवपएसा ?**

**गोयमा ! णो जीवा, जीवदेसा वि, जीवपएसा वि; अजीवा वि, अजीवदेसा वि, अजीवपएसा वि । जे जीवदेसा ते णियमं एगिंदियदेसा य, अहवा एगिंदियदेसा य बेइंदियस्स य देसे एवं जहा दसमसए अग्गेयी दिसा तहेव, णवरं देसेसु अणिंदियाणं आइल्लविरहिओ । जे अरूवी अजीवा ते छव्विहा, अद्धासमयो णत्थि । सेसं तं चेव णिरवसेसं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોકના પૂર્વ ચરમાન્તમાં શું જીવ છે, જીવના દેશ છે કે જીવ પ્રદેશ છે; અજીવ છે, અજીવદેશ છે કે અજીવ પ્રદેશ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં જીવ નથી પરંતુ જીવના દેશ છે, જીવના પ્રદેશ છે; અજીવ છે, અજીવના દેશ છે અને અજીવના પ્રદેશ પણ છે. જે જીવના દેશ છે, તે અવશ્ય એકેન્દ્રિય જીવોના દેશ છે અથવા એકેન્દ્રિય જીવોના દેશ અને એક બેઇન્દ્રિય જીવનો એક દેશ છે. ઇત્યાદિ શતક-૧૦/૧ માં કથિત આગ્નેયી દિશાની વકતવ્યતા અનુસાર જાણવું જોઈએ. વિશેષતા એ છે કે દેશના વિષયમાં અનિન્દ્રિયોના સંબંધમાં પ્રથમ ભંગ ન કહેવો જોઈએ, તથા ત્યાં જે અરૂપી અજીવ છે, તેના છ પ્રકાર કહ્યા છે કારણ કે ત્યાં અદ્ધાસમય નથી. શેષ સર્વ પૂર્વવત્ જાણવું જોઈએ.

**३** **लोगस्स णं भंते ! दाहिणिल्ले चरिमंते किं जीवा, पुच्छा ? गोयमा ! एवं चेव**

**एवं पच्चत्थिमिल्ले वि उत्तरिल्ले वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોકના દક્ષિણ દિશાના ચરમાન્તમાં જીવ છે, ઇત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વી ચરમાંતની જેમ સર્વ કથન કરવું જોઈએ. આ રીતે પશ્ચિમ ચરમાન્ત અને ઉત્તર ચરમાન્તના વિષયમાં પણ કહેવું જોઈએ.

**૪ लोगस्स णं भंते ! उवरिल्ले चरिमंते किं जीवा, पुच्छा ?**

**गोयमा ! णो जीवा, जीवदेसा वि जीवपएसा वि** *जाव* **अजीवपएसा वि । जे जीवदेसा ते णियमं एगिंदियदेसा य अणिंदियदेसा य, अहवा एगिंदियदेसा य अणिंदियदेसा य बेइंदियस्स य देसे, अहवा एगिंदियदेसा य अणिंदियदेसा य बेइंदियाण य देसा एवं मज्झिल्लविरहिओ** *जाव* **पंचिंदियाणं । जे जीवप्पएसा ते णियमं एगिंदियप्पएसा य अणिंदियप्पएसा य, अहवा एगिंदियप्पएसा य अणिंदिय-पएसा य बेइंदियस्स पएसा य, अहवा एगिंदिय-पएसा य अणिंदिय-पएसा य बेइंदियाण य पएसा, एवं आइल्लविरहिओ** *जाव* **पंचिंदियाणं । अजीवा जहा दसमसए तमाए तहेव णिरवसेसं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોકના ઉપરિમ ચરમાન્તમાં જીવ છે, ઇત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં જીવ નથી પરંતુ જીવના દેશ છે અને જીવના પ્રદેશ પણ છે. અજીવ છે, અજીવના દેશ છે અને અજીવના પ્રદેશ પણ છે.

ત્યાં જો જીવના દેશ છે તો (૧) અવશ્ય એકેન્દ્રિયો અને અનિન્દ્રિયોના દેશ છે અથવા (૨) એકેન્દ્રિયો અને અનિન્દ્રિયોના દેશ છે અને એક બેઇન્દ્રિયનો એક દેશ છે અથવા (૩) એકેન્દ્રિયો અને અનિન્દ્રિયોના દેશ છે અને અનેક બેઇન્દ્રિયોના બહુદેશ છે. આ રીતે બેઇન્દ્રિય સંબંધી ત્રણ ભંગમાંથી વચ્ચેનો ભંગ છોડીને બે ભંગોનું કથન કરવું જોઈએ. આ રીતે ***યાવત્*** પંચેન્દ્રિય સુધી કહેવું જોઈએ.

ત્યાં જો જીવ પ્રદેશ છે તો (૧) અવશ્ય એકેન્દ્રિયોના પ્રદેશ અને અનિન્દ્રિયોના પ્રદેશ છે. (૨) એકેન્દ્રિયોના અને અનિન્દ્રિયોના પ્રદેશ છે અને એક બેઇન્દ્રિયના અનેક પ્રદેશ છે. (૩) એકેન્દ્રિયોના અને અનિન્દ્રિયોના પ્રદેશ છે અને અનેક બેઇન્દ્રિયોના અનેક પ્રદેશ છે. આ રીતે અહીં બેઇન્દ્રિયના ત્રણ ભંગમાંથી પ્રથમ ભંગ છોડીને બે ભંગ કહેવા જોઈએ. આ રીતે ***યાવત્*** પંચેન્દ્રિય સુધી કહેવું જોઈએ. અજીવ, અજીવદેશ અને અજીવપ્રદેશ સંબંધી સંપૂર્ણ કથન શતક-૧૦/૧ માં કથિત અધો દિશાની વક્તવ્યતા અનુસાર કરવું જોઈએ.

**૫ लोगस्स णं भंते ! हेट्ठिल्ले चरिमंते किं जीवा, पुच्छा ?**

**गोयमा ! णो जीवा, जीवदेसा वि, जीवपएसा वि** *जाव* **अजीवप्पएसा वि । जे जीवदेसा ते णियमं एगिंदियदेसा, अहवा एगिंदियदेसा य बेइंदियस्स देसे, अहवा एगिंदियदेसा य बेइंदियाण य देसा, एवं मज्झिल्लविरहिओ** *जाव* **अणिंदियाणं । पएसा आइल्लविरहिया सव्वेसिं जहा पुरत्थिमिल्ले चरिमंते तहेव । अजीवा जहेव उवरिल्ले चरिमंते तहेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોકના અધસ્તન-નીચેના ચરમાન્તમાં જીવ છે, ઈત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં જીવ નથી, જીવના દેશ છે, જીવના પ્રદેશ છે, અજીવ છે, અજીવ દેશ છે અને અજીવ-પ્રદેશ છે. જે જીવ દેશ છે, તે (૧) અવશ્ય એકેન્દ્રિયોના દેશ છે અથવા (૨) એકેન્દ્રિયોના દેશ અને એક બેઈન્દ્રિયનો દેશ છે અથવા (૩) એકેન્દ્રિયોના દેશ અને અનેક બેઈન્દ્રિયોના દેશ છે. આ રીતે વચ્ચેના એક ભંગને છોડીને શેષ બે ભંગનું કથન કરવું જોઈએ. આ રીતે અનિન્દ્રિયો સુધી કહેવું જોઈએ. પ્રદેશોના વિષયમાં સંપૂર્ણ કથન પૂર્વી ચરમાન્તના જીવ પ્રદેશના કથન અનુસાર પ્રથમ ભંગ છોડીને કરવું જોઈએ. અજીવોના વિષયમાં સંપૂર્ણ કથન ઉપરિમ ચરમાન્તની સમાન કરવું જોઈએ.

**વિવેચન :–**

**પૂર્વ ચરમાન્તમાં જીવદેશના ભંગ-૧૫ :–** (૧) કોઈ પણ ચરમાંત એક પ્રદેશના પ્રતર રૂપ હોય છે. તેથી ત્યાં અસંખ્યપ્રદેશાવગાહી જીવનો સદ્ભાવ નથી. પરંતુ એક આકાશ પ્રદેશ પર જીવના દેશ અને પ્રદેશો હોઈ શકે છે. જ્યારે જીવના બહુદેશ હોય તો તે અવશ્ય એકેન્દ્રિય જીવોના હોય છે. તે એકેન્દ્રિય જીવોના બહુદેશરૂપ અસંયોગી પ્રથમ વિકલ્પ(ભંગ) થાય છે.

**દ્વિસંયોગી ત્રણ-ત્રણ ભંગ–** (૧) એકેન્દ્રિયોના બહુદેશ અને એક બેઈન્દ્રિયનો એક દેશ. લોકના ચરમાન્તમાં બેઈન્દ્રિય જીવ નથી. તેમ છતાં કયારેક એકાદ બેઈન્દ્રિય જીવ મારણાન્તિક સમુદ્ઘાત કરીને લોકના ચરમાન્તભાગમાં ઉત્પન્ન થવા માટે ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત થાય અને જ્યારે તે બેઈન્દ્રિયનો એક દેશ ત્યાં હોય ત્યારે પ્રથમ ભંગ ઘટે છે.

(૨) એકેન્દ્રિયોના બહુદેશ અને એક બેઈન્દ્રિયના બહુ દેશ. જ્યારે એક બેઈન્દ્રિય જીવના બહુ દેશ ત્યાં ચરમાંતમાં હોય ત્યારે બીજો ભંગ બને છે.

(૩) એકેન્દ્રિયોના બહુદેશ અને અનેક બેઈન્દ્રિયોના બહુ દેશ. જ્યારે એક સાથે અનેક બેઈન્દ્રિય જીવ મારણાંતિક સમુદ્ઘાત દ્વારા લોકાંતમાં ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત થાય ત્યારે આ દ્વિસંયોગીનો ત્રીજો ભંગ બને છે. આ રીતે તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોના દેશ સાથે દ્વિસંયોગીના ત્રણ-ત્રણ ભંગ થાય છે.

અનિન્દ્રિય જીવો સાથેના દ્વિસંયોગીના ઉપરોક્ત ત્રણ ભંગમાંથી પ્રથમ ભંગ થતો નથી. શેષ બે ભંગ જ થાય છે. કારણ કે લોકના પૂર્વી ચરમાન્ત પ્રદેશ દંતક-દાંતોની સમાન વિષમ છે. અર્થાત્ તે પ્રદેશો હાનિ-વૃદ્ધિ સહિત છે. તેથી કેવળી સમુદ્ઘાતની કપાટ વગેરે અવસ્થામાં ત્યાં અનિન્દ્રિયના બહુ દેશ જ હોય છે, એક દેશ હોતો નથી. તેથી અનિન્દ્રિય જીવોમાં દ્વિસંયોગી એક જીવના એક દેશવાળા પ્રથમભંગને છોડીને બે ભંગ થાય છે.

આ રીતે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય સાથે ત્રણ-ત્રણ ભંગ (૪×૩ = ૧૨) અને અનિન્દ્રિય સાથે પ્રથમ ભંગને છોડીને બે ભંગ કરતા દ્વિસંયોગી ૧૪ ભંગ + અસંયોગી એક ભંગ = ૧૫ ભંગ થાય છે.

**પૂર્વ ચરમાન્તમાં જીવ પ્રદેશના ભંગ-૧૧ :–** (૧) એકેન્દ્રિયોના બહુ પ્રદેશ, આ અસંયોગીનો એક ભંગ થાય છે.

**દ્વિસંયોગીના બે-બે ભંગ–** (૧) એકેન્દ્રિયોના બહુ પ્રદેશ અને એક બેઈન્દ્રિયના બહુ પ્રદેશ (૨) એકેન્દ્રિયોના બહુ પ્રદેશ અને અનેક બેઈન્દ્રિયોના બહુ પ્રદેશ. આ રીતે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય અને અનિન્દ્રિયના બે-બે ભંગ થતાં ૫×૨=૧૦ ભંગ થાય છે.

અહીં દ્વિસંયોગીમાં એક પ્રદેશનો પ્રથમ ભંગ થતો નથી. કારણ કે કોઈ પણ જીવનો એક પ્રદેશ ક્યાંય હોતો નથી. એક પ્રદેશ હોય ત્યાં અવશ્ય અસંખ્ય પ્રદેશ હોય છે. તેથી બેઇન્દ્રિયનો એક પ્રદેશ-વાળો ભંગ થતો નથી. તે જ રીતે તેઇન્દ્રિય ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિયમાં સમજવું. અનિન્દ્રિય જીવ કેવળી સમુદ્ઘાત અવસ્થામાં પૂર્વી ચરમાંતમાં હોય ત્યારે સમસ્ત પૂર્વી ચરમાંતોમાં મળીને અનિન્દ્રિયના પણ અનેક પ્રદેશ જ હોય છે. તેનો પણ એક પ્રદેશ કયારે ય હોતો નથી. તેથી તેના દ્વિ સંયોગી ભંગોમાં પણ પ્રથમનો ભંગ થતો નથી.

આ રીતે અસંયોગી એક ભંગ + દ્વિસંયોગી ૫×૨=૧૦ ભંગ = ૧૧ ભંગ થાય છે.

**પૂર્વચરમાન્તમાં અજીવના ૧૦ ભેદ :–** (૧) ધર્માસ્તિકાય દેશ (૨) ધર્માસ્તિકાય પ્રદેશ (૩) અધર્માસ્તિકાય દેશ (૪) અધર્માસ્તિકાય પ્રદેશ (૫) આકાશાસ્તિકાય દેશ (૬) આકાશાસ્તિકાય પ્રદેશ. અદ્ધાસમય-કાલનો ત્યાં અભાવ છે, કારણ કે લોકનો પૂર્વી ચરમાંત અઢીદ્વીપની બહાર જ હોય છે અને અઢીદ્વીપની બહાર કાલ નથી. (૭–૧૦) રૂપી અજીવ પુદ્ગલાસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ તે ચાર ભેદ હોય છે. આરીતે અજીવ દ્રવ્યના કુલ ૧૦ ભેદ હોય છે.

**શેષ ત્રણ દિશાના ચરમાંતમાં :–** પૂર્વ દિશાના ચરમાન્તની જેમ દક્ષિણ દિશા, પશ્ચિમદિશા અને ઉત્તરદિશાના ચરમાન્તમાં પણ જીવ નથી. જીવદેશના ૧૫ ભંગ અને જીવ પ્રદેશના ૧૧ ભંગ હોય છે.

**ઉપરિમ ચરમાન્તમાં જીવ દેશના ભંગ-૯ :–** એકેન્દ્રિય જીવો સર્વ લોકાન્ત પર્યંત છે અને ઉપરિમ ચરમાન્તમાં સિદ્ધના આત્મપ્રદેશો પણ અવશ્ય હોય છે. તેથી અસંયોગી ભંગ થતો નથી. **દ્વિસંયોગી એક ભંગ** થાય છે. યથા– (૧) એકેન્દ્રિયોના બહુ દેશ અને અનિન્દ્રિયોના બહુ દેશ.

**ત્રિસંયોગી બે-બે ભંગ–** (૧) એકેન્દ્રિયોના બહુદેશ, અનિન્દ્રિયોના બહુદેશ અને એક બેઇન્દ્રિયનો એક દેશ. (૨) એકેન્દ્રિયોના બહુ દેશ, અનિન્દ્રિયના બહુ દેશ અને અનેક બેઇન્દ્રિયોના બહુ દેશ. ઉપરિમ ચરમાંતમાં મધ્યમ ભંગ એટલે એક બેઇન્દ્રિયના બહુદેશવાળો ભંગ ઘટિત થતો નથી. પૂર્વ ચરમાન્તની જેમ એક જીવના અનેક દેશ સંભવિત નથી કારણ કે ત્યાં પ્રદેશની હાનિવૃદ્ધિથી થનારા લોક દંતક(વિષમ ભાગ) નથી. ઉપરિમ લોક ચરમાંત એક પ્રતરરૂપ સમભાગ જ છે. તેથી ત્યાં એક જીવના અનેક પ્રદેશ મળીને પણ એક જ દેશ થાય છે, અનેક દેશ થતા નથી. તેથી મધ્યમ ભંગ ઘટિત થતો નથી.

આ રીતે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય સાથે ત્રિસંયોગી બે-બે ભંગ થતા ૪×૨=૮ ભંગ થાય છે. આ રીતે દ્વિસંયોગી એક ભંગ+ ત્રિસંયોગીના ૮ ભંગ,(૮+૧)=૯ ભંગ થાય છે.

**ઉપરિમ ચરમાન્તમાં જીવ પ્રદેશના ભંગ-૯ :–** (૧) એકેન્દ્રિયોના બહુ પ્રદેશ અને અનિન્દ્રિયોના બહુ પ્રદેશ. આ દ્વિસંયોગીનો એક ભંગ થાય છે.

**ત્રિસંયોગી બે-બે ભંગ–** (૧) એકેન્દ્રિયોના બહુ પ્રદેશ, અનિન્દ્રિયના બહુ પ્રદેશ અને એક બેઇન્દ્રિયના બહુ પ્રદેશ. (૨) એકેન્દ્રિયોના બહુ પ્રદેશ, અનિન્દ્રિયોના બહુ પ્રદેશ અને અનેક બેઇન્દ્રિયોના બહુ પ્રદેશ.

આ રીતે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય સાથે ત્રિસંયોગી બે-બે ભંગની ગણના કરતાં ૪×૨=૮ ભંગ થાય. દ્વિસંયોગી ૧ ભંગ + ત્રિસંયોગી ૮ ભંગ = કુલ નવ ભંગ થાય છે. ઉપરિમ ચરમાન્તમાં પૂર્વ ચરમાન્તની જેમ **અજીવ દ્રવ્યના ૧૦ ભેદ** હોય છે.

**અધસ્તન ચરમાન્તમાં જીવ દેશનાભંગ-૧૧ :–** અધસ્તન ચરમાન્તમાં એકેન્દ્રિય જીવોના દેશ અને પ્રદેશો

હોય છે. બેઇન્દ્રિયાદિ જીવોના દેશ અને પ્રદેશ મારણાન્તિક સમુદ્દ્ઘાતની અપેક્ષાએ અને અનિન્દ્રિય જીવના દેશ અને પ્રદેશ કેવળી સમુદ્દ્ઘાતની અપેક્ષાએ હોય શકે છે. તેમાં જીવ દેશના ૧૧ ભંગ થાય છે. જેમાં– (૧) એકેન્દ્રિયોના બહુ દેશ. આ અસંયોગી એક ભંગ થાય છે.

**દ્વિસંયોગીના બે-બે ભંગ–** (૧) એકેન્દ્રિયના બહુદેશ અને એક બેઇન્દ્રિયનો એક દેશ (૨) એકેન્દ્રિયના બહુદેશ અને અનેક બેઇન્દ્રિયોના બહુ દેશ. ઉપરિમ ચરમાન્તની જેમ અધસ્તન ચરમાન્ત પણ એક પ્રતરરૂપ સમ વિભાગ છે. તેથી ત્યાં પણ એક જીવના અનેક દેશની સંભાવના નથી.

આ રીતે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય અને અનિન્દ્રિય આ ચારે ય સાથે દ્વિક સંયોગી બે-બે ભંગની ગણના કરતાં ૫×૨ = ૧૦ ભંગ થાય છે. અસંયોગી ૧ ભંગ + દ્વિસંયોગી ૧૦ ભંગ = ૧૧ ભંગ થાય.

**અધસ્તન ચરમાન્તમાં જીવ પ્રદેશના ભંગ :–** અધસ્તન ચરમાંતમાં પૂર્વ ચરમાન્તની જેમ જીવ પ્રદેશના ૧૧ ભંગ થાય છે અને ત્યાં અજીવના ૧૦ ભંગ પણ લોકના પૂર્વ ચરમાન્તની સમાન જાણવા.

**લોકના ચરમાન્તમાં જીવાજીવનું અસ્તિત્વ :–**

| ચારે ય દિશાઓના ચરમાન્તમાં | ઉપરિતન ચરમાન્તમાં | અધસ્તન ચરમાન્તમાં |
|---|---|---|
| જીવ નથી. જીવ દેશ-પ્રદેશ છે | જીવ નથી. જીવ દેશ-પ્રદેશ છે. | જીવ નથી. જીવ દેશ-પ્રદેશ છે. |
| **જીવ દેશના ૧૫** ભંગ<br>અસંયોગી ભંગ–૧. **દ્વિસંયોગી ૧૪ ભંગ–** બેઇ.તેઇ.ચૌરે.પંચે.ના ત્રણ-ત્રણ ભંગ. અનિ.ના અંતિમ બે ભંગ. કુલ ભંગ ૪×૩+૨=૧૪. | **જીવ દેશના ૯** ભંગ<br>દ્વિસંયોગી **ભંગ–૧** (અનિન્દ્રિય સાથે) ત્રિસંયોગી **૮ ભંગ–** બેઇ.તેઇ.ચૌરે. પંચે.ના બે-બે ભંગ(મધ્યમ ભંગ વિના) કુલ ભંગ ૪×૨ = ૮. | **જીવ દેશના ૧૧** ભંગ<br>અસંયોગી ભંગ–૧. દ્વિસંયોગી **૧૦ ભંગ–** બેઇ.તેઇ.ચૌરે.પંચે. અનિ.ના બે-બેભંગ(મધ્યમભંગ વિના) કુલ ભંગ ૫×૨=૧૦. |
| **જીવ પ્રદેશના ૧૧** ભંગ<br>અસંયોગી ભંગ–૧. **દ્વિસંયોગી ૧૦ ભંગ–** બેઇ.તેઇ.ચૌરે.પંચે. અનિ.ના બે-બે ભંગ<br>કુલ ભંગ ૫×૨ =૧૦. | **જીવ પ્રદેશના ૯** ભંગ<br>દ્વિસંયોગી ભંગ–૧.(અનિ. સાથે) ત્રિસંયોગી **૮ ભંગ–** બેઇ.તેઇ.ચૌરે. પંચે.ના બે-બે ભંગ<br>કુલ ભંગ ૪×૨= ૮. | **જીવ પ્રદેશના ૧૧** ભંગ<br>ચારે ય દિશાઓના ચરમાન્તની જેમ. |
| **અજીવના ૧૦** ભેદ<br>ધર્મા.અધર્મા.આકાશા.ના દેશ અને પ્રદેશ, બે-બે ભેદ, પુદ્ગલા.ના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ, તે ચાર ભેદ આ રીતે કુલ ૩×૨+૪=૧૦. | **અજીવના ૧૦** ભેદ<br>ચારે ય દિશાઓના ચરમાન્તની જેમ. | **અજીવના ૧૦** ભેદ<br>ચારે ય દિશાઓના ચરમાન્તની જેમ. |

**જીવ દેશ-પ્રદેશના ભંગોનું સ્પષ્ટીકરણ :–**

જીવદેશના ભંગ **અસંયોગીભંગ–** (૧) એકેન્દ્રિયોના અનેક દેશ.

**દ્વિસંયોગી ભંગ–** (૧) એકેન્દ્રિયોના દેશ – એક બેઇન્દ્રિનો એક દેશ. (૨) એકેન્દ્રિયોના દેશ – એક બેઇન્દ્રિયના અનેક દેશ. (૩) એકેન્દ્રિયોના દેશ – અનેક બેઇન્દ્રિના અનેક દેશ.

**ત્રિસંયોગી ભંગ–** (૧) એકેન્દ્રિયોના દેશ – અનિન્દ્રિયોના દેશ– એક બેઇન્દ્રિયનો એક દેશ (૨) એકેન્દ્રિયોના દેશ – અનિન્દ્રિયોના દેશ – એક બેઇન્દ્રયના અનેક દેશ (૩) એકેન્દ્રિયોના દેશ – અનિન્દ્રિયોના દેશ – અનેક બેઇન્દ્રયના અનેક દેશ.

જીવ પ્રદેશના ભંગ **અસંયોગી ભંગ** – (૧) એકેન્દ્રિયોના પ્રદેશ.

**દ્વિસંયોગી ભંગ–** (૧) એકેન્દ્રિયોના પ્રદેશ – એક બેઇન્દ્રિયના અનેક પ્રદેશ (૨) એકેન્દ્રિયોના પ્રદેશ – અનેક બેઇન્દ્રિયના અનેક પ્રદેશ.

**ત્રિસંયોગી ભંગ–** (૧) એકેન્દ્રિયોના પ્રદેશ – અનિન્દ્રિયના પ્રદેશ – એક બેઇન્દ્રિયના અનેક પ્રદેશ (૨) એકેન્દ્રિયોના પ્રદેશ – અનિન્દ્રિયના પ્રદેશ – અનેક બેઇન્દ્રિયના અનેક પ્રદેશ.

આ રીતે તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય અને અનિન્દ્રિય સાથે યથાશક્ય ભંગ થાય છે.

**રત્નપ્રભા આદિના ચરમાન્તોમાં જીવાજીવનું અસ્તિત્વ :–**

**૬ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए पुरत्थिमिल्ले चरिमंते किं जीवा, जीव देसा, पुच्छा ?**

**गोयमा ! णो जीवा, एवं जहेव लोगस्स तहेव चत्तारि वि चरिमंता *जाव* उत्तरिल्ले चरिमंते । उवरिल्ले चरिमंते जहा दसमसए विमला दिसा तहेव णिरवसेसं । हेट्ठिल्ले चरिमंते जहेव लोगस्स हेट्ठिल्ले चरिमंते तहेव, णवरं देसे पंचिंदिएसु तियभंगो त्ति सेसं तं चेव । एवं जहा रयणप्पभाए चत्तारि चरिमंता भणिया तहा सक्करप्पभाए वि, उवरिम हेट्ठिल्ला जहा रयणप्पभाए हेट्ठिल्ले । एवं *जाव* अहेसत्तमाए । एवं सोहम्मस्स वि *जाव* अच्चुयस्स । गेविज्जविमाणाणं एवं चेव, णवरं उवरिम-हेट्ठिल्लेसु चरिमंतेसु देसेसु पंचिंदियाण वि मज्झिल्लविरहिओ चेव, सेसं तहेव । एवं जहा गेवेज्ज विमाणा तहा अणुत्तरविमाणा वि, ईसिपब्भारा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના પૂર્વ ચરમાન્તમાં જીવ છે, ઇત્યાદિ પ્રશ્ન. ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં જીવ નથી પરંતુ જીવ દેશ અને જીવ પ્રદેશ છે, ઇત્યાદિ જે રીતે લોકના ચાર ચરમાન્ત કહ્યા છે, તે જ રીતે રત્નપ્રભાના ચાર ચરમાન્તોના વિષયમાં કથન કરવું ***યાવત્*** ઉત્તરના ચરમાન્ત સુધી કહેવું જોઈએ. શતક-૧૦/૧માં કથિત વિમલા દિશાની વક્તવ્યતા અનુસાર આ રત્નપ્રભાના ઉપરી ચરમાન્તના વિષયમાં સંપૂર્ણ કથન કરવું જોઈએ. રત્નપ્રભા પૃથ્વીના અધસ્તન ચરમાન્તનું કથન, લોકના અધસ્તન ચરમાન્તની સમાન કરવું જોઈએ. વિશેષતા એ છે કે જીવ દેશના વિષયમાં પંચેન્દ્રિયોના ત્રણ ભંગ કહેવા જોઈએ. શેષ સર્વ કથન તે જ પ્રકારે કહેવું જોઈએ.

રત્નપ્રભા પૃથ્વીના ચાર ચરમાન્તોની સમાન શર્કરાપ્રભા પૃથ્વીના પણ ચાર ચરમાન્ત કહેવા જોઈએ. રત્નપ્રભા પૃથ્વીના નીચેના ચરમાન્તની સમાન શર્કરાપ્રભાના ઉપર અને નીચેના ચરમાન્તનું કથન કરવું જોઈએ. આ જ રીતે અધઃસપ્તમ પૃથ્વી સુધી કહેવું જોઈએ. સૌધર્મ દેવલોકથી અચ્યુત દેવલોકના વિષયમાં પણ તે જ પ્રકારે કહેવું જોઈએ. ગ્રૈવેયક વિમાનોના સંબંધમાં પણ તે જ પ્રકારે કહેવું જોઈએ. પરંતુ તેમાં

વિશેષતા એ છે કે તેના ઉપરના અને નીચેના ચરમાન્તના વિષયમાં, જીવ દેશના સંબંધમાં પંચેન્દ્રિયોમાં પણ વચ્ચેનો ભંગ ન કહેવો જોઈએ. શેષ સર્વ પૂર્વવત્ છે. ગ્રૈવેયક વિમાનોની સમાન અનુત્તર વિમાન અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીનું કથન પણ કરવું જોઈએ.

**વિવેચન :–**

પૂર્વ સૂત્રોમાં લોકના છ દિશાના ચરમાંત પ્રદેશોમાં જીવાદિનું નિરૂપણ છે અને પ્રસ્તુત સૂત્રોમાં સાત પૃથ્વી, બાર દેવલોક, ગ્રૈવેયક, અનુત્તર વિમાન અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીની છ દિશાઓના ચરમાંતમાં જીવાદિનું નિરૂપણ છે.

**રત્નપ્રભા પૃથ્વીના પૂર્વાદિ ચાર દિશાના ચરમાન્ત**માં જીવાજીવ સંબંધી કથન લોકના ચાર ચરમાન્તોની સમાન જીવદેશના ૧૫ ભંગ, જીવપ્રદેશના ૧૧ ભંગ અને અજીવના ૧૦ ભંગ થાય છે.

**રત્નપ્રભા પૃથ્વીના ઉપરિતન ચરમાન્ત**માં જીવદેશના ૧૬ ભંગ, શતક ૧૦/૧માં ઉક્ત વિમલા દિશાની વક્તવ્યતા અનુસાર જાણવા યથા– ત્યાં કોઈ જીવ નથી. કારણ કે તે એક પ્રદેશના પ્રતરરૂપ હોવાથી તેમાં જીવની સંભાવના નથી પરંતુ જીવ દેશ અને જીવ પ્રદેશ રહી શકે છે. તેમાં જે જીવના દેશ છે તે (૧) અવશ્ય એકેન્દ્રિય જીવના દેશ હોય છે, આ અસંયોગી એક ભંગ થાય છે. દ્વિસંયોગીમાં (૧) એકેન્દ્રિયના બહુ દેશ અને એક બેઇન્દ્રિયનો એક દેશ (૨) એકેન્દ્રિયના બહુ દેશ અને એક બેઇન્દ્રિયના બહુદેશ અથવા (૩) એકેન્દ્રિયના બહુ દેશ અને ઘણા બેઇન્દ્રિયોના બહુ દેશ. આ દ્વિસંયોગી ત્રણ ભંગ બેઇન્દ્રિય સાથેના હોય છે. રત્નપ્રભા પૃથ્વીમાં બેઇન્દ્રિય જીવ હોય છે અને તે એકેન્દ્રિય કરતાં થોડા હોય છે. તેથી તેના ઉપરિતન ચરમાન્તમાં બેઇન્દ્રિયનો એક દેશ અથવા બહુ દેશની સંભાવના રહે છે. આ રીતે બેઇન્દ્રિય તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય અને અનિન્દ્રિયના ત્રણ-ત્રણ ભંગ દ્વિસંયોગીના થાય છે. તેથી દ્વિસંયોગી ૫×૩=૧૫ ભંગ થાય છે. અસંયોગીનો એક ભંગ + દ્વિસંયોગી ૧૫ ભંગ = કુલ ૧૬ ભંગ થાય છે.

**જીવ પ્રદેશના ૧૧ ભંગ–** ત્યાં જે જીવ પ્રદેશ છે, તે (૧) અવશ્ય એકેન્દ્રિયના પ્રદેશ છે, આ અસંયોગીનો એક ભંગ થાય છે. દ્વિસંયોગી બે-બે ભંગ થાય છે. (૧) એકેન્દ્રિયના બહુ પ્રદેશ અને એક બેઇન્દ્રિયના બહુ પ્રદેશ છે, (૨) એકેન્દ્રિયના બહુ પ્રદેશ અને ઘણા બેઇન્દ્રિયોના બહુ પ્રદેશ છે. આ રીતે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય અને અનિન્દ્રિયના બે-બે ભંગ ગણતાં દ્વિસંયોગી ૫×૨ = ૧૦ ભંગ અને અસંયોગી એક ભંગ, કુલ ૧૧ ભંગ થાય છે.

**અજીવના ૧૧ ભેદ–** રત્નપ્રભાના ઉપરિતન ચરમાન્તમાં અજીવના ૧૧ ભેદ છે. રૂપી અજીવના ચાર અને અરૂપી અજીવના સાત ભેદ છે કારણ કે તે સમયક્ષેત્રની અંદર હોવાથી ત્યાં અદ્ધાસમય-કાલ પણ હોય છે.

**રત્નપ્રભાના અધસ્તન ચરમાન્તમાં :–** તેનું કથન લોકના અધસ્તન ચરમાન્તની સમાન કરવું જોઈએ. વિશેષતા એ છે કે પંચેન્દ્રિયમાં ત્રણ ભંગ કહેવા જોઈએ. કારણ કે રત્નપ્રભાના નીચેના ચરમાન્તમાં દેવરૂપ પંચેન્દ્રિય જીવોનું ગમનાગમન થતું હોવાથી એક પંચેન્દ્રિયનો એક દેશ અને બહુ દેશ બંને સંભવિત છે. તેથી પંચેન્દ્રિયના ત્રણ ભંગ કહેવા જોઈએ. બેઇન્દ્રિય આદિ જીવ તો મારણાંતિક સમુદ્ઘાતથી જાય છે. ત્યારે જ તેનો સંભવ છે, તેથી તેનો એક દેશ જ હોય છે, બહુ દેશ સંભવિત નથી. રત્નપ્રભાના અધસ્તન ચરમાન્તનું પ્રમાણ એક પ્રતરરૂપ સમવિભાગ છે, દંતાકાર નથી. તેથી તેનો બહુ દેશનો મધ્યમ ભંગ થઈ શકતો નથી. આ રીતે લોકના અધસ્તન ચરમાન્તમાં અસંયોગી ૧ ભંગ, પંચેન્દ્રિયના ૩ ભંગ અને બેઇન્દ્રિયાદિના ચારના ૨ ભંગ એમ, ૪×૨=૮ ભંગ થાય છે. સર્વ મળીને ૧+૩+૮=૧૨ ભંગ જીવ દેશના થાય છે. જીવ પ્રદેશના ૧૧

ભંગ અને અજીવના ૧૦ ભંગ(કાલને છોડીને) રત્નપ્રભાના ઉપરી ચરમાંતની સમાન જાણવા.

**શર્કરાપ્રભાથી ૧૨ દેવલોક પર્યંતના ચરમાન્તમાં :–** તેના પૂર્વાદિ ચાર ચરમાન્તોમાં રત્નપ્રભાના પૂર્વાદિ ચાર ચરમાન્તોની જેમ જીવ દેશના ૧૫ ભંગ, જીવ પ્રદેશના ૧૧ ભંગ અને અજીવના ૧૬ ભંગ હોય છે.

શર્કરાપ્રભાદિ છ નરક પૃથ્વી અને ૧૨ દેવલોકના ઉપર અને નીચેના ચરમાન્ત સંબંધી કથન રત્નપ્રભાના નીચેના ચરમાન્ત સમાન છે અર્થાત્ જીવ દેશ આશ્રયી અસંયોગીનો એક ભંગ, દ્વિસંયોગીમાં બેઇન્દ્રિય આદિ ચારના બે-બે ભંગ(મધ્યમ ભંગ રહિત) હોય છે તથા પંચેન્દ્રિયના ત્રણ ભંગ હોય છે. આ રીતે ૧+૮+૩ = ૧૨ ભંગ જીવ દેશના થાય છે.

જીવપ્રદેશની અપેક્ષાએ બેઇન્દ્રિય આદિ પાંચેયની સાથે દ્વિસંયોગી(પ્રથમ ભંગ રહિત) શેષ બે-બે ભંગ હોય છે. અસંયોગીનો એક ભંગ મળીને કુલ ૧૧ ભંગ હોય છે. આ રીતે છ નરક પૃથ્વી અને ૧૨ દેવલોકમાં ઉપર-નીચેના ચરમાંતમાં જીવ દેશના ૧૨ અને જીવ પ્રદેશના ૧૧ ભંગ થાય છે.

અજીવ દ્રવ્યના ૧૦ ભેદમાં રૂપી અજીવના ચાર ભેદ અને અરૂપી જીવના છ ભેદ હોય છે.

**નવગ્રૈવેયક આદિના ચરમાંતમાં :–** અચ્યુત કલ્પ સુધી દેવોનું ગમનાગમન સંભવિત હોવાથી(ત્યાં સુધી) પંચેન્દ્રિયના ત્રણ ભંગ અને બેઇન્દ્રિય આદિના બે બે ભંગ જીવ દેશમાં કહ્યા છે. તેથી ત્યાં જીવ દેશના ૧૨ ભંગ થાય છે. પરંતુ નવ ગ્રૈવેયક તથા અનુત્તર વિમાનોમાં અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના ચરમાંતમાં દેવોનું ગમાનાગમન ન હોવાથી પંચેન્દ્રિયના પણ બે બે ભંગ કહેવા જોઈએ. તેથી ત્યાં જીવદેશના ૧૧ ભંગ થાય છે.

આ રીતે પ્રસ્તુત એક જ સૂત્રમાં સાત નરક, ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન, ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી આ કુલ ૩૪ બોલોના ચરમાંતમાં જીવાદિનું નિરૂપણ છે.

**રત્નપ્રભા પૃથ્વી આદિના ચરમાંતોમાં જીવાદિ :–**

| સ્થાન | ચાર દિશાના ચરમાન્ત | | | ઉપરિતન ચરમાન્ત | | | અધસ્તન ચરમાન્ત | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | જીવ દેશભંગ | જીવ પ્રદે.ભંગ | અજીવ ભેદ | જીવ દેશભંગ | જીવ પ્રદે.ભંગ | અજીવ ભેદ | જીવ દેશભંગ | જીવ પ્રદે.ભંગ | અજીવ ભેદ |
| રત્નપ્રભા પૃથ્વી | ૧૫ | ૧૧ | ૧૦ | ૧૬ | ૧૧ | ૧૧ | ૧૨ | ૧૧ | ૧૦ |
| ૨ થી ૭ નરક | ૧૫ | ૧૧ | ૧૦ | ૧૨ | ૧૧ | ૧૦ | ૧૨ | ૧૧ | ૧૦ |
| ૧૨ દેવલોક | ૧૫ | ૧૧ | ૧૦ | ૧૨ | ૧૧ | ૧૦ | ૧૨ | ૧૧ | ૧૦ |
| ૯ ગ્રૈવે. પાંચ અનુ. ઈષત્પ્રા. પૃથ્વી. | ૧૫ | ૧૧ | ૧૦ | ૧૧ | ૧૧ | ૧૦ | ૧૧ | ૧૧ | ૧૦ |

**પરમાણુની એક સમયની ગતિ :–**

**૭ परमाणुपोग्गले णं भंते ! लोगस्स पुरत्थिमिल्लाओ चरिमंताओ पच्चत्थिमिल्लं चरिमंतं एगसमएणं गच्छइ, पच्चत्थिमिल्लाओ चरिमंताओ पुरत्थिमिल्लं चरिमंतं एगसमएणं गच्छइ, दाहिणिल्लाओ चरिमंताओ उत्तरिल्लं** *जाव* **गच्छइ, उत्तरिल्लाओ चरिमंताओ दाहिणिल्लं** *जाव* **गच्छइ, उवरिल्लाओ चरिमंताओ हेट्ठिल्लं चरिमंतं एगसमएणं गच्छइ, हेट्ठिल्लाओ चरिमंताओ**

**उवरिल्लं चरिमंतं एगसमएणं गच्छइ ?**

**हंता गोयमा ! परमाणुपोग्गले णं लोगस्स पुरत्थिमिल्लाओ चरिमंताओ तं चेव** *जाव* **उवरिल्लं चरिमंतं गच्छइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરમાણુ પુદ્ગલ એક સમયમાં લોકના પૂર્વ ચરમાન્તથી પશ્ચિમ ચરમાન્તમાં; પશ્ચિમ ચરમાન્તથી પૂર્વ ચરમાન્તમાં; દક્ષિણ ચરમાન્તથી ઉત્તર ચરમાન્તમાં; ઉત્તર ચરમાન્તથી દક્ષિણ ચરમાન્તમાં; ઉપરના ચરમાન્તથી નીચેના ચરમાન્તમાં અને નીચેના ચરમાન્તથી ઉપરના ચરમાન્તમાં શું જઈ શકે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! પરમાણુ પુદ્ગલ એક સમયમાં લોકના પૂર્વના ચરમાન્તથી પશ્ચિમ ચરમાન્તમાં ***યાવત્*** નીચેના ચરમાન્તથી ઉપરના ચરમાન્તમાં જઈ શકે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પરમાણુના ગતિ સ્વભાવનું નિરુપણ છે.

પરમાણુ પુદ્ગલ સ્વભાવથી એક સમયમાં એક ચરમાન્તથી બીજા ચરમાન્ત સુધી જઈ શકે છે.

**વરસાદ જાણવાની પ્રવૃત્તિથી લાગતી ક્રિયા :–**

**૮ पुरिसे णं भंते ! वासं वासइ, वासं णो वासइ त्ति हत्थं वा पायं वा बाहुं वा उरुं वा आउंटावेमाणे वा पसारेमाणे वा कइकिरिए ?**

**गोयमा ! जावं च णं से पुरिसे वासं वासइ वासं णो वासइ त्ति हत्थं वा** *जाव* **उरुं वा आउंटावेइ वा पसारेइ वा, तावं च णं से पुरिसे काइयाए** *जाव* **पंचहिं किरियाहिं पुट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વરસાદ વરસે છે કે નહીં, તે જાણવા માટે કોઈ પુરુષ પોતાના હાથ, પગ, બાહુ અથવા ઉરુને સંકોચિત કરે અથવા પ્રસારિત કરે, તો તે પુરુષને કેટલી ક્રિયા લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વરસાદ વરસે છે કે નહીં, તે જાણવા માટે જે પુરુષ પોતાના હાથ ***યાવત્*** ઉરુને સંકોચિત કરે અથવા પ્રસારિત કરે, તે પુરુષને કાયિકી આદિ પાંચ ક્રિયા લાગે છે.

**વિવેચન :–**

મુશળધાર વરસાદનો ખ્યાલ તો દષ્ટિમાત્રથી કે તેના અવાજથી આવી જાય છે પરંતુ ઝરમર વરસતો વરસાદ સ્પર્શથી જાણી શકાય છે. તેમાં શરીરાવયવ સાથે પાણીનો સ્પર્શ થતાં અપ્કાયના જીવોની વિરાધના થાય છે અને તેથી પાંચ ક્રિયા લાગે છે. છકાય જીવ રક્ષક શ્રમણો અન્ય ઉપાયથી સૂક્ષ્મ વરસાદની જાણકારી મેળવે છે.

**અલોક-ગમનનું દેવનું અસામર્થ્ય :–**

**૯ देवे णं भंते ! महिड्ढिए** *जाव* **महासोक्खे लोगंते ठिच्चा पभू अलोगंसि हत्थं वा** *जाव* **उरुं वा आउंटावेत्तए वा पसारेत्तए वा ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહર્દ્ધિક ***યાવત્*** મહાસુખી દેવ, લોકાન્તમાં રહીને અલોકમાં પોતાના હાથ ***યાવત્*** ઉરુને સંકોચિત અને પ્રસારિત કરવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૧૦ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– देवे णं महिड्ढिए *जाव* लोगंते ठिच्चा णो पभू अलोगंसि हत्थं वा *जाव* पसारेत्तए वा ?**

**गोयमा ! जीवाणं आहारोवचिया पोग्गला, बोंदिचिया पोग्गला, कलेवरचिया पोग्गला, पोग्गलामेव पप्प जीवाण य अजीवाण य गइपरियाए आहिज्जइ, अलोए णं णेवत्थि जीवा, णेवत्थि पोग्गला; से तेणट्ठेणं गोयमा ! *जाव* पसारेत्तए वा ॥ सेवं भंते! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે મહર્દ્ધિક દેવ લોકાન્તમાં રહીને અલોકમાં પોતાના હાથ ***યાવત્*** ઉરુને સંકોચિત અને પ્રસારિત કરવામાં સમર્થ નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવોના આહારોપચિત પુદ્ગલ, શરીરોપચિત પુદ્ગલ અને કલેવરોપચિત પુદ્ગલ જીવની ગતિને અનુસરે છે. તથા પુદ્ગલોને આશ્રિત જ જીવો અને અજીવોની ગતિપર્યાય કહી છે. અલોકમાં જીવ નથી અને પુદ્ગલ પણ નથી. તેથી હે ગૌતમ ! પૂર્વોક્ત દેવ ***યાવત્*** અલોકમાં હાથપગ આદિ સંકોચિત અને પ્રસારિત કરવામાં સમર્થ નથી. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

જીવની સાથે રહેલા પુદ્ગલ આહાર રૂપે, સૂક્ષ્મ શરીર રૂપે, સ્થૂલ કલેવર રૂપે તથા શ્વાસોચ્છ્વાસ આદિ રૂપે ઉપચિત થાય છે. પુદ્ગલ જીવાનુગામી સ્વભાવવાળા હોય છે. જે ક્ષેત્રમાં જીવ હોય છે, ત્યાં જ પુદ્ગલની ગતિ થાયછે. આ રીતે પુદ્ગલોને આશ્રિત જીવોનો અને પુદ્ગલોનો ગતિધર્મ હોય છે. અર્થાત્ જે ક્ષેત્રમાં પુદ્ગલ હોય છે તે જ ક્ષેત્રમાં જીવ અને પુદ્ગલોની ગતિ થાય છે. અલોકમાં ધર્માસ્તિકાય ન હોવાથી ત્યાં જીવ અને પુદ્ગલ નથી અને તેથી તેની ગતિ પણ નથી.

**॥ શતક ૧૬/૮ સંપૂર્ણ ॥**

# શતક–૧૬ : ઉદ્દેશક–૯

## બલિ

**વૈરોચનેન્દ્રની સુધર્મા સભા :–**

**१** **कहि णं भंते ! बलिस्स वइरोयणिंदस्स वइरोयणरण्णो सभा सुहम्मा पण्णत्ता ?**

**गोयमा ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरेणं तिरियमसंखेज्जे जहेव चमरस्स** *जाव* **बायालीसं जोयणसहस्साइं ओगाहित्ता एत्थ णं बलिस्स वइरोयणिंदस्स वइरोयणरण्णो रुयगिंदे णामं उप्पायपव्वए पण्णत्ते । सत्तरस एक्कवीसे जोयणसए एवं पमाणं जहेव तिगिच्छिकूडस्स । पासायवडेंसगस्स वि तं चेव पमाणं, सीहासणं सपरिवारं बलिस्स परियारेणं, अट्ठो तहेव, णवरं रुयगिंदप्पभाइं, सेसं तं चेव** *जाव* **बलिचंचाए रायहाणीए अण्णेसिं च** *जाव* **रुयगिंदस्सणं उप्पायपव्वयस्स उत्तरेणं छक्कोडिसए तहेव** *जाव* **चत्तालीसं जोयणसहस्साइं ओगाहित्ता एत्थ णं बलिस्स वइरोयणिंदस्स वइरोयणरण्णो बलिचंचा णामं रायहाणी पण्णत्ता । एगं जोयणसयसहस्सं पमाणं, तहेव** *जाव* **बलिपेढस्स उववाओ** *जाव* **आयरक्खा सव्वं तहेव णिरवसेसं; णवरं साइरेगं सागरोवमं ठिई पण्णत्ता, सेसं तं चेव** *जाव* **बली वइरोयणिंदे, बली वइरोयणिंदे ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિની સુધર્મા સભા ક્યાં છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જંબૂદ્વીપમાં મંદર પર્વતની ઉત્તર દિશામાં તિરછા અસંખ્યાત દ્વીપ-સમુદ્રોનું ઉલ્લંઘન કર્યા પછી ઇત્યાદિ શતક-૨/૮ માં ચમરેન્દ્રની વક્તવ્યતા કહી છે, તે જ રીતે અરુણવર દ્વીપની બાહ્ય વેદિકાથી અરુણવર સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન અવગાહન કર્યા પછી વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિનો રુચકેન્દ્ર નામનો ઉત્પાત પર્વત છે. તે ઉત્પાત પર્વત ૧,૭૨૧ યોજન ઊંચો છે. શેષ તેનું સર્વ પરિમાણ તિગિચ્છકૂટ નામના ચમરેન્દ્રના ઉત્પાત પર્વતની સમાન જાણવું જોઈએ. તેના પ્રાસાદાવતંસકનું પરિમાણ, તે પ્રાસાદાવતંસકની મધ્યમાં પરિવાર સહિત બલિના સિંહાસનો, રુચકેન્દ્ર નામનો અર્થ પણ તે જ પ્રકારે જાણવો જોઈએ. વિશેષતા એ છે કે અહીં રુચકેન્દ્ર નામના રત્નવિશેષની પ્રભાવાળા ઉત્પલાદિ છે. શેષ સર્વ તે જ પ્રકારે છે ***યાવત્*** તે બલીન્દ્રની બલિચંચા રાજધાનીના દેવોનું તથા અન્યોનું તે ક્રીડાસ્થળ, વિશ્રામ સ્થળ છે ***યાવત્*** તે રુચકેન્દ્ર ઉત્પાત પર્વતની ઉત્તરમાં ૬૫૫,૩૫,૫૦,૦૦૦ યોજન અરુણોદય સમુદ્રોમાં તિરછા ગયા પછી નીચે રત્નપ્રભા પૃથ્વીમાં ૪૦,૦૦૦ યોજન ગયા પછી વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિની 'બલિચંચા' નામની રાજધાની છે. તે રાજધાનીનો વિસ્તાર એક લાખ યોજન પ્રમાણ છે. ***યાવત્*** 'બલિપીઠ' સુધીનું વર્ણન તથા બલીંદ્રનો ઉપપાત ***યાવત્*** આત્મરક્ષક દેવ સુધીનું વર્ણન ચમરેન્દ્રની સમાન જાણવું. વિશેષતા એ છે કે વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિની સ્થિતિ સાધિક એક સાગરોપમની છે. ***યાવત્*** આ 'વૈરોચનેન્દ્ર બલિ

છે, વૈરોચનેન્દ્ર બલિ છે' ત્યાં સુધી કહેવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અસુરકુમાર દેવોના ઉત્તરદિશાના અધિપતિ બલીન્દ્રની સુધર્માસભાના સ્થાન વિષયક પ્રશ્ન છે. તેના ઉત્તરમાં સૂત્રકારે બલીન્દ્રના ઉત્પાતપર્વત, બલિચંચા રાજધાની, સપરિવાર સિંહાસનો અને સુધર્મા સભા આદિનું વર્ણન ચમરેન્દ્ર પ્રમાણે જાણવાનો નિર્દેશ કર્યો છે અને શતક-૨/૮માં ચમરચંચા રાજધાનીનું સ્થાન અને જીવાભિગમ પ્રતિપત્તિ–૩ પ્રમાણે સુધર્મા સભાનું સ્થાન અને સ્વરૂપ વર્ણન છે.

**બલિચંચાનું સ્થાન :–** જંબૂદ્વીપના મેરુપર્વતથી ઉત્તર દિશામાં અસંખ્યાત યોજન દૂર અરુણોદય સમુદ્રમાં, તેની જગતીથી ઉત્તર દિશામાં ૪૨,૦૦૦ યોજન દૂર બલીન્દ્રનો તિગિચ્છકૂટ નામનો ઉત્પાત પર્વત છે. તે પર્વતની ઉત્તરમાં ૬૫૫,૩૫,૫૦,૦૦૦(છસો પંચાવન કરોડ, પાંત્રીસ લાખ, પચ્ચાસ હજાર) યોજન દૂર નીચે ઉતરવાનો માર્ગ છે. તે માર્ગ દ્વારા ૪૦,૦૦૦ યોજન નીચે બલિચંચા રાજધાની છે અને તેમાં સુધર્મા સભા છે.

**॥ શતક ૧૬/૯ સંપૂર્ણ ॥**

# શતક–૧૬ : ઉદ્દેશક–૧૦

## અવધિજ્ઞાન

**અવધિજ્ઞાન :–**

**१** **कइविहा णं भंते ! ओही पण्णत्ता ?**

**गोयमा ! दुविहा ओही पण्णत्ता । एवं ओहीपदं णिरवसेसं भाणियव्वं ॥ सेवं भंते! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અવધિજ્ઞાનના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અવધિજ્ઞાનના બે પ્રકાર છે, અહીં પ્રજ્ઞાપના સૂત્રનું ૩૩મું અવધિપદ સંપૂર્ણ કહેવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અવધિજ્ઞાનનું સંક્ષિપ્ત કથન છે. તેનું સંપૂર્ણ વર્ણન પ્રજ્ઞાપના સૂત્રમાં છે તે વર્ણનની સંગ્રહ ગાથા આ પ્રમાણે છે–

**भेद विसय संठाणे, अब्भिंतरे बाहिरे य देसोही ।**
**ओहिस्स य खयवुड्ढी, पडिवाई चेव अपडिवाई ॥१॥**

**અર્થ :–** (૧) અવધિ જ્ઞાનના ભેદ– ભવ પ્રત્યયિક અને ક્ષાયોપશમિક (૨) વિષય (૩) સંસ્થાન (૪) આભ્યંતર-બાહ્ય (૫) દેશાવધિ-સર્વાવધિ (૬) અવધિજ્ઞાનની હાનિ-વૃદ્ધિ (૭) પ્રતિપાતી-અપ્રતિપાતી. આ સાત દ્વારોથી અવધિજ્ઞાનનું વિસ્તૃત વર્ણન પ્રજ્ઞાપના સૂત્રથી જાણવું જોઈએ.

**॥ શતક ૧૬/૧૦ સંપૂર્ણ ॥**

# શતક–૧૬ : ઉદ્દેશક–૧૧ થી ૧૪

## દ્વીપકુમાર

**દ્વીપકુમાર દેવોની વક્તવ્યતા :–**

**१ दीवकुमारा णं भंते ! सव्वे समाहारा, सव्वे समुस्सासणिस्सासा ?**

**णो इणट्ठे समट्ठे । एवं जहा पढमसए बिइयउद्देसए दीवकुमाराणं वत्तव्वया तहेव** *जाव* **समाउया, समुस्सासणिस्सासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ દ્વીપકુમાર દેવો, સમાન આહારવાળા અને સમાન ઉચ્છ્‌વાસ-નિઃશ્વાસવાળા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શકય નથી. જે રીતે શતક-૧/૨ માં દ્વીપકુમારની જે વક્તવ્યતા કહી, તે સર્વ કથન અહીં પણ કરવું જોઈએ ***યાવત્*** કેટલાક સમ આયુષ્યવાળા અને સમ ઉચ્છ્‌વાસનિઃશ્વાસવાળા હોય છે.

**२ दीवकुमारा णं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ? गोयमा ! चत्तारि लेस्साओ पण्णत्ताओ, तं जहा– कण्हलेस्सा** *जाव* **तेउलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્વીપકુમારોને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેને ચાર લેશ્યાઓ હોય છે યથા– કૃષ્ણલેશ્યા નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા.

**३ एएसिं णं भंते ! दीवकुमाराणं कण्हलेस्साणं** *जाव* **तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा** *जाव* **विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा दीवकुमारा तेउलेस्सा, काउलेस्सा असंखेज्जगुणा, णीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** તેજોલેશી દ્વીપકુમારોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા તેજોલેશી દ્વીપકુમાર છે, તેનાથી કાપોતલેશી અસંખ્યાતગુણા છે, તેનાથી નીલલેશી વિશેષાધિક છે, અને તેનાથી કૃષ્ણલેશી વિશેષાધિક છે.

**४ एएसिं णं भंते ! दीवकुमाराणं कण्हलेसाणं** *जाव* **तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पिड्ढिया वा महिड्ढिया वा ?**

**गोयमा ! कण्हलेस्साहिंतो णीललेस्सा महिड्ढिया** *जाव* **सव्वमहिड्ढिया तेउलेस्सा**

**॥सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન્ ! કૃષ્ણલેશી ***યાવત્*** તેજોલેશી દ્વીપકુમારોમાં કોણ કોનાથી અલ્પર્દ્ધિક કે મહર્દ્ધિક છે.

**ઉત્તર–** હે ગૌતમ ! કૃષ્ણલેશી દ્વીપકુમારોથી નીલલેશી દ્વીપકુમાર મહર્દ્ધિક છે ***યાવત્*** તેજોલેશી દ્વીપકુમાર સર્વથી મહર્દ્ધિક છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

ભવનપતિ દેવોમાં ચાર લેશ્યા હોય છે. તેમાં કૃષ્ણલેશી દ્વીપકુમારોથી નીલલેશી દ્વીપકુમાર મહર્દ્ધિક છે, તે રીતે ક્રમશઃ કાપોતલેશી અને તેજોલેશી દ્વીપકુમાર મહર્દ્ધિક છે. આ રીતે લેશ્યાની શુદ્ધિ પ્રમાણે તે દેવોની ૠદ્ધિમાં વૃદ્ધિ થાય છે.

**॥ શતક ૧૬/૧૧ સંપૂર્ણ ॥**

**ઉદધિકુમાર-દિશાકુમાર-સ્તનિતકુમાર :–**

**૧ उदहिकुमाराणं णं भंते ! सव्वे समाहारा, पुच्छा ?**

**गोयमा ! एवं चेव । एवं दिसाकुमाराण वि, थणियकुमाराण वि । उद्देसगो भाणियव्वो एवं एए तिण्णि उद्देसगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ ઉદધિકુમાર, સમાન આહારવાળા છે, ઈત્યાદિ પૂર્વવત્ પ્રશ્ન કરવો જોઈએ.

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વ પૂર્વવત્ કહેવું જોઈએ. આ રીતે દિશાકુમારોના વિષયમાં તેરમો ઉદ્દેશક અને સ્તનિતકુમારોના વિષયમાં ચૌદમો ઉદ્દેશક જાણવો જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**॥ શતક ૧૬/૧૨, ૧૩, ૧૪ સંપૂર્ણ ॥**

**॥ શતક ૧૬ સંપૂર્ણ ॥**

# શતક–૧૭

## પરિચય

આ શતકમાં ૧૭ ઉદ્દેશક છે. તેમાં વિવિધ વિષયોનું વર્ણન છે.

★ **પ્રથમ ઉદ્દેશકમાં** કોણિક રાજાના ઉદાયી અને ભૂતાનંદ નામના ગજરાજની ભૂત અને ભાવિ ગતિ, તાડફળને હલાવવાથી તથા સામાન્ય વૃક્ષના મૂળ, કંદ આદિને હલાવનાર જીવને, ફળાદિના જીવને, વૃક્ષને તથા તેને ઉપકારક બનનાર જીવને લાગતી ક્રિયાઓ તથા શરીર-ઈન્દ્રિય અને યોગને નિષ્પન્ન કરનાર એક અથવા અનેક પુરુષોને લાગતી ક્રિયાઓનું નિરૂપણ છે. અંતમાં છ ભાવોનું વર્ણન અનુયોગ દ્વારના અતિદેશ-પૂર્વક છે.

★ **બીજા ઉદ્દેશકમાં** સંયત, અસંયત, સંયતાસંયત, સામાન્ય જીવ તથા ચોવીસ દંડકવર્તી જીવોના ધર્મ, અધર્મ અથવા ધર્માધર્મમાં સ્થિત હોવાની ચર્ચા છે. ત્યાર પછી તે જીવોના બાલ, પંડિત અને બાલ-પંડિત હોવાની તેમજ અન્યતીર્થિકની જીવ અને જીવાત્માની એકાંત ભિન્નત્વની માન્યતાનું ખંડન કરીને કથંચિત્ ભેદાભેદનો સિદ્ધાંત પ્રસ્તુત કર્યો છે. અંતમાં મહર્દ્ધિક દેવ દ્વારા મૂર્તથી અમૂર્ત અને અમૂર્તથી મૂર્ત આકાર બનાવવાના સામર્થ્યનો નિષેધ છે.

★ **ત્રીજા ઉદ્દેશકમાં** શૈલેશી અણગારની નિષ્પ્રકમ્પતા; દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવ એજના; શરીર, ઈન્દ્રિય, યોગરૂપ ત્રણ પ્રકારની ચલના અને સંવેગાદિ ધર્મોના ફળનું પ્રતિપાદન કર્યું છે.

★ **ચોથા ઉદ્દેશકમાં** જીવ તથા ચોવીસ દંડકવર્તી જીવો દ્વારા પ્રાણાતિપાતાદિ ક્રિયાની સ્પૃષ્ટતા તથા આનુપૂર્વીતા તથા જીવોના દુઃખ અને તેના વેદનના આત્મકર્તૃત્વની પ્રરૂપણા કરી છે.

★ **પાંચમા ઉદ્દેશકમાં** ઈશાનેન્દ્રની સુધર્માસભાનું સાંગોપાંગ વર્ણન છે.

★ **છઠ્ઠાથી અગિયારમા ઉદ્દેશકમાં** અધોલોકમાં રહેલા સ્થાવર જીવો મારણાંતિક સમુદ્ઘાત કરી ઊર્ધ્વલોકના કોઈ પણ સ્થાનમાં સ્થાવરપણે ઉત્પન્ન થાય અને ઊર્ધ્વલોકના સ્થાવર જીવો અધોલોકના કોઈ પણ સ્થાનમાં ઉત્પન્ન થાય ત્યારે પહેલા ઉત્પન્ન થાય છે, પછી પુદ્ગલ(આહાર) ગ્રહણ કરે છે ? અથવા પહેલા આહાર ગ્રહણ કરે છે, પછી ઉત્પન્ન થાય છે ? તે વિષયની ચર્ચા છે.

તેમાં પૃથ્વી સંબંધી બે ઉદ્દેશક, પાણી સંબંધી બે ઉદ્દેશક અને વાયુ સંબંધી બે ઉદ્દેશક છે.

★ **બારમા ઉદ્દેશકમાં** એકેન્દ્રિય જીવોમાં આહાર, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય, શરીર આદિની સમાનતા-અસમાનતાની, તેમાં પ્રાપ્ત થતી લેશ્યાઓની અને તેના અલ્પબહુત્વની વિચારણા કરવામાં આવી છે.

★ **તેરમાથી સત્તરમાં ઉદ્દેશકમાં** ક્રમશઃ નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, વાયુકુમાર અને અગ્નિકુમાર દેવોના આહારાદિની સમાનતા વિષમતા આદિ વિષયક અતિદેશાત્મક કથન છે.

❖❖❖❖❖

# શતક–૧૭ : ઉદ્દેશક–૧

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં કોણિક રાજાના બંને ગજરાજના પૂર્વ-પશ્ચાદ્ ભવ, તાલવૃક્ષાદિને હલાવવામાં, તેના ફળને પાડવામાં લાગતી ક્રિયા અને છ પ્રકારના ભાવનું અતિદેશાત્મક નિરૂપણ છે.

★ કોણિક રાજાના ઉદાયી અને ભૂતાનંદ નામના બે ઉત્તમ જાતિના હાથી હતા. તે બંને હાથી અસુરકુમારમાંથી આવીને ઉત્પન્ન થયા હતા, તે બંને મરીને પ્રથમ નરકમાં ઉત્કૃષ્ટ સ્થિતિએ ઉત્પન્ન થશે. ત્યાંનુ આયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરીને તે બંને આત્માઓ મોક્ષગતિને પ્રાપ્ત કરશે.

★ તાલવૃક્ષને હલાવનાર કે તેના ફળને નીચે પાડનાર પુરુષને પાંચ ક્રિયા લાગે છે. કારણ કે પુરુષની તે પ્રવૃત્તિથી જીવહિંસા થાય છે. જે વ્યક્તિ જીવહિંસામાં સાક્ષાત્ નિમિત બને તેને પ્રાણાતિપાતિકી ક્રિયા સહિત પાંચ ક્રિયા લાગે છે. વૃક્ષ અને ફળ હલવાથી જીવ હિંસા થાય તેનાથી વૃક્ષ અને ફળના જીવને પણ પાંચ ક્રિયા લાગે છે.

★ વૃક્ષને હલાવ્યા પછી તેનું ફળ જો પોતાની ગુરુતાથી જ નીચે પડે અને તેનાથી માર્ગમાં અને પૃથ્વીપર અન્ય જીવોનો ઘાત થાય, ત્યારે પુરુષને ચાર ક્રિયા લાગે છે. કારણ કે જીવહિંસામાં પુરુષ સાક્ષાત્ કારણ બન્યો નથી. ફળ પડવાના નિમિતથી જીવહિંસા થઈ હોવાથી ફળના જીવને પાંચ ક્રિયા લાગે છે.

★ ઔદારિક આદિ પાંચ શરીર, પાંચ ઈન્દ્રિય અને ત્રણ યોગની નિષ્પત્તિમાં કે તેનો પ્રયોગ કરવામાં જીવને ત્રણ, ચાર કે પાંચ ક્રિયા લાગે છે. કોઈ પણ છદ્મસ્થ જીવને પોતાની યોગજન્ય પ્રવૃત્તિથી ત્રણ ક્રિયા અવશ્ય લાગે છે. જો અન્યને પરિતાપ પહોંચે તો ચોથી ક્રિયા અને અન્ય જીવોની હિંસા થાય તો પાંચમી પ્રાણાતિપાતિકી ક્રિયા લાગે છે.

★ આત્માના પરિણામને ભાવ કહે છે. તેના છ ભેદ છે. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, પારિણામિક અને સાન્નિપાતિક. તેનું વિસ્તૃત વિવેચન અનુયોગદ્વાર સૂત્રમાં છે.

❖❖❖❖❖

# શતક–૧૭ : ઉદ્દેશક–૧

## કુંજર

**ઉદ્દેશકોનાં નામ :–**

**૧ कुंजर संजय सेलेसिं, किरिय ईसाण पुढवि दग वाऊ ।**
**एगिंदिय णाग सुवण्ण, विज्जु वायु अग्गि सत्तरसे ॥**

**ભાવાર્થ :–** આ શતકના ૧૭ ઉદ્દેશક છે. તેના નામ આ પ્રકારે છે– (૧) કુંજર (૨) સંયત (૩) શૈલેશી (૪) ક્રિયા (૫) ઈશાન (૬–૭) પૃથ્વી (૮–૯) ઉદક (૧૦–૧૧) વાયુ (૧૨) એકેન્દ્રિય (૧૩) નાગ (૧૪) સુવર્ણ (૧૫) વિદ્યુત (૧૬) વાયુકુમાર અને (૧૭) અગ્નિકુમાર.

**વિવેચન :–**

પ્રત્યેક ઉદ્દેશકના નામ તેના મુખ્ય વિષય અથવા આદ્ય વિષયના આધારે છે.

**(૧) कुंजर :–** કોણિક રાજાના કુંજર(હાથી)ની ભૂત અને ભાવિ ગતિ વિષયક પ્રશ્ન પ્રારંભમાં હોવાથી પ્રથમ ઉદ્દેશકનું નામ 'કુંજર' છે.

**(૨) संयत :–** સંયત વિષયક પ્રશ્નોત્તર હોવાથી બીજા ઉદ્દેશકનું નામ 'સંયત' છે.

**(૩) सेलेसिं :–** પ્રથમ પ્રશ્ન શૈલેશી અણગાર વિષે હોવાથી ત્રીજા ઉદ્દેશકનું નામ 'શૈલેશી' છે.

**(૪) किरिय :–** ક્રિયા વિષયક વિવેચન હોવાથી ચોથા ઉદ્દેશકનું નામ 'ક્રિયા' છે.

**(૫) ईसाण :–** ઈશાનેન્દ્રની સુધર્મા સભાનું પ્રતિપાદન હોવાથી પાંચમાં ઉદ્દેશકનું નામ 'ઈશાન' છે.

**(૬–૭) पुढवि :–** પૃથ્વીકાયિક જીવોના મારણાંતિક સમુદ્‌ઘાતનું નિરૂપણ હોવાથી છઠા અને સાતમા ઉદ્દેશકનું નામ 'પૃથ્વી' છે.

**(૮–૯) दग :–** અપ્કાયિક જીવોના મારણાંતિક સમુદ્‌ઘાતનું નિરૂપણ હોવાથી આઠમા અને નવમા ઉદ્દેશકનું નામ 'ઉદક' છે.

**(૧૦–૧૧) વાયુ–** વાયુકાયિક જીવોના મારણાંતિક સમુદ્‌ઘાતનું કથન હોવાથી દશમા અને અગિયારમા ઉદ્દેશકનું નામ 'વાયુ' છે.

**(૧૨) एगिंदिय :–** એકેન્દ્રિય જીવોના આહારાદિ વિષયક પ્રરૂપણા હોવાથી બારમા ઉદ્દેશકનું નામ 'એકેન્દ્રિય' છે.

**(૧૩ થી ૧૭) णाग सुवण्ण विज्जु वाउ अग्गि :–** નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, વાયુકુમાર

અને અગ્નિકુમાર દેવોના આહારાદિ વિષયક કથન હોવાથી તેરમાથી સત્તરમા ઉદ્દેશકના નામ ક્રમશઃ તે તે દેવોના નામ અનુસાર છે.

**કોણિકના ગજરાજની ગતિ-આગતિ :–**

**૨ रायगिहे** *जाव* **एवं वयासी– उदायी णं भंते ! हत्थि राया कओहिंतो अणंतरं उव्वट्टित्ता उदायिहत्थिरायत्ताए उववण्णे ?**

**गोयमा ! असुरकुमारेहिंतो देवेहिंतो अणंतरं उव्वट्टित्ता उदायि-हत्थि-रायत्ताए उववण्णे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું–

હે ભગવન્ ! (કોણિક રાજાનો)ઉદાયી નામનો ગજરાજ કઈ ગતિમાંથી નીકળીને અહીં ઉત્પન્ન થયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમાર દેવોમાંથી મરીને અહીં ઉત્પન્ન થયો છે.

**૩ उदायी णं भंते ! हत्थिराया कालमासे कालं किच्चा कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ?**

**गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए उक्कोसं सागरोवमट्ठिइयंसि णिरयावासंसि णेरइयत्ताए उववज्जिहिइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે ઉદાયી નામનો પ્રધાન ગજરાજ અહીંથી કાલધર્મ પામીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં એક સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નરકાવાસમાં નૈરયિક રૂપે ઉત્પન્ન થશે.

**૪ से णं भंते ! तओहिंतो अणंतरं उव्वट्टित्ता कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! महाविदेहे वासे सिज्झिहिइ** *जाव* **अंतं काहिइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે રત્નપ્રભા પૃથ્વીમાંથી નીકળીને કયાં જશે, કયાં ઉત્પન્ન થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈને સિદ્ધ થશે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે.

**૫ भूयाणंदे णं भंते ! हत्थिराया कओहिंतो अणंतरं उव्वट्टित्ता भूयाणंदे हत्थिरायत्ताए उववण्णे ? गोयमा ! जहेव उदायी** *जाव* **अंतं काहिइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! (કોણિક રાજાનો)ભૂતાનંદ નામનો પ્રધાન ગજરાજ કઈ ગતિમાંથી નીકળીને અહીં ઉત્પન્ન થયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે ઉદાયી નામના પ્રધાન ગજરાજની વક્તવ્યતા કહી, તે જ રીતે ભૂતાનંદ ગજરાજની પણ વક્તવ્યતા જાણવી જોઈએ.***યાવત્*** તે સર્વ દુઃખોનો અંત કરશે.

**પુરુષ અને તાલવૃક્ષને લાગતી ક્રિયા :–**

**६ पुरिसे णं भंते ! तालमारुहइ, तालमारुहित्ता तालाओ तालफलं पचालेमाणे वा पवाडेमाणे वा कइकिरिए ?**

**गोयमा ! जावं च णं से पुरिसे तालमारुहइ, तालमारुहित्ता तालाओ तालफलं पचालेइ वा पवाडेइ वा तावं च णं से पुरिसे काइयाए *जाव* पंचहिं किरियाहिं पुट्ठे; जेसिं पि णं सरीरेहिंत्तो ताले णिव्वत्तिए तालफले णिव्वत्तिए ते वि णं जीवा काइयाए *जाव* पंचहिं किरियाहिं पुट्ठा ।**

**શબ્દાર્થ :– तालम्** = તાડવૃક્ષ **पचालेमाणे** = હલાવતાં **पवाडेमाणे** = નીચે પાડતાં **णिवत्तिए** = નિષ્પન્ન થયા હોય.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કોઈ પુરુષ, તાડના વૃક્ષ પર ચઢે અને તેના ફળને હલાવે અથવા નીચે પાડે, તો તે પુરુષને કેટલી ક્રિયાઓ લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે પુરુષ તાડના વૃક્ષ પર ચઢે છે, ચઢીને તાડના ફળને હલાવે છે, તેના ફળને નીચે પાડે છે, તે પુરુષને કાયિકી આદિ પાંચ ક્રિયાઓ લાગે છે અને જે જીવોના શરીરથી તાડવૃક્ષ અને તાડફળ નિષ્પન્ન થયા હોય તે જીવોને પણ કાયિકી આદિ પાંચ ક્રિયાઓ લાગે છે.

**७ अहे णं भंते ! से तालफले अप्पणो गरुयत्ताए *जाव* पच्चोवयमाणे जाइं तत्थ पाणाइं *जाव* जीवियाओ ववरोवेइ तएणं भंते ! से पुरिसे कइकिरिए ?**

**गोयमा ! जावं च णं से तालफले अप्पणो गरुयत्ताए *जाव* जीवियाओ ववरोवेइ तावं च णं से पुरिसे काइयाए *जाव* चउहिं किरियाहिं पुट्ठे; जेसिं पि णं जीवाणं सरीरेहिंतो ताले णिव्वत्तिए ते वि णं जीवा काइयाए *जाव* चउहिं किरियाहिं पुट्ठा; जेसिं पि णं जीवाणं सरीरेहिंतो तालफले णिव्वत्तिए ते वि णं जीवा काइयाए जाव पंचहिं किरियाहिं पुट्ठा, जे वि य से जीवा अहे वीससाए पच्चोवयमाणस्स उवग्गहे वट्टंति ते वि य णं जीवा काइयाए *जाव* पंचहिं किरियाहिं पुट्ठा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે તોડવાથી તે તાડફળ પોતાના ભારથી નીચે પડે અને તે તાડફળ દ્વારા ત્યાં જેટલા જીવો હણાય ત્યારે તે જીવોથી ફળ તોડનાર પુરુષને કેટલી ક્રિયા લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્યારે તે ફળ પોતાના ભારથી નીચે પડતાં જેટલા જીવોને ***યાવત્*** જીવનથી રહિત કરે છે, ત્યારે તે પુરુષને કાયિકી આદિ ચાર ક્રિયાઓ લાગે છે. જે જીવોના શરીરથી તાડવૃક્ષ નિષ્પન્ન થયું હોય, તે જીવોને પણ કાયિકી આદિ ચાર ક્રિયા લાગે છે. જે જીવોના શરીરથી તાડફળ નિષ્પન્ન થયું હોય, તે જીવોને કાયિકી આદિ પાંચ ક્રિયાઓ લાગે છે. ફળ પાડવાના માર્ગમાં જે કોઈ જીવ ચલિત થાય તેનાથી જે જીવોની હિંસા થાય તે જીવોને પણ તો કાયિકી આદિ પાંચ ક્રિયા લાગે છે.

**८ पुरिसे णं भंते ! रुक्खस्स मूलं पचालेमाणे वा पवाडेमाणे वा कइकिरिए ?**

**गोयमा ! जावं च णं से पुरिसे रुक्खस्स मूलं पचालेइ, वा, पवाडेइ वा तावं च णं से पुरिसे काइयाए** *जाव* **पंचहिं किरियाहिं पुट्ठे, जेसिं पि य णं जीवाणं सरीरेहिंतो मूले णिव्वत्तिए** *जाव* **बीए णिव्वत्तिए, ते वि य णं जीवा काइयाए** *जाव* **पंचहिं किरियाहिं पुट्ठा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કોઈ પુરુષ વૃક્ષના મૂળને હલાવે અથવા નીચે પાડે, તો તે પુરુષને કેટલી ક્રિયાઓ લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વૃક્ષના મૂળને હલાવનાર કે નીચે પાડનાર પુરુષને કાયિકી આદિ પાંચ ક્રિયાઓ લાગે છે અને જે જીવોના શરીરથી મૂળ ***યાવત્*** બીજ નિષ્પન્ન થયા છે, તે જીવોને પણ કાયિકી આદિ પાંચ ક્રિયાઓ લાગે છે.

**९ अहे णं भंते ! से मूले अप्पणो गरुययाए** *जाव* **जीवियाओ ववरोवेइ तओ णं भंते ! से पुरिसे कइकिरिए ?**

**गोयमा ! जावं च णं से मूले अप्पणो** *जाव* **ववरोवेइ तावं च णं से पुरिसे काइयाए** *जाव* **चउहिं किरियाहिं पुट्ठे; जेसिं पि य णं जीवाणं सरीरेहिंतो कंदे णिव्वत्तिए** *जाव* **बीए णिव्वत्तिए ते वि णं जीवा काइयाए** *जाव* **चउहिं पुट्ठा; जेसिं पि य णं जीवाणं सरीरेहिंतो मूले णिव्वत्तिए ते वि णं जीवा काइयाए** *जाव* **पंचहिं किरियाहिं पुट्ठा; जे वि य णं से जीवा अहे वीससाए पच्चोवयमाणस्स उवग्गहे वट्टंति ते वि णं जीवा काइयाए** *जाव* **पंचहिं किरियाहिं पुट्ठा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે મૂળ પોતાના ભારથી નીચે પડે ***યાવત્*** જીવોનું હનન કરે, તો તે મૂળને હલાવનાર ***યાવત્*** નીચે પાડનાર પુરુષને કેટલી ક્રિયાઓ લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્યારે તે મૂળ પોતાના ભારથી નીચે પડે છે અને અન્ય જીવોનો ઘાત કરે છે, ત્યારે તે પુરુષને કાયિકી આદિ ચાર ક્રિયાઓ લાગે છે, જે જીવોના શરીરથી તે કંદ નિષ્પન્ન થયું છે ***યાવત્*** બીજ નિષ્પન્ન થયું છે, તે જીવોને કાયિકી આદિ ચાર ક્રિયાઓ લાગે છે. જે જીવોના શરીરથી મૂળ નિષ્પન્ન થયું છે, તે જીવોને કાયિકી આદિ પાંચ ક્રિયાઓ લાગે છે તથા નીચે પડતા મૂળ દ્વારા જે જીવો ચલિત થાય અને તેનાથી જે જીવ હિંસા થાય તો તે મૂળના જીવોને પણ કાયિકી આદિ પાંચ ક્રિયા લાગે છે.

**१० पुरिसे णं भंते ! रुक्खस्स कंदं पचालेइ, पुच्छा ?**

**गोयमा ! तावं च णं से पुरिसे** *जाव* **पंचहिं किरियाहिं पुट्ठे, जेसिं पि णं जीवाणं सरीरेहिंतो मूले णिव्वत्तिए** *जाव* **बीए णिव्वत्तिए ते वि णं जीवा पंचहिं किरियाहिं पुट्ठा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કોઈ પુરુષ વૃક્ષના કંદને હલાવે અથવા નીચે પાડે, તો તેને કેટલી ક્રિયાઓ લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કંદને હલાવનાર અથવા નીચે પાડનાર પુરુષને કાયિકી આદિ પાંચ ક્રિયા લાગે છે. જે જીવોના શરીરથી મૂળ ***યાવત્*** બીજ ઉત્પન્ન થયું છે તે જીવોને પણ પાંચ ક્રિયાઓ લાગે છે.

**११ अहे णं भंते ! से कंदे अप्पणो गरुयत्ताए, पुच्छा ?**

**गोयमा ! *जाव* चउहिं पुट्ठे; जेसिं पि णं जीवाणं सरीरेहिंतो मूले णिव्वत्तिए, खंधे णिव्वत्तिए *जाव* चउहिं पुट्ठा; जेसिं पि णं जीवाणं सरीरेहिंतो कंदे णिव्वत्तिए ते वि य णं जीवा *जाव* पंचहिं पुट्ठा; जे वि य से जीवा अहे वीससाए पच्चोवयमाणस्स *जाव* पंचहिं पुट्ठा । जहा कंदे, एवं *जाव* बीयं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે કંદ પોતાના ભારથી નીચે પડે ***યાવત્*** જીવોની ઘાત કરે તો તે પુરુષને કેટલી ક્રિયાઓ લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે પુરુષને કાયિકી આદિ ચાર ક્રિયાઓ લાગે છે, જે જીવોના શરીરથી મૂળ, સ્કંદ આદિ નિષ્પન્ન થયા છે, તે જીવોને કાયિકી આદિ ચાર ક્રિયાઓ લાગે છે. જે જીવોના શરીરથી કંદ નિષ્પન્ન થયું હોય તે જીવોને કાયિકી આદિ પાંચ ક્રિયા લાગે છે. નીચે પડતા તે કંદ દ્વારા માર્ગમાં જે જીવ ચલિત થાય અને તેનાથી જીવ હિંસા થાય તો તે કંદના જીવોને પણ પાંચ ક્રિયાઓ લાગે છે. કંદની સમાન ***યાવત્*** બીજ સુધી કહેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વૃક્ષના મૂળ, કંદ આદિને હલાવીને પાડે તે સમયે, હલાવનાર, પાડનાર પુરુષને; મૂળ, કંદ, વૃક્ષ આદિના જીવને તથા ફળાદિથી ચલિત થતાં જીવોને લાગતી ક્રિયાઓનું નિરૂપણ છે. સૂત્રકારે વિષયના સ્પષ્ટીકરણ માટે તાડવૃક્ષ સંબંધિત છ વિકલ્પોથી કથન કર્યું છે.

**(૧) તાડવૃક્ષને હલાવનારને–** જે પુરુષ તાડવૃક્ષને હલાવે છે અથવા તેના ફળને નીચે પાડે છે અને તાડ-ફળના જીવોની તથા તાડફળને આશ્રિત રહેલા જીવોની હિંસા કરે છે, તેને પ્રાણાતિપાતિકી ક્રિયા લાગે છે. જેને પ્રાણાતિપાતિકી ક્રિયા લાગે છે તેને પૂર્વની ચાર ક્રિયા અવશ્ય લાગે જ છે, આ રીતે તે પુરુષને કાયિકી આદિ પાંચ ક્રિયા લાગે છે.

**(૨) તાડ વૃક્ષ અને તેના સર્વ અવયવોના જીવને–** જે જીવોથી તાડવૃક્ષ અને તાડફળનું શરીર નિર્મિત થયું છે તેને, અર્થાત્ તાડવૃક્ષના જીવને અને તેના ફળ પર્યંતના સર્વ અવયવોના જીવોને પણ પૂર્વોક્ત પાંચ ક્રિયાઓ લાગે છે. કારણ કે વૃક્ષના કંપિત થવાથી તે સર્વ અવયવો કંપિત થાય છે તેના સ્પર્શાદિ દ્વારા અન્ય જીવોનો ઘાત થાય છે. આ રીતે ઘાતમાં તે જીવો સાક્ષાત્ નિમિત્ત બને છે તેથી તે સહુને પાંચ ક્રિયા નિયમથી લાગે છે.

**(૩) પડનાર ફળની ગુરુતાથી અન્ય જીવોના ઘાતથી પુરુષને–** કોઈ પુરુષ તાડફળને હલાવે તે સમયે ફળ પોતાના ભારથી નીચે પડે અને તેનાથી અન્ય જીવોની હિંસા થાય ત્યારે તે પુરુષને ચાર ક્રિયાઓ લાગે છે, કારણ કે તાડફળના પડવાથી થતાં જીવોના વધમાં તે પુરુષ સાક્ષાત્ નિમિત્ત નથી, પરંપરા નિમિત્ત છે. તેથી તેને પ્રાણાતિપાતિકી સિવાય શેષ ચાર ક્રિયાઓ લાગે છે.

(૪) ફળ પોતાના ભારથી નીચે પડે ત્યારે વૃક્ષના જીવોને પણ ચાર ક્રિયાઓ લાગે છે.

(૫) ફળ પોતાના ભારથી નીચે પડે ત્યારે તે તાડફળના જીવોને પાંચ ક્રિયાઓ લાગે છે, કારણ કે તે પ્રાણાતિપાતમાં સાક્ષાત્ નિમિત્ત થાય છે.

(૬) નીચે પડતા તાડફળ દ્વારા માર્ગમાં ચલિત થતા જીવો દ્વારા જીવ હિંસા થાય તો તે જીવોને પણ પાંચ ક્રિયાઓ લાગે છે કારણ કે પ્રાણીવધમાં તે સાક્ષાત્ નિમિત્ત બને છે.

આ રીતે મૂલ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજના વિષયમાં પણ ઉપરોકત છ વિકલ્પથી ક્રિયાસ્થાનો સમજવા જોઈએ.

**શરીર, ઇન્દ્રિય, યોગના પ્રકાર અને તન્નિમિત્તક ક્રિયા :–**

**૧૨ कइ णं भंते ! सरीरगा पण्णत्ता ? गोयमा ! पंच सरीरगा पण्णत्ता, तं जहा– ओरालिए** *जाव* **कम्मए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શરીરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શરીરના પાંચ પ્રકાર છે. યથા– ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ.

**૧૩ कइ णं भंते ! इंदिया पण्णत्ता ? गोयमा ! पंच इंदिया पण्णत्ता, तं जहा– सोइंदिए** *जाव* **फासिंदिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઇન્દ્રિયોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઇન્દ્રિયોના પાંચ પ્રકાર છે. યથા– શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય.

**૧૪ कइविहे णं भंते ! जोए पण्णत्ते ? गोयमा ! तिविहे जोए पण्णत्ते, तं जहा– मणजोए, वयजोए, कायजोए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! યોગના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! યોગના ત્રણ પ્રકાર છે. યથા– મનોયોગ, વચનયોગ અને કાયયોગ.

**૧૫ जीवे णं भंते ! ओरालियसरीरं णिव्वत्तेमाणे कइकिरिए ?**

**गोयमा ! सिय तिकिरिए, सिय चउकिरिए, सिय पंचकिरिए; एवं पुढविकाइए वि, एवं** *जाव* **मणुस्से ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઔદારિક શરીરને બાંધતા એક જીવને કેટલી ક્રિયા લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઔદારિક શરીરને બાંધતા એક જીવને કદાચિત્ ત્રણ ક્રિયા, કદાચિત્ ચાર ક્રિયા અને કદાચિત્ પાંચ ક્રિયા લાગે છે. આ રીતે પૃથ્વીકાયિક ***યાવત્*** મનુષ્યના દંડક સુધી કથન કરવું જોઈએ.

**૧૬ जीवा णं भंते ! ओरालियसरीरं णिव्वत्तेमाणा कइकिरिया ?**

**गोयमा ! तिकिरिया वि, चउकिरिया वि, पंचकिरिया वि; एवं** *जाव* **मणुस्सा ।**

**एवं वेउव्वियसरीरेण वि दो दंडगा, णवरं जस्स अत्थि वेउव्वियं, एवं** *जाव* **कम्मगसरीरं। एवं सोइंदियं** *जाव* **फासिंदियं । एवं मणजोगं, वयजोगं, कायजोगं, जस्स जं अत्थि, तं भाणियव्वं । एए एगत्त-पुहुत्तेणं छव्वीसं दंडगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઔદારિક શરીરને બાંધતા અનેક જીવને કેટલી ક્રિયા લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેને ત્રણ, ચાર અથવા પાંચ ક્રિયા પણ લાગે છે. આ રીતે દંડકના ક્રમથી મનુષ્ય સુધી બહુવચનનું કથન કરવું જોઈએ.

વૈક્રિયશરીરના વિષયમાં પણ આ જ રીતે એક વચન અને બહુવચનની અપેક્ષાએ બે આલાપક કહેવા જોઈએ. પરંતુ જે જીવોને વૈક્રિય શરીર હોય, તેના વિષયમાં જ કથન કરવું જોઈએ. આ રીતે ***યાવત્*** કાર્મણ શરીર સુધી અર્થાત્ આહારક, તૈજસ અને કાર્મણ શરીરનું કથન કરવું જોઈએ.

આ જ રીતે શ્રોતેન્દ્રિયથી સ્પર્શેન્દ્રિય પર્યંતની પાંચ ઇન્દ્રિય તથા મનોયોગ, વચનયોગ અને કાયયોગના વિષયમાં જે જીવને જે હોય, તેના વિષયમાં તેનું કથન કરવું જોઈએ. આ રીતે સર્વ મળીને એકવચન અને બહુવચન સંબંધી ૨૬ દંડક(સૂત્રાલાપક)કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં શરીર, ઇન્દ્રિય અને યોગના પ્રકારનું કથન કરીને તેને નિષ્પન્ન કરનાર જીવને એક વચન અને બહુવચનની અપેક્ષાએ લાગતી ક્રિયાઓનું નિરૂપણ છે.

ઔદારિક આદિ પાંચ શરીર, પાંચ ઇન્દ્રિય અને ત્રણ યોગ, તે તેર સ્થાનને બાંધતો જીવ જ્યાં સુધી અન્ય જીવોને પરિતાપ આદિ ઉત્પન્ન કરતો નથી, ત્યાં સુધી તેને કાયિકી, આધિકરણિકી અને પ્રાદ્વેષિકી આ ત્રણ ક્રિયાઓ લાગે છે, જ્યારે અન્ય જીવોને પરિતાપાદિ ઉત્પન્ન કરે છે, ત્યારે પારિતાપનિકી સહિત ચાર ક્રિયાઓ લાગે છે અને જ્યારે અન્ય જીવોની હિંસા કરે છે ત્યારે પ્રાણાતિપાતિકી સહિત પાંચ ક્રિયાઓ લાગે છે.

**૨૬ દંડક–** પાંચ શરીર, પાંચ ઇન્દ્રિય અને ત્રણ યોગ, તે તેર સ્થાનનું એકવચન અને બહુવચનની અપેક્ષાએ કથન કરતા ૨૬ દંડક(સૂત્રાલાપક) થાય છે.

**ઔદયિક આદિ છ ભાવો :–**

**१७ कइविहे णं भंते! भावे पण्णत्ते ? गोयमा ! छव्विहे भावे पण्णत्ते, तं जहा– उदइए, उवसमिए *जाव* सण्णिवाइए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાવના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ભાવના છ પ્રકાર છે. યથા– (૧) ઔદયિક (૨) ઔપશમિક (૩) ક્ષાયોપશમિક (૪) ક્ષાયિક (૫) પારિણામિક (૬) સાન્નિપાતિક.

**१८ से किं तं उदइए ?**

**उदइए भावे दुविहे पण्णत्ते, तं जहा– उदइए, उदयणिप्फण्णे य; एवं एएणं अभिलावेणं जहा अणुओगदारे छण्णामं तहेव णिरवसेसं भाणियव्वं *जाव* से त्तं सण्णिवाइए भावे ।**
**॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઔદયિક ભાવના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઔદયિક ભાવના બે પ્રકાર છે. યથા– ઔદયિક અને ઉદય નિષ્પન્ન. આ જ રીતે બે-બે પ્રકારના સૂત્રપાઠ દ્વારા સન્નિપાતિક ભાવ સુધી અનુયોગદ્વાર સૂત્રાનુસાર છ ભાવની વક્તવ્યતા

કહેવી જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

ભાવના છ પ્રકાર છે. ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક અને સાન્નિપાતિક ભાવ.

**उदइए उदयणिप्फण्णे :–** ઉદય અને ઉદય નિષ્પન્ન. આઠે કર્મપ્રકૃતિઓના ફળને અનુભવવું તેને **ઉદય** કહે છે. ઉદયના ભાવને **ઔદયિક** કહે છે. ઉદય ભાવથી જે પ્રાપ્ત થાય તેને **ઉદયનિષ્પન્ન** કહે છે. ઉદય નિષ્પન્નના બે ભેદ છે. યથા– જીવ ઉદય નિષ્પન્ન અને અજીવ ઉદય નિષ્પન્ન.

**જીવ ઉદય નિષ્પન્ન :–** કર્મના ઉદયથી જીવમાં થનારા નારક, તિર્યંચ આદિ તેમજ યશોકીર્તિ, ઉચ્ચ-નીચગોત્ર વગેરે પર્યાયોને જીવોદય નિષ્પન્ન કહેવાય છે.

**અજીવ ઉદય નિષ્પન્ન :–** કર્મના ઉદયથી અજીવમાં થનારા પર્યાયને અજીવ ઉદય નિષ્પન્ન કહે છે. યથા– ઔદારિક આદિ શરીર તથા શરીરમાં રહેલા વર્ણાદિ, 'અજીવ-ઉદય નિષ્પન્ન' કહેવાય છે. શેષ પાંચ ભાવોના સ્વરૂપ માટે જુઓ– ગુરુપ્રાણ આગમ બત્રીસીનું અનુયોગ દ્વાર સૂત્ર પૃષ્ઠ-૧૯૮–૨૨૪.

**॥ શતક ૧૭/૧ સંપૂર્ણ ॥**

# શતક–૧૭ : ઉદ્દેશક–૨

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં સંયત, અસંયતાદિ જીવની ધર્મ-અધર્મ આદિમાં સ્થિતિ; સંયત આદિ જીવ પંડિત આદિ શબ્દથી વાચ્ય થઈ શકે છે, જીવ અને જીવાત્મામાં કથંચિત્ ભિન્નતા કથંચિત્ અભિન્નતા અને અરૂપી વિક્રિયા કરવાનું દેવનું અસામર્થ્ય વગેરે વિષયોનું પ્રતિપાદન છે.

★ સંયત-વિરત જીવ ધર્મમાં(ચારિત્રધર્મમાં) સ્થિત છે. તે ધર્મનો આશ્રય સ્વીકારીને વિચરણ કરે છે. તેથી તેને ધર્મમાં સ્થિત કહેવાય છે. ધર્મ આત્મ સ્વભાવરૂપ હોવાથી તેમાં સૂવા, બેસવાની આદિ કોઈ પણ ક્રિયા થઈ શકતી નથી. તે જ રીતે અસંયત-અવિરત જીવ અધર્મમાં અને સંયતાસંયત-દેશવિરત જીવ ધર્માધર્મમાં અર્થાત્ શ્રાવકધર્મમાં સ્થિત છે. ૨૪ દંડકના જીવોમાં નારકો, દેવો, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય જીવો અધર્મમાં, તિર્યંચ પંચેન્દ્રિય અધર્મમાં અને ધર્માધર્મમાં, તેમજ મનુષ્યો ધર્મમાં અધર્મમાં અને ધર્માધર્મમાં સ્થિત હોય છે.

★ સંયત જીવને પંડિત, અસંયત જીવને બાલ અને સંયતાસંયત જીવને બાલ પંડિત કહે છે. અન્ય તીર્થિકોનું કથન છે કે બાલપંડિત જીવો અર્થાત્ શ્રાવકો કોઈ પણ જીવની હિંસા કરે તો તેને એકાંત બાલ કહેવાય છે. આ કથન સંગત નથી. કારણ કે શ્રાવકોના અણુવ્રત હોય છે. તેમાં પોતાની ઈચ્છાનુસાર આગાર–છૂટ રાખી શકે છે. ત્રસ જીવોની હિંસાના પ્રત્યાખ્યાન કરે અને સ્થાવર જીવોની હિંસા કરવાના પ્રત્યાખ્યાન ન કરે તો તે એકાંત બાલ કહી શકાય નહીં. તે એક વ્રતનો પણ સ્વીકાર કરે, એક દેશથી પણ પાપક્રિયાથી નિવૃત્ત થાય, તો પણ તેને બાલપંડિત જ કહેવાય છે.

૨૪ દંડકના જીવોમાં નારકો, દેવો, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય જીવો એકાંત બાલ હોય છે તિર્યંચ પંચેન્દ્રિય બાલ અને બાલપંડિત બંને હોય છે તથા મનુષ્યોમાં ત્રણે વિકલ્પ સંભવિત છે.

★ અઢાર પાપસ્થાન, પાપવિરતિ, ચાર બુદ્ધિ, મતિજ્ઞાન આદિ પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન, ચાર બુદ્ધિ, કર્મ, લેશ્યા, શરીર, સંજ્ઞા, યોગ કે ઉપયોગમાં વર્તતો જીવ અને જીવાત્મા બંને એક જ છે અન્ય નથી. અન્યતીર્થિકો પ્રકૃતિ અને પુરુષની કલ્પના કરીને જીવ અને જીવાત્માને સર્વથા ભિન્ન માને છે, તે યોગ્ય નથી. જૈન દર્શનાનુસાર તે સર્વ જીવની પર્યાયો જીવ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન છે.

★ મહર્દ્ધિક દેવ, રૂપી રૂપોની જ વિકુર્વણા કરી શકે છે. અરૂપી રૂપની વિકુર્વણા કરી શકતા નથી. દેવો પોતાની શક્તિથી અદશ્ય રૂપોની ચર્મચક્ષુથી દષ્ટિગોચર ન થાય તેવા રૂપોની વિકુર્વણા કરી શકે છે પરંતુ તે અદશ્ય રૂપો પણ વાસ્તવમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી યુક્ત અર્થાત્ રૂપી જ હોય છે.

કોઈ પણ જીવ જ્યાં સુધી કર્મ સહિત છે ત્યાં સુધી તે અરૂપી બની શકતો નથી. જ્યારે તે કર્મથી સર્વથા મુક્ત થાય ત્યારે તે અરૂપી બની જાય છે. એકવાર અરૂપી થયા પછી તે કદાપિ રૂપી થતો નથી. અર્થાત્ સિદ્ધ થયા પછી તે ફરી કદાપિ સંસારી થતો નથી.

❖❖❖❖❖

# શતક–૧૭ : ઉદ્દેશક–૨

## સંયત

**જીવોમાં ધર્મ, અધર્મ અને ધર્માધર્મનું નિરૂપણ :–**

**१** **से णूणं भंते ! संजय-विरय-पडिहय-पच्चक्खायपावकम्मे धम्मे ठिए, असंजय-अविरय-अपडिहयपच्चक्खायपावकम्मे अधम्मे ठिए, संजयासंजए धम्माधम्मे ठिए?**

**हंता गोयमा ! संजय-विरय** *जाव* **धम्माधम्मे ठिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું સંયત, પ્રાણાતિપાતાદિથી વિરત અને પાપકર્મને રોકીને ભવિષ્યમાં પાપકર્મ ન કરવાના પ્રત્યાખ્યાન કર્યા છે, એવા જીવ, શું ધર્મમાં સ્થિત છે, અસંયત, અવિરત અને પાપકર્મનો નાશ અને પ્રત્યાખ્યાન નહીં કરનાર જીવ શું અધર્મમાં સ્થિત છે અને સંયતાસંયત જીવ શું ધર્માધર્મમાં સ્થિત છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! સંયત, વિરત જીવ ધર્મમાં સ્થિત છે, અસંયત જીવ અધર્મમાં સ્થિત છે અને સંયતાસંયત જીવ ધર્માધર્મમાં સ્થિત છે.

**२** **एयंसि णं भंते ! धम्मंसि वा अधम्मंसि वा, धम्माधम्मंसि वा चक्किया केइ आसइत्तए वा** *जाव* **तुयट्टित्तए वा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવે સ્વીકારેલા ધર્મ, અધર્મ અને ધર્માધર્મ ઉપર કોઈ જીવ બેસવામાં ***યાવત્*** સૂવામાં સમર્થ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**३** **से केणं खाइ अट्ठेणं भंते ! एवं वुच्चइ–** *जाव* **धम्माधम्मे ठिए ।**

**गोयमा ! संजय-विरय** *जाव* **पावकम्मे धम्मे ठिए, धम्मं चेव उवसंपज्जित्ताणं विहरइ; असंजय** *जाव* **पावकम्मे अधम्मे ठिए, अधम्मं चेव उवसंपज्जित्ता णं विहरइ । संजयासंजए धम्माधम्मे ठिए, धम्माधम्मं उवसंपज्जित्ता णं विहरइ । से तेणट्ठेणं गोयमा !** *जाव* **धम्माधम्मे ठिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ધર્મ આદિ ઉપર કોઈ જીવ બેસવામાં, સૂવામાં સમર્થ નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંયત, વિરત અને પાપકર્મને રોકીને પ્રત્યાખ્યાન કરનાર જીવ, ધર્મમાં સ્થિત છે અને તે ધર્મને સ્વીકારીને વિચરે છે. આ જ રીતે અસંયત, અવિરત અને પાપકર્મને ન રોકનાર અને પ્રત્યાખ્યાન ન કરનાર જીવ, અધર્મમાં સ્થિત છે અને તે અધર્મને જ સ્વીકારીને વિચરે છે. સંયતાસંયત જીવ, ધર્માધર્મમાં સ્થિત છે અને દેશવિરતિપણું સ્વીકારીને વિચરે છે. તેથી હે ગૌતમ ! ઉપર્યુક્ત રૂપે કથન કર્યું છે.

**४** **जीवा णं भंते ! किं धम्मे ठिया, अधम्मे ठिया, धम्माधम्मे ठिया ? गोयमा ! जीवा**

**धम्मे वि ठिया, अधम्मे वि ठिया, धम्माधम्मे वि ठिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવો ધર્મમાં સ્થિત હોય છે, અધર્મમાં સ્થિત હોય છે કે ધર્માધર્મમાં સ્થિત હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવો ધર્મમાં, અધર્મમાં અને ધર્માધર્મમાં પણ સ્થિત હોય છે.

**૫ णेरइयाणं भंते ! किं धम्मे ठिया, पुच्छा । गोयमा ! णेरइया णो धम्मे ठिया, अधम्मे ठिया, णो धम्माधम्मे ठिया । एवं *जाव* चउरिंदियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ, શું ધર્મમાં સ્થિત છે, ઇત્યાદિ પ્રશ્ન ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક જીવ ધર્મમાં સ્થિત નથી, ધર્માધર્મમાં સ્થિત નથી, તે અધર્મમાં સ્થિત છે. આ રીતે ચૌરેન્દ્રિય જીવો સુધી જાણવું જોઈએ.

**૬ पंचिंदियतिरिक्खजोणियाणं भंते ! किं धम्मे ठिया, पुच्छा ?**

**गोयमा ! पंचिंदियतिरिक्खजोणिया णो धम्मे ठिया, अधम्मे ठिया, धम्माधम्मे वि ठिया । मणुस्सा जहा जीवा । वाणमंतर-जोइसिय-वेमाणिया जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચ જીવ, શું ધર્મમાં સ્થિત છે ઇત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચ જીવ, ધર્મમાં સ્થિત નથી, અધર્મમાં સ્થિત છે અને ધર્માધર્મમાં પણ સ્થિત છે. મનુષ્યોના વિષયમાં જીવોની સમાન જાણવું જોઈએ અર્થાત્ ત્રણેયમાં સ્થિત છે. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકોના વિષયમાં નૈરયિકોની સમાન જાણવું જોઈએ અર્થાત્ તેઓ અવિરતિ હોવાથી માત્ર અધર્મમાં સ્થિત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સંયત આદિની અને ચોવીસ દંડકવર્તી જીવોની ધર્મ, અધર્મ અને ધર્માધર્મમાં સ્થિત હોવાની વિચારણા કરેલી છે.

**ધર્મ, અધર્મ, ધર્માધર્મનો વિવક્ષિત અર્થ :–** ધર્મ શબ્દથી અહીં સર્વ વિરતિ ચારિત્રધર્મ, અધર્મ શબ્દથી અવિરતિ અને ધર્માધર્મ શબ્દથી દેશવિરતિ અર્થ વિવક્ષિત છે. બીજા શબ્દોમાં તેને સંયમ, અસંયમ અને સંયમાસંયમ પણ કહી શકાય છે.

**धम्मे ठिए :–** ધર્મમાં સ્થિત થવું. ધર્મનો આશ્રય સ્વીકારવો. ધર્મને સ્વીકારીને વિચરવું. તેને જ 'ધર્મમાં સ્થિત થવું' કહેવાય છે. 'ધર્મમાં સ્થિત થવું' એટલે 'ધર્મમાં બેસવું' તે પ્રમાણે અર્થ થતો નથી કારણ કે ધર્મ આત્મસ્વભાવરૂપ છે, અમૂર્ત છે. તેમાં સૂવું, બેસવું આદિ કોઈ પણ યૌગિક ક્રિયાઓ થઈ શકતી નથી. તે ક્રિયાઓ મૂર્ત સ્થાનમાં જ થઈ શકે છે.

**૨૪ દંડકમાં ધર્મ-અધર્મનું અસ્તિત્વ :–** નારકો, દેવો, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય જીવો પૂર્ણતઃ અવિરત હોવાથી અધર્મમાં સ્થિત છે. તિર્યંચ પંચેન્દ્રિય જીવો અવિરત અને દેશવિરત હોવાથી તે અધર્મમાં અને ધર્માધર્મમાં સ્થિત છે. મનુષ્યોમાં ત્રણે ય ભાવ હોય છે તેથી તે ધર્મ, અધર્મ અને ધર્માધર્મમાં સ્થિત હોય છે.

**संजय-विरय–पडिहय-पच्चक्खाय पावकम्मे :–संयत**= વર્તમાનકાલીન સર્વ સાવદ્ય અનુષ્ઠાનથી રહિત છે તે. **વિરત** = જેની પાપક્રિયા વિરામ પામી છે. **પ્રતિહત પાપકર્મ** = જેણે વર્તમાનકાલમાં સ્થિતિ

અને અનુભાગના નાશથી પાપકર્મોનો નાશ કર્યો છે તે. **પ્રત્યાખ્યાત પાપકર્મ** = ભવિષ્યકાલીન પાપકર્મોના જેણે પ્રત્યાખ્યાન કર્યા છે તે. આ રીતે જેઓએ સંયમ સ્વીકારી પાપ કર્મોથી દૂર રહીને, સંપૂર્ણ પાપ પ્રવૃત્તિઓને રોકીને, સર્વથા પાપ રહિત છે તે સર્વ વિરતિ શ્રમણો માત્ર ધર્મમાં સ્થિર હોય છે.

**બાલ, પંડિત અને બાલપંડિત :–**

**૭ अण्णउत्थिया णं भंते ! एवं आइक्खंति *जाव* परूवेंति– एवं खलु समणा पंडिया, समणोवासया बालपंडिया, जस्स णं एगपाणाए वि दंडे अणिक्खित्ते से णं एगंतबाले त्ति वत्तव्वं सिया, से कहमेयं भंते ! एवं ?**

**गोयमा ! जण्णं ते अण्णउत्थिया एवं आइक्खंति *जाव* वत्तव्वं सिया; जे ते एवं आहंसु मिच्छं ते एवं आहंसु । अहं पुण गोयमा ! एवं आइक्खामि *जाव* परूवेमि– एवं खलु समणा पंडिया, समणोवासगा बालपंडिया, जस्स णं एगपाणाए वि दंडे णिक्खित्ते से णं णो एगंतबाले त्ति वत्तव्वं सिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે ***યાવત્*** પ્રરૂપણા કરે છે કે– શ્રમણ, પંડિત કહેવાય છે અને શ્રમણોપાસક બાલ પંડિત કહેવાય છે, પરંતુ જે મનુષ્યને એક જીવનો પણ વધ કરવાનો ત્યાગ નથી અર્થાત્ એકપણ જીવનો વધ કરે તો તે 'એકાંત બાલ' કહેવાય છે, તો હે ભગવન્ ! અન્યતીર્થિકોનું આ કથન શું સત્ય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અન્યતીર્થિકોએ જે આ પ્રમાણે કહે છે ***યાવત્*** જે વ્યક્તિ એક જીવના વધનો પણ ત્યાગ ન કરે તે એકાંત બાલ કહેવાય છે, આ તેનું કથન મિથ્યા છે. હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું ***યાવત્*** પ્રરૂપણા કરું છું કે શ્રમણ 'પંડિત' છે અને શ્રમણોપાસક 'બાલપંડિત' છે, પરંતુ જે જીવે એક પણ પ્રાણીના વધની વિરતિ કરી છે અર્થાત્ એક પણ જીવના વધનો ત્યાગ કર્યો છે, તે જીવ 'એકાંત બાલ' કહેવાતા નથી.(પણ તે 'બાલપંડિત' કહેવાય છે.)

**૮ जीवा णं भंते ! किं बाला, पंडिया, बालपंडिया ? गोयमा ! बाला वि, पंडिया वि, बालपंडिया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ બાલ છે, પંડિત છે કે બાલપંડિત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ બાલ પણ છે, પંડિત પણ છે અને બાલ પંડિત પણ છે.

**૯ णेरइयाणं भंते ! किं बाला, पुच्छा ? गोयमा ! णेरइया बाला, णो पंडिया, णो बालपंडिया । एवं *जाव* चउरिंदियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકો બાલ છે, પંડિત છે કે બાલ પંડિત છે ? **ઉત્તર–** હે ગૌતમ! નૈરયિકો બાલ છે, પંડિત નથી અને બાલ-પંડિત પણ નથી. આ રીતે દંડકના ક્રમથી ચૌરેન્દ્રિયો સુધી કહેવું જોઈએ અર્થાત્ ૧૦ ભવનપતિ, ૫ એકેન્દ્રિય અને ત્રણ વિકલેન્દ્રિય સુધી કહેવું.

**૧૦ पंचिंदियतिरिक्खजोणिया णं भंते ! किं बाला, पुच्छा ?**

**गोयमा ! पंचिंदिय-तिरिक्ख-जोणिया बाला, णो पंडिया, बालपंडिया वि । मणुस्सा**

**जहा जीवा । वाणमंतर-जोइसिय-वेमाणिया जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું પંચેન્દ્રિય તિર્યંચો બાલ છે, પંડિત છે કે બાલ પંડિત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચ બાલ છે અને બાલ-પંડિત પણ છે પરંતુ પંડિત નથી. મનુષ્ય, સામાન્ય જીવોની સમાન ત્રણે ય છે. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકોનું કથન નૈરયિકોની સમાન જાણવું અર્થાત્ તે માત્ર બાલ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અન્યતીર્થિકોના મતના નિરાકરણપૂર્વક શ્રમણાદિમાં તથા ચોવીસ દંડકવર્તી જીવોમાં બાલ, પંડિત અને બાલપંડિતની પ્રરૂપણા કરી છે.

**પંડિત :–** જેણે સર્વ પ્રકારની પાપ પ્રવૃત્તિનો ત્યાગ કર્યો છે, તેવા સર્વ વિરત જીવોને આગમની ભાષામાં પંડિત કહેવાય છે.

**બાલ :–** જેણે કોઈ પણ પાપ પ્રવૃત્તિનો ત્યાગ કર્યો નથી, તેવા અવિરત જીવો બાલ કહેવાય છે.

**બાલપંડિત :–** જેણે કેટલીક પાપ પ્રવૃત્તિનો ત્યાગ કર્યો છે અને કેટલીક પાપ પ્રવૃત્તિનો ત્યાગ કર્યો નથી. તે એક દેશથી બાલ છે અને એક દેશથી પંડિત છે, તેવા દેશવિરત જીવો બાલપંડિત કહેવાય છે.

**અન્યતીર્થિકોનો મત :–** શ્રમણો સર્વવિરતિ હોવાથી પંડિત છે, શ્રમણોપાસકો દેશવિરતિ હોવાથી બાલપંડિત છે; અહીં સુધી અન્યતીર્થિકોનો મત ઉચિત છે પરંતુ "જે જીવ માત્ર એક જ જીવની હિંસાના પ્રત્યાખ્યાન ન કરે તો તે પણ એકાંત બાલ કહેવાય છે," આ કથન ઉપયુક્ત નથી.

આ અન્યતીર્થિકોનું કથન શ્રાવક વ્રતની વિશાળતાને સમજ્યા વિનાનું છે. વાસ્તવમાં જે એકાદ વ્રત પણ ગ્રહણ કરે, એક અંશથી પણ પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરે તો તેને બાલપંડિત કહેવાય છે, તે એકાંત બાલ કહેવાતા નથી.

શ્રમણોપાસકો ધર્મમાં અનુરક્ત હોય છે, તેની શ્રદ્ધા દઢ હોય છે. સર્વ પાપથી નિવૃત્ત થવાની ભાવના હોવા છતાં તેઓ શક્તિ અને સામર્થ્ય અનુસાર વ્રત ગ્રહણ કરે છે અને કેટલાક આગાર-છૂટ રાખે છે. તેઓ ત્રસ જીવહિંસાના પચ્ચક્ખાણ કરે તો પણ તેના વ્રતમાં સાપરાધી કે પીડાકારી ત્રસ જીવોની હિંસાના પચ્ચક્ખાણ હોતા નથી. તેઓ અહિંસા વ્રત ગ્રહણ કરે છે પરંતુ તેમાં સ્થાવર જીવોની હિંસાની તો મર્યાદા જ કરે છે. ગૃહસ્થ જીવનમાં સર્વથા હિંસા આદિના પચ્ચક્ખાણ કરી શકતા નથી. આ રીતે તેના વ્રતમાં અનેક આગાર હોય છે માટે એકાદ જીવહિંસાના પચ્ચક્ખાણ ન કરવા માત્રથી કોઈને એકાંત બાલ કહી શકાતું નથી.

સંયતાદિ અને પંડિતાદિ શબ્દોમાં અર્થની અપેક્ષાએ કોઈ ભેદ નથી, કેવલ અપેક્ષા ભેદ છે. ક્રિયાની અપેક્ષાએ સંયતાદિ શબ્દોનો વ્યપદેશ થાય છે અને બોધ વિશેષની અપેક્ષાએ પંડિત આદિ શબ્દોનો વ્યપદેશ થાય છે.

**જીવ અને આત્માની અભિન્નતા :–**

**११ अण्णउत्थिया णं भंते ! एवं आइक्खंति** *जाव* **परूवेंति– एवं खलु पाणाइवाए, मुसावाए** *जाव* **मिच्छादंसणसल्ले वट्टमाणस्स अण्णे जीवे, अण्णे जीवाया, पाणाइवायवेरमणे**

*जाव* **परिग्गहवेरमणे, कोहविवेगे** *जाव* **मिच्छादंसणसल्लविवेगे वट्टमाणस्स अण्णे जीवे, अण्णे जीवाया; उप्पत्तियाए** *जाव* **परिणामियाए वट्टमाणस्स अण्णे जीवे, अण्णे जीवाया; उग्गहे, ईहा, अवाए, धारणाए वट्टमाणस्स अण्णे जीवे, अण्णे जीवाया; उठाणे** *जाव* **परक्कमे वट्टमाणस्स अण्णे जीवे, अण्णे जीवाया; णेरइयत्ते, तिरिक्ख-मणुस्स-देवत्ते वट्टमाणस्स अण्णे जीवे, अण्णे जीवाया, णाणावरणिज्जे** *जाव* **अंतराइए वट्टमाणस्स अण्णे जीवे, अण्णे जीवाया; एवं कण्हलेस्साए** *जाव* **सुक्कलेस्साए; एवं सम्मदिट्ठिए, मिच्छादिट्ठीए सम्मामिच्छादिट्ठीए; एवं चक्खुदंसणे** *जाव* **केवलदंसणे, आभिणिबोहियणाणे** *जाव* **केवलणाणे एवं तिण्णि अण्णाणा; चत्तारि सण्णाओ; पंच सरीरा; तिण्णि जोगा; दो उवओगे** *जाव* **अणागारोवओगे वट्टमाणस्स अण्णे जीवे, अण्णे जीवाया; से कहमेयं भंते! एवं ?**

**गोयमा ! जं णं ते अण्णउत्थिया एवं आइक्खंति** *जाव* **अण्णे जीवाया; जे ते एवं आहंसु मिच्छं ते एवं आहंसु । अहं पुण गोयमा ! एवं आइक्खामि** *जाव* **परूवेमि– एवं खलु पाणाइवाए** *जाव* **मिच्छादंसणसल्ले वट्टमाणस्स सच्चेव जीवे, सच्चेव जीवाया;** *जाव* **अणागारोवओगे वट्टमाणस्स सच्चेव जीवे, सच्चेव जीवाया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે ***યાવત્*** પ્રરૂપણા કરે છે કે પ્રાણાતિપાત, મૃષાવાદ ***યાવત્*** મિથ્યાદર્શનશલ્ય પર્યંતના પાપસ્થાનમાં વર્તતા પ્રાણીનો જીવ અન્ય છે અને તે જીવથી જીવાત્મા અન્ય છે. પ્રાણાતિપાત વિરમણમાં ***યાવત્*** પરિગ્રહ વિરમણમાં, ક્રોધ-વિવેક(ક્રોધના ત્યાગ)માં અને મિથ્યાદર્શનશલ્યના ત્યાગમાં વર્તતા પ્રાણીનો જીવ અન્ય છે અને તેનાથી જીવાત્મા ભિન્ન છે. આ જ રીતે ઔત્પાતિકી બુદ્ધિથી પારિણામિકી પર્યંતની બુદ્ધિમાં; અવગ્રહ, ઈહા, અવાય અને ધારણામાં અને ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમમાં વર્તતા પ્રાણીનો જીવ અન્ય છે અને જીવાત્મા અન્ય છે. નૈરયિક, તિર્યંચ, મનુષ્ય અને દેવપણામાં; જ્ઞાનાવરણીયથી અંતરાય પર્યંતના કર્મમાં, કૃષ્ણથી શુકલ પર્યંતની લેશ્યામાં, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદષ્ટિ અને મિશ્ર દષ્ટિમાં; ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શનમાં; મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનમાં; મતિ અજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનમાં; આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞામાં; ઔદારિક શરીર, વૈક્રિય શરીર, આહારક શરીર, તૈજસ શરીર અને કાર્મણ શરીરમાં; મનયોગ, વચનયોગ અને કાયયોગમાં; સાકારોપયોગ અને અનાકારોપયોગમાં વર્તતા પ્રાણીનો જીવ અન્ય છે અને તેનાથી જીવાત્મા અન્ય છે. હે ભગવન્ ! શું આ સત્ય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અન્યતીર્થિકોનું પૂર્વોક્ત કથન મિથ્યા છે. હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું ***યાવત્*** પ્રરૂપણા કરું છું કે પ્રાણાતિપાત ***યાવત્*** મિથ્યાદર્શન શલ્યમાં વર્તતા પ્રાણી તે જ જીવ છે અને તે જ જીવાત્મા છે ***યાવત્*** અનાકારોપયોગમાં વર્તતા પ્રાણી તે જ જીવ છે અને તે જ જીવાત્મા છે અર્થાત્ જીવ અને જીવાત્મા બંને એક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અન્યતીર્થિકોનો મત પ્રસ્તુત કરીને, તેના નિરાકરણપૂર્વક જૈનદર્શનનો અભિપ્રાય

રજુ કર્યો છે.

અન્યતીર્થિકો જીવ અને જીવાત્માને ભિન્ન માને છે પરંતુ જીવ અને જીવાત્મા બંનેમાં વાસ્તવિક રીતે કોઈ ભેદ નથી. પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન, ચાર બુદ્ધિ, આદિ ભાવો જીવસ્વરૂપ જ છે. પાંચ શરીર, પાંચ ઇન્દ્રિય, ત્રણ યોગ આદિ પુદ્‌ગલજન્ય ભાવો હોવા છતાં જ્યાં સુધી જીવ સાથે હોય ત્યાં સુધી જીવથી કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન છે. આ રીતે સૂત્રોક્ત પ્રત્યેક ભાવોમાં સમજવું.

**રૂપી-અરૂપી વિક્રિયાની વિચારણા :–**

**૧૨ देवे णं भंते ! महिड्ढिए** *जाव* **महासोक्खे पुव्वामेव रूवी भवित्ता पभू अरूविं विउव्वित्ता णं चिट्ठित्तए ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહર્દ્ધિક ***યાવત્*** મહાસુખી દેવ, રૂપી હોવા છતાં અરૂપી રૂપોની વિકુર્વણા કરવામાં સમર્થ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૧૩ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– देवे णं** *जाव* **णो पभू अरूविं विउव्वित्ता णं चिट्ठित्तए ?**

**गोयमा ! अहमेयं जाणामि, अहमेयं पासामि, अहमेयं बुज्झामि, अहमेयं अभिसमण्णागच्छामि, मए एयं णायं, मए एयं दिट्ठं, मए एयं बुद्धं, मए एयं अभिसमण्णागयं– जं णं तहागयस्स जीवस्स सरूविस्स, सकम्मस्स, सरागस्स, सवेयगस्स, समोहस्स, सलेसस्स, ससरीरस्स, ताओ सरीराओ अविप्पमुक्कस्स एवं पण्णायइ, तं जहा– कालत्ते वा** *जाव* **सुक्किलत्ते वा सुब्भिगंधत्ते वा दुब्भिगंधत्ते वा तित्तत्ते वा** *जाव* **महुरत्ते वा, कक्खडत्ते वा** *जाव* **लुक्खत्ते वा, से तेणट्ठेणं गोयमा !** *जाव* **चिट्ठित्तए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે મહર્દ્ધિક દેવ ***યાવત્*** મૂર્તરૂપ ધારણ કરીને પછી અરૂપી થવામાં–અરૂપી રૂપોની વિકુર્વણા કરવામાં સમર્થ નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! હું તે વિકુર્વિત રૂપોને જાણું છું, દેખું છું, નિશ્ચિતરૂપે સમજું છું અને સર્વ પ્રકારથી સમજું છું, અર્થાત્ તે વૈક્રિયકૃત શરીર ચર્મચક્ષુથી ન દેખાય તો પણ મને કેવળ જ્ઞાન-દર્શનથી જણાય છે, દેખાય છે. વાસ્તવમાં તે રૂપો અરૂપી હોતા નથી. કારણ કે મેં જાણ્યું છે, જોયું છે, સમજ્યું છે અને સર્વ પ્રકારે અવગત કર્યું છે કે તે તથાપ્રકારના રૂપયુક્ત, કર્મયુક્ત, રાગયુક્ત, વેદયુક્ત, મોહયુક્ત, લેશ્યા યુક્ત, શરીરયુક્ત અને તે શરીરથી અવિપ્રમુક્ત વૈક્રિયકૃત જીવના વિષયમાં એવું સ્પષ્ટ જણાય છે કે તે ચર્મ ચક્ષુથી નહીં દેખાતા શરીરયુક્ત જીવમાં કાળાપણું ***યાવત્*** શ્વેતપણું, સુગંધીપણું ***યાવત્*** દુર્ગંધીપણું, કડવાપણું ***યાવત્*** મધુરપણું તથા કર્કશપણું ***યાવત્*** રુક્ષપણું; આ રીતે વર્ણાદિ વીસ બોલ હોય છે. તેથી હે ગૌતમ ! તે દેવ સ્વયં રૂપી હોવાના કારણે અરૂપી રૂપોની વિકુર્વણા કરી શકતા નથી.

**૧૪ सच्चेव णं भंते ! से जीवे पुव्वामेव अरूवी भवित्ता पभू रूविं विउव्वित्ता णं चिट्ठित्तए ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे** *जाव* **चिट्ठित्तए । गोयमा ! अहं एयं जाणामि** *जाव* **जं णं**

**तहागयस्स जीवस्स अरूविस्स, अकम्मस्स, अरागस्स, अवेदस्स, अमोहस्स, अलेसस्स, असरीरस्स, ताओ सरीराओ विप्पमुक्कस्स णो एवं पण्णायइ, तं जहा– कालत्ते वा** *जाव* **लुक्खत्ते वा । से तेणट्ठेणं गोयमा !** *जाव* **चिट्ठित्तए वा । सेवं भंते ! सेवं भंते !**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું તે જીવ, (સર્વ કર્મ ક્ષય પામતાં) પહેલા અરૂપી થઈને પછી રૂપી આકારની વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. અરૂપી સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કર્યા પછી કોઈ સિદ્ધજીવ રૂપી વિકુર્વણા કરીને રહી શકતા નથી. હે ગૌતમ ! હું આ જાણું છું કે તે તથાપ્રકારના જીવ અર્થાત્ સિદ્ધાત્મા અરૂપી, અકર્મા, અરાગી, અવેદી, અમોહી, અલેશી, અશરીરી છે અને તે શરીરથી વિપ્રમુક્ત જીવમાં કાળાપણું ***યાવત્*** રૂક્ષપણું આદિ હોતું નથી, અર્થાત્ તે સિદ્ધ જીવ અરૂપી છે, વર્ણાદિ વીસ બોલથી રહિત છે. તેથી હે ગૌતમ ! આ સંસારનો કોઈપણ જીવ અરૂપી થઈને પછી રૂપી રૂપોની વિકુર્વણા કરવામાં સમર્થ નથી. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત બે સૂત્રોમાં બે પ્રકારના સિદ્ધાંતનું નિરૂપણ છે. યથા– સંસારના જીવો રૂપી હોવાના કારણે અરૂપી રૂપોની વિકુવર્ણા કરી શકતા નથી અને સિદ્ધ જીવો અરૂપી હોવા છતાં પણ કર્મ રહિત, ક્રિયારહિત હોવાના કારણે રૂપી કે અરૂપી કોઈ પણ પ્રકારની વિકુર્વણા કરતા જ નથી.

(૧) દેવો પોતાની શક્તિથી કયારેક ચર્મ ચક્ષુથી અદશ્ય રૂપની વિકુર્વણા કરી શકે છે પરંતુ ખરેખર તે અરૂપી હોતા નથી, તે વૈક્રિયકૃત રૂપો વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુક્ત હોવાથી રૂપી જ હોય છે.

(૨) જીવ જ્યારે કર્મ, વેદ, લેશ્યા, રાગ, મોહ, શરીર આદિ ભાવોથી સર્વથા મુક્ત થઈ જાય છે, પૌદ્ગલિક ભાવો સર્વથા છૂટી જાય છે ત્યારે તે અરૂપી થઈ જાય અર્થાત્ તે સિદ્ધ થઈ જાય છે. તે સિદ્ધ જીવ વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિથી સર્વથા રહિત થઈ જાય છે અને તેવા શુદ્ધ થયેલા જીવો(સિદ્ધાત્મા) કયારે ય રૂપી રૂપની જ નહીં પરંતુ કોઈપણ પ્રકારની વિકુર્વણા જ કરતા નથી અને તે સિદ્ધ ભગવંત ફરીથી ક્યારેય સંસારી કે સશરીરી થતા નથી.

આ રીતે રૂપી એટલે કર્મયુક્ત જીવ અરૂપી રૂપની વિકુર્વણા કરી શકતા નથી અને અરૂપી એટલે કર્મ રહિત જીવ(મુક્તાત્મા)રૂપી કે અરૂપી કોઈપણ રૂપોની વિકુર્વણા જ કરતા નથી.

**॥ શતક ૧૭/૨ સંપૂર્ણ ॥**

# શતક–૧૭ : ઉદ્દેશક–૩

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થયેલા અણગારની નિષ્કંપતા સકંપતા(એજના), ચલના અને તેના પ્રકારોનું તેમજ સંવેગાદિ ૪૯ બોલોના પરંપરા ફળનું પ્રતિપાદન છે.

★ શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થયેલા અર્થાત્ જેના યોગનો નિરોધ થઈ ગયો છે, જે મેરુ પર્વતની જેમ આત્મ પ્રદેશોની નિશ્ચલ અવસ્થાને પામી ગયા છે તેવા ચૌદમા ગુણસ્થાનવર્તી સાધુના આત્મ પ્રદેશમાં સામાન્ય કે વિશેષ કંપન, સ્પંદન, ગમનાદિ કોઈ પણ ક્રિયા થતી નથી.

કંપનાદિ કોઈ પણ ક્રિયા યોગ સાપેક્ષ છે. યોગનિરોધ પછી કંપનાદિ ક્રિયાઓ થતી નથી પરંતુ પરપ્રયોગથી તેના શરીરમાં ગમનાદિ ક્રિયાઓ કયારેક સંભવે છે. જે રીતે કોઈ ધક્કો દઈને પાડી નાંખે, ઘાણીમાં પીલે કે પાણીમાં વહાવી દે, ઇત્યાદિ પરિસ્થિતિમાં શરીર ગતિમાન થાય છે. પરંતુ તેના આત્મપ્રદેશોમાં સૂક્ષ્મ પણ કંપન વગેરે થતું નથી.

★ સામાન્ય કંપનને એજના કહે છે. તેના પાંચ પ્રકાર છે– (૧) દ્રવ્ય એજના (૨) ક્ષેત્ર એજના (૩) કાલ એજના (૪) ભવ એજના (૫) ભાવ એજના.

નારકાદિ પર્યાયને પ્રાપ્ત થયેલા જીવ દ્રવ્યમાં જે સામાન્ય કંપન થાય તેને **દ્રવ્ય એજના** કહે છે. ચાર ગતિની અપેક્ષાએ તેના ચાર ભેદ છે. નરક આદિ ક્ષેત્રમાં રહેલા જીવમાં જે કંપન થાય તેને **ક્ષેત્ર એજના** કહે છે. તે જ રીતે નારકાદિના આયુષ્ય કાલમાં, નરકાદિ ભવમાં અને ઔદયિકાદિ ભાવમાં રહેલા જીવમાં જે સામાન્ય કંપન થાય, તેને ક્રમશઃ **કાલ, ભવ** અને **ભાવ એજના** કહે છે. પ્રત્યેકના ચાર ગતિની અપેક્ષાએ ચાર-ચાર ભેદ છે.

★ આત્મપ્રદેશોનું કંપન જ્યારે શરીર, ઇન્દ્રિય કે યોગના માધ્યમથી પ્રગટ થાય તેને ચલના કહે છે. તેમજ શરીરાદિના ચલનથી તત્ પ્રાયોગ્ય પુદ્ગલોનું જે પરિણમન થાય તેને ચલના કહે છે. તેના મુખ્યભેદ ત્રણ છે– (૧) શરીર ચલના (૨) ઇન્દ્રિય ચલના (૩) યોગ ચલના. તેમાં પાંચ શરીર યોગ્ય પુદ્ગલોના શરીરરૂપે પરિણમન થવામાં શરીરનો જે વ્યાપાર થાય તેને **શરીર ચલના** કહે છે. પાંચ શરીરની અપેક્ષાએ તેના પાંચ ભેદ છે. તે જ રીતે ઇન્દ્રિય અને યોગ ચલનાનું સ્વરૂપ સમજવું જોઈએ. **ઇન્દ્રિય ચલના**ના પાંચ અને **યોગ ચલના**ના ત્રણ ભેદ છે.

★ સંવેગ, નિર્વેદ, સેવા, આલોચના, નિંદા, ગર્હા આદિ ૪૯ બોલ સાધનામાં સહાયક બને છે. સાધકોના આત્મગુણોની વૃદ્ધિ કરે છે. તેથી તેનું અંતિમ ફળ મોક્ષ છે.

❖❖❖❖❖

# શતક–૧૭ : ઉદ્દેશક–૩

## શૈલેશી

**શૈલેશી અણગારમાં કંપન આદિ ક્રિયાનો નિષેધ :–**

**૧ सेलेसिं पडिवण्णए णं भंते ! अणगारे सया समियं एयइ, वेयइ *जाव* तं तं भावं परिणमइ ? गोयमा ! णो इणट्ठे समट्ठे; णण्णत्थ एगेणं परप्पओगेणं ।**

**શબ્દાર્થ :– समियं** = નિરંતર, વ્યવસ્થિત, પ્રમાણોપેત **एयइ** = એજના કરે છે, કંપિત થાય છે **वेयइ** = વિશેષ રૂપે કંપે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરનાર અણગાર, સદા નિરંતર કંપે છે વિશેષ કંપે છે ***યાવત્*** તે તે ભાવે પરિણમે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. પરપ્રયોગ સિવાય શૈલેશી અવસ્થામાં કંપન થતું નથી, અર્થાત્ પરપ્રયોગથી કંપન(સ્થાનાંતરણ) થઈ શકે છે.

**વિવેચન :–**

**શૈલેશી અવસ્થા–** શૈલેશ અર્થાત્ પર્વતરાજ સુમેરુ. તેની જેમ નિષ્કંપ, નિશ્ચલ-અડોલ અવસ્થાને શૈલેશી-અવસ્થા કહે છે. શૈલેશી અવસ્થામાં મન, વચન અને કાયાના યોગનો નિરોધ થઈ ગયો હોય છે, ચૌદમા ગુણસ્થાને આ અવસ્થા પ્રાપ્ત થાય છે. શૈલેશી અવસ્થા સંપન્ન અણગારના આત્મપ્રદેશો સર્વથા નિષ્કંપ હોય છે પરંતુ પર પ્રયોગથી કોઈ તેના શરીરને કંપિત કરે, તેના શરીરને ધક્કો મારી પાડી નાંખે આદિ કાંઈ પણ કરે તો તેના શરીરમાં કંપનાદિ ક્રિયા દષ્ટિગોચર થાય છે, પરંતુ યોગનિરોધ પછી આત્મપ્રદેશોમાં સૂક્ષ્મ કંપન પણ થતું નથી; શરીર નિમિત્તક સ્થાનાન્તરણ થઈ શકે છે. જેમ કે નદીમાં વહેતો સાધક મોક્ષ પ્રાપ્ત કરે ત્યારે ૧૪મા ગુણસ્થાનમાં પણ તેનું શરીર ગતિમાન રહી શકે છે. તેમ છતાં તેમાં આત્મ પ્રદેશોતો સ્થિર જ હોય છે.

**એજનાના ભેદ-પ્રભેદ :–**

**૨ कइविहा णं भंते ! एयणा पण्णत्ता ? गोयमा ! पंचविहा पण्णत्ता; तं जहा– दव्वेयणा, खेत्तेयणा, कालेयणा, भवेयणा, भावेयणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એજનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એજનાના પાંચ પ્રકાર છે. યથા– દ્રવ્ય એજના, ક્ષેત્ર એજના, કાલ એજના, ભવ એજના અને ભાવ એજના.

**૩ दव्वेयणा णं भंते ! कइविहा पण्णत्ता ? गोयमा ! चउव्विहा पण्णत्ता, तं जहा– णेरइयदव्वेयणा, तिरिक्खजोणिय दव्वेयणा मणुस्सदव्वेयणा देवदव्वेयणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્રવ્ય એજનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચાર પ્રકાર છે. યથા– નૈરયિક દ્રવ્ય એજના, તિર્યંચ યોનિક દ્રવ્ય એજના, મનુષ્ય દ્રવ્ય એજના અને દેવ દ્રવ્ય એજના.

**૪ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– णेरइयदव्वेयणा णेरइयदव्वेयणा ?**

**गोयमा ! जं णं णेरइया णेरइयदव्वे वट्टिंसु वा, वट्टंति वा, वट्टिस्संति वा ते णं तत्थ णेरइया णेरइयदव्वे वट्टमाणा णेरइयदव्वेयणं एयंसु वा एयंति वा, एइस्संति वा । से तेणट्ठेणं गोयमा !** *जाव* **णेरइय दव्वेयणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તેને નૈરયિક દ્રવ્ય એજના કહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક જીવ, નૈરયિક દ્રવ્યમાં વર્તતા હતા, વર્તે છે અને વર્તશે. તે નૈરયિક જીવોએ નૈરયિક દ્રવ્યમાં વર્તતા નૈરયિક દ્રવ્યની એજના પહેલા કરી હતી, કરે છે અને કરશે, તેથી હે ગૌતમ ! તેને 'નૈરયિક દ્રવ્ય એજના' કહે છે.

**૫ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– तिरिक्खजोणियदव्वेयणा तिरिक्खजोणिय-दव्वेयणा ? गोयमा ! एवं चेव, णवरं तिरिक्खजोणियदव्वे भाणियव्वं । सेसं तं चेव, एवं** *जाव* **देवदव्वेयणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તેને તિર્યંચયોનિક દ્રવ્ય એજના કહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વોક્ત પ્રકારે છે પરંતુ અહીં નૈરયિક દ્રવ્યના સ્થાને તિર્યંચયોનિક દ્રવ્ય કહેવું જોઈએ. શેષ કથન નૈરયિકની સમાન છે. આ જ રીતે મનુષ્ય દ્રવ્ય એજના અને દેવ દ્રવ્ય એજના પણ જાણવી જોઈએ.

**૬ खेत्तेयणा णं भंते ! कइविहा पण्णत्ता ? गोयमा ! चउव्विहा पण्णत्ता, तं जहा– णेरइयखेत्तेयणा** *जाव* **देवखेत्तेयणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્ષેત્ર-એજનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચાર પ્રકાર છે. યથા– નૈરયિક ક્ષેત્ર એજના ***યાવત્*** દેવ ક્ષેત્ર એજના.

**૭ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– णेरइयखेत्तेयणा, णेरइयखेत्तेयणा ?**

**गोयमा ! एवं चेव, णवरं णेरइयखेत्तेयणा भाणियव्वा, एवं** *जाव* **देवखेत्तेयणा । एवं कालेयणा वि, एवं भवेयणा वि, एवं भावेयणा वि, एवं** *जाव* **देव भावेयणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તેને 'નૈરયિક ક્ષેત્ર એજના' કહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું. અહીં નૈરયિક દ્રવ્ય એજનાના સ્થાને નૈરયિક ક્ષેત્ર એજના કહેવું જોઈએ અને આ રીતે ***યાવત્*** દેવક્ષેત્ર એજનાનું કથન કરવું. આ જ રીતે કાલ એજના, ભવ એજના અને ભાવ એજના ચાર-ચાર પ્રકારનું કથન કરવું ***યાવત્*** દેવ ભાવ એજના સુધી જાણવું જોઈએ.

**વિવેચન :–**

**એજના :–** યોગ દ્વારા આત્મ પ્રદેશોનું અથવા જીવ સહિતના પુદ્‍ગલ દ્રવ્યોનું કંપવું , પોતાનું સ્થાન છોડયા

વિના ચલાયમાન થવું તેને એજના કહે છે. તેના પાંચ પ્રકાર છે.

**(૧) દ્રવ્ય એજના :–** નારકાદિ જીવ દ્રવ્યોનું તેમજ નારાકાદિ જીવ દ્રવ્ય સહિત પુદ્ગલ દ્રવ્યોનું કંપન થવું, તેને દ્રવ્ય એજના કહે છે.

**(૨) ક્ષેત્ર-એજના :–** નરક આદિ ક્ષેત્રમાં રહેલા જીવોનું અને જીવ દ્રવ્ય સહિત પુદ્ગલ દ્રવ્યનું તે તે ક્ષેત્રમાં કંપન થવું, તેને ક્ષેત્ર એજના કહે છે.

**(૩) કાલ એજના :–** નારકાદિના આયુષ્યરૂપ કાલમાં રહેલા જીવોનું અથવા જીવ દ્રવ્ય સહિત પુદ્ગલ દ્રવ્યનું તે તે કાલમાં કંપન થવું; તેને કાલ એજના કહે છે.

**(૪) ભવ એજના :–** નારક આદિ ભવમાં રહેલા જીવનું કે જીવ દ્રવ્ય સહિત પુદ્ગલોનું તે તે ભવમાં કંપન થવું, તે ભવ એજના છે.

**(૫) ભાવ એજના :–** ઔદયિક આદિ ભાવોમાં રહેલા નારકાદિ જીવોનું અને તદ્ગત પુદ્ગલોનું તે તે ભાવમાં કંપન થવું, તે ભાવ એજના છે.

**ચલનાના ભેદ પ્રભેદ :-**

**૮ कइविहा णं भंते ! चलणा पण्णत्ता ? गोयमा ! तिविहा चलणा पण्णत्ता, तं जहा– सरीर चलणा, इंदियचलणा, जोगचलणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચલનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચલનાના ત્રણ પ્રકાર છે. યથા– શરીર ચલના, ઇન્દ્રિય ચલના અને યોગ ચલના.

**૯ सरीरचलणा णं भंते ! कइविहा पण्णत्ता ? गोयमा ! पंचविहा पण्णत्ता, तं जहा– ओरालिय सरीरचलणा** *जाव* **कम्मगसरीरचलणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શરીર ચલનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શરીર ચલનાના પાંચ પ્રકાર છે. યથા– ઔદારિક શરીર ચલના ***યાવત્*** કાર્મણ શરીર ચલના.

**૧૦ इंदियचलणा णं भंते ! कइविहा पण्णत्ता ? गोयमा ! पंचविहा पण्णत्ता, तं जहा– सोइंदियचलणा** *जाव* **फासिंदियचलणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઇન્દ્રિય ચલનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઇન્દ્રિય ચલનાના પાંચ પ્રકાર છે. યથા– શ્રોતેન્દ્રિય ચલના ***યાવત્*** સ્પર્શેન્દ્રિય ચલના.

**૧૧ जोगचलणा णं भंते ! कइविहा पण्णत्ता ? गोयमा ! तिविहा पण्णत्ता, तं जहा– मणजोगचलणा, वइजोगचलणा, कायजोगचलणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! યોગ ચલનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! યોગ ચલનાના ત્રણ પ્રકાર છે. યથા– મનોયોગ ચલના, વચનયોગ ચલના અને કાયયોગ ચલના.

**વિવેચન :-**

**ચલના :–** આ શબ્દના અનેક પ્રકારે અર્થ થાય છે– (૧) સામાન્ય કંપનને એજના કહે છે અને તે જ એજના

વિશેષ સ્પષ્ટ હોય તેને ચલના કહે છે. (૨) એજના જ જ્યારે શરીર, ઇન્દ્રિય કે યોગ દ્વારા પ્રગટ થાય ત્યારે તેને ચલના કહે છે. (૩) ઔદારિક શરીરાદિના ચાલવાથી તત્પ્રાયોગ્ય પુદ્ગલોનું જે પરિણમન થાય છે તેને ચલના કહે છે (૪) પોતાનું સ્થાન છોડીને સ્થાનાંતરિત થવાને ચલના કહે છે. સંક્ષેપમાં તે જ સ્થાનમાં રહેતાં કંપનને **એજના** અને સ્થાન પરિવર્તનરૂપ કંપનને **ચલના** કહે છે, તેમ સમજી શકાય.

**(૧) શરીર ચલના–** પાંચ શરીર યોગ્ય પુદ્ગલોનું શરીરરૂપે પરિણમન થવામાં શરીરનો જે વ્યાપાર છે, તેને શરીર ચલના કહે છે.

**(૨) ઇન્દ્રિય ચલના–** ઇન્દ્રિય પ્રાયોગ્ય પુદ્ગલોનું ઇન્દ્રિયના રૂપથી પરિણમન થવામાં ઇન્દ્રિયનો જે વ્યાપાર છે, તેને ઇન્દ્રિય ચલના કહે છે.

**(૩) યોગ ચલના–** મન, વચન કે કાય પ્રાયોગ્ય પુદ્ગલોનું મન વગેરે રૂપથી પરિણમનમાં યોગનિષ્ઠ જે વ્યાપાર છે, તેને યોગ ચલના કહે છે. તેના ઉત્તર ભેદ તેર છે. પાંચ શરીર, પાંચ ઇન્દ્રિય અને ત્રણ યોગ.

**ચલનાના કારણ :–**

**१२ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– ओरालियसरीरचलणा, ओरालियसरीरचलणा ?**

**गोयमा ! जं णं जीवा ओरालियसरीरे वट्टमाणा ओरालियसरीरपाओग्गाइं दव्वाइं ओरालियसरीरत्ताए परिणामेमाणा ओरालियसरीरचलणं चलिंसु वा चलंति वा चलिस्संति वा; से तेणट्ठेणं गोयमा !** *जाव* **ओरालियसरीरचलणा, ओरालियसरीरचलणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ઔદારિક શરીર ચલનાને 'ઔદારિક શરીર ચલના' કહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવે ઔદારિક શરીરમાં વર્તતા, ઔદારિક શરીર પ્રાયોગ્ય પુદ્ગલોને ઔદારિક શરીરપણે પરિણમાવવા માટે ભૂતકાળમાં ઔદારિક શરીરની ચલના કરી હતી, કરે છે અને કરશે. હે ગૌતમ! તેથી તેને 'ઔદારિક શરીર ચલના' કહે છે.

**१३ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– वेउव्वियसरीरचलणा, वेउव्वियसरीरचलणा ? गोयमा ! एवं चेव, णवरं वेउव्वियसरीरे वट्टमाणा । एवं** *जाव* **कम्मगसरीरचलणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે વૈક્રિય શરીર ચલનાને 'વૈક્રિય શરીર ચલના' કહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વોક્ત વક્તવ્ય પ્રમાણે કહેવું જોઈએ. અહીં ઔદારિક શરીરના સ્થાને 'વૈક્રિય શરીરમાં વર્તતા' ઇત્યાદિ જાણવું જોઈએ. આ રીતે **યાવત્** કાર્મણ શરીર ચલના સુધી જાણવું જોઈએ.

**१४ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– सोइंदियचलणा, सोइंदियचलणा ?**

**गोयमा ! जं णं जीवा सोइंदिये वट्टमाणा सोइंदियपाओग्गाइं दव्वाइं सोइंदियत्ताए परिणामेमाणा सोइंदियचलणं चलिंसु वा चलंति वा चलिस्संति वा । से तेणट्ठेणं** *जाव* **सोइंदियचलणा । एवं** *जाव* **फासिंदियचलणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે શ્રોતેન્દ્રિય ચલનાને 'શ્રોતેન્દ્રિય ચલના' કહે છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! શ્રોતેન્દ્રિયમાં વર્તતા જીવોએ શ્રોતેન્દ્રિય યોગ્ય દ્રવ્યોને શ્રોતેન્દ્રિયપણે પરિણમાવવા માટે શ્રોતેન્દ્રિય ચલના કરી હતી, કરે છે અને કરશે. તેથી શ્રોતેન્દ્રિય ચલનાને 'શ્રોતેન્દ્રિય ચલના' કહે છે. આ રીતે સ્પર્શેન્દ્રિય ચલના સુધી કહેવું જોઈએ.

**૧૫ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– मणजोगचलणा, मणजोगचलणा ?**

**गोयमा ! जं णं जीवा मणजोए वट्टमाणा मणजोगपाओग्गाइं दव्वाइं मणजोगत्ताए परिणामेमाणा मणजोगचलणं चलिंसु वा चलंति वा चलिस्संति वा से तेणट्ठेणं** *जाव* **मणजोगचलणा । एवं वइजोगचलणा वि, एवं कायजोगचलणा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે મનોયોગ ચલનાને 'મનોયોગ ચલના' કહે છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! મનોયોગમાં વર્તતા જીવોએ મનોયોગ્ય દ્રવ્યોને મનોયોગપણે પરિણમાવવા માટે મનોયોગની ચલના કરી હતી, કરે છે અને કરશે. તેથી તેને 'મનોયોગ ચલના' કહેવાય છે. આ રીતે વચનયોગ ચલના તથા કાયયોગ ચલના પણ જાણવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં શરીર, ઇન્દ્રિય અને યોગ ચલનાના કારણોને સ્પષ્ટ કર્યા છે.

તે તે પ્રકારના પુદ્ગલોના વિશેષ કંપનમાં જો શરીરનો વ્યાપાર કારણ હોય તો તેને શરીર ચલના કહે છે અને ઇન્દ્રિય કે યોગનો વ્યાપાર કારણ હોય તો તેને ક્રમશઃ ઇન્દ્રિય ચલના કે યોગ ચલના કહે છે.

**સંવેગાદિ ધર્મનું અંતિમ ફળ :–**

**૧૬ अह भंते ! संवेगे, णिव्वेए, गुरु-साहम्मिय-सुस्सूसणया, आलोयणया, णिंदणया, गरहणया, खमावणया, सुयसहायता, विउसमणया, भावे अपडिबद्धया, विणिवट्टणया, विवित्तसयणासणसेवणया, सोइंदियसंवरे** *जाव* **फासिंदयसंवरे, जोगपच्चक्खाणे, सरीर-पच्चक्खाणे, कसायपच्चक्खाणे, संभोगपच्चक्खाणे, उवहिपच्चक्खाणे, भत्तपच्चक्खाणे, खमा, विरागया, भावसच्चे, जोगसच्चे, करणसच्चे, मणसमण्णाहरणया, वइसमण्णाहरणया, कायसमण्णाहरणया, कोहविवेगे** *जाव* **मिच्छादंसणसल्लविवगे, णाणसंपण्णया, दंसण-संपण्णया, चरित्तसंपण्णया, वेयणाअहियासणया, मारणंतियअहियासणया; एए णं भंते ! पया किं पज्जवसाणफला पण्णत्ता समणाउसो ?**

**गोयमा ! संवेगे, णिव्वेए** *जाव* **मारणंतिय अहियासणया; एए णं सिद्धिपज्जवसाण-फला पण्णत्ता समणाउसो ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! સંવેગ, નિર્વેદ, ગુરુ-સાધર્મિક શુશ્રૂષા, આલોચના, નિન્દા, ગર્હા, ક્ષમાપના, શ્રુત-સહાયતા, વ્યુપશમના(કષાયોની ઉપશાંતતા), ભાવ અપ્રતિબદ્ધતા, વિનિવર્તના, વિવિક્ત શયનાસન સેવનતા, શ્રોતેન્દ્રિય સંવર ***યાવત્*** સ્પર્શેન્દ્રિય સંવર, યોગ પ્રત્યાખ્યાન, શરીર પ્રત્યાખ્યાન, કષાય પ્રત્યાખ્યાન, સંભોગ પ્રત્યાખ્યાન, ઉપધિ પ્રત્યાખ્યાન, ભક્ત પ્રત્યાખ્યાન, ક્ષમા, વિરાગતા, ભાવસત્ય, યોગસત્ય,

કરણસત્ય, મનસમન્વાહરણ, વચનસમન્વાહરણ, કાયસમન્વાહરણ, ક્રોધવિવેક ***યાવત્*** મિથ્યાદર્શન–શલ્યવિવેક, જ્ઞાનસંપન્નતા, દર્શનસંપન્નતા, ચારિત્રસંપન્નતા, વેદનાઅધ્યાસનતા, મારણાન્તિક અધ્યાસનતા, આ સર્વ પદોનું(ગુણોનું)અંતિમ ફળ શું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંવેગ, નિર્વેદ ***યાવત્*** મારણાન્તિક કષ્ટસહિષ્ણુતા, આ સર્વ પદોનું અંતિમ ફળ મોક્ષ છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન–૨૯માં કથિત સમ્યક્-પરાક્રમના કેટલાક બોલોનો સંગ્રહ છે અને સંગ્રહિત સર્વ બોલોનું અંતિમ ફળ મોક્ષ છે, તેમ નિરૂપિત કર્યું છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં એક-એક બોલના ફળનું વિસ્તૃત અને ક્રમબદ્ધ વર્ણન છે. અહીં તે પ્રત્યેક બોલનું પરંપરાફળ મોક્ષનું સંક્ષેપથી કથન છે. સૂત્રોક્ત પ્રત્યેક બોલ મોક્ષમાર્ગના સોપાન છે. તે આત્મગુણોની વૃદ્ધિ અને દોષોની હાનિ કરે છે. તેથી તે પરંપરાએ મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ કરાવે છે.

**સંવેગ** = મોક્ષાભિલાષા, **નિર્વેદ** = સંસારથી વિરક્તિ, **ગુરુ-સાધર્મિક શુશ્રૂષા** = દીક્ષાદિ પ્રદાતા આચાર્ય અને સાધર્મિક સાધુવર્ગની સેવા, **વ્યુપશમનતા** = કષાયોની ઉપશાન્તતા, **ભાવ અપ્રતિબદ્ધતા** = હાસ્યાદિ ભાવોમાં આસક્તિ ન રાખવી, **વિનિવર્તના** = દોષોથી નિવૃત્તિ, **વિવિક્તશયનાસનતા** = સ્ત્રી, પુરુષ અને નંપુસક રહિત સ્થાન, આસન અથવા ઉપાશ્રયનું સેવન કરવું, **સંભોગ પ્રત્યાખ્યાન** = સાધુઓ એક સાથે એક માંડલા(સમુદાય)માં બેસીને ભોજનાદિ ક્રિયાઓ કરે છે તેને સંભોગ કહે છે. જિનકલ્પ આદિ વિશિષ્ટ અભિગ્રહો ધારણ કરીને તે આહાર આદિના સંભોગનો ત્યાગ કરવો તેને સંભોગ પ્રત્યાખ્યાન કહેવાય છે, **સમન્વાહરણ** = મન, વચન અને કાયાને વશમાં રાખવું, **વેદનાધ્યાસનતા** = ક્ષુધા આદિ વેદનાઓને સહન કરવી, **મારણાન્તિકાધ્યાસનતા** = મારણાન્તિક કષ્ટને સહન કરવા. કેટલાક પદોના વિશિષ્ટાર્થ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન-૨૯થી જાણવા.

**॥ શતક ૧૭/૩ સંપૂર્ણ ॥**

# શતક–૧૭ : ઉદ્દેશક–૪

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં ક્રિયાની સ્પૃષ્ટતાનું, દુઃખ અને વેદનાના આત્મકર્તૃત્વનું નિરૂપણ છે.

★ આત્મા પ્રાણાતિપાત આદિ ક્રિયા કરે છે. તે ક્રિયા સ્પૃષ્ટ જ હોય છે. અસ્પૃષ્ટ હોતી નથી.

★ ક્રિયાના પરિણામાનુસાર આત્મા એક ક્ષેત્રાવગાઢ કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે. તેથી તે ક્રિયા અને તજ્જન્ય કર્મબંધ આત્મા સાથે સંબંદ્ધ હોય છે. તે ઉપરાંત ક્રિયા જીવ દ્વારા સ્વયં કરાય ત્યારે જ થાય છે, ઈશ્વરાદિ દ્વારા થતી નથી.

ક્રિયા કરનાર જીવ જ્યાં સ્થિત હોય તે પ્રમાણે કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે. જીવ જો લોકના નિષ્કુટ ભાગમાં સ્થિત હોય તો તેને અલોકનો વ્યાઘાત હોવાથી તે ત્રણ, ચાર કે પાંચ દિશાના અને જો તે નિર્વ્યાઘાત સ્થાનમાં સ્થિત હોય તો છ દિશામાંથી પુદ્ગલોને ગ્રહણ કરે છે. ક્રિયા જે સમયે, જે ક્ષેત્રમાં, જે પ્રદેશમાં કરાય તે જ સમયમાં તે સ્પૃષ્ટ થાય છે.

★ જીવ આત્મકૃત દુઃખ કે વેદનાનો અનુભવ કરે છે; પરકૃત કે ઉભયકૃત દુઃખ કે વેદનાનો અનુભવ કરતો નથી. **દુઃખ** અને દુઃખના હેતુભૂત કર્મો **આત્મકૃત** હોય છે અને કર્મ ફળનું શાતા કે અશાતારૂપનું **વેદન** પણ **આત્મકૃત** હોય છે.

કદાચ અન્ય વ્યક્તિ કે વસ્તુ વેદનામાં નિમિત્ત બને, તેમ છતાં તે વેદના સ્વકર્મજન્ય જ હોય છે અને તેનું વેદન પણ આત્મા સ્વયં કરે છે.

આ રીતે અહીં જૈનદર્શનાનુસાર કર્મબંધની અને તેના ફલભોગની પ્રક્રિયા સ્પષ્ટ થાય છે.

❖❖❖❖❖

# શતક–૧૭ : ઉદ્દેશક–૪

## ક્રિયા

**ક્રિયાની આત્મ સ્પૃષ્ટતા :–**

**१ तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे *जाव* एवं वयासी– अत्थि णं भंते ! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ ? गोयमा ! हंता, अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** તે કાલે, તે સમયે રાજગૃહ નગરમાં **યાવત્** ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! શું જીવ પ્રાણાતિપાત ક્રિયા કરે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! કરે છે.

**२ सा भंते ! किं पुट्ठा कज्जइ, अपुट्ठा कज्जइ ?**

**गोयमा ! पुट्ठा कज्जइ, णो अपुट्ठा कज्जइ । एवं जहा पढमसए छट्ठुद्देसए *जाव* णो अणाणुपुव्विकडा त्ति वत्तव्वं सिया । एवं *जाव* वेमाणियाणं; णवरं जीवाणं एगिंदियाण य णिव्वाघाएणं छद्दिसिं, वाघायं पडुच्च सिय तिदिसिं, सिय चउदिसिं, सिय पंचदिसिं । सेसाणं णियमं छद्दिसिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું સ્પૃષ્ટ(આત્મા દ્વારા સ્પર્શ કરાયેલી) ક્રિયા કરાય છે કે અસ્પૃષ્ટ ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સ્પૃષ્ટ જ કરાય છે, અસ્પૃષ્ટ નહીં. ઈત્યાદિ શતક-૧/૬ અનુસાર **યાવત્** તે ક્રિયા અનુક્રમે કરાય છે, અનુક્રમ વિના નહીં. આ રીતે વૈમાનિકો સુધી જાણવું જોઈએ. વિશેષતા એ છે કે સમુચ્ચય જીવો અને એકેન્દ્રિયો નિર્વ્યાઘાતની અપેક્ષાએ(એટલે કોઈ વ્યવધાન-બાધકતા ન હોય તો) છ દિશામાંથી આવેલા કર્મ પુદ્ગલો ગ્રહણ કરે છે અને વ્યાઘાતની અપેક્ષાએ(એટલે કોઈ દિશા અલોકથી અવરુદ્ધ હોય ત્યારે) કદાચિત્ ત્રણ દિશા, કદાચિત્ ચાર દિશા અને કદાચિત્ પાંચ દિશામાંથી આવેલા કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે. શેષ સર્વ જીવો અવશ્ય છ દિશામાંથી આવેલા કર્મ પુદ્ગલો ગ્રહણ કરે છે.

**३ अत्थि णं भंते ! जीवाणं मुसावाएणं किरिया कज्जइ ? गोयमा ! हंता, अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ મૃષાવાદ ક્રિયા(કર્મ) કરે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! કરે છે.

**४ सा भंते ! किं पुट्ठा कज्जइ, अपुट्ठा कज्जइ ?**

**गोयमा ! जहा पाणाइवाएणं दंडओ एवं मुसावाएण वि । एवं अदिण्णादाणेण वि, मेहुणेण वि, परिग्गहेण वि । एवं एए पंच दंडगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું તે ક્રિયા સ્પૃષ્ટ કરાય છે કે અસ્પૃષ્ટ ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રાણાતિપાતની સમાન મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહના વિષયમાં

પણ જાણવું જોઈએ. આ પાંચ દંડક(સૂત્રાલાપક) થયા.

**વિવેચન :–**

**સ્પૃષ્ટ ક્રિયા :–** પ્રસ્તુત પ્રકરણમાં 'ક્રિયા' શબ્દ કર્મ અર્થમાં છે. કોઈ પણ ક્રિયા(કર્મ) આત્મા સાથે ક્ષીર અને નીરની જેમ એકરૂપ થઈને જ થાય છે. જો એકાત્મરૂપ થયા વિના પણ ક્રિયા થાય તો કરેલા કર્મોના ફળનું વેદન જીવને થશે નહીં, અથવા અજીવને કે મૃત શરીરને પણ ક્રિયા અને તજ્જન્ય કર્મબંધ થાય; પરંતુ તે પ્રમાણે થતું નથી. તેથી સિદ્ધ થાય છે કે સ્પૃષ્ટ ક્રિયા જ થાય છે. અસ્પૃષ્ટ થતી નથી. તે જ રીતે **जाव णो अणाणुपुव्विकडात्ति वत्तव्वं सिया**– આ સંક્ષિપ્ત પાઠ શતક-૧/૬ અનુસાર છે. તેનું તાત્પર્ય એ છે કે પ્રત્યેક ક્રિયા (૧) **કૃત–** કરવાથી જ થાય છે, કર્યા વિના થતી નથી. (૨) **આત્મકૃત** જ થાય છે, કાલ કે ઈશ્વર આદિ અન્યકૃત થતી નથી. (૩) **આનુપૂર્વીકૃત–** ક્રિયામાં પુદ્ગલ ક્રમશઃ ગ્રહણ થાય છે. અનાનુપૂર્વીકૃત અક્રમિક ગ્રહણ થતાં નથી.

**ક્રિયા ત્રણ, ચાર, પાંચ કે છ દિશામાં થાય–** ક્રિયાના પરિણામાનુસાર જીવ જેટલી દિશામાંથી કર્મપુદ્ગલોને ગ્રહણ કરે તેટલી દિશામાંથી ક્રિયા થઈ કહેવાય. સમુચ્ચય જીવ અને ત્રસ જીવો તેમજ ત્રસ નાડીમાં રહેલા સ્થાવર જીવો અવશ્ય છ દિશામાંથી પુદ્ગલ ગ્રહણ કરીને ક્રિયા કરે છે અને લોકના નિષ્કુટ ભાગમાં રહેલા સ્થાવર જીવો ત્રણ, ચાર કે પાંચ દિશામાંથી કર્મ પુદ્ગલો ગ્રહણ કરે છે. જીવ જો લોકના નિષ્કુટ ભાગમાં સ્થિત હોય ત્યારે તેની આસપાસની દિશામાં અલોક આવે છે. જેટલી દિશામાં અલોક આવે તેટલી દિશામાંથી તે કર્મ પુદ્ગલો ગ્રહણ કરી શકતો નથી. તેથી અલોકના વ્યાઘાતની અપેક્ષાએ ત્રણ, ચાર કે પાંચ દિશામાંથી અને જો કોઈ વ્યાઘાત ન હોય તો જીવ છ દિશામાંથી પુદ્ગલો ગ્રહણ કરે છે.

**સમય અને ક્ષેત્રની અપેક્ષાએ ક્રિયાની સ્પૃષ્ટતા :–**

**૫ जं समयं णं भंते ! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ सा भंते ! किं पुट्ठा कज्जइ, अपुट्ठा कज्जइ ? गोयमा ! तहेव *जाव* वत्तव्वं सिया । एवं *जाव* वेमाणियाणं । एवं मुसावाएणं *जाव* परिग्गहेणं । एवं एए वि पंच दंडगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે સમયે જીવ પ્રાણાતિપાતિકી ક્રિયા કરે છે, તે સમયે શું તે સ્પૃષ્ટ ક્રિયા કરે છે કે અસ્પૃષ્ટ ક્રિયા કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વોક્ત પ્રકારે જીવ સ્પૃષ્ટ, કૃત, આત્મકૃત અને આનુપૂર્વીકૃત ક્રિયા કરે છે, અસ્પૃષ્ટ, અકૃત, અનાત્મકૃત કે અનાનુપૂર્વીકૃત ક્રિયા કરતો નથી; આ રીતે વૈમાનિકો સુધી ચોવીસ દંડકમાં જાણવું તથા આ જ રીતે મૃષાવાદથી પરિગ્રહ સુધીના વિષયમાં પણ સર્વ સૂત્રાલાપક જાણવા જોઈએ. આ રીતે અહીં પાંચ પાપસ્થાનના પાંચ સૂત્રાલાપક થાય છે.

**૬ जं देसेणं भंते ! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ, पुच्छा ? गोयमा ! एवं चेव *जाव* परिग्गहेणं, एए वि पंच दंडगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે ક્ષેત્રમાં જીવ પ્રાણાતિપાતિકી ક્રિયા કરે છે, તે જ ક્ષેત્રમાં શું સ્પૃષ્ટ ક્રિયા કરે છે કે અસ્પૃષ્ટ ? **ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વોક્ત પ્રકારે ***યાવત્*** પરિગ્રહ સુધી જાણવું જોઈએ.

**૭ जं पएसं णं भंते ! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ सा भंते किं पुट्ठा कज्जइ?**

**एवं तहेव दंडओ । एवं *जाव* परिग्गहेणं । एवं एए वीसं दंडगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે પ્રદેશમાં જીવ પ્રાણાતિપાતિકી ક્રિયા કરે છે, તે જ પ્રદેશમાં શું સ્પૃષ્ટ ક્રિયા કરે છે કે અસ્પૃષ્ટ ? **ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વોક્ત પ્રકારે પરિગ્રહ સુધી જાણવું જોઈએ. આ રીતે વીસ સૂત્રાલાપક થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ક્રિયાની સ્પૃષ્ટતા કયા ક્ષેત્રમાં અને કયા સમયમાં થાય છે તે વિષયને સ્પષ્ટ કર્યો છે.

ક્રિયા જે સમયે, જે દેશ(ક્ષેત્ર ખંડ)માં, જે પ્રદેશ(ક્ષેત્રના સૂક્ષ્મવિભાગ)માં થાય છે, તે જ સમયે, તે જ ક્ષેત્રના, તે જ પ્રદેશમાં તે આત્મા સાથે સ્પૃષ્ટ થાય છે, અન્ય ક્ષેત્રના અન્ય પ્રદેશમાં કે અન્ય સમયમાં સ્પૃષ્ટ થતી નથી. કારણ કે જીવ વર્તમાન સમયમાં એકક્ષેત્રાવગાઢ પુદ્ગલોને જ ગ્રહણ કરે છે.

**वीसं दंडगा :–** સૂત્રકારે એક એક ક્રિયાનું કથન ચાર પ્રકારે કર્યું છે. (૧) સમુચ્ચય જીવ દ્વારા ક્રિયાની અપેક્ષાએ સ્પૃષ્ટતા (૨) સમયની અપેક્ષાએ સ્પૃષ્ટતા (૩) ક્ષેત્રની અપેક્ષાએ સ્પૃષ્ટતા અને (૪) પ્રદેશની અપેક્ષાએ સ્પૃષ્ટતા. આ રીતે પ્રાણાતિપાતિકા ક્રિયાના ચાર સૂત્રો. તે જ રીતે મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહના ચાર-ચાર સૂત્રો ગણતાં ૫ × ૪ = ૨૦ સૂત્રો થાય છે.

**આત્મકૃત સુખ દુઃખ અને વેદના :–**

**૮ जीवाणं भंते ! किं अत्तकडे दुक्खे, परकडे दुक्खे, तदुभयकडे दुक्खे ? गोयमा ! अत्तकडे दुक्खे, णो परकडे दुक्खे, णो तदुभयकडे दुक्खे । एवं *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવોને જે દુઃખ છે, તે શું આત્મકૃત છે, પરકૃત છે કે ઉભયકૃત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવોને જે દુઃખ છે તે આત્મકૃત છે, પરકૃત નથી અને ઉભયકૃત પણ નથી. આ રીતે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.

**૯ जीवा णं भंते ! किं अत्तकडं दुक्खं वेएंति, परकडं दुक्खं वेएंति, तदुभयकडं दुक्खं वेएंति ? गोयमा ! अत्तकडं दुक्खं वेएंति, णो परकडं दुक्खं वेएंति, णो तदुभयकडं दुक्खं वेएंति । एवं *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ શું આત્મકૃત દુઃખનું વેદન કરે છે, પરકૃત દુઃખનું વેદન કરે છે કે ઉભયકૃત દુઃખનું વેદન કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ, આત્મકૃત દુઃખનું વેદન કરે છે, પરકૃત દુઃખનું વેદન કરતા નથી અને ઉભયકૃત દુઃખનું વેદન કરતા નથી. આ રીતે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.

**૧૦ जीवाणं भंते ! किं अत्तकडा वेयणा, परकडा वेयणा, पुच्छा ? गोयमा ! अत्तकडा वेयणा, णो परकडा वेयणा, णो तदुभयकडा वेयणा । एवं *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવોને જે વેદના છે, તે શું આત્મકૃત છે, પરકૃત છે કે ઉભયકૃત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવોની વેદના આત્મકૃત છે, પરકૃત નથી, ઉભયકૃત પણ નથી. આ રીતે

વૈમાનિકો સુધી જાણવું જોઈએ.

**૧૧ जीवाणं भंते ! किं अत्तकडं वेयणं वेएंति, परकडं वेयणं वेएंति, तदुभयकडं वेयणं वेएंति ? गोयमा ! जीवा अत्तकडं वेयणं वेएंति, णो परकडं, णो तदुभयकडं । एवं** *जाव* **वेमाणियाणं । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ, શું આત્મકૃત વેદનાનું વેદન કરે છે, પરકૃત વેદનાનું વેદન કરે છે કે ઉભયકૃત વેદનાનું વેદન કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવ આત્મકૃત વેદનાનું વેદન કરે છે, પરકૃત અને ઉભયકૃત વેદનાનું વેદન કરતા નથી. આ રીતે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.

**વિવેચન :–**

**દુઃખ–** પ્રસ્તુત સૂત્રોમાં દુઃખ શબ્દથી દુઃખનું અથવા મુખ્યતયા દુઃખના હેતુભૂત કર્મોનું ગ્રહણ થાય છે. દુઃખથી સંબંધિત બંને પ્રશ્નોનો આશય એ છે કે દુઃખના કારણભૂત કર્મ અને કર્મનું વેદન(ફલભોગ) સ્વયંકૃત, પરકૃત કે ઉભયકૃત હોય છે ? જૈન સિદ્ધાંત અનુસાર દુઃખ આત્મકૃત છે.

**વેદના–** સુખ અને દુઃખ અથવા બંનેના હેતુભૂત કર્મોના વેદનને વેદના કહે છે. કારણ કે શાતા-અશાતા બંને પ્રકારનું વેદન વેદનારૂપ છે અને તે વેદના પણ કર્મજન્ય હોય છે. તેથી વેદના અને તેના હેતુભૂત કર્મોનું વેદન પણ આત્મકૃત હોય છે.

આ પ્રશ્નોથી ઈશ્વર, દેવ-દેવી અથવા કોઈ પરનિમિત્તને દુઃખ આપવાની કે અન્ય દ્વારા વેદના આપવાની કે ભોગવવાની અન્ય ધર્મોની ભ્રાન્ત માન્યતાનું નિરાકરણ થઈ જાય છે. નિષ્કર્ષ એ છે કે સંસારના સમસ્ત પ્રાણીઓને સ્વકર્મજનિત દુઃખ કે વેદના હોય છે. અન્ય વ્યક્તિ કે વસ્તુ કયારેક તેમાં નિમિત્ત બને છે પરંતુ ઉપાદાન રૂપે તો સ્વયં પોતે છે. કર્મબંધ અને તેનું ફળ આત્મા સ્વયં કરે છે અને સ્વયં ભોગવે છે.

**॥ શતક ૧૭/૪ સંપૂર્ણ ॥**

# શતક–૧૭ : ઉદ્દેશક–૫

## ઈશાનેન્દ્ર

**ઈશાનેન્દ્રની સુધર્માસભાનું સ્થાન :–**

**१** **कहिं णं भंते ! ईसाणस्स देविंदस्स देवरण्णो सभा सुहम्मा पण्णत्ता ?**

**गोयमा ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरेणं इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ उड्ढं चंदिम-सूरिय एवं जहा ठाणपए** *जाव* **मज्झे ईसाण-वडेंसए । से णं ईसाणवडेंसए महाविमाणे अद्धतेरसजोयणसयसहस्साइं एवं जहा दसमसए सक्कविमाणवत्तव्वया सा इह वि ईसाणस्स णिरवसेसा भाणियव्वा** *जाव* **आयरक्ख त्ति । ठिई सातिरेगाइं दो सागरोवमाइं, सेसं तं चेव** *जाव* **ईसाणे देविंदे देवराया, ईसाणे देविंदे देवराया । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનની સુધર્મા સભા કયાં આવી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ જંબૂદ્વીપના મંદર પર્વતની ઉત્તરમાં આ રત્નપ્રભા પૃથ્વીના અત્યંત સમરમણીય ભૂમિ ભાગથી ઉપર ચંદ્ર અને સૂર્ય વિમાનનું ઉલ્લંઘન કરીને આગળ જતાં પ્રજ્ઞાપના સૂત્રના સ્થાનપદ અનુસાર ઈશાનકલ્પ છે. તે વિમાનોના બહુમધ્યભાગમાં પાંચ અવતંસક વિમાન છે. તેના મધ્યભાગમાં ઈશાનાવતંસક વિમાન છે. તે ઈશાનાવતંસક મહાવિમાન સાડા બાર લાખ યોજન લાંબુ અને પહોળું છે, ઈત્યાદિ યાવત્ શતક-૧૦/૬ માં શક્રેન્દ્રના વિમાનની વક્તવ્યતા અનુસાર તે વિમાનનું વર્ણન અને દેવઋદ્ધિનું વર્ણન તેના આત્મરક્ષક દેવો પર્યંત જાણવું જોઈએ. ઈશાનેન્દ્રની સ્થિતિ બે સાગરોપમથી કંઈક અધિક છે. શેષ સર્વ પૂર્વવત્ ***યાવત્*** તે દેવેન્દ્ર દેવરાજ ઈશાન છે, ત્યાં સુધી જાણવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**॥ શતક ૧૭/૫ સંપૂર્ણ ॥**

# શતક–૧૭ : ઉદ્દેશક–૬ થી ૧૧

## સંક્ષિપ્ત સાર

આ છ ઉદ્દેશકમાં પૃથ્વીકાયિક, અપકાયિક અને વાયુકાયિક જીવોના મારણાંતિક સમુદ્‌ઘાત વિષયક નિરૂપણ છે.

**મારણાંતિક સમુદ્‌ઘાત–** આયુષ્ય સમાપ્તિના અંતર્મુહૂર્ત પહેલાં મૂળ શરીરને છોડ્યા વિના આત્મ પ્રદેશોને ઉત્પત્તિ સ્થાન સુધી ફેલાવવા તેને મારણાંતિક સમુદ્‌ઘાત કહે છે.

**(૧) દેશ મારણાંતિક સમુદ્‌ઘાત–** જ્યારે આત્મપ્રદેશો ઈલિકા ગતિથી ઉત્પત્તિ સ્થાન સુધી જાય છે ત્યારે કેટલાક આત્મપ્રદેશો પૂર્વ શરીરમાં રહે છે અને કેટલાક આત્મપ્રદેશો ઉત્પત્તિ સ્થાન સુધી પહોંચી જાય છે. તેને દેશ મારણાંતિક સમુદ્‌ઘાત કહે છે.

**(૨) સર્વ મારણાંતિક સમુદ્‌ઘાત–** જ્યારે જીવ મારણાંતિક સમુદ્‌ઘાતથી એક સાથે આત્મપ્રદેશોને મૂલ શરીરથી સંહરણ કરીને દડાની ગતિથી ઉત્પત્તિસ્થાન સુધી જાય છે ત્યારે સર્વ આત્મપ્રદેશો એક સાથે જ ઉત્પત્તિ સ્થાને પહોંચી જાય છે. તેને સર્વ સમુદ્‌ઘાત કહે છે. અહીં સર્વ સમુદ્‌ઘાતમાં 'સમુદ્‌ઘાત' શબ્દ મૃત્યુ માટે રૂઢ થયેલ શબ્દ પ્રયોગ છે.

જ્યારે જીવ દેશ મારણાંતિક સમુદ્‌ઘાતથી જાય ત્યારે પહેલાં આહાર ગ્રહણ કરે છે પછી ઉત્પન્ન થાય છે અને જ્યારે સર્વ સમુદ્‌ઘાત કરીને મૃત્યુ પામે ત્યારે પહેલાં ઉત્પન્ન થાય છે પછી આહાર ગ્રહણ કરે છે.

રત્નપ્રભા પૃથ્વી આદિ અધોલોકના પૃથ્વીકાયિક જીવ મારણાંતિક સમુદ્‌ઘાત કરી ઊર્ધ્વલોકમાં ૧૨ દેવલોક, નવગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન, ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીમાં ઉત્પન્ન થાય. તે વિષયનું પ્રતિપાદન કરતો એક ઉદ્દેશક છે. ત્યાર પછી ૧૨ દેવલોક આદિ ઊર્ધ્વલોકના પૃથ્વીકાયિક જીવ મારણાંતિક સમુદ્‌ઘાત કરી અધોલોકની સાત નરક પૃથ્વીમાં ઉત્પન્ન થાય તદ્ વિષયક બીજો ઉદ્દેશક છે. આ રીતે પૃથ્વીકાયના બે, અપકાયના બે અને વાયુકાયિક જીવોના બે-બે ઉદ્દેશક છે.

સાત નરક પૃથ્વી, ૧૨ દેવલોક આદિની અપેક્ષાએ પૃથ્વીકાયિક જીવો, ઘનોદધિ અને ઘનોદધિ-વલયની અપેક્ષાએ અપ્કાયિક જીવો અને ઘનવાત, તનવાત આદિની અપેક્ષાએ વાયુકાયિક જીવોનું કથન છે. બાદર તેઉકાયિક અને વનસ્પતિકાયિક તથા ત્રસ જીવોનું અહીં વર્ણન નથી. કારણ કે સાત નરક પૃથ્વીથી સિદ્ધશિલા સુધીના સૂત્રોક્ત સ્થળોમાં અપેક્ષિત અગ્નિ અને વનસ્પતિના સ્વતંત્ર સ્થાન નથી. તેમજ તે રીતે ત્રસકાયિક જીવોની પણ ઉપરથી નીચે ઉત્પત્તિ સંભવ નથી.

❖❖❖❖❖

# શતક–૧૭ : ઉદ્દેશક–૬, ૭

## પૃથ્વીકાયિક

**અધોલોકિક પૃથ્વીકાયિક જીવોના મારણાંતિક સમુદ્‌ઘાત :–**

**૧** **पुढविक्काइए णं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए समोहए, समोहणित्ता जे भविए सोहम्मे कप्पे पुढविक्काइयत्ताए उववज्जित्तए से णं भंते ! किं पुव्विं उववज्जित्ता पच्छा संपाउणेज्जा, पुव्विं संपाउणित्ता पच्छा उववज्जेज्जा ?**

**गोयमा ! पुव्विं वा उववज्जित्ता पच्छा संपाउणेज्जा, पुव्विं वा संपाउणित्ता पच्छा उववज्जेज्जा ।**

**શબ્દાર્થ :– समोहए समोहणित्ता** = સમવહત થઈને, સમુદ્‌ઘાત કરીને, નીકળીને **संपाउणेज्जा** = આહાર પુદ્‌ગલોને ગ્રહણ કરે **उववज्जित्ता** = ઉત્પત્તિ ક્ષેત્રમાં જઈને.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે પૃથ્વીકાયિક જીવ, આ રત્નપ્રભા પૃથ્વીમાં મારણાંતિક સમુદ્‌ઘાત કરીને સૌધર્મ દેવલોકમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવા યોગ્ય છે, તે શું પહેલાં ઉત્પન્ન થાય છે અને પછી આહાર(પુદ્‌ગલ) ગ્રહણ કરે છે કે પહેલાં આહાર ગ્રહણ કરે છે અને પછી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે પહેલાં ઉત્પન્ન થાય છે અને પછી પુદ્‌ગલ ગ્રહણ કરે છે અથવા પહેલાં પુદ્‌ગલ ગ્રહણ કરે છે અને પછી ઉત્પન્ન થાય છે અર્થાત્ બંને પ્રકારે સંભવિત છે.

**૨** **से केणट्ठेणं** *जाव* **पच्छा उववज्जेज्जा ?**

**गोयमा ! पुढविक्काइयाणं तओ समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए । मारणंतियसमुग्घाएणं समोहणमाणे देसेण वा समोहणइ, सव्वेण वा समोहणइ, देसेण वा समोहणमाणे पुव्विं संपाउणित्ता पच्छा उववज्जिज्जा, सव्वेणं समोहणमाणे पुव्विं उववज्जेत्ता पच्छा संपाउणेज्जा; से तेणट्ठेणं** *जाव* **उववज्जेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તે બંને પ્રકારે ઉત્પન્ન થઈ શકે છે અર્થાત્ પહેલાં ઉત્પન્ન થાય છે અને પછી આહાર ગ્રહણ કરે છે અથવા પહેલાં આહાર ગ્રહણ કરે છે અને પછી ઉત્પન્ન થાય છે?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવોને ત્રણ સમુદ્‌ઘાત હોય છે. યથા– વેદના સમુદ્‌ઘાત, કષાય સમુદ્‌ઘાત અને મારણાંતિક સમુદ્‌ઘાત. જ્યારે પૃથ્વીકાયિક જીવો મારણાંતિક સમુદ્‌ઘાત કરે છે અર્થાત્ મૃત્યુ પામે છે ત્યારે તે (૧) દેશ સમુદ્‌ઘાતથી પણ મૃત્યુ પામે છે અને (૨) સર્વ સમુદ્‌ઘાતથી પણ મૃત્યુ પામે છે.

આ બંને પ્રકારમાંથી જ્યારે (૧) દેશ સમુદ્‌ઘાતથી મૃત્યુ પામે છે. ત્યારે પહેલાં આહારના પુદ્‌ગલો ગ્રહણ કરે છે પછી ઉત્પન્ન થાય છે અને (૨) સર્વ સમુદ્‌ઘાતથી મૃત્યુ પામે છે ત્યારે પહેલાં ઉત્પન્ન થાય છે પછી આહારના પુદ્‌ગલો ગ્રહણ કરે છે.

**૩ पुढविकाइए णं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए *जाव* समोहए, समोहणित्ता जे भविए ईसाणे कप्पे पुढविकाइयत्ताए, पुच्छा ?**

**गोयमा ! एवं चेव ईसाणे वि । एवं *जाव* अच्चुय-गेविज्ज विमाणे, अणुत्तर विमाणे; ईसिपब्भाराए य एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે પૃથ્વીકાયિક જીવ, આ રત્નપ્રભા પૃથ્વીમાં મારણાંતિક સમુદ્‌ઘાત કરીને ઈશાન કલ્પમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવા યોગ્ય છે, તે પહેલાં ઉત્પન્ન થાય છે અને પછી આહાર ગ્રહણ કરે છે કે પહેલાં આહાર ગ્રહણ કરીને પછી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સૌધર્મ કલ્પની સમાન ઈશાન દેવલોકમાં પણ સંપૂર્ણ કથન કરવું અને આ જ રીતે અચ્યુત દેવલોક, ગ્રૈવેયક વિમાન, અનુત્તર વિમાન અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના વિષયમાં જાણવું જોઈએ.

**૪ पुढविकाइए णं भंते ! सक्करप्पभाए पुढवीए समोहए समोहणित्ता जे भविए सोहम्मे कप्पे पुढविकाइयत्ताए, पुच्छा ?**

**गोयमा ! एवं जहा रयणप्पभाए पुढविकाइओ उववाइओ एवं सक्करप्पभाए वि पुढविक्काइओ उववाएयव्वो *जाव* ईसिपब्भाराए, एवं जहा रयणप्पभाए वत्तव्वया भणिया, एवं *जाव* अहेसत्तमाए समोहए ईसिपब्भाराए उववाएयव्वो, सेसं तं चेव । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે પૃથ્વીકાયિક જીવ, શર્કરાપ્રભામાં મારણાન્તિક સમુદ્‌ઘાત કરીને સૌધર્મકલ્પમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવા યોગ્ય છે, ઈત્યાદિ પૂર્વવત્ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે રત્નપ્રભાપૃથ્વીના પૃથ્વીકાયિક જીવોની ઉત્પત્તિ કહી, તે જ રીતે શર્કરાપ્રભા નરક પૃથ્વીના પૃથ્વીકાયિક જીવોની પણ ઉત્પત્તિ કહેવી જોઈએ. આ જ રીતે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધી જાણવું જોઈએ. જે રીતે રત્નપ્રભાના પૃથ્વીકાયિક જીવોની વક્તવ્યતા કહી, તે જ રીતે અધઃસપ્તમ પૃથ્વી સુધીમાં મારણાંતિક-સમુદ્‌ઘાતથી સમવહત જીવોની ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધીમાં ઉત્પત્તિ જાણવી જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ઉદ્દેશકમાં એક સ્થાનથી અન્ય સ્થાનમાં ઉત્પન્ન થતાં પૃથ્વીકાયિક જીવોના આહાર ગ્રહણ સંબંધી બે વિકલ્પોનું કથન છે.

**(૧) सव्वेण समोहणइ :–** જીવ પોતાના શરીરને સર્વથા છોડીને, દડાની જેમ એક સાથે સર્વ આત્મપ્રદેશો સાથે ઉત્પત્તિ સ્થાનમાં જાય છે તેને સર્વ સમુદ્‌ઘાત કહે છે. તે જીવ પહેલાં ઉત્પન્ન થાય છે અને પછી આહારના પુદ્‌ગલો ગ્રહણ કરે છે. આ સર્વ સમુદ્‌ઘાત(સમવહત) શબ્દ મૃત્યુ માટે રૂઢ થયેલો શબ્દ પ્રયોગ

છે. આ સર્વ સમુદ્‌ઘાત મારણાંતિક સમુદ્‌ઘાત રૂપ નથી. સમુદ્‌ઘાતમાં તો આત્મ પ્રદેશો મૂળ શરીરમાં રહીને બહાર ફેલાય છે. સર્વ સમુદ્‌ઘાતમાં સર્વ આત્મપ્રદેશો શરીરને છોડી એક સાથે ઉત્પત્તિ સ્થાને પહોંચી જાય છે. મૃત્યુ પામીને સર્વાત્મના ઉત્પત્તિ સ્થાને પહોંચવાની અપેક્ષાએ જ તેને **सव्वेण समोहणइ**– સર્વ સમુદ્‌ઘાત કહેવામાં આવે છે.

આગમમાં તથાપ્રકારના પ્રયોગો જોવા મળે છે. પ્રજ્ઞાપના સૂત્રના સમુદ્‌ઘાત પદમાં કષાય સમુદ્‌ઘાતમાં ચાર કષાયના સમુદ્‌ઘાતના કથન સાથે અકષાય સમુદ્‌ઘાતનું કથન છે. વાસ્તવમાં અકષાયનો સમુદ્‌ઘાત થતો નથી પણ અકષાય સમુદ્‌ઘાત શબ્દ પ્રયોગ છે. કેવળી ભગવાનને ૧૪મા ગુણસ્થાને મારણાંતિક સમુદ્‌ઘાત ન હોય છતાં પણ કેવળી ભગવાનના મૃત્યુ માટે 'મરણ સમુદ્‌ઘાત' એવો શબ્દ પ્રયોગ છે. તે જ રીતે પ્રસ્તુતમાં મૃત્યુ સમયે મારણાંતિક સમુદ્‌ઘાત રહિત સર્વાત્મપ્રદેશોથી નીકળતા જીવો માટે પણ 'સર્વ સમુદ્‌ઘાત' શબ્દનો પ્રયોગ સૂત્રકારે કર્યો છે તેમ સમજવું જોઈએ.

**(२) देसेण समोहणइ :–** મારણાંતિક સમુદ્ઘાતપૂર્વક ઈલિકાગતિથી કેટલાક આત્મપ્રદેશો ઉત્પત્તિસ્થાનમાં પહોંચી જાય તેને **દેશ સમુદ્‌ઘાત** કહે છે. તે અવસ્થામાં કેટલાક આત્મપ્રદેશો મૂળ શરીરમાં હોય છે. તે જીવનું આયુષ્ય પૂર્ણ થતાં અવશેષ આત્મપ્રદેશો વાટે વહેતા વક્રગતિમાં હોય ત્યારે ઈલિકાગતિથી ઉત્પત્તિ સ્થાને પહોંચી ગયેલા આત્મપ્રદેશો તે ભવના આયુષ્યના પ્રથમ સમયે આહારના પુદ્‌ગલો ગ્રહણ કરે છે અને ત્યાર પછી તે જીવ સર્વ આત્મ પ્રદેશોથી બીજા, ત્રીજા આદિ સમયે ઉત્પન્ન થાય છે.

**ઊર્ધ્વલોકસ્થ પૃથ્વીકાયિક જીવોનો મારણાંતિક સમુદ્‌ઘાત :–**

**५ पुढविक्काइए णं भंते ! सोहम्मे कप्पे समोहए, समोहणित्ता जे भविए इमीसे रयणप्पभाए पुढवीए पुढविकाइयत्ताए उववज्जित्तए से णं भंते ! किं पुव्विं, पुच्छा ?**

**गोयमा ! जहा रयणप्पभाए पुढविकाइए सव्वकप्पेसु** *जाव* **ईसिप्पब्भाराए ताव उववाइओ, एवं सोहम्मपुढविकाइओ वि सत्तसु वि पुढवीसु उववाएयव्वो** *जाव* **अहेसत्तमा; एवं जहा सोहम्मपुढविकाइओ सव्वपुढवीसु उववाइओ, एवं** *जाव* **ईसिपब्भारा पुढविकाइओ सव्वपुढवीसु उववाएयव्वो** *जाव* **अहेसत्तमाए ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે પૃથ્વીકાયિક જીવ, સૌધર્મકલ્પમાં મારણાંતિક સમુદ્‌ઘાત કરીને આ રત્નપ્રભા પૃથ્વીમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થાય તે પહેલાં ઉત્પન્ન થાય છે અને પછી આહાર ગ્રહણ કરે છે કે પહેલાં આહાર ગ્રહણ કરે છે અને પછી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે રત્નપ્રભા પૃથ્વીના પૃથ્વીકાયિક જીવોનું સર્વ દેવલોકમાં ***યાવત્*** ઉત્પત્તિ ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીમાં ઉત્પત્તિનું કથન કર્યું તે જ રીતે સૌધર્મ દેવલોકના પૃથ્વીકાયિક જીવોની અધઃસપ્તમ પૃથ્વી પર્યંતની સાતે નરક પૃથ્વીઓમાં ઉત્પત્તિ જાણવી જોઈએ. આ જ રીતે સૌધર્મ દેવલોકના પૃથ્વીકાયિક જીવોની સમાન સર્વ દેવલોકના ***યાવત્*** ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના પૃથ્વીકાયિક જીવોની પણ અધઃસપ્તમ પૃથ્વી સુધી સર્વ પૃથ્વીઓમાં ઉત્પત્તિ જાણવી જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**॥ શતક ૧૭/૬ થી ૭ સંપૂર્ણ ॥**

# શતક–૧૭ : ઉદ્દેશક–૮,૯

## અપ્કાયિક

**અધો લોકસ્થ અપ્કાયિક જીવોના મારણાંતિક સમુદ્ઘાત :–**

**૧ आउक्काइए णं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए समोहए, समोहणित्ता जे भविए सोहम्मे कप्पे आउकाइयत्ताए उववज्जित्तए पुच्छा ?**

**गोयमा ! जहा पुढविकाइओ तहा आउकाइओ वि सव्व कप्पेसु *जाव* ईसिपब्भाराए तहेव उववाएयव्वो । एवं जहा रयणप्पभाआउकाइओ उववाइओ तहा *जाव* अहेसत्तम-पुढवि-आउकाइओ उववाएयव्वो *जाव* ईसिपब्भाराए ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે અપ્કાયિક જીવ, આ રત્નપ્રભા પૃથ્વીમાં મારણાંતિક સમુદ્ઘાત કરીને સૌધર્મ કલ્પમાં અપ્કાયિકપણે ઉત્પન્ન થાય છે, તે પહેલાં ઉત્પન્ન થાય છે અને પછી આહાર કરે છે કે પહેલા આહાર કરે છે અને પછી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે પૃથ્વીકાયિક જીવોના વિષયમાં કહ્યુ, તે જ રીતે અપ્કાયિક જીવોના વિષયમાં પણ સર્વ દેવલોકોમાં ***યાવત્*** ઈષત્પ્રાગ્ભારાપૃથ્વી(સિદ્ધશિલા) સુધી ઉત્પત્તિ કહેવી જોઈએ. રત્નપ્રભાના અપ્કાયિક જીવોની ઉત્પત્તિની સમાન અધઃસપ્તમ પૃથ્વીના અપ્કાયિક જીવોની ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધીમાં ઉત્પત્તિ જાણવી જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે.॥

**ઊર્ધ્વલોકસ્થ અપ્કાયિક જીવોના મારણાન્તિક સમુદ્ઘાત :–**

**૨ आउक्काइए णं भंते ! सोहम्मे कप्पे समोहए, समोहणित्ता जे भविए इमीसे रयणप्पभाए पुढवीए घणोदहिवलएसु आउक्काइयत्ताए उववज्जित्तए, से णं भंते ! पुच्छा?**

**गोयमा ! तं चेव *जाव* अहेसत्तमाए । जहा सोहम्म कप्प आउक्काइओ एवं *जाव* ईसिपब्भाराआउक्काइओ *जाव* अहेसत्तमाए उववाएयव्वो ॥ सेवं भंते ! सेवं भंते! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે અપ્કાયિક જીવ, સૌધર્મ-કલ્પમાં મારણાન્તિક સમુદ્ઘાત કરીને આ રત્નપ્રભા પૃથ્વીના ઘનોદધિ વલયોમાં અપ્કાયિકપણે ઉત્પન્ન થાય છે, તે પહેલાં ઉત્પન્ન થઈને પછી આહાર ગ્રહણ કરે છે કે પહેલાં આહાર ગ્રહણ કરીને પછી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વ કથન પૂર્વવત્ અધઃસપ્તમ પૃથ્વી સુધી જાણવું જોઈએ. જે રીતે સૌધર્મ દેવલોકના અપ્કાયિક જીવોની નરક પૃથ્વીઓમાં ઉત્પત્તિ કહી, તે જ રીતે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધીના અપ્કાયિક જીવોની ઉત્પત્તિના વિષયમાં જાણવું તેમજ અધઃસપ્તમ પૃથ્વી સુધી આ જ પ્રમાણે જાણવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**॥ શતક ૧૭/૮–૯ સંપૂર્ણ ॥**

# શતક-૧૭ : ઉદ્દેશક-૧૦,૧૧

## વાયુકાયિક

**અધોલોકસ્થ વાયુકાયિક જીવોના મારણાન્તિક સમુદ્ઘાત :-**

**૧** **वाउक्काइए णं भंते ! इमीसे रयणप्पभाए** *जाव* **जे भविए सोहम्मे कप्पे वाउक्काइयत्ताए उववज्जित्तए, से णं पुच्छा ?**

**गोयमा ! जहा पुढविकाइओ तहा वाउकाइओ वि, णवरं वाउकाइयाणं चत्तारि समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए** *जाव* **वेउव्वियसमुग्घाए । मारणंतियसमुग्घाए णं समोहणमाणे देसेण वा समोहणइ, सेसं तं चेव** *जाव* **अहेसत्तमाए समोहओ ईसिपब्भाराए उववाएयव्वो ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! જે વાયુકાયિક જીવ, આ રત્નપ્રભા પૃથ્વીમાં મારણાંતિક સમુદ્‌ઘાત કરીને સૌધર્મ દેવલોકમાં વાયુકાયિકપણે ઉત્પન્ન થાય છે, તે સંબંધી પ્રશ્ન કરવો ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવોની સમાન વાયુકાયિક જીવોનું પણ કથન કરવું જોઈએ. વિશેષમાં વાયુકાયિક જીવોમાં ચાર સમુદ્‌ઘાત હોય છે. યથા– વેદના સમુદ્‌ઘાત, કષાય સમુદ્‌ઘાત, મારણાંતિક સમદ્‌ઘાત અને વૈક્રિય સમુદ્‌ઘાત. આ વાયુકાયિક જીવ મારણાન્તિક સમુદ્‌ઘાતથી સમવહત થઈને દેશ સમુદ્‌ઘાત કરે ***યાવત્*** અધઃસપ્તમ સુધીની પૃથ્વીમાં સમુદ્‌ઘાત કરીને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધીના કોઈ પણ સ્થાનમાં વાયુકાયિક જીવો રૂપે ઉત્પન્ન થાય તે સંબંધી સર્વ વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**ઊર્ધ્વ લોકસ્થ વાયુકાયિક જીવોના મારણાન્તિક સમુદ્‌ઘાત :-**

**૨** **वाउक्काइए णं भंते ! सोहम्मे कप्पे समोहए, समोहणित्ता जे भविए इमीसे रयणप्पभाए पुढवीए घणवाए, तणुवाए, घणवायवलएसु, तणुवायवलएसु, वाउक्काइयत्ताए उववज्जित्तए से णं भंते ! पुच्छा ?**

**गोयमा ! तं चेव सव्वं भाणियव्वं । जहा सोहम्मे वाउक्काइओ सत्तसु वि पुढविसु उववाइओ एवं** *जाव* **ईसिप्पब्भाराए वाउक्काइओ** *जाव* **अहेसत्तमाए उववाएयव्वो ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! જે વાયુકાયિક જીવ, સૌધર્મ દેવલોકમાં સમુદ્‌ઘાત કરીને આ રત્નપ્રભા પૃથ્વીના ઘનવાત, તનુવાત, ઘનવાત વલય અને તનુવાત વલયોમાં વાયુકાયિકપણે ઉત્પન્ન થાય છે. તે જીવ

પહેલાં ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે, કે પહેલાં આહાર ગ્રહણ કરીને પછી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વકથન પૂર્વવત્ જાણવું અર્થાત્ ઉદ્દેશક-૭ની જેમ સર્વ કથન કરવું. જે રીતે સૌધર્મ-કલ્પના વાયુકાયિક જીવોનો ઉત્પત્તિ સાતે પૃથ્વીઓમાં કહી, તે રીતે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધીના વાયુકાયિક જીવોની ઉત્પત્તિ અધઃસપ્તમ પૃથ્વી સુધી જાણવી જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## ॥ શતક ૧૭/૧૦ થી ૧૧ સંપૂર્ણ ॥

# શતક-૧૭ : ઉદ્દેશક-૧૨

## એકેન્દ્રિય

**જીવોના આહારાદિની સમ-વિષમતા :–**

**१ एगिंदिया णं भंते ! सव्वे समाहारा, पुच्छा ? गोयमा ! जहा पढमसए बिइयउद्देसए पुढविक्काइयाणं वत्तव्वया भणिया सा चेव एगिंदियाणं इह भाणियव्वा** *जाव* **णो समाउया समोववण्णगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ એકેન્દ્રિય જીવો સમાન આહારવાળા છે ઇત્યાદિ પ્રશ્ન ? **ઉત્તર–** હે ગૌતમ ! શતક-૧/૨ માં પૃથ્વીકાયિક જીવોની વક્તવ્યતાની સમાન અહીં એકેન્દ્રિય જીવોના વિષયમાં પણ જાણવું જોઈએ ***યાવત્*** તે સમાન આયુષ્યવાળા નથી અને એક સાથે ઉત્પન્ન થયા નથી.

**२ एगिंदियाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ? गोयमा ! चत्तारि लेस्साओ पण्णत्ताओ, तं जहा– कण्हलेस्सा** *जाव* **तेउलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિય જીવોને કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચાર લેશ્યાઓ હોય છે. યથા કૃષ્ણલેશ્યા ***યાવત્*** તેજોલેશ્યા.

**३ एएसि णं भंते ! एगिंदियाणं कण्हलेस्साणं** *जाव* **विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा एगिंदियाणं तेउलेस्सा, काउलेस्सा अणंतगुणा, णीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણલેશીથી તેજોલેશી સુધીના એકેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા તેજોલેશી એકેન્દ્રિયો છે. તેનાથી કાપોતલેશી એકેન્દ્રિયો અનંતગુણા, તેનાથી નીલલેશી વિશેષાધિક છે અને તેનાથી કૃષ્ણલેશી વિશેષાધિક છે.

**४ एएसि णं भंते ! एगिंदियाणं कण्हलेस्साणं इड्ढी पुच्छा ? गोयमा ! जहेव दीवकुमाराणं ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ કૃષ્ણલેશી ***યાવત્*** તેજોલેશી એકેન્દ્રિયોમાં કોણ અલ્પ ઋદ્ધિવાન છે અને કોણ મહાઋદ્ધિવાન છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શતક-૧૬/૧૧માં દ્વીપકુમારોમાં લેશ્યા અનુસાર ઋદ્ધિનું કથન કર્યું છે, તદનુસાર અહીં એકેન્દ્રિયોમાં પણ જાણવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે.॥

**॥ શતક ૧૭/૧૨ સંપૂર્ણ ॥**

# શતક–૧૭ : ઉદ્દેશક–૧૩ થી ૧૭

## નાગ, વિદ્યુત, વાયુ, અગ્નિ

**નાગકુમારાદિદેવોના આહારની સમ-વિષમતા :–**

**१** **णागकुमारा णं भंते ! सव्वे समाहारा, पुच्छा ? गोयमा ! जहा सोलसमसए दीवकुमारुद्देसे तहेव णिरवसेसं भाणियव्वं** *जाव* **इड्ढी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ નાગકુમાર દેવો સમાન આહારવાળા છે, ઇત્યાદિ પ્રશ્ન ? **ઉત્તર–** હે ગૌતમ ! શતક-૧૬/૧૧ દ્વીપકુમાર ઉદ્દેશક અનુસાર ૠદ્ધિ પર્યંત જાણવું જોઈએ.

**સુવર્ણકુમાર :–**

**२** **सुवण्णकुमारा णं भंते ! सव्वे समाहारा, पुच्छा ? गोयमा ! एवं चेव जहा नागकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ સુવર્ણકુમાર દેવો સમાન આહારવાળા છે, ઇત્યાદિ પ્રશ્ન ? **ઉત્તર–** હે ગૌતમ ! નાગકુમારોદેવોની જેમ સર્વ કથન કરવું.

**વિદ્યુતકુમાર :–**

**३** **विज्जुकुमारा णं भंते ! सव्वे समाहारा, पुच्छा ? गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ વિદ્યુતકુમાર દેવો સમાન આહારવાળા છે, ઇત્યાદિ પ્રશ્ન ? **ઉત્તર–** હે ગૌતમ ! નાગકુમારદેવોની જેમ સર્વ કથન કરવું.

**વાયુકુમાર :–**

**४** **वायुकुमारा णं भंते ! सव्वे समाहारा, पुच्छा ? गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ વાયુકુમાર દેવો સમાન આહારવાળા છે, ઇત્યાદિ પ્રશ્ન ? **ઉત્તર–** હે ગૌતમ ! નાગકુમારદેવોની જેમ સર્વ કથન કરવું.

**५** **अग्गिकुमारा णं भंते ! सव्वे समाहारा, पुच्छा ? गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ અગ્નિકુમાર દેવો સમાન આહારવાળા છે, ઇત્યાદિ પ્રશ્ન ? **ઉત્તર–** હે ગૌતમ ! નાગકુમારદેવોની જેમ સર્વ કથન કહેવું.

**।। શતક ૧૩ થી ૧૭ સંપૂર્ણ ।।**

**।। શતક–૧૭ સંપૂર્ણ ।।**

# શતક–૧૮

## પરિચય

આ શતકમાં દસ ઉદ્દેશક છે. તેમાં વિવિધ વિષયો સંકલિત છે.

★ **પ્રથમ ઉદ્દેશકમાં** ૧૪ દ્વારોની અપેક્ષાએ પ્રથમ-અપ્રથમ, ચરમ-અચરમનું નિરૂપણ કર્યું છે.

★ **બીજા ઉદ્દેશકમાં** વિશાખા નગરીમાં પ્રભુ મહાવીરની સેવામાં દેવેન્દ્ર શક્રના આગમનનો પ્રસંગ અને શક્રેન્દ્રના પૂર્વભવનું વૃતાન્ત કાર્તિક શેઠ રૂપે વર્ણિત છે.

★ **ત્રીજા ઉદ્દેશકમાં** માકન્દીયપુત્ર અણગારના પ્રશ્નો અને પ્રભુ મહાવીરના ઉત્તરોનું નિરૂપણ છે.

★ **ચોથા ઉદ્દેશકમાં** પ્રાણાતિપાત આદિ ૪૮ બોલ જીવ-અજીવરૂપ દ્રવ્યોમાંથી જીવને પરિભોગ્ય અને અપરિભોગ્ય દ્રવ્યોનું નિરૂપણ છે.

★ **પાંચમા ઉદ્દેશકમાં** એક આવાસમાં ઉત્પન્ન થયેલા બે દેવોની સુંદરતા આદિનું વર્ણન છે તથા એક જ નરકાવાસમાં ઉત્પન્ન બે નારકોની વેદનાની તરતમતાનું કારણ પ્રદર્શિત કર્યું છે.

★ **છઠ્ઠા ઉદ્દેશકમાં** 'ગોળ' આદિ વસ્તુના વર્ણાદિનું નિશ્ચય અને વ્યવહાર દષ્ટિથી નિરૂપણ કર્યું છે. પરમાણુથી સૂક્ષ્મ અનંત પ્રદેશી સ્કંધ સુધીમાં પ્રાપ્ત વર્ણ, ગંધાદિ વિષયક વિકલ્પોની પ્રરૂપણા છે.

★ **સાતમા ઉદ્દેશકમાં** અન્યતીર્થિકોની કેવળી સંબંધી વિપરીત માન્યતાનું નિરાકરણ, ઉપધિ અને પરિગ્રહના પ્રકાર તથા પ્રણિધાન સંબંધી નિરૂપણ છે. ત્યાર પછી મદ્રુક શ્રાવક અને અન્યતીર્થિકોનો પંચાસ્તિકાય વિષયક વાર્તાલાપ છે.

★ **આઠમા ઉદ્દેશકમાં** ભાવિતાત્મા અણગારને લાગતી ક્રિયાનું નિરૂપણ અને અન્યતીર્થિકોના આક્ષેપોનું સમાધાન છે.

★ **નવમા ઉદ્દેશકમાં** નૈરયિકથી વૈમાનિક સુધીના જીવોમાં ભવી દ્રવ્યત્વ અને તેની સ્થિતિનું નિરૂપણ છે.

★ **દસમા ઉદ્દેશકમાં** ભાવિતાત્મા અણગારનું વૈક્રિયલબ્ધિ સામર્થ્ય, પરમાણુ અને સ્કંધની વાયુકાય સાથે સ્પર્શના, નરક પૃથ્વી વગેરે ક્ષેત્રોની નીચે પુદ્‍ગલ દ્રવ્યોની અન્યોન્ય સંબદ્ધતા તેમજ 'સોમિલ' બ્રાહ્મણના પ્રશ્નોનું સમાધાન વગેરે વિષયોનું નિરૂપણ છે.

❖❖❖❖❖

# શતક–૧૮ : ઉદ્દેશક–૧

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં ચૌદ દ્વારના માધ્યમથી જીવોમાં પ્રથમ-અપ્રથમ અને ચરમ-અચરમભાવની વિસ્તૃત પ્રરૂપણા છે.

★ જે ભાવ જે જીવને પ્રથમવાર પ્રાપ્ત થતો હોય તે જીવને તેની અપેક્ષાએ **પ્રથમ** કહે છે. જેમ કે– સિદ્ધત્વ ભાવ.

★ જે ભાવ અનાદિકાલીન હોય તેને **અપ્રથમ** કહે છે. જેમ કે– જીવનું જીવત્વ.

★ જે ભાવ કેટલાક જીવને પ્રથમવાર અને કેટલાક જીવને બીજી-ત્રીજીવાર પ્રાપ્ત થતો હોય તેને કદાચિત્ પ્રથમ કદાચિત્ અપ્રથમ કહે છે. જેમ કે– સિદ્ધના જીવને અનાહારક ભાવ પહેલીવાર પ્રાપ્ત થાય, તેની અપેક્ષાએ પ્રથમ અને સંસારી જીવોની વિગ્રહગતિમાં અનાહારકભાવ અનેક વાર પ્રાપ્ત થાય છે તેની અપેક્ષાએ અપ્રથમ છે. તેથી સમુચ્ચય જીવમાં અનાહારકપણું **કદાચિત્ પ્રથમ કદાચિત્ અપ્રથમ** કહેવાય છે.

★ જે ભાવનો અંત થવાનો છે, જે ભાવ ફરી કયારે ય આવવાનો નથી તેને **ચરમ** કહે છે. જેમ કે– તદ્ભવ મોક્ષગામી જીવો માટે અજ્ઞાનભાવ, કષાયભાવ, વેદભાવ વગેરે ચરમ છે.

★ જે ભાવનો અંત થવાનો ન હોય, નિરંતર રહેવાનો જ હોય કે ફરી આવવાનો હોય તેને **અચરમ** કહે છે. જેમ કે જીવનું જીવત્વ સિદ્ધનું જ્ઞાન વગેરે અચરમ છે.

★ જે ભાવ કેટલાક જીવોની અપેક્ષાએ ચરમ અને કેટલાક જીવોની અપેક્ષાએ અચરમ હોય તે કદાચિત્ ચરમ કદાચિત્ અચરમ છે. જેમ કે– નરકમાં રહેલા કોઈ જીવનો નરકભવ અંતિમ હોય તો તે ચરમ અને કોઈ જીવને હજી નરકના ભવ શેષ રહ્યા હોય તો તે અચરમ છે. આ રીતે ૨૪ દંડકના જીવો **કદાચિત્ ચરમ, કદાચિત્ અચરમ** હોય છે તેમજ આહારક, અનાહરકભાવ ૨૪ દંડકમાં અને ૬ લેશ્યા ૨૪ દંડકમાં, વગેરે ભાવો કદાચિત્ ચરમ અને કદાચિત્ અચરમ હોય છે. આ ચરમ-અચરમ આદિ ભાવોનું સંકલન આગળ કોષ્ટકમાં કર્યું છે.

❖❖❖❖❖

# શતક–૧૮ : ઉદ્દેશક–૧

## પ્રથમ–અપ્રથમ

**ઉદ્દેશકોનાં નામ :–**

**૧** **पढमे विसाह मायंदिए य, पाणाइवाय असुरे य ।**
**गुल केवलि अणगारे, भविए तह सोमिलट्ठारसे ॥**

**ભાવાર્થ :–** આ ૧૮ મા શતકમાં દશ ઉદ્દેશક છે. તેના નામ આ પ્રમાણે છે– (૧) પ્રથમ-અપ્રથમ (૨) વિશાખા (૩) માકન્દીય (૪) પ્રાણાતિપાત (૫) અસુર (૬) ગોળ (૭) કેવળી (૮) અણગાર (૯) ભવિક (૧૦) સોમિલ

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં મુખ્ય અથવા આદ્ય વિષયના આધારે પ્રત્યેક ઉદ્દેશકનું નામકરણ થયું છે.

(૧) **पढमे :–** જીવ વગેરેમાં પ્રથમ-અપ્રથમ સંબંધી નિરૂપણ પ્રારંભમાં હોવાથી પ્રથમ ઉદ્દેશકનું નામ 'પ્રથમ' છે.

(૨) **विसाह :–** પ્રારંભમાં વિશાખા નગરીમાં પ્રભુ મહાવીરના પદાર્પણનું પ્રતિપાદન હોવાથી બીજા ઉદ્દેશકનું નામ 'વિશાખા' છે.

(૩) **मायंदिए :–** માકન્દીય પુત્ર અણગારના પ્રશ્નો હોવાથી ત્રીજા ઉદ્દેશકનું નામ 'માકંદીય' છે.

(૪) **पाणाइवाय :–** પ્રાણાતિપાત સંબંધી પ્રશ્નોત્તર તેનો મુખ્ય વિષય હોવાથી ચોથા ઉદ્દેશકનું નામ 'પ્રાણાતિપાત' છે.

(૫) **असुरे :–** એક આવાસમાં ઉત્પન્ન થયેલા બે અસુરકુમાર દેવોની તરતમતા વિષયક પ્રથમ પ્રશ્ન હોવાથી પાંચમા ઉદ્દેશકનું નામ 'અસુર' છે.

(૬) **गुल :–** ગોળ આદિ વસ્તુના વર્ણાદિનું કથન હોવાથી છટ્ઠા ઉદ્દેશકનું નામ 'ગોળ' છે.

(૭) **केवलि :–** પ્રારંભમાં કેવળી સંબંધી અન્યતીર્થિકોની માન્યતાનું નિરાકરણ હોવાથી સાતમા ઉદ્દેશકનું નામ કેવળી છે.

(૮) **अणगारे :–** ભાવિતાત્મા અણગારને લાગતી ક્રિયાનું નિરૂપણ હોવાથી આઠમા ઉદ્દેશકનું નામ 'અણગાર' છે.

(૯) **भविए :–** ૨૪ દંડકવર્તી જીવોમાં ભવિક(ભવિષ્ય ભાવની અપેક્ષા) દ્રવ્ય નારકત્વ આદિનું કથન

હોવાથી નવમા ઉદ્દેશકનું નામ 'ભવિક' છે.

(૧૦) **सोमिल :–** સોમિલ બ્રાહ્મણનું જીવન મુખ્ય વિષય હોવાથી દશમા ઉદ્દેશકનું નામ 'સોમિલ' છે.

**(૧) જીવદ્વાર : પ્રથમ-અપ્રથમત્વ :–**

**२ तेणं कालेणं तेणं समएणं रायगिहे *जाव* एवं वयासी– जीवे णं भंते ! जीवभावेणं किं पढमे अपढमे ? गोयमा ! णो पढमे, अपढमे । एवं णेरइए *जाव* वेमाणिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** તે કાલે, તે સમયે રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્! જીવ, જીવભાવની(જીવત્વની) અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ, જીવભાવની અપેક્ષાએ પ્રથમ નથી, અપ્રથમ છે. આ રીતે નૈરયિકથી વૈમાનિક સુધી જાણવું જોઈએ અર્થાત્ તે પ્રથમ નથી, અપ્રથમ છે.

**३ सिद्धे णं भंते ! सिद्धभावेणं किं पढमे अपढमे ? गोयमा ! पढमे, णो अपढमे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સિદ્ધ જીવ, સિદ્ધત્વની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ ? **ઉત્તર–** હે ગૌતમ ! પ્રથમ છે, અપ્રથમ નથી.

**४ जीवा णं भंते ! जीवभावेणं किं पढमा अपढमा ? गोयमा ! णो पढमा, अपढमा । एवं *जाव* वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ જીવો, જીવભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ ? **ઉત્તર–** હે ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે. આ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ.

**५ सिद्धा णं भंते ! पुच्छा ? गोयमा ! पढमा, णो अपढमा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ સિદ્ધ જીવો, સિદ્ધ ભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ ? **ઉત્તર–** હે ગૌતમ ! તે પ્રથમ છે, અપ્રથમ નથી.

**વિવેચન :–**

આ સૂત્રોમાં પ્રથમ જીવ દ્વારનું નિરૂપણ છે. ટીકામાં ૧૪ દ્વારોની સંગ્રહગાથા આ પ્રમાણે છે.–

**जीवाहारग भव सण्णी, लेस्सा दिट्ठी य संजय कसाए ।**
**णाणे जोगुवओगे, वेए य सरीर पज्जत्ती ॥**

**અર્થ :–** (૧) જીવ (૨) આહારક (૩) ભવસિદ્ધિક (૪) સંજ્ઞી (૫) લેશ્યા (૬) દષ્ટિ (૭) સંયત (૮) કષાય (૯) જ્ઞાન (૧૦) યોગ (૧૧) ઉપયોગ (૧૨) વેદ (૧૩) શરીર (૧૪) પર્યાપ્તિ દ્વાર. પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય એક જીવ અને અનેકજીવો, ચોવીસ દંડકના એક અને અનેક જીવો; એક સિદ્ધ જીવ અને અનેક સિદ્ધજીવોના વિષયમાં પ્રથમત્વ-અપ્રથમત્વનું નિરૂપણ કર્યું છે.

પ્રસ્તુત પ્રથમ જીવ દ્વારમાં સામાન્ય જીવ, ૨૪ દંડક અને સિદ્ધના એક વચન તથા બહુવચનમાં પ્રથમત્વ અપ્રથમત્વની વિચારણા કરી છે. તેમાં સામાન્ય જીવો અને ૨૪ દંડકના જીવો **અપ્રથમ** છે, કારણ કે તેઓને જીવપણું અને દંડક અવસ્થા પહેલીવાર પ્રાપ્ત થયા નથી, અનાદિકાલીન છે. સિદ્ધત્વ દરેક જીવને

પહેલી વાર જ પ્રાપ્ત થાય છે, માટે સર્વ સિદ્ધ જીવ **પ્રથમ** છે.

**(૨) આહારકદ્વાર :-**

**૬ आहारए णं भंते ! जीवे आहारभावेणं किं पढमे अपढमे ? गोयमा ! णो पढमे, अपढमे। एवं *जाव* वेमाणिए । पोहत्तिए एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આહારક જીવ, આહારક ભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ ? **ઉત્તર–** હે ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે, આ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ. બહુવચનમાં પણ આ જ પ્રકારે છે.

**૭ अणाहारए णं भंते ! जीवे अणाहारभावेणं पुच्छा । गोयमा ! सिय पढमे, सिय अपढमे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનાહારક જીવ, અનાહારક ભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ? **ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ પ્રથમ અને કદાચિત્ અપ્રથમ હોય છે.

**૮ णेरइए णं भंते ! पुच्छा ? गोयमा ! णो पढमे, अपढमे । एवं *जाव* वेमाणिए । सिद्धे पढमे णो अपढमे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ અનાહારક ભાવથી પ્રથમ છે કે અપ્રથમ ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે. આ રીતે ***યાવત્*** વૈમાનિક સુધી જાણવું જોઈએ. સિદ્ધ જીવ અનાહારક ભાવથી પ્રથમ છે, અપ્રથમ નથી.

**૯ अणाहारगा णं भंते ! जीवा अणाहारभावेणं पुच्छा ।**

**गोयमा ! पढमा वि अपढमा वि । णेरइया *जाव* वेमाणिया णो पढमा, अपढमा । सिद्धा पढमा, णो अपढमा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનાહારક જીવો, અનાહારક ભાવથી પ્રથમ છે કે અપ્રથમ ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે પ્રથમ પણ છે અને અપ્રથમ પણ છે. નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધી ૨૪ દંડકમાં સર્વ જીવો પ્રથમ નથી, અપ્રથમ છે. સર્વ સિદ્ધો પ્રથમ છે અપ્રથમ નથી.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં આહારક-અનાહારકની અપેક્ષાએ વિચારણા કરી છે.

**આહારક ભાવ :–** જીવમાં આહારકભાવ અનાદિકાલથી છે. તેથી તે અપ્રથમ છે. તે જ રીતે ૨૪ દંડકના જીવો પણ આહારક ભાવથી અપ્રથમ છે. સિદ્ધના જીવોમાં આહારક ભાવ નથી. તેથી આહારકમાં તેનું કથન નથી.

**અનાહારક ભાવ :–** સિદ્ધનો જીવ જ્યારે સિદ્ધગતિને પ્રાપ્ત કરે ત્યારે સિદ્ધત્વ ભાવનો પ્રારંભ થાય છે. તેથી તેમાં પ્રાપ્ત થતા સર્વ ભાવો પ્રથમ કહેવાય છે. તેથી સિદ્ધનો જીવ અનાહારક ભાવથી પ્રથમ છે. સંસારી જીવો વિગ્રહગતિમાં અનાહારક ભાવને પ્રાપ્ત કરે છે. તેમ છતાં અનાદિકાલથી થતાં ભવભ્રમણમાં જીવે વિગ્રહગતિની અપેક્ષાએ અનંતવાર અનાહારકપણું પ્રાપ્ત કર્યું છે. તેથી ૨૪ દંડકના જીવોમાં અનાહારક ભાવ અપ્રથમ છે.

**सिय पढमे सिय अपढमे :–** જે ભાવ કેટલાક જીવોની અપેક્ષાએ પ્રથમવાર અને કેટલાક જીવોની અપેક્ષાએ અનેક વાર પ્રાપ્ત થયો હોય તેને કદાચિત્ પ્રથમ–કદાચિત્ અપ્રથમ કહે છે.

સમુચ્ચય જીવમાં અનાહારક ભાવ કદાચિત્ પ્રથમ, કદાચિત્ અપ્રથમ છે. કારણ કે સમુચ્ચય જીવમાં સિદ્ધના જીવો અને ૨૪ દંડકના જીવો આ બંનેનો સમાવેશ થાય છે. તેમાં સિદ્ધોની અપેક્ષાએ અનાહારક ભાવ પ્રથમ હોય છે અને ૨૪ દંડકના જીવોની અપેક્ષાએ અનાહારક ભાવ અપ્રથમ હોય છે. સમુચ્ચય અનેક જીવોની પૃચ્છામાં સિદ્ધોની અપેક્ષાએ ઘણા જીવો પ્રથમ છે અને સંસારી જીવોની અપેક્ષાએ ઘણા જીવો અપ્રથમ છે. તેથી તેને માટે સૂત્રમાં **पढमा वि, अपढमा वि** આ પ્રકારે કથન છે. આ જ રીતે સર્વ દ્વારોમાં **सिय पढम, सिय अपढम** તથા **पढमा वि अपढमा वि** નું તાત્પર્ય સમજવું.

**(૩) ભવસિદ્ધિક દ્વાર :–**

**૧૦ भवसिद्धीए एगत्तपुहुत्तेणं जहा आहारए, एवं अभवसिद्धीए वि । णोभवसिद्धीय-णोअभवसिद्धीए णं भंते ! जीवे पुच्छा ? गोयमा ! पढमे, णो अपढमे ।**

**णोभवसिद्धीय-णोअभवसिद्धीएणं भंते ! सिद्धे पुच्छा ? गोयमा ! जहा जीवे तहा सिद्धे वि । एवं पुहुत्तेणं वि जीवे, सिद्धे दोण्ह वि भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ભવસિદ્ધિક એક કે અનેક જીવ, ભવસિદ્ધિકપણાથી પ્રથમ નથી અપ્રથમ છે, ઈત્યાદિ વક્તવ્યતા આહારક જીવની સમાન કહેવી જોઈએ. આ જ રીતે અભવસિદ્ધિકનું કથન કરવું.

**પ્રશ્ન–** હે ભગવન્ ! નોભવસિદ્ધિક, નોઅભવસિદ્ધિક સમુચ્ચય જીવ, નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક ભાવથી શું પ્રથમ છે કે અપ્રથમ ? **ઉત્તર–** હે ગૌતમ ! પ્રથમ છે. અપ્રથમ નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! નોભવસિદ્ધિક, નોઅભવસિદ્ધિક સિદ્ધ જીવ, નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક ભાવથી શું પ્રથમ છે કે અપ્રથમ ?

**ઉત્તર–** હે ગૌતમ ! સમુચ્ચયજીવની જેમ સિદ્ધનું કથન પણ કરવું અર્થાત્ તે પ્રથમ છે, અપ્રથમ નથી અને આ જ રીતે જીવ અને સિદ્ધ બંનેનું બહુવચન સંબંધી કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ત્રીજા ભવસિદ્ધિક દ્વારના વર્ણનમાં (૧) ભવી (૨) અભવી (૩) નોભવી નોઅભવી સંબંધી નિરૂપણ છે.

ભવસિદ્ધિક અને અભવસિદ્ધિકપણું અનાદિકાલીન પરિણામિક ભાવ છે. તેથી ૨૪ દંડકના જીવોમાં તે ભાવ અપ્રથમ હોય છે અને નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિકપણું સિદ્ધના જીવોનો પારિણામિક ભાવ છે. તે ભાવની પ્રાપ્તિ સિદ્ધ થાય ત્યારે પ્રથમવાર અને એકજ વાર પ્રાપ્ત થાય છે. તેથી સમુચ્ચય જીવો અને સિદ્ધોમાં તે ભાવને **પ્રથમ** જ કહ્યો છે.

**(૪) સંજ્ઞી દ્વાર :–**

**૧૧ सण्णी णं भंते ! जीवे सण्णीभावेणं किं पढमे, पुच्छा ?**

**गोयमा ! णो पढमे, अपढमे । एवं विगलिंदियवज्जं *जाव* वेमाणिए । एवं पुहुत्तेणं**

**वि । असण्णी एवं चेव एगत्तपुहुत्तेणं, णवरं *जाव* वाणमंतरा । णोसण्णी णोअसण्णी जीवे, मणुस्से, सिद्धे पढमे, णो अपढमे । एवं पुहुत्तेण वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંજ્ઞી જીવ સંજ્ઞી ભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે. આ રીતે વિકલેન્દ્રિય(એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય)ને છોડીને વૈમાનિક સુધી જાણવું જોઈએ. આ જ રીતે બહુવચન સંબંધી વક્તવ્યતા પણ જાણવી જોઈએ. અસંજ્ઞી જીવોના વિષયમાં પણ એકવચન અને બહુવચનમાં આ જ રીતે(અપ્રથમ છે) જાણવું જોઈએ. વિશેષતા એ છે કે અસંજ્ઞીનું કથન વાણવ્યંતર સુધી જાણવું જોઈએ.

નોસંજ્ઞી-નોઅસંજ્ઞી જીવ, મનુષ્ય અને સિદ્ધ, હોય છે. તે નોસંજ્ઞી-નોઅસંજ્ઞી ભાવની અપેક્ષાએ પ્રથમ છે, અપ્રથમ નથી. આ રીતે બહુવચન સંબંધી પ્રશ્નોત્તર પણ જાણવા જોઈએ.

**વિવેચન :–**

**સંજ્ઞી-અપ્રથમ :–** સંજ્ઞી જીવ, સંજ્ઞી ભાવથી અપ્રથમ છે. કારણ કે જીવને સંજ્ઞીપણું અનંતવાર પ્રાપ્ત થયું છે. નારકો, દેવો, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય તે ૧૬ દંડકના જીવો સંજ્ઞી હોય છે. શેષ જીવો સંજ્ઞી હોતા નથી.

**અસંજ્ઞી-અપ્રથમ :–** અસંજ્ઞી જીવ પણ અસંજ્ઞી ભાવથી અપ્રથમ છે. કારણ કે જીવે અસંજ્ઞીપણું પણ અનંતવાર પ્રાપ્ત કર્યું છે. પાંચ સ્થાવર ત્રણવિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્યો અસંજ્ઞી છે. તે સિવાય અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને પ્રથમ નરકમાં, ભવનપતિમાં અને વ્યંતરમાં ઉત્પન્ન થાય છે અને તે અપર્યાપ્તાવસ્થામાં અસંજ્ઞી કહેવાય છે. તેથી અસંજ્ઞી જીવોમાં ભવનપતિ આદિ જીવોની ગણના કરી છે. આ રીતે જ્યોતિષી વૈમાનિકને છોડી ૨૨ દંડકના જીવોમાં અસંજ્ઞીનું કથન છે.

**નોસંજ્ઞી નોઅસંજ્ઞી પ્રથમ :–** કેવળી અવસ્થામાં જીવ નોસંજ્ઞી નોઅસંજ્ઞી કહેવાય છે, તેઓને તે ભાવની પ્રાપ્તિ પ્રથમવાર જ થાય છે, તેથી સમુચ્ચય જીવ, મનુષ્ય અને સિદ્ધના જીવ નોસંજ્ઞી નોઅસંજ્ઞી ભાવથી પ્રથમ છે.

**(૫) લેશ્યા દ્વાર :–**

**૧૨ सलेसे णं भंते ! पुच्छा ?**

**गोयमा ! जहा आहारए, एवं पुहुत्तेणं वि । कण्हलेस्सा *जाव* सुक्कलेस्सा एवं चेव, णवरं जस्स जा लेसा अत्थि । अलेसे णं जीव, मणुस्स, सिद्धे जहा णोसण्णी-णोअसण्णी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સલેશી જીવ, સલેશીભાવથી પ્રથમ છે કે અપ્રથમ ?

**ઉત્તર–** હે ગૌતમ ! આહારક જીવની સમાન સલેશી જીવ પણ અપ્રથમ છે. બહુવચનમાં પણ આ જ પ્રકારે છે. કૃષ્ણલેશ્યાથી શુક્લલેશ્યા સુધીના વિષયમાં પણ આ જ પ્રકારે જાણવું જોઈએ. વિશેષતા એ છે કે જે દંડકમાં જે લેશ્યા હોય, તેનું જ કથન કરવું જોઈએ. અલેશીમાં જીવ, મનુષ્ય અને સિદ્ધનું કથન નોસંજ્ઞી-નોઅસંજ્ઞીની જેમ જાણવું જોઈએ.

**વિવેચન :–**

**સલેશી-અપ્રથમ :–** સંસારી જીવ અનાદિકાલથી સલેશી છે. તેથી તે અપ્રથમ છે. ૨૪ દંડકના જીવોમાં જે જીવોને જે લેશ્યા હોય, તે પ્રમાણે કથન કરવું. પ્રત્યેક લેશ્યા પણ પ્રત્યેક જીવે અનંતવાર પ્રાપ્ત કરી હોવાથી સર્વ દંડકોમાં તે અપ્રથમ છે.

**અલેશી-પ્રથમ :–** અયોગી કેવળી અને સિદ્ધના જીવ અલેશી છે, તે ભાવ પ્રથમવાર જ પ્રાપ્ત થતો હોવાથી પ્રથમ છે. અલેશી ભાવ જીવ, મનુષ્ય અને સિદ્ધમાં જ હોય છે તેથી તેની જ પૃચ્છા કરી છે.

**(૬) દૃષ્ટિ દ્વાર :–**

**१३ सम्मदिट्ठीए णं भंते ! जीवे सम्मदिट्ठिभावेणं किं पढमे, पुच्छा ?**

**गोयमा ! सिय पढमे, सिय अपढमे । एवं एगिंदियवज्जं** *जाव* **वेमाणिए । सिद्धे पढमे, णो अपढमे । पुहुत्तिया जीवा पढमा वि अपढमा वि, एवं** *जाव* **वेमाणिया । सिद्धा पढमा, णो अपढमा ।**

**मिच्छादिट्ठीए एगत्तपुहुत्तेणं जहा आहारगा । सम्मामिच्छादिट्ठी एगत्तपुहुत्तेणं जहा सम्मदिट्ठी, णवरं जस्स अत्थि सम्मामिच्छत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સમ્યગ્દૃષ્ટિ જીવ, સમ્યગ્દૃષ્ટિ ભાવની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ?

**ઉત્તર–** હે ગૌતમ ! સમ્યગ્દૃષ્ટિ જીવ કદાચિત્ પ્રથમ પણ હોય છે અને કદાચિત્ અપ્રથમ પણ હોય છે. આ રીતે એકેન્દ્રિયો સિવાય વૈમાનિક સુધી સર્વ દંડકોમાં જાણવું જોઈએ. સિદ્ધના જીવ સમ્યગ્દૃષ્ટિ ભાવની અપેક્ષાએ પ્રથમ છે, અપ્રથમ નથી. બહુવચનની અપેક્ષાએ જીવો પ્રથમ પણ છે અને અપ્રથમ પણ છે. આ રીતે એકેન્દ્રિયો સિવાય વૈમાનિક સુધી જાણવું જોઈએ. સર્વ સિદ્ધ પ્રથમ છે, અપ્રથમ નથી.

મિથ્યાદૃષ્ટિ ભાવની અપેક્ષાએ એકવચન અને બહુવચન સંબંધી સંપૂર્ણ કથન આહારક ભાવની સમાન છે. સમ્યગ્મિથ્યા(મિશ્ર) દૃષ્ટિભાવની અપેક્ષાએ એકવચન અને બહુવચનથી સર્વ કથન સમ્યગ્દૃષ્ટિની સમાન છે. જે જીવોને મિશ્ર દૃષ્ટિ હોય, તેનું જ કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

**સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રથમ-અપ્રથમ :–** કોઈ પણ સમ્યગ્દૃષ્ટિ જીવ, જ્યારે અનાદિ સંસાર પરિભ્રમણ કરતાં પહેલીવાર સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે, ત્યારે તે પ્રથમ છે અને સમ્યગ્દર્શનથી પતિત થઈને બીજી, ત્રીજીવાર સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે ત્યારે તે અપ્રથમ છે. સંસારમાં અને પ્રત્યેક દંડકમાં સમ્યગ્દૃષ્ટિ જીવો અસંખ્ય હોય છે. તેમાં પ્રથમવાર સમકિત પ્રાપ્ત કરનાર જીવ પણ હોય છે અને અનેક વાર સમકિત પ્રાપ્ત કરનારા જીવ પણ હોય છે. તેથી તેના એકવચનમાં **सिय पढमे, सिय अपढमे** આ રીતે કથન છે અને બહુવચનની અપેક્ષાએ સમુચ્ચય જીવોમાં ઘણા જીવોને પ્રથમ વાર સમ્યગ્ દર્શન પ્રાપ્ત થયું હોય અને ઘણા જીવોને અનેક વાર સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું હોય, તેથી તેના માટે **पढमा वि अपढमा वि** આ પ્રકારે કથન છે. એકેન્દ્રિયોને સમ્યગ્દર્શન નથી. તેથી સમ્યગ્દર્શન વિષયક કથન એકેન્દ્રિયોને છોડીને શેષ દંડકોમાં જ હોય છે.

**મિથ્યાદૃષ્ટિ જીવ અપ્રથમ :–** મિથ્યાદર્શન અનાદિ છે. તેથી મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાદૃષ્ટિ ભાવની અપેક્ષાએ

અપ્રથમ છે. ૨૪ દંડકમાં મિથ્યાત્વી જીવો હોય છે. તેમાં મિથ્યાત્વ ભાવ અપ્રથમ છે.

**મિશ્રદષ્ટિ જીવ પ્રથમ-અપ્રથમ :–** જે જીવ પહેલીવાર મિશ્ર દષ્ટિ પ્રાપ્ત કરે છે તેની અપેક્ષાએ પ્રથમ અને જે જીવ મિશ્રદષ્ટિથી ચ્યુત થઈને બીજી, ત્રીજીવાર પુનઃ મિશ્રદષ્ટિ પ્રાપ્ત કરે તેની અપેક્ષાએ અપ્રથમ છે. પંચેન્દ્રિય જીવોમાં જ મિશ્રદષ્ટિ હોય છે. તેથી પાંચ એકેન્દ્રિય અને ત્રણ વિકલેન્દ્રિયોના, તે આઠ દંડક છોડી શેષ ૧૬ દંડકોમાં જ મિશ્ર દષ્ટિ હોય છે.

**(૭) સંયત દ્વાર :–**

**૧૪ संजए जीवे मणुस्से य एगत्तपुहुत्तेणं जहा सम्मदिट्ठी, असंजए जहा आहारए, संजयासंजए जीवे पंचिंदियतिरिक्खजोणियमणुस्सा एगत्तपुहुत्तेणं जहा सम्मदिट्ठी णोसंजए णोअसंजए णोसंजयासंजए जीवे सिद्धे य एगत्तपुहुत्तेणं पढमे, णो अपढमे ।**

**ભાવાર્થ :–** સંયત જીવ અને મનુષ્યનું કથન એકવચન અને બહુવચનની અપેક્ષાએ સમ્યગ્દષ્ટિ જીવની વક્તવ્યતાની સમાન જાણવું જોઈએ. અસંયતનું કથન આહારક જીવની સમાન જાણવું જોઈએ. સંયતાસંયત ભાવ જીવ, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય, આ ત્રણે પદોમાં એકવચન અને બહુવચનની અપેક્ષાએ સમ્યગ્દષ્ટિની સમાન કદાચિત્ પ્રથમ અને કદાચિત્ અપ્રથમ હોય છે. નોસંયત, નોઅસંયત, નોસંયતાસંયત ભાવ જીવ અને સિદ્ધમાં એકવચન અને બહુવચનથી પ્રથમ છે, અપ્રથમ નથી.

**વિવેચન :–**

**સંયત જીવ પ્રથમ-અપ્રથમ :–** સંયમ ભાવમાં સમુચ્ચય જીવ અને મનુષ્યનો જ સમાવેશ થાય છે. સમ્યગ્દષ્ટિ ભાવની જેમ સંયમભાવ પણ જે જીવ પહેલીવાર પ્રાપ્ત કરે તે અપેક્ષાએ **પ્રથમ** અને સંયમભાવથી પતિત થઈને અથવા અનેકવાર મનુષ્ય જન્મમાં પુનઃપુનઃ પ્રાપ્ત થાય તે અપેક્ષાએ **અપ્રથમ** છે.

**અસંયત જીવ-અપ્રથમ :–** અસંયમભાવ અનાદિ છે. તેથી એકવચન અને બહુવચનની અપેક્ષાએ આહારકની સમાન અપ્રથમ છે.

**સંયતા-સંયત જીવ પ્રથમ-અપ્રથમ :–** જીવ, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યમાં જ સંયતાસંયતપણું હોય છે. તે પહેલીવાર પ્રાપ્ત કરે તે અપેક્ષાએ **પ્રથમ** અને તે ભાવથી પતિત થઈને પુનઃ બીજી, ત્રીજીવાર પ્રાપ્ત કરે તે અપેક્ષાએ **અપ્રથમ** છે.

**નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત સિદ્ધ પ્રથમ :–** જીવ અને સિદ્ધને જ આ ભાવ હોય છે. આ ભાવ એક જ વાર આવે છે, તેથી તે પ્રથમ છે.

**(૮) કષાય દ્વાર :–**

**૧૫ सकसायी कोहकसायी *जाव* लोभकसायी एए एगत्तपुहुत्तेणं जहा आहारए । अकसायी जीवे सिय पढमे सिय अपढमे, एवं मणुस्से वि । सिद्धे पढमे, णो अपढमे; पुहुत्तेणं जीवा, मणुस्सा पढमा वि अपढमा वि । सिद्धा पढमा, णो अपढमा ।**

**ભાવાર્થ :–** સકષાયી, ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી અને લોભકષાયી, આ સર્વ એકવચન અને બહુવચનથી આહારક જીવની સમાન છે. અકષાયી જીવ કદાચિત્ પ્રથમ અને કદાચિત્ અપ્રથમ હોય છે.

આ રીતે અકષાયી મનુષ્ય પણ જાણવા જોઈએ. સિદ્ધ પ્રથમ છે, અપ્રથમ નથી, બહુવચનથી અકષાયી જીવ અને મનુષ્ય પ્રથમ પણ હોય છે અને અપ્રથમ પણ હોય છે. સિદ્ધ જીવ બહુવચનથી પ્રથમ છે, અપ્રથમ નથી.

**વિવેચન :–**

**સકષાયીજીવ-અપ્રથમ–** પ્રત્યેક જીવ આનાદિ કાલથી સકષાયી હોય છે, તેથી તે અપ્રથમ છે. ક્રોધાદિ ચાર કષાય પણ અનાદિથી હોય છે, તેથી અપ્રથમ છે.

**અકષાયી જીવ પ્રથમ-અપ્રથમ :–** અકષાયીપણું જીવપદમાં, મનુષ્યપદમાં અને સિદ્ધમાં હોય છે. એક કે અનેક જીવ યથાખ્યાત ચારિત્ર– ઉપશાંત કષાય ભાવને જ્યારે પહેલીવાર પ્રાપ્ત થાય તેની અપેક્ષાએ પ્રથમ અને તે ચારિત્રથી પતિત થઈને, ભવ-ભવાંતરમાં જ્યારે પુનઃ યથાખ્યાત ચારિત્ર અને ઉપશાંત કષાય ભાવને પ્રાપ્ત થાય તેની અપેક્ષાએ અકષાયીપણું અપ્રથમ છે. ક્ષીણ કષાયભાવ એક જ વાર પ્રાપ્ત થાય છે. તેની અપેક્ષાએ તે પ્રથમ છે. તે ભાવથી જીવ પતિત થતો નથી. કારણ કે તે જીવ તે જ ભવમાં મોક્ષમાં જાય છે. અકષાયી સિદ્ધ એક કે અનેક હોય તે પ્રથમ છે, કારણ કે સિદ્ધને અકષાયભાવ એક જ વાર પ્રાપ્ત થાય છે.

**(૯) જ્ઞાન દ્વાર :–**

**૧૬ णाणी एगत्तपुहुत्तेणं जहा सम्मदिट्ठी । आभिणिबोहियणाणी *जाव* मणपज्जवणाणी एगत्तपुहुत्तेणं एवं चेव, णवरं जस्स जं अत्थि । केवलणाणी जीवे मणुस्से सिद्धे य एगत्तपुहुत्तेणं पढमा, णो अपढमा । अण्णाणी, मइअण्णाणी, सुयअण्णाणी, विभंगणाणी एगत्तपुहुत्तेणं जहा आहारए ।**

**ભાવાર્થ :–** જ્ઞાની જીવ, એકવચન અને બહુવચનથી સમ્યગ્દૃષ્ટિ જીવની સમાન કદાચિત્ પ્રથમ અને કદાચિત્ અપ્રથમ હોય છે. આભિનિબોધિકજ્ઞાની ***યાવત્*** મનઃપર્યવજ્ઞાની, એકવચન અને બહુવચનથી આ જ પ્રકારે છે પરંતુ જે જીવને જે જ્ઞાન હોય, તે પ્રમાણે કહેવું જોઈએ. કેવળજ્ઞાની જીવ, મનુષ્ય અને સિદ્ધ આ સર્વ એકવચન અને બહુવચનથી પ્રથમ છે, અપ્રથમ નથી. અજ્ઞાની, મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની અને વિભંગજ્ઞાની આ સર્વ એકવચન અને બહુવચનથી આહારક જીવની સમાન અપ્રથમ છે.

**વિવેચન :–**

**જ્ઞાની પ્રથમ-અપ્રથમ :–** અનાદિનો મિથ્યાત્વી જીવ જ્યારે પ્રથમવાર સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરે ત્યારે તેનું અજ્ઞાન, જ્ઞાનરૂપે પરિણત થાય છે. તેથી જ્ઞાન પ્રથમ છે. તે જ રીતે મતિ, શ્રુત, અવધિ અને મનઃ પર્યવજ્ઞાન પ્રથમવાર પ્રાપ્ત થાય તેની અપેક્ષાએ પ્રથમ છે અને તે જીવ જ્ઞાન ભાવથી પતિત થઈ જ્યારે બીજી, ત્રીજીવાર જ્ઞાનને પ્રાપ્ત કરે છે તેની અપેક્ષાએ અપ્રથમ હોય છે. તેથી ચારે જ્ઞાન સમ્યગ્દષ્ટિની સમાન **સિય પઢમ સિય અપઢમ** હોય છે. કેવળજ્ઞાની પ્રથમ જ હોય છે. કારણ કે કેવળજ્ઞાન જીવને પ્રથમ વાર અને એક જ વાર પ્રાપ્ત થાય છે.

**અજ્ઞાની અપ્રથમ :–** અજ્ઞાની અથવા મતિ-શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાની જીવ આહારક જીવની સમાન અપ્રથમ છે. કારણ કે અજ્ઞાન પણ અનાદિ કાલીન ભાવ છે તેમજ જીવને તે ભાવ અનંતવાર પ્રાપ્ત થાય છે.

**(૧૦) યોગ દ્વાર :–**

**૧૭ सजोगी, मणजोगी, वयजोगी, कायजोगी एगत्तपुहुत्तेणं जहा आहारए, णवरं जस्स जो जोगो अत्थि । अजोगी जीव-मणुस्स-सिद्धा एगत्तपुहुत्तेणं पढमा, णो अपढमा ।**

**ભાવાર્થ :–** સયોગી, મનયોગી, વચનયોગી અને કાયયોગી, આ સર્વ એકવચન અને બહુવચનથી આહારક જીવોની સમાન અપ્રથમ હોય છે. જે જીવોને જે યોગ હોય, તેનું કથન કરવું જોઈએ. અયોગી જીવ, મનુષ્ય અને સિદ્ધ–આ સર્વ એકવચન અને બહુવચનથી પ્રથમ છે, અપ્રથમ નથી.

**વિવેચન :–**

**સયોગી અપ્રથમ :–** સર્વ સંસારી જીવોને યોગ હોય જ છે. ત્રણ યોગમાંથી એક, બે કે ત્રણે યોગ હોય, પરંતુ યોગ ભાવ અનાદિકાલીન છે અને અનંતવાર પ્રાપ્ત થયો છે અને થશે. તેથી તે અપ્રથમ છે.

**અયોગી પ્રથમ :–** અયોગી કેવળી જીવ, મનુષ્ય અથવા સિદ્ધની અયોગાવસ્થા પ્રથમવાર જ પ્રાપ્ત થાય છે. તેથી તે પ્રથમ છે.

**(૧૧) ઉપયોગ દ્વાર :–**

**૧૮ सागारोवउत्ता अणागारोवउत्ता एगत्तपुहुत्तेणं जहा अणाहारए ।**

**ભાવાર્થ :–** સાકરોપયોગી અને અનાકારોપયોગી એકવચન અને બહુવચનથી અનાહારક જીવોની સમાન છે.

**વિવેચન :–**

**સાકારોપયોગી અને અનાકારોપયોગી પ્રથમ અને અપ્રથમ :–** આ ભાવ સમુચ્ચય જીવમાં સિદ્ધજીવની અપેક્ષાએ પ્રથમ છે અને સંસારી જીવની અપેક્ષાએ અપ્રથમ છે. સર્વ સંસારી જીવોને બંને ઉપયોગ અનાદિકાલીન હોવાથી અપ્રથમ છે. પરંતુ સિદ્ધના સિદ્ધત્વયુક્ત સાકરોપયોગ અને અનાકારોપયોગ પ્રથમ જ હોય છે.

**(૧૨) વેદ દ્વાર :–**

**૧૯ सवेदगो *जाव* णपुंसगवेदगो एगत्तपुहुत्तेणं जहा आहारए, णवरं जस्स जो वेदो अत्थि । अवेदओ एगत्तपुहुत्तेणं तिसु वि पदेसु जहा अकसायी ॥**

**ભાવાર્થ :–** સવેદક ***યાવત્*** નપુંસક વેદવાળા એકવચન અને બહુવચનથી આહારક જીવોની સમાન છે. જે જીવોને જે વેદ હોય, તે જ જાણવો જોઈએ. એકવચન અને બહુવચનથી અવેદક જીવ, મનુષ્ય અને સિદ્ધ, અકષાયી જીવની સમાન જાણવા જોઈએ.

**વિવેચન :–**

**સવેદી અપ્રથમ :–** સંસારી જીવોને વેદ અનાદિકાલથી છે, તેથી અપ્રથમ છે.

**અવેદી-પ્રથમ-અપ્રથમ :–** અવેદકપણુ જીવ, મનુષ્ય અને સિદ્ધમાં હોય છે, તેમાં સમુચ્ચય જીવ અને મનુષ્યમાં અવેદકપણું કદાચિત્ પ્રથમ અને કદાચિત્ અપ્રથમ હોય છે. પ્રથમવાર અવેદીપણું પ્રાપ્ત કરે તે

અપેક્ષાએ પ્રથમ અને બીજી, ત્રીજીવાર અવેદીપણાને પ્રાપ્ત કરે તેની અપેક્ષાએ અપ્રથમ છે અને સિદ્ધપદમાં સિદ્ધત્વની અપેક્ષાએ અવેદીપણું પ્રથમ જ છે, અપ્રથમ નથી.

**(૧૩) શરીર દ્વાર :–**

**૨૦ ससरीरी जहा आहारए, एवं *जाव* कम्मगसरीरी, जस्स जं अत्थि सरीरं, णवरं आहारगसरीरी एगत्तपुहुत्तेणं जहा सम्मदिट्ठी । असरीरी जीवो सिद्धो एगत्तपुहुत्तेणं पढमो णो अपढमो ।**

**ભાવાર્થ :–** સશરીરી જીવ, આહારકની સમાન છે. આ રીતે ***યાવત્*** કાર્મણ શરીરી જીવના વિષયમાં પણ જાણવું જોઈએ. જે જીવને જે શરીર હોય, તેનું કથન કરવું જોઈએ. પરંતુ આહારક શરીરીના વિષયમાં એકવચન અને બહુવચનમાં સમ્યગ્દૃષ્ટિ જીવની સમાન કથન કરવું જોઈએ. અશરીરી જીવ અને સિદ્ધ એક વચન અને બહુવચનથી પ્રથમ છે, અપ્રથમ નથી.

**વિવેચન :–**

**સશરીરી અપ્રથમ :–** આહારક શરીરને છોડીને ઔદારિક આદિ શરીરધારી જીવ અપ્રથમ છે. કારણ કે સંસારી જીવોને સશરીરીપણું અનાદિકાલીન છે. આહારક શરીરી એક અથવા અનેક જીવ, સમ્યગ્દૃષ્ટિની સમાન કદાચિત્ પ્રથમ, કદાચિત્ અપ્રથમ હોય છે. જે જીવ પ્રથમવાર આહારક શરીર બનાવે તે અપેક્ષાએ પ્રથમ અને બીજી, ત્રીજીવાર બનાવે તે અપેક્ષાએ અપ્રથમ છે. જીવને આહારક શરીરની પ્રાપ્તિ અનેક ભવની અપેક્ષાએ ચાર વાર જ થઈ શકે છે.

**અશરીરી-પ્રથમ :–** જીવ અને સિદ્ધ એકવચન અને બહુવચનથી પ્રથમ છે, કારણ કે અશરીરીપણું એક જ વાર પ્રાપ્ત થાય છે.

**(૧૪) પર્યાપ્ત દ્વાર :–**

**૨૧ पंचहिं पज्जत्तीहिं पंचहिं अपज्जत्तीहिं एगत्तपुहुत्तेणं जहा आहारए, णवरं जस्स जा अत्थि *जाव* वेमाणिया णो पढमा, अपढमा । इमा लक्खण-गाहा—**

**जो जेणं पत्तपुव्वो भावो, सो तेण अपढमओ होइ ।**
**सेसेसु होई पढमो, अपत्तपुव्वेसु भावेसु ॥**

**ભાવાર્થ :–** પાંચ પર્યાપ્તિથી પર્યાપ્ત અને પાંચ અપર્યાપ્તિથી અપર્યાપ્ત જીવ, એકવચન અને બહુવચનથી આહારકની સમાન છે. જેને જે પર્યાપ્તિ હોય, તેનું કથન કરવું જોઈએ, આ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ. અર્થાત્ તે પ્રથમ નથી, અપ્રથમ છે. પ્રથમ અપ્રથમના લક્ષણ આ પ્રમાણે છે–

**ગાથાર્થ–** જે જીવોને જે ભાવ(અવસ્થા) પૂર્વે પ્રાપ્ત હોય તથા જે ભાવ અનાદિકાલીન હોય, તે ભાવની અપેક્ષાએ તે જીવ **અપ્રથમ** કહેવાય છે અને જે ભાવ પ્રથમવાર જ પ્રાપ્ત થાય છે, પૂર્વે પ્રાપ્ત થયા નથી તેની અપેક્ષાએ તે જીવ **પ્રથમ** કહેવાય છે.

**વિવેચન :–**

**પર્યાપ્ત-અપર્યાપ્ત અપ્રથમ–** પ્રત્યેક જીવોને પર્યાપ્ત અને અપર્યાપ્ત ભાવ અનાદિકાલીન છે. તેથી તે

અપ્રથમ છે.

**નિષ્કર્ષ :–** જે ભાવ અનાદિકાલીન હોય અથવા અનેકવાર પ્રાપ્ત થતો હોય તે ભાવને અપ્રથમ અને જે ભાવ એક જ વાર પ્રાપ્ત થતો હોય અથવા જે ભાવ જ્યારે પ્રથમવાર પ્રાપ્ત થાય ત્યારે તેને પ્રથમ કહે છે.

**पंचहिं पज्जत्तीहिं :–** પાંચ પર્યાપ્તિ અને પાંચ અપર્યાપ્તિ. પર્યાપ્તિઓ કુલ છ હોય છે. છએ પર્યાપ્તિનો પ્રારંભ એક સાથે થાય છે પરંતુ તેની પૂર્ણતા ભિન્ન-ભિન્ન સમયે થાય છે. તેમાં ભાષા અને મનપર્યાપ્તિની પૂર્ણતામાં અત્યંત અલ્પ સમયનું જ અંતર પડે છે. તેથી સૂત્રકાર ક્યારેક ભાષા અને મનપર્યાપ્તિની એક જ વિવક્ષા કરીને પાંચ પર્યાપ્તિનું કથન કરે છે. તે જ રીતે પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે ૨૪ દંડકના જીવો માટે પાંચ પર્યાપ્તિનું કથન કર્યું છે. અન્યત્ર વિશેષરૂપે નારકો અને દેવોના દંડકમાં પાંચ પર્યાપ્તિઓનું કથન છે.

**૧૪ દ્વારમાં પ્રથમ–અપ્રથમ :–**

| ક્રમ | દ્વાર | બોલ | પ્રથમ | અપ્રથમ | કદાચિત પ્ર૦ અપ્ર૦ |
|---|---|---|---|---|---|
| ૧ | જીવદ્વાર | સમુચ્ચય જીવ | × | ✓ | × |
| | | ૨૪ દંડકના જીવ | × | ✓ | × |
| | | સિદ્ધના જીવ | ✓ | × | × |
| ૨ | આહારક | **આહારક**– સમુચ્ચય જીવ, ૨૪ દંડકના જીવ | × | ✓ | × |
| | | **અનાહારાક**– જીવ | × | × | ✓ |
| | | **અનાહારક**– ૨૪ દંડકના જીવ | × | ✓ | × |
| | | **અનાહારક**– સિદ્ધના જીવ | ✓ | × | × |
| ૩ | ભવી | **ભવી**– જીવ, ૨૪ દંડકના જીવ | × | ✓ | × |
| | | **અભવી**– જીવ, ૨૪ દંડકના જીવ | × | ✓ | × |
| | | **નોભવી નોઅભવી**– સિદ્ધ | ✓ | × | × |
| ૪ | સંજ્ઞી | **સંજ્ઞી**– ૧૬ દંડકના જીવ | × | ✓ | × |
| | | **અસંજ્ઞી**– જીવ, ૨૨ દંડકના જીવ | × | ✓ | × |
| | | **નોસંજ્ઞી નોઅસંજ્ઞી**– જીવ, મનુષ્ય, સિદ્ધ | ✓ | × | × |
| ૫ | લેશ્યા | **સલેશી, ૬ લેશી**– જીવ, ૨૪ દંડકના જીવ, | × | ✓ | × |
| | | **અલેશી**– જીવ, મનુષ્ય, સિદ્ધ | ✓ | × | × |
| ૬ | દષ્ટિ | **સમ્યગ્ દષ્ટિ**– જીવ, ૧૬ દંડકના જીવ | × | × | ✓ |
| | | **સમ્યગ્ દષ્ટિ**– સિદ્ધ | ✓ | × | × |
| | | **મિથ્યાદષ્ટિ**– જીવ, ૨૪ દંડકના જીવ | × | ✓ | × |
| | | **મિશ્રદષ્ટિ**– જીવ, ૧૬ દંડકના જીવ | × | × | ✓ |
| ૭ | સંયત | **સંયત**– જીવ, મનુષ્ય | × | × | ✓ |
| | | **અસંયત**– જીવ, ૨૪ દંડકના જીવ | × | ✓ | × |
| | | **સંયતાસંયત**– જીવ, તિર્યંચપંચેન્દ્રિય, મનુષ્ય | × | × | ✓ |
| | | **નોસંયત નોઅસંયત૦** – સિદ્ધ | ✓ | × | × |
| ૮ | કષાય | **સકષાયી, ચારકષાયી**– જીવ, ૨૪દંડકના જીવ | × | ✓ | × |

| ક્રમ | દ્વાર | બોલ | પ્રથમ | અપ્રથમ | કદાચિત પ્ર૦ અપ્ર૦ |
|---|---|---|---|---|---|
| | | **અકષાયી**– જીવ, મનુષ્ય | × | × | ✓ |
| | | **અકષાયી**– સિદ્ધ | ✓ | × | × |
| ૯ | જ્ઞાન | **સજ્ઞાન, ૪ જ્ઞાન**– જીવ, ૨૪દંડકના જીવ(યોગ્ય) | × | ✓ | × |
| | | **કેવળજ્ઞાન**– જીવ, મનુષ્ય, સિદ્ધ | ✓ | × | × |
| | | **અજ્ઞાન, ત્રણઅજ્ઞાન**– જીવ, ૨૪દંડકના જીવ | × | ✓ | × |
| ૧૦ | યોગ | **સયોગી, ત્રણ યોગ**– જીવ, ૨૪દંડકના જીવ(યોગ્ય) | × | ✓ | × |
| | | **અયોગી**– જીવ, મનુષ્ય, સિદ્ધ | ✓ | × | × |
| ૧૧ | ઉપયોગ | **સાકાર-અનાકારાપયોગ**–જીવ | × | × | ✓ |
| | | ૨૪ દંડકના જીવ | × | ✓ | × |
| | | સિદ્ધના જીવ | ✓ | × | × |
| ૧૨ | વેદ | **સવેદી, ત્રણવેદ**– જીવ, ૨૪ દંડકના જીવ | × | ✓ | × |
| | | **અવેદી**– જીવ, મનુષ્ય | × | × | ✓ |
| | | **અવેદી**– સિદ્ધ | ✓ | × | × |
| ૧૩ | શરીર | **સશરીરી,૪ શરીર**– જીવ, ૨૪ દંડકના જીવ(યોગ્ય) | × | ✓ | × |
| | | **આહારક શરીર**– જીવ, મનુષ્ય | × | × | ✓ |
| | | **અશરીરી**– જીવ, સિદ્ધના જીવ | ✓ | × | × |
| ૧૪ | પર્યાપ્તિ | **પાંચ પર્યા. પાંચ અપર્યા.**– જીવ, ૨૪ દંડકના જીવ | × | ✓ | × |

**(૧) જીવ દ્વાર : ચરમ-અચરમ :–**

**૨૨ जीवे णं भंते ! जीवभावेणं किं चरिमे अचरिमे ? गोयमा ! णो चरिमे, अचरिमे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ, જીવત્વ(જીવભાવ)ની અપેક્ષાએ ચરમ છે કે અચરમ ? **ઉત્તર–** હે ગૌતમ ! ચરમ નથી, અચરમ છે.

**૨૩ णेरइए णं भंते ! णेरइयभावेणं, पुच्छा ? गोयमा ! सिय चरिमे, सिय अचरिमे । एवं *जाव* वेमाणिए । सिद्धे जहा जीवे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક, નૈરયિક ભાવની અપેક્ષાએ ચરમ છે કે અચરમ ? **ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ ચરમ છે અને કદાચિત્ અચરમ છે. આ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ. સિદ્ધનું કથન જીવની સમાન છે અર્થાત્ અચરમ છે.

**૨૪ जीवा णं पुच्छा ? गोयमा ! णो चरिमा, अचिरमा । णेरइया चरिमा वि अचरिमा वि, एवं *जाव* वेमाणिया । सिद्धा जहा जीवा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** જીવો જીવત્વભાવથી ચરમ છે કે અચરમ ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવો ચરમ નથી, અચરમ છે. નૈરયિકો, નૈરયિકભાવથી ચરમ પણ છે અને અચરમ પણ છે. આ રીતે ***યાવત્*** વૈમાનિક સુધી સમજવું જોઈએ. સિદ્ધોનું કથન જીવોની સમાન છે. અર્થાત્

અચરમ છે, ચરમ નથી.

**વિવેચન :–**

પૂર્વ સૂત્રોમાં ૧૪ દ્વારોના માધ્યમથી પ્રથમ અપ્રથમનું નિરૂપણ છે. તે જ ૧૪ દ્વારોના માધ્યમથી આ સૂત્રોમાં ચરમ-અચરમનું પ્રતિપાદન છે.

**ચરમ :–** જે સ્થાનમાં જે ભાવ અંતિમ હોય, ફરીથી પ્રાપ્ત થવાનો ન હોય તે ભાવને ચરમ કહે છે અથવા જે ભાવનો અંત થાય તેને ચરમ કહે છે. જેમ કે– જે જીવ મોક્ષમાં જાય તેને કષાય ભાવનો અંત થઈ જાય છે. તેની અપેક્ષાએ તે ચરમ કહેવાય છે.

**અચરમ :–** જે સ્થાનમાં જે ભાવ સદા રહેવાનો હોય, ફરીથી પ્રાપ્ત થવાનો હોય, તેને અચરમ કહે છે. જેમ કે– જીવના જીવત્વનો કયારેય અંત થવાનો નથી તેથી તે અચરમ છે અને નરકમાં કષાયભાવ પુનઃ પ્રાપ્ત થવાનો છે તેથી તે પણ અચરમ છે.

**કદાચિત્ ચરમ કદાચિત્ અચરમ :–** જે ભાવ કેટલાક જીવોને ચરમ હોય અને કેટલાક જીવોને અચરમ હોય તેને કદાચિત્ ચરમ અને કદાચિત્ અચરમ કહે છે. જેમ કે– સમુચ્ચય જીવમાં નૈરયિક આદિ ભાવ કોઈક જીવની અપેક્ષાએ ચરમ હોય અને કોઈક જીવની અપેક્ષાએ અચરમ હોય છે તેથી જીવમાં નૈરયિક ભાવ કદાચિત્ ચરમ અને કદાચિત્ અચરમ છે.

**૨૪ દંડકના જીવો ચરમ-અચરમ :–** જે નૈરયિક, નરકગતિમાંથી નીકળીને ફરી નૈરયિકપણે ઉત્પન્ન થવાનો ન હોય, તે જીવ નૈરયિક ભાવનો સદાને માટે અંત કરવાનો હોય તે ચરમ નૈરયિક કહેવાય છે અને જે નૈરયિક એકવાર નરકમાંથી નીકળીને ફરી અનેકવાર નરકમાં ઉત્પન્ન થવાનો હોય તે અચરમ નૈરયિક કહેવાય છે. આ રીતે ૨૪ દંડકોમાં ચરમ-અચરમ જાણવા જોઈએ.

**સિદ્ધ જીવ અચરમ–** સિદ્ધત્વભાવ સાદિ અનંત છે. તેનો અંત થવાનો નથી, તેથી તે અચરમ છે.

**(૨) આહારક દ્વાર :–**

**૨૫ आहारए सव्वत्थ एगत्तेणं सिय चरिमे, सिय अचरिमे, पुहुत्तेणं चरिमा वि अचरिमा वि । अणाहारओ जीवो सिद्धो य एगत्तेण वि पुहुत्तेण वि णो चरिमे, अचरिमे । सेसट्ठाणेसु एगत्तपुहुत्तेणं जहा आहारओ ।**

**ભાવાર્થ :–** આહારક સર્વત્ર એક વચનથી કદાચિત્ ચરમ અને કદાચિત્ અચરમ હોય છે. બહુવચનથી આહારક ચરમ પણ હોય છે અને અચરમ પણ હોય છે. અનાહારક જીવ અને સિદ્ધ એકવચન અને બહુવચનથી ચરમ નથી અચરમ હોય છે. શેષ નૈરયિકાદિ સ્થાનોમાં અનાહારક, એકવચન અને બહુવચનથી અનાહારક જીવની સમાન(કદાચિત્ ચરમ અને કદાચિત્ અચરમ) છે.

**વિવેચન :–**

**આહારક ચરમ અચરમ :–** આહારક જીવ કદાચિત્ ચરમ કદાચિત્ અચરમ હોય છે. જે જીવ મોક્ષે જાય છે, તે ચરમ છે અને તે સિવાયના જીવ આહારક ભાવની અપેક્ષાએ અચરમ છે.

**અનાહારક ચરમ અચરમ :–** સિદ્ધના જીવોનો અનાહારક ભાવ સાદિ અનંત હોવાથી અચરમ છે. પરંતુ

નારકાદિ સંસારી જીવોની અપેક્ષાએ તે કદાચિત્ ચરમ કદાચિત્ અચરમ છે. જે નારક વિગ્રહગતિમાં અનાહારક ભાવને પ્રાપ્ત થયો, તે જીવ ફરી કયારેય નારકપણે અનાહારક ભાવને પ્રાપ્ત ન કરવાનો હોય તો નારકપણાનો તેનો અનાહારક ભાવ ચરમ કહેવાય અને તે જીવ જો ફરી નરક ગતિમાં ઉત્પન્ન થતાં અનાહારક ભાવને પ્રાપ્ત કરવાનો હોય તો તેને અચરમ કહેવાય છે. આ રીતે નારક જીવ અનાહારક ભાવની અપેક્ષાએ કદાચિત્ ચરમ કદાચિત્ અચરમ છે. આ રીતે ૨૪ દંડકના જીવોમાં સમજવું.

**(૩) ભવસિદ્ધિક દ્વાર :–**

**૨૬ भवसिद्धीओ जीवपए एगत्तपुहुत्तेणं चरिमेणो अचरिमे, सेसट्ठाणेसु जहा आहारओ अभवसिद्धिओ सव्वत्थ एगत्तपुहुत्तेणं णो चरिमे, अचरिमे । णोभवसिद्धीय-णोअभवसिद्धीय जीवा सिद्धा य एगत्तपुहुत्तेणं जहा अभवसिद्धीओ ।**

**ભાવાર્થ :–** ભવસિદ્ધિક જીવ, એકવચન અને બહુવચનથી ચરમ છે, અચરમ નથી. શેષ સ્થાનોમાં આહારકની સમાન છે. અભવસિદ્ધિક સર્વત્ર એકવચન અને બહુવચનથી ચરમ નથી, અચરમ છે. નોભવ-સિદ્ધિક નોઅભવસિદ્ધિક જીવ અને સિદ્ધ, એકવચન અને બહુવચનથી અભવસિદ્ધિકની સમાન છે.

**વિવેચન :–**

**ભવસિદ્ધિક-ચરમ :–** ભવી જીવ મોક્ષે જાય છે, ત્યારે તેના ભવીપણાનો અંત થાય છે. તેથી તે ચરમ છે.

**અભવસિદ્ધિક-અચરમ :–** અભવી જીવોનો મોક્ષ થતો નથી, તેથી તે અચરમ છે.

**નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક-અચરમ :–** તે સિદ્ધ હોય છે, સિદ્ધત્વ ભાવનો ક્યારે ય અંત થતો નથી તેથી તે અચરમ છે.

**(૪) સંજ્ઞી દ્વાર :–**

**૨૭ सण्णी जहा आहारओ, एवं असण्णी वि । णोसण्णी-णोअसण्णी जीवपए सिद्धपए य अचरिमे, मणुस्सपए चरिमे एगत्तपुहुत्तेणं ।**

**ભાવાર્થ :–** સંજ્ઞી અને અસંજ્ઞી જીવો આહારકની સમાન છે. નોસંજ્ઞી નોઅસંજ્ઞી જીવ અને સિદ્ધ અચરમ છે. મનુષ્ય એકવચન અને બહુવચનથી ચરમ છે.

**વિવેચન :–**

**સંજ્ઞી ચરમ અચરમ :–** જે જીવ મોક્ષે જાય છે તેના સંજ્ઞીપણાનો અંત આવી જાય છે, તેની અપેક્ષાએ તે ચરમ અને જે જીવ મોક્ષે ન જાય તેની અપેક્ષાએ અચરમ છે.

**અસંજ્ઞી ચરમ અચરમ :–** તે જીવો પણ સંજ્ઞીની જેમ ચરમ અને અચરમ હોય છે.

**નોસંજ્ઞી નોઅસંજ્ઞી ચરમ અચરમ :–** સિદ્ધમાં નોસંજ્ઞી નોઅસંજ્ઞીપણું સાદિ અનંત હોય છે. તેનો અંત થવાનો નથી તેથી તે અચરમ છે. પરંતુ કેવળી મનુષ્યમાં નોસંજ્ઞી નોઅસંજ્ઞીપણુ ચરમ છે કારણ કે તે જીવ મોક્ષે જાય ત્યારે તેનો અંત થઈ જાય છે. જો કે જીવ સિદ્ધ ગતિમાં પણ નોસંજ્ઞી નોઅસંજ્ઞી જ કહેવાય છે. પરંતુ મનુષ્યગતિનો જે નોસંજ્ઞી નોઅસંજ્ઞીપણાનો ભાવ હતો તેનો અંત થાય છે. તેથી તે ચરમ છે.

**(૫) લેશ્યા દ્વાર :–**

**૨૮ सलेस्सी *जाव* सुक्कलेस्सी जहा आहारओ, णवरं जस्स जा अत्थि । अलेस्सी जहा णोसण्णी णोअसण्णी ।**

**ભાવાર્થ :–** સલેશી ***યાવત્*** શુક્લલેશીનું કથન આહારકની સમાન છે. જેને જે લેશ્યા હોય તે જ કહેવી. અલેશી, નોસંજ્ઞી નોઅસંજ્ઞીની સમાન છે.

**વિવેચન :–**

**સલેશી ચરમ અચરમ :–** અનાદિકાલથી જીવ સલેશી છે પરંતુ જ્યારે તે જીવ મોક્ષે જાય છે ત્યારે તેનો અંત થાય છે. તે અપેક્ષાએ તે ચરમ અને જે મોક્ષે જતાં નથી તે જીવોની અપેક્ષાએ અચરમ છે.

**અલેશી ચરમ અચરમ :–** તેમાં સિદ્ધમાં અલેશીપણું અચરમ છે કારણ કે તેનો અંત થવાનો નથી. પરંતુ મનુષ્યમાં અલેશીપણું ચરમ છે. કારણ કે તે જીવ મોક્ષે જાય ત્યારે તેનો અંત થાય છે.

**(૬) સમ્યગદષ્ટિ દ્વાર :–**

**૨૯ सम्मदिट्ठी जहा अणाहारओ, मिच्छादिट्ठी जहा आहारओ, सम्मामिच्छादिट्ठी एगिंदिय विगलिंदियवज्जं सिय चरिमे, सिय अचरिमे, पुहुत्तेणं चरिमा वि अचरिमा वि ।**

**ભાવાર્થ :–** સમ્યગ્દષ્ટિ, અનાહારકની સમાન છે. મિથ્યાદષ્ટિ આહારકની સમાન છે. સમ્યગ્મિથ્યાદષ્ટિ, એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયને છોડીને કદાચિત્ ચરમ અને કદાચિત્ અચરમ છે. બહુવચનથી તે ચરમ પણ છે અને અચરમ પણ છે.

**વિવેચન :–**

**સમ્યગ્દષ્ટિ ચરમ અને અચરમ :–** સિદ્ધનું સમ્યગ્દર્શન અચરમ છે. કારણ કે તે સમ્યગ્દર્શનથી ક્યારે ય પતિત થતા નથી. સમ્યગ્દષ્ટિ નૈરયિક આદિ જે જીવ નરકભવમાં સમ્યગ્દર્શનને પુનઃ પ્રાપ્ત કરશે નહીં, તે નરકભવમાં સમ્યગ્દર્શનની અપેક્ષાએ ચરમ છે અને તેનાથી ભિન્ન અચરમ છે.

**મિથ્યાદષ્ટિ ચરમ, અચરમ :–** જે જીવ મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને ક્રમશઃ મોક્ષને પ્રાપ્ત કરશે તેનું મિથ્યાત્વ ચરમ છે અને જે જીવ કદાપિ મિથ્યાત્વનો નાશ કરીને સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે નહીં, તેવા જીવોનું મિથ્યાત્વ અચરમ છે. મિથ્યાદષ્ટિ નૈરયિક આદિ જે મિથ્યાત્વ સહિત નૈરયિકાદિપણું પુનઃ પ્રાપ્ત કરશે નહીં, તે ચરમ અને તેનાથી ભિન્ન અચરમ છે.

**મિશ્રદષ્ટિ ચરમ અને અચરમ :–** જે જીવ મિશ્રદષ્ટિનો ત્યાગ કરી, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી મોક્ષે જવાનો છે તે જીવ મિશ્ર દષ્ટિ ફરીવાર પ્રાપ્ત કરવાનો નથી; તેની અપેક્ષાએ ચરમ છે અને તેનાથી ભિન્ન જીવોની અપેક્ષાએ અચરમ છે. મિશ્રદષ્ટિ પંચેન્દ્રિયમાં જ હોય છે.

એકેન્દ્રિયને છોડીને શેષ ૧૯ દંડકમાં સમ્યગ્દષ્ટિ હોય છે. કારણ કે આગમાનુસાર એકેન્દ્રિયમાં સાસ્વાદન સમકિત નથી.

**(૭) સંયત દ્વાર :–**

**૩૦ संजओ जीवो मणुस्सो य जहा आहारओ, असंजओ वि तहेव, संजयासंजए वि**

**तहेव, णवरं जस्स जं अत्थि । णोसंजयणोअसंजयणोसंजयासंजओ जहा णोभवसिद्धीय-णोअभवसिद्धीओ ।**

**ભાવાર્થ :–** સંયત જીવ અને મનુષ્ય, આહારકની સમાન છે. અસંયત અને સંયતાસંયતનું કથન પણ તે જ રીતે જાણવું. જેને જે ભાવ હોય તે જાણવું જોઈએ. નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત, નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિકની સમાન છે.

**વિવેચન :–**

**સંયત જીવ ચરમ-અચરમ :–** જે જીવ મોક્ષ ગતિ પ્રાપ્ત કરવાનો હોવાથી તેને પુનઃ સંયમ પ્રાપ્ત થતો નથી તેથી તે ચરમ અને જે જીવ એકવાર સંયમભાવથી પતિત થઈ પુનઃ સંયમ પ્રાપ્ત કરવાનો હોય તે અચરમ હોય છે. સમુચ્ચય જીવમાં એક મનુષ્યને સંયમ પ્રાપ્ત થાય છે, અન્ય કોઈને નહીં.

**અસંયત અને સંયતાસંયત**(દેશવિરતિ)ચરમ અને અચરમ બંને પ્રકારના છે. જે જીવો અસંયતપણાનો અંત કરીને સંયતપણું પ્રાપ્ત કરે છે, તેની અપેક્ષાએ અસંયતભાવ ચરમ અને જે જીવ કદાપિ અસંયતપણાનો અંત કરશે નહીં તેની અપેક્ષાએ અચરમ છે. તે જ રીતે દેશવિરતિપણામાં પણ ચરમ અને અચરમ બંને ભંગ હોય છે. દેશવિરતિપણું જીવ, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય આ ત્રણેમાં હોય છે.

**નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત**(સિદ્ધ) અચરમ હોય છે. કારણ કે સિદ્ધત્વ નિત્ય હોય છે.

**(૮) કષાય દ્વાર :–**

**૩૧ सकसायी जाव लोभकसायी सव्वट्ठाणेसु जहा आहारओ, अकसायी जीवपए सिद्धे य णो चरिमो, अचरिमो; मणुस्सपए सिय चरिमो, सिय अचरिमो ।**

**ભાવાર્થ :–** સકષાયી ***યાવત્*** લોભકષાયી, આ સર્વ સ્થાનોમાં આહારકની સમાન છે. અકષાયી જીવ અને સિદ્ધ ચરમ નથી, અચરમ છે. મનુષ્યમાં કદાચિત્ ચરમ અને કદાચિત્ અચરમ છે.

**વિવેચન :–**

**સકષાયી ચરમ અચરમ–** જે જીવ કષાય ભાવનો સર્વથા ત્યાગ કરીને, સર્વ કર્મનો ક્ષય કરીને, મોક્ષ પ્રાપ્ત કરશે તે ચરમ છે અને અન્ય જીવ અચરમ છે.

**અકષાયી ચરમ અને અચરમ :–** સિદ્ધના જીવોનો અકષાયી ભાવ સાદિ અનંત છે તેથી તે અચરમ છે અને મનુષ્યમાં અકષાયી ભાવ કદાચિત્ ચરમ કદાચિત્ અચરમ છે. જે મનુષ્ય અકષાયી ભાવને પુનઃ પ્રાપ્ત કરશે નહીં, જે જીવ મનુષ્ય જન્મમાંથી જ સિદ્ધગતિને પ્રાપ્ત કરશે તે મનુષ્યનો અકષાય ભાવ ચરમ છે. પરંતુ જે જીવ અકષાયભાવને પ્રાપ્ત કરીને ત્યાંથી પતિત થઈને પુનઃ સકષાયી થઈને અકષાયભાવને પ્રાપ્ત કરે તે જીવની અપેક્ષાએ અકષાય ભાવ અચરમ છે.

**(૯) જ્ઞાનદ્વાર :–**

**૩૨ णाणी जहा समदिट्ठी सव्वत्थ, आभिणिबोहियणाणी *जाव* मणपज्जवणाणी जहा आहारओ, णवरं जस्स जं अत्थि । केवलणाणी जहा णोसण्णी-णोअसण्णी, अण्णाणी *जाव***

**विभंगणाणी जहा आहारओ ।**

**ભાવાર્થ :–** જ્ઞાનીનું કથન સમ્યગ્દૃષ્ટિની સમાન છે. આભિનિબોધિક જ્ઞાનીથી મનઃપર્યવ જ્ઞાની, આહારકની સમાન છે. જેને જે જ્ઞાન હોય, તેનું કથન કરવું જોઈએ. કેવળજ્ઞાનીનું કથન નોસંજ્ઞી-નોઅસંજ્ઞીની સમાન છે. અજ્ઞાની ***યાવત્*** વિભંગજ્ઞાની, આહારકની સમાન છે.

**વિવેચન :–**

**જ્ઞાની ચરમ અને અચરમ :–** સિદ્ધોનું જ્ઞાન અચરમ છે, કારણ કે તેનું જ્ઞાન સાદિ અનંત છે. શેષ જે જીવોને જ્ઞાન સહિત નારકત્વાદિની પ્રાપ્તિ પુનઃ અસંભવ છે તે ચરમ છે.

**મતિજ્ઞાની આદિ ચાર જ્ઞાનવાળા ચરમ અને અચરમ** બંને પ્રકારે હોય છે. જે જીવ કેવળજ્ઞાનને પ્રાપ્ત થઈ જવાથી મતિજ્ઞાન આદિને પુનઃ પ્રાપ્ત કરતા નથી, તે ચરમ છે, શેષ અચરમ છે. **કેવળજ્ઞાની** અચરમ હોય છે.

**અજ્ઞાની ચરમ અને અચરમ :–** જે જીવો અજ્ઞાનભાવનો નાશ કરી જ્ઞાન મેળવી ક્રમશઃ મોક્ષે જવાના હોય તેનો અજ્ઞાનભાવ ચરમ છે અને જે જીવો મોક્ષે જવાના નથી, તેનો અજ્ઞાનભાવ અચરમ હોય છે.

**(૧૦) યોગ દ્વાર :–**

**૩૩ सयोगी *जाव* कायजोगी जहा आहारओ, जस्स जो जोगो अत्थि । अजोगी जहा णोसण्णी-णोअसण्णी ।**

**ભાવાર્થ :–** સયોગી ***યાવત્*** કાયયોગી. આહારકની સમાન છે, જેને જે યોગ હોય તેનું કથન કરવું. અયોગી જીવનું કથન નોસંજ્ઞી નોઅસંજ્ઞીની સમાન છે.

**વિવેચન :–**

**સયોગી ચરમ અને અચરમ :–** જે જીવ સયોગીપણાને છોડી અયોગીપણું પામી મોક્ષે જાય તેની અપેક્ષાએ સયોગીપણું ચરમ છે અને મોક્ષે ન જાય તે જીવોની અપેક્ષાએ અચરમ છે.

**અયોગી ચરમ અને અચરમ :–** ચૌદમા ગુણસ્થાને રહેલા મનુષ્યનું અયોગીપણું ચરમ છે અને સિદ્ધોનું અયોગીપણું અચરમ છે, કારણ કે તેનો અંત થવાનો નથી.

**(૧૧) ઉપયોગ દ્વાર :–**

**૩૪ सागारोवउत्तो अणागारोवउत्तो य जहा अणाहारओ ।**

**ભાવાર્થ :–** સાકારોપયોગી અને અનાકારોપયોગી જીવ અનાહારકની સમાન છે.

**વિવેચન :–**

**સાકારોપયોગ, અનાકારોપયોગ ચરમ અચરમ :–** સિદ્ધના જીવમાં બંને ઉપયોગ સદા રહેવાના છે તેથી તે અચરમ છે. પરંતુ નરકાદિ ગતિની અપેક્ષાએ તે કદાચિત્ ચરમ કદાચિત્ અચરમ છે.

**(૧૨) વેદ દ્વાર :–**

**૩૫ सवेदओ *जाव* णपुंसगवेदओ जहा आहारओ, अवेदओ जहा अकसायी ।**

**ભાવાર્થ :–** સવેદી ***યાવત્*** નપુંસકવેદી, આહારકની સમાન છે. અવેદક, અકષાયીની સમાન છે.

**વિવેચન :–**

**સવેદી ચરમ અચરમ :–** જે જીવ સવેદીપણાને છોડીને અવેદીપણું પામી ક્રમશઃ મોક્ષે જાય છે તેની અપેક્ષાએ સવેદીપણું ચરમ અને તેનાથી ભિન્ન જીવો અચરમ છે. આ રીતે ત્રણે વેદમાં ચરમ-અચરમ બંને હોય.

**અવેદી ચરમ અને અચરમ :–** સિદ્ધના જીવોનું અવેદીપણું સાદિ અનંત છે. તેથી અચરમ છે અને મનુષ્યમાં જે મોક્ષે જાય તેની અપેક્ષાએ ચરમ અને જે મનુષ્ય અવેદી ભાવથી પતિત થઈ પુનઃ તે ભાવને પ્રાપ્ત કરવાના છે તે જીવોની અપેક્ષાએ અચરમ છે.

**(૧૩) શરીર દ્વાર :–**

**૩૬ सरीरी *जाव* कम्मगसरीरी जहा आहारओ, णवरं जस्स जं अत्थि । असरीरी जहा णोभवसिद्धीय-णोअभवसिद्धीओ ।**

**ભાવાર્થ :–** સશરીરી ***યાવત્*** કાર્મણશરીરીનું કથન આહારકની સમાન છે. જેને જે શરીર હોય, તેનું કથન કરવું જોઈએ. અશરીરીનું કથન નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિકની સમાન છે.

**વિવેચન :–**

**સશરીરી ચરમ અચરમ :–** ચરમ શરીરી જીવોનો સશરીરીભાવ ચરમ છે અને અચરમ શરીરી જીવોનો શરીરભાવ અચરમ છે.

**અશરીરી-અચરમ :–** તે સિદ્ધના જીવો જ હોય છે. તેનો અશરીરી ભાવ સાદિ અનંત છે. તેથી તે અચરમ છે.

**(૧૪) પર્યાપ્તિ દ્વાર :–**

**૩૭ पंचहिं पज्जत्तीहिं पंचहिं अपज्जत्तीहिं जहा आहारओ, सव्वत्थ एगत्तपुहुत्तेणं दंडगा भाणियव्वा । इमा लक्खणगाहा–**

**जो जं पाविहिइ पुणो, भावं सो तेण अचरिमो होइ ।**
**अच्चंतविओगो जस्स, जेण भावेण सो चरिमो । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** પાંચ પર્યાપ્તિઓથી પર્યાપ્ત અને પાંચ અપર્યાપ્તિઓથી અપર્યાપ્તાનું કથન આહારકની સમાન છે. આ ચૌદ દંડક(સૂત્રાલાપક)માં સર્વત્ર એકવચન અને બહુવચનથી જાણવા જોઈએ. ચરમ અચરમનું લક્ષણ આ પ્રમાણે છે–

**ગાથાર્થ :–** જે જીવને જે ભાવ પુનઃ પ્રાપ્ત થશે તે ભાવની અપેક્ષાએ તે જીવ **'અચરમ'** કહેવાય છે. જે જીવને જે ભાવનો સર્વથા વિયોગ થઈ જાય છે અર્થાત્ જે ભાવનો અંત આવી જાય છે, તે ભાવની અપેક્ષાએ તે જીવ, **ચરમ** કહેવાય છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

**પર્યાપ્ત અને અપર્યાપ્ત ચરમ અચરમ :–** મોક્ષગામી જીવોની અપેક્ષાએ ચરમ અને તેનાથી ભિન્ન જીવોની અપેક્ષાએ અચરમ છે.

**૧૪ દ્વારમાં ચરમ-અચરમ :–**

| ક્રમ | દ્વાર | ઉત્તર ભેદ | ચરમ | અચરમ | કદાચિત્ ચ.-અચ. |
|---|---|---|---|---|---|
| ૧ | જીવ | સમુચ્ચય જીવ | × | ✓ | × |
| | | ૨૪ દંડકના જીવ | × | × | ✓ |
| | | સિદ્ધ જીવ | × | ✓ | × |
| ૨ | આહારક | **આહારક–** જીવ, ૨૪ દંડક | × | × | ✓ |
| | | **અનાહારક–** જીવ, ૨૪ દંડક | × | × | ✓ |
| | | **અનાહારક–** સિદ્ધ | × | ✓ | × |
| ૩ | ભવી | **ભવસિદ્ધિક–** જીવ, ૨૪ દંડક | ✓ | × | × |
| | | **અભવસિદ્ધિક–** જીવ, ૨૪ દંડક | × | ✓ | × |
| | | **નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધક–** સિદ્ધ | × | ✓ | × |
| ૪ | સંજ્ઞી | **સંજ્ઞી અસંજ્ઞી–** જીવ, ૨૪ દંડક | × | × | ✓ |
| | | **નોસંજ્ઞી નોઅસંજ્ઞી–** મનુષ્ય | ✓ | × | × |
| | | **નોસંજ્ઞી નોઅસંજ્ઞી–** સિદ્ધ | × | ✓ | × |
| ૫ | લેશ્યા | **સલેશી, છ લેશી–** જીવ, ૨૪ દંડક | × | × | ✓ |
| | | **અલેશી–** જીવ, સિદ્ધ | × | ✓ | × |
| | | **અલેશી–** મનુષ્ય | ✓ | × | × |
| ૬ | દૃષ્ટિ | **સમ્યગ્દૃષ્ટિ–** ૧૯ દંડક | × | × | ✓ |
| | | **સમ્યગ્દૃષ્ટિ–** સિદ્ધ | × | ✓ | × |
| | | **મિથ્યાદૃષ્ટિ–** જીવ, ૨૪ દંડક | × | × | ✓ |
| | | **મિશ્ર દૃષ્ટિ–** જીવ, ૧૬ દંડક | × | × | ✓ |
| ૭ | સંયત | **સંયત–** જીવ, મનુષ્ય | × | × | ✓ |
| | | **અસંયત–** જીવ, ૨૪ દંડક | × | × | ✓ |
| | | **સંયતાસંયત–** જીવ, તિર્યંચપંચે. મનુષ્ય | × | × | ✓ |
| | | **નોસંયત નોઅસંયત૦** – સિદ્ધ | × | ✓ | × |
| ૮ | કષાય | **સકષાયી–** જીવ, ૨૪ દંડક | × | × | ✓ |
| | | **ચાર કષાય–** જીવ, ૨૪ દંડક | × | × | ✓ |
| | | **અકષાયી–** જીવ, મનુષ્ય | × | × | ✓ |
| | | **અકષાયી–** સિદ્ધ | × | ✓ | × |
| ૯ | જ્ઞાન | **પ્રથમ ચાર જ્ઞાન–** ૧૯ દંડક | × | × | ✓ |
| | | **કેવળજ્ઞાન–** મનુષ્ય | ✓ | × | × |
| | | **કેવળજ્ઞાન–** જીવ, સિદ્ધ | × | ✓ | × |
| | | **ત્રણ અજ્ઞાન–** જીવ, ૨૪ દંડક | × | × | ✓ |

| ક્રમ | દ્વાર | ઉત્તર ભેદ | ચરમ | અચરમ | કદાચિત્ ચ.-અચ. |
|---|---|---|---|---|---|
| | | **સમુચ્ચય જ્ઞાની–** જીવ, ૨૪ દંડક | × | × | ✓ |
| | | **સમુચ્ચય અજ્ઞાની–** જીવ, ૨૪ દંડક | × | × | ✓ |
| ૧૦ | યોગ | **સયોગી, ત્રણ યોગ–** જીવ, ૨૪ દંડક | × | × | ✓ |
| | | **અયોગી–** મનુષ્ય | ✓ | × | × |
| | | **અયોગી–** જીવ, સિદ્ધ | × | ✓ | × |
| ૧૧ | ઉપયોગ | **બંને ઉપયોગ–** જીવ, ૨૪ દંડક | × | × | ✓ |
| | | **બંને ઉપયોગ–** સિદ્ધ | × | ✓ | × |
| ૧૨ | વેદ | **સવેદી, ત્રણ વેદ–** જીવ, ૨૪ દંડક | × | × | ✓ |
| | | **અવેદી–** જીવ, મનુષ્ય | × | × | ✓ |
| | | **અવેદી–** સિદ્ધ | × | ✓ | × |
| ૧૩ | શરીર | **સશરીરી–** જીવ, ૨૪ દંડક | × | × | ✓ |
| | | **પાંચ શરીરી–** જીવ, યોગ્ય દંડક | × | × | ✓ |
| | | **અશરીરી–** સિદ્ધ | × | ✓ | × |
| ૧૪ | પર્યાપ્તિ | **૫, પર્યાપ્તિ–** જીવ, યોગ્ય દંડક | × | × | ✓ |
| | | **૫, અપર્યાપ્તિ–** જીવ, યોગ્ય દંડક | × | × | ✓ |

## ॥ શતક ૧૮/૧ સંપૂર્ણ ॥

# શતક–૧૮ : ઉદ્દેશક–૨

## વિશાખા

**વિશાખા નગરીમાં ભગવાનનું સમોસરણ :–**

**૧** **तेणं कालेणं तेणं समएणं विसाहा णामं णयरी होत्था, वण्णओ। बहुपुत्तिए चेइए, वण्णओ । सामी समोसढे** *जाव* **पज्जुवासइ । तेणं कालेणं तेणं समएणं सक्के देविंदे देवराया वज्जपाणी पुरंदरे, एवं जहा सोलसमसए बिइयउद्देसए तहेव दिव्वेणं जाणविमाणेणं आगओ । णवरं एत्थ आभियोगा वि अत्थि** *जाव* **बत्तीसइविहं णट्टविहिं उवदंसेइ, उवदंसेत्ता** *जाव* **पडिगए ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે વિશાખા નામની નગરી હતી. ત્યાં બહુપુત્રિક નામનું ઉદ્યાન હતું. નગરી અને ઉદ્યાનનું વર્ણન ઔપપાતિક સૂત્ર પ્રમાણે જાણવું. એક સમયે ત્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા, પરિષદ એકઠી થઈ અને પર્યુપાસના કરવા લાગી. તે કાલે, તે સમયે શક્ર, દેવેન્દ્ર દેવરાજ, વજ્રપાણિ, પુરંદર ઇત્યાદિ વિશેષણયુક્ત શક્રેન્દ્ર શતક-૧૬/૨ અનુસાર દિવ્ય યાનમાં બેસીને ત્યાં આવ્યા. વિશેષતા એ છે કે અહીં આભિયોગિક દેવો પણ સાથે હતા, ઇન્દ્રે બત્રીસ પ્રકારની નાટ્યવિધિ બતાવી અને જે દિશામાંથી આવ્યા હતા, તે દિશામાં પાછા ફરી ગયા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં વિશાખા નગરીમાં પ્રભુનું પદાર્પણ, શક્રેન્દ્રનું ત્યાં આગમન અને ૩૨ પ્રકારની નાટ્યવિધિના પ્રદર્શનનું નિરૂપણ છે.

**जाणविमाणेणं :–** પ્રસ્તુત સૂત્રમાં શક્રેન્દ્ર દિવ્ય-યાનમાં બેસીને આવ્યા તેવો ઉલ્લેખ છે. વૈમાનિક દેવોના વિમાન બે પ્રકારના છે. એક વિમાન તેના પરિવાર સહિતના આવાસરૂપ હોય છે અને બીજા પ્રકારનું વિમાન તેની મુસાફરીનું હોય છે, તેને યાન વિમાન કહે છે. અહીં બીજા પ્રકારના વિમાનનો ઉલ્લેખ છે.

**શક્રેન્દ્રનો પૂર્વભવ : કાર્તિક શ્રેષ્ઠી :–**

**૨** **भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं** *जाव* **एवं वयासी– एवं जहा तईयसए ईसाणस्स वत्तव्वया तहेव कूडागारदिट्ठंतो, तहेव पुव्वभवपुच्छा** *जाव* **अभिसमण्णागया ?**

**गोयमा ! त्ति समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी– एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहे वासे हत्थिणापुरे णामं णयरे होत्था, वण्णओ । सहस्संबवणे उज्जाणे, वण्णओ । तत्थ णं हत्थिणापुरे णयरे कत्तिए णामं सेट्ठी**

**परिवसइ, अड्ढे** *जाव* **अपरिभूए; णेगमपढमासणिए, णेगमट्ठसहस्सस्स बहुसु कज्जेसु य कारणेसु य कोडुंबेसु य एवं जहा रायप्पसेणइज्जे चित्ते** *जाव* **चक्खुभूए, णेगमट्ठसहस्सस्स सयस्स य कुडुंबस्स आहेवच्चं** *जाव* **कारेमाणे पालेमाणे, समणोवासए, अभिगयजीवाजीवे** *जाव* **विहरइ ।**

**શબ્દાર્થ :– कज्जेसु** = ગૃહનિર્માણ તથા સ્વજન સન્માન આદિ કાર્યોમાં **कारणेसु** = અભીષ્ટ વાતોના કારણોમાં, અથવા કૃષિ, પશુપાલન, વાણિજ્યાદિ અભીષ્ટ વસ્તુઓની પ્રાપ્તિના કારણોમાં **कोडुंबेसु** = કૌટુંમ્બિક મનુષ્યોના વિષયમાં **णेगमपढमासणिए** = વ્યાપારીઓમાં પ્રથમ સ્થાન રાખનારા.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ પ્રકારે સંબોધિત કરીને ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને પૂછ્યું– જે રીતે શતક-૩/૧માં ઈશાનેન્દ્રનું વર્ણન છે તે જ રીતે અહીં પણ શક્રેન્દ્ર સંબંધી વર્ણનમાં કૂટાગાર શાળાનું દષ્ટાંત અને પૂર્વભવ સંબંધી પ્રશ્ન સમજવો ***યાવત્*** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે શક્રેન્દ્રને તે દિવ્ય ઋદ્ધિ સમ્મુખ થઈ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ રીતે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમ સ્વામીને સંબોધન કરીને કહ્યું– તે કાલે, તે સમયે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નામનું નગર હતું. ત્યાં સહસ્રામ્રવન ઉદ્યાન હતું. તે હસ્તિનાપુર નગરમાં 'કાર્તિક' નામના શ્રેષ્ઠી રહેતા હતા. જે ધનિક ***યાવત્*** અપરાભૂત હતા. તેને વણિકોમાં અગ્રસ્થાન પ્રાપ્ત થયું હતું. તે એક હજાર આઠ વ્યાપારીઓને અનેક કાર્યોમાં, કારણોમાં અને કૌટુમ્બિક વ્યવહારોમાં પૂછવા યોગ્ય ***યાવત્*** ચક્ષુરૂપ હતા. જે રીતે રાજપ્રશ્નીય સૂત્રમાં ચિત્ત સારથીનું વર્ણન છે, તે જ રીતે અહીં પણ સમજવું જોઈએ. તે કાર્તિક શેઠ એક હજાર આઠ વ્યાપારીઓ તથા પોતાના કુટુંબ પર આધિપત્ય ભોગવતા ***યાવત્*** તેઓનું પાલન કરતા રહેતા હતા. તે જીવાજીવાદિ તત્ત્વોના જ્ઞાતા શ્રમણોપાસક હતા.

**વિવેચન :–**

**जहा रायप्पसेणइज्जे :–** રાજપ્રશ્નીય સૂત્રના પાઠ અનુસાર કાર્તિક શેઠના કેટલાક વિશેષણો આ પ્રમાણે છે– **मंतेसु** = મંત્રણા કે વિચાર વિમર્શ કરવામાં. **गुज्झेसु** = ગોપનીય વાતોના વિષયમાં, **रहस्सेसु** = સામાજિક અથવા કૌટુમ્બિક રહસ્યમય અથવા એકાંતમાં કરવા યોગ્ય વાતોમાં, **ववहारेसु** = પારસ્પરિક વ્યવહારોમાં, લેણદેણમાં, **णिच्छएसु** = નિશ્ચયોમાં–કેટલીક વાતોના નિર્ણયમાં, **मेढीभूए** = મેઢીભૂત–જે રીતે ભૂસામાંથી ધાન્ય કાઢવા માટે ખળાની મધ્યમાં એક સ્તંભ સ્થિત કરાય છે. જેને કેન્દ્રમાં રાખીને બળદ ચારે તરફ ફરે છે. તે રીતે જેને કેન્દ્રમાં રાખીને સર્વ કુટુંબીજનો અને વ્યાપારીઓ વિચાર વિમર્શ કરે છે, તે કેન્દ્રભૂત વ્યક્તિને મેઢીભૂત કહે છે. **पमाणं** = પ્રત્યક્ષાદિ પ્રમાણની જેમ જેની વાત પ્રમાણિત થાય છે. તેને પ્રમાણભૂત માનીને ઉચિતકાર્યમાં પ્રવૃત્તિ અને અનુચિત કાર્યથી નિવૃત્તિ થાય છે. **आहारे**–આધાર = જેમ આધાર, આધેયને ઉપકારક બને છે, તે જ રીતે જે વ્યક્તિ આધાર લેનારને સર્વ કાર્યોમાં ઉપકારી બને છે. **आलंबणं** = આલમ્બન–સહારો–વિપત્તિ કે પતનની ગર્તામાં પડતા જીવોને રસ્સી આદિની જેમ જે સહાયભૂત હોય તે. **चक्खुभूए** = ચક્ષુભૂત પથ પ્રદર્શક, પ્રવૃત્તિ-નિવૃત્તિ રૂપ વિવિધ કાર્યોમાં જે પથપ્રદર્શક હોય તે.

**શ્રી મુનિસુવ્રત સ્વામી પાસેથી ધર્મકથા શ્રવણ :–**

**૩ तेणं कालेणं तेणं समएणं मुणिसुव्वए अरहा आइगरे जहा सोलसमसए तहेव** *जाव*

**समोसढे** *जाव* **परिसा पज्जुवासइ । तएणं से कत्तिए सेट्ठी इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठतुट्ठे, एवं जहा एक्कारसमसए सुदंसणे तहेव णिग्गओ** *जाव* **पज्जुवासइ । तएणं मुणिसुव्वए अरहा कत्तियस्स सेट्ठिस्स धम्मकहा** *जाव* **परिसा पडिगया ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે ધર્મની આદિ કરનાર ઈત્યાદિ શતક-૧૬/૫ ના વર્ણનાનુસાર શ્રી મુનિસુવ્રત તીર્થંકર ત્યાં પધાર્યા. પરિષદ પર્યુપાસના કરવા લાગી. કાર્તિક શેઠ ભગવાનના પદાર્પણને સાંભળીને અત્યંત પ્રસન્ન થયા, શતક-૧૧/૧૧ માં કથિત સુદર્શન શેઠની સમાન વંદન કરવા માટે નીકળ્યા. પ્રભુ પાસે જઈને, વંદન નમસ્કાર કરીને તે પ્રભુની પર્યુપાસના કરવા લાગ્યા. ભગવાન મુનિસુવ્રત સ્વામીએ તે મહાન પરિષદ અને કાર્તિક શેઠને ધર્મકથા કહી. પરિષદ પાછી ફરી ગઈ.

**કાર્તિક શેઠની ધર્મશ્રદ્ધા :–**

**૪ तएणं से कत्तिए सेट्ठी मुणिसुव्वए** *जाव* **णिसम्म हट्ठतुट्ठे उट्ठाए उट्ठेइ, उट्ठाए उट्ठेत्ता मुणिसुव्वयं** *जाव* **एवं वयासी– एवमेयं भंते !** *जाव* **से जहेयं तुब्भे वदह, जं णवरं देवाणुप्पिया ! णेगमट्ठसहस्सं आपुच्छामि, जेट्ठपुत्तं च कुडुंबे ठावेमि, तएणं अहं देवाणुप्पियाणं अंतियं पव्वयामि । अहासुहं** *जाव* **मा पडिबंधं ।**

**ભાવાર્થ :–** કાર્તિક શેઠ ભગવાન મુનિસુવ્રત સ્વામી પાસેથી ધર્મ સાંભળીને, અવધારણ કરીને પ્રસન્ન અને સંતુષ્ટ થઈને ઊભા થયા અને વિનયપૂર્વક કહ્યું– હે ભગવન્ ! આપનું પ્રવચન યથાર્થ છે. હું મારા એક હજાર આઠ મિત્રોને પૂછીને અને જ્યેષ્ઠ પુત્રને કુટુંબનો ભાર સોંપીને, આપની પાસે પ્રવ્રજિત થવાની ઈચ્છા રાખું છું. ત્યારે પ્રભુએ કહ્યું– હે દેવાનુપ્રિય ! જે રીતે આપને સુખ થાય તે રીતે કરો, ધર્મ સાધનામાં વિલંબ ન કરો.

**વ્યાપારીઓ સાથે સંયમ સ્વીકારવાની વિચારણા :–**

**૫ तए णं से कत्तिए सेट्ठी** *जाव* **पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव हत्थिणापुरे णयरे जेणेव सए गेहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता णेगमट्ठसहस्सं सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! मए मुणिसुव्वयस्स अरहओ अंतियं धम्मे णिसंते, से वि य मे धम्मे इच्छिए, पडिच्छिए, अभिरुइए । तएणं अहं देवाणुप्पिया ! संसारभयुव्विग्गे** *जाव* **पव्वयामि, तं तुब्भे णं देवाणुप्पिया ! किं करेइ, किं ववसइ, किं भे हियइच्छिए, किं भे सामत्थे ? तएणं तं णेगमट्ठसहस्सं पि कत्तियं सेट्ठिं एवं वयासी– जइ णं तुब्भे देवाणुप्पिया ! संसारभयुव्विग्गा** *जाव* **पव्वइस्संति, अम्हं देवाणुप्पिया ! किं अण्णे आलंबणे वा, आहारे वा, पडिबंधे वा ? अम्हे वि णं देवाणुप्पिया ! संसारभयुव्विग्गा भीया जम्मणमरणाणं देवाणुप्पिएहिं सद्धिं मुणिसुव्वयस्स अरहओ अंतियं मुंडा भवित्ता अगाराओ** *जाव* **पव्वयामो ।**

**ભાવાર્થ :–** કાર્તિક શેઠ તે ધર્મ પરિષદમાંથી નીકળીને હસ્તિનાપુર નગરમાં પોતાને ઘેર આવ્યા. ઘેર આવીને પોતાના એક હજાર આઠ વ્યાપારી મિત્રોને બોલાવીને કહ્યું કે– હે દેવાનુપ્રિયો ! મેં અરિહંત

મુનિસુવ્રત સ્વામી પાસેથી ધર્મ સાંભળ્યો છે. તે ધર્મ મને ઈષ્ટ, વિશેષ ઈષ્ટ અને પ્રિય લાગ્યો છે. હે દેવાનુપ્રિયો ! હું તે ધર્મને સાંભળીને સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છું. હું તેમની સમીપે પ્રવ્રજ્યા અંગીકાર કરવાની ઈચ્છા રાખું છું. તમે શું કરવા ઈચ્છો છો ? શું પ્રવૃત્તિ કરવા ઈચ્છો છો, તમને શું ઈષ્ટ છે અને તમારું શું સામર્થ્ય છે?

તે એક હજાર આઠ વ્યાપારીઓએ કાર્તિક શેઠને કહ્યું– હે દેવાનુપ્રિય ! જો આપ સંસારનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા ગ્રહણ કરશો, તો અમારે માટે અહીં બીજું કોણ આલંબન છે, કોનો આધાર છે અને કોનો પ્રતિબંધ છે ? અર્થાત્ અમોને કોણ રોકનાર છે ? તેથી હે દેવાનુપ્રિય ! અમે પણ સંસારના ભયથી ઉદ્વિગ્ન થયા છીએ તથા જન્મ અને મરણથી ભયભીત થયા છીએ. અમે પણ આપની સાથે આગારવાસનો ત્યાગ કરીને અરિહંત મુનિસુવ્રત સ્વામી પાસે મુંડિત થઈને પ્રવ્રજ્યા ગ્રહણ કરશું.

**સંયમ સ્વીકારવાની પૂર્વ તૈયારી :–**

**૬ तएणं से कत्तिए सेट्ठी तं णेगमट्ठसहस्सं एवं वयासी– जइ णं देवाणुप्पिया ! संसारभयुव्विग्गा भीया जम्मणमरणाणं मए सद्धिं मुणिसुव्वयस्स *जाव* पव्वयह, तं गच्छह णं तुब्भे देवाणुप्पिया ! सएसु गिहेसु, विपुलं असणं *जाव* उवक्खडावेह, मित्तणाई *जाव* जेट्ठपुत्तं कुडुंबे ठावेह, ठावेत्ता तं मित्तणाइ *जाव* जेट्ठपुत्ते आपुच्छह, आपुच्छेत्ता पुरिससहस्सवाहिणीओ सीयाओ दुरूहह, दुरूहित्ता मित्तणाई *जाव* परिजणेणं जेट्ठपुत्तेहिं य समणुगम्ममाणमग्गा सव्वड्ढीए *जाव* रवेणं अकालपरिहीणं चेव मम अंतियं पाउब्भवह।**

**શબ્દાર્થ :– पाउब्भवह** = પ્રગટ થાઓ **अकालपरिहीणं** = વિલંબ કરતા નથી.

**ભાવાર્થ :–** મિત્રોનો અભિપ્રાય જાણીને કાર્તિક શેઠે તેમને કહ્યું– હે દેવાનુપ્રિયો ! જો તમે પણ સંસાર ભયથી ઉદ્વિગ્ન થયા છો, મારી સાથે અરિહંત મુનિસુવ્રત સ્વામી પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરવાની ઈચ્છા રાખો છો, તો પોત-પોતાના ઘેર જાઓ અને વિપુલ પ્રમાણમાં ભોજન, પાણી તૈયાર કરાવો; મિત્ર, જ્ઞાતિજનો આદિને આમંત્રણ આપીને ભોજન કરાવો, પોત-પોતાના જ્યેષ્ઠ પુત્રને પોતાના કુટુંબમાં સ્થાપિત કરો. ત્યાર પછી જ્યેષ્ઠ પુત્રને કુટુંબનો ભાર સોંપીને તથા તે મિત્રાદિ અને જ્યેષ્ઠ પુત્રને પૂછીને, એક હજાર આઠ પુરુષો દ્વારા વહન કરવા યોગ્ય શિબિકામાં બેસીને તે મિત્રાદિ દ્વારા તથા જ્યેષ્ઠ પુત્ર દ્વારા અનુસરણ કરાતા, સર્વ ઋદ્ધિપૂર્વક, વાદ્યોના ઘોષપૂર્વક વિલંબ રહિત મારી પાસે આવો.

**૭ तएणं ते णेगमट्ठसहस्सं पि कत्तियस्स सेट्ठिस्स एयमट्ठं विणएणं पडिसुणेइ, पडिसुणेत्ता जेणेव साइं साइं गिहाइं तेणेव उवागच्छंति, उवागच्छित्ता विउलं असणं *जाव* उवक्खडावेंति, उवक्खडावेत्ता *जाव* जेट्ठपुत्ते कुडुंबे ठावेंति, ठावेत्ता तं मित्तणाई *जाव* जेट्ठपुत्ते य आपुच्छंति, आपुच्छेत्ता पुरिससहस्सवाहिणीओ सीयाओ दुरूहित्ता मित्तणाई *जाव* परिजणेणं जेट्ठपुत्तेहि य समणु-गम्ममाण-मग्गा सव्विड्ढीए *जाव* रवेणं अकालपरिहीणं चेव कत्तियस्स सेट्ठिस्स अंतियं पाउब्भवंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે ૧૦૦૮ વ્યાપારીઓએ કાર્તિક શેઠના કથનને વિનયપૂર્વક સાંભળ્યું. તે સર્વ વણિકો પોત-પોતાના ઘેર ગયા અને વિપુલ અશનાદિ તૈયાર કરાવ્યા, તૈયાર કરાવીને પોતાના મિત્ર જ્ઞાતિ-સ્વજનોને બોલાવીને તેની સમક્ષ જ્યેષ્ઠ પુત્રને કુટુંબનો ભાર સોંપ્યો અને તે મિત્રાદિ તથા જ્યેષ્ઠ

પુત્રને પૂછીને હજાર પુરુષો દ્વારા વહન કરવા યોગ્ય શિબિકામાં બેસીને માર્ગમાં મિત્ર, જ્ઞાતિજનો, પરિજનો આદિ અને જ્યેષ્ઠ પુત્ર દ્વારા અનુસરણ કરાતાં ***યાવત્*** સર્વ ઋદ્ધિપૂર્વક વાદ્યોના ઘોષપૂર્વક તેઓ શીઘ્ર કાર્તિક શેઠ પાસે ઉપસ્થિત થયા.

**એક હજાર આઠ મિત્રો સાથે દીક્ષા :–**

**૮ तएणं से कत्तिए सेट्ठी विपुलं असणं** *जाव* **साइमं एवं जहा गंगदत्तो तहा मित्तणाइ** *जाव* **परिजणेणं जेट्ठपुत्तेणं णेगमट्ठसहस्सेण य समणुगम्ममाणमग्गे सव्वड्ढीए** *जाव* **रवेणं हत्थिणापुरं णयरं मज्झंमज्झेणं जहा गंगदत्तो** *जाव* **आलित्ते णं भंते ! लोए, पलित्ते णं भंते! लोए, आलित्तपलित्ते णं भंते ! लोए** *जाव* **आणुगामियत्ताए भविस्सइ, तं इच्छामि णं भंते! णेगमट्ठसहस्सेण सद्धिं सयमेव पव्वावियं** *जाव* **धम्ममाइक्खियं । तएणं मुणिसुव्वए अरहा कत्तियं सेट्ठिं णेगमट्ठसहस्सेणं सद्धिं सयमेव पव्वावेइ** *जाव* **धम्ममाइक्खइ– एवं देवाणुप्पिया ! गंतव्वं, एवं चिट्ठियव्वं** *जाव* **संजमियव्वं ।**

**ભાવાર્થ :–** કાર્તિક શેઠે પણ ગંગદત્તની સમાન વિપુલ અશનાદિ તૈયાર કરાવ્યા. ઈત્યાદિ વર્ણન પૂર્વવત્ જાણવું. મિત્ર-જ્ઞાતિ, પરિવાર અને જ્યેષ્ઠ પુત્ર તથા એક હજાર આઠ વ્યાપારીઓ દ્વારા અનુસરણ કરાતા, સર્વ ઋદ્ધિપૂર્વક, વાદ્યોના ઘોષપૂર્વક, કાર્તિક શેઠ ગંગદત્તની સમાન નીકળ્યા અને હસ્તિનાપુર નગરની મધ્યમાં થઈને ભગવાન મુનિસુવ્રત સ્વામીની સમીપે આવ્યા, આવીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! આ સંસાર ચારે તરફ બળી રહ્યો છે, હે ભગવન્ ! આ સંસાર અત્યંત પ્રજ્વલિત થઈ રહ્યો છે, ચારે તરફથી અત્યંત પ્રજ્વલિત થઈ રહ્યો છે, હું આ પ્રજ્વલિત સંસારનો ત્યાગ કરીને આ એક હજાર આઠ વણિક મિત્રો સહિત આપની પાસે સંયમ સ્વીકાર કરવાની ઈચ્છા રાખું છું અને આપની સમીપે ધર્મશ્રવણ કરવાની ઈચ્છા રાખું છું.

શ્રી મુનિસુવ્રત સ્વામીએ કાર્તિક શેઠ અને એક હજાર આઠ વણિકોને પ્રવ્રજિત કર્યા ***યાવત્*** ધર્મ સંભળાવ્યો– હે દેવાનુપ્રિયો ! આ રીતે ચાલવું જોઈએ. આ રીતે ઊભુ રહેવું જોઈએ ***યાવત્*** આ રીતે સંયમનું પાલન કરવું જોઈએ.(સંક્ષિપ્ત પાઠ શતક ૨/૧ સ્કંદકાધિકારથી જાણવું.)

**સંયમ-તપ સાધના અને આરાધના :–**

**૯ तए णं से कत्तिए सेट्ठी णेगमट्ठसहस्सेण सद्धिं मुणिसुव्वयस्स अरहओ इमं एयारूवं धम्मियं उवदेसं सम्मं पडिवज्जइ, तमाणाए तहा गच्छइ** *जाव* **संजमेइ । तएणं से कत्तिए सेट्ठी णेगमट्ठसहस्सेणं सद्धिं अणगारे जाए– ईरियासमिए** *जाव* **गुत्तबंभयारी । तएणं से कत्तिए अणगारे मुणिसुव्वयस्स अरहओ तहारूवाणं थेराणं अंतियं सामाइयमाइयाइं चोद्दस पुव्वाइं अहिज्जइ, अहिज्जित्ता बहूहिं चउत्थ छट्ठ-ट्ठम** *जाव* **अप्पाणं भावेमाणे बहुपडिपुण्णाइं दुवालस वासाइं सामाण्ण-परियागं पाउणइ, पाउणित्ता मासियाए संलेहणाए अत्ताणं झोसेइ, झोसित्ता सट्ठिं भत्ताइं अणसणाए छेदेइ, छेदेत्ता आलोइय पडिक्कंते कालमासे कालं किच्चा सोहम्मे कप्पे सोहम्मवडेंसए विमाणे उववायसभाए देवसयणिज्जंसि** *जाव* **सक्के देविंदत्ताए**

**उववण्णे । तए णं से सक्के देविंदे देवराया अहुणोववण्णमित्तए सेसं जहा गंगदत्तस्स** *जाव* **सव्व दुक्खाणं अंतं काहिइ, णवरं ठिई दो सागरोवमाइं, सेसं तं चेव ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** કાર્તિક શેઠ અને એક હજાર વણિકોએ ભગવાન શ્રી મુનિસુવ્રત દ્વારા ઉપદિષ્ટ ધર્મોપદેશનો સમ્યક્ પ્રકારે સ્વીકાર કર્યો અને ભગવાનની આજ્ઞા અનુસાર આચરણ કરવા લાગ્યા ***યાવત્*** સંયમનું પાલન કરવા લાગ્યા.

તે કાર્તિક શેઠ એક હજાર આઠ વણિકોની સાથે અણગાર બનીને ઈર્યાસમિતિથી યુક્ત **યાવત્** ગુપ્ત બ્રહ્મચારી બન્યા. કાર્તિક અણગારે ભગવાન મુનિસુવ્રત સ્વામીના તથારૂપના સ્થવિરોની પાસે(સંયમ-નિયમને અનુરૂપ આચરણ કરનારા તેમજ સ્થવિરોના ગુણોથી યુક્ત વડીલ-વૃદ્ધ સંતોની સાંનિધ્યમાં) સામાયિકથી પ્રારંભ કરીને ચૌદ પૂર્વનું અધ્યયન કર્યું અને અનેક ઉપવાસ, છઠ, અટ્ઠમ આદિ તપસ્યાથી આત્માને ભાવિત કરતા સંપૂર્ણ બાર વર્ષ સુધી શ્રમણ પર્યાયનું પાલન કર્યું. ત્યાર પછી કાર્તિક અણગારે એક માસની સંલેખના દ્વારા પોતાના આત્માને ઝોષિત કરીને, સાઠ ભક્ત અનશનનું છેદન કરીને, આલોચના પ્રતિક્રમણ કરીને, યથા સમયે કાલધર્મ પ્રાપ્ત કરીને સૌધર્મકલ્પમાં સૌધર્મવતંસક વિમાનમાં રહેલી ઉપપાત સભાની દેવશય્યામાં ***યાવત્*** દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્રપણે ઉત્પન્ન થયા. ઉત્પન્ન થયેલા દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્રની સર્વ વક્તવ્યતા ગંગદત્તની સમાન કહેવી જોઈએ. ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે. શક્રેન્દ્રની સ્થિતિ બે સાગરોપમની છે. શેષ સર્વ કથન ગંગદત્તની સમાન છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**॥ શતક ૧૮/૨ સંપૂર્ણ ॥**

# શતક–૧૮ : ઉદ્દેશક–૩

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં પૃથ્વી, પાણી અને વનસ્પતિના જીવોની અનંતરભવમાં મુક્તિ, નિર્જરાના પુદ્ગલોની સૂક્ષ્મતા, તેનું જ્ઞાન અને આહારરૂપે ગ્રહણ, તેમજ બંધના ભેદ-પ્રભેદ વિષયક માકન્દીયપુત્ર અણગારના પ્રશ્નો ઇત્યાદિ વિષયો સંગ્રહિત છે.

★ કૃષ્ણલેશી, નીલલેશી કે કાપોતલેશી પૃથ્વી, પાણી કે વનસ્પતિકાયના જીવો મરીને મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે. ત્યાર પછી ક્રમશઃ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષે જઈ શકે છે.

★ કેવળી ભગવાનના ચરમ નિર્જરાના પુદ્ગલો અત્યંત સૂક્ષ્મ હોય છે તે સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત થઈ જાય છે. તેને નારકો, ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષી દેવો, પાંચ સ્થાવરના જીવો, ત્રણ વિકલેન્દ્રિય કે તિર્યંચ પંચેન્દ્રિયો જાણી શકતા નથી. કારણ કે તે જીવોને વિશિષ્ટ અવધિજ્ઞાન નથી. વિશિષ્ટ અવધિજ્ઞાની મનુષ્યો જ્યારે જ્ઞાનના ઉપયોગ સહિત હોય ત્યારે તેઓ જાણી શકે છે અને વૈમાનિક દેવોમાં જે સમ્યગ્-દષ્ટિ, પરંપરોપપન્નક, પર્યાપ્ત અને અવધિજ્ઞાનના ઉપયોગ સહિત હોય તે દેવો જાણી શકે છે. સંસારના સમસ્ત જીવો તે પુદ્ગલોને જાણે કે ન જાણે પરંતુ તેને આહારરૂપે ગ્રહણ કરે છે.

★ બંધના મુખ્ય બે ભેદ છે– દ્રવ્યબંધ અને ભાવ બંધ. (૧) **દ્રવ્યબંધ–** ગુંદ આદિ ચીકણા પદાર્થથી અથવા રસ્સી આદિથી બે વસ્તુનો જે અન્યોન્ય બંધ થાય તેને **દ્રવ્યબંધ** કહે છે, તેના બે ભેદ છે– વિસ્રસાબંધ અને પ્રયોગબંધ.

જે બંધ જીવના પ્રયત્ન વિના સ્વાભાવિકરૂપે થતો હોય તેને **વિસ્રસાબંધ** કહે છે. તેના બે ભેદ છે– સાદિ અને અનાદિ. મેઘધનુષના વિવિધ રંગો, વાદળા વગેરે સાદિ વિસ્રસાબંધ છે અને ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોના પ્રદેશોનો અનાદિ વિસ્રસા બંધ છે.

જે બંધ જીવના પ્રયત્નથી થાય તેને **પ્રયોગબંધ** કહે છે. તેના બે ભેદ છે– શિથિલ પ્રયોગબંધ અને ગાઢ પ્રયોગબંધ. ઘાસના પૂળાનો શિથિલ પ્રયોગબંધ છે અને રથના ચક્ર વગેરેનો ગાઢ પ્રયોગ બંધ છે.

(૨) **ભાવબંધ–** મિથ્યાત્વાદિ જીવના પરિણામથી કર્મોનો જે બંધ થાય તેને **ભાવબંધ** કહે છે. તેના બે ભેદ છે. મૂલ પ્રકૃતિબંધ અને ઉત્તર પ્રકૃતિબંધ. મૂલ પ્રકૃતિબંધના જ્ઞાનાવરણીયાદિ આઠ ભેદ છે. ઉત્તર પ્રકૃતિબંધના ૧૨૦ ભેદ છે.

★ જીવે જે પાપકર્મનો બંધ ભૂતકાળમાં કર્યો છે, વર્તમાનમાં કરે છે અને ભવિષ્યમાં કરશે તેમાં તેના પરિણામોની તરતમતાના કારણે ભેદ હોય છે.

જેમ એક જ વ્યક્તિ બાણ ફેંકતી હોય તો પણ તેના પ્રયત્નની તરતમતાના આધારે બાણના કંપનમાં તરતમતા થાય છે. તે જ રીતે ૨૪ દંડકના જીવોના કૃત, ક્રિયમાણ અને કરિષ્યમાણ પાપકર્મોમાં ભિન્નતા હોય છે.

આ રીતે માકંદીયપુત્ર અણગારના પ્રશ્નો સાથે ઉદ્દેશક પૂર્ણ થાય છે.

❖❖❖❖❖

# શતક–૧૮ : ઉદ્દેશક–૩

## માકન્દિય

**માકન્દીય પુત્રના પ્રશ્નો :–**

**૧ तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे होत्था, वण्णओ । गुणसीलए चेइए, वण्णओ । सामी समोसरिए** *जाव* **परिसा पडिगया । तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी मागंदियपुत्ते णामं अणगारे पगइभद्दे, जहा मंडियपुत्ते** *जाव* **पज्जुवासमाणे एवं वयासी–**

**से णूणं भंते ! काउलेस्से पुढविकाइए काउलेस्सेहिंतो पुढविकाइएहिंतो अणंतरं उव्वट्टित्ता माणुसं विग्गहं लभइ, लभित्ता केवलं बोहिं बुज्झइ, बुज्झित्ता तओ पच्छा सिज्झइ** *जाव* **सव्व दुक्खाणं अंतं करेइ ?**

**हंता मागंदियपुत्ता ! काउलेस्से पुढविकाइए** *जाव* **सव्व दुक्खाणं अंतं करेइ ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ગુણશીલ નામનું ઉદ્યાન હતું. તેનું વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર જાણવું. ત્યાં ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ વંદન કરીને પાછી ગઈ. તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી, પ્રકૃતિથી ભદ્ર માકન્દીયપુત્ર અણગારે, શતક-૩/૩માં કથિત મંડિતપુત્ર અણગારની સમાન પર્યુપાસના કરતાં, શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને આ પ્રમાણે પૂછ્યું–

**પ્રશ્ન–** હે ભગવન્ ! કાપોતલેશી પૃથ્વીકાયિક જીવ, કાપોતલેશી પૃથ્વીકાયિક જીવોમાંથી મરીને તરત જ મનુષ્ય શરીર પ્રાપ્ત કરીને શુદ્ધ સમ્યગ્ દર્શન અને ક્રમશઃ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સિદ્ધ થાય છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે ?

**ઉત્તર–** હા, માકન્દીયપુત્ર ! કાપોતલેશી પૃથ્વીકાયિક ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે.

**૨ से णूणं भंते ! काउलेसे आउकाइए काउलेसेहिंतो आउकाइएहिंतो अणंतरं उव्वट्टित्ता माणुसं विग्गहं लभइ, लभित्ता केवलं बोहिं बुज्झइ** *जाव* **सव्व दुक्खाणं अंतं करेइ ? हंता मागंदियपुत्ता !** *जाव* **सव्व दुक्खाणं अंतं करेइ ।**

**से णूणं भंते ! काउलेस्से वणस्सइकाइए, पुच्छा ? गोयमा ! एवं चेव** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કાપોતલેશી અપ્કાયિક જીવ, કાપોતલેશી અપ્કાયિક જીવોમાંથી મરીને તુરંત જ મનુષ્ય શરીર પ્રાપ્ત કરીને અને શુદ્ધ સમ્યગ્ દર્શન અને ક્રમશઃ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સિદ્ધ થાય

છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે ? **ઉત્તર–** હા, માકન્દીય પુત્ર ! ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! કાપોતલેશી વનસ્પતિકાયિક જીવ, ઇત્યાદિ પ્રશ્ન કરવો ? **ઉત્તર–** હા, ગૌતમ! પૂર્વવત્ તે જીવ ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે.

**३ सेवं भंते ! सेवं भंते ! त्ति मागंदियपुत्ते अणगारे समणं भगवं महावीरं** *जाव* **णमंसित्ता जेणेव समणे णिग्गंथे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणे णिग्गंथे एवं वयासी– एवं खलु अज्जो ! काउलेस्से पुढविकाइए तहेव** *जाव* **अंतं करेइ, एवं खलु अज्जो ! काउलेसे आउकाइए** *जाव* **अंतं करेइ, एवं खलु अज्जो ! काउलेस्से वणस्सइकाइए** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, હે ભગવન્ ! આ ભાવ આ જ પ્રકારે છે, એમ કહી માકન્દીયપુત્ર અણગાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરીને શ્રમણ નિર્ગ્રંથોની સમીપે આવ્યા અને શ્રમણ નિર્ગ્રંથોને આ પ્રમાણે કહ્યું– હે આર્યો ! કાપોતલેશી પૃથ્વીકાયિક જીવ ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે. આ રીતે હે આર્યો ! કાપોતલેશી અપ્કાયિક અને કાપોતલેશી વનસ્પતિકાયિક જીવ, ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે.

**४ तएणं ते समणा णिग्गंथा मागंदियपुत्तस्स अणगारस्स एवमाइक्खमाणस्स** *जाव* **एवं परूवेमाणस्स एयमट्ठं णो सद्दहंति** *जाव* **जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छंति, उवागच्छित्ता समणं भगवं महावीरं वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**एवं खलु भंते ! मागंदियपुत्ते अणगारे अम्हं एवमाइक्खमइ** *जाव* **परूवेइ एवं खलु अज्जो ! काउलेस्से पुढविकाइए** *जाव* **अंतं करेइ, एवं खलु अज्जो ! काउलेस्से आउक्काइए** *जाव* **अंतं करेइ, एवं वणस्सइकाइए वि** *जाव* **अंतं करेइ, से कहमेयं भंते ! एवं ?**

**अज्जो ! त्ति समणे भगवं महावीरे ते समणे णिग्गंथे आमंतित्ता एवं वयासी– जण्णं अज्जो ! मागंदियपुत्ते अणगारे तुब्भे एवं आइक्खइ** *जाव* **परूवेइ– एवं खलु अज्जो ! काउलेस्से पुढविकाइए** *जाव* **अंतं करेइ, एवं खलु अज्जो ! काउलेस्से आउक्काइए** *जाव* **अंतं करेइ, एवं खलु अज्जो ! काउलेस्से वणस्सइकाइए वि** *जाव* **अंतं करेइ, सच्चे णं एसमट्ठे अहं पि णं अज्जो एवमाइक्खामि** *जाव* **परूवेमि– एवं खलु अज्जो ! कण्हलेसे पुढविकाइए कण्हलेसेहिंतो पुढविकाइएहिंतो** *जाव* **अंतं करेइ, एवं खलु अज्जो ! णीललेस्से पुढविकाइए** *जाव* **अंतं करेइ, एवं काउलेस्से वि, जहा पुढविकाइए एवं आउकाइए वि, एवं वणस्सइकाइए वि, सच्चे णं एसमट्ठे ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે શ્રમણ નિર્ગ્રંથોએ માકન્દીયપુત્ર અણગારના પૂર્વોક્ત કથનની, પૂર્વોક્ત પ્રરૂપણાની શ્રદ્ધા, પ્રતીતિ કે રુચિ કરી નહીં. પૂર્વોક્ત કથનની શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ ન કરતાં તે શ્રમણો, શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની સમીપે આવ્યા. ભગવાનને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું–

**પ્રશ્ન–** હે ભગવન્ ! માકન્દીયપુત્ર અણગારે અમોને કહ્યું ***યાવત્*** પ્રરૂપણા કરી કે કાપોતલેશી

પૃથ્વીકાયિક, કાપોતલેશી અપ્કાયિક અને કાપોતલેશી વનસ્પતિકાયિક જીવ ત્યાંથી મરીને, તુરંત મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને સર્વ દુઃખોનો અંત કરે છે. હે ભગવન્ ! શું આ કથન સત્ય છે ?

**ઉત્તર–** હે આર્યો ! આ પ્રકારે સંબોધિત કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ તે શ્રમણ નિર્ગ્રંથોને કહ્યું– માકન્દીય પુત્ર અણગારે તમોને જે આ પ્રમાણે કહ્યું ***યાવત્*** પ્રરૂપિત કર્યું કે કાપોતલેશી પૃથ્વીકાયિક, કાપોતલેશી અપ્કાયિક, કાપોતલેશી વનસ્પતિકાયિક ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે– આ કથન સત્ય છે. હે આર્યો ! હું પણ આ પ્રકારે કહું છું ***યાવત્*** પ્રરૂપણા કરું છું કે કૃષ્ણલેશી પૃથ્વીકાયિક, કૃષ્ણલેશી પૃથ્વીકાયિકોમાંથી મરીને મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે, હે આર્યો! આ જ રીતે નીલલેશી અને કાપોતલેશી પૃથ્વીકાયિક જીવ પણ મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને ***યાવત્*** સમસ્ત દુઃખોનો અંત કરે છે. આ જ રીતે અપ્કાયિક અને વનસ્પતિકાયિક પણ મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને, સર્વ દુઃખોનો અંત કરે છે. આ કથન સત્ય છે.

**૫ सेवं भंते ! सेवं भंते ! त्ति समणा णिग्गंथा समणं भगवं महावीरं वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता जेणेव मागंदियपुत्ते अणगारे तेणेव उवागच्छंति, उवागच्छित्ता मागंदियपुत्तं अणगारं वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता एयमट्ठं सम्मं विणएणं भुज्जो भुज्जो खामेंति ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. એમ કહી તે શ્રમણ નિર્ગ્રંથોએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કર્યા અને માકન્દીયપુત્ર અણગારની સમીપે આવીને તેને વંદન-નમસ્કાર કરીને તેના કથન પર સંદેહ કરવાના કારણે તેની સમ્યક્ પ્રકારે વિનયપૂર્વક વારંવાર ક્ષમાયાચના કરી.

**વિવેચન :–**

પૃથ્વી, પાણી અને વનસ્પતિના જીવો મરીને મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને મોક્ષે જઈ શકે છે તેથી સૂત્રમાં તેની પૃચ્છા કરી છે. અગ્નિ અને વાયુના જીવો મરીને મનુષ્ય થતા નથી અને મોક્ષ પ્રાપ્ત કરતા નથી, તેથી અહીં તેની પૃચ્છા નથી.

**નિર્જરાના પુદ્‌ગલની સૂક્ષ્મતા :–**

**૬ तएणं से मागंदियपुत्ते अणगारे उट्ठाए उट्ठेइ, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**अणगारस्स णं भंते ! भावियप्पणो सव्वं कम्मं वेएमाणस्स, सव्वं कम्मं णिज्जरे-माणस्स, सव्वं मारं मरमाणस्स, सव्वं सरीरं विप्पजहमाणस्स, चरिमं कम्मं वेएमाणस्स, चरिमं कम्मं णिज्जरेमाणस्स, चरिमं मारं मरमाणस्स, चरिमं सरीरं विप्पजहमाणस्स, मारणंतियं कम्मं वेएमाणस्स, मारणंतियं कम्मं णिज्जरेमाणस्स, मारणंतियं मारं मरमाणस्स, मारणंतियं सरीरं विप्पजहमाणस्स जे चरिमा णिज्जरा-पोग्गला सुहुमा णं ते पोग्गला पण्णत्ता समणाउसो ! सव्वं लोगं पि णं ते ओगाहित्ताणं चिट्ठंति ?**

**हंता मागंदियपुत्ता ! अणगारस्स णं भावियप्पणो** *जाव* **ओगाहित्ताणं चिट्ठंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી માકન્દીયપુત્ર અણગાર પોતાની ઉત્થાન શક્તિથી ઊઠને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પાસે આવ્યા અને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું–

**પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ કર્મોને વેદતા, સર્વ કર્મોની નિર્જરા કરતા, સર્વ મરણથી મરતા અને સમસ્ત શરીરને છોડતા તથા ચરમ કર્મને વેદતા, ચરમ કર્મની નિર્જરા કરતા, ચરમ મરણથી મરતા, ચરમ શરીરને છોડતા અને મારણાંતિક કર્મોને વેદતા, મારણાંતિક કર્મોની નિર્જરા કરતા, મારણાંતિક મરણથી મરતા અને મારણાંતિક શરીરને છોડતા ભાવિતાત્મા અણગારના જે ચરમ નિર્જરાના પુદ્‌ગલો છે, શું તે પુદ્‌ગલો સૂક્ષ્મ છે? અને શું તે પુદ્‌ગલો સમગ્ર લોકને અવગાહન કરીને રહ્યા છે ?

**ઉત્તર–** હા, માકન્દીયપુત્ર ! ભાવિતાત્મા અણગારના તે ચરમ નિર્જરાના પુદ્‌ગલો સૂક્ષ્મ છે અને તે સમગ્રલોકને અવગાહન કરીને રહ્યા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નિર્જરાના પુદ્‌ગલની સૂક્ષ્મતાનું અને સમગ્ર લોકમાં તેના અવગાહનને નિરૂપિત કર્યું છે.

**ભાવિતાત્મા અણગાર :–** જ્ઞાનાદિથી જેનો આત્મા ભાવિત કે વાસિત છે તેને ભાવિતાત્મા અણગાર કહે છે. અહીં ભાવિતાત્મા અણગારથી કેવળીનું ગ્રહણ થાય છે.

કેવળી ભગવાનના અંતક્રિયા સમયના સર્વ કર્મ ક્ષયના પુદ્‌ગલો અત્યંત સૂક્ષ્મ હોય છે. તેથી તે પુદ્‌ગલો સમગ્ર લોકમાં વ્યાપ્ત થઈ શકે છે.

સૂત્રકારે અંતક્રિયા સમયના કર્મ પુદ્‌ગલોની અંતિમ અવસ્થાને સૂચિત કરવા ભિન્ન ભિન્ન વિશેષણોનો પ્રયોગ કર્યો છે.

**સર્વકર્મ વેદન** = કેવળીને ભવોપગ્રાહી ચાર(વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર) કર્મો હોય છે. તેમાંથી અહીં વેદનીય, નામ અને ગોત્ર તે ત્રણ કર્મનું ગ્રહણ થાય છે. કારણ કે આયુષ્ય કર્મનું કથન સર્વમરણના અનુસંધાનમાં કરાય છે. તેથી તે ત્રણ કર્મ સર્વકર્મ પદથી વાચ્ય છે. તે કર્મોનો અનુભવ કરવો અથવા તે કર્મોને ભોગવવા, તે સર્વકર્મ વેદન છે. **સર્વકર્મ નિર્જરા** = વિપાકોદય અને પ્રદેશોદય દ્વારા વેદન થયા પછી સર્વ ભવોપગ્રાહી કર્મોનો એકદેશથી ક્ષય થવો તે. **સર્વમરણ** = સર્વ આયુષ્ય દલિકોની અપેક્ષાએ અંતિમ મરણ સર્વમરણ છે. **સર્વ શરીર ત્યાગ** = સર્વ અર્થાત્ સ્થૂલ અને સૂક્ષ્મ સમસ્ત શરીરોનો ત્યાગ કરવો– સર્વ શરીર ત્યાગ છે.

**ચરમ કર્મ વેદન** = આયુષ્યના ચરમ સમયે વેદન કરવા યોગ્ય કર્મોનું વેદન. **ચરમ કર્મ નિર્જરા**= ચરમ કર્મોનો એક દેશથી ક્ષય થવો તે. **ચરમ મરણ** = આયુષ્ય કર્મદલિકોના ક્ષયની અપેક્ષાથી ચરમ(અંતિમ) મરણથી મૃત્યુને પ્રાપ્ત થવું તે. **ચરમ શરીર ત્યાગ** = ચરમાવસ્થામાં જે શરીર છે તેનો ત્યાગ કરવો તે.

**મારણાન્તિક કર્મ વેદન અને નિર્જરા** = સમસ્ત આયુષ્ય ક્ષયરૂપ મરણના અંતને મરણાન્ત કહે છે. તે આયુષ્યનો સર્વ અંતિમ સમય છે. મરણના અંતે જે ભવોપગ્રાહી કર્મ છે તેનું વેદન અને તેની નિર્જરાને મારણાન્તિક કર્મવેદન અને નિર્જરા કહે છે. **મારણાન્તિક મરણ** = મૃત્યુના અંતિમ ક્ષણે આયુષ્ય દલિકોની અપેક્ષાએ જે મરણ થાય તે. **મારણાન્તિક શરીર ત્યાગ** = આયુષ્યના અંતિમ સમયે જે શરીર હોય તેનો ત્યાગ કરવો તે મારણાન્તિક શરીર ત્યાગ છે. **ચરમ નિર્જરાના પુદ્‌ગલ** = કેવળી ભગવાનના જે સર્વાન્તિમ

નિર્જીર્ણ કર્મદલિકો છે તે ચરમ નિર્જરાના પુદ્‌ગલ છે. આ પુદ્‌ગલોને ભગવાને સૂક્ષ્મ કહ્યા છે અને તે સૂક્ષ્મ પુદ્‌ગલો સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત થાય છે.

આ રીતે સર્વકર્મ, ચરમકર્મ અને મારણાંતિક કર્મ વગેરે શબ્દપ્રયોગ અંતિમ અવસ્થાની વિશેષ, વિશેષતર અને વિશેષતમ સૂક્ષ્મતાને સ્પષ્ટ કરે છે.

**નિર્જરાના પુદ્‌ગલોનું જ્ઞાન :–**

**૭ छउमत्थे णं भंते ! मणुस्से तेसिं णिज्जरापोग्गलाणं किंचि आणत्तं वा णाणत्तं वा** *जाव* **जाणइ पासइ ?**

**मागंदियपुत्ता ! णो इणट्ठे समट्ठे । एवं जहा इंदिय उद्देसए पढमे** *जाव* **वेमाणिया** *जाव* **तत्थ णं जे ते उवउत्ता ते जाणंति, पासंति, आहारेंति । से तेणट्ठेणं मागंदियपुत्ता ! अत्थेगइया** *जाव* **ण जाणंति, ण पासंति, आहारेंति ।**

**શબ્દાર્થ :– आणत्तं** = અન્યત્વ–બે અણગારોના પુદ્‌ગલોની પારસ્પરિક ભિન્નતા-પૃથક્તા **णाणत्तं** = વર્ણાદિકૃત વિવિધતા.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરાના પુદ્‌ગલોના પારસ્પરિક પૃથક્‌ભાવને ભેદને અને વર્ણાદિ કૃત વિવિધતાને જાણે-દેખે છે ?

**ઉત્તર–** હે માકન્દીયપુત્ર ! તેમ શક્ય નથી. આ રીતે પ્રજ્ઞાપના સૂત્રના પંદરમાં પદના પ્રથમ ઈન્દ્રિયોદ્દેશક અનુસાર સંપૂર્ણ કથન કરવું ***યાવત્*** વૈમાનિક સુધી જાણવું કે તેમાં જે ઉપયોગ યુક્ત છે, તે(આત્મા) તે પુદ્‌ગલોને જાણે-દેખે છે અને આહાર રૂપે ગ્રહણ કરે છે. તેથી હે માકંદિય પુત્ર ! તે રીતે કહ્યું છે ***યાવત્*** કેટલાક જીવો પુદ્‌ગલોને જાણતા-દેખતા નથી, પરંતુ આહાર રૂપે ગ્રહણ કરે છે.

**૮ णेरइया णं भंते ! ते णिज्जरापोग्गला किं जाणंति, पासंति, आहारेंति पुच्छा ? मागंदियपुत्ता ! एवं चेव** *जाव* **पंचिंदियतिरिक्खजोणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકો તે ચરમ નિર્જરાના પુદ્‌ગલોને જાણે, દેખે અને આહારરૂપે ગ્રહણ કરે છે ? વગેરે પૃચ્છા કરવી. **ઉત્તર–** હે માકન્દીયપુત્ર ! તે(નૈરયિકો) તે નિર્જરાના પુદ્‌ગલોને જાણતા-દેખતા નથી. પરંતુ આહાર રૂપે ગ્રહણ કરે છે. આ રીતે પંચેન્દ્રિય તિર્યંચ યોનિ સુધી જાણવું જોઈએ.

**૯ मणुस्सा णं भंते ! ते णिज्जरापोग्गले किं जाणंति पासंति आहारेंति, उदाहु ण जाणंति ण पासंति ण आहारेंति ? मागंदिय पुत्ता ! अत्थेगइया जाणंति पासंति आहारेंति, अत्थेगइया ण जाणंति ण पासंति, आहारेंति ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–** *जाव* **अत्थेगइया ण जाणंति ण पासंति आहारेंति ?**

**मागंदिय पुत्ता ! मणुस्सा दुविहा पण्णत्ता, तं जहा– सण्णीभूया य असण्णीभूया य । तत्थ णं जे ते असण्णीभूया ते ण जाणंति ण पासंति, आहारेंति । तत्थ णं जे ते**

**सण्णीभूया ते दुविहा पण्णत्ता तं जहा– उवउत्ता अणुवउत्ता य । तत्थ णं जे ते अणुवउत्ता ते ण जाणंति ण पासंति, आहारेंति । तत्थ णं जे ते उवउत्ता ते जाणंति पासंति आहारेंति। से तेणट्ठेणं मागंदिय पुत्ता ! एवं वुच्चइ– अत्थेगइया ण जाणंति, ण पासंति, आहारेंति; अत्थेगइया जाणंति, पासंति, आहारेंति । वाणमंतर-जोइसिया जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું મનુષ્ય, નિર્જરાના પુદ્ગલોને જાણે-દેખે છે અને આહાર રૂપે ગ્રહણ કરે છે ? કે જાણતા નથી, દેખતા નથી અને આહાર રૂપે ગ્રહણ પણ કરતા નથી ?

**ઉત્તર–** હે માકંદીય પુત્ર ! કેટલાક મનુષ્ય જાણે છે, દેખે છે અને આહાર રૂપે ગ્રહણ કરે છે તથા કેટલાક જાણતા નથી, દેખતા નથી, પરંતુ આહાર રૂપે ગ્રહણ કરે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કેટલાક મનુષ્ય જાણે છે, દેખે છે અને આહારરૂપે ગ્રહણ કરે છે તથા કેટલાક જાણતા નથી, દેખતા નથી, પરંતુ આહાર રૂપે ગ્રહણ કરે છે ?

**ઉત્તર–** હે માકંદીય પુત્ર ! મનુષ્યના બે પ્રકાર છે– સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત. જે અસંજ્ઞીભૂત છે, તે જાણતા નથી, દેખતા નથી પરંતુ આહારરૂપે ગ્રહણ કરે છે. જે સંજ્ઞીભૂત છે, તે બે પ્રકારના છે. યથા– ઉપયોગ સહિત અને ઉપયોગ રહિત. તેમાં જે ઉપયોગ રહિત છે તે જાણતા નથી, દેખતા નથી પરંતુ આહારરૂપે ગ્રહણ કરે છે અને જે ઉપયોગ સહિત છે, તે જાણે છે, દેખે છે અને આહારરૂપે ગ્રહણ કરે છે. તેથી હે માકંદીય પુત્ર ! એ પ્રમાણે કહ્યું છે કે કેટલાક મનુષ્યો જાણતા નથી, દેખતા નથી અને આહારરૂપે ગ્રહણ કરે છે તથા કેટલાક જાણે છે, દેખે છે અને આહારરૂપે ગ્રહણ કરે છે. વ્યતંર અને જ્યોતિષી દેવોનું કથન નૈરયિકોની સમાન જાણવું જોઈએ.

**१० वेमाणिया णं भंते ! ते णिज्जरापोग्गले किं जाणंति, पुच्छा ?**

**मागंदिय पुत्ता ! जहा मणुस्सा, णवरं वेमाणिया दुविहा पण्णत्ता, तं जहा– मायिमिच्छादिट्ठी-उववण्णगा य अमायिसम्मदिट्ठीउववण्णगा य । तत्थ णं जे ते मायिमिच्छादिट्ठी-उववण्णगा ते णं ण जाणंति ण पासंति आहारेंति । तत्थ णं जे ते अमायिसम्मदिट्ठी-उववण्णगा ते दुविहा पण्णत्ता, तं जहा– अणंतरोववण्णगा य परंपरोववण्णगा य । तत्थ णं जे ते अणंतरोववण्णगा ते णं ण जाणंति ण पासंति आहारेंति । तत्थ णं जे ते परंपरोववण्णगा ते दुविहा पण्णत्ता, तं जहा– पज्जत्तगा य अपज्जत्तगा य । तत्थ णं जे ते अपज्जत्तगा ते णं ण जाणंति, ण पासंति, आहारेंति । तत्थ णं जे ते पज्जत्तगा ते दुविहा पण्णत्ता, तं जहा– उवउत्ता य अणुवउत्ता य । तत्थ णं जे ते अणुवउत्ता ते णं ण जाणंति ण पासंति आहारेंति । तत्थ णं जे ते उवउत्ता ते णं जाणंति, पासंति, आहारेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું વૈમાનિક દેવ તે નિર્જરાના પુદ્ગલોને જાણે-દેખે છે અને આહારરૂપે ગ્રહણ કરે છે ઈત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે માકંદીય પુત્ર ! મનુષ્યોની સમાન વૈમાનિક દેવોના વિષયમાં પણ જાણવું જોઈએ.

વિશેષતા એ છે કે વૈમાનિક દેવોના બે પ્રકાર છે– (૧) માયી-મિથ્યાદષ્ટિ અને (૨) અમાયી સમ્યગ્દષ્ટિ. જે માયી- મિથ્યાદષ્ટિ દેવ છે, તે નિર્જરાના પુદ્ગલોને જાણતા-દેખતા નથી પરંતુ આહારરૂપે ગ્રહણ કરે છે અને જે અમાયી સમ્યગ્દષ્ટિ છે, તેના પણ બે પ્રકાર છે. યથા– અનન્તરોપપન્નક અને પરંપરોપપન્નક. તેમાં અનન્તરોપપન્નક(પ્રથમ સમયોત્પન્ન) જાણતા-દેખતા નથી પરંતુ આહાર રૂપે ગ્રહણ કરે છે, જે પરંપરોપપન્નક છે, તેના પણ બે પ્રકાર છે– પર્યાપ્તક અને અપર્યાપ્તક. જે અપર્યાપ્તક છે તે જાણતા-દેખતા નથી, પરંતુ આહાર રૂપે ગ્રહણ કરે છે. પર્યાપ્તકના બે પ્રકાર છે. યથા– ઉપયોગ સહિત અને ઉપયોગ રહિત. તેમાં જે ઉપયોગ રહિત છે તે જાણતા નથી, દેખતા નથી, પરંતુ આહાર રૂપે ગ્રહણ કરે છે અને જે ઉપયોગ સહિત છે તે જાણે છે, દેખે છે અને આહાર રૂપે ગ્રહણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કર્મ નિર્જરાના સૂક્ષ્મ પુદ્ગલોનું જ્ઞાન કોને થાય છે ? તેમાં રહેલી વિવિધતાને કોણ જાણી શકે છે ? તદ્વિષયક પ્રશ્નોત્તર છે. જેના સમાધાન માટે પ્રજ્ઞાપના સૂત્રના પંદરમા પદના પ્રથમ ઈન્દ્રિયોદ્દેશકનો અતિદેશ કર્યો છે.

**जाणइ पासइ :–** કર્મ નિર્જરા થયેલા પુદ્ગલો સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત થાય છે. તેને કેવળી ભગવાન તો જાણે જ છે પરંતુ છદ્મસ્થ જીવોમાં જે વિશિષ્ટ અવધિજ્ઞાની અને ઉપયોગ સહિત હોય તે જ જીવ સૂક્ષ્મ નિર્જરાના પુદ્ગલોને અને તેમાં રહેલી તારતમ્યતાને કે વિવિધતાને જાણે-દેખે છે. અન્ય જીવો જાણી શકતા નથી. તેથી જ ૨૪ દંડકોના જીવોમાંથી નારકી, દશ ભવનપતિ, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય તેમજ વ્યંતર અને જ્યોતિષી દેવોને વિશિષ્ટ અવધિજ્ઞાન ન હોવાથી તે સૂક્ષ્મ પુદ્ગલોને જાણી-દેખી શકતા નથી.

મનુષ્યોમાં જે વિશિષ્ટ અવધિજ્ઞાની અને ઉપયોગ સહિત હોય તેઓ સૂક્ષ્મ નિર્જરાના પુદ્ગલોને જાણી, દેખી શકે છે. વૈમાનિક દેવોમાં સમ્યગ્દષ્ટિ, પરંપરોપપન્નક, પર્યાપ્ત અને વિશિષ્ટ અવધિજ્ઞાનના ઉપયોગયુક્ત દેવો જ તે સૂક્ષ્મ નિર્જરાના પુદ્ગલોને જાણી-દેખી શકે છે.

**आहारेइ :–** આહાર રૂપે ગ્રહણ. ૨૪ દંડકના જીવો તે ચરમ નિર્જરાના પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે કારણ કે જીવને કોઈ પણ પુદ્ગલના ગ્રહણમાં તેના જ્ઞાનની આવશ્યક્તા હોતી નથી. જીવ તેને જાણે કે ન જાણે પરંતુ પોતાની યોગ્યતા અનુસાર આહાર યોગ્ય પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે. કર્મ પુદ્ગલ નિર્જરિત થયા પછી તરત જ આહાર આદિ કોઈ પણ વર્ગણા રૂપે પરિણામાંતરને પ્રાપ્ત થઈ શકે છે.

**દ્રવ્યબંધ અને ભાવબંધના ભેદ-પ્રભેદ :–**

**૧૧ कइविहे णं भंते ! बंधे पण्णत्ते ? मागंदियपुत्ता ! दुविहे बंधे पण्णत्ते, तं जहा– दव्वबंधे य भावबंधे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બંધના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે માકન્દીયપુત્ર ! બંધના બે પ્રકાર છે. યથા– દ્રવ્યબંધ અને ભાવબંધ.

**૧૨ दव्वबंधे णं भंते ! कइविहे पण्णत्ते ? मागंदियपुत्ता ! दुविहे पण्णत्ते, तं जहा– पओगबंधे य वीससाबंधे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્રવ્યબંધના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે માકન્દીયપુત્ર ! બે પ્રકાર છે,

યથા– પ્રયોગબંધ અને વિસ્રસાબંધ(સ્વાભાવિક બંધ)

**૧૩ वीससाबंधे णं भंते ! कइविहे पण्णत्ते ? मागंदियपुत्ता ! दुविहे पण्णत्ते, तं जहा– साईयवीससाबंधे य अणाईयवीससाबंधे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિસ્રસા બંધના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે માકન્દીયપુત્ર ! બે પ્રકાર છે. યથા– સાદિ વિસ્રસાબંધ અને અનાદિ વિસ્રસા બંધ.

**૧૪ पओगबंधे णं भंते ! कइविहे पण्णत्ते ? मागंदियपुत्ता ! दुविहे पण्णत्ते, तं जहा– सिढिल-बंधणबंधे य धणियबंधणबंधे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રયોગ બંધના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે માકન્દીયપુત્ર ! બે પ્રકાર છે. યથા– શિથિલ પ્રયોગબંધ અને ગાઢ પ્રયોગબંધ.

**૧૫ भावबंधे णं भंते ! कइविहे पण्णत्ते ? मागंदियपुत्ता ! दुविहे पण्णत्ते, तं जहा– मूलपगडिबंधे य उत्तरपगडिबंधे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાવ બંધના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે માકન્દીયપુત્ર ! બે પ્રકાર છે, યથા– મૂલ પ્રકૃતિબંધ અને ઉત્તર પ્રકૃતિબંધ.

**૧૬ णेरइयाणं भंते ! कइविहे भावबंधे पण्णत्ते ? मागंदियपुत्ता ! दुविहे भावबंधे पण्णत्ते, तं जहा– मूलपगडिबंधे य उत्तरपगडिबंधे य । एवं *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવોને કેટલા પ્રકારના ભાવબંધ છે ? **ઉત્તર–** હે માકન્દીયપુત્ર! બે પ્રકારના ભાવબંધ છે, યથા– મૂલપ્રકૃતિબંધ અને ઉત્તર પ્રકૃતિબંધ. આ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ.

**૧૭ णाणावरणिज्जस्स णं भंते ! कम्मस्स कइविहे भावबंधे पण्णत्ते ? मागंदियपुत्ता ! दुविहे भाव बंधे पण्णत्ते, तं जहा– मूलपगडिबंधे य उत्तरपगडिबंधे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મનો ભાવબંધ કેટલા પ્રકારનો છે ? **ઉત્તર–** હે માકન્દીયપુત્ર! બે પ્રકારનો છે. યથા– મૂલપ્રકૃતિબંધ અને ઉત્તરકૃતિ બંધ.

**૧૮ णेरइयाणं भंते ! णाणावरणिज्जस्स कम्मस्स कइविहे भावबंधे पण्णत्ते ?**

**मागंदियपुत्ता ! दुविहे भावबंधे पण्णत्ते, तं जहा– मूलपगडिबंधे य उत्तरपगडि बंधे य । एवं *जाव* वेमाणियाणं । जहा णाणावरणिज्जेणं दंडओ भणिओ एवं *जाव* अंतराइए णं भाणियव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવોને જ્ઞાનાવરણીય કર્મનો ભાવબંધ કેટલા પ્રકારનો હોય છે?

**ઉત્તર–** હે માકન્દીયપુત્ર ! બે પ્રકારનો હોય છે. યથા– મૂલ પ્રકૃતિબંધ અને ઉત્તર પ્રકૃતિબંધ આ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ. જે રીતે જ્ઞાનાવરણીય કર્મનું સૂત્ર કહ્યું છે, તે જ રીતે અંતરાય કર્મ સુધી કહેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં બંધના ભેદ-પ્રભેદ કરી, ૨૪ દંડક વિષે તેની પ્રરૂપણા કરી છે.

**દ્રવ્યબંધ-ભાવ બંધ :–** પ્રસ્તુતમાં પુદ્‌ગલ દ્રવ્યના બંધની પ્રમુખતાથી દ્રવ્ય બંધનું કથન છે અને જીવને થતા કર્મ બંધની મુખ્યતાથી ભાવ બંધનું કથન છે. લાખ આદિ સ્નિગ્ધ પદાર્થોથી અથવા રસ્સી આદિથી દ્રવ્યોનો જે પરસ્પર બંધ થાય તેને દ્રવ્યબંધ કહે છે. તેમજ ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોના પ્રદેશોનો જે અન્યોન્યબંધ થાય તે પણ દ્રવ્યબંધ છે. તેના બે પ્રકાર છે.

**(૧) પ્રયોગબંધ :–** જીવના પ્રયોગથી દ્રવ્યોનો જે બંધ થાય તે પ્રયોગ બંધ છે. તેના બે ભેદ છે. શિથિલ બંધ અને ગાઢબંધ. ઘાસના પૂળા આદિનો બંધ શિથિલબંધ છે અને રથચક્રાદિનો બંધ ગાઢ બંધ છે.

**(૨) વિસ્રસાબંધ :–** સ્વાભાવિક રૂપે જે બંધ થાય તેને વિસ્રસાબંધ કહે છે. તેના બે ભેદ છે– સાદિ અને અનાદિ. વાદળો આદિનો પરસ્પર બંધ થવો તે સાદિ વિસ્રસા બંધ છે અને ધર્માસ્તિકાય આદિના પ્રદેશોનો પરસ્પર બંધ અનાદિ વિસ્રસા બંધ છે.

**ભાવબંધ :–** મિથ્યાત્વ આદિ ભાવો દ્વારા જીવની સાથે કર્મોનો જે બંધ થાય તેને ભાવબંધ કહે છે.

**ભાવબંધના ભેદ-પ્રભેદ :–** ભાવબંધના બે ભેદ છે– મૂલપ્રકૃતિબંધ અને ઉત્તરપ્રકૃતિબંધ. મૂલપ્રકૃતિબંધના જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ આઠ ભેદ છે તથા ઉત્તર પ્રકૃતિબંધના ૧૨૦ ભેદ છે. જીવોની યોગ્યતા પ્રમાણે કર્મપ્રકૃતિઓનો બંધ થાય છે, બંધના ભેદ-પ્રભેદ માટે જુઓ– શતક-૮/૯.

**બંધના ભેદ–પ્રભેદ દર્શક યંત્ર :–**

બંધના ભેદ–પ્રભેદ દર્શક



**પાપકર્મમાં ભેદ :–**

**૧૯ जीवाणं भंते ! पावे कम्मे जे य कडे,** *जाव* **जे य कज्जिस्सइ, अत्थि याइ तस्स केइ णाणत्ते ? हंता अत्थि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जीवाणं पावे कम्मे जे य कडे** *जाव* **जे य कज्जिस्सइ, अत्थि याइ तस्स णाणत्ते ?**

**मागंदियपुत्ता ! से जहाणामए केइ पुरिसे धणुं परामुसइ, धणुं परामुसित्ता उसुं परामुसइ, उसुं परामुसित्ता ठाणं ठाइ, ठाणं ठाएत्ता आययकण्णाययं उसुं करेइ, आयय-कण्णाययं उसुं करेत्ता उड्ढं वेहासं उव्विहइ, से णूणं मागंदियपुत्ता ! तस्स उसुस्स उड्ढं वेहासं उव्वीढस्स समाणस्स एयइ वि णाणत्तं** *जाव* **तं तं भावं परिणमइ वि णाणत्तं ?**

**हंता भगवं ! एयइ वि णाणत्तं** *जाव* **परिणमइ वि णाणत्तं, से तेणट्ठेणं मागंदियपुत्ता ! एवं वुच्चइ–** *जाव* **तं तं भावं परिणमइ वि णाणत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવે જે પાપકર્મ કર્યા છે, કરે છે અને કરશે; શું તેમાં પરસ્પર ભેદ છે? **ઉત્તર–** હા !, માકન્દીયપુત્ર ! તેમાં પરસ્પર ભેદ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જીવે જે પાપકર્મ કર્યા છે, કરે છે અને કરશે તેમાં પરસ્પર ભેદ છે ?

**ઉત્તર–** હે માન્દકીયપુત્ર ! જે રીતે કોઈ પુરુષ ધનુષને ગ્રહણ કરીને બાણ ગ્રહણ કરે, તેને ધનુષ પર ચઢાવીને પછી કાન પર્યંત ખેંચીને ઉપર આકાશમાં તીર છોડે; હે માકન્દીયપુત્ર ! શું તે આકાશમાં ઊંચા ફેંકેલા તે બાણના કંપન ગમન આદિ ક્રિયામાં ***યાવત્*** પરિણમનમાં ભેદ થાય છે ? હા, ભગવન્ ! તેના કંપનમાં ***યાવત્*** તે તે પ્રકારના પરિણમનમાં ભેદ થાય છે. તે જ રીતે હે માકન્દીયપુત્ર ! એ પ્રમાણે કહ્યું છે કે ***યાવત્*** તે કર્મોના તે-તે રૂપે પરિણમનમાં પણ ભેદ છે.

**૨૦ णेरइया णं भंते ! पावे कम्मे जे य कडे, पुच्छा ? गोयमा ! एवं चेव । एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોએ જે પાપકર્મ કર્યા છે, કરે છે અને કરશે, શું તે પાપકર્મમાં ભેદ છે ? **ઉત્તર–** હા, માકન્દીયપુત્ર ! તેમાં ભેદ છે. આ જ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત બે સૂત્રોમાં જીવો દ્વારા ભૂતકાળમાં કરેલા, વર્તમાનમાં કરાતા અને ભવિષ્યમાં કરાશે તે પાપકર્મોના પરિણામોમાં પરસ્પરની ભિન્નતાને ધનુષ-બાણ ફેંકવાના દષ્ટાંતથી સમજાવી છે.

જે રીતે એક જ પુરુષ જુદા-જુદા સમયે બાણ ફેંકે ત્યારે તેના પ્રયત્નની તરમતાના આધારે તેના કંપનમાં તરતમતા થાય છે. તે જ રીતે એક જ પુરુષના ત્રૈકાલિક પરિણામોમાં તીવ્રતા, મંદતા આદિ ભેદ હોવાથી કર્મોમાં પણ ભેદ થાય છે.

**જીવનો આહાર :–**

**૨૧ णेरइया णं भंते ! जे पोग्गले आहारत्ताए गेण्हति, तेसि णं भंते ! पोग्गलाणं सेयकालंसि कइभागं आहारेंति, कइभागं णिज्जरेंति ?**

**मागंदियपुत्ता ! संखेज्जइभागं आहारेंति, अणंतभागं णिज्जरेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! નૈરયિક, જે પુદ્ગલોને વર્તમાનમાં આહારરૂપે ગ્રહણ કરે છે, ભવિષ્યકાલમાં તે પુદ્ગલોનો કેટલામો ભાગ આહાર રૂપે પરિણત થાય છે અને કેટલામો ભાગ નિર્જરે છે, ત્યાગ કરે છે ?

**ઉત્તર–** હે માકન્દીયપુત્ર ! આહાર રૂપે ગ્રહણ કરેલા પુદ્ગલોનો સંખ્યાતમો ભાગ આહાર રૂપે પરિણત થાય છે અને(પરિણત થયેલાનો) અનંતમો ભાગ નિર્જરે છે.

**૨૨ चक्किया णं भंते ! केइ तेसु णिज्जरापोग्गलेसु आसइत्तए वा *जाव* तुयट्टित्तए वा ?**

**णो इणट्ठे समट्ठे, अणाहारणमेयं बुइयं समणाउसो ! एवं *जाव* वेमाणियाणं । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કોઈ પુરુષ આ નિર્જરાના પુદ્ગલો પર બેસવામાં, સૂવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હે માકન્દીયપુત્ર ! તેમ શક્ય નથી. હે આયુષ્યમાન્ શ્રમણ ! તે નિર્જરાના(ત્યાગ કરેલા) પુદ્ગલો અનાધાર રૂપ છે અર્થાત્ આધારભૂત હોતા નથી. તે કંઈ પણ ધારણ કરવામાં સમર્થ નથી. આ રીતે વૈમાનિક સુધી કહેવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

આહાર રૂપે ગૃહિત પુદ્ગલોનો સંખ્યાતમો ભાગ આહારરૂપે પરિણત થાય છે અને તે પરિણત થયેલા આહારનો અનંતમો ભાગ નિર્જરે છે, ક્રમશઃ ક્ષીણ થાય છે; થતો રહે છે.

નિર્જરાના પુદ્ગલો અત્યંત સૂક્ષ્મ પરિણામે પરિણત હોવાથી કોઈ પણ વસ્તુને આધારભૂત થઈ શકતા નથી. તેથી તેના ઉપર સૂવા-બેસવાની કોઈ ક્રિયા થતી નથી.

**॥ શતક ૧૮/૩ સંપૂર્ણ ॥**

# શતક–૧૮ : ઉદ્દેશક–૪

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં જીવના પરિભોગ્ય-અપરિભોગ્ય દ્રવ્યોનું, ચાર પ્રકારની રાશિનું અને અગ્નિકાયના જીવોનું નિરૂપણ છે.

★ જીવ જ્યાં સુધી કર્મયુક્ત છે ત્યાં સુધી પુદ્ગલજન્ય ભાવોનો અને અન્ય સશરીરી જીવોનો ભોગ કરે છે.

★ ૧૮ પાપસ્થાનની પ્રવૃત્તિ, પાંચ સ્થાવરના જીવો અને બાદર કલેવરધારી બેઇન્દ્રિયાદિના શરીર, આ ૨૪ બોલ જીવને માટે **પરિભોગ્ય** છે.

★ ૧૮ પાપની વિરતિ, પરમાણુ પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીર રહિત જીવ, અને શૈલીશી અવસ્થાને પ્રાપ્ત અણગાર અયોગી કેવળી, તે ૨૪ બોલ જીવને માટે **અપરિભોગ્ય** છે.

★ ગણના રાશિના ચાર પ્રકાર છે– કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ.

(૧) જે રાશિમાંથી ચાર-ચારનો અપહાર કરતા શેષ ચાર, ત્રણ, બે અથવા એક રહે તેને ક્રમશઃ **કૃતયુગ્મ ત્ર્યોજ, દ્વાપર યુગ્મ** અને **કલ્યોજ** કહે છે.

★ વનસ્પતિકાયના જીવોને છોડીને શેષ ૨૩ દંડકના જીવો જઘન્ય કૃતયુગ્મ રાશિ પ્રમાણ છે. ઉત્કૃષ્ટની અપેક્ષાએ નારકો, દેવો, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો ત્ર્યોજ રાશિ પ્રમાણ છે. પૃથ્વીકાય આદિ ચાર સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય જીવો દ્વાપર યુગ્મ રાશિ પ્રમાણ છે. મધ્યમરૂપે ૨૩ દંડકના જીવો ચારે રાશિ પ્રમાણ હોય છે.

★ વનસ્પતિ અને સિદ્ધના જીવો અનંત છે. તેની જઘન્ય કે ઉત્કૃષ્ટ સંખ્યા નિયત નથી. તેથી તે અજઘન્યોત્કૃષ્ટ ચારે રાશિ પ્રમાણ હોય છે.

★ ચારે જાતની દેવી, તિર્યંચ સ્ત્રી અને મનુષ્ય સ્ત્રી જઘન્ય અને ઉત્કૃષ્ટ કૃતયુગ્મ રાશિ પ્રમાણ અને અજઘન્યોત્કૃષ્ટ ચારે રાશિ પ્રમાણ હોય છે.

★ અન્ધકવહ્નિ(અગ્નિકાયના જીવો) અલ્પાયુષ્યવાળા અને દીર્ઘાયુષ્યવાળા જીવોની રાશિ સમાન હોય છે.

❖❖❖❖❖

# શતક–૧૮ : ઉદ્દેશક–૪

## પ્રાણાતિપાત

**જીવોને પરિભોગ્ય-અપરિભોગ્ય દ્રવ્યો :–**

**१** तेणं कालेणं तेणं समएणं रायगिहे *जाव* भगवं गोयमे एवं वयासी– अह भंते ! पाणाइवाए, मुसावाए *जाव* मिच्छादंसणसल्ले, पाणाइवायवेरमणे *जाव* मिच्छादंसणसल्लवेरमणे, पुढविक्काइए *जाव* वणस्सइकाइए, धम्मत्थिकाए, अधम्मत्थिकाए, आगासत्थिकाए, जीवे असरीरपडिबद्धे, परमाणु-पोग्गले, सेलेसिं पडिवण्णए अणगारे, सव्वे य बायरबोंदिधरा कलेवरा, एए णं दुविहा जीवदव्वा य अजीवदव्वा य जीवाणं परिभोगत्ताए हव्वमागच्छंति?

गोयमा ! पाणाइवाए *जाव* एए णं दुविहा जीवदव्वा य अजीवदव्वा य अत्थेगइया जीवाणं परिभोगत्ताए हव्वमागच्छंति अत्थेगइया जीवाणं *जाव* णो हव्वमागच्छंति ।

से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– पाणाइवाए *जाव* णो हव्वमागच्छंति ?

गोयमा ! पाणाइवाए *जाव* मिच्छादंसणसल्ले, पुढविकाइए *जाव* वणस्सइकाइए, सव्वे य बायरबोंदिधरा कलेवरा; एए णं दुविहा जीवदव्वा य अजीवदव्वा य, जीवाणं परिभोगत्ताए हव्वमागच्छंति। पाणाइवायवेरमणे *जाव* मिच्छादंसण-सल्लविवेगे, धम्मत्थिकाए अधम्मत्थिकाए *जाव* परमाणुपोग्गले, सेलेसिं पडिवण्णए अणगारे, एए णं दुविहा जीवदव्वा य अजीवदव्वा य जीवाणं परिभोगत्ताए णो हव्वमागच्छंति, से तेणट्ठेणं गोयमा ! *जाव* णो हव्वमागच्छंति ।

**શબ્દાર્થ :– जीवे असरीरपडिबद्धे** = શરીર રહિત કેવળ શુદ્ધ જીવ(આત્મા) **बायरबोंदिधरा** = સ્થૂલ શરીરધારી બેઈન્દ્રિયાદિ ત્રસ જીવો **कलेवरा** = શરીર.

**ભાવાર્થ :– પ્રશ્ન–** તે કાલે, તે સમયે રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્! પ્રાણાતિપાત, મૃષાવાદ ***યાવત્*** મિથ્યાદર્શન-શલ્ય અને પ્રાણાતિપાત વિરમણ ***યાવત્*** મિથ્યાદર્શન શલ્ય વિરમણ, તથા પૃથ્વીકાયિક ***યાવત્*** વનસ્પતિકાયિક, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીર રહિત જીવ, પરમાણુ પુદ્ગલ, શૈલેશી અવસ્થા પ્રાપ્ત અણગાર અને સ્થૂલાકારને ધારણ કરનારા શરીરધારી બેઈન્દ્રિય વગેરે જીવો, આ સર્વ મળીને બે પ્રકારના છે. તેમાંથી કેટલાક જીવ દ્રવ્ય રૂપ છે અને કેટલાક અજીવ દ્રવ્ય રૂપ છે. હે ભગવન્ ! શું આ સર્વ જીવના પરિભોગમાં આવે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રાણાતિપાતાદિ ***યાવત્*** જીવ દ્રવ્ય રૂપ અને અજીવ દ્રવ્ય રૂપ છે. તેમાંથી

કેટલાક જીવના પરિભોગમાં આવે છે અને કેટલાક આવતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે પ્રાણાતિપાતાદિ ***યાવત્*** કેટલાક જીવના પરિભોગમાં આવે છે અને કેટલાક આવતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રાણાતિપાત ***યાવત્*** મિથ્યાદર્શન શલ્ય, પૃથ્વીકાયિક ***યાવત્*** વનસ્પતિકાયિક અને સર્વ સ્થૂલાકારને ધારણ કરનારા શરીરધારી બેઈન્દ્રિયાદિ જીવ, આ રીતે જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્ય બે પ્રકારના દ્રવ્ય જીવોના પરિભોગમાં આવે છે. પ્રાણાતિપાત વિરમણ ***યાવત્*** મિથ્યાદર્શનશલ્ય વિરમણ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ***યાવત્*** પરમાણુ પુદ્ગલ તથા શૈલેશી અવસ્થા પ્રાપ્ત અણગાર, આ રીતે જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્ય રૂપ બે પ્રકારના દ્રવ્ય જીવોના પરિભોગમાં આવતા નથી. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે કેટલાક દ્રવ્યો પરિભોગમાં આવે છે અને કેટલાક દ્રવ્યો પરિભોગમાં આવતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં જીવના પરિભોગ્ય અને અપરિભોગ્ય દ્રવ્યોની એક સાથે પૃચ્છા કરી છે અને ઉત્તરમાં તે બંને પ્રકારના દ્રવ્યનું વિભાજન કર્યું છે.

સૂત્રમાં પુછાયેલા પ્રાણાતિપાત આદિ કુલ ૪૮ બોલમાંથી ૨૪ બોલ જીવને પરિભોગ્ય છે અને ૨૪ અપરિભોગ્ય છે.

**જીવને પરિભોગ્ય ૨૪ બોલ :–** કર્મજન્ય પરિણામો, મૂર્ત અને સ્થૂલ દ્રવ્ય સશરીરી જીવના પરિભોગમાં આવે છે. જેમ કે– **૧૮ પાપસ્થાનનું** સેવન ચારિત્ર મોહનીય કર્મના ઉદયજન્ય છે. જીવ પ્રાણાતિપાત આદિ પ્રવૃત્તિનું સેવન કરીને કર્મના ઉદયને ભોગવે છે. **પાંચ સ્થાવર** વગેરે સશરીરી જીવોનાં ભોગ તો પ્રત્યક્ષ જ છે. પૃથ્વીકાય પર ગમનાદિ ક્રિયા, પાણી દ્વારા તરસ શાંત કરવી વગેરે ક્રિયા થાય છે. આમ એક જીવ અન્ય જીવોને ઉપયોગી થાય છે. તેથી ૧૮ પાપસ્થાનક, ૫ સ્થાવર, ૧ બાદર કલેવરને ધારણ કરનારા બેઈન્દ્રિયાદિ. આ રીતે ૧૮+૫+૧= ૨૪ બોલ જીવના પરિભોગ્ય છે.

**જીવને અપરિભોગ્ય ૨૪ બોલ :–** શુદ્ધ આત્મ સ્વભાવરૂપ પરિણામો, અમૂર્ત દ્રવ્ય અથવા મૂર્ત સૂક્ષ્મ દ્રવ્ય, શરીર રહિત જીવ; જીવના પરિભોગમાં ઉપયોગી થતા નથી. **પ્રાણાતિપાત વિરમણાદિ** જીવના શુદ્ધ સ્વભાવ રૂપ હોવાથી ચારિત્રમોહનીય કર્મના ઉદયના હેતુભૂત નથી. તેથી તે જીવના પરિભોગમાં આવતા નથી. **ધર્માસ્તિકાયાદિ ત્રણ** અને **અશરીરી જીવ** તે ચાર દ્રવ્ય અમૂર્ત છે અને **પરમાણુ** સૂક્ષ્મ છે તથા શૈલેશી પ્રાપ્ત અણગાર ઉપદેશાદિ દ્વારા પ્રેરણા આપતા નથી. તેથી તે જીવના પરિભોગમાં આવતા નથી. આ રીતે ૧૮+૩+૧+૧+૧=૨૪ બોલ જીવના પરિભોગમાં આવતા નથી.

**કષાયના પ્રકાર :–**

**૨ कइ णं भंते ! कसाया पण्णत्ता ? गोयमा ! चत्तारि कसाया पण्णत्ता, तं जहा– एवं कसायपयं णिरवसेसं भाणियव्वं *जाव* णिज्जरिस्संति लोभेणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કષાયના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કષાયના ચાર પ્રકાર છે. અહીં પ્રજ્ઞાપના સૂત્રનું ૧૪મું કષાયપદ સમગ્ર ***યાવત્*** લોભના વેદન દ્વારા આઠ કર્મ પ્રકૃતિઓની નિર્જરા કરશે; ત્યાં સુધીનું કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કષાયનું સંપૂર્ણ વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક કર્યું છે. જીવનો ભોગ કષાય દ્વારા થાય છે. તેથી સૂત્રકારે કષાયનું સંક્ષિપ્ત કથન કર્યું છે.

શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં કષાયની ઉત્પત્તિના નિમિત્તો અને કષાયની તરતમતાના આધારે તેના ભેદ વગેરેની ગણના કરીને તેના ૧૬ પ્રકાર કહ્યા છે. યથા– (૧) પોતાના માટે (૨) પરને માટે (૩) તદુભય માટે (૪) ખુલ્લી જમીન માટે (૫) ઢાંકેલી જમીન ઘર-દુકાનાદિ માટે (૬) શરીર માટે (૭) ઉપધિ માટે (૮) નિરર્થકપણે (૯) જાણતાં (૧૦) અજાણતાં (૧૧) પ્રગટપણે (૧૨) અપ્રગટપણે (૧૩) અનંતાનુબંધી (૧૪) અપ્રત્યાખ્યાની (૧૫) પ્રત્યાખ્યાની અને (૧૬) સંજવલન. આ ૧૬ પ્રકારના કષાય સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના જીવોને હોય છે. જીવ કષાયના ભાવોને ત્રણે કાળમાં કરે છે.

વૈમાનિક પર્યંત પ્રત્યેક દંડકના જીવો ક્રોધ, માન, માયા અને લોભ દ્વારા આઠે કર્મોના ઉદયનું વેદન કરે છે. આ રીતે કષાય કર્મબંધનું નિમિત્ત છે અને તે કર્મના ફળ ભોગવવામાં પણ હોય છે.

કષાય રૂપે બાંધેલા કર્મો, ભોગવાય જાય ત્યાર પછી તેની નિર્જરા થાય છે.

**ચાર પ્રકારના યુગ્મ :–**

**३ कइ णं भंते ! जुम्मा पण्णत्ता ? गोयमा ! चत्तारि जुम्मा पण्णत्ता, तं जहा– कडजुम्मे, तेओगे, दावरजुम्मे, कलिओगे ।**

**से केणट्ठेणं भंते एवं वुच्चइ–*जाव* कलिओगे ? गोयमा ! जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे चउपज्जवसिए से त्तं कडजुम्मे । जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे तिपज्जवसिए से त्तं तेओगे । जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे, दुपज्जवसिए से त्तं दावरजुम्मे । जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे एगपज्जवसिए से त्तं कलिओगे । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ–*जाव* कलिओगे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! યુગ્મ-રાશિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! યુગ્મ-રાશિના ચાર પ્રકાર છે યથા– કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેને કલ્યોજ આદિ કહેવાનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રાશિમાંથી ચાર-ચારનો અપહાર કરતાં અંતે ચાર શેષ રહે, તે રાશિ કૃતયુગ્મ કહેવાય છે. જે રાશિમાંથી ચાર-ચારનો અપહાર કરતાં અંતે ત્રણ શેષ રહે, તે રાશિ ત્ર્યોજ કહેવાય છે, જે રાશિમાંથી ચાર-ચારનો અપહાર કરતાં અંતે બે શેષ રહે, તે રાશિ દ્વાપરયુગ્મ કહેવાય છે અને જે રાશિમાંથી ચાર-ચારનો અપહાર કરતાં અંતે એક શેષ રહે, તે રાશિ કલ્યોજ કહેવાય છે. તેથી હે ગૌતમ ! તે ***યાવત્*** કલ્યોજ રાશિ કહેવાય છે.

**વિવેચન :–**

ગણિત શાસ્ત્રની પરિભાષા અનુસાર સમરાશિને 'યુગ્મ' અને વિષમ રાશિને 'ઓજ' કહે છે. પ્રસ્તુત પ્રસંગમાં જે રાશિ(યુગ્મ)ના ચાર ભેદ કહ્યા છે, તેમાંથી બે યુગ્મ– સમ રાશિ અને બે ઓજ– વિષમ

રાશિ છે. તેમ છતાં અહીં યુગ્મ શબ્દ શાસ્ત્રીય પારિભાષિક હોવાથી યુગ્મ શબ્દથી ચારે પ્રકારની રાશિઓ વિવક્ષિત છે. ચારે રાશિઓના અન્વયાર્થક નામ આ પ્રમાણે છે–

**(૧) કૃતયુગ્મ :–** જે રાશિમાંથી ચાર-ચારનો અપહાર કરતાં અંતે ચાર શેષ રહે અથવા શેષ કાંઈ ન રહે તેને કૃતયુગ્મ કહે છે, જેમ કે ૧૬, ૩૨, ૪૮ આદિ.

**(૨) ત્ર્યોજ :–** જે રાશિમાંથી ચાર-ચારનો અપહાર કરતાં અંતે ત્રણ શેષ રહે તેને ત્ર્યોજ કહે છે. જેમ કે ૧૫, ૨૩, ૨૭ આદિ.

**(૩) દ્વાપર યુગ્મ :–** જે રાશિમાંથી ચાર-ચારનો અપહાર કરતાં અંતે બે શેષ રહે તેને દ્વાપર યુગ્મ કહે છે. જેમ કે ૧૦,૧૪, ૧૮ આદિ.

**(૪) કલ્યોજ :–** જે રાશિમાંથી ચાર-ચારનો અપહાર કરતાં અંતે એક શેષ રહે તેને કલ્યોજ કહે છે. જેમ કે ૫,૯,૧૩,૧૭ ઇત્યાદિ.

**જીવોમાં કૃતયુગ્મ આદિ રાશિ પ્રમાણ :–**

**૪** **णेरइया णं भंते ! किं कडजुम्मा, तेओगा, दावरजुम्मा, कलियोगा ?**

**गोयमा ! जहण्णपए कडजुम्मा, उक्कोसपए तेओगा, अजहण्णुक्कोस-पए सिय कडजुमा** *जाव* **सिय कलियोगा । एवं** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો કૃતયુગ્મ છે, ત્ર્યોજ છે, દ્વાપરયુગ્મ છે કે કલ્યોજ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે જઘન્ય પદમાં કૃતયુગ્મ, ઉત્કૃષ્ટ પદમાં ત્ર્યોજ તથા મધ્યમ પદમાં કદાચિત્ કૃતયુગ્મ ***યાવત્*** કદાચિત્ કલ્યોજ રૂપે હોય છે. આ રીતે સ્તનિતકુમાર સુધી કહેવું જોઈએ.

**૫** **वणस्सइकाइयाणं पुच्छा ?**

**गोयमा ! जहण्णपए अपया, उक्कोसपए य अपया, अजहण्णुक्कोसपए सिय कडजुम्मा** *जाव* **सिय कलियोगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વનસ્પતિકાયિક જીવો કૃતયુગ્મ ***યાવત્*** કલ્યોજ રૂપે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે જઘન્ય અને ઉત્કૃષ્ટ પદની અપેક્ષાએ અપદ છે, તેમાં જઘન્યપદ અને ઉત્કૃષ્ટ પદ સંભવિત નથી, અજઘન્યોત્કૃષ્ટ પદની અપેક્ષાએ કદાચિત્ કૃતયુગ્મ ***યાવત્*** કદાચિત્ કલ્યોજ રૂપ હોય છે.

**૬** **बेइंदियाणं पुच्छा ?**

**गोयमा ! जहण्णपए कडजुम्मा, उक्कोसपए दावरजुम्मा, अजहण्ण-मणुक्कोसपए सिय कडजुमा** *जाव* **सिय कलियोगा । एवं** *जाव* **चउरिंदिया । सेसा एगिंदिया जहा बेइंदिया । पंचिंदियतिरिक्खजोणिया** *जाव* **वेमाणिया जहा णेरइया । सिद्धा जहा वणस्सइकाइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવો કૃતયુગ્મ ***યાવત્*** કલ્યોજ રૂપે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે જઘન્ય પદમાં કૃતયુગ્મ, ઉત્કૃષ્ટ પદમાં દ્વાપરયુગ્મ અને અજઘન્યાનુત્કૃષ્ટ (મધ્યમ) પદમાં કદાચિત્ કૃતયુગ્મ ***યાવત્*** કદાચિત્ કલ્યોજ હોય છે. આ રીતે ચૌરેન્દ્રિય સુધી કથન કરવું જોઈએ. શેષ એકેન્દ્રિયોનું કથન બેઈન્દ્રિયોની સમાન છે. પંચેન્દ્રિય તિર્યંચ યોનિકથી વૈમાનિક સુધીનું કથન નૈરયિકોની સમાન છે. સિદ્ધોનું કથન વનસ્પતિકાયિકની સમાન છે.

**૭ इत्थीओ णं भंते ! किं कडजुम्मा पुच्छा ?**

**गोयमा ! जहण्णपए कडजुम्माओ, उक्कोसपए कडजुम्माओ, अजहण्ण-मणुक्कोस-पए सिय कडजुम्माओ** *जाव* **सिय कलियोगाओ, एवं असुर-कुमारित्थीओ वि** *जाव* **थणियकुमारइत्थीओ । एवं तिरिक्खजोणियइत्थीओ । एवं मणुसित्थीओ । एवं वाणमंतर-जोइसिय-वेमाणियदेवित्थीओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્ત્રીઓ કૃતયુગ્મ છે ***યાવત્*** કલ્યોજ રૂપે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે જઘન્ય પદમાં કૃતયુગ્મ, ઉત્કૃષ્ટ પદમાં પણ કૃતયુગ્મ અજઘન્યાનુત્કૃષ્ટ (મધ્યમ) પદમાં કદાચિત્ કૃતયુગ્મ છે ***યાવત્*** કદાચિત્ કલ્યોજ છે. આ રીતે અસુરકુમારથી લઈને સ્તનિતકુમાર સુધીની સ્ત્રીઓ(દેવીઓ) તિર્યંચયોનિક સ્ત્રીઓ, મનુષ્ય સ્ત્રીઓ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવીઓ સુધી કહેવું જોઈએ.

**વિવેચન :–**

**યુગ્મરાશિ આધારિત જીવોનું પરિમાણ :–**

| જીવો | જઘન્ય | ઉત્કૃષ્ટ | મધ્યમ |
|---|---|---|---|
| સાત નરકના નારકી | કૃતયુગ્મ | ત્ર્યોજ | ચારે ય રાશી |
| દશ ભવનપતિ | કૃતયુગ્મ | ત્ર્યોજ | ચારે ય રાશી |
| પૃથ્વી. અપ. તેઉ. વાઉ. | કૃતયુગ્મ | દ્વાપરયુગ્મ | ચારે ય રાશી |
| વનસ્પતિ | × | × | ચારે ય રાશી |
| ત્રણ વિકલેન્દ્રિય | કૃતયુગ્મ | દ્વાપરયુગ્મ | ચારે ય રાશી |
| તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્યો | કૃતયુગ્મ | ત્ર્યોજ | ચારે ય રાશી |
| વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવ | કૃતયુગ્મ | ત્ર્યોજ | ચારે ય રાશી |
| સિદ્ધ | × | × | ચારે ય રાશી |
| સમુચ્ચય અને દરેક સ્ત્રીઓ | કૃતયુગ્મ | કૃતયુગ્મ | ચારે ય રાશી |

પ્રત્યેક દંડકમાં મધ્યમ પદે રહેલા જીવોની સંખ્યા નિયત હોતી નથી તેથી તે ચારે રાશિમાંથી કોઈ પણ રાશિમાં હોઈ શકે છે.

જઘન્ય અને ઉત્કૃષ્ટ પદ નિશ્ચિત સંખ્યા રૂપ છે. ક્યારેક નૈરયિક આદિ દંડકોમાં આ પદ ઘટી શકે છે. પરંતુ વનસ્પતિકાય અને સિદ્ધ જીવોમાં નિશ્ચિત સંખ્યા કયારે ય ઘટિત થઈ શકતી નથી કારણ કે તે જીવો અનંત છે. આ રીતે તે બંનેમાં અનંત સંખ્યા નિયત રહેવા છતાં બંનેની રાશિ અનિયત સ્વરૂપવાળી હોય છે. તેથી તેમાં જઘન્ય કે ઉત્કૃષ્ટ રાશિનું કથન કર્યું નથી પરંતુ તેમાં અજઘન્યોત્કૃષ્ટ ચારે પ્રકારની રાશિનું કથન

કર્યું છે.

નારકી સર્વે નપુંસકો હોવાથી તેમાં સ્ત્રીઓનો સંભવ નથી. તેથી તેમાં સ્ત્રીઓનું કથન કર્યું નથી. કોઈ પણ ગતિ કે જાતિમાં રહેલી સ્ત્રીઓની સંખ્યા જઘન્ય અને ઉત્કૃષ્ટ કૃતયુગ્મ પ્રમાણ જ હોય છે અને મધ્યમમાં ચારે ય સંખ્યા હોય શકે છે.

**અન્ધકવહ્નિ જીવોમાં અલ્પબહુત્વ પરિમાણ :–**

**૮ जावइया णं भंते ! वरा अंधगवण्हिणो जीवा तावइया परा अंधगवण्हिणो जीवा ?**

**हंता गोयमा ! जावइया वरा अंधवगण्हिणो जीवा तावइया परा अंधगवण्हिणो जीवा। सेवं भंते ! सेवं भंते !**

**શબ્દાર્થ :– वरा** = અલ્પ આયુષ્યવાળા **परा** = પ્રકૃષ્ટ સ્થિતિ, દીર્ઘ આયુષ્યવાળા **अंधग वण्हिणो** = સૂક્ષ્મ અગ્નિકાય.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જેટલા અલ્પ આયુષ્યવાળા અન્ધકવહ્નિ જીવો છે, તેટલા જ ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અન્ધકવહ્નિ જીવો છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! જેટલા અલ્પ આયુષ્યવાળા અન્ધકવહ્નિ જીવો છે, તેટલા જ ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અન્ધકવહ્નિ જીવો છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**॥ શતક ૧૮/૪ સંપૂર્ણ ॥**

# શતક–૧૮ : ઉદ્દેશક–૫

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં સમાન સ્થાનમાં ઉત્પન્ન થયેલા જીવોની અનેક પ્રકારની તરતમતાનું પ્રતિપાદન છે.

★ જેમ બે મનુષ્યોમાં જે મનુષ્ય અલંકારો વગેરેથી અલંકૃત અને વિભૂષિત હોય તે દર્શનીય પ્રતીત થાય છે અને જે અલંકૃત, વિભૂષિત ન હોય તે દર્શનીય પ્રતીત થતા નથી, તેમ એક જ સ્થાનમાં રહેલા બે દેવોમાં જે દેવ અલંકૃત અને વિભૂષિત હોય તે દર્શનીય છે અને જે અલંકૃત, વિભૂષિત ન હોય તે દર્શનીય પ્રતીત થતા નથી. દેવ જ્યારે દેવ શય્યામાં ઉત્પન્ન થાય છે ત્યારે તેણે અલંકાર વગેરે ધારણ કર્યા હોતા નથી. ત્યાર પછી તે વિભૂષિત થાય છે ત્યારે તે સુંદર અને મનોહર લાગે છે.

★ સમાન સ્થાનમાં ઉત્પન્ન થયેલા બે જીવોના કર્મ, ક્રિયા, આશ્રવ કે વેદના સમાન હોતા નથી. મિથ્યાદષ્ટિ જીવો મહાકર્મ, મહાક્રિયા, મહાશ્રવ અને મહાવેદનાવાળા હોય છે અને સમ્યગ્દષ્ટિ જીવો અપેક્ષાએ અલ્પકર્મ, અલ્પક્રિયા, અલ્પાશ્રવ અને અલ્પવેદનાવાળા હોય છે. પાંચ સ્થાવરના જીવો એકાંત મિથ્યાત્વી છે અને ત્રણ વિકલેન્દ્રિયોને અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમક્તિ હોવા છતાં તે મિથ્યાત્વાભિમુખ જ છે. આ રીતે તે આઠ દંડકના સર્વ જીવો એક સમાન છે. તેથી તે જીવોમાં કર્મ, ક્રિયા આદિમાં વિશેષતા હોતી નથી. શેષ દંડકના જીવોમાં ઉપરોક્ત તરતમતા હોય છે.

★ જીવ આ ભવનું શરીર ન છોડે ત્યાં સુધી આ ભવનું જ આયુષ્ય વેદે છે પરભવનું આયુષ્ય આ ભવમાં ભોગવાતું નથી.

★ દેવોને જન્મથી જ વૈક્રિયશરીર અને વૈક્રિયલબ્ધિ હોય છે. તે વિવિધરૂપો બનાવી શકે છે. તેમ છતાં તે દેવોનું વૈક્રિય સામર્થ્ય ભિન્ન ભિન્ન હોય છે. સમ્યગ્દષ્ટિ દેવો પોતાની ઇચ્છાનુસાર રૂપો બનાવી શકે છે. પરંતુ મિથ્યાત્વી દેવો ઇચ્છાનુસાર રૂપ બનાવી શકતા નથી. તે સરળ-વિલક્ષણરૂપની વિકુર્વણા કરવા ઇચ્છે અને તે માટે પ્રયત્ન પણ કરે પરંતુ તેની ઇચ્છાથી વિપરીત રૂપની જ વિકુર્વણા થાય છે. તેમાં તેનું તીવ્ર અને મંદ રસ યુક્ત વૈક્રિયનામ કર્મ કારણ બને છે.

આ રીતે એક સ્થાનમાં ઉત્પન્ન થયેલા દેવોના વૈક્રિય સામર્થ્યમાં તરતમતા હોય છે.

❖❖❖❖❖

# શતક-૧૮ : ઉદ્દેશક-૫

## અસુર

**દેવોની દર્શનીયતા-અદર્શનીયતાનું કારણ :-**

**१** **दो भंते ! असुरकुमारा एगंसि असुरकुमारावासंसि असुरकुमारदेवत्ताए उववण्णा, तत्थ णं एगे असुरकुमारे देवे पासाईए, दरिसणिज्जे, अभिरूवे, पडिरूवे; एगे असुरकुमारे देवे से णं णो पासाईए, णो दरिसणिज्जे, णो अभिरूवे, णो पडिरूवे, से कहमेयं भंते ! एवं ?**

**गोयमा ! असुरकुमारा देवा दुविहा पण्णत्ता, तं जहा– वेउव्वियसरीरा य अवेउव्वियसरीरा य, तत्थ णं जे से वेउव्वियसरीरे असुरकुमारे देवे से णं पासाईए** *जाव* **पडिरूवे; तत्थ णं जे से अवेउव्वियसरीरे असुरकुमारे देवे से णं णो पासाईए** *जाव* **णो पडिरूवे ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ** *जाव* **णो पडिरूवे ?**

**गोयमा ! से जहाणामए– इह मणुयलोगंसि दुवे पुरिसा भवंति– एगे पुरिसे अलंकिय-विभूसिए, एगे पुरिसे अणलंकियविभूसिए, एएसि णं गोयमा ! दोण्हं पुरिसाणं कयरे पुरिसे पासाईए** *जाव* **पडिरूवे, कयरे पुरिसे णो पासाईए** *जाव* **णो पडिरूवे, जे वा से पुरिसे अणलंकियविभूसिए, जे वा से पुरिसे अलंकिय-विभूसिए ? भगवं ! तत्थ णं जे से पुरिसे अलंकियविभूसिए से णं पुरिसे पासाईए** *जाव* **पडिरूवे, तत्थ णं जे से पुरिसे अणलंकियविभूसिए से णं पुरिसे णो पासाईए** *जाव* **णो पडिरूवे । से तेणट्ठेणं गोयमा !** *जाव* **णो पडिरूवे ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! એક અસુરકુમારાવાસમાં બે અસુરકુમાર દેવો અસુરકુમાર દેવપણે ઉત્પન્ન થાય, તેમાંથી એક અસુરકુમાર દેવ પ્રસન્નતા ઉત્પન્ન કરનાર, દર્શનીય, સુંદર અને મનોહર હોય છે અને બીજા અસુરકુમાર દેવ પ્રસન્નતા ઉત્પન્ન કરનાર, દર્શનીય, સુંદર અને મનોહર નથી. હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમાર દેવના બે પ્રકાર છે. યથા– વૈક્રિય શરીરી (વિભૂષિત શરીરી) અને અવૈક્રિય શરીરી (અવિભૂષિત શરીરી). જે અસુરકુમાર દેવ વિભૂષિત શરીરી છે, તે પ્રસન્નતા ઉત્પન્ન કરનાર ***યાવત્*** મનોહર હોય છે અને જે અવિભૂષિત શરીરી છે, તે પ્રસન્નતા ઉત્પન્ન કરનાર ***યાવત્*** મનોહર હોતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ? કે જે વિભૂષિત શરીરી છે, તે પ્રસન્નતા ઉત્પન્ન કરે છે ***યાવત્*** મનોહર હોય છે અને જે અવિભૂષિત શરીરી છે, તે પ્રસન્નતા ઉત્પન્ન કરતા નથી ***યાવત્*** મનોહર હોતા નથી.

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે આ મનુષ્ય લોકમાં બે પુરુષ હોય, તેમાંથી એક પુરુષ આભૂષણોથી અલંકૃત અને વિભૂષિત હોય અને એક અલંકૃત અને વિભૂષિત ન હોય, હે ગૌતમ ! તો આ બંને પુરુષોમાં કયો પુરુષ પ્રસન્નતા ઉત્પન્ન કરનાર ***યાવત્*** મનોહર હોય છે અને કયો પુરુષ પ્રસન્નતા ઉત્પન્ન ન કરનાર ***યાવત્*** મનોહર નથી ? શું અલંકૃત અને વિભૂષિત છે તે કે જે અલંકૃત અને વિભૂષિત નથી તે ?

હે ભગવન્ ! તે બંને પુરુષોમાં જે અલંકૃત અને વિભૂષિત છે, તે પ્રસન્નતા ઉત્પન્ન કરનાર ***યાવત્*** મનોહર હોય છે અને જે પુરુષ અલંકૃત અને વિભૂષિત નથી તે પ્રસન્નતા ઉત્પન્ન કરનાર ***યાવત્*** મનોહર નથી. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે– તે અસુરકુમાર ***યાવત્*** મનોહર નથી.

**૨ दो भंते ! णागकुमारा देवा एगंसि णागकुमारावासंसि, पुच्छा ? गोयमा ! एवं चेव** *जाव* **थणियकुमारा । वाणमंतर-जोइसिय-वेमाणिया वि एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બે નાગકુમાર દેવો, એક નાગકુમારવાસમાં, નાગકુમાર દેવપણે ઉત્પન્ન થયા તેમાંથી એક નાગકુમાર દેવ પ્રસન્નતા ઉત્પન્ન કરનાર ***યાવત્*** મનોહર છે અને બીજા નાગકુમાર દેવ પ્રસન્નતા ઉત્પન્ન ન કરનાર ***યાવત્*** મનોહર નથી. ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વોક્ત રૂપે સમજવું જોઈએ. આ રીતે સ્તનિત કુમાર સુધી જાણવું જોઈએ અને વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકના વિષયમાં પણ આ જ રીતે જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત બે સૂત્રોમાં એક આવાસમાં ઉત્પન્ન થયેલા બે ભવનપતિ દેવોના રૂપમાં ભિન્નતાનું કારણ સ્પષ્ટ કર્યું છે. એક જ આવાસમાં ઉત્પન્ન થયેલા બે દેવોમાં પ્રસન્નતા, સુંદરતા અને મનોહરતાની ભિન્નતાનું કારણ શરીરની શોભા-વિભૂષા છે. આમ તો પ્રત્યેક દેવને ભવધારણીય વૈક્રિય શરીર છે. તેથી પ્રસ્તુત પ્રસંગમાં વૈક્રિય શરીરનો અર્થ વિભૂષિત શરીર સમજવું જોઈએ.

કોઈ પણ દેવ જ્યારે દેવ શય્યામાં ઉત્પન્ન થયા પછી અલંકાર સભામાં જઈને અલંકાર આદિ ધારણ કરીને વિભૂષિત થાય છે ત્યારે તે દેવ વિશેષ દર્શનીય, સુંદર અને મનોહર લાગે છે અને જ્યાં સુધી તે દેવે શોભા-વિભૂષા ન કરી હોય ત્યાં સુધી તે દેવ અપેક્ષાએ દર્શનીય, સુંદર અને મનોહર પ્રતીત થતા નથી.

દેવોનું શરીર સ્વાભાવિક રીતે સુંદર જ હોય છે. તેથી સૂત્રોક્ત કથન આપેક્ષિક(સાપેક્ષ) સમજવું.

**બે જીવોમાં અલ્પકર્મ-મહાકર્મ આદિના કારણ :–**

**૩ दो भंते ! णेरइया एगंसि णेरइयावासंसि णेरइयत्ताए उववण्णा, तत्थ णं एगे णेरइए महाकम्मतराए चेव** *जाव* **महावेयणतराए चेव; एगे णेरइए अप्पकम्मतराए चेव** *जाव* **अप्पवेयणतराए चेव; से कहमेयं भंते ! एवं ?**

**गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा– मायिमिच्छदिट्ठिउववण्णगा य अमायिसम्मदिट्ठिउववण्णगा य । तत्थ णं जे से मायिमिच्छदिट्ठिउववण्णए णेरइए से णं**

**महाकम्मतराए चेव *जाव* महावेयणतराए चेव; तत्थ णं जे से अमायिसम्म-दिट्ठि-उववण्णए णेरइए से णं अप्पकम्मतराए चेव *जाव* अप्पवेयणतराए चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બે નૈરયિકો એક નરકાવાસમાં નૈરયિકપણે ઉત્પન્ન થયા, તેમાંથી એક નૈરયિક મહાકર્મ, મહાક્રિયા, મહાશ્રવ અને મહાવેદનાવાળા હોય છે અને એક નૈરયિક અલ્પકર્મ, અલ્પક્રિયા, અલ્પાશ્રવ અને અલ્પવેદનાવાળા હોય છે. હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોના બે પ્રકાર છે, યથા– માયી મિથ્યાદષ્ટિરૂપે ઉત્પન્ન અને અમાયી સમ્યગ્દષ્ટિ રૂપે ઉત્પન્ન. તેમાંથી જે માયી મિથ્યાદષ્ટિરૂપે ઉત્પન્ન નૈરયિક છે, તે મહાકર્મી ***યાવત્*** મહાવેદના-વાળા હોય છે અને જે અમાયી સમ્યગ્દષ્ટિરૂપે ઉત્પન્ન નૈરયિક છે, તે અલ્પકર્મી ***યાવત્*** અલ્પવેદના-વાળા હોય છે.

**૪ दो भंते ! असुरकुमारा, पुच्छा ? गोयमा ! एवं चेव । एवं एगिंदिय-विगलिंदियवज्जं *जाव* वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** બે અસુરકુમારોના વિષયમાં મહાકર્મ આદિ વિષયક પ્રશ્ન ? **ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વોક્ત ભેદથી સમજવું જોઈએ. આ રીતે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયને છોડીને વૈમાનિક સુધી જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમાન સ્થાનમાં રહેલા જીવોના કર્મ, ક્રિયા, આશ્રવ, અને વેદનાની તરતમતાનું નિરૂપણ કર્યું છે.

મહાકર્મ આદિનું કારણ મિથ્યાદષ્ટિ અને અલ્પકર્મ આદિનું કારણ સમ્યગ્દષ્ટિ છે. મિથ્યાદષ્ટિ જીવો ભારે કર્મી અને અજ્ઞાની હોય છે. સમ્યગ્દષ્ટિ જીવો અલ્પ કર્મી અને જ્ઞાની હોય છે.

એકેન્દ્રિય જીવો એકાંત મિથ્યાત્વી છે અને વિકલેન્દ્રિય જીવોમાં સાસ્વાદન સમકિત હોવા છતાં તે મિથ્યાત્વાભિમુખ હોવાથી તેને મિથ્યાત્વજનિત ક્રિયા આદિ લાગે છે. આ રીતે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયમાં સમ્યગ્દર્શન સાપેક્ષ અલ્પકર્મતાની સંભાવના નથી. તે સર્વ જીવો મહાકર્માદિવાળા એક સમાન છે. તેથી અહીં એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયને છોડીને શેષ દંડકના બે-બે જીવોનું તુલનાત્મક કથન કર્યું છે.

**વર્તમાન અને આગામી ભવની અપેક્ષાએ આયુષ્યવેદન :–**

**૫ णेरइए णं भंते ! अणंतरं उव्वट्टित्ता जे भविए पंचिंदियतिरिक्ख-जोणिएसु उववज्जित्तए से णं भंते ! कयरं आउयं पडिसंवेदेइ ?**

**गोयमा ! णेरइयाउयं पडिसंवेदेइ, पंचिंदियतिरिक्खजोणियाउए से पुरओ कडे चिट्ठइ, एवं मणुस्सेसु वि, णवरं मणुस्साउए से पुरओ कडे चिट्ठइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે નૈરયિક એક સમય પછી મરણ પામીને તરત જ પંચેન્દ્રિય તિર્યંચ યોનિકમાં ઉત્પન્ન થવાનો છે, તે કયા આયુષ્યનું વેદન કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે નૈરયિક આયુષ્યનું વેદન કરે છે અને પંચેન્દ્રિય તિર્યંચ યોનિકના આયુષ્યને

ઉદયાભિમુખ થઈને રહે છે. આ રીતે મનુષ્યના વિષયમાં પણ સમજવું જોઈએ. વિશેષતા એ છે કે તે મનુષ્યના આયુષ્યને ઉદયાભિમુખ કરે છે.

**૬ असुरकुमारा णं भंते ! अणंतरं उव्वट्टित्ता जे भविए पुढविकाइएसु उववज्जित्तए, पुच्छा ?**

**गोयमा ! असुरकुमाराउयं पडिसंवेदेइ, पुढविकाइयाउए से पुरओ कडे चिट्ठइ । एवं जो जहिं भविओ उववज्जित्तए, तस्स तं पुरओ कडं चिट्ठइ, जत्थ ठिओ तं पडिसंवेदेइ** *जाव* **वेमाणिए, णवरं पुढविकाइए पुढविकाइएसु उववज्जइ, पुढविकाइयाउयं पडिसंवेदेइ, अण्णे य से पुढविक्काइयाउए पुरओ कडे चिट्ठइ, एवं** *जाव* **मणुस्सो सट्ठाणे उववाएयव्वो, परट्ठाणे तहेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે અસુરકુમાર દેવ મરીને તરત જ પૃથ્વીકાયિક જીવોમાં ઉત્પન્ન થવાના હોય, તે કયા આયુષ્યનું વેદન કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે અસુરકુમારના આયુષ્યનું વેદન કરે છે અને પૃથ્વીકાયિક આયુષ્યને ઉદયાભિમુખ કરીને રહે છે. આ રીતે જે જીવ જ્યાં ઉત્પન્ન થવાના હોય, તે તેના આયુષ્યને ઉદયાભિમુખ કરે છે અને જ્યાં સ્થિત હોય, ત્યાંના આયુષ્યનું વેદન કરે છે. આ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ. વિશેષતા એ છે કે જે પૃથ્વીકાયિક જીવ, પૃથ્વીકાયિકમાં જ ઉત્પન્ન થવા યોગ્ય છે, તે પૃથ્વીકાયિક પોતાના આયુષ્યનું વેદન કરે છે અને અન્ય પૃથ્વીકાયિક આયુષ્યને ઉદયાભિમુખ કરે છે. આ રીતે ***યાવત્*** મનુષ્ય સુધી સ્વસ્થાનમાં ઉત્પત્તિના વિષયમાં જાણવું જોઈએ. પરસ્થાનમાં ઉત્પત્તિના વિષયમાં પૂર્વવત્ જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તૂત સૂત્રોમાં એક સૈદ્ધાન્તિક તથ્યને પ્રગટ કર્યું છે. કોઈ પણ જીવને જે ભવ સંબંધી આયુષ્યનો ઉદય હોય, જે ભવ સંબંધી શરીર ધારણ કર્યું હોય, જે શરીરમાં સ્થિત હોય, તેના અંતિમ સમય સુધી તે જીવ તે ભવના આયુષ્યનું જ વેદન કરે છે.

જ્યારે આ ભવનું આયુષ્ય પૂર્ણ થઈ જાય, જીવ આ શરીરને છોડીને જે સમયે નીકળે, તેના પછીના સમયે(અર્થાત્ તેની વાટે વહેતી અવસ્થાથી) જ આગામી ભવના આયુષ્યનો ઉદય થાય છે.

જે જીવ સ્વસ્થાનમાં જ ઉત્પન્ન થવા યોગ્ય હોય અર્થાત્ પૃથ્વીકાય મરીને પૃથ્વીકાયમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે જીવ વર્તમાનમાં પૂર્વે બાંધેલા પૃથ્વીકાયના આયુષ્યને ભોગવે છે અને શરીર છોડી મૃત્યુ પામ્યા પછી આગામી ભવના પૃથ્વીકાયના આયુષ્યને ભોગવે છે. આ રીતે ઔદારિક દંડકોમાં સ્વસ્થાન સંબંધી આયુષ્ય વેદન થાય છે.

**દેવોનું વિકુર્વણા સામર્થ્ય :–**

**૭ दो भंते ! असुरकुमारा एगंसि असुरकुमारावासंसि असुरकुमारदेवत्ताए उववण्णा, तत्थ णं एगे असुरकुमारे देवे उज्जुयं विउव्विस्सामीति उज्जुयं विउव्वइ, वंकं विउव्विस्सामीति**

**वंकं विउव्वइ, जं जहा इच्छइ तं तहा विउव्वइ । एगे असुरकुमारे देवे उज्जुयं विउव्विस्सामीति वंकं विउव्वइ, वंकं विउव्विस्सामीति उज्जुयं विउव्वइ, जं जहा इच्छइ णो तं तहा विउव्वइ; से कहमेयं भंते ! एवं ?**

**गोयमा ! असुरकुमारा देवा दुविहा पण्णत्ता, तं जहा– मायिमिच्छदिट्ठि-उववण्णगा य अमायिसम्मदिट्ठिउववण्णगा य । तत्थ णं जे से मायिमिच्छदिट्ठी-उववण्णए असुरकुमारे देवे से णं उज्जुयं विउविस्सामि त्ति वंकं विउव्वइ** *जाव* **णो तं तहा विउव्वइ । तत्थ णं जे से अमायिसम्मदिट्ठिउववण्णए असुरकुमारे देवे से उज्जुयं विउविस्सामि त्ति** *जाव* **तं तहा विउव्वइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક અસુરકુમારાવાસમાં બે અસુરકુમાર દેવો, અસુરકુમાર દેવપણે ઉત્પન્ન થયા. તેમાંથી એક અસુરકુમાર દેવ સરળ રૂપની વિકુર્વણા કરવાની ઇચ્છા કરે તો સરલ વિકુર્વણા કરી શકે છે અને વક્ર રૂપની વિકુર્વણા કરવાની ઇચ્છા કરે, તો વક્ર વિકુર્વણા કરી શકે છે. તે જે પ્રકારના અને જેવા રૂપની વિકુર્વણા કરવાની ઇચ્છા કરે છે, તે જ પ્રકારના અને તેવા જ રૂપની વિકુર્વણા કરે છે. અન્ય કોઈ એક અસુરકુમાર દેવ ઋજુ વિકુર્વણા કરવાની ઇચ્છા કરે તો વક્ર રૂપની વિકુર્વણા થઈ જાય છે અને વક્રરૂપની વિકુર્વણા કરવાની ઇચ્છા કરે તો ઋજુ રૂપની વિકુર્વણા થઈ જાય છે, આમ તે દેવ જે પ્રકારે અને જેવા રૂપની વિકુર્વણા કરવાની ઇચ્છા કરે છે, તે પ્રકારે તેવા રૂપની વિકુર્વણા કરી શકતા નથી. હે ભગવન્! તેનું શું કારણ છે?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમારના બે પ્રકાર છે. યથા– માયીમિથ્યાદષ્ટિ ઉત્પન્નક અને અમાયીસમ્યગ્દષ્ટિ ઉત્પન્નક. તેમાંથી જે માયીમિથ્યાદષ્ટિ ઉત્પન્નક અસુરકુમાર દેવ છે, તે ઋજુ રૂપની વિકુર્વણા કરવાની ઇચ્છા કરે, તો પણ વક્રરૂપની વિકુર્વણા થઈ જાય છે ***યાવત્*** જે પ્રકારે, જેવા રૂપની વિકુર્વણા કરવાની ઇચ્છા કરે છે, તે પ્રકારે, તેવા રૂપની વિકુર્વણા કરી શકતા નથી અને જે અમાયી સમ્યગ્દષ્ટિ ઉત્પન્નક અસુરકુમાર દેવ છે, તે ઋજુ રૂપની વિકુર્વણા કરવાની ઇચ્છા કરે તો તેવા જ પ્રકારના રૂપની ***યાવત્*** વિકુર્વણા કરી શકે છે.

**૮ दो भंते ! णागकुमारा, पुच्छा ? गोयमा !** *जहा* **असुरकुमारा तहा नागकुमारा वि । एवं** *जाव* **थणियकुमारा । वाणमंतर-जोइसिय-वेमाणिया एवं चेव ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બે નાગકુમાર દેવો, એક નાગકુમારાવાસમાં દેવપણે ઉત્પન્ન થયા. ઇત્યાદિ પૂર્વોક્ત પ્રશ્ન પૂછવો. ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમારની જેમ નાગકુમાર દેવોના વિષયમાં પણ જાણવું. આ જ રીતે સ્તનિતકુમાર સુધી અને વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકના વિષયમાં જાણવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં દેવોના વૈક્રિય સામર્થ્યની તરતમતા અને તેના કારણને પ્રદર્શિત કર્યું છે.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક આ ચારે જાતિના દેવોમાંથી કેટલાક દેવો સ્વેચ્છાનુસાર વિકુર્વણા કરી શકે છે અને કેટલાક દેવો સ્વેચ્છાનુસાર વિકુર્વણા કરી શકતા નથી. તેનું કારણ તેના

તથાપ્રકારના વૈક્રિયનામકર્મનો ઉદય છે. જે દેવોએ સમ્યગ્દર્શન નિમિત્તક તીવ્ર રસયુક્ત વૈક્રિયનામ કર્મનો બંધ કર્યો છે તે દેવ સ્વેચ્છાનુસાર વિક્રિયા કરી શકે છે અને જે દેવોએ મિથ્યાદર્શન નિમિત્તક મંદ રસયુક્ત વૈક્રિયનામ કર્મનો બંધ કર્યો છે તે દેવો સ્વેચ્છાનુસાર વિક્રિયા કરી શકતા નથી. આ રીતે વૈક્રિયનામ કર્મના ઉદય અનુસાર દેવોનું વિકુર્વણા સામર્થ્ય હોય છે.

નિષ્કર્ષ એ છે કે સમ્યગ્દષ્ટિ દેવો સ્વેચ્છાનુસાર વિકુર્વણા કરી શકે છે અને મિથ્યાદષ્ટિ દેવોને ઈચ્છાથી વિપરીત વિકુર્વણા પણ થઈ જાય છે.

**॥ શતક ૧૮/૫ સંપૂર્ણ ॥**

# શતક–૧૮ : ઉદ્દેશક–૬

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં કેટલાક પદાર્થોમાં વ્યવહાર અને નિશ્ચયથી વર્ણાદિનું તેમજ પરમાણુ આદિમાં વર્ણાદિનું નિરૂપણ છે.

★ પ્રત્યેક પદાર્થમાં વ્યવહાર દષ્ટિથી કોઈ પણ એક વર્ણાદિ હોય છે. જે વર્ણની પ્રધાનતા હોય તે વર્ણથી તેનું કથન કરાય છે. જેમ કે દૂધ સફેદ છે, તેવો વ્યવહાર કરાય છે; કારણ કે તેમાં શ્વેત વર્ણની જ પ્રધાનતા છે. સૈદ્ધાંતિક દષ્ટિથી પ્રત્યેક પદાર્થમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ હોય જ છે.

સૂત્રકારે વ્યવહાર નયથી કેટલાક પદાર્થોના વર્ણાદિનું કથન કર્યું છે. જેમ કે હળદર-પીળી, ભ્રમર-કાળો, શંખ-સફેદ, લીમડો-કડવો, આંબલી ખાટી છે. આ પ્રત્યેક પદાર્થમાં નિશ્ચયનયથી વર્ણાદિ વીસ બોલ હોય છે.

★ એક પરમાણુ પુદ્‌ગલમાં કોઈ પણ એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ હોય છે. એક સ્પર્શ ક્યારે ય હોતો નથી. કારણ કે શીત-ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ આ ચાર મૂળ સ્પર્શ છે. તેમાંથી પરમાણુમાં બે અવિરોધી સ્પર્શ અવશ્ય હોય છે.

દ્વિપ્રદેશી સ્કંધમાં એક અથવા બે વર્ણ, એક અથવા બે ગંધ, એક અથવા બે રસ, બે, ત્રણ અથવા ચાર સ્પર્શ હોય છે.

ત્રિપ્રદેશી સ્કંધમાં પણ એક, બે કે ત્રણ વર્ણ, એક કે બે ગંધ, એક, બે કે ત્રણ રસ અને બે, ત્રણ, ચાર સ્પર્શ હોય છે. ચાર પ્રદેશીમાં એક, બે, ત્રણ કે ચાર વર્ણ, એક કે બે ગંધ, એક, બે, ત્રણ કે ચાર રસ અને બે, ત્રણ કે ચાર સ્પર્શ હોય છે. પાંચ પ્રદેશીથી અસંખ્યાત પ્રદેશી સ્કંધ સુધીમાં અને સૂક્ષ્મ અનંત પ્રદેશી સ્કંધમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને ચાર સ્પર્શ ઉપરોક્ત વિકલ્પથી(અર્થાત્ એક, બે, ત્રણ, ચાર કે પાંચ) વર્ણાદિ હોય છે અને બાદર અનંત પ્રદેશી સ્કંધમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને ચારથી આઠ સ્પર્શ(ઉપરોક્ત વિકલ્પ પ્રમાણે) નિયમથી હોય છે.

આ રીતે પુદ્‌ગલ દ્રવ્યમાં યથાયોગ્ય વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે.

❖❖❖❖❖

# શતક–૧૮ : ઉદ્દેશક–૬

## ગોળ

**નિશ્ચય-વ્યવહારથી ગોળ આદિમાં વર્ણાદિ :–**

**१ फाणियगुले णं भंते ! कइवण्णे, कइगंधे, कइरसे, कइफासे पण्णत्ते ?**

**गोयमा ! एत्थ णं दो णया भवंति, तं जहा– णिच्छइयणए य वावहारियणए य । वावहारियणयस्स गोड्डे फाणियगुले, णेच्छइयणयस्स पंचवण्णे दुगंधे पंचरसे अट्ठफासे पण्णत्ते।**

**શબ્દાર્થ :– फाणियगुले** = ઢીલો ગોળ **गोड्डे** = મધુરરસ યુક્ત.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઢીલા ગોળમાં કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ સંબંધમાં બે નય(અપેક્ષા) છે. યથા– નિશ્ચય નય અને વ્યવહાર નય. વ્યવહાર નયની અપેક્ષાએ ઢીલા ગોળમાં મધુર રસ હોય છે અને નિશ્ચય નયની અપેક્ષાએ તેમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ હોય છે.

**२ भमरे णं भंते ! कइवण्णे, पुच्छा ?**

**गोयमा ! एत्थ णं दो णया भवंति, तं जहा– णिच्छइयणए य वावहारियणए य । वावहारियणयस्स कालए भमरे, णेच्छइयणयस्स पंचवण्णे *जाव* अट्ठफासे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભ્રમરમાં કેટલા વર્ણ, ગંધ, અને સ્પર્શ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વ્યાવહારિક નયથી ભ્રમરમાં કાળો વર્ણ હોય છે અને નિશ્ચય નયથી ભ્રમરમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ હોય છે.

**३ सुयपिच्छे णं भंते ! कइवण्णे, पुच्छा ?**

**गोयमा ! एवं चेव, णवरं वावहारियणयस्स णीलए सुयपिच्छे, णेच्छइयणयस्स पंचवण्णे, सेसं तं चेव । एवं एएणं अभिलावेणं लोहिया मंजिट्ठिया, पीतिया हालिद्दा, सुक्किल्लए संखे, सुब्भिगंधे कोट्ठे, दुब्भिगंधे मयगसरीरे, कडुए णिंबे, तित्ता सुंठी, कसाए कविट्ठे, अंबा अंबिलिया, महुरे खण्डे, कक्खडे वइरे, मउए णवणीए, गरूए य, लहुए उलुयपत्ते, सीए हिमे, उसिणे अगणिकाए, णिद्धे तेल्ले ।**

**શબ્દાર્થ :– सुयपिच्छे** = પોપટની પાંખ **मंजिट्ठिया** = ચણોઠી **णिंबे** = લીમડો **उलुयपत्ते** = બોરના પાન, ઘુવડની પાંખ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પોપટની પાંખમાં કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વ્યાવહારિક નયથી પોપટની પાંખ લીલાવર્ણની છે અને નિશ્ચય નયથી તેમાં પાંચ વર્ણ ઇત્યાદિ પૂર્વોક્ત રૂપે જાણવું જોઈએ. આ રીતે આ જ વકતવ્યતા દ્વારા ચણોઠી લાલ છે, હળદર પીળી છે, શંખ શ્વેત છે, કૃષ્ઠ(કપડાને સુગંધિત કરનારા પાન) સુગંધિત છે, મૃતક શરીર દુર્ગન્ધિત છે, લીમડો કડવો છે. સૂંઠ તીખી છે, કવિઠ(કોઠુ) કષાયેલું(તૂરું) છે, આમલી ખાટી છે, ખાંડ મધુર છે, વજ્ર કર્કશ છે, માખણ મૃદુ છે. લોખંડ ભારે છે, ઘુવડની પાંખ હળવી છે, બરફ ઠંડો છે, અગ્નિકાય ઉષ્ણ છે અને તેલ સ્નિગ્ધ છે પરંતુ નિશ્ચય નયથી આ સર્વમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ હોય છે.

**૪** **छारिया णं भंते ! कइवण्णे, पुच्छा ?**

**गोयमा ! एत्थ दो णया भवंति, तं जहा– णिच्छइय-णए य वावहारियणए य, वावहारिय-णयस्स लुक्खा छारिया, णेच्छइय-णयस्स पंचवण्णा** *जाव* **अट्ठफासा पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રાખમાં કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વ્યાવહારિક નયથી રાખ રૂક્ષ સ્પર્શવાળી છે અને નિશ્ચય નયથી રાખમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રત્યેક વસ્તુના વર્ણાદિનું નિરૂપણ નિશ્ચય અને વ્યવહાર આ બે નયોથી કર્યું છે.

વ્યવહારનય લોક વ્યવહારનું અનુસરણ કરે છે. તે નય વસ્તુમાં અનેક વર્ણાદિ હોવા છતાં જેની પ્રધાનતા-મુખ્યતા હોય કે જે વર્ણાદિ સ્પષ્ટરૂપે દષ્ટિગોચર થતાં હોય તેને ગ્રહણ કરે છે. શેષ અન્ય વર્ણાદિની તે ઉપેક્ષા કરે છે. વ્યવહાર નયની અપેક્ષાએ દૂધ સફેદ છે, હળદર પીળી છે, તે પ્રમાણે કથન થાય છે. આ કથનમાં શ્વેત વર્ણ તથા પીળા વર્ણની જ પ્રધાનતા છે પરંતુ તે સમયે પણ તેમાં અન્ય વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ અવશ્ય હોય જ છે. નિશ્ચયનય વસ્તુના મૂળભૂત સ્વભાવને સ્વીકારે છે. પુદ્ગલ દ્રવ્યમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શનું સાહચર્ય હોય છે. અહીં ગોળ, ભ્રમર, પોપટની પાંખ, રાખ આદિ પદાર્થોમાં બંને નયોની અપેક્ષાએ ઉત્તર આપ્યા છે. નિશ્ચયનયથી તો દશ્યમાન પ્રત્યેક પદાર્થમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ હોય છે.

**પરમાણુ અને સ્કંધાદિમાં વર્ણાદિ :–**

**૫** **परमाणुपोग्गले णं भंते ! कइवण्णे** *जाव* **कइफासे पण्णत्ते ? गोयमा ! एगवण्णे, एगगंधे, एगरसे, दुफासे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરમાણુ પુદ્ગલમાં કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ હોય છે.

**૬** **दुपएसिए णं भंते ! खंधे कइवण्णे, पुच्छा ?**

**गोयमा ! सिय एगवण्णे, सिय दुवण्णे; सिय एगगंधे, सिय दुगंधे; सिय एगरसे,**

**सिय दुरसे; सिय दुफासे, सिय तिफासे, सिय चउफासे पण्णत्ते । एवं तिपएसिए वि, णवरं सिय एगवण्णे, सिय दुवण्णे, सिय तिवण्णे । एवं रसेसु वि, सेसं जहा दुपएसियस्स एवं चउपएसिए वि, णवरं सिय एगवण्णे *जाव* सिय चउवण्णे । एवं रसेसु वि, सेसं तं चेव । एवं पंच पएसिए वि, णवरं सिय एगवण्णे *जाव* सिय पंचवण्णे, एव रसेसु वि गंघफासा तहेव । जहा पंचपएसिओ एवं *जाव* असंखेज्जपएसिओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્વિપ્રદેશી સ્કંધમાં કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કદાચિત્ એક વર્ણ અને કદાચિત્ બે વર્ણ, કદાચિત્ એક ગંધ, કદાચિત્ બે ગંધ, કદાચિત્ એક રસ અને કદાચિત્ બે રસ, કદાચિત્ બે સ્પર્શ, કદાચિત્ ત્રણ સ્પર્શ અને કદાચિત્ ચાર સ્પર્શ હોય છે. આ રીતે ત્રિપ્રદેશી સ્કંધના વિષયમાં પણ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે કદાચિત્ એક વર્ણ, કદાચિત્ બે વર્ણ અને કદાચિત્ ત્રણ વર્ણ યુક્ત હોય છે. આ રીતે રસના વિષયમાં પણ જાણવું જોઈએ. આ રીતે ચતુષ્પ્રદેશી સ્કંધના વિષયમાં પણ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે કદાચિત્ એક વર્ણ ***યાવત્*** કદાચિત્ ચાર વર્ણ હોય છે. આ રીતે રસના વિષયમાં પણ જાણવું જોઈએ. શેષ સર્વ પૂર્વવત્ છે. આ રીતે પંચ પ્રદેશી સ્કંધના વિષયમાં પણ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે કદાચિત્ એક વર્ણ ***યાવત્*** કદાચિત્ પાંચ વર્ણ હોય છે. આ રીતે રસના વિષયમાં પણ જાણવું જોઈએ. ગંધ અને સ્પર્શ પૂર્વવત્ જાણવા જોઈએ. જે રીતે પંચપ્રદેશી સ્કંધનું કથન કર્યું તે જ રીતે ***યાવત્*** અસંખ્યાત પ્રદેશી સ્કંધ સુધી જાણવું જોઈએ.

**૭ सुहुमपरिणए णं भंते ! अणंतपएसिए खंधे कइवण्णे पुच्छा ? गोयमा ! जहा पंचपएसिए तहेव णिरवसेसं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ પરિણામી અનંત પ્રદેશી સ્કંધમાં કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેનું કથન પંચપ્રદેશી સ્કંધની સમાન સંપૂર્ણરૂપે જાણવું જોઈએ.

**૮ बायरपरिणए णं भंते ! अणंतपएसिए खंधे कइवण्णे, पुच्छा ?**

**गोयमा ! सिय एगवण्णे *जाव* सिय पंचवण्णे, सिय एगगंधे सिय दुगंधे, सिय एगरसे *जाव* सिय पंचरसे, सिय चउफासे *जाव* सिय अट्ठफासे पण्णत्ते । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર પરિણામી અનંત પ્રદેશી સ્કંધમાં કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે કદાચિત્ એક વર્ણ ***યાવત્*** કદાચિત્ પાંચ વર્ણ હોય છે. કદાચિત્ એક ગંધ કે બે ગંધ, કદાચિત્ એક રસ ***યાવત્*** પાંચ રસ, ચાર સ્પર્શ ***યાવત્*** કદાચિત્ આઠ સ્પર્શ હોય છે. ॥ હે ભગવન્! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પરમાણુ પુદ્ગલથી લઈને અનંતપ્રદેશી સ્કંધોમાં વર્ણાદિનું નિરૂપણ છે.

**પરમાણુ પુદ્ગલમાં વર્ણાદિ :–** એક પરમાણુમાં કોઈ પણ એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ હોય છે, તેના વિકલ્પો સોળ થાય છે. જેમ કે કોઈ પરમાણુ કાળો, કોઈ નીલો, કોઈ લાલ, કોઈ પીળો અને

કોઈ સફેદ હોય છે. આ રીતે વર્ણના પાંચ વિકલ્પો થઈ શકે છે. તે જ રીતે બે ગંધના બે વિકલ્પ, પાંચ રસના પાંચ વિકલ્પ અને ચાર સ્પર્શના ચાર વિકલ્પ કુલ– ૧૬ વિકલ્પ છે.

સ્પર્શ આઠ છે. શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ, મૃદુ, કર્કશ, લઘુ અને ગુરુ. તેમાંથી પરમાણુમાં શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ તે ચાર મૂળ સ્પર્શમાંથી અવિરોધી બે સ્પર્શ હોય છે. એક, સ્પર્શ ક્યારે ય હોતો નથી. શીત અને ઉષ્ણમાંથી કોઈ પણ એક અને સ્નિગ્ધ અને રૂક્ષમાંથી કોઈ પણ એક તે રીતે બે સ્પર્શ અવશ્ય હોય છે. જે પરમાણુ શીત હોય તે ઉષ્ણ હોય શકે નહીં. જે ઉષ્ણ હોય તે શીત હોય શકે નહીં. તેથી વિરોધી બે સ્પર્શમાંથી કોઈ પણ એક સ્પર્શ હોય. શીત-ઉષ્ણ, સ્નિગ્ધ-રૂક્ષ આ બે વિરોધી યુગલમાંથી એક એક સ્પર્શ ગણતા પરમાણુમાં બે સ્પર્શ થાય છે. તે બે સ્પર્શના ચાર વિકલ્પ થાય છે. (૧) શીત– સ્નિગ્ધ (૨) શીત– રૂક્ષ (૩) ઉષ્ણ– સ્નિગ્ધ (૪) ઉષ્ણ– રૂક્ષ. કોઈક શીત પરમાણુ સ્નિગ્ધ હોય, કોઈ રૂક્ષ હોય, આ રીતે બંને વિકલ્પ સંભવિત છે. આ જ રીતે ઉષ્ણના પણ બે વિકલ્પ સંભવિત છે. તેથી ચાર વિકલ્પ થાય છે.

પરમાણુમાં કર્કશ, મૃદુ, લઘુ કે ગુરુ તે ચાર સ્પર્શ હોતા નથી. કારણ કે તે ચાર સ્પર્શ સાંયોગિક છે. જેમ કે અનેક સ્નિગ્ધ પરમાણુ ભેગા થાય ત્યારે તે સ્કંધ મૃદુ અને અનેક રૂક્ષ પરમાણુ ભેગા થાય ત્યારે તે સ્કંધ કર્કશ લાગે છે. તે જ રીતે અનેક પરમાણુ ભેગા થાય ત્યારે જ સાપેક્ષપણે તે ગુરુ કે લઘુ કહેવાય. આ રીતે તે ચાર સ્પર્શનું સ્વરૂપ જોતાં સ્પષ્ટ થાય છે કે તે સ્પર્શ અનંત પ્રદેશી બાદર સ્કંધમાં હોય શકે છે. અપ્રદેશી પરમાણુમાં કે સૂક્ષ્મ પરિણામી સ્કંધમાં તે ચાર સ્પર્શમાંથી કોઈ પણ સ્પર્શની સંભાવના નથી.

**દ્વિપ્રદેશી સ્કંધમાં વર્ણાદિ :–** તેમાં એક અથવા બે વર્ણ, એક અથવા બે ગંધ, એક અથવા બે રસ, બે, ત્રણ અથવા ચાર સ્પર્શ હોય છે. તેમાં વર્ણના ૧૫ વિકલ્પો થાય છે. યથા– અસંયોગીના ૫ ભંગ– જો એક વર્ણ હોય તો કાળો, નીલો, લાલ, પીળો અથવા શ્વેત હોય, આ રીતે અસંયોગી પાંચ વિકલ્પ થાય છે.

જો બે વર્ણ હોય તો **દ્વિસંયોગી** ૧૦ વિકલ્પ થાય છે. યથા– (૧) કાળો-નીલો, (૨) કાળો-લાલ, (૩) કાળો-પીળો (૪) કાળો-શ્વેત, (૫) નીલો-લાલ (૬) નીલો-પીળો, (૭) નીલો-શ્વેત, (૮) લાલ-પીળો (૯) લાલ-શ્વેત, (૧૦) પીળો-શ્વેત. આ રીતે અસંયોગી પાંચ અને દ્વિક સંયોગી ૧૦ કુલ **૧૫ વિકલ્પ** વર્ણના થાય છે.

**ગંધના ૩ વિકલ્પ થાય છે–** અસંયોગી બે વિકલ્પ– (૧) સુરભિ ગંધ (૨) દુરભિ ગંધ. દ્વિસંયોગી એક વિકલ્પ– (૧) સુરભિ અને દુરભિ ગંધ.

**રસના ૧૫ વિકલ્પ થાય છે–** પાંચ રસના અસંયોગી પાંચ અને દ્વિક સંયોગી ૧૦; કુલ–૧૫ વિકલ્પ વર્ણની જેમ જાણવા.

**સ્પર્શના ૯ વિકલ્પ :–** બે સ્પર્શ હોય તો ચાર વિકલ્પ (૧) શીત-સ્નિગ્ધ (૨) શીત-રૂક્ષ (૩) ઉષ્ણ-સ્નિગ્ધ (૪) ઉષ્ણ-રૂક્ષ. ત્રણ સ્પર્શ હોય તો ચાર વિકલ્પ– (૧) શીત-સ્નિગ્ધ-રૂક્ષ. તે સ્કંધ સર્વાંશે શીત હોય અર્થાત્ તે શીત સ્કંધ હોય તેનો એક પરમાણુ સ્નિગ્ધ અને એક રૂક્ષ હોય તો આ ભંગ થાય છે. (૨) ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષ. તે સ્કંધ સર્વાંશે ઉષ્ણ હોય, તેનો એક પરમાણુ સ્નિગ્ધ અને એક રૂક્ષ હોય. તે જ રીતે (૩) સ્નિગ્ધ-ઉષ્ણ-શીત અને (૪) રૂક્ષ-ઉષ્ણ-શીત ભંગ થાય. ચાર સ્પર્શ હોય તો એક વિકલ્પ થાય છે– દ્વિપ્રદેશી સ્કંધના એક પરમાણુમાં શીત અને સ્નિગ્ધ સ્પર્શ હોય અને બીજામાં ઉષ્ણ અને રૂક્ષ સ્પર્શ હોય તો ચાર સ્પર્શ થાય છે.

આ રીતે દ્વિપ્રદેશી સ્કંધમાં વર્ણના-૧૫, ગંધના-૩, રસના-૧૫ અને સ્પર્શના-૯, કુલ ૪૨ વિકલ્પ થાય છે. આ જ રીતે ત્રિપ્રદેશીથી સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી સ્કંધમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના યથાયોગ્ય વિકલ્પો થાય છે.

**સૂક્ષ્મ અનંતપ્રદેશી સ્કંધમાં વર્ણાદિ :–** એકથી પાંચ વર્ણ, એક અથવા બે ગંધ, એકથી પાંચ રસ અને શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ, આ ચાર સ્પર્શ હોય છે.

**બાદર અનંતપ્રદેશી સ્કંધમાં વર્ણાદિ :–** તેમાં પણ પૂર્વવત્ એકથી પાંચ વર્ણ, એક અથવા બે ગંધ, એકથી પાંચ રસ અને ચાર, પાંચ, છ, સાત અથવા આઠ સ્પર્શ હોય છે. **જો તે સ્કંધ ચાર સ્પર્શી હોય તો–** મૃદુ અને કર્કશમાંથી કોઈ એક, ગુરુ અને લઘુમાંથી કોઈ એક, શીત અને ઉષ્ણમાંથી કોઈ એક અને સ્નિગ્ધ અને રૂક્ષમાંથી કોઈ એક સ્પર્શ, આ રીતે ચાર સ્પર્શ હોય છે. **જો તે સ્કંધમાં પાંચ સ્પર્શ હોય તો–** ચારમાંથી કોઈ પણ એક યુગ્મના બંને અને શેષ ત્રણ યુગ્મોમાંથી એક-એક સ્પર્શ, આ રીતે પાંચ સ્પર્શ હોય છે. અર્થાત્ સ્નિગ્ધ,રૂક્ષ બંને અને શેષ ત્રણ યુગ્મમાંથી એક-એક અર્થાત્ ઉષ્ણ,લઘુ,કર્કશ આ રીતે પાંચ સ્પર્શ થાય છે. **જો તે સ્કંધમાં છ સ્પર્શ હોય તો–** બે યુગ્મોના બે-બે અને શેષ બે યુગ્મમાંથી એક એક સ્પર્શ, આ રીતે છ સ્પર્શ હોય છે. **જો તે સ્કંધમાં સાત સ્પર્શ હોય તો–** ત્રણ યુગ્મોના બે-બે અને એક યુગ્મમાંથી એક સ્પર્શ, આ રીતે સાત સ્પર્શ થાય છે અને આઠ સ્પર્શ હોય તો ચારે યુગ્મના બે-બે સ્પર્શ હોય છે.

**પરમાણુ આદિમાં ઉત્કૃષ્ટ વર્ણાદિ :–**

| પુદ્ગલના પ્રકાર | વર્ણ | ગંધ | રસ | સ્પર્શ | કુલ વર્ણાદિ |
|---|---|---|---|---|---|
| પરમાણુ પુદ્ગલ | ૧ | ૧ | ૧ | ૨ | ૫ |
| દ્વિપ્રદેશી સ્કંધ | ૨ | ૨ | ૨ | ૪ | ૧૦ |
| ત્રિપ્રદેશી સ્કંધ | ૩ | ૨ | ૩ | ૪ | ૧૨ |
| ચતુષ્પ્રદેશી સ્કંધ | ૪ | ૨ | ૪ | ૪ | ૧૪ |
| પંચ પ્રદેશી સ્કંધ | ૫ | ૨ | ૫ | ૪ | ૧૬ |
| અસંખ્ય પ્રદેશી સ્કંધ | ૫ | ૨ | ૫ | ૪ | ૧૬ |
| સૂક્ષ્મ અનંત પ્રદેશી સ્કંધ | ૫ | ૨ | ૫ | ૪ | ૧૬ |
| બાદર અનંત પ્રદેશી સ્કંધ | ૫ | ૨ | ૫ | ૮ | ૨૦ |

**॥ શતક ૧૮/૬ સંપૂર્ણ ॥**

# શતક–૧૮ : ઉદ્દેશક–૭

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં કેવળીની ભાષા વિષયક અન્યતીર્થિકોની માન્યતાનું નિરાકરણ; ઉપધિ, પરિગ્રહ, પ્રણિધાનના ભેદ; મદ્રુક શ્રાવકનો અન્યતીર્થિકો સાથેનો વાર્તાલાપ, વૈક્રિયકૃત હજારરૂપોમાં એક આત્મા, દેવનું ગમન સામર્થ્ય, દેવ સંગ્રામના શસ્ત્રો અને દેવોના પુણ્યકર્મક્ષયનું કાલમાન વગેરે વિષયોનું નિરૂપણ છે.

★ કેવળી અપ્રમત્ત સાધક હોવાથી તેના શરીરમાં યક્ષનો પ્રવેશ થઈ શકતો નથી. તેથી યક્ષાવિષ્ટ થઈને તે અસત્ય કે મિશ્ર ભાષાનો પ્રયોગ કરે તે શકય નથી. કેવળી ભગવાન હંમેશાં સત્ય અને વ્યવહાર ભાષાનો જ પ્રયોગ કરે છે.

★ જીવન વ્યવહારને ઉપયોગી વસ્તુ તે ઉપધિ. તેના ત્રણ પ્રકાર છે. કર્મોપધિ, શરીરોપધિ અને બાહ્ય ઉપકરણરૂપ ઉપધિ. તેમાં નારકોને અને એકેન્દ્રિયોને બાહ્ય ઉપકરણરૂપ ઉપધિ હોતી નથી. તે જીવોને કર્મોપધિ અને શરીરોપધિ, તે બે પ્રકારની ઉપધિ જ હોય છે. શેષ દંડકના જીવોને ત્રણે પ્રકારની ઉપધિ હોય છે.

બીજી રીતે સચિત્ત, અચિત્ત અને મિશ્ર તે ત્રણ પ્રકારની પણ ઉપધિ હોય છે. દરેક જીવોને આ ત્રણે પ્રકારની ઉપધિ હોય છે.

★ મૂર્ચ્છાભાવ તે **પરિગ્રહ.** ઉપધિની જેમ તેના પણ ત્રણ-ત્રણ ભેદ થાય છે.

★ કોઈ પણ એક વિષયમાં યોગની સ્થિરતા થવી તેને **પ્રણિધાન** કહે છે. ત્રણ યોગની અપેક્ષાએ તેના ત્રણ ભેદ છે અને વિષયની શુભાશુભતાની અપેક્ષાએ તેના બે ભેદ છે.

★ શુભ વિષયમાં યોગની સ્થિરતા તે **સુપ્રણિધાન** છે. તે કેવળ મનુષ્યોમાં જ હોય છે.

★ અશુભ વિષયમાં યોગની સ્થિરતા થવી તે **દુષ્પ્રણિધાન** છે. ૨૪ દંડકના જીવોને તે હોય શકે છે.

★ મદ્રુક શ્રાવકે અન્યતીર્થિકો સાથે વાર્તાલાપ કરીને સમજાવ્યું કે આ લોકમાં જેટલા પદાર્થો આપણને દષ્ટિગોચર થાય તેટલા જ પદાર્થો હોય છે તેમ નથી. છદ્મસ્થોનું જ્ઞાન મર્યાદિત છે; તેથી શાસ્ત્રના કથનાનુસાર કેટલાક રૂપી અને અરૂપી દ્રવ્યો દષ્ટિગોચર ન થવાં છતાં અસ્તિત્વ ધરાવે છે.

★ જે વ્યક્તિ શાસ્ત્રોક્ત કથનનો અપલાપ કરે છે તે કેવળી અને કેવળી પ્રરૂપિત ધર્મની આશાતના કરે છે.

મદ્રુક શ્રાવક પ્રભુ પાસે અન્ય અનેક પ્રશ્નોનું સમાધાન કરીને સ્વસ્થાને ગયા. મદ્રુક શ્રાવક આ ભવનું આયુષ્ય પૂર્ણ કરી, પ્રથમ દેવલોકના અરુણાભ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા અને ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરીને, સિદ્ધ ગતિને પ્રાપ્ત કરશે.

★ કોઈ વ્યક્તિ વૈક્રિય શક્તિથી હજારો રૂપ બનાવે પણ તેમાં એક જ આત્મા હોય છે. તે હજારો રૂપો એક જ જીવના આત્મ પ્રદેશોથી સંબંધિત હોય છે.

★ દેવો(જ્યોતિષી, વૈમાનિક) અને અસુરો(ભવનપતિ, વ્યંતર)ના સંગ્રામમાં **દેવોના** પુણ્યોદયે તે દેવ તણખલું, કાંકરા આદિ જેનો સ્પર્શ કરે તે પદાર્થ શસ્ત્રરૂપે પરિણત થાય છે. પરંતુ **અસુરોને** શસ્ત્રોની

વિકુર્વણા કરવી પડે છે. આ દેવો અને અસુરોના પુણ્યની તરતમતા છે. દેવલોકના દેવો પણ સંસારી હોવાથી રાગ-દ્વેષાદિ કષાયભાવને આધીન હોય છે. પૂર્વની વૈર-ઝેરની પરંપરાથી દેવો અને અસુરો વચ્ચે પણ કયારેક સંગ્રામનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. તે દેવો તિરછાલોકમાં આવી, તેને યુદ્ધભૂમિ બનાવીને સંગ્રામ કરે છે.

★ કોઈ મહર્દ્ધિક દેવ વૈક્રિય લબ્ધિથી દ્વીપ, સમુદ્રની પરિક્રમા કરીને તુરંત પાછા આવી શકે છે. તે જંબૂદ્વીપથી રુચકવર દ્વીપ સુધી જઈ શકે છે. તેનાથી આગળ જઈ શકે છે પરંતુ પ્રયોજનના અભાવે તે દ્વીપ કે સમુદ્રની પરિક્રમા કરતા નથી.

★ દેવોના પુણ્ય તીવ્ર અને મંદ વિપાકવાળા હોવાથી તેના ક્ષયનું કાલમાન ભિન્ન ભિન્ન હોય છે. મંદ વિપાકવાળા કર્મો શીઘ્ર ક્ષય પામે છે. તીવ્ર વિપાકવાળા કર્મોનો ક્ષય શીઘ્ર થતો નથી. જેટલા પુણ્યાંશને વ્યંતર દેવો ૧૦૦ વર્ષમાં ક્ષય કરે છે. તેટલા પુણ્યાંશના ક્ષયમાં નવનિકાય દેવોને ૨૦૦ વર્ષ, અસુરકુમારને ૩૦૦ વર્ષ, ગ્રહ, નક્ષત્ર, તારા દેવોને ૪૦૦ વર્ષ, સૂર્ય, ચંદ્રને ૫૦૦ વર્ષ, સૌધર્મ અને ઈશાન દેવલોકના દેવોને ૧૦૦૦ વર્ષ, સનત્કુમાર અને માહેન્દ્ર દેવલોકના દેવોને ૨૦૦૦ વર્ષ, બ્રહ્મલોક અને લાતંક દેવલોકના દેવોને ૩૦૦૦ વર્ષ, મહાશુક્ર અને સહસ્રાર દેવલોકના દેવોને ૪૦૦૦ વર્ષ, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત દેવલોકના દેવોને ૫૦૦૦ વર્ષ, નીચેની ગ્રૈવેયકત્રિકના દેવોને એક લાખ વર્ષ, મધ્યમત્રિકના દેવોને બે લાખ વર્ષ, ઉપરની ત્રિકના દેવોને ત્રણ લાખ વર્ષ, ચાર અનુત્તર વિમાનના દેવોને ચાર લાખ વર્ષ અને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોને પાંચ લાખ વર્ષ થાય છે.

આ રીતે આ ઉદ્દેશક વિવિધ રસપ્રદ વિષયોથી સભર છે.

❖❖❖❖❖

# શતક–૧૮ : ઉદ્દેશક–૭

## કેવળી

**અન્યતીર્થિકોના કેવળી વિષયક આક્ષેપોનું સમાધાન :–**

**१ रायगिहे** *जाव* **एवं वयासी– अण्णउत्थिया णं भंते ! एवमाइक्खंति** *जाव* **परूवेंति– एवं खलु केवली जक्खाएसेणं आइट्ठे समाणे आहच्च दो भासाओ भासइ, तं जहा– मोसं वा सच्चामोसं वा; से कहमेयं भंते ! एवं ?**

**गोयमा ! जण्णं ते अण्णउत्थिया** *जाव* **जे ते एवमाहंसु मिच्छं ते एवमाहंसु; अहं पुण गोयमा ! एवमाइक्खामि, भासामि, पण्णवेमि, परूवेमि– णो खलु केवली जक्खाएसेणं आइट्ठइ, णो खलु केवली जक्खाएसेणं आइट्ठे समाणे आहच्च दो भासाओ भासइ, तं जहा– मोसं वा सच्चामोसं वा । केवली णं असावज्जाओ अपरोवघाइयाओ आहच्च दो भासाओ भासइ, तं जहा– सच्चं वा असच्चामोसं वा ।**

**શબ્દાર્થ :– जक्खाएसेणं** = યક્ષના આવેશથી **आइट्ठे** = આવિષ્ટ, અધિષ્ઠિત **असावज्ज** = અસાવદ્ય **अपरोवघाइयाओ** = જીવોને ઉપઘાત નહીં કરનારી.

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીર સ્વામીને આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે ***યાવત્*** પ્રરૂપણા કરે છે કે કેવળી, યક્ષના પ્રવેશથી આવેશમાં આવીને કદાચિત્ બે ભાષા બોલે છે યથા– મૃષા ભાષા અને સત્યમૃષા(મિશ્રભાષા). તો હે ભગવન્ ! આ કઈ રીતે હોઈ શકે છે ? અર્થાત્ શું આ કથન સત્ય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અન્યતીર્થિકો જે આ પ્રમાણે કહે છે તે મિથ્યા છે. હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું ***યાવત્*** પ્રરૂપણા કરું છું કે કેવળી, યક્ષના પ્રવેશથી આવેશમાં આવતા જ નથી અને કેવળી યક્ષના પ્રવેશથી આવેશમાં આવીને મૃષા ભાષા કે મિશ્ર ભાષા, તે બે પ્રકારની ભાષા બોલતા નથી. કેવળી અસાવદ્ય અને અન્યને ઉપઘાત નહીં કરનારી બે પ્રકારની ભાષા જ બોલે છે– (૧) સત્યભાષા (૨) વ્યવહારભાષા.

**વિવેચન :–**

કોઈપણ દેવો અપ્રમત્ત શ્રમણનું સંહરણ કરી શકતા નથી અને તેઓને હેરાન-પરેશાન પણ કરી શકતા નથી. કેવળી ભગવાન અપ્રમત્ત સાધક હોવાથી કોઈ પણ દેવ તેના શરીરમાં પ્રવેશ કરી શકતા નથી. કેવળી ભગવાન રાગ-દ્વેષ રહિત, સદા જાગૃત, અપ્રમત્ત હોય છે, તેથી અન્ય જીવોને પીડાકારી, હિંસાકારી, દુઃખકારી આદિ સાવદ્ય ભાષાનો પ્રયોગ કરતા જ નથી. તેઓ સત્ય અને વ્યવહાર ભાષાનો જ પ્રયોગ કરે છે.

**ઉપધિના પ્રકાર :–**

**२ कइविहे णं भंते ! उवही पण्णत्ते ? गोयमा ! तिविहे उवही पण्णत्ते, तं जहा– कम्मोवही, सरीरोवही, बाहिरभण्डमत्तोवगरणोवही ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપધિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઉપધિના ત્રણ પ્રકાર છે. યથા– કર્મોપધિ, શરીરોપધિ અને બાહ્યભાંડ-માત્રોપકરણોપધિ.

**३ णेरइयाणं भंते ! पुच्छा ?**

**गोयमा ! दुविहे उवही पण्णत्ते, तं जहा– कम्मोवही य सरीरोवही य । सेसाणं तिविहे उवही एगिंदियवज्जाणं *जाव* वेमाणियाणं । एगिंदियाणं दुविहे उवही पण्णत्ते, तं जहा– कम्मोवही य सरीरोवही य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારની ઉપધિ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! બે પ્રકારની ઉપધિ હોય છે. યથા– કર્મોપધિ અને શરીરોપધિ. એકેન્દ્રિય જીવો સિવાય શેષ સર્વ જીવોને ***યાવત્*** વૈમાનિક સુધી ત્રણ પ્રકારની ઉપધિ હોય છે. એકેન્દ્રિય જીવોને બે પ્રકારની ઉપધિ હોય છે. યથા– કર્મોપધિ અને શરીરોપધિ.

**४ कइविहे णं भंते ! उवही पण्णत्ते ? गोयमा ! तिविहे उवही पण्णत्ते, तं जहा– सच्चित्ते, अचित्ते, मीसए । एवं णेरइयाण वि, एवं णिरवसेसं *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપધિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઉપધિના ત્રણ પ્રકાર છે. યથા– સચિત્ત, અચિત્ત અને મિશ્ર. નૈરયિકોથી વૈમાનિકો સુધીના પ્રત્યેક દંડકમાં ત્રણ પ્રકારની ઉપધિ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ત્રણ પ્રકારની ઉપધિનું કથન કરીને ૨૪ દંડકમાં તેના અસ્તિત્વનું નિરૂપણ કર્યું છે.

**उवहि :–** ઉપધિ. (૧) વ્યુત્પતિના આધારે તેનો અર્થ આ પ્રમાણે થાય છે– **उपधीयते-उपष्टभ्यते-येनात्माऽसावुपधि।** જેના વડે આત્મા શુભાશુભ ગતિઓમાં સ્થિર કરાય છે તે ઉપધિ છે (૨) ઉપધિ એટલે જીવન વ્યવહારમાં ઉપયોગી શરીર, કર્મ અને વસ્ત્રાદિ. તેના બે પ્રકાર છે– બાહ્ય અને આભ્યંતર. શરીર અને કર્મ આભ્યંતર ઉપધિ છે, જ્યારે વસ્ત્ર, પાત્ર આદિ બાહ્ય ઉપધિ છે, તેમાં નારકી અને એકેન્દ્રિયો પાસે વસ્ત્ર, પાત્રાદિ બાહ્ય ઉપધિ હોતી નથી. તેથી તેની પાસે શરીર અને કર્મરૂપ બે પ્રકારની ઉપધિ હોય છે.

**અન્ય પ્રકારે ઉપધિના ત્રણ ભેદ :–** શરીર જીવથી કથંચિત્ અભિન્ન હોવાથી **સચિત્ત ઉપધિ** રૂપ છે, ઉત્પત્તિ સ્થાન કે અન્ય બાહ્ય સાધનો **અચિત્ત ઉપધિ** રૂપ છે અને શ્વાસોશ્વાસાદિ પુદ્ગલો યુક્ત શરીર તે **મિશ્ર ઉપધિ** રૂપ છે.

**પરિગ્રહના પ્રકાર :–**

**५ कइविहे णं भंते ! परिग्गहे पण्णत्ते ? गोयमा ! तिविहे परिग्गहे पण्णत्ते, तं जहा– कम्मपरिग्गहे, सरीरपरिग्गहे, बाहिरगभंडमत्तोवगरणपरिग्गहे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરિગ્રહના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પરિગ્રહના ત્રણ પ્રકાર છે. યથા– કર્મ પરિગ્રહ, શરીર પરિગ્રહ અને બાહ્ય ભાંડમાત્રોપકરણ પરિગ્રહ.

**૬ णेरइयाणं भंते ! पुच्छा ? गोयमा ! जहा उवहिणा दो दंडगा भणिया तहा परिग्गहेणं वि दो दंडगा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારનો પરિગ્રહ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે ઉપધિના બે દંડક(સૂત્રાલાપક) કહ્યા છે, તે જ રીતે પરિગ્રહના વિષયમાં પણ બે દંડક કહેવા જોઈએ. અર્થાત્ નારકો અને એકેન્દ્રિયોને બે પ્રકારના પરિગ્રહ હોય છે. કર્મ પરિગ્રહ અને શરીર પરિગ્રહ. શેષ દંડકના જીવોને ત્રણ પ્રકારના પરિગ્રહ હોય છે.

**વિવેચન :–**

**परिग्गह :–** પરિગ્રહ. પરિગ્રહના બે પ્રકારે અર્થ થાય છે– (૧) **परि समन्तात् गृह्यते इति परिग्रह : ।** ચારે બાજુથી જે ગ્રહણ થાય તે પરિગ્રહ છે. (૨) **मुच्छा परिग्गहो वुत्तो** = મૂર્ચ્છા ભાવને પરિગ્રહ કહે છે.

**ઉપધિ અને પરિગ્રહમાં અંતર :–** જીવન નિર્વાહમાં ઉપયોગી કર્મ, શરીર અને વસ્ત્રાદિને ઉપધિ કહે છે અને મમત્વ ભાવ યુક્ત ગ્રહણ કરેલી ઉપધિને પરિગ્રહ કહે છે.

**પ્રણિધાનના પ્રકાર :–**

**૭ कइविहे णं भंते ! पणिहाणे पण्णत्ते ? गोयमा ! तिविहे पणिहाणे पण्णत्ते, तं जहा– मणपणिहाणे, वइपणिहाणे, कायपणिहाणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રણિધાનના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પ્રણિધાનના ત્રણ પ્રકાર છે. યથા– મનપ્રણિધાન, વચનપ્રણિધાન અને કાયપ્રણિધાન.

**૮ णेरइयाणं भंते ! कइविहे पणिहाणे पण्णत्ते ? गोयमा ! एवं चेव । एवं** *जाव* **थणियकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારના પ્રણિધાન હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ પ્રણિધાન હોય છે. આ રીતે સ્તનિતકુમાર સુધી જાણવું જોઈએ.

**૯ पुढविकाइयाणं, पुच्छा ? गोयमा ! एगे कायपणिहाणे पण्णत्ते । एवं** *जाव* **वणस्सइकाइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોને કેટલા પ્રકારના પ્રણિધાન હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક કાય પ્રણિધાન જ હોય છે. આ રીતે વનસ્પતિકાયિક સુધી જાણવું જોઈએ.

**૧૦ बेइंदियाणं, पुच्छा ? गोयमा ! दुविहे पणिहाणे पण्णत्ते, तं जहा– वइपणिहाणे य कायपणिहाणे य । एवं** *जाव* **चउरिंदियाणं । सेसाणं तिविहे वि** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવોને કેટલા પ્રકારના પ્રણિધાન હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ!

બે પ્રકારના પ્રણિધાન હોય છે. યથા– વચન પ્રણિધાન અને કાય પ્રણિધાન. આ રીતે ચૌરેન્દ્રિય જીવો સુધી જાણવું જોઈએ. શેષ સર્વ જીવોમાં વૈમાનિક સુધી ત્રણ પ્રણિધાન હોય છે.

**૧૧ कइविहे णं भंते ! दुप्पणिहाणे पण्णत्ते ? गोयमा ! तिविहे दुप्पणिहाणे पण्णत्ते, तं जहा– मणदुप्पणिहाणे, एवं जहेव पणिहाणेणं दंडओ भणिओ तहेव दुप्पणिहाणेण वि भाणियव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દુષ્પ્રણિધાનના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! દુષ્પ્રણિધાનના ત્રણ પ્રકાર છે. યથા– મન દુષ્પ્રણિધાન, વચન દુષ્પ્રણિધાન અને કાયદુષ્પ્રણિધાન. જે રીતે પ્રણિધાનના વિષયમાં દંડક(સૂત્રલાપક) કહ્યા છે, તે જ રીતે દુષ્પ્રણિધાનના વિષયમાં પણ કહેવા જોઈએ.

**૧૨ कइविहे णं भंते ! सुप्पणिहाणे पण्णत्ते ? गोयमा ! तिविहे सुप्पणिहाणे पण्णत्ते, तं जहा– मणसुप्पणिहाणे, वइसुप्पणिहाणे, कायसुप्पणिहाणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સુપ્રણિધાનના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સુપ્રણિધાનના ત્રણ પ્રકાર છે. યથા– મન સુપ્રણિધાન, વચન સુપ્રણિધાન અને કાય સુપ્રણિધાન.

**૧૩ मणुस्साणं भंते ! कइविहे सुप्पणिहाणे पण्णत्ते ? गोयमा ! एवं चेव । सेवं भंते ! सेवं भंते ! त्ति** *जाव* **विहरइ । तए णं समणे भगवं महावीरे** *जाव* **बहिया जणवयविहारं विहरइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યોને કેટલા પ્રકારના સુપ્રણિધાન હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! મનુષ્યોમાં ત્રણે પ્રકારના સુપ્રણિધાન હોય છે. હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે. આપ કહો છો તેમજ છે, એમ કહી ગૌતમ સ્વામી ***યાવત્*** વિચરવા લાગ્યા. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ અન્ય ક્ષેત્રોમાં વિહાર કર્યો.

**વિવેચન :-**

**पणिहाणे :–** પ્રણિધાન. **प्रकर्षेण नीयते आलम्बने धानं–धरणं मनः प्रभृतेरिति प्रणिधानम् ।** મન, વચન અને કાયયોગને કોઈ પણ એક નિશ્ચિત વિષયના આલંબનમાં પ્રકૃષ્ટપણે સ્થિર કરવો તે પ્રણિધાન છે.

**દુષ્પ્રણિધાન :–** ત્રણે ય યોગની દુષ્પ્રવૃત્તિની એકાગ્રતાને દુષ્પ્રણિધાન કહે છે. આર્ત કે રૌદ્રધ્યાનની પ્રવૃત્તિમાં યોગની એકાગ્રતા થાય તે દુષ્પ્રણિધાન છે. તે ૨૪ દંડકમાં હોય છે.

**સુપ્રણિધાન :–** ત્રણે ય યોગની સુપ્રવૃત્તિની એકાગ્રતાને સુપ્રણિધાન કહે છે. ધર્મધ્યાનની પ્રવૃત્તિમાં યોગની એકાગ્રતા થાય તે સુપ્રણિધાન છે. તે લક્ષ્ય પૂર્વકના પ્રયત્નથી જ થતું હોવાથી કેવળ સંયત મનુષ્યોમાં જ હોય છે.

**મદ્રુક શ્રાવકનો અન્ય-તીર્થિકો સાથે સંવાદ :-**

**૧૪ तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे, गुणसीलए चेइए, वण्णओ ।** *जाव* **पुढवि-सिला-पट्टओ । तस्स णं गुणसीलस्स चेइयस्स अदूरसामंते बहवे अण्णउत्थिया परिवसंति, तं जहा– कालोदायी, सेलोदायी, एवं जहा सत्तमसए अण्णउत्थिउद्देसए** *जाव* **से**

**कहमेयं मण्णे एवं ? तत्थ णं रायगिहे णयरे मद्दुए णामं समणोवासए परिवसइ । अड्ढे** *जाव* **अपरिभूए; अभिगय-जीवाजीवे** *जाव* **विहरइ ।**

**तए णं समणे भगवं महावीरे अण्णया कयाइ पुव्वाणुपुव्विं चरमाणे** *जाव* **समोसढे, परिसा** *जाव* **पज्जुवासइ । तएणं मद्दुए समणोवासए इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठतुट्ठे** *जाव* **विसप्पमाण-हियए, ण्हाए** *जाव* **अलंकिय सरीरे, सयाओ गिहाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता पायविहारचारेणं रायगिहं णयरं** *जाव* **णिग्गच्छइ, णिग्गच्छित्ता तेसिं अण्णउत्थियाणं अदूरसामंतेणं वीइवयइ ।**

**तए णं ते अण्णउत्थिया मद्दुयं समणोवासयं अदूरसामंतेणं वीइवयमाणं पासंति, पासित्ता अण्णमण्णं सद्दावेंति, सद्दावेत्ता एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! अम्हं इमा कहा अविप्पकडा, इमं च णं मद्दुए समणोवासए अम्हं अदूरसामंतेणं वीइवयइ, तं सेयं खलु देवाणुप्पिया ! अम्हं मद्दुयं समणोवासयं एयमट्ठं पुच्छित्तए' त्ति कट्टु अण्णमण्णस्स अंतियं एयमट्ठं पडिसुणेंति, पडिसुणेत्ता जेणेव मद्दुए समणोवासए तेणेव उवागच्छंति, उवागच्छित्ता मद्दुयं समणोवासयं एवं वयासी–**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે રાજગૃહ નામનું નગર હતું, ગુણશીલ નામનું ઉદ્યાન હતું. ત્યાં એક પૃથ્વીશિલાપટ્ટ હતો. નગરી, ઉદ્યાન અને પૃથ્વીશિલાપટ્ટનું વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર જાણવું. તે ગુણશીલ ઉદ્યાનની સમીપે અનેક અન્યતીર્થિકો રહેતા હતા. યથા– કાલોદાયી સેલોદાયી ઈત્યાદિ સંપૂર્ણ વર્ણન શતક-૭/૧૦ પ્રમાણે જાણવું. ***યાવત્*** અન્યતીર્થિકોનું "આ વાત કેવી રીતે માની શકાય ?" ત્યાં સુધી પંચાસ્તિકાય વિષયક કથન કરવું.

તે રાજગૃહ નગરમાં મદ્રુક નામના શ્રમણોપાસક રહેતા હતા. તે ધનાઢ્ય ***યાવત્*** અપરાભૂત હતા, જીવાજીવાદિ તત્ત્વોના જ્ઞાતા હતા ***યાવત્*** આત્માને ભાવિત કરતા રહેતા હતા. કોઈ એક દિવસે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી અનુક્રમથી વિચરણ કરતાં ***યાવત્*** ત્યાં પધાર્યા. પરિષદ દર્શન અને ધર્મ શ્રવણ માટે ગઈ. ત્યાં પ્રભુની પર્યુપાસના કરવા લાગી. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું આગમન જાણીને મદ્રુક શ્રમણોપાસક હર્ષિત અને સંતુષ્ટ ***યાવત્*** આનંદિત હૃદયવાળા થયા. તે સ્નાનાદિ કરીને અલંકૃત થઈને પોતાના ઘેરથી નીકળ્યા, પગપાળા ચાલતા રાજગૃહી નગરીમાંથી નીકળીને, તે અન્યતીર્થિકોની નજીકથી પસાર થયા. તે અન્યતીર્થિકોએ મદ્રુક શ્રમણોપાસકને જતાં જોયા અને પરસ્પર એકબીજાને કહેવા લાગ્યા– "હે દેવાનુપ્રિયો ! તે મદ્રુક શ્રમણોપાસક જઈ રહ્યા છે અને આપણને આ વાત વિશેષ પ્રકારે સમજાતી નથી, તો હે દેવાનુપ્રિયો ! આપણે મદ્રુક શ્રમણોપાસકને પૂછવું ઉચિત છે." એ પ્રમાણે વિચાર કરીને તથા પરસ્પર એક મત થઈને તે અન્યતીર્થિકો મદ્રુક શ્રમણોપાસકની નિકટ આવ્યા અને મદ્રુક શ્રમણોપાસકને આ પ્રમાણે પૂછ્યું–

**૧૫ एवं खलु मद्दुया ! तव धम्मायरिए धम्मोवएसए समणे णायपुत्ते पंच अत्थिकाये पण्णवेइ, एवं जहा सत्तमे सए अण्णउत्थियउद्देसए** *जाव* **से कहमेयं मद्दुया ! एवं ? तए णं से मद्दुए समणोवासए ते अण्णउत्थिए एवं वयासी– जइ कज्जं कज्जइ जाणामो पासमो,**

**अहे कज्जं ण कज्जइ ण जाणामो ण पासामो । तए णं ते अण्णउत्थिया मद्दुयं समणोवासयं एवं वयासी– केस णं तुमं मद्दुया ! समणोवासगाणं भवसि, जे णं तुमं एयमट्ठं ण जाणसि ण पाससि ?**

**ભાવાર્થ :–** હે મદ્રુક ! તમારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્ર, પાંચ અસ્તિકાયોની પ્રરૂપણા કરે છે ઈત્યાદિ, કથન શતક-૭/૧૦ ના અન્યતીર્થિક ઉદ્દેશક પ્રમાણે જાણવું. ***યાવત્*** હે મદ્રુક ! એ કેવી રીતે માની શકાય ? મદ્રુક શ્રમણોપાસકે અન્યતીર્થિકોને કહ્યું– ''આ ધર્માસ્તિકાયાદિના કાર્યથી તેનું અસ્તિત્વ જાણી અને દેખી શકાય છે. આ પદાર્થોના કાર્ય વિના તેને જાણી-દેખી શકાતું નથી.''

ઉત્તર સાંભળીને અન્યતીર્થિકોએ મદ્રુક શ્રમણોપાસકને આક્ષેપપૂર્વક કહ્યું– હે મદ્રુક ! તમે કેવા શ્રમણોપાસક છો કે તમે પંચાસ્તિકાયને જાણતા-દેખતા નથી, તો પણ માનો છો ?

**१६ तए णं से मद्दुए समणोवासए ते अण्णउत्थिए एवं वयासी– अत्थि णं आउसो ! वाउकाए वाइ ? हंता अत्थि, तुब्भे णं आउसो ! वाउकायस्स वायमाणस्स रूवं पासह ? णो इणट्ठे समट्ठे ।**

**अत्थि णं आउसो ! घाणसहगया पोग्गला ? हंता अत्थि, तुब्भे णं आउसो ! घाणसहगयाणं पोग्गलाणं रूवं पासह ? णो इणट्ठे समट्ठे ।**

**अत्थि णं आउसो ! अरणिसहगए अगणिकाये ? हंता अत्थि । तुब्भे णं आउसो ! अरणिसहगयस्स अगणिकायस्स रूवं पासह ? णो इणट्ठे समट्ठे ।**

**अत्थि णं आउसो ! समुद्दस्स पारगयाइं रूवाइं ? हंता अत्थि । तुब्भे णं आउसो ! समुद्दस्स पारगयाइं रूवाइं पासइ ? णो इणट्ठे समट्ठे ।**

**अत्थि णं आउसो ! देवलोगगयाइं रूवाइं ? हंता अत्थि । तुब्भे णं आउसो ! देवलोगगयाइं रूवाइं पासह ? णो समट्ठे इणट्ठे ।**

**एवामेव आउसो ! अहं वा तुब्भे वा अण्णो वा छउमत्थो जइ जो जं ण जाणइ ण पासइ तं सव्वं ण भवइ, एवं भे सुबहुए लोए ण भविस्सई ति कट्टु ते अण्णउत्थिए एवं पडिहणइ, एवं पडिहणित्ता जेणेव गुणसीलए चेइए जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं पंचविहेणं अभिगमेणं** *जाव* **पज्जुवासइ ।**

**ભાવાર્થ :–** મદ્રુક શ્રમણોપાસકે અન્યતીર્થિકોને કહ્યું– હે આયુષ્યમાન્ ! શું વાયુ વહે છે ? પ્રવાહિત થાય છે ? **ઉત્તર–** હા, પ્રવાહિત થાય છે. **પ્રશ્ન–** હે આયુષ્યમાન્ ! પ્રવાહિત થતા વાયુના રૂપને તમે દેખો છો ? **ઉત્તર–** વાયુનું રૂપ દેખાતું નથી. **પ્રશ્ન–** હે આયુષ્યમાન્ ! ગંધવાળા પુદ્ગલ છે ? **ઉત્તર–** હા, છે. **પ્રશ્ન–** હે આયુષ્યમાન્ ! તમે તે ગંધવાળા પુદ્ગલોના રૂપને દેખો છો ? **ઉત્તર–** તે શક્ય નથી.

**પ્રશ્ન–** હે આયુષ્યમાન્ ! શું અરણીના લાકડામાં અગ્નિ છે ? **ઉત્તર–** હા, છે. **પ્રશ્ન–** શું તમે તે અરણીની લાકડીમાં રહેલા અગ્નિના રૂપને દેખો છો ? **ઉત્તર–** તે શક્ય નથી.

**પ્રશ્ન–** હે આયુષ્યમાન્ ! શું સમુદ્રની પેલે પાર પદાર્થો છે ? **ઉત્તર–** હા, છે. **પ્રશ્ન–** શું તમે સમુદ્રને પેલે પાર રહેલા પદાર્થોને દેખો છો ? **ઉત્તર–** તે શક્ય નથી.

**પ્રશ્ન–** હે આયુષ્યમાન્ ! શું દેવલોકમાં પદાર્થો છે ? **ઉત્તર–** હા, છે. **પ્રશ્ન–** હે આયુષ્યમાન્ ! શું દેવલોકમાં રહેલા પદાર્થોને તમે જોઈ શકો છો ? **ઉત્તર–** તે શક્ય નથી.

હે આયુષ્યમાન્ ! હું, તમે કે કોઈ પણ છદ્મસ્થ મનુષ્યો, જે પદાર્થોને જાણતા નથી, દેખતા નથી, તે સર્વનું અસ્તિત્વ ન હોય એમ માનવાથી તો તમારે લોકના ઘણા પદાર્થોનો અભાવ થઈ જશે, એમ કહી મદ્રુક શ્રમણોપાસકે તે અન્યતીર્થિકોનો પરાભવ કરી નિરુત્તર કર્યા. તેમને નિરુત્તર કરીને તે ગુણશીલ ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની સેવામાં આવ્યા અને પાંચ પ્રકારના અભિગમપૂર્વક શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની સમીપે જઈને ***યાવત્*** પ્રભુની પર્યુપાસના કરવા લાગ્યા.

**૧૭ मद्दुया ! त्ति समणे भगवं महावीरे मद्दुयं समणोवासगं एवं वयसी– सुट्ठु णं मद्दुया ! तुमं ते अण्णउत्थिए एवं वयासी– साहू णं मद्दुया ! तुमं ते अण्णउत्थिए एवं वयासी– जे णं मद्दुया ! अट्ठं वा हेउं वा पसिणं वा वागरणं वा अण्णायं अदिट्ठं अस्सुयं अमुयं अविण्णायं बहुजणमज्झे आघवेइ पण्णवेइ *जाव* उवदंसेइ, से णं अरिहंताणं आसायणाए वट्टइ, अरिहंतपण्णत्तस्स धम्मस्स आसायणाए वट्टइ, केवलीणं आसायणाए वट्टइ, केवलिपण्णत्तस्स धम्मस्स आसायणाए वट्टइ, तं सुट्ठु णं तुमं मद्दुया ! ते अण्णउत्थिए एवं वयासी, साहू णं तुमं मद्दुया ! *जाव* एवं वयासी । तए णं मद्दुए समणोवासए समणेणं भगवया महावीरेणं एवं वुत्ते समाणे हट्ठ-तुट्ठे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता णच्चासण्णे *जाव* पज्जुवासइ । तए णं समणे भगवं महावीरे मद्दुयस्स समणोवासगस्स तीसे य *जाव* परिसा पडिगया । मद्दुए समणोवासए समणस्स भगवओ महावीरस्स *जाव* णिसम्म हट्ठतुट्ठे पसिणाइं पुच्छइ, पुच्छित्ता अट्ठाइं परियाइइ, परियाइत्ता उट्ठाए उट्ठेइ, उट्ठेत्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता *जाव* पडिगए ।**

**ભાવાર્થ :–** હે મદ્રુક ! આ રીતે સંબોધિત કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું– હે મદ્રુક ! તમે તે અન્યતીર્થિકોને યોગ્ય ઉત્તર આપ્યો છે, હે મદ્રુક ! તમે તે અન્યતીર્થિકોને યથાર્થ ઉત્તર આપ્યો છે. હે મદ્રુક ! જે વ્યક્તિ જાણ્યા વિના, જોયા વિના, સાંભળ્યા વિના કોઈ અદષ્ટ, અશ્રુત, અસમ્મત, અવિજ્ઞાત અર્થ, હેતુ અને પ્રશ્નોના ઉત્તર અનેક મનુષ્યોની મધ્યમાં કહે છે, બતાવે છે, ***યાવત્*** દર્શિત કરે છે, તે અરિહંતોની, અરિહંત કથિત ધર્મની, કેવળજ્ઞાનીઓની અને કેવળીપ્રરૂપિત ધર્મની આશાતના કરે છે. હે મદ્રુક ! તમે અન્યતીર્થિકોને યથાર્થ ઉત્તર આપ્યો છે.

ભગવાનનું કથન સાંભળીને મદ્રુક શ્રમણોપાસક હૃષ્ટ-તુષ્ટ થયા અને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન-નમસ્કાર કરીને, ન અતિ દૂર, ન અતિ નિકટ રહીને પર્યુપાસના કરવા લાગ્યા. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ મદ્રુક શ્રમણોપાસક અને તે પરિષદને ધર્મકથા કહી, પરિષદ પાછી ગઈ. તે મદ્રુક શ્રમણોપાસકે પણ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસેથી ધર્મોપદેશ સાંભળ્યો, પ્રશ્ન પૂછ્યા. અર્થ જાણ્યા. ત્યારપછી પોતાની ઉત્થાન શક્તિથી ઊભા થઈને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન-નમસ્કાર કરીને પાછા ગયા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં મદ્રુક શ્રમણોપાસક અને અન્યતીર્થિકો વચ્ચે થયેલા સંવાદને અને પ્રભુ દ્વારા કરેલી મદ્રુક શ્રાવકની પ્રશંસાનું નિરૂપણ છે.

મદ્રુક શ્રમણોપાસકે અન્યતીર્થિકોના પ્રશ્નોનો તાર્કિક રીતે ઉત્તર આપ્યો કે છદ્મસ્થોએ પ્રત્યક્ષ ન જણાવા છતાં પણ જગતના કેટલાક ન દેખાતા પદાર્થોનું અસ્તિત્વ શાસ્ત્રના કથનાનુસાર સ્વીકારવું આવશ્યક છે.

વ્યક્તિ કેવલિભાષિત તત્ત્વને યથાર્થ સમજ્યા વિના પોતાના મંતવ્ય અનુસાર કોઈ પણ વિષયની ખંડના કે તિરસ્કાર કરે તો તે કેવળીની અને કેવળી પ્રરૂપિત ધર્મની આશાતના કરે છે. પ્રસ્તુત સૂત્રોમાં શ્રમણોપાસકની ધર્મશ્રદ્ધા અને તેનું તાત્ત્વિક જ્ઞાન સામર્થ્ય પ્રગટ થાય છે અને મુમુક્ષુ આત્માઓને સૂક્ષ્મ અજ્ઞેય તત્ત્વો માટે અખૂટ શ્રદ્ધા રાખવાની પ્રેરણા મળે છે.

**મદ્રુક શ્રમણોપાસકનું ભવિષ્ય :–**

**૧૮ भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– पभू णं भंते ! मद्दुए समणोवासए देवाणुप्पियाणं अंतियं** *जाव* **पव्वइत्तए ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं जहेव संखे तहेव अरुणाभे** *जाव* **सव्व दुक्खाणं अंतं काहिइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એમ કહીને ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું– ભગવન્ ! શું મદ્રુક શ્રમણોપાસક આપ દેવાનુપ્રિયની સમીપે પ્રવ્રજ્યા ગ્રહણ કરવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. ઈત્યાદિ, શતક-૧૨/૧માં શંખ શ્રમણોપાસકના વર્ણનની સમાન જાણવું ***યાવત્*** અરુણાભ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરીને, મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરીને, સર્વ દુઃખોનો અંત કરશે.

**વૈક્રિયકૃત હજારો શરીરમાં એક આત્મા :–**

**૧૯ देवे णं भंते ! महिड्डिए** *जाव* **महासोक्खे रूवसहस्सं विउव्वित्ता पभू अण्णमण्णेणं सद्धिं संगामित्तए ? गोयमा ! हंता पभू ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહર્દ્ધિક ***યાવત્*** મહાસુખી દેવ, હજારો રૂપોની વિકુર્વણા કરીને પરસ્પર સંગ્રામ કરવામાં સમર્થ છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! સમર્થ છે.

**૨૦ ताओ णं भंते ! बोंदीओ किं एगजीवफुडाओ अणेगजीवफुडाओ ? गोयमा ! एगजीवफुडाओ, णो अणेगजीवफुडाओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈક્રિયકૃત તે અનેક શરીર, શું એક જીવની સાથે સંબંધિત હોય છે કે અનેક જીવોની સાથે સંબંધિત હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સર્વ શરીર એક જીવ સાથે સંબંધિત હોય છે, અનેક જીવો સાથે સંબંધિત હોતા નથી.

**શબ્દાર્થ :– बोंदी** = શરીર **एगजीवफुडाओ** = એક જ જીવથી સ્પૃષ્ટ-સંબદ્ધ.

**૨૧ तेसि णं भंते ! बोंदीणं अंतरा किं एगजीवफुडा अणेग-जीवफुडा ? गोयमा ! एगजीवफुडा, णो अणेगजीवफुडा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે શરીરોની મધ્યનો અંતરાલ ભાગ શું એક જીવથી સંબંધિત હોય છે કે અનેક જીવોથી સંબંધિત હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે શરીરોની વચ્ચેનો અંતરાલ ભાગ એક જીવથી સંબંધિત હોય છે, અનેક જીવોની સાથે સંબંધિત હોતો નથી.

**૨૨ पुरिसे णं भंते ! अंतरे णं हत्थेण वा, एवं जहा अट्ठमसए तइए उद्देसए *जाव* णो खलु तत्थ सत्थं कमइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કોઈ પુરુષ, તે શરીરોના અંતરાલોને પોતાના હાથ કે પગથી સ્પર્શ કરતા ***યાવત્*** તીક્ષ્ણ શસ્ત્રથી છેદતા અલ્પ પણ પીડા ઉત્પન્ન કરી શકે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! શતક-૮/૩ની સમાન ***યાવત્*** તે શરીરો વચ્ચેના અંતરાલમાં રહેલા આત્મ પ્રદેશો ઉપર શસ્ત્ર અસર કરી શકતું નથી.

**વિવેચન :–**

દેવો પરસ્પર સંગ્રામ નિમિત્તે વૈક્રિય શક્તિથી હજારો શરીર બનાવે છે. તે શરીરો ભિન્ન-ભિન્ન હોય છે. તે શરીરો વચ્ચે અંતરાલ ભાગ પણ હોય છે. તેમ છતાં તે એક જ જીવની વિકુર્વણા હોવાથી વૈક્રિય કરનાર એક જ જીવથી સંબંધિત હોય છે અને તે હજારો અંતરાલને કોઈ પણ શસ્ત્ર અસર કરતા નથી. વિસ્તૃત વિવેચન માટે જુઓ– શતક-૮/૩.

**દેવાસુર સંગ્રામ અને તેના શસ્ત્રો :–**

**૨૩ अत्थि णं भंते ! देवासुराणं संगामे, देवासुराणं संगामे ? हंता गोयमा ! अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવ અને અસુરોનો સંગ્રામ થાય છે ? **ઉત્તર–** હા, ગૌતમ થાય છે.

**૨૪ देवासुरेसु णं भंते ! संगामेसु वट्टमाणेसु किण्णं तेसिं देवाणं पहरणरयणत्ताए परिणमइ? गोयमा ! जण्णं ते देवा तणं जा कट्ठं वा पत्तं वा सक्करं वा परामुसंति तं णं तेसिं देवाणं पहरण रयणत्ताए परिणमइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે દેવ અને અસુરોનો સંગ્રામ થાય છે, ત્યારે તે દેવોની કઈ વસ્તુ શસ્ત્રરત્નરૂપે પરિણત થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તણખલું, લાકડી, પાન અથવા કાંકરા આદિ જે વસ્તુનો તે દેવો સ્પર્શ કરે છે, તે વસ્તુ તે દેવોના શસ્ત્રરત્નરૂપે પરિણત થઈ જાય છે.

**૨૫ भंते ! जहेव देवाणं तहेव असुरकुमाराणं ? गोयमा ! णो इणट्ठे समट्ठे, असुरकुमाराणं देवाणं णिच्चं विउव्विया पहरणरयणा पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે દેવોને માટે કોઈ પણ વસ્તુ સ્પર્શ માત્રથી શસ્ત્રરૂપે પરિણત થઈ જાય છે, તે રીતે શું અસુરોને પણ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. અસુરકુમાર દેવોને તો સદા વૈક્રિયકૃત શસ્ત્ર જ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દેવાસુર સંગ્રામનું અને સંગ્રામ સમયના શસ્ત્રનું નિરૂપણ કર્યું છે.

સામાન્ય રીતે જૈનાગમોમાં સર્વ જાતિના દેવો માટે 'દેવ' શબ્દ પ્રયુક્ત છે. પરંતુ અહીં ભવનપતિ અને વ્યંતર જાતિના દેવો માટે અસુર શબ્દ અને જ્યોતિષી અને વૈમાનિક જાતિના દેવો માટે દેવ શબ્દ પ્રયુક્ત થયો છે. ઈર્ષ્યા અને દ્વેષવશ દેવ અને અસુરનો સંગ્રામ થાય છે. સંગ્રામ શસ્ત્ર સાધ્ય હોય છે. તેથી પ્રસ્તુતમાં શસ્ત્ર સંબંધી પ્રશ્નોત્તર છે. દેવોને શસ્ત્ર સંયોગ પણ પુણ્યાધીન હોય છે. જ્યોતિષી અને વૈમાનિક દેવોને ઉચ્ચ પ્રકારનું પુણ્ય હોય છે. તેથી તે દેવો જે વસ્તુનો સ્પર્શ કરે તે શસ્ત્રરૂપે પરિણત થઈ જાય છે. તેની અપેક્ષાએ ભવનપતિ આદિ દેવોનું પુણ્ય અલ્પ હોય છે. તેથી તેને પૂર્વ વિકુર્વિત શસ્ત્રો જ ઉપયોગમાં આવે છે, અન્ય કોઈ પણ વસ્તુ સ્પર્શ માત્રથી તેઓ માટે શસ્ત્રરૂપે પરિણત થતી નથી.

**મહર્દ્ધિક દેવોનું ગમન સામર્થ્ય :–**

**૨૬ देवे णं भंते ! महिड्ढीए *जाव* महासोक्खे पभू लवणसमुद्दं अणुपरियट्टित्ता णं हव्वमागच्छित्तए ? गोयमा ! हंता पभू ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસુખી દેવ, લવણ સમુદ્રની ચારે તરફ ફરીને શીઘ્ર પાછા આવવામાં સમર્થ છે. **ઉત્તર–** હા, ગૌતમ ! તે પ્રમાણે કરવામાં સમર્થ છે.

**૨૭ देवे णं भंते ! महिड्ढीए एवं धायइसंडं दीवं, पुच्छा ? गोयमा ! हंता पभू, एवं *जाव* रुयगवरं दीवं । तेण परं वीइवएज्जा, णो चेव णं अणुपरियट्टेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહર્દ્ધિક ***યાવત્*** મહાસુખી દેવ, ધાતકીખંડ દ્વીપની ચારે તરફ ફરીને શીઘ્ર પાછા આવવામાં સમર્થ છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! સમર્થ છે. આ રીતે ***યાવત્*** રુચકવર દ્વીપ સુધી ચારે તરફ ફરીને પાછા આવવામાં સમર્થ છે. તેનાથી આગળના દ્વીપસમુદ્રમાં એક દિશામાં જઈને આવી શકે છે પરંતુ ચારે દિશામાં તેની પરિક્રમા કરવામાં સમર્થ નથી.

**દેવોનો કર્મક્ષય કાળ :–**

**૨૮ अत्थि णं भंते ! देवा जे अणंते कम्मंसे जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा, उक्कोसेणं पंचहिं वाससएहिं खवयंति ? गोयमा ! हंता अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું આ પ્રકારના દેવ છે કે જે અનંત શુભ કર્માંશોને જઘન્ય એક સો વર્ષ, બસો, ત્રણસો અને ઉત્કૃષ્ટ પાંચ સો વર્ષમાં ક્ષય કરે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! એ પ્રકારના દેવ છે.

**૨૯ अत्थि णं भंते ! ते देवा जे अणंते कम्मंसे जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा, उक्कोसेणं पंचहिं वाससहस्सेहिं खवयंति ? गोयमा ! हंता अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એવા પણ દેવ છે કે જે અનંત કર્માંશોને જઘન્ય એક હજાર, બે હજાર, ત્રણ હજાર અને ઉત્કૃષ્ટ પાંચ હજાર વર્ષોમાં ક્ષય કરે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! એ પ્રકારના દેવ છે.

**३० अत्थि णं भंते ! ते देवा जे अणंते कम्मंसे जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा, उक्कोसेणं पंचहिं वाससयसहस्सेहिं खवयंति ? गोयमा ! हंता अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એ પ્રકારના દેવ છે, જે અનંત કર્માંશોને જઘન્ય એક લાખ, બે લાખ, ત્રણ લાખ વર્ષોમાં અને ઉત્કૃષ્ટ પાંચ લાખ વર્ષોમાં ક્ષય કરે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! એ પ્રકારના દેવ છે.

**३१ कयरे णं भंते ! ते देवा जे अणंते कम्मंसे जहण्णेणं एक्केण वा** *जाव* **पंचहिं वाससएहिं खवयंति ? कयरे णं भंते ! ते देवा** *जाव* **पंचहिं वाससहस्सेहिं खवयंति? कयरे णं भंते! ते देवा** *जाव* **पंचहिं वाससयसहस्सेहिं खवयंति ?**

**गोयमा ! वाणमंतरा देवा अणंते कम्मंसे** *जाव* **एगेणं वाससएणं खवयंति, असुरिंदवज्जिया भवणवासी देवा अणंते कम्मंसे** *जाव* **दोहिं वाससएहिं खवयंति, असुरकुमाराणं देवा अणंते कम्मंसे** *जाव* **तीहिं वाससएहिं खवयंति, गह-णक्खत्त-तारारूवा जोइसिया देवा अणंते कम्मंसे** *जाव* **चउहिं वास सएहिं खवयंति, चंदिम-सूरिया जोइसिंदा जोइसरायाणो अणंते कम्मंसे** *जाव* **पंचहिं वाससएहिं खवयंति।**

**सोहम्मीसाणगा देवा अणंते कम्मंसे** *जाव* **एगेणं वाससहस्सेणं खवयंति, सणंकुमार-माहिंदगा देवा अणंते कम्मंसे** *जाव* **दोहिं वाससहस्सेहिं खवयंति, बंभलोग-लंतगा देवा अणंते कम्मंसे** *जाव* **तीहिं वाससहस्सेहिं खवयंति, महासुक्क-सहस्सारगा देवा अणंते कम्मंसे** *जाव* **चउहिं वाससहस्सेहिं खवयंति आणय-पाणय-आरण-अच्चयुगा देवा अणंते कम्मंसे** *जाव* **पंचहिं वाससहस्सेहिं खवयंति,**

**हिट्ठिमगेविज्जगा देवा अणंते कम्मंसे** *जाव* **एगेणं वाससयसहस्सेणं खवयंति, मज्झिमगेवेज्जगा देवा अणंते कम्मंसे** *जाव* **दोहिं वाससयसहस्सेहिं खवयंति, उवरिमगेवेज्जगा देवा अणंते कम्मंसे** *जाव* **तिहिं वाससयसहस्सेहिं खवयंति, विजय-वेजयंत-जयंत-अपराजियगा देवा अणंते कम्मंसे** *जाव* **चउहिं वास सयसहस्सेहिं खवयंति, सव्वट्ठसिद्धगा देवा अणंते कम्मंसे** *जाव* **पंचहिं वाससयसहस्सेहिं खवयंति । एएणं गोयमा ! ते देवा जे अणंते कम्मंसे जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं पंचहिं वाससएहिं खवयंति, एएणं गोयमा ! ते देवा** *जाव* **पंचहिं वाससहस्सेहिं खवयंति, एएणं गोयमा ! ते देवा** *जाव* **पंचहिं वाससयसहस्सेहिं खवयंति ।॥ सेवं भंते ! सेवं भंते !॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એવા કયા દેવ છે જે અનંત કર્માંશોને જઘન્ય એક સો વર્ષ ***યાવત્*** પાંચસો વર્ષમાં ક્ષય કરે છે ? હે ભગવન્ ! એવા કયા દેવ છે, જે અનંત કર્માંશોને એક હજાર વર્ષ ***યાવત્*** પાંચ હજાર વર્ષમાં ક્ષય કરે છે ? હે ભગવન્ ! એવા કયા દેવ છે જે અનંત કર્માંશોને એક લાખ વર્ષ ***યાવત્*** પાંચ લાખ

વર્ષોમાં ક્ષય કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વાણવ્યંતર દેવો અનંત કર્માંશોને એક સો વર્ષમાં ક્ષય કરે છે. અસુરેન્દ્રને છોડીને શેષ ભવનપતિ દેવો અનંત કર્માંશોને બસો વર્ષોમાં ક્ષય કરે છે. અસુરકુમાર દેવો અનંત કર્માંશોને ત્રણસો વર્ષોમાં; ગ્રહ,નક્ષત્ર અને તારા રૂપ જ્યોતિષી દેવો અનંત કર્માંશોને ચારસો વર્ષોમાં; જ્યોતિષી દેવોના ઈન્દ્ર, જ્યોતિષરાજ ચંદ્ર અને સૂર્ય અનંત કર્માંશોને પાંચ સો વર્ષોમાં ક્ષય કરે છે.

સૌધર્મ અને ઈશાન કલ્પના દેવો અનંત કર્માંશોને એક હજાર વર્ષોમાં ક્ષય કરે છે. સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પના દેવો અનંત કર્માંશોને બે હજાર વર્ષોમાં ક્ષય કરે છે. બ્રહ્મલોક અને લાન્તક કલ્પના દેવો અનંત કર્માંશોને ત્રણ હજાર વર્ષોમાં ક્ષય કરે છે. મહાશુક્ર અને સહસ્રાર કલ્પના દેવો અનંત કર્માંશોને ચાર હજાર વર્ષોમાં ક્ષય કરે છે. આનત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પના દેવો અનંત કર્માંશોને પાંચ હજાર વર્ષોમાં, અધસ્તન ગ્રૈવયકના દેવો અનંત કર્માંશોને એક લાખ વર્ષોમાં; ક્ષય કરે છે. મધ્યમ ગ્રૈવયકના દેવો બે લાખ વર્ષોમાં, ઉપરિમ ગ્રૈવયકના દેવો ત્રણ લાખ વર્ષોમાં; વિજય, વિજયંત, જયંત અને અપરાજિત આ ચાર અનુત્તર વિમાનના દેવો ચાર લાખ વર્ષોમાં; અને સર્વાર્થસિદ્ધના દેવો પાંચ લાખ વર્ષોમાં અનંત કર્માંશોનો ક્ષય કરે છે. આ રીતે હે ગૌતમ ! એ પ્રકારના સૂત્રોક્ત અસુરાદિ દેવો છે, જે અનંત કર્માંશોને જઘન્ય એક સો, બસો, ત્રણ સો, ઉત્કૃષ્ટ પાંચસો વર્ષોમાં ક્ષય કરે છે. સૂત્રોક્ત દેવલોકના દેવો છે જે ઉત્કૃષ્ટ પાંચ હજાર વર્ષોમાં તે પુણ્યાંશોનો ક્ષય કરે છે અને હે ગૌતમ ! સૂત્રોક્ત અનુત્તર વિમાનના દેવો ઉત્કૃષ્ટ પાંચ લાખ વર્ષમાં તે પુણ્યાંશોનો ક્ષય કરે છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચારે જાતિના દેવો દ્વારા અનંત કર્માંશોને ક્ષય થવાનું કાલમાન સ્પષ્ટ કર્યું છે.

ચારે જાતિના દેવો પુણ્યના ઉદયને ભોગવે છે. પરંતુ કર્મશાસ્ત્રના નિયમાનુસાર જે કર્મ મંદ વિપાક-મંદરસવાળું હોય તે શીઘ્રતાથી ભોગવાય જાય છે અને જે કર્મ તીવ્ર વિપાક-તીવ્રરસવાળું હોય તે શીઘ્રતાથી ભોગવાતું નથી.

પ્રત્યેક દેવોના કર્મો ભિન્ન ભિન્ન હોય છે. શાસ્ત્રકારે તેની તીવ્રતા મંદતાના આધારે તેના ક્ષયનું કાલમાન બતાવ્યું છે. જેમ કે વ્યંતરોના અનંત પુણ્ય કર્મ મંદ રસવાળા હોવાથી તેનો શીઘ્ર ક્ષય થાય છે. તેની અપેક્ષાએ નવનિકાયના દેવોના અનંત પુણ્યકર્મ તીવ્ર રસવાળા હોવાથી તેને ક્ષય થતાં અધિક સમય લાગે છે. આ રીતે ઉત્તરોત્તર અનુત્તર વિમાન સુધીના દેવોના પુણ્યકર્મ તીવ્રતર અને તીવ્રતમ રસવાળા હોવાથી તેનો ક્ષય થતાં ઉત્તરોત્તર અધિક સમય લાગે છે. તે સર્વનું કાલમાન સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

**॥ શતક ૧૮/૭ સંપૂર્ણ ॥**

# શતક–૧૮ : ઉદ્દેશક–૮

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં ભાવિતાત્મા અણગારને લાગતી ક્રિયા, અન્યતીર્થિકો સાથે ગૌતમ સ્વામીનો સંવાદ, છદ્મસ્થ અને કેવળીનું પરમાણુ આદિને જાણવાનું સામર્થ્ય, વગેરે વિષયોનું નિરૂપણ છે.

★ જેના કષાયો ઉપશાંત છે તેવા અણગાર ઉપયોગપૂર્વક ગમન કરતા હોય, તેના પગ નીચે કોઈ પણ જીવજંતુ દબાઈ જાય તેમ છતાં તે અણગારને ઐર્યાપથિક ક્રિયા લાગે છે. કારણ કે કષાય રહિત વીતરાગીને મન, વચન અને કાયાના યોગજન્ય સામાન્ય-વિશેષ પ્રવર્તનથી થનારી ક્રિયારૂપ ઐર્યાપથિક ક્રિયા જ લાગે છે. સાંપરાયિક ક્રિયા અર્થાત્ પ્રાણાતિપાતિકી આદિ ક્રિયા સકષાયી જીવોને જ લાગે છે.

★ અન્યતીર્થિકોએ ગૌતમ સ્વામી સમક્ષ જૈન શ્રમણો પર આક્ષેપ મૂકયો કે જૈન શ્રમણો ગમનાદિ ક્રિયા કરતાં કેટલા ય જીવજંતુઓને કચડી નાંખે છે, તેને પીડા પહોંચાડે છે. આ રીતે અહિંસાધર્મનું યથાવત્ પાલન થતું ન હોવાથી તેઓ એકાંત બાલ છે. ગૌતમસ્વામીએ તાર્કિક યુક્તિથી શ્રમણોની જીવનચર્યા સમજાવીને અન્યતીર્થિકોને નિરુત્તર કર્યા– જૈન શ્રમણો પાદ વિહાર કરે છે. તે ઉપરાંત સંપૂર્ણ રીતે જીવદયાની ભાવનાપૂર્વક, સંયમી જીવનના નિર્વાહાર્થે જ સાવધાનીપૂર્વક ગમનાદિ ક્રિયા કરે છે. તે પોતાના નિર્વાહાર્થે અન્ય જીવોને પીડા પહોંચાડતા નથી. તે અહિંસાધર્મનું સંપૂર્ણપણે પાલન કરે છે. તેથી જૈન શ્રમણો એકાંત બાલ નથી પરંતુ એકાંત પંડિત છે. અન્યતીર્થિકોની ઉપયોગપૂર્વકની પ્રવૃત્તિ ન હોવાથી તેઓ એકાંત બાલ છે.

★ પરમાણુ પુદ્ગલ અત્યંત સૂક્ષ્મ હોવાથી ચક્ષુગ્રાહ્ય નથી. શ્રુતજ્ઞાનના માધ્યમથી છદ્મસ્થ મનુષ્યને તેનું જ્ઞાન થઈ શકે છે. (૧) કેટલાક છદ્મસ્થો શ્રુતજ્ઞાનના ઉપયોગ સહિત હોય તો પરમાણુ પુદ્ગલને જાણે છે પણ પ્રત્યક્ષ જોઈ શકતા નથી. કારણ કે શ્રુતજ્ઞાનમાં દર્શનનો અભાવ છે. (૨) કેટલાક મનુષ્યો શ્રુતજ્ઞાનના ઉપયોગ રહિત હોય તો પરમાણુ પુદ્ગલને જાણતા નથી અને દેખતા પણ નથી. આ રીતે અસંખ્યાત પ્રદેશી સ્કંધ સુધી જાણી-દેખી શકતા નથી.

★ અનંત પ્રદેશી સ્કંધને જાણવા અને દેખવાના ચાર વિકલ્પ છે– (૧) કેટલાક છદ્મસ્થો અનંત પ્રદેશી સ્કંધને શ્રુતજ્ઞાનથી જાણે છે અને ચક્ષુ દ્વારા દેખે છે. (૨) કેટલાક જાણે છે પણ ચક્ષુના અભાવમાં દેખતા નથી. (૩) કેટલાક જાણતા નથી પણ દેખે છે. જેમ કે– દૂર રહેલા પર્વત વગેરે સ્પર્શેન્દ્રિય દ્વારા અગ્રાહ્ય છે. તેથી તેના સ્પર્શાદિને જાણતા નથી પરંતુ ચક્ષુ દ્વારા દૂરથી જોઈ શકે છે. (૪) કેટલાક જાણતા નથી અને દેખતા પણ નથી.

★ આધોવધિજ્ઞાની(પરમાવધિજ્ઞાનીથી ન્યૂનજ્ઞાની) મનુષ્યનું કથન પણ છદ્મસ્થની સમાન છે. પરમાવધિજ્ઞાની અને કેવળી પરમાણુ પુદ્ગલને જાણે છે અને દેખે છે પરંતુ જે સમયે જાણે છે તે સમયે દેખતા નથી અને જે સમયે દેખે છે તે સમયે જાણતા નથી કારણ કે જ્ઞાનોપયોગથી પદાર્થ જણાય અને દર્શનોપયોગથી દેખાય છે. આ બંને ઉપયોગ એક સમયે હોતા નથી. તેથી તેના દ્વારા થતું જ્ઞાન અને દર્શન પણ એક સમયે થતું નથી.

❖❖❖❖❖

# શતક–૧૮ : ઉદ્દેશક–૮

## અણગાર

**ઉપયોગ પૂર્વક ગમન કરનારને લાગતી ક્રિયા :–**

**१ रायगिहे** *जाव* **एवं वयासी– अणगारस्स णं भंते ! भावियप्पणो पुरओ दुहओ जुगमायाए पेहाए रीयं रीयमाणस्स पायस्स अहे कुक्कुडपोए वा वट्टापोए वा कुलिंगच्छाए वा परियावज्जेज्जा, तस्स णं भंते ! किं ईरियावहिया किरिया कज्जइ, संपराइया किरिया कज्जइ ?**

**गोयमा ! अणगारस्स णं भावियप्पणो** *जाव* **तस्स णं ईरियावहिया किरिया कज्जइ, णो संपराइया किरिया कज्जइ ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जहा सत्तमसए संवुडुद्देसए** *जाव* **अट्ठो णिक्खित्तो ॥सेवं भंते ! सेवं भंते ! ॥ त्ति भगवं गोयमे** *जाव* **विहरइ । तए णं समणे भगवं महावीरे** *जाव* **बहिया जणवय विहारं विहरइ ।**

**શબ્દાર્થ :– कुक्कुडपोऐ**= મરઘીનું બચ્ચું **वट्टापोऐ**= બતકનું બચ્ચું **कुलिंगच्छाए**= કીડી જેવા સૂક્ષ્મ જંતુઓ **पायस्स अहे**= પગ નીચે **परियावज्जेज्जा** = પરિતાપિત થઈ જાય, આવી જાય, મરી જાય.

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ***યાવત્*** ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! સામેના અને બંને બાજુના પ્રદેશને ધુંસર પ્રમાણ(ચાર હાથ પ્રમાણ) જોઈને ગમન કરતા ભાવિતાત્મા અણગારના પગની નીચે મરઘીનું બચ્ચું, બતકનું બચ્ચું અથવા કીડી જેવા સૂક્ષ્મ જંતુ દબાઈને મરી જાય, હે ભગવન્ ! તો તે અણગારને ઐર્યાપથિકી ક્રિયા લાગે છે કે સાંપરાયિકી ક્રિયા લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે ભાવિતાત્મા અણગારને ઐર્યાપથિકી ક્રિયા લાગે છે, સાંપરાયિકી ક્રિયા લાગતી નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે છે, સાંપરાયિકી ક્રિયા લાગતી નથી. ?

**ઉત્તર–** હે ગૌતમ ! શતક-૭/૧ સંવૃત્ત ઉદ્દેશક અનુસાર સંપૂર્ણ ઉત્તર જાણવો જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥ એમ કહી ગૌતમ સ્વામી ***યાવત્*** વિચરવા લાગ્યા. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી વિહાર કરી અન્ય ક્ષેત્રોમાં વિચરવા લાગ્યા.

**વિવેચન :–**

જે ભાવિતાત્મા અણગારના ક્રોધાદિ કષાયો નષ્ટ થઈ ગયા છે, તેવા અગિયારમા બારમા

ગુણસ્થાનવર્તી છદ્મસ્થ વીતરાગીની ગમન આદિ કોઈ પણ પ્રવૃત્તિથી તેઓને ઐર્યાપથિક ક્રિયા જ લાગે છે કારણ કે સકષાયી જીવોને સાંપરાયિક ક્રિયા લાગે છે અને અકષાયી જીવોને ઐર્યાપથિક ક્રિયા લાગે છે.

**અન્યતીર્થિકો સાથે ગૌતમ સ્વામીનો સંવાદ :–**

**૨ तेणं कालेणं तेणं समएणं रायगिहे** *जाव* **पुढविसिलापट्टए । तस्स णं गुणसीलस्स चेइयस्स अदूरसामंते बहवे अण्णउत्थिया परिवसंति । तए णं समणे भगवं महावीरे** *जाव* **समोसढे** *जाव* **परिसा पडिगया । तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई णामं अणगारे** *जाव* **विहरइ । तए णं ते अण्णउत्थिया जेणेव भगवं गोयमे तेणेव उवागच्छंति, उवागच्छित्ता भगवं गोयमं एवं वयासी– तुब्भे णं अज्जो ! तिविहं तिविहेणं असंजया** *जाव* **एगंतबाला यावि भवह ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ત્યાં ગુણશીલ ઉદ્યાન હતું. ત્યાં એક પૃથ્વીશિલાપટ્ટ હતો. તે ગુણશીલ ઉદ્યાનની સમીપે અનેક અન્યતીર્થિકો રહેતા હતા. ક્યારેક શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા ***યાવત્*** પરિષદ વંદના કરીને પાછી ગઈ. તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જયેષ્ઠ અંતેવાસી ઈન્દ્રભૂતિ અણગાર ***યાવત્*** તપ સંયમથી આત્માને ભાવિત કરતાં વિચરતા હતા. તે સમયે તે અન્યતીર્થિકો ગૌતમ સ્વામીની સમીપે આવીને કહેવા લાગ્યા કે– હે આર્યો તમે ત્રિવિધ-ત્રિવિધ(ત્રણ કરણ, ત્રણ યોગથી) અસંયત, અવિરત ***યાવત્*** એકાંત બાલ છો.

**૩ तए णं भगवं गोयमे अण्णउत्थिए एवं वयासी– से केणं कारणेणं अज्जो ! अम्हे तिविहं तिविहेणं असंजया** *जाव* **एगंतबाला यावि भवामो । तए णं ते अण्णउत्थिया भगवं गोयमं एवं वयासी– तुब्भे णं अज्जो ! रीयं रीयमाणा पाणे पेच्चेह, अभिहणह** *जाव* **उवद्दवेह, तए णं तुब्भे पाणे पेच्चेमाणा** *जाव* **उवद्दवेमाणा तिविहं तिविहेणं** *जाव* **एगंतबाला यावि भवह ।**

**ભાવાર્થ :–** અન્યતીર્થિકોનો આક્ષેપ સાંભળીને ગૌતમ સ્વામીએ કહ્યું– હે આર્યો ! અમે કયા કારણથી ત્રિવિધ-ત્રિવિધ અસંયત, અવિરત અને એકાંત બાલ છીએ ? ત્યારે અન્યતીર્થિકોએ કહ્યું– હે આર્યો ! તમે ગમન કરો છો ત્યારે જીવોને કચડો છો, મારો છો ***યાવત્*** તેઓને ઉપદ્રવ કરો છો. પ્રાણીઓને કચડવાથી ***યાવત્*** ઉપદ્રવ કરવાથી તમે ત્રિવિધ-ત્રિવિધે અસંયત, અવિરત અને એકાંત બાલ છો.

**૪ तए णं भगवं गोयमे ते अण्णउत्थिए एवं वयासी– णो खलु अज्जो ! अम्हे रीयं रीयमाणा पाणे पेच्चेमो** *जाव* **उवद्दवेमो, अम्हे णं अज्जो ! रीयं रीयमाणा कायं च जोगं च रीयं च पडुच्च दिस्सा-दिस्सा, पदिस्सा-पदिस्सा वयामो, तए णं अम्हे दिस्सा-दिस्सा वयमाणा पदिस्सा-पदिस्सा वयमाणा णो पाणे पेच्चेमो** *जाव* **णो उवद्दवेमो, तए णं अम्हे पाणे अपेच्चेमाणा** *जाव* **अणोद्दवेमाणा तिविहं तिविहेणं** *जाव* **एगंतपंडिया यावि भवामो, तुब्भे णं अज्जो ! अप्पणा चेव तिविहं तिविहेणं** *जाव* **एगंतबाला यावि भवह ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ગૌતમ સ્વામીએ તે અન્યતીર્થિકોને કહ્યું– હે આર્યો ! અમે ગમન કરીએ છીએ

ત્યારે પ્રાણીઓને કચડતા નથી ***યાવત્*** પીડા પહોંચાડતા નથી. અમે ગમન કરીએ છીએ ત્યારે કાયાથી સંયમ યોગનું વહન કરતાં, પ્રાણીઓને જોઈ-જોઈને, વિશેષ સાવધાનીપૂર્વક જોઈ-જોઈને ગમન કરીએ છીએ. આ રીતે સાવધાની પૂર્વક જોઈ-જોઈને ગમન કરતા અમે પ્રાણીઓને કચડતા નથી ***યાવત્*** પીડિત કરતા નથી. તેથી અમે ત્રિવિધ-ત્રિવિધે ***યાવત્*** એકાંત પંડિત છીએ. હે આર્યો ! તમે જ સ્વયં ત્રિવિધ-ત્રિવિધે અસંયત, અવિરત ***યાવત્*** એકાન્ત બાલ છો.

**૫ तए णं ते अण्णउत्थिया भगवं गोयमं एवं वयासी– केणं कारणेणं अज्जो ! अम्हे तिविहं तिविहेणं** *जाव* **भवामो । तए णं भगवं गोयमे ते अण्णउत्थिए एवं वयासी– तुब्भे णं अज्जो ! रीयं रीयमाणा पाणे पेच्चेह** *जाव* **उद्दवेह, तए णं तुब्भे पाणे पेच्चेमाणा** *जाव* **उद्दवेमाणा तिविहं** *जाव* **एगंतबाला यावि भवह । तए णं भगवं गोयमे ते अण्णउत्थिए एवं पडिहणइ, पडिहणित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता णच्चासण्णे** *जाव* **पज्जुवासइ ।**

**ભાવાર્થ :–** અન્યતીર્થિકોએ ગૌતમ સ્વામીનું કથન સાંભળીને આ પ્રમાણે કહ્યું– હે આર્ય ! અમે કઈ રીતે ત્રિવિધ-ત્રિવિધે અસંયત, અવિરત ***યાવત્*** એકાંત બાલ છીએ ? ત્યારે ગૌતમ સ્વામીએ તે અન્યતીર્થિકોને આ પ્રમાણે કહ્યું– હે આર્યો ! તમે ગમન કરતાં પ્રાણીઓને કચડો છો ***યાવત્*** પીડિત કરો છો, જીવોને કચડતા, પીડિત કરતા તમે ત્રિવિધ-ત્રિવિધે અસંયત, અવિરત ***યાવત્*** એકાંત બાલ છો.

આ રીતે ગૌતમ સ્વામી તે અન્યતીર્થિકોને નિરુત્તર કરીને, શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે આવીને, ભગવાનને વંદના નમસ્કાર કરીને, ન અતિ દૂર, ન અતિ નિકટ ***યાવત્*** પર્યુપાસના કરવા લાગ્યા.

**૬ गोयमा ! त्ति समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी– सुट्ठु णं तुमं गोयमा ! ते अण्णउत्थिए एवं वयासी, साहु णं तुमं गोयमा ! ते अण्णउत्थिए एवं वयासी, अत्थि णं गोयमा ! ममं बहवे अंतेवासी समणा णिग्गंथा छउमत्था, जे णं णो पभू एयं वागरणं वागरेत्तए, जहा णं तुमं, तं सुट्ठु णं तुमं गोयमा ! ते अण्णउत्थिए एवं वयासी, साहु णं तुमं गोयमा ! ते अण्णउत्थिए एवं वयासी । तए णं भगवं गोयमे समणेणं भगवया महावीरेणं एवं वुत्ते समाणे हट्ठतुट्ठे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी—**

**ભાવાર્થ :–** હે ગૌતમ ! આ પ્રમાણે સંબોધિત કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમ સ્વામીને કહ્યું– હે ગૌતમ ! તમે અન્યતીર્થિકોને યોગ્ય કહ્યું છે. હે ગૌતમ ! તમે તે અન્યતીર્થિકોને યથાર્થ કહ્યું છે. હે ગૌતમ ! મારા અનેક શિષ્ય શ્રમણ-નિર્ગ્રંથ છદ્મસ્થ છે, જે તમારી જેમ ઉત્તર આપવામાં સમર્થ નથી. હે ગૌતમ ! તેથી તમે અન્યતીર્થિકોને યોગ્ય કહ્યું છે, હે ગૌતમ ! તમે તે અન્યતીર્થિકોને અત્યંત યોગ્ય(સુંદર) કહ્યું છે. જ્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આ પ્રમાણે કહ્યું– ત્યારે ગૌતમ સ્વામીએ હૃષ્ટ-તુષ્ટ થયા અને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું—

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અન્યતીર્થિકોનો શ્રમણો પરનો આક્ષેપ અને ગૌતમ સ્વામી દ્વારા તેના નિરાકરણનું

યથાતથ્ય વર્ણન છે.

અન્યતીર્થિકોએ ગૌતમ સ્વામી આદિ જૈન શ્રમણો પર એકાંત બાલ હોવાનો આક્ષેપ મૂક્યો કે જૈન શ્રમણો ચાલતી વખતે જીવહિંસા કરે છે. તેથી તેઓ એકાંત બાલ છે. ત્યારે ગૌતમ સ્વામીએ તેનો આક્ષેપપૂર્વક ઉત્તર આપ્યો– **कायं च जोगं च रीयं च पडुच्च दिस्स....वयामो** = જૈન શ્રમણો કોઈપણ યોગિક પ્રવૃત્તિ વિવેક અને ઉપયોગપૂર્વક જ કરે છે. તેઓ જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિના પ્રયોજનથી જ ગમનાદિ કરે છે, પ્રયોજન વિના ગમનાગમન કરતા નથી. જ્યારે ગમનાગમન કરે ત્યારે પણ જીવરક્ષાના લક્ષ્યપૂર્વક ચંચળતા રહિત, કુતૂહલ રહિત અને શીઘ્રતારહિત, ઈર્યા સમિતિપૂર્વક ગમન કરે છે. આ રીતે અહિંસાનું સંપૂર્ણ લક્ષ્ય હોવાથી જૈન શ્રમણો બાલ નથી. પરંતુ અન્યતીર્થિકોની જીવનચર્યામાં અહિંસાધર્મનું બરોબર પાલન થતું નથી, તેથી તેઓ જ એકાંત બાલ છે. ગૌતમ સ્વામીનો તાર્કિક અને નિડરતાપૂર્વકનો ઉત્તર સાંભળીને અન્યતીર્થિકો નિરુત્તર થઈને ચાલ્યા ગયા. પ્રભુ મહાવીરે અન્ય શ્રમણોને નીડરતાપૂર્વક તાર્કિક રીતે સત્ય પ્રગટ કરવાની પ્રેરણા આપવા ગૌતમ સ્વામીની પ્રશંસા કરી.

**છદ્મસ્થ અને કેવળીનું પરમાણુ આદિને જાણવાનું સામર્થ્ય :–**

**૭ छउमत्थे णं भंते ! मणूसे परमाणुपोग्गलं किं जाणइ पासइ, उदाहु ण जाणइ ण पासइ ? गोयमा ! अत्थेगइए जाणइ, ण पासइ; अत्थेगइए ण जाणइ, ण पासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય પરમાણુ પુદ્ગલને જાણે-દેખે છે ? કે જાણતા દેખતા નથી? **ઉત્તર–** હે ગૌતમ ! કોઈ જાણે છે પરંતુ દેખતા નથી અને કોઈ જાણતા પણ નથી અને દેખતા પણ નથી.

**૮ छउमत्थे णं भंते ! मणूसे दुपएसियं खंधं किं जाणइ पासइ ? गोयमा ! एवं चेव । एवं *जाव* असंखेज्जपएसियं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્ય દ્વિપ્રદેશી સ્કંધને જાણે-દેખે છે કે જાણતા-દેખતા નથી ? **ઉત્તર–** હે ગૌતમ ! પરમાણુની સમાન જાણવું. આ રીતે ***યાવત્*** અસંખ્યાત પ્રદેશી સ્કંધ સુધી જાણવું જોઈએ.

**૯ छउमत्थे णं भंते ! मणूसे अणंतपएसियं खंधं पुच्छा । गोयमा ! अत्थेगइए जाणइ पासइ, अत्थेगइए जाणइ ण पासइ, अत्थेगइए ण जाणइ पासइ, अत्थेगइए ण जाणइ ण पासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય અનંત પ્રદેશી સ્કંધને જાણે-દેખે છે કે જાણતા-દેખતા નથી? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) કોઈ જાણે છે અને દેખે છે (૨) કોઈ જાણે છે પરંતુ દેખતા નથી (૩) કોઈ જાણતા નથી પરંતુ દેખે છે (૪) કોઈ જાણતા નથી અને દેખતા પણ નથી.

**૧૦ आहोहिए णं भंते ! मणुस्से परमाणुपोग्गलं, पुच्छा ? गोयमा ! जहा छउमत्थे । एवं आहोहिए वि *जाव* अणंतपएसियं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું આધોવધિક(પરમ અવધિજ્ઞાનીથી ન્યૂન) મનુષ્ય પરમાણુ પુદ્ગલને

જાણે-દેખે છે કે જાણતા-દેખતા નથી ? **ઉત્તર**– હે ગૌતમ ! જે રીતે છદ્મસ્થ મનુષ્યોનું કથન કર્યું, તે જ રીતે આધોવધિકનું કથન પણ સમજવું જોઈએ. આ રીતે ***યાવત્*** અનંત પ્રદેશી સ્કંધ સુધી કથન કરવું જોઈએ.

**૧૧ परमाहोहिए णं भंते ! मणूसे परमाणुपोग्गलं जं समयं जाणइ तं समयं पासइ, जं समयं पासइ तं समयं जाणइ ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– परमाहोहिए णं मणुसे परमाणुपोग्गलं जं समयं जाणइ णो तं समयं पासइ, जं समयं पासइ णो तं समयं जाणइ ?**

**गोयमा ! सागारे से णाणे भवइ, अणागारे से दंसणे भवइ, से तेणट्ठेणं** *जाव* **णो तं समयं जाणइ, एवं** *जाव* **अणंतपएसियं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શું પરમ અવધિજ્ઞાની મનુષ્ય, પરમાણુ પુદ્ગલને જે સમયે જાણે છે, તે જ સમયે દેખે છે ? અને જે સમયે દેખે છે, તે સમયે જ જાણે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે પરમાવધિજ્ઞાની મનુષ્ય પરમાણુ પુદ્ગલને જે સમયે જાણે છે, તે સમયે દેખતા નથી અને જે સમયે દેખે છે, તે સમયે જાણતા નથી ?

**ઉત્તર**– હે ગૌતમ ! પરમાવધિજ્ઞાનીને સાકારોપયોગ રૂપ જ્ઞાન હોય છે અને અનાકારોપયોગ રૂપ દર્શન હોય છે. તે બંને ઉપયોગમાંથી એક સમયે એક જ ઉપયોગ હોઈ શકે છે. તેથી કહ્યું છે કે પરમાવધિજ્ઞાની જે સમયે જાણે છે તે સમયે દેખતા નથી અને જે સમયે દેખે છે, તે સમયે જાણતા નથી. આ રીતે અનંત પ્રદેશી સ્કંધ સુધી જાણવું જોઈએ.

**૧૨ केवली णं भंते ! मणुस्से परमाणुपोग्गलं, पुच्छा ? गोयमा ! जहा परमाहोहिए तहा केवली वि** *जाव* **अणंतपएसियं ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! કેવળજ્ઞાની પરમાણુ પુદ્ગલને જે સમયે જાણે છે, તે સમયે દેખે છે; જે સમયે દેખે છે તે સમયે જાણે છે ? **ઉત્તર**– હે ગૌતમ ! જે રીતે પરમાવધિજ્ઞાનીના વિષયમાં કથન કર્યું, તે જ રીતે કેવળજ્ઞાનીના વિષયમાં પણ કહેવું જોઈએ. આ રીતે ***યાવત્*** અનંત પ્રદેશી સ્કંધ પર્યંત કથન કરવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં છદ્મસ્થ, અવધિજ્ઞાની અને કેવળજ્ઞાનીના જ્ઞાન સામર્થ્ય-અસામર્થ્ય નિરૂપિત છે. અહીં છદ્મસ્થ શબ્દથી નિરતિશય જ્ઞાની(સામાન્ય મતિ, શ્રુતજ્ઞાની)નું ગ્રહણ થાય છે.

**जाणइ-पासइ :–** જાણવું અને જોવું. આગમોમાં આ બંને શબ્દોનો પ્રયોગ અનેક સ્થાને થયો છે. પ્રસંગાનુસાર તેના અર્થ થાય છે. **जाणइ**–જાણવું. (૧) સાકારોપયોગ– જ્ઞાનનો ઉપયોગ તે જાણવું (૨) મતિ–શ્રુત આદિ જ્ઞાનથી પદાર્થનો વિશેષ બોધ થવો. **पासइ**–જોવું (૧) અનાકારોપયોગ રૂપ દર્શનથી જોવું (૨) ચક્ષુગ્રાહ્ય વસ્તુને ચક્ષુરિન્દ્રિયથી સાક્ષાત જોવી.

છદ્મસ્થના પ્રસંગમાં **जाणइ**નો અર્થ 'મતિ–શ્રુતજ્ઞાનથી જાણવું' અને **पासइ**નો અર્થ 'ચક્ષુરિન્દ્રિયથી જોવું' તે પ્રમાણે થાય છે.

**છદ્મસ્થના પરમાણું આદિના જ્ઞાન વિષયક બે ભંગ :–** પરમાણુથી અસંખ્યપ્રદેશી સુધીના પુદ્‌ગલ સ્કંધ સૂક્ષ્મ પરિણામી હોવાથી ચક્ષુગ્રાહ્ય નથી. તેથી તેના બે ભંગ આ પ્રમાણે થાય છે– (૧) **जाणइ ण पासइ**– જાણે છે પણ દેખતા નથી. કેટલાક મનુષ્યો મતિ-શ્રુતજ્ઞાનથી પરમાણુ આદિને જાણે છે પરંતુ તે પરમાણુ આદિ ચક્ષુગ્રાહ્ય ન હોવાથી તેને દેખતા નથી. (૨) **ण जाणइ ण पासइ**–જાણતા નથી અને દેખતા નથી. કેટલાક મનુષ્યોને પરમાણુ આદિ વિષયક મતિ-શ્રુતજ્ઞાન ન હોવાથી પરમાણુ આદિને જાણતા નથી અને તે ચક્ષુગ્રાહ્ય ન હોવાથી દેખતા પણ નથી.

**અનંતપ્રદેશી સ્કંધ વિષયક ચાર ભંગ :–** અનંતપ્રદેશી બાદર અષ્ટસ્પર્શી સ્કંધ ચક્ષુગ્રાહ્ય બની શકે છે. તેથી તેના ચાર ભંગ આ પ્રમાણે થાય છે–

(૧) **जाणइ पासइ**– જાણે છે દેખે છે. કેટલાક મનુષ્યો અનંતપ્રદેશી સ્કંધને, પર્વતાદિ સ્થૂલ પદાર્થોને મતિ-શ્રુતજ્ઞાનથી જાણે છે અને આંખથી દેખે છે.

(૨) **जाणइ ण पासइ**– જાણે છે પણ દેખતા નથી. કેટલાક અંધ મનુષ્યો અનંતપ્રદેશી સ્કંધને પર્વતાદિ સ્થૂલ પદાર્થોને મતિ-શ્રુતજ્ઞાનથી જાણે છે. પરંતુ અંધ હોવાથી તે વસ્તુને પ્રત્યક્ષ જોઈ શકતા નથી.

(૩) **ण जाणइ पासइ**– જાણતા નથી પણ દેખે છે. ચૌરેન્દ્રિયાદિ જીવો આંખથી પર્વતાદિ સ્થૂલ પદાર્થોને દેખે છે. પરંતુ તેને મતિ-શ્રુતજ્ઞાન ન હોવાથી વિશેષ પ્રકારે જાણતા નથી.

(૪) **ण जाणइ ण पासइ**– જાણતા નથી અને દેખતા નથી. બેઈન્દ્રિયાદિ જીવોને વિશેષ મતિ-શ્રુતજ્ઞાન ન હોવાથી પર્વતાદિ સ્થૂલ પદાર્થોને જાણતા નથી અને આંખના અભાવે દેખતા પણ નથી.

**અધોવધિજ્ઞાનીના પરમાણુ આદિના જ્ઞાન વિષયક બે ભંગ :–** પરમાવધિજ્ઞાનથી ન્યૂન અવધિજ્ઞાનને અધોવધિક કહે છે. અધોવધિજ્ઞાની પરમાણુ આદિ સૂક્ષ્મ રૂપી પદાર્થોને ચક્ષુથી કે અવધિ દર્શનથી જોઈ શકતા નથી. તેથી તેમાં છદ્મસ્થ મનુષ્યોની જેમ બે ભંગ અને અનંતપ્રદેશી સ્કંધના જ્ઞાન વિષયક ચાર ભંગ થાય છે. તે બે ભંગ આ પ્રમાણે છે– (૧) **जाणइ ण पासइ**– જાણે છે પણ દેખતા નથી. અધોવધિજ્ઞાની અવધિજ્ઞાનથી પરમાણુ આદિ સૂક્ષ્મ સ્કંધને જોઈ શકતા નથી. તેથી મતિ-શ્રુતજ્ઞાનથી જાણે છે પરંતુ પરમાણુ આદિ અવધિદર્શન કે ચક્ષુરિન્દ્રિયનો વિષય ન હોવાથી દેખી શકતા નથી. (૨) **ण जाणइ ण पासइ**– જાણતા નથી, દેખતા નથી. કેટલાક અધોવધિજ્ઞાનીને પરમાણુ આદિનું જ્ઞાન ન હોવાથી જાણતા પણ નથી અને પૂર્વવત્‌ દેખતા પણ નથી.

**અનંતપ્રદેશી બાદર-અષ્ટ સ્પર્શી સ્કંધના જ્ઞાન વિષયક ચાર ભંગ :–** અનંતપ્રદેશી બાદર સ્કંધને અધોવધિજ્ઞાની અવધિજ્ઞાનથી જાણી શકે અને અવધિદર્શનથી જોઈ શકે છે. તેના ચાર ભંગ આ પ્રમાણે છે–

(૧) **जाणइ पासइ**– જાણે છે-દેખે છે. તે બાદર સ્કંધ હોવાથી અવધિજ્ઞાનથી જાણે છે, અવધિદર્શનથી દેખે છે.

(૨) **जाणइ ण पासइ**– જાણે છે પણ દેખતા નથી. કેટલાક અધોવધિજ્ઞાની અવધિજ્ઞાનથી જાણે છે પણ અવધિદર્શનના ઉપયોગરહિત હોય ત્યારે જોઈ શકતા નથી.

(૩) **ण जाणइ पासइ**– જાણતા નથી પણ દેખે છે. કેટલાક અધોવધિજ્ઞાની અવધિજ્ઞાનના ઉપયોગ રહિત હોય ત્યારે જાણતા નથી પરંતુ અવધિદર્શનથી દેખે છે.

(૪) **ण जाणइ ण पासइ**– જાણતા નથી અને દેખતા નથી. કેટલાક અધોવધિજ્ઞાની અવધિજ્ઞાન અને અવધિદર્શનના ઉપયોગ રહિત હોય ત્યારે જાણતા નથી અને દેખતા નથી.

**પરમાવધિજ્ઞાન :–** જે અવધિજ્ઞાન અલોકમાં લોક જેવડા અસંખ્ય ખંડ હોય, તો તેને જાણવાનું સામર્થ્ય ધરાવે છે, અને સૂક્ષ્મ કે સ્થૂલ સમસ્ત રૂપી પદાર્થોને જાણી શકે છે તેવા ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનને પરમાવધિજ્ઞાન કહે છે. પરમાવધિજ્ઞાન અપ્રતિપાતી હોય છે. તેના અપ્રતિપાતી હોવાના સંબંધમાં બે પ્રકારે અર્થ થાય છે– (૧) ભવપર્યંત નષ્ટ થાય નહીં (૨) કેવળ જ્ઞાનની પ્રાપ્તિ પર્યંત નષ્ટ થાય નહીં અર્થાત્ પરમાવધિજ્ઞાનીને તે જ ભવે કેવળજ્ઞાન થાય છે. આ બંને અર્થ સાપેક્ષ છે અને પ્રચલિત છે. નંદી સૂત્રમાં અવધિજ્ઞાનના ૬ ભેદોનું કથન છે. તેમાં એક ભેદ અપ્રતિપાતી અવધિજ્ઞાન છે, તે તદ્ભવની અપેક્ષાએ અપ્રતિપાતી છે. તેથી સ્પષ્ટ થાય છે કે જે પરમાવધિજ્ઞાન છે તે અવશ્ય અપ્રતિપાતી છે પરંતુ જે અપ્રતિપાતી અવધિજ્ઞાન છે તે પરમાવધિજ્ઞાન જ હોય તેવુ એકાંતે નથી. અલોકમાં લોક જેવડા અસંખ્ય ખંડ જાણવાનું સામર્થ્ય ધરાવે તે પરમાવધિજ્ઞાની હોય છે અને અલોકમાં એક પણ પ્રદેશ જાણવાનું સામર્થ્ય ધરાવે તે અપ્રતિપાતી અવધિજ્ઞાની હોય છે.

પરમાવધિજ્ઞાની અને કેવળજ્ઞાની પરમાણુથી લઈને અનંત પ્રદેશી સ્કંધને જાણે છે અને દેખે છે, પરંતુ જે સમયે જાણે છે તે સમયે દેખતા નથી અને જે સમયે દેખે છે તે સમયે જાણતા નથી. કારણ કે જ્ઞાન અને દર્શન બંનેનો ઉપયોગ એક સમયે હોતો નથી.

**॥ શતક ૧૮/૮ સંપૂર્ણ ॥**

# શતક–૧૮ : ઉદ્દેશક–૯

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં સર્વ દંડકોમાં ભવી દ્રવ્ય જીવ અને તેની સ્થિતિનું પ્રતિપાદન છે.

★ ભવિષ્યની પર્યાયનું વર્તમાનમાં કથન કરવું તે **"ભવી દ્રવ્ય"** કહેવાય છે. જે મનુષ્ય કે તિર્યંચ પંચેન્દ્રિય નરકમાં ઉત્પન્ન થવાનો હોય, તેને વર્તમાનમાં **ભવી દ્રવ્ય નારક** કહેવાય છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષની છે. ક્રોડપૂર્વથી અધિક સ્થિતિવાળા મનુષ્યો અને તિર્યંચો યુગલિક છે અને યુગલિક મરીને નરકગતિમાં જતા નથી. તેથી તે સ્થિતિનું અહીં કથન કર્યું નથી.

★ જે મનુષ્ય કે તિર્યંચ પંચેન્દ્રિય ભવિષ્યમાં દેવગતિમાં ઉત્પન્ન થવાના હોય, તેને **ભવી દ્રવ્ય દેવ** કહે છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યની છે કારણ કે ત્રણ પલ્યની સ્થિતિવાળા યુગલિકો દેવગતિમાં ઉત્પન્ન થાય છે.

★ જે મનુષ્ય, તિર્યંચ કે દેવ પૃથ્વી, પાણી કે વનસ્પતિમાં ઉત્પન્ન થવા હોય, તેને **ભવી દ્રવ્ય પૃથ્વી** આદિ કહે છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક બે સાગરોપમની છે. ઈશાન કલ્પના દેવો પૃથ્વી આદિમાં ઉત્પન્ન થઈ શકે છે. તેની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિનું કથન છે.

★ જે મનુષ્ય કે તિર્યંચ, તેઉ, વાઉમાં ઉત્પન્ન થવાના હોય તેને **ભવી દ્રવ્ય તેઉ કે વાઉ** કહે છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વની છે. ક્રોડપૂર્વથી અધિક સ્થિતિવાળા મનુષ્ય અને તિર્યંચ યુગલિક હોય છે અને યુગલિકો તેઉ કે વાયુમાં ઉત્પન્ન થતાં નથી.

★ જે મનુષ્ય કે તિર્યંચ ત્રણ વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થવાના હોય, તેને **ભવી દ્રવ્ય વિકલેન્દ્રિય** કહે છે. તેની સ્થિતિ પણ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષની છે.

★ ચારે ગતિના જીવોમાંથી જે જીવો તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થવાના હોય, તેને **ભવી દ્રવ્ય તિર્યંચ પંચેન્દ્રિય** કહે છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ(સાતમી નારકીની અપેક્ષા) ૩૩ સાગરોપમની છે.

★ તેઉકાય અને વાયુકાયના જીવને છોડીને શેષ ૨૨ દંડકમાંથી જે જીવો મનુષ્યમાં ઉત્પન્ન થવાના હોય, તેને **ભવી દ્રવ્ય મનુષ્ય** કહે છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ(અનુત્તર વિમાનની અપેક્ષા) ૩૩ સાગરોપમની છે.

❖❖❖❖❖

# શતક–૧૮ : ઉદ્દેશક–૯

## ભવિક

**જીવોમાં ભવીદ્રવ્યત્વ :–**

**૧ रायगिहे** *जाव* **एवं वयासी– अत्थि णं भंते ! भवियदव्वणेरइया ? गोयमा ! हंता अत्थि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– भवियदव्वणेरइया, भवियदव्वणेरइया ?**

**गोयमा ! जे भविए पंचिंदिए तिरिक्खजोणिए वा मणुस्से वा णेरइएसु उववज्जित्तए से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– भविय दव्वणेरइया भविय दव्वणेरइया । एवं** *जाव* **थणियकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ પ્રભુ મહાવીરને આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! શું 'ભવી દ્રવ્ય નૈરયિક' હોય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! હોય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ભવી દ્રવ્ય નૈરયિક, ભવી દ્રવ્ય નૈરયિક કહેવાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે કોઈ પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્ય ભવિષ્યમાં નૈરયિકોમાં ઉત્પન્ન થવાના હોય છે, તે 'ભવી દ્રવ્ય નૈરયિક' કહેવાય છે. આ રીતે સ્તનિતકુમાર સુધી જાણવું જોઈએ.

**૨ अत्थि णं भंते ! भवियदव्वपुढविकाइया ? हंता अत्थि । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? गोयमा ! जे भविए तिरिक्खजोणिए वा मणुस्से वा देवे वा पुढविकाइएसु उववज्जित्तए से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ ।**

**आउक्काइय-वणस्सइकाइयाणं एवं चेव । तेउ-वाऊ-बेइंदिय-तेइंदिय-चउरिंदियाण य जे भविए तिरिक्खजोणिए वा मणुस्से वा ।**

**पंचिंदियतिरिक्खजोणियाणं जे भविए णेरइए वा तिरिक्खजोणिए वा मणुस्से वा देवे वा । एवं मणुस्सा वि । वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું ભવી દ્રવ્ય પૃથ્વીકાયિક, હોય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! હોય છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તે ભવી દ્રવ્ય પૃથ્વીકાયિક શા માટે કહેવાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જે કોઈ તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અથવા દેવ પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થવાના હોય છે, તે ભવીદ્રવ્ય પૃથ્વીકાયિક કહેવાય છે.

આ જ રીતે અપ્કાયિક અને વનસ્પતિકાયિકના વિષયમાં પણ જાણવું જોઈએ. જે કોઈ તિર્યંચ અથવા મનુષ્યો, અગ્નિકાય, વાયુકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિયમાં ઉત્પન્ન થવાના હોય છે, તે ભવી દ્રવ્ય

અગ્નિકાયિક આદિ કહેવાય છે.

જે કોઈ નૈરયિક, તિર્યંચ, મનુષ્ય અને દેવ, પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોમાં ઉત્પન્ન થવાના હોય છે, તે ભવી દ્રવ્ય પંચેન્દ્રિય તિર્યંચ કહેવાય છે. આ જ રીતે મનુષ્યોના વિષયમાં પણ જાણવું જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોના વિષયમાં નૈરયિકોની સમાન જાણવું જોઈએ.

**વિવેચન :–**

**ભવી દ્રવ્ય :– ભવી** = ભવિષ્યમાં થવાના છે. **દ્રવ્ય** = ભાવનિક્ષેપરૂપ નથી પરંતુ થવાના છે, તેથી દ્રવ્ય નિક્ષેપ રૂપ છે માટે તે દ્રવ્ય કહેવાય. આ રીતે સંક્ષેપમાં ભવિષ્યકાલની પર્યાયનું જે કારણ છે, તે ભવી દ્રવ્ય કહેવાય છે. ભૂતકાલની પર્યાયવાળાને પણ દ્રવ્યનિક્ષેપથી 'દ્રવ્ય' કહેવાય છે પરંતુ પ્રસ્તુત પ્રસંગમાં ભવિષ્યની પર્યાયના કારણભૂતને જ ભવી દ્રવ્ય કહ્યા છે.

ભવી દ્રવ્યની પરિભાષા ત્રણ પ્રકારે થાય છે. યથા– (૧) એકભવિક, (૨) બદ્ધાયુષ્ક,(૩) અભિમુખ-નામ ગોત્ર.

**(૧) એકભવિક :–** જે જીવ વિવક્ષિત એક ભવ પશ્ચાત્ અમુક અન્ય ભવમાં ઉત્પન્ન થવાના છે તેને એકભવિક ભવી દ્રવ્ય કહે છે. જેમ કે જે મનુષ્ય અથવા તિર્યંચ પંચેન્દ્રિય હવે પછીના ભવમાં નરકમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે એક ભવિક દ્રવ્ય નારક કહેવાય છે.

**(૨) બદ્ધાયુષ્ક :–** જે જીવે આયુષ્યનો ત્રીજો ભાગ આદિ શેષ રહેતાં અમુક ભવનું આયુષ્ય બાંધી લીધું હોય તેને બદ્ધાયુષ્ક કહે છે. જેમ કે જે મનુષ્ય અથવા તિર્યંચે નરકનું આયુષ્ય બાંધી લીધું છે તેને બદ્ધાયુષ્ક ભવી દ્રવ્ય નારક કહેવાય છે.

**(૩) અભિમુખ નામ ગોત્ર :–** જે જીવ પૂર્વભવનો ત્યાગ કર્યા પછી, બીજા ભવના આયુષ્ય નામ-ગોત્રનું સાક્ષાત્ વેદન કરી રહ્યા છે, પરંતુ તે ભવસ્થાનને પ્રાપ્ત કર્યું નથી, કરવાના છે, તેને 'અભિમુખનામ ગોત્ર' ભવી દ્રવ્ય કહેવાય છે. જેમ કે જે મનુષ્ય અથવા તિર્યંચ પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને નરકગતિમાં જવા માટે વિગ્રહગતિમાં સ્થિત છે તેને અભિમુખ નામગોત્ર ભવી દ્રવ્ય નારક કહે છે. આ રીતે ૨૪ દંડકના જીવોની ત્રણે ય પ્રકારની ઉત્પત્તિની યોગ્યતા અનુસાર તેઓની ત્રણે ય પ્રકારે ભવી દ્રવ્યતા થાય છે.

**ભવ્ય દ્રવ્ય નૈરયિકાદિની સ્થિતિ :–**

**૩ भवियदव्वणेरइयस्स णं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભવી દ્રવ્ય નૈરયિકની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વ વર્ષની છે.

**૪ भवियदव्वअसुरकुमारस्स णं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं । एवं *जाव* थणियकुमारस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભવી દ્રવ્ય અસુરકુમારની કેટલી સ્થિતિ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે, આ રીતે સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.

**૫** **भवियदव्वपुढविकाइयस्स णं, पुच्छा ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं साइरेगाइं दो सागरोवमाइं । एवं आउक्काइयस्स वि । तेउवाऊ जहा णेरइयस्स । वणस्सइकाइयस्स जहा पुढविकाइयस्स। बेइंदियस्स तेइंदियस्स चउरिंदियस्स जहा णेरइयस्स । पंचिंदियतिरिक्खजोणियस्स जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं । एवं मणुस्सस्स वि । वाणमंतर-जोइसिय-वेमाणियस्स जहा असुरकुमारस्स ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભવી દ્રવ્ય પૃથ્વીકાયિકની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કંઈક અધિક બે સાગરોપમની છે. આ રીતે અપ્કાયિકના વિષયમાં પણ કહેવું જોઈએ. ભવી દ્રવ્ય અગ્નિકાયિક અને ભવ્ય દ્રવ્ય વાયુકાયિકની સ્થિતિ નૈરયિકની સમાન છે. ભવ્ય દ્રવ્ય વનસ્પતિકાયિકની સ્થિતિ પૃથ્વીકાયિકની સમાન છે. ભવી દ્રવ્ય બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિયની સ્થિતિ નૈરયિકની સમાન છે. ભવી દ્રવ્ય પંચેન્દ્રિય તિર્યંચ યોનિકની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે. આ રીતે ભવી દ્રવ્ય મનુષ્યના વિષયમાં પણ જાણવું જોઈએ. ભવી દ્રવ્ય વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકોની સ્થિતિ અસુરકુમારોની સમાન છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

**ભવી દ્રવ્ય નૈરયિકની સ્થિતિ :–** અંતર્મુહૂર્તની સ્થિતિવાળા સંજ્ઞી કે અસંજ્ઞી તિર્યંચ મરીને નરકમાં જઈ શકે છે. તે અપેક્ષાએ જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચ નરકમાં જઈ શકે છે, તેથી તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રોડપૂર્વ વર્ષની છે. ક્રોડ પૂર્વથી અધિક આયુષ્યવાળા મનુષ્ય કે તિર્યંચ યુગલિક હોય છે અને યુગલિક મરીને નરકમાં જતા નથી.

**ભવી દ્રવ્ય દેવની સ્થિતિ :–** અંતર્મુહૂર્તની સ્થિતિના અસંજ્ઞી કે સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને દેવગતિમાં જઈ શકે છે. તે અપેક્ષાએ જઘન્ય અંતર્મુહૂર્તની સ્થિતિ સંભવિત છે. ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા દેવકુરુ ઉત્તરકુરુ ક્ષેત્રના મનુષ્ય અને તિર્યંચ યુગલિકો દેવગતિમાં જાય છે તેથી તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની છે.

**ભવી દ્રવ્ય પૃથ્વી, પાણી, વનસ્પતિની સ્થિતિ :–** અંતર્મુહૂર્તની સ્થિતિવાળા તિર્યંચ અને મનુષ્ય પૃથ્વીકાયમાં ઉત્પન્ન થઈ શકે છે. તે અપેક્ષાએ તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટ–ઈશાન દેવલોકના દેવ પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય તે અપેક્ષાએ કંઈક અધિક બે સાગરોપમની છે.

**ભવી દ્રવ્ય તેઉ, વાઉ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિયની સ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષની છે. કારણ કે યુગલિક મનુષ્ય, નારકી અને દેવ, તેઉ-વાઉ કે વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી.

**ભવી દ્રવ્ય તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યની સ્થિતિ :–** જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે. તિર્યંચ પંચેન્દ્રિયની ઉત્કૃષ્ટ સ્થિતિ સાતમી નરકની અપેક્ષાએ અને મનુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી દેવ ચ્યવીને આવે તે અપેક્ષાએ સમજવી જોઈએ.

ભવી દ્રવ્ય વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોની સ્થિતિ તિર્યંચ પંચેન્દ્રિયની અપેક્ષાએ જઘન્ય

અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ યુગલિકોની અપેક્ષાએ ત્રણ પલ્યોપમની હોય છે.

**૨૪ દંડકના ભવી દ્રવ્ય જીવોની સ્થિતિ :–**

| ક્રમ | નામ | ભવી–દ્રવ્ય જીવ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|---|
| ૧ | ભવી દ્રવ્ય નારકી | સંજ્ઞી-અસંજ્ઞી તિર્યંચ, સંજ્ઞી મનુ. | અંતર્મુહૂર્ત | ક્રોડ પૂર્વ વર્ષ |
| ૨ | ભવી દ્રવ્ય અસુર. વ્યંતર. | સંજ્ઞી-અસંજ્ઞી તિર્યંચ, સંજ્ઞી મનુ. | અંતર્મુહૂર્ત | ત્રણ પલ્ય |
| ૩ | ભવી દ્રવ્ય જ્યો. વૈમા. દેવ | સંજ્ઞી તિર્યંચ, સંજ્ઞી મનુષ્ય | અંતર્મુહૂર્ત | ત્રણ પલ્ય |
| ૪ | ભવી દ્રવ્ય પૃથ્વી, પાણી, વન. | નારકી સિવાય ૨૩ દંડકના જીવો | અંતર્મુહૂર્ત | સાધિક બે સાગરો. |
| ૫ | ભવી દ્રવ્ય તેઉ, વાઉ, વિકલે. | દસ દંડક(ઔદારિક)ના જીવો | અંતર્મુહૂર્ત | ક્રોડ પૂર્વ વર્ષ |
| ૬ | ભવી દ્રવ્ય તિર્યંચ પંચેન્દ્રિય | ૨૪ દંડકના જીવો | અંતર્મુહૂર્ત | ૩૩ સાગરોપમ |
| ૭ | ભવી દ્રવ્ય મનુષ્ય | ૨૨ દંડકના જીવો(તેઉ. વાઉ. છોડી) | અંતર્મુહૂર્ત | ૩૩ સાગરોપમ |

## ॥ શતક ૧૮/૯ સંપૂર્ણ ॥

# શતક–૧૮ : ઉદ્દેશક–૧૦

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં ભાવિતાત્મા અણગારનું વૈક્રિય સામર્થ્ય, પરમાણુ અને સ્કંધની વાયુકાય સાથે સ્પર્શના, નરક પૃથ્વી અને દેવલોક આદિ ક્ષેત્રોની નીચે પુદ્‌ગલ દ્રવ્યનું અસ્તિત્વ અને સોમિલ બ્રાહ્મણના પ્રશ્નોત્તર વગેરે વિષયોનું નિરૂપણ છે.

★ ભાવિતાત્મા અણગાર વૈક્રિય લબ્ધિથી તલવારની ધાર પર ચાલી શકે, અગ્નિમાંથી નીકળી શકે, ગંગા નદીના સામા પૂરમાં ચાલી શકે છે પરંતુ તેને કોઈ પણ પ્રકારની બાધા કે પીડા થતી નથી.

★ નાની વસ્તુ મોટી વસ્તુથી વ્યાપ્ત થાય છે. તેથી પરમાણુ, દ્વિપ્રદેશીથી અસંખ્યાત પ્રદેશી સ્કંધ વાયુકાયથી વ્યાપ્ત–સ્પર્શિત થાય છે. અનંત પ્રદેશી સ્કંધ વાયુકાયથી વ્યાપ્ત થઈ શકે છે પરંતુ વાયુકાય અનંત પ્રદેશી સ્કંધથી કદાચિત્ વ્યાપ્ત થાય અને કદાચિત્ વ્યાપ્ત થતો નથી. અનંત પ્રદેશી સ્કંધ વાયુથી મહાન-સ્થૂલ હોય તો અનંત પ્રદેશી સ્કંધથી વાયુ વ્યાપ્ત થાય છે પરંતુ જો અનંત પ્રદેશી સ્કંધ વાયુથી સૂક્ષ્મ હોય તો વ્યાપ્ત થતો નથી. મશક વાયુકાયથી સ્પૃષ્ટ છે. વાયુકાય મશકથી સ્પૃષ્ટ નથી.

★ નરક, દેવલોક, ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી આદિ દરેક ક્ષેત્રોની નીચે પાંચવર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ તે વીસ બોલ યુક્ત પુદ્‌ગલ દ્રવ્ય અન્યોન્યબદ્ધ, અન્યોન્ય સ્પૃષ્ટ, અન્યોન્ય સંબદ્ધ છે.

★ વાણિજ્યગ્રામ નગરમાં સોમિલ નામના બ્રાહ્મણ હતા. તે ૠગ્વેદાદિ ચાર વેદોના જ્ઞાતા, બ્રાહ્મણ સિદ્ધાંતોમાં નિષ્ણાત હતા. તેના ૫૦૦ શિષ્યો હતા. તેઓ સુખપૂર્વક કુટુંબનું આધિપત્ય કરતા હતા. એકદા પ્રભુ મહાવીર ત્યાં પધાર્યા. અહંકારવશ તેણે સંકલ્પ કર્યો કે પ્રભુની પાસે જવું, તેમને અમુક વિરોધી પ્રશ્નો પૂછવા. તે પ્રશ્નોના પ્રભુ સાચા ઉત્તરો આપે તો જ તેમને વંદન કરવા અન્યથા તેમને નિરુત્તર કરી પરાજિત કરવા. આ રીતે પ્રભુની પરીક્ષાની ભાવનાથી તે ત્યાં ગયા અને પ્રભુને યાત્રા, યાપનીય, અવ્યાબાધ અને પ્રાસુક વિહાર સંબંધી પ્રશ્નો પૂછ્યા. પ્રભુએ યથાર્થ ઉત્તરો આપ્યા.

ત્યાર પછી દ્વિઅર્થક શબ્દોને લઈને શ્રમણોને માટે ભક્ષ્યાભક્ષ્ય વિષયક અને ત્યારપછી શું તમે એક છો ? બે છો ? અક્ષય, અવ્યય, અવસ્થિત છો ? ઈત્યાદિ કેટલાક આત્મસ્વરૂપ વિષયક તાત્ત્વિક પ્રશ્નો પૂછ્યા. પ્રભુએ તે પ્રશ્નોના ઉત્તર પણ અનેકાંત દષ્ટિથી આપ્યા.

પ્રભુના યથાર્થ ઉત્તરો સાંભળી સોમિલને બોધ પ્રાપ્ત થયો; તેણે શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો; અનેક વર્ષો સુધી વ્રતારાધના કરીને દેવલોકમાં ગયા. ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરી મોક્ષે જશે.

❖❖❖❖❖

# શતક–૧૮ : ઉદ્દેશક–૧૦

## સોમિલ

**ભાવિતાત્મા અણગારની વૈક્રિય શક્તિ :–**

**१ रायगिहे *जाव* एवं वयासी– अणगारे णं भंते ! भावियप्पा असिधारं खुरधारं वा ओगाहेज्जा ? गोयमा ! हंता ओगाहेज्जा ।**

**से णं भंते ! तत्थ छिज्जेज्ज वा भिज्जेज्ज वा ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे, णो खलु तत्थ सत्थं कमइ । एवं जहा पंचमसए परमाणुपोग्गल वत्तव्वया *जाव* अणगारे णं भंते ! भावियप्पा उदावत्तं *जाव* णो खलु तत्थ सत्थं कमइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું, હે ભગવન્ ! શું ભાવિતાત્મા અણગાર(વૈક્રિય લબ્ધિના સામર્થ્યથી) તલવારની ધાર પર કે ક્ષુરધાર પર રહી શકે છે ? **ઉત્તર–** હા, ગૌતમ! રહી શકે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! શું તે છિન્ન ભિન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી કારણ કે ત્યાં શસ્ત્ર ગતિ કરતા નથી, ઇત્યાદિ શતક–૫/૭માં કથિત પરમાણુ પુદ્‌ગલની વક્તવ્યતા કહેવી. ***યાવત્*** હે ભગવન્ ! ભાવિતાત્મા અણગાર ઉદકાવર્તમાં (પાણીના વમળમાં) પ્રવેશ કરે છે ? હા, ગૌતમ ! તે પ્રવેશ કરી શકે છે ***યાવત્*** તેને પાણી ભીંજવી શકતું નથી, કારણ કે ત્યાં શસ્ત્રની ગતિ થતી નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ભાવિતાત્મા અણગારની વૈક્રિય લબ્ધિના સામર્થ્યનું કથન શતક-૫/૭ના અતિદેશ-પૂર્વક કર્યું છે.

ભાવિતાત્મા અણગાર લબ્ધિ સામર્થ્યથી તલવારની ધાર પર રહી શકે છે, અગ્નિની વચ્ચેથી નીકળી શકે છે, જલમાં પ્રવેશ કરી શકે છે પરંતુ લબ્ધિના પ્રભાવે કોઈ પણ શસ્ત્ર તેને અસર કરતા નથી. જે રીતે પથ્થર પર પડેલી અસ્ત્રાની ધાર નિષ્ફળ બની જાય છે. તે જ રીતે ભાવિતાત્મા અણગારના લબ્ધિના બળે સર્વ શસ્ત્રો નિષ્ફળ જાય છે.

**પરમાણુ અને સ્કંધની વાયુકાય સાથે સ્પર્શના :–**

**२ परमाणुपोग्गले णं भंते ! वाउकाएणं फुडे, वाउकाए वा परमाणु-पोग्गलेणं फुडे ?**

**गोयमा ! परमाणुपोग्गले वाउकाएणं फुडे, णो वाउयाए परमाणुपोग्गलेणं फुडे ।**

**શબ્દાર્થ :– फुडे** = સ્પૃષ્ટ, વ્યાપ્ત.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરમાણુ પુદ્ગલ, વાયુકાયથી વ્યાપ્ત છે કે વાયુકાય પરમાણુ પુદ્ગલથી વ્યાપ્ત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પરમાણુ પુદ્ગલ વાયુકાયથી વ્યાપ્ત હોય છે પરંતુ વાયુકાય પરમાણુ પુદ્ગલથી વ્યાપ્ત ન હોય.

**૩ दुप्पएसिए णं भंते ! खंधे, पुच्छा ? गोयमा ! एवं चेव । एवं *जाव* असंखेज्ज-पएसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્વિપ્રદેશી સ્કંધ વાયુકાયથી વ્યાપ્ત છે કે વાયુકાય દ્વિપ્રદેશી સ્કંધથી વ્યાપ્ત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પરમાણુની સમાન જાણવું. આ રીતે ***યાવત્*** અસંખ્યાત પ્રદેશી સ્કંધ સુધી પરમાણુની સમાન જાણવું જોઈએ.

**૪ अणंतपएसिए णं भंते ! खंधे, पुच्छा । गोयमा ! अणंतपएसिए खंधे वाउयाएणं फुडे, वाउयाए अणंत-पएसिएणं खंधेणं सिय फुडे, सिय णो फुडे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનંતપ્રદેશી સ્કંધ વાયુકાયથી વ્યાપ્ત થાય છે કે વાયુકાય અનંત પ્રદેશી સ્કંધથી વ્યાપ્ત થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનંતપ્રદેશી સ્કંધ વાયુકાયથી વ્યાપ્ત હોય છે પરંતુ વાયુકાય અનંતપ્રદેશી સ્કંધથી કદાચિત્ વ્યાપ્ત હોય છે, કદાચિત્ વ્યાપ્ત નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પરમાણુ પુદ્ગલ આદિની વાયુકાય સાથે વ્યાપ્ય વ્યાપક ભાવની પ્રરૂપણા કરી છે. કોઈપણ મોટી વસ્તુમાં નાની વસ્તુ સમાય જાય છે. બે પદાર્થોમાં જે મોટા હોય તેમાં નાના વ્યાપ્ત બને છે પરંતુ નાનામાં મોટા પદાર્થ વ્યાપ્ત થઈ શકતા નથી.

**પરમાણુમાં વાયુ વ્યાપ્ત નથી :–** વાયુ મહાન છે અને પરમાણુ પુદ્ગલ પ્રદેશ રહિત છે. પરમાણુ સૂક્ષ્મ દ્રવ્ય છે અને વાયુકાયિક જીવોનું શરીર અનંતાનંત ઔદારિક વર્ગણાથી બનેલું હોવાથી અપેક્ષાએ સ્થૂલ હોય છે. તેથી પરમાણુ પુદ્ગલમાં વાયુ વ્યાપ્ત થઈ શકતો નથી, તેમાં સમાઈ શકતો નથી. આ રીતે દ્વિપ્રદેશી સ્કંધ ***યાવત્*** અસંખ્યાત પ્રદેશી સ્કંધ સુધી સમજવું જોઈએ.

**અનંત પ્રદેશી સ્કંધ :–** વાયુની અપેક્ષાએ અનંત પ્રદેશી સ્કંધ જો મહાન હોય તો વાયુ અનંત પ્રદેશી સ્કંધથી વ્યાપ્ત હોય છે અને વાયુની અપેક્ષાએ અનંત પ્રદેશી સ્કંધ જો સૂક્ષ્મ હોય તો વાયુ અનંત પ્રદેશી સ્કંધથી વ્યાપ્ત થતો નથી.

**મશકની વાયુની સ્પૃષ્ટતા :–**

**૫ वत्थी भंते ! वाउकाएणं फुडे, वाउकाए वत्थिणा फुडे ? गोयमा ! वत्थी वाउयाए**

**णं फुडे, णो वाउयाए वत्थिणा फुडे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મશક વાયુકાયથી વ્યાપ્ત છે કે વાયુકાય મશકથી વ્યાપ્ત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! મશક, વાયુકાયથી વ્યાપ્ત હોય છે, વાયુકાય મશકથી વ્યાપ્ત ન હોય.

**વિવધ ક્ષેત્રોની નીચે પુદ્‌ગલ દ્રવ્યોનું નિરૂપણ :–**

**६ अत्थि णं भंते! इमीसे रयणप्पभाए पुढवीए अहे दव्वाइं वण्णओ काल-णील-लोहिय-हालिद्द-सुक्किल्लाइं गंधओ सुब्भिगंधाइं, दुब्भिगंधाइं, रसओ तित्त-कडुय-कसाय-अंबिल-महुराइं, फासओ कक्खड-मउय-गरुय-लहुय-सीय-उसिण-णिद्ध-लुक्खाइं, अण्णमण्णबद्धाइं, अण्णमण्णपुट्ठाइं** *जाव* **अण्णमण्णघडत्ताए चिट्ठंति ? गोयमा ! हंता अत्थि। एवं** *जाव* **अहेसत्तमाए ।**

**अत्थि णं भंते ! सोहम्मस्स कप्पस्स अहे, पुच्छा ?**

**गोयमा ! एवं चेव । एवं** *जाव* **ईसिपब्भाराए पुढवीए । सेवं भंते ! सेवं भंते !** *जाव* **विहरइ । तएणं समणे भगवं महावीरे** *जाव* **बहिया जणवयविहारं विहरइ ।**

**શબ્દાર્થ :– अण्णमण्णपुट्ठाइं** = અન્યોન્ય સ્પૃષ્ટ, ચારે તરફથી ગાઢ રૂપે શ્લિષ્ટ **अण्णमण्णघडत्ताए** = પરસ્પર સામૂહિક રૂપે ઘટિત, જોડાયેલા **अण्णमण्णबद्धाइं** = પરસ્પર ગાઢ આશ્લેષથી બદ્ધ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીની નીચે વર્ણથી કાળા, નીલા, પીળા, લાલ અને શ્વેત; ગંધથી સુગંધિત અને દુર્ગન્ધિત; રસથી તિકત, કટુક, કસાયેલા, ખાટા, મીઠા તથા સ્પર્શથી કર્કશ, મૃદુ, હળવો, ભારે, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ–આ વીસ બોલોથી યુક્ત દ્રવ્યો શું અન્યોન્ય(પરસ્પર) બદ્ધ, અન્યોન્ય સ્પૃષ્ટ ***યાવત્*** અન્યોન્ય સંબદ્ધ છે ?

**ઉત્તર–** હા, ગૌતમ !(આ દ્રવ્યો આ પ્રકારે સંબદ્ધ) છે. આ જ રીતે અધઃસપ્તમ પૃથ્વી સુધી સર્વ વર્ણન જાણવું જોઈએ.

**પ્રશ્ન–** આ રીતે સૌધર્મકલ્પની નીચે વર્ણાદિ વીસ બોલથી યુક્ત દ્રવ્ય શું અન્યોન્ય બદ્ધ, સ્પૃષ્ટ કે સંબદ્ધ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું. આ જ રીતે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધી જાણવું જોઈએ. ''હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે,'' એમ કહી ગૌતમ સ્વામી વિચરવા લાગ્યા. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ***યાવત્*** અન્ય ક્ષેત્રોમાં વિહાર કરી વિચરવા લાગ્યા.

**શાસ્ત્રાર્થ માટે સોમિલનું પ્રભુ પાસે ગમન :–**

**७ तेणं कालेणं तेणं समएणं वाणियगामे णामं णयरे होत्था, वण्णओ । दूइपलासए चेइए, वण्णओ । तत्थ णं वाणियगामे णयरे सोमिले णामं माहणे परिवसइ, अड्ढे** *जाव* **अपरिभूए । रिउव्वेद** *जाव* **सुपरिणिट्ठिए, पंचण्हं खंडियसयाणं, सयस्स कुडुंबस्स आहेवच्चं** *जाव* **विहरइ । तए णं समणे भगवं महावीरे** *जाव* **समोसढे** *जाव* **परिसा पज्जुवासइ । तए**

**णं तस्स सोमिलस्स माहणस्स इमीसे कहाए लद्धट्ठस्स समाणस्स अयमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– एवं खलु समणे णायपुत्ते पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे सुहंसुहेणं** *जाव* **इहमागए** *जाव* **दूइपलासए चेइए अहापडिरूवं** *जाव* **विहरइ । तं गच्छामि णं समणस्स णायपुत्तस्स अंतियं पाउब्भवामि, इमाइं च णं एयारूवाइं अट्ठाइं** *जाव* **वागरणाइं पुच्छिस्सामि, तं जइ मे से इमाइं एयारूवाइं अट्ठाइं** *जाव* **वागरणाइं वागरेहिइ तओ णं वंदीहामि णमंसीहामि** *जाव* **पज्जुवासीहामि । अह मे से इमाइं अट्ठाइं** *जाव* **वागरणाइं णो वागरेहिइ तो णं एएहिं चेव अट्ठेहि य** *जाव* **वागरणेहि य णिप्पट्ठपसिणवागरणं करेस्सामि त्ति कट्टु एवं संपेहेइ, संपेहेत्ता ण्हाए** *जाव* **विभूसिय सरीरे, साओ गिहाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता पायविहारचारेणं एगेणं खंडियसएणं सद्धिं संपरिवुडे वाणियगामं णयरं मज्झमज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव दुइपलासए चेइए जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणस्स भगवओ महावीरस्स अदूरसामंते ठिच्चा समणं भगवं महावीरं एवं वयासी–**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે વાણિજ્ય ગ્રામ નામનું નગર હતું અને દ્યુતિપલાસ નામનું ઉદ્યાન હતું. નગર અને ઉદ્યાનનું વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર જાણવું. તે વાણિજ્ય ગ્રામ નગરમાં સોમિલ નામના બ્રાહ્મણ રહેતા હતા. તે ઋદ્ધિસંપન્ન ***યાવત્*** અપરાભૂત હતા અને ઋગ્વેદ, આદિ વેદોના જ્ઞાતા, તેમજ વૈદિક શાસ્ત્રોમાં (બ્રાહ્મણ મતમાં)કુશળ હતા. તેને પાંચસો શિષ્ય હતા. તે પોતાના કુટુંબ પર આધિપત્ય કરતા રહેતા હતા.

એકદા શ્રમણ ભગવાન મહાવીર સ્વામી વાણિજ્યગ્રામના દ્યુતિપલાશ ઉદ્યાનમાં પધાર્યા. પરિષદ પર્યુપાસના કરવા લાગી. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું આગમન જાણીને, સોમિલ બ્રાહ્મણને વિચાર ઉત્પન્ન થયો કે– શ્રમણ જ્ઞાતપુત્ર અનુક્રમથી વિચરતા, ગ્રામાનુગ્રામ સુખપૂર્વક વિહાર કરતાં અહીં પધાર્યા છે અને દ્યુતિપલાસ ઉદ્યાનમાં યથાયોગ્ય અવગ્રહ ગ્રહણ કરીને વિચરે છે. હું શ્રમણ જ્ઞાતપુત્રની પાસે જાઉં અને અર્થ, હેતુ, કારણ, પ્રશ્ન અને પ્રશ્નોના ઉત્તર પૂછું. જો તે મારા અર્થ ***યાવત્*** પ્રશ્નોના ઉત્તર આપશે તો હું તેને વંદન-નમસ્કાર કરીશ, તેમની પર્યુપાસના કરીશ. જો તે મારા અર્થ અને પ્રશ્નોના ઉત્તર આપી શકશે નહીં, તો હું તે અર્થ અને ઉત્તરોથી તેમને નિરુત્તર કરીશ. આ પ્રમાણે વિચાર કરીને, સ્નાનાદિ કરીને, શરીરને અલંકૃત કરીને પોતાના એક સો શિષ્યોની સાથે પગપાળા ચાલતાં, વાણિજ્યગ્રામ નગરની મધ્યમાં થઈને, દ્યુતિપલાશ ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની નિકટ આવ્યા અને ઊભા રહીને આ પ્રમાણે પૂછવા લાગ્યા–

**સોમિલના યાત્રાદિ વિષયક પ્રશ્નો :–**

**૮ जत्ता ते भंते ! जवणिज्जं ते भंते ! अव्वाबाहं ते भंते ! फासुयविहारं ते भंते ! ? सोमिला ! जत्ता वि मे, जवणिज्जं पि मे, अव्वाबाहं पि मे, फासुयविहारं पि मे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આપને યાત્રા છે કે નહીં ? યાપનીય છે કે નહીં ? આપનામાં અવ્યાબાધ છે કે નહીં ? આપને પ્રાસુક વિહાર છે કે નહીં ?

**ઉત્તર–** હા, સોમિલ ! મારી યાત્રા પણ છે, યાપનીય પણ છે, અવ્યાબાધ પણ છે અને પ્રાસુક

વિહાર પણ છે.

**९ किं ते भंते ! जत्ता ? सोमिला ! जं मे तव-णियम-संजम-सज्झाय-झाणावस्सयमाइएसु जोगेसु जयणा, से तं जत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આપની યાત્રા કેવી છે ? **ઉત્તર–** હે સોમિલ ! તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય, ધ્યાન અને આવશ્યક આદિ યોગોમાં જે યતના યુક્ત પ્રવૃત્તિ છે, તે મારી યાત્રા છે.

**१० किं ते भंते ! जवणिज्जं ? सोमिला ! जवणिज्जे दुविहे पण्णत्ते, तं जहा– इंदिय-जवणिज्जे य णोइंदिय-जवणिज्जे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આપનું યાપનીય શું છે ? **ઉત્તર–** હે સોમિલ ! યાપનીયના બે પ્રકાર છે. યથા– ઈન્દ્રિય યાપનીય અને નોઈન્દ્રિય- યાપનીય.

**११ से किं तं इंदियजवणिज्जे ? इंदिय-जवणिज्जे– जं मे सोइंदिय-चक्खिदिय-घाणिंदिय-जिब्भिदिय-फासिंदियाइं णिरुवहयाइं वसे वट्टंति । से तं इंदिय-जवणिज्जे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઈન્દ્રિય યાપનીય કોને કહેવાય છે ? **ઉત્તર–** હે સોમિલ ! શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય; આ પાંચે ઈન્દ્રિયો નિરુપહત(ઉપઘાત-રહિત) મારે આધીન વર્તે છે. તે મારા માટે ઈન્દ્રિય યાપનીય છે.

**१२ से किं तं णोइंदियजवणिज्जे ? णोइंदियजवणिज्जे– जं मे कोह-माण-माया-लोभा वोच्छिण्णा, णो उदीरेंति, से तं णोइंदिय-जवणिज्जे । से तं जवणिज्जे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નોઈન્દ્રિય યાપનીય કોને કહેવાય છે ? **ઉત્તર–** હે સોમિલ ! મારા ક્રોધ, માન, માયા અને લોભ, આ ચારે કષાય નષ્ટ થઈ ગયા છે, તે ઉદયમાં આવતા નથી. તે જ મારા માટે નોઈન્દ્રિય યાપનીય છે. આ રીતે મારા માટે આ યાપનીય છે.

**१३ किं ते भंते ! अव्वाबाहं ? सोमिला ! जं मे वाइय-पित्तिय-सिंभिय-सण्णिवाइया विविहा रोगायंका सरीरगया दोसा उवसंता, णो उदीरेंति । से तं अव्वाबाहं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આપના માટે અવ્યાબાધ શું છે ? **ઉત્તર–** હે સોમિલ ! મારા વાત, પિત, કફ અને સન્નિપાતજન્ય અનેક પ્રકારના શરીર સંબંધી દોષ અને રોગાંતક ઉપશાંત-નષ્ટ થઈ ગયા છે. ઉદયમાં આવતા નથી. તે મારા માટે અવ્યાબાધ છે.

**१४ किं ते भंते ! फासुयविहारं ?**

**सोमिला ! जण्णं आरामेसु उज्जाणेसु देवकुलेसु सभासु पवासु इत्थी-पसु-पंडग-विवज्जियासु वसहीसु फासुएसणिज्जं पीढ-फलग-सेज्जा-संथारगं उवसंपज्जित्ता णं विहरामि, से तं फासुयविहारं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આપનો પ્રાસુક વિહાર કયો છે ?

**ઉત્તર–** હે સોમિલ ! આરામ(બગીચો), ઉદ્યાન, દેવકુલ, સભા, પરબ આદિ જે સ્થાન સ્ત્રી, પશુ,

પંડગ-નપુંસક રહિત હોય, તે સ્થાનમાં પ્રાસુક એષણીય પીઠ, ફલક, શય્યા, સંસ્તારક આદિ પ્રાપ્ત કરીને હું વિચરું છું. તે મારો પ્રાસુક વિહાર છે.

**વિવેચન :–**

**યાત્રા :–** તપ, નિયમ, સ્વાધ્યાય, ધ્યાનાદિ સંયમ યોગમાં પ્રવૃત્તિ યાત્રા કહેવાય છે.

**યાપનીય :–** સંયમરૂપ યાત્રામાં ભાથાની જેમ જે ઉપયોગી થાય તેને યાપનીય કહે છે. મોક્ષ સાધનામાં સંલગ્ન પુરુષોની ઇન્દ્રિય અને મનની સ્વાધીનતાને યાપનીય કહેવાય છે તથા કષાયોને વશ કરવા કે ક્ષય કરવા તે પણ યાપનીય છે. ઇન્દ્રિયાદિની સ્વાધીનતા જ સંયમયાત્રાનું ભાથું છે.

**અવ્યાબાધ :–** શારીરિક બાધા-પીડાનો અભાવ થવો તે અવ્યાબાધ છે.

**પ્રાસુક-વિહાર :–** નિર્દોષ અને નિર્જીવ શયનાસન સ્થાનાદિનું ગ્રહણ કરવું તેને પ્રાસુક વિહાર કહેવાય છે.

**સરસવની ભક્ષ્યાભક્ષ્યતા :–**

**૧૫ सरसिवा ते भंते ! किं भक्खेया, अभक्खेया ? सोमिला ! सरिसवा मे भक्खेया वि अभक्खेया वि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– सरिसवा ते भक्खेया वि अभक्खेया वि ?**

**से णूणं ते सोमिला ! बंभण्णएसु णएसु दुविहा सरिसवा पण्णत्ता, तं जहा– मित्तसरिसवा य धण्णसरिसवा य । तत्थ णं जे ते मित्तसरिसवा ते तिविहा पण्णत्ता, तं जहा– सहजायया, सहवड्ढियया, सहपंसुकीलियया; ते णं समणाणं णिग्गंथाणं अभक्खेया। तत्थ णं जे ते धण्णसरिसवा ते दुविहा पण्णत्ता, तं जहा– सत्थपरिणया य असत्थपरिणया य; तत्थ णं जे ते असत्थपरिणया ते णं समणाणं णिग्गंथाणं अभक्खेया । तत्थ णं जे ते सत्थपरिणया ते दुविहा पण्णत्ता, तं जहा– एसणिज्जा य अणेसणिज्जा य । तत्थ णं जे ते अणेसणिज्जा ते समणाणं णिग्गंथाणं अभक्खेया । तत्थ णं जे ते एसणिज्जा ते दुविहा पण्णत्ता, तं जहा– जाइया य अजाइया य । तत्थ णं ते अजाइया ते णं समणाणं णिग्गंथाणं अभक्खेया । तत्थ णं जे ते जाइया ते दुविहा पण्णत्ता, तं जहा– लद्धा य अलद्धा य । तत्थ णं जे ते अलद्धा ते णं समणाणं णिग्गंथाणं अभक्खेया । तत्थ णं जे ते लद्धा ते णं समणाणं णिग्गंथाणं भक्खेया, से तेणट्ठेणं सोमिला ! एवं वुच्चइ *जाव* अभक्खेया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આપને માટે સરસવ ભક્ષ્ય છે કે અભક્ષ્ય ? **ઉત્તર–** હે સોમિલ ! સરસવ અમારા મતમાં ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે સરસવ તમારે માટે ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે ?

**ઉત્તર–** હે સોમિલ ! તમારા બ્રાહ્મણ મતના શાસ્ત્રોમાં બે પ્રકારના સરસવ કહ્યા છે. યથા– મિત્ર સરસવ(સમાન વયવાળા મિત્ર) અને ધાન્ય સરસવ. તેમાં જે મિત્ર સરસવ છે, તેના ત્રણ પ્રકાર છે, યથા– એક સાથે જન્મેલા, એક સાથે મોટા થયેલા અને એક સાથે ધૂળમાં રમેલા. આ ત્રણે પ્રકારના સરસવ શ્રમણ

નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે.

તેમાં જે ધાન્ય સરસવ છે, તેના બે પ્રકાર છે, યથા– શસ્ત્ર પરિણત– અગ્નિ આદિ શસ્ત્રથી નિર્જીવ બનેલા અને અશસ્ત્ર પરિણત– અગ્નિ આદિ શસ્ત્રથી નિર્જીવ નહીં બનેલા, તેમાંથી જે અશસ્ત્ર પરિણત સરસવ છે, તે શ્રમણ નિર્ગ્રંથોને માટે અભક્ષ્ય છે અને જે શસ્ત્ર પરિણત સરસવ છે, તેના બે પ્રકાર છે. યથા– એષણીય(નિર્દોષ) અને અનેષણીય(સદોષ). તેમાં અનેષણીય તો શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે. એષણીય સરસવના બે પ્રકાર છે, યથા– યાચના કરીને લાવેલા અને યાચના કરીને નહીં લાવેલા. અયાચિત તો શ્રમણ નિર્ગ્રંથોને માટે અભક્ષ્ય છે. યાચિતના બે પ્રકાર છે. યથા– પ્રાપ્ત થયેલા અને પ્રાપ્ત નહીં થયેલા. જે અલબ્ધ છે તે શ્રમણ નિર્ગ્રંથોને માટે અભક્ષ્ય છે અને જે લબ્ધ છે, તે શ્રમણ નિર્ગ્રંથોને માટે ભક્ષ્ય છે. તેથી હે સોમિલ! એમ કહ્યું છે કે સરસવ ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.

**અડદની ભક્ષ્યાભક્ષ્યતા :–**

**૧૬ मासा ते भंते ! किं भक्खेया, अभक्खेया ? सोमिला ! मासा मे भक्खेया वि अभक्खेया वि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ *जाव* अभक्खेया वि ?**

**से णूणं ते सोमिला ! बंभण्णएसु णएसु दुविहा मासा पण्णत्ता, तं जहा– दव्वमासा य कालमासा य । तत्थ णं जे ते कालमासा ते णं सावणाईया आसाढपज्जवसाणा दुवालस पण्णत्ता, तं जहा– सावणे, भद्दवए, आसोए, कत्तिए, मग्गसिरे, पोसे, माहे, फग्गुणे, चित्ते, वइसाहे, जेट्ठामूले, आसाढे; ते णं समणाणं णिग्गंथाणं अभक्खेया । तत्थ णं जे ते दव्वमासा ते दुविहा पण्णत्ता, तं जहा– अत्थमासा य धण्णमासा य । तत्थ णं जे ते अत्थमासा ते दुविहा पण्णत्ता, तं जहा– सुवण्णमासा य रुप्पमासा य, ते णं समणाणं णिग्गंथाणं अभक्खेया । तत्थ णं जे ते धण्णमासा ते दुविहा पण्णत्ता, तं जहा– सत्थपरिणया य असत्थपरिणया य, एवं जहा धण्णसरिसवा *जाव* से तेणट्ठेणं सोमिला ! *जाव* अभक्खेया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! માસા આપના મતમાં(આપના માટે) ભક્ષ્ય છે કે અભક્ષ્ય ?

**ઉત્તર–** હે સોમિલ ! અમારા મતમાં માસા ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે માસા ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે ?

**ઉત્તર–** હે સોમિલ ! તમારા બ્રાહ્મણમતના શાસ્ત્રોમાં માસાના બે પ્રકાર કહ્યા છે– દ્રવ્યમાસા અને કાલમાસ. તેમાં જે કાલમાસ છે, તે શ્રાવણથી લઈને અષાઢ માસ પર્યંત બાર માસ છે. યથા– શ્રાવણ, ભાદરવો, આસો, કારતક, માગસર, પોષ, મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ અને અષાઢ. તે શ્રમણ નિર્ગ્રંથોને માટે અભક્ષ્ય છે. તેમાં જે દ્રવ્યમાસા છે તેના બે પ્રકાર છે. યથા ધાન્યમાસા અને અર્થમાસા. અર્થમાસા(સોના ચાંદી તોળવાના માસા)ના બે પ્રકાર છે યથા– સ્વર્ણમાસા અને રૌપ્યમાસા. તે શ્રમણ નિર્ગ્રંથોને માટે અભક્ષ્ય છે. ધાન્ય માસા(અડદ)ના બે પ્રકાર છે. યથા– શસ્ત્ર પરિણત અને અશસ્ત્ર પરિણત. ઈત્યાદિ માસાનું

કથન **ધાન્ય સરસવ** પ્રમાણે કહેવું જોઈએ, ***યાવત્*** તેથી હે સોમિલ ! 'માસા' ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.

**વિવેચન :–**

'માસા' તે પ્રાકૃતનો શ્લિષ્ટ શબ્દ છે. તેની સંસ્કૃત છાયા બે પ્રકારે થાય છે, યથા– 'માષ' અને 'માસ'. માષનો અર્થ અડદ નામનું ધાન્ય વિશેષ છે અને 'માસ'નો અર્થ મહિનો– શ્રાવણ ભાદરવો આદિ થાય છે, તે માસ ભક્ષ્ય નથી. તે જ રીતે અર્થમાસ પણ ભક્ષ્ય નથી. તેમાં જે માષ-ધાન્ય વિશેષ છે તે શસ્ત્ર પરિણત, એષણીય, યાચિત અને લબ્ધ હોય તો તે શ્રમણ-નિર્ગ્રંથોને માટે ભક્ષ્ય છે; તે સિવાયના સર્વે ય અભક્ષ્ય છે.

**કુલત્થાની ભક્ષ્યાભક્ષ્યતા :–**

**१७ कुलत्था ते भंते ! किं भक्खेया, अभक्खेया ? सोमिला ! कुलत्था मे भक्खेया वि अभक्खेया वि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ *जाव* अभक्खेया वि ?**

**से णूणं सोमिला ! ते बंभण्णएसु णएसु दुविहा कुलत्था पण्णत्ता, तं जहा– इत्थिकुलत्था य धण्णकुलत्था य । तत्थ णं जे ते इत्थिकुलत्था ते तिविहा पण्णत्ता, तं जहा– कुलकण्णया इ वा, कुलबहुया इ वा, कुलमाउया इ वा, ते णं समणाणं णिग्गंथाणं अभक्खेया । तत्थ णं जे ते धण्णकुलत्था, एवं जहा धण्णसरिसवा । से तेणट्ठेणं सोमिला ! *जाव* अभक्खेया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આપના માટે કુલત્થા ભક્ષ્ય છે કે અભક્ષ્ય ? **ઉત્તર–** હે સોમિલ ! અમારા મતમાં કુલત્થા ભક્ષ્ય પણ છે, અભક્ષ્ય પણ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે આપના મતમાં કુલત્થા ભક્ષ્ય પણ છે. અભક્ષ્ય પણ છે ?

**ઉત્તર–** હે સોમિલ ! તમારા બ્રાહ્મણ મતના શાસ્ત્રોમાં 'કુલત્થા'ના બે પ્રકાર છે. યથા– સ્ત્રીકુલત્થા અને ધાન્યકુલત્થા(કળથી) તેમાં જે સ્ત્રીકુલત્થા છે, તેના ત્રણ પ્રકાર છે, યથા– કુલકન્યા, કુલવધૂ અને કુલમાતા; તે શ્રમણ નિર્ગ્રંથોને માટે અભક્ષ્ય છે. તેમાંથી જે ધાન્યકુલત્થા છે તેના વિષયમાં સરસવની સમાન સમજવું જોઈએ. તેથી હે સોમિલ ! કુલત્થા ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.

**વિવેચન :–**

**'कुलत्था'** શબ્દનો વ્યુત્પત્તિ અર્થ આ પ્રમાણે થાય છે– **कुले तिष्ठंति यस्ता कुलत्था** । આ વ્યુત્પત્તિ અનુસાર કુલસ્થા એટલે કુલાંગના, કુલીન સ્ત્રી અર્થ થાય છે અને તેનો રૂઢ અર્થ છે– કળથી નામનું ધાન્ય વિશેષ. તેની ભક્ષ્યાભક્ષ્યતા સરસવની જેમ સમજવી જોઈએ.

સરસવ, માસ અને કુલત્થાના આ ત્રણે પ્રશ્નો જ્ઞાતાધર્મકથા સૂત્ર અધ્યયન-પમાં શુક સંન્યાસી દ્વારા થાવચ્ચા પુત્ર અણગારને પૂછવામાં આવ્યા છે. આ બન્ને આગમ પાઠમાં ક્રમ ભેદ છે. જ્ઞાતાસૂત્રમાં

'કુલત્થા'નો પ્રશ્ન પહેલાં છે પછી 'માસા'નો પ્રશ્ન છે. તે સિવાય કોઈક શબ્દ કે વાક્યમાં તફાવત પણ જોવા મળે છે.

**આત્મ તત્ત્વ સંબંધી તાત્ત્વિક પુચ્છા :–**

**१८ से णूणं भंते ! एगे भवं, दुवे भवं, अक्खए भवं, अव्वए भवं, अवट्ठिए भवं, अणेगभूयभावभविए भवं ? सोमिला ! एगे वि अहं *जाव* अणेगभूयभाव-भविए वि अहं।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– *जाव* अणेगभूयभाव-भविए वि अहं ?**

**सोमिला ! दव्वट्ठयाए एगे वि अहं, णाणदंसणट्ठयाए दुवे वि अहं, पएसट्ठयाए अक्खए वि अहं, अव्वए वि अहं, अवट्ठिए वि अहं, उवयोगट्ठयाए अणेगभूयभावभविए वि अहं । से तेणट्ठेणं सोमिला ! *जाव* अणेगभूयभाव-भविए वि अहं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું આપ એક છો, બે છો, અક્ષય છો, અવ્યય છો, અવસ્થિત છો, કે ભૂતકાલ અને ભવિષ્યકાલના અનેક પરિણામોને યોગ્ય છો ?

**ઉત્તર–** હે સોમિલ ! હું એક પણ છું ***યાવત્*** ભૂતકાલ અને ભવિષ્યકાલના અનેક પરિણામોને યોગ્ય પણ છું.

**પ્રશ્ન–** હે, ભગવન્ ! તેમ શા માટે કહો છો કે હું એક છું ***યાવત્*** ભૂતકાલ અને ભવિષ્યકાલના અનેક પરિણામોને યોગ્ય પણ છું ?

**ઉત્તર–** હે સોમિલ ! દ્રવ્ય રૂપથી હું એક પણ છું. જ્ઞાન અને દર્શનના ભેદથી હું બે પણ છું. આત્મપ્રદેશથી હું અક્ષય છું, અવ્યય છું અને અવસ્થિત પણ છું. ઉપયોગની અપેક્ષાએ હું અનેક ભૂત, વર્તમાન અને ભાવિ પરિણામોને યોગ્ય છું. તેથી હે સોમિલ ! પૂર્વોક્ત પ્રકારે કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સોમિલ બ્રાહ્મણે પરીક્ષાર્થે પ્રભુને રહસ્યમય અનેક તાત્ત્વિક પ્રશ્નો પૂછ્યા છે. તેના મનમાં પ્રભુને પરાજિત કરવાની તમન્ના હતી. તેથી તેણે પરસ્પર વિરોધી પ્રશ્નો પૂછ્યા.

જે વસ્તુ એક સ્વરૂપ હોય તે બે સ્વરૂપ હોય શકે નહીં, જે અક્ષય અને અવ્યય હોય તેમાં પરિણામોનું પરિવર્તન કઈ રીતે થાય ? પ્રભુ વિરોધી પ્રશ્નોના ઉત્તરો કઈ રીતે આપશે ? તે જાણવા માટે તે આતુર હતો. સર્વજ્ઞ પ્રભુએ તેના પ્રત્યેક પ્રશ્નના ઉત્તર અનેકાંત દૃષ્ટિથી આપ્યા. પ્રત્યેક વસ્તુ અનંત ધર્માત્મક છે અને અપેક્ષાભેદથી તેમાં પરસ્પર વિરોધી ધર્મો એક સમયે રહી શકે છે. જેમ કે એક પુરુષ સ્વયંના પુત્રની અપેક્ષાએ પિતા છે અને પિતાની અપેક્ષાએ પુત્ર છે. તે વ્યક્તિમાં એક જ સમયે પિતૃત્વ અને પુત્રત્વ બંને ધર્મો રહી શકે છે. તે જ રીતે પ્રત્યેક પદાર્થમાં અનેક વિરોધી ધર્મો એક સાથે રહી શકે છે.

**एगे वि अहं :–** હું એક પણ છું. પ્રત્યેક જીવ દ્રવ્યની અપેક્ષાએ એક છે. જીવો અનંત હોવા છતાં પ્રત્યેક જીવ દ્રવ્ય સ્વતંત્ર છે અને એક અખંડ સ્વરૂપે છે.

**दुवे वि अहं :–** હું બે પણ છું. જ્ઞાન અને દર્શન જીવના મુખ્ય ગુણ છે. ગુણ અને ગુણીમાં કથંચિત્ અભેદ હોવાથી જીવ બે પ્રકારે છે– જ્ઞાન સ્વરૂપ અને દર્શન સ્વરૂપ.

**अक्खए वि अहं :–** હું અક્ષય પણ છું. જીવ દ્રવ્ય અસંખ્ય પ્રદેશાત્મક છે. તેના પ્રદેશોનો ક્યારે ય ક્ષય થતો નથી, તેથી તે અક્ષય છે.

**अव्वए वि अहं :–** હું અવ્યય પણ છું. અસંખ્ય પ્રદેશોમાંથી કોઈ પ્રદેશોનો ક્યારે ય પણ વ્યય–નાશ થતો નથી. તેથી તે અવ્યય છે.

**अव्वट्ठिए वि अहं :–** હું અવસ્થિત પણ છું. જીવ ગમે ત્યાં જાય પરંતુ તેના અસંખ્યાત પ્રદેશોની સંખ્યા અવસ્થિત રહે છે. તેમાં કોઈ ફેરફાર થતો નથી.

આ રીતે પ્રદેશની અપેક્ષાએ જીવ અક્ષય પણ છે, અવ્યય પણ છે અને અવસ્થિત પણ છે.

**अणेगभूयभावभविए वि अहं :–** હું ભૂત અને ભવિષ્યના અનેક પરિણામોને યોગ્ય પણ છું. દ્રવ્યની અપેક્ષાએ જીવ એક હોવા છતાં પર્યાયની અપેક્ષાએ અનેક સ્વરૂપે છું. અનેક પદાર્થો સંબંધી વિભિન્ન ઉપયોગ ભૂતકાળમાં હતા, વર્તમાનમાં પણ અન્યાન્ય ઉપયોગ જીવ દ્રવ્યમાં વર્તે છે અને ભવિષ્યમાં પણ વિવિધ ઉપયોગ જીવ દ્રવ્યમાં થશે. આ ત્રણે કાલના વિવિધ ઉપયોગ જીવથી કથંચિત્ અભિન્ન છે. ત્રૈકાલિક ઉપયોગોની અનેકતાને કારણે જીવ અનેક પરિણામોને યોગ્ય છે.

**પ્રબુદ્ધ સોમિલ દ્વારા વ્રત ગ્રહણ :–**

**१९ एत्थं णं से सोमिले माहणे संबुद्धे, समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– जहा खंदओ** *जाव* **से जहेयं तुब्भे वदह । जहा णं देवाणुप्पियाणं अंतिए बहवे राईसर एवं जहा रायप्पसेणइज्जे चित्तो** *जाव* **दुवालसविहं सावगधम्मं पडिवज्जइ, पडिवज्जित्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ** *जाव* **पडिगए ।**

**तए णं से सोमिले माहणे समणोवासए जाए, अभिगयजीवाजीवे** *जाव* **अप्पाणं भावेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** ભગવાનની વાણી સાંભળીને સોમિલ બ્રાહ્મણ પ્રતિબોધને પ્રાપ્ત થયા. તેણે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કર્યા અને કહ્યું– અહીં તેનું સંપૂર્ણ વર્ણન શતક-૨/૧માં કથિત સ્કન્ધકની સમાન જાણવું જોઈએ. ***યાવત્*** હે ભગવન્ ! જેમ આપ કહો છો, તે તેમ જ છે. હે દેવાનુપ્રિય ! જે રીતે આપની સમીપે અનેક રાજા-મહારાજા આદિ હિરણ્ય-સુવર્ણ આદિનો ત્યાગ કરીને મુંડિત થઈને અણગાર પ્રવ્રજ્યાનો સ્વીકાર કરે છે, તે રીતે કરવામાં હું સમર્થ નથી. ઇત્યાદિ સર્વ વર્ણન રાજપ્રશ્રીય સૂત્રસ્થ ચિત્ત સારથીની સમાન જાણવું ***યાવત્*** તેમણે બાર પ્રકારનો શ્રાવક ધર્મ અંગીકાર કર્યો, શ્રાવક ધર્મ અંગીકાર કરીને શ્રમણ ભગવાન મહાવીરને વંદના-નમસ્કાર કરીને સોમિલ શ્રમણોપાસક પોતાના ઘેર ગયા. આ રીતે તે સોમિલ બ્રાહ્મણ, જીવાજીવાદિ તત્ત્વોના જ્ઞાતા શ્રમણોપાસક થયા ***યાવત્*** ગ્રહણ કરેલા વ્રત અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

**સોમિલનું ભવિષ્ય :–**

**२० पभू णं भंते ! सोमिले माहणे देवाणुप्पियाणं अंतिए मुंडे भवित्ता अगाराओ अणगरियं पव्वइत्तए ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं जहेव संखे तहेव णिरवसेसं *जाव* सव्व दुक्खाणं अंतं काहिइ ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! આ પ્રમાણે સંબોધન કરીને ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું– શું સોમિલ બ્રાહ્મણ, આપ દેવાનુપ્રિયની પાસે મુંડિત થઈને અણગાર પ્રવ્રજ્યા સ્વીકાર કરશે ?

હે ગૌતમ ! તેમ શક્ય નથી. આ રીતે શંખશ્રાવક માટે ગૌતમ સ્વામીના પ્રશ્ન અને પ્રભુના ઉત્તર જે પ્રમાણે શતક-૧૨, ઉદ્દે-૧માં છે તેમ સર્વ વર્ણન જાણવું ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

સોમિલ શ્રમણોપાસક શંખ શ્રાવકની જેમ વર્ષો સુધી શ્રમણોપાસક પર્યાયનું પાલન કરી આરાધક થઈને પ્રથમ દેવલોકમાં ચાર પલ્યોપમની સ્થિતિમાં દેવરૂપે ઉત્પન્ન થશે અને ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને, ત્યાં તપ-સંયમની ઉત્કૃષ્ટ આરાધના કરીને સંપૂર્ણ કર્મક્ષય કરશે.

આ રીતે પ્રભુને પરાજિત કરવા માટે આવેલા જીવો પણ પ્રભુના વીતરાગભાવ યુક્ત વ્યવહારથી અને અનેકાંતવાદની વિશાળતાથી આકર્ષાઈને આત્મકલ્યાણ કરી ગયા છે. આ જ જિનશાસનની મહત્તા છે.

**॥ શતક ૧૮/૧૦ સંપૂર્ણ ॥**

**॥ શતક ૧૮ સંપૂર્ણ ॥**

# શતક–૧૯

## પરિચય

આ શતકના દશ ઉદ્દેશક છે તેમાં અનેક વિષયોનું નિરૂપણ આ પ્રમાણે છે–

**પ્રથમ ઉદ્દેશકમાં** પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક લેશ્યાનું સ્વરૂપ, લેશ્યાના કારણો, લેશ્યાનો પ્રભાવ, સામર્થ્ય તથા સંબધ્યમાન લેશ્યા અને અવસ્થિત લેશ્યા, ઇત્યાદિ વિષયોનું વર્ણન છે.

**બીજા ઉદ્દેશકમાં** પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક એક લેશ્યાવાળા જીવ અન્ય લેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરી શકે છે, તે વિષયનું પ્રતિપાદન છે.

**ત્રીજા ઉદ્દેશકમાં** સ્યાત્, લેશ્યા, દષ્ટિ આદિ બાર દ્વારોના માધ્યમથી પૃથ્વી આદિ પાંચ સ્થાવર જીવોની વિચારણા કરી છે. તેમજ પાંચ સ્થાવર જીવોની અવગાહનાનું અલ્પબહુત્વ અને તેની વેદના દર્શાવતાં પૃથ્વીની અવગાહનાની સૂક્ષ્મતાને દષ્ટાંતપૂર્વક પ્રદર્શિત કરી છે.

**ચોથા ઉદ્દેશકમાં** નૈરયિક, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવોમાં મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના અને મહાનિર્જરા, તે ચારના પરસ્પરના સંયોગથી થતાં ૧૬ ભંગમાંથી પ્રાપ્ત થનારા ભંગોનું નિરૂપણ છે.

**પાંચમા ઉદ્દેશકમાં** નૈરયિકાદિ ચોવીસ દંડકોમાં ચરમત્વ અને પરમત્વની પ્રરૂપણા કરીને તેમાં અલ્પકર્મ-મહાકર્માદિનું નિરૂપણ છે અને નિદા-અનિદા બે પ્રકારની વેદનાનું સ્વરૂપ પ્રદર્શિત કરીને ચોવીસ દંડકોમાં તેની પ્રરૂપણા કરી છે.

**છટ્ઠા ઉદ્દેશકમાં** દ્વીપ સમુદ્રોના સંસ્થાન, લંબાઈ, પહોળાઈ, તેમાં જીવોની ઉત્પત્તિ આદિના સંબંધમાં જીવાભિગમ સૂત્રના અતિદેશપૂર્વક વર્ણન છે.

**સાતમા ઉદ્દેશકમાં** ચારે પ્રકારના દેવોમાં દશ ભવનપતિદેવોના ભવનાવાસ, વ્યંતરદેવોના ભૂમિગત નગરાવાસ, જ્યોતિષી અને વૈમાનિકદેવોના વિમાનાવાસની સંખ્યા, સ્વરૂપ આદિનું સંક્ષિપ્ત વર્ણન છે.

**આઠમા ઉદ્દેશકમાં** ૨૪ દંડકના જીવોમાં જીવ, કર્મ, શરીર, ઇન્દ્રિય આદિ ૧૯ બોલની નિર્વૃત્તિ(નિષ્પત્તિ)ની પ્રરૂપણા છે.

**નવમા ઉદ્દેશકમાં** કરણના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ અને ભાવના ભેદથી પાંચ પ્રકારનું કથન છે. ત્યાર પછી શરીર, ઇન્દ્રિય, ભાષા, મન, કષાય, સમુદ્ઘાત, સંજ્ઞા, લેશ્યા, દષ્ટિ, વેદ આદિ કરણોના ભેદોની તથા કયા જીવમાં કયા કરણ, કેટલી સંખ્યામાં પ્રાપ્ત થાય તેનું નિરૂપણ છે.

**દશમા ઉદ્દેશકમાં** વ્યંતર દેવોના આહાર, શરીર અને શ્વાસોચ્છ્વાસની સમાનતાનું અતિદેશાત્મક (ભલામણયુક્ત)સંક્ષિપ્ત કથન છે.

❖❖❖❖❖

# શતક–૧૯ : ઉદ્દેશક–૧

## લેશ્યા

**ઉદ્દેશકોનાં નામ :–**

**૧** **लेस्सा य गब्भ पुढवी, महासवा चरम दीव भवणा य ।**
**णिव्वत्ति करण वणचर, सुरा य एगूणवीसइमो ॥**

**ભાવાર્થ :–** આ શતકમાં દશ ઉદ્દેશક છે. તેના નામ આ પ્રમાણે છે– (૧) લેશ્યા, (૨) ગર્ભ, (૩) પૃથ્વી, (૪) મહાશ્રવ, (૫) ચરમ, (૬) દ્વીપ, (૭) ભવન, (૮) નિર્વૃત્તિ, (૯) કરણ અને (૧૦) વાણવ્યંતર દેવ.

**વિવેચન :–**

આદ્ય અને મુખ્ય વિષયોના આધારે ઉદ્દેશકોના નામ આ પ્રમાણે છે.

(૧) **लेस्सा :–** લેશ્યાનું અતિદેશાત્મક કથન હોવાથી પ્રથમ ઉદ્દેશકનું નામ **લેશ્યા** છે.

(૨) **गब्भ :–** ગર્ભગત જીવની લેશ્યા વિષયક અતિદેશાત્મક નિરૂપણ હોવાથી બીજા ઉદ્દેશકનું નામ **ગર્ભ** છે.

(૩) **पुढवी :–** પાંચ સ્થાવર જીવોની વિચારણામાં પૃથ્વીનું કથન પ્રારંભમાં હોવાથી ત્રીજા ઉદ્દેશકનું નામ **પૃથ્વી** છે.

(૪) **महासवा :–** મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના અને મહાનિર્જરા, તે ચારના સંયોગથી સોળ ભંગ દ્વારા વિષયોનું પ્રતિપાદન છે. તેમાં **મહાશ્રવ** તે પ્રથમ બોલ હોવાથી ચોથા ઉદ્દેશકનું નામ **મહાશ્રવ** છે.

(૫) **चरम :–** ચરમ અને પરમ જીવોનું નિરૂપણ પ્રારંભમાં હોવાથી પાંચમા ઉદ્દેશકનું નામ **ચરમ** છે.

(૬) **दीव :–** દ્વીપ-સમુદ્રનું અતિદેશાત્મક સંક્ષિપ્ત કથન હોવાથી છઠ્ઠા ઉદ્દેશકનું નામ **દ્વીપ** છે.

(૭) **भवण :–** અસુરકુમારદેવોના ભવનોની સંખ્યા વિષયક પ્રથમ પ્રશ્ન હોવાથી સાતમા ઉદ્દેશકનું નામ **ભવન** છે.

(૮) **णिव्वत्ति :–** વિવિધ નિર્વૃત્તિ નિષ્પતિનો મુખ્ય વિષય હોવાથી આઠમા ઉદ્દેશકનું નામ **નિર્વૃત્તિ** છે.

(૯) **करण :–** કરણ સ્વરૂપનો મુખ્ય વિષય હોવાથી નવમા ઉદ્દેશકનું નામ **કરણ** છે.

(૧૦) **वणचर सुरा :–** વાણવ્યંતર જાતિના દેવો સંબંધી વર્ણન હોવાથી દશમા ઉદ્દેશકનું નામ **વનચર સુર** છે.

**લેશ્યા :–**

**૨** **रायगिहे *जाव* एवं वयासी– कइ णं भंते ! लेस्साओ पण्णत्ताओ ?**

**गोयमा ! छल्लेसाओ पण्णत्ताओ, तं जहा– किण्हा** *जाव* **सुक्किला । एवं जहा पण्णवणाए चउत्थो लेसुद्देसओ, तहा भाणियव्वो णिरवसेसो ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! લેશ્યાઓ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! લેશ્યાઓ છ છે. યથા– કૃષ્ણ ***યાવત્*** શુકલ. આ રીતે પ્રજ્ઞાપના સૂત્રના ૧૭મા લેશ્યા પદના ચોથા ઉદ્દેશકનું સંપૂર્ણ કથન અહીં કરવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં લેશ્યાનું સ્વરૂપ પ્રજ્ઞાપનાસૂત્ર પ્રમાણે જાણવાની ભલામણ છે. તદનુસાર લેશ્યાનું સ્વરૂપ આ પ્રમાણે છે– કૃષ્ણ લેશ્યાદિ દ્રવ્ય જ્યારે નીલલેશ્યાદિના દ્રવ્યોની સાથે સંયોગને પ્રાપ્ત થાય છે ત્યારે નીલલેશ્યાદિના સ્વભાવરૂપે તથા તેના વર્ણાદિ રૂપે પરિણમી જાય છે. દૂધનો દહીં સાથે સંયોગ થવાથી તે દહીંરૂપે પરિણમી જાય છે. લેશ્યાનું આ પ્રકારનું પરિણમન મનુષ્ય અને તિર્યંચમાં થાય છે. દેવ અને નારકોમાં ભવ પર્યંત અવસ્થિત લેશ્યા હોય છે. દેવ અને નારકોમાં અવસ્થિત લેશ્યાને અન્ય દ્રવ્યનો સંયોગ થાય છે પરંતુ તે મૂળ વર્ણાદિને છોડ્યા વિના અન્ય(સંબધ્યમાન) લેશ્યાની છાયા માત્રને ધારણ કરે છે. જે રીતે વૈડુર્યમણિમાં અલ્પ સમય માટે લાલ દોરો પરોવવાથી તે મણિ પોતાના નીલવર્ણને છોડ્યા વિના લાલ છાયા માત્રને ધારણ કરે છે અને થોડીક વારમાં દોરો કાઢી લેવાથી મણિ લાલ છાયામુક્ત થઈ જાય છે. આ રીતે નારક, દેવોની લેશ્યા મણિ-દોરાના ન્યાયે છાયારૂપે પરિવર્તન પામે છે અને મનુષ્ય-તિર્યંચની લેશ્યા દૂધ-દહીંના ન્યાયે પૂર્ણ પરિવર્તન પામે છે. આ પરિવર્તન સંબંધી સંપૂર્ણ કથન દ્રવ્ય લેશ્યાની અપેક્ષાએ છે. ભાવ લેશ્યા આત્મ પરિણામરૂપ અરૂપી હોવાથી તેમાં વર્ણાદિ હોતા નથી.

લેશ્યાની પરિભાષા-સ્વરૂપ આદિ વિચારણા આ સૂત્રના પૂર્વભાગોમાં નિમ્ન સ્થળે છે– શતક-૧/૧/૫૦; ૩/૪/૧૮; ૪/૧૦/૧; ૩/૪/૧૯. પ્રસ્તુતમાં શતક-૩/૪/૧૯નું પુનઃકથન છે. તે જ રીતે સ્થાનાંગ સૂત્રમાં પણ નિમ્ન સ્થળે લેશ્યા સંબંધી વિવેચન છે– સ્થાન-૧/૩૪; ૩/૪/૬૭; ૪/૩/૧૪.

**॥ શતક ૧૯/૧ સંપૂર્ણ ॥**

# શતક–૧૯ : ઉદ્દેશક–૨

## ગર્ભ

**ગર્ભ અને લેશ્યા :–**

**૧ कइ णं भंते ! लेस्साओ पण्णत्तओ ?**

**गोयमा ! छल्लेस्साओ पण्णात्ताओ– किण्हा *जाव* सुक्किला । एवं जहा पण्णवणाए गब्भुद्देसो सो चेव णिरवसेसो भाणियव्वो ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લેશ્યાઓ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! લેશ્યાઓ છ છે– કૃષ્ણ ***યાવત્*** શુક્લ. આ રીતે પ્રજ્ઞાપના સૂત્રના ૧૭મા લેશ્યા પદના છટ્ઠા ગર્ભોદ્દેશકમાં જે વર્ણન છે તે જ સંપૂર્ણ વર્ણન અહીં પણ કરવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

કઈ લેશ્યાવાળા જીવ, કઈ લેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે છે ? તેનું વિસ્તૃત વિવેચન પ્રજ્ઞાપના સૂત્રના સત્તરમા પદના છટ્ઠા ઉદ્દેશકમાં છે. કૃષ્ણ લેશ્યાવાળો જીવ, કૃષ્ણ ***યાવત્*** શુક્લ લેશ્યાવાળા ગર્ભને ધારણ કરી શકે છે. ગર્ભધારકની લેશ્યા સાથે ગર્ભની લેશ્યાનો કોઈ સંબંધ નથી. ગર્ભધારક સ્ત્રી અને ગર્ભગત જીવનો આત્મા સ્વતંત્ર છે, તેના કર્મો, પરિણામ આદિ સર્વ સ્વતંત્ર છે. તેથી કોઈ પણ લેશ્યાવાળા જીવ, કોઈ પણ લેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરી શકે છે. આ રીતે કર્મભૂમિ અને અકર્મભૂમિના મનુષ્યો અને તિર્યંચોના વિષયમાં જાણવું જોઈએ. કારણ કે મનુષ્ય અને તિર્યંચમાં જ ગર્ભજ જન્મ હોય છે. કર્મભૂમિના મનુષ્યોને છ લેશ્યા અને અકર્મભૂમિના મનુષ્યને પ્રથમની ચાર લેશ્યા જ હોય છે.

**॥ શતક ૧૯/૨ સંપૂર્ણ ॥**

# શતક–૧૯ : ઉદ્દેશક–૩

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં પાંચ સ્થાવર જીવોની વિવિધ દષ્ટિકોણથી વિચારણા કરી છે.

★ સૂત્રકારે બાર દ્વારથી વિષયનું પ્રતિપાદન કર્યું છે. પાંચ સ્થાવર જીવોમાં સાધારણ વનસ્પતિકાયને છોડીને શેષ જીવોના સૂક્ષ્મ કે બાદર, પર્યાપ્તા કે અપર્યાપ્તા જીવોને પ્રત્યેક નામકર્મનો ઉદય છે. તેથી તે જીવો પૃથક્ પૃથક્ શરીરનો જ બંધ કરે છે. તે જીવો શરીરજન્ય આહાર, શ્વાસોચ્છ્વાસાદિ પ્રત્યેક ક્રિયા પૃથક્ પૃથક્ જ કરે છે.

સાધારણ વનસ્પતિકાયના જીવોને સાધારણ નામ કર્મનો ઉદય હોય છે. તેથી તે અનંત-અનંત જીવો સાથે મળીને એક-એક શરીર બનાવે છે. તે અનંત જીવો એક શરીરના આધારે જ એક સાથે આહાર અને શ્વાસોશ્વાસ આદિ ક્રિયા કરે છે.

★ પાંચ સ્થાવરમાંથી પૃથ્વી, પાણી તથા પ્રત્યેક વનસ્પતિકાયમાં દેવ, મનુષ્ય અને તિર્યંચગતિના જીવો આવીને ઉત્પન્ન થાય છે અને તેઉ, વાઉ તથા સાધારણ વનસ્પતિકાયમાં મનુષ્ય અને તિર્યંચ આ બે ગતિના જીવો જ આવીને ઉત્પન્ન થાય છે. પૃથ્વી, પાણી અને વનસ્પતિના જીવો મરણ પામીને મનુષ્ય અને તિર્યંચગતિમાં જાય છે અને તેઉ, વાયુના જીવો મરીને એક તિર્યંચગતિમાં જાય છે.

★ પૃથ્વી, પાણી, વનસ્પતિમાં ચાર લેશ્યા અને તેઉ, વાયુમાં ત્રણ લેશ્યા હોય છે. તે જીવોને એકાંત મિથ્યા દષ્ટિ, બે અજ્ઞાન, કાયયોગ, સાકાર અને અનાકારોપયોગ, ત્રણ, ચાર, પાંચ કે છ દિશાનો આહાર, વાયુકાયને ચાર સમુદ્ઘાત અને શેષ જીવોને ત્રણ સમુદ્ઘાત હોય છે. તે સર્વ જીવોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પૃથ્વીકાયની ૨૨,૦૦૦ વર્ષ, અપ્કાયની ૭,૦૦૦ વર્ષ, તેઉકાયની ત્રણ અહોરાત્રિ, વાયુકાયની ૩૦૦૦ વર્ષ, પ્રત્યેક વનસ્પતિની ૧૦,૦૦૦ વર્ષ અને સાધારણ વનસ્પતિની અંતર્મુહૂર્તની છે. તે જીવોને અવિરતિના પરિણામ છે. તેથી પ્રત્યક્ષરૂપે પાપની પ્રવૃત્તિ ન કરવા છતાં તે જીવો ૧૮ પાપસ્થાનમાં જ સ્થિત છે, તેમ કહેવાય છે.

★ એકેન્દ્રિયના ૨૨ ભેદ છે તેની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના સહિત **૪૪ બોલની અવગાહનાના અલ્પબહુત્વનું** કથન છે.

તેમાં સર્વથી થોડી અવગાહના સૂક્ષ્મ નિગોદના અપર્યાપ્તાની છે. ત્યાર પછી ક્રમશઃ વધતાં સર્વથી અધિક ૧૦૦૦ યોજનની અવગાહના પ્રત્યેક શરીરી પર્યાપ્ત બાદર વનસ્પતિની છે.

★ પાંચે સૂક્ષ્મ સ્થાવરકાયમાં પૃથ્વીથી અપ્કાય, અપ્કાયથી અગ્નિ, અગ્નિથી વાયુ અને વાયુથી વનસ્પતિ સૂક્ષ્મ છે.

★ પાંચે બાદર સ્થાવરકાયમાં વાયુથી અગ્નિ, અગ્નિથી અપ્કાય, અપ્કાયથી પૃથ્વી અને પૃથ્વીથી બાદર વનસ્પતિ સ્થૂલ છે.

★ લાખના ગોળા જેટલા પૃથ્વીકાયના પિંડને ચક્રવર્તીની દાસી વજ્રની શિલા પર વજ્રના પત્થરથી જોર જોરથી ૨૧ વાર પીસે તેમ છતાં તેના કેટલાક જીવો મરે છે, કેટલાક જીવોને કોઈ અસર થતી નથી.

વાયુકાય, અગ્નિકાય અને અપ્કાયથી પૃથ્વીની અવગાહના અધિક હોવા છતાં તે જીવોની આટલી સૂક્ષ્મતા અને કઠોરતા છે.

★ કોઈ બલવાન, યુવા પુરુષ અત્યંત વૃદ્ધ પુરુષના મસ્તક પર જોર-જોરથી પ્રહાર કરે ત્યારે તેને જે વેદના થાય તેનાથી કંઈક ગુણી અધિક અનિષ્ટ વેદના સ્થાવર જીવોને થાય છે. તે જીવોને મન કે વચન ન હોવાથી પોતાની વેદનાને પ્રગટ કરી શકતા નથી પરંતુ કેવળ સ્પર્શેન્દ્રિય દ્વારા તે વેદનાનું વેદન કરે છે.

★ આ રીતે સ્થાવર જીવોમાં સૂક્ષ્મતા હોવા છતાંય કર્મફળ ભોગવવાનો સિદ્ધાંત તે જીવોને પણ સમાન રીતે લાગુ પડે છે.

❖❖❖❖❖

# શતક–૧૯ : ઉદ્દેશક–૩

## પૃથ્વી

**પૃથ્વીકાયની બાર દ્વારથી પ્રરૂપણા :–**

**(૧) સ્યાદ્ દ્વાર :–**

**१ रायगिहे *जाव* एवं वयासी– सिय भंते ! *जाव* चत्तारि पंच पुढविकाइया एगयओ साहारणसरीरं बंधंति बंधित्ता तओ पच्छा आहारेंति वा परिणामेंति वा सरीरं वा बंधंति?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । पुढविकाइयाणं पत्तेयाहारा पत्तेयपरिणामा पत्तेयं सरीरं बंधंति, बंधित्ता तओ पच्छा आहारेंति वा परिणामेंति वा सरीरं वा बंधंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહનગરમાં ગૌતમસ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! કદાચિત્ બે, ત્રણ, ચાર, પાંચ પૃથ્વીકાયિક જીવો(કાર્મણ કાયયોગથી આહારગ્રહણ કરીને, પરિણમાવીને) એક સાથે મળીને શું એક સાધારણ શરીર બાંધે છે અર્થાત્ બધા વચ્ચે એક શરીર બનાવે છે ? તે શરીર બનાવીને પછી(જીવન પર્યંત) તે સાધારણ શરીર દ્વારા આહાર કરે છે ? આહાર પરિણમાવે છે અને શરીર બંધ કરે છે અર્થાત્ શરીર પૃષ્ટ કરતા રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ થતું નથી. તે પૃથ્વીકાયના જીવો પૃથક્-પૃથક્ આહાર કરનારા અને પરિણમાવનારા છે અર્થાત્ પૃથક્-પૃથક્ આહાર કરી, પરિણમાવીને પોત-પોતાના ભિન્ન-ભિન્ન શરીરનો બંધ કરે છે. શરીર બનાવ્યા પછી પોત-પોતાના તે શરીર દ્વારા(જીવન પર્યંત) આહાર ગ્રહણ કરે છે, પરિણમાવે છે અને શરીરને પુષ્ટ કરતાં રહે છે.

**(૨) લેશ્યા દ્વાર :–**

**२ तेसि णं भंते ! जीवाणं कइ लेस्साओ पण्णत्ताओ ? गोयमा ! चत्तारि लेस्साओ पण्णत्ताओ, तं जहा– कण्हलेस्सा, णीललेस्सा, काउलेस्सा, तेउलेस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોમાં કેટલી લેશ્યાઓ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચાર લેશ્યાઓ હોય છે. યથા– કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા અને તેજોલેશ્યા.

**(૩) દષ્ટિ દ્વાર :–**

**३ ते णं भंते ! जीवा किं सम्मदिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी ? गोयमा ! णो सम्मदिट्ठी, मिच्छादिट्ठी, णो सम्मामिच्छादिट्ठी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે જીવ સમ્યગ્દષ્ટિ છે, મિથ્યાદષ્ટિ છે કે મિશ્ર છે ? **ઉત્તર–** હે ગૌતમ!

તે જીવ સમ્યગ્દૃષ્ટિ નથી, મિથ્યાદષ્ટિ છે, તે મિશ્રદષ્ટિ પણ નથી.

**(૪) જ્ઞાન દ્વાર :–**

**૪ तेणं भंते ! जीवा किं णाणी, अण्णाणी ? गोयमा ! णो णाणी, अण्णाणी; णियमा दुअण्णाणी । तं जहा– मइअण्णाणी य सुयअण्णाणी य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે જીવ જ્ઞાની છે કે અજ્ઞાની ? **ઉત્તર–** હે ગૌતમ ! તે જ્ઞાની નથી, અજ્ઞાની છે; તેને બે અજ્ઞાન અવશ્ય હોય છે. યથા– મતિ અજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન.

**(૫) યોગ દ્વાર :–**

**૫ तेणं भंते ! जीवा किं मणजोगी, वयजोगी, कायजोगी ? गोयमा ! णो मणजोगी, णो वयजोगी, कायजोगी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ શું મનયોગી છે, વચનયોગી છે કે કાયયોગી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે મનયોગી નથી, વચનયોગી નથી, એક કાયયોગી છે.

**(૬) ઉપયોગ દ્વાર :–**

**६ तेणं भंते ! जीवा किं सागारोवउत्ता, अणागारोवउत्ता ? गोयमा ! सागारोवउत्ता वि अणागारोवउत्ता वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ સાકારોપયોગી છે કે અનાકારોપયોગી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સાકારોપયોગી પણ છે અને અનાકારોપયોગી પણ છે.

**(૭) કિમાહાર દ્વાર :–**

**૭ ते णं भंते ! जीवा किमाहारमाहारेंति ? गोयमा ! दव्वओ णं अणंतपएसियाइं दव्वाइं एवं जहा पण्णवणाए पढमे आहारुद्देसए *जाव* सव्वप्पणयाए आहारमाहारेंति ।**

**શબ્દાર્થ :– सव्वप्पणयाए** = સર્વ આત્મપ્રદેશોથી

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ કેવો આહાર કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે દ્રવ્યથી અનંત પ્રદેશી દ્રવ્યોનો આહાર કરે છે. ઇત્યાદિ આ વિષયનું પ્રજ્ઞાપના સૂત્રના ૨૮મા આહાર પદના પ્રથમ ઉદ્દેશક અનુસાર, સર્વ આત્મ-પ્રદેશોથી આહાર ગ્રહણ કરે છે, ત્યાં સુધીનું કથન કરવું.

**८ ते णं भंते ! जीवा जमाहारेंति तं चिज्जंति, जं णो आहारेंति तं णो चिज्जंति, चिण्णे वा से उद्दाइ पलिसप्पइ वा ?**

**हंता गोयमा ! ते णं जीवा जमाहारेंति तं चिज्जंति, जं णो आहारेंति तं णो चिज्जंति, *जाव* पलिसप्पइ वा ।**

**શબ્દાર્થ :– चिज्जंति** = ચય કરે છે **चिण्णे वा से उद्दाइ** = ચીર્ણ અર્થાત્ તેનો સારભાગ શરીર,

ઈન્દ્રિયરૂપે પરિણત થાય છે અને આહારિત તે પુદ્ગલ-સમૂહ મળની જેમ નષ્ટ(અપદ્રવ) થઈ જાય છે **पलिसप्पइ** = બહાર નીકળી જાય છે. વિખેરાઈ જાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું તે જીવ જેનો આહાર કરે છે, તેનો ચય થાય છે, જેનો આહાર કરતો નથી તેનો ચય થતો નથી. જેનો ચય થાય છે, તે આહારનો અસાર ભાગ બહાર કાઢે છે અને સાર ભાગ શરીર-ઈન્દ્રિયાદિરૂપે પરિણમે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે જીવો જેનો આહાર કરે છે, તેનો ચય થાય છે. જેનો આહાર કરતા નથી, તેનો ચય થતો નથી. જેનો ચય થાય છે, તે આહારનો અસાર ભાગ બહાર કાઢે છે અને સાર ભાગ શરીર, ઈન્દ્રિયાદિરૂપે પરિણમે છે.

**૯ तेसि णं भंते ! जीवाणं एवं सण्णा इ वा पण्णा इ वा मणो इ वा वई इ वा 'अम्हे णं आहारमाहारेमो' ? गोयमा ! णो इणट्ठे समट्ठे, आहारेंति पुण ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું તે જીવોને "અમે આહાર કરીએ છીએ," તેવી સંજ્ઞા, પ્રજ્ઞા, મન અને વચન છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી, અર્થાત્ તે જીવોને "અમે આહાર કરીએ છીએ," તેવી સંજ્ઞા આદિ હોતા નથી, તેમ છતાં તે આહાર કરે છે.

**૧૦ तेसि णं भंते ! जीवाणं एवं सण्णाइ वा** *जाव* **वईइ वा 'अम्हे णं इट्ठाणिट्ठे फासे य पडिसंवेदेमो' ? गोयमा ! णो इणट्ठे समट्ठे, पडिसंवेदेंति पुण ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું તે જીવોને 'અમે ઈષ્ટ કે અનિષ્ટ સ્પર્શનો અનુભવ કરી એ છીએ,' તેવી સંજ્ઞા, પ્રજ્ઞા, મન અને વચન છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી, તેમ છતાં તે વેદન કરે છે.

**(૮) પ્રાણાતિપાત દ્વાર :–**

**૧૧ ते णं भंते ! जीवा किं पाणाइवाए उवक्खाइज्जंति, एवं मुसावाए, अदिण्णादाणे** *जाव* **मिच्छादंसणसल्ले उवक्खाइज्जंति ?**

**गोयमा ! पाणाइवाए वि उवक्खाइज्जंति** *जाव* **मिच्छा दंसणसल्ले वि उवक्खाइज्जंति । जेसिं पि णं जीवाणं ते जीवा एवमाहिज्जंति तेसिं पि णं जीवाणं णो विण्णाए णाणत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું પૃથ્વીકાયિક જીવ પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન ***યાવત્*** મિથ્યાદર્શન શલ્ય આદિના વ્યાપારમાં તત્પર હોય છે ? અર્થાત્ શું તે જીવો પ્રાણાતિપાતાદિ કરે છે; તેમ તેઓ માટે કહી શકાય ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે પ્રાણાતિપાત ***યાવત્*** મિથ્યાદર્શન શલ્ય આદિના વ્યાપારમાં તત્પર હોય છે. તે જીવ અન્ય પૃથ્વીકાયિકાદિ જીવોની હિંસા કરે છે, પણ તે જીવોને તેવું જ્ઞાન નથી કે આ જીવ અમારી હિંસા કરનાર છે.

**(૯) ઉપપાત દ્વાર :–**

**૧૨ ते णं भंते ! जीवा कओहिंतो उववज्जंति, किं णेरइएहिंतो उववज्जंति, पुच्छा ?**

**गोयमा ! जहा वक्कंतीए पुढविक्काइयाणं उववाओ तहा भाणियव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું નૈરયિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે, ઇત્યાદિ પ્રશ્ન ? **ઉત્તર–** હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના છટ્ઠા વ્યુત્ક્રાન્તિ પદમાં પૃથ્વીકાયિકોની ઉત્પત્તિ કહી છે, તે રીતે અહીં કથન કરવું જોઈએ.

**(૧૦) સ્થિતિ દ્વાર :–**

**૧૩ तेसि णं भंते ! जीवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं बावीसं वाससहस्साइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાવીસ હજાર વર્ષની છે.

**(૧૧) સમુદ્‍ઘાત દ્વાર :–**

**૧૪ तेसि णं भंते ! जीवाणं कइ समुग्घाया पण्णत्ता ? गोयमा ! तओ समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે જીવોને કેટલા સમુદ્‍ઘાત હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ સમુદ્‍ઘાત હોય છે, યથા– વેદના સમુદ્‍ઘાત, કષાય સમુદ્‍ઘાત અને મારણાન્તિક સમુદ્‍ઘાત.

**૧૫ ते णं भंते ! जीवा मारणंतियसमुग्घाएणं किं समोहया मरंति, असमोहया मरंति ? गोयमा ! समोहया वि मरंति, असमोहया वि मरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે મારણાન્તિક સમુદ્‍ઘાત કરીને મરે છે કે મારણાન્તિક સમુદ્‍ઘાત કર્યા વિના મરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે મારણાન્તિક સમુદ્‍ઘાત કરીને પણ મરે છે અને સમુદ્‍ઘાત કર્યા વિના પણ મરે છે.

**(૧૨) ઉદ્‍વર્તના દ્વાર :–**

**૧૬ ते णं भंते ! जीवा अणंतरं उव्वट्टित्ता कहिं गच्छंति, कहिं उववज्जंति ? गोयमा ! तेसिं उव्वट्टणा जहा वक्कंतीए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ મરીને તુરંત જ ક્યાં જાય છે, ક્યાં ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના છટ્ઠા વ્યુત્ક્રાન્તિ પદ અનુસાર તેની ઉદ્‍વર્તના કહેવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પૃથ્વીકાયિક જીવોના વિષયમાં બાર દ્વારથી વિચારણા કરી છે. વૃત્તિકારે પ્રારંભમાં એક ગાથાના માધ્યમથી બાર દ્વારોનો નામ-નિર્દેશ કર્યો છે.

**सिय लेस दिट्ठि णाणे, जोगुवओगे तह किमाहारो ।**
**पाणाइवाय उप्पाय, ठिइ समुग्घाय उव्वट्टो ॥**

(૧) સ્યાદ્ દ્વાર, (૨) લેશ્યા દ્વાર, (૩) દૃષ્ટિ દ્વાર, (૪) જ્ઞાન દ્વાર, (૫) યોગ દ્વાર, (૬) ઉપયોગ દ્વાર, (૭) કિમાહાર દ્વાર, (૮) પ્રાણાતિપાત દ્વાર, (૯) ઉત્પત્તિ દ્વાર, (૧૦) સ્થિતિ દ્વાર, (૧૧) સમુદ્ઘાત દ્વાર, (૧૨) ઉદ્વર્તના.

**(૧) સ્યાદ્ દ્વાર–** સ્યાદ્ એટલે કદાચિત્, ક્યારેક. પૃથ્વીકાયના જીવો પ્રત્યેક શરીરી છે. પ્રત્યેક જીવનું પોત-પોતાનું અલગ શરીર હોય છે. વનસ્પતિમાં નિગોદના અનંત જીવો એક શરીરમાં રહે છે, એક શરીરથી આહાર, શ્વાસોશ્વાસ ગ્રહણ કરે છે, તેવું સાધારણ શરીર પૃથ્વીકાયમાં નથી. આ વાતને પુષ્ટ કરવા સૂત્રકારે વિરોધી વાતથી પ્રશ્ન પૂછ્યા કે ક્યારેક બે, ત્રણ, ચાર આદિ પૃથ્વીકાયિક જીવો એક સાથે મળીને શું સાધારણ શરીર બાંધે ?

સામાન્ય નિયમ એવો છે કે કોઈપણ જીવ ઉત્પત્તિ સ્થાને પહોંચીને પ્રથમ સમયે કાર્મણ કાયયોગથી આહારને ગ્રહણ કરે છે, સ્થૂલ શરીર બાંધવા યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે, તેનું પરિણમન કરે અને શરીર બાંધે છે. શરીર બંધ થયા પછી તે ઔદારિકાદિ શરીરથી જીવન પર્યંત પ્રતિક્ષણ આહાર ગ્રહણ થતો રહે છે, તેનું પરિણમન થતું રહે છે અને શરીર સાથે તે પુદ્ગલોનો બંધ થતો રહે છે અર્થાત્ શરીર પુષ્ટ થતું રહે છે.

સૂત્રકારે પ્રશ્નનો પ્રારંભ સાધારણ શરીરના બંધથી કર્યો અને ઉત્તરમાં પૂર્વોકત શરીર બંધની આખી પ્રક્રિયા સ્પષ્ટ કરી છે. **तओ पच्छा** સૂત્રપાઠની પૂર્વે આહાર, તેનું પરિણમન અને શરીર બંધનું કથન છે, તે ઉત્પત્તિ સમયના આહારાદિની અપેક્ષાએ છે અને **तओ पच्छा** પછીના સૂત્રપાઠમાં આહાર, પરિણમન અને શરીર બંધનું કથન છે, તે જીવન પર્યંતના આહારાદિની અપેક્ષાએ છે, તેમ સમજવું.

પૃથ્વીકાયિક જીવોના આહારના વિષયમાં વિસ્તૃત વર્ણન પ્રજ્ઞાપના સૂત્ર-૨૮મા આહાર પદના પ્રથમ ઉદ્દેશકમાં છે. સંક્ષિપ્ત વર્ણન આ પ્રમાણે છે. **દ્રવ્યથી**–અનંત પ્રદેશી દ્રવ્યોનો, **ક્ષેત્રથી**–અસંખ્યાત આકાશ પ્રદેશ પર રહેલા પુદ્ગલોનો, **કાલથી**–જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પુદ્ગલોનો અને **ભાવથી**–વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુક્ત પુદ્ગલસ્કંધોનો આહાર કરે છે.

**બીજી રીતે** સ્યાદ્ દ્વારના મૂલપાઠનો અર્થ અને વિવેચન આ પ્રમાણે થાય છે–

**सिय भंते ! *जाव* चत्तारि पंच पुढविकाइया एगयओ साहारणसरीरं बंधंति बंधित्ता तओ पच्छा आहारेंति वा परिणामेंति वा सरीरं वा बंधंति ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । पुढविकाइयाणं पत्तेयाहारा पत्तेयपरिणामा पत्तेयं सरीरं बंधंति, बंधित्ता तओ पच्छा आहारेंति वा परिणामेंति वा सरीरं वा बंधंति ।**

**અર્થ :–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! કદાચિત્ બે, ત્રણ, ચાર, પાંચ પૃથ્વીકાયિક જીવો સાથે ઉત્પન્ન થવા યોગ્ય સાધારણ શરીર નામકર્મનો બંધ કરે છે ત્યારપછી ઉત્પત્તિ સમયે એક સાથે આહાર કરે છે, એક સાથે આહારનું પરિણમન કરે છે અને એક સાથે શરીરનો બંધ(નિર્માણ) કરે છે ?

હે ગૌતમ ! તેમ શક્ય નથી. કારણ કે પૃથ્વીકાયિક જીવો, પૃથક્-પૃથક્ આહાર કરનારા છે પૃથક્ પૃથક્ આહારનું પરિણમન કરનારા છે અને તે પ્રત્યેક શરીર નામકર્મનો બંધ કરે છે. ત્યારપછી ઉત્પત્તિ સમયે પૃથક્ પૃથક્ આહાર કરે છે, પૃથક્ પૃથક્ તેનું પરિણમન કરે છે અને પૃથક્ પૃથક્ શરીરનું નિર્માણ કરે છે.

**વિવેચન :–**

**સ્યાદ્ દ્વાર :–** સ્યાદ્ એટલે કદાચિત્, કયારેક. અહીં સ્યાદ્ દ્વારની અપેક્ષાએ પ્રશ્ન કર્યો છે કે પૃથ્વીકાયના જીવો સ્વતંત્ર શરીરી જ છે તેમ છતાં શું કયારેક અનેક પૃથ્વીકાયિક જીવો મળીને સાધારણ-શરીર નામકર્મનો બંધ કરે છે ? ત્યારપછી ઉત્પત્તિ સમયે એકી સાથે આહાર કરે છે, તેનું પરિણમન કરે છે અને શરીરનો બંધ (નિર્માણ) કરે છે ? તેના ઉત્તરમાં પ્રભુએ પૃથ્વીકાયિક જીવોના સાધારણ શરીરના બંધનો સ્પષ્ટ નિષેધ કર્યો છે, કારણ કે તે પ્રત્યેક શરીરી છે. તે જીવો પ્રત્યેક શરીર નામ કર્મનો જ બંધ કરે છે. સાધારણ શરીર નામ કર્મ બાંધતા નથી તેથી ઉત્પત્તિ સમયે તે જીવો, પૃથક્ પૃથક્ આહાર કરે છે પૃથક્ પૃથક્ પરિણમન કરે છે અને પૃથક્ પૃથક્ શરીર બાંધે છે, નિર્માણ કરે છે.

પૃથ્વીકાયની જેમ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયના વિષયમાં તથા પંચેન્દ્રિયના વિષયમાં પણ સમજવું જોઈએ. વનસ્પતિ જીવોમાં જે સાધારણ શરીરી હોય છે તે ચાર, પાંચ જીવો નહીં પરંતુ અનંત જીવો મળીને સાધારણ શરીર(નામ કર્મ)નો બંધ કરે છે અને પછી ઉત્પત્તિ સમયે સાથે જ આહાર વગેરે કરે છે અને સાથે મળીને જ શરીરનું નિર્માણ કરે છે.

**સંજ્ઞાદિનો નિષેધ :–** તે જીવોને સંજ્ઞા– વ્યાવહારિક અર્થને ગ્રહણ કરનારી બુદ્ધિ, પ્રજ્ઞા– સૂક્ષ્મ અર્થને વિષય કરનારી બુદ્ધિ, મન તથા વાણી એ ચારે ય હોતા નથી, તેથી તે જીવો જાણતા નથી કે હું આ જીવોને મારું છું. તે જ રીતે મરનારા જીવો પણ જાણતા નથી કે આ જીવો અમારી હિંસા કરનાર છે. તેમ છતાં તે જીવોને પ્રાણાતિપાતાદિ ક્રિયા અવશ્ય લાગે છે. કારણ કે તે જીવો પ્રાણાતિપાતાદિથી વિરત નથી. આ રીતે પૃથ્વીકાયિકાદિ જીવોમાં વચનનો અભાવ હોવા છતાં અવિરતિના કારણે તે જીવોને મૃષાવાદ આદિ જન્ય ક્રિયા લાગે છે. તે જ રીતે તે જીવો અઢાર પાપસ્થાનથી અવિરત હોવાથી તે જીવોને ૧૮ પાપસ્થાન સંબંધી ક્રિયા અવશ્ય લાગે જ છે.

**ઉત્પત્તિ દ્વાર :–** પૃથ્વીકાયિકાદિ નૈરયિકોમાંથી આવીને ઉત્પન્ન થતા નથી, તે તિર્યંચ, મનુષ્ય અને દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે.

**ઉદ્‌વર્તન દ્વાર :–** તે જીવ મરીને મનુષ્ય અને તિર્યંચમાં જાય છે.

**અપ્કાય આદિની બાર દ્વારોથી પ્રરૂપણા :–**

**૧૭ सिय भंते ! जाव चत्तारि पंच आउक्काइया एगयओ साहारणसरीरं बंधंति, बंधित्ता तओ पच्छा आहारेंति ?**

**गोयमा ! जो चेव पुढविकाइयाणं गमो सो चेव भाणियव्वो *जाव* उव्वट्टंति, णवरं ठिई सत्त वाससहस्साइं उक्कोसेणं, सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કદાચિત્ બે, ત્રણ, ચાર અથવા પાંચ અપ્કાયિક જીવો મળીને એક સાધારણ શરીર બાંધે છે અને ત્યાર પછી આહાર કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિકોના વિષયોમાં જે પ્રમાણે કહ્યું, તે જ રીતે અહીં પણ ઉદ્‌વર્તના દ્વાર સુધી જાણવું જોઈએ. વિશેષમાં અપ્કાયિક જીવોની સ્થિતિ ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષની છે. શેષ પૂર્વવત્.

**૧૮ सिय भंते ! जाव चत्तारि पंच तेउक्काइया, पुच्छा ?**

**गोयमा ! एवं चेव, णवरं उववाओ ठिई उव्वट्टणा य जहा पण्णवणाए, सेसं तं चेव। वाउक्काइयाणं एवं चेव, णाणत्तं णवरं चत्तारि समुग्घाया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કદાચિત્ બે, ત્રણ, ચાર અથવા પાંચ આદિ અગ્નિકાયિક જીવો સાથે મળીને એક સાધારણ શરીર નામકર્મ બાંધે છે, ઇત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું. વિશેષ એ છે કે તેની ઉત્પત્તિ, સ્થિતિ અને ઉદ્‌વર્તના પ્રજ્ઞાપના સૂત્રાનુસાર જાણવા જોઈએ. શેષ સર્વ પૂર્વવત્ જાણવું. વાયુકાયિક જીવોનું કથન પણ તે જ પ્રકારે છે. પરંતુ તેમાં ચાર સમુદ્‌ઘાત હોય છે.

**૧૧ सिय भंते ! जाव चत्तारि पंच वणस्सइकाइया, पुच्छा ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । अणंता वणस्सइकाइया एगयओ साहारण-सरीरं बंधंति, बंधित्ता तओ पच्छा आहारेंति वा परिणामेंति वा सरीरं वा बंधंति । सेसं जहा तेउकाइयाणं *जाव* उव्वट्टंति, णवरं आहारो णियमं छद्दिसिं, ठिई जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं, सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કદાચિત્ બે, ત્રણ, ચાર અથવા પાંચ આદિ વનસ્પતિકાયિક જીવો સાથે મળીને એક સાધારણ શરીર બાંધે છે, ઇત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. અનંત વનસ્પતિકાયિક જીવ એક સાથે સાધારણ શરીર નામકર્મ બાંધે છે, ત્યારપછી ઉત્પત્તિ સમયે તે અનંત જીવો એક સાથે આહાર કરે છે, એક સાથે પરિણમન કરે છે અને એક સાથે શરીરનો નિર્માણ કરે છે. શેષ સર્વ વર્ણન અગ્નિકાયિકોની સમાન જાણવું ***યાવત્*** ઉદ્‌વર્તન કરે છે. વિશેષતા એ છે કે તેનો આહાર નિયમતઃ છ દિશાનો હોય છે. તેની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે. શેષ વર્ણન પૂર્વવત્ જાણવું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અપ્કાય, તેઉકાય, વાયુકાય અને સાધારણ(બાદર) વનસ્પતિકાયના વિષયમાં પૂર્વવત્ બાર દ્વારની પ્રરૂપણા કરી છે.

**અપ્કાય–** તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષની છે. શેષ સર્વ કથન પૃથ્વીકાયની સમાન છે.

**તેઉકાય–** તે જીવોને ત્રણ લેશ્યા જ હોય છે. દેવ મરીને તેઉ કે વાયુમાં ઉત્પન્ન થતાં ન હોવાથી તેજોલેશ્યા નથી. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્રિની છે. દેવ મરીને તેઉકાય, વાયુકાય કે સાધારણ વનસ્પતિકાયમાં ઉત્પન્ન થતા નથી. તેમજ તેઉકાય મરીને તિર્યંચગતિમાં જ જાય છે, મનુષ્ય ગતિમાં જતા નથી.

**વાયુકાય–** તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ હજાર વર્ષની છે. તેની ઉત્પત્તિ, ઉદ્‌વર્તના અને લેશ્યા તેઉકાય પ્રમાણે છે. તે જીવોને વૈક્રિય શરીર હોવાથી વૈક્રિય સમુદ્‌ઘાત હોય છે. તેથી ચાર સમુદ્‌ઘાત હોય છે.

**વનસ્પતિકાય–** વનસ્પતિકાયના બે ભેદ છે. પ્રત્યેક શરીરી અને સાધારણ શરીરી. જે પ્રત્યેક શરીરી જીવો

છે તેને પ્રત્યેક નામકર્મનો ઉદય હોવાથી પૃથક્ પૃથક્ શરીર જ બાંધે છે. સાધારણ શરીરી જીવોને સાધારણ નામકર્મનો ઉદય છે. તેથી તે એક, બે, ત્રણ, ચાર, સંખ્યાત કે અસંખ્યાત જીવો સાથે મળીને એક શરીર બાંધતા નથી પરંતુ અનંત જીવો સાથે મળીને જ એક શરીર બાંધે છે. તેમજ સૂત્રકારે સાધારણ શરીરી જીવો માટે નિયમા છ દિશાના આહારનું કથન કર્યું છે. તે બાદર નિગોદની અપેક્ષાએ છે, તે જીવો પૃથ્વી આદિને આશ્રિત હોવાથી નિયમા છ દિશાનો આહાર કરે છે. જે સૂક્ષ્મ જીવો લોકના નિષ્કુટમાં હોય છે, તે જીવો ત્રણ, ચાર કે પાંચ દિશાનો આહાર કરે છે. તેની અહીં વિવક્ષા નથી.

પ્રત્યેક વનસ્પતિની ઉત્પત્તિ દેવ, મનુષ્ય અને તિર્યંચ ગતિમાંથી થાય છે. તેથી તે જીવોને ચાર લેશ્યા હોય છે. તેની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ હજાર વર્ષની છે. સાધારણ વનસ્પતિકાયની ઉત્પત્તિ મનુષ્ય અને તિર્યંચગતિમાંથી થાય છે. દેવ મરીને સાધારણ વનસ્પતિમાં ઉત્પન્ન થતાં નથી. તેથી તે જીવોને ત્રણ લેશ્યા જ હોય છે. તેની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

**પાંચ સ્થાવરોની બાર દ્વારોથી પ્રરૂપણા :–**

| ક્રમ | દ્વાર | પૃથ્વીકાય | અપ્કાય | તેઉકાય | વાયુકાય | પ્ર.વન. | બાદર નિ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્યાદ્વાદ | અનેક જીવો મળીને શરીર બાંધતા નથી. | અનેક જીવો મળીને શરીર બાંધતા નથી. | અનેક જીવો મળીને શરીર બાંધતા નથી. | અનેક જીવો મળીને શરીર બાંધતા નથી. | અનેક જીવો મળીને શરીર બાંધતા નથી. | અનંતજીવો મળીને શરીર બાંધે. |
| ૨ | લેશ્યા | પ્રથમ ચાર | ચાર | ત્રણ | ત્રણ | ચાર | ત્રણ |
| ૩ | દષ્ટિ | મિથ્યાદષ્ટિ | મિથ્યાદષ્ટિ | મિથ્યાદષ્ટિ | મિથ્યાદષ્ટિ | મિથ્યાદષ્ટિ | મિથ્યાદષ્ટિ |
| ૪ | જ્ઞાન | બે અજ્ઞાન | બે અજ્ઞાન | બે અજ્ઞાન | બે અજ્ઞાન | બે અજ્ઞાન | બે અજ્ઞાન |
| ૫ | યોગ | કાયયોગ | કાયયોગ | કાયયોગ | કાયયોગ | કાયયોગ | કાયયોગ |
| ૬ | ઉપયોગ | બે ઉપયોગ | બે ઉપયોગ | બે ઉપયોગ | બે ઉપયોગ | બે ઉપયોગ | બે ઉપયોગ |
| ૭ | કિમાહાર(દિશા) | ૩,૪,૫,૬ | ૩,૪,૫,૬ | ૩,૪,૫,૬ | ૩,૪,૫,૬ | ૩,૪,૫,૬ | ૬ |
| ૮ | પ્રાણાતિપાત આદિ | ૧૮ પાપમાં સ્થિત અવિરત | ૧૮ પાપમાં સ્થિત અવિરત | ૧૮ પાપમાં સ્થિતિ અવિરત | ૧૮ પાપમાં સ્થિતિ અવિરત | ૧૮ પાપમાં સ્થિત અવિરત | ૧૮ પાપમાં સ્થિત અવિરત |
| ૯ | ઉપપાત | ત્રણ ગતિથી | ત્રણ ગતિથી | બે ગતિથી | બે ગતિથી | ત્રણ ગતિથી | બે ગતિથી |
| ૧૦ | સ્થિતિ જઘન્ય<br>સ્થિતિ ઉત્કૃષ્ટ | અંતર્મુહૂર્ત<br>૨૨૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત<br>૭૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત<br>૩ અહોરાત્રિ | અંતર્મુહૂર્ત<br>૩૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત<br>૧૦૦૦૦ વ. | અંતર્મુહૂર્ત<br>અંતર્મુહૂર્ત |
| ૧૧ | સમુદ્ઘાત | ત્રણ | ત્રણ | ત્રણ | ચાર | ત્રણ | ત્રણ |
| ૧૨ | ઉદ્વર્તના | બે ગતિ | બે ગતિ | તિર્યંચગતિ | તિર્યંચ | બે ગતિ | બે ગતિ |

**સૂચના :–** ચાર્ટમાં– પ્ર.વન. = પ્રત્યેક વનસ્પતિ, બાદર નિ. = બાદર નિગોદ(સાધારણ વનસ્પતિ).

**સ્થાવર જીવોનું અવગાહનાની અપેક્ષાએ અલ્પબહુત્વ :-**

**૨૦** **एएसि णं भंते ! पुढविकाइयाणं आउतेउवाउवणस्सइकाइयाणं सुहुमाणं बायराणं**

पज्जत्तगाणं अपज्जत्तगाणं जहण्णुक्कोसियाए ओगाहणाए कयरे कयरेहिंतो अप्पा वा *जाव* विसेसाहिया वा ?

गोयमा ! सव्वत्थोवा सुहुमणिगोयस्स अपज्जत्तगस्स जहण्णिया ओगाहणा ।१। सुहुमवाउक्काइयस्स अपज्जत्तगस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा ।२। सुहुमतेउकाइयस्स अपज्जत्तगस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा ।३। सुहुमआउकाइयस्स अपज्जत्तगस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा ।४। सुहुमपुढविक्काइयस्स अपज्जत्तगस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा ।५।

बायरवाउकाइयस्स अपज्जत्तगस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा ।६। बायरतेउक्काइयस्स अपज्जत्तगस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा ।७। बायर-आउकाइयस्स अपज्जत्तगस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा ।८। बायरपुढवि-काइयस्स अपज्जत्तगस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा ।९। पत्तेयसरीरबायर-वणस्सइकाइयस्स बायरणिगोयस्स एएसि णं अपज्जत्तगाणं जहण्णिया ओगाहणा दोण्ह वि तुल्ला असंखेज्जगुणा ।१०–११।

सुहुमणिगोयस्स पज्जत्तगस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा ।१२। तस्सेव अपज्जत्तगस्स उक्कोसिया ओगाहणा विसेसाहिया ।१३। तस्स चेव पज्जत्तगस्स उक्कोसिया ओगाहणा विसेसाहिया ।१४।

सुहुमवाउकाइयस्स पज्जत्तगस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा ।१५। तस्स चेव अपज्जत्तगस्स उक्कोसिया ओगाहणा विसेसाहिया ।१६। तस्स चेव पज्जत्तगस्स उक्कोसिया ओगाहणा विसेसाहिया ।१७।

एवं सुहुमतेउकाइयस्स वि ।१८-१९-२०। एवं सुहुमआउक्काइयस्स वि ।२१-२२-२३। एवं सुहुमपुढविकाइयस्स वि ।२४-२५-२६। एवं बायरवाउकाइयस्स वि ।२७-२८-२९। एवं बायरतेउकाइयस्स वि ।३०-३१-३२। एवं बायरआउकाइयस्स वि ।३३-३४-३५। एवं बायरपुढविकाइयस्स वि ।३६-३७-३८। एएसिं सव्वेसिं तिविहेणं गमेणं भाणियव्वं ।

बायरणिगोयस्स पज्जत्तगस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा ।३९। तस्स चेव अपज्जत्तगस्स उक्कोसिया ओगाहणा विसेसाहिया ।४०। तस्स चेव पज्जत्तगस्स उक्कोसिया ओगाहणा विसेसाहिया ।४१।

पत्तेयसरीरबायरवणस्सइकाइयस्स पज्जत्तगस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा ।४२। तस्स चेव अपज्जत्तगस्स उक्कोसिया ओगाहणा असंखेज्जगुणा ।४३। तस्स चेव पज्जत्तगस्स उक्कोसिया ओगाहणा असंखेज्जगुणा ।४४।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાય જીવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડી અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની જઘન્ય અવગાહના (૨) તેનાથી અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી (૩) તેનાથી અપર્યાપ્ત સૂક્ષ્મ અગ્નિકાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી (૪) તેનાથી અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાત ગુણી (૫) તેનાથી અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાત ગુણી.

(૬) તેનાથી અપર્યાપ્ત બાદર વાયુકાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી (૭) તેનાથી અપર્યાપ્ત બાદર અગ્નિકાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી (૮) તેનાથી અપર્યાપ્ત બાદર અપ્કાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી (૯) તેનાથી અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાત ગુણી (૧૦,૧૧) તેનાથી અપર્યાપ્ત પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિકની અને બાદર નિગોદની જઘન્ય અવગાહના પરસ્પર તુલ્ય અને પૂર્વથી અસંખ્યાતગુણી.

(૧૨) તેનાથી પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી (૧૩) તેનાથી અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક (૧૪) તેનાથી પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક.

(૧૫) તેનાથી પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી (૧૬) તેનાથી અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક (૧૭) તેનાથી પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક.

(૧૮) તેનાથી પર્યાપ્ત સૂક્ષ્મ અગ્નિકાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી (૧૯) તેનાથી અપર્યાપ્ત સૂક્ષ્મ અગ્નિકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક છે (૨૦) તેનાથી પર્યાપ્ત સૂક્ષ્મ અગ્નિકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક.

(૨૧) તેનાથી પર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી (૨૨) તેનાથી અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક (૨૩) તેનાથી પર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક.

(૨૪) તેનાથી પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી (૨૫) તેનાથી અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક (૨૬) તેનાથી પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક.

(૨૭) તેનાથી પર્યાપ્ત બાદર વાયુકાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી (૨૮) તેનાથી અપર્યાપ્ત બાદર વાયુકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક (૨૯) તેનાથી પર્યાપ્ત બાદર વાયુકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક.

(૩૦) તેનાથી પર્યાપ્ત બાદર અગ્નિકાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી (૩૧) તેનાથી અપર્યાપ્ત બાદર અગ્નિકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક (૩૨) તેનાથી પર્યાપ્ત બાદર અગ્નિકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક.

(૩૩) તેનાથી પર્યાપ્ત બાદર અપ્કાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી (૩૪) તેનાથી

અપર્યાપ્ત બાદર અપ્કાયિકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક (૩૫) તેનાથી પર્યાપ્ત બાદર અપ્કાયિકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક.

(૩૬) તેનાથી પર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી (૩૭) તેનાથી અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક (૩૮) તેનાથી પર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક.

(૩૯) તેનાથી પર્યાપ્ત બાદર નિગોદની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી (૪૦) તેનાથી અપર્યાપ્ત બાદર નિગોદની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક (૪૧) તેનાથી પર્યાપ્ત બાદર નિગોદની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક.

(૪૨) તેનાથી પર્યાપ્ત પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી (૪૩) તેનાથી અપર્યાપ્ત પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના અસંખ્યાતગુણી (૪૪) તેનાથી પર્યાપ્ત પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના અસંખ્યાતગુણી છે.

**વિવેચન :–**

ઉપરોક્ત સૂત્રમાં પાંચ સ્થાવરના ૪૪ બોલની અવગાહનાનું અલ્પબહુત્વ છે. પૃથ્વી, અપ, તેઉ, વાઉ તે ચારેના સૂક્ષ્મ અને બાદર બે ભેદ થાય છે. તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા બે બે ભેદ થાય તેથી ચાર સ્થાવરના ૧૬ ભેદ અને વનસ્પતિના સૂક્ષ્મ, પ્રત્યેક અને સાધારણ તે ત્રણ ભેદ છે અને તેના પર્યાપ્તા, અપર્યાપ્તા બે ભેદ કરતાં છ ભેદ થાય. ૧૬ + ૬= ૨૨ ભેદ થયા. તેની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના ગણતાં ૨૨ × ૨ = ૪૪ ભેદ થાય છે. પૃથ્વી આદિની જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ હોવા છતાં પણ તેના અસંખ્યાત ભેદ છે. તેથી તેમાં અલ્પબહુત્વ ઘટી શકે છે. સૂત્રોક્ત ૪૪ બોલમાંથી ૪૩ બોલની જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ જ છે અને પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના કંઈક અધિક ૧૦૦૦ યોજન છે. અલ્પબહુત્વ સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

**પાંચ સ્થાવરોની અવગાહનાનું અલ્પબહુત્વ :–**

| જીવ પ્રકાર | પૃથ્વી. | અપ. | તેઉ. | વાયુ. | પ્રત્યેક વન. | સાધારણ (નિગોદ) |
|---|---|---|---|---|---|---|
| સૂક્ષ્મ અપર્યા. જઘન્ય | ૫ અસં. | ૪ અસં. | ૩ અસં. | ૨ અસં. | × | ૧ સર્વથી થોડા |
| સૂક્ષ્મ અપર્યા. ઉત્કૃષ્ટ | ૨૫ વિશે. | ૨૨ વિશે. | ૧૯ વિશે. | ૧૬ વિશે. | × | ૧૩ વિશે. |
| સૂક્ષ્મ પર્યા. જઘન્ય | ૨૪ અસં. | ૨૧ અસં. | ૧૮ અસં. | ૧૫ અસં. | × | ૧૨ અસં. |
| સૂક્ષ્મ પર્યા. ઉત્કૃષ્ટ | ૨૬ વિશે. | ૨૩ વિશે. | ૨૦ વિશે. | ૧૭ વિશે. | × | ૧૪ વિશે. |
| બાદર અપર્યા. જઘન્ય | ૯ અસં. | ૮ અસં. | ૭ અસં. | ૬ અસં. | ૧૦ તુલ્ય | ૧૧ તુલ્ય |
| બાદર અપર્યા. ઉત્કૃષ્ટ | ૩૭ વિશે. | ૩૪ વિશે. | ૩૧ વિશે. | ૨૮ વિશે. | ૪૩ અસં. | ૪૦ વિશે. |
| બાદર પર્યા. જઘન્ય | ૩૬ અસં. | ૩૩ અસં. | ૩૦ અસં. | ૨૭ અસં. | ૪૨ અસં. | ૩૯ અસં. |
| બાદર પર્યા. ઉત્કૃષ્ટ | ૩૮ વિશે. | ૩૫ વિશે. | ૩૨ વિશે. | ૨૯ વિશે. | ૪૪ અસં. | ૪૧ વિશે. |

★ ક્રમાંક પ્રમાણે અલ્પબહુત્વ જાણવો. અસં = અસંખ્યાતગુણી, વિશે. = વિશેષાધિક.

**સ્થાવર જીવોની સૂક્ષ્મ-સૂક્ષ્મતરતા :–**

**૨૧ एयस्स णं भंते ! पुढविकाइयस्स आउक्काइयस्स तेउकाइयस्स वाउक्काइयस्स वणस्सइकाइयस्स कयरे काए सव्वसुहुमे कयरे काए सव्वसुहुमतराए ?**

**गोयमा ! वणस्सइकाए सव्वसुहुमे, वणस्सइकाए सव्वसुहुमतराए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક, અપ્કાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક, આ સર્વ જીવોમાં કયા જીવો સર્વથી સૂક્ષ્મ છે અને કયા જીવો સૂક્ષ્મતર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વનસ્પતિકાયિક સર્વથી સૂક્ષ્મ અને સર્વથી સૂક્ષ્મતર છે.

**૨૨ एयस्स णं भंते ! पुढविकाइयस्स आउक्काइयस्स तेउकाइयस्स वाउक्काइयस्स कयरे काए सव्वसुहुमे, कयरे काए सव्व सुहुमतराए ? गोयमा ! वाउक्काए सव्वसुहुमे, वाउक्काए सव्वसुहुमतराए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વાયુકાયમાં કયા જીવનિકાય સર્વથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વાયુકાય સર્વથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે.

**૨૩ एयस्स णं भंते ! पुढविकाइयस्स आउक्काइयस्स तेउकाइयस्स कयरे काए सव्वसुहुमे, कयरे काए सव्वसुहुमतराए ? गोयमा ! तेउकाए सव्वसुहुमे, तेउक्काए सव्वसुहुमतराए।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાય, અપ્કાય અને તેઉકાયમાં કયા જીવનિકાય સર્વથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેઉકાય સર્વથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે.

**૨૪ एयस्स णं भंते ! पुढविक्काइयस्स आउक्काइयस्स कयरे काए सव्वसुहुमे, कयरे काए सव्वसुहुमतराए ? गोयमा ! आउक्काए सव्वसुहुमे, आउक्काए सव्व सुहुमतराए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાય અને અપ્કાયમાં કયા જીવનિકાય સર્વથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અપ્કાય સર્વથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ સ્થાવરકાયના જીવોની સૂક્ષ્મ, સૂક્ષ્મતરતાનું કથન કર્યું છે.

**सुहुमे सुहुमतराए :–** સૂક્ષ્મ-સૂક્ષ્મતર. અહીં ચક્ષુરિન્દ્રિયથી અગ્રાહ્યતાની અપેક્ષાએ અથવા અન્ય પદાર્થોની અપેક્ષાએ સૂક્ષ્મતાનું કથન છે.

પૃથ્વીકાય આદિ પાંચે સ્થાવરકાયમાં પૃથ્વીથી પાણી સૂક્ષ્મ, પાણીથી અગ્નિ, અગ્નિથી વાયુ અને વાયુથી વનસ્પતિકાય સર્વથી સૂક્ષ્મ-સૂક્ષ્મતર છે.

**સ્થાવરકાયની સ્થૂલ-સ્થૂલતરતા :–**

**૨૫ एयस्स णं भंते ! पुढविक्काइयस्स आउकाइयस्स तेउकाइयस्स वाउकाइयस्स वणस्सइकाइयस्स कयरे काए सव्वबादरे, कयरे काए सव्वबादरतराए ?**

**गोयमा ! वणस्सइकाए सव्वबादरे, वणस्सइकाए सव्वबादरतराए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાય, તેમાં કયા જીવનિકાય સર્વથી બાદર અને બાદરતર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વનસ્પતિકાય સર્વથી બાદર અને બાદરતર છે.

**૨૬ एयस्स णं भंते ! पुढविकाइयस्स आउक्काइयस्स तेउक्काइयस्स वाउक्काइयस्स कयरे काए सव्वबादरे, कयरे काए सव्वबादरतराए ?**

**गोयमा ! पुढविक्काए सव्वबादरे, पुढविक्काए सव्वबादरतराए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય અને વાયુકાયમાં કયા જીવનિકાય સર્વથી બાદર, બાદરતર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાય સર્વથી બાદર, બાદરતર છે.

**૨૭ एयस्स णं भंते ! आउक्काइयस्स तेउक्काइयस्स वाउकाइयस्स कयरे काए सव्वबायरे, कयरे काए सव्वबायरतराए ?**

**गोयमा ! आउक्काए सव्वबादरे, आउक्काए सव्वबायरतराए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપ્કાય, અગ્નિકાય અને વાયુકાયમાં કયા જીવનિકાય સર્વથી બાદર, બાદરતર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અપ્કાય સર્વથી બાદર, બાદરતર છે.

**૨૮ एयस्स णं भंते ! तेउकाइयस्स वाउक्काइयस्स कयरे काए सव्वबायरे, कयरे काए सव्वबायरतराए ?**

**गोयमा ! तेउकाय सव्वबायरे, तेउक्काए सव्वबायरतराए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અગ્નિકાય અને વાયુકાયમાં કયા જીવનિકાય સર્વથી બાદર, બાદરતર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અગ્નિકાય સર્વથી બાદર, બાદરતર છે.

**વિવેચન :–**

પૂર્વોક્ત સૂત્રમાં પાંચ સ્થાવરોમાં સૂક્ષ્મ અને સૂક્ષ્મતરતાનું કથન કર્યું છે. તેમાં વનસ્પતિકાયને સર્વથી સૂક્ષ્મ કહી છે. પ્રસ્તુત સૂત્રમાં પાંચે સ્થાવરોમાં સ્થૂલ અને સ્થૂલતરતાનું કથન કર્યું છે, તેમાં પણ સર્વથી સ્થૂલ-બાદર વનસ્પતિકાય છે, તેમ કથન કર્યું છે. બંને સૂત્રમાં અપેક્ષા ભેદ છે. પૂર્વોક્ત સૂત્રમાં સૂક્ષ્મ વનસ્પતિકાયની અપેક્ષાએ સર્વથી સૂક્ષ્મતાનું કથન છે અને પ્રસ્તુત સૂત્રમાં પ્રત્યેક વનસ્પતિની અપેક્ષાએ સર્વથી સ્થૂલતાનું કથન છે.

**પૃથ્વીકાયના શરીરની વિશાળતા :–**

**૨૯ के महालए णं भंते ! पुढविसरीरे पण्णत्ते ?**

**गोयमा ! अणंताणं सुहुमवणस्सइकाइयाणं जावइया सरीरा से एगे**

**सुहुमवाउसरीरे, असंखेज्जाणं सुहुमवाउसरीराणं जावइया सरीरा से एगे सुहुमतेउसरीरे, असंखेज्जाणं सुहुमतेउकाइयसरीराणं जावइया सरीरा से एगे सुहुमे आउसरीरे, असंखेज्जाणं सुहुम आउक्काइयसरीराणं जावइया सरीरा से एगे सुहुमे पुढविसरीरे, असंखेज्जाणं सुहुमपुढवि काइयसरीराणं जावइया सरीरा से एगे बायरवाउसरीरे, असंखेज्जाणं बायरवाउक्काइयाणं जावइया सरीरा से एगे बायरतेउसरीरे, असंखेज्जाणं बायरतेउक्काइयाणं जावइया सरीरा से एगे बायरआउसरीरे, असंखेज्जाणं बायरआउक्काइयाणं जावइया सरीरा से एगे बायरपुढवि सरीरे। एमहालए णं गोयमा ! पुढविसरीरे पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોનું શરીર કેવડું મોટું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનંત સૂક્ષ્મ વનસ્પતિકાયિક જીવોના જેટલા શરીર હોય છે, તેટલું એક સૂક્ષ્મ વાયુકાયનું શરીર હોય છે. અસંખ્ય સૂક્ષ્મ વાયુકાયનું જેટલું શરીર હોય છે, તેટલું એક સૂક્ષ્મ અગ્નિકાયનું શરીર હોય છે. અસંખ્ય સૂક્ષ્મ અગ્નિકાયનું જેટલું શરીર હોય છે, તેટલું એક સૂક્ષ્મ અપ્કાયનું શરીર હોય છે, અસંખ્ય સૂક્ષ્મ અપ્કાયનું જેટલું શરીર હોય છે, તેટલું એક સૂક્ષ્મ પૃથ્વીકાયનું શરીર હોય છે. અસંખ્ય સૂક્ષ્મ પૃથ્વીકાયનું જેટલું શરીર હોય, તેટલું એક બાદર વાયુકાયનું શરીર હોય છે. અસંખ્ય બાદર વાયુકાયનું જેટલું શરીર હોય છે, તેટલું એક બાદર અગ્નિકાયનું શરીર હોય છે. અસંખ્ય બાદર અગ્નિકાયનું જેટલું શરીર હોય છે, તેટલું એક બાદર અપ્કાયનું શરીર હોય છે, અસંખ્ય બાદર અપ્કાયનું જેટલું શરીર હોય છે, તેટલું એક બાદર પૃથ્વીકાયનું શરીર હોય છે. હે ગૌતમ ! આટલું મોટું પૃથ્વીકાયનું શરીર હોય છે.

**વિવેચન :–**

પૂર્વોક્ત સૂત્રોમાં પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુકાયના શરીરમાં પૃથ્વીકાયને સ્થૂલ કહી છે. પ્રસ્તુત સૂત્રમાં પૃથ્વીકાયના શરીરની વિશાળતાનું અન્ય રીતે દર્શન કરાવ્યું છે. તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

**પૃથ્વીકાયિક જીવોની સૂક્ષ્મતા અને કઠોરતા :–**

**૩૦ पुढविकाइयस्स णं भंते ! केमहालिया सरीरोगाहणा पण्णत्ता ?**

**गोयमा ! से जहाणामए रण्णो चाउरंतचक्कवट्टिस्स वण्णगपेसिया तरुणी बलवं जुगवं जुवाणी अप्पायंका *जाव* णिउणसिप्पोवगया, णवरं चम्मेट्ठ-दुहण-मुट्ठिय समाहय-णिचिय-गत्तकाया ण भण्णइ, सेसं तं चेव । सा णं तिक्खाए वइरामईए सण्हकरणीए तिक्खेणं वइरामएणं वट्टावरएणं एगं महं पुढविकाइयं जउगोलासमाणं गहाय पडिसाहरिय-पडिसाहरिय पडिसंखिविय-पडिसंखिविय *जाव* इणामेव त्ति कट्टु तिसत्त-खुत्तो उप्पीसेज्जा, तत्थ णं गोयमा ! अत्थेगइया पुढविक्काइया आलिद्धा अत्थेगइया पुढविक्काइया णो आलिद्धा, अत्थेगइया संघट्टिया अत्थेगइया णो संघट्टिया, अत्थेगइया परियाविया अत्थेगइया णो परियाविया, अत्थेगइया उद्दविया अत्थेगइया णो उद्दविया, अत्थेगइया पिट्ठा अत्थेगइया णो पिट्ठा, पुढविकाइयस्स णं गोयमा ! एमहालिया सरीरोगाहणा पण्णत्ता ।**

**શબ્દાર્થ :– वण्णगपेसिया** = ચંદન ઘસનારી **तिक्खाए** = તીક્ષ્ણ-કઠોર **वइरामईए** = વજ્રમયી

**णिउणसिप्पोवगया** = કળામાં કુશળ **चम्मेट्ठदुहण मुट्ठियसमाहयणिचिय-गत्तकाया** = ચર્મેષ્ટ, દ્રુઘણ અને મુષ્ટિકાદિ વ્યાયામથી દઢ થયેલા શરીરથી યુક્ત **जउगोलासमाणं** = લાખના ગોળાની સમાન **पडिसाहरिय** = વારંવાર પિંડરૂપે ભેગું કરતી **पडिसंखिविय** = સમેટતી **ति-सत्तक्खुत्तो** = ૨૧ વાર **उप्पीसेज्जा** = જોરથી (પૂર્ણ શક્તિથી) પીસે-વાટે **आलिद्धा** = સ્પર્શ કરે છે **संघट्टिया** = સંઘર્ષિત થાય છે **पिट्ठा** = પીસાઈ જાય છે, વટાઈ જાય છે. **एमहालिया** = આટલી મહાન-અતિ સૂક્ષ્મ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોના શરીરની અવગાહના કેટલી હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કે કોઈ ચાતુરન્ત(ચારે દિશાના સ્વામી) ચક્રવર્તી રાજાની ચંદન ઘસનારી દાસી હોય, તે તરુણી, બલવતી, યુગવતી-સુષમ-દુઃષમ આદિ ત્રીજા-ચોથા આરામાં જન્મેલી, યુવાન નિરોગી ઈત્યાદિ વર્ણન યુક્ત ***યાવત્*** અત્યંત કળા કુશળ હોય, અહીં ***યાવત્*** શબ્દથી સંગ્રહિત થતા પાઠમાંથી ચર્મેષ્ટ, દ્રુઘણ અને મૌષ્ટિક આદિ વ્યાયામના સાધનોથી મજબૂત બનેલા શરીરવાળી હોય, ઈત્યાદિ વિશેષણોનું કથન ન કરવું જોઈએ. કારણ કે આ શબ્દો પુરુષ માટેની વ્યાયામની પ્રવૃત્તિના છે તે સ્ત્રીઓને માટે અહીં પ્રાસંગિક નથી. એવી દાસી પીસવાની વજ્રમયી કઠોર શિલા પર, વજ્રમયી કઠોર શિલાપુત્રક(વાટવાના પત્થર)થી લાખના ગોળા પરિમાણ એક મોટા પૃથ્વીકાયના પિંડને ગ્રહણ કરીને વારંવાર ભેગું કરતી અને સંક્ષેપ કરતી વાટે ***યાવત્*** 'આ હું અત્યારે જ તુરંત વાટી દઉં છું.' એવો વિચાર કરીને એકવીસ વાર વાટે હે ગૌતમ ! તો પણ તેમાંથી કેટલાક પૃથ્વીકાયના જીવોને તે શિલા અને શિલાપુત્રકનો સ્પર્શ થાય છે અને કેટલાકને તો સ્પર્શ પણ થતો નથી. કેટલાકનો સંઘર્ષ થાય છે, કેટલાકનો તો સંઘર્ષ પણ થતો નથી, કેટલાકને પીડા થાય છે. કેટલાકને પીડા પણ થતી નથી. કેટલાક જીવો મરે છે, કેટલાક મરતા નથી, કેટલાક વટાઈ જાય છે, કેટલાક વટાતા પણ નથી. હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવોની આટલી મહાન(અપેક્ષાથી સૂક્ષ્મ) અવગાહના હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રકારાન્તરથી પૃથ્વીકાયિકની અવગાહનાનું નિદર્શન છે.

પૂર્વોક્ત સૂત્રમાં ૪૪ બોલના અવગાહનાના અલ્પબહુત્વનું કથન કર્યું છે તેમાં બાદર પૃથ્વીકાયની જઘન્ય અવગાહના નવમા બોલમાં છે. અર્થાત્ સૂક્ષ્મ નિગોદથી લઈને ત્યાર પછીના આઠ બોલોની અવગાહના ક્રમશઃ અસંખ્યાત ગુણી કરવાથી પૃથ્વીકાયની જઘન્ય અવગાહના પ્રાપ્ત થાય છે તથા ઉત્કૃષ્ટ અવગાહના ૩૮મા બોલમાં છે. અહીં જઘન્ય ઉત્કૃષ્ટના વિકલ્પ વિના પૃચ્છા હોવાથી તે પૃથ્વીપિંડમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ તથા મધ્યમ અનેક અવગાહનાવાળા પૃથ્વીકાયિક જીવો હોય છે, તેમ સમજવું જોઈએ.

તે પૃથ્વીકાયના જીવોને ચક્રવર્તીની દાસી વજ્રમયી શિલાપર વજ્રમયી પથ્થરથી લાખના ગોળા જેટલા પૃથ્વીકાયને ૨૧ વાર પીસે, તેમ છતાં તેમાંથી કેટલાક જીવો મરે છે, કેટલાક જીવો મરતા નથી અને કેટલાકને સ્પર્શ થાય છે, કેટલાકને સ્પર્શ પણ થતો નથી. આ રીતે સ્પષ્ટ થાય છે કે પૃથ્વીકાયિક જીવોની અવગાહના વાયુકાય, અગ્નિકાય કે અપ્કાયથી મોટી હોવા છતાં આ દષ્ટાંતથી અપેક્ષાએ તેની સૂક્ષ્મતા અને કઠોરતા પ્રગટ થાય છે.

**સ્થાવર જીવોની પીડા :–**

**૩૧** **पुढविकाइए णं भंते ! अक्कंते समाणे केरिसियं वेयणं पच्चणुब्भवमाणे विहरइ ?**

**गोयमा ! से जहाणामए केइ पुरिसे तरुणे बलवं** *जाव* **णिउणसिप्पोवगए एगं पुरिसं जुण्णं जराजज्जरियदेहं** *जाव* **दुब्बलं किलंतं जमलपाणिणा मुद्धाणंसि अभिहणिज्जा, से णं गोयमा ! पुरिसे तेणं पुरिसेणं जमलपाणिणा मुद्धाणंसि अभिहए समाणे केरिसियं वेयणं पच्चणुब्भवमाणे विहरइ ? अणिट्ठं समणाउसो ! तस्स णं गोयमा ! पुरिसस्स वेयणाहिंतो पुढविकाइए अक्कंते समाणे एत्तो अणिट्ठतरियं चेव अकंततरियं** *जाव* **अमणामतरियं चेव वेयणं पच्चणुब्भवमाणे विहरइ ।**

**શબ્દાર્થ :– अक्कंते** = આક્રાન્ત થવા પર, આક્રમણ થવા પર, પ્રતાડિત થવા પર **जमलपाणिणा** = મુષ્ટિથી, બંને હાથેથી **किलंतं** = ક્લાન્ત **जराजज्जरियदेहं** = જરાથી જર્જરિત શરીરવાળા **मुद्धाणंसि** = મસ્તક પર.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોને આક્રાન્ત કરવા પર(તેને વાટવા પર) તે કેવા પ્રકારની પીડાનો અનુભવ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે કોઈ યુવાન, બલવાન ***યાવત્*** અત્યંત કલાકુશળ પુરુષ કોઈ જીર્ણ જરાથી જર્જરિત ***યાવત્*** દુર્બલ અને ક્લાન્ત(રોગથી પીડિત) શરીરી પુરુષના મસ્તક પર બંને મુષ્ટિથી પ્રહાર કરે, તો તે પુરુષ દ્વારા મુષ્ટિ પ્રહાર થતાં તે વૃદ્ધ પુરુષ કેવા પ્રકારની પીડાનો અનુભવ કરે ? 'હે ભગવન્ ! તે વૃદ્ધ અત્યંત અનિષ્ટ પીડાનો અનુભવ કરે છે'.

હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવોને આક્રાન્ત કરવા પર તે જીવો, વૃદ્ધ પુરુષની વેદનાથી પણ અધિક અનિષ્ટતર, અપ્રિય ***યાવત્*** અત્યંત અમનોજ્ઞ પીડાનો અનુભવ કરે છે.

**३२ आउयाए णं भंते ! संघट्टिए समाणे केरिसियं वेयणं पच्चणुब्भवमाणे विहरइ ।**

**गोयमा ! जहा पुढविकाइए । एवं तेउकाए वि, एवं वाउकाए वि, वणस्सइकाए वि ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે અપ્કાયિક જીવનું સંઘટન(સંઘર્ષ-સ્પર્શ) થાય છે, ત્યારે તે કેવી રીતે વેદનાનો અનુભવ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયની સમાન અપ્કાયની વેદનાને પણ જાણવી જોઈએ. તે જ રીતે અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાયને માટે પણ જાણવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પાંચ સ્થાવરોની વેદના છદ્મસ્થોને ઈન્દ્રિયગોચર થતી નથી. તેથી ભગવાને વૃદ્ધ પુરુષના દૃષ્ટાંતથી આ વિષયને સ્પષ્ટ કર્યો છે. કારણ કે વૃદ્ધ પુરુષની વેદના મનુષ્ય માટે બુદ્ધિગમ્ય થઈ શકે છે. પાંચે સ્થાવર જીવોની વેદના વૃદ્ધ પુરુષની અપેક્ષાએ અત્યંત અનિષ્ટ અને અમનોજ્ઞ હોય છે.

**॥ શતક ૧૯/૩ સંપૂર્ણ ॥**

# શતક–૧૯ : ઉદ્દેશક–૪

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં જીવોમાં મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના અને મહાનિર્જરાના વિવિધ વિકલ્પોનું પ્રતિપાદન છે.

★ સૂત્રકારે મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના અને મહાનિર્જરા તે ચાર બોલનો પરસ્પર સંયોગ કરીને ૧૬ ભંગથી પ્રશ્નો પૂછ્યા છે.

★ નારકોને મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના અને અલ્પનિર્જરા, તે બીજો ભંગ હોય છે. શેષ ભંગની શક્યતા નથી. તે જીવોને પૂર્વના અશુભ કર્મોના ઉદયે અને વર્તમાનના અવિરતિના પરિણામે મહાશ્રવ અને મહાક્રિયા હોય છે. તે જીવોને પ્રાયઃ અશાતા વેદનીય કર્મોનો જ ઉદય હોવાથી મહાવેદના છે અને કર્મનિર્જરાનું કોઈ પણ સાધન ત્યાં ન હોવાથી તે જીવોને અલ્પ નિર્જરા જ થાય છે.

★ ચારે જાતિના દેવોમાં મહાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના અને અલ્પનિર્જરાનો ચોથો ભંગ હોય છે. તે જીવોને અવિરતિના પરિણામો હોવાથી દેવભવમાં પણ મહાશ્રવ અને મહાક્રિયા હોય છે. પુણ્યોદયે પ્રાયઃ અશાતાનો ઉદય ન થવાથી અલ્પવેદના છે અને નિર્જરાનું સાધન ન હોવાથી અલ્પનિર્જરા હોય છે.

★ ઔદારિક શરીરી પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં પરિણામોની વિચિત્રતા અને વિભિન્નતા હોય છે. તે જીવોને નારકોની જેમ એકાંત દુઃખની જ પ્રધાનતા કે દેવોની જેમ અનુકૂળતાની જ પ્રધાનતા હોતી નથી. ત્યાં ક્ષેત્રજન્ય, સંયોગજન્ય અને સ્વકર્મજન્ય પરિણામોમાં અનેક પ્રકારની વિવિધતા હોય છે. તેથી પ્રત્યેક જીવોના પરિણામ અનુસાર તેમાં મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, મહાનિર્જરા આદિ સોળ ભંગ સંભવિત છે.

❖❖❖❖❖

# શતક–૧૯ : ઉદ્દેશક–૪

## મહાશ્રવ

**નૈરયિકોમાં મહાશ્રવાદિ :–**

**१ सिय भंते ! णेरइया महासवा महाकिरिया महावेयणा महाणिज्जरा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ, મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના અને મહાનિર્જરાવાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**२ सिय भंते ! णेरइया महासवा महाकिरिया महावेयणा अप्प णिज्जरा ? गोयमा ! हंता सिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ, મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના અને અલ્પનિર્જરાવાળા હોય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! હોય છે.

**३ सिय भंते ! णेरइया महासवा महाकिरिया अप्पवेयणा महा-णिज्जरा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ, મહાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના અને મહાનિર્જરાવાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**४ सिय भंते ! णेरइया महासवा महाकिरिया अप्पवेयणा अप्पणिज्जरा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ, મહાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના અને અલ્પનિર્જરાવાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**५ सिय भंते ! णेरइया महासवा अप्पकिरिया महावेयणा महाणिज्जरा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ, મહાશ્રવ, અલ્પક્રિયા, મહાવેદના અને મહાનિર્જરાવાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**६ सिय भंते ! णेरइया महासवा अप्पकिरिया महावेयणा अप्पणिज्जरा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ, મહાશ્રવ, અલ્પક્રિયા, મહાવેદના અને અલ્પનિર્જરા-વાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૭ सिय भंते ! णेरइया महासवा अप्पकिरिया अप्पवेयणा महाणिज्जरा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ, મહાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના અને મહાનિર્જરા-વાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૮ सिय भंते ! णेरइया महासवा अप्पकिरिया अप्पवेयणा अप्पणिज्जरा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ, મહાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના અને અલ્પનિર્જરા-વાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૯ सिय भंते ! णेरइया अप्पासवा महाकिरिया महावेयणा महाणिज्जरा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ, અલ્પાશ્રવ, મહાક્રિયા, મહાવેદના અને મહાનિર્જરા-વાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૧૦ सिय भंते ! णेरइया अप्पासवा महाकिरिया महावेयणा अप्पणिज्जरा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ, અલ્પાશ્રવ, મહાક્રિયા, મહાવેદના અને અલ્પનિર્જરા-વાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૧૧ सिय भंते ! णेरइया अप्पासवा महाकिरिया अप्पवेयणा महाणिज्जरा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ, અલ્પાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના અને મહાનિર્જરા-વાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૧૨ सिय भंते ! णेरइया अप्पासवा महाकिरिया अप्पवेयणा अप्पणिज्जरा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ, અલ્પાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના અને અલ્પનિર્જરા-વાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૧૩ सिय भंते ! णेरइया अप्पासवा अप्पकिरिया महावेयणा महाणिज्जरा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરિયક જીવ, અલ્પાશ્રવ, અલ્પક્રિયા, મહાવેદના અને મહાનિર્જરા-

વાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૧૪ सिय भंते ! णेरइया अप्पासवा अप्पकिरिया महावेयणा अप्पणिज्जरा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ, અલ્પાશ્રવ, અલ્પક્રિયા, મહાવેદના અને અલ્પનિર્જરા-વાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૧૫ सिय भंते ! णेरइया अप्पासवा अप्पकिरिया अप्पवेयणा महाणिज्जरा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ, અલ્પાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના અને મહાનિર્જરા-વાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૧૬ सिय भंते ! णेरइया अप्पासवा अप्पकिरिया अप्पवेयणा अप्पणिज्जरा ? गोयमा ! णो इणट्ठे समट्ठे । एए सोलस भंगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ અલ્પાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના અને અલ્પનિર્જરા-વાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. આ રીતે સોળ ભંગની પૃચ્છા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સોળ સૂત્રોમાં મહાશ્રવાદિ ચતુષ્કના ૧૬ ભંગ આપ્યા છે. જીવોના શુભાશુભ પરિણામો અનુસાર આશ્રવ, ક્રિયા, વેદના અને નિર્જરા હોય છે. પરિણામોની તીવ્રતાના કારણે આશ્રવ આદિ ચારે મહારૂપે થાય છે અને પરિણામોની મંદતાના કારણે આશ્રવાદિ ચારે અલ્પરૂપે થાય છે. કયા જીવોને કોની અધિકતા અને કોની અલ્પતા પ્રાપ્ત થાય છે તેની સ્પષ્ટતા કરવા માટે મહાશ્રવ, ક્રિયા, વેદના નિર્જરા આ ચારના ચતુઃસંયોગી સોળ ભંગ બને છે, તે આ પ્રમાણે છે.

**મહાશ્રવાદિના ૧૬ ભંગ :–**

| | | | |
|---|---|---|---|
| ૧ | મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, મહાનિર્જરા | ૯ | અલ્પાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, મહાનિર્જરા |
| ૨ | મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, અલ્પનિર્જરા | ૧૦ | અલ્પાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, અલ્પનિર્જરા |
| ૩ | મહાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના, મહાનિર્જરા | ૧૧ | અલ્પાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના, મહાનિર્જરા |
| ૪ | મહાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરા | ૧૨ | અલ્પાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરા |
| ૫ | મહાશ્રવ, અલ્પક્રિયા, મહાવેદના, મહાનિર્જરા | ૧૩ | અલ્પાશ્રવ, અલ્પક્રિયા, મહાવેદના, મહાનિર્જરા |
| ૬ | મહાશ્રવ, અલ્પક્રિયા, મહાવેદના, અલ્પનિર્જરા | ૧૪ | અલ્પાશ્રવ, અલ્પક્રિયા, મહાવેદના, અલ્પનિર્જરા |
| ૭ | મહાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના, મહાનિર્જરા | ૧૫ | અલ્પાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના, મહાનિર્જરા |
| ૮ | મહાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરા | ૧૬ | અલ્પાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરા |

પૂર્વોક્ત ૧૬ ભંગમાંથી નૈરયિકોમાં મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, અલ્પનિર્જરા આ બીજો ભંગ પ્રાપ્ત થાય છે. કારણ કે નૈરયિકોમાં અવિરતિના પરિણામોથી કર્મબંધ અધિક થાય છે તેથી મહાશ્રવી છે,

તેને કાયિકી આદિ ક્રિયા પણ અધિક હોય છે. તેને અશાતા વેદનીયનો તીવ્ર ઉદય હોય છે. તેથી તે મહાવેદના-વાળા હોય છે. તે જીવોને અવિરતિના જ પરિણામ હોવાથી અલ્પનિર્જરાવાળા હોય છે.

**ભવનપતિ દેવોમાં મહાશ્રવ આદિ :–**

**૧૭ सिय भंते ! असुरकुमारा महासवा महाकिरिया महावेयणा महाणिज्जरा ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं चउत्थो भंगो भाणियव्वो, सेसा पण्णरस भंगा खोडेयव्वा। एवं** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર મહાશ્રવ, મહાક્રિયા મહાવેદના અને મહાનિર્જરાવાળા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. આ રીતે અહીં કેવળ ચોથા ભંગનું જ કથન કરવું જોઈએ. શેષ પંદર ભંગનો નિષેધ કરવો જોઈએ. આ જ રીતે ***યાવત્*** સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.

**વિવેચન :–**

દેવોમાં પણ અવિરતિ ભાવની પરંપરા હોવાથી તેને મહાશ્રવ અને મહાક્રિયા હોય છે. તે ઉપરાંત દેવગતિમાં પુણ્યોદયે પ્રાયઃ અશાતા વેદનાનો અનુભવ થતો નથી. તેથી અલ્પવેદના જ હોય છે. તેમજ દેવભવમાં નિર્જરાના સાધનભૂત સંયમ અને તપનો અભાવ હોવાથી મહાનિર્જરા થતી નથી. તેથી તે જીવોને અલ્પનિર્જરા હોય છે. આ રીતે દેવોમાં મહાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરા તે એક જ ભંગ ઘટિત થાય છે.

**પાંચ સ્થાવરાદિમાં મહાશ્રવાદિ :–**

**૧૮ सिय भंते ! पुढविक्काइया महासवा महाकिरिया महावेयणा महाणिज्जरा ?**

**गोयमा ! हंता सिया । एवं** *जाव–*

**सिय भंते ! पुढविकाइया अप्पासवा अप्पकिरिया अप्पवेयणा अप्पणिज्जरा ? गोयमा ! हंता सिया । एवं** *जाव* **मणुस्सा । वाणमंतर-जोइसिय-वेमाणिया जहा असुरकुमारा ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના અને મહાનિર્જરા-વાળા હોય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! છે. આ રીતે ***યાવત્***—

**પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ અલ્પાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરાવાળા હોય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! છે. આ રીતે મનુષ્યો સુધી જાણવું જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકોનું કથન અસુરકુમારની સમાન જાણવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે.॥

**વિવેચન :–**

પ્રસ્તુત એક સૂત્રમાં ઔદારિકના દશ દંડકના જીવોમાં મહાશ્રવ આદિનું નિરૂપણ છે.

**ઔદારિકના દસ દંડક :–** (૧–૫) એકેન્દ્રિય, (૬) બેઇન્દ્રિય, (૭) તેઇન્દ્રિય, (૮) ચૌરેન્દ્રિય, (૯) તિર્યંચ પંચેન્દ્રિય અને (૧૦) મનુષ્ય. આ દસમાં પરિણામોની વિવિધતા કે વિચિત્રતાના કારણે તેના પરિણામાનુસાર સર્વ ભંગ પ્રાપ્ત થાય છે.

**૨૪ દંડકના જીવોમાં મહાશ્રવાદિ ભંગ :–**

| જીવ | ભંગ |
|---|---|
| નારકોના એક દંડકમાં | બીજો ભંગ– મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, અલ્પ નિર્જરા |
| દેવોના તેર દંડકમાં | ચોથો ભંગ– મહાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરા |
| ઔદારિકના દસ દંડકમાં | સોળે-સોળ ભંગ |

## ॥ શતક ૧૯/૪ સંપૂર્ણ ॥

# શતક–૧૯ : ઉદ્દેશક–૫

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં જીવના ચરમ અને પરમ તે બે પ્રકાર કરીને તેની અપેક્ષાએ મહાકર્મ, અલ્પકર્માદિનું તેમજ બે પ્રકારની વેદનાનું નિરૂપણ છે.

★ જે જીવ પોતાના આયુષ્યની અલ્પતમ શેષ સ્થિતિ ભોગવી રહ્યા હોય તે જીવોને **ચરમ** અને જે જીવોને પોતાના આયુષ્યની દીર્ઘ સ્થિતિ ભોગવવાની હોય તે જીવોને **પરમ** કહે છે. તેમજ અલ્પસ્થિતિ-વાળાને **ચરમ** અને દીર્ઘ સ્થિતિવાળાને **પરમ** કહે છે.

★ પરમ નૈરયિકોની અપેક્ષાએ ચરમ નૈરયિકો અલ્પકર્મ, અલ્પક્રિયા, અલ્પાશ્રવ અને અલ્પવેદનાનો અનુભવ કરે છે કારણ કે તેના ઘણા અશુભકર્મો ભોગવાઈ ગયા હોય છે અને ચરમ નૈરયિકોની અપેક્ષાએ પરમ નૈરયિકો મહાકર્મ, મહાક્રિયા, મહાશ્રવ અને મહાવેદનાનો અનુભવ કરે છે. કારણ કે તેને દીર્ઘાયુષ્ય સાથે અશુભ કર્મો ભોગવવાના બાકી હોય છે. પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યનું કથન પણ નારકોની સમાન જ છે.

★ પરમ દેવોની અપેક્ષાએ ચરમ દેવો મહાકર્મ, મહાક્રિયા, મહાશ્રવ અને મહાવેદનાનો અનુભવ કરે છે કારણ કે તેના દેવાયુષ્ય સાથે શુભ કર્મો ભોગવાઈ ગયા છે અને મનુષ્ય કે તિર્યંચ ગતિના ભોગવવા યોગ્ય ઘણા કર્મોનો બંધ તેણે કરી લીધો હોય છે. ચરમ દેવોની અપેક્ષાએ પરમ દેવો અલ્પકર્મ, અલ્પક્રિયાદિનું વેદન કરે છે. કારણ કે તેને દીર્ઘ દેવાયુનો ભોગવટો કરવાનો છે. તેમાં પ્રાયઃ શુભકર્મોને જ ભોગવવાના છે. અને અશુભ કર્મો અલ્પ જ હોય છે. આ રીતે આ સર્વ કથન સાપેક્ષ છે.

★ વેદનાના બે પ્રકાર છે. નિદા વેદના અને અનિદા વેદના. જે વેદનાનું વેદન સમજણપૂર્વક વ્યક્તરૂપે થાય તે **નિદા વેદના**. જે વેદનાનું વેદન અજ્ઞાનદશામાં અવ્યક્તરૂપે થાય તે **અનિદાવેદના.**

★ નૈરયિક, ભવનપતિ અને વ્યંતરોમાં જે અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાંથી આવેલા છે તે અનિદાવેદના વેદે છે અને જે સંજ્ઞી તિર્યંચ અને મનુષ્યમાંથી આવેલા છે તે નિદાવેદનાનો અનુભવ કરે છે.

★ જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં મિથ્યાદષ્ટિ દેવો અનિદાવેદનાનો અને સમ્યગ્દષ્ટિ દેવો નિદા વેદનાનો અનુભવ કરે છે.

★ પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્યો અનિદા વેદનાનો અનુભવ કરે છે.

★ સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય નિદા વેદનાનો અનુભવ કરે છે.

❖❖❖❖❖

# શતક–૧૯ : ઉદ્દેશક–પ

## ચરમ

**ચરમ અને પરમના આધારે મહાકર્મત્વ-અલ્પકર્મત્વ :–**

**१** **अत्थि णं भंते ! चरिमा वि णेरइया परमा वि णेरइया ? गोयमा ! हंता अत्थि।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિક ચરમ(અલ્પાયુષ્યવાળા) પણ છે અને પરમ(અધિક આયુષ્ય-વાળા) પણ છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! છે.

**२** **से णूणं भंते ! चरमेहिंतो णेरइएहिंतो परमा णेरइया महाकम्मतरा चेव, महाकिरियतरा चेव, महासवतरा चेव, महावेयणतरा चेव, परमेहिंतो वा णेरइएहिंतो चरमा णेरइया अप्पकम्मतरा चेव, अप्पकिरियतरा चेव, अप्पासवतरा चेव, अप्पवेयणतरा चेव ?**

**हंता गोयमा ! चरमेहिंतो णेरइएहिंतो परमा** *जाव* **महावेयणतरा चेव, परमेहिंतो वा णेरइएहिंतो चरमा णेरइया** *जाव* **अप्पवेयणतरा चेव ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–** *जाव* **अप्पेवेयणतरा चेव ? गोयमा ! ठिइं पडुच्च, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ–** *जाव* **अप्पवेयणतरा चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું ચરમ નૈરયિકોની અપેક્ષાએ પરમ નૈરયિકો મહાકર્મ, મહાક્રિયા, મહાશ્રવ અને મહાવેદનાવાળા છે ? તથા પરમ નૈરયિકોની અપેક્ષાએ ચરમ નૈરયિકો અલ્પકર્મ, અલ્પક્રિયા, અલ્પાશ્રવ અને અલ્પવેદનાવાળા છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! ચરમ નૈરયિકોની અપેક્ષાએ પરમ નૈરયિકો મહાકર્મ, મહાક્રિયા, મહાશ્રવ અને મહાવેદનાવાળા છે અને પરમ નૈરયિકોની અપેક્ષાએ ચરમ નૈરયિકો અલ્પકર્મ, અલ્પક્રિયા, અલ્પાશ્રવ અને અલ્પવેદનાવાળા છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ***યાવત્*** પરમ નૈરયિકોની અપેક્ષાએ ચરમ નૈરયિકો અલ્પકર્મ, અલ્પક્રિયા, અલ્પાશ્રવ અને અલ્પવેદનાવાળા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સ્થિતિ(આયુષ્ય)ની અપેક્ષાએ તે જીવો અલ્પકર્મ, અલ્પક્રિયા, અલ્પાશ્રવ અને અલ્પવેદનાવાળા હોય છે.

**३** **अत्थि णं भंते ! चरमा वि असुरकुमारा परमा वि असुरकुमारा ?**

**गोयमा ! हंता अत्थि । एवं चेव णिरवसेसं, णवरं विवरीयं भाणियव्वं– परमा अप्पकम्मा, चरमा महाकम्मा । सेसं तं चेव । एवं** *जाव* **थणियकुमारा । पुढविकाइया**

*जाव* **मणुस्सा एए जहा णेरइया । वाणमंतर-जोइसिय-वेमाणिया जहा असुरकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અસુરકુમાર દેવો ચરમ પણ હોય છે અને પરમ પણ હોય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! છે. આ જ રીતે અસુરકુમારની સંપૂર્ણ વક્તવ્યતા નારકની સમાન જાણવી. પરંતુ અહીં વિપરીત કથન કરવું જોઈએ. યથા– પરમ અસુરકુમાર(અશુભકર્મની અપેક્ષાએ) અલ્પકર્મી હોય છે અને ચરમ અસુરકુમાર મહાકર્મી હોય છે. શેષ કથન નારક સમાન જાણવું. સ્તનિતકુમાર પર્યંત આ જ રીતે જાણવું જોઈએ. જે રીતે નૈરયિકોને માટે કથન કર્યું છે, તે જ રીતે પૃથ્વીકાયિકથી મનુષ્ય સુધી જાણવું. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકોનું કથન અસુરકુમારની સમાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચરમ અને પરમના આધારે જીવો માટે મહાકર્મ-અલ્પકર્મ આદિનું નિરૂપણ છે.

**ચરમ :–** આયુષ્યના અંતિમભાગમાં વર્તતા જીવો અને અલ્પાયુષ્યવાળા જીવો **ચરમ** કહેવાય છે. તે જીવોમાં નારકી અને ઔદારિકના દશ દંડક અલ્પકર્મ, અલ્પ ક્રિયાવાળા હોય છે અને દેવોના ૧૩ દંડકમાં ચરમજીવો અપેક્ષાકૃત મહાકર્મ, મહાક્રિયાવાળા હોય છે.

**પરમ :–** ચરમ સિવાયના જીવો પરમ કહેવાય છે અર્થાત્ દીર્ઘાયુષ્યવાળા અને આયુષ્યનો દીર્ઘકાલ અવશેષ (બાકી) છે તેવા જીવો **પરમ** કહેવાય છે. પરમ જીવો દેવોના તેર દંડકમાં અલ્પકર્મા હોય છે અને અવશેષ નારકી અને ૧૦ ઔદારિકના દંડકમાં અપેક્ષાકૃત મહાકર્મ, મહાક્રિયાવાળા હોય છે. આ સૂત્રોક્ત કથન ચરમ અને પરમની પારસ્પરિક અપેક્ષાએ છે તેમજ બહુલતાની અપેક્ષાએ છે.

**ચરમ-પરમ ઔદારિકના દશ દંડકના જીવો :–** સૂત્રકારે તેનું કથન નૈરયિકની સમાન કહ્યું છે. ઔદારિકના દશ દંડકના જીવોમાં પરિણામોની વિવિધતા છે. ત્યાં નારકોની જેમ એકાંત પાપનો ઉદય અથવા દેવોની જેમ પુણ્યનો ઉદય હોય તેવું નથી. તેમ છતાં ઔદારિકના દશ દંડકમાં અપેક્ષાએ અશુભકર્મી જીવોની બહુલતા હોય છે. શુભકર્મી જીવો અલ્પસંખ્યક જ હોય છે. તેથી તેનું કથન નારકોની જેમ થાય છે અર્થાત્ ચરમ પૃથ્વીકાયાદિ જીવો અલ્પકર્માદિવાળા અને પરમ પૃથ્વીકાયાદિ જીવો મહાકર્માદિવાળા હોય છે.

ચરમ અને પરમનું સૂત્રોક્ત સમસ્ત કથન સાપેક્ષ છે અથવા બહુલતાની અપેક્ષાએ છે.

**વેદનાના પ્રકાર :–**

**૪ कइविहा णं भंते ! वेयणा पण्णत्ता ? गोयमा ! दुविहा वेयणा पण्णत्ता । तं जहा– णिदा य अणिदा य ।**

**શબ્દાર્થ :– णिदा** = વ્યક્ત રીતે, અનુભવપૂર્વક, ભાન પૂર્વક **अणिदा** = અજાણપણે, અવ્યક્ત, બેભાન દશામાં, ન અનુભવતાં.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વેદનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વેદનાના બે પ્રકાર છે. યથા– નિદા વેદના અને અનિદા વેદના.

**૫ णेरइया णं भंते ! किं णिदायं वेयणं वेयंति, अणिदायं ? गोयमा ! जहा पण्णवणाए** *जाव* **वेमाणिय त्ति ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક નિદા વેદના વેદે છે કે અનિદા વેદના ? **ઉત્તર–** હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના ૩૫મા પદ અનુસાર જાણવું. આ રીતે વૈમાનિકો સુધી જાણવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમસ્તજીવોની વેદનાને બે પ્રકારે નિરૂપિત કરી છે.

**નિદા અને અનિદા વેદના :–** આ બંને જૈન આગમિક શબ્દો છે. નિદાવેદના એટલે વ્યક્ત વેદના; અનિદાવેદના એટલે અવ્યક્ત વેદના. પ્રસ્તુતમાં તે શબ્દ પ્રયોગ બે પ્રકારના અર્થનો સૂચક છે. યથા– (૧) સંજ્ઞી જીવો નિદા વેદના વેદે છે, અસંજ્ઞી જીવો અનિદા વેદના વેદે છે. (૨) સમકિતી જીવો નિદા વેદના વેદે છે, મિથ્યાત્વી જીવો અનિદા વેદના વેદે છે.

પ્રજ્ઞાપના સૂત્રાનુસાર નૈરયિક, ભવનપતિ અને વાણવ્યંતરમાં જે સંજ્ઞી જીવોમાંથી આવીને ઉત્પન્ન થાય તે જીવોને નિદા વેદના અને જે જીવો અસંજ્ઞી જીવોમાંથી આવીને ઉત્પન્ન થાય તે જીવોને અનિદા વેદના હોય છે, પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયમાં અનિદા વેદના હોય છે. મનુષ્ય અને તિર્યંચમાં બંને પ્રકારની વેદના હોય છે. જ્યોતિષી અને વૈમાનિકોમાં બંને પ્રકારની વેદના હોય છે, તેમાં મિથ્યાદષ્ટિ દેવોને અનિદા વેદના અને સમ્યગ્દૃષ્ટિ દેવને નિદા વેદના હોય છે.

**॥ શતક ૧૯/૫ સંપૂર્ણ ॥**

# શતક–૧૯ : ઉદ્દેશક–૬

## દ્વીપ

**દ્વીપ સમુદ્ર સંબંધી વક્તવ્યતા :–**

**१ कहि णं भंते ! दीवसमुद्दा ? केवइया णं भंते ! दीवसमुद्दा ? किं संठिया णं भंते ! दीवसमुद्दा ?**

**गोयमा ! जहा जीवाभिगमे दीवसमुद्दुद्देसो सो चेव इह वि जोइसियमंडल उद्देसगवज्जो भाणियव्वो** *जाव* **परिणामो, जीवउववाओ** *जाव* **अणंतखुत्तो ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્વીપ અને સમુદ્ર ક્યાં છે ? અને કેટલા છે ? હે ભગવન્ ! દ્વીપ-સમુદ્રોનો આકાર કેવો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવાભિગમ સૂત્રની ત્રીજી પ્રતિપત્તિમાં 'જ્યોતિષ્ક મંડલ' ઉદ્દેશકને છોડીને સંપૂર્ણ દ્વીપ-સમુદ્રોદેશકના પરિણામ સુધીનું કથન અહીં કરવું જોઈએ. અંતે જીવ ઉપપાત દ્વારમાં ત્યાં પ્રત્યેક જીવ અનંતવાર ઉત્પન્ન થઈ ગયા છે તેમ કહેવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ઉદ્દેશકમાં દ્વીપ-સમુદ્ર સંબંધી સંપૂર્ણ વક્તવ્યતાનું કથન જીવાભિગમસૂત્રના અતિદેશપૂર્વક કર્યું છે.

**દ્વીપ-સમુદ્ર :–** તિરછા લોકમાં અસંખ્ય દ્વીપ અને સમુદ્ર છે. તેમાં મધ્યનો દ્વીપ જંબૂદ્વીપ છે. તેનો આકાર થાળી જેવો છે. તેના ફરતા સમુદ્ર અને દ્વીપ ક્રમશઃ બમણા પરિમાણવાળા અને ચૂડીના આકારે સંસ્થિત છે. અંતે સ્વયંભૂરમણ સમુદ્ર છે. આ પ્રત્યેક સ્થાને જીવે પૂર્વે અનંતવાર જન્મ-મરણ કર્યા છે.

**॥ શતક ૧૯/૬ સંપૂર્ણ ॥**

# શતક–૧૯ : ઉદ્દેશક–૭

## ભવન

**દેવાવાસની સંખ્યા અને સ્વરૂપ :–**

**૧ केवइया णं भंते ! असुरकुमार-भवणावास-सयसहस्सा पण्णत्ता ? गोयमा ! चउसट्ठिं असुरकुमार-भवणावास-सयसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારોના કેટલા લાખ ભવનાવાસ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમારોના ૬૪ લાખ ભવનાવાસ છે.

**૨ ते णं भंते ! किंमया पण्णत्ता ?**

**गोयमा ! सव्वरयणामया, अच्छा, सण्हा** *जाव* **पडिरूवा । तत्थ णं बहवे जीवा य पोग्गला य वक्कमंति, विउक्कमंति, चयंति, उववज्जंति । सासया णं ते भवणा दव्वट्ठयाए; वण्णपज्जवेहिं** *जाव* **फासपज्जवेहिं असासया । एवं** *जाव* **थणियकुमारावासा ।**

**શબ્દાર્થ :– दव्वट्ठयाए** = દ્રવ્યાર્થિક નયથી **किंमया** = શેના બનેલા છે ? **वक्कमंति** = જે જીવો પહેલાં ત્યાં ક્યારે ય ઉત્પન્ન થયા નથી, તેવા જીવો ઉત્પન્ન થાય છે **विउक्कमंति** = (૧) વિશેષરૂપે ઉત્પન્ન થાય છે– (૨) વિનષ્ટ થાય છે **चयंति** = ચ્યુત થાય છે, મરે છે, નીકળે છે **उववज्जंति** = પુનઃ ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે ભવનાવાસ કેવા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે ભવનાવાસ સર્વ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ,(કોમલ) ***યાવત્*** મનોહર છે. ત્યાં અનેક પ્રકારના જીવો અને પુદ્ગલો પૂર્વે ઉત્પન્ન ન થયેલા ઉત્પન્ન થાય છે અને વિશેષરૂપે ઉત્પન્ન થાય છે, ચ્યવે છે, પુનઃ ઉત્પન્ન થાય છે. તે ભવન દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ શાશ્વત છે તથા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પર્યાયોની અપેક્ષાએ અશાશ્વત છે. આ રીતે સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.

**૩ केवइया णं भंते ! वाणमंतर-भोमेज्ज-णयरावास-सयसहस्सा पण्णत्ता ? गोयमा ! असंखेज्ज वाणमंतर-भोमेज्ज-णयरावास-सयसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાણવ્યંતર દેવોના ભૂમિની અંતર્ગત કેટલા લાખ નગરો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! વાણવ્યંતર દેવોના ભૂમિની અંતર્ગત અસંખ્યાત લાખ નગરો છે.

**૪ ते णं भंते ! किंमया पण्णत्ता ? गोयमा ! तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાણવ્યંતર દેવોના નગર શેના બનેલા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું.

**૫** **केवइया णं भंते ! जोइसिय-विमाणावास-सयसहस्सा पुच्छा ? गोयमा ! असंखेज्जा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યોતિષી દેવોના કેટલા લાખ વિમાન છે ? **ઉત્તર–** ગૌતમ ! અસંખ્ય લાખ વિમાન છે.

**૬** **ते णं भंते ! किंमया पण्णत्ता ? गोयमा ! सव्वफालिहामया, अच्छा, सेसं तं चेव।**

**શબ્દાર્થ :– सव्वफालिहामया** = સર્વ સ્ફટિક રત્નમય

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે વિમાનવાસ શેના બનેલા છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે વિમાનવાસ સર્વ સ્ફટિક રત્નમય અને સ્વચ્છ છે, શેષ વર્ણન પૂર્વવત્ જાણવું.

**૭** **सोहम्मे णं भंते ! कप्पे केवइया विमाणावास-सयसहस्सा पण्णत्ता ? गोयमा ! बत्तीसं विमाणावाससयसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મ કલ્પમાં કેટલા લાખ વિમાનાવાસ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં બત્રીસ લાખ વિમાનાવાસ છે.

**૮** **ते णं भंते ! किंमया पण्णत्ता ?**

**गोयमा ! सव्वरयणामया, अच्छा, सेसं तं चेव** *जाव* **अणुत्तरविमाणा, णवरं जाणेयव्वा जत्थ जत्तिया विमाणा ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે વિમાનાવાસ શેના બનેલા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સર્વ રત્નમય અને સ્વચ્છ છે. શેષ સર્વ પૂર્વવત્ જાણવું. આ રીતે અનુત્તર વિમાન સુધી કથન કરવું જોઈએ. પરંતુ જેના જેટલા વિમાન હોય તેટલાનું કથન કરવું. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ઉદ્દેશકમાં ચારે જાતિના દેવોના આવાસની સંખ્યા અને તેના સ્વરૂપને સમજાવ્યું છે. ભવનપતિ દેવોના આવાસને ભવન, વ્યંતરોના આવાસને નગર અને જ્યોતિષી તેમજ વૈમાનિક દેવોના આવાસને વિમાન કહે છે. ભવનપતિના ભવનો અધોલોકમાં નરક પૃથ્વીઓમાં છે. વ્યંતરોના નગરો મધ્યલોકમાં ભૂમિની અંતર્ગત છે. જ્યોતિષીના વિમાનો સમપૃથ્વીથી ૭૯૦ યોજનથી ૯૦૦ યોજનની ઊંચાઈમાં મધ્યલોકમાં છે અને વૈમાનિકના વિમાનો ઊર્ધ્વલોકમાં છે.

**દેવોની આવાસ સંખ્યા અને સ્વરૂપ :–**

| દેવ | આવાસ | સંખ્યા | રત્ન સ્વરૂપ |
|---|---|---|---|
| ભવનપતિ | ભવન | ૬૪ લાખ | સર્વ રત્નમય |
| વ્યંતર | નગરો | અસંખ્યાત લાખ | સર્વ રત્નમય |
| જ્યોતિષી | વિમાન | અસંખ્યાત લાખ | સ્ફટિક રત્નમય |
| સૌધર્મ | વિમાન | ૩૨ લાખ | સર્વ રત્નમય |

| | | | |
|---|---|---|---|
| ઈશાન | વિમાન | ૨૮ લાખ | સર્વ રત્નમય |
| સનત્ કુમાર | વિમાન | ૧૨ લાખ | સર્વ રત્નમય |
| માહેન્દ્ર | વિમાન | ૮ લાખ | સર્વ રત્નમય |
| બ્રહ્મલોક | વિમાન | ૪ લાખ | સર્વ રત્નમય |
| લાન્તક | વિમાન | ૫૦ હજાર | સર્વ રત્નમય |
| મહાશુક્ર | વિમાન | ૪૦ હજાર | સર્વ રત્નમય |
| સહસ્રાર | વિમાન | ૬ હજાર | સર્વ રત્નમય |
| આનત-પ્રાણત | વિમાન | ૪૦૦ | સર્વ રત્નમય |
| આરણ-અચ્યુત | વિમાન | ૩૦૦ | સર્વ રત્નમય |
| નવ ગ્રૈવેયકમાં પ્રથમત્રિક | વિમાન | ૧૧૧ | સર્વ રત્નમય |
| નવ ગ્રૈવેયકમાં બીજીત્રિક | વિમાન | ૧૦૭ | સર્વ રત્નમય |
| નવ ગ્રૈવેયકમાં ત્રીજીત્રિક | વિમાન | ૧૦૦ | સર્વ રત્નમય |
| પાંચ અનુત્તર વિમાન | વિમાન | ૫ | સર્વ રત્નમય |

આ સર્વ આવાસોમાં જ્યોતિષી દેવોના વિમાન સર્વ સ્ફટિક રત્નમય છે. શેષ ત્રણ જાતિના દેવોના ભવન, નગર અને વિમાન સર્વરત્નમય છે. તે સર્વ દ્રવ્યાર્થિક નયથી શાશ્વત છે. વર્ણાદિ પર્યાયની અપેક્ષાએ અશાશ્વત છે. તેમાં જીવ અને પુદ્ગલોનો ચય-ઉપચય થયા કરે છે.

**॥ શતક ૧૯/૭ સંપૂર્ણ ॥**

# શતક–૧૯ : ઉદ્દેશક–૮

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં ૧૯ પ્રકારે નિર્વૃત્તિનું કથન કર્યું છે.

★ નિષ્પત્તિ, ઉત્પત્તિ અથવા રચનાને **નિર્વૃત્તિ** કહે છે. વિવિધ દષ્ટિકોણથી તેના ૧૯ પ્રકાર છે.

★ (૧) જીવની એકેન્દ્રિય આદિ રૂપે નિષ્પત્તિ(ઉત્પત્તિ) થવી તે **જીવનિર્વૃત્તિ** છે. જીવના ભેદ અનુસાર તેના ૫ણ ભેદ-પ્રભેદ થાય છે.

★ (૨) રાગ દ્વેષના નિમિત્તથી કાર્મણ વર્ગણાની કર્મરૂપે નિષ્પત્તિ, પરિણતિ થવી તેને **કર્મ નિર્વૃત્તિ** કહે છે. આઠ કર્મની અપેક્ષાએ તેના આઠ ભેદ છે. ૨૪ દંડકના જીવોને આઠ કર્મ નિર્વૃત્તિ હોય છે.

★ (૩–૪) આહારના પુદ્‌ગલનું શરીરરૂપે પરિણત થવું, રચના થવી તેને **શરીર નિર્વૃત્તિ** કહે છે. તેના ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ શરીર, તે પાંચ ભેદ છે. સર્વ ઇન્દ્રિયોના આકારરૂપે શરીરની રચના થવી તેને **સર્વેન્દ્રિય નિર્વૃત્તિ** કહે છે, તેના પાંચ ભેદ છે.

★ (૫–૬) જીવ દ્વારા ભાષાવર્ગણાના પુદ્‌ગલોનું ભાષારૂપે પરિણત થવું, ભાષાની ઉત્પત્તિ થવી તેને **ભાષા નિર્વૃત્તિ** કહે છે. તેના સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર ભાષા તે ચાર ભેદ છે. જીવ દ્વારા મનોવર્ગણાના પુદ્‌ગલોનું મનરૂપે પરિણત થવું, મનરૂપે ઉત્પન્ન થવું, તે **મનોનિર્વૃત્તિ** છે. તેના પણ ચાર ભેદ છે.

★ (૭) આત્મપરિણામોનું ક્રોધાદિરૂપે પરિણત થવું, ક્રોધાદિનું ઉત્પન્ન થવું તેને **કષાયનિર્વૃત્તિ** કહે છે. તેના ક્રોધ, માન, માયા અને લોભ તે ચાર ભેદ છે.

★ (૮–૧૨) જીવ શરીરનું કૃષ્ણાદિ વર્ણરૂપે પરિણત થવું તેને **વર્ણનિર્વૃત્તિ** કહે છે. તે જ રીતે ગંધ, રસ અને સ્પર્શ નિર્વૃત્તિ થાય છે. તે ચારે યના પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ તે ૨૦ ભેદ છે. જીવશરીરની સમચતુરસ્રાદિ આકારરૂપે નિષ્પત્તિ-રચના થવી તેને **સંસ્થાન નિર્વૃતિ** કહે છે. તેના છ ભેદ છે.

અજીવના પણ પાંચ પ્રકારના સંસ્થાન હોય છે. પરંતુ અહીં જીવનિર્વૃત્તિ અને જીવના જ વિવિધ ભાવોની અપેક્ષાએ નિર્વૃત્તિનું કથન હોવાથી જીવ સંસ્થાન જ ગ્રહણ થાય છે.

★ (૧૩) આત્મ પરિણામોનું સંજ્ઞારૂપે પરિણત થવું તેને **સંજ્ઞા નિર્વૃત્તિ** કહે છે. તેના ૪ ભેદ છે.

★ (૧૪–૧૫) કષાય અને યોગના નિમિત્તથી આત્મપરિણામોનું તે તે ભાવે પરિણત થવું તેને **લેશ્યા નિર્વૃત્તિ** કહે છે. તેના છ ભેદ છે. આત્મ પરિણામોનું સમ્યગ્, મિથ્યા કે મિશ્રરૂપે પરિણત થવું તેને **દષ્ટિ નિર્વૃત્તિ** કહે છે. તેના ત્રણ ભેદ છે.

★ (૧૬–૧૭) આત્મપરિણામોનું વિશેષબોધરૂપ જ્ઞાનાકારે પરિણત થવું તે **જ્ઞાનનિર્વૃત્તિ** અને મિથ્યા જ્ઞાનાકારે પરિણત થવું તેને **અજ્ઞાનનિર્વૃત્તિ** કહે છે, જ્ઞાનના પાંચ અને અજ્ઞાનના ત્રણ ભેદ છે.

★ (૧૮) જીવની યોગરૂપ નિષ્પત્તિ-રચનાને **યોગનિર્વૃત્તિ** કહે છે. તેના ત્રણ ભેદ છે.

★ (૧૯) જ્ઞાન-દર્શન રૂપ ચૈતન્ય શક્તિના વ્યાપારને ઉપયોગ કહે છે. જીવની તે રૂપે નિષ્પત્તિ થવી તેને **ઉપયોગનિર્વૃત્તિ** કહે છે. તેના બે ભેદ છે. ૨૪ દંડકના જીવોમાં યથાયોગ્ય ૧૯ પ્રકારની નિર્વૃત્તિ પ્રાપ્ત થાય છે.

❖❖❖❖❖

# શતક–૧૯ : ઉદ્દેશક–૮

## નિર્વૃત્તિ

**જીવ નિર્વૃત્તિ :–**

**१** **कइविहा णं भंते ! जीवणिव्वत्ती पण्णत्ता ?**

**गोयमा ! पंचविहा जीवणिव्वत्ती पण्णत्ता, तं जहा– एगिंदियजीवणिव्वत्ती** *जाव* **पंचिंदियजीवणिव्वत्ती ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ નિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ નિર્વૃત્તિના પાંચ પ્રકાર છે. યથા– એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિથી પંચેન્દ્રિય જીવ નિર્વૃત્તિ.

**२** **एगिंदियजीवणिव्वत्ती णं भंते ! कइविहा पण्णत्ता ?**

**गोयमा ! पंचविहा पण्णत्ता, तं जहा– पुढविक्काइय-एगिंदिय-जीवणिव्वत्ती** *जाव* **वणस्सइकाइय-एगिंदिय-जीवणिव्वत्ती ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પાંચ પ્રકાર છે. યથા– પૃથ્વીકાયિક જીવ નિર્વૃત્તિ ***યાવત્*** વનસ્પતિકાયિક જીવ નિર્વૃત્તિ.

**३** **पुढविकाइय-एगिंदिय-जीवणिव्वत्ती णं भंते ! कइविहा पण्णत्ता ?**

**गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा– सुहुमपुढविकाइय-एगिंदियजीव-णिव्वत्ती य बायरपुढविकाइय-एगिंदिय-जीवणिव्वत्ती । एवं एएणं अभिलावेणं भेदो जहा वड्डगबंधे तेयगसरीरस्स,** *जाव—*

**सव्वट्ठसिद्ध-अणुत्तरोववाइय-कप्पाईय-वेमाणिय-देवपंचिंदिय-जीवणिव्वत्ती णं भंते! कइविहा पण्णत्ता ?**

**गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा– पज्जत्तग-सव्वट्ठसिद्ध-अणुत्तरोववाइय कप्पाईय-वेमाणिय देवपंचिंदियजीवणिव्वत्ती य अपज्जत्तगसव्वट्ठसिद्धाणुत्तरोववाइय कप्पाईय-वेमाणियदेव-पंचिंदिय-जीवणिव्वत्ती य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! બે પ્રકાર છે. યથા– સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ અને બાદર પૃથ્વીકાયિક એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ; આ અભિલાપ(કથન પદ્ધતિ) દ્વારા શતક-૮/૯માં બૃહદ્ બંધાધિકારમાં કથિત તૈજસ શરીરના ભેદોની સમાન અહીં પણ જાણવું જોઈએ ***યાવત્***—

**પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક દેવ પંચેન્દ્રિય જીવ નિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! બે પ્રકાર છે. યથા– પર્યાપ્ત સવાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક દેવ પંચેન્દ્રિય જીવ નિર્વૃત્તિ અને અપર્યાપ્ત સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક દેવ પંચેન્દ્રિય જીવ નિર્વૃત્તિ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં જીવ નિર્વૃત્તિના ભેદ-પ્રભેદનો ઉલ્લેખ કર્યો છે.

**जीवणिव्वत्ति :–** નિર્વૃત્તિ એટલે નિષ્પત્તિ, રચના, કોઈપણ વસ્તુની ઉત્પત્તિની પૂર્ણતા.

જીવ નિર્વૃત્તિ એટલે (૧) જીવોની એકેન્દ્રિયાદિ પર્યાયરૂપે નિષ્પત્તિ-ઉત્પત્તિ થવી (૨) એકેન્દ્રિયાદિ રૂપે પૂર્ણ રચના થવી, તેને એકેન્દ્રિય જીવનિર્વૃત્તિ કહેવાય. તેમાં એકેન્દ્રિય જાતિ નામ કર્મનો ઉદય હોય છે. આ રીતે જીવના ભેદ-પ્રભેદ અનુસાર નિર્વૃત્તિના ભેદ-પ્રભેદ થાય છે. તે જ રીતે આ પછીનાં સૂત્રોમાં પણ કર્મ, શરીર વગેરેના જેટલા પ્રકાર હોય તેટલા પ્રકારની નિર્વૃત્તિ થાય છે.

**કર્મ નિર્વૃત્તિ :-**

**૪ कइविहा णं भंते ! कम्मणिव्वत्ती पण्णत्ता ? गोयमा ! अट्ठविहा कम्मणिव्वत्ती पण्णत्ता, तं जहा– णाणावरणिज्ज-कम्मणिव्वत्ती *जाव* अंतराइयकम्मणिव्वत्ती ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કર્મ નિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કર્મ નિર્વૃત્તિના આઠ પ્રકાર છે, યથા– જ્ઞાનાવરણીય કર્મ નિર્વૃત્તિ ***યાવત્*** અંતરાય કર્મ નિર્વૃત્તિ.

**૫ णेरइयाणं भंते ! कइविहा कम्मणिव्वत्ती पण्णत्ता ?**

**गोयमा ! णेरइयाणं अट्ठविहा कम्मणिव्वत्ती पण्णत्ता, तं जहा– णाणावरणिज्ज-कम्मणिव्वत्ती *जाव* अंतराइयकम्मणिव्वत्ती । एवं *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવોને કેટલા પ્રકારની કર્મ નિર્વૃત્તિ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોને આઠ પ્રકારની કર્મ-નિર્વૃત્તિ હોય છે. યથા– જ્ઞાનાવરણીય કર્મ નિર્વૃત્તિ ***યાવત્*** અંતરાય કર્મ નિર્વૃત્તિ. આ રીતે વૈમાનિક પર્યંત જાણવું.

**શરીર નિર્વૃત્તિ :-**

**૬ कइविहा णं भंते ! सरीरणिव्वत्ती पण्णत्ता ? गोयमा ! पंचविहा सरीरणिव्वत्ती पण्णत्ता, तं जहा– ओरालिय-सरीरणिव्वत्ती *जाव* कम्मगसरीरणिव्वत्ती ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! શરીર-નિર્વૃત્તિના કેટલા પ્રકાર છે? **ઉત્તર–** હે ગૌતમ! શરીર નિર્વૃત્તિના પાંચ પ્રકાર છે. યથા– ઔદારિકશરીર નિર્વૃત્તિ ***યાવત્*** કાર્મણ શરીર નિર્વૃત્તિ.

**૭ णेरइयाणं भंते ! पुच्छा ?**

**गोयमा ! णेरइयाणं तिविहा सरीर णिव्वत्ती पण्णत्ता तं जहा– वेउव्वियसरीर-णिव्वत्ती, तेयासरीरणिव्वत्ती, कम्मगसरीरणिव्वत्ती । एवं** *जाव* **वेमाणियाणं । णवरं णायव्वं जस्स जइ सरीराणि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! નૈરયિકોને કેટલા પ્રકારની શરીર નિર્વૃત્તિ હોય છે?

**ઉત્તર–** હે ગૌતમ! નૈરયિકોને ત્રણ પ્રકારની શરીર નિર્વૃત્તિ હોય છે, યથા– વૈક્રિય શરીર નિર્વૃત્તિ, તૈજસ શરીર નિર્વૃત્તિ, કાર્મણ શરીર નિર્વૃત્તિ. આ રીતે વૈમાનિકો સુધી જેને જેટલા શરીર હોય, તેટલી નિર્વૃત્તિનું કથન કરવું જોઈએ.

**ઇન્દ્રિય નિર્વૃત્તિ :–**

**૮ कइविहा णं भंते ! सव्विंदियणिव्वत्ती पण्णत्ता ?**

**गोयमा ! पंचविहा सव्विंदियणिव्वत्ती पण्णत्ता, तं जहा– सोइंदियणिव्वत्ती** *जाव* **फासिंदियणिव्वत्ती । एवं णेरइयाणं** *जाव* **थणियकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! સર્વેન્દ્રિય નિર્વૃત્તિના કેટલા પ્રકાર હોય છે?

**ઉત્તર–** હે ગૌતમ! સર્વ પ્રકારની ઇન્દ્રિય નિર્વૃત્તિના પાંચ પ્રકાર છે. યથા– શ્રોતેન્દ્રિય નિર્વૃત્તિ ***યાવત્*** સ્પર્શેન્દ્રિય નિર્વૃત્તિ. આ રીતે નૈરયિકથી સ્તનિતકુમાર સુધી જાણવું.

**૯ पुढविकाइयाणं भंते ! पुच्छा ?**

**गोयमा ! एगा फासिंदियणिव्वत्ती पण्णत्ता । एवं जस्स जइ इंदियाणि** *जाव* **वेमाणियाणं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! પૃથ્વીકાયિક જીવોને કેટલી ઇન્દ્રિય નિર્વૃત્તિ હોય છે?

**ઉત્તર–** હે ગૌતમ! એક સ્પર્શેન્દ્રિય નિર્વૃત્તિ હોય છે. આ રીતે વૈમાનિક સુધી જેને જેટલી ઇન્દ્રિય હોય, તેટલી ઇન્દ્રિય નિર્વૃત્તિ કહેવી જોઈએ.

**ભાષા નિર્વૃત્તિ :–**

**૧૦ कइविहा णं भंते ! भासाणिव्वत्ती पण्णत्ता ?**

**गोयमा ! चउव्विहा भासाणिव्वत्ती पण्णत्ता, तं जहा– सच्चाभासा-णिव्वत्ती, मोसभासा-णिव्वत्ती, सच्चामोसभासा-णिव्वत्ती, असच्चामोसभासा-णिव्वत्ती । एवं एगिंदियवज्जं जस्स जा भासा** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાષા નિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ભાષા નિર્વૃત્તિના ચાર પ્રકાર છે. યથા– સત્યભાષા નિર્વૃત્તિ, મૃષાભાષા નિર્વૃત્તિ, સત્યમૃષા ભાષા નિર્વૃત્તિ અને અસત્યામૃષા ભાષા નિર્વૃત્તિ. આ રીતે એકેન્દ્રિયને છોડીને વૈમાનિક સુધી જેને જે ભાષા હોય, તેને તેટલી ભાષાનું કથન કરવું જોઈએ.

**મનો નિર્વૃત્તિ :–**

**૧૧ कइविहा णं भंते ! मणणिव्वत्ती पण्णत्ता ?**

**गोयमा ! चउव्विहा मणणिव्वत्ती पण्णत्ता, तं जहा– सच्चमणणिव्वत्ती** *जाव* **असच्चामोस मणणिव्वत्ती । एवं एगिंदियविगलिंदियवज्जं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનોનિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મનોનિર્વૃત્તિના ચાર પ્રકાર છે. યથા– સત્યમનોનિર્વૃત્તિ ***યાવત્*** અસત્યામૃષા મનોનિર્વૃત્તિ. આ રીતે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયને છોડીને વૈમાનિક સુધી કથન કરવું જોઈએ.

**કષાય-નિર્વૃત્તિ :–**

**૧૨ कइविहा णं भंते ! कसायणिव्वत्ती पण्णत्ता ?**

**गोयमा ! चउव्विहा कसायणिव्वत्ती पण्णत्ता, तं जहा– कोहकसायणिव्वत्ती** *जाव* **लोहकसायणिव्वत्ती । एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કષાય નિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કષાય નિર્વૃત્તિના ચાર પ્રકાર છે. યથા– ક્રોધકષાય નિર્વૃત્તિ ***યાવત્*** લોભ કષાય નિર્વૃત્તિ. આ રીતે વૈમાનિક પર્યંત જાણવું.

**વર્ણ નિર્વૃત્તિ :–**

**૧૩ कइविहा णं भंते ! वण्णणिव्वत्ती पण्णत्ता ?**

**गोयमा ! पंचविहा वण्णणिव्वत्ती पण्णत्ता, तं जहा– कालावण्णणिव्वत्ती** *जाव* **सुक्किल्लवण्णणिव्वत्ती, एवं णिरवसेसं** *जाव* **वेमाणियाणं । एवं गंधणिव्वत्ती दुविहा** *जाव* **वेमाणियाणं । रसणिव्वत्ती पंचविहा** *जाव* **वेमाणियाणं । फासणिव्वत्ती अट्ठविहा** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વર્ણનિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વર્ણનિર્વૃત્તિના પાંચ પ્રકાર છે, યથા– કૃષ્ણવર્ણ નિર્વૃત્તિ યાવત્ શુક્લ વર્ણ નિર્વૃત્તિ. આ રીતે સર્વ વર્ણનું કથન વૈમાનિક પર્યંત જાણવું. આ જ રીતે બે પ્રકારની ગંધ નિર્વૃત્તિ, પાંચ પ્રકારની રસ નિર્વૃત્તિ અને આઠ પ્રકારની સ્પર્શ નિર્વૃત્તિનું વર્ણન વૈમાનિક સુધી જાણવું.

**સંસ્થાન નિર્વૃત્તિ :-**

**१४ कइविहा णं भंते ! संठाणणिव्वत्ती पण्णत्ता ? गोयमा ! छव्विहा संठाणणिव्वत्ती पण्णत्ता, तं जहा– समचउरंस-संठाणणिव्वत्ती** *जाव* **हुंड-संठाण-णिव्वत्ती ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંસ્થાન નિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સંસ્થાન નિર્વૃત્તિના છ પ્રકાર છે. યથા– સમચતુરસ્ર સંસ્થાન નિર્વૃત્તિ ***યાવત્*** હુંડક સંસ્થાન નિર્વૃત્તિ.

**१५ णेरइयाणं भंते ! पुच्छा ? गोयमा ! एगा हुंडसंठाणणिव्वत्ती पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારની સંસ્થાન નિર્વૃત્તિ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ! એક હુંડ સંસ્થાન નિર્વૃત્તિ હોય છે.

**१६ असुरकुमाराणं भंते ! पुच्छा ? गोयमा ! एगा समचउरंस-संठाणणिव्वत्ती पण्णत्ता । एवं** *जाव* **थणियकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારોને કેટલા પ્રકારની સંસ્થાન નિર્વૃત્તિ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક સમચતુરસ્ર સંસ્થાન નિર્વૃત્તિ હોય છે. આ જ રીતે સ્તનિતકુમાર પર્યંત જાણવું જોઈએ.

**१७ पुढविकाइयाणं भंते ! पुच्छा ? गोयमा ! एगा मसूरचंदसंठाणणिव्वत्ती पण्णत्ता । एवं जस्स जं संठाणं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોને કેટલા પ્રકારની સંસ્થાન નિર્વૃત્તિ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક મસૂરની દાળ સમાન સંસ્થાન નિર્વૃત્તિ કહી છે. આ રીતે જેને જે સંસ્થાન હોય તેનું કથન કરવું જોઈએ ***યાવત્*** વૈમાનિક પર્યંત જાણવું.

**વિવેચન :-**

પાંચ સ્થાવર જીવોને એક હુંડ સંસ્થાન હોય છે તેમ છતાં પૃથ્વીકાય આદિના આકારોની ભિન્નતા દર્શાવવાં સૂત્રકારે તેના જુદા-જુદા સંસ્થાન દર્શાવ્યા છે. તે અનુસાર (૧) પૃથ્વીકાયનું મસુરની દાળ સમાન (૨) અપ્કાયનું પાણીના પરપોટા સમાન (૩) તેઉકાયનું સોયના ભારા સમાન (૪) વાયુકાયનું ધ્વજાપતાકાની સમાન (૫) વનસ્પતિકાયનું વિવિધ પ્રકારનું સંસ્થાન હોય છે.

**સંજ્ઞા નિર્વૃત્તિ :-**

**१८ कइविहा णं भंते ! सण्णा-णिव्वत्ती पण्णत्ता ?**

**गोयमा ! चउव्विहा सण्णा-णिव्वत्ती पण्णत्ता, तं जहा– आहारसण्णा-णिव्वत्ती** *जाव* **परिग्गहसण्णा-णिव्वत्ती । एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંજ્ઞા નિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંજ્ઞા નિર્વૃત્તિના ચાર પ્રકાર છે. યથા– આહારસંજ્ઞા નિર્વૃત્તિ ***યાવત્*** પરિગ્રહ સંજ્ઞા નિર્વૃત્તિ. આ રીતે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.

**લેશ્યા નિર્વૃત્તિ :–**

**૧૯** **कइविहा णं भंते ! लेस्साणिव्वत्ती पण्णत्ता ?**

**गोयमा ! छव्विहा लेस्साणिव्वत्ती पण्णत्ता, तं जहा– कण्हलेस्साणिव्वत्ती** *जाव* **सुक्कलेस्साणिव्वत्ती । एवं** *जाव* **वेमाणियाणं, जस्स जइ लेस्साओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લેશ્યા નિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! લેશ્યા નિર્વૃત્તિના છ પ્રકાર છે, યથા– કૃષ્ણ લેશ્યાનિર્વૃત્તિ ***યાવત્*** શુક્લ લેશ્યા નિર્વૃત્તિ. આ રીતે વૈમાનિક પર્યંત જેને જેટલી લેશ્યા હોય, તેટલી લેશ્યા નિર્વૃત્તિનું કથન કરવું જોઈએ.

**દૃષ્ટિ નિર્વૃત્તિ :–**

**૨૦** **कइविहा णं भंते ! दिट्ठीणिव्वत्ती पण्णत्ता ?**

**गोयमा ! तिविहा दिट्ठीणिव्वत्ती पण्णत्ता, तं जहा– सम्मदिट्ठीणिव्वत्ती, मिच्छादिट्ठिणिव्वत्ती, सम्मामिच्छादिट्ठीणिव्वत्ती । एवं** *जाव* **वेमाणियाणं, जस्स जइविहा दिट्ठी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દૃષ્ટિ નિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દૃષ્ટિ નિર્વૃત્તિના ત્રણ પ્રકાર છે, યથા– સમ્યગ્દૃષ્ટિ નિર્વૃત્તિ, મિથ્યાદૃષ્ટિ નિર્વૃત્તિ અને સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ નિર્વૃત્તિ. આ રીતે વૈમાનિક સુધી જેને જેટલી દૃષ્ટિ હોય તે પ્રકારે કથન કરવું જોઈએ.

**જ્ઞાન-નિર્વૃત્તિ :–**

**૨૧** **कइविहा णं भंते ! णाणणिव्वत्ती पण्णत्ता ?**

**गोयमा ! पंचविहा णाणणिव्वत्ती पण्णत्ता, तं जहा– आभिणिबोहियणाण-णिव्वत्ती** *जाव* **केवलणाण-णिव्वत्ती । एवं एगिंदियवज्जं** *जाव* **वेमाणियाणं, जस्स जइ णाणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાન-નિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્ઞાન-નિર્વૃત્તિના પાંચ પ્રકાર છે. યથા– આભિનિબોધિક જ્ઞાન-નિર્વૃત્તિ ***યાવત્*** કેવળજ્ઞાન નિર્વૃત્તિ. આ રીતે એકેન્દ્રિય છોડીને વૈમાનિક સુધી જેને જેટલા જ્ઞાન હોય તે પ્રમાણે કથન કરવું જોઈએ.

**અજ્ઞાન-નિર્વૃત્તિ :–**

**૨૨** **कइविहा णं भंते ! अण्णाणणिव्वत्ती पण्णत्ता ?**

**गोयमा ! तिविहा अण्णाणणिव्वत्ती पण्णत्ता, तं जहा– मइअण्णाण-णिव्वत्ती, सुयअण्णाणणिव्वत्ती, विभंगणाणणिव्वत्ती । एवं जस्स जइ अण्णाणा** *जाव* **वेमाणियाणं**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અજ્ઞાન નિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અજ્ઞાન નિર્વૃત્તિના ત્રણ પ્રકાર છે, યથા– મતિ અજ્ઞાન નિર્વૃત્તિ, શ્રુત અજ્ઞાન નિર્વૃત્તિ અને વિભંગજ્ઞાન નિર્વૃત્તિ. આ રીતે વૈમાનિક સુધી જેને જેટલા અજ્ઞાન હોય, તે પ્રમાણે કથન કરવું જોઈએ.

**યોગ-નિર્વૃત્તિ :–**

**૨૩ कइविहा णं भंते ! जोगणिव्वत्ती पण्णत्ता ?**

**गोयमा ! तिविहा जोगणिव्वत्ती पण्णत्ता, तं जहा– मणजोग-णिव्वत्ती, वयजोग-णिव्वत्ती, कायजोगणिव्वत्ती । एवं *जाव* वेमाणियाणं, जस्स जइविहो जोगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! યોગ નિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! યોગ નિર્વૃત્તિના ત્રણ પ્રકાર છે. યથા– મનોયોગ નિર્વૃત્તિ, વચનયોગ નિર્વૃત્તિ અને કાયયોગ નિર્વૃત્તિ. આ રીતે વૈમાનિક સુધી જેને જેટલા યોગ હોય, તે પ્રમાણે કથન કરવું જોઈએ.

**ઉપયોગ-નિર્વૃત્તિ :–**

**૨૪ कइविहा णं भंते ! उवओगणिव्वत्ती पण्णत्ता ?**

**गोयमा ! दुविहा उवओगणिव्वत्ती पण्णत्ता, तं जहा– सागारोवओग-णिव्वत्ती, अणागारोवओगणिव्वत्ती । एवं *जाव* वेमाणियाणं ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપયોગ નિર્વૃત્તિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઉપયોગ નિર્વૃત્તિના બે પ્રકાર છે. યથા– સાકારોપયોગ નિર્વૃત્તિ અને અનાકારોપયોગ નિર્વૃત્તિ. આ રીતે વૈમાનિકો સુધી જાણવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ઉદ્દેશકમાં જીવ, કર્મ આદિ ૧૯ પ્રકારે નિર્વૃત્તિના ભેદ પ્રભેદનું કથન કરીને ૨૪ દંડકમાં પ્રાપ્ત થતી નિર્વૃત્તિનું કથન કર્યું છે. જે સર્વ ભાવાર્થ અને સારાંશથી સ્પષ્ટ છે. વ્યાખ્યામાં આ સર્વ પૃચ્છાઓને ૧૯ દ્વારરૂપે સંગ્રહણી ગાથામાં નિબદ્ધ કર્યા છે. યથા–

**जीवाणं णिव्वत्ती, कम्मप्पगडी सरीरणिव्वत्ती ।**
**सव्विंदियणिव्वत्ती, भासा य मणे कसाया य ॥**
**वण्णे गंधे रसे फासे, संठाणसण्णा य होइ बोद्धव्वो ।**
**लेसा दिट्ठी णाणाणाणे, उवओगे चेव जोगे य**

**ગાથાર્થ:–** (૧) જીવ (૨) કર્મ પ્રકૃતિ (૩) શરીર (૪) સર્વેન્દ્રિય (૫) ભાષા (૬) મન (૭) કષાય (૮) વર્ણ (૯) ગંધ (૧૦) રસ (૧૧) સ્પર્શ (૧૨) સંસ્થાન (૧૩) સંજ્ઞા (૧૪) લેશ્યા (૧૫) દષ્ટિ (૧૬) જ્ઞાન (૧૭) અજ્ઞાન (૧૮) યોગ (૧૯) ઉપયોગ; આ સર્વની નિર્વૃત્તિનું કથન આ ઉદ્દેશકમાં કર્યું છે.

**૨૪ દંડકના જીવોમાં નિર્વૃત્તિના ભેદ-પ્રભેદ :–**

| ક્રમ | નિવૃત્તિ | નારક | દેવ | પાંચસ્થા. | ત્રણ વિક. | તિર્યંચ.પં. | મનુષ્ય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જીવ | ૧૪ ભેદ | ૧૯૮ ભેદ | ૨૨ ભેદ | ૬ ભેદ | ૨૦ ભેદ | ૩૦૩ ભેદ |
| ૨ | કર્મ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ |
| ૩ | શરીર | ૩ વૈ.તૈ.કા. | ૩ વૈ.તૈ.કા. | વાયુ–૪ ઔ.વૈ.તૈ.કા. શેષમાં–૩ ઔ.તૈ.કા. | ૩ ઔ.તૈ.કા. | ૪ ઔ.વૈ.તૈ.કા. | ૫ |
| ૪ | ઈન્દ્રિય | ૫ | ૫ | ૧ | ૨,૩,૪ | ૫ | ૫ |
| ૫ | ભાષા | ૪ પ્રકારની | ૪ પ્રકારની | × | વ્યવહારભાષા | ૪ પ્રકારની | ૪ પ્રકારની |
| ૬ | મન | ૪ પ્રકારના | ૪ | × | × | ૪ | ૪ |
| ૭ | કષાય | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ |
| ૮-૧૧ | વર્ણાદિ | ૨૦ બોલ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| ૧૨ | સંસ્થાન | હૂંડ | સમચતુરંસ | હૂંડ | હૂંડ | ૬ | ૬ |
| ૧૩ | સંજ્ઞા | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ |
| ૧૪ | લેશ્યા | પ્રથમ–૩ | ભવન.–૪ વ્યંતર–૪ જ્યો.– ૧ વૈમા.– ૩ | પૃથ્વી, પાણી, વન.માં.– ૪ તેઉ. વાયુ.માં-૩ | ૩ | ૬ | ૬ |
| ૧૫ | દષ્ટિ | ૩ | ૩ | મિથ્યા | ૨ | ૩ | ૩ |
| ૧૬ | જ્ઞાન | ૩ | ૩ | × | ૨ | ૩ | ૫ |
| ૧૭ | અજ્ઞાન | ૩ | ૩ | ૨ | ૨ | ૩ | ૩ |
| ૧૮ | યોગ | ૩ | ૩ | કાયયોગ | વચન–કાયા | ૩ | ૩ |
| ૧૯ | ઉપયોગ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ |

**॥ શતક ૧૯/૮ સંપૂર્ણ ॥**

# શતક ૧૯ : ઉદ્દેશક–૯

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં કરણનું સ્વરૂપ અને તેના ભેદ-પ્રભેદનું પ્રતિપાદન છે.

★ જેના દ્વારા ક્રિયા થાય તે કરણ, ક્રિયામાં જે સાધન નિમિત્ત બને તે કરણ. જેમકે લેખન ક્રિયામાં પેન મહત્તમ નિમિત્ત બને છે તેથી પેનને કરણ કહેવાય. તેમજ ક્રિયા તે જ કરણ-લેખન ક્રિયા કરવી તે કરણ છે.

★ તેના મુખ્ય ભેદ પાંચ છે. દ્રવ્યકરણ, ક્ષેત્રકરણ, કાલકરણ, ભવકરણ અને ભાવકરણ.

(૧) જ્યારે કોઈ પણ ક્રિયામાં જે દ્રવ્ય નિમિત્ત બને તે **દ્રવ્યકરણ**. જેમ કે છેદન ક્રિયામાં દાતરડું.

(૨) જ્યારે કોઈ પણ ક્રિયામાં ક્ષેત્ર નિમિત્ત બને તે **ક્ષેત્રકરણ**. જેમ કે રણપ્રદેશમાં અત્યંત તૃષાનો અનુભવ થવો. અહીં તૃષાની અનુભૂતિમાં રણપ્રદેશ રૂપ ક્ષેત્ર નિમિત્ત બને છે.

(૩) જ્યારે કોઈ કાલ નિમિત્ત બને તે **કાલકરણ**. જેમ કે ઉનાળામાં ગરમીની અનુભૂતિ થવી.

(૪) જ્યારે કોઈ પણ ક્રિયામાં ભવ નિમિત્ત બને તે **ભવકરણ**. જેમ કે સિંહ, વાઘ, કૂતરા, બિલાડી, ગરોળી વગેરે હિંસક પશુઓમાં હિંસક પ્રવૃત્તિ ભવનિમિત્તક હોય છે, માટે તે પ્રવૃત્તિ **ભવકરણ** છે.

(૫) જ્યારે કોઈ પણ ક્રિયામાં ભાવ નિમિત્ત બને તે **ભાવકરણ** છે. જેમ કે કર્મબંધની પ્રક્રિયામાં રાગદ્વેષાદિ ભાવ નિમિત્ત બને છે.

આ પાંચ પ્રકારના કરણ ૨૪ દંડકના જીવોને હોય છે. તે ઉપરાંત પાંચ શરીરકરણ, પાંચ ઇન્દ્રિયકરણ, ચાર ભાષાકરણ, ચાર મનકરણ, ચાર કષાયકરણ, સાત સમુદ્‌ઘાતકરણ, ચાર સંજ્ઞાકરણ, છ લેશ્યાકરણ, ત્રણ દષ્ટિકરણ, ત્રણ વેદકરણ, ૨૦ વર્ણાદિ કરણ, પાંચ સંસ્થાન કરણ આદિ કરણના અનેક પ્રકાર થાય છે. જીવને પોતાની ગતિ કે દંડક પ્રમાણે કરણ પ્રાપ્ત થાય છે.

❖❖❖❖❖

# શતક–૧૯ : ઉદ્દેશક–૯

## કરણ

**કરણના ભેદ-પ્રભેદ :–**

**१ कइविहे णं भंते ! करणे पण्णत्ते ? गोयमा ! पंचविहे करणे पण्णत्ते, तं जहा– दव्वकरणे, खेत्तकरणे, कालकरणे, भवकरणे, भावकरणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કરણના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કરણના પાંચ પ્રકાર છે, યથા– દ્રવ્યકરણ, ક્ષેત્રકરણ, કાલકરણ, ભવકરણ અને ભાવકરણ.

**२ णेरइयाणं भंते ! कइविहे करणे पण्णत्ते ? गोयमा ! पंचविहे करणे पण्णत्ते, तं जहा– दव्वकरणे** *जाव* **भावकरणे । एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારના કરણ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પાંચ પ્રકારના કરણ છે. દ્રવ્યકરણ ***યાવત્*** ભાવકરણ. આ રીતે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કરણના ભેદ-પ્રભેદ અને ૨૪ દંડકમાં પ્રાપ્ત થતાં કરણોનું કથન કર્યું છે.

**કરણ :–** જેના દ્વારા કોઈ પણ ક્રિયા કરાય તેને કરણ કહે છે. તેમજ ક્રિયા કરવાના સાધનને કરણ કહે છે. અપેક્ષાએ ક્રિયા તે જ કરણ છે.

**દ્રવ્યકરણ :–** દાતરડું, ચાકુ આદિ દ્રવ્યકરણ છે. તે છેદનક્રિયામાં નિમિત્ત ભૂત બને છે. તેથી તેને કરણ કહે છે. ઘાસની સળીથી ચટાઈ આદિનું બનાવવું તે ક્રિયારૂપ દ્રવ્યકરણ છે. પાત્ર આદિ દ્રવ્યમાં કોઈ વસ્તુને બનાવવી તે પણ દ્રવ્યકરણ છે.

**ક્ષેત્રકરણ :–** ક્ષેત્રરૂપ કરણ– જેમ બીજની નિષ્પત્તિમાં ક્ષેત્ર મહત્તમ કારણ છે. તેથી તે ક્ષેત્રકરણ છે.

**કાલકરણ :–** કાલરૂપ કરણ અથવા કોઈ કાલ વિશેષમાં કાર્ય કરવું તે કાલકરણ છે. જેમ કે વર્ષાઋતુમાં જીવોની ઉત્પત્તિ અધિક થાય છે અહીં જીવોની અધિક ઉત્પત્તિમાં વર્ષાઋતુ કારણભૂત છે.

**ભવકરણ :–** જ્યારે કોઈ પણ ક્રિયામાં ભવ નિમિત્ત બને તે ભવ કરણ છે. જેમ કે દેવભવમાં દીર્ઘકાલ પછી આહારની ઈચ્છા થવી.

**ભાવકરણ :–** ભાવરૂપ કરણ. ઉદય આદિ ભાવ કે રાગદ્વેષાદિ ભાવ નિમિત્તે જે પ્રવૃત્તિ થાય તે ભાવકરણ છે. જેમ કે મોહના ઉપશમનથી ત્યાગની ક્રિયા થવી. અહીં ત્યાગની ક્રિયામાં મોહનીય કર્મનો ઉપશમ કારણભૂત છે. ચોવીસ દંડકોમાં આ પાંચે પ્રકારના કરણ હોય છે.

**શરીર-કરણ :–**

**३** **कइविहे णं भंते ! सरीरकरणे पण्णत्ते ? गोयमा ! पंचविहे सरीरकरणे पण्णत्ते, तं जहा– ओरालियसरीरकरणे *जाव* कम्मगसरीरकरणे । एवं *जाव* वेमाणियाणं जस्स जइ सरीराणि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શરીર કરણના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શરીર કરણના પાંચ પ્રકાર છે. યથા– ઔદારિક શરીર કરણ ***યાવત્*** કાર્મણ શરીર કરણ. આ રીતે વૈમાનિક સુધી જેને જેટલા શરીર હોય, તેને તેટલા શરીર કરણનું કથન કરવું જોઈએ.

**ઈન્દ્રિયાદિ કરણ :–**

**४** **कइविहे णं भंते ! इंदियकरणे पण्णत्ते ?**

**गोयमा ! पंचविहे इंदियकरणे पण्णत्ते, तं जहा– सोइंदियकरणे *जाव* फासिंदियकरणे। एवं *जाव* वेमाणियाणं जस्स जइ इंदियाइं । एवं एएणं कमेणं भासाकरणे चउव्विहे, मणकरणे चउव्विहे, कसायकरणे चउव्विहे, समुग्घायकरणे सत्तविहे, सण्णाकरणे चउव्विहे, लेसाकरणे छव्विहे, दिट्ठीकरणे तिविहे, वेदकरणे तिविहे पण्णत्ते, तं जहा– इत्थिवेदकरणे, पुरिसवेदकरणे, णपुंसगवेद-करणे । एए सव्वे णेरइयाई दंडगा *जाव* वेमाणियाणं जस्स णं अत्थि जं तस्स सव्वं भाणियव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઈન્દ્રિયકરણના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઈન્દ્રિયકરણના પાંચ પ્રકાર છે, યથા– શ્રોતેન્દ્રિય કરણ ***યાવત્*** સ્પર્શેન્દ્રિય કરણ. આ રીતે વૈમાનિક સુધી જેને જેટલી ઈન્દ્રિય હોય, તેને તેટલા ઈન્દ્રિય કરણ હોય છે. આ રીતે ચાર પ્રકારના ભાષાકરણ, ચાર પ્રકારના મનકરણ, ચાર પ્રકારના કષાય કરણ, સાત પ્રકારના સમુદ્ઘાત કરણ, ચાર પ્રકારના સંજ્ઞાકરણ, છ પ્રકારના લેશ્યાકરણ, ત્રણ પ્રકારના દષ્ટિકરણ છે. ત્રણ પ્રકારના વેદ કરણ છે– સ્ત્રીવેદકરણ, પુરુષવેદકરણ, નપુંસકવેદકરણ. આ રીતે નૈરયિકથી લઈને વૈમાનિકો સુધી જેને જે કરણ હોય તેનું કથન કરવું જોઈએ.

**પ્રાણાતિપાત કરણ :–**

**५** **कइविहे णं भंते ! पाणाइवायकरणे पण्णत्ते ?**

**गोयमा ! पंचविहे पाणाइवायकरणे पण्णत्ते, तं जहा– एगिंदिय-पाणाइवायकरणे *जाव* पंचिंदिय-पाणाइवायकरणे । एवं णिरवसेसं *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાણાતિપાત-કરણના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રાણાતિપાત-કરણના પાંચ પ્રકાર છે. યથા– એકેન્દ્રિય પ્રાણાતિપાત-કરણ ***યાવત્*** પંચેન્દ્રિય પ્રાણાતિપાત-કરણ, આ રીતે વૈમાનિક સુધી સંપૂર્ણ કથન કરવું જોઈએ.

**પુદ્ગલ-કરણ :–**

**६ कइविहे णं भंते ! पोग्गलकरणे पण्णत्ते ? गोयमा ! पंचविहे पोग्गलकरणे पण्णत्ते, तं जहा– वण्णकरणे, गंधकरणे, रसकरणे, फासकरणे, संठाणकरणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પુદ્ગલ કરણના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પુદ્ગલના કરણના પાંચ પ્રકાર છે. યથા– વર્ણકરણ, ગંધકરણ, રસકરણ, સ્પર્શકરણ અને સંસ્થાનકરણ.

**७ वण्णकरणे णं भंते ! कइविहे पण्णत्ते ?**

**गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा– कालवण्णकरणे** *जाव* **सुक्किल्ल-वण्णकरणे । एवं भेदो– गंधकरणे दुविहे, रसकरणे पंचविहे, फासकरणे अट्ठविहे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વર્ણકરણના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વર્ણકરણના પાંચ પ્રકાર છે. યથા– કૃષ્ણવર્ણકરણ ***યાવત્*** શુક્લવર્ણકરણ. આ રીતે પુદ્ગલકરણના વર્ણાદિના ભેદોનું કથન કરવું. તે અનુસાર બે પ્રકારના ગંધ કરણ, પાંચ પ્રકારના રસકરણ અને આઠ પ્રકારના સ્પર્શકરણ છે.

**८ संठाणकरणे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा– परिमंडलसंठाणकरणे** *जाव* **आयत संठाण करणे ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંસ્થાનકરણના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સંસ્થાનકરણના પાંચ પ્રકાર છે. યથા– પરિમંડલ સંસ્થાનકરણ ***યાવત્*** આયત સંસ્થાન કરણ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પુદ્ગલ કરણનું નિરૂપણ છે. તેના પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, પાંચ અજીવ સંસ્થાન તે ૨૫ ભેદ છે. શાસ્ત્રકારે પૂર્વ સૂત્રોમાં જીવ કરણનું સ્વરૂપ દર્શાવી અહીં પુદ્ગલ કરણનું સ્વરૂપ દર્શાવ્યું છે.

**કરણ અને નિર્વૃત્તિમાં તફાવત–** ઉદ્દેશક-૮માં નિર્વૃત્તિનું સ્વરૂપ અને તેના ભેદ પ્રભેદોનું દર્શન કરાવ્યું છે. પ્રસ્તુત નવમા ઉદ્દેશકમાં કરણનું સ્વરૂપ અને તેના ભેદ-પ્રભેદો દર્શાવ્યા છે. બંનેના ભેદ-પ્રભેદમાં ઘણી સમાનતા છે. તેમ છતાં તેના સ્વરૂપમાં ભિન્નતા છે. કરણ એટલે ક્રિયા તે વ્યુત્પત્તિ અનુસાર કરણ પણ ક્રિયાસ્વરૂપ છે અને નિર્વૃત્તિ એટલે નિષ્પત્તિ, ઉત્પત્તિ થવી. તે પણ ક્રિયા સ્વરૂપ છે પરંતુ કરણ તે ક્રિયાનો પ્રારંભ છે અને નિર્વૃત્તિ તે ક્રિયાની પૂર્ણતા છે. આ રીતે બંને ક્રિયા સ્વરૂપ છે, તેમ છતાં તેના સ્વરૂપમાં ભિન્નતા છે. તે ઉપરાંત નિર્વૃત્તિમાં જીવ પરિણામોની નિયમા છે. જ્યારે કરણમાં પૌદ્ગલિક સંયોગની નિયમા છે. સાધનરૂપ કરણ જીવથી સર્વથા ભિન્ન પણ હોય શકે છે. જેમ કે શસ્ત્ર, અસ્ત્ર વગેરે સાધનો. તેમજ પૌદ્ગલિક કરણ-વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અજીવ સંસ્થાન વગેરે જડ સ્વરૂપ છે. જ્યારે નિર્વૃત્તિનો કોઈ પણ ભેદ જીવથી સર્વથા ભિન્ન નથી. તેમાં વર્ણાદિ નિર્વૃત્તિનું જ કથન છે, તેમાં જીવ શરીરના જ વર્ણાદિનું ગ્રહણ કર્યું છે.

આ રીતે જોતાં કરણ અને નિર્વૃત્તિમાં અનેક પ્રકારે ભિન્નતા પ્રતીત થાય છે અર્થાત્ દ્વાર સંખ્યામાં, દ્વારોમાં અને ભેદાનુભેદમાં પણ તફાવત છે. જેમ કે નિર્વૃત્તિમાં **વેદ** નથી, કરણમાં **કર્મ** નથી, નિર્વૃત્તિમાં સંસ્થાન છ હોય અને કરણમાં પાંચ જ હોય, ઈત્યાદિ.

**નિર્વૃત્તિ અને કરણના દ્વાર અને તેની સંખ્યા :–**

| ક્રમ | નિર્વૃત્તિ નામ | સંખ્યા | ક્રમ | કરણ નામ | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | જીવ | ૫ | ૧ | દ્રવ્યાદિકરણ | ૫ |
| ૨ | કર્મ | ૮ | ૨ | શરીરકરણ | ૫ |
| ૩ | શરીર | ૫ | ૩ | ઈન્દ્રિય | ૫ |
| ૪ | સર્વેન્દ્રિય | ૫ | ૪ | ભાષા | ૪ |
| ૫ | ભાષા | ૪ | ૫ | મન | ૪ |
| ૬ | મન | ૪ | ૬ | કષાય | ૪ |
| ૭ | કષાય | ૪ | ૭ | સમુદ્ઘાત | ૭ |
| ૮–૧૧ | વર્ણાદિ–૪ | ૨૦(૫+૨+૫+૮) | ૮ | સંજ્ઞા | ૪ |
| ૧૨ | સંસ્થાન | ૬ | ૯ | લેશ્યા | ૬ |
| ૧૩ | સંજ્ઞા | ૪ | ૧૦ | દષ્ટિ | ૩ |
| ૧૪ | લેશ્યા | ૬ | ૧૧ | વેદ | ૩ |
| ૧૫ | દષ્ટિ | ૩ | ૧૨ | પ્રાણાતિપાત | ૫ એકેન્દ્રિયાદિ. |
| ૧૬ | જ્ઞાન | ૫ | ૧૩ | પુદ્ગલ | ૫ ભેદ– વર્ણાદિ. |
| ૧૭ | અજ્ઞાન | ૩ | | | ૨૫ પ્રભેદ છે. |
| ૧૮ | યોગ | ૩ | | | યથા– |
| ૧૯ | ઉપયોગ | ૨ | | | વર્ણ–૫, ગંધ–૨ |
| | **કુલ** | ૮૭ | | | રસ–૫, સ્પર્શ–૮ |
| | | | | | સંસ્થાન–૫ |
| | | | | **કુલ** | ૮૦ |

## ॥ શતક ૧૯/૯ સંપૂર્ણ ॥

# શતક–૧૯ : ઉદ્દેશક–૧૦

## વનચર સુર

**વાણવ્યંતર દેવોનો આહાર :–**

**१** **वाणमंतरा णं भंते ! सव्वे समाहारा ? एवं जहा सोलसमसए दीवकुमारुद्देसओ** *जाव* **अप्पिड्ढिय त्ति ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ વાણવ્યંતર દેવો સમાન આહારવાળા હોય છે, ઇત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! શતક-૧૬/૧૧ દ્વીપકુમારોદ્દેશક અનુસાર ***યાવત્*** અલ્પર્દ્ધિક છે, ત્યાં સુધી જાણવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

વાણવ્યંતર દેવો વન વગેરે શૂન્ય પ્રદેશમાં વિશેષતયા સંચરણ કરે છે તેથી તેઓ **વનચરસુર–** વનોમાં સંચરણ કરનારા દેવો કહેવાય છે.

પ્રસ્તુત ઉદ્દેશકના વિષયનું વિસ્તૃત વર્ણન શતક-૧૬/૧૧માં છે. તેનો પ્રશ્ન આ પ્રમાણે છે– શું સર્વ વાણવ્યંતર દેવો સમાન આહારવાળા, સમાન શરીરવાળા અને સમાન શ્વાસોચ્છ્વાસવાળા છે ? તેના ઉત્તરમાં પ્રભુએ કહ્યું કે તેમ શક્ય નથી. ત્યાર પછી તેની લેશ્યા, મહર્દ્ધિક, અલ્પર્દ્ધિક આદિ વિષયક વર્ણન છે. તે સર્વ શતક-૧૬/૧૧થી જાણવું.

**॥ શતક ૧૯/૧૦ સંપૂર્ણ ॥**

**॥ શતક ૧૯ સંપૂર્ણ ॥**

# શતક–૨૦

## પરિચય

આ શતકમાં દશ ઉદ્દેશક છે. તેમાં વિવિધ વિષયોનું નિરૂપણ છે. તે આ પ્રમાણે છે–

**પ્રથમ ઉદ્દેશકમાં** બેઇન્દ્રિય આદિ ત્રસ જીવોમાં શરીરબંધ, આહાર, લેશ્યા, દૃષ્ટિ, આદિ બાર દ્વારથી વિષયની વિચારણા કરી છે.

**બીજા ઉદ્દેશકમાં** આકાશના પ્રકાર, ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની અવગાહના તથા ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોના વિવિધ પર્યાયવાચક શબ્દોની પ્રરૂપણા છે.

**ત્રીજા ઉદ્દેશકમાં** પ્રાણાતિપાત આદિ ૧૮ પાપસ્થાન, ચાર પ્રકારની બુદ્ધિ; અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા; ઉત્થાનાદિ; નારકત્વ, દેવત્વ, મનુષ્યત્વ આદિ; અષ્ટવિધ કર્મ, છ લેશ્યા, પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન, ચાર સંજ્ઞા, પાંચ શરીર, બે ઉપયોગ આદિનું વર્ણન છે. ધર્મ આત્મરૂપ છે; તે આત્માથી અન્યત્ર (પુદ્‌ગલમાં) પરિણત થતા નથી, તે વિષયનું તથા ગર્ભગત જીવોની વર્ણાદિ પર્યાયોનું ઇત્યાદિ વિષયોનું નિરૂપણ છે.

**ચોથા ઉદ્દેશકમાં** પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક પાંચ ઇન્દ્રિયોના ઉપચયનું નિરૂપણ છે.

**પાંચમા ઉદ્દેશકમાં** પરમાણુ પુદ્‌ગલથી અનંતપ્રદેશી સુધીના સ્કંધોમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શનું તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ વિષયક પરમાણુ ચતુષ્ટયનું વિવિધ પ્રકારે વર્ણન છે.

**છઠ્ઠા ઉદ્દેશકમાં** પૃથ્વીકાય આદિ પાંચ સ્થાવર જીવો મારણાંતિક સમુદ્‌ઘાત કરીને એક લોકાંતથી બીજા લોકાંત પર્યંતના ગમે તે સ્થાનના અંતરાલમાં ઉત્પન્ન થાય છે, ત્યારે શું પહેલાં આહાર કરે છે અને પછી ઉત્પન્ન થાય છે કે પહેલાં ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે ? ઇત્યાદિ પ્રશ્નોનું સમાધાન છે.

**સાતમા ઉદ્દેશકમાં** ચોવીસ દંડકોમાં અષ્ટવિધકર્મોના ત્રિવિધ બંધનું નિરૂપણ છે.

**આઠમા ઉદ્દેશકમાં** કર્મભૂમિ અને અકર્મભૂમિના પ્રકાર; ભરત, ઐરવત ક્ષેત્રમાં થતું કાલપરિવર્તન; મહાવિદેહ ક્ષેત્રમાં અવસ્થિતકાલ; કર્મભૂમિના ક્ષેત્રમાં ધર્મનું અસ્તિત્વ; ભરત-ઐરવતક્ષેત્રમાં ચોવીસ તીર્થંકરો; તેનો શાસનકાલ; શાસન વિચ્છેદકાલ તેમજ તીર્થ અને તીર્થંકરાદિ વગેરે વિષયોનું વર્ણન છે.

**નવમા ઉદ્દેશકમાં** ચારણ મુનિના બે ભેદ– જંઘાચારણ અને વિદ્યાચારણનું સ્વરૂપ, તેમનું ઉડવાનું સામર્થ્ય, તેની ગતિની તીવ્રતાનું સામર્થ્ય, ગતિનો વિષય અને અંતમાં તે બંનેની આરાધના-વિરાધનાનું નિરૂપણ છે.

**દશમા ઉદ્દેશકમાં** ચોવીસ દંડકવર્તી જીવોમાં સોપક્રમ અને નિરુપક્રમ આયુષ્ય; આત્મોપક્રમ, આત્મઋદ્ધિ, આત્મકર્મ આદિ દ્વારા થતું જીવનું ઉદ્વર્તન; ચોવીસ દંડકો અને સિદ્ધોમાં કતિસંચિત, અકતિસંચિત અને અવકતવ્યસંચિત સંખ્યા વગેરે વિષયોનું પ્રતિપાદન છે.

❖❖❖❖❖

# શતક–૨૦ : ઉદ્દેશક–૧

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોનું બાર દ્વારથી નિરૂપણ છે.

★ વિકલેન્દ્રિય જીવો પ્રત્યેક શરીરી છે. તે જીવોને પ્રત્યેક નામ કર્મનો ઉદય હોવાથી તે જીવો સાથે મળીને એક શરીર બાંધતા નથી પરંતુ પૃથક્-પૃથક્ શરીર બાંધે છે. પૃથક્-પૃથક્ આહાર ગ્રહણ કરી તેનું પૃથક્-પૃથક્ પરિણમન કરે છે. તે જીવોને અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમ્યગ્દર્શન હોવાથી બે દૃષ્ટિ, બે જ્ઞાન અથવા બે અજ્ઞાન હોય છે. તે જીવો ત્રસ નાડીમાં જ હોવાથી અવશ્ય છ દિશાનો આહાર ગ્રહણ કરે છે. તે જીવોને લેશ્યા-૩, યોગ-૨, ઉપયોગ-૨, બે ગતિમાંથી ઉત્પત્તિ અને બે ગતિમાં ગમન થાય છે.

★ વિકલેન્દ્રિય જીવોને મન ન હોવાથી તેને આહાર સંબંધી, ઇષ્ટાનિષ્ટ–સ્પર્શ, રસ આદિના વેદન સંબંધી વિશેષ પ્રકારનું જ્ઞાન નથી. તેમ છતાં તે આહાર ગ્રહણ કરે છે અને સ્પર્શાદિનું વેદન કરે છે.

★ પંચેન્દ્રિય જીવો પણ પ્રત્યેક શરીરી હોવાથી પૃથક્-પૃથક્ શરીર બાંધે છે. તેના સંજ્ઞી અને અસંજ્ઞી બે પ્રકાર છે. સંજ્ઞી જીવોમાં સર્વ પ્રકારની ઋદ્ધિ અને જ્ઞાન હોય શકે છે. જ્યારે અસંજ્ઞી જીવોમાં વિશેષ જ્ઞાન નથી. તેમ છતાં પાંચે ઇન્દ્રિયોના વિષયનું વેદન કરે છે.

★ સંજ્ઞી જીવો સંયમમાં સ્થિત થાય તો પાપથી નિવૃત્ત થઈ શકે છે અને અસંજ્ઞી જીવો પાપથી નિવૃત્ત થઈ શકતા નથી.

આ રીતે પ્રત્યેક જીવો પોતાના પૂર્વકૃત કર્મો પ્રમાણે ઋદ્ધિને પ્રાપ્ત કરે છે અને પોતાની યોગ્યતા પ્રમાણે તેનો ભોગવટો કરે છે.

❖❖❖❖❖

# શતક-૨૦ : ઉદ્દેશક-૧

## દ્વીન્દ્રિય

**ઉદ્દેશકોનાં નામ :-**

**૧** **बेइंदिय मागासे, पाणवहे उवचए य परमाणू ।**
**अंतर बंधे भूमी, चारण सोवक्कमा जीवा ॥**

**ભાવાર્થ :–** આ શતકના દસ ઉદ્દેશકોનાં નામ આ પ્રમાણે છે– (૧) બેઈન્દ્રિય (૨) આકાશ (૩) પ્રાણિવધ (૪) ઉપચય (૫) પરમાણુ (૬) અંતર (૭) બંધ (૮) ભૂમિ (૯) ચારણ અને (૧૦) સોપક્રમ જીવ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્ર ગાથામાં ઉદ્દેશકોનાં નામ તેના મુખ્ય તથા આદ્ય વિષયના આધારે છે.

(૧) **बेइंदिय :–** પ્રારંભમાં બેઈન્દ્રિય જીવોની ઋદ્ધિનું કથન હોવાથી પ્રથમ ઉદ્દેશકનું નામ **બેઈન્દ્રિય** છે.

(૨) **आगासे :–** પ્રારંભમાં આકાશ દ્રવ્યના પ્રકારનું નિરૂપણ હોવાથી બીજા ઉદ્દેશકનું નામ **આકાશ** છે.

(૩) **पाणवहे :–** જીવની વૈભાવિક અને સ્વાભાવિક પર્યાયોના કથનમાં પ્રાણાતિપાતનું કથન પ્રથમ હોવાથી ત્રીજા ઉદ્દેશકનું નામ **પ્રાણવધ** છે.

(૪) **उवचए :–** ઈન્દ્રિયોપચયનું પ્રતિપાદન હોવાથી ચોથા ઉદ્દેશકનું નામ **ઉપચય** છે.

(૫) **परमाणु :–** આદ્ય વિષય પરમાણુ સંબંધી હોવાથી પાંચમા ઉદ્દેશકનું નામ **પરમાણુ** છે.

(૬) **अंतर :–** રત્નપ્રભા આદિ પૃથ્વીઓના **અંતરાલ**માં સ્થાવર જીવોની ઉત્પત્તિ અને આહારનું કથન હોવાથી છઠ્ઠા ઉદ્દેશકનું નામ **અંતર** છે.

(૭) **बंध :–** બંધ વિષયક નિરૂપણ હોવાથી સાતમા ઉદ્દેશકનું નામ **બંધ** છે.

(૮) **भूमी :–** કર્મભૂમિ-અકર્મભૂમિ સંબંધી વર્ણન હોવાથી આઠમા ઉદ્દેશકનું નામ **ભૂમિ** છે.

(૯) **चारण :–** ચારણ મુનિઓ વિષયક વિસ્તૃત વર્ણન હોવાથી નવમા ઉદ્દેશકનું નામ **ચારણ** છે.

(૧૦) **सोवकम्मा :–** પ્રારંભમાં સોપક્રમ અને નિરુપક્રમ આયુષ્યનું પ્રતિપાદન હોવાથી દશમા ઉદ્દેશકનું નામ **સોપક્રમ** છે.

**વિકલેન્દ્રિય જીવોનું બાર દ્વારથી નિરૂપણ :-**

**२** **रायगिहे** *जाव* **एवं वयासी– सिय भंते !** *जाव* **चत्तारि पंच बेइंदिया**

**एगयओ साहारणसरीरं बंधंति, बंधित्ता तओ पच्छा आहारेंति वा परिणामेंति वा सरीरं वा बंधंति ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । बेइंदिया णं पत्तेयाहारा पत्तेयपरिणामा पत्तेयसरीरं बंधंति, बंधित्ता तओ पच्छा आहारेंति वा परिणामेंति वा सरीरं वा बंधंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! કદાચિત્ બે, ત્રણ, ચાર અથવા પાંચ બેઇન્દ્રિય જીવો(કાર્મણ કાયોગથી આહાર ગ્રહણ કરીને, પરિણમાવીને) એક સાથે મળી શું સાધારણ શરીર બાંધે છે અર્થાત્ બધા વચ્ચે એક શરીર બનાવે છે ? તે શરીર બનાવીને પછી(જીવન પર્યંત) તે સાધારણ શરીર દ્વારા આહાર કરે છે ? આહાર પરિણમાવે છે અને શરીર બંધ કરે છે અર્થાત્ શરીર પૃષ્ટ કરતા રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ થતું નથી. તે બેઇન્દ્રિયના જીવો પૃથક્-પૃથક્ આહાર કરનારા અને પરિણમાવનારા છે અર્થાત્ પૃથક્-પૃથક્ આહાર કરી, પરિણમાવીને પોત-પોતાના ભિન્ન-ભિન્ન શરીરનો બંધ કરે છે. શરીર બનાવ્યા પછી પોત-પોતાના તે શરીર દ્વારા(જીવન પર્યંત) આહાર ગ્રહણ કરે છે, પરિણમાવે છે અને શરીરને પુષ્ટ કરતાં રહે છે.

**३ तेसि णं भंते ! जीवाणं कइ लेस्साओ पण्णत्ताओ ?**

**गोयमा ! तओ लेस्साओ पण्णत्ताओ, तं जहा– कण्हलेस्सा, णीललेस्सा, काउलेस्सा। एवं जहा एगूणवीसइमे सए तेउकाइयाणं *जाव* उव्वट्टंति । णवरं सम्मदिट्ठी वि मिच्छादिट्ठी वि, णो सम्मामिच्छादिट्ठी, दो णाणा, दो अण्णाणा णियमं, णो मणजोगी, वयजोगी वि, कायजोगी वि, आहारो णियमं छद्दिसिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવોને કેટલી લેશ્યાઓ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ લેશ્યાઓ છે, કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા. શતક- ૧૯/૩માં અગ્નિકાયના વિષયમાં જે કથન કર્યું છે, તે જ રીતે અહીં પણ તે સર્વ કથન કરવું ***યાવત્*** બેઇન્દ્રિયાદિ જીવો, મનુષ્ય અને તિર્યંચગતિમાં જાય છે, અહીં બેઇન્દ્રિયના વર્ણનમાં વિશેષતા એ છે કે બેઇન્દ્રિય જીવો સમ્યગ્દૃષ્ટિ પણ હોય છે અને મિથ્યાદૃષ્ટિ પણ હોય છે પરંતુ મિશ્ર દૃષ્ટિ હોતા નથી, તેને બે જ્ઞાન અથવા બે અજ્ઞાન હોય છે. તેને મનોયોગ નથી પણ વચનયોગ અને કાયયોગ હોય છે. તે અવશ્ય છ દિશાનો આહાર કરે છે.

**४ तेसि णं भंते ! जीवाणं एवं सण्णा इ वा पण्णा इ वा मणे इ वा वई इ वा-- अम्हे णं इट्ठाणिट्ठे रसे इट्ठाणिट्ठे फासे पडिसंवेएमो ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे, पडिसंवेदंति पुण ते । ठिई जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं बारस संवच्छराइं । सेसं तं चेव, एवं तेइंदिया वि । एवं चउरिंदिया वि, णाणत्तं इंदिएसु, ठिईए य । सेसं तं चेव । ठिई जहा पण्णवणाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે જીવોને અમે ''ઇષ્ટ અને અનિષ્ટ રસનો તથા ઇષ્ટ કે અનિષ્ટ સ્પર્શનો

અનુભવ કરીએ છીએ,'' તેવી સંજ્ઞા, પ્રજ્ઞા, મન અથવા વચન હોય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! તેમ શક્ય નથી. તેને તેવી સંજ્ઞા વગેરે હોતા નથી પરંતુ તે રસાદિનું સંવેદન કરે છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાર વર્ષની હોય છે. શેષ પૂર્વવત્ જાણવું. આ જ રીતે તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોના વિષયમાં પણ જાણવું જોઈએ પરંતુ ઇન્દ્રિયોમાં અને સ્થિતિમાં અંતર છે. શેષ પૂર્વવત્ જાણવું. સ્થિતિ પ્રજ્ઞાપના સૂત્રના ચોથા સ્થિતિપદ અનુસાર જાણવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં વિકલેન્દ્રિય જીવોનું કથન બાર દ્વારથી કર્યું છે. બાર દ્વાર શતક-૧૯ અનુસાર છે.

(૧) વિકલેન્દ્રિય જીવો પ્રત્યેક શરીરી હોવાથી તે બે, ત્રણ, ચાર જીવો મળીને સાધારણ શરીર બાંધતા નથી, તે જીવો સદાય પૃથક્-પૃથક્ શરીર બાંધે છે. (૨) તેમાં દેવો આવીને ઉત્પન્ન થતા નથી તેથી પ્રથમ ત્રણ લેશ્યા હોય છે. (૩) તેની અપર્યાપ્તા-વસ્થામાં સાસ્વાદન સમકિત હોવાથી સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ બે દષ્ટિ હોય છે. (૪) બે જ્ઞાન અથવા બે અજ્ઞાન હોય છે. (૫) વચનયોગ અને કાયયોગ, આ બે યોગ હોય છે. (૬) સાકાર અને અનાકાર બે ઉપયોગ હોય છે. (૭) તે જીવો ત્રસ હોવાથી ત્રસનાલમાં જ રહે છે તેથી અવશ્ય છ દિશાનો આહાર કરે છે (૮) અવિરતિના પરિણામ હોવાથી ૧૮ પાપસ્થાનમાં સ્થિત છે. (૯) મનુષ્ય અને તિર્યંચ બે ગતિમાંથી આવે છે. (૧૦) બેઇન્દ્રિયની સ્થિતિ જઘન્ય-અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ-૧૨ વર્ષ, તેઇન્દ્રિયની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ-૪૯ દિન, ચૌરેન્દ્રિયની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ છમાસની છે. (૧૧) પ્રથમના ત્રણ સમુદ્ઘાત હોય છે. (૧૨) મનુષ્ય અને તિર્યંચ આ બે ગતિમાં જાય છે.

**પંચેન્દ્રિય જીવોનું બાર દ્વારથી નિરૂપણ :–**

**૫ सिय भंते ! *जाव* चत्तारि पंच पंचिंदिया एगयओ साहारणं सरीरं बंधंति, पुच्छा?**

**गोयमा ! जहा बेइंदियाणं, णवरं– छल्लेसाओ, दिट्ठी तिविहा वि, चत्तारि णाणा तिण्णि अण्णाणा भयणाए, तिविहो जोगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! કદાચિત્ બે, ત્રણ, ચાર અથવા પાંચ પંચેન્દ્રિય જીવો સાથે મળીને સાધારણ શરીર બાંધે છે, ઇત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર**– હે ગૌતમ ! બેઇન્દ્રિયોની સમાન સંપૂર્ણ વર્ણન જાણવું. વિશેષતા એ છે કે તેમાં છ લેશ્યા અને ત્રણ દષ્ટિ હોય છે; ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાથી(વિકલ્પે) હોય છે તથા ત્રણ યોગ હોય છે.

**૬ तेसि णं भंते ! जीवाणं एवं सण्णा इ वा पण्णा इ वा मणे इ वा वई इ वा– अम्हे णं आहारमाहारेमो ?**

**गोयमा ! अत्थेगइयाणं एवं सण्णा इ वा पण्णा इ वा मणे इ वा वई इ वा– अम्हे णं आहारमाहारेमो । अत्थेगइयाणं णो एवं सण्णा इ वा *जाव* वई इ वा– अम्हे णं आहारमाहारेमो, आहारेंति पुण ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! શું તે પંચેન્દ્રિય જીવોને 'અમે આહાર ગ્રહણ કરીએ છીએ,' તે પ્રકારની

સંજ્ઞા, પ્રજ્ઞા, મન અને વચન હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક જીવોને(સંજ્ઞી જીવોને) ''અમે આહાર કરીએ છીએ,'' તેવી સંજ્ઞા, પ્રજ્ઞા, મન અને વચન હોય છે અને કેટલાક જીવોને(અસંજ્ઞી જીવોને) ''અમે આહાર ગ્રહણ કરીએ છીએ,'' એવી સંજ્ઞા ***યાવત્*** વચન હોતા નથી, તો પણ તે આહાર તો ગ્રહણ કરે જ છે.

**૭ तेसि णं भंते ! जीवाणं एवं सण्णा इ वा जाव वई इ वा– अम्हे णं इट्ठाणिट्ठे सद्दे, इट्ठाणिट्ठे रूवे, इट्ठाणिट्ठे गंधे, इट्ठाणिट्ठे रसे, इट्ठाणिट्ठे फासे पडि-संवेदेमो ?**

**गोयमा ! अत्थेगइयाणं एवं सण्णा इ वा जाव वई इ वा– अम्हे णं इट्ठाणिट्ठे सद्दे** *जाव* **इट्ठाणिट्ठे फासे पडिसंवेदेमो, अत्थेगइयाणं णो एवं सण्णा इ वा** *जाव* **वई इ वा– अम्हे णं इट्ठाणिट्ठे सद्दे** *जाव* **इट्ठाणिट्ठे फासे पडिसंवेदेमो, पडिसंवेदेंति पुण ते ।**

**भावार्थ :– प्रश्न–** હે ભગવન્ ! શું તે પંચેન્દ્રિય જીવોને ''અમે ઈષ્ટ કે અનિષ્ટ શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શનો અનુભવ કરીએ છીએ,'' તેવી સંજ્ઞા, પ્રજ્ઞા, મન અને વચન હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ''અમે ઈષ્ટ કે અનિષ્ટ શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શનો અનુભવ કરીએ છીએ,'' તેવી સંજ્ઞા ***યાવત્*** વચન કેટલાક પંચેન્દ્રિય જીવોને હોય છે અને કેટલાક પંચેન્દ્રિય જીવોને હોતા નથી. તો પણ તે શબ્દ આદિનું સંવેદન તો કરે જ છે.

**૮ ते णं भंते ! जीवा किं पाणाइवाए उवक्खाइज्जंति, पुच्छा ?**

**गोयमा ! अत्थेगइया पाणाइवाए वि उवक्खाइज्जंति** *जाव* **मिच्छादंसण-सल्ले वि उवक्खाइज्जंति, अत्थेगइया णो पाणाइवाए उवक्खाइज्जंति** *जाव* **णो मिच्छादंसणसल्ले उवक्खाइज्जंति । जेसिं पि णं जीवाणं ते जीवा एवमाहिज्जंति तेसिं पि णं जीवाणं अत्थेगइयाणं विण्णाए णाणत्ते, अत्थेगइयाणं णो विण्णाए णाणत्ते । उववाओ सव्वओ** *जाव* **सव्वट्ठसिद्धाओ, ठिई जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं । छस्समुग्घाया केवलिवज्जा, उव्वट्टणा सव्वत्थ गच्छंति** *जाव* **सव्वट्ठसिद्धे इ, सेसं जहा बेइंदियाणं ।**

**भावार्थ :– प्रश्न–** હે ભગવન્ ! તે પંચેન્દ્રિય જીવો, પ્રાણાતિપાત(જીવ હિંસા)માં સ્થિત કહેવાય છે ઈત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે પંચેન્દ્રિય જીવોમાં કેટલાક જીવો પ્રાણાતિપાત ***યાવત્*** મિથ્યાદર્શનશલ્યમાં સ્થિત છે, એ પ્રમાણે કહેવાય છે અને કેટલાક જીવો પ્રાણાતિપાત ***યાવત્*** મિથ્યાદર્શનશલ્યમાં સ્થિત નથી, એ પ્રમાણે કહેવાય છે. તે પંચેન્દ્રિય જીવો જે જીવોની હિંસા આદિ કરે છે, તે જીવોમાંથી કેટલાક જીવોને ''અમે વધ્ય છીએ, આ અમારા વધક(મારનાર) છે.'' આ પ્રકારનું જ્ઞાન હોય છે અને કેટલાક જીવોને આ પ્રકારનું જ્ઞાન હોતું નથી.

પંચેન્દ્રિય જીવોની ઉત્પત્તિ સર્વ જીવોમાંથી ***યાવત્*** સર્વાર્થસિદ્ધમાંથી પણ થાય છે. તેની સ્થિતિ

જઘન્ય-અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે. પંચેન્દ્રિય જીવોમાં કેવળી સમુદ્ઘાત સિવાય છ સમુદ્ઘાત હોય છે. તે મરીને સર્વત્ર ***યાવત્*** સર્વાર્થસિદ્ધ પર્યંત જાય છે. શેષ કથન બેઇન્દ્રિયોની સમાન જાણવું જોઈએ.

**૯ एएसि णं भंते ! बेइंदियाणं** *जाव* **पंचिंदियाण य कयरे कयरेहिंतो अप्पा वा** *जाव* **विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा पंचिंदिया, चउरिंदिया विसेसाहिया, तेइंदिया विसेसाहिया, बेइंदिया विसेसाहिया ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૂર્વોક્ત બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય પર્યંતના જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા પંચેન્દ્રિય જીવો છે, તેનાથી ચૌરેન્દ્રિય જીવો વિશેષાધિક છે, તેનાથી તેઇન્દ્રિય જીવો વિશેષાધિક છે અને તેનાથી બેઇન્દ્રિય જીવો વિશેષાધિક છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પંચેન્દ્રિય જીવોનું કથન બાર દ્વારોના માધ્યમથી કર્યું છે. પંચેન્દ્રિયમાં ચારે ગતિના જીવોનો સમાવેશ થાય છે.

(૧) સ્યાદ્દ્વાર– પંચેન્દ્રિય જીવોને પણ પ્રત્યેક નામકર્મનો ઉદય હોવાથી સાધારણ શરીર બાંધતા નથી, (૨) ચારે ય ગતિના જીવોની અપેક્ષાએ લેશ્યા-છ, (૩) દષ્ટિ-ત્રણ, (૪) જ્ઞાનાજ્ઞાન-ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન(કેવળજ્ઞાન અનિન્દ્રિયને થતું હોવાથી કેવળજ્ઞાન છોડીને શેષ ચાર જ્ઞાન.) (૫) યોગ-ત્રણ (૬) ઉપયોગ-બે, (૭)કિમાહાર-છ દિશાઓ, (૮) પ્રાણાતિપાતાદિ ૧૮ પાપસ્થાનમાં સ્થિત ત્રણે ય પ્રકારના જીવો હોય છે. સંયત જીવો અઢાર પાપસ્થાનથી વિરત છે. સંયતાસંયત જીવો એક દેશથી વિરત છે. અસંયત જીવો અવિરત છે, (૯) ઉત્પત્તિ-ચારે ગતિમાંથી, (૧૦) સ્થિતિ-જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ-૩૩ સાગરોપમ, (૧૧) સમુદ્ઘાત-છ છે.(કેવળી સમુદ્ઘાત અનિન્દ્રિયને હોય છે તેથી તેને છોડીને), (૧૨) ઉદ્વર્તન-ચારે ગતિમાં જાય છે.

**વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોમાં બાર દ્વાર :–**

| ક્રમ | દ્વાર | વિકલેન્દ્રિય જીવો | પંચેન્દ્રિય જીવો |
|---|---|---|---|
| ૧ | સ્યાત્ | અનેક જીવો મળીને શરીર બાંધતા નથી. પ્રત્યેક શરીરી છે. | પ્રત્યેક શરીરી |
| ૨ | લેશ્યા | પ્રથમ ત્રણ | છ લેશ્યા |
| ૩ | દષ્ટિ | સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ | ત્રણ દષ્ટિ |
| ૪ | જ્ઞાનાજ્ઞાન | બે જ્ઞાન, બે અજ્ઞાન | ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન |
| ૫ | યોગ | વચનયોગ, કાયયોગ | ત્રણ યોગ |

| ક્રમ | દ્વાર | વિકલેન્દ્રિય જીવો | પંચેન્દ્રિય જીવો |
|---|---|---|---|
| ૬ | ઉપયોગ | બે ઉપયોગ | બે ઉપયોગ |
| ૭ | કિમાહાર(દિશા) | છ દિશાનો આહાર | છ દિશાનો આહાર |
| ૮ | પ્રાણાતિપાતાદિ | ૧૮ પાપસ્થાનમાં સ્થિત–અવિરત. | સંયત, સંયતાસંયત, અસંયત |
| ૯ | ઉપપાત | મનુષ્ય, તિર્યંત બે ગતિમાંથી | ચાર ગતિમાંથી |
| ૧૦ | સ્થિતિ | બેઈ. ૧૨ વર્ષ, તેઈ. ૪૯ દિન, ચૌરે. છ માસ | જ. અંત, ઉ. ૩૩ સાગરો. |
| ૧૧ | સમુદ્ઘાત | પ્રથમ ત્રણ | પ્રથમ છ કેવળી સમુ. છોડીને |
| ૧૨ | ઉદ્‌વર્તના | બે ગતિમાં | ચાર ગતિમાં |

॥ શતક ૨૦/૧ સંપૂર્ણ ॥

# શતક–૨૦ : ઉદ્દેશક–૨

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં આકાશના ભેદ, લોકના વિવિધ ક્ષેત્રોમાં તેની વ્યાપ્તતા અને પંચાસ્તિકાયના પર્યાયવાચી શબ્દો વગેરેનું પ્રતિપાદન છે.

★ આકાશ એક અખંડ દ્રવ્ય છે. તેમ છતાં તેના આધેય ભૂત દ્રવ્યોની અપેક્ષાએ તેના બે ભેદ થાય છે. જેટલા આકાશમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો સ્થિત છે તેને લોકાકાશ કહે છે અને તે સિવાયના આકાશને અલોકાકાશ કહે છે.

★ સંપૂર્ણ લોક ધર્માસ્તિકાયને સંપૂર્ણપણે અવગાહિત કરીને સ્થિત છે કારણ કે ધર્માસ્તિકાય લોકપ્રમાણ અખંડ દ્રવ્ય છે.

★ અધોલોક ધર્માસ્તિકાયના કંઈક અધિક અર્ધભાગને, ઊર્ધ્વલોક કંઈક ન્યૂન અર્ધભાગને અને તિરછોલોક અસંખ્યાતમા ભાગને અવગાહિત કરીને રહેલો છે. આ રીતે સર્વ સ્થાનોની અવગાહના શતક-૨/૧૦ અનુસાર જાણવી.

★ એક જ શબ્દ અનેક અર્થનો, અનેક વસ્તુનો વાચક બની શકે છે. તે જ રીતે વસ્તુના અનંત ગુણો હોવાથી, એક જ વસ્તુ અનેક શબ્દથી વાચ્ય બની શકે છે. સૂત્રકારે પ્રસ્તુત પ્રસંગમાં પંચાસ્તિકાયના અનેક પર્યાયવાચી શબ્દોનું કથન કર્યું છે.

★ ધર્માસ્તિકાય દ્રવ્ય ગતિશીલ જીવ અને પુદ્‌ગલને ગતિ કરવામાં સહાયક બને છે તેથી તેને **ધર્માસ્તિકાય** કહે છે.

★ જીવ અને પુદ્‌ગલને સ્થિર થવામાં સહાયક બને તે **અધર્માસ્તિકાય** છે.

★ જ્યાં સર્વ પદાર્થો પોત પોતાના સ્વભાવમાં સ્થિત થઈ શકે તેવું આધારભૂત દ્રવ્ય **આકાશાસ્તિકાય** છે. તેની વિશેષતાને અનુલક્ષીને ગગન, નભ, સમ, વિષમ, ખહ, વિહાયસ વગેરે અનેક તેના પર્યાયવાચી નામો છે.

★ જગતમાં રહેલા સમસ્ત આત્માઓનો સમૂહ **જીવાસ્તિકાય** કહેવાય છે. આત્મા અનંતગુણોનો ધારક છે. તેની કર્મસહિત અને કર્મમુક્ત અવસ્થાને અનુલક્ષીને તેના માટે અનેક પર્યાયવાચી શબ્દો પ્રયુક્ત થાય છે, જેમાં સ્વયંભૂ, આત્મા, માનવ વગેરે શબ્દો તેની શુદ્ધાવસ્થાને પ્રગટ કરે છે જ્યારે હિંડક, રંગણ, પુદ્‌ગલ, જંતુ આદિ શબ્દો તેની કર્મસહિતની અવસ્થાને પ્રગટ કરે છે.

★ જેમાં પૂરણ અને ગલનનો સ્વભાવ હોય તે પુદ્‌ગલ સમૂહને **પુદ્‌ગલાસ્તિકાય** કહે છે. તેના મુખ્ય બે પ્રકાર છે– પરમાણુ અને સ્કંધ. સ્કંધમાં દ્વિપ્રદેશી, સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી, અનંતપ્રદેશી આદિ અનંત ભેદ થાય છે.

આ રીતે પંચાસ્તિકાય માત્રના વર્ણનથી આ ઉદ્દેશક પૂર્ણ થાય છે.

❖❖❖❖❖

# શતક–૨૦ : ઉદ્દેશક–૨

## આકાશ

**આકાશના ભેદ-પ્રભેદ :–**

**१ कइविहे णं भंते ! आगासे पण्णत्ते ? गोयमा ! दुविहे आगासे पण्णत्ते, तं जहा– लोगागासे य अलोगागासे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આકાશના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બે પ્રકાર છે. યથા– લોકાકાશ અને અલોકાકાશ.

**२ लोगागासे णं भंते ! किं जीवा, जीवदेसा, पुच्छा ? गोयमा ! जहा बिइयसए अत्थिउद्देसे तह चेव इह वि आलावगो भाणियव्वं ।** *जाव–*

**धम्मत्थिकाए णं भंते ! केमहालए पण्णत्ते ? गोयमा ! लोए लोयमेत्ते लोयप्पमाणे लोयफुडे लोयं चेव ओगाहित्ता णं चिट्ठइ । एवं** *जाव* **पोग्गलत्थिकाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોકાકાશ જીવરૂપ છે કે જીવદેશરૂપ છે, ઇત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! શતક-૨/૧૦ના 'અસ્તિ' ઉદ્દેશક અનુસાર સંપૂર્ણ આલાપક(વર્ણન કથન) અહીં પણ જાણવું જોઈએ. ***યાવત્–***

**પ્રશ્ન–** હે ભગવન્ ! ધર્માસ્તિકાય દ્રવ્ય કેટલું મોટું છે ? **ઉત્તર–** હે ગૌતમ! ધર્માસ્તિકાય દ્રવ્ય લોકરૂપ, લોકમાત્ર, લોક પ્રમાણ, લોકસ્પૃષ્ટ અને લોકને અવગાહિત કરીને સ્થિત છે. આ જ રીતે અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાયનું સંપૂર્ણ કથન શતક-૨/૧૦ અનુસાર કરવું જોઈએ.

**વિવેચન :–**

આકાશ એક અખંડ દ્રવ્ય છે, તેમ છતાં જીવ-અજીવાદિ આધેયભૂત વસ્તુની અપેક્ષાએ તેના બે ભેદ થાય છે. જેટલા આકાશક્ષેત્રમાં જીવાજીવાદિ દ્રવ્યો સ્થિત છે તે લોકાકાશ અને તે સિવાયના ભાગને આલોકાકાશ કહે છે. અહીં શતક-૨/૧૦ની ભલામણ છે. ત્યાં અસ્તિકાયોની પ્રમુખતાથી કથન છે અને અહીં આકાશ ઉદ્દેશક હોવાથી આકાશની પ્રમુખતાથી કથનનો પ્રારંભ છે. બંને વર્ણનોમાં અન્ય કોઈ તફાવત નથી.

**અધોલોકાદિમાં ધર્માસ્તિકાયાદિની અવગાહના :–**

**३ अहेलोए णं भंते ! धम्मत्थिकायस्स केवइयं ओगाढे ? गोयमा ! साइरेगं अद्धं ओगाढे । एवं एएणं अभिलावेणं जहा बिइयसए** *जाव —*

**ईसिपब्भारा णं भंते ! पुढवी लोगागासस्स किं संखेज्जइभागं ओगाढा, पुच्छा ? गोयमा ! णो संखेज्जइभागं ओगाढा, असंखेज्जइभागं ओगाढा, णो संखेज्जेभागे ओगाढा, णो असंखेज्जे भागे ओगाढा, णो सव्वलोयं ओगाढा । सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધોલોક, ધર્માસ્તિકાયના કેટલા ભાગને અવગાહિત કરીને સ્થિત છે? **ઉત્તર–** હે ગૌતમ ! કંઈક અધિક અર્ધભાગને અવગાહિત કરીને સ્થિત છે. આ રીતે આ સંપૂર્ણ અભિલાપ(કથન) શતક-૨/૧૦ અનુસાર જાણવું જોઈએ. ***યાવત્***–

**પ્રશ્ન–** હે ભગવન્ ! ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી શું લોકાકાશના સંખ્યાતમા ભાગ અથવા અસંખ્યાતમા ભાગને અવગાહિત કરીને રહેલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! લોકાકાશના સંખ્યાતમા ભાગને અવગાહિત કર્યો નથી. પરંતુ લોકના અસંખ્યાતમા ભાગને અવગાહિત કર્યો છે. સંખ્યાત અને અસંખ્યાત ભાગોને અવગાહિત કર્યા નથી અને સર્વલોકને પણ અવગાહિત કર્યા નથી, શેષ વર્ણન શતક-૨/૧૦ અનુસાર જાણવું.

**વિવેચન :–**

અધોલોકનું પ્રમાણ સાત રજ્જુથી કંઈક અધિક છે. તેથી તે કંઈક અધિક અર્ધભાગને અવગાહિત કરીને સ્થિત છે. તિર્યગ્લોક લોકના અસંખ્યાતમા ભાગને, ઊર્ધ્વલોક લોકના કંઈક ન્યૂન અર્ધભાગને, રત્નપ્રભાદિ પૃથ્વી, ઘનવાત, ઘનોદધિ, તનવાત આદિ લોકના અસંખ્યાતમા ભાગને, આકાશાન્તર સંખ્યાતમા ભાગને અને ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી લોકના અસંખ્યાતમા ભાગને અવગાહિત કરીને સ્થિત છે. તેનું વિસ્તૃત વર્ણન શતક-૨/૧૦ પ્રમાણે જાણવું.

**પંચાસ્તિકાયના પર્યાયવાચી નામ :–**

**૪ धम्मत्थिकायस्स णं भंते ! केवइया अभिवयणा पण्णत्ता ?**

**गोयमा ! अणेगा अभिवयणा पण्णत्ता, तं जहा– धम्मे इ वा धम्मत्थिकाये इ वा पाणाइवायवेरमणे इ वा मुसावायरवेरमणे इ वा एवं *जाव* परिग्गहवेरमणे इ वा, कोहविवेगे इ वा *जाव* मिच्छादंसणसल्लविवेगे इ वा, इरियासमिई इ वा, भासासमिई इ वा, एसणासमिई इ वा, आयाणभंडमत्तणिक्खेवणासमिई इ वा, उच्चार-पासवण-खेल-जल्ल-सिंघाण-पारिट्ठावणिया-समिई इ वा, मणगुत्ती इ वा, वइगुत्ती इ वा, कायगुत्ती इ वा, जेया-वण्णे तहप्पगारा सव्वे ते धम्मत्थिकायस्स अभिवयणा ।**

**શબ્દાર્થ :– अभिवयणा** = પર્યાયવાચી નામ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધર્માસ્તિકાયના કેટલા અર્થો(પર્યાયવાચી નામો) છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનેક અર્થો છે યથા– ધર્મ, ધર્માસ્તિકાય, પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ ***યાવત્*** પરિગ્રહ વિરમણ, ક્રોધ વિવેક ***યાવત્*** મિથ્યાદર્શનશલ્ય વિવેક(ત્યાગ), ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આયાણભંડમત્ત નિક્ખેવણિયા સમિતિ, ઉચ્ચાર-પ્રસ્રવણ ખેલજલ્લ સિંઘાણ પરિઠાવણિયા સમિતિ, મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ, આ સર્વ તથા તેની સમાન અન્ય પણ

ધર્માસ્તિકાયના અભિવચન–અર્થો છે.

**૫** **अधम्मत्थिकायस्स णं भंते ! केवइया अभिवयणा पण्णत्ता ?**

**गोयमा ! अणेगा अभिवयणा पण्णत्ता, तं जहा– अधम्मे इ वा, अधम्मत्थिकाए इ वा, पाणाइवाए इ वा** *जाव* **मिच्छादंसणसल्ले इ वा, इरियाअसमिई इ वा** *जाव* **उच्चारपासवण-खेल-जल्ल-सिंघाण-पारिट्ठावणिया-असमिई इ वा, मणअगुत्ती इ वा, वइअगुत्ती इ वा, कायअगुत्ती इ वा, जे यावण्णे तहप्पगारा सव्वे ते अधम्मत्थिकायस्स अभिवयणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધર્માસ્તિકાયના કેટલા અર્થો(અભિવચન) છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનેક અર્થો છે. યથા– અધર્મ, અધર્માસ્તિકાય, પ્રાણાતિપાત ***યાવત્*** મિથ્યા-દર્શનશલ્ય, ઈર્યા અસમિતિ ***યાવત્*** ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ જલ્લ સિંઘાણ પરિઠાવણિયા સંબંધી અસમિતિ, મન અગુપ્તિ, વચન અગુપ્તિ, કાય અગુપ્તિ, આ સર્વ તથા તેની સમાન અન્ય પણ અધર્માસ્તિ- કાયના અનેક અભિવચન છે.

**૬** **आगासत्थिकायस्स णं, पुच्छा ?**

**गोयमा ! अणेगा अभिवयणा पण्णत्ता, तं जहा– आगासे इ वा, आगासत्थिकाये इ वा, गगणे इ वा, णभे इ वा, समे इ वा, विसमे इ वा, खहे इ वा, विहे इ वा, वीयी इ वा, विवरे इ वा, अंबरे इ वा, अंबरसे इ वा, छिड्डे इ वा, झुसिरे इ वा, मग्गे इ वा, विमुहे इ वा, अद्दे इ वा, (अट्टे इ वा) वियद्दे इ वा, आधारे इ वा, वोमे इ वा, भायणे इ वा, अंतरिक्खे इ वा, सामे इ वा, उवासंतरे इ वा, अगमे इ वा, फलिहे इ वा, अणंते इ वा, जे यावण्णे तहप्पगारा सव्वे ते आगासत्थिकायस्स अभिवयणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આકાશાસ્તિકાયના કેટલા અર્થો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનેક અર્થો છે. યથા– આકાશ, આકાશાસ્તિકાય, ગગન, નભ, સમ, વિષમ, ખહ, વિહાયસ, વીચિ, વિવર, અમ્બર, અમ્બરસ(અમ્બ-જલરૂપી રસ જેનાથી પ્રાપ્ત થાય તે), છિદ્ર, શુષિર, માર્ગ, વિમુખ, અર્દ, વ્યર્દ, આધાર, વ્યોમ, ભાજન, અંતરિક્ષ, શ્યામ, અવકાશાન્તર, અગમ, સ્ફટિક, અનન્ત, આ સર્વ અને તેની સમાન અન્ય અનેક આકાશાસ્તિકાયના અર્થો છે.

**૭** **जीवत्थिकायस्स णं भंते ! केवइया अभिवयणा पण्णत्ता ?**

**उत्तर– गोयमा ! अणेगा अभिवयणा पण्णत्ता, तं जहा– जीवे इ वा, जीवत्थिकाये इ वा, पाणे इ वा, भूए इ वा, सत्ते इ वा, विण्णू इ वा, वेया इ वा, चेया इ वा, जेया इ वा, आया इ वा, रंगणा इ वा, हिंडुए इ वा, पोग्गले इ वा, माणवे इ वा, कत्ता इ वा, विकत्ता इ वा, जए इ वा, जंतु इ वा, जोणी इ वा, सयंभू इ वा, ससरीरी इ वा, णायए इ वा, अंतरप्पा इ वा, जे यावण्णे तहप्पगारा सव्वे ते जीवत्थिकायस्स अभिवयणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવાસ્તિકાયના કેટલા અર્થો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવાસ્તિકાયના અનેક અર્થો છે. યથા– જીવ, જીવાસ્તિકાય, પ્રાણ, ભૂત, સત્ત્વ, વિજ્ઞ, વેત્તા, ચેત્તા(પુદ્‌ગલોનો સંચય કરનાર) જેત્તા(કર્મશત્રુને જીતનાર) આત્મા, રંગણ(રાગયુક્ત) હિંડુક (ગમન કરનાર) પુદ્‌ગલ, માનવ(નવો નથી, પ્રાચીન, અનાદિ) કર્તા, વિકર્તા(વિવિધ કર્મો કરનાર), જગત (ગમનશીલ), જન્તુ, યોનિ(ઉત્પાદક), સ્વયંભૂ, સશરીરી, નાયક, અંતરાત્મા, આ સર્વ અને તેની સમાન અન્ય અનેક જીવાસ્તિકાયના અભિવચનો છે.

**૮ पोग्गलत्थिकायस्स णं भंते ! केवइया अभिवयणा पण्णत्ता ?**

**गोयमा ! अणेगा अभिवयणा पण्णत्ता, तं जहा– पोग्गले इ वा, पोग्गलत्थिकाये इ वा, परमाणुपोग्गले इ वा, दुपएसिए इ वा, तिपएसिए इ वा *जाव* असंखेज्जपएसिए इ वा, अणंतपएसिए इ वा, जे यावण्णे तहप्पगारा सव्वे ते पोग्गलत्थिकायस्स अभिवयणा ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયના કેટલા અર્થો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પુદ્‌ગલાસ્તિકાયના અનેક અર્થો છે. યથા– પુદ્‌ગલ, પુદ્‌ગલાસ્તિકાય, પરમાણુ પુદ્‌ગલ, દ્વિપ્રદેશી, ત્રિપ્રદેશી ***યાવત્*** અસંખ્યાત પ્રદેશી અને અનંત પ્રદેશી, આ સર્વ તથા તેની સમાન અન્ય અનેક પુદ્‌ગલાસ્તિકાયના અભિવચનો છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે.॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પંચાસ્તિકાયના અભિવચન–અર્થોનો ઉલ્લેખ કર્યો છે.

**अभिवयणा :–** તે તે વસ્તુના વાચક શબ્દોને, પર્યાયવાચી શબ્દોને અભિવચન કહે છે.

**ધર્માસ્તિકાયના** પર્યાયવાચી નામો મુખ્યતયા બે છે. ધર્મ અને ધર્માસ્તિકાય. (૧) ધર્મ– ધારણ કરે તે ધર્મ. જીવ અને અજીવને ગમન ક્રિયામાં સહાયક થઈને ધારણ કરે, માટે તેને ધર્મ કહે છે. પ્રાણાતિપાત વિરમણ, સમિતિ વગેરેમાં જે ગમનાદિ ક્રિયાઓ થાય છે તેમાં ધર્માસ્તિકાય સહાયક બને છે તેથી તે ક્રિયાત્મક વ્રત, ગુપ્તિ વગેરેને ધર્માસ્તિકાયના અભિવચન કહ્યા છે. (૨) તે લોક પ્રમાણ વિશાલ પિંડરૂપ હોવાથી તેને અસ્તિકાય કહ્યું છે.

આ રીતે ધર્મ અને ધર્માસ્તિકાયના અર્થ બોધક સર્વ શબ્દો તેના અભિવચન છે. તેનાથી વિપરીત શબ્દો **અધર્માસ્તિકાયના** અભિવચન છે.

**આકાશાસ્તિકાય :–** આકાશ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે– **आ– मर्यादाया अभिविधिना वा सर्वेऽर्थाः काशान्ते– स्वं स्वभावं लभते यत्रतदाकाशः ।** = મર્યાદાપૂર્વક અથવા અભિવિધિપૂર્વક સર્વ પદાર્થ જ્યાં પોત-પોતાના સ્વભાવને પ્રાપ્ત થાય છે, તેને આકાશ કહે છે. તેના અર્થ સૂચક શબ્દોના અર્થ આ પ્રમાણે છે– **ગગન** = જેમાં ગમનનો વિષય છે તે. **નભ** = જેમાં 'ભા' અર્થાત્ દીપ્તિ ન હોય તે. **નભાતિ** = છદ્મસ્થના વિષયભૂત નથી તે. **સમ** = જેમાં નીચી અને ઊંચી જગ્યાનો અભાવ હોય તે સમ. **વિષમ** = છદ્મસ્થો જેની હદ પામી શકે નહીં તેવા દુર્ગમ હોવાથી તે વિષમ. **ખહ** = ખનન-ખોદવા છતાં અને હાનિ-પ્રલય થવા છતાં પણ જે રહે છે તે ખહ. **વિહાયસ** = એક સ્થાનેથી અન્ય સ્થાને જતાં વિશેષતયા જેનો ત્યાગ કરાય છે તે. **વિવર** = વરણ-આવરણથી રહિત હોય તે. **વીચિ** = વિવિક્ત, અથવા પૃથક્. પોતાના આધારે રહેલા સર્વ

દ્રવ્યોને જુદા જુદા સ્વરૂપે ધારણ કરી રાખે તે. **અંબર** = અમ્બ-જલ. તેને ઉત્પન્ન કરનાર. **અમ્બરસ** = જલરૂપ રસ જેમાંથી ઝરતો હોય તે. **છિદ્ર** = પોલાણ વાળું છે તે. **શુષિર** = સમુદ્રાદિમાંથી જલનું શોષણ કરીને પુનઃ આપી દે તેને શુષિર કહે છે. **માર્ગ** = આકાશ સ્વયં પથરૂપ હોવાથી માર્ગ છે. **વિમુખ** = જેનું કોઈ મુખ ન હોય તે. **અર્દ** = જેના પર અર્દન-ગમન થાય તે. **વ્યર્દ** = વિશેષરૂપથી ગમન થાય તે. **વ્યોમ** = વિશેષરૂપે પક્ષીઓ અને મનુષ્યોનું જેમાં અવન-રક્ષણ થાય તે. **ભાજન** = સંસારના આશ્રયદાતા. **અંતરિક્ષ** = જેનો અંત મધ્યમાં દેખાય તે. **શ્યામ** = શ્યામવર્ણ હોવાથી શ્યામ. **અવકાશાન્તર** = અવકાશરૂપ છે તે. **અગમ** = લોકાલોકમાં વ્યાપક હોવાથી અથવા સ્વયં ગમન ક્રિયા રહિત હોવાથી અગમ છે. **સ્ફટિક** = સ્ફટિક સમાન સ્વચ્છ હોવાથી સ્ફટિક કહેવાય છે. **અનંત** = અંત વિનાનું હોવાથી અનંત છે.

**જીવાસ્તિકાયના અભિવચનો :– જીવ–** જે પ્રાણધારણ કરે છે, જીવે છે તેને જીવ કહે છે. જીવ શબ્દના અનેક અભિવચનો છે. તેમાંથી પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વ આદિ પ્રસિદ્ધ છે. તે જૈનશાસ્ત્રોના પારિભાષિક શબ્દો છે.

**પ્રાણ=** બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયને પ્રાણ કહે છે. **ભૂત=** વનસ્પતિને ભૂત કહે છે. **જીવ=** પંચેન્દ્રિય-પ્રાણીઓને જીવ કહે છે. **સત્ત્વ=** પૃથ્વીકાયથી વાયુકાયને સત્ત્વ કહે છે. પ્રકારાન્તરથી તેની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે–

**પ્રાણ=** પ્રાણવાયુને અંદર લેવાના અને બહાર છોડવાના કારણે અર્થાત્ શ્વાસોચ્છ્વાસ લેવાના કારણે જીવને પ્રાણ કહે છે. **ભૂત=** ત્રણે કાળમાં અસ્તિત્વ ધરાવતો હોવાથી તેને ભૂત કહે છે. **જીવ=** જે જીવે છે, દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણને ધારણ કરે છે તેથી તેને જીવ કહે છે. **સત્ત્વ=** શુભાશુભ કર્મોની સાથે સંબદ્ધ છે, શુભાશુભ કર્મ કરવામાં સમર્થ છે અને સત્તાવાળો છે. તેથી તેને શક્ત, સક્ત તેમજ સત્ત્વ કહે છે.

**વિજ્ઞ=** કડવો, કષાયેલો આદિ રસને તેમ જ સુખ દુઃખને જાણે છે તેથી તે વિજ્ઞ છે. **વેત્તા=** સુખ દુઃખનું વેદન કરે છે તેથી વેત્તા છે. **ચેત્તા=** કર્મપુદ્ગલોનો ચય-સંચય કરનાર હોવાથી તેને ચેત્તા કહે છે. **જેત્તા=** કર્મરૂપી શત્રુને જીતનાર હોવાથી તેને જેત્તા કહે છે. **આત્મા=** જે ભિન્ન ભિન્ન પર્યાયોને પ્રાપ્ત કરે છે તે આત્મા. જે સર્વ જ્ઞેય પદાર્થોને પોતાના જ્ઞાનથી વ્યાપ્ત કરે છે તે આત્મા.

**રંગણ=** રાગાદિના સંબંધથી તેને રંગણ કહે છે. **માનવ=** જે નવીન નથી, પ્રાચીન છે, અર્થાત્ અનાદિ છે તે માનવ. **હિંડુક=** જે વિવિધ ગતિઓમાં હિંડન એટલે ભ્રમણ કરે છે તે હિંડુક છે. **પુદ્ગલ=** આત્મા પુદ્ગલને ગ્રહણ કરીને શરીર બનાવે છે. શરીર આત્માથી કથંચિત્ અભિન્ન છે અને પોતે બનાવેલા શરીરોનો પૂરણ-ગલન સ્વભાવ હોવાથી તે પુદ્ગલ. **કર્તા=** કર્મોના કર્તા હોવાથી કર્તા. **વિકર્તા=** વિવિધ કર્મોનો કર્તા અથવા કર્મોનો છેદક હોવાથી વિકર્તા. **જગત=** અતિશય ગમનશીલ– વિવિધ ગતિઓમાં ગમનશીલ હોવાથી તેને જગત કહે છે. **જન્તુ=** જે જન્મ ગ્રહણ કરે છે. **યોનિ** = અન્યને ઉત્પન્ન કરે તે યોનિ. **સ્વયંભૂ=** સ્વયં પોતાના કર્મોના ફલ સ્વરૂપ હોવાથી તે સ્વયંભૂ છે. **સશરીરી=** મોક્ષગમન પહેલાં તે સશરીરી હોવાથી તેને સશરીરી કહે છે. **નાયક** = સ્વકર્મોનો નેતા હોવાથી તે નાયક. **અંતરાત્મા=** સમ્યગ્દર્શની આત્મા શરીરથી ભિન્ન થઈ અંતે આત્મસ્વરૂપમાં સ્થિર થઈ જાય છે તેથી તેને અંતરાત્મા કહે છે.

**॥ શતક ૨૦/૨ સંપૂર્ણ ॥**

# શતક–૨૦ : ઉદ્દેશક–૩

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં જીવની જ્ઞાન આદિ સ્વાભાવિક અને પ્રાણાતિપાત આદિ વૈભાવિક પરિણામોની અને ગર્ભગત જીવની વર્ણાદિ પર્યાયોની પ્રરૂપણા છે.

★ જીવના વિવિધ પરિણામો આ પ્રમાણે છે– પ્રાણાતિપાત આદિ ૧૮ પાપસ્થાન, ૧૮ પાપસ્થાનની વિરતિ, ઔત્પાતિકાદિ ચાર બુદ્ધિ, અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા, ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ, ૨૪ દંડકના જીવોનું નૈરયિકપણુ આદિ, આઠ કર્મ, છ લેશ્યા, ત્રણ દષ્ટિ, પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન, ચાર સંજ્ઞા, પાંચ શરીર, ત્રણ યોગ અને બે ઉપયોગ આદિ સર્વ પરિણામો જીવના સ્વાભાવિક અને વૈભાવિક વિવિધ પરિણામો(પર્યાયો) છે. તે જીવમાં જ પરિણમન પામે છે. અજીવમાં તે પરિણામો હોતા નથી.

★ ગર્ભગત જીવ વર્ણાદિથી યુક્ત હોય છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તે પુદ્ગલ દ્રવ્યની પર્યાય છે અને તેનું પરિણમન હંમેશાં પુદ્ગલ દ્રવ્યમાં જ થાય છે. સંસારી પ્રત્યેક જીવો સશરીરી છે અને શરીર પુદ્ગલમય, હોવાથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી યુક્ત છે. સંસારી જીવ શરીરથી કથંચિત્ અભિન્ન છે. તે અપેક્ષાએ શરીરના પર્યાયો જીવના કહેવાય છે.

આ રીતે ગર્ભગત જીવ કે કોઈ પણ સશરીરી જીવો વર્ણાદિથી યુક્ત હોય છે.

★ દ્રવ્યની એક સમયની અવસ્થાને **પર્યાય** કહે છે. તેની સ્થિતિ એક સમયની જ હોવાથી તે સતત પરિવર્તનશીલ છે.

★ જીવ દ્રવ્યમાં સમયે સમયે પરિવર્તન પામતી અવસ્થાને **જીવ પર્યાય** કહે છે. જીવની શુદ્ધ અવસ્થા તે સ્વાભાવિક પર્યાય અને અશુદ્ધાવસ્થા તે વૈભાવિક પર્યાય છે. જેમ સમુદ્રના તરંગો સમુદ્રથી કથંચિત્ અભિન્ન છે અને તે તરંગોનું પરિણમન પણ હંમેશાં સમુદ્રમાં જ થાય છે. તે રીતે પર્યાયો, દ્રવ્યની જ અવસ્થા હોવાથી તેનું પરિણમન હંમેશાં તે દ્રવ્યમાં જ થાય છે અને પર્યાય દ્રવ્યથી કથંચિત્ અભિન્ન હોય છે. આ રીતે ગર્ભગત જીવ કે કોઈ પણ સશરીરી જીવો વર્ણાદિથી યુક્ત કહેવાય છે.

❖❖❖❖❖

# શતક–૨૦ : ઉદ્દેશક–૩

## પ્રાણવધ

**અઢાર પાપ આદિ વિવિધ આત્મ પરિણમન :–**

**१** **अह भंते! पाणाइवाए, मुसावाए** *जाव* **मिच्छादंसणसल्ले, पाणाइवाय-वेरमणे** *जाव* **मिच्छादंसणसल्लविवेगे, उप्पत्तिया** *जाव* **पारिणामिया, उग्गहे** *जाव* **धारणा, उट्ठाणे, कम्मे, बले, वीरिए, पुरिसक्कारपरकम्मे, णेरइयत्ते, असुरकुमारत्ते** *जाव* **वेमाणियत्ते, णाणावरणिज्जे** *जाव* **अंतराइए, कण्हलेस्सा** *जाव* **सुक्कलेस्सा, सम्मदिट्ठी, मिच्छादिट्ठी समामिच्छादिट्ठी, चक्खुदंसणे** *जाव* **केवलदंसणे, आभिणिबोहियणाणे** *जाव* **विभंगणाणे, आहारसण्णा** *जाव* **परिग्गह सण्णा, ओरालियसरीरे** *जाव* **कम्मग सरीरे, मणजोगे, वईजोगे, कायजोगे, सागारो-वओगे, अणागारोवओगे, जे यावण्णे तहप्पगारा सव्वे ते णण्णत्थ आयाए परिणमंति?**

**हंता गोयमा ! पाणाइवाए** *जाव* **सव्वे ते णण्णत्थ आयाए परिणमंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું પ્રાણાતિપાત, મૃષાવાદથી મિથ્યાદર્શનશલ્ય પર્યંતના ૧૮ પાપસ્થાન, પ્રાણાતિપાત વિરમણથી મિથ્યાદર્શનશલ્ય વિવેક પર્યંતની ૧૮ પાપસ્થાનની વિરતિ, ઔત્પાતિકીથી પારિણામિકી પર્યંત ચાર બુદ્ધિ, અવગ્રહ, ઈહા, અવાય, ધારણા; ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ; નૈરયિકપણું, અસુરકુમારપણું, ***યાવત્*** વૈમાનિકપણું, જ્ઞાનાવરણીયથી અંતરાય સુધીના આઠ કર્મો; કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યા; સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ, મિશ્રદષ્ટિ; ચક્ષુદર્શન ***યાવત્*** કેવલદર્શન; આભિનિબોધિક જ્ઞાનથી વિભંગજ્ઞાન પર્યંતના પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન; આહારસંજ્ઞાથી પરિગ્રહ પર્યંતની ચાર સંજ્ઞા; ઔદારિક શરીરથી કાર્મણ પર્યંતના પાંચ શરીર; મનયોગ, વચનયોગ, કાયયોગ; સાકારોપયોગ, અનાકારોપયોગ; આ સર્વ અને તે સમાન અન્ય પણ તેવા પરિણામો શું આત્મા સિવાય અન્યત્ર પરિણમન કરતા નથી ?

**ઉત્તર–** હા ગૌતમ ! પ્રશ્નોક્ત પ્રાણાતિપાતથી અનાકારોપયોગ પર્યંતના આ સર્વ પરિણામો આત્મા સિવાય અન્યત્ર પરિણમન કરતા નથી.

**વિવેચન :–**

પ્રાણાતિપાતાદિ ઉપર્યુક્ત સર્વ પરિણામો જીવના જ શુદ્ધ કે અશુદ્ધ પરિણામો-પર્યાયો છે, જીવની પર્યાયો જીવ દ્રવ્યથી કથંચિત્ અભિન્ન હોય છે. ધર્મ-ધર્મીથી કથંચિત્ અભિન્ન હોય છે. તેથી તે સર્વ પરિણામો આત્મા સિવાય અન્યત્ર પરિણમન થતા નથી.

**ગર્ભસ્થ જીવમાં વર્ણાદિ :–**

**२** **जीवे णं भंते ! गब्भं वक्कममाणे कइवण्णे, कइगंधे, पुच्छा ?**

**गोयमा ! जहा बारसमसए पंचमुद्देसे** *जाव* **कम्मओ णं जए, णो अकम्मओ विभत्तिभावं परिणमइ । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગર્ભમાં ઉત્પન્ન થતા જીવમાં, કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પરિણામો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! શતક-૧૨/૫ અનુસાર જાણવું ***યાવત્*** 'કર્મથી જીવ જગત છે, કર્મ સિવાય જીવમાં વિવિધ પરિણામ થતા નથી,' ત્યાં સુધી વર્ણન અહીં જાણવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પૂર્વોક્ત સૂત્રમાં નિરૂપણ છે કે જીવની પર્યાયો જીવમાં જ પરિણત થાય છે. અન્યત્ર પરિણત થતી નથી. તો પ્રશ્ન થાય કે વર્ણાદિ પર્યાયો પુદ્ગલની છે, તો તે પર્યાયો જીવમાં પરિણત થાય કે નહીં ? તેના અનુસંધાનમાં આ સૂત્ર સમાધાન કરે છે.

ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ તૈજસ-કાર્મણ શરીર સહિત છે અને તે ઔદારિક શરીર યોગ્ય પુદ્ગલને ગ્રહણ કરે છે. શરીર પુદ્ગલમય છે, તે વર્ણાદિથી યુક્ત હોય છે અને જીવ વર્ણાદિથી રહિત હોય છે. તેમ છતાં શરીરથી કથંચિત્ અભિન્ન જીવ ગર્ભમાં ઉત્પન્ન થાય છે. તેથી પ્રત્યેક સંસારી જીવ વર્ણાદિ યુક્ત હોય છે, તે પ્રમાણે કહેવાય છે. અર્થાત્ શરીરના વર્ણાદિ પણ અપેક્ષાએ જીવના પરિણામ કહેવાય છે.

**॥ શતક ૨૦/૩ સંપૂર્ણ ॥**

# શતક–૨૦ : ઉદ્દેશક–૪

## ઉપચય

**ઇન્દ્રિય ઉપચય :–**

**१** **कइविहे णं भंते ! इंदियउवचए पण्णत्ते ?**

**गोयमा ! पंचविहे इंदियोवचए पण्णत्ते, तं जहा– सोइंदियउवचए** *जाव* **फासिंदिय उवचए । एवं बिइओ इंदियउद्देसओ णिरवसेसो भाणियव्वो जहा पण्णवणाए ॥ सेवं भंते! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઇન્દ્રિયોપચયના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઇન્દ્રિયોપચયના પાંચ પ્રકાર છે. યથા– શ્રોતેન્દ્રિયોપચય ***યાવત્*** સ્પર્શેન્દ્રિયોપચય ઇત્યાદિ પ્રજ્ઞાપના સૂત્રના પંદરમા પદના બીજા ઇન્દ્રિયોદ્દેશક અનુસાર સંપૂર્ણ વર્ણન જાણવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

ઉપચય એટલે વૃદ્ધિ પામવું. ઇન્દ્રિયો પાંચ છે તેથી તેનો ઉપચય પણ પાંચ પ્રકારનો છે. આ વિષયનું વિસ્તૃત વર્ણન પ્રજ્ઞાપના સૂત્રમાં છે.

**॥ શતક ૨૦/૪ સંપૂર્ણ ॥**

# શતક–૨૦ : ઉદ્દેશક–૫

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં પરમાણુ અને સ્કંધમાં પ્રાપ્ત થતાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના વિવિધ વિકલ્પોનું વિસ્તૃત વર્ણન છે.

★ પુદ્ગલ દ્રવ્ય રૂપી છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તેના ગુણ છે. તેથી પ્રત્યેક પરમાણુ કે સ્કંધમાં તેના ગુણ અવશ્ય હોય જ છે.

સ્કંધના દ્વિપ્રદેશી, ત્રિપ્રદેશી આદિ અનંત પ્રકાર છે અને વર્ણાદિના પણ પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શરૂપ ૨૦ પ્રકાર છે. તેથી સ્કંધમાં એક વર્ણ, બે વર્ણ, ત્રણ વર્ણ આદિ વિવિધ વિકલ્પો સંભવે છે. તેના અસંયોગી, દ્વિકસંયોગી, ત્રિકસંયોગી આદિ વિવિધ ભંગો થાય છે. પ્રસ્તુત ઉદ્દેશકમાં તેનું વિસ્તૃત કથન છે.

★ પરમાણુ અવિભાજ્ય નિરંશ છે, તેમાં કોઈ પણ એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ શીત-ઉષ્ણ, સ્નિગ્ધ-રૂક્ષ, તે ચાર સ્પર્શમાંથી અવિરોધી બે સ્પર્શ હોય છે.

★ દ્વિપ્રદેશી સ્કંધમાં બે અંશ હોય છે. તેથી કોઈ પણ એક અથવા બે વર્ણ; એક અથવા બે ગંધ; એક અથવા બે રસ અને બે, ત્રણ અથવા ચાર સ્પર્શ હોય છે.

★ ત્રિપ્રદેશી સ્કંધમાં એક, બે અથવા ત્રણ વર્ણ; એક અથવા બે ગંધ; એક, બે અથવા ત્રણ રસ અને બે, ત્રણ અથવા ચાર સ્પર્શ હોય છે. આ રીતે પ્રત્યેક સ્કંધમાં યથાયોગ્ય વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે.

★ સૂક્ષ્મ અનંત પ્રદેશી સ્કંધ પર્યંતના પ્રત્યેક સ્કંધમાં શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ તે ચાર સ્પર્શમાંથી બે, ત્રણ કે ચાર સ્પર્શ હોય છે.

★ બાદર અનંત પ્રદેશી સ્કંધમાં ચાર, પાંચ, છ, સાત કે આઠ સ્પર્શ હોય છે અર્થાત્ કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ આ ચાર સ્પર્શ બાદર અનંત પ્રદેશી સ્કંધમાં જ હોય છે.

આ રીતે પુદ્ગલ દ્રવ્યમાં વર્ણાદિની અપેક્ષાએ અનંત પ્રકારની વિવિધતા છે.

❖❖❖❖❖

# શતક–૨૦ : ઉદ્દેશક–૫

## પરમાણુ

**પરમાણુ-પુદ્‌ગલમાં વર્ણાદિ :–**

**૧ परमाणुपोग्गले णं भंते ! कइवण्णे, कइगंधे, कइरसे, कइफासे पण्णत्ते ?**

**गोयमा ! एगवण्णे, एगगंधे, एगरसे, दुफासे पण्णत्ते । जइ एगवण्णे– सिय कालएसिय णीलए, सिय लोहिए, सिय हालिद्दए, सिय सुक्किलए; जइ एगगंधे– सिय सुब्भिगंधे, सिय दुब्भिगंधे; जइ एगरसे– सिय तित्ते, सिय कडुए, सिय कसाए, सिय अंबिले, सिय महुरे ।**

**जइ दुफासे– सिय सीए य णिद्धे य, सिय सीए य लुक्खे य, सिय उसिणे य णिद्धे य, सिय उसिणे य लुक्खे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલમાં કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ હોય છે. જો એક વર્ણ હોય તો– (૧) ક્યારેક કાળો, (૨) ક્યારેક નીલો, (૩) ક્યારેક લાલ, (૪) ક્યારેક પીળો અને (૫) ક્યારેક શ્વેત હોય છે. જો એક ગંધ હોય તો– (૬) ક્યારેક સુરભિગંધ (૭) ક્યારેક દુરભિગંધ હોય છે. જો એક રસ હોય તો– (૮) ક્યારેક તીખો, (૯) ક્યારેક કડવો, (૧૦) ક્યારેક કષાયેલો, (૧૧) ક્યારેક ખાટો અને (૧૨) ક્યારેક મધુર હોય છે.

જો બે સ્પર્શ હોય તો– (૧૩) ક્યારેક શીત અને સ્નિગ્ધ, (૧૪) ક્યારેક શીત અને રૂક્ષ, (૧૫) ક્યારેક ઉષ્ણ અને સ્નિગ્ધ (૧૬) કયારેક ઉષ્ણ અને રૂક્ષ હોય છે, પરમાણુ પુદ્‌ગલમાં વર્ણના પાંચ, ગંધના બે, રસના પાંચ અને સ્પર્શના ચાર, આ રીતે કુલ ૧૬ ભંગ થાય છે.

**દ્વિપ્રદેશી સ્કંધમાં વર્ણાદિ :–**

**૨ दुप्पएसिए णं भंते ! खंधे कइवण्णे *जाव* कइफासे पण्णत्ते ?**

**गोयमा ! जहा अट्ठारसमसए छट्ठुद्देसए *जाव* सिय चउफासे पण्णत्ते । एगवण्णे– सिय कालए *जाव* सिय सुक्किल्लए,**

**जइ दुवण्णे– सिय कालए य णीलए य, सिय कालए य लोहियए य, सिय कालए य हालिद्दए य, सिय कालए य सुक्किलए य, सिय णीलए य लोहियए य, सिय णीलए य हालिद्दए य, सिय णीलए य सुक्किलए य, सिय लोहियए य हालिद्दए य, सिय लोहियए**

**य सुक्किलए य, सिय हालिद्दए य सुक्किलए य । एवं एए दुयासंजोगे दस भंगा ।**

**जइ एगगंधे– सिय सुब्भिगंधे, सिय दुब्भिगंधे य. जइदुगंधे– सुब्भिगंधे य दुब्भिगंधे य । रसेसु जहा वण्णेसु ।**

**जइ दुफासे– सिय सीए य णिद्धे य, एवं जहेव परमाणु पोग्गले तहेव चत्तारि भंगा।**

**जइ तिफासे– सव्वे सीए, देसे णिद्धे, देसे लुक्खे; सव्वे उसिणे, देसे णिद्धे, देसे लुक्खे; सव्वे णिद्धे, देसे सीए, देसे उसिणे; सव्वे लुक्खे, देसे सीए, देसे उसिणे ।**

**जइ चउफासे– देसे सीए, देसे उसिणे, देसे णिद्धे, देसे लुक्खे, एवं एए णव भंगा फासेसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્વિપ્રદેશી સ્કંધમાં કેટલા વર્ણાદિ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! શતક-૧૮/૬ અનુસાર જાણવું જોઈએ ***યાવત્*** કદાચિત્ ચાર સ્પર્શ હોય છે. ત્યાં સુધી કથન કરવું જોઈએ. જો તેમાં એક વર્ણ હોય, તો(૧–૫) કદાચિત્ કાળો ***યાવત્*** શ્વેત હોય છે. (અસંયોગી પાંચ ભંગ છે)

જો તેમાં બે વર્ણ હોય તો (૬) કાળો અને નીલો (૭) કાળો અને લાલ (૮) કાળો અને પીળો (૯) કાળો અને શ્વેત (૧૦) નીલો અને લાલ (૧૧) નીલો અને પીળો (૧૨) નીલો અને શ્વેત (૧૩) લાલ અને પીળો (૧૪) લાલ અને શ્વેત (૧૫) પીળો અને શ્વેત(આ દ્વિકસંયોગી દશ ભંગ છે.)

જો એક ગંધ હોય તો (૧૬) સુરભિગંધ અથવા (૧૭) દુરભિગંધ હોય છે. જો બે ગંધ હોય તો (૧૮) સુરભિગંધ અને દુરભિગંધ હોય છે. (૧૯ થી ૩૩) જે રીતે વર્ણના પંદર ભંગ કહ્યા, તે રીતે રસ સંબંધી અસંયોગી પાંચ અને દ્વિકસંયોગી દશ એમ કુલ પંદર ભંગ કહેવા જોઈએ.

જો બે સ્પર્શ હોય તો (૩૪–૩૭) શીત અને સ્નિગ્ધ ઈત્યાદિ ચાર ભંગ, પરમાણુ પુદ્ગલની સમાન જાણવા જોઈએ. જો ત્રણ સ્પર્શ હોય, તો (૩૮) સર્વાંશે શીત હોય અને તેનો એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ હોય છે (૩૯) સર્વાંશે ઉષ્ણ હોય અને તેનો એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ હોય છે (૪૦) સર્વાંશે સ્નિગ્ધ હોય અને તેનો એક દેશ શીત અને એક દેશ ઉષ્ણ હોય છે (૪૧) સર્વાંશે રૂક્ષ હોય અને તેનો એક દેશ શીત અને એક દેશ ઉષ્ણ હોય છે.

જો ચાર સ્પર્શ હોય તો (૪૨) તેનો એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ હોય છે. આ રીતે સ્પર્શના નવ ભંગ થાય છે.

**વિવેચન :–**

**દ્વિપ્રદેશી સ્કંધ :–** દ્વિપ્રદેશી સ્કંધમાં જ્યારે બંને પ્રદેશ સમાન વર્ણવાળા હોય ત્યારે અસંયોગી પાંચ ભંગ થાય છે, જ્યારે બંને પ્રદેશ ભિન્ન વર્ણવાળા હોય ત્યારે દ્વિક સંયોગી દશ ભંગ થાય છે. ગંધમાં જ્યારે બંને પ્રદેશ સમાન ગંધવાળા હોય, ત્યારે અસંયોગી બે ભંગ (૧. બંને સુગંધ ૨. બંને દુર્ગંધ) અને બંને પ્રદેશ ભિન્ન ગંધવાળા હોય, ત્યારે દ્વિકસંયોગી એક ભંગ(એક સુગંધ અને એક દુર્ગંધ) થાય છે. રસમાં જ્યારે બંને પ્રદેશ સમાન રસવાળા હોય ત્યારે અસંયોગી પાંચ ભંગ અને બંને પ્રદેશ ભિન્ન રસવાળા હોય ત્યારે દ્વિકસંયોગી દશ ભંગ થાય છે. સ્પર્શના દ્વિકસંયોગી ચાર ભંગ, ત્રિક સંયોગી ચાર ભંગ તથા ચતુઃસંયોગી એક ભંગ થાય છે.

આ રીતે દ્વિપ્રદેશી સ્કંધમાં વર્ણના-૧૫ + ગંધના-૩ + રસના-૧૫ + સ્પર્શના-૯ = કુલ ૪૨ ભંગ થાય છે. તેનું વિસ્તૃત વર્ણન શતક-૧૮/૬ પ્રમાણે જાણવું.

**ત્રિપ્રદેશી સ્કંધમાં વર્ણાદિ :–**

**૩ तिपएसिए णं भंते ! खंधे कइवण्णे *जाव* कइफासे पण्णते ? जहा अट्ठारसमसए छट्ठुद्देसे *जाव* चउफासे पण्णत्ते । जइ एगवण्णे– सिय कालए *जाव* सुक्किलए ।**

**जइ दुवण्णे– सिय कालए य सिय णीलए य, सिय कालए य सिय णीलगा य, सिय कालगा य णीलए य एए तिण्णि भंगा । सिय कालए य लोहियए य, सिय कालए य लोहियगा य, सिय कालगा य लोहियए य, एए तिण्णि भंगा एवं हालिद्दएण वि समं तिण्णि भंगा, एवं सुक्किलएण वि समं तिण्णि भंगा, सिय णीलए य लोहियए य एत्थ वि तिण्णि भंगा, एवं हालिद्दएण वि समं तिण्णि भंगा, एवं सुक्किलएण वि समं तिण्णि भंगा, सिय लोहियए य हालिद्दए य समं तिण्णि भंगा, एवं सुक्किलएण वि समं तिण्णि भंगा, सिय हालिद्दए य सुक्किलए य तिण्णि भंगा, एवं सव्वे ते दस दुयासंजोगा, भंगा तीसं भवंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ત્રિપ્રદેશી સ્કંધમાં કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! શતક-૧૮/૬ અનુસાર ***યાવત્*** કદાચિત્ ચાર સ્પર્શ હોય છે, ત્યાં સુધી કથન કરવું જોઈએ. (૧-૫) જો એક વર્ણ હોય તો કદાચિત્ કાળો ***યાવત્*** શ્વેત હોય છે.(અસંયોગી પાંચ ભંગ)

જો બે વર્ણ હોય તો– (૧) તેનો ક્યારેક એક અંશ કાળો અને એક અંશ નીલો હોય છે, (૨) ક્યારેક એક અંશ કાળો અને બે અંશ નીલા હોય છે, (૩) ક્યારેક બે અંશ કાળા અને એક અંશ નીલો હોય છે, (૪) ક્યારેક એક અંશ કાળો અને એક અંશ લાલ હોય છે, (૫) ક્યારેક એક અંશ કાળો અને બે અંશ લાલ હોય છે (૬) ક્યારેક બે અંશ કાળા અને એક અંશ લાલ હોય છે. (૭–૯) આ જ રીતે કાળા વર્ણના પીળા વર્ણની સાથે ત્રણ ભંગ, (૧૦–૧૨) કાળા વર્ણના શ્વેત વર્ણની સાથે ત્રણ ભંગ જાણવા જોઈએ. (૧૩–૧૫) આ જ રીતે નીલા વર્ણના લાલ વર્ણની સાથે ત્રણ ભંગ, (૧૬–૧૮) નીલા વર્ણના પીળા વર્ણની સાથે ત્રણ (૧૯–૨૧) નીલા વર્ણના શ્વેતવર્ણની સાથે ત્રણ ભંગ જાણવા જોઈએ. આ જ રીતે (૨૨–૨૪) લાલ અને પીળાના ત્રણ ભંગ, (૨૫–૨૭) લાલ અને શ્વેતના ત્રણ ભંગ જાણવા જોઈએ. આ જ રીતે (૨૮–૩૦) પીળા અને શ્વેતના પણ ત્રણ ભંગ જાણવા જોઈએ. આ રીતે કુલ દસ દ્વિસંયોગીના ૩૦ ભંગ થાય છે.

**૪ जइ तिवण्णे– सिय कालए य णीलए य लोहियए य, सिय कालए य णीलए य हालिद्दए य, सिय कालए य णीलए य सुक्किलए य, सिय कालए य लोहियए य हालिद्दए य, सिय कालए य लोहियए य सुक्किलए य, सिय कालए य हालिद्दए य सुक्किलए य, सिय णीलए य लोहियए य हालिद्दए य, सिय णीलए य लोहियए य सुक्किलए य, सिय णीलए य हालिद्दए य सुक्किलए य, सिय लोहियए य हालिद्दए य सुक्किलए य एवं एए दस तियासंजोगा ।**

**जइ एगगंधे– सिय सुब्भिगंधे सिय दुब्भिगंधे । जइ दुगंधे सिय सुब्भिगंधे य दुब्भिगंधे य, एवं तिण्णि भंगा । रसा जहा वण्णा ।**

**जइ दुफासे– सिय सीए य णिद्धे य, एवं जहेव दुपएसियस्स तहेव चत्तारि भंगा ।**

**जइ तिफासे– सव्वे सीए देसे णिद्धे देसे लुक्खे, सव्वे सीए देसे णिद्धे देसा लुक्खा, सव्वे सीए देसा णिद्धा देसे लुक्खे एए तिण्णि; सव्वे उसिणे देसे णिद्धे देसे लुक्खे, एत्थ वि भंगा तिण्णि; सव्वे णिद्धे देसे सीए देसे उसिणे एत्थ वि भंगा तिण्णि; सव्वे लुक्खे देसे सीए देसे उसिणे एत्थ भंगा तिण्णि; एवं एए दुवालस भंगा ।**

**ભાવાર્થ :–** જ્યારે ત્રિપ્રદેશી સ્કંધમાં ત્રણ વર્ણ હોય તો– (૧) કદાચિત્ કાળો, નીલો અને લાલ હોય છે અથવા (૨) કાળો, નીલો અને પીળો હોય છે અથવા (૩) કાળો, નીલો અને શ્વેત હોય છે અથવા (૪) કાળો, લાલ અને પીળો હોય છે અથવા (૫) કાળો, લાલ અને શ્વેત હોય છે અથવા (૬) કાળો, પીળો અને શ્વેત હોય છે અથવા (૭) નીલો, લાલ અને પીળો હોય છે અથવા (૮) નીલો, લાલ અને શ્વેત હોય છે અથવા (૯) નીલો, પીળો અને શ્વેત અથવા (૧૦) કદાચિત્ લાલ, પીળો અને શ્વેત હોય છે, આ રીતે ત્રિસંયોગી દશ ભંગ થાય છે.

જો એક ગંધ હોય તો (૧) ક્યારેક સુગંધિત (૨) ક્યારેક દુર્ગંધિત હોય છે. જો બે ગંધ હોય તો સુગંધિત દુર્ગંધિતના (એક અંશ અને અનેકઅંશની અપેક્ષાએ પૂર્વવત્) ત્રણ ભંગ થાય છે. આ રીતે ગંધના પાંચ ભંગ થાય છે.

જે રીતે વર્ણના ૪૫ ભંગ છે, તે જ રીતે રસના પણ ૪૫ ભંગ જાણવા જોઈએ.

જો ત્રિપ્રદેશી સ્કંધમાં બે સ્પર્શ હોય તો– ક્યારેક શીત અને સ્નિગ્ધ, ઈત્યાદિ **ચાર ભંગ** દ્વિપ્રદેશી સ્કંધની જેમ સમજવા જોઈએ. જો ત્રણ સ્પર્શ હોય તો– (૧) સર્વશીત, એક દેશ સ્નિગ્ધ અને એકદેશ રૂક્ષ (૨) સર્વશીત, એક દેશ સ્નિગ્ધ અને અનેક દેશ રૂક્ષ હોય છે (૩) સર્વશીત, અનેક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ હોય છે; આ ત્રણ ભંગ થાય. અથવા (૪ થી ૬) સર્વ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ હોય છે, અહીં પણ પૂર્વવત્ ત્રણ ભંગ જાણવા જોઈએ. ક્યારેક (૭ થી ૯) સર્વ સ્નિગ્ધ, એક દેશ શીત અને એક દેશ ઉષ્ણ હોય. અહીં પણ પૂર્વવત્ ત્રણ ભંગ થાય છે. ક્યારેક (૧૦ થી ૧૨) સર્વ રૂક્ષ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ હોય, અહીં પણ પૂર્વવત્ ત્રણ ભંગ થાય છે. આ રીતે સ્પર્શના ત્રિકસંયોગી બાર ભંગ થાય છે.

**૫ जइ चउफासे– देसे सीए, देसे उसिणे, देसे णिद्धे देसे लुक्खे; देसे सीए देसे उसिणे देसे णिद्धे देसा लुक्खा, देसे सीए देसे उसिणे देसा णिद्धा देसे लुक्खे, देसे सीए देसा उसिणा देसे णिद्धे देसे लुक्खे, देसे सीए देसा उसिणा देसे णिद्धे देसा लुक्खा, देसे सीए देसा उसिणा देसा णिद्धा देसे लुक्खे, देसा सीया देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, देसा सीया देसे उसिणे देसे णिद्धे देसा लुक्खा, देसा सीया देसे उसिणे देसा णिद्धा देसे लुक्खे, एवं चउसंयोगी नव भंगा । सव्वे एए तिपएसिए फासेसु पणवीसं भंगा ।**

**ભાવાર્થ :–** જ્યારે તે ત્રિપ્રદેશીમાં ચાર સ્પર્શ હોય, ત્યારે (૧) એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ હોય છે. (૨) એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને અનેક દેશ

રૂક્ષ હોય છે. (૩) એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, અનેક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ હોય છે (૪) એક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ હોય છે (૫) એક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને અનેક દેશ રૂક્ષ હોય છે (૬) એક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, અનેક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ હોય છે (૭) અનેક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ હોય છે (૮) અનેક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને અનેક દેશ રૂક્ષ હોય છે (૯) અનેક દેશ શીત, એક દેશ ઉષ્ણ, અનેક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ, આ રીતે ચાર સંયોગી નવ ભંગ થયા. સર્વ મળી ત્રિપ્રદેશી સ્કંધમાં સ્પર્શના કુલ ૨૫ ભંગ હોય છે.

**વિવેચન :–**

ત્રિપ્રદેશી સ્કંધમાં ત્રણ પરમાણુ હોય છે. ત્રણે ય પરમાણુ ક્યારેક સરખા વર્ણાદિવાળા હોયતો ક્યારેક ભિન્ન-ભિન્ન વર્ણવાળા હોય. ક્યારેક બે પરમાણુ સમાન વર્ણવાળા હોય અને એક પરમાણુ ભિન્નવર્ણવાળો હોય. આવી વિવિધતાના કારણે તેમાં અનેક વિકલ્પો થાય છે. દ્રવ્ય અપેક્ષાએ સ્કંધગત ત્રણે ય પરમાણુ સ્કંધના દેશ કે અંશ કહેવાય છે.

**વર્ણના અસંયોગી ૫ ભંગ–** ત્રિપ્રદેશી સ્કંધના ત્રણે પરમાણુઓ સમાન વર્ણવાળા હોય, અર્થાત્ ત્રણે પરમાણુ કાળા, નીલા, લાલ, પીળા કે શ્વેત હોય ત્યારે અસંયોગી પાંચ ભંગ બને છે.

**વર્ણના દ્વિસંયોગી ૩૦ ભંગ–** ત્રિપ્રદેશી સ્કંધમાં જ્યારે બે વર્ણ હોય ત્યારે દ્વિસંયોગી ભંગ બને છે. **(૧) એક અંશ કાળો એક અંશ નીલો–** આ ભંગ દ્રવ્ય અપેક્ષાએ ઘટિત થઈ શકે નહીં કારણ કે ત્રણ પરમાણુમાંથી એક પરમાણુ કાળો અને બે પરમાણુ નીલા હોય તો એક દેશ કાળો અને બે દેશ(અનેક દેશ) નીલા કહેવાય. આવા સમયે ક્ષેત્ર અપેક્ષાએ ભંગ ઘટાવવા જરૂરી બને છે. તથાવિધ પરિણામથી ત્રિપ્રદેશી સ્કંધ એક પ્રદેશાવગાહી, બે પ્રદેશાવગાહી અને ત્રિપ્રદેશાવગાહી બનીને રહી શકે છે. તે સ્કંધ દ્વિપ્રદેશાવગાહી હોય તો, ક્ષેત્ર અપેક્ષાએ બે દેશ અને ત્રિપ્રદેશાવગાહી હોય તો તેના ત્રણ દેશ થાય છે.

ત્રિપ્રદેશી સ્કંધ જ્યારે દ્વિપ્રદેશાવગાઢ હોય ત્યારે તેના બે વિભાગમાંથી એક આકાશ પ્રદેશ ઉપર સ્થિત એક પરમાણુ કાળો હોય અને બીજા આકાશ પ્રદેશ ઉપર સ્થિત બે પરમાણુ નીલા હોય ત્યારે ક્ષેત્ર અપેક્ષાએ એક દેશ કાળો અને એક દેશ નીલો કહી શકાય છે.

આ રીતે કેટલાક ભંગો ક્ષેત્ર અપેક્ષાએ ઘટિત થાય છે, તેને તે ભંગના કથન સમયે સૂચિત કર્યા છે.

**(૨) એક અંશ કાળો અનેક અંશ નીલા–** જ્યારે ત્રિપ્રદેશી સ્કંધ ત્રણ આકાશપ્રદેશ પર સ્થિત હોય ત્યારે તેમાં ત્રણ અંશ થાય છે. તેમાં એક અંશ કાળો અને બે અંશ અર્થાત્ અનેક અંશ નીલા હોય.

**(૩) અનેક અંશ કાળા એક અંશ નીલો–** ત્રણ આકાશ પર સ્થિત ત્રિપ્રદેશી સ્કંધના બે અંશ(અનેક અંશ) કાળા અને એક અંશ નીલો હોય છે.

આ રીતે ત્રિપ્રદેશી સ્કંધની અવગાહનાના ભેદથી તેમાં બે અંશ અને ત્રણ અંશની કલ્પના કરીને કાળા-નીલા તે બે વર્ણના સંયોગમાં ત્રણ ભંગ થાય. આ રીતે કાળો અને નીલો તે એક દ્વિસંયોગીના ત્રણ ભંગ થવાથી દશ દ્વિસંયોગીના ૩૦ ભંગ થાય છે. દશ દ્વિસંયોગ આ પ્રમાણે છે– (૧) કાળો-નીલો, (૨) કાળો-લાલ, (૩) કાળો-પીળો, (૪) કાળો-શ્વેત, (૫) નીલો-લાલ, (૬) નીલો-પીળો, (૭) નીલો-શ્વેત, (૮) લાલ-પીળો, (૯) લાલ-શ્વેત, (૧૦) પીળો-શ્વેત. આ દશ દ્વિસંયોગના ત્રણ-ત્રણ ભંગ થતાં ૩૦ ભંગ થાય છે.

ત્રિપ્રદેશી સ્કંધમાં ત્રણ વર્ણ હોય ત્યારે ત્રિસંયોગી-૧૦ ભંગ થાય છે; તે મૂળપાઠથી સ્પષ્ટ છે. આ રીતે ત્રિપ્રદેશી સ્કંધમાં વર્ણપરિણામના અસંયોગી-૫ ભંગ,દ્વિસંયોગી-૩૦ ભંગ અને ત્રિસંયોગી-૧૦ ભંગ થતાં કુલ ૫+૩૦+૧૦ = ૪૫ ભંગ થાય છે.

**ગંધ-પરિણામ :–** જ્યારે ત્રિપ્રદેશી સ્કંધના ત્રણે પ્રદેશ સમાન ગંધ પરિણામવાળા હોય ત્યારે બે ભંગ થાય છે– (૧) સુરભિગંધ (૨) દુરભિગંધ. જ્યારે ત્રણે પ્રદેશ ભિન્ન ગંધ પરિણામવાળા હોય ત્યારે તેની અવગાઢતાના આધારે એક અને અનેક અંશની કલ્પનાથી પૂર્વવત્ ત્રણ ભંગ થાય છે. (૧) એક અંશ સુરભિગંધ, એક અંશ દુરભિગંધ, (૨) એક અંશ સુરભિગંધ, અનેક અંશ દુરભિગંધ, (૩) અનેક અંશ સુરભિગંધ, એક અંશ દુરભિગંધ. આ રીતે અસંયોગી–૨ ભંગ અને દ્વિસંયોગી–૩ ભંગ; આ રીતે ત્રિપ્રદેશીના ગંધ પરિણામના પાંચ ભંગ થાય છે.

**રસ પરિણામ :–** વર્ણની જેમ રસના અસંયોગી–૫ ભંગ, દ્વિકસંયોગી ૩૦ ભંગ અને ત્રિકસંયોગી–૧૦ ભંગ કુલ ૪૫ ભંગ થાય છે.

**સ્પર્શ પરિણામ :–** ત્રણ પ્રદેશીમાં ઉત્કૃષ્ટ સ્પર્શ ચાર હોય છે. જ્યારે ત્રિપ્રદેશી સ્કંધમાં બે સ્પર્શ હોય, ત્યારે દ્વિપ્રદેશી સ્કંધની સમાન **ચાર ભંગ થાય** છે.

**જ્યારે ત્રણ સ્પર્શ હોય ત્યારે– (૧) સર્વ શીત-એક દેશ સ્નિગ્ધ-એક દેશ રૂક્ષ :–** ત્રિપ્રદેશી સ્કંધ બે આકાશ પર સ્થિત હોય ત્યારે તેમાં આકાશપ્રદેશ રૂપ ક્ષેત્રની પ્રધાનતાથી બે અંશની કલ્પના કરી શકાય છે. તેના બંને અંશમાં એક શીત સ્પર્શ હોય અને તે બંને શીત અંશમાં એક અંશ સ્નિગ્ધ હોય અને એક અંશ રૂક્ષ હોય તો પ્રથમ ભંગ થાય.

**(૨) સર્વ શીત-એક દેશ સ્નિગ્ધ-અનેક દેશ રૂક્ષ :–** જ્યારે તે ત્રણ આકાશ પ્રદેશ પર સ્થિત હોય ત્યારે તેમાં ત્રણ અંશની કલ્પના કરી શકાય છે. તેના ત્રણે અંશમાં શીત સ્પર્શ તો હોય જ અને તે ત્રણે શીત અંશમાં એક અંશ સ્નિગ્ધ અને શેષ બે અંશ અર્થાત્ અનેક અંશ રૂક્ષ હોય ત્યારે બીજો ભંગ થાય.

**(૩) સર્વ શીત-અનેક દેશ સ્નિગ્ધ-એક દેશ રૂક્ષ :–** ત્રણે શીત અંશમાં બે અંશ(અનેક અંશ)માં સ્નિગ્ધ અને એક અંશમાં રૂક્ષ સ્પર્શ હોય ત્યારે ત્રીજો ભંગ થાય છે. આ રીતે સર્વ શીત સાથે ત્રણ ભંગ થયા. તે જ રીતે સર્વ ઉષ્ણ, સર્વ સ્નિગ્ધ અને સર્વ રૂક્ષ સાથે ત્રણ-ત્રણ ભંગ જાણવા જોઈએ. કુલ **૧૨ ભંગ** થાય.

જ્યારે **ત્રિપ્રદેશી સ્કંધમાં ચાર સ્પર્શ હોય ત્યારે–** એકવચન અને બહુવચનની અપેક્ષાએ **નવ** ભંગ થાય છે.

**(૧) એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ :–** જ્યારે ત્રિપ્રદેશી સ્કંધ બે આકાશપ્રદેશ પર સ્થિત હોય ત્યારે તેના એક આકાશ પ્રદેશ પર રહેલો એક પરમાણુ શીત અને સ્નિગ્ધ હોય અને બીજા આકાશ પ્રદેશ પર રહેલા બે પરમાણુ ઉષ્ણ અને રૂક્ષ હોય ત્યારે અવગાહનાની પ્રધાનતાએ બે પરમાણુ એક જ આકાશ પ્રદેશ પર સ્થિત હોવાથી તેને એક દેશ ગણાય છે. તેથી ચારે સ્પર્શ એકવચનમાં ગણીને પ્રથમ ભંગ થાય છે.

**(૨) એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, અનેક દેશ રૂક્ષ :–** બે આકાશ પ્રદેશ પર રહેલા ત્રિપ્રદેશી સ્કંધમાં પૂર્વવત્ એક આકાશ પ્રદેશ પર રહેલા એક પરમાણુમાં શીત અને સ્નિગ્ધ સ્પર્શ હોવાથી એક દેશ શીત, એક દેશ સ્નિગ્ધ સ્પર્શ છે અને બીજા આકાશ પ્રદેશ પર રહેલા બે પરમાણુમાં ઉષ્ણ અને રૂક્ષ સ્પર્શ છે. તેમાં ક્ષેત્રની પ્રધાનતા કરીને ઉષ્ણ સ્પર્શનો એક અંશ અને ક્ષેત્રને ગૌણ કરીને દ્રવ્યની

પ્રધાનતા સ્વીકારીને બે પરમાણુ હોવાથી રૂક્ષ સ્પર્શમાં અનેક દેશ માનીએ ત્યારે બીજો ભંગ ઘટિત થાય છે.

**(૩) એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, અનેક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ :–** બે આકાશ પ્રદેશ પર સ્થિત ત્રિપ્રદેશી સ્કંધમાં એક આકાશપ્રદેશ પર રહેલા બે પરમાણુમાં ઉષ્ણ અને સ્નિગ્ધ સ્પર્શ હોય, તેમાં ક્ષેત્રની પ્રધાનતાથી ઉષ્ણ સ્પર્શમાં એક દેશ અને દ્રવ્યની પ્રધાનતાથી સ્નિગ્ધ સ્પર્શમાં અનેક દેશ ગણાય છે. અને એક આકાશ પ્રદેશ પર રહેલા એક પરમાણુમાં શીત અને રૂક્ષનો એક દેશ હોવાથી ત્રીજો ભંગ બને છે.

**(૪) એક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ :–** જ્યારે તે જ સ્કંધમાં પૂર્વવત્ ઉષ્ણ સ્પર્શમાં દ્રવ્યની પ્રધાનતાથી અનેક દેશ અને સ્નિગ્ધ સ્પર્શમાં ક્ષેત્રની પ્રધાનતાથી એક દેશ માનીએ ત્યારે ચોથો ભંગ બને છે.

**(૫) એક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, અનેક દેશ રૂક્ષ :–** જ્યારે ત્રિપ્રદેશી સ્કંધ ત્રણ આકાશ પ્રદેશ પર સ્થિત હોય ત્યારે એક આકાશ પ્રદેશ પર રહેલા એક પરમાણુમાં શીત અને સ્નિગ્ધ સ્પર્શ હોય તે એક દેશ શીત એક દેશ સ્નિગ્ધ કહેવાય અને બે આકાશ પ્રદેશ પર રહેલા બે પરમાણુમાં ઉષ્ણ અને રૂક્ષ સ્પર્શ હોય તે અનેક દેશ ઉષ્ણ અને અનેક દેશ રૂક્ષ કહેવાય. આ રીતે પાંચમો ભંગ થાય છે.

**(૬) એક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, અનેક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ :–** જ્યારે ત્રણ આકાશ પ્રદેશ પર સ્થિત ત્રણ પ્રદેશી સ્કંધનો એક પ્રદેશ શીત અને રૂક્ષ હોય અને બે પ્રદેશ ઉષ્ણ અને સ્નિગ્ધ હોય ત્યારે છટ્ઠો ભંગ થાય છે.

**(૭) અનેક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ :–** જ્યારે બે આકાશ પ્રદેશ પર સ્થિત ત્રિપ્રદેશી સ્કંધમાં એક આકાશ પ્રદેશ પર રહેલા બે પરમાણુ શીત અને રૂક્ષ છે. તેમાં શીત સ્પર્શમાં દ્રવ્યની પ્રધાનતાથી અનેક દેશ શીત અને રૂક્ષ સ્પર્શમાં ક્ષેત્રની પ્રધાનતાથી એક દેશ રૂક્ષ ગણાય. અને બીજા આકાશ પ્રદેશ પર સ્થિત એક પરમાણુમાં ઉષ્ણ અને સ્નિગ્ધ સ્પર્શ હોય ત્યારે સાતમો ભંગ થાય છે.

**(૮) અનેક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, અનેક દેશ રૂક્ષ :–** જ્યારે ત્રણ આકાશ પ્રદેશ પર સ્થિત ત્રિપ્રદેશી સ્કંધમાં એક પ્રદેશમાં ઉષ્ણ અને સ્નિગ્ધ સ્પર્શ હોય અને બે પ્રદેશમાં શીત અને રૂક્ષ સ્પર્શ હોય ત્યારે આઠમો ભંગ થાય છે.

**(૯) અનેક દેશ શીત, એક દેશ ઉષ્ણ, અનેક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ :–** જ્યારે ત્રણ આકાશ પ્રદેશ પર સ્થિત ત્રિપ્રદેશી સ્કંધમાં એક પ્રદેશમાં ઉષ્ણ અને રૂક્ષ સ્પર્શ હોય અને બે પ્રદેશમાં શીત અને સ્નિગ્ધ સ્પર્શ હોય ત્યારે નવમો ભંગ થાય છે.

આ રીતે ત્રિપ્રદેશી સ્કંધ બે આકાશ પ્રદેશ પર સ્થિત હોય તેના પાંચ ભંગ દ્રવ્ય અને ક્ષેત્રની પ્રધાનતા કે ગૌણતા કરીને એકવચન, બહુવચનની અપેક્ષાએ થાય છે અને તે સ્કંધ ત્રણ આકાશ પ્રદેશ પર સ્થિત હોય તેની અપેક્ષાએ ચાર ભંગ થાય છે.

**સંક્ષેપમાંઃ–** ત્રિપ્રદેશી સ્કંધમાં ચાર સ્પર્શ હોય ત્યારે નવ ભંગ થાય તેની રીત–

(૧) ૧ ૧ ૧ ૧ – ચારે સ્પર્શ એક વચનમાં હોય,
(૨) ૧ ૧ ૧ ૨ – ત્રણ સ્પર્શ એક વચનમાં એક બહુવચનમાં
(૩) ૧ ૧ ૨ ૧ – ત્રણ સ્પર્શ એક વચનમાં એક બહુવચનમાં
(૪) ૧ ૨ ૧ ૧– ત્રણ સ્પર્શ એક વચનમાં એક બહુવચનમાં
(૫) ૧ ૨ ૧ ૨ – બે સ્પર્શ એક વચનમાં બે બહુવચનમાં

(૬) ૧ ૨ ૨ ૧ – બે સ્પર્શ એક વચનમાં બે બહુવચનમાં
(૭) ૨ ૧ ૧ ૧ – ત્રણ સ્પર્શ એક વચનમાં એક બહુવચનમાં
(૮) ૨ ૧ ૧ ૨ –બે સ્પર્શ એક વચનમાં બે બહુવચનમાં
(૯) ૨ ૧ ૨ ૧ – બે સ્પર્શ એક વચનમાં બે બહુવચનમાં

ત્રિપ્રદેશી સ્કંધમાં ત્રણ પ્રદેશ હોવાથી અન્ય વિકલ્પની સંભાવના નથી.

આ રીતે ત્રિપ્રદેશી સ્કંધમાં બે સ્પર્શ હોય ત્યારે **ચાર ભંગ**, ત્રણ સ્પર્શ હોય ત્યારે **બાર ભંગ** અને ચાર સ્પર્શ હોય ત્યારે **નવ ભંગ** કુલ ૪+૧૨+૯=૨૫ ભંગ સ્પર્શના થાય છે.

આ રીતે ત્રિપ્રદેશી સ્કંધમાં વર્ણના-૪૫, ગંધના-૫, રસના-૪૫ અને સ્પર્શના-૨૫ સર્વ મળીને ૪૫+૫+૪૫+૨૫=૧૨૦ ભંગ થાય છે.

**ચતુષ્પ્રદેશી સ્કંધમાં વર્ણાદિ :–**

**૬ चउप्पएसिए णं भंते ! खंधे कइवण्णे** *जाव* **कइफासे पण्णत्ते ? गोयमा ! जहा अट्ठारसमसए** *जाव* **सिय चउफासे पण्णत्ते ।**

**जइ एगवण्णे– सिय कालए य** *जाव* **सुक्किलए पंच भंगा । जइ दुवण्णे– सिय कालए य णीलए य, सिय कालए य णीलगा य, सिय कालगा य णीलए य, सिय कालगा य णीलगा य; चत्तारि भंगा । सिय कालए य लोहियए य; एत्थ वि चत्तारि भंगा । सिय कालए य हालिद्दए य; चतारि भंगा । सिय कालए य सुक्किलए य, चत्तारि भंगा । सिय णीलए य लोहियए य; चत्तारि भंगा । सिय णीलए य हालिद्दए य; चत्तारि भंगा । सिय णीलए य सुक्किलए य; चत्तारि भंगा । सिय लोहियए य हालिद्दए य; चत्तारि भंगा । सिय लोहियए य सुक्किलए य; चत्तारि भंगा । सिय हालिद्दए य सुक्किलए य; चत्तारि भंगा। एवं एए दस दुयासंजोगा, भंगा पुण चत्तालीसं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચાર પ્રદેશી સ્કંધમાં કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! શતક-૧૮/૬ અનુસાર ***યાવત્*** 'તેમાં કદાચિત્ ચાર સ્પર્શ હોય છે' ત્યાં સુધી કથન કરવું જોઈએ.

ચાર પ્રદેશી સ્કંધમાં જો એક વર્ણ હોય તો– (૧–૫) કદાચિત્ કાળો ***યાવત્*** શ્વેત હોય છે. આ અસંયોગી પાંચ ભંગ છે. જો બે વર્ણ હોય તો– (૧) કદાચિત્ તેનો એક દેશ કાળો અને એક દેશ નીલો હોય છે, (૨) કદાચિત્ એક દેશ કાળો અને અનેક દેશ નીલા હોય છે, (૩) કદાચિત્ અનેક દેશ કાળા અને એક દેશ નીલો અથવા (૪) અનેક દેશ કાળા અને અનેક દેશ નીલા હોય છે; આ રીતે ચાર ભંગ થાય છે. તે જ રીતે (૫–૮) કાળા-લાલના ચાર ભંગ (૯–૧૨) કાળા-પીળાના ચાર ભંગ, (૧૩–૧૬) કાળા-શ્વેતના ચાર ભંગ, (૧૭–૨૦) નીલા-લાલના ચાર ભંગ, (૨૧–૨૪) નીલા-પીળાના ચાર ભંગ, (૨૫–૨૮) નીલા-શ્વેતના ચાર ભંગ, (૨૯–૩૨) લાલ-પીળાના ચાર ભંગ, (૩૩–૩૬) લાલ-શ્વેતના ચાર ભંગ, (૩૭–૪૦) પીળા-શ્વેતના ચાર ભંગ, આ રીતે દશ દ્વિસંયોગના ૪૦ ભંગ થાય છે.

**૭ जइ तिवण्णे– सिय कालए य णीलए य लोहियए य, सिय कालए णीलए लोहियगा य, सिय कालए य णीलगा य लोहियए य, सिय कालगा य णीलए य लोहियए**

**य एए चत्तारि भंगा । एवं कालणीलहालिद्दएहिं चत्तारि भंगा, कालणील-सुक्किलेहिं चत्तारि, काललोहियहालिद्देहिं चत्तारि, काललोहियसुक्किलेहिं चत्तारि, कालहालिद्दसुक्किलेहिं चत्तारि । णीललोहिय-हालिद्दगाणं चत्तारि भंगा । णीललोहिय-सुक्किलगाणं चत्तारि, णीलहालिद्दसुक्किलगाणं चत्तारि, लोहियहालिद्दसुक्किलगाणं चत्तारि भंगा । एवं एए दसतियासंजोगा, एक्केक्के संजोए चत्तारि भंगा, सव्वे ते चत्तालीसं भंगा।**

**जइ चउवण्णे– सिय कालए णीलए लोहियए हालिद्दए य, सिय कालए णीलए लोहियए सुक्किलए, सिय कालए णीलए हालिद्दए सुक्किलए, सिय कालए लोहियए हालिद्दए सुक्किलए, सिय णीलए लोहियए हालिद्दए सुक्किलए य । एवमेते चउक्कगसंजोए पंच भंगा । एए सव्वे णउइ भंगा ।**

**ભાવાર્થ :–** જ્યારે ચાર પ્રદેશી સ્કંધમાં ત્રણ વર્ણ હોય ત્યારે– (૧) કદાચિત્ કાળો, નીલો, લાલ હોય અથવા (૨) એક દેશ કાળો, એક દેશ નીલો અને અનેક દેશ લાલ હોય છે. (૩) એક દેશ કાળો, અનેક દેશ નીલા અને એક દેશ લાલ હોય છે. (૪) અનેક દેશ કાળા, એક દેશ નીલો અને એક દેશ લાલ હોય છે, આ રીતે એક ત્રિકસંયોગના ચાર ભંગ થાય. (૨) આ રીતે કાળા, નીલા, પીળા વર્ણના ચાર ભંગ, (૩) કાળા, નીલા, શ્વેતવર્ણના ચાર ભંગ, (૪) કાળા, લાલ, પીળા વર્ણના ચાર ભંગ, (૫) કાળા, લાલ, શ્વેત વર્ણના ચાર ભંગ, (૬) કાળા, પીળા, શ્વેતવર્ણના ચાર ભંગ (૭) નીલા, લાલ, પીળા વર્ણના ચાર ભંગ, (૮) નીલા, લાલ, શ્વેત વર્ણના ચાર ભંગ, (૯) નીલા, પીળા, શ્વેત વર્ણના ચાર ભંગ, (૧૦) લાલ, પીળા, શ્વેત વર્ણના ચાર ભંગ, આ રીતે દશ ત્રિસંયોગ થાય છે. એક એક ત્રિકના ચાર-ચાર ભંગ થાય છે. સર્વ મળીને ૧૦×૪= ૪૦ ભંગ થાય છે.

જો ચતુષ્પ્રદેશી સ્કંધમાં ચાર વર્ણ હોય તો– (૧) કદાચિત્ કાળો, નીલો, લાલ, પીળો હોય. (૨) કદાચિત્ કાળો, નીલો, લાલ અને શ્વેત હોય. (૩) કદાચિત્ કાળો, નીલો, પીળો અને શ્વેત હોય. (૪) કદાચિત્ કાળો, લાલ, પીળો અને શ્વેત હોય છે. (૫) કદાચિત્ નીલો, લાલ, પીળો અને શ્વેત હોય છે. આ રીતે ચતુઃસંયોગના પાંચ ભંગ થાય છે. સર્વ મળીને વર્ણ સંબંધી અસંયોગી ૫+ દ્વિસંયોગી ૪૦+ ત્રિસંયોગી ૪૦+ ચતુઃસંયોગી ૫ = ૯૦ ભંગ થાય છે.

**૮ जइ एगगंधे– सिय सुब्भिगंधे, सिय दुब्भिगंधे य, जइ दुगंधे– सुब्भिगंधे य दुब्भिगंधे य चत्तारि भंगा । रसा जहा वण्णा ।**

**ભાવાર્થ :–** જો ચતુઃપ્રદેશી સ્કંધમાં એક ગંધ હોય તો– કદાચિત્ સુરભિગંધ અને કદાચિત્ દુરભિગંધ હોય છે. જો બે ગંધ હોય, તો સુરભિગંધ અને દુરભિગંધ હોય.(બે ગંધ હોય તેના એક વચન અને બહુવચનની અપેક્ષાએ ચાર ભંગ થાય) આ રીતે ગંધ સંબંધી છ ભંગ થાય છે. જે રીતે વર્ણના ૯૦ ભંગ કહ્યા છે, તે જ રીતે રસના ૯૦ ભંગ કહેવા જોઈએ.

**૯ जइ दुफासे– जहेव परमाणुपोग्गले चत्तारि भंगा । जइ तिफासे सव्वे सीए देसे णिद्धे देसे लुक्खे, सव्वे सीए देसे णिद्धे देसा लुक्खा, सव्वे सीए देसा णिद्धा देसे लुक्खे, सव्वे सीए देसा णिद्धा देसा लुक्खा, एए चत्तारि भंगा सव्वे उसिणे देसे णिद्धे देसे**

**लुक्खे, एत्थ वि चत्तारि भंगा । सव्वे णिद्धे देसे सीए देसे उसिणे, एत्थ वि चत्तारि भंगा । सव्वे लुक्खे देसे सीए देसे उसिणे, एत्थ वि चत्तारि भंगा । सव्वे एए तिफासे सोलस भंगा ।**

**ભાવાર્થ :–** ચાર પ્રદેશી સ્કંધમાં જ્યારે બે સ્પર્શ હોય, ત્યારે તેના પરમાણુ પુદ્ગલની સમાન ચાર ભંગ હોય છે.

જ્યારે ત્રણ સ્પર્શ હોય, ત્યારે (૧) સર્વશીત, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ હોય છે અથવા (૨) સર્વશીત, એક દેશ સ્નિગ્ધ અને અનેક દેશ રૂક્ષ હોય છે. (૩) સર્વશીત, અનેક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ હોય છે. અથવા (૪) સર્વ શીત, અનેક દેશ સ્નિગ્ધ અને અનેક દેશ રૂક્ષ હોય છે. આ રીતે ચાર ભંગ થયા. (૫–૮) તે જ રીતે સર્વ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષના ચાર ભંગ (૯–૧૨) સર્વ સ્નિગ્ધ, એક દેશ ઉષ્ણ, એક દેશ શીતના ચાર ભંગ (૧૩–૧૬) સર્વ રૂક્ષ, એક દેશ ઉષ્ણ, એક દેશ શીતના ચાર ભંગ થાય. આ રીતે સર્વ મળીને ત્રણ સ્પર્શના ૧૬ ભંગ થાય છે.

**૧૦ जइ चउफासे– देसे सीए देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, देसे सीए देसे उसिणे देसे णिद्धे देसा लुक्खा, देसे सीए देसे उसिणे देसा णिद्धा देसे लुक्खे, देसे सिए देसे उसिणे देसा णिद्धा देसा लुक्खा; चउभंगो । देसे सीए देसा उसिणा देसे णिद्धे देसे लुक्खे, देसे सीए देसा उसिणा देसे णिद्धे देसा लुक्खा, देसे सीए देसा उसिणा देसा णिद्धा देसे लुक्खे, देसे सीए देसा उसिणा देसा णिद्धा देसा लुक्खा; चउभंगो । एवं एए अट्ठ भंगा। देसा सीया देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, *जाव* देसा सीया देसा उसिणा देसा णिद्धा देसा लुक्खा । एवं एए वि अट्ठ भंगा । सव्वे एए चउफासे सोलस भंगा भाणियव्वा। सव्वे एए फासेसु छत्तीसं भंगा ।**

**ભાવાર્થ :–** ચાર પ્રદેશી સ્કંધમાં જ્યારે ચાર સ્પર્શ હોય ત્યારે તેનો– (૧) એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ હોય છે. (૨) એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક સ્નિગ્ધ, અનેક દેશ રૂક્ષ હોય છે. (૩) એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, અનેક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ હોય છે. (૪) એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, અનેક દેશ સ્નિગ્ધ, અનેક દેશ રૂક્ષ હોય છે; આ ચાર ભંગ થયા.(૫) એક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ હોય છે. (૬) એક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, અનેક દેશ રૂક્ષ હોય છે. (૭) એક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, અનેક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ હોય છે. (૮) એક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, અનેક દેશ સ્નિગ્ધ અનેક દેશ રૂક્ષ હોય છે; આ પણ ચાર ભંગ છે. આ બે ચોભંગીના આઠ ભંગ થયા. (૯) અનેક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ હોય છે. ***યાવત્*** અનેક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, અનેક દેશ સ્નિગ્ધ અને અનેક દેશ રૂક્ષ હોય છે. આ રીતે આ પણ આઠ ભંગથયા. આ રીતે ચાર સ્પર્શના કુલ સોળ ભંગ કહેવા જોઈએ. આ સર્વ મળીને દ્વિસંયોગીના-૪, ત્રિ સંયોગીના-૧૬, ચતુઃસંયોગીના ૧૬, એમ સ્પર્શ સંબંધી ૩૬ ભંગ થાય છે. [આ રીતે ચતુષ્પ્રદેશી સ્કંધમાં વર્ણના-૯૦, ગંધના-૬, રસના-૯૦ અને સ્પર્શના-૩૬ મળીને કુલ ૯૦+૬+૯૦+૩૬=૨૨૨ ભંગ થાય છે.]

**પંચ પ્રદેશી સ્કંધમાં વર્ણાદિ :–**

**૧૧ पंचपएसिए णं भंते ! खंधे कइवण्णे *जाव* कइ फासे पण्णत्ते ?**

**गोयमा ! जहा अट्ठारसमसए *जाव* सिय चउफासे पण्णत्ते । जइ एगवण्णे, एवं एगवण्णदुवण्णा जहेव चउप्पएसिए ।**

**जइ तिवण्णे– सिय कालए णीलए लोहियए य, सिय कालए णीलए लोहियगा य, सिय कालए णीलगा य लोहियए य, सिय कालए णीलगा य लोहियगा य, चउभंगा; सिय कालगा य णीलए य लोहियए य, सिय कालगा य णीलए य लोहियगा य, सिय कालगा य णीलगा य लोहियए य, एए सत्त भंगा । सिय कालए णीलए हालिद्दए य, एत्थ वि सत्त भंगा ।**

**एवं कालगणीलग-सुक्किलएसु सत्त भंगा । कालगलोहिय-हालिद्देसु सत्त भंगा । कालगलोहियसुक्किलेसु सत्त भंगा । कालगहालिद्दसुक्किलेसु सत्तभंगा । णीलग लोहिय-हालिद्देसु सत्त भंगा । णीललोहियसुक्किलेसु सत्त भंगा । णीलग हालिद्दसुक्किलेसु सत्तभंगा । लोहियहालिद्दसुक्किलेसु वि सत्त भंगा । एवमेए तियासंजोए सत्तरि भंगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચ પ્રદેશી સ્કંધમાં કેટલા વર્ણાદિ હોય છે, ઇત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! શતક ૧૮/૬ અનુસાર ***યાવત્*** તેમાં કદાચિત્ ચાર સ્પર્શ હોય છે, ત્યાં સુધી જાણવું જોઈએ, જો તેમાં એક વર્ણ અથવા બે વર્ણ હોય, તો ચતુષ્પ્રદેશી સ્કંધની સમાન તેના(એક વર્ણના ૫ અને બે વર્ણના ૪૦ ભંગ) જાણવા જોઈએ.

જ્યારે તેમાં ત્રણ વર્ણ હોય, ત્યારે (૧) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો અનેક દેશ લાલ હોય છે, (૨) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો અને અનેક દેશ લાલ હોય છે, (૩) કદાચિત્ એક દેશ કાળો, અનેક દેશ નીલા અને એક દેશ લાલ હોય છે, (૪) કદાચિત્ એક દેશ કાળો, અનેક દેશ નીલા, અનેક દેશ લાલ હોય છે, આ ચાર ભંગ થયા (૫) કદાચિત્ અનેક દેશ કાળા, એક દેશ નીલો, એક દેશ લાલ હોય છે, (૬) અનેક દેશ કાળા, એક દેશ નીલો, અનેક દેશ લાલ હોય છે, (૭) અનેક દેશ કાળા, અનેક દેશ નીલા, એક દેશ લાલ હોય.

આ રીતે (૮ થી ૧૪) કાળો, નીલો, પીળો તે ત્રિકના સાત ભંગ(૧૫ થી ૨૧) કાળો, નીલો, શ્વેત તે ત્રિકના સાત ભંગ,(૨૨ થી ૨૮) કાળો, લાલ, પીળો તે ત્રિકના સાત ભંગ,(૨૯ થી ૩૫) કાળો, લાલ, શ્વેત તે ત્રિકના સાત ભંગ,(૩૬ થી ૪૨) કાળો, પીળો, શ્વેત તે ત્રિકના સાત ભંગ,(૪૩ થી ૪૯) નીલો, લાલ, પીળો તે ત્રિકના સાત ભંગ(૫૦ થી ૫૬) નીલો, લાલ, શ્વેત તે ત્રિકના સાત ભંગ,(૫૭ થી ૬૩) નીલો, પીળો, શ્વેત તે ત્રિકના સાત ભંગ, (૬૪ થી ૭૦) લાલ, પીળો, શ્વેત તે ત્રિકના સાત ભંગ, આ રીતે પ્રત્યેક ત્રિકના સાત-સાત ભંગ થવાથી દશ ત્રિકના ૭૦ ભંગ ત્રણ વર્ણના થાય છે.

**૧૨ जइ चउवण्णे– सिय कालए य णीलए य लोहियए य हालिद्दए य, सिय कालए य णीलए य लोहियए य हालिद्दगा य, सिय कालए य णीलए य लोहियगा य हालिद्दए य, सिय कालएय णीलगा य लोहियए य हालिद्दए य, सिय कालगा य णीलए य लोहियए य हालिद्दए य; एए पंच भंगा । सिय कालए य णीलए य लोहियए य सुक्किलए य; एत्थ**

**वि पंच भंगा । एवं कालग-णीलग हालिद्द-सुक्किलेसु वि पंच भंगा ! कालगलोहिय-हालिद्द-सुक्किलएसु वि पंच भंगा । णीलगलोहियहालिद्दसुक्किलेसु वि पंच भंगा । एवमेते चउक्कग संजोगएणं पणुवीसं भंगा ।**

**ભાવાર્થ :–** જો પંચ પ્રદેશી સ્કંધમાં ચાર વર્ણ હોય તો– (૧) એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ, એક દેશ પીળો હોય છે. (૨) એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ, અનેક દેશ પીળા હોય છે. (૩) એક દેશ કાળો, એક દેશ નીલો, અનેક દેશ લાલ, એક દેશ પીળો હોય છે. (૪) એક દેશ કાળો, અનેક દેશ નીલા, અનેક દેશ લાલ, અનેક દેશ પીળા હોય છે. (૫) અનેક દેશ કાળા, એક દેશ નીલો, એક દેશ લાલ અને એક દેશ પીળો હોય છે. આ રીતે ચતુઃસંયોગી પાંચ ભંગ થાય છે.

આ જ રીતે(૬ થી ૧૦) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ અને એક દેશ શ્વેતના પણ પાંચ ભંગ હોય છે.(૧૧ થી ૧૫) એક દેશ કાળો, નીલો, પીળો અને શ્વેતના પાંચ ભંગ થાય છે.(૧૬ થી ૨૦) એક દેશ કાળો, લાલ, પીળો અને શ્વેતના પણ પાંચ ભંગ થાય છે(૨૧ થી ૨૫) નીલો, લાલ, પીળો અને શ્વેતના પણ પાંચ ભંગ થાય છે. આ રીતે ચતુઃસંયોગીના કુલ પચ્ચીસ ભંગ થાય છે.

**१३ जइ पंचवण्णे– कालए य णीलए य लोहियए य हालिद्दए य सुक्किलए य । सव्वमेए एक्कग-दुयग-तियग-चउक्क-पंचगसंजोएणं ईयालं भंगसयं भवइ । गंधा जहा चउप्पएसियस्स । रसा जहा वण्णा । फासा जहा चउप्पएसियस्स ।**

**ભાવાર્થ :–** જો ચતુષ્પ્રદેશી સ્કંધમાં પાંચ વર્ણ હોય, તો કાળો, નીલો, લાલ, પીળો અને શ્વેત હોય છે. આ રીતે અસંયોગી-૫ ભંગ, દ્વિસંયોગી-૪૦ ભંગ, ત્રણ સંયોગી-૭૦ ભંગ, ચારસંયોગી-૨૫ અને પાંચસંયોગી એક, આ રીતે સર્વ મળીને વર્ણના ૧૪૧ ભંગ થાય છે. ગંધના ચારપ્રદેશી સ્કંધની સમાન છ ભંગ, રસના વર્ણની સમાન ૧૪૧ ભંગ થાય છે. સ્પર્શના-૩૬ ભંગ, ચારપ્રદેશી સ્કંધની સમાન થાય છે. કુલ મળીને ૧૪૧ + ૬ + ૧૪૧ + ૩૬ = ૩૨૪ ભંગ થાય છે.

### ષટ્ પ્રદેશી સ્કંધમાં વર્ણાદિ :–

**१४ छप्पएसिए णं भंते ! खंधे कइवण्णे *जाव* कइफासे पण्णत्ते ?**

**गोयमा ! जहा अढारसम सए *जाव* सिय चउफासे पण्णत्ते । एगवण्ण, दुवण्णा जहा पंचपएसियस्स । जइ तिवण्णे– सिय कालए य णीलए य लोहियए य, एवं जहेव पंचपएसियस्स सत्त भंगा तहेव *जाव* सिय कालगा य णीलगा य लोहियए य; सिय कालगा य णीलगा य लोहियगा, एए अट्ठ भंगा । एवमेव दस तियासंजोगेसु एक्केक्कए संजोगे अट्ठट्ठ भंगा, एवं सव्वे वि तियगसंजोगे असीइ भंगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! છ પ્રદેશી સ્કંધમાં કેટલા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અઢારમાં શતકની સમાન ***યાવત્*** કદાચિત્ ચાર સ્પર્શ હોય છે, ત્યાં સુધી કથન કરવું જોઈએ. જો તેમાં એક વર્ણ કે બે વર્ણ હોય, તો પંચ પ્રદેશી સ્કંધની સમાન એક વર્ણના-૫ અને બે વર્ણના-૪૦ ભંગ થાય છે. જ્યારે તેમાં ત્રણ વર્ણ હોય ત્યારે કદાચિત્ કાળો, નીલો અને લાલ હોય છે. જે

રીતે પંચપ્રદેશી સ્કંધના સાત ભંગ કહ્યા છે, તે રીતે કહેવા ***યાવત્*** (૭) અનેક દેશ કાળા, અનેક દેશ નીલા, એક દેશ લાલ હોય છે, (૮) અનેક દેશ કાળા, અનેક દેશ નીલા, અનેક દેશ લાલ હોય છે. આ રીતે એક ત્રિકના આઠ ભંગ થાય છે. તે જ રીતે દશ ત્રિકના ત્રિસંયોગી ૮ × ૧૦ = ૮૦ ભંગ થાય છે.

**૧૫ जइ चउवण्णे– सिय कालए य णीलए य लोहियए य हालिद्दए य, सिय कालए य णीलए य लोहियए य हालिद्दगा य, सिय कालए य णीलए य लोहियगा य हालिद्दए य, सिय कालए य णीलए य लोहियगा य हालिद्दगा य;**

**सिय कालए य णीलगा य लोहियए य हालिद्दए य, सिय कालए य णीलगा य लोहियए य हालिद्दगा य, सिय कालए य णीलगा य लोहियगा य हालिद्दए य**

**सिय कालगा य णीलए य लोहियए य हालिद्दए य, सिय कालगा य णीलए य लोहियए य हालिद्दगा य, सिय कालगा य णीलए य लोहियगा य हालिद्दए य, सिय कालगा य णीलगा य लोहियए य हालिद्दए य, एए एक्कास्स भंगा । एवमेए पंचचउक्कसंजोगा कायव्वा, एक्केक्कसंजोए एक्कारस भंगा । सव्वे एए पणपण्णं भंगा चउक्क-संजोएणं ।**

**ભાવાર્થ :–** જો(છ પ્રદેશી સ્કંધમાં) ચાર વર્ણ હોય તો– કદાચિત્ એક દેશ કાળો, નીલો, લાલ અને પીળો હોય છે (૨) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ અનેક દેશ પીળા હોય છે. (૩) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, અનેક દેશ લાલ, એક દેશ પીળો હોય છે (૪) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, અનેક દેશ લાલ, અનેક દેશ પીળા હોય છે. આ ચાર ભંગ થયા.

(૫) કદાચિત્ એક દેશ કાળો, અનેક દેશ નીલા, એક દેશ લાલ, એક દેશ પીળો હોય છે. (૬) કદાચિત્ એક દેશ કાળો, અનેક દેશ નીલા, એક દેશ લાલ, અનેક દેશ પીળા હોય છે. (૭) કદાચિત્ એક દેશ કાળો, અનેક દેશ નીલા, અનેક દેશ લાલ, એક દેશ પીળો હોય છે.

(૮) કદાચિત્ અનેક દેશ કાળા, એક દેશ નીલો, એક દેશ લાલ, એક દેશ પીળો હોય છે. (૯) કદાચિત્ અનેક દેશ કાળા, એક દેશ નીલો, એક દેશ લાલ, અનેક દેશ પીળા હોય છે. (૧૦) કદાચિત્ અનેક દેશ કાળા, એક દેશ નીલો, અનેક દેશ લાલ, એક દેશ પીળો હોય છે. (૧૧) કદાચિત્ અનેક દેશ કાળા, અનેક દેશ નીલા, એક દેશ લાલ, એક દેશ પીળો હોય છે. આ પ્રથમ ચતુષ્કના ૧૧ ભંગ થયા.

આ જ રીતે [શેષ ચતુષ્કો (૨) કાળો, નીલો, લાલ, શ્વેત, (૩) કાળો, નીલો, પીળો, શ્વેત, (૪) કાળો, લાલ, પીળો, શ્વેત, (૫) નીલો, લાલ, પીળો, શ્વેત.] કુલ પાંચે ય ચતુષ્કોમાં તે પ્રત્યેક ચતુષ્કના ૧૧ ભંગ થવાથી સર્વ મળી ૧૧×૫ = ૫૫ ભંગ ચઉસંયોગી વર્ણના થાય છે.

**૧૬ जइ पंचवण्णे– सिय कालए य णीलए य लोहियए य हालिद्दए य सुक्किल्लए, सिय कालए य णीलए य लोहियए य हालिद्दए य सुक्किल्लगा य, सिय कालए य णीलए य लोहियए य हालिद्दगा य सुक्किल्लए य, सिय कालए य णीलए य लोहियगा य हालिद्दए य सुक्किल्लए य, सिय कालए य णीलगा य लोहियए य हालिद्दए य सुक्किल्लए**

**य, सिय कालगा य णीलए य लोहियए य हालिद्दए य सुक्किल्लए य; एवं एए छब्भंगा भाणियव्वा। एवमेए सव्वे वि एक्कग-दुयग-तियग-चउक्कग-पंचगसंजोगेसु छासीयं भंगसयं भवइ । गंधा जहा पंचपएसियस्स । रसा जहा एयस्सेव वण्णा । फासा जहा चउप्पए सियस्स ।**

**ભાવાર્થ :–** જો ષટ્ પ્રદેશી સ્કંધમાં પાંચ વર્ણ હોય, તો (૧) એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ, એક દેશ પીળો, એક દેશ શ્વેત હોય છે. (૨) એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ, એક દેશ પીળો, અનેક દેશ શ્વેત હોય છે. (૩) એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ, અનેક દેશ પીળા, એક દેશ શ્વેત હોય છે. (૪) એક દેશ કાળો, એક દેશ નીલો, અનેક દેશ લાલ, એક દેશ પીળો, એક દેશ શ્વેત હોય છે. (૫) એક દેશ કાળો, અનેક દેશ નીલા, એક દેશ લાલ, એક દેશ પીળો, એક દેશ શ્વેત હોય છે. (૬) અનેક દેશ કાળા, એક દેશ નીલો, એક દેશ લાલ, એક દેશ પીળો, એક દેશ શ્વેત હોય છે. આ રીતે છ ભંગનું કથન કરવું જોઈએ.

આ રીતે અસંયોગી-૫, દ્વિસંયોગી-૪૦, ત્રિસંયોગી-૮૦, ચતુઃસંયોગીના-૫૫, અને પંચસંયોગીના ૬ ભંગ, આ સર્વ મળીને વર્ણ સંબંધી ૫+૪૦+૮૦+ ૫૫+૬ = ૧૮૬ ભંગ થાય છે. ગંધ સંબંધી છ ભંગ પંચ પ્રદેશી સ્કંધની સમાન સમજવા જોઈએ. રસ સંબંધી ૧૮૬ ભંગ વર્ણની સમાન કહેવા જોઈએ. સ્પર્શ સંબંધી ૩૬ ભંગ ચતુષ્પ્રદેશી સ્કંધની સમાન જાણવા જોઈએ. કુલ મળીને ૧૮૬ + ૬ + ૧૮૬ + ૩૬ = ૪૧૪ ભંગ છ પ્રદેશીના થાય છે.

**સપ્તપ્રદેશી સ્કંધમાં વર્ણાદિ :–**

**૧૭ सत्तपएसिए णं भंते ! खंधे कइवण्णे *जाव* कइ फासे पण्णत्ते ?**

**गोयमा ! जहा अट्ठारसम सए *जाव* सिय चउफासे पण्णत्ते । एगवण्णदुवण्णतिवण्णा जहा छप्पएसियस्स । जइ चउवण्णे– सिय कालए य णीलए य लोहियए य हालिद्दए य, सिय कालए य णीलए य लोहियए य हालिद्दगा य, सिय कालए य णीलए य लोहियगा य हालिद्दए य, सिय कालए य णीलए य लोहियगा य हालिद्दगा य; चउभंगो । एवं एएणं कमेणं एगं चउक्कयसंजोगेणं पण्णरस भंगा भाणियव्वा *जाव* सिय कालगा य णीलगा य लोहियगा हालिद्दए य । एवमेए पंचचउक्कसंजोगा णेयव्वा । एक्केक्के संजोए पण्णरस-पण्णरस भंगा । सव्वमेए पंचसत्तरि भंगा भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સપ્તપ્રદેશી સ્કંધમાં કેટલા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અઢારમા શતકની સમાન ***યાવત્*** 'કદાચિત્ ચાર સ્પર્શ હોય છે.' ત્યાં સુધી કથન કરવું જોઈએ. જ્યારે તેમાં એક, બે અને ત્રણ વર્ણ હોય છે ત્યારે તે એક વર્ણ, બે વર્ણ અને ત્રણ વર્ણના ભંગ છ પ્રદેશી સ્કંધની સમાન જાણવા જોઈએ. જ્યારે તેમાં ચાર વર્ણ હોય ત્યારે– (૧) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ અને એક દેશ પીળો હોય છે. (૨) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ અને અનેક દેશ પીળા હોય છે. (૩) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, અનેક દેશ લાલ, એક દેશ પીળો હોય છે. (૪) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, અનેક દેશ લાલ, અનેક

દેશ પીળા હોય છે. આ ચાર ભંગ થયા.

આ રીતે આ જ ક્રમથી એક ચતુષ્કમાં પંદર ભંગ જાણવા જોઈએ, ***યાવત્*** કદાચિત્ અનેક દેશ કાળા, અનેક દેશ નીલા, અનેક દેશ લાલ અને એક દેશ પીળો હોય છે. આ રીતે પાંચ ચતુષ્કમાં ૧૫-૧૫ ભંગ થાય તેથી ૧૫×૫ = ૭૫ ભંગ થાય છે.

**૧૮ जइ पंचवण्णे सिय कालए य णीलए य लोहियए य हालिद्दए य सुक्किलए य, सिय कालए य णीलए य लोहियए य हालिद्दए य सुक्किलगा य, सिय कालए य णीलए य लोहियए य हालिद्दगा य सुक्किलए य, सिय कालए य णीलए य लोहियए य हालिद्दगा य सुक्किलगा य, चउभंगो ।**

**सिय कालए य णीलए य लोहियगा य हालिद्दए य सुक्किलए य, सिय कालए य णीलए य लोहियगा य हालिद्दए य सुक्किलगा य, सिय कालए य णीलए य लोहियगा य हालिद्दगा य सुक्किलए य, सत्तभंगा एए ।**

**सिय कालए य णीलगा य लोहियए य हालिद्दए य सुक्किलए य, सिय कालए य णीलगा य लोहियए य हालिद्दए य सुक्किलगा य, सिय कालए य णीलगा य लोहियए य हालिद्दगा य सुक्किलए य, सियकालए य णीलगा य लोहियगा य हालिद्दए य सुक्किलए य, एवं एए एक्करस भंगा ।**

**सिय कालगा य णीलगे य लोहियए य हालिद्दए य सुक्किलए य, सिय कालगा य णीलए य लोहियगे य हालिद्दए य सुक्किलगा य, सिय कालगा य णीलए य लोहियए य हालिद्दगा य सुक्किलए य, सिय कालगा य णीलए य लोहियगा य हालिद्दए य सुक्किलए, सिय कालगा य णीलगा य लोहियए य हालिद्दए य सुक्किलए य । सव्वे एए सोलस भंगा पंच संजोगे ।**

**एवं सव्वमेए एक्कग-दुयग-तियग-चउक्कग-पंचगसंजोगेणं दो सोला भंगसया भवइ वण्णस्स । गंधा जहा चउप्पएसियस्स । रसा जहा एयस्स चेव वण्णा । फासा जहा चउप्पएसियस्स ।**

**ભાવાર્થ :–** જો સપ્તપ્રદેશીસ્કંધમાં પાંચ વર્ણ હોય તો– (૧) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ, એક દેશ પીળો, એક દેશ શ્વેત હોય છે. (૨) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ, એક દેશ પીળો, અનેક દેશ શ્વેત હોય છે. (૩) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ, અનેક દેશ પીળા, એક દેશ શ્વેત હોય છે. (૪) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ, અનેક દેશ પીળા, અનેક દેશ શ્વેત હોય છે. આ ચાર ભંગ એક દેશ લાલથી થયા.

(૫) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, અનેક દેશ લાલ, એક દેશ પીળો, એક દેશ શ્વેત હોય છે. (૬) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, અનેક દેશ લાલ, એક દેશ પીળો, અનેક દેશ શ્વેત હોય છે. (૭) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, અનેક દેશ લાલ, અનેક દેશ પીળા, એક દેશ શ્વેત હોય છે. આ સાત

ભંગ(અનેક દેશ લાલથી ત્રણ અને એક દેશ નીલાથી સાત) થયા.

(૮) કદાચિત્ એક દેશ કાળો, અનેક દેશ નીલા, એક દેશ લાલ, એક દેશ પીળો, એક દેશ શ્વેત હોય છે.
(૯) કદાચિત્ એક દેશ કાળો, અનેક દેશ નીલા, એક દેશ લાલ, એક દેશ પીળો, અનેક દેશ શ્વેત હોય છે.
(૧૦) કદાચિત્ એક દેશ કાળો, અનેક દેશ નીલા, એક દેશ લાલ, અનેક દેશ પીળા, એક દેશ શ્વેત હોય છે.
(૧૧) કદાચિત્ એક દેશ કાળો, અનેક દેશ નીલા, અનેક દેશ લાલ, એક દેશ પીળો, એક દેશ શ્વેત હોય છે.
આ રીતે આ સર્વ અગિયાર ભંગ(એક દેશ કાળાથી) થયા.

(૧૨) કદાચિત્ અનેક દેશ કાળા, એક દેશ નીલો, એક દેશ લાલ, એક દેશ પીળો, એક દેશ શ્વેત હોય છે.
(૧૩) કદાચિત્ અનેક દેશ કાળા, એક દેશ નીલો, એક દેશ લાલ, એક દેશ પીળો, અનેક દેશ શ્વેત હોય છે.
(૧૪) કદાચિત્ અનેક દેશ કાળા, એક દેશ નીલો, એક દેશ લાલ, અનેક દેશ પીળા, એક દેશ શ્વેત હોય છે.
(૧૫) કદાચિત્ અનેક દેશ કાળા, એક દેશ નીલો, અનેક દેશ લાલ, એક દેશ પીળો, એક દેશ શ્વેત હોય છે.
(૧૬) કદાચિત્ અનેક દેશ કાળા, અનેક દેશ નીલા, એક દેશ લાલ, એક દેશ પીળો, એક દેશ શ્વેત હોય છે.
આ સર્વ પાંચ સંયોગી સોળ ભંગ(એક દેશ કાળો અને અનેક દેશ કાળાના મળીને) થાય છે.

સર્વ મળીને અસંયોગીના-૫, દ્વિસંયોગીના-૪૦, ત્રિસંયોગીના-૮૦, ચારસંયોગીના-૭૫ અને પાંચ સંયોગીના-૧૬ ભંગ થાય છે. આ સર્વ મળીને વર્ણના કુલ ૫+૪૦+૮૦+૭૫+૧૬=૨૧૬ ભંગ થાય છે. ગંધના ૬ ભંગ ચતુષ્પ્રદેશી સ્કંધની સમાન થાય છે. રસના ૨૧૬ ભંગ વર્ણની સમાન છે. સ્પર્શના ૩૬ ભંગ ચારપ્રદેશી સ્કંધની સમાન કહેવા જોઈએ. (આ રીતે કુલ મળીને ૨૧૬+૬+૨૧૬+૩૬ = ૪૭૪ ભંગ સાત પ્રદેશી સ્કંધ ના થાય છે.)

**અષ્ટ પ્રદેશી સ્કંધમાં વર્ણાદિ :–**

**૧૯ अट्ठपएसिए णं भंते ! खंधे कइ वण्णे** *जाव* **कइफासे पण्णत्ते ?**

**गोयमा ! जहा अठारसमसए** *जाव* **सिय चउफासे पण्णत्ते । एगवण्ण-दुवण्ण-तिवण्णा जहेव सत्तपएसिए ।**

**जइ चउवण्णे– सिय कालए य णीलए य लोहियए य हालिद्दए य, सिय कालए णीलए य लोहियए य हालिद्दगा य, एवं जहेव सत्तपएसिए तहेव पण्णरस भंगा** *जाव* **सिय कालगा य णीलगा य लोहियगा य हालिद्दगे य; सोलसमं इमं– सिय कालगा य णीलगा य लोहियगा य हालिद्दगा य । एए सोलस भंगा, एवमेए पंच चउक्कसंजोगा, णेयव्वा एक्केक्के संजोए सोलस-सोलस भंगा, सव्वमेए असीइ भंगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આઠ પ્રદેશી સ્કંધમાં કેટલા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અઢારમા શતકની સમાન જાણવું જોઈએ ***યાવત્*** કદાચિત્ ચાર સ્પર્શ હોય છે. એક વર્ણ, બે વર્ણ, અને ત્રણ વર્ણ સંબંધી ભંગ, સપ્તપ્રદેશી સ્કંધની સમાન કહેવા જોઈએ. જો તે ચાર વર્ણ હોય તો– (૧) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ, એક દેશ પીળો હોય છે. (૨) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ, અનેક દેશ પીળા હોય છે. આ રીતે સપ્તપ્રદેશી સ્કંધની સમાન પંદર ભંગ ***યાવત્*** (૧૫) કદાચિત્ અનેક દેશ કાળા, અનેક દેશ નીલા, અનેક દેશ લાલ

અને એક દેશ પીળો હોય છે તથા સોળમો ભંગ– કદાચિત્ અનેક દેશ કાળા, અનેક દેશ નીલા, અનેક દેશ લાલ, અનેક દેશ પીળા હોય છે. ત્યાં સુધી જાણવું જોઈએ. આ પ્રથમ ચતુષ્કના ૧૬ ભંગ થયા. તે જ રીતે [શેષ ચતુષ્કોના (૨) કાળો, નીલો, લાલ, શ્વેત (૩) કાળો, નીલો, પીળો, શ્વેત (૪) કાળો, લાલ, પીળો, શ્વેત (૫) નીલો, લાલ, પીળો, શ્વેત] પાંચે ચતુષ્કમાં પ્રત્યેકના ૧૬-૧૬ ભંગ થવાથી કુલ ૧૬×૫ = ૮૦ ભંગ થાય છે.

**૨૦ जइ पंचवण्णे सिय कालए य णीलए य लोहियए य हालिद्दए य सुक्किल्लए य, सिय कालए य णीलए य लोहियगे य हालिद्दगे य सुक्किल्लगा य, एवं एएणं कमेणं भंगा चारेयव्वा *जाव* सिय कालए य णीलगा य लोहियगा य हालिद्दगा य सुक्किलगे य एसो पण्णरसमो भंगो;**

**सिय कालगा य णीलगे य लोहियगे य हालिद्दए य सुक्किलए य, सिय कालगा य णीलगे य लोहियगे य हालिद्दगे य सुक्किलगा य, सिय कालगा य णीलगे य लोहियगे य हालिद्दगा य सुक्किलए य, सिय कालगा य णीलगे य लोहियगे य हालिद्दगा य सुक्किलगा य चउभंगो ।**

**सिय कालगा य णीलगे य लोहियगा य हालिद्दए य सुक्किलए य, सिय कालगा य णीलगे य लोहियगा य हालिद्दए य सुक्किलगा य, सिय कालगा य णीलए य लोहियगा य हालिद्दगा य सुक्किलए य सत्त भंगा एए ।**

**सिय कालगा य णीलगा य लोहियगे य हालिद्दए य सुक्किलए य, सिय कालगा य णीलगा य लोहियगे य हालिद्दए य सुक्किलगा य, सिय कालगा य णीलगा य लोहियगे य हालिद्दगा य सुक्किलए य, सिय कालगा य णीलगा य लोहियगा य हालिद्दए य सुक्किलए य; एए एक्कारसभंगो पंचसंजोएणं सव्वे एते छव्वीसं भंगा भवइ । एवमेए सपुव्वावरेणं एक्कग-दुयग-तियग-चउक्कग-पंचगसंजोएहिं दो एक्कतीसं भंगसया भवइ । गंधा जहा सत्तपएसियस्स । रसा जहा एयस्स चेव वण्णा । फासा जहा चउप्पएसियस्स ।**

**ભાવાર્થ :–** જો અષ્ટ પ્રદેશી સ્કંધમાં પાંચ વર્ણ હોય, તો (૧) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ, એક દેશ પીળો, એક દેશ શ્વેત (૨) કદાચિત્ એક દેશ કાળો, એક દેશ નીલો, એક દેશ લાલ, એક દેશ પીળો, અનેક દેશ શ્વેત. આ રીતે આ જ ક્રમથી ભંગનું કથન કરવું ***યાવત્*** (૧૫) કદાચિત્ એક દેશ કાળો, અનેક દેશ નીલા, અનેક દેશ લાલ, અનેક દેશ પીળા, એક દેશ શ્વેત, આ પંદર ભંગ એક દેશ કાળાથી થયા.

(૧૬) કદાચિત્ અનેક દેશ કાળા, એક દેશ નીલો, એક દેશ લાલ, એક દેશ પીળો, એક દેશ શ્વેત (૧૭) કદાચિત્ અનેક દેશ કાળા, એક દેશ નીલો, એક દેશ લાલ, એક દેશ પીળો, અનેક દેશ શ્વેત (૧૮) કદાચિત્ અનેક દેશ કાળા, એક દેશ નીલો, એક દેશ લાલ, અનેક દેશ પીળા, એક દેશ શ્વેત (૧૯) કદાચિત્ અનેક દેશ કાળા, એક દેશ નીલો, એક દેશ લાલ, અનેક દેશ પીળા, અનેક દેશ શ્વેત. આ ચાર ભંગ(એક દેશ લાલથી) થયા.

(૨૦) કદાચિત્ અનેક દેશ કાળા, એક દેશ નીલો, અનેક દેશ લાલ, એક દેશ પીળો, એક દેશ શ્વેત (૨૧) કદાચિત્ અનેક દેશ કાળા, એક દેશ નીલો, અનેક દેશ લાલ, એક દેશ પીળો, અનેક દેશ શ્વેત (૨૨) કદાચિત્ અનેક દેશ કાળા, એક દેશ નીલો, અનેક દેશ લાલ, અનેક દેશ પીળા, એક દેશ શ્વેત. આ સાત ભંગ(અનેક દેશ લાલથી ત્રણ અને એક દેશ નીલાથી સાત) થયા.

(૨૩) કદાચિત્ અનેક દેશ કાળા, અનેક દેશ નીલા, એક દેશ લાલ, એક દેશ પીળો, એક દેશ શ્વેત (૨૪) કદાચિત્ અનેક દેશ કાળા, અનેક દેશ નીલા, એક દેશ લાલ, એક દેશ પીળો, અનેક દેશ શ્વેત (૨૫) કદાચિત્ અનેક દેશ કાળા, અનેક દેશ નીલા, એક દેશ લાલ, અનેક દેશ પીળા, એક દેશ શ્વેત (૨૬) કદાચિત્ અનેક દેશ કાળા, અનેક દેશ નીલા, અનેક દેશ લાલ, એક દેશ પીળો, એક દેશ શ્વેત. આ અગિયાર ભંગ(અનેક દેશ  કાળાના અને એક-અનેક દેશ નીલાથી) થયા.

આ રીતે પંચ સંયોગી ૨૬ ભંગ થાય છે. આ રીતે વર્ણના અસંયોગી-૫ ભંગ, દ્વિ સંયોગી-૪૦ ભંગ, ત્રિ સંયોગી-૮૦ ભંગ, ચારસંયોગી-૮૦ ભંગ અને પંચ સંયોગી-૨૬ ભંગ થાય કુલ ૫ + ૪૦ + ૮૦ + ૮૦ + ૨૬ = ૨૩૧ ભંગ વર્ણ સંબંધી થાય છે. ગંધના સપ્ત પ્રદેશીસ્કંધની સમાન ૬ ભંગ છે. રસના વર્ણની સમાન ૨૩૧ ભંગ થાય છે. સ્પર્શના ચારપ્રદેશી સ્કંધની સમાન ૩૬ ભંગ થાય છે. કુલ મળીને ૨૩૧ + ૬ + ૨૩૧ + ૩૬ = ૫૦૪ ભંગ આઠ પ્રદેશી સ્કંધના થાય છે.

**નવ પ્રદેશી સ્કંધમાં વર્ણાદિ :–**

**૨૧ णवपएसिए णं भंते । खंधे कइवण्णे *जाव* कइफासे पण्णत्ते ?**

**गोयमा ! जहा अट्ठारसम सए *जाव* सिय चउफासे पण्णत्ते । एगवण्ण-दुवण्ण-तिवण्ण-चउवण्णा जहेव अट्ठपएसियस्स । जइ पंचवण्णे सिय कालए य णीलए य लोहियए य हालिद्दए य सुक्किलए, सिय कालए य णीलए य लोहियए य हालिद्दए य सुक्किलगा य, एवं परिवाडीए एक्कतीसं भंगा भाणियव्वा *जाव* सिय कालगा य णीलगा य लोहियगा य हालिद्दगा य सुक्किलए य । एए एक्कत्तीसं भंगा । एवं एक्कग-दुयग-तियग-चउक्कग-पंचगसंजोएहिं दो छत्तीसा भंगसया भवंति । गंधा जहा अट्ठपएसियस्स । रसा जहा एयस्स चेव वण्णा । फासा जहा चउप्पएसियस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નવ પ્રદેશી સ્કંધમાં કેટલા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અઢારમા શતકની સમાન ***યાવત્*** કદાચિત્ ચાર સ્પર્શ હોય છે. તેના એક વર્ણ, બે વર્ણ, ત્રણ વર્ણ અને ચાર વર્ણના ભંગ અષ્ટ પ્રદેશી સ્કંધની સમાન કહેવા જોઈએ. જ્યારે તેમાં પાંચ વર્ણ હોય છે, ત્યારે (૧) કદાચિત્ એક દેશ કાળો, નીલો, લાલ, પીળો અને શ્વેત હોય છે. (૨) કદાચિત્ એક દેશ કાળો, નીલો, લાલ, પીળો અને અનેક દેશ શ્વેત હોય છે. આ રીતે ક્રમપૂર્વક ૩૧ ભંગ કહેવા જોઈએ ***યાવત્*** (૩૧) કદાચિત્ અનેક દેશ કાળા, અનેક દેશ નીલા, અનેક દેશ લાલ, અનેક દેશ પીળા અને એક દેશ શ્વેત હોય છે. આ રીતે ૩૧ ભંગ જાણવા જોઈએ. આ રીતે વર્ણની અપેક્ષાએ અસંયોગી-૫ ભંગ, દ્વિસંયોગી-૪૦ ભંગ, ત્રિસંયોગી-૮૦ ભંગ, ચારસંયોગી-૮૦ ભંગ અને પાંચ સંયોગી-૩૧ ભંગ થાય છે. તે સર્વ મળીને વર્ણ સંબંધી ૨૩૬ ભંગ થાય છે. ગંધ વિષયક-૬ ભંગ આઠપ્રદેશી સ્કંધની સમાન છે. રસ

સંબંધી ૨૩૬ ભંગ વર્ણની સમાન છે અને સ્પર્શ સંબંધી-૩૬ ભંગ ચારપ્રદેશી સ્કંધની સમાન જાણવા જોઈએ. આ રીતે નવ પ્રદેશીના કુલ ૨૩૬+૬+૨૩૬+૩૬ = ૫૧૪ ભંગ થાય છે.

**દશથી અનંતપ્રદેશી સૂક્ષ્મ સ્કંધમાં વર્ણાદિ :–**

**૨૨ दसपएसिए णं भंते ! खंधे कइवण्णे *जाव* कइफासे पण्णत्ते ?**

**गोयमा ! जहा अट्ठारसम सए *जाव* सिय चउफासे पण्णत्ते । एगवण्ण-दुवण्ण-तिवण्ण- चउवण्णा जहेव णवपएसियस्स । पंचवण्णे वि तहेव, णवरं बत्तीसइमो भंगो भण्णइ । एवमेए एक्कग-दुयग-तियग-चउक्कग-पंचगसंजोएसु दोण्णि सत्ततीसा भंगसया भवंति । गंधा जहा णवपएसियस्स । रसा जहा एयस्स चेव वण्णा । फासा जहा चउप्पए सियस्स। जहा दसपएसिओ एवं संखेज्जपएसिओ वि, एवं असंखेज्जपएसिओ वि, सुहुमपरिणओ अणंतपएसिओ वि एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દશ પ્રદેશી સ્કંધમાં કેટલા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અઢારમા શતકની સમાન ***યાવત્*** કદાચિત્ ચાર સ્પર્શ હોય છે. ત્યાં સુધી કથન કરવું જોઈએ. તેના એક વર્ણ, બે વર્ણ, ત્રણ વર્ણ અને ચાર વર્ણ સંબંધી ભંગ નવ પ્રદેશી સ્કંધની સમાન કહેવા જોઈએ. જ્યારે તેમાં પાંચ વર્ણ હોય, ત્યારે નવ પ્રદેશી સ્કંધની જેમ કથન કરવું જોઈએ. પરંતુ અહીં 'અનેક દેશ કાળા, નીલા, લાલ, પીળા અને શ્વેત હોય છે,' આ બત્રીસમો ભંગ અધિક કહેવો જોઈએ. આ રીતે અસંયોગી-૫ ભંગ, દ્વિસંયોગી-૪૦ ભંગ, ત્રિસંયોગી-૮૦ ભંગ, ચારસંયોગી-૮૦ ભંગ, પાંચસંયોગી-૩૨ ભંગ, આ સર્વ મળીને વર્ણના ૨૩૭ ભંગ થાય છે. ગંધના-૬ ભંગ નવ પ્રદેશી સ્કંધની સમાન છે. રસ સંબંધી-૨૩૭ ભંગ વર્ણની સમાન અને સ્પર્શના-૩૬ ભંગ ચારપ્રદેશી સ્કંધની સમાન છે. કુલ મળીને દશ પ્રદેશી સ્કંધના ૨૩૭+૬+૨૩૭+૩૬= ૫૧૬ ભંગ થાય છે.

દશ પ્રદેશી સ્કંધની સમાન સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી અને સૂક્ષ્મ પરિણામવાળા અનંત પ્રદેશી સ્કંધનું પણ કથન કરવું જોઈએ.

**અનંત પ્રદેશી બાદર સ્કંધમાં વર્ણાદિ :–**

**૨૩ बायरपरिणए णं भंते ! अणंतपएसिए खंधे कइवण्णे *जाव* कइफासे पण्णत्ते ?**

**गोयमा ! जहा अट्ठारसम सए *जाव* सिय चउफासे, पंचफासे, छफासे, सत्तफासे अट्ठफासे पण्णत्ते । वण्ण-गंध-रसा जहा दसपएसियस्स । जइ चउफासे– सव्वे कक्खडे सव्वे गरुए सव्वे सीए सव्वे णिद्धे, सव्वे कक्खडे सव्वे गरुए सव्वे सीए सव्वे लुक्खे, सव्वे कक्खडे सव्वे गरुए सव्वे उसिणे सव्वे णिद्धे, सव्वे कक्खडे सव्वे गरुए सव्वे उसिणे सव्वे लुक्खे, चउभंगो ।**

**सव्वे कक्खडे सव्वे लहुए सव्वे सीए सव्वे णिद्धे, सव्वे कक्खडे सव्वे लहुए सव्वे सीए सव्वे लुक्खे, सव्वे कक्खडे सव्वे लहुए सव्वे उसिणे सव्वे णिद्धे, सव्वे कक्खडे**

**सव्वे लहुए सव्वे उसिणे सव्वे लुक्खे, चउभंगो ।**

**सव्वे मउए सव्वे गरुए सव्वे सीए सव्वे णिद्धे, सव्वे मउए सव्वे गरुए सव्वे सीए सव्वे लुक्खे, सव्वे मउए सव्वे गरुए सव्वे उसिणे सव्वे णिद्धे, सव्वे मउए सव्वे गरुए सव्वे उसिणे सव्वे लुक्खे, चउभंगो ।**

**सव्वे मउए सव्वे लहुए सव्वे सीए सव्वे णिद्धे, सव्वे मउए सव्वे लहुए सव्वे सीए सव्वे लुक्खे, सव्वे मउए सव्वे लहुए सव्वे उसिणे सव्वे णिद्धे, सव्वे मउए सव्वे लहुए सव्वे उसिणे सव्वे लुक्खे । एए सोलस भंगा चउफासे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર પરિણામવાળા(સ્થૂલ) અનંતપ્રદેશી સ્કંધમાં કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! શતક-૧૮/૬ અનુસાર કદાચિત્ ચાર, પાંચ, છ, સાત કે આઠ સ્પર્શ હોય છે. ત્યાં સુધી જાણવું જોઈએ. અનંતપ્રદેશી બાદર પરિણામી સ્કંધના વર્ણ, ગંધ, રસના ભંગ દશ પ્રદેશી સ્કંધની જેમ જાણવા જોઈએ.

અનંત પ્રદેશી બાદર પરિણામી સ્કંધમાં જ્યારે ચાર સ્પર્શ હોય, ત્યારે સોળ ભંગ થાય છે. યથા– (૧) કદાચિત્ સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ શીત અને સર્વ સ્નિગ્ધ (૨) કદાચિત્ સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ શીત અને સર્વ રૂક્ષ (૩) કદાચિત્ સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ ઉષ્ણ અને સર્વ સ્નિગ્ધ (૪) કદાચિત્ સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ ઉષ્ણ અને સર્વ રૂક્ષ આ ચાર ભંગ થયા.

(૫) કદાચિત્ સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વ શીત અને સર્વ સ્નિગ્ધ (૬) કદાચિત્ સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વ શીત અને સર્વ રૂક્ષ (૭) કદાચિત્ સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ અને સર્વ સ્નિગ્ધ (૮) કદાચિત્ સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ અને સર્વ રૂક્ષ આ ચાર ભંગ થયા.

(૯) કદાચિત્ સર્વ મૃદુ(કોમળ), સર્વ ગુરુ, સર્વ શીત અને સર્વ સ્નિગ્ધ (૧૦) કદાચિત્ સર્વ મૃદુ, સર્વ ગુરુ, સર્વ શીત અને સર્વ રૂક્ષ (૧૧) કદાચિત્ સર્વ મૃદુ, સર્વ ગુરુ, સર્વ ઉષ્ણ અને સર્વ સ્નિગ્ધ (૧૨) કદાચિત્ સર્વ મૃદુ, સર્વ ગુરુ, સર્વ ઉષ્ણ અને સર્વ રૂક્ષ આ ચાર ભંગ થયા.

(૧૩) કદાચિત્ સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ શીત અને સર્વ સ્નિગ્ધ (૧૪) કદાચિત્ સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ શીત અને સર્વ રૂક્ષ (૧૫) કદાચિત્ સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ અને સર્વ સ્નિગ્ધ (૧૬) કદાચિત્ સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ અને સર્વ રૂક્ષ (આ ચાર ભંગ થયા.) આ રીતે ચાર સ્પર્શના સોળ ભંગ થાય છે.

**૨૪ जइ पंचफासे– सव्वे कक्खडे सव्वे गरुए सव्वे सीए देसे णिद्धे देसे लुक्खे, सव्वे कक्खडे सव्वे गरुए सव्वे सीए देसे णिद्धे देसा लुक्खा, सव्वे कक्खडे सव्वे गरुए सव्वे सीए देसा णिद्धा देसे लुक्खे, सव्वे कक्खडे सव्वे गरुए सव्वे सीए देसा णिद्धा देसा लुक्खा, चउभंगो ।**

**सव्वे कक्खडे सव्वे गरुए सव्वे उसिणे देसे णिद्धे देसे लुक्खे, चउभंगो ।**

**सव्वे कक्खडे सव्वे लहुए सव्वे सीए देसे णिद्धे देसे लुक्खे, चउभंगो । सव्वे**

**कक्खडे सव्वे लहुए सव्वे उसिणे देसे णिद्धे देसे लुक्खे, चउभंगो । एवं एए कक्खडेणं सोलस भंगा । सव्वे मउए सव्वे गरुए सव्वे सीए देसे णिद्धे देसे लुक्खे, एवं मउएण वि सोलस भंगा, एवं बत्तीसं भंगा ।**

**सव्वे कक्खडे सव्वे गरुए सव्वे णिद्धे देसे सीए देसे उसिणे, सोलस भंगा । सव्वे कक्खडे सव्वे गरुए सव्वे लुक्खे देसे सीए देसे उसिणे सोलस भंगा, एवं दोवि एए बत्तीसं भंगा । सव्वे कक्खडे सव्वे सीए सव्वे णिद्धे देसे गरुए देसे लहुए, एत्थ वि बत्तीसं भंगा। सव्वे गरुए सव्वे सीए सव्वे णिद्धे देसे कक्खडे देसे मउए, एत्थ वि बत्तीसं भंगा। एवं सव्वे ते पंचफासे अट्ठावीसं भंगसयं भवइ ।**

**ભાવાર્થ :–** અનંત પ્રદેશી બાદર પરિણામી સ્કંધ જ્યારે પાંચ સ્પર્શી હોય, ત્યારે (૧) સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ શીત, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ (૨) સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ શીત, એક દેશ સ્નિગ્ધ, અનેક દેશ રૂક્ષ (૩) સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ શીત, અનેક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ (૪) સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ શીત, અનેક દેશ સ્નિગ્ધ, અનેક દેશ રૂક્ષ આ ચાર ભંગ થયા.

(૫–૮) સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષના ચાર ભંગ. (૯–૧૨) સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વ શીત, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષના ચાર ભંગ

(૧૩–૧૬) સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષના ચાર ભંગ થયા; આ રીતે સ્નિગ્ધના કર્કશની સાથે સોળ ભંગ થાય છે.

સર્વ મૃદુ, સર્વ ગુરુ, સર્વ શીત, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ, મૃદુનો આ પ્રથમ ભંગ છે. આ રીતે રૂક્ષના મૃદુની સાથે પૂર્વવત્ ૧૬ ભંગ કહેવા જોઈએ. સર્વ મળીને ૩૨ ભંગ(સ્નિગ્ધ-રૂક્ષના એકવચન અને બહુવચનથી) થાય છે.

સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ સ્નિગ્ધ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણના સોળ ભંગ અને સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ રૂક્ષ, એક દેશ શીત અને એક દેશ ઉષ્ણના સોળ ભંગ, સર્વ મળીને(શીત-ઉષ્ણના એકવચન અને બહુવચનથી) ૩૨ ભંગ થાય છે. સર્વ કર્કશ, સર્વ શીત, સર્વ સ્નિગ્ધ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ(આ રીતે ગુરુ લઘુના એક વચન અને બહુવચનથી) ૩૨ ભંગ થાય છે. સર્વ ગુરુ, સર્વ શીત, સર્વ સ્નિગ્ધ, એક દેશ કર્કશ, એક દેશ મૃદુ(આ રીતે કર્કશ-મૃદુના એકવચન અને બહુવચનથી) ૩૨ ભંગ થાય છે. આ રીતે સર્વ મળીને પાંચ સ્પર્શના ૧૨૮ ભંગ થાય છે.

**૨૫ जइ छफासे– सव्वे कक्खडे सव्वे गरुए देसे सीए देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, सव्वे कक्खडे सव्वे गरुए देसे सीए देसे उसिणे देसे णिद्धे देसा लुक्खा एवं** *जाव* **सव्वे कक्खडे सव्वे गरुए देसा सीया देसा उसिणा देसा णिद्धा देसा लुक्खा एए सोलस भंगा। सव्वे कक्खडे सव्वे लहुए देसे सीए देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, एत्थ वि सोलस भंगा । सव्वे मउए सव्वे गरुए देसे सीए देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, एत्थ वि सोलस भंगा । सव्वे मउए सव्वे लहुए देसे सीए देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, वि एत्थ वि सोलस भंगा, एवं चत्तारि एए चउसट्ठिं भंगा ।**

**सव्वे कक्खडे सव्वे सीए देसे गरुए देसे लहुए देसे णिद्धे देसे लुक्खे, एवं** *जाव* **सव्वे मउए सव्वे उसिणे देसा गरुया देसा लहुया देसा णिद्धा देसा लुक्खा, एए वि चउसट्ठिं भंगा ।**

**सव्वे कक्खडे सव्वे णिद्धे देसे गरुए देसे लहुए देसे सीए देसे उसिणे** *जाव* **सव्वे मउए सव्वे लुक्खे देसा गरुया देसा लहुया देसा सीया देसा उसिणा, एए चउसट्ठिं भंगा।**

**सव्वे गरुए सव्वे सीए देसे कक्खडे देसे मउए देसे णिद्धे देसे लुक्खे, एवं** *जाव* **सव्वे लहुए सव्वे उसिणे देसा कक्खडा देसा मउया देसा णिद्धा देसा लुक्खा, एए चउसट्ठिं भंगा।**

**सव्वे गरुए सव्वे णिद्धे देसे कक्खडे देसे मउए देसे सीए देसे उसिणे** *जाव* **सव्वे लहुए सव्वे लुक्खे देसा कक्खडा देसा मउया देसा सीया देसा उसिणा, एए चउसट्ठिं भंगा ।**

**सव्वे सीए सव्वे णिद्धे देसे कक्खडे देसे मउए देसे गरुए देसे लहुए** *जाव* **सव्वे उसिणे सव्वे लुक्खे देसा कक्खडा देसा मउया देसा गरुया देसा लहुया, एए चउसट्ठिं भंगा। सव्वे ते छफासे तिण्णि चउरासीया भंगसया भवंति ।**

**ભાવાર્થ :–** અનંત પ્રદેશી બાદર પરિણામી સ્કંધ જ્યારે છ સ્પર્શી હોય ત્યારે– (૧) સર્વ કર્કશ, સર્વ ગુરુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ (૨) સર્વ કર્કશ, સર્વ ગુરુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને અનેક દેશ રૂક્ષ આ રીતે ***યાવત્*** (૧૬) સર્વ કર્કશ, સર્વ ગુરુ, અનેક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, અનેક દેશ સ્નિગ્ધ, અનેક દેશ રૂક્ષ. આ રીતે ૧૬ ભંગ થાય છે. (૧૭–૩૨) સર્વ કર્કશ, સર્વ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષના સોળ ભંગ, (૩૩–૪૮) સર્વ મૃદુ, સર્વ ગુરુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષના સોળ ભંગ (૪૯–૬૪) સર્વ મૃદુ, સર્વ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષના સોળ ભંગ થાય છે. આ ચારે ય સોળ મળીને ૬૪ ભંગ થાય છે.

(૧) સર્વ કર્કશ, સર્વ શીત, એક દેશ ગુરુ, એક દેશ લઘુ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ આ રીતે ***યાવત્*** (૬૪) સર્વ મૃદુ, સર્વ ઉષ્ણ, અનેક દેશ ગુરુ, અનેક દેશ લઘુ, અનેક દેશ સ્નિગ્ધ, અનેક દેશ રૂક્ષ આ રીતે પણ ૬૪ ભંગ થાય છે.

(૧) સર્વ કર્કશ, સર્વ સ્નિગ્ધ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ, એક દેશ શીત અને એક દેશ ઉષ્ણ ***યાવત્*** (૬૪) સર્વ મૃદુ, સર્વ રૂક્ષ, અનેક દેશ ગુરુ, અનેક દેશ લઘુ, અનેક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ આ રીતે અહીં પણ ૬૪ ભંગ થાય છે.

(૧) સર્વ ગુરુ, સર્વ શીત, એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ આ રીતે ***યાવત્*** (૬૪) સર્વ લઘુ, સર્વ ઉષ્ણ, અનેક દેશ કર્કશ, અનેક દેશ મૃદુ, અનેક દેશ સ્નિગ્ધ અને અનેક દેશ રૂક્ષ હોય છે. આ રીતે અહીં પણ ૬૪ ભંગ થાય છે.

(૧) સર્વ ગુરુ, સર્વ સ્નિગ્ધ, એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, એક દેશ શીત અને એક દેશ ઉષ્ણ આ

રીતે ***યાવત્*** (૬૪) સર્વ લઘુ, સર્વ રૂક્ષ, અનેક દેશ કર્કશ, અનેક દેશ મૃદુ, અનેક દેશ શીત અને અનેક દેશ ઉષ્ણ હોય છે. આ રીતે અહીં પણ ૬૪ ભંગ થાય છે.

(૧) સર્વ શીત, સર્વ સ્નિગ્ધ, એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, એક દેશ ગુરુ અને એક દેશ લઘુ આ રીતે ***યાવત્*** (૬૪) કદાચિત્ સર્વ ઉષ્ણ, સર્વ રૂક્ષ અનેક દેશ કર્કશ, અનેક દેશ મૃદુ, અનેક દેશ ગુરુ અને અનેક દેશ લઘુ, આ રીતે અહીં પણ ૬૪ ભંગ થાય છે. આ સર્વ મળીને છ સ્પર્શ સંબંધી ૬૪ × ૬ = ૩૮૪ ભંગ થાય છે.

**૨૬ जइ सत्तफासे– सव्वे कक्खडे देसे गरुए देसे लहुए देसे सीए देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, सव्वे कक्खडे देसे गरुए देसे लहुए देसे सीए देसे उसिणे देसा णिद्धा देसा लुक्खा, चउभंगो । सव्वे कक्खडे देसे गरुए देसे लहुए देसे सीए देसा उसिणा देसे णिद्धे देसे लुक्खे, चउभंगो । सव्वे कक्खडे देसे गरुए देसे लहुए देसा सीया देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, चउभंगो । सव्वे कक्खडे देसे गरुए देसे लहुए देसा सीया देसा उसिणा देसे णिद्धे देसे लुक्खे, चउभंगो । सव्वे ते सोलस भंगा भाणियव्वा । सव्वे कक्खडे देसे गरुए देसा लहुया देसे सीए देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, एवं गरुए णं एगत्तेणं लहुएणं पुहुत्तेणं एए वि सोलस भंगा । सव्वे कक्खडे देसा गरुया देसे लहुए देसे सीए देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, एए वि सोलस भंगा भाणियव्वा । सव्वे कक्खडे देसा गरुया देसा लहुया देसे सीए देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, एए वि सोलस भंगा भाणियव्वा । एवमेए चउसट्ठिं भंगा कक्खडेणं समं ।**

**सव्वे मउए देसे गरुए देसे लहुए देसे सीए देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, एवं मउएण वि समं चउसट्ठिं भंगा भाणियव्वा । सव्वे गरुए देसे कक्खडे देसे मउए देसे सीए देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, एवं गरुएण वि समं चउसट्ठिं भंगा कायव्वा । सव्वे लहुए देसे कक्खडे देसे मउए देसे सीए देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, एवं लहुएण वि समं चउसट्ठिं भंगा कायव्वा । सव्वे सीए देसे कक्खडे देसे मउए देसे गरुए देसे लहुए देसे णिद्धे देसे लुक्खे, एवं सीएण वि समं चउसट्ठिं भंगा कायव्वा । सव्वे उसिणे देसे कक्खडे देसे मउए देसे गरुए देसे लहुए देसे णिद्धे देसे लुक्खे, एवं उसिणेण वि समं चउसट्ठिं भंगा कायव्वा । सव्वे णिद्धे देसे कक्खडे देसे मउए देसे गरुए देसे लहुए देसे सीए देसे उसिणे, एवं णिद्धेण वि समं चउसट्ठिं भंगा कायव्वा । सव्वे लुक्खे देसे कक्खडे देसे मउए देसे गरुए देसे लहुए देसे सीए देसे उसिणे, एवं लुक्खेण वि समं चउसट्ठिं भंगा कायव्वा *जाव* सव्वे लुक्खे देसा कक्खडा देसा मउया देसा गरुया देसा लहुया देसा सीया देसा उसिणा । एवं सत्तफासे पंच बारसुत्तरा भंगसया भवंति ।**

**ભાવાર્થ :–** અનંત પ્રદેશી બાદર પરિણામી સ્કંધ જ્યારે સાત સ્પર્શી હોય ત્યારે– (૧) સર્વ કર્કશ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ ***યાવત્*** (૪) કદાચિત્ સર્વ કર્કશ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, અનેક દેશ સ્નિગ્ધ, અનેક

દેશ રૂક્ષના ચાર ભંગ થાય છે. (૫–૮) સર્વ કર્કશ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ, એક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષના ચાર ભંગ. (૯–૧૨) સર્વ કર્કશ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ, અનેક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષના ચાર ભંગ થાય છે. (૧૩–૧૬) સર્વ કર્કશ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ અનેક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષના ચાર ભંગ. આ સર્વ મળીને ૧૬ ભંગ થાય છે.

(૧૭–૩૨) સર્વ કર્કશ, એક દેશ ગુરુ, અનેક દેશ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ આ રીતે ગુરુ પદને એક વચનમાં અને લઘુ પદને બહુવચનમાં રાખીને પૂર્વવત્ ૧૬ ભંગ કહેવા જોઈએ.

(૩૩–૪૮) સર્વ કર્કશ, અનેક દેશ ગુરુ, એક દેશ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષના ૧૬ ભંગ.

(૪૯–૬૪) સર્વ કર્કશ, અનેક દેશ ગુરુ, અનેક દેશ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષના ૧૬ ભંગ થયા. આ રીતે 'સર્વ કર્કશ'ની સાથે ૬૪ ભંગ થયા.

(૧–૬૪) સર્વ મૃદુ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ એક દેશ રૂક્ષ આ રીતે 'મૃદુની' સાથે પણ ૬૪ ભંગ થાય છે.

(૧–૬૪) સર્વ ગુરુ, એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ, આ રીતે 'ગુરુની સાથે પણ ૬૪ ભંગ થાય છે.

(૧–૬૪) સર્વ લઘુ, એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ, રૂક્ષ આ રીતે 'લઘુની' સાથે પણ ૬૪ ભંગ થાય છે.

(૧–૬૪) સર્વ શીત, એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ આ રીતે 'શીતની' સાથે પણ ૬૪ ભંગ થાય છે.

(૧–૬૪) સર્વ ઉષ્ણ, એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, એક દેશ ગુરુ એક દેશ લઘુ, એક દેશ સ્નિગ્ધ અને એક દેક્ષ રૂક્ષ. આ રીતે 'ઉષ્ણની' સાથે પણ ૬૪ ભંગ થાય છે.

(૧–૬૪) સર્વ સ્નિગ્ધ, એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, આ રીતે 'સ્નિગ્ધની' સાથે ૬૪ ભંગ થાય છે.

(૧–૬૪) સર્વ રૂક્ષ, એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ. આ રીતે 'રૂક્ષની' સાથે પણ ૬૪ ભંગ ***યાવત્*** સર્વ રૂક્ષ, અનેક દેશ કર્કશ, અનેક દેશ મૃદુ, અનેક દેશ ગુરુ, અનેક દેશ લઘુ, અનેક દેશ શીત અને અનેક દેશ ઉષ્ણ હોય છે. આ રીતે એક એક સ્પર્શને લઈને ૬૪ ભંગ થાય છે. તેથી આઠ સ્પર્શને લઈને ૬૪×૮ = ૫૧૨ ભંગ થાય છે.

**૨૭ जइ अट्ठफासे– देसे कक्खडे देसे मउए देसे गरुए देसे लहुए देसे सीए देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, एवं चउभंगो । देसे कक्खडे देसे मउए देसे गरुए देसे लहुए देसे सीए देसा उसिणा देसे णिद्धे देसे लुक्खे, एवं चउभंगो । देसे कक्खडे देसे मउए देसे गरुए देसे लहुए देसा सीया देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, एवं चउभंगो । देसे**

**कक्खडे देसे मउए देसे गरुए देसे लहुए देसा सीया देसा उसिणा देसे णिद्धे देसे लुक्खे, एवं चउभंगो। एए चत्तारि चउक्का सोलस भंगा ।**

**देसे कक्खडे देसे मउए देसे गरुए देसा लहुया देसे सीए देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, एवं एए गरुएणं एगत्तएणं लहुएणं पुहत्तएणं सोलस भंगा कायव्वा । देसे कक्खडे देसे मउए देसा गरुया देसे लहुए देसे सीए देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, एए वि सोलस भंगा कायव्वा । देसे कक्खडे देसे मउए देसा गरुया देसा लहुया देसे सीए देसे उसिणे देसे णिद्धे देसे लुक्खे, एए वि सोलस भंगा कायव्वा । सव्वे वि ते चउसट्ठिं भंगा कक्खड-मउएहिं एगत्तएहिं । ताहे कक्खडेणं एगत्तएणं मउएणं पुहत्तेणं एते चउसट्ठिं भंगा कायव्वा । ताहे कक्खडेणं पुहत्तएणं मउएणं एगत्तएणं चउसट्ठिं भंगा कायव्वा । ताहे एएहिं चेव दोहि वि पुहत्तेहिं चउसट्ठिं भंगा कायव्वा *जाव* देसा कक्खडा देसा मउया देसा गरुया देसा लहुया देसा सीया देसा उसिणा देसा णिद्धा देसा लुक्खा एसो अपच्छिमो भंगो। सव्वे ते अट्ठफासे दो छप्पण्णा भंगसया भवंति । एवं एए बायरपरिणए अणंतपएसिए खंधे सव्वेसु संजोएसु बारस छण्णउया भंगसया भवंति ।**

**ભાવાર્થ :–** અનંત પ્રદેશી બાદર પરિણામી સ્કંધ જ્યારે આઠ સ્પર્શી હોય ત્યારે– (૧) એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રૂક્ષ આ રીતે(શીત એકવચન અને ઉષ્ણ એક વચનના) ચાર ભંગ, (૨) એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ, એક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ આ રીતે(શીત એકવચન અને ઉષ્ણ બહુવચનના) ચાર ભંગ, (૩) એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ, અનેક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ આ રીતે (શીત બહુવચન અને ઉષ્ણ એકવચનના) ચાર ભંગ, (૪) એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ, અનેક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ આ રીતે(શીત અને ઉષ્ણ બંને બહુવચનના ચાર ભંગ આ રીતે પ્રથમ ચતુષ્કના(એક વચન લઘુના)૪ × ૪ = ૧૬ ભંગ થાય છે.

(૨) એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, એક દેશ ગુરુ, અનેક દેશ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ–આ રીતે 'ગુરુ' પદને એકવચનમાં અને 'લઘુ' પદને બહુવચનમાં રાખીને બીજા ચતુષ્કના પૂર્વવત્ ૧૬ ભંગ થાય છે.

(૩) એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, અનેક દેશ ગુરુ, એક દેશ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ આ રીતે ગુરુ બહુવચન અને લઘુ એકવચનના ત્રીજા ચતુષ્કના ૧૬ ભંગ થાય છે.

(૪) એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, અનેક દેશ ગુરુ, અનેક દેશ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ, એક દેશ રૂક્ષ આ રીતે ગુરુ અને લઘુ બંનેના બહુવચનના ચોથા ચતુષ્કના ૧૬ ભંગ થાય છે. આ સર્વ ૬૪ ભંગ કર્કશ અને મૃદુને એકવચનના થાય છે. ((૧) કર્કશ–મૃદુ એકવચનના ૬૪ ભંગ) (૨) આ જ રીતે કર્કશ એકવચન અને મૃદુને બહુવચનના ૬૪ ભંગ (૩) કર્કશ બહુવચન અને મૃદુ એકવચનના ૬૪ ભંગ (૪) કર્કશ અને મૃદુ બંનેના બહુવચનના ૬૪ ભંગ ***યાવત્*** (૨૫૬) અનેક દેશ કર્કશ

અનેક દેશ મૃદુ અનેક દેશ ગુરુ, અનેક દેશ લઘુ, અનેક દેશ શીત, અનેક દેશ ઉષ્ણ, અનેક દેશ સ્નિગ્ધ, અનેક દેશ રૂક્ષ, આ અંતિમ ભંગ છે. આ રીતે સર્વ મળીને ૨૫૬ ભંગ થાય છે. આ રીતે બાદર પરિણત અનંત પ્રદેશી સ્કંધમાં **સ્પર્શ સંબંધી** ચતુઃસંયોગીના-૧૬ ભંગ પંચ સંયોગીના-૧૨૮ ભંગ, ષટ્ સંયોગીના-૩૮૪ ભંગ, સપ્તસંયોગી-૫૧૨ ભંગ અને અષ્ટ સંયોગીના-૨૫૬ ભંગ. કુલ મળીને ૧૬+૧૨૮+૩૮૪+૫૧૨+૨૫૬ = ૧૨૯૬ ભંગ સ્પર્શના થાય છે.

બાદર અનંત પ્રદેશી સ્કંધના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના સર્વ મળીને ૨૩૭+૬+૨૩૭+૧૨૯૬ = ૧૭૭૬ કુલ ભંગ થાય છે.

**વિવેચન :–**

સૂત્રકારે પરમાણુથી અનંત પ્રદેશી સ્કંધમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના વિવિધ વિકલ્પોનું વિસ્તૃત વર્ણન કર્યું છે. જે પુદ્‌ગલ જગતની વિવિધતા અને વિચિત્રતાનું દર્શન કરાવે છે. શેષ કથન ભાવાર્થથી સ્પષ્ટ છે. સંક્ષિપ્તમાં કોષ્ટકથી ભંગો જાણવા.

**પરમાણુથી અનંતપ્રદેશી સ્કંધ સુધીના વર્ણાદિની ભંગ સંખ્યા :–**

| પુદ્‌ગલ પ્રકાર | વર્ણનાભંગ | ગંધનાભંગ | રસનાભંગ | સ્પર્શનાભંગ | કુલ ભંગ |
|---|---|---|---|---|---|
| પરમાણુ | ૫ | ૨ | ૫ | ૪ | ૧૬ |
| દ્વિપ્રદેશી સ્કંધ | ૧૫ | ૩ | ૧૫ | ૯ | ૪૨ |
| ત્રિપ્રદેશી સ્કંધ | ૪૫ | ૫ | ૪૫ | ૨૫ | ૧૨૦ |
| ચતુષ્પ્રદેશી સ્કંધ | ૯૦ | ૬ | ૯૦ | ૩૬ | ૨૨૨ |
| પંચપ્રદેશી સ્કંધ | ૧૪૧ | ૬ | ૧૪૧ | ૩૬ | ૩૨૪ |
| ષટ્પ્રદેશી સ્કંધ | ૧૮૬ | ૬ | ૧૮૬ | ૩૬ | ૪૧૪ |
| સપ્તપ્રદેશી સ્કંધ | ૨૧૬ | ૬ | ૨૧૬ | ૩૬ | ૪૭૪ |
| અષ્ટપ્રદેશી સ્કંધ | ૨૩૧ | ૬ | ૨૩૧ | ૩૬ | ૫૦૪ |
| નવપ્રદેશી સ્કંધ | ૨૩૬ | ૬ | ૨૩૬ | ૩૬ | ૫૧૪ |
| દશપ્રદેશી સ્કંધ | ૨૩૭ | ૬ | ૨૩૭ | ૩૬ | ૫૧૬ |
| સંખ્યાતપ્રદેશી | ૨૩૭ | ૬ | ૨૩૭ | ૩૬ | ૫૧૬ |
| અસંખ્યાતપ્રદેશી | ૨૩૭ | ૬ | ૨૩૭ | ૩૬ | ૫૧૬ |
| સૂક્ષ્મઅનંત પ્રદેશી | ૨૩૭ | ૬ | ૨૩૭ | ૩૬ | ૫૧૬ |
| બાદર અનંત પ્રદેશી | ૨૩૭ | ૬ | ૨૩૭ | ૧૨૯૬ | ૧૭૭૬ |

**પરમાણુના પ્રકાર :–**

**૨૮ कइविहे णं भंते ! परमाणू पण्णत्ते ? गोयमा ! चउव्विहे परमाणू पण्णत्ते, तं जहा– दव्वपरमाणू खेत्तपरमाणू कालपरमाणू भावपरमाणू ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરમાણુના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પરમાણુના ચાર પ્રકાર છે. યથા– (૧) દ્રવ્ય પરમાણુ (૨) ક્ષેત્ર પરમાણુ (૩) કાલ પરમાણુ (૪) ભાવ પરમાણુ.

**૨૯** **दव्वपरमाणू णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा– अच्छेज्जे, अभेज्जे, अडज्झे, अगेज्झे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્રવ્ય પરમાણુના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! દ્રવ્ય પરમાણુના ચાર પ્રકાર છે, યથા– અછેદ્ય, અભેદ્ય, અદાહ્ય અને અગ્રાહ્ય.

**૩૦** **खेत्तपरमाणू णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा– अणद्धे, अमज्झे, अपएसे, अविभाइमे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્ષેત્ર પરમાણુના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ક્ષેત્ર પરમાણુના ચાર પ્રકાર છે, યથા– અનર્દ્ધ, અમધ્ય, અપ્રદેશ અને અવિભાગ.

**૩૧** **कालपरमाणू ण भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा– अवण्णे, अगंधे, अरसे, अफासे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન્ ! કાલ પરમાણુના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કાલ પરમાણુના ચાર પ્રકાર છે, યથા– અવર્ણ, અગંધ, અરસ અને અસ્પર્શ.

**૩૨** **भावपरमाणू णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा– वण्णमंते, गंधमंते, रसमंते, फासमंते ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાવ પરમાણુના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભાવ પરમાણુના ચાર પ્રકાર છે, યથા– વર્ણવાન, ગંધવાન, રસવાન અને સ્પર્શવાન. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પુદ્‌ગલ દ્રવ્યના અવિભાજ્ય અંશને પરમાણુ કહે છે. પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની વિવક્ષાથી તેના ચાર પ્રકારનું કથન કર્યું છે.

**દ્રવ્ય પરમાણુ–** ક્ષેત્ર, કાલ કે ભાવની વિવક્ષા કર્યા વિના એક પરમાણુને દ્રવ્ય પરમાણુ કહે છે, કારણ કે અહીં કેવળ દ્રવ્યની વિવક્ષા કરી છે. દ્રવ્ય પરમાણુના ગુણધર્મોની અપેક્ષાએ પુનઃ તેના ચાર પ્રકાર છે. **અચ્છેદ્ય** = શસ્ત્રાદિથી છેદન ન થાય તે. **અભેદ્ય** = તેનું સોઈ આદિ શસ્ત્ર દ્વારા ભેદન ન થાય તે. **અદાહ્ય** = અગ્નિ આદિથી બાળી ન શકાય તે. **અગ્રાહ્ય** = હાથ આદિ કોઈપણ સાધનથી જેનું ગ્રહણ ન થાય તે.

**ક્ષેત્ર પરમાણુ–** દ્રવ્યાદિની વિવક્ષા કર્યા વિના આકાશ પ્રદેશરૂપ ક્ષેત્રના અવિભાજ્ય અંશને, એક આકાશ પ્રદેશને ક્ષેત્ર પરમાણુ કહે છે.

એક આકાશ પ્રદેશ એક જ પ્રદેશરૂપ હોવાથી તે અનર્દ્ધ, અમધ્ય, અપ્રદેશ અને અવિભાજ્ય છે, તે ગુણોની વિવક્ષાથી તેના ચાર પ્રકાર છે. **અનર્દ્ધ** = તેના સમ સંખ્યાવાળા બે ભાગ થતા નથી તેથી અનર્દ્ધ. **અમધ્ય** = તેના વિષમ સંખ્યાવાળા વિભાગ ન હોવાથી તે મધ્યભાગ રહિત છે. તેથી અમધ્ય. **અપ્રદેશ** = તે પ્રદેશરૂપ નથી તેથી અપ્રદેશ. **અવિભાજ્ય** = તેનું વિભાજન થતું નથી, તે અંતિમ સૂક્ષ્મ છે તેથી અવિભાજ્ય છે.

**કાલ પરમાણુ–** દ્રવ્ય, ક્ષેત્ર કે ભાવની વિવક્ષા કર્યા વિના કાલના અવિભાજ્ય અંશ એક સમયને કાલ પરમાણુ કહે છે, કાલ દ્રવ્ય અરૂપી છે. તેમાં વર્ણ, ગંધ, રસ કે સ્પર્શ નથી, તે ગુણની વિવક્ષાથી તેના ચાર પ્રકાર છે. અવર્ણ, અગંધ, અરસ અને અસ્પર્શ. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પુદ્‌ગલ દ્રવ્યના જ ગુણ છે. અહીં કાલપરમાણુનું કથન હોવાથી તેને અવર્ણ, અગંધ, અરસ અને અસ્પર્શરૂપ કહ્યા છે.

**ભાવ પરમાણુ–** દ્રવ્ય, ક્ષેત્ર કે કાલની વિવક્ષા કર્યા વિના કેવળ વર્ણ, ગંધ આદિ ભાવની મુખ્યતાથી વર્ણાદિના અવિભાજ્ય અંશને ભાવ પરમાણુ કહે છે. જેમ કે– પરમાણુ કે સ્કંધમાં વર્ણાદિનો એક અંશ ભાવથી પરમાણુરૂપ છે. કારણ કે તેમાં વર્ણનો અવિભાજ્ય અંશ વિદ્યમાન છે. આ રીતે પાંચવર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શના અવિભાજ્ય અંશ ભાવ પરમાણુ છે. પુદ્‌ગલ દ્રવ્યના મુખ્ય ચાર ગુણની અપેક્ષાએ તેના(ભાવ પરમાણુના) ચાર પ્રકાર છે. વર્ણવાન, ગંધવાન, રસવાન અને સ્પર્શવાન.

**॥ શતક ૨૦/૫ સંપૂર્ણ ॥**

# શતક–૨૦ : ઉદ્દેશક–૬

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં પૃથ્વી, પાણી અને વાયુકાયના જીવો નવો જન્મ ધારણ કરે ત્યારે સર્વ પ્રથમ આહાર ક્યારે કરે છે ? તે વિષયને શતક-૧૭/૬ના અતિદેશપૂર્વક સમજાવ્યો છે.

★ અધોલોકની કોઈ પણ પૃથ્વીના અંતરાલમાં રહેલા સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો ઊર્ધ્વલોકના કોઈ પણ દેવલોકમાં, સિદ્ધશિલામાં કે દેવલોકના અંતરાલમાં ઉત્પન્ન થાય છે, અપ્કાયના જીવો ઘનોદધિ કે ઘનોદધિવલયોમાં ઉત્પન્ન થાય છે અને વાયુકાયના જીવો ઘનવાત કે તનુવાતવલયોમાં ઉત્પન્ન થાય છે. તે જ રીતે ઊર્ધ્વલોકમાં રહેલા જીવો અધોલોકમાં ઉત્પન્ન થાય છે. આ સર્વ સ્થાનમાંથી કોઈ પણ સ્થાનમાં જીવ ઉત્પન્ન થાય ત્યારે આહાર ગ્રહણ કરવાના બે જ વિકલ્પ છે.

★ (૧) જ્યારે જીવ સર્વ સમુદ્‌ઘાત સહિત એટલે કે મૃત્યુ પામીને બંદૂકમાંથી છૂટેલી ગોળીની જેમ એક સાથે જાય ત્યારે સર્વ આત્મપ્રદેશો એક સાથે જ ઉત્પત્તિ સ્થાને પહોંચે છે, તે જીવ પહેલાં ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે, આહાર યોગ્ય પુદ્‌ગલ ગ્રહણ કરે છે.

★ (૨) જ્યારે જીવના આત્મપ્રદેશો દેશ સમુદ્‌ઘાત સહિત– ઈલિકા ગતિથી જાય ત્યારે આત્મપ્રદેશો ક્રમશઃ ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત કરે છે. તેથી પહેલાં પહોંચેલા આત્મ પ્રદેશો આહાર યોગ્ય પુદ્‌ગલ ગ્રહણ કરે છે અને ત્યાર પછી સર્વ આત્મપ્રદેશો ખેંચાઈ જાય છે. તેથી સર્વ આત્મ પ્રદેશોની અપેક્ષાએ, પહેલા આહાર ગ્રહણ અને પછી ઉત્પન્ન થયો કહેવાય છે. સર્વ દંડકના જીવો માટે આ નિયમ સમાન છે.

❖❖❖❖❖

# શતક–૨૦ : ઉદ્દેશક–૬

## અંતર

**જીવોની ઉત્પત્તિ અને આહાર :–**

**१ पुढविक्काइए णं भंते! इमीसे रयणप्पभाए सक्करप्पभाए य पुढविए अंतरा समोहए समोहणित्ता जे भविए सोहम्मे कप्पे पुढविकाइयत्ताए उववज्जित्तए, से णं भंते! किं पुव्विं उववज्जित्ता पच्छा आहारेज्जा, पुव्विं आहारित्ता पच्छा उववज्जेज्जा ?**

**गोयमा ! पुव्विं वा उववज्जित्ता, एवं जहा सत्तरसमसए छट्ठुद्देसे *जाव* से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– पुव्विं वा *जाव* उववज्जेज्जा । णवरं तेहिं संपाउणणा, इमेहिं आहारो भण्णइ, सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રત્નપ્રભા અને શર્કરાપ્રભા આ બે પૃથ્વીની મધ્યમાં સ્થિત જે સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવ, મારણાંતિક સમુદ્ઘાત કરીને સૌધર્મકલ્પમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થાય છે, તે પહેલાં ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે કે પહેલાં આહાર કરીને પછી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે પહેલાં ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે અથવા પહેલાં આહાર કરીને પછી ઉત્પન્ન થાય છે. ઈત્યાદિ વર્ણન શતક-૧૭/૬ અનુસાર જાણવું જોઈએ. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહેવાય છે કે ***યાવત્*** પહેલાં આહાર કરીને પછી ઉત્પન્ન થાય છે. વિશેષતા એ છે કે ત્યાં શતક-૧૭/૬માં પૃથ્વીકાયિક "સંપ્રાપ્ત(પુદ્ગલ ગ્રહણ) કરે છે." તે પ્રમાણે કથન છે અને અહીં "આહાર કરે છે,"તે પ્રમાણે કહેવું જોઈએ.

**२ पुढविक्काइए णं भंते! इमीसे रयणप्पभाए सक्करप्पभाए य पुढवीए अंतरा समोहए समोहणित्ता जे भविए ईसाणे कप्पे पुढविक्काइयत्ताए उववज्जित्तए, पुच्छा ? गोयमा ! एवं चेव । एवं *जाव* ईसीपब्भाराए उववाएयव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રત્નપ્રભા અને શર્કરાપ્રભા આ બે પૃથ્વીની મધ્યમાં સ્થિત જે સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવ, મારણાન્તિક સમુદ્ઘાત કરીને ઈશાન કલ્પમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થાય છે, તે પહેલાં ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે, ઈત્યાદિ પ્રશ્ન કરવા ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું. આ રીતે ***યાવત્*** ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધી પૃથ્વીકાયિક જીવોનો ઉપપાત જાણવો.

**३ पुढविक्काइए णं भंते ! सक्करप्पभाए वालुयप्पभाए य पुढवीए अंतरा समोहए,**

**समोहणित्ता जे भविए सोहम्मे** *जाव* **ईसीपब्भभाराए पुच्छा ?**

**गोयमा ! एवं चेव । एवं एएणं कमेणं** *जाव* **तमाए, अहेसत्तमाए य पुढवीए अंतरा समोहए समाणे जे भविए सोहम्मे** *जाव* **ईसिपब्भाराए उववाएयव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શર્કરાપ્રભા અને વાલુકાપ્રભા તે બે પૃથ્વીની મધ્યમાં સ્થિત જે પૃથ્વીકાયિક જીવ, મારણાન્તિક સમુદ્‌ઘાત કરીને, સૌધર્મ કલ્પમાં ***યાવત્*** ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીમાં ઉત્પન્ન થાય છે, ઇત્યાદિ પ્રશ્ન કરવો ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું. આ રીતે આ જ ક્રમથી ***યાવત્*** તમઃપ્રભા અને અધઃસપ્તમ પૃથ્વીની મધ્યમાં સ્થિત પૃથ્વીકાયિક જીવોનું મારણાન્તિક સમુદ્‌ઘાતપૂર્વક સૌધર્મ કલ્પમાં ***યાવત્*** ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીમાં ઉત્પન્ન થવાનું કથન કરવું જોઈએ.

**૪ पुढविक्काइए णं भंते ! सोहम्मीसाणाणं सणंकुमारमाहिंदाण य कप्पाणं अंतरा समोहए, समोहणित्ता जे भविए इमीसे रयणप्पभाए पुढवीए पुढविक्काइयत्ताए उववज्जित्तए से णं भंते ! पुव्विं उववज्जित्ता पच्छा आहारेज्जा ?**

**गोयमा ! तं चेव** *जाव* **से तेणट्ठेणं** *जाव* **णिक्खेवओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મ, ઈશાન અને સનત્કુમાર, માહેન્દ્ર કલ્પની મધ્યમાં સ્થિત જે પૃથ્વીકાયિક જીવ, મારણાંતિક સમુદ્‌ઘાત કરીને આ રત્નપ્રભા પૃથ્વીમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થાય છે, તે પહેલાં ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે, ઇત્યાદિ પ્રશ્ન કરવો ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું. ***યાવત્*** આ કારણથી તે પ્રમાણે કહેવાય છે, ઇત્યાદિ ઉપસંહાર કરવો જોઈએ.

**૫ पुढविक्काइए णं भंते ! सोहम्मीसाणाणं सणंकुमारमाहिंदाण य कप्पाणं अंतरा समोहए, समोहणित्ता जे भविए सक्करप्पभाए पुढवीए पुढविक्काइयत्ताए उववज्जित्तए, पुच्छा ?**

**गोयमा ! एवं चेव । एवं** *जाव* **अहेसत्तमाए उववाएयव्वो । एवं सणंकुमार-माहिंदाणं बंभलोगस्स य कप्पस्स अंतरा समोहए समोहणित्ता पुणरवि** *जाव* **अहेसत्तमाए उववाएयव्वो। एवं बंभलोगस्स लंतगस्स य कप्पस्स अंतरा समोहए, पुणरवि** *जाव* **अहेसत्तमाए। एवं लंतगस्स महासुक्कस्स कप्पस्स य अंतरा समोहए, पुणरवि** *जाव* **अहे सत्तमाए । एवं महासुक्कस्स सहस्सारस्स य कप्पस्स अंतरा पुणरवि** *जाव* **अहेसत्तमाए । एवं सहस्सारस्स आणयपाणयकप्पाण य अंतरा पुणरवि** *जाव* **अहेसत्तमाए । एवं आणय-पाणयाणं आरण-अच्चुयाण य कप्पाणं अंतरा पुणरवि** *जाव* **अहेसत्तमाए । एवं आरण-च्चुयाणं गेवेज्जविमाणाण अणुत्तर विमाणाण य अंतरा पुणरवि** *जाव* **अहेसत्तमाए । एवं अणुत्तरविमाणाणं ईसीपब्भाराए य पुणरवि** *जाव* **अहेसत्तमाए उववाएयव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મ, ઈશાન અને સનતકુમાર માહેન્દ્રકલ્પની મધ્યમાં સ્થિત જે પૃથ્વીકાયિક જીવ, મારણાન્તિક સમુદ્દ્ઘાત કરીને શર્કરાપ્રભા પૃથ્વીમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થાય છે, ઈત્યાદિ પ્રશ્ન કરવો ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ કહેવું. આ જ રીતે અધઃસપ્તમ પૃથ્વી સુધી ઉત્પન્ન થવાનું કથન કરવું જોઈએ. આ રીતે સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોક કલ્પની મધ્યમાં સ્થિત પૃથ્વીકાયિક જીવ મારણાન્તિક સમુદ્ઘાત કરીને પુનઃ રત્નપ્રભાથી અધઃસપ્તમ પૃથ્વી સુધીમાં ઉત્પન્ન થવાનું કથન કરવું. આ જ રીતે બ્રહ્મલોક અને લાન્તકના અંતરાલમાં, મારણાંતિક સમુદ્ઘાત કરીને લાન્તક અને મહાશુક્રકલ્પના અંતરાલમાં, મહાશુક્ર અને સહસ્રાર કલ્પના અંતરાલમાં, આનત-પ્રાણત અને આરણ તથા અચ્યુત કલ્પના અંતરાલમાં આરણ, અચ્યુત અને ગ્રૈવેયક વિમાનના અંતરાલમાં, ગ્રૈવેયક વિમાન અને અનુત્તર વિમાનોના અંતરાલમાં તથા અનુત્તર વિમાન અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીની મધ્યમાં સ્થિત પૃથ્વીકાયિક જીવ મારણાન્તિક સમુદ્ઘાત-પૂર્વક મૃત્યુ પામીને રત્નપ્રભાથી લઈને ***યાવત્*** અધઃસપ્તમ નરક પૃથ્વી સુધીમાં પૃથ્વીકાયિક જીવરૂપે ઉત્પત્તિનું કથન કરવું જોઈએ.

**૬ आउक्काइए णं भंते ! इमीसे रयणप्पभाए सक्करप्पभाए य पुढवीए अंतरा समोहए समोहणित्ता जे भविए सोहम्मे कप्पे आउकाइयत्ताए उववज्जित्तए, पुच्छा ?**

**गोयमा ! जहा पुढविक्काइयस्स *जाव* से तेणट्ठेणं । एवं पढम-दोच्चाणं अंतरा समोहए *जाव* ईसीपब्भाराए उववाएयव्वो । एवं एएणं कमेणं *जाव* तमाए अहेसत्तमाए य पुढवीए अंतरा समोहए, समोहणित्ता *जाव* ईसीपब्भाराए उववाएयव्वो आउक्काइयत्ताए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રત્નપ્રભા અને શર્કરાપ્રભા પૃથ્વીની મધ્યમાં સ્થિત જે અપ્કાયિક જીવ, મારણાંતિક સમુદ્દ્ઘાત કરીને સૌધર્મ કલ્પમાં અપ્કાયિકરૂપે ઉત્પન્ન થાય છે, તે પહેલા ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે કે પહેલા આહાર કરીને પછી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિકની સમાન જાણવું. આ રીતે પહેલી, બીજી પૃથ્વીની મધ્યમાં સ્થિત મારણાંતિક સમુદ્દ્ઘાતપૂર્વક અપ્કાયિક જીવોની ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધી ઉત્પત્તિ જાણવી જોઈએ. આ ક્રમથી ***યાવત્*** તમઃપ્રભા અને અધઃસપ્તમ પૃથ્વીની મધ્યમાં સ્થિત અપ્કાયિક જીવોની મારણાન્તિક સમુદ્દ્ઘાતપૂર્વક ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધી અપ્કાયિકપણે ઉત્પત્તિ જાણવી જોઈએ.

**૭ आउयाए णं भंते ! सोहम्मी-साणाणं सणंकुमारमाहिंदाण य कप्पाणं अंतरा समोहए, समोहणित्ता जे भविए इमीसे रयणप्पभाए पुढवीए घणोदहिसु, घणोदहिवलएसु आउक्काइयत्ताए उववज्जित्तए, पुच्छा ?**

**गोयमा ! तं चेव । एवं एएहिं चेव अंतरा समोहओ *जाव* अहेसत्तमाए पुढवीए घणोदहिसु, घणोदहिवलएसु आउक्काइयत्ताए उववाएयव्वो । एवं *जाव* अणुत्तरविमाणाणं ईसीपब्भाराए य पुढवीए अंतरा समोहए *जाव* अहेसत्तमाए घणोदहिसु, घणोदहिवलएसु उववाएयव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મ, ઈશાન અને સનત્કુમાર, માહેન્દ્રકલ્પની મધ્યમાં સ્થિત જે અપ્કાયિક જીવ મારણાન્તિક સમુદ્‌ઘાત કરીને રત્નપ્રભા પૃથ્વીના ઘનોદધિ અને ઘનોદધિવલયોમાં અપ્કાયિકપણે ઉત્પન્ન થાય છે ઈત્યાદિ પ્રશ્ન કરવો ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું. આ રીતે પૂર્વ કથિત અંતરાલોમાં મારણાંતિક સમુદ્‌ઘાત કરીને અપ્કાયિક જીવોની અધઃસપ્તમ પૃથ્વી સુધીના ઘનોદધિ અને ઘનોદધિવલયોમાં અપ્કાયિકપણે ઉત્પત્તિ કહેવી જોઈએ. આ જ રીતે ***યાવત્*** અનુત્તર વિમાન અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીની મધ્યમાં સ્થિત અપ્કાયિક જીવોની મારણાન્તિક સમુદ્‌ઘાત કરીને ***યાવત્*** અધઃસપ્તમ પૃથ્વી સુધીના ઘનોદધિ અને ઘનોદધિવલયોમાં અપ્કાયિકપણે ઉત્પત્તિ કહેવી જોઈએ.

**૮ वाउक्काइए णं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए सक्करप्पभाए य पुढवीए अंतरा समोहए, समोहणित्ता जे भविए सोहम्मे कप्पे वाउक्काइयत्ताए उववज्जित्तए, पुच्छा ?**

**गोयमा ! एवं जहा सत्तरसमसए वाउक्काइयउद्देसए तहा इह वि, णवरं अंतरेसु समोहणा णेयव्वा, सेसं तं चेव** *जाव* **अणुत्तरविमाणाणं ईसीपब्भाराए य पुढवीए अंतरा समोहए, समोहणित्ता जे भविए घणवाय-तणुवाए, घणवाय-तणुवाय-वलएसु वाउक्काइयत्ताए उववज्जि- त्तए, सेसं तं चेव** *जाव* **से तेणट्ठेणं** *जाव* **उववज्जेज्जा ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રત્નપ્રભા અને શર્કરાપ્રભા પૃથ્વીની મધ્યમાં સ્થિત જે વાયુકાયિક જીવ, મારણાન્તિક સમુદ્‌ઘાત કરીને સૌધર્મકલ્પમાં વાયુકાયિકપણે ઉત્પન્ન થાય છે, ઈત્યાદિ પ્રશ્ન કરવા ?

**ઉત્તર–** હે ગૌતમ ! શતક ૧૭/૧૦માં વાયુકાયિક ઉદ્દેશક અનુસાર અહીં પણ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે રત્નપ્રભા આદિ પૃથ્વીઓના અંતરાલમાં મારણાંતિક સમુદ્‌ઘાતપૂર્વક કથન કરવું જોઈએ. શેષ સર્વ પૂર્વવત્ છે. આ રીતે અનુત્તર વિમાન અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીની મધ્યમાં સ્થિત જે વાયુકાયિક જીવ મારણાંતિક સમુદ્‌ઘાત કરીને ઘનવાત અને તનુવાતમાં તથા ઘનવાતવલયો અને તનુવાતવલયોમાં વાયુકાયિકપણે ઉત્પન્ન થાય છે, ઈત્યાદિ સર્વ પૂર્વવત્ છે ***યાવત્*** હે ગૌતમ ! તેથી તે પહેલાં આહાર કરીને પછી પણ ઉત્પન્ન થાય છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે.॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પૃથ્વીકાયિક, અપ્કાયિક અને વાયુકાયિક જીવના ઉત્પત્તિ અને આહાર વિષયક કથન છે. તેનું સ્પષ્ટીકરણ શતક-૧૭/૬ અનુસાર જાણવું.

સૂત્રકારે અપ્કાયિક જીવો માટે નરક પૃથ્વીના અંતરાલ આદિમાં ઘનોદધિ અને ઘનોદધિવલયોમાં તેમજ વાયુકાયિક જીવો માટે ઘનવાત, તનુવાત, ઘનવાતવલય અને તનુવાતવલયોમાં તે જીવો ઉત્પન્ન થાય છે; તે પ્રમાણે કથન કર્યું છે.

**ઘનોદધિ–** પ્રત્યેક નરક પૃથ્વીની નીચે ૨૦૦૦૦ યોજન વિસ્તારમાં ઘનોદધિ છે. તેની લંબાઈ પહોળાઈ તે તે પૃથ્વી પ્રમાણે છે.

**ઘનવાત-તનુવાત–** ૨૦,૦૦૦ યોજનના ઘનોદધિ પછી નીચે અસંખ્યાત યોજનના વિસ્તારમાં ઘનવાત

અને તેની નીચે અસંખ્યાત યોજનના વિસ્તારમાં તનુવાત, તેની નીચે અસંખ્યાત યોજનના વિસ્તારમાં આકાશ હોય છે. ત્યાર પછી બીજી નરક પૃથ્વી છે. આ ક્રમથી સાતે ય પૃથ્વી અને સાતે ય ઘનોદધિ આદિ છે.

**ઘનોદધિવલય–** પ્રત્યેક નરક પૃથ્વી ફરતે– ચારે બાજુ ઘનોદધિવલય અને ઘનવાતવલય અને તનુવાતવલય છે. આ રીતે ઘનોદધિ અને ઘનોદધિવલયમાં, ઘનવાત-ઘનવાતવલયમાં સ્થાનની અપેક્ષાએ તફાવત છે અને બંનેનું સ્વતંત્ર અસ્તિત્વ છે. જુઓ ચાર્ટ.

## ॥ શતક ૨૦/૬ સંપૂર્ણ ॥

**નરકપૃથ્વી અને ઘનોદધિ–ઘનોદધિ વલયાદિ :– (એક પરિમાણ આકૃતિ)**




આવી જ રીતે સાતે ય નરકપૃથ્વીઓ સમજવી.

## ઘનોદધિ–ઘનોદધિ વલયાદિ :–




– સાધ્વી સુબોધિકા

# શતક–૨૦ : ઉદ્દેશક–૭

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં બંધના ત્રણ પ્રકાર અને જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ, ઉદય પ્રાપ્ત આઠ કર્મ, પાંચશરીર, ચાર સંજ્ઞા, ત્રણ દષ્ટિ, છ લેશ્યા, પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને તેના વિષયોમાં બંધની ત્રિવિધતાનું કથન કર્યું છે.

★ **બંધ–** આત્મા અને કર્મ પુદ્‍ગલોના સંબંધને બંધ કહે છે. તેમજ કોઈ પણ પુદ્‍ગલ કે પુદ્‍ગલજન્ય ભાવોના સંબંધને-જોડાણને બંધ કહે છે. આત્મભાવોના સંબંધને પણ પ્રસ્તુત પ્રસંગમાં બંધ કહ્યો છે. તેના ત્રણ પ્રકાર છે.

★ **જીવ પ્રયોગ બંધ–** જીવના પ્રયોગથી અથવા આત્મવીર્યથી થતાં બંધને અથવા સંબંધને જીવ પ્રયોગ બંધ કહે છે.

★ **અનંતર બંધ–** જે બંધ અથવા સંબંધ વર્તમાનમાં જ થયો હોય, એક-બે સમયાદિ વ્યતીત ન થયા હોય તેને અનંતર બંધ કહે છે.

★ **પરંપર બંધ–** જે બંધ અથવા સંબંધને બે, ત્રણ આદિ સમય વ્યતીત થઈ ગયા હોય અર્થાત્ જે બંધ ભૂતકાલીન બની ગયો હોય તેને પરંપર બંધ કહે છે.

★ આઠે પ્રકારના કર્મબંધમાં અને ઉદયકર્મમાં આ ત્રણે પ્રકાર હોય છે. પાંચ શરીર, ચાર સંજ્ઞા, છ લેશ્યા, આદિ કર્મરૂપ નથી, તે કર્મજન્ય ભાવો છે. તેથી તેમાં તદ્‍યોગ્ય પુદ્‍ગલોનો સંબંધ અને તજ્જનિત કર્મોના બંધમાં પૂર્વવત્ ત્રિવિધતા હોય છે. જ્ઞાન, અજ્ઞાન આત્મભાવરૂપ છે. જીવ સાથે તેનો સંબંધ હોય છે. તેથી તેમાં પણ ત્રિવિધતા ઘટી શકે છે.

❖❖❖❖❖

# શતક–૨૦ : ઉદ્દેશક–૭

## બંધ

**બંધના પ્રકાર :–**

**१ कइविहे णं भंते ! बंधे पण्णत्ते ? गोयमा ! तिविहे बंधे पण्णत्ते, तं जहा– जीवप्पओगबंधे, अणंतरबंधे, परंपरबंधे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બંધના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! બંધના ત્રણ પ્રકાર છે. યથા– જીવપ્રયોગ બંધ, અનંતર બંધ અને પરંપર બંધ.

**२ णेरइयाणं भंते ! कइविहे बंधे पण्णत्ते ? गोयमा ! एवं चेव । एवं *जाव* वेमाणियाणं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવોને કેટલા પ્રકારના બંધ હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ ત્રણ પ્રકારના બંધ હોય છે. આ જ રીતે વૈમાનિક પર્યંત જાણવું જોઈએ.

**३ णाणावरणिज्जस्स णं भंते ! कम्मस्स कइविहे बंधे पण्णत्ते ? गोयमा ! तिविहे बंधे पण्णत्ते, तं जहा– जीवप्पओगबंधे, अणंतरबंधे, परंपरबंधे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મનો બંધ કેટલા પ્રકારનો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ! ત્રણ પ્રકારનો હોય છે, યથા– જીવ પ્રયોગ બંધ, અનંતર બંધ અને પરંપર બંધ.

**४ णेरइयाणं भंते ! णाणावरणिज्जस्स कम्मस्स कइविहे बंधे पण्णत्ते ? एवं चेव । एवं *जाव* वेमाणियाणं । एवं *जाव* अंतराइयस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને જ્ઞાનાવરણીય કર્મબંધ કેટલા પ્રકારનો હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ ત્રણ પ્રકારનો છે. આ રીતે વૈમાનિક પર્યંત જાણવું. જ્ઞાનાવરણીયની જેમ અંતરાય કર્મ સુધીના બંધ જાણવો જોઈએ.

**વિવેચન :–**

આત્મા અને કર્મ પુદ્ગલોના સંબંધને **બંધ** કહે છે. તેના ત્રણ પ્રકાર છે– **(૧) જીવ પ્રયોગ બંધ :–** જીવપ્રયોગથી અર્થાત્ મન-વચન અને કાયાના વ્યાપારથી આત્માની સાથે કર્મપુદ્ગલોનો– ક્ષીર અને નીરની જેમ સંયોગ સંબંધ થવો તે જીવ પ્રયોગ બંધ છે. જીવના પરિણામ અનુસાર તે સ્પૃષ્ટ, બદ્ધ, નિદ્ધત્ત કે નિકાચિત રૂપે બંધાય છે. **(૨) અનંતર બંધ :–** જે પુદ્ગલોના બંધને એક બે આદિ સમયોનું અંતર ન થયું હોય તેને અનંતર બંધ કહે છે **(૨) પરંપર બંધ :–** જે બંધને બે-ત્રણ આદિ સમયોનું અંતર થઈ ગયું હોય તેને પરંપર બંધ કહે છે. ૨૪ દંડકોમાં ત્રણે પ્રકારના બંધ હોય છે

**આઠ કર્મ પ્રકૃતિઓના ઉદયમાં ત્રિવિધ બંધ :–**

**૫** **णाणावरणिज्जोदयस्स णं भंते ! कम्मस्स कइविहे बंधे पण्णत्ते ?**

**गोयमा ! तिविहे बंधे पण्णत्ते एवं चेव, एवं णेरइयाणं वि** *जाव* **वेमाणियाणं, एवं** *जाव* **अंतराइयउदयस्स ।**

**શબ્દાર્થ :–णाणावरणिज्जोदयस्स कम्मस्स** = જ્ઞાનાવરણીય ઉદય આવનાર કર્મ, જ્ઞાનાવરણીયના ઉદયમાં બંધનાર કર્મ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીયરૂપમાં ઉદય આવનાર કર્મનો બંધ કેટલા પ્રકારનો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું. આ રીતે નૈરયિકોથી લઈને ***યાવત્*** વૈમાનિકો પર્યંત ***યાવત્*** ઉદયપ્રાપ્ત અંતરાય કર્મબંધ સુધી જાણવું જોઈએ.

**વેદત્રય આદિમાં ત્રિવિધ બંધ :–**

**૬** **इत्थीवेयस्स णं भंते ! कइविहे बंधे पण्णत्ते ? गोयमा ! तिविहे बंधे पण्णत्ते । एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્ત્રીવેદનો બંધ કેટલા પ્રકારનો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ ત્રણ પ્રકારનો છે.

**૭** **असुरकुमाराणं भंते ! इत्थीवेयस्स कइविहे बंधे पण्णत्ते ?**

**गोयमा ! एवं चेव । एवं** *जाव* **वेमाणियाणं, णवरं जस्स इत्थिवेओ अत्थि। एवं पुरिसवेयस्स वि, एवं णपुंसगवेयस्स वि** *जाव* **वेमाणियाणं णवरं जस्स जो अत्थि वेओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારોને સ્ત્રીવેદનો બંધ કેટલા પ્રકારનો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ ત્રણ પ્રકારનો હોય છે, આ રીતે વૈમાનિક સુધી જાણવું જોઈએ. વિશેષમાં જેને સ્ત્રીવેદ છે તેને માટે જ સમજવું જોઈએ. સ્ત્રીવેદની જેમ પુરુષવેદ અને નપુંસકવેદના વિષયમાં વૈમાનિક પર્યંત જ્યાં જે વેદ હોય તે પ્રમાણે જાણવું.

**૮** **दंसणमोहणिज्जस्स णं भंते ! कम्मस्स कइविहे बंधे पण्णत्ते ?**

**एवं चेव, णिरंतरं** *जाव* **वेमाणियाणं । एवं चरित्तमोहणिज्जस्स वि** *जाव* **वेमाणियाणं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દર્શન મોહનીય કર્મનો બંધ કેટલા પ્રકારનો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૂર્વવત્ ત્રણ પ્રકારનો છે. આ રીતે ***યાવત્*** વૈમાનિક પર્યંત જાણવું તથા આ જ રીતે ચારિત્ર મોહનીયના વિષયમાં પણ ***યાવત્*** વૈમાનિક પર્યંત જાણવું જોઈએ.

**૯** **एवं एएणं कमेणं ओरालियसरीरस्स** *जाव* **कम्मगसरीरस्स, आहारसण्णाए** *जाव* **परिग्गहसण्णाए, कण्हलेसाए** *जाव* **सुक्कलेसाए, सम्मदिट्ठीए मिच्छादिट्ठीए सम्मामिच्छादिट्ठीए, आभिणिबोहियणाणस्स** *जाव* **केवलणाणस्स, मइअण्णाणस्स, सुयअण्णाणस्स, विभंगणाणस्स,**

**एवं आभिणिबोहियणाणविसयस्स भंते ! कइविहे बंधे पण्णत्ते ?**

**गोयमा ! एएसिं सव्वेसिं पयाणं तिविहे बंधे पण्णत्ते । *जाव* केवलणाणविसयस्स मइअण्णाणविसयस्स सुयअण्णाणविसयस्स विभंगणाणविसयस्स सव्वे एए चउव्वीसं दंडगा भाणियव्वा, णवरं जस्स जं अत्थि तं भाणियव्वा । *जाव* वेमाणियाणं भंते ! विभंगणाणविसयस्स कइविहे बंधे पण्णत्ते ? गोयमा ! तिविहे बंधे पण्णत्ते, तं जहा– जीवप्पओगबंधे अणंतरबंधे परंपरबंधे ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** આ ક્રમથી ઔદારિક શરીર ***યાવત્*** કાર્મણ શરીર, આહાર સંજ્ઞા ***યાવત્*** પરિગ્રહસંજ્ઞા, કૃષ્ણલેશ્યા ***યાવત્*** શુક્લલેશ્યા, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદષ્ટિ, મિશ્રદષ્ટિ; મતિજ્ઞાન ***યાવત્*** કેવળજ્ઞાન, મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાન, આ સર્વનો બંધ કેટલા પ્રકારનો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ સર્વનો બંધ ત્રણ પ્રકારનો છે. ***યાવત્*** પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનના વિષયમાં કથન કરવું. આ સર્વના વિષયમાં ૨૪ દંડકથી જાણવું જોઈએ. વિશેષતા એ છે કે જેને જે હોય તે પ્રમાણે જાણવું જોઈએ ***યાવત્*** પ્રશ્ન– હે ભગવન્ ! વૈમાનિકને વિભંગજ્ઞાનનો બંધ કેટલા પ્રકારનો છે ? ઉત્તર– હે ગૌતમ ! ત્રણ પ્રકારનો છે. યથા– જીવ પ્રયોગ બંધ, અનંતર બંધ અને પરંપર બંધ. ॥ હે ભગવન્! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે.॥

**વિવેચન :–**

સૂત્રકારે આઠે ય કર્મોની ત્રિવિધતાનું સમુચ્ચય કથન પૂર્વસૂત્રોમાં કર્યા પછી પ્રસ્તુત સૂત્રોમાં સ્ત્રીવેદાદિ, દર્શનમોહ, ચારિત્રમોહ આદિ કર્મોનું અને પાંચ શરીર, સંજ્ઞા, લેશ્યા, દષ્ટિ, જ્ઞાન આદિ આત્મભાવોની ત્રિવિધતાનું નિરૂપણ કર્યું છે.

**સ્ત્રીવેદાદિ–** ૨૪ દંડકના જીવોમાં જે વેદ હોય તે પ્રમાણે કથન કરવું. દર્શન અને ચારિત્ર મોહનીય કર્મના પણ ત્રણ ભેદ થાય છે.

**પાંચ શરીરાદિ–** શરીરાદિ કર્મ નથી પરંતુ કર્મના ઉદયજન્ય ભાવો છે. તે શરીર, સંજ્ઞા, લેશ્યાદિ ભાવોમાં વર્તતા જીવને પણ તે તે કર્મબંધ ત્રણ પ્રકારે થાય છે.

ત્રણ દષ્ટિ, પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને તેનો વિષય વગેરે આત્મભાવો છે તેથી તે અપૌદ્ગલિક છે. તે ભાવો કર્મના ઉદયજન્ય નથી પરંતુ કર્મના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમજન્ય છે. આ સર્વભાવોમાં જીવનું વીર્ય પ્રયુક્ત થાય છે. તેનાથી યુક્ત જીવને પ્રયોગબંધ, અનંતરબંધ અને પરંપરબંધ રૂપ આ ત્રણ ભેદ થાય છે.

આ રીતે કર્મપ્રકૃતિ-૮, કર્મોદય-૮, વેદ-૩, દર્શન મોહનીય-૧, ચારિત્ર મોહનીય-૧, શરીર-૫, સંજ્ઞા-૪, લેશ્યા-૬, દષ્ટિ-૩, જ્ઞાન-૫, અજ્ઞાન-૩, જ્ઞાનાજ્ઞાનના વિષય-૮ કુલ-૫૫ બોલ છે. ૨૪ દંડકમાં જ્યાં જેટલા બોલ પ્રાપ્ત થતા હોય, ત્યાં તેમાં ત્રિવિધ બંધ હોય છે.

**॥ શતક–૨૦/૭ સંપૂર્ણ ॥**

# શતક–૨૦ : ઉદ્દેશક–૮

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં મનુષ્યક્ષેત્ર કર્મભૂમિ, અકર્મભૂમિ, ધર્મ, ધર્મકાલ, તીર્થંકર, તીર્થંકર પરંપરા વગેરે વિષયોનું પ્રતિપાદન છે.

★ અઢીદ્વીપમાં કર્મભૂમિના ૧૫ ક્ષેત્ર છે. યથા– પાંચ ભરતક્ષેત્ર, પાંચ ઐરવતક્ષેત્ર અને પાંચ મહાવિદેહ ક્ષેત્ર. તેમાં જંબૂદ્વીપમાં એક ભરત, એક ઐરવત અને એક મહાવિદેહ એમ ત્રણ ક્ષેત્ર છે. ઘાતકીખંડમાં અને અર્ધપુષ્કર દ્વીપમાં બમણા અર્થાત્ છ-છ ક્ષેત્ર છે. તેથી ૩+૬+૬=૧૫ ક્ષેત્ર થાય.

★ અઢીદ્વીપમાં અકર્મભૂમિના ૩૦ ક્ષેત્ર છે યથા– પાંચ હેમવય, પાંચ હેરણ્યવય, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યક્વર્ષ, પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુ ક્ષેત્ર. તેમાંથી જંબૂદ્વીપમાં એક-એક ક્ષેત્ર, ધાતકીખંડ અને અર્ધપુષ્કર દ્વીપમાં બે-બે ક્ષેત્ર હોય છે. તેથી ૬+૧૨+૧૨=૩૦ ક્ષેત્ર થાય છે.

★ પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રમાં ઉત્સર્પિણી અવસર્પિણી આદિ કાલનું પરિવર્તન સતત થયા જ કરે છે. મહાવિદેહક્ષેત્રમાં સદા ય ચોથા આરાની સમાન અવસ્થિત કાલ પ્રવર્તે છે.

★ ભરત અને ઐરવતક્ષેત્રમાં પ્રથમ અને અંતિમ તીર્થંકરો પંચમહાવ્રત અને સપ્રતિક્રમણરૂપ ધર્મનો ઉપદેશ આપે છે અને મધ્યના બાવીસ અને મહાવિદેહક્ષેત્રના તીર્થંકરો ચાતુર્યામરૂપ ધર્મનો ઉપદેશ આપે છે.

★ ભરત ક્ષેત્રમાં અવસર્પિણીકાલમાં ઋષભ દેવ સ્વામી આદિ ૨૪ તીર્થંકરો થયા. તેના ત્રેવીસ આંતરા થાય છે. તેમાં નવમાંથી સોળમા તીર્થંકરોના અંતરકાલમાં શાસનવિચ્છેદ અથવા કાલિકશ્રુતનો વિચ્છેદ થયો છે. શેષ તીર્થંકરોના અંતરકાલમાં શાસન અને શ્રુતપરંપરા અખંડ રહી છે.

★ તીર્થંકરોના મોક્ષ પછી બે પાટ સુધી દષ્ટિવાદ સૂત્ર અખંડિતરૂપે રહે છે. ત્યાર પછી તેનો વિચ્છેદ થાય છે. પરંતુ પૂર્વગત સૂત્ર કેટલોક કાળ વિશેષ રહે છે. પ્રભુ મહાવીરના મોક્ષ પછી ૧૦૦૦ વર્ષ પર્યંત અને શેષ તીર્થંકરોના મોક્ષ પછી સંખ્યાત કે અસંખ્યાત કાલ પર્યંત પૂર્વગત શ્રુત રહ્યું હતું.

★ ભરતક્ષેત્રમાં પ્રભુ મહાવીરની શાસન પરંપરા ૨૧,૦૦૦ વર્ષ પર્યંત રહેશે. ઉત્સર્પિણીકાલમાં પ્રથમ મહાપદ્મ તીર્થંકરની શાસન પરંપરા પણ ૨૧,૦૦૦ વર્ષ રહેશે અને ચોવીસમા તીર્થંકરની શાસન પરંપરા આદિનાથ પ્રભુની કેવલી પર્યાયની સમાન અર્થાત્ એક હજાર વર્ષ ન્યૂન એક લાખ પૂર્વ વર્ષ રહેશે. ત્યાર પછી યુગલિક કાળનો પ્રારંભ થશે.

★ તીર્થના સ્થાપક **તીર્થંકર** છે. તે તીર્થ સ્વરૂપ નથી. શ્રમણ, શ્રમણી, શ્રમણોપાસક અને શ્રમણોપાસિકા રૂપ **તીર્થ**ના ચાર પ્રકાર છે. આપ્તપુરુષ દ્વારા કથિત વચન **પ્રવચન** છે. તીર્થંકરો પ્રવચનકર્તા અર્થાત્ **પ્રવચની** છે. આચારાંગ, સૂયગડાંગ આદિ દ્વાદશાંગી પ્રવચન રૂપ છે.

★ કોઈ પણ કુળની વ્યક્તિ નિર્ગ્રંથ ધર્મમાં– પ્રભુના શાસનમાં પ્રવેશ કરીને સંયમ-તપની સાધના કરીને આઠ કર્મોનો ક્ષય કરે ત્યારે જ તેની મુક્તિ થાય છે. જો તેના અલ્પકર્મ શેષ રહી જાય તો દેવગતિમાં જાય છે. આ રીતે આ ઉદ્દેશકમાં સૂત્રકારે નિર્ગ્રંથ ધર્મની વિશાળતા અને મહત્તા પ્રગટ કરી છે.

❖❖❖❖❖

# શતક–૨૦ : ઉદ્દેશક–૮

## ભૂમિ

**કર્મભૂમિ-અકર્મભૂમિના પ્રકાર :–**

**૧ कइ णं भंते ! कम्मभूमीओ पण्णत्ताओ ? गोयमा ! पण्णरस कम्मभूमीओ पण्णत्ताओ, तं जहा– पंच भरहाइं, पंच एरवयाइं, पंच महाविदेहाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કર્મભૂમિઓ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કર્મભૂમિઓ પંદર છે, યથા– પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ ક્ષેત્ર.

**૨ कइ णं भंते ! अकम्मभूमीओ पण्णत्ताओ ?**

**गोयमा ! तीसं अकम्मभूमीओ पण्णत्ताओ, तं जहा– पंच हेमवयाइं, पंच हेरण्णवयाइं, पंच हरिवासाइं, पंच रम्मगवासाइं, पंच देवकुराइं, पंच उत्तरकुराइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અકર્મભૂમિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અકર્મભૂમિઓ ત્રીસ છે. યથા– પાંચ હેમવય, પાંચ હેરણ્યવય, પાંચ હરિવાસ, પાંચ રમ્યક્વાસ, પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુ.

**વિવેચન :–**

**કર્મભૂમિ :–** જ્યાં અસિ(શસ્ત્ર વિદ્યા), મસિ(લેખન વિદ્યા), કૃષિ(ખેતી) અથવા આજીવિકાના અન્ય સાધન રૂપ કર્મ-વ્યવસાય હોય તેને કર્મભૂમિ કહે છે.

**અકર્મભૂમિ :–** જ્યાં અસિ, મસિ, અને કૃષિ અથવા આજીવિકાના અન્ય સાધનરૂપ કર્મ વ્યવસાય ન હોય, પરંતુ પ્રાકૃતિક પૃથ્વી, જલ અને દશ પ્રકારના વૃક્ષોથી જ જીવન-વ્યવહાર થતો હોય તેને અકર્મભૂમિ કહે છે. તેના પ્રકાર ભાવાર્થથી સ્પષ્ટ છે.

**કર્મભૂમિ-અકર્મભૂમિમાં કાલપરિવર્તન :–**

**૩ एयासु णं भंते ! तीसासु अकम्मभूमीसु अत्थि उस्सप्पिणीइ वा ओसप्पिणीइ वा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરોક્ત ત્રીસ અકર્મભૂમિઓમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી રૂપકાળ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૪ एएसु णं भंते ! पंचसु भरहेसु पंचसु एरवएसु अत्थि उस्सप्पिणीइ वा ओसप्पिणीइ वा ? गोयमा ! हंता अत्थि ।**

**एएसु णं भंते ! पंचसु महाविदेहेसु, पुच्छा ? गोयमा ! णेवत्थि उस्सप्पिणी,**

**णेवत्थि ओसप्पिणी, अवट्ठिए णं तत्थ काले पण्णत्ते समणाउसो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રોમાં ઉત્સર્પિણી અને અવસર્પિણીકાલ છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! પાંચ મહાવિદેહક્ષેત્રમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્સર્પિણી કે અવસર્પિણી કાલ નથી. હે આયુષ્યમાન્ શ્રમણ ! ત્યાં એક અવસ્થિતકાલ હોય છે.

**વિવેચન :–**

**ઉત્સર્પિણી કાલ** :– જે કાલમાં જીવોના સંઘયણ-સંસ્થાન આદિ ઉત્તરોત્તર અધિકાધિક શુભ થતા જાય, આયુષ્ય અને અવગાહના ઉત્તરોત્તર વધતી જાય તથા ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમની ક્રમશઃ વૃદ્ધિ થતી જાય; પુદ્ગલોના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પણ ક્રમશઃ શુભ-શુભતર થતા જાય, તેમાં વૃદ્ધિ થતાં ક્રમશઃ ઉચ્ચતમ અવસ્થા આવી જાય છે, તેને ઉત્સર્પિણી કાલ કહે છે. તેનું કાલમાન દશક્રોડાક્રોડી સાગરોપમનું છે.

**અવસર્પિણીકાલ** :– જે કાલમાં જીવોના સંઘયણ, સંસ્થાન, આયુષ્ય, અવગાહના ક્રમશઃ હીન થતા જાય; જીવ માત્રના ઉત્થાન, કર્મ,બલ આદિ પણ ક્રમશઃ હીન થતા જાય; પુદ્ગલોના વર્ણાદિ પણ હીન-હીનતર થતા જાય, શુભભાવ ઘટતા જાય, અશુભ ભાવ વધતા જાય છે તેને અવસર્પિણીકાલ કહે છે. તેનું કાલમાન દશક્રોડાક્રોડી સાગરોપમનું છે.

પાંચ ભરત અને પાંચ ઐરવત આ દશ કર્મભૂમિ ક્ષેત્રમાં જ આ બંને કાલ હોય છે અર્થાત્ ત્યાં જ કાલનું પરિવર્તન થાય છે. તે સિવાય મહાવિદેહ ક્ષેત્રમાં અને ૩૦ અકર્મભૂમિક્ષેત્રમાં કે અઢીદ્વીપ બહાર અને દેવલોક આદિ કોઈપણ ક્ષેત્રમાં ઉત્સર્પિણી કે અવસર્પિણી કાલ રૂપ પરિવર્તન નથી.

**મહાવિદેહ ક્ષેત્રમાં ધર્મ :–**

**૫ एएसु णं भंते ! पंचसु महाविदेहेसु अरहंता भगवंतो पंचमहव्वइयं सपडिक्कमणं धम्मं पण्णवयंति ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । एएसु णं पंचसु भरहेसु, पंचसु एरवएसु, पुरिम-पच्छिमगा दुवे अरहंता भगवंतो पंचमहव्वइयं सपडिक्कमणं धम्मं पण्णवयंति, अवसेसा णं अरहंता भगवंतो चाउज्जामं धम्मं पण्णवयंति । एएसु णं पंचसु महाविदेहेसु अरहंता भगवंतो चाउज्जामं धम्मं पण्णवयंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પાંચ મહાવિદેહમાં અરિહંત ભગવંતો પ્રતિક્રમણ સહિત પંચમહાવ્રત રૂપ ધર્મનો ઉપદેશ આપે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. પરંતુ પાંચ ભરત અને પાંચ ઐરવતક્ષેત્રમાં પ્રથમ અને અંતિમ બે અરિહંત ભગવાન, પ્રતિક્રમણ સહિત પાંચ મહાવ્રત રૂપ ધર્મનો ઉપદેશ આપે છે. શેષ અરિહંત ભગવાન ચાર યામરૂપ ધર્મનો ઉપદેશ આપે છે. પાંચ મહાવિદેહક્ષેત્રમાં પણ અરિહંત ભગવાન ચાર યામરૂપ ધર્મનો ઉપદેશ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કર્મભૂમિના ક્ષેત્રમાં ધર્મની પ્રરૂપણા કરી છે. તીર્થંકરો તત્કાલીન મનુષ્યોની વૃત્તિ અને પાત્રતા અનુસાર ધર્મની પ્રરૂપણા કરે છે.

તીર્થંકરોની ધર્મપ્રરૂપણા ચાતુર્યામરૂપ અથવા પ્રતિક્રમણ સહિત પંચમહાવ્રતરૂપ હોય છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં બે પ્રકારની ધર્મપ્રરૂપણાનું કારણ સ્પષ્ટ કર્યું છે.

**चाउज्जामं धम्मं :–** ચાતુર્યામ ધર્મ. યામ એટલે વ્રત નિયમ. ઋજુ અને પ્રાજ્ઞ મનુષ્યોને માટે ચાતુર્યામ ધર્મની પ્રરૂપણા હોય છે. યથા– (૧) સર્વથા પ્રાણાતિપાત વેરમણ (૨) સર્વથા મૃષાવાદ વેરમણ (૩) સર્વથા અદત્તાદાન વેરમણ (૪) સર્વથા પરિગ્રહ વેરમણ. પરિગ્રહમાં સ્ત્રી, ધન વગેરે સર્વનો સમાવેશ થઈ જાય છે. મહાવિદેહક્ષેત્રમાં અને ભરત ઐરવત ક્ષેત્રમાં મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનકાલમાં મનુષ્યો ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી તીર્થંકરો ચાતુર્યામ ધર્મની પ્રરૂપણા કરે છે.

**पंचमहव्वइयं सपडिक्कमणं :–** ઋજુ અને જડ તથા વક્ર અને જડ પ્રકૃતિના મનુષ્યોને માટે તીર્થંકરો પંચ મહાવ્રત અને સપ્રતિક્રમણ રૂપ ધર્મનો ઉપદેશ આપે છે. પાંચ મહાવ્રત આ પ્રમાણે છે. (૧) સર્વથા પ્રાણાતિપાત વેરમણ (૨) સર્વથા મૃષાવાદ વેરમણ (૩) સર્વથા અદત્તાદાન વેરમણ (૪) સર્વથા મૈથુન વેરમણ (૫) સર્વથા પરિગ્રહ વેરમણ.

દરરોજ સવારે અને સાંજે નિયમ પૂર્વક પ્રતિક્રમણ કરવું તે સપ્રતિક્રમણ ધર્મ છે.

ભરત, ઐરવત ક્ષેત્રમાં પ્રથમ અને અંતિમ તીર્થંકરોના સમયે મનુષ્યો ક્રમશઃ ઋજુ-જડ તથા વક્ર જડ હોવાથી પાંચ મહાવ્રત અને ઉભયકાલ પ્રતિક્રમણ કરવા રૂપ ધર્મની પ્રરૂપણા હોય છે. આ રીતે ધર્મની પ્રરૂપણામાં ક્ષેત્ર અને કાલ આશ્રી અંતર છે. તે અંતર વ્યવહાર માત્રનું છે. તાત્ત્વિક રૂપે ભેદ હોતો નથી.

**ભરતક્ષેત્રમાં ૨૪ તીર્થંકર :–**

**૬ जंबुद्दीवे णं भंते ! दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए कइ तित्थगरा पण्णत्ता ?**

**गोयमा ! चउवीसं तित्थगरा पण्णत्ता, तं जहा– उसभ-अजिय-संभव-अभिणंदण-सुमइ-सुप्पभ-सुपास-ससि-पुप्फदंत-सीयल-सेज्जंस-वासुपुज्ज-विमल-अणंत-धम्म-संति-कुंथु-अर-मल्लि-मुणिसुव्वय-णमि-णेमि-पास-वद्धमाणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાલમાં કેટલા તીર્થંકરો થયા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચોવીસ થયા છે. યથા– (૧) ઋષભ (૨) અજીત (૩) સંભવ (૪) અભિનંદન (૫) સુમતિ (૬) સુપ્રભ(પદ્મપ્રભ) (૭) સુપાર્શ્વ (૮) શશિ(ચંદ્રપ્રભ) (૯) પુષ્પદંત(સુવિધિ) (૧૦) શીતલ (૧૧) શ્રેયાંસ (૧૨) વાસુપૂજ્ય (૧૩) વિમલ (૧૪) અનંત (૧૫) ધર્મ (૧૬) શાંતિ (૧૭) કુંથુ (૧૮) અર (૧૯) મલ્લિ (૨૦) મુનિસુવ્રત (૨૧) નમિ (૨૨) નેમિ (૨૩) પાર્શ્વ (૨૪) વર્ધમાન.

**૭ एएसि णं भंते ! चउवीसाए तित्थगराणं कइ जिणंतरा पण्णत्ता ? गोयमा ! तेवीसं जिणंतरा पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ ચોવીસ તીર્થંકરોના કેટલા આંતરા(વ્યવધાન) છે ? **ઉત્તર–** હે ગૌતમ! ત્રેવીસ આંતરા હોય છે.

**વિવેચન :–**

૧૦ ક્રોડાક્રોડી સાગરોપમનો ઉત્સર્પિણી કે અવસર્પિણી કાલ હોય છે. તેમાં એક ક્રોડાક્રોડી સાગરોપમ ધર્મકાલ છે. તે એક ક્રોડાક્રોડી સાગરોપમમાં ૨૪ તીર્થંકરો થાય, તેવો સહજ સ્વભાવ છે.

અવસર્પિણીકાલમાં ભરતક્ષેત્રના ત્રીજા આરામાં એક તીર્થંકર અને ચોથા આરામાં ત્રેવીસ તીર્થંકર થાય છે. આ રીતે ઉત્સર્પિણીકાલમાં પણ ૨૪ તીર્થંકર થાય છે. શાશ્વતકાલ પર્યંત આ જ નિયમ છે.

બે તીર્થંકરોની વચ્ચેના કાલને આંતરા કહે છે. ૨૪ તીર્થંકરોના ૨૩ આંતરા થાય છે.

**જિનાન્તરોમાં શ્રુત વિચ્છેદ :–**

**૮ एएसि णं भंते ! तेवीसाए जिणंतरेसु कस्स कहिं कालियसुयस्स वोच्छेए पण्णत्ते ?**

**गोयमा ! एएसु णं तेवीसाए जिणंतरेसु पुरिमपच्छिमएसु अट्ठसु अट्ठसु जिणंतरेसु एत्थ णं कालियसुयस्स अवोच्छेए पण्णत्ते, मज्झिमएसु सत्तसु जिणंतरेसु एत्थ णं कालियसुयस्स वोच्छेए पण्णत्ते, सव्वत्थ वि णं वोच्छिण्णे दिट्ठिवाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ ત્રેવીસ જિનાંતરોમાં કયા જિનાન્તરમાં કાલિક શ્રુતનો વિચ્છેદ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ ત્રેવીસ જિનાન્તરોમાં પહેલા આઠ અને પાછલા આઠ જિનાન્તરોમાં (તીર્થંકરોના શાસનકાલમાં) કાલિક શ્રુતનો અવિચ્છેદ હોય છે અને મધ્યના સાત જિનાન્તરોમાં કાલિક શ્રુતનો વિચ્છેદ થયો છે, દૃષ્ટિવાદનો વિચ્છેદ તો સર્વ જિનાન્તરોમાં થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આ અવસર્પિણીકાલના ૨૪ તીર્થંકરના શાસન કાલમાં શ્રુત વિચ્છેદ કાલને સ્પષ્ટ કર્યો છે.

**તીર્થ વિચ્છેદ–** તીર્થંકરોના નિર્વાણ પછી તીર્થંકરોએ સ્થાપેલા ચતુર્વિધ સંઘની પરંપરા અખંડ ન રહેવી, ચારે તીર્થનો કે તેના આધારભૂત શ્રુતજ્ઞાનનો નાશ થવો તેને શાસન વિચ્છેદ અથવા તીર્થ વિચ્છેદ થયો કહેવાય છે. પ્રથમ આઠ અને અંતિમ આઠ તીર્થંકરોની શાસન પરંપરા અખંડ રહી હતી. પરંતુ મધ્યના આઠ તીર્થંકરોના સાત અંતરકાલમાં અર્થાત્ નવમા તીર્થંકરથી પંદરમા તીર્થંકર સુધીનું શાસન વિચ્છેદ ગયું હતું.

**कालियस्सुयस्स वोच्छेए :–** મૂળપાઠમાં કાલિક શ્રુતનો વિચ્છેદ થયો, તે પ્રમાણે શબ્દ પ્રયોગ છે. તેમ છતાં તીર્થ વિચ્છેદ સમયે સાધુ-સાધ્વી અને સંપૂર્ણ શ્રુતજ્ઞાનનો વિચ્છેદ થાય છે. તેમ વિચ્છેદનો અર્થ સમજવો જોઈએ.

**શ્રુત વિચ્છેદ કાલ :–** ૯ થી ૧૬ તીર્થંકરો અર્થાત્ શ્રી સુવિધિનાથથી શાંતિનાથ ભગવાન સુધીના સાત અંતરોમાં શ્રુતનો વિચ્છેદ થયો છે અને દૃષ્ટિવાદનો વિચ્છેદ તો સર્વ જિનાન્તરોમાં થયો છે અને થાય છે. વિચ્છેદ કાલના પ્રમાણ માટે સૂત્રમાં કોઈ સૂચન નથી પરંતુ ગ્રંથોમાં તેનો કાલ આ પ્રમાણે ઉપલબ્ધ છે–

चउभागो चउभागो तिण्णि य चउभाग पलियमेगं च ।
तिण्णेव य चउभागा, चउत्थभागो य चउभागो ॥

**અર્થ :–** શ્રી સુવિધિનાથ અને શ્રી શીતલનાથની વચ્ચે પા પલ્યોપમ સુધી, શ્રી શીતલનાથ અને શ્રેયાંસનાથની વચ્ચે પા પલ્યોપમ સુધી, શ્રી શ્રેયાંસનાથ અને શ્રી વાસુપૂજ્ય વચ્ચે પોણા પલ્યોપમ સુધી, શ્રી વાસુપૂજ્ય અને શ્રી વિમલનાથની વચ્ચે એક પલ્યોપમ સુધી, શ્રી વિમલનાથ અને શ્રી અનંતનાથની વચ્ચે પોણા પલ્યોપમ સુધી, શ્રી અનંતનાથ અને શ્રી ધર્મનાથની વચ્ચે પા પલ્યોપમ સુધી, શ્રી ધર્મનાથ અને શ્રી શાંતિનાથની વચ્ચે પા પલ્યોપમ સુધી કાલિક શ્રુતનો વિચ્છેદ થયો હતો.

**દષ્ટિવાદનો વિચ્છેદ :–** પરિપૂર્ણ દ્વાદશાંગીનું જ્ઞાન તીર્થંકરના શિષ્ય અને તેના શિષ્યરૂપ બે પાટ સુધી અખંડિત ચાલે છે. ત્યાર પછી બારમું દષ્ટિવાદ અંગ અખંડ રહેતું નથી તેનો કંઈક અંશ વિચ્છેદ પામે છે.

**કાલિક શ્રુત :–** જે આગમનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ અને ચતુર્થ પ્રહરમાં થાય તે કાલિક શ્રુત છે.

**ઉત્કાલિક શ્રુત :–** જે આગમનો સ્વાધ્યાય અસ્વાધ્યાયકાલને છોડીને ગમે ત્યારે કરી શકાય તે ઉત્કાલિક શ્રુત છે.

**ભરત ક્ષેત્રમાં પૂર્વગત શ્રુત :–**

**९** **जंबुद्दीवे णं भंते ! दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए देवाणुप्पियाणं केवइयं कालं पुव्वगए अणुसज्जिस्सइ ?**

**गोयमा ! जंबुद्दीवे णं दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए ममं एगं वाससहस्सं पुव्वगए अणुसज्जिस्सइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાલમાં આપ દેવાનુપ્રિયનું પૂર્વગત શ્રુત કેટલા કાલ સુધી રહેશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાલમાં મારું પૂર્વગત શ્રુત એક હજાર વર્ષ સુધી રહેશે.

**१०** **जहा णं भंते ! जंबुद्दीवे दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए देवाणुप्पियाणं एगं वाससहस्सं पुव्वगए अणुसज्जिस्सइ, तहा णं भंते ! जंबुद्दीवे दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए अवसेसाणं तित्थगराणं केवइयं कालं पुव्वगए अणुसज्जित्था ?**

**गोयमा ! अत्थेगइयाणं संखेज्जं कालं, अत्थेगइयाणं असंखेज्जं कालं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાલમાં આપ દેવાનુપ્રિયનું પૂર્વગત શ્રુત એક હજાર વર્ષ સુધી રહેશે, તે જ રીતે પહેલાં થયેલા ૨૩ તીર્થંકરોનું પૂર્વગત શ્રુત કેટલો કાલ સુધી રહ્યું હતું ?

**ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક તીર્થંકરોનું પૂર્વગત શ્રુત સંખ્યાત કાલ સુધી રહ્યું હતું અને કેટલાક તીર્થંકરોનું પૂર્વગત શ્રુત અસંખ્યાત કાલ સુધી રહ્યું છે.

**વિવેચન :–**

**પૂર્વશ્રુત :–** બારમા દૃષ્ટિવાદ અંગ સૂત્રના પાંચ વિભાગ છે. પરિકર્મ, સૂત્રો, પૂર્વગત, અનુયોગ અને ચૂલિકા. આ પાંચ વિભાગમાંથી એક પૂર્વગત વિભાગ પૂર્વશ્રુત છે. તેમાં ચૌદ પૂર્વ હોય છે. સંપૂર્ણ દૃષ્ટિવાદ અંગ સૂત્ર બે પાટ સુધી ચાલે છે અને તેનો આ પૂર્વશ્રુત નામનો વિભાગ સૂત્રોક્ત કાલ સુધી ચાલે છે.

**संखेज्जं कालं असंखेज्जं कालं :–** જે તીર્થંકરનો શાસન કાલ સંખ્યાત કાલનો હોય તેમાં સંખ્યાત કાલ અને જે તીર્થંકરનો શાસન કાલ અસંખ્યાત કાલનો હોય તેમાં અસંખ્યાત કાલ સુધી પૂર્વશ્રુત રહે છે. યથા– તીર્થંકર પાર્શ્વનાથ આદિનું પૂર્વશ્રુત સંખ્યાત કાલ સુધી અને ઋષભદેવ આદિ કેટલાક તીર્થંકરોનું પૂર્વશ્રુત અસંખ્યાતકાલ સુધી અને ભગવાન મહાવીરના શાસનમાં એક હજાર વર્ષ સુધી રહ્યું હતું.

**ભરત ક્ષેત્રમાં જિનધર્મ :–**

**૧૧ जंबुद्दीवे णं भंते ! दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए देवाणुप्पियाणं केवइयं कालं तित्थे अणुसज्जिस्सइ ?**

**गोयमा ! जंबुद्दीवे दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए ममं एगवीसं वाससहस्साइं तित्थे अणुसज्जिस्सइ ।**

**શબ્દાર્થ :– अणुसज्जिस्सइ** = રહેશે, ચાલશે **तित्थे** = તીર્થ, શાસન

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ જંબૂદ્વીપ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાલમાં આપ દેવાનુપ્રિયનું શાસન કેટલો કાલ રહેશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણી કાલમાં મારું શાસન ૨૧,૦૦૦ વર્ષ સુધી રહેશે.

**૧૨ जहा णं भंते ! जंबुद्दीवे दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए देवाणुप्पियाणं एक्कवीसं वाससहस्साइं तित्थं अणुसज्जिस्सइ तहा णं भंते ! जंबुद्दीवे दीवे भारहे वासे आगमेस्साणं चरिमतित्थगरस्स केवइयं कालं तित्थे अणुसज्जिस्सइ ?**

**गोयमा ! जावइए णं उसभस्स अरहओ कोसलियस्स जिणपरियाए एवइयाइं संखेज्जाइं वासाइं आगमेस्साणं चरिमतित्थगरस्स तित्थे अणुसज्जिस्सइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીકાલમાં આપ દેવાનુપ્રિયનું શાસન ૨૧,૦૦૦ વર્ષ રહેશે, હે ભગવન્ ! તે રીતે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ભાવી તીર્થંકરોમાંથી અંતિમ તીર્થંકરનું શાસન કેટલો કાલ સુધી રહેશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કોશલદેશોત્પન્ન ઋષભદેવ અરિહંતની જેટલી કેવળીપર્યાય છે, તેટલા સંખ્યાત વર્ષો સુધી(એક હજાર વર્ષ ન્યૂન એક લાખ પૂર્વ વર્ષ સુધી) આગામી અવસર્પિણીના અંતિમ તીર્થંકરનું શાસન રહેશે.

**વિવેચન :–**

અવસર્પિણીકાલ પછી ઉત્સર્પિણીકાલનો પ્રારંભ થશે. તેમાં અવસર્પિણીકાલના ભાવોની સમાન

ભાવો ચડતા ક્રમે આગળ વધશે.

ઉત્સર્પિણીકાલનો ૨૧,૦૦૦ વર્ષનો પહેલો આરો અને ૨૧,૦૦૦ વર્ષનો બીજો આરો વ્યતીત થશે તથા ત્રીજા આરાના ત્રણ વર્ષ સાડા આઠ માસ વ્યતીત થયા પછી પ્રથમ તીર્થંકર થશે. તેનો શાસનકાલ અવસર્પિણી કાલના ત્રેવીસમા તીર્થંકરના શાસનકાલની સમાન અથવા ત્રેવીસમા અને ચોવીસમા તીર્થંકરના અંતરકાલની સમાન થશે. ત્યાર પછી બીજા તીર્થંકર થશે. આ રીતે ક્રમશઃ ચોવીસ તીર્થંકરો ઉત્સર્પિણીકાલમાં થશે. ચોવીસમા તીર્થંકરનો શાસનકાલ અવસર્પિણીકાલના પ્રથમ તીર્થંકરની કેવળી પર્યાયની સમાન અર્થાત્ એક હજાર વર્ષ ન્યૂન એક લાખ પૂર્વનો થશે. ત્યાર પછી તે તીર્થંકરનો મોક્ષ થશે અને ક્રમશઃ યુગલિક કાલનો પ્રારંભ થશે. અંતિમ તીર્થંકરના નિર્વાણ પછી શાસન પરંપરા ચાલતી નથી. જે સાધુ-સાધ્વી આદિ શેષ હોય છે તે પોતાના બાકી શેષ આયુ પ્રમાણે થોડા સમય જ રહે છે. અગ્નિનો પણ યથાસમયે વિચ્છેદ થાય છે. માટે તે કાલને અહીં ગૌણ કરીને શાસનકાલમાં તેની ગણના કરી નથી.

**તીર્થ અને તીર્થંકર :–**

**૧૩ तित्थं भंते ! तित्थं, तित्थगरे तित्थं ? गोयमा ! अरहा ताव णियमं तित्थगरे, तित्थं पुण चाउवण्णाइण्णे समणसंघे, तं जहा– समणा, समणीओ, सावया, सावियाओ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! 'તીર્થ'ને તીર્થ કહે છે કે તીર્થંકરને 'તીર્થ' કહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અરિહંત તો અવશ્ય તીર્થંકર છે(તીર્થ નથી) પરંતુ જ્ઞાનાદિ ગુણોથી યુક્ત ચાર પ્રકારનો શ્રમણ સંઘ તીર્થ કહેવાય છે. યથા– સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા.

**૧૪ पवयणं भंते ! पवयणं, पावयणी पवयणं ? गोयमा ! अरहा ताव णियमं पावयणी, पवयणं पुण दुवालसंगे गणिपिडगे, तं जहा– आयारो *जाव* दिट्ठिवाओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! 'પ્રવચનકાર' જ પ્રવચન છે કે તેના દ્વારા ઉપદિષ્ટ 'પ્રવચન' છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અરિહંત અવશ્ય પ્રવચની છે.(પ્રવચન નથી.) અને દ્વાદશાંગ ગણિપટિક પ્રવચન છે. યથા– આચારાંગ ***યાવત્*** દૃષ્ટિવાદ.

**વિવેચન :–**

**તીર્થ :–तीर्थं संघरूपं** । ચતુર્વિધ સંઘને તીર્થ કહે છે, તે જ્ઞાનાદિ ગુણોથી યુક્ત હોય છે. તીર્થંકર સ્વયં તીર્થ નથી. તે તીર્થ પ્રવર્તક-સંસ્થાપક છે.

**चाउवण्णाइण्णे :–** જેમાં શ્રમણ-શ્રમણી, શ્રાવક, શ્રાવિકારૂપ ચાર વર્ણ હોય, તે ચતુર્વર્ણ. તે ક્ષમાદિ ગુણો તથા જ્ઞાનાદિ આચરણોથી આકીર્ણ-વ્યાપ્ત શ્રમણ સંઘ છે.

**પ્રવચન प्रकर्षेणोच्यतेऽभिधेयमनेन इति प्रवचन :–** પ્રકર્ષ રૂપે કહેવાતા વચનને પ્રવચન કહે છે અર્થાત્ જે મુક્તિમાર્ગના પ્રદર્શક હોય, આત્મહિતકારી હોય, અબાધિત હોય તેને પ્રવચન કહે છે. તેનું બીજું નામ 'આગમ' છે. તીર્થંકરો પ્રવચન પ્રણેતા છે, પ્રવચન નથી.

**નિર્ગ્રંથધર્મ અનુગમન :–**

**૧૫ जे इमे भंते ! उग्गा, भोगा, राइण्णा, इक्खागा, णाया, कोरव्वा एए णं अस्सिं धम्मे**

**ओगाहंति, ओगाहित्ता अट्ठविहं कम्मरयमलं पवाहेंति, पवाहित्ता तओ पच्छा सिज्झंति** *जाव* **अंतं करेंति ?**

**हंता गोयमा ! जे इमे उग्गा भोगा तं चेव** *जाव* **अंतं करेंति, अत्थेगइया अण्णयरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે ઉગ્રકુલ, ભોગકુલ, રાજન્યકુલ, ઈક્ષ્વાકુકુલ જ્ઞાતકુલ અને કૌરવ્યકુલ વગેરે કુલોમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિયો આદિ, આ ધર્મમાં પ્રવેશ કરે છે અને પ્રવેશ કરીને આઠ પ્રકારના કર્મરૂપી રજ-મેલને નષ્ટ કરે છે ત્યાર પછી શું તે સિદ્ધ થાય છે, ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! ઉગ્રકુલ આદિ કુલોમાં ઉત્પન્ન ક્ષત્રિયો આદિ છે, તે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે અને કેટલાક ક્ષત્રિયાદિ કોઈ પણ દેવલોકોમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

**૧૬ कइविहा णं भंते ! देवलोया पण्णत्ता ? गोयमा ! चउव्विहा देवलोया पण्णत्ता, तं जहा– भवणवासी, वाणमंतरा, जोइसिया, वेमाणिया । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવલોકના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! દેવલોકના ચાર પ્રકાર છે. યથા– ભવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કેવા પ્રકારના ક્ષત્રિયો સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે છે તેનું કથન કર્યું છે.

જે ક્ષત્રિયો રાજ્યલિપ્સાવશ ભયંકર હિંસા કરે છે, મહારંભી-મહાપરિગ્રહી છે તેને સ્વર્ગ કે મોક્ષ પ્રાપ્ત થતો નથી. પરંતુ જે નિર્ગ્રંથ ધર્મમાં પ્રવેશ કરે છે, જ્ઞાનાદિની ઉત્કૃષ્ટ સાધના કરીને અષ્ટકર્મ ક્ષય કરે છે, તે જ મુક્ત થાય છે. તેના અલ્પકર્મ શેષ રહી જાય તો દેવલોકમાં જાય છે.

**॥ શતક–૨૦/૮ સંપૂર્ણ ॥**

# શતક–૨૦ : ઉદ્દેશક–૯

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં વિદ્યાચારણ અને જંઘાચારણ લબ્ધિનું સ્વરૂપ અને તેની ગતિનું કથન છે.

★ **ચારણ લબ્ધિ–** આકાશગમન કરવાની શક્તિને ચારણ લબ્ધિ કહે છે. તેના બે ભેદ છે. વિદ્યાચારણ અને જંઘાચારણ.

★ **વિદ્યાચારણ–** પૂર્વગત શ્રુતસંપન્ન, તપોલબ્ધિ સંપન્ન અણગારને નિરંતર છઠ્ઠ-છઠ્ઠની તપસ્યા કરતાં વિદ્યાચારણ નામની લબ્ધિ ઉત્પન્ન થાય છે. ત્રણ ચપટી વગાડે તેટલા સમયમાં તે સંપૂર્ણ જંબૂદ્વીપની ત્રણ વાર પરિક્રમા કરી શકે તેટલી તેની શીઘ્ર ગતિ હોય છે. તે વિદ્યાના પ્રભાવથી પ્રથમ ઉડાનમાં માનુષોત્તર પર્વત પર સ્થિત થઈને બીજા ઉડાનમાં તિરછા નંદીશ્વર દ્વીપ સુધી જઈ શકે છે અને ત્યાંથી એક જ ઉડાનમાં સ્વસ્થાને પહોંચી જાય છે. ઊર્ધ્વગતિ સમયે પ્રથમ ઉડાનમાં નંદનવન પર સ્થિત થઈને બીજા ઉડાનમાં પંડગવન સુધી જઈ શકે છે અને ત્યાંથી એક જ ઉડાનમાં સ્વસ્થાને પહોંચી જાય છે.

★ **જંઘાચારણ–** પૂર્વગત શ્રુતસંપન્ન, તપોલબ્ધિ સંપન્ન અણગારને નિરંતર અઠ્ઠમ-અઠ્ઠમની તપસ્યા કરતાં જંઘાચારણની લબ્ધિ ઉત્પન્ન થાય છે. તેની ગતિ વિદ્યાચારણથી સાત ગુણી અધિક હોય છે. અર્થાત્ ત્રણ ચપટી વગાડે તેટલા સમયમાં સંપૂર્ણ જંબૂદ્વીપને ૨૧ વાર પરિક્રમા કરી શકે છે. તે એક જ ઉડાનમાં તિરછા રુચકવર દ્વીપ પર્યંત અને પંડગવન પર્યંત ઊર્ધ્વગતિ કરી શકે છે. ત્યાંથી પાછા ફરતા તેને બે ઉડાન થાય છે. રુચકવર દ્વીપથી પાછા ફરતા પ્રથમ ઉડાનમાં નંદીશ્વર દ્વીપ સુધી અને પંડગવનથી પાછા ફરતા પ્રથમ ઉડાનમાં નંદનવન સુધી જાય અને બીજા ઉડાનમાં સ્વસ્થાને પહોંચી જાય છે.

★ વિદ્યાચારણ અને જંઘાચારણ લબ્ધિપ્રયોગ પછી પોતાના પ્રમાદસ્થાનના સેવનની આલોચનાદિ કરે તો આરાધક થાય, અન્યથા વિરાધક થાય છે.

❖❖❖❖❖

# શતક–૨૦ : ઉદ્દેશક–૯

## ચારણ

**ચારણ લબ્ધિના પ્રકાર :–**

**१ कइविहा णं भंते ! चारणा पण्णत्ता ? गोयमा ! दुविहा चारणा पण्णत्ता, तं जहा– विज्जाचारणा य, जंघाचारणा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચારણ કેટલા પ્રકારના છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ચારણના બે પ્રકાર કહ્યા છે– વિદ્યાચારણ અને જંઘાચારણ.

**વિવેચન :–**

લબ્ધિના પ્રભાવથી આકાશમાં ગમન કરવાની શક્તિ સંપન્ન મુનિને ચારણ કહે છે. તેના બે પ્રકાર છે. **(૧) વિદ્યાચારણ** = શાસ્ત્રજ્ઞાન-પૂર્વ શ્રુતના આધારે શીઘ્ર ગમન કરવાની લબ્ધિ પ્રાપ્ત મુનિને વિદ્યાચારણ કહે છે. **(૨) જંઘાચારણ :–** જંઘાના બળથી ગમન કરવાની લબ્ધિ સંપન્ન મુનિને જંઘાચારણ કહે છે.

**વિદ્યાચારણ :–**

**२ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– विज्जाचारणा विज्जाचारणा ?**

**गोयमा ! तस्स णं छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं विज्जाए उत्तरगुणलद्धिं खममाणस्स विज्जाचारणलद्धी णामं लद्धी समुप्पज्जइ, से तेणट्ठेणं** *जाव* **विज्जाचारणा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિદ્યાચારણ મુનિ વિદ્યાચારણ શા માટે કહેવાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નિરંતર છટ્ઠ-છટ્ઠનો તપ કરતાં પૂર્વગત શ્રુતરૂપ વિદ્યા દ્વારા ઉત્તર ગુણ લબ્ધિને (તપોલબ્ધિને) પ્રાપ્ત મુનિને વિદ્યાચારણ નામની લબ્ધિ ઉત્પન્ન થાય છે. તેથી ***યાવત્*** તે 'વિદ્યાચારણ' કહેવાય છે.

**३ विज्जाचारणस्स णं भंते ! कहं सीहा गई, कहं सीहे गइविसए पण्णत्ते ?**

**गोयमा ! अयण्णं जंबुद्दीवे दीवे** *जाव* **किंचिविसेसाहिए परिक्खेवेणं, देवे णं महिड्ढीए** *जाव* **महासोक्खे** *जाव* **इणामेव इणामेव त्ति कट्टु केवलकप्पं जंबुद्दीवं दीवं तिहिं अच्छराणिवाएहिं तिक्खुत्तो अणुपरियट्टित्ता णं हव्वमागच्छेज्जा, विज्जाचारणस्स णं गोयमा ! तहा सीहा गई, तहा सीहे गइविसए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિદ્યાચારણની શીઘ્ર-ગતિ કેવી છે અને તેની ગતિનો વિષય કેટલો શીઘ્ર હોય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! આ જંબૂદ્વીપ ***યાવત્*** જેની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજનથી કંઈક અધિક છે, તેની ચારે તરફ કોઈ મહર્દ્ધિક ***યાવત્*** મહાસુખી દેવ ***યાવત્*** હું તેની પ્રદક્ષિણા કરીને હમણાં આવું, હમણા આવું એ જ પ્રમાણે કહીને ત્રણ ચપટી વગાડે, તેટલા સમયમાં, ત્રણ વાર ચક્કર લગાવીને શીઘ્ર આવે છે. તેવી શીઘ્ર ગતિ હે ગૌતમ ! વિદ્યાચારણની છે અને આ પ્રકારની શીઘ્ર ગતિનો તેનો વિષય છે.

**૪** **विज्जाचारणस्स णं भंते ! तिरियं केवइयं गइविसए पण्णत्ते ?**

**गोयमा ! से णं इओ एगेणं उप्पाएणं माणुसुत्तरे पव्वए समोसरणं करेइ, करेत्ता तहिं चेइयाइं वंदइ, वंदित्ता बिइएणं उप्पाएणं णंदीसरवरे दीवे समोसरणं करेइ, करेत्ता तहिं चेइयाइं वंदइ, वंदित्ता तओ पडिणियत्तइ, तओ पडिणियत्तित्ता इहमागच्छइ, इहमागच्छित्ता इह चेइयाइं वंदइ । विज्जाचारणस्स णं गोयमा ! तिरियं एवइए गइविसए पण्णत्ते ।**

**શબ્દાર્થ :– समोसरणं करेइ** = સમવસૃત થાય છે. સ્થિત થાય છે. રોકાય છે **चेइयाइं वंदइ** = પ્રભુના જ્ઞાનની સ્તુતિ કરે છે. જ્ઞાનનો મહિમા કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! વિદ્યાચારણની તિરછી ગતિનો વિષય કેટલો છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! વિદ્યાચારણ એક ઉડાનથી માનુષોત્તર પર્વત પર સમોસરે છે અર્થાત્ ત્યાં જઈને સ્થિત થાય છે. ત્યાંના દશ્યો જોઈ જ્ઞાનનો મહિમા કરે છે. પછી બીજા ઉડાનથી નંદીશ્વર દ્વીપમાં જઈને સ્થિત થાય છે. ત્યાંના દશ્યો જોઈ જ્ઞાનનો મહિમા કરે છે. પછી ત્યાંથી એક જ ઉત્પાતમાં પાછા અહીં આવી જાય છે, અહીં આવીને પ્રભુના જ્ઞાનનો મહિમા કરે છે. હે ગૌતમ ! વિદ્યાચારણની તિરછી ગતિનો વિષય આ પ્રકારનો છે.

**૫** **विज्जाचारणस्स णं भंते ! उड्ढं केवइए गइविसए पण्णत्ते ?**

**गोयमा ! से णं इओ एगेणं उप्पाएणं णंदणवणे समोसरणं करेइ, करेत्ता तहिं चेइयाइं वंदइ, वंदित्ता बिइएणं उप्पाएणं पंडगवणे समोसरणं करेइ, करेत्ता तहिं चेइयाइं वंदइ, वंदित्ता तओ पडिणियत्तइ, तओ पडिणियत्तित्ता इहमागच्छइ, इहमागच्छित्ता इहं चेइयाइं वंदइ । विज्जाचारणस्स णं गोयमा ! उड्ढं एवइए गइविसए पण्णत्ते । से णं तस्स ठाणस्स अणालोइय अपडिक्कंते कालं करेइ, णत्थि तस्स आराहणा, से णं तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेइ अत्थि तस्स आराहणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! વિદ્યાચારણની ઊર્ધ્વ ગતિનો વિષય કેટલો છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! વિદ્યાચારણ એક ઉત્પાત દ્વારા નંદનવનમાં જઈને સ્થિત થાય છે. ત્યાં જ્ઞાનનો મહિમા કરે છે. પછી બીજા ઉત્પાત દ્વારા પંડગવનમાં સ્થિત થાય છે. ત્યાં જ્ઞાનનો મહિમા કરે છે. પછી ત્યાંથી એક જ ઉત્પાતમાં પાછા અહીં આવી જાય છે. અહીં આવીને પ્રભુના જ્ઞાનનો મહિમા-ગુણાનુવાદ કરે છે. હે ગૌતમ ! વિદ્યાચારણની ઊર્ધ્વગતિનો વિષય આ પ્રકારનો છે.

હે ગૌતમ ! તે વિદ્યાચારણ લબ્ધિનો પ્રયોગ કરવા સંબંધી દોષ સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના જ કાળધર્મને પ્રાપ્ત કરે, તો આરાધક થતા નથી અને જો તે દોષસ્થાનની આલોચના અને પ્રતિક્રમણ

કરીને કાળધર્મ પ્રાપ્ત કરે, તો તે આરાધક થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વિદ્યાચારણનું સ્વરૂપ, તેની શીઘ્ર ગતિ અને તેની આરાધકતા વિરાધકતા વગેરેનું વિસ્તૃત કથન છે. તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

વિદ્યાચારણની વિદ્યા શક્તિ ગમન કરતા આગમન સમયે વિશેષ અભ્યસ્ત થઈ જાય છે. તેથી ગમન કરતા આગમન સમયે તેની ગતિ શીઘ્રતર બની જાય છે, તેથી એક જ ઉડાનમાં સ્વસ્થાને આવી જાય છે.

**સમવસરણ :–** સમવસરણ એટલે સમ્યગ્ રૂપે અવસરણ-અવસ્થાન અર્થાત્ રહેવું, સ્થિત થવું. તેથી **समवसरणं करेइ** તે વાક્યપ્રયોગથી સ્પષ્ટ થાય છે કે ત્યાં ચારણ મુનિ ઉતરે છે, સ્થિત થાય છે. સમવસરણનો અર્થ અહીં ધર્મસભા કે તીર્થંકરોને માટે દેવો દ્વારા રચિત ધર્મદેશના આપવાનું સ્થાન થતું નથી.

**चेइयाइं वंदइ :– चिति संज्ञाने** ધાતુથી નિષ્પન્ન 'ચૈત્ય' શબ્દનો અર્થ–વિશિષ્ટ જ્ઞાન છે તથા **'वंदइ'**નો અર્થ સ્તુતિ કરવી, મહિમા કરવો. **'वंदि अभिवादन–स्तुत्योः** અનુસાર અહીં પ્રસંગાનુસાર સ્તુતિ કરવી તે અર્થ ઉપયુક્ત છે. કારણ કે માનુષોત્તર પર્વત આદિ સ્થાને મુનિ શીઘ્ર ગતિથી પહોંચે છે. ત્યાંના સ્થાનોને જુએ છે. નંદીશ્વર આદિ દ્વીપનું વર્ણન આગમોમાં કર્યું છે તે જ પ્રમાણે સાક્ષાત્ અવલોકન કરે છે. ત્યારે તેને જ્ઞાનીઓના વચન પર વિશેષ શ્રદ્ધા જાગૃત થાય છે અને તે જ્ઞાનીજનોની અને તત્ત્વજ્ઞાનની (ક્ષેત્રીય તત્ત્વોની) સ્તુતિ, ગુણાનુવાદ કરે છે.

**વિદ્યાચારણની આરાધકતા-વિરાધકતા :–** લબ્ધિનો પ્રયોગ તે પ્રમાદ છે. તેથી તેના પ્રયોગ પછી જો સાધક તે પ્રમાદ સ્થાનની આલોચનાદિ ન કરે તો વિરાધક થાય છે અને આલોચનાદિ કરી લે તો આરાધક થાય છે.

**જંઘાચારણ :–**

**६ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जंघाचारणे-जंघाचारणे ?**

**गोयमा ! तस्स णं अट्ठमंअट्ठमेणं अणिक्खित्तेणं तवोकम्मेणं अप्पाणं भावेमाणस्स जंघाचारणलद्धी णाम लद्धी समुप्पज्जइ, से तेणट्ठेणं** *जाव* **जंघाचारणे, जंघाचारणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જંઘાચારણને 'જંઘાચારણ' શા માટે કહેવાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નિરંતર અટ્ઠમ-અટ્ઠમની તપસ્યાપૂર્વક આત્માને ભાવિત કરતા મુનિને જંઘાચારણ નામની લબ્ધિ ઉત્પન્ન થાય છે. તેથી તેને જંઘાચારણ કહે છે.

**७ जंघाचारणस्स णं भंते ! कहं सीहा गई, कहं सीहे गइविसए पण्णत्ते ?**

**गोयमा ! अयण्णं जंबुद्दीवे दीवे, एवं जहेव विज्जा चारणस्स, णवरं तिसत्तखुत्तो अणुपरियट्टित्ता णं हव्वमागच्छेज्जा, जंघाचारणस्स णं गोयमा ! तहा सीहा गई, तहा सीहे गइविसए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જંઘાચારણની શીઘ્રગતિ કેવી હોય છે અને તેની શીઘ્ર ગતિનો વિષય કેટલો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ જંબૂદ્વીપ ***યાવત્*** જેની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજનથી કંઈક વિશેષાધિક છે. ઈત્યાદિ વર્ણન વિદ્યાચારણવત્ જાણવું. વિશેષતા એ છે કે કોઈ મહર્દ્ધિક દેવ, ત્રણ ચપટી વગાડે તેટલા સમયમાં આ જંબૂદ્વીપની ૨૧ વાર પરિક્રમા કરી લે છે. હે ગૌતમ ! જંઘાચારણની આટલી શીઘ્ર ગતિ અને શીઘ્ર ગતિનો વિષય છે.

**૮ जंघाचारणस्स णं भंते ! तिरियं केवइए गइविसए पण्णत्ते ?**

**गोयमा ! से णं इओ एगेणं उप्पाएणं रुयगवरे दीवे समोसरणं करेइ, करेत्ता तहिं चेइयाइं वंदइ, वंदित्ता तओ पडिणियत्तमाणे बिइएणं उप्पाएणं णंदीसरवरदीवे समोसरणं करेइ, करेत्ता तहिं चेइयाइं वंदइ, वंदित्ता इहमागच्छइ, आगच्छित्ता इह चेइयाइं वंदइ । जंघाचारणस्स णं गोयमा ! तिरियं एवइए गइविसए पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જંઘાચારણની તિરછી ગતિનો વિષય કેટલો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જંઘાચારણ એક ઉડાનથી રુચકવર દ્વીપમાં સ્થિત થાય છે, ત્યાં પ્રભુના જ્ઞાનનો મહિમા કરે છે, કરીને ત્યાંથી પાછા ફરતા એક ઉડાનમાં નંદીશ્વર દ્વીપ પર સ્થિત થાય છે. ત્યાં પણ પ્રભુના જ્ઞાનનો મહિમા કરીને બીજા ઉડાનમાં અહીં આવે છે. અહીં આવીને જ્ઞાનનો મહિમા કરે છે. હે ગૌતમ ! જંઘાચારણની તિરછી-ગતિ અને તિરછી-ગતિનો વિષય આ પ્રકારનો કહ્યો છે.

**૯ जंघाचारणस्स णं भंते ! उड्ढं केवइए गइविसए पण्णत्ते ?**

**गोयमा ! से णं इओ एगेणं उप्पाएणं पंडगवणे समोसरणं करेइ, करेत्ता तहिं चेइयाइं वंदइ, वंदित्ता तओ पडिणियत्तमाणे बिइएणं उप्पाएणं णंदणवणे समोसरणं करेइ, करेत्ता तहिं चेइयाइं वंदइ, वंदित्ता इहमागच्छइ, इह चेइयाइं वंदइ । जंघाचारणस्स णं गोयमा ! उड्ढं एवइए गइविसए पण्णत्ते । से णं तस्स ठाणस्स अणालोइय अपडिक्कंते कालं करेइ, णत्थि तस्स आराहणा । से णं तस्स ठाणस्स आलोइय पडिक्कंते कालं करेइ, अत्थि तस्स आराहणा ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જંઘાચારણની ઊર્ધ્વગતિનો વિષય કેટલો કહ્યો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જંઘાચારણ એક ઉડાનથી પંડગવનમાં સ્થિત થાય છે, ત્યાં પ્રભુના જ્ઞાનનો મહિમા કરે છે, ત્યાંથી પાછા ફરતાં એક ઉડાનથી નંદનવનમાં સ્થિત થાય છે ત્યાં પ્રભુના જ્ઞાનનો મહિમા કરે છે. પછી બીજા ઉડાનથી અહીં આવે છે. અહીં આવીને પ્રભુના જ્ઞાનનો મહિમા કરે છે. હે ગૌતમ ! જંઘાચારણનો આ પ્રકારનો ઊર્ધ્વગતિનો વિષય કહ્યો છે.

જંઘાચારણ લબ્ધિ પ્રયોગ સંબંધી દોષસ્થાનની આલોચના પ્રતિક્રમણ કર્યા વિના જો કાલધર્મ પ્રાપ્ત કરે, તો તે આરાધક થતા નથી અને તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કરીને કાલ ધર્મ પ્રાપ્ત કરે, તો તે આરાધક થાય છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જંઘાચારણનું સ્વરૂપ અને તેની શીઘ્ર ગતિનું પ્રતિપાદન છે.

તપોલબ્ધિ સંપન્ન પૂર્વધરને નિરંતર અઠ્ઠમ-અઠ્ઠમની તપસ્યા કરતા જંઘાચારણ લબ્ધિ ઉત્પન્ન થાય છે. તે જંઘાના બળથી આકાશગમન કરી શકે છે તેથી તેને **જંઘાચારણ** કહે છે. વિદ્યાચારણ કરતાં જંઘાચારણની ગતિ સાત ગુણી અધિક હોય છે.

**વિદ્યાચારણ-જંઘાચારણ લબ્ધિ :–**

| લબ્ધિ | લબ્ધિ પ્રાપ્તિ | ગતિ સામર્થ્ય | તિર્યગ્ ગતિ વિષય | ઊર્ધ્વ ગતિ વિષય |
|---|---|---|---|---|
| વિદ્યાચારણ | નિરંતર છઠ | એક ચપટીમાં જંબૂદ્વીપની ત્રણ પ્રદક્ષિણા | **ગમન**–(ઉડાન)<br>(૧) નંદીશ્વર દ્વીપ,<br>(૨) રુચક વર દ્વીપ.<br>**આગમન**– (૧) સ્વસ્થાને. | **ગમન**– (ઉડાન)<br>(૧) નંદનવન,<br>(૨) પંડક વન<br>**આગમન**– (૧) સ્વસ્થાને. |
| જંઘાચારણ | નિરંતર અઠ્ઠમ | એક ચપટીમાં જંબૂદ્વીપની ૨૧ પ્રદક્ષિણા | **ગમન**– (ઉડાન)<br>(૧) રુચકવર દ્વીપ<br>**આગમન**–(ઉડાન)<br>(૧) નંદીશ્વર દ્વીપ<br>(૨) સ્વસ્થાન. | **ગમન**– (ઉડાન)<br>(૧) પંડક વન<br>**આગમન**–(ઉડાન)<br>(૧) નંદન વન,<br>(૨) સ્વસ્થાન. |

**સૂચના :**– (૧), (૨) આંકડા પહેલા, બીજા ઉડાન સૂચક છે.

**નોંધ :**– જંઘાચારણ અને વિદ્યાચારણ એ બંને નામથી સ્પષ્ટ થાય છે કે જંઘાની જેમ જંઘાચારણ લબ્ધિનો બલ ગમન સમયે અધિક હોય અને આગમન સમયે અલ્પ હોય છે અર્થાત્ જંઘાબલ ક્ષીણ થાય છે.

જ્યારે વિદ્યા, પ્રયોગથી વધારે અભ્યસ્ત થાય છે, માટે વિદ્યાચારણ લબ્ધિ દ્વારા ગમનમાં વધારે સમય લાગે છે અને આગમનમાં અલ્પ સમય લાગે છે. તે અલ્પ અને વધારે સમયને દર્શાવવા માટે એક અને બે ઉડાનનું કથન છે.

**॥ શતક–૨૦/૯ સંપૂર્ણ ॥**

# શતક–૨૦ : ઉદ્દેશક–૧૦

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં સોપક્રમ અને નિરુપક્રમ આયુષ્ય, જીવોની ઉત્પત્તિ અને ઉદ્વર્તના સંબંધી આત્મોપક્રમ, પરોપક્રમ આદિ વિવિધ વિકલ્પો, કતિ સંચિત, અકતિ સંચિત, અવક્તવ્ય સંચિત, ષટ્ક સમર્જિત, દ્વાદશ સમર્જિત, ચોર્યાસી સમર્જિત આદિ વિવિધ વિષયોનું નિરૂપણ છે.

**સોપક્રમ આયુષ્ય**– વ્યવહાર દષ્ટિએ અગ્નિ, જલ, વિષપ્રયોગ આદિ નિમિત્તથી જે આયુષ્ય સમાપ્ત થાય તેને સોપક્રમ આયુષ્ય કહે છે. સોપક્રમ આયુષ્યવાળા જીવોને પણ આયુષ્યના બે ભાગ ભોગવાઈ જાય અને એક ભાગ શેષ રહે ત્યાર પછી જ કોઈ પણ ઉપક્રમ(આયુષ્ય તૂટવાનું નિમિત્ત) પ્રાપ્ત થાય છે.

**નિરુપક્રમ આયુષ્ય**– આયુષ્યની સમય મર્યાદા પૂર્ણ થતાં જે આયુષ્ય સમાપ્ત થાય તેને નિરુપક્રમ આયુષ્ય કહે છે. નારક, દેવ, યુગલિક મનુષ્ય, યુગલિક તિર્યંચ, ઉત્તમ પુરુષ અને ચરમ શરીરી જીવો નિરુપક્રમ આયુષ્યવાળા હોય છે. શેષ જીવોને બંને પ્રકારનું આયુષ્ય હોય છે.

**ઉત્પત્તિમાં આત્મોપક્રમાદિ**– ૨૪ દંડકના જીવોની ઉત્પત્તિ આત્મોપક્રમ, પરોપક્રમ અને નિરુપક્રમથી થઈ શકે છે.

**આત્મોપક્રમ**– સ્વયં આયુષ્ય ઘટાડવું. **પરોપક્રમ**– અન્ય દ્વારા આયુષ્યનો ઘાત થવો. **નિરુપક્રમ**– કોઈ પણ પ્રકારના ઉપક્રમ વિના મૃત્યુ થવું.

**ઉદ્વર્તનામાં આત્મોપક્રમાદિ**– નારકી અને દેવોની ઉદ્વર્તના અથવા ચ્યવન નિરુપક્રમથી જ થાય છે. કારણ કે તેઓ નિરુપક્રમ આયુષ્યવાળા છે. શેષ ઔદારિકના દશ દંડકના જીવોની ઉદ્વર્તના ત્રણે પ્રકારે થાય છે.

**આત્મઋદ્ધિ આદિથી જન્મ-મરણ**– જીવના જન્મ મરણ આત્મઋદ્ધિથી, આત્મકર્મથી અને આત્મપ્રયોગથી જ થાય છે. તેમાં ઈશ્વર, કાલ આદિ અન્ય કોઈ પણ તત્ત્વ કાંઈ જ કરી શકતા નથી. કારણ કે પરઋદ્ધિ, પરકર્મ કે પરપ્રયોગથી જન્મ-મરણ થતા નથી.

**કતિસંચિત**– સંખ્યાતા જીવો. **અકતિસંચિત**– અસંખ્યાતા જીવો. **અવક્તવ્યસંચિત**– એક જીવ. પાંચ સ્થાવરના જીવો ઉત્પત્તિની અપેક્ષાએ અકતિસંચિત છે, કારણ કે તે જીવો એક સાથે અસંખ્યાતા કે અનંત જ ઉત્પન્ન થાય છે. શેષ દંડકના જીવો ઉત્પત્તિની અપેક્ષાએ ત્રણે પ્રકારના હોય છે. સિદ્ધના જીવો સિદ્ધ ગતિની પ્રાપ્તિની અપેક્ષાએ અવક્તવ્ય અથવા કતિસંચિત જ હોય છે. એક સાથે અસંખ્યાતા જીવો સિદ્ધ થતા નથી. તેથી સિદ્ધો અકતિસંચિત નથી.

**અલ્પબહુત્વ**– પાંચ સ્થાવર જીવોમાં અકતિસંચિત એક જ પ્રકાર હોવાથી અલ્પબહુત્વ થતું નથી. શેષ દંડકના જીવોમાં સર્વથી થોડા અવક્તવ્ય, તેનાથી કતિસંચિત સંખ્યાત ગુણા, તેનાથી અકતિસંચિત અસંખ્યાત ગુણા છે. સિદ્ધોમાં સર્વથી થોડા કતિસંચિત, તેનાથી અવક્તવ્ય સંખ્યાત ગુણા છે.

**ષટ્ક સમર્જિત આદિ**– તેના પાંચ વિકલ્પ થાય છે.(૧) ષટ્ક– છના સમૂહને ષટ્ક કહે છે. (૨) નોષટ્ક– છથી ન્યૂન સંખ્યા અર્થાત્ એકથી પાંચની સંખ્યાને નોષટ્ક કહે છે. (૩) ષટ્ક નોષટ્ક– જે

સંખ્યામાં એક છનો સમૂહ અને તે ઉપરાંત છ થી ન્યૂન સંખ્યા શેષ રહે તેને ષટ્ક-નોષટ્ક કહે છે. જેમ કે– સાત, આઠ, નવ, દશ, અગિયારની સંખ્યામાં એક છનો સમૂહ છે તે ષટ્ક છે. ઉપરાંત એક, બે, ત્રણ, ચાર, પાંચ સંખ્યા રહે છે તે નોષટ્કરૂપ છે. તેથી તે સંખ્યાને ષટ્ક–નોષટ્ક કહે છે. (૪) અનેકષટ્ક– જે સંખ્યામાં અનેક છ-છના સમૂહ થઈ શકે તેને અનેક ષટ્ક કહે છે. જેમ કે– ૧૨, ૧૮, ૨૪ વગેરે. (૫) અનેકષટ્ક–નોષટ્ક– જે સંખ્યામાં અનેક છ-છના સમૂહ થાય અને એકથી પાંચ શેષ રહે તે. જેમ કે– ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦ વગેરે. પાંચ સ્થાવર જીવો અંતિમ બે ભંગથી ઉત્પન્ન થાય છે અને શેષ દંડકના જીવો તથા સિદ્ધના જીવો પાંચે ભંગથી ઉત્પન્ન થાય છે.

**દ્વાદશ સમર્જિત–** બાર જીવોના સમૂહને દ્વાદશ કહે છે. તેના પાંચ ભંગ થાય, ૨૪ દંડકના જીવોમાં તથા સિદ્ધોમાં ઉત્પત્તિની અપેક્ષાએ કથન પૂર્વવત્ જાણવું.

**ચોર્યાશી સમર્જિત–** ૮૪ જીવોના સમૂહને ચોર્યાસી સમર્જિત કહે છે. તેના પણ પાંચ ભંગ થાય અને ૨૪ દંડકમાં ઉત્પત્તિની અપેક્ષાએ કથન પૂર્વવત્ જાણવું. સિદ્ધોમાં પ્રથમ ત્રણ ભંગ જ હોય છે. અંતિમ બે ભંગ ઘટિત થતા નથી. એક સમયમાં એક સાથે ઉત્કૃષ્ટ ૧૦૮ જીવો સિદ્ધ થઈ શકે છે. તેથી અનેક ચોર્યાસી સમર્જિત કે અનેક ચોર્યાસી નોચોર્યાસી સમર્જિત તે બે ભંગ શકય નથી.

**અલ્પબહુત્વ–** ષટ્ક સમર્જિત આદિના પાંચ ભંગમાં ભંગના ક્રમથી ક્રમશઃ તે જીવો સંખ્યાતગુણા હોય છે પરંતુ ચોથા ભંગમાં અસંખ્યાતગુણા હોય છે અને સિદ્ધમાં સર્વથી થોડા અનેકષટ્ક નોષટ્ક સિદ્ધો, તેનાથી અનેકષટ્ક સિદ્ધો સંખ્યાતગુણા છે. આ રીતે વિપરીત ક્રમથી જાણવું, યથા– ભંગનો ક્રમ ૫,૪,૩,૧, ૨, આ રીતે અલ્પબહુત્વ સમજવું.

આ રીતે દ્વાદશ સમર્જિત અને ચોર્યાસી સમર્જિતનું અલ્પબહુત્વ પણ થાય છે.

❖❖❖❖❖

# શતક–૨૦ : ઉદ્દેશક–૧૦

## સોપક્રમ

**સોપક્રમ અને નિરૂપક્રમ આયુષ્ય :–**

**१ जीवा णं भंते ! किं सोवक्कमाउया, णिरुवक्कमाउया ? गोयमा ! जीवा सोवक्कमाउया वि णिरुवक्कमाउया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવો શું સોપક્રમ આયુષ્યવાળા હોય છે કે નિરુપક્રમ આયુષ્યવાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જીવો સોપક્રમ આયુષ્યવાળા પણ હોય છે અને નિરુપક્રમ આયુષ્યવાળા પણ હોય છે.

**२ णेरइयाणं भंते ! पुच्छा ? गोयमा ! णेरइया णो सोवक्कमाउया, णिरुवक्कमाउया। एवं** *जाव* **थणियकुमारा । पुढविक्काइया जहा जीवा । एवं** *जाव* **मणुस्सा । वाणमंतर-जोइसिय-वेमाणिया जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવો શું સોપક્રમ આયુષ્યવાળા હોય છે કે નિરુપક્રમ આયુષ્ય-વાળા હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક જીવો સોપક્રમ આયુષ્યવાળા નથી, નિરુપક્રમ આયુષ્યવાળા હોય છે, આ રીતે સ્તનિતકુમાર પર્યંત જાણવું જોઈએ.

પૃથ્વીકાયિકોનું કથન ઔધિક જીવોની સમાન છે. આ રીતે ***યાવત્*** મનુષ્યો પર્યંત જાણવું જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોનું કથન નૈરયિકોની સમાન છે.

**વિવેચન :–**

**સોપક્રમ આયુષ્ય :–** જે જીવોનું આયુષ્ય ઉપક્રમ સહિત છે તેને સોપક્રમ આયુષ્ય કહે છે. ઉપક્રમ એટલે વિષ, અગ્નિ, જલ આદિ નિમિત્તોથી કે ઉપક્રમથી અસમયમાં જ આયુષ્ય સમાપ્ત થઈ જાય તો તે સોપક્રમ આયુષ્ય કહેવાય છે.

**નિરુપક્રમ આયુષ્ય :–** જે જીવોનું આયુષ્ય વચ્ચે તૂટતું નથી અર્થાત્ અસમયમાં સમાપ્ત થતું નથી, તેને નિરુપક્રમ આયુષ્ય કહે છે.

ચારે જાતિના દેવો, નારકો, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચો તેમજ ચરમ શરીરી જીવોનું નિરુપક્રમ આયુષ્ય હોય છે. શેષ એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયો, પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોમાં બંને પ્રકારના આયુષ્ય હોય છે.

**ઉત્પત્તિ અને ઉદ્વર્તના આત્મોપક્રમ આદિથી :–**

**३ णेरइया णं भंते ! किं आओवक्कमेणं उववज्जंति, परोवक्कमेणं उववज्जंति, णिरुवक्कमेणं उववज्जंति ?**

**गोयमा ! आओवक्कमेण वि उववज्जंति, परोवक्कमेण वि उववज्जंति, णिरुवक्कमेण वि उववज्जंति, एवं *जाव* वेमाणियाणं ।**

**શબ્દાર્થ :– आओवक्कमेणं** = આત્મોપક્રમથી સ્વયંઆયુષ્ય ઘટાડીને **परोवक्कमेण** = પરોપક્રમથી અન્ય દ્વારા આયુષ્ય ઘટાડવાથી **णिरुवक्कमेणं** = નિરુપક્રમથી સ્વતઃ આયુષ્ય ક્ષય થવાથી.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવો, શું આત્મોપક્રમથી ઉત્પન્ન થાય છે, પરોપક્રમથી ઉત્પન્ન થાય છે કે નિરુપક્રમથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે આત્મોપક્રમથી પણ ઉત્પન્ન થાય છે, પરોપક્રમથી પણ ઉત્પન્ન થાય છે અને નિરુપક્રમથી પણ ઉત્પન્ન થાય છે. આ રીતે વૈમાનિક પર્યંત જાણવું.

**४ णेरइया णं भंते ! किं आओवक्कमेणं उव्वट्टंति, परोवक्कमेणं उव्वट्टंति, णिरुवक्कमेणं उव्वट्टंति ?**

**गोयमा ! णो आओवक्कमेणं उव्वट्टंति, णो परोवक्कमेणं उव्वट्टंति, णिरुवक्कमेणं उव्वट्टंति, एवं *जाव* थणियकुमारा । पुढविकाइया *जाव* मणुस्सा तिसु उव्वट्टंति । सेसा जहा णेरइया, णवरं जोइसिय-वेमाणिया चयंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવો, શું આત્મોપક્રમથી ઉદ્વર્તે(નીકળે) છે, પરોપક્રમથી નીકળે છે કે નિરુપક્રમથી નીકળે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે આત્મોપક્રમ અને પરોપક્રમથી નહીં પરંતુ નિરુપક્રમથી ઉદ્વર્તે છે. આ રીતે ***યાવત્*** સ્તનિતકુમાર સુધી જાણવું જોઈએ. પૃથ્વીકાયિક ***યાવત્*** મનુષ્યો ત્રણે ઉપક્રમથી ઉદ્વર્તે છે. શેષ સર્વ કથન નૈરયિકોની સમાન જાણવું. વિશેષતા એ છે કે જ્યોતિષી અને વૈમાનિકદેવોમાં ઉદ્વર્તનના સ્થાને 'ચ્યવન કરે છે', એ પ્રમાણે કહેવું જોઈએ.

**५ णेरइया णं भंते ! किं आइड्डीए उववज्जंति परिड्डीए उववज्जंति ? गोयमा ! आइड्डीए उववज्जंति, णो परिड्डीए उववज्जंति एवं *जाव* वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો શું આત્મ-ઋદ્ધિ(સ્વ–સામર્થ્ય)થી ઉત્પન્ન થાય છે કે પર-ઋદ્ધિથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે આત્મઋદ્ધિથી ઉત્પન્ન થાય છે, પર ઋદ્ધિથી ઉત્પન્ન થતા નથી. આ રીતે ***યાવત્*** વૈમાનિક પર્યંત જાણવું જોઈએ.

**६ णेरइया णं भंते ! किं आइड्डीए उव्वट्टंति, परिड्डीए उव्वट्टंति ? गोयमा ! आइड्डीए उव्वट्टंति, णो परिड्डीए उव्वट्टंति, एवं *जाव* वेमाणिया, णवरं जोइसिया वेमाणिया य चयंतीति अभिलावो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો શું આત્મઋદ્ધિથી ઉદ્વર્તે છે કે પરઋદ્ધિથી ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો આત્મઋદ્ધિથી ઉદ્વર્તે છે, પર ઋદ્ધિથી ઉદ્વર્તતા નથી. આ રીતે ***યાવત્*** વૈમાનિક પર્યંત જાણવું જોઈએ પરંતુ જ્યોતિષી અને વૈમાનિકમાં ઉદ્વર્તનાના સ્થાને 'ચ્યવન કરે છે' એ પ્રમાણે કહેવું જોઈએ.

**૭ णेरइया णं भंते ! किं आयकम्मुणा उववज्जंति, परकम्मुणा उववज्जंति ? गोयमा ! आयकम्मुणा उववज्जंति, णो परकम्मुणा उवज्जंति । एवं *जाव* वेमाणिया । एवं उव्वट्टणादंडओ वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો શું આત્મકર્મથી ઉત્પન્ન થાય છે કે પરકર્મથી ઉત્પન્ન થાય છે? **ઉત્તર–** હે ગૌતમ ! આત્મકર્મથી ઉત્પન્ન થાય છે. પરકર્મથી નહીં. આ રીતે ***યાવત્*** વૈમાનિક પર્યંત જાણવું જોઈએ. આ રીતે ઉદ્‌વર્તનનો દંડક પણ જાણવો જોઈએ.

**૮ णेरइया णं भंते ! किं आयप्पओगेणं उववज्जंति, परप्पओगेणं उववज्जंति ? गोयमा ! आयप्पओगेणं उववज्जंति, णो परप्पओगेणं उववज्जंति । एवं *जाव* वेमाणिया । एवं उव्वट्टणादंडओ वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવો શું આત્મપ્રયોગથી ઉત્પન્ન થાય છે કે પરપ્રયોગથી ઉત્પન્ન થાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે આત્મપ્રયોગથી ઉત્પન્ન થાય છે, પરપ્રયોગથી ઉત્પન્ન થતા નથી. આ રીતે ***યાવત્*** વૈમાનિક દેવો પર્યંત જાણવું જોઈએ. આ જ રીતે ઉદ્‌વર્તન સંબંધી સંપૂર્ણ વર્ણન પણ કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જીવોની ઉત્પત્તિ અને ઉદ્વર્તનાના વિવિધ વિકલ્પોનું સ્પષ્ટીકરણ છે.

**આત્મોપક્રમ :–** આયુષ્ય સ્વયં ઘટાડવું, જીવ જ્યારે કોઈ પણ પ્રકારે આત્મ હત્યા કરે કે સ્વયંની ભૂલથી મૃત્યુ થઈ જાય તેને આત્મોપક્રમ કહે છે. યથા– વિષ પ્રયોગથી શ્રેણિક રાજાનું મરણ.

**પરોપક્રમ :–** અન્ય દ્વારા આયુષ્ય ઘટાડવું, યથા– કોણિકરાજાનું દેવ દ્વારા મરણ થયું તેને પરોપક્રમ કહેવાય.

**નિરુપક્રમ :–** આયુષ્યને પૂર્ણપણે ભોગવવું. કોઈપણ નિમિત્ત વિના સહજ મરણ થાય તે નિરુપક્રમથી મરણ કહેવાય. નારકી, દેવતા, યુગલિક આદિને નિરુપક્રમ મરણ થાય છે. ૨૪ દંડકના જીવોની ઉત્પત્તિ આ ત્રણે પ્રકારે થાય છે. સોપક્રમી અને નિરુપક્રમી એમ બે પ્રકારના આયુષ્યમાં સોપક્રમી આયુષ્ય સામાન્ય કે વિશેષ કોઈપણ નિમિત્તથી તૂટી જાય(ઘટી જાય) છે અને નિરુપક્રમી આયુષ્ય કોઈપણ નિમિત્ત મળે કે નિમિત્ત ન મળે તે પૂર્ણ થવાથી જ મૃત્યુ થાય છે. તે આયુષ્ય વચ્ચે તૂટતુ નથી.

**ઉદ્વર્તના :–** જીવ જ્યારે એક ભવનું આયુષ્ય પૂર્ણ કરીને નીકળે તેને ઉદ્વર્તના કહે છે. તેમાં સર્વ દંડકમાં સમાનતા નથી. નારકી, દેવો અને યુગલિકો વગેરે નિરુપક્રમ આયુષ્યવાળા જીવોની ઉદ્વર્તના નિરુપક્રમપણે જ થાય છે. કારણ કે તેના આયુષ્યમાં કોઈ પણ પ્રકારના ઉપક્રમની સંભાવના નથી. પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યમાં સોપક્રમ આયુષ્યવાળા જીવોની ઉદ્વર્તના આત્મોપક્રમ આદિ ત્રણે પ્રકારે થાય છે.

**આત્મઋદ્ધિ, આત્મકર્મ, આત્મપ્રયોગ :–** (૧) પોતાના સામર્થ્યથી, (૨) સ્વકૃત આયુષ્ય આદિ કર્મોથી, (૩) પોતાના વ્યાપારથી ઉત્પન્ન થવું કે મૃત્યુ થવું. ૨૪ દંડકના જીવો આત્મઋદ્ધિથી, આત્મકર્મથી અને આત્મપ્રયોગથી જ ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે પરંતુ પર(અન્ય કોઈના) સામર્થ્યથી કે પરકૃત કર્મથી અથવા પર પ્રયોગથી અર્થાત્ ઈશ્વર આદિ કોઈના દ્વારા તેની ઉત્પત્તિ કે ઉદ્વર્તના થતી નથી.

**કતિ-અકતિ સંચિત :–**

**૯ णेरइया णं भंते ! किं कइसंचिया, अकइसंचिया, अवत्तव्वग-संचिया ? गोयमा ! णेरइया कइसंचिया वि, अकइसंचिया वि, अवत्तव्वगसंचिया वि ।**

**से केणट्ठेणं भंते !** *जाव* **अवत्तव्वगसंचिया वि ?**

**गोयमा ! जे णं णेरइया संखेज्जएणं पवेसणएणं पविसंति तेणं णेरइया कइसंचिया, जे णं णेरइया असंखेज्जएणं पवेसणएणं पविसंति ते णं णेरइया अकइसंचिया, जे णं णेरइया एक्कएणं पवेसणएणं पविसंति ते णं णेरइया अवत्तव्वगसंचिया । से तेणट्ठेणं गोयमा !** *जाव* **अवत्तव्वगसंचिया वि । एवं** *जाव* **थणियकुमारा ।**

**શબ્દાર્થ :– कइसंचिया** = કતિસંચિત, એક સમયમાં સંખ્યાતા ઉત્પન્ન **अकइसंचिया** = અકતિસંચિત, એક સમયમાં અસંખ્યાતા ઉત્પન્ન **अवत्तव्वगसंचिया** = અવક્તવ્યસંચિત, એક સમયમાં એક ઉત્પન્ન.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો શું (૧) કતિસંચિત છે, (૨) અકતિ સંચિત છે કે (૩) અવકતવ્ય સંચિત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો કતિસંચિત છે, અકતિસંચિત છે અને અવક્તવ્ય સંચિત પણ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ***યાવત્*** અવક્તવ્યસંચિત પણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) જે નૈરયિકો એક સાથે સંખ્યાતા પ્રવેશ કરે(ઉત્પન્ન થાય), તે નૈરયિકો કતિસંચિત છે. (૨) જે નૈરયિકો એક સાથે અસંખ્યાતા પ્રવેશ કરે તે નૈરયિકો અકતિસંચિત છે અને (૩) જે નૈરયિકો એક-એક પ્રવેશ કરે છે, તે અવક્તવ્યસંચિત છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કથન કર્યું છે. આ રીતે ***યાવત્*** સ્તનિતકુમાર પર્યંત જાણવું જોઈએ.

**૧૦ पुढविक्काइयाणं पुच्छा । गोयमा ! पुढविकाइया णो कइसंचिया, अकइसंचिया, णो अवत्तव्वग-संचिया।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–** *जाव* **णो अवत्तव्वगसंचिया ?**

**गोयमा ! पुढविकाइया असंखेज्जएणं पवेसणएणं पविसंति से तेणट्ठेणं** *जाव* **णो अवत्तव्वगसंचिया, एवं** *जाव* **वणस्सइकाइया, बेइंदिया** *जाव* **वेमाणिया जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું પૃથ્વીકાયિકો કતિસંચિત છે, ઇત્યાદિ પ્રશ્ન. ? **ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો કતિસંચિત નથી, અવક્તવ્ય સંચિત પણ નથી પરંતુ અકતિસંચિત છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તે ***યાવત્*** અવક્તવ્ય સંચિત નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિકો એક સાથે અસંખ્ય પ્રવેશનકથી પ્રવેશ કરે છે, તેથી તે અકતિસંચિત છે. તે કતિસંચિત કે અવક્તવ્યસંચિત નથી. આ રીતે ***યાવત્*** વનસ્પતિકાયિક સુધી જાણવું જોઈએ. બેઇન્દ્રિયથી વૈમાનિક સુધીનું કથન નૈરયિકોની સમાન છે.

**૧૧ सिद्धाणं पुच्छा । गोयमा ! सिद्धा कइसंचिया, णो अकइसंचिया, अवत्तव्वगसंचिया वि।**

**से केणट्ठेणं भंते ! *जाव* अवत्तव्वगसंचिया वि ?**

**गोयमा ! जे णं सिद्धा संखेज्जएणं पवेसणएणं पविसंति ते णं सिद्धा कइसंचिया, जे णं सिद्धा एक्कएणं पवेसणएणं पविसंति ते णं सिद्धा अवत्तव्वग-संचिया, से तेणट्ठेणं *जाव* अवत्तव्वगसंचिया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું સિદ્ધો કતિસંચિત છે, ઇત્યાદિ પ્રશ્ન ? **ઉત્તર–** હે ગૌતમ ! સિદ્ધો કતિસંચિત છે, અકતિસંચિત નથી, અવક્તવ્યસંચિત છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે સિદ્ધો ***યાવત્*** અવક્તવ્ય સંચિત પણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે સિદ્ધ સંખ્યાત પ્રવેશનકથી પ્રવેશ કરે છે, તે કતિસંચિત છે અને જે સિદ્ધ એક-એક પ્રવેશ કરે છે તે અવક્તવ્યસંચિત છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કથન કર્યું છે ***યાવત્*** તે અવક્તવ્ય સંચિત પણ છે.

**૧૨ एएसि णं भंते ! णेरइयाणं कइसंचियाणं अकइसंचियाणं अवत्तव्वग-संचियाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा णेरइया अवत्तव्वगसंचिया, कइसंचिया संखेज्जगुणा, अकइसंचिया असंखेज्जगुणा । एवं एगिंदियवज्जाणं *जाव* वेमाणियाणं अप्पाबहुगं । एगिंदियाणं णत्थि अप्पाबहुगं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કતિસંચિત, અકતિસંચિત અને અવક્તવ્યસંચિત નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા અવક્તવ્યસંચિત નૈરયિકો છે. તેનાથી કતિસંચિત નૈરયિકો સંખ્યાતગુણા છે અને તેનાથી અકતિસંચિત નૈરયિકો અસંખ્યાતગુણા છે. આ રીતે એકેન્દ્રિયો સિવાય ***યાવત્*** વૈમાનિકો સુધી અલ્પબહુત્વ કહેવું જોઈએ. એકેન્દ્રિયોમાં અલ્પબહુત્વ નથી.

**૧૩ एएसि णं भंते ! सिद्धाणं कइसंचियाणं अवत्तव्वगसंचियाण य कयरे कयरेहिंतो अप्पा वा *जाव* विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा सिद्धा कइसंचिया, अवत्तव्वगसंचिया संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કતિસંચિત અને અવક્તવ્ય સંચિત સિદ્ધોમાં કોણ કોનાથી અલ્પ ***યાવત્*** વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કતિસંચિત સિદ્ધ સર્વથી થોડા છે અને તેનાથી અવક્તવ્યસંચિત સિદ્ધ સંખ્યાતગુણા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કતિસંચિત, અકતિસંચિત અને અવક્તવ્ય રાશિની ૨૪ દંડકમાં પ્રરૂપણા કરીને તેના અલ્પબહુત્વને સમજાવ્યું છે.

**કતિસંચિત :–** જે જીવો એક સમયમાં એક સાથે સંખ્યાત ઉત્પન્ન થાય, તે કતિસંચિત કહેવાય છે, અર્થાત્

બે થી લઈને શીર્ષ પ્રહેલિકા સુધીની સંખ્યાવાળાને કતિસંચિત (સંખ્યાતા) કહે છે.

**અકતિસંચિત :–** જે જીવો એક સમયમાં એક સાથે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે, તેને અકતિસંચિત (અસંખ્યાત) કહે છે.

**અવક્તવ્ય :–** જે જીવો એક સમયમાં સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન ન થાય પરંતુ એક સમયમાં એક-એક જ જીવ ઉત્પન્ન થાય, તેને અવક્તવ્ય સંચિત કહે છે.

**૧૯ દંડકોમાં કતિસંચિત આદિ :–** પૃથ્વીકાય આદિ પાંચ સ્થાવરો અને સિદ્ધોને છોડીને શેષ ૧૯ દંડકના જીવો ત્રણે પ્રકારના છે. કારણ કે તે તે સ્થાનમાં એક સાથે સંખ્યાતા જીવો પણ ઉત્પન્ન થાય છે, અસંખ્યાતા જીવો પણ ઉત્પન્ન થાય છે અને ક્યારેક એક જીવ પણ ઉત્પન્ન થાય છે.

**પાંચ સ્થાવરમાં અકતિસંચિત :–** પૃથ્વીકાયાદિ ચાર સ્થાવર જીવોમાં પ્રતિ સમયે અસંખ્યાતા જીવો ઉત્પન્ન થાય છે. તેથી તે જીવો અકતિસંચિત છે. વનસ્પતિમાં પ્રત્યેક સમયે અનંત જીવો ઉત્પન્ન થાય છે. તેનો સમાવેશ અકતિસંચિતમાં થઈ જાય છે. ત્રસકાયિક જીવોમાંથી આવીને પૃથ્વી આદિરૂપે ઉત્પન્ન થનારા જીવો એક, બે, ત્રણ કે ઉત્કૃષ્ટ અસંખ્યાતા હોય છે, તેમ છતાં સ્થાવરમાં પ્રતિસમય ઉત્પન્ન થતાં અસંખ્ય જીવો મળી જતાં સર્વ મળીને અસંખ્યાતા જ થઈ જાય છે. તેથી પાંચ સ્થાવરના જીવોની ઉત્પત્તિ કતિસંચિત કે અવક્તવ્યસંચિત થતી નથી પરંતુ અકતિસંચિત જ હોય છે.

**સિદ્ધોમાં કતિસંચિત આદિ :–** સિદ્ધ ભગવાન અકતિસંચિત(અસંખ્યાતા) નથી. કારણ કે એક સમયમાં જઘન્ય એક, ઉત્કૃષ્ટ ૧૦૮ જીવો જ મોક્ષે જાય છે. જ્યારે એક જીવ સિદ્ધ થાય ત્યારે તે અવક્તવ્યસંચિત અને જ્યારે બે થી ૧૦૮ જીવો સિદ્ધ થાય, ત્યારે તે 'કતિ સંચિત' કહેવાય છે.

**અલ્પબહુત્વ :–** પાંચ સ્થાવરના જીવો અકતિસંચિત રૂપ એક જ પ્રકારના છે. તેથી તેમાં અલ્પબહુત્વ નથી. શેષ દંડકના જીવોમાં સર્વથી થોડા અવક્તવ્યસંચિત છે, કારણ કે અવક્તવ્યસ્થાન એક જ છે. તેનાથી કતિસંચિત સંખ્યાતગુણા છે કારણ કે તેના સંખ્યાતા સ્થાન છે અને તેનાથી અકતિસંચિત અસંખ્યાતગુણા છે કારણ કે તેના અસંખ્યાતા સ્થાન છે.

સિદ્ધોમાં સર્વથી થોડા કતિસંચિત સિદ્ધો છે તેનાથી અવક્તવ્યસંચિત સિદ્ધો સંખ્યાત ગુણા છે કારણ કે એક-એક સિદ્ધ થનારા જીવો જ વધારે હોય છે.

**ષટ્ક સમર્જિત :–**

**૧૪ णेरइया णं भंते ! किं छक्कसमज्जिया, णोछक्कसमज्जिया, छक्केण य णोछक्केण य समज्जिया, छक्केहि य समज्जिया, छक्केहि य णोछक्केण य समज्जिया ?**

**गोयमा ! णेरइया छक्कसमज्जिया वि, णोछक्कसमज्जिया वि छक्केण य णोछक्केण य समज्जिया वि, छक्केहि य समज्जिया वि, छक्केहि य णोछक्केण य समज्जिया वि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– णेरइया छक्कसमज्जिया वि *जाव* छक्केहि य णोछक्केण य समज्जिया वि ?**

**गोयमा ! जे णं णेरइया छक्कएणं पवेसणएणं पविसंति ते णं णेरइया छक्कसमज्जिया।**

**जे णं णेरइया जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं पंचएणं पवेसणएणं पविसंति ते णं णेरइया णोछक्कसमज्जिया । जे णं णेरइया एगेणं छक्कएणं अण्णेण य जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं पंचएणं पवेसणएणं पविसंति ते णं णेरइया छक्केण य णोछक्केण य समज्जिया । जे णं णेरइया णेगेहिं छक्केहिं पवेसणएणं पविसंति ते णं णेरइया छक्केहि य समज्जिया । जे णं णेरइया णेगेहिं छक्केहिं अण्णेण य जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं पंचएणं पवेसणएणं पविसंति ते णं णेरइया छक्केहि य णोछक्केण य समज्जिया । से तेणट्ठेणं तं चेव** *जाव* **समज्जिया वि । एवं** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકો (૧) ષટ્ક સમર્જિત છે (૨) નો ષટ્ક સમર્જિત છે (૩) ષટ્ક અને નોષટ્ક સમર્જિત છે (૪) અનેક ષટ્ક-સમર્જિત છે (૫) અનેક ષટ્ક-સમર્જિત અને એક નોષટ્ક-સમર્જિત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) નૈરયિક જીવો ષટ્ક-સમર્જિત છે, (૨) નોષટ્ક સમર્જિત છે, (૩) એક ષટ્ક એક નો ષટ્ક-સમર્જિત છે. (૪) અનેક ષટ્ક સમર્જિત છે (૫) અનેક ષટ્ક-સમર્જિત અને એક નોષટ્ક સમર્જિત છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું કારણ શું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) જે નૈરયિકો એક સમયમાં એક સાથે છ ની સંખ્યામાં પ્રવેશ કરે છે, તે નૈરયિકો **ષટ્ક સમર્જિત** કહેવાય છે. (૨) જે નૈરયિકો જઘન્ય એક, બે અથવા ત્રણ ઉત્કૃષ્ટ પાંચની સંખ્યામાં પ્રવેશ કરે છે, તે **નો ષટ્ક સમર્જિત** કહેવાય છે, (૩) જે નૈરયિકો એક ષટ્ક સંખ્યાથી અને અન્ય જઘન્ય એક, બે અથવા ત્રણ ઉત્કૃષ્ટ પાંચ સંખ્યાથી પ્રવેશ કરે છે, તે **એક ષટ્ક એક નોષટ્ક સમર્જિત** કહેવાય છે. (૪) જે નૈરયિકો અનેક ષટ્ક સંખ્યામાં પ્રવેશ કરે છે, તે નૈરયિકો **અનેક ષટ્ક-સમર્જિત** કહેવાય છે, (૫) જે નૈરયિકો અનેક ષટ્ક તથા જઘન્ય એક, બે અથવા ત્રણ અને ઉત્કૃષ્ટ પાંચની સંખ્યામાં પ્રવેશ કરે છે, તે નૈરયિકો **અનેક ષટ્ક અને એક નોષટ્ક સમર્જિત** કહેવાય છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે ***યાવત્*** અનેક ષટ્ક અને એક નોષટ્ક સમર્જિત પણ હોય છે. આ રીતે ***યાવત્*** સ્તનિતકુમાર પર્યંત જાણવું જોઈએ.

**१५** पुढविक्काइयाणं पुच्छा ?

**गोयमा ! पुढविक्काइया णो छक्कसमज्जिया, णो णोछक्कसमज्जिया, णो छक्केण य णोछक्केण य समज्जिया; छक्केहिं समज्जिया, छक्केहि य णोछक्केण य समज्जिया वि ।**

**से केणट्ठेणं भंते !** *जाव* **समज्जिया वि ?**

**गोयमा ! जे णं पुढविक्काइया णेगेहिं छक्कएहिं पवेसणगं पविसंति ते णं पुढवि- क्काइया छक्केहिं समज्जिया । जे णं पुढविक्काइया णेगेहिं छक्कएहि य अण्णेण य जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं पंचएणं पवेसणएणं पविसंति ते णं पुढविक्काइया छक्केहि य णोछक्केण य समज्जिया, से तेणट्ठेणं गोयमा !** *जाव* **समज्जिया वि । एवं** *जाव* **वणस्सइकाइया । बेइंदिया** *जाव* **वेमाणिया, सिद्धा य जहा**

**णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું પૃથ્વીકાયિક જીવો ષટ્ક સમર્જિત છે, ઇત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો (૧) ષટ્ક સમર્જિત નથી. (૨) નોષટ્ક સમર્જિત નથી (૩) એક ષટ્ક અને એક નોષટ્ક સમર્જિત નથી. (૪) અનેક ષટ્ક સમર્જિત છે (૫) અનેક ષટ્ક અને એક નોષટ્ક સમર્જિત છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ***યાવત્*** સમર્જિત પણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) જે પૃથ્વીકાયિક જીવો અનેક ષટ્કથી પ્રવેશ કરે છે, તે **અનેક ષટ્ક સમર્જિત** છે. (૨) જે પૃથ્વીકાયિક જીવો અનેક ષટ્કથી તથા તેની સાથે જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ પાંચ સંખ્યાથી પ્રવેશ કરે છે, તે **અનેક ષટ્ક એક નોષટ્ક સમર્જિત** કહેવાય છે. તેથી હે ગૌતમ ! ***યાવત્*** સમર્જિત છે, આ રીતે ***યાવત્*** વનસ્પતિકાયિક સુધી જાણવું જોઈએ. બેઇન્દ્રિયથી લઈને વૈમાનિકદેવો સુધીનું કથન અને સિદ્ધોનું કથન નૈરયિકોની સમાન છે.

**१६ एएसि णं भंते ! णेरइयाणं छक्कसमज्जियाणं, णोछक्कसमज्जियाणं, छक्केण य णोछक्केण य समज्जियाणं छक्केहि य समज्जियाणं, छक्केहि य णोछक्केण य समज्जियाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा?**

**गोयमा ! सव्वत्थोवा णेरइया छक्कसमज्जिया, णोछक्कसमज्जिया संखेज्जगुणा, छक्केण य णोछक्केण य समज्जिया संखेज्जगुणा, छक्केहि य समज्जिया असंखेज्जगुणा, छक्केहि य णोछक्केण य समज्जिया संखेज्जगुणा । एवं** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! (૧) ષટ્ક સમર્જિત, (૨) નોષટ્ક સમર્જિત, (૩) એક ષટ્ક અને એક નોષટ્ક સમર્જિત, (૪) અનેક ષટ્ક સમર્જિત, (૫) અનેક ષટ્ક અને એક નોષટ્ક સમર્જિત નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા એક ષટ્ક સમર્જિત નૈરયિકો છે, (૨) તેનાથી નોષટ્ક સમર્જિત નૈરયિકો સંખ્યાતગુણા છે, (૩) તેનાથી એક ષટ્ક અને નો ષટ્ક સમર્જિત નૈરયિકો સંખ્યાતગુણા છે, (૪) તેનાથી અનેક ષટ્ક સમર્જિત નૈરયિકો અસંખ્યાત ગુણા છે, (૫) તેનાથી અનેક ષટ્ક અને એક નોષટ્ક સમર્જિત નૈરયિકો સંખ્યાતગુણા છે. આ રીતે ***યાવત્*** સ્તનિતકુમાર સુધી જાણવું.

**१७ एएसि णं भंते ! पुढविक्काइयाणं छक्केहिं समज्जियाणं, छक्केहि य णोछक्केण य समज्जियाणं कयरे-कयरेहिंतो अप्पा वा** *जाव* **विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा पुढविक्काइया छक्केहिं समज्जिया, छक्केहि य णोछक्केण य समज्जिया संखेज्जगुणा । एवं** *जाव* **वणस्सइकाइयाणं । बेइंदियाणं** *जाव* **वेमाणियाणं जहा णेरइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક ષટ્ક સમર્જિત અને અનેક ષટ્ક તથા નોષટ્ક સમર્જિત પૃથ્વીકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા અનેક ષટ્ક સમર્જિત પૃથ્વીકાયિક જીવો છે. તેનાથી અનેક ષટ્ક અને એક નોષટ્ક સમર્જિત પૃથ્વીકાયિક જીવો સંખ્યાતગુણા છે. આ રીતે ***યાવત્*** વનસ્પતિકાયિકો સુધી જાણવું જોઈએ. બેઇન્દ્રિયથી લઈને વૈમાનિક સુધીનું કથન નૈરયિકોની સમાન જાણવું જોઈએ.

**૧૮ एएसि णं भंते ! सिद्धाणं छक्कसमज्जियाणं णोछक्कसमज्जियाणं *जाव* छक्केहि य णोछक्केण य समज्जियाण य कयरे कयरेहिंतो अप्पा वा *जाव* विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा सिद्धा छक्केहि य णोछक्केण य समज्जिया, छक्केहिं समज्जिया संखेज्जगुणा, छक्केण य णोछक्केण य समज्जिया संखेज्जगुणा, छक्कसमज्जिया संखेज्जगुणा, णोछक्कसमज्जिया संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ષટ્ક સમર્જિત, નોષટ્ક સમર્જિત ***યાવત્*** અનેક ષટ્ક એક નોષટ્ક સમર્જિત સિદ્ધોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા અનેક ષટ્ક અને એક નોષટ્ક સમર્જિત સિદ્ધો છે, (૨) તેનાથી અનેક ષટ્ક સમર્જિત સિદ્ધો સંખ્યાત ગુણા છે, (૩) તેનાથી એકષટ્ક અને એક નોષટ્ક સમર્જિત સિદ્ધો સંખ્યાત ગુણા છે, (૪) તેનાથી ષટ્ક સમર્જિત સિદ્ધો સંખ્યાત ગુણા છે અને (૫) તેનાથી એક નોષટ્ક સમર્જિત સિદ્ધો સંખ્યાત ગુણા છે.

**વિવેચન :–**

**ષટ્ક સમર્જિત :–** જેનું પરિમાણ છનું હોય, તેને **ષટ્ક** કહે છે. એક સમયમાં એક સાથે જો છ જીવો ઉત્પન્ન થાય, તો તેને **ષટ્ક સમર્જિત** કહે છે.

**નોષટ્ક સમર્જિત :–** એક સાથે એક સમયમાં એક, બે, ત્રણ, ચાર અથવા પાંચ જીવો ઉત્પન્ન થાય તે નોષટ્ક સમર્જિત કહેવાય છે.

**એક ષટ્ક, એક નોષટ્ક સમર્જિત :–** એક સાથે એક સમયમાં સાત, આઠ, નવ દશ કે અગિયાર જીવો ઉત્પન્ન થાય તે એક ષટ્ક અને એક નો ષટ્ક કહેવાય છે.

**અનેક ષટ્ક સમર્જિત :–** એક સાથે છ-છના અનેક સમૂહરૂપે, ઉત્પન્ન થાય, તે અનેક ષટ્ક સમર્જિત કહેવાય છે. જેમ કે ૧૨, ૧૮, ૨૪ વગેરે.

**અનેક ષટ્ક એક નોષટ્ક :–** એક સમયમાં અનેક છ ના સમૂહથી અને એકથી પાંચ અધિકરૂપે ઉત્પન્ન થાય, તે અનેક ષટ્ક એક નોષટ્ક કહેવાય છે. જેમ કે ૧૩,૧૪,૧૫,૧૬,૧૭ તેમજ ૧૯,૨૦ આદિ.

**૨૪ દંડકોમાં ષટ્ક આદિ :–** નૈરયિકોમાં ષટ્ક આદિ પાંચે ભંગ પ્રાપ્ત થાય છે. કારણ કે નૈરયિકોમાં એક જ સમયે એક સાથે જઘન્ય એક,બે,ત્રણ અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સુધીના પાંચે ય પ્રકારના વિકલ્પોથી નૈરયિક જીવો ઉત્પન્ન થાય છે. અસંખ્યાતાની સંખ્યામાં પણ ષટ્ક આદિ પાંચે વિકલ્પોની સંખ્યાઓ થઈ શકે છે.

એકેન્દ્રિય જીવોમાં એક સાથે અસંખ્યાતા જ ઉત્પન્ન થાય છે, તેથી તેમાં (૧) અનેક ષટ્ક સમર્જિત તથા (૨) અનેક ષટ્ક અને એક નોષટ્ક સમર્જિત, આ બે જ ભંગ પ્રાપ્ત થાય છે. તે બંને ભંગમાં અસંખ્યાતાનો સમાવેશ થઈ શકે છે. તે પહેલાના ત્રણ ભંગમાં અસંખ્યાતાનો સમાવેશ થતો નથી. તે ઉપર દર્શાવેલી

પરિભાષાથી સ્પષ્ટ થઈ જાય છે. એકેન્દ્રિય સિવાય સર્વ સંસારી જીવોમાં નારકીની જેમ પાંચે ય વિકલ્પથી જીવો ઉત્પન્ન થાય છે.

તેઓના અલ્પબહુત્વથી જણાય છે કે સંસારી જીવોમાં એક સાથે અધિક સંખ્યામાં ઉત્પન્ન થનારા જીવોની સંખ્યા વધારે-વધારે હોય છે અને સિદ્ધોમાં અલ્પ અલ્પતમ સંખ્યામાં સિદ્ધ થનારા જીવોની સંયુક્ત સંખ્યા વધારે થાય છે. માટે સંસારી જીવોના અલ્પબહુત્વમાં ષટ્કના પાંચ વિકલ્પો અનુક્રમથી હોય છે. જ્યારે સિદ્ધોના અલ્પબહુત્વમાં તેનો વિપરીત ક્રમ અર્થાત્ પશ્ચાનુપૂર્વી ક્રમ હોય છે.

એકેન્દ્રિય જીવોમાં પાંચ વિકલ્પમાંથી અંતિમ બે વિકલ્પ હોય છે. કારણ કે પ્રથમ ત્રણ બોલમાં સંખ્યાતા જીવોનો જ સમાવેશ થાય છે. એકેન્દ્રિયોમાં એક સાથે ન્યૂનતમ અસંખ્યાતા જીવોની ઉત્પત્તિ થાય છે. તેથી તે જીવોમાં અંતિમ બે બોલોનું જ અલ્પબહુત્વ થાય છે. શેષ સર્વ સંસારી જીવો અને સિદ્ધોમાં પાંચે ય બોલોનું અલ્પબહુત્વ થાય છે.

**દ્વાદશ સમર્જિત :–**

**૧૧ णेरइया णं भंते ! किं बारससमज्जिया, णोबारससमज्जिया, बारसएण य णोबारसएण य समज्जिया, बारसएहिं समज्जिया, बारसएहि य णोबारसएण य समज्जिया ? गोयमा ! णेरइया बारससमज्जिया वि** *जाव* **बारसएहि य णोबारसएण य समज्जिया वि ।**

**से केणट्ठेणं भंते !** *जाव* **समज्जिया वि ?**

**गोयमा ! जे णं णेरइया बारसएणं पवेसणएणं पविसंति ते णं णेरइया बारससमज्जिया । जे णं णेरइया जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं, एक्कारसएणं पवेसणएणं पविसंति ते णं णेरइया णोबारससमज्जिया । जे णं णेरइया बारसएणं, अण्णेण य जहण्णेणं एक्केणं वा दोहिं वा तीहिं वा उक्कोसेणं एक्कारसएणं पवेसणएणं पविसंति ते णं णेरइया बारसएण य णोबारसएण य समज्जिया । जे णं णेरइया णेगेहिं बारसएहिं पवेसणगं पविसंति ते णं णेरइया बारसएहिं समज्जिया । जे णं णेरइया णेगेहिं बारसएहिं अण्णेण य जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं एक्कारसएणं पवेसणएणं पविसंति ते णं णेरइया बारसएहि य णोबारसएण य समज्जिया । से तेणट्ठेणं गोयमा !** *जाव* **समज्जिया वि । एवं** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવો શું (૧) દ્વાદશ-સમર્જિત છે, (૨) નો દ્વાદશ સમર્જિત છે, (૩) એક દ્વાદશ-એક નોદ્વાદશ સમર્જિત છે, (૪) અનેક દ્વાદશ સમર્જિત છે, કે (૫) અનેક દ્વાદશ એક નોદ્વાદશ સમર્જિત છે. **ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો દ્વાદશ સમર્જિત પણ છે, ***યાવત્*** અનેક દ્વાદશ અને એક નોદ્વાદશ સમર્જિત પણ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નૈરયિકો ***યાવત્*** અનેક દ્વાદશ અને એક નોદ્વાદશ સમર્જિત પણ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) જે નૈરયિકો એક સમયમાં બારની સંખ્યામાં પ્રવેશ કરે છે તે **દ્વાદશ-સમર્જિત** છે. (૨) જે નૈરયિકો જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ અગિયાર સુધીની સંખ્યામાં પ્રવેશ કરે છે, તે **નો દ્વાદશ-**

**સમર્જિત** છે, (૩) જે નૈરયિકો એક સમયમાં બાર અને તેની સાથે અન્ય જઘન્ય એક, બે, ત્રણ તથા ઉત્કૃષ્ટ ૧૧ સુધીની સંખ્યામાં પ્રવેશ કરે છે, તે **દ્વાદશ-નોદ્વાદશ સમર્જિત** છે. (૪) જે નૈરયિકો એક સમયમાં અનેક બારની સંખ્યામાં પ્રવેશ કરે છે, તે **અનેક દ્વાદશ સમર્જિત** છે, (૫) જે નૈરયિકો એક સમયમાં અનેક બારની સંખ્યામાં તથા તેની સાથે અન્ય જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ ૧૧ સુધીની સંખ્યામાં પ્રવેશ કરે છે, તે **અનેક દ્વાદશ અને એક નોદ્વાદશ સમર્જિત કહેવાય** છે. આ રીતે સ્તનિતકુમાર સુધી જાણવું જોઈએ.

**૨૦** **पुढविक्काइयाणं पुच्छा ?**

**गोयमा ! पुढविक्काइया णो बारससमज्जिया, णो णोबारससमज्जिया, णो बारसए ण य णोबारसएण य समज्जिया, बारसएहिं समज्जिया, बारसएहि य णोबारसएण य समज्जिया वि ।**

**से केणट्ठेणं भंते ! *जाव* समज्जिया वि ?**

**गोयमा ! जे णं पुढविक्काइया णेगेहिं बारसएहिं पवेसणगं पविसंति ते णं पुढविक्काइया बारसएहिं समज्जिया । जे णं पुढविक्काइया णेगेहिं बारसएहिं अण्णेण य जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं एक्कारसएणं पवेसणएणं पविसंति ते णं पुढविक्काइया बारसएहिं य णोबारसएण य समज्जिया, से तेणट्ठेणं गोयमा ! *जाव* समज्जिया वि । एवं *जाव* वणस्सइक्काइया । बेइंदिया *जाव* सिद्धा जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું પૃથ્વીકાયિક જીવો દ્વાદશ-સમર્જિત છે, ઇત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિકો (૧) દ્વાદશ સમર્જિત નથી, (૨) નો દ્વાદશ સમર્જિત નથી, (૩) દ્વાદશ નોદ્વાદશ સમર્જિત પણ નથી. પરંતુ (૪) અનેક દ્વાદશ સમર્જિત છે તથા (૫) અનેક દ્વાદશ અને એક નોદ્વાદશ સમર્જિત પણ છે, તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે ***યાવત્*** સમર્જિત છે. આ રીતે ***યાવત્*** વનસ્પતિકાય સુધી જાણવું જોઈએ. બેઇન્દ્રિયોથી વૈમાનિક સુધીનું કથન અને સિદ્ધોનું કથન નૈરયિકોની સમાન છે.

**૨૧** **एएसि णं भंते ! णेरइयाणं बारससमज्जियाणं, एवं सव्वेहिं अप्पाबहुगं जहा छक्कसमज्जियाणं, णवरं बारसाभिलावो, सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્વાદશ સમર્જિત ***યાવત્*** અનેક દ્વાદશ, નોદ્વાદશ સમર્જિત નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે ષટ્ક સમર્જિત સંબંધી અલ્પબહુત્વ છે, તે જ રીતે દ્વાદશ સમર્જિતના અલ્પબહુત્વનું કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે છ સંખ્યાની જગ્યાએ બાર-બારની સંખ્યાથી કથન કરવું જોઈએ. શેષ કથન પૂર્વવત્ જાણવું.

**વિવેચન :–**

જે જીવ એક સમયમાં એક સાથે બારના સમુદાયરૂપે ઉત્પન્ન થાય તેને **દ્વાદશ-સમર્જિત** કહેવાય

છે અને એકથી લઈને અગિયાર સુધી જે ઉત્પન્ન થાય, તેને નોદ્વાદશ-સમર્જિત કહે છે. આ રીતે પાંચે ય વિકલ્પ સમજવા જોઈએ. નૈરયિકાદિમાં પ્રાપ્ત થતા વિકલ્પોનું સ્પષ્ટીકરણ ષટ્ક સમર્જિતની સમાન જાણવું જોઈએ. તેનું અલ્પ બહુત્વ પણ તે પ્રમાણે જ છે.

**ચોરાશી સમર્જિત :–**

**૨૨ णेरइया णं भंते ! किं चुलसीइसमज्जिया, णोचुलसीइसमज्जिया, चुलसीईए य णोचुलसीईए य समज्जिया, चुलसीईहिं समज्जिया, चुलसीईहि य णोचुलसीईए य समज्जिया। गोयमा ! णेरइया चुलसीइसमज्जिया वि** *जाव* **चुलसीईहि य णोचुलसीईए य समज्जिया वि ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ** *जाव* **समज्जिया वि ?**

**गोयमा ! जे णं णेरइया चुलसीईएणं पवेसणएणं पविसंति ते णं णेरइया चुलसीइ समज्जिया । जे णेरइया जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं तेसीइ पवेसणएणं पविसंति ते णं णेरइया णोचुलसीइसमज्जिया । जे णं णेरइया चुलसीईए णं अण्णेण य जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा** *जाव* **उक्कोसेणं तेसीईएणं पवेसणएणं पविसंति ते णं णेरइया चुलसीईए य णोचुलसीईए य समज्जिया । जे णं णेरइया णेगेहिं चुलसीईएहिं पवेसणगं पविसंति ते णं णेरइया चुलसीईएहिं समज्जिया । जे णं णेरइया णेगेहिं चुलसीईएहि य अण्णेण य जहण्णेणं एक्केण वा** *जाव* **उक्कोसेणं तेसीईएणं पवेसणएणं पविसंति ते णं णेरइया चुलसीईहि य णोचुलसीईए य समज्जिया । से तेणट्ठेणं** *जाव* **समज्जिया वि । एवं** *जाव* **थणियकुमारा। पुढविक्काइया तहेव पच्छिल्लएहिं, णवरं अभिलावो चुलसीईओ । एवं** *जाव* **वणस्सइकाइया । बेइंदिया** *जाव* **वेमाणिया जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો (૧) ચોરાસી સમર્જિત છે, (૨) નોચોરાસી સમર્જિત છે (૩) ચોરાસી અને નોચોરાસી સમર્જિત છે (૪) અનેક ચોર્યાસી સમર્જિત છે, (૫) અનેક ચોરાસી અને નોચોરાસી સમર્જિત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકો ચોરાસી સમર્જિત પણ છે અને ***યાવત્*** અનેક ચોરાસી અને એક નોચોરાસી સમર્જિત પણ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) જે નૈરયિકો એક સાથે, એક સમયમાં ચોરાસીની સંખ્યામાં પ્રવેશ કરે છે, તે **ચોરાસી સમર્જિત** છે. (૨) જે નૈરયિકો એક સાથે જઘન્ય એક, બે, ત્રણ ઉત્કૃષ્ટ ૮૩ની સંખ્યામાં પ્રવેશ કરે છે, તે **નોચોરાસી સમર્જિત** છે. (૩) જે નૈરયિકો એક સાથે, એક સમયમાં ચોરાસી અને તેની સાથે અન્ય જઘન્ય એક, બે, ત્રણ ***યાવત્*** ઉત્કૃષ્ટ ૮૩ પ્રવેશ કરે છે, તે **એક ચોર્યાસી એક નોચોર્યાસી સમર્જિત** છે. (૪) જે નૈરયિકો એક સાથે, એક સમયમાં અનેક ચોરાસીની સંખ્યામાં પ્રવેશ કરે છે, **તે અનેક**

**ચોરાસી સમર્જિત** છે. (૫) જે નૈરયિકો એક સાથે, એક સમયમાં અનેક ચોરાસી અને તેની સાથે અન્ય જઘન્ય એક, બે, ત્રણ ***યાવત્*** ઉત્કૃષ્ટ ૮૩ પ્રવેશ કરે છે, તે **અનેક ચોરાસી અને એકનો ચોરાસી સમર્જિત** પણ છે. તેથી હે ગૌતમ ! આ પ્રમાણે કહ્યું છે કે ***યાવત્*** સમર્જિત પણ છે.

આ રીતે સ્તનિતકુમાર પર્યંત જાણવું જોઈએ. પૃથ્વીકાયિક જીવોના વિષયમાં અનેક ચોરાસી સમર્જિત તથા અનેક ચોરાસી અને એક નોચોરાસી સમર્જિત; આ અંતિમ બે ભંગ જાણવા જોઈએ. આ રીતે વનસ્પતિકાયિકો સુધી જાણવું જોઈએ. બેઇન્દ્રિયોથી લઈને વેમાનિકો સુધીનું કથન નૈરયિકોની સમાન જાણવું.

**૨૩ सिद्धाणं, पुच्छा ? गोयमा ! सिद्धा चुलसीइसमज्जिया वि, णोचुलसीइसमज्जिया वि, चुलसीईए य णोचुलसीईए य समज्जिया वि, णो चुलसीईहिं समज्जिया, णो चुलसीईहि य णोचुलसीईए य समज्जिया ।**

**से केणट्ठेणं भंते ! *जाव* समज्जिया ?**

**गोयमा ! जे णं सिद्धा चुलसीईएणं पवेसणएणं पविसंति ते णं सिद्धा चुलसीइ समज्जिया । जे णं सिद्धा जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं तेसीइएणं पवेसणएणं पविसंति ते णं सिद्धा णोचुलसीइसमज्जिया । जे णं चुलसीइएणं अण्णेण य जहण्णेणं एक्केण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं तेसीइएणं पवेसणएणं पविसंति ते णं सिद्धा चुलसीईए य णोचुलसीईए य समज्जिया। से तेणट्ठेणं *जाव* समज्जिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સિદ્ધો ચોર્યાસી સમર્જિત છે, ઇત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સિદ્ધો ચોરાસી સમર્જિત છે. (૨) નોચોરાસી સમર્જિત છે. (૩) ચોરાસી અને નોચોરાસી સમર્જિત છે. (૪) અનેક ચોરાસી સમર્જિત નથી (૫) અનેક ચોરાસી અને એક નોચોરાસી સમર્જિત નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) જે સિદ્ધો એક સાથે એક સમયમાં ચોર્યાસીની સંખ્યામાં પ્રવેશ કરે છે– સિદ્ધ થાય છે, તે **ચોરાસી સમર્જિત** છે. (૨) જે સિદ્ધો જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ ૮૩ની સંખ્યામાં સિદ્ધ થાય છે, તે **નોચોરાસી સમર્જિત** છે. (૩) જે સિદ્ધ એક સમયમાં, એક સાથે ચોરાસી અને તેની સાથે અન્ય જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ ૨૪ સુધી(૮૪+૨૪=૧૦૮) સિદ્ધ થાય છે, તે **એક ચોરાસી અને એક નોચોરાસી સમર્જિત** છે. તેથી હે ગૌતમ ! પૂર્વોક્ત પ્રકારે કથન કર્યું છે. ***યાવત્*** સમર્જિત પણ નથી.

**૨૪ एएसि णं भंते ! णेरइयाणं चुलसीइसमज्जियाणं णोचुलसीइसमज्जियाण, पुच्छा ?**

**सव्वेसिं अप्पाबहुगं जहा छक्कसमज्जियाणं *जाव* वेमाणियाणं, णवरं अभिलावो चुलसीईओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચોરાસીસમર્જિત, નોચોરાસી સમર્જિત ઇત્યાદિ નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચોરાસી સમર્જિત, નોચોરાસી સમર્જિત ઇત્યાદિ નૈરયિકોના અલ્પબહુત્વનું

કથન ષટ્ક સમર્જિતની સમાન છે. આ રીતે ***યાવત્*** વૈમાનિક પર્યંત જાણવું જોઈએ. વિશેષતા એ છે કે ષટ્કના સ્થાને 'ચોરાસી'નું કથન કરવું જોઈએ.

**૨૫ एएसि णं भंते ! सिद्धाणं चुलसीइसमज्जियाणं णोचुलसीइसमज्जियाणं, चुलसीईए य णोचुलसीईए य समज्जियाणं कयरे कयरे हिंतो अप्पावा** *जाव* **विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा सिद्धा चुलसीईए य णोचुलसीईए य समज्जिया, चुलसीईसमज्जिया अणंतगुणा, णोचुलसीइसमज्जिया अणंतगुणा । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચોરાસી સમર્જિત, નોચોરાસી સમર્જિત અને ચોર્યાસી નોચોરાસી સમર્જિત સિદ્ધોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા ચોરાસી નોચોરાસી સમર્જિત સિદ્ધો છે, તેનાથી ચોરાસી સમર્જિત સિદ્ધો અનંત ગુણા છે, તેનાથી નોચોરાસી સમર્જિત સિદ્ધો અનંત ગુણા છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

**ચોરાસી સમર્જિત :–** એક સાથે, એક સમયમાં જીવ ચોરાસીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે, તેને ચોરાસી સમર્જિત કહે છે. એક સમયમાં, એક સાથે એક થી ૮૩ સુધીની સંખ્યામાં જીવો ઉત્પન્ન થાય તે નોચોરાસી સમર્જિત કહેવાય છે. શેષ કથન પૂર્વવત્ સમજવું જોઈએ.

સિદ્ધોમાં ચોરાસી સમર્જિતના શરૂઆતના ત્રણ ભંગ હોય છે. અનેક ચોરાસી સમર્જિત આદિ અંતિમ બે ભંગથી સિદ્ધ થતા નથી કારણ કે સિદ્ધગતિમાં એક સાથે ઉત્કૃષ્ટ ૧૦૮ જીવ જ સિદ્ધ થઈ શકે છે. તેથી તેમાં અનેક ચોરાસી સમર્જિતની ઉત્પત્તિ ઘટી શકતી નથી, પરંતુ એક ચોરાસી સમર્જિત તથા નોચોરાસી સમર્જિતનો ભંગ ઘટી શકે છે તેમજ ૮૪ નો એક સમૂહ અને ૨૪ની સંખ્યાનો બીજો સમૂહ એક સાથે ઉત્પન્ન થાય તેથી ત્રીજો ભંગ ઘટી શકે છે. શેષ અન્ય ભંગ સંભવિત નથી.

**કતિ-અકતિ સંચિત આદિની દૃષ્ટિએ જીવોની ઉત્પત્તિ :–**

| રાશિ | પાંચ સ્થાવર જીવો | ૧૯ દંડકના જીવો | સિદ્ધો |
|---|---|---|---|
| કતિ સંચિત | × | ✓ | ✓ |
| અકતિ સંચિત | ✓ | ✓ | × |
| અવક્તવ્ય સંચિત | × | ✓ | ✓ |
| ષટ્ક સમર્જિત | × | ✓ | ✓ |
| નોષટ્ક સમર્જિત | × | ✓ | ✓ |
| ષટ્ક નોષટ્ક | × | ✓ | ✓ |
| અનેક ષટ્ક | ✓ | ✓ | ✓ |
| અનેક ષટ્ક નોષટ્ક | ✓ | ✓ | ✓ |

| | | | |
|---|---|---|---|
| દ્વાદશ | × | ✓ | ✓ |
| નોદ્વાદશ | × | ✓ | ✓ |
| દ્વાદશનોદ્વાદશ | × | ✓ | ✓ |
| અનેક દ્વાદશ | ✓ | ✓ | ✓ |
| અનેક દ્વાદશ નોદ્વાદશ | ✓ | ✓ | ✓ |
| ચોરાસી | × | ✓ | ✓ |
| નોચોરાસી | × | ✓ | ✓ |
| ચોરાસી નોચોરાસી | × | ✓ | ✓ |
| અનેક ચોરાસી | ✓ | ✓ | × |
| અનેક ચોરાસી નોચોરાસી | ✓ | ✓ | × |

**॥ શતક–૨૦/૧૦ સંપૂર્ણ ॥**

**॥ શતક–૨૦ સંપૂર્ણ ॥**

# શતક–૨૧–૨૨–૨૩

## પરિચય

શતક-૨૧, ૨૨, ૨૩ આ ત્રણે શતકોના વર્ણ્ય વિષયો પ્રાયઃ સમાન છે.

શતક-૨૧માં આઠ વર્ગ, શતક-૨૨માં છ વર્ગ અને શતક-૨૩માં પાંચ વર્ગ છે. પ્રત્યેક વર્ગના દશ દશ ઉદ્દેશક છે.

આ ત્રણે શતકોમાં વિવિધ વનસ્પતિઓના મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજ આ દસ વિભાગ કે અવસ્થાની શતક–૧૧/૧ની સમાન વિચારણા કરી છે. તેમાં શતક-૨૧ અને ૨૨માં પ્રત્યેક વનસ્પતિઓનું કથન છે અને શતક-૨૩માં અનંતકાયિક-સાધારણ વનસ્પતિઓનું કથન છે.

**તેત્રીસ દ્વારોના વિષયો :– (૧) આગતિ–** મૂળ આદિ દશ અવસ્થામાં ઉત્પન્ન થનાર જીવો કઈ ગતિમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? તેનું કથન છે. શતક-૨૧ વર્ગ-૧, ૨, ૩ માં કથિત શાલિ આદિ ધાન્ય, વટાણા આદિ કઠોળ અને અળસી આદિ વનસ્પતિઓના પુષ્પ, ફળ, બીજમાં; વર્ગ-૫ માં કથિત શેરડી આદિ પર્વબીજ વાળી વનસ્પતિના સ્કંધમાં; શતક-૨૨ વર્ગ-૫ ગુલ્મ જાતિની વનસ્પતિના પુષ્પ, ફળ અને બીજમાં; અને શતક–૨૨ વર્ગ– ૧, ૨, ૩, ૬માં કથિત વનસ્પતિના પાંચ વિભાગોમાં દેવો આવીને ઉત્પન્ન થાય છે. તેથી ત્રણ ગતિના જીવો ઉત્પન્ન થાય છે. શતક–૨૧, ૨૨ના શેષ વર્ગોમાં અને શતક-૨૩માં કથિત અનંતકાયિક વનસ્પતિઓમાં મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવો આવીને ઉત્પન્ન થાય છે.

**(૨) ઉપપાત–** જઘન્ય–૧, ૨, ૩ ઉત્કૃષ્ટ સંખ્યાત કે અસંખ્યાત જીવો અને અનંતકાયિકમાં અનંત જીવો ઉત્પન્ન થઈ શકે છે. **(૩) પરિમાણ(અપહાર)–** તે અસંખ્યાત જીવો અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીના સમય તુલ્ય અને અનંત જીવો અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીના સમય તુલ્ય હોય છે. **(૪) અવગાહના–** જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ મૂળ, સ્કંધ આદિ સર્વ સ્થાનની અવગાહના જુદી-જુદી છે.

**(૫) બંધ–** સાત અથવા આઠ કર્મો બાંધે છે. **(૬) વેદના–** શાતા-અશાતા બંને પ્રકારની વેદના ભોગવે છે. **(૭) ઉદય–** આઠ કર્મોનો ઉદય હોય. **(૮) ઉદીરણા–** આઠે કર્મની ઉદીરણા વિકલ્પે કરી શકે છે. **(૯) લેશ્યા–** જે સ્થાનમાં દેવો ઉત્પન્ન થાય ત્યાં પ્રથમની ચાર લેશ્યા, શેષ સ્થાનમાં ત્રણ લેશ્યા હોય. **(૧૦) દષ્ટિ–** મિથ્યાત્વી હોય. **(૧૧) જ્ઞાન–** તે જીવો અજ્ઞાની છે. મતિ-શ્રુત અજ્ઞાન હોય. **(૧૨) યોગ–** કાયયોગી છે. **(૧૩) ઉપયોગ–** બંને **(૧૪) વર્ણાદિ–** શરીરની અપેક્ષાએ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના ૨૦ બોલ હોય છે અને સ્વયં આત્માની અપેક્ષાએ વર્ણ ગંધ રસ, સ્પર્શ રહિત અરૂપી હોય છે.

**(૧૫) ઉચ્છ્વાસ–** ઉચ્છ્વાસ–નિઃશ્વાસ નિરંતર હોય **(૧૬) આહારક–** આહારક અને અનાહારક બંને હોય **(૧૭) વિરત–** તે જીવો અવિરત હોય. **(૧૮) ક્રિયા–** તે જીવો સક્રિય હોય. **(૧૯) બંધક–** સાત અથવા આઠ કર્મના બંધક હોય. **(૨૦) સંજ્ઞા–** ચાર **(૨૧) કષાય–** ચાર **(૨૨) વેદ–** નપુંસક વેદ **(૨૩) વેદ બંધક–** ત્રણે વેદના બંધક હોય **(૨૪) સંજ્ઞી–** તે જીવો અસંજ્ઞી હોય **(૨૫) એક ઈન્દ્રિય–** સ્પર્શેન્દ્રિય હોય, **(૨૬) કાયસ્થિતિ–** ઉત્કૃષ્ટ અસંખ્ય અથવા અનંતકાલ છે.

**(૨૭) ભવાદેશ-કાલાદેશ–** પ્રત્યેક વનસ્પતિમાં અસંખ્ય ભવ અને અસંખ્યાત કાલ, સાધારણ વનસ્પતિમાં અનંતભવ અને અનંતકાલ વ્યતીત થાય છે. **(૨૮) આહાર–** ૬ દિશાનો ૨૮૮ પ્રકારનો આહાર ગ્રહણ કરે. **(૨૯) સ્થિતિ–** જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ–૧૦૦૦૦ વર્ષ. અનંતકાયિક વનસ્પતિની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની સ્થિતિ હોય છે. **(૩૦) સમુદ્ઘાત–** પ્રથમ ત્રણ સમુદ્ઘાત હોય, **(૩૧) મરણ–** સમોહિયા અને અસમોહિયા બંને પ્રકારના મરણ હોય. **(૩૨) ગતિ–** મનુષ્ય અને તિર્યંચગતિમાં જાય. **(૩૩) સર્વ જીવ–** સર્વ જીવોએ અતીતકાળમાં પ્રત્યેક જાતિની વનસ્પતિમાં અનંતવાર જન્મ-મરણ કર્યા છે.

❖❖❖❖❖

# શતક–૨૧ : વર્ગ–૧

## પ્રથમ શાલિવર્ગ : પ્રથમ 'મૂળ' ઉદ્દેશક

**વર્ગોના નામ :–**

**१** **सालि कल अयसि वंसे, इक्खू दब्भे य अब्भ तुलसी य ।**
**अट्ठेए दस वग्गा, असीइं पुण होंति उद्देसा ॥**

**ભાવાર્થ :–** આ શતકના આઠ વર્ગ છે. (૧) શાલિ, (૨) વટાણા, (૩) અલસી, (૪) વાંસ, (૫) ઈક્ષુ, (૬) દર્ભ(ડાભ), (૭) અભ્ર(વનસ્પતિ), (૮) તુલસી, આ પ્રત્યેક વર્ગના દશ-દશ ઉદ્દેશક છે. તેથી આઠ વર્ગના ૮૦ ઉદ્દેશક થાય છે.

**વિવેચન :–**

આ શતકના આઠ વર્ગોનાં નામ તેમાં વર્ણિત વનસ્પતિઓના સૂત્રપાઠના આદ્ય શબ્દના આધારે છે. અને પ્રત્યેક વર્ગના દશ-દશ ઉદ્દેશક તે વનસ્પતિના વિભાગોથી સંબંધિત છે. આ રીતે ૮૦ ઉદ્દેશકોમાં વિવિધ વનસ્પતિઓ અને તેના વિભાગો વિષયક વિચારણા તેત્રીસ દ્વારોથી કરવામાં આવી છે. વનસ્પતિના દસ વિભાગો– અવસ્થાના નામ આ પ્રમાણે છે– (૧) મૂળ (૨) કંદ (૩) સ્કંધ (૪) ત્વચા (૫) શાખા (૬) પ્રવાલ (૭) પત્ર (૮) પુષ્પ (૯) ફળ અને (૧૦) બીજ.

**શાલિ આદિના મૂલની ઉત્પત્તિ :–**

**२** **रायगिहे** *जाव* **एवं वयासी– अह भंते ! साली-वीही-गोधूम** *जाव* **जवजवाणं, एएसि णं भंते ! जे जीवा मूलत्ताए वक्कमंति ? ते णं भंते ! जीवा कओहिंतो उववज्जंति– किं णेरइएहिंतो उववज्जंति** *जाव* **देवेहिंतो उववज्जंति ?**

**गोयमा ! जहा वक्कंतीए तहेव उववाओ, णवरं देववज्जं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ ***યાવત્*** આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! શાલિ, વ્રીહી, ઘઉં ***યાવત્*** જુવાર, આ સર્વ ધાન્યોના મૂળમાં જે જીવ ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું તે જીવ નૈરયિકમાંથી આવીને ઉત્પન્ન થાય છે કે તિર્યંચ, મનુષ્ય કે દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના છઠ્ઠા વ્યુત્ક્રાન્તિ પદ અનુસાર તેઓની ઉત્પત્તિ જાણવી જોઈએ. વિશેષતા એ છે કે દેવગતિમાંથી આવીને મૂળપણે ઉત્પન્ન થતા નથી.

**३** **ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति ? गोयमा ! जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा उववज्जंति । अवहारो जहा उप्पलुद्देसे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે જીવો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. તેનો અપહાર અર્થાત્ ગણના સંબંધી કથન શતક-૧૧/૧ ઉત્પલોદ્દેશક અનુસાર છે.

**૪ तेसि णं भंते ! जीवाणं केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं धणुपुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે જીવોના શરીરની અવગાહના કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અનેક ધનુષની છે.

**૫ ते णं भंते ! जीवा णाणावरणिज्जस्स कम्मस्स किं बंधगा, अबंधगा ? गोयमा ! जहा उप्पलुद्देसे । एवं वेए वि, उदीरणाए वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે જીવો જ્ઞાનાવરણીય કર્મના બંધક છે કે અબંધક છે ? **ઉત્તર–** હે ગૌતમ! શતક-૧૧/૧ ઉત્પલોદ્દેશક અનુસાર જાણવું. આ રીતે કર્મોની વેદના, ઉદય અને ઉદીરણાના વિષયમાં પણ જાણવું જોઈએ.

**૬ ते णं भंते ! जीवा किं कण्हलेस्सा, पुच्छा ? गोयमा ! छव्वीसं भंगा, दिट्ठी** *जाव* **इंदिया जहा उप्पलुद्देसे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે જીવો શું કૃષ્ણલેશી, નીલલેશી, કે કાપોતલેશી હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અહીં ત્રણ લેશ્યા સંબંધી ૨૬ ભંગ કહેવા જોઈએ. દષ્ટિ ***યાવત્*** ઇન્દ્રિયોના વિષયમાં ઉત્પલોદ્દેશક અનુસાર છે.

**૭ ते णं भंते ! साली-वीही-गोधूम** *जाव* **जवजवगमूलगजीवे त्ति कालओ केवचिरं होइ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શાલિ, વ્રીહી, ગોધૂમ ***યાવત્*** જુવાર આ સર્વ ધાન્યોના મૂળના જીવોની કાયસ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે જીવોની જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલની કાય સ્થિતિ છે અર્થાત્ અસંખ્યાત કાલ સુધી તે જ રૂપે રહે છે.

**૮ से णं भंते ! साली-वीही-गोधूम** *जाव* **जवजवगमूलगजीवे पुढवीजीवे, पुणरवि साली वीही***जाव* **जवजवगमूलगजीवे केवइयं कालं सेवेज्जा, केवइयं कालं गइरागइं करिज्जा ?**

**गोयमा ! जहा उप्पलुद्देसे । एएणं अभिलावेणं** *जाव* **मणुस्सजीवे । आहारो जहा उप्पलुद्देसे । ठिई जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वासपुहुत्तं । समुग्घाय-समोहया, उव्वट्टणा य जहा उप्पलुद्देसे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શાલિ, વ્રીહી, ઘઉં, ***યાવત્*** જુવાર, આ સર્વના મૂળનો જીવ, જો પૃથ્વીકાયિક

જીવોમાં ઉત્પન્ન થઈને પુનઃ શાલિ, વ્રીહી ***યાવત્*** જુવારના મૂળપણે ઉત્પન્ન થાય, તો આ પ્રકારે કેટલો કાલ સુધી ગમનાગમન કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! શતક–૧૧/૧ ઉત્પલોદેશક અનુસાર જાણવું જોઈએ. પૃથ્વીકાયની જેમ અપ્કાયથી મનુષ્યો સુધીનું કથન આ જ રીતે કરવું. તેના આહારનું કથન ઉત્પલોદેશકની સમાન જ છે. સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનેક વર્ષની છે. સમુદ્ઘાતથી સમવહત મરણ અને ઉદ્‌વર્તના ઉત્પલોદ્દેશકની સમાન છે.

**૯ अह भंते ! सव्वपाणा** *जाव* **सव्वसत्ता साली-वीही** *जाव* **जवजवगमूलगजीवत्ताए उववण्णपुव्वा ? हंता गोयमा ! असइं अदुवा अणंतखुत्तो । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ શાલી, વ્રીહિ ***યાવત્*** જુવારના મૂળના જીવપણે પહેલાં ઉત્પન્ન થઈ ગયા છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! અનેક વાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ગયા છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં શાલી આદિના મૂળરૂપે ઉત્પન્ન થનારા જીવોની આગતિ, ઉત્પત્તિ સંખ્યા આદિ તેત્રીસ દ્વારોનું વર્ણન પ્રાયઃ શતક ૧૧/૧ અને પ્રજ્ઞાપના સૂત્ર પ્રમાણે જાણી લેવાના સૂચન સાથે અહીં સંક્ષિપ્ત કથન કર્યું છે.

**णवरं देव वज्जं :–** દેવતાને છોડીને શેષ કથન પૂર્વવત્ જાણવું. પ્રજ્ઞાપના સૂત્રાનુસાર ૬૪ જાતિના દેવો મરીને વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે પરંતુ તે પુષ્પ આદિ વનસ્પતિના શુભ વિભાગોમાં જ ઉત્પન્ન થાય છે, મૂળ આદિ અશુભ વિભાગમાં ઉત્પન્ન થતા નથી. તેથી મૂળના આ પ્રથમ ઉદ્દેશકમાં દેવની ઉત્પત્તિનો નિષેધ છે.

**અપહાર :–** તે શાલિ આદિના જીવોનો પ્રતિસમયે અપહાર કરાય અર્થાત્ એક-એક જીવને બહાર કાઢવામાં આવે અર્થાત્ તેની ગણતરી કરાય તો અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ વ્યતીત થવા છતાં પણ તેનો અપહાર થતો નથી. આ પ્રકારનું અપહારરૂપ કાર્ય ક્યારે ય કોઈએ કર્યું નથી અને કરશે પણ નહીં. માત્ર સંખ્યાને સમજવા માટેનું આ કથન છે.

**બંધ-વેદન-ઉદય-ઉદીરણા :–** શાલી આદિના મૂળનો જીવ જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોનો બંધક, વેદક અને ઉદીરક છે.

**લેશ્યા :–** અહીં મૂલ સંબંધી ઉદ્દેશક હોવાથી, તેમાં દેવ આવીને ઉત્પન્ન થતા નથી, તેથી તેજો લેશ્યા નથી, પ્રથમ ત્રણ લેશ્યા જ હોય છે અને ત્રણ લેશ્યાના એકવચન, બહુવચનથી સંબંધિત **અસંયોગી**ના ત્રણ-ત્રણ ભંગ થતાં **છ ભંગ** થાય છે– કૃષ્ણ-નીલ, કૃષ્ણ-કાપોત, નીલ-કાપોત આ **દ્વિસંયોગી**ના ત્રણ વિકલ્પ થાય છે. પ્રત્યેકના એકવચન અને બહુવચન સંબંધી ચાર-ચાર ભંગ થતા ૧૨ ભંગ થાય છે. **ત્રિસંયોગી** એકવચન-બહુવચન સંબંધી **આઠ ભંગ** થાય છે. આ રીતે કુલ ૬+૧૨+૮ = ૨૬ ભંગ થાય છે.

**ભવાદેશ-કાલાદેશ :–** ભવની અપેક્ષાએ જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ અસંખ્યાત ભવ સુધી ગમનાગમન કરે છે. કાલની અપેક્ષાએ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલ સુધી ગમનાગમન કરે છે.

**સમુદ્‌ઘાત :–** તે જીવોને પ્રથમ ત્રણ સમુદ્‌ઘાત હોય છે, તે જીવોનું મરણ સમુદ્‌ઘાત સહિત અને સમુદ્‌ઘાત રહિત બંને પ્રકારે થાય છે.

**ગતિ :–** મનુષ્ય અને તિર્યંચ બે ગતિમાં જાય છે.

**દષ્ટિ આદિ :–** મિથ્યાદષ્ટિ, અજ્ઞાની, કાયયોગી અને બે ઉપયોગવાળા હોય છે, ઇત્યાદિ ૩૩ દ્વારનું સર્વ કથન શતક-૧૧/૧ ઉત્પલોદ્દેશક અનુસાર જાણવું જોઈએ.

**॥ શતક–૨૧/૧/૧ સંપૂર્ણ ॥**

# શતક–૨૧ વર્ગ–૧

## પ્રથમ વર્ગ : કંદ આદિ ૨ થી ૧૦ ઉદ્દેશક

**કંદ આદિની ઉત્પત્તિ :–**

**१** **अह भंते ! साली-वीही** *जाव* **जवजवाणं एएसि णं जे जीवा कंदत्ताए वक्कमंति ते णं भंते ! जीवा कओहिंतो उववज्जंति ?**

**गोयमा ! कंदाहिगारेण सच्चेव मूलुद्देसो अपरिसेसो भाणियव्वो** *जाव* **असइं अदुवा अणंतखुत्तो ॥ सेवं भंते ! सेवं भंते ! ॥ एवं खंधे वि उद्देसओ णेयव्वो । एवं तयाए वि उद्देसो भाणियव्वो । साले वि उद्देसो भाणियव्वो । पवाले वि उद्देसो भाणियव्वो । पत्ते वि उद्देसो भाणियव्वो । एए सत्त वि उद्देसगा अपरिसेसं जहा मूले तहा णेयव्वा ।**

**एवं पुप्फे वि उद्देसओ, णवरं देवा उववज्जंति जहा उप्पलुद्देसे । चत्तारि लेस्साओ, असीइ भंगा । ओगाहणा जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं उक्कोसेणं अंगुलपुहुत्तं, सेसं तं चेव । जहा पुप्फे एवं फले वि उद्देसओ अपरिसेसो भाणियव्वो । एवं बीए वि उद्देसओ । एए दस उद्देसगा ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શાલિ, વ્રીહી ***યાવત્*** જુવાર આ સર્વના કંદ રૂપે જે જીવો ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મૂળના સ્થાને કંદ શબ્દ પ્રયોગ કરીને તે પૂર્વકથિત મૂળના ઉદ્દેશક પ્રમાણે સમગ્ર કથન કરવું ***યાવત્*** જીવો તેમાં અનેકવાર અથવા અનંત વાર પહેલા ઉત્પન્ન થયા છે. ત્યાં સુધી કથન કરવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥ [શતક-૨૧/૧/૨.]

આ રીતે સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ-કૂંપળ અને પત્રના વિષયમાં જાણવું. આ રીતે સાત ઉદ્દેશક સુધી મૂળની સમાન છે. [૨૧/૧/૨-૭]

'પુષ્પ'ના વિષયમાં પણ તે જ પ્રકારે એક ઉદ્દેશક કહેવો જોઈએ. વિશેષતા એ છે કે 'પુષ્પ'માં દેવો ઉત્પન્ન થાય છે. શતક-૧૧/૧ ઉત્પલ ઉદ્દેશકમાં ચાર લેશ્યા અને તેના ૮૦ ભંગ કહ્યા છે, તે જ રીતે અહીં પણ કહેવા જોઈએ.

અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અનેક અંગુલ પ્રમાણ હોય છે. શેષ સર્વ કથન પૂર્વવત્ છે. [૨૧/૧/૮] આ જ રીતે 'ફળ' અને 'બીજ'ના વિષયમાં પણ એક-એક ઉદ્દેશક પુષ્પની જેમ કહેવા જોઈએ. [૨૧/૧/૯-૧૦] આ દશ ઉદ્દેશક છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત નવ ઉદ્દેશકમાં કંદથી લઈને બીજ સુધીની નવ અવસ્થામાં ઉપપાત આદિ દ્વારોનું વર્ણન છે.

**ઉત્પત્તિ :–** શાલી આદિના મૂલ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ અને પત્ર, આ સાત અવસ્થામાં દેવો ઉત્પન્ન થતા નથી, પુષ્પ, ફળ અને બીજમાં દેવો ઉત્પન્ન થાય છે.

**લેશ્યા :–** કંદાદિ જે વિભાગોમાં દેવો આવીને ઉત્પન્ન થતા નથી ત્યાં ત્રણ લેશ્યા છે અને પુષ્પ, ફળ અને બીજમાં દેવો આવીને ઉત્પન્ન થતા હોવાથી, તેમાં ચાર લેશ્યા છે અને તેના ૮૦ ભંગ છે.

**એંસી ભંગ :–** ચાર લેશ્યાના એકવચન અને બહુવચનની અપેક્ષાએ અસંયોગી ચાર-ચાર ભંગ થતાં અસંયોગી આઠ ભંગ થાય છે. દ્વિસંયોગી છ વિકલ્પ થાય છે– (૧) કૃષ્ણ-નીલ, (૨) કૃષ્ણ-કાપોત, (૩) કૃષ્ણ-તેજો, (૪) નીલ-કાપોત (૫) નીલ-તેજો અને (૬) કાપોત-તેજો. તેના એકવચન અને બહુવચનમાં ચાર-ચાર ભંગ થતાં ૨૪ ભંગ થાય છે. ત્રિસંયોગી ચાર વિકલ્પ થાય છે– (૧) કૃષ્ણ-નીલ-કાપોત, (૨) કૃષ્ણ-નીલ-તેજો, (૩) કૃષ્ણ-કાપોત-તેજો, (૪) નીલ-કાપોત-તેજો. એક-એક વિકલ્પના એકવચન અને બહુવચનની અપેક્ષાએ આઠ-આઠ ભંગ થવાથી ૩૨ ભંગ થાય છે. ચતુઃસંયોગી ૧૬ ભંગ થાય છે. આ રીતે ૮+૨૪+૩૨+૧૬ = ૮૦ ભંગ થાય છે.

**અવગાહના :–**

**मूले, कंदे, खंधे, तयाय साले पवाले पत्ते य ।**
**सत्तसु वि धणुपुहुत्तं, अंगुलिमो पुप्फफलबीए ॥**

મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ અને પત્ર, આ સાત અવસ્થાની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અનેક ધનુષ્ય છે. પુષ્પ, ફળ અને બીજ આ ત્રણની ઉત્કૃષ્ટ અવગાહના અનેક અંગુલ છે. શેષ કથન પૂર્વવત્ જાણવું.

**॥ શતક ૨૧/૧/૨ થી ૧૦ સંપૂર્ણ ॥**

**॥ શતક ૨૧/૧ સંપૂર્ણ ॥**

# શતક–૨૧ : વર્ગ–૨ થી ૮

## બીજો 'વટાણા'વર્ગ : દશ ઉદ્દેશક

**१** अह भंते ! कलाय-मसूर-तिल-मुग्ग-मास-णिप्फाव-कुलत्थ-अलिसंदग-सतिण-पलिमंथगाणं एएसि णं जे जीवा मूलत्ताए वक्कमंति ते णं भंते ! जीवा कओहिंतो उववज्जंति ?

गोयमा ! मूलादीया दस उद्देसगा भाणियव्वा जहेव सालीणं णिरवसेसं तहेव ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વટાણા, મસૂર, તલ, મગ, અડદ, નિષ્પાવ-વાલ, કળથી, આલિસંદક, સતિન અને પલિમંથક(ચણા) આ સર્વના મૂળમાં જે જીવો ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેના મૂળ આદિ દશ ઉદ્દેશક સંપૂર્ણ રીતે શાલિના વિષયમાં પૂર્વ કથિત દશ ઉદ્દેશકની સમાન જાણવા જોઈએ.

॥ શતક–૨૧/૨ સંપૂર્ણ ॥

## ત્રીજો અળસી વર્ગ : દશ ઉદ્દેશક

**१** अह भंते ! अयसि-कुसुंभ-कोद्दव-कंगु-रालग-तुवरी-कोदूसा-सण-सरिसव-मूलगबीयाणं एएसि णं जे जीवा मूलत्ताए वक्कमंति ते णं भंते ! जीवा कओहिंतो उववज्जंति ?

गोयमा ! एत्थ वि मूलादीया दस उद्देसगा जहेव सालीणं णिरवसेसं तहेव भाणियव्वं।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અળસી, કુસુમ્બ, કોદ્રવ, કાંગ, રાળ, તૂવેર, કોદૂસા, સણ અને સરસવ તથા મૂલક બીજ, આ વનસ્પતિના મૂળમાં જે જીવો ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અહીં પણ શાલિ ઉદ્દેશકની સમાન મૂલાદિ દશ ઉદ્દેશક કહેવા જોઈએ.

॥ શતક–૨૧/૩ સંપૂર્ણ ॥

## ચોથો વાંસવર્ગ : દશ ઉદ્દેશક

**१** अह भंते ! वंस-वेणु-कणक-कक्कावंस-चारुवंस-दंडा-कुडा-विमा-चंडा-वेणुया-कल्लाणीणं एएसि णं जे जीवा मूलत्ताए वक्कमंति पुच्छा ?

गोयमा ! एत्थ वि मूलादीया दस उद्देसगा जहेव सालीणं, णवरं देवो सव्वत्थ वि

**ण उववज्जइ, तिण्णि लेसाओ, सव्वत्थ वि छव्वीसं भंगा, सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાંસ, વેણુ, કનક, કર્કાવંશ, ચારુવંશ, દંડા, કૂડા, બિમા, ચંડા, વેણુકા અને કલ્યાણી, આ સર્વ વનસ્પતિના મૂળમાં જે જીવો ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અહીં પણ પૂર્વવત્ શાલિ-વર્ગની સમાન મૂલાદિ દશ ઉદ્દેશક કહેવા જોઈએ. વિશેષતા એ છે કે અહીં કોઈ પણ સ્થાનમાં દેવો ઉત્પન્ન થતા નથી, તેથી સર્વત્ર ત્રણ લેશ્યા અને તેના ૨૬ ભંગ જાણવા જોઈએ. શેષ પૂર્વવત્.

**॥ શતક–૨૧/૪ સંપૂર્ણ ॥**

## પાંચમો ઈક્ષુવર્ગ : દશ ઉદ્દેશક

**૧ अह भंते ! इक्खु-इक्खुवाडिया-वीरणा-इक्कड-भमास-सुंठि-सर-वेत्त-तिमिर-सयपोरग-णलाणं एएसि णं जे जीवा मूलात्ताए वक्कमंति, पुच्छा ?**

**गोयमा ! जहेव वंसवग्गो तहेव एत्थ वि मूलादीया दस उद्देसगा, णवरं खंधुद्देसे देवो उववज्जइ, चत्तारि लेस्साओ, सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઈક્ષુ, ઈક્ષુ-વાટિકા, વીરણ, ઈક્કડ, ભમાસ, સૂંઠ, શર, વેત્ર-નેતર, તિમિર, સતપોરગ અને નલ, આ સર્વ વનસ્પતિઓના મૂળમાં જે જીવો ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે ચોથો વાંસ-વર્ગ કહ્યો, તે જ રીતે અહીં પણ મૂલાદિ દશ ઉદ્દેશક કહેવા જોઈએ. વિશેષતા એ છે કે સ્કંધ ઉદ્દેશકમાં દેવો ઉત્પન્ન થાય છે અને તેને ચાર લેશ્યા હોય છે. શેષ પૂર્વવત્ સમજવું જોઈએ.

**વિવેચન :–**

શેરડી આદિ પર્વબીજ વનસ્પતિ(કાતળીવાળી વનસ્પતિ) વિષયક આ વર્ગ છે. તેના સ્કંધમાં દેવની ઉત્પત્તિ થઈ શકે છે. તેથી સ્કંધમાં ચાર લેશ્યા અને ૮૦ ભંગ હોય છે. શેષ કથન શાલિ ઉદ્દેશકની સમાન જાણવું.

**॥ શતક–૨૧/૫ સંપૂર્ણ ॥**

## છઠ્ઠો દર્ભવર્ગ : દશ ઉદ્દેશક

**૧ अह भंते ! सेडिय-भंडिय-दब्भ-कोंतिय-दब्भकुस-पव्वग-पोदइल-अज्जुण-आसाढग-रोहियंस-मुतव-क्खीर-भुस-एरंड-कुरुकुंद-करकर-सुंठ-विभंगु-महुरयण-थुरग-सिप्पिय-सुंकलितणाणं एएसि णं जे जीवा मूलत्ताए वक्कमंति, पुच्छा ?**

**गोयमा ! एत्थ वि दस उद्देसगा णिरवसेसं जहेव वंसवग्गो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સેડિય, ભંડિય, દર્ભ, કૌન્તેય, દર્ભકુશ, પર્વક, ફૂદીનો, અર્જુન, આષાઢક, રોહિતાંશ(રોહિતક), મુતવ,ખીર, ભુસ, એરંડ, કુરુકુન્દ, કરવર, સૂંઠ, વિભંગુ, મધુરતૃણ, થુરગ, શિલ્પિક અને સંકુલિ તૃણ, આ સર્વ વનસ્પતિઓના મૂળમાં જે જીવો ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચોથા વાંસ-વર્ગની સમાન મૂલાદિ દશ ઉદ્દેશક કહેવા જોઈએ.

**વિવેચન :–**

સેંડિય તૃણથી સંકુલિતૃણ પર્યંતની સર્વ વનસ્પતિ તૃણ-ઘાસ જાતિની છે. તેની કોઈ પણ અવસ્થામાં દેવોની ઉત્પત્તિ થતી નથી. તેથી વંશ વર્ગની જેમ સર્વ કથનનો નિર્દેશ છે.

**॥ શતક–૨૧/૬ સંપૂર્ણ ॥**

## સાતમો અભ્રરુહવર્ગ : દશ ઉદ્દેશક

**૧ अह भंते ! अब्भरुह-वायाण-हरितग-तंदुलेज्जग-तणवत्थुल-चोरग मज्जारयाई-विल्लि- पालक्क-दगपिप्पलिय-दव्वि-सोत्थिय-सायमंडुक्कि-मूलग-सरिसवअंबिलसाग-जियंतगाणं, एएसि णं जे जीवा मूलत्ताए वक्कमंति, पुच्छा ?**

**गोयमा ! एत्थ वि दस उद्देसगा जहेव वंसवग्गो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અભ્રરુહ, વાયણ, હરિતક, તાંદળજો, તૃણ, વથુઆની ભાજી, પોરક, માર્જારક, બિલ્લિ, પાલકની ભાજી, દગપ્પિપલી, દર્વી, સ્વસ્તિક, શાક મંડુકી, મૂલક, સરસવના પાનની ભાજી, અંબિલશાક, જિયંતક, આ સર્વ વનસ્પતિના મૂળમાં જે જીવો ઉત્પન્ન થાય છે, ઈત્યાદિ પ્રશ્ન ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચોથા વાંસ-વર્ગની સમાન મૂલાદિ દશ ઉદ્દેશક કહેવા જોઈએ.

**વિવેચન :–**

**અભ્રરુહ–** એક વૃક્ષમાં અન્ય જાતિનું વૃક્ષ ઉગી જાય છે, તેને 'અભ્રવૃક્ષ' કહે છે. જે રીતે વડના વૃક્ષમાં કે લીમડાના વૃક્ષમાં પીપળાનું વૃક્ષ ઊગી જાય છે અથવા જે વનસ્પતિ પૃથ્વીને ફાડીને ઊગે છે તેને અભ્રરુહ કહે છે. તે ચોમાસાની ઋતુમાં જંગલોમાં છત્રીના આકાર જેવી થાય છે.

**॥ શતક–૨૧/૭ સંપૂર્ણ ॥**

## આઠમો તુલસીવર્ગ : દશ ઉદ્દેશક

**૧ अह भंते ! तुलसी-कण्ह-दल-फणेज्जा-अज्जा-चूयणा-चोरा-जीरा-दमणा-मरुया-इंदीवर-सयपुप्फाणं एएसि णं जे जीवा मूलत्ताए वक्कमंति पुच्छा ?**

**गोयमा ! एत्थ वि दस उद्देसगा णिरवसेसं जहा वंसाणं । एवं एएसु अट्ठसु वग्गेसु असीइं उद्देसगा भवंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તુલસી, કાળી તુલસી, દરાલ, ફણેજ્જા, અર્જક, ચૂતણા, ચોરાક, જીરક, દમનક-દમણા, મરવો, ઈન્દીવર અને શતપુષ્પ, આ સર્વ વનસ્પતિઓના મૂળમાં જે જીવો ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચોથા વાંસ વર્ગની સમાન અહીં પણ મૂલાદિ દશ ઉદ્દેશક કહેવા જોઈએ.

આ રીતે સર્વ મળીને આઠ વર્ગના ૮૦ ઉદ્દેશક થાય છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રથમ વર્ગના વિવેચન અનુસાર સર્વનું વિવેચન સમજવું જોઈએ. આ વનસ્પતિઓમાં ઘણા નામ અપ્રસિદ્ધ છે. આ આઠમા વર્ગમાં લોકમાં પૂજિત તુલસી, મરવો આદિ વનસ્પતિઓનું કથન છે અને કેટલીય સુગંધી બીજ, ફૂલવાળી શુભ વનસ્પતિઓ છે, તેમ છતાં અહીં તે વનસ્પતિઓમાં દેવ ઉત્પન્ન થવાનું વર્ણન નથી તેનું કારણ અજ્ઞાત છે.

**સારાંશ :–** ૧,૨,૩ વર્ગમાં અર્થાત્ શાલી આદિ ધાન્ય, વટાણા આદિ કઠોળ અને અળસી આદિ વનસ્પતિના પુષ્પ, ફળ, બીજમાં દેવો ઉત્પન્ન થાય છે, પાંચમાં વર્ગ-શેરડી આદિ પર્વબીજવાળી વનસ્પતિના સ્કંધમાં દેવો ઉત્પન્ન થાય છે. શેષ ઉદ્દેશકોમાં દેવો ઉત્પન્ન થતા નથી, જ્યાં દેવો ઉત્પન્ન થાય ત્યાં ચાર લેશ્યા અને તેના ૮૦ ભંગ થાય છે, શેષ સ્થાને ત્રણ લેશ્યા તથા તેના ૨૬ ભંગ છે. દરેક વર્ગમાં મૂળથી પ્રવાલની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અનેક ધનુષની હોય છે.

પુષ્પ, ફળ, બીજની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અનેક અંગુલ છે. શેષ કથન સર્વ ઉદ્દેશકમાં સમાન છે.

**શતક–૨૧ વર્ગ ૧ થી ૮ :–**

**શાલિ આદિ વનસ્પતિના દશ વિભાગમાં ૩૩ દ્વાર :–**

| ક્રમ | દ્વાર | વર્ગ–૧, ૨, ૩ શાલિ, વટાણા, અળસી | વર્ગ–૪ વાંસ | વર્ગ–૫ ઈક્ષુ | વર્ગ–૬ ,૭, ૮ દર્ભ, અભ્રરુહ, તુલસી |
|---|---|---|---|---|---|
| ૧ | ઉત્પત્તિ | મૂળથી પ્રવાલમાં ૨ ગતિમાંથી પુષ્પ, ફળ, બીજમાં ૩ ગતિમાંથી | ૨ ગતિમાંથી | નવ અવસ્થામાં ૨ ગતિમાંથી સ્કંધમાં–૩ ગતિમાંથી | ૨ ગતિમાંથી |
| ૨ | પરિમાણ | ૧, ૨, ૩ અસં. | ૧, ૨, ૩ અસં. | ૧, ૨, ૩ અસં. | ૧, ૨, ૩ અસં. |
| ૩ | અપહાર | અસં. ઉત્સ. અવ. | અસં. ઉત્સ. અવ. | અસં. ઉત્સ. અવ. | અસં. ઉત્સ. અવ. |
| ૪ | અવગાહના | મૂળથી પ્રવાલ સુધી પ્રત્યેક ધનુષ | શાલિ પ્રમાણે | શાલિ પ્રમાણે | શાલિ પ્રમાણે |

| ક્રમ | દ્વાર | વર્ગ–૧, ૨, ૩ શાલિ, વટાણા, અળસી | વર્ગ–૪ વાંસ | વર્ગ–૫ ઈક્ષુ | વર્ગ–૬ ,૭, ૮ દર્ભ, અભ્રરુહ, તુલસી |
|---|---|---|---|---|---|
| | | પુષ્પ,ફળ,બીજની પ્રત્યેક અંગુલ | | | |
| ૫ | બંધ | ૭/૮ કર્મ | ૭/૮ કર્મ | ૭/૮ કર્મ | ૭/૮ કર્મ |
| ૬ | વેદના | સાતા અસાતા બન્ને | બન્ને | બન્ને | બન્ને |
| ૭ | ઉદય | ૮ કર્મ | ૮ કર્મ | ૮ કર્મ | ૮ કર્મ |
| ૮ | ઉદીરણા | ૬/૭/૮ | ૬/૭/૮ | ૬/૭/૮ | ૬/૭/૮ |
| ૯ | લેશ્યા | મૂળથી પ્રવાલ સુધી ૩ લેશ્યા– ૨૬ ભંગ. પુષ્પ, ફળ, બીજમાં ૪ લેશ્યા–૮૦ ભંગ | ૩ લેશ્યા–૨૬ ભંગ | **સ્કંધમાં**–૪ લેશ્યા, ૮૦ ભંગ. **શેષ નવ અવસ્થામાં**– ૩ લેશ્યા, ૨૬ ભંગ. | ૩ લેશ્યા–૨૬ ભંગ |
| ૧૦ | દષ્ટિ | મિથ્યા | મિથ્યા | મિથ્યા | મિથ્યા |
| ૧૧ | જ્ઞાનાજ્ઞાન | બે અજ્ઞાન | બે અજ્ઞાન | બે અજ્ઞાન | બે અજ્ઞાન |
| ૧૨ | યોગ | કાયયોગ | કાયયોગ | કાયયોગ | કાયયોગ |
| ૧૩ | ઉપયોગ | બંને | બંને | બંને | બંને |
| ૧૪ | વર્ણાદિ | શરીર–૨૦ બોલ આત્મા– અરૂપી | શાલિ પ્રમાણે | શાલિ પ્રમાણે | શાલિ પ્રમાણે |
| ૧૫ | ઉચ્છ્વાસ | ઉચ્છ્વાસક નિઃશ્વાસક | ઉચ્છ્વાસક નિઃશ્વાસક | ઉચ્છ્વાસક નિઃશ્વાસક | ઉચ્છ્વાસક નિઃશ્વાસક |
| ૧૬ | આહારક | આહા.-અના. બંને | બંને | બંને | બંને |
| ૧૭ | વિરત | અવિરત | અવિરત | અવિરત | અવિરત |
| ૧૮ | ક્રિયા | સક્રિય | સક્રિય | સક્રિય | સક્રિય |
| ૧૯ | બંધક | સાત કે આઠ | સાત કે આઠ | સાત કે આઠ | સાત કે આઠ |
| ૨૦ | સંજ્ઞા | ચાર | ચાર | ચાર | ચાર |
| ૨૧ | કષાય | ચાર | ચાર | ચાર | ચાર |
| ૨૨ | વેદ | નપુંસક | નપુંસક | નપુંસક | નપુંસક |
| ૨૩ | વેદબંધક | ત્રણે | ત્રણે | ત્રણે | ત્રણે |
| ૨૪ | સંજ્ઞી | અસંજ્ઞી | અસંજ્ઞી | અસંજ્ઞી | અસંજ્ઞી |
| ૨૫ | ઈન્દ્રિય | સ્પર્શેન્દ્રિય | સ્પર્શેન્દ્રિય | સ્પર્શેન્દ્રિય | સ્પર્શેન્દ્રિય |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬ | કાલાદેશ | અસંખ્યકાલ | અસંખ્યકાલ | અસંખ્યકાલ | અસંખ્યકાલ |
| ૨૭ | ભવાદેશ | અસંખ્યભવ | અસંખ્યભવ | અસંખ્યભવ | અસંખ્યભવ |
| ૨૮ | આહાર | છ દિશાનો ૨૮૮ પ્રકારનો | છ દિશાનો ૨૮૮ પ્રકારનો | છ દિશાનો ૨૮૮ પ્રકારનો | છ દિશાનો ૨૮૮ પ્રકારનો |
| ૨૯ | સ્થિતિ | પ્રત્યેક વર્ષ | પ્રત્યેક વર્ષ | પ્રત્યેક વર્ષ | પ્રત્યેક વર્ષ |
| ૩૦ | સમુદ્‌ઘાત | ૩ | ૩ | ૩ | ૩ |
| ૩૧ | મરણ | બંને | બંને | બંને | બંને |
| ૩૨ | ગતિ | મનુષ્ય, તિર્યંચ | ૨ ગતિ | ૨ ગતિ | ૨ ગતિ |
| ૩૩ | સર્વ જીવ ઉત્પતિ | અનેક વાર કે અનંતવાર | અનેક વાર કે અનંતવાર | અનેક વાર કે અનંતવાર | અનેક વાર કે અનંતવાર |

**નોંધ :–** (૧) સર્વ જીવોની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. (૨) જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. (૩) આ ચાર્ટમાં અસં. = અસંખ્યાત, અવ. = અવસર્પિણી, ઉત્સ.= ઉત્સર્પિણી.

**॥ શતક–૨૧/૮ સંપૂર્ણ ॥**

**॥ શતક–૨૧ સંપૂર્ણ ॥**

# શતક–૨૨ : વર્ગ ૧ થી ૬

## પ્રથમ તાલવર્ગ : દશ ઉદ્દેશક

**વર્ગોના નામ :–**

**૧** **તાલેगट्ठिय-बहुबीयगा य, गुच्छा य गुम्म वल्ली य ।**
**छद्दस वग्गा एए, सट्ठिं पुण होंति उद्देसा ॥**

**ભાવાર્થ :–** આ શતકમાં છ વર્ગ છે. પ્રત્યેકના દશ–દશ ઉદ્દેશકો છે. તે વર્ગોનાં નામ આ પ્રમાણે છે– (૧) તાલ, (૨) અગસ્તિક(એકાસ્થિક), (૩) બહુબીજક, (૪) ગુચ્છ, (૫) ગુલ્મ, (૬) વલ્લિ. પ્રત્યેકના દશ-દશ ઉદ્દેશક હોવાથી, સર્વ મળીને ૬૦ ઉદ્દેશક થાય છે.

**વિવેચન :–**

વિષયની મુખ્યતાએ આ શતકના છ વર્ગોના નામ આ પ્રમાણે છે–
**(૧) તાલ :–** તાલ, તમાલ આદિ વૃક્ષોના વિષયમાં વર્ણન પ્રથમ વર્ગમાં છે.
**(૨) એકાસ્થિક :–** જેના ફળમાં એક બીજ હોય, તેવા લીમડો, આંબો, જાંબુ વગેરેનું વર્ણન બીજા વર્ગમાં છે.
**(૩) બહુબીજક :–** જેના ફળમાં બહુ બીજ હોય તેવા વૃક્ષો અસ્થિક, તિંદુક-કોઠું આદિ વિષયક વર્ણન ત્રીજા વર્ગમાં છે.
**(૪) ગુચ્છ :–** રીંગણી આદિ ગુચ્છ વનસ્પતિના વિષયમાં વર્ણન ચોથા વર્ગમાં છે.
**(૫) ગુલ્મ :–** નવમાલિકા, સિરિયક આદિ વનસ્પતિઓ સંબંધિત વર્ણન પાંચમા વર્ગમાં છે.
**(૬) વલ્લી :–** વેલના વિષયમાં વર્ણન છટ્ઠા વર્ગમાં છે.

**તાલ-તમાલાદિની ઉત્પત્તિ :–**

**૨** **रायगिहे *जाव* एवं वयासी– अह भंते ! ताल-तमाल-तक्कलि-तेतलि-साल-सरला-सारगल्लाणं *जाव* केयइ-कदलि-कंदलि-चम्मरुक्ख-गुंदरुक्ख-हिंगुरुक्ख-लवंगरुक्ख-पूयफल-खज्जूरि-णालिएरीणं एएसि णं जे जीवा मूलत्ताए वक्कमंति, ते णं भंते ! जीवा कओहिंतो उववज्जंति ?**

**गोयमा ! एत्थ वि मूलादीया दस उद्देसगा कायव्वा जहेव सालीणं, णवरं इमं णाणत्तं– मूले कंदे खंदे तयाए साले य एएसु पंचसु उद्देसगेसु देवो ण उववज्जइ । तिण्णि लेसाओ । ठिई जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दसवास-सहस्साइं । उवरिल्लेसु पंचसु उद्देसएसु देवो उववज्जइ । चत्तारि लेसाओ । ठिई जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वासपुहुत्तं । ओगाहणा मूले कंदे धणुहपुहुत्तं, खंधे तयाए साले य गाउयपुहुत्तं, पवाले पत्ते**

**धणुपुहुत्तं, पुप्फे हत्थपुहुत्तं, फले बीए य अंगुलपुहुत्तं । सव्वेहिं जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं। सेसं जहा सालीणं । एवं एए दस उद्देसगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ ***યાવત્*** આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! તાલ (તાડ), તમાલ, તક્કલી, તેતલી, શાલ, સરલ,(દેવ-દારુ) સારગલ્લ, ***યાવત્*** કેતકી(કેવડો) કદલી-કેળા, કંદલી, ચર્મવૃક્ષ, ગુંદવૃક્ષ-ગુંદાનું ઝાડ, હિંગુવૃક્ષ, લવિંગનું વૃક્ષ, સોપારીનું વૃક્ષ, ખજૂરી અને નારિયેળી, આ સર્વના મૂળપણે જે જીવો ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! શાલિવર્ગની સમાન અહીં પણ મૂલાદિ દશ ઉદ્દેશક કહેવા જોઈએ. વિશેષતા એ છે કે આ વૃક્ષોના મૂળ, કંદ, સ્કંધ, ત્વચા અને શાખા, આ પાંચ ઉદ્દેશકોમાં વર્ણવેલ વિભાગમાં દેવો આવીને ઉત્પન્ન થતા નથી, તેથી ત્યાં ત્રણ લેશ્યા હોય છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દશ હજાર વર્ષની હોય છે. શેષ પાંચ ઉદ્દેશકોમાં વર્ણવેલ વિભાગમાં દેવો ઉત્પન્ન થાય છે. તેથી તેમાં ચાર લેશ્યાઓ હોય છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનેક વર્ષની હોય છે.

મૂળ અને કંદની અવગાહના ઉત્કૃષ્ટ અનેક ધનુષની, સ્કંધ, ત્વચા અને શાખાની અનેક ગાઉની, પ્રવાલ અને પત્રની અનેક ધનુષની, પુષ્પની અનેક હાથની, ફળ અને બીજની અનેક અંગુલની ઉત્કૃષ્ટ અવગાહના હોય છે. આ સર્વની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે. શેષ સર્વ કથન શાલિ વર્ગની સમાન જાણવું જોઈએ. આ રીતે દશ ઉદ્દેશક હોય છે.

**વિવેચન :–**

આ શતકના સર્વ વર્ગોની વ્યાખ્યા પ્રાયઃ શતક-૨૧ની સમાન છે. દેવોની ઉત્પત્તિ ક્યાં થાય છે– તદ્વિષયક ગાથા આ પ્રમાણે છે–

**पत्त पवाले पुप्फे, फले य बीए य होइ उववाओ ।**
**रुक्खेसु सुरगणाण, पसत्थरस वण्ण-गंधेसु ॥**

**અર્થ :–** ઉત્તમ રસ, વર્ણ અને ગંધ વાળા વૃક્ષોના પત્ર, પ્રવાલ, પુષ્પ, ફળ અને બીજ, આ પાંચમાંથી કોઈ અવસ્થામાં દેવો આવીને ઉત્પન્ન થાય છે. ઈક્ષુ આદિના સ્કંધમાં દેવો ઉત્પન્ન થાય છે.

**॥ શતક–૨૨/૧ સંપૂર્ણ ॥**

## બીજો એકાસ્થિક વર્ગ : દશ ઉદ્દેશક

**૧ अह भंते ! णिंबंब-जंबु-कोसंब-ताल-अंकोल्ल-पीलु-सेलु-सल्लइ-मोयइ-मालुय-बउल-पलास-करंज-पुत्तंजीवग-रिट्ठ-बिहेडग-हरियग-भल्लाय-उंबरिया-खीरणि-धायई-पियाल-पूइयणिंबायग(करंज)सेण्हय-पासिय-सीसव-असण-पुण्णाग-णागरुक्ख-सीवण्ण-असोगाणं एएसि णं जे जीवा मूलत्ताए वक्कमंति, पुच्छा ?**

**गोयमा ! एवं मूलादीया दस उद्देसगा कायव्वा णिरवसेसं जहा तालवग्गो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લીમડો, આંબો, જાંબુ, કોશમ્બ, તાલ, અંકોલ્લ, પીલુ, સેલુ, સલ્લકી,

મોચકી, માલુક, બકુલ, પલાશ, કરંજ, પુત્રંજીવક, અરીઠા, બહેડા, હરડે, ભિલ્લામા, ઉમ્બરિય, ક્ષીરણી, ઘાતકી, પ્રિયાલ– ચારોળી, પૂતિક, નિવાગ, સેણ્હક, પાસિય, શીશમ, અશન, પુન્નાગ(નાગ કેશર), નાગવૃક્ષ, શ્રીપર્ણ અને અશોક, આ સર્વ વૃક્ષોના મૂળમાં જે જીવો ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અહીં પણ તાલ વર્ગની સમાન સમગ્ર રૂપે મૂલ આદિ દશ ઉદ્દેશક કહેવા જોઈએ તેના પાંચ વિભાગમાં દેવો આવીને ઉત્પન્ન થાય છે તેમ સમજવું.

**॥ શતક–૨૨/૨ સંપૂર્ણ ॥**

## ત્રીજો બહુબીજક વર્ગ : દશ ઉદ્દેશક

**૧ अह भंते ! अत्थिय-तिंदुय-बोर-कविट्ठ-अंबाडग-माउलिंग-बिल्ल-आमलग-फणस-दाडिम-आसत्थ-उंबर-वड-णग्गोह-णंदिरुक्ख-पिप्पलि-सतर-पिलक्खुरुक्ख-काउंबरिय-कुच्छुंभरिय-देवदालि-तिलगलउय-छत्तोह-सिरीस-सत्तवण्ण-दहिवण्ण-लोद्ध-धव-चंदण-अज्जुण-णीव-कुडुग-कलंबाणं एएसि णं जे जीवा मूलत्ताए वक्कमंति, पुच्छा ?**

**गोयमा ! एत्थ वि मूलादीया दस उद्देसगा तालवग्गसरिसा णेयव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અગસ્તિક, તિન્દુક, બોર, કવીઠ, અંબાડક, બીજોરા, બિલા, આમળા, ફણસ, દાડમ, પીપળો, ઉદુમ્બર, વડ, ન્યગ્રોધ, નન્દિવૃક્ષ, પીપર, સતર, પ્લક્ષ વૃક્ષ, કાકોદુમ્બરી, કસ્તુંભરી, દેવદાલિ, તિલક, લીચી, છત્રોધ, શિરીષ, સપ્તપર્ણ, દધિપર્ણ, લોધ્રક, ધવ, ચંદન, અર્જુન, નીપ, કુટજ, કદમ્બ, આ સર્વ વૃક્ષોના મૂળરૂપે જે જીવો ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અહીં પણ પ્રથમ તાલવર્ગની સમાન મૂલ આદિથી બીજ સુધીના દશ ઉદ્દેશક છે. તેના પાંચ વિભાગમાં દેવો આવીને ઉત્પન્ન થાય તેમ સમજવું જોઈએ.

**॥ શતક–૨૨/૩ સંપૂર્ણ ॥**

## ચોથો ગુચ્છ વર્ગ : દશ ઉદ્દેશક

**૧ अह भंते ! वाइंगणि-अल्लइ-पोंडइ एवं जहा पण्णवणाए गाहाणुसारेणं णेयव्वं** *जाव* **गंज-पाडला-वासि-अंकोल्लाणं एएसि णं जे जीवा मूलत्ताए वक्कमंति, पुच्छा ?**

**गोयमा ! एत्थ वि मूलादीया दस उद्देसगा** *जाव* **बीयं ति णिरवसेसं जहा वंसवग्गो।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રીંગણી, અલ્લઈ, પોંડઈ ઈત્યાદિ વૃક્ષોના નામ પ્રજ્ઞાપનાસૂત્રના પ્રથમ પદની ગાથા અનુસાર જાણવા જોઈએ ***યાવત્*** ગંજ, પાટલા, દાસિ, અંકોલ્લ સુધી; આ સર્વ વૃક્ષો(છોડ)ના મૂળરૂપે જે જીવ ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અહીં પણ મૂળથી લઈને બીજ સુધી સમગ્રરૂપે મૂલાદિ દશ ઉદ્દેશક શતક-૨૧/૪ વાંસ વર્ગની સમાન જાણવા જોઈએ.(તેની કોઈ પણ અવસ્થામાં દેવ આવીને ઉત્પન્ન થતા નથી.)

॥ શતક–૨૨/૪ સંપૂર્ણ ॥

## પાંચમો ગુલ્મ વર્ગ : દશ ઉદ્દેશક

**१ अह भंते ! सिरियका-णवमालिय-कोरंटग-बंधुजीवग-मणोज्जा, एवं जहा पण्णवणाए पढमपए गाहाणुसारेणं *जाव* णलणीयकुंद-महाजाईणं, एएसि णं जे जीवा मूलत्ताए वक्कमंति, पुच्छा ?**

**गोयमा ! एत्थ वि मूलादीया दस उद्देसगा णिरवसेसा जहा सालीणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સિરિયક, નવમાલિકા, કોરંટક, બંધુજીવક, મણોજા ઈત્યાદિ સર્વ નામ પ્રજ્ઞાપના સૂત્રના પ્રથમ પદની ગાથાનુસાર જાણવા ***યાવત્*** નલિની, કુંદ અને મહાજાતિ. આ સર્વ વૃક્ષોના મૂળરૂપે જે જીવો ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અહીં પણ શાલિવૃક્ષની સમાન મૂળાદિ દશ ઉદ્દેશક છે અર્થાત્ તેની અંતિમ ત્રણ અવસ્થા પુષ્પ, ફળ અને બીજમાં દેવો ઉત્પન્ન થાય છે તેથી તેમાં ચાર લેશ્યા અને ૮૦ ભંગ થાય. પ્રથમની મૂળાદિ સાત અવસ્થામાં દેવો ઉત્પન્ન થતા નથી.

॥ શતક–૨૨/૫ સંપૂર્ણ ॥

## છઠ્ઠો લતા-વેલા વર્ગ : દશ ઉદ્દેશક

**१ अह भंते ! पूसफलि-कालिंगी-तुंबी-तउसी-एलावालुंकी एवं पयाणि जाणियव्वाणि पण्णवणागाहाणुसारेणं जहा तालवग्गे *जाव* दधिफोल्लइ-काकलि-मोक्कलि-अक्कबोंदीणं, एएसि णं जे जीवा मूलत्ताए वक्कमंति, पुच्छा ?**

**गोयमा ! मूलादीया दस उद्देसगा कायव्वा जहा तालवग्गो । णवरं फलउद्देसे ओगाहणाए जहण्णं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं धणुपुहुत्तं । ठिई सव्वत्थ जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं वासपुहुत्तं, सेसं तं चेव । छट्ठो वग्गो समत्तो । एवं छसु वि वग्गेसु सट्ठिं उद्देसगा भवंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૂસફલિકા, તરબૂચનો વેલો, તૂંબડી, કાકડી, એલાયચી, વાલુંકી ઈત્યાદિ વલ્લીવાચક પદ પ્રજ્ઞાપના સૂત્રના પ્રથમ પદની ગાથા અનુસાર જાણવા. ત્યાર પછી તાલવર્ગની સમાન ***યાવત્*** દધિફોલ્લઈ, કાકણી, મોક્કલી અને અર્કબોન્દી, આ સર્વ વલ્લિઓ-લત્તાઓના મૂળરૂપે જે જીવો ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અહીં પણ તાલવર્ગની સમાન મૂલ આદિ દશ ઉદ્દેશક કહેવા જોઈએ. વિશેષતા એ છે કે ફલોદ્દેશકમાં ફળની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અનેક ધનુષ છે. સ્થિતિ– સર્વ સ્થાને જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ અનેક વર્ષની છે, શેષ પૂર્વવત્ છે અર્થાત્ તેમાં મૂળ

આદિ પાંચ અવસ્થામાં દેવો ઉત્પન્ન થતા નથી, અંતિમ પાંચ અવસ્થામાં દેવો ઉત્પન્ન થાય છે.

**વિવેચન :–**

અહીં લત્તા-વેલાના નામ નિર્દેશને માટે પ્રજ્ઞાપના સૂત્રના પ્રથમ પદની ૨૬ થી ૩૦ ગાથાનો અતિદેશ કર્યો છે. તેમાં ગાથા-૨૯માં **'मुद्दिय'** શબ્દ છે, જેનો અર્થ મૃદ્વીકા અર્થાત્ દ્રાક્ષ થાય છે. તેના પણ મૂળથી લઈને બીજ સુધીના દશ ઉદ્દેશક છે. તેથી દ્રાક્ષમાં પણ બીજ છે તે સ્પષ્ટ થાય છે. તેમજ તેમાં દેવો આવીને ઉત્પન્ન થઈ શકે છે. આજ રીતે પ્રથમ તાલવર્ગમાં કદલીમાં મૂળથી બીજ પર્યંત દશ ઉદ્દેશક કહ્યા છે. તેમાં પણ પાંચ વિભાગમાં પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજમાં દેવો આવીને ઉત્પન્ન થાય છે.

**શતક–૨૨ વર્ગ–૧ થી ૬ :–**

| દ્વાર | (૧)તાલ વર્ગ (૨)એકાસ્થિક વર્ગ (૩)બહુબીજક વર્ગ (૬) લત્તા વર્ગ | (૪) ગુચ્છવર્ગ રીંગણી આદિ | (૫) ગુલ્મવર્ગ |
|---|---|---|---|
| ઉત્પત્તિ | મૂળઆદિ પાંચમાં– મનુષ્ય, તિર્યંચ બે ગતિમાંથી. પ્રવાલ આદિ પાંચમાં– દેવ સહિત ત્રણ ગતિમાંથી. | મનુષ્ય, તિર્યંચ, ગતિમાંથી | મૂલ આદિ સાતમાં બે ગતિમાંથી. પુષ્પ, ફળ, બીજમાં દેવ સહિત ત્રણ ગતિમાંથી |
| લેશ્યા | મૂલ આદિ પાંચમાં–૩ લેશ્યા–૨૬ ભંગ પ્રવાલ આદિ પાંચમાં ૪ લેશ્યા–૮૦ ભંગ | ૩ લેશ્યા–૨૬ ભંગ | મૂલ આદિ ૭માં ૩ લેશ્યા–૨૬ ભંગ પુષ્પ,ફળ,બીજમાં– ૪ લેશ્યા, ૮૦ ભંગ |
| અવગાહના | જઘ.અંગુલનો અસંખ્યાતમો ભાગ ઉ. મૂળ–કંદની પ્રત્યેક ધનુષ. સ્કંધ, ત્વચા–શાખાની પ્રત્યેક ગાઉ, પ્રવાલ–પત્રની પ્રત્યેક ધનુષ, પુષ્પની–પ્રત્યેક હાથ, ફળ–બીજની અનેક અંગુલ | જઘન્ય– અંગુલનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ– અનેક ધનુષ | મૂલ આદિ ૭ ની પ્રત્યેક ધનુષ પુષ્પ, ફળ, બીજની અનેક અંગુલ |
| સ્થિતિ | મૂલાદિ પાંચની જઘ.અંતઃ ઉ.૧૦૦૦૦ વર્ષ પ્રવાલાદિ પાંચની અનેક વર્ષ | જઘન્યુ– અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ– અનેક વર્ષ | જઘન્ય– અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ– અનેક વર્ષ |

**નોંધ :–** શેષ દ્વારોનું કથન શતક-૨૧ અનુસાર જાણવું

**॥ શતક–૨૨/૬ સંપૂર્ણ ॥**

**॥ શતક–૨૨ સંપૂર્ણ ॥**

# શતક–૨૩ : વર્ગ–૧ થી ૫

## પહેલો આલુક વર્ગ : દશ ઉદ્દેશક

**વર્ગોના નામ અને ઉદ્દેશક સંખ્યા :–**

**૧** **आलुय-लोही अवया पाढा तह मासवण्णि-वल्ली य ।**
**पंचेए दसवग्गा पण्णासं होंति उद्देसा ॥**

**ભાવાર્થ :–** આ શતકના પાંચ વર્ગ છે, (૧) બટેટા, (૨) લોહિત, (૩) અવક, (૪) પાઠા, (૫) માષવર્ણી વલ્લી. એક એક વર્ગના ૧૦ ઉદ્દેશક છે. તેથી પાંચ વર્ગના ૫૦ ઉદ્દેશક થાય છે.

**વિવેચન :–**

વિષયોની મુખ્યતાએ વર્ગોના નામ આ પ્રમાણે છે–

**(૧) આલુ :–** બટેટા, મૂળા, આદુ, હળદર આદિ સાધારણ વનસ્પતિના પ્રકાર સંબંધી મૂલાદિ ૧૦ ઉદ્દેશક છે.
**(૨) લોહિત :–** લોહી, નીહૂ, થીહૂ, આદિ અનંતકાયિક વનસ્પતિ સંબંધિત દશ ઉદ્દેશક છે.
**(૩) અવક :–** અવક આદિ વનસ્પતિ સંબંધી ૧૦ ઉદ્દેશક છે.
**(૪) પાઠા :–** પાઠા, મૃગવાલુંકી આદિ વનસ્પતિ સંબંધી વર્ણન છે.
**(૫) માષવર્ણી :–** માષવર્ણી આદિ વનસ્પતિઓ સંબંધિત વર્ણન છે.

**બટેટા આદિમાં ઉત્પતિ આદિ :–**

**૨** **रायगिहे *जाव* एवं वयासी– अह भंते ! आलुय-मूलग-सिंगबेर-हलिद्द-रुरु-कंडरिय-जारु-छीरबिरालि-किट्ठि-कुंदुक-कण्हकडभु-महु-पुयलइ-महुसिंगि-णेरुहा-सप्पसुगंधा-छिण्णरुहा-बीय-रुहाणं एएसि णं जे जीवा मूलत्ताए वक्कमंति, पुच्छा ?**

**गोयमा ! मूलादीया दस उद्देसगा कायव्वा वंसवग्गसरिसा, णवरं परिमाणं जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा अणंता वा उववज्जंति । अवहारो– गोयमा ! ते णं अणंता, समयेसमये अवहीरमाणा- अवहीरमाणा अणंताहिं ओसप्पिणीहिं उस्सप्पिणीहिं, एवइकालेणं अवहीरंति, णो चेव णं अवहरिया सिया । ठिई जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं । सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામીએ ***યાવત્*** આ પ્રમાણે પૂછ્યું–

હે ભગવન્ ! બટેટા, મૂળા, આદુ, હળદર, રુરુ, કંડરીક, જીરુ, ક્ષીરવિરાલી (આકડાનું વૃક્ષ), કિટ્ઠિ, કુન્દુક, કૃષ્ણ, કડસુ, મધુ, પયલઈ, મધુ શૃંગી, નિરુહા, સર્પસુગંધા, છિન્નરુહા અને બીજરુહા, આ વૃક્ષોના

મૂળપણે જે જીવો ઉત્પન્ન થાય છે, તે જીવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! અહીં વાંસવર્ગની સમાન મૂલાદિ દશ ઉદ્દેશક કહેવા જોઈએ. વિશેષતા એ છે કે તેનું પરિમાણ એક સમયમાં જઘન્ય એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત, અસંખ્યાત અને અનંત જીવો આવીને ઉત્પન્ન થાય છે.

અપહાર– હે ગૌતમ ! જો એક એક સમયે એક એક જીવનો અપહાર થાય(બહાર કાઢવામાં આવે) તો અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી કાલ સુધી અપહાર કરાય, તેમ છતાં તેનો અપહાર થતો નથી.(આ પ્રકારે કોઈએ કર્યું નથી અને કરી શકતા પણ નથી,) તેની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે. શેષ સર્વ પૂર્વવત્ છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત વર્ગમાં બટેટા આદિ સાધારણ વનસ્પતિઓનું કથન વાંસવર્ગના અતિદેશપૂર્વક કર્યું છે, તેમાં વિશેષતા આ પ્રમાણે છે–

**ઉત્પત્તિ**– વાંસ વર્ગની જેમ દેવો આવીને ઉત્પન્ન થતા નથી. દેવો સાધારણ વનસ્પતિમાં ઉત્પન્ન થતા નથી.

**પરિમાણ**– એક સમયમાં એક, બે, ત્રણ ઉત્કૃષ્ટ અનંત જીવો ઉત્પન્ન થાય છે.

**અપહાર**– અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી કાલમાં પણ તેનો અપહાર થતો નથી. અર્થાત્ અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી કાલના સમય કરતા એક સમયમાં ઉત્પન્ન થતાં અનંત જીવો અધિક છે.

**સ્થિતિ**– જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**ભવાદેશ**– તે જ સ્થાનમાં જન્મ-મરણ કરે તો અનંત ભવ કરે.

**કાલાદેશ**– અનંત જન્મ-મરણમાં અનંત કાલ વ્યતીત કરે છે, શેષ કથન વાંસવર્ગની સમાન છે.

**॥ શતક–૨૩/૧ સંપૂર્ણ ॥**

## બીજો લોહિત વર્ગ : દશ ઉદ્દેશક

**१ अह भंते ! लोही-णीहू-थीहू-थिवगा-अस्सकण्णी-सीहकण्णी-सीउंढी-मुसंढीणं, एएसि णं जीवा मूलत्ताए, पुच्छा ?**

**गोयमा ! एत्थ वि दस उद्देसगा जहेव आलुवग्गे । णवरं ओगाहणा तालवग्गसरिसा, सेसं तं चेव ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! લોહી, નીહૂ, થીહૂ, થિભગા, અશ્વકર્ણી, સિંહકર્ણી, સીઉંઢી અને મુસુંઢી; આ સર્વના મૂળપણે જે જીવો ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! આલુ(બટેટા) વર્ગની સમાન અહીં પણ મૂલાદિ દશ ઉદ્દેશક જાણવા જોઈએ. અવગાહના તાડવર્ગની સમાન છે, શેષ પૂર્વવત્. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

॥ શતક–૨૩/૨ સંપૂર્ણ ॥

## ત્રીજો અવક વર્ગ : દશ ઉદ્દેશક

**१** अह भंते ! अवक-कवक-कुहुण-कुंदुरुक्क-उव्वेहलिया-सफा-सज्जा-छत्ता-वंसाणिय-कुराणं, एएसि णं जे जीवा मूलत्ताए, पुच्छा ?

गोयमा ! एत्थ वि मूलादीया दस उद्देसगा णिरवसेसा जहा आलुवग्गो, णवरं ओगाहणा तालवग्गसरिसा, सेसं तं चेव ॥ सेवं भंते ! सेवं भंते ! ॥

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અવક, કવક, કુહણા, કુન્દરુક્ક, ઉવ્વેહલિય, સફા, સજ્જા, છત્રા, વંશાનિકા અને કુરા, આ સર્વના મૂળરૂપે જે જીવ ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આલુ-વર્ગની સમાન અહીં પણ મૂલાદિ દશ ઉદ્દેશક જાણવા જોઈએ. અવગાહના તાડવર્ગની સમાન છે. શેષ સર્વ પૂર્વવત્ છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે.॥

॥ શતક–૨૩/૩ સંપૂર્ણ ॥

## ચોથો પાઠા વર્ગ : દશ ઉદ્દેશક

**१** अह भंते ! पाढा-मियवालुंकि-महुररसा-रायवल्लि-पउमा-मोंढरि-दंति-चंडीणं, एएसि णं जे जीवा मूलत्ताए, पुच्छा ?

गोयमा ! एत्थ वि मूलादीया दस उद्देसगा आलुयवग्गसरिसा, णवरं ओगाहणा जहा वल्लीणं, सेसं तं चेव ॥ सेवं भंते ! सेवं भंते ! ॥

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પાઠા, મૃગવાલુંકી, મધુર-રસા, રાજવલ્લી, પદ્મા, મોઢરી, દંતી અને ચંડી, આ સર્વ વનસ્પતિના મૂલરૂપે ઉત્પન્ન થતા જીવ ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આલુ-વર્ગની સમાન અહીં પણ મૂલાદિ દશ ઉદ્દેશક જાણવા જોઈએ. અવગાહના વલ્લીની સમાન છે. શેષ પૂર્વવત્ છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

॥ શતક–૨૩/૪ સંપૂર્ણ ॥

## પાંચમો માષપર્ણી વર્ગ : દશ ઉદ્દેશક

**१** अह भंते ! मासपण्णी-मुग्गपण्णी-जीवग-सरिसव-करेणुय-काओलि-खीरकाओली-भंगि-णहि-किमिरासि-भद्दमुत्थ-णंगलइ-पयुय-किण्हा-पउल-पाढेहरेणुया-लोहीणं, एएसि णं जे जीवा मूलत्ताए, पुच्छा ?

गोयमा ! एत्थ वि दस उद्देसगा णिरवसेसं आलुयवग्गसरिसा । एवं एत्थ पंचसु वि

**वग्गेसु पण्णासं उद्देसगा भाणियव्वा । सव्वत्थदेवा ण उववज्जंति, तिण्णि लेसाओ ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! માષપર્ણી, મુદ્‌ગપર્ણી, જીવક, સર્ષપ, કરેણુક, કાકોલી, ક્ષીર કાકોલી, ભંગીનખી, કૃમિ-રાશિ, ભદ્રમુસ્તા, લંગલી, પયોદકષ્ણા, પડલક પાઢ, હરણુકા અને લોહી; આ સર્વના મૂળપણે જે જીવો ઉત્પન્ન થાય છે, તે ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અહીં પણ આલુ-વર્ગની સમાન મૂલાદિ દશ ઉદ્દેશક જાણવા જોઈએ. આ રીતે પાંચ વર્ગોના સર્વ મળીને ૫૦ ઉદ્દેશક છે. પાંચે વર્ગમાં કથિત વનસ્પતિના દશે વિભાગમાં દેવો ઉત્પન્ન થતા નથી. તેથી સર્વમાં પ્રથમ ત્રણ લેશ્યાઓ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત શતકમાં કથિત ઘણી વનસ્પતિઓ અપ્રસિદ્ધ છે. તેના નામ આદિ વિસ્તૃત કથન શ્રી પ્રજ્ઞાપના સૂત્રના પ્રથમ પદમાં છે, જિજ્ઞાસુઓએ ત્યાંથી જોઈ લેવા. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**શતક–૨૩ વર્ગ–૧ થી ૫ :–**

**અનંતકાયિક વનસ્પતિની દશ અવસ્થાઓમાં મુખ્ય દ્વાર :–**

| દ્વાર | ૧. આલુવર્ગ, ૨. લોહિત વર્ગ, ૩. આવક વર્ગ, ૪. પાઠા વર્ગ, ૫. માષપણી વર્ગ મૂળાદિ દશે અવસ્થા. |
|---|---|
| ઉત્પત્તિ | મનુષ્ય અને તિર્યંચગતિમાંથી (દેવોની ઉત્પત્તિ નથી) |
| પરિમાણ | જઘ. ૧, ૨, ૩ ઉ. સંખ્યાત, અસંખ્યાત કે અનંત |
| અપહાર | અનંત ઉત્સ. અવ. |
| સ્થિતિ | જઘ. ઉ. અંતર્મુહૂર્ત |
| કાલાદેશ | અનંતકાલ |
| ભવાદેશ | અનંત ભવ. |

**નોંધ :–** શેષ દ્વારનું કથન વાંસ વર્ગની સમાન છે.

**॥ શતક–૨૩/–૫ સંપૂર્ણ ॥**

**॥ શતક–૨૩ સંપૂર્ણ ॥**

# ॥ ભગવતી સૂત્ર ભાગ–૪ સંપૂર્ણ ॥

**પરિશિષ્ટ–૧ :**

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા


| ક્રમ | શબ્દ | શતક | ઉદ્દેશક | પૃષ્ટ |
|---|---|---|---|---|
| અ | અકતિ સંચિત | ૨૦ | ૧૦ | ૫૯૬ |
| | અકર્મભૂમિ | ૨૦ | ૮ | ૫૭૫ |
| | અકાંત | ૧૩ | ૪ | ૪૩ |
| | **अक्खए वि अहं** | ૧૮ | ૧૦ | ૪૬૩ |
| | અગમ | ૨૦ | ૨ | ૫૨૯ |
| | અગ્રાહ્ય | ૨૦ | ૫ | ૫૬૧ |
| | અચરમ | ૧૮ | ૧ | ૩૮૦ |
| | અચરમ નૈરયિક | ૧૩ | ૧ | ૧૧ |
| | અછેદ્ય | ૨૦ | ૫ | ૫૬૧ |
| | અજીવ ઉદય નિષ્પન્ન | ૧૭ | ૧ | ૩૩૫ |
| | **अट्ठचरिमाइं** | ૧૫ | × | ૨૨૯ |
| | **अट्ठविहं पुव्वगयंमग्गदसमं** | ૧૫ | × | ૧૮૭ |
| | **अणक्कमणिज्जाइं वागराणाइं** | ૧૫ | ૧૮૮ | |
| | **अणीहारिम** | ૧૩ | ૭ | ૧૦૨ |
| | **अणेगभूयभावभविए वि अहं** | ૧૮ | ૧૦ | ૪૬૩ |
| | **अणोमाणतरा** | ૧૩ | ૪ | ૪૨ |
| | અદાહ્ય | ૨૦ | ૫ | ૫૬૧ |
| | અધિકરણ | ૧૬ | ૧ | ૨૬૬ |
| | અધિકરણી | ૧૬ | ૧ | ૨૬૬ |
| | અનર્દ્ધ | ૨૦ | ૫ | ૫૬૧ |
| | અનિષ્ટ | ૧૩ | ૪ | ૪૩ |
| | અનંત | ૨૦ | ૨ | ૫૨૯ |
| | અનંતર ખેદોપપન્નક | ૧૪ | ૧ | ૧૨૨ |
| | અનંતર નિર્ગત | ૧૪ | ૧ | ૧૨૧ |
| | અનંતર–પરંપર ખેદોપપન્નક | ૧૪ | ૧ | ૧૨૨ |
| | અનંતર પરંપર નિર્ગત | ૧૪ | ૧ | ૧૨૧ |
| | અનંતર–પરંપરાનુપપન્નક | ૧૪ | ૧ | ૧૧૯ |
| | અનંતર પર્યાપ્તક | ૧૩ | ૧ | ૧૧ |
| | અનંતર બંધ | ૨૦ | ૭ | ૫૭૧ |
| | અનંતરાવગાઢ | ૧૩ | ૧ | ૧૧ |
| | અનંતરાહારક | ૧૩ | ૧ | ૧૧ |
| | અનંતરોપપન્નક | ૧૩ | ૧ | ૧૧ |
| | અનંતરોપપન્નક | ૧૪ | ૧ | ૧૧૯ |
| | અનંતરોપ૦ માં આયુષ્ય બંધ | ૧૪ | ૧ | ૧૨૦ |
| | અપ્રદેશ | ૨૦ | ૫ | ૫૬૧ |
| | અપ્રિય | ૧૩ | ૪ | ૪૩ |
| | **अबाहाए** | ૧૪ | ૮ | ૧૬૬ |
| | અભિમુખ નામ-ગોત્ર | ૧૮ | ૯ | ૪૫૦ |
| | **अभिवयणा** | ૨૦ | ૨ | ૫૨૮ |
| | અભેદ્ય | ૨૦ | ૫ | ૫૬૧ |
| | અમધ્ય | ૨૦ | ૫ | ૫૬૧ |
| | અમનામ | ૧૩ | ૪ | ૪૩ |
| | અમનોજ્ઞ | ૧૩ | ૪ | ૪૩ |
| | અમાયી સમ્યગ્દષ્ટિ ઉત્પન્ન | ૧૪ | ૩ | ૧૩૧ |
| | અમ્બરસ | ૨૦ | ૨ | ૫૨૯ |
| | અર્દ | ૨૦ | ૨ | ૫૨૯ |
| | અવકાશાન્તર | ૨૦ | ૨ | ૫૨૯ |
| | અવકતવ્ય સંચિત | ૨૦ | ૧૦ | ૫૯૬ |
| | અવગ્રહ | ૧૬ | ૨ | ૨૭૩ |
| | અવધિમરણ | ૧૩ | ૭ | ૯૭ |
| | અવસર્પિણી કાળ | ૨૦ | ૮ | ૫૭૬ |

| ક્રમ | શબ્દ | શતક | ઉદ્દેશક | પૃષ્ટ | ક્રમ | શબ્દ | શતક | ઉદ્દેશક | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | અવિભાજ્ય | ૨૦ | ૫ | ૫૬૧ | | **उदइए उदयणिफण्णे** | ૧૭ | ૧ | ૩૩૫ |
| | અવ્યક્ત સ્વપ્ન | ૧૬ | ૬ | ૨૯૭ | | ઉદ્વર્તના | ૨૦ | ૧૦ | ૫૯૩ |
| | અવ્યાબાધ | ૧૮ | ૧૦ | ૪૫૯ | | ઉન્માદ | ૧૪ | ૨ | ૧૨૫ |
| | **अव्वए वि अहं** | ૧૮ | ૧૦ | ૪૬૩ | | ઉપધિ અને પરિગ્રહમાં અંતર | ૧૮ | ૭ | ૪૩૦ |
| | **अव्वट्ठिए वि अहं** | ૧૮ | ૧૦ | ૪૬૩ | | ઉપયોગ | ૧૬ | ૭ | ૩૦૯ |
| | અસંવૃત્ત | ૧૬ | ૬ | ૨૯૯ | | ઉપયોગ અને પશ્યતામાં અંતર | ૧૬ | ૭ | ૩૦૯ |
| | અસ્તિકાય | ૧૩ | ૪ | ૪૯ | | **उवट्टेति** | ૧૩ | ૧ | ૯ |
| | **अहिगरणि** | ૧૬ | ૧ | ૨૬૨ | | **उवहि**–ઉપધિ | ૧૮ | ૭ | ૪૨૯ |
| આ | **आइण्णतरा** | ૧૩ | ૪ | ૪૨ | એ | એકભવિક | ૧૮ | ૯ | ૪૫૦ |
| | **आउलतरा** | ૧૩ | ૪ | ૪૨ | | **एगाहच्चं कूडाहच्चं** | ૧૫ | × | ૨૧૨ |
| | આકાશના પર્યાયવાચી નામો | ૨૦ | ૨ | ૫૨૮ | | **एगे वि अहं** | ૧૮ | ૧૦ | ૪૬૨ |
| | **आत्त–अणात्त** | ૧૪ | ૯ | ૧૭૫ | | એજના | ૧૭ | ૩ | ૩૪૬ |
| | આત્મઋદ્ધિ આદિ | ૨૦ | ૧૦ | ૫૯૩ | ઓ | **ओहीणाणी...संखेज्जा** | ૧૩ | ૧ | ૧૪ |
| | આત્મા | ૨૦ | ૨ | ૫૨૯ | અં | અંતરાત્મા | ૨૦ | ૨ | ૫૨૯ |
| | આત્મોપક્રમ | ૨૦ | ૧૦ | ૫૯૩ | | અંતરિક્ષ | ૨૦ | ૨ | ૫૨૯ |
| | આત્યંતિક મરણ | ૧૩ | ૭ | ૯૭ | | અંબર | ૨૦ | ૨ | ૫૨૯ |
| | આધોવધિજ્ઞાની | ૧૮ | ૮ | ૪૪૬ | ક | કતિ સંચિત | ૨૦ | ૧૦ | ૫૯૫ |
| | **आयावा असुरकुमारा** | ૧૩ | ૬ | ૮૮ | | કદાચિત્ ચરમ-અચરમ | ૧૮ | ૧ | ૩૮૦ |
| | **आलंबणं** | ૧૮ | ૨ | ૩૮૯ | | **कम्म लेसामेव पडिपडइ** | ૧૪ | ૧ | ૧૧૭ |
| | આવીચી મરણ | ૧૩ | ૭ | ૯૬ | | **कम्मलेस्सं** | ૧૪ | ૯ | ૧૭૩ |
| | આહાર દાન વિધિ | ૧૫ | × | ૧૯૩ | | કરણ | ૧૯ | ૯ | ૫૧૧ |
| | **आहारे** | ૧૮ | ૨ | ૩૮૯ | | કરણ અને નિર્વૃત્તિમાં તફાવત | ૧૯ | ૯ | ૫૧૩ |
| | **आहारेइ** | ૧૮ | ૩ | ૪૦૧ | | કર્તા | ૨૦ | ૨ | ૫૨૯ |
| ઇ | ઇન્દ્રિય ચલના | ૧૭ | ૩ | ૩૪૮ | | કર્મભૂમિ | ૨૦ | ૮ | ૫૭૫ |
| | ઈષત્પ્રાગ્ભારાથી અલોક અંતર | ૧૪ | ૮ | ૧૬૬ | | કલ્યોજ | ૧૮ | ૪ | ૪૧૦ |
| | **इंगाल कारियाए** | ૧૬ | ૧ | ૨૬૩ | | કાયા આત્મા-અનાત્મરૂપ | ૧૩ | ૭ | ૯૫ |
| ઉ | ઉત્કાલિક શ્રુત | ૨૦ | ૮ | ૫૭૯ | | કાયા જીવ-અજીવ | ૧૩ | ૭ | ૯૫ |
| | ઉત્સર્પિણી કાલ | ૨૦ | ૮ | ૫૯૬ | | કાયાનું ભેદન | ૧૩ | ૭ | ૯૫ |
| | | | | | | કાયા રૂપી-અરૂપી | ૧૩ | ૭ | ૯૫ |

| ક્રમ | શબ્દ | શતક | ઉદ્દેશક | પૃષ્ટ | ક્રમ | શબ્દ | શતક | ઉદ્દેશક | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કાલ એજના | ૧૭ | ૩ | ૩૪૭ | | **चाउज्जामं धम्मं** | ૨૦ | ૮ | ૫૭૭ |
| | કાલ કરણ | ૧૯ | ૯ | ૫૧૧ | | **चाउवण्णाइण्णे** | ૨૦ | ૮ | ૫૮૧ |
| | કાલ તુલ્ય | ૧૪ | ૭ | ૧૬૦ | | ચિંતા સ્વપ્ન દર્શન | ૧૬ | ૬ | ૨૯૭ |
| | કાલ પરમાણુ | ૨૦ | ૫ | ૫૬૨ | | **चेइयाइं वंदइ** | ૨૦ | ૯ | ૫૮૬ |
| | કાલિક શ્રુત | ૨૦ | ૮ | ૫૭૯ | | ચેત્તા | ૨૦ | ૨ | ૫૨૯ |
| | **कालियस्सुयस्स वोच्छेए** | ૨૦ | ૮ | ૫૭૮ | | **चेलुक्खेवे कए** | ૧૫ | × | ૧૯૩ |
| | **कुलत्था** | ૧૮ | ૧૦ | ૪૬૧ | | ચોર્યાશી સમર્જિત | ૨૦ | ૧૦ | ૬૦૪ |
| | કૃતયુગ્મ | ૧૮ | ૪ | ૪૧૦ | **છ** | **छउमत्थ... अंतिमराइयंसि** | ૧૬ | ૬ | ૩૯૩ |
| | કૃષ્ણપાક્ષિક-શુકલપાક્ષિક | ૧૩ | ૧ | ૭ | | **छ दिसाचरा** | ૧૫ | × | ૧૮૭ |
| | **केणइ उल्लोयमेत्तेणं** | ૧૫ | × | ૧૮૮ | | છિદ્ર | ૨૦ | ૨ | ૫૨૯ |
| **ખ** | ખહ | ૨૦ | ૨ | ૫૨૮ | **જ** | જગત | ૨૦ | ૨ | ૫૨૯ |
| **ગ** | ગગન | ૨૦ | ૨ | ૫૨૮ | | જરા-શોક | ૧૬ | ૨ | ૨૭૨ |
| | ગાથાપતિ અવગ્રહ | ૧૬ | ૨ | ૨૭૩ | | **जाणइ पासइ** | ૧૮ | ૮ | ૪૪૫ |
| | **गुज्झेसु** | ૧૮ | ૨ | ૩૮૯ | | **जाणविमाणेणं** | ૧૮ | ૨ | ૩૮૮ |
| | ગુરુ સાધર્મિક શુશ્રૂષા | ૧૭ | ૩ | ૩૫૦ | | જીવ | ૨૦ | ૨ | ૫૨૯ |
| **ઘ** | ઘનવાત-તનુવાત | ૨૦ | ૬ | ૫૬૭ | | જીવ ઉદય નિષ્પન્ન | ૧૭ | ૧ | ૩૩૫ |
| | ઘનોદધિ | ૨૦ | ૬ | ૫૬૭ | | **जीव णिव्वत्ति** | ૧૯ | ૮ | ૫૦૩ |
| | ઘનોદધિ આદિ વલય | ૨૦ | ૬ | ૫૬૮ | | જીવ પ્રયોગ બંધ | ૨૦ | ૭ | ૫૭૧ |
| **ચ** | **चक्खुभूए** | ૧૮ | ૨ | ૩૮૯ | | જીવને અપરિભોગ્ય ૨૪ બોલ | ૧૮ | ૪ | ૪૦૮ |
| | ચરમ | ૧૯ | ૫ | ૪૯૫ | | જીવને પરિભોગ્ય ૨૪ બોલ | ૧૮ | ૪ | ૪૦૮ |
| | ચરમ | ૧૮ | ૧ | ૩૮૦ | | જીવાસ્તિકાયના પર્યાય નામો | ૨૦ | ૨ | ૫૨૯ |
| | ચરમ-અચરમ પરમાણુ | ૧૪ | ૪ | ૧૩૮ | | જૃંભક દેવ | ૧૪ | ૮ | ૧૭૧ |
| | ચરમ કર્મ નિર્જરા | ૧૮ | ૩ | ૩૯૮ | | જેત્તા | ૨૦ | ૨ | ૫૨૯ |
| | | | | | | જંઘાચરણ | ૨૦ | ૯ | ૫૮૪ |
| | ચરમ કર્મ વેદન | ૧૮ | ૩ | ૩૯૮ | | જંતુ | ૨૦ | ૮ | ૫૨૯ |
| | ચરમ નિર્જરાના પુદ્ગલ | ૧૮ | ૩ | ૩૯૮ | **ણ** | **णमो सुयदेवयाए भगवईए** | ૧૫ | × | ૧૮૭ |
| | ચરમ નૈરયિક | ૧૩ | ૧ | ૧૧ | | **णाणावरणिज्जोदयस्स** | ૨૦ | ૭ | ૫૭૨ |
| | ચરમ મરણ | ૧૮ | ૩ | ૩૯૮ | | **णिच्छएसु** | ૧૮ | ૨ | ૩૮૯ |
| | ચરમ શરીર ત્યાગ | ૧૮ | ૩ | ૩૯૮ | | **णिज्जूहिता** | ૧૫ | × | ૧૮૮ |
| | ચલના | ૧૭ | ૩ | ૩૪૭ | | **णिरय परिसामंतेसु** | ૧૩ | ૬ | ૮૮ |

| ક્રમ | શબ્દ | શતક | ઉદ્દેશક | પૃષ્ટ | ક્રમ | શબ્દ | શતક | ઉદ્દેશક | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | **णीहारिम** | ૧૩ | ૭ | ૧૦૨ | | ધર્માસ્તિકાયના પર્યાય નામો | ૨૦ | ૨ | ૫૨૮ |
| ત | તદ્‌વિપરીત સ્વપ્નદર્શન | ૧૬ | ૬ | ૨૯૭ | ન | નભ | ૨૦ | ૨ | ૫૨૮ |
| | તમસ્કાય | ૧૪ | ૨ | ૧૨૮ | | નાયક | ૨૦ | ૨ | ૫૨૯ |
| | તીર્થ | ૨૦ | ૮ | ૫૮૧ | | નિંદા અને અનિંદા વેદના | ૧૯ | ૫ | ૪૯૬ |
| | તીર્થવિચ્છેદ | ૨૦ | ૮ | ૫૭૮ | | નિરુપક્રમ | ૨૦ | ૧૦ | ૫૯૩ |
| | **तुल्लए** (તુલ્યતા) | ૧૪ | ૭ | ૧૫૯ | | નિરુપક્રમ આયુષ્ય | ૨૦ | ૧૦ | ૫૯૧ |
| | **तुल्ल संखेज्ज गुणकालए** | ૧૪ | ૭ | ૧૬૦ | | નિર્વેદ | ૧૭ | ૩ | ૩૫૦ |
| | **तेयलेस्सं** | ૧૪ | ૯ | ૧૭૮ | | નોષટ્ક સમર્જિત | ૨૦ | ૧૦ | ૫૯૯ |
| | ત્ર્યોજ | ૧૮ | ૪ | ૪૧૦ | પ | **पउट्ट परिहारं परिहरन्ति** | ૧૫ | × | ૨૦૩ |
| દ | દશ દિશાના નામ | ૧૩ | ૪ | ૪૭ | | **पणिहाणे** | ૧૮ | ૭ | ૪૩૧ |
| | દાનનો દિવ્ય પ્રભાવ | ૧૫ | × | ૧૯૩ | | **पणीयभूमिए** | ૧૫ | × | ૧૯૭ |
| | **दिव्वं तेयलेस्सं असहमाणे** | ૧૬ | ૫ | ૨૯૦ | | **पमाणं** | ૧૮ | ૨ | ૩૮૯ |
| | દુઃખ | ૧૭ | ૪ | ૩૯૫ | | પરમ | ૧૯ | ૫ | ૪૯૫ |
| | **दुवे वि अहं** | ૧૮ | ૧૦ | ૪૬૨ | | પરમ અવધિજ્ઞાન | ૧૮ | ૮ | ૪૪૭ |
| | દુષ્પ્રણિધાન | ૧૮ | ૭ | ૪૩૧ | | **परिग्गह**– પરિગ્રહ | ૧૮ | ૭ | ૪૩૦ |
| | દષ્ટિવાદનો વિચ્છેદ | ૨૦ | ૮ | ૫૭૯ | | પરોપક્રમ | ૨૦ | ૧૦ | ૫૯૩ |
| | દેવ-વૃષ્ટિનું કારણ અને પ્રક્રિયા | ૧૪ | ૨ | ૧૨૭ | | પરંપર ખેદોપપન્નક | ૧૪ | ૧ | ૧૨૨ |
| | દેવેન્દ્ર અવગ્રહ | ૧૬ | ૨ | ૨૭૩ | | પરંપર નિર્ગત | ૧૪ | ૧ | ૧૨૧ |
| | **देसेण समोहणइ** | ૧૭ | ૬ | ૩૬૦ | | પરંપર પર્યાપ્તક | ૧૩ | ૧ | ૧૧ |
| | દ્રવ્ય એજના | ૧૭ | ૩ | ૩૪૭ | | પરંપર બંધ | ૨૦ | ૭ | ૫૭૧ |
| | દ્રવ્ય કરણ | ૧૯ | ૯ | ૫૧૧ | | પરંપરાવગાઢ | ૧૩ | ૧ | ૧૧ |
| | દ્રવ્ય તુલ્ય | ૧૪ | ૭ | ૧૫૯ | | પરંપરાહારક | ૧૩ | ૧ | ૧૧ |
| | દ્રવ્ય પરમાણુ | ૨૦ | ૫ | ૫૬૧ | | પરંપરોપપન્નક | ૧૪ | ૧ | ૧૧૯ |
| | દ્રવ્યબંધ | ૧૮ | ૩ | ૪૦૩ | | પરંપરોપપન્નક | ૧૩ | ૧ | ૧૧ |
| | દ્વાદશ સમર્જિત | ૨૦ | ૧૦ | ૬૦૧ | | પાદપોપગમન | ૧૩ | ૭ | ૧૦૨ |
| | દ્વાપર યુગ્મ | ૧૮ | ૪ | ૪૧૦ | | **पासणया** | ૧૬ | ૭ | ૩૦૯ |
| | દ્વીપ-સમુદ્ર | ૧૯ | ૬ | ૪૯૭ | | પુદ્‌ગલ | ૨૦ | ૨ | ૫૨૯ |
| ધ | **धम्मे ठिए** | ૧૭ | ૨ | ૩૩૮ | | પૂર્વશ્રુત | ૨૦ | ૮ | ૫૮૦ |
| | ધર્મ, અધર્મ, ધર્માધર્મનો અર્થ | ૧૭ | ૨ | ૩૩૮ | | **पंचमहव्वयंसपडिक्कमणं** | ૨૦ | ૮ | ૫૭૭ |

| ક્રમ | શબ્દ | શતક | ઉદ્દેશક | પૃષ્ટ | ક્રમ | શબ્દ | શતક | ઉદ્દેશક | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | **पंचहिं पज्जत्तीहिं** | ૧૮ | ૧ | ૩૭૮ | | ભાવિતાત્મા અણગાર | ૧૮ | ૩ | ૩૯૮ |
| | પંડિત | ૧૭ | ૨ | ૩૪૦ | | ભાષા–અજીવ | ૧૩ | ૭ | ૯૨ |
| | પંડિત મરણ | ૧૩ | ૭ | ૧૦૨ | | ભાષા–અચિત્ત | ૧૩ | ૭ | ૯૨ |
| | પ્રતાન સ્વપ્ન દર્શન | ૧૬ | ૬ | ૨૯૭ | | ભાષા અનાત્મ રૂપ | ૧૩ | ૭ | ૯૨ |
| | પ્રતિહત પાપકર્મ | ૧૭ | ૨ | ૩૩૮ | | ભાષા જીવને છે | ૧૩ | ૭ | ૯૨ |
| | પ્રત્યાખ્યાન પાપકર્મ | ૧૭ | ૨ | ૩૩૯ | | ભાષાનું ભેદન | ૧૩ | ૭ | ૯૩ |
| | પ્રથમ-અપ્રથમ | ૧૮ | ૧ | ૩૬૯ | | ભાષા રૂપી | ૧૩ | ૭ | ૯૨ |
| | પ્રયોગ બંધ | ૧૮ | ૩ | ૪૦૩ | | ભૂત(જીવ) | ૨૦ | ૨ | ૫૨૯ |
| | પ્રવચન | ૨૦ | ૮ | ૫૮૧ | મ | મન | ૧૩ | ૭ | ૯૪ |
| | પ્રાણ | ૨૦ | ૨ | ૫૨૯ | | મનની ઉત્પત્તિ | ૧૩ | ૭ | ૯૪ |
| | પ્રાસુક વિહાર | ૧૮ | ૧૦ | ૪૫૯ | | મનનું ભેદન | ૧૩ | ૭ | ૯૪ |
| બ | બદ્ધાયુષ્ક | ૧૮ | ૯ | ૪૫૦ | | મરણ | ૧૩ | ૭ | ૯૬ |
| | બહુસમભાગ | ૧૩ | ૪ | ૭૩ | | **महति महालया** | ૧૩ | ૪ | ૪૨ |
| | બાલ | ૧૭ | ૨ | ૩૪૦ | | **महाकम्मतरा** | ૧૩ | ૪ | ૪૨ |
| | બાલપંડિત | ૧૭ | ૨ | ૩૪૦ | | **महाकाये महासरीरे** | ૧૪ | ૩ | ૧૩૨ |
| | બાલ મરણ | ૧૩ | ૭ | ૯૭ | | **महाकिरियतरा** | ૧૩ | ૪ | ૪૨ |
| | બાલ મરણના પ્રકાર | ૧૩ | ૭ | ૧૦૧ | | **महागास्तरा** | ૧૩ | ૪ | ૪૨ |
| ભ | ભક્ત પ્રત્યાખ્યાન | ૧૩ | ૭ | ૧૦૨ | | **महापइरिक्कत्तरा** | ૧૩ | ૪ | ૪૨ |
| | ભવએજના | ૧૭ | ૩ | ૩૪૭ | | **महापवेसणतरा** | ૧૩ | ૪ | ૪૨ |
| | ભવ કરણ | ૧૯ | ૯ | ૫૧૧ | | **महाविच्छिण्णतरा** | ૧૩ | ૪ | ૪૨ |
| | ભવ તુલ્ય | ૧૪ | ૭ | ૧૬૦ | | **महावेयणतरा** | ૧૩ | ૪ | ૪૨ |
| | ભવી દ્રવ્ય | ૧૮ | ૯ | ૪૫૦ | | **महासवतरा** | ૧૩ | ૪ | ૪૨ |
| | ભાજન | ૨૦ | ૨ | ૫૨૯ | | મહાસ્વપ્ન | ૧૬ | ૬ | ૩૦૨ |
| | ભાવ અપ્રતિબદ્ધતા | ૧૭ | ૩ | ૩૫૦ | | માનવ | ૨૦ | ૨ | ૫૨૯ |
| | ભાવ એજના | ૧૭ | ૩ | ૩૪૭ | | માયીમિથ્યાદષ્ટિ ઉત્પન્ન | ૧૪ | ૩ | ૧૩૧ |
| | ભાવ કરણ | ૧૯ | ૯ | ૫૧૧ | | મારણાન્તિક કર્મવેદન | ૧૮ | ૩ | ૩૯૮ |
| | ભાવ તુલ્ય | ૧૪ | ૭ | ૧૬૦ | | મારણાન્તિક નિર્જરા | ૧૮ | ૩ | ૩૯૮ |
| | ભાવ પરમાણુ | ૨૦ | ૫ | ૫૬૨ | | મારણાન્તિક મરણ | ૧૮ | ૩ | ૩૯૮ |
| | ભાવ બંધ | ૧૮ | ૩ | ૪૦૩ | | મારણાન્તિક શરીરત્યાગ | ૧૮ | ૩ | ૩૯૮ |

| ક્રમ | શબ્દ | શતક | ઉદ્દેશક | પૃષ્ટ |
|---|---|---|---|---|
| | મારણાન્તિકાધ્યાસનતા | ૧૭ | ૩ | ૩૫૦ |
| | मासा | ૧૮ | ૧૦ | ૪૬૧ |
| | मेढीभूए | ૧૮ | ૨ | ૩૮૯ |
| | મોહનીયજન્ય ઉન્માદ | ૧૪ | ૨ | ૧૨૫ |
| | મંખવૃત્તિ | ૧૫ | × | ૧૯૧ |
| | मंतेसु | ૧૮ | ૨ | ૩૮૯ |
| ય | યથાતથ્ય સ્વપ્ન દર્શન | ૧૬ | ૬ | ૨૯૭ |
| | યક્ષાવેશજન્ય ઉન્માદ | ૧૪ | ૨ | ૧૨૫ |
| | યાત્રા | ૧૮ | ૧૦ | ૪૫૯ |
| | યાપનીય | ૧૮ | ૧૦ | ૪૫૯ |
| | યોગચલના | ૧૭ | ૩ | ૩૪૮ |
| | યોનિ | ૨૦ | ૨ | ૫૨૯ |
| ર | रहस्सेसु | ૧૮ | ૨ | ૩૮૯ |
| | રાજાવગ્રહ | ૧૬ | ૨ | ૨૭૩ |
| | રંગણ | ૨૦ | ૨ | ૫૨૯ |
| લ | लवसत्तम | ૧૪ | ૭ | ૧૬૨ |
| | લોક સંસ્થાન | ૧૩ | ૪ | ૭૪ |
| વ | ववहारेसु | ૧૮ | ૨ | ૩૮૯ |
| | वालवीयणाणं | ૧૩ | ૬ | ૮૨ |
| | विग्गह गइ समावण्णगा | ૧૪ | ૫ | ૧૪૫ |
| | વિગ્રહ-વિગ્રહિકભાગ | ૧૩ | ૪ | ૭૩ |
| | વિદ્યાચરણ | ૨૦ | ૯ | ૫૮૪ |
| | વિનિવર્તના | ૧૭ | ૩ | ૩૫૦ |
| | विमलस्स अरहओ | ૧૫ | × | ૨૪૯ |
| | વિમુખ | ૨૦ | ૨ | ૫૨૯ |
| | વિરત | ૧૭ | ૨ | ૩૩૮ |
| | विराहिय सामण्णे | ૧૫ | × | ૨૫૭ |
| | વિવર | ૨૦ | ૨ | ૫૨૮ |
| | વિવિક્તશયનાસનતા | ૧૭ | ૩ | ૩૫૦ |
| | વિષમ | ૨૦ | ૨ | ૫૨૮ |
| | વિસ્રસાબંધ | ૧૮ | ૩ | ૪૦૩ |
| | વિહાયસ | ૨૦ | ૨ | ૫૨૮ |
| | વિજ્ઞ | ૨૦ | ૨ | ૫૨૯ |
| | वीइवयइ | ૧૪ | ૯ | ૧૭૮ |
| | वीइदव्वाइं अवीइदव्वाइं | ૧૪ | ૬ | ૧૫૧ |
| | વીચિ | ૨૦ | ૨ | ૫૨૮ |
| | वीतीभएणयरे | ૧૩ | ૬ | ૮૨ |
| | વેત્તા | ૨૦ | ૨ | ૫૨૯ |
| | વેદના | ૧૭ | ૪ | ૩૫૫ |
| | વેદનાધ્યાસનતા | ૧૭ | ૩ | ૩૫૦ |
| | વ્યર્દ | ૨૦ | ૨ | ૫૨૯ |
| | વ્યુપશમનતા | ૧૭ | ૩ | ૩૫૦ |
| | व्योम | ૨૦ | ૨ | ૫૨૯ |
| શ | શરીર ચલના | ૧૭ | ૩ | ૩૪૮ |
| | શીઘ્ર ગતિ | ૧૪ | ૧ | ૧૧૮ |
| | શુષિર | ૨૦ | ૨ | ૫૨૯ |
| | શૈલેશી અવસ્થા | ૧૭ | ૩ | ૩૪૫ |
| | શ્યામ | ૨૦ | ૨ | ૫૨૯ |
| | શ્રુતવિચ્છેદકાલ | ૨૦ | ૮ | ૫૭૮ |
| ષ | ષટ્ક સમર્જિત | ૨૦ | ૧૦ | ૫૯૯ |
| સ | સત્વ | ૨૦ | ૨ | ૫૨૯ |
| | સમન્વાહરણ | ૧૭ | ૩ | ૩૫૦ |
| | समवसरणं करेइ | ૨૦ | ૯ | ૫૮૬ |
| | સમુદ્ઘાત | ૧૩ | ૧૦ | ૧૧૧ |
| | સમુદ્ઘાતનું પ્રયોજન | ૧૩ | ૧૦ | ૧૧૧ |
| | સર્વ કર્મ વેદન | ૧૮ | ૩ | ૩૯૮ |
| | સર્વ કર્મ નિર્જરા | ૧૮ | ૩ | ૩૯૮ |
| | સર્વ મરણ | ૧૮ | ૩ | ૩૯૮ |
| | સર્વ શરીર ત્યાગ | ૧૮ | ૩ | ૩૯૮ |

| ક્રમ | શબ્દ | શતક | ઉદ્દેશક | પૃષ્ટ | ક્રમ | શબ્દ | શતક | ઉદ્દેશક | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | **सव्वेण समोहणइ** | ૧૭ | ૬ | ૩૬૦ | | સંભોગ પ્રત્યાખ્યાન | ૧૭ | ૩ | ૩૫૦ |
| | સશરીરી | ૨૦ | ૨ | ૫૨૯ | | સંયત | ૧૭ | ૨ | ૩૩૮ |
| | સાગારિક અવગ્રહ | ૧૬ | ૨ | ૨૭૩ | | સંવૃત્ત | ૧૬ | ૬ | ૨૯૯ |
| | સાધર્મિક અવગ્રહ | ૧૬ | ૨ | ૨૭૩ | | સંવૃત્તાસંવૃત્ત | ૧૬ | ૬ | ૨૯૯ |
| | સાધિકરણી–નિરધિકરણી | ૧૬ | ૧ | ૨૬ | | સંવેગ | ૧૭ | ૩ | ૩૫૦ |
| | સાવદ્ય–નિરવદ્ય ભાષા | ૧૬ | ૨ | ૨૭૫ | | સંસ્થાન તુલ્ય | ૧૪ | ૭ | ૧૬૦ |
| | **सिय पढमे सिय अपढमे** | ૧૮ | ૧ | ૩૭૧ | | સ્પૃષ્ટ ક્રિયા | ૧૭ | ૪ | ૩૫૩ |
| | **सिंधू सोवीरेसु** | ૧૩ | ૬ | ૮૨ | | સ્ફટિક | ૨૦ | ૨ | ૫૨૯ |
| | સુપ્રણિધાન | ૧૮ | ૭ | ૪૩૧ | | સ્વપ્ન | ૧૬ | ૬ | ૨૯૭ |
| | **सुहुमकाय** | ૧૬ | ૨ | ૨૭૫ | | સ્વયંભૂ | ૨૦ | ૨ | ૫૨૯ |
| | **सुहुमे सुहुमतराए** | ૧૯ | ૩ | ૪૮૨ | **હ** | હિંડુક | ૨૦ | ૨ | ૫૨૯ |
| | સોપક્રમ આયુષ્ય | ૨૦ | ૧૦ | ૫૯૧ | **ક્ષ** | ક્ષેત્ર એજના | ૧૭ | ૩ | ૩૪૭ |
| | **संखित्त विउल तेयलेस्सं** | ૧૫ | × | ૨૦૨ | | ક્ષેત્ર કરણ | ૧૯ | ૯ | ૫૧૧ |
| | **संखेज्जकालं असंखेज्जकालं** | ૨૦ | ૮ | ૫૮૦ | | ક્ષેત્ર તુલ્ય | ૧૪ | ૭ | ૧૬૦ |
| | | | | | | ક્ષેત્ર પરમાણુ | ૨૦ | ૫ | ૫૬૧ |

# ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
# શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

**માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા**
**માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે**
**સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી**
**શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી**
**શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી**

## શ્રુતાધાર

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી,
  શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે — આકોલા
- શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી — આકોલા
- માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા — કોલ્હાપુર
- શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા — મુંબઈ
- માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા — મુંબઈ
- શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ — કલકત્તા

## શ્રુત સદસ્ય

- શ્રી પારિતોષ આર. શાહ — મુંબઈ
- શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ — મુંબઈ
- જૈન જાગૃતિ સેન્ટર — વાશી (મુંબઈ)
- શ્રી મુકુન્દ આર. શેઠ — મુંબઈ
- શ્રી કેતનભાઈ શાહ — મુંબઈ
- શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલચંદ્ર દોમડીયા — મુંબઈ
- શ્રી સુધીરભાઈ પી. શાહ — મુંબઈ
- શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા — મુંબઈ
- શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી
  હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી — કલકત્તા


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.
www.parasdham.org
www.jainaagam.org